
# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૯)



વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામી



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ



પરમાગમ શ્રી સમયસાર
(ગાથા ૨૧૫-૨૭૧ શ્લોક ૧૪૮-૧૭૨) ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૮મી વારના પ્રવચનો
(પ્રવચન નંબર ૨૮૮-૩૨૫)

ૐ

परमात्मने नमः।

# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૯)

શ્રી કુંદકુંદાચાર્યદેવ-રચિત શ્રી સમયસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૮મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

(ગાથા-૨૧૫ થી ૨૭૧, શ્લોક-૧૪૮ થી ૧૭૨, પ્રવચન-૨૮૮ થી ૩૨૫)

પ્રસ્તુતકર્તા :
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,
સોનગઢ
સંપર્ક : ૯૭૨૨૮૩૩૧૪૩

| વિક્રમ સંવંત | વીર સંવંત | ઈ. સન |
| --- | --- | --- |
| ૨૦૭૭ | ૨૫૪૭ | ૨૦૨૧ |


**પ્રકાશન તિથિ**

તા. ૨૪-૮-૨૦૨૧, શ્રાવણ વદ-૨
પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૧૦૮મી જન્મજયંતી

**પ્રસ્તુત આવૃત્તિના પ્રકાશનાર્થે આવેલ દાનરાશિ**

| | |
| --- | --- |
| શ્રીમતી બીનાબેન ચેતનભાઈ મહેતા, રાજકોટ | |
| સ્વ.શ્રી ચેતનભાઈ ચંદુલાલ મહેતા, રાજકોટ | ૧૧,૦૦૦/- |
| શ્રીમતી મણીબેન રતનશી શાહ, વિદિશા | ૫૦,૦૦૦/- |

ટાઈપ સેટિંગ :
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧


ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે
જૈનજગતમાં પ્રસિદ્ધ છે;
જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે;
અસીમ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ શ્રી સમયસાર ૧૮મી વખતના આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ૩૫ પ્રવચનનાં
સંકલનરૂપ આ **‘ભાગવત શાસ્ત્ર’** ભાગ–૯ અર્પણ કરતાં
અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

– પ્રસ્તુતકર્તા

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ-શાસ્ત્ર છે, જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજસ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર શ્રી સમયસારજીની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન-ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયેઃ લોપ થયો હતો, મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો, જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા, પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું, તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ-તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય

થયો કે જેમણે આ ઊભય આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ અને સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો સુવર્ણમય ઉદય થયો. તેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રી જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ-પ્રદાયક પ્રવચનગંગા દ્વારા પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની વિરોધીઓના વિરોધનો પણ નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી ‘વિરોધીઓ પણ ભગવાનઆત્મા’ છે તેવી દષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દષ્ટિ પડતાં સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું, ‘અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.’

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં ‘સોનગઢ’ મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :

- સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
- સમયસાર તો સિદ્ધાંત-શિરોમણિ અદ્વિતીય અજોડચક્ષુ ને આંધળાની આંખ છે.
- સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘશસ્ત્ર છે.
- સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું ગજબનું શાસ્ત્ર બની ગયું! જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ! ધન્ય કાળ !
- સમયસારની એક-એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક-એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં-ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.
- સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે!

- સમયસારના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
- સમયસાર તો ભરતક્ષેત્રમાં પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર-શાસ્ત્ર કહેવાય.
- સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
- સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે-અમૃત વહેવરાવ્યા છે.
- સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.
- સમયસારની મૂળભૂત એક-એક ગાથામાં ગજબ ગંભીરતા! પાર ન પડે એવી ચીજ છે. એક-એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.
- સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ-ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે, જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે, ધર્મનો ધોધ એવો ધર્મી છે, ધ્રુવ પ્રવાહ છે, જ્ઞાનની ધારા છે, ત્રણલોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે, વાસ્તવિક વસ્તુ છે, સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે, ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય-વાડો-ગચ્છ નથી. વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ—શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેમની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે—એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છેને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક-એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેમને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું

દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય! પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો ને બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે, પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ, તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિ તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની ૨૧૫ થી ૨૭૧ ગાથા તથા તેના ૧૪૮ થી ૧૭૨ શ્લોકો પીઠિકારૂપે છે. તેના ઉપર થયેલાં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૮મી વખતના સળંગ પ્રવચનો નં.૨૮૮ થી ૩૨૫ આ **''ભાગવત શાસ્ત્ર'' ભાગ-૯માં** અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ, કોઈવાર બે વર્ષ, કોઈવાર અઢી વર્ષ તેમ ૪૫ વર્ષમાં ૧૯ વખત જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ-જેમ જ્ઞાનીની જ્ઞાન-સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ-તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા-નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વખતના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં-જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા સમગ્ર પ્રવચનોને ફરીથી સી.ડી. ઉપરથી

સાંભળી ચેક કરી પ્રુફ રિડીંગનું કાર્ય શ્રી પ્રશમભાઈ મોદી, સોનગઢ દ્વારા પૂર્ણ થયેલ છે તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે, છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે, તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિઅપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના આચાર્યોના ગૂઢભાવોને ખૂબ જ સરળ ભાષામાં રજૂ કરી મુમુક્ષુ સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાન આત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત-અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ, તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

આ પુસ્તક : www.vitragvani.com પર તથા atmadhrm.com પર મૂકેલ છે.

લી.
**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**
**સોનગઢ**



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગદૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ ક્હાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દ્રઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક'

ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્દ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિય'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી

સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦00ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ.

૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં-વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા

ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ,

ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છેને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છેને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ

દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની

તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા

કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર

મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક / ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૨૮૮ | ૧૦–૦૧–૧૯૭૭ | ગાથા–૨૧૫ | ૦૦૧ |
| ૨૮૯ | ૧૧–૦૧–૧૯૭૬ | ગાથા–૨૧૬ | ૦૧૧ |
| ૨૯૦ | ૧૨–૦૧–૧૯૭૬ | ગાથા–૨૧૬ | ૦૨૩ |
| ૨૯૧ | ૧૩–૦૧–૧૯૭૬ | ગાથા–૨૧૭ | ૦૩૩ |
| ૨૯૨ | ૧૪–૦૧–૧૯૭૬ | ગાથા–૨૧૭, કળશ–૧૪૮ | ૦૪૫ |
| ૨૯૩ | ૧૫–૦૧–૧૯૭૬ | ગાથા–૨૧૮–૨૧૯, કળશ–૧૪૯ | ૦૫૭ |
| ૨૯૪ | ૧૬–૦૧–૧૯૭૬ | ગાથા–૨૨૦ થી ૨૨૩ | ૦૬૯ |
| ૨૯૫ | ૧૭–૦૧–૧૯૭૬ | કળશ–૧૫૦, ગાથા–૨૨૦ થી ૨૨૩ | ૦૮૧ |
| ૨૯૬ | ૧૮–૦૧–૧૯૭૬ | કળશ–૧૫૧–૧૫૨ | ૦૮૯ |
| ૨૯૭ | ૨૦–૦૧–૧૯૭૬ | ગાથા–૨૨૪થી૨૨૭,કળશ–૧૫૨–૧૫૩ | ૧૦૧ |
| ૨૯૮ | ૨૧–૦૧–૧૯૭૬ | ગાથા–૨૨૮, શ્લોક–૧૫૩ થી ૧૫૫ | ૧૧૨ |
| ૨૯૯ | ૨૨–૦૧–૧૯૭૬ | કળશ–૧૫૫–૧૫૬ | ૧૨૨ |
| ૩૦૦ | ૨૩–૦૧–૧૯૭૬ | કળશ–૧૫૭ થી ૧૫૯ | ૧૩૨ |
| ૩૦૧ | ૨૧–૦૧–૧૯૭૬ | કળશ–૧૬૦–૧૬૧ | ૧૪૩ |
| ૩૦૨ | ૨૫–૦૧–૧૯૭૬ | કળશ–૧૬૧, ગાથા–૧૨૯ | ૧૫૪ |
| ૩૦૩ | ૨૬–૦૧–૧૯૭૬ | ગાથા–૨૩૦ | ૧૬૩ |
| ૩૦૪ | ૨૮–૦૧–૧૯૭૬ | ગાથા–૨૩૧–૨૩૨ | ૧૭૨ |
| ૩૦૫ | ૨૯–૦૧–૧૯૭૬ | ગાથા–૨૩૩–૨૩૪ | ૧૮૨ |
| ૩૦૬ | ૩૦–૦૧–૧૯૭૬ | ગાથા–૨૩૫–૨૩૬ | ૧૯૩ |
| ૩૦૭ | ૩૧–૦૧–૧૯૭૬ | ગાથા–૨૩૬ | ૨૦૩ |
| ૩૦૮ | ૦૧–૦૨–૧૯૭૬ | ગાથા–૨૩૬ | ૨૧૪ |

| | | | |
|---|---|---|---|
| ૩૦૯ | ૦૨–૦૨–૧૯૭૬ | કળશ–૧૬૨–૨૧૬૩ | ૨૨૬ |
| ૩૧૦ | ૦૩–૦૨–૧૯૭૬ | ગાથા–૨૩૭થી૨૪૧,કળશ–૧૬૩–૧૬૪ | ૨૩૬ |
| ૩૧૧ | ૦૫–૦૨–૧૯૭૬ | ગાથા–૨૪૨ થી ૨૪૬, કળશ–૧૬૫ | ૨૪૭ |
| ૩૧૨ | ૦૬–૦૨–૧૯૭૬ | કળશ–૧૬૫–૧૬૬ | ૨૫૮ |
| ૩૧૩ | ૦૭–૦૨–૧૯૭૬ | ગાથા–૨૪૭ થી ૨૪૯, કળશ–૧૬૭ | ૨૬૯ |
| ૩૧૪ | ૦૮–૦૨–૧૯૭૬ | ગાથા–૨૪૮ થી ૨૫૨ | ૨૭૯ |
| ૩૧૫ | ૦૯–૦૨–૧૯૭૬ | ગાથા–૨૫૧થી૨૫૬, કળશ–૧૬૮ | ૨૯૦ |
| ૩૧૬ | ૧૦–૦૨–૧૯૭૬ | ગાથા–૨૫૭–૨૫૮, કળશ–૧૬૯ | ૩૦૩ |
| ૩૧૭ | ૧૨–૦૨–૧૯૭૭ | ગાથા–૨૫૭થી૨૬૩, કળશ–૧૭૦ | ૩૧૬ |
| ૩૧૮ | ૧૩–૦૨–૧૯૭૭ | ગાથા–૨૬૩–૨૬૩ | ૩૨૯ |
| ૩૧૯ | ૧૪–૦૨–૧૯૭૭ | ગાથા–૨૬૫ | ૩૪૧ |
| ૩૨૦ | ૧૫–૦૨–૧૯૭૭ | ગાથા–૨૬૫–૨૬૬ | ૩૫૩ |
| ૩૨૧ | ૧૬–૦૨–૧૯૭૭ | ગાથા–૨૬૬–૨૬૭ | ૩૬૪ |
| ૩૨૨ | ૧૭–૦૨–૧૯૭૭ | ગાથા–૨૬૭ થી ૨૬૯, કળશ–૧૭૧ | ૩૭૬ |
| ૩૨૩ | ૧૯–૦૨–૧૯૭૭ | ગાથા–૨૬૮–૨૬૯ | ૩૮૭ |
| ૩૨૪ | ૨૦–૦૨–૧૯૭૭ | ગાથા–૨૬૮ થી ૨૭૦, કળશ–૧૭૨ | ૩૯૯ |
| ૩૨૫ | ૨૧–૦૨–૧૯૭૭ | ગાથા–૨૭૦–૨૭૧ | ૪૧૦ |

ૐ

શ્રી પરમાત્મને નમઃ

# ભાગવત શાસ્ત્ર

(ભાગ–૯)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
સમયસાર ગ્રંથ ઉપરના ૧૮મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)

**પોષ વદ-૫, સોમવાર, તા. ૧૦-૦૧-૧૯૭૭,
ગાથા-૨૧૫, પ્રવચન નં. ૨૮૮**

સમયસાર, ૨૧૫ ગાથા. 'હવે, જ્ઞાનીને ત્રણે કાળ સંબંધી પરિગ્રહ નથી—એમ કહે છે :-'

उप्पण्णोदयभोगो वियोगबुद्धीए तस्स सो णिच्चं।
कंखामणागदस्स य उदयस्स ण कुव्वदे णाणी।।२१५।।

ઉત્પન્ન ઉદયનો ભોગ નિત્ય વિયોગભાવે જ્ઞાનીને,
ને ભાવી કર્મોદય તણી કાંક્ષા નહીં જ્ઞાની કરે. ૨૧૫.

'ટીકા :- કર્મના ઉદયનો ઉપભોગ ત્રણ પ્રકારનો હોય---અતીત (ગયા કાળનો), પ્રત્યુપન્ન (વર્તમાન કાળનો) અને અનાગત (ભવિષ્ય કાળનો). ' ત્રણકાળ છેને? 'તેમાં જે અતીત ઉપભોગ તે અતીતપણાને લીધે જ (અર્થાત્ વીતી ગયો હોવાને લીધે જ)...' શું કહે છે? ધર્મી એને કહીએ, જેને આત્માનો આનંદ આવ્યો હોય. આહા..હા..! સમજાણું કાંઈ? જેને નિશ્ચય સમ્યગ્દર્શન થયું હોય, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ત્રણેની એકતા થાય છે એને મોક્ષમાર્ગ કહીએ. તો જ્યાં અંતર મોક્ષમાર્ગ પ્રગટ થયો નિશ્ચયસ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ એ અપેક્ષાએ સમકિતને નિશ્ચય કહીએ, સમકિતને નિશ્ચય કહીએ. આ નિર્જરા અધિકાર છેને. અને ત્રિકાળી આત્મા શુદ્ધ ચૈતન્યનો અનુભવ એની પ્રતીતિ એ સમ્યગ્દર્શનને મોક્ષમાર્ગ તરીકે એને સદ્ભુતવ્યવહારનય કહીએ. આહા..હા..! સમજાણું

કાંઈ? તેને સદ્‌ભુતવ્યવહાર કહેવામાં આવે છે અને રાગ જે વ્યવહારરત્નત્રય છે એને અસદ્‌ભુતવ્યવહારનય કહેવામાં આવે છે. તો અહીંયાં જેને અંતર... અહીં તો મોક્ષમાર્ગ નિર્જરા અધિકાર છે ને. આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સમ્યક્‌પણે પરિણમ્યો છે આત્મા એને નિશ્ચયમોક્ષમાર્ગ કહીએ. સમજાણું કાંઈ? એને સત્ય મોક્ષમાર્ગ કહીએ અને એક એક સમ્યગ્દર્શનને કહીએ તો પર્યાયની અપેક્ષાએ સદ્‌ભુતવ્યવહાર કહીએ અને દયા, દાન, વ્રત અને ભક્તિના જે પરિણામ થાય એને નિમિત્તરૂપે અસદ્‌ભુતવ્યવહારનય કહીએ. આહા..હા..! એ વ્યવહારરત્નત્રય નિશ્ચયનો કર્તા નથી, નિમિત્ત કારણ છે. નિમિત્ત કારણનો અર્થ અસદ્‌ભુતવ્યવહારનયથી નિમિત્ત કારણ કહેવામાં આવે છે. વસ્તુ આ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** .. કારણ નથી એને કારણ કહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કારણ નથી ખરેખર. એને કારણ કહેવું નામ આરોપ કરવો. આહા..હા..! તેથી અસદ્‌ભુતવ્યવહારનય કહ્યુંને. ઝીણી વાત, બાપુ! વ્યવહાર સમકિત, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતનું પરિણમન વિકલ્પ રાગ એ બધા તો અસદ્‌ભુતવ્યવહારનય છે. એ આપણા મોક્ષમાર્ગમાં કોઈ કિંચિત્ કાર્ય કરતા નથી. આહા..હા..!

વર્તમાન બાધા નથી કરતા, પણ છે વિઘ્નરૂપ. વર્તમાન અહીં છેને. જ્ઞાનધારા અને કર્મધારા. વર્તમાન જેટલું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતાને આશ્રયે પ્રગટ થયા છે અને એ કારણે રાગ ભાગ છે તો રાગ છે એમ નિમિત્ત તરીકે જાણવામાં આવે છે. વર્તમાનમાં વિઘ્ન નથી. વિઘ્ન નામ જેટલી પર્યાય રોકાઈ જાય છે એટલી પણ વર્તમાનમાં સાથે રહેવામાં કોઈ વિરોધ નથી. આહા..હા..! એ આવ્યું છે. કર્મધારા, જ્ઞાનધારામાં. વિઘ્ન નામ વર્તમાન રાગ છે એ છે તો દોષરૂપ, વ્યવહારરત્નત્રય પણ દોષરૂપ છે. ભગવાન આત્મા આનંદસ્વરૂપ પ્રભુ એની અનુભવ દૃષ્ટિ કરીને ત્રણનું એકત્વ પરિણમન થવું એ જ યથાર્થ નિશ્ચયમોક્ષમાર્ગ છે, ત્યાં આગળ રાગાદિ થાય છે તેને નિર્જરા થઈ એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અત્યારે તો લોકો (એમ જ કહે છે), વ્યવહાર કરો એનાથી નિશ્ચય થશે. એ લાકડા—શલ્ય પડી ગયા છે. માર્ગ બાપુ બીજો ભગવાનનો માર્ગ. આહા..હા..! પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા એના આશ્રયે જે મોક્ષમાર્ગ પ્રગટ થયો, એના આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ ઉત્પન્ન થાય એનું નામ નિશ્ચયમોક્ષમાર્ગ કહેવામાં આવે છે. ત્રણે એક થઈને. સમજાણું કાંઈ?

એ કહે છે કે જેને આ સમ્યગ્દર્શન-જ્ઞાન ધર્મદૃષ્ટિ, ધર્મજ્ઞાન, ધર્મનું આચરણ સ્થિર અંદર આનંદમાં ઉત્પન્ન થયા એને '**ઉદયનો ઉપભોગ ત્રણ પ્રકારનો હોય—**' આહા..હા..! અતીત, વર્તમાન અને ભવિષ્યમાંથી પહેલાં તો અતીત ઉપભોગ તો વ્યતીત થઈ ગયો. ભૂતકાળનો તો વર્તમાનમાં છે નહિ. સમજાણું કાંઈ? એ '**પરિગ્રહભાવને ધારતો નથી.**' ભૂતકાળનો રાગ ગયો એ તો પરિગ્રહપણે વર્તમાનમાં છે નહિ. ભવિષ્યનો ઉપભોગ જો વાંછામાં આવતો હોય તો પરિગ્રહ હોય. આહા..હા..! ધર્મી જેની આનંદની દૃષ્ટિ ઉત્પન્ન થઈ છે તેને ભવિષ્યની કોઈ વાંછા ઉપભોગની નથી, આનંદના ઉપભોગની ભાવના છે. આહા..હા..! ઝીણી વાત બહુ, બાપુ! સમજાણું કાંઈ? ભવિષ્યના રાગના વિષયના ભોગની વાંછા ધર્મીને હોતી નથી. આહા..હા..! આ ધર્મ! આટલી શરતું અંદર. સમજાણું

કાંઈ? ધર્મ જેને પ્રગટ થયો એનો અર્થ અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો. આહા..હા..! કેમકે ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહા..હા..! દ્રવ્યસ્વભાવ હોં, પર્યાય નહિ. આહા..હા..! પરમ અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ એ આત્માનો ધર્મ છે અને આત્મા ધર્મી છે. હવે એવો ધર્મ તો ત્રિકાળ છે. એને આશ્રયે પ્રગટ થયો વર્તમાન આનંદ એ વર્તમાન ધર્મ છે. આહા..હા..! કહો, શેઠ! આ બધું સમજવું પડશે. ધૂળમાં કાંઈ નથી. બધા વખત કેટલાય ગાળ્યા હોય એમાં. ... આહા..હા..! લોકો એમ કહે છેને વ્યવહાર કરતાં-કરતાં દયા, દાન, વ્રત, ભક્તિ કરતાં-કરતાં નિશ્ચય થશે. એ બધું ખોટું છે. વ્યવહાર તો રાગ છે. રાગ કરતાં-કરતાં વીતરાગદશા સમકિતની પ્રગટ થાય? તદ્દન વિરુદ્ધ છે, ઘણું વિરુદ્ધ છે. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે કે જેને વર્તમાન આનંદનો અનુભવ થયો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ભલે ઓછું-અલ્પ (હોય), જેને વર્તમાન ઉપભોગ જે છે, ભૂતનો ભોગ એ તો ચાલ્યો ગયો એની તો વાંછે છે નહિ, એનો તો પરિગ્રહ નથી. ભવિષ્યના ભોગની વાંછા નથી. આનંદનો અનુભવ હોય એને ભોગની વાંછા ક્યાંથી છે? ભારે ભાઈ! નિર્જરા કોને થાય છે એમ કહે છે. ભવિષ્યના ભોગની પણ વર્તમાન વાંછા નથી. એ ૧૬મી ગાથામાં કહેશે વેદ્યવેદકભાવ. વેદ્યવેદક.

**શ્રોતા :–** જૂની વાત યાદ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જૂની વાત. ઉમરાળામાં .. કર્યા હતા. ઉમરાળામાં વેદ્યવેદકભાવનો પ્રશ્ન કરેલો. (સંવત) ૧૯૯૧ની સાલ. ..ભાઈ! ઉમરાળા આવ્યા હતાને. વેદ્યવેદકનો ભાવ. ૯૧. ૪૦ અને ૨, ૪૨ વર્ષ થયા. યાદ છે? આહા..હા..! કહેશે આગળ, આગળ આવશે કે વર્તમાન કાંક્ષા કરે છે એ વેદ્યભાવ અને ભવિષ્યમાં ભોગવવાનો ભાવ આવે એ વેદક. વિભાવની વર્તમાનની વાંછા એ પણ જ્ઞાનીને તો છે નહિ. આહા..હા..! કેમકે એ તો વિભાવ છે. અને ભોગવવાનો ભાવ વિભાવ એની પણ વાંછા એને છે નહિ. આહા..હા..! ઝીણી વાતું બહુ. વેદ્યવેદકભાવ બેય વિભાવ છે. કાંક્ષા કરવી કે આમ હોય તો ઠીક, આમ હોય તો ઠીક, વેદક. વેદ્ય વખતે વેદક નથી. એને વર્તમાન અનુભવ તો છે નહિ. આહા..હા..! પણ જ્યારે વેદકભાવ આવે છે તો વેદ્યભાવ રહેતો નથી. એને એની કાંક્ષા રહેતી નથી. આહા..હા..! તો જ્ઞાની વિભાવનો.. વેદ્ય અને વેદકનો ભાવ જ્ઞાનીને હોતો નથી. આ એનો ઉપોદઘાત છે. ૧૬મામાં એ આવશે. ઝીણી વાત, બાપુ! આહા..હા..!

ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એની સન્મુખમાં જે ભાવ થયો એ વીતરાગભાવ અને એ જ મોક્ષમાર્ગ છે. તો એ મોક્ષમાર્ગમાં જેમ આનંદનો અનુભવ આવ્યો, આનંદનો રસ આવ્યો તેને ભૂતકાળનો ભોગ તો વર્તમાન પરિગ્રહપણે છે નહિ, ભવિષ્યની વાંછા નથી. આહા..હા..! બે આવ્યા? કાળને '**પરિગ્રહભાવને ધારતો નથી. અનાગત ઉપભોગ જો વાંછવામાં આવતો હોય તો જ પરિગ્રહભાવને ધારે;...**' પણ એ તો ભવિષ્યની વાંછા જ્ઞાનીને હોતી નથી. આહા..હા..!

**શ્રોતા :–** પાંચમા ગુણસ્થાનથી તો નિદાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચોથે ગુણસ્થાનથી વાત છે.

**શ્રોતા :-** નિદાન પાંચમે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિદાન છે નહિ. ચોથેથી નિદાન નથી. સમજાણું કાંઈ? નિઃશલ્યોવૃત્તિ. આવે છે તત્ત્વાર્થસૂત્ર. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન તો જેને માયાશલ્ય, મિથ્યાશલ્ય અને નિદાનશલ્યનો અભાવ થાય, એને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ? એને વ્રતનો વિકલ્પ હોય તો વ્રતી કહેવામાં આવે છે. આહા..હા..! બહુ શરતું ઘણી. શું કહ્યું? નિઃશલ્યોવૃત્તિ. એમ છે? તો વૃત્તિ કોને કહીએ? કે જેને મિથ્યાદર્શન ગયું હોય, રાગની રુચિ છૂટી ગઈ હોય. વ્યવહારરત્નત્રય થાય છે પણ એની રુચિ છૂટી ગઈ હોય. આહા..હા..! અને આનંદની રુચિ થઈ ગઈ હોય એને મિથ્યાશલ્યનો નાશ થયો એમ કહેવામાં આવે છે. તો મિથ્યાશલ્ય ગયું... આમાં આવે છે નહિ તમારે સ્થાનકવાસી શ્વેતાંબરમાં. તસ્સઉતરી કરણે. પ્રાયશ્ચિત કરણે, વિશલ્યીકરણે. નવરંગભાઈએ નહિ કર્યું હોય. એ તસ્સઉતરી આવે છેને? તસ્સઉતરી કરણેં એ આપણે પણ છે હોં! દિગંબરમાં પણ છે, પણ એનો પ્રચાર નથી. શ્વેતાંબરમાં, સ્થાનકવાસીમાં સામાયિકનો પ્રચાર છેને એટલે આ પાઠ બહુ આવે એને. આમાં પ્રચાર નથી. એનો પાઠ છે આપણામાં, સામાયિક પાઠ છે. નિશલ્યીકરણે. મિથ્યાત્વ-માયા-નિદાનશલ્યરહિત કરવા હું આત્માના આનંદમાં જાઉ છું-કાયોત્સર્ગ કરું છું. અરેરે..!

એમ પ્રથમ જ્યાં વૃત્તિ એને કહીએ કે જેને મિથ્યાશલ્યનો નાશ થયો હોય. તો મિથ્યાશલ્યનો નાશ ક્યારે થાય? કે પરપદાર્થની ક્રિયા હું કરી શકતો નથી, રાગથી મારામાં લાભ થતો નથી. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ છે એનાથી પણ મારા આત્માનો લાભ થતો નથી. મારો શુદ્ધ ચૈતન્ય ભગવાન મારા આશ્રયે મને લાભ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સ્વસન્મુખના પરિણામ વિના વીતરાગતા ઉત્પન્ન થતી નથી. સ્વસન્મુખના પરિણામ વિના સમ્યગ્દર્શન ઉત્પન્ન થતું નથી. આહા..હા..! વ્યવહારરત્નત્રય પરસન્મુખના પરિણામ છે. સમજાણું કાંઈ? આવું બધું શીખવું પડશે, પોપટભાઈ! આ રૂપિયામાં ખુંચી ગયા હોય ત્યાં ને ત્યાં બધો કેટલો.. આહા..હા..!

અરેરે..! સ્વદયા સ્વદયા. રાગની ઉત્પત્તિ ન થવી એ સ્વદયા છે. આહા..હા..! પરની દયા પાળી શકતો નથી, પણ પરની દયાનો ભાવ ઉત્પન્ન થાય છે એ રાગ છે. પુરુષાર્થસિદ્ધિમાં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે રાગ છે એ હિંસા છે. આહા..હા..! પુરુષાર્થ (સિદ્ધિઉપાયમાં). સમજાણું કાંઈ? અરે..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય છે એ અપરાધ છે. અરર..ર..! પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં છે. અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત મુનિ. આ કુંદકુંદાચાર્ય છે. દિગંબર સંત ... કેવળીના કેડાયત. આહા..હા..! ઈ એમ કહે છે... આહા..હા..! પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, જે ભાવે આહારક શરીર બંધાય, આહારક શરીર મુનિને હોય છે, એ ભાવ અપરાધ છે. કેમકે બંધનનું કારણ એ ધર્મ નહિ. આહા..હા..! વીરચંદભાઈ! આવી વાત છે.

સંપ્રદાયમાં કહ્યું હતું એકવાર. અમે તો પહેલાં એમાં હતાને. (સંવત) ૧૯૮૫ની સાલ બોટાદ. સભા બહુ ભરાતી હતી. અમારી પ્રતિષ્ઠા બહુ હતીને સંપ્રદાયમાં. હજારો માણસો વ્યાખ્યાનમાં

આવતા, હજારો. ત્યાં તો .. અપાસરામાં સમાય નહિ. શેરીમાં. શેરી સમજો છો? ગલી-ગલી. ગલી હોયને ખાલી એમાં ઊભા રહે. ૮૫નો પોષ મહિનો છે. કેટલા વર્ષ થયા? ૪૮. ૫૦માં બે ઓછા. સભામાં કહ્યું હતું. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. કેમકે બંધનનો ભાવ, બંધનનું કારણ એ ધર્મ ન હોય. ધર્મ તો અબંધ પરિણામ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને પંચમહાવ્રતના પરિણામ આસ્રવ છે. બે વાત કહી હતી. ૫૦ વર્ષમાં બે ઓછા. સંપ્રદાયમાં હતા. આહા..હા..! માર્ગ તો આવો છે, ભાઈ! તમે માની લ્યો કે મહાવ્રત પાળીએ તે ધર્મ છે એમ બિલકુલ નથી. મહાવ્રત તો રાગ છે, ચારિત્રનો દોષ છે. આહા..હા..! સ્વરૂપમાં રમવું એ ચારિત્ર છે. છે ને આપણે ત્યાં? આહા..હા..! પ્રવચનસારનો લેખ છે. કુંદકુંદાચાર્યનું પ્રવચનસાર છેને, એમાં અમૃતચંદ્રાચાર્ય (કહે છે), "**स्वरूपे चरणं चारित्र**'. ચારિત્ર કોને કહીએ? આહા..હા..! અતીન્દ્રિય આનંદ ભગવાન સ્વસ્વરૂપ એમાં રમવું, આનંદની ગોચરી, આનંદનો ખોરાક લેવો, અતીન્દ્રિય આનંદનું ભોજન કરવું એનું નામ ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કહે છે, ધર્મી જીવને જ્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયું તો એની તો આનંદમાં ભાવના છે. પોતાની આનંદ દશામાં ભાવના છે, આનંદ પ્રગટ કરવો. સમજાણું કાંઈ? જો કે ભાવના કહે છે પણ અંદરમાં આત્મા જે છે એમાં ભાવશક્તિ છે. ભાવશક્તિ નામનો ગુણ છે. ૪૭ (શક્તિ). પ્રવિણભાઈ! તો જે આત્મા અખંડ આત્મા અને અનંત ગુણસ્વરૂપનું ભાન થયું તો એ ભાનમાં જે અંદર ભાવશક્તિ છે એની પણ પ્રતીતિ થઈ ગઈ. તો ભાવશક્તિનું કાર્ય શું છે? કે વર્તમાન નિર્મળ કોઈપણ પર્યાય થશે, થશે ને થશે જ, કરવી પડે એમ નહિ. આહા..હા..! એવી વાત છે. સમજાણું કાંઈ?

ભાવશક્તિ નામનો એક ગુણ છે. જેમ આત્મા(માં) જ્ઞાનગુણ, આનંદગુણ (છે) એવો ભાવ નામનો એક ગુણ છે. આહા..હા..! કે જે ગુણને ધરનાર ગુણીનો અનુભવ થયો તો એ ગુણનું કાર્ય જે છે એ સમય-સમયમાં નિર્મળ પર્યાય થાય છે. બસ, મલિનની વાત અહીંયા નથી. એ પણ શુદ્ધ ગુણી, શુદ્ધ ગુણનો ધરનાર શુદ્ધ ગુણી, ભાવશક્તિને ધરનારો. આહા..હા..! ભાવ નામનો ગુણ છે અને ગુણને ધરનાર ભગવાન આત્મા છે. જેને આત્માનો અનુભવ દૃષ્ટિમાં આવ્યો તો એને ભાવશક્તિની પ્રતીતિ આવી ગઈ અંદર ગુણમાં. સમજાણું કાંઈ? અભેદમાં એ ભેદ શ્રદ્ધામાં આવી ગયો. ભેદ ભિન્ન નથી. સમજાણું કાંઈ? એ ભાવગુણનું—શક્તિનું કાર્ય શું? ગુણ છે તો એનું કાર્ય હોયને પર્યાય. તો એક નિર્મળ પર્યાય સમયે-સમયે થનારી એ થયા વિના રહે જ નહિ. આહા..હા..! રાગ છે એનો અહીંયા પ્રશ્ન નથી. ભાવશક્તિનું પરિણમન, નિર્મળ પરિણમન એ ભાવશક્તિનું પરિણમન છે. મલિન પરિણામ થાય છે એનો જ્ઞાતા છે. એ મલિન પરિણામને જાણનારી પર્યાય શુદ્ધ ભાવની શક્તિને કારણે નિર્મળ ઉત્પન્ન થાય છે તો જે પ્રકારનો રાગ આવે છે એ સંબંધી એને કારણે નહિ, પણ એ સંબંધી પોતાનું સ્વ જાણવામાં પરને જાણવાની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! તો શુદ્ધ પરિણતિ કરવી એ પણ રહેતું નથી. આહા..હા..! શુદ્ધ હોં! આહા..હા..! એવી વાતું ઝીણી બહુ, બાપુ! પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા. આહા..હા..! હુકમચંદજીના મોટા દીકરાનું નામ પરમાત્મપ્રકાશ

છે. પંડિત હુકમચંદ છેને જયપુર. મોટા દીકરાનું નામ પરમાત્મપ્રકાશ છે, નાના દીકરાનું નામ અધ્યાત્મ પ્રકાશ છે. આ ભગવાન જ પરમાત્મપ્રકાશ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે જેને... આહા..હા..! પોતાની નીધિ આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, શુદ્ધસ્વરૂપ, પવિત્રસ્વરૂપ, અનંતગુણનું ગોદામ.. આહા..હા..! એની જેને ધર્મ દૃષ્ટિ થઈ, અનુભવ થયો એને ભૂતકાળનો ભોગ તો ચાલ્યો ગયો, પરિગ્રહ છે નહિ, ભવિષ્યના ભોગની વાંછા નથી. આનંદસ્વરૂપ જ્યાં અનુભવમાં આવ્યું, ભોગની શું વાંછા હોય? સમજાણું કાંઈ? અને વર્તમાન ઉપભોગ છે.. હવે વર્તમાનમાં આવ્યા. '**એ રાગબુદ્ધિથી પ્રવર્તતો હોય તો જ પરિગ્રહભાવને ધારે.**' પણ રાગનો તો વિયોગ છે. આહા..હા..! ધર્મી જીવને રાગ આવે છે, પણ રાગનો વિયોગ છે. રાગનો સદ્ભાવ પર્યાયમાં નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે? ત્રણકાળનો ભોગ જ્ઞાનીને હોતો નથી એમ કહે છે. આહા..હા..! ત્રિકાળી ભગવાન જ્યાં અનુભવમાં આવ્યો તો ત્રિકાળ ભોગની વાંછા નથી. આહા..હા..!

**શ્રોતા :-** રાગનો સદ્ભાવ નથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ છે પણ એને રાગનો વિયોગ છે દૃષ્ટિમાં. .. છેને? રાગથી વિયોગ છે, રાગનો પ્રેમ નથી, રાગની રુચિ નથી. આહા..હા..! અહીં તો નથી એમ કહેવું છે.

'**રાગબુદ્ધિથી પ્રવર્તતો હોય તો જ પરિગ્રહભાવને ધારે. પ્રત્યુત્પન્ન કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી...**' જુઓ, આહા..હા..! રાગ શુભ હો કે અશુભ હો, એની દૃષ્ટિમાં રાગથી તો ભેદજ્ઞાન થઈ ગયું છે. ધર્મીને તો રાગથી ભેદજ્ઞાન થયું છે. આહા..હા..! તો રાગનો રાગ છે નહિ, રાગનો વિયોગ છે. આહા..હા..! પાઠ છેને. પાઠ છે. વિયોગબુદ્ધિ પાઠ છે. '**वियोगबुद्धीए तस्स सो णिच्चं।**' જોયું! બીજું પદ.

**उप्पण्णोदयभोगो वियोगबुद्धीए तस्स सो णिच्चं।**

**कंखामणागदस्स य उदयस्स ण कुव्वदे णाणी।।२१५।।**

જેને આનંદનો રસ-સ્વાદ આવ્યો હોય એ દુઃખની ભાવના કેમ કરે? આહા..હા..! વર્તમાન રાગ આવ્યો પણ એની ભાવના એમાં એકત્વબુદ્ધિ નથી, પરિગ્રહ પામતો નથી, એ મારો છે એવો પરિગ્રહ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ બાપુ બહુ દુર્લભ વીતરાગમાર્ગ. આહા..હા..! રાગ છૂટી ગયો. એ રાગ છૂટી ગયો તો રાગનો વિયોગ થઈ ગયો. રાગ એને છે એનો વિયોગ છે, સંબંધ નથી. આહા..હા..! સત્ય વસ્તુ એવી સૂક્ષ્મ છે કે એને વર્તમાનમાં તો સાંભળવા મળતી નથી. આમ કરો ને આમ કરો. આ વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને જાત્રા કરો, કલ્યાણ થઈ જશે. એવી એની પ્રરૂપણા છે. માન્યતા તદ્દન મિથ્યાત્વ છે. મિથ્યામાન્યતા છે શ્રદ્ધા. આહા..હા..! એ રાગની ક્રિયાથી આત્માનું કલ્યાણ થાય છે? આત્માનું કલ્યાણ તો વીતરાગભાવથી થાય છે.

**શ્રોતા :-** ઈ કરતાં-કરતાં થાય ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવશે ને. એમ રાગ કરતાં-કરતાં

વીતરાગી સમકિતદર્શન પ્રગટ થાયને. બહુ ગડબડ છે. સમજાણું કાંઈ? નિશ્ચયસમ્યગ્દર્શન વિના જેટલી રાગની ક્રિયા છે એ બધી બાળવ્રત અને બાળતપ છે. માર્ગ એવો છે, ભાઈ!

અહીં તો કહે છે.. આહા..હા..! પરિગ્રહભાવને ધારતો નથી. '**પ્રત્યુપન્ન કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને...**' આહા..હા..! જેમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો નિર્જરાની બીજી ગાથામાં કહ્યું કે શાતા-અશાતાનો ઉદય નિયમથી વેદનમાં તો થોડો આવે છે. બીજી ગાથા નિર્જરા (અધિકાર). પહેલી ગાથામાં જડની નિર્જરા, દ્રવ્યકર્મની નિર્જરા (કહી). બીજી ગાથામાં અશુદ્ધતાની નિર્જરા (કહી). એને અશુદ્ધતા થોડી હોય છે કહે છે, પણ એ ખરી જાય છે. આહા..હા..! અહીંયાં અશુદ્ધતા છે, પણ રાગબુદ્ધિ છૂટી ગઈ છે. બુદ્ધિ પરિગ્રહપણાને પામતી નથી. આહા..હા..! આવો માર્ગ બહુ સૂક્ષ્મ.

'**પ્રત્યુપન્ન કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી...** ' રાગબુદ્ધિથી, પ્રીતિબુદ્ધિથી, સુખબુદ્ધિથી જોવામાં આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, પ્રભુ! વીતરાગ નિર્ગ્રંથમાર્ગ ઘણો સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ? આવી વાત ક્યાંય નથી. વીતરાગ સ્વભાવ માર્ગ સિવાય આવી ચીજ (ક્યાંય નથી). આ કહે છે એ હજી સમજાવું મુશ્કેલ છે. આહા..હા..! જેને ધર્મ પ્રગટ થયો તો એનો અર્થ કે એને આત્માનો આનંદ પ્રગટ થયો. જેને ધર્મ પ્રગટ થયો એને વીતરાગદશા પ્રગટ થઈ. ધર્મ જેને થયો એને સ્વસંવેદનજ્ઞાન પ્રગટ થયું. આહા..હા..! એને વર્તમાન કર્મના ઉદયથી મળેલા ભોગ... આહા..હા..! એને વિયોગબુદ્ધિથી વર્તે છે. છે? '**રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી...**' આહા..હા..! જુઓ તો ખરા. જ્ઞાનીની, રાગમાં સુખબુદ્ધિ જોવામાં આવતી નથી. આહા..હા..!

'**કારણ કે જ્ઞાનીને અજ્ઞાનમયભાવ જે રાગબુદ્ધિ તેનો અભાવ છે;...** ' આહા..હા..! અજ્ઞાનમયભાવ. રાગ અજ્ઞાનમયભાવ છે. આહા..હા..! કેમ? કે ભગવાન આત્મા જ્ઞાનમયભાવ છે. તો રાગમાં જ્ઞાનભાવ નથી, એ તો અજ્ઞાન છે. મિથ્યાત્વભાવ નહિ, પણ જ્ઞાનભાવ રાગમાં નથી. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપી ભગવાનમાં જ્ઞાનની પરિણતિનો ચૈતન્યભાવ એ રાગભાવમાં એની પરિણતિનો અભાવ છે. આહા..હા..! અજ્ઞાનભાવ એટલે મિથ્યાત્વભાવ એમ નહિ. એને પોતાનો માને તો મિથ્યાત્વભાવ છે, પણ એ રાગભાવ આવે છે એ અજ્ઞાનમય છે. તો પોતાનો પરિગ્રહ કેમ કરે ઈ? સમજાણું કાંઈ? જ્ઞાની જ્ઞાનસંપન્ન થવામાં રાગ જે અજ્ઞાન છે એનો પરિગ્રહ—પક્કડ કેમ કરે? આહા..હા..! બહુ ઝીણું. આવું છે. આહા..હા..!

**શ્રોતા :-** ... સુખ-દુઃખને પક્કડ કરવાની વાત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની તે સમયે પક્કડ હોય. તે સમયે હોય ને. બીજા સમયે શું? .. એની પક્કડ નથી એમ કહે છે. એ સમયની વાત છેને. બીજે સમયે પક્કડ નથી અને પહેલાં આવે એમ નહિ. જે સમયે જ્ઞાનમાં પક્કડ છે આનંદમાં તો રાગની પક્કડ તે સમયે જ નથી. આહા..હા..! એવી વાત છે. તેને નિર્જરા થાય છે. નિર્જરા અધિકાર છેને.

'**અને કેવળ વિયોગબુદ્ધિએ જ...**' જુઓ, '**(હેયબુદ્ધિએ જ) પ્રવર્તતો તે ખરેખર પરિગ્રહ નથી.**' છે તો ખરો. હેયબુદ્ધિ છેને? આહા..હા..! છે? '**જોવામાં આવતો નથી.**' એ નાસ્તિથી કહ્યું. '**વિયોગબુદ્ધિએ જ પ્રવર્તતો...**' હેયથી પ્રવર્તમાન છે. આહા..હા..! કેમકે વ્યવહારરત્નત્રયનો રાગ અને ભોગનો રાગ એ મારી ચીજ જ નથી. આહા..હા..! આવો માર્ગ સૂક્ષ્મ પડે પણ શું થાય? માર્ગ તો એવો છે. વિયોગબુદ્ધિ સમજ્યા? સંબંધબુદ્ધિ નથી, વિયોગબુદ્ધિ છે. આહા..હા..! '**વિયોગબુદ્ધિએ જ પ્રવર્તતો તે ખરેખર પરિગ્રહ નથી.** ' આહા..હા..! '**માટે પ્રત્યુત્પન્ન કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને પરિગ્રહ નથી (-પરિગ્રહરૂપ નથી).** ' આ કારણે—રાગની એકત્વબુદ્ધિ નથી અને રાગની હેયબુદ્ધિ છે એ કારણે—રાગનો પરિગ્રહ એને છે નહિ. આહા..હા..! આ પૈસા-ફૈસાના પરિગ્રહની તો ક્યાંય વાત રહી ગઈ. રાગ તો હેયબુદ્ધિએ વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પ્રત્યુત્પન્ન કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને પરિગ્રહ નથી.**' પક્કડ નથી. હેયબુદ્ધિએ વર્તે છે. આહા..હા..! '**જે અનાગત ઉપભોગ તે તો ખરેખર જ્ઞાનીને વાંછિત જ નથી (અર્થાત્ જ્ઞાનીને તેની વાંછા જ નથી)...**' અનાગત ઉપભોગ તો વાંછા નથી. આહા..હા..! અનાગતમાં તો વર્તમાન એકાગ્રતાની મોક્ષની એકાગ્રતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**(અર્થાત્ જ્ઞાનીને તેની વાંછા જ નથી) કારણ કે જ્ઞાનીને અજ્ઞાનમયભાવ જે વાંછા તેનો અભાવ છે.**' આહા..હા..! '**માટે અનાગત કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને પરિગ્રહ નથી (પરિગ્રહરૂપ નથી).** ' આહા..હા..! રાગનો પરિગ્રહ નથી તેને પર લક્ષ્મી, આબરૂ, કીર્તિ, ચક્રવર્તીનું રાજ મારું છે—એમ સમકિતી માનતો નથી. આહા..હા..! આવી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- અતીત કર્મોદય-ઉપભોગ તો વીતી જ ગયો છે.** ' ભૂતકાળનો ઉપભોગ તો વર્તમાનમાં છે જ નહિ એટલે એ વીતી ગયો છે. '**અનાગત ઉપભોગની વાંછા નથી;...** ' આહા..હા..! ભગવાન સમકિતી જ્ઞાની જ્ઞાનની, આનંદની ભાવના કરે કે રાગની કરે? હોસ્પીટલમાં. ત્યાં વ્યાખ્યાન ચાલે છેને. આપણે દસ-દસ હજાર માણસ આવે. સ્થાનકવાસી, શ્વેતાંબર બધા આવે. ઘાટકોપર. એ કરોડપતિ છે. દીકરો નથી. દીકરી એક છે પરણાવી દીધી. હવે એને.. આવ્યા હતા ત્યાં. મુંબઈ બીજે ઉતર્યા હતા ને મોટાણીને ત્યાં. લાઠીવાળા આપણે કાંતિભાઈ આવે છેને. ત્યાં આવ્યા હતા. (એ કહે), મહારાજ! આ ધર્મ છે એ ચાર હજાર ભવ પછી મને સમજાશે, બેસશે. ચાર હજાર ભવ પછી હું આ ધર્મ કરીશ. અત્યારે તો હાથ પહોળા કરી પૈસા દાન દેવા. ચાર હજાર ભવ પછી હું આ ધર્મ કરીશ. પણ ક્યાં હશે તારા ચાર હજાર ભવ? સર્વોદય મોટી હોસ્પીટલ. બહુ પૈસા ખર્ચે. એક કરોડ રૂપિયા એની પાસે. દીકરીના લગન કર્યા ત્યારે ૩૦ લાખ આપ્યા. પહેલાં કહેતા હતા, ૩૦ લાખ આપ્યા. આહા..હા..! એમાં ખુશી. આપણે મોટાણીને ત્યાં ઉતર્યા હતાને, ત્યાં આવ્યા હતા એ. ચાર હજાર ભવ પછી આ આપ કહો છો એ ધર્મ હું કરીશ. ચાર હજાર (ભવ પછી) ક્યાંક નિગોદમાં હશે. માણસને ઓલા પૈસા દાન ને એમાં ખર્ચે બહુને, લાખો રૂપિયા આપે. એમાં શું આવ્યું?

**શ્રોતા :-** એક તો પૈસા આપે અને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પૈસા ક્યાં એના બાપના હતા? પૈસા તો જડ છે. પૈસા તો અજીવ છે, જડ છે. 'જડ મારું છે' એમ માનીને આપે છે તો મિથ્યાત્વનું પોષણ છે. આહા..હા..! એમાં સંસારની વૃદ્ધિ થાય છે. આહા..હા..! આવી વાત છે. અજીવ છે, પૈસા તો અજીવ છે, માટી છે, ધૂળ છે.

**શ્રોતા :–** દાન દે તો ધર્મ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળેય નહિ. દાનથી ધર્મ થાતા હશે. શ્વેતાંબરમાં એમ કહે છે, 'દાન, શીલ, ધર્મના ચાર પ્રકાર.' દાન, શીલ, તપ, ભાવના. ધૂળેય નથી. આહા..હા..! શું કહે છે?

**શ્રોતા :–** ઔષધ આદિ ચાર દાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છેને, ચાર શુભભાવ છે. અભયદાન, ઔષધદાન છે, આહારદાન છે. મુનિને પણ દે તો એ શુભભાવ છે, ધર્મ નહિ. વાત બહુ... પરદ્રવ્ય તરફ જેટલું લક્ષ જાય છે એ બધો ભાવ રાગ છે. આહા..હા..! પોતાના આત્માનો આશ્રય કરે તો વીતરાગતા ઉત્પન્ન થાય છે, એ વિના ત્રણકાળમાં ઉત્પન્ન થતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ત્રિલોકનાથ તીર્થંકર એમ કહે કે મુનિ હોય છે છદ્મસ્થમાં, તો અમને કોઈ આહાર દે તો તેને શુભભાવ થાય છે, ધર્મ નહિ. પરદ્રવ્યને આશ્રયે કદી ધર્મ ત્રણકાળમાં થતો નથી. આહા..હા..! સ્વદ્રવ્યને આશ્રયે ધર્મ થાય છે. આ મહાસિદ્ધાંત. ... અમને તો ભોગની વાંછા નથી.

'**કર્મોદયનો ઉપભોગ તે પરિગ્રહ નથી. જ્ઞાની જે વર્તમાનમાં ઉપભોગનાં સાધનો ભેળાં કરે છે તે...**' .. સ્ત્રી પરણે. પણ એ રાગને દુઃખરૂપ માને છે, પણ રાગનો ઉપચાર કરે છે. એ ઉપચાર.. એકત્રિત કરતો નથી, પણ રાગ આવ્યો તેને એકત્રિત કરે છે એમ કહેવામાં આવે છે. પરદ્રવ્યને કોણ એકત્રિત કરી શકે? સ્વતંત્ર જડ છે. તીર્થંકર ભગવાન ત્રણ જ્ઞાન ને ક્ષાયિકસમકિત લઈને આવ્યા. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ—ત્રણ ચક્રવર્તી, તીર્થંકર અને કામદેવ ત્રણ પદવી હતી. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ અને છન્નુ હજાર સ્ત્રી સાથે લગ્ન કર્યા, સમકિતી, પણ આ રીતે. રાગને હેયબુદ્ધિએ રાગનો ઉપચાર કરે છે. આહા..હા..! રોગનો ઉપચાર કરે છે એમ રાગનો ઉપચાર કરે છે. એમાં સુખ માનતા નથી. આહા..હા..!

**શ્રોતા :–** જૂની માન્યતા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જૂની માન્યતા ઉપર મીંડા મૂકવા પડશે. ઠીક! નિશાળમાં હતું આપણે. અમે જ્યારે જતા હતા ત્યારે તો એક પાટી હતી. પાટી હોયને. પોતુ લઈ જાય પાણીનું. લખેલું હોય એના ઉપર પોતું ફેરવી દે. નવું લખો. શેઠ! અત્યારે કાંઈક બીજું છે.

**શ્રોતા :–** અત્યારે તો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ડબ્બી નાની. લખ્યું હોય એ ભૂસી નાખો, બીજું લખો. એમ પૂર્વે માન્યતા હોય એ ભૂંસાડો. આહા..હા..! કારણ કે એ તો પૈસા બહુ ખર્ચે છે શેઠિયા. આ બેય શેઠિયાઓ છે. પૈસા ઘણા ખર્ચે. ત્રણ-ત્રણ લાખની ધર્મશાળા બનાવી એમાં આપે લોકમાં. બસ થઈ જાય જાણે કે કાંઈક ધર્મ કર્યો. ધૂળમાંય ધર્મ નથી. ધર્મ ક્યાંથી આવ્યો? બે-ચાર મંદિર બનાવે, ચૈત્યાલય બનાવી દે. ત્યાં

ધર્મ-બર્મ છે નહિ.

**શ્રોતા :-** મંદિર બનાવે છે એ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બનાવે છે એ તો ભાવ કરે છે શુભ. ત્યાં બને છે તો એને કારણે, આત્મા કરે છે? આ મકાન રામજીભાઈએ કર્યા છે? વજુભાઈએ કર્યા છે? આ વજુભાઈ રહ્યા. બેય જણા હતા. છવ્વીસ લાખનું મકાન, આરસપહાણ. પોણા ચાર લાખ અક્ષર. આગમ. સમયસાર, પ્રવચનસાર... એ તો એ સમયે બનવાની ક્રિયા બની છે, બીજા બનાવતા નથી. આ એવી વાત આકરી બાપા.

**શ્રોતા :-** એ તો થઈ ગયા પછી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થઈ ગયા પહેલાં પણ અમે તો કહેતા હતા. આહા..હા..! મંદિરો તો ઘણા થઈ ગયા. કાઠિયાવાડમાં દિગંબર (મંદિર) નહોતા. અત્યારે દિગંબરો ઘણાં થઈ ગયા. મંદિરો ૨૫-૩૦ થઈ ગયા. ૩૦-૩૫ મંદિર થઈ ગયા છે.

**શ્રોતા :-** એમને આપના...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એને થવાનું હતું તો થયું છે.

**શ્રોતા :-** એ તો નિમિત્તથી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્તથી કહેવાય. બાકી નિમિત્ત કર્તા છે? ભાઈએ હમણાં નથી લખ્યું? કૈલાસચંદજીએ લખ્યું છે જૈનસંદેશમાં. સોનગઢવાળા નિમિત્તનો નિષેધ નથી કરતાં, પણ નિમિત્તને કર્તા માનતા નથી. વાત સાચી છે. નિમિત્ત છે, નિમિત્ત કર્તા નથી. ભગવાન નિમિત્ત છે શુભભાવમાં, પણ એ ભગવાન શુભભાવના કર્તા છે? આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાતું છે, ભાઈ! તત્ત્વની દૃષ્ટિ બહુ સૂક્ષ્મ. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે '**વર્તમાનમાં ઉપભોગનાં સાધનો ભેળાં કરે છે...**' આમાંથી કહે ભાઈ એ લોકો, જુઓ, સામગ્રી એકત્રિત કરે છે કે નહિ સમકિતી? કઈ અપેક્ષા છે? અસદ્ભુત... આહા..હા..! અસદ્ભુત એમાં પણ ઉપચાર. અસદ્ભુત ઉપચાર અને અનુપચાર બે પ્રકાર. આ તો અસદ્ભુત ઉપચારનું કથન છે. આહા..હા..! કર્મને બાંધે આત્મા એ અસદ્ભુત અનુપચારનું કથન છે. બહારની સામગ્રી અસદ્ભુત ઉપચારનું કથન છે. ઉપચારનો ઉપચાર છે એ. આહા..હા..! નિજ સ્વરૂપની મહિમા ન આવે ત્યાં સુધી પરની મહિમા ખસે નહિ. પોતે જ્ઞાનસ્વરૂપ છે એ કરે શું? એ રજકણને કરે? અહીં ફેરવે? શરીર ચલાવે? શું કરે આત્મા? એ તો જડની ક્રિયા છે આ તો. વાણી બોલાય છે એ જડની છે. આહા..હા..! એવી દૃષ્ટિ જ્યાં અંતરમાં જ્ઞાતા-દૃષ્ટા થયો, પછી રાગ આવ્યો એ રાગનો ઉપચાર પણ કર્યો થોડો. આહા..હા..! '**રોગી જેમ રોગનો ઇલાજ કરે તેમ.**' લ્યો! ઠીક! રોગી રોગનો ઉપચાર કરે એ ભલો માને છે? રોગ રહેજો, ઉપચાર કાયમ કરવો, ઘણાં માણસો જોવા આવે છે તો રોગ હોય તો જોવા આવે. રોગ રહે એવો ભાવ છે?

**શ્રોતા :-** જેને રોગ હોય એ તો આત્માની સન્મુખ થવું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રોગ એને ઘરે રહ્યો. રોગ આત્મામાં ક્યાં છે? એ તો શરીરની દશા છે રોગ.

આ તો જડની દશા છે, એની અવસ્થા છે. રોગ તો તે સમયની જડની અવસ્થા છે. આહા..હા..! શું કહ્યું એ? જન્મક્ષણ છે. રોગની ઉત્પત્તિ એ પરમાણુની જન્મક્ષણ છે, ઉત્પત્તિનો કાળ છે, એનાથી થઈ છે. આ ડોક્ટર મટાડી દેતા હશે બધા આ ડોક્ટરો બધા ઈંજેક્શનથી?

**શ્રોતા :-** મટાડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય મટાડતા નથી. આ મોટા ડોક્ટર બેય બેઠા સર્જન. પ્રવિણભાઈ આવવાના હતા કોઈક એમ કહેતું હતું. ડૉક્ટરને રજા નથી. નહિ? એમ કહેતું હતું. ભાઈ પણ આવવાના હતા, લાલભાઈ. આહા..હા..!

**'રોગી જેમ રોગનો ઈલાજ કરે તેમ.'** એમ ધર્મી રાગ આવે એનો ઉપચાર કરે છે હેયબુદ્ધિએ. આહા..હા..! ૯૬ હજાર સાથે લગન કર્યા. રાગ આવ્યો, સામગ્રી આવી. હેયબુદ્ધિ છે, દુઃખબુદ્ધિ છે એમાં. આહા..હા..! પણ રાગ આવ્યા વિના રહેતો નથી. કહે છેને, રાગ (આવે છે) પણ હેયબુદ્ધિએ છે. જાય છે કોણ?

**'આ નબળાઈનો દોષ છે.'** લ્યો! પોતાની નબળાઈ છેને એટલો રાગ આવે છે, પણ હેયબુદ્ધિએ છે, ઉપાદેયબુદ્ધિ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ વદ-૬, મંગળવાર, તા. ૧૧-૦૧-૧૯૭૭, ગાથા-૨૧૬, પ્રવચન નં. ૨૮૯

ગુજરાતી ચાલશે. હિન્દી નથી હવે કોઈ. ૨૧૬ ગાથા. **'હવે પૂછે છે કે અનાગત કર્મોદય-ઉપભોગને જ્ઞાની કેમ વાંછતો નથી?'** શું કહે છે? કે ધર્મી જીવ ભવિષ્યના ભોગને વર્તમાન કેમ ઈચ્છતો નથી? છેને? **'અનાગત કર્મોદય-ઉપભોગને...'** ભવિષ્યના ભોગને જ્ઞાની કેમ વર્તમાન વાંછતો નથી? સૂક્ષ્મ વાત છે. કહો, દાસ! દાસનો પ્રશ્ન હતો. (સંવત) ૧૯૯૧માં ફાગણ સુદમાં ઉમરાળે પ્રશ્ન હતો. આ વેદ્યવેદકનો.

जो वेददि वेदिज्जदि समए समए विणस्सदे उभयं।
तं जाणगो दु णाणी अभयं पि ण कंखदि कयावि।।२१६।।

**રે! વેદ્ય વેદક ભાવ બન્ને સમય સમયે વિણસે,**
**–એ જાણતો જ્ઞાની કદાપિ ન ઉભયની કાંક્ષા કરે. ૨૧૬.**

જરી સૂક્ષ્મ વાત છે. **'ટીકા :- જ્ઞાની તો, સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી... '** ધર્મીને દૃષ્ટિમાં તો ધ્રુવસ્વભાવ હોવાથી. સમજાણું કાંઈ? ધર્મીને એટલે કોઈ એમ કહે કે જ્ઞાનીને ભલે હોય, પણ

ધર્મીને બીજું હોય. ધર્મવાળું જ્ઞાન ન હોય બહુ તો ધર્મી કહેવાય, એમ નથી. જ્ઞાની કહો કે ધર્મી કહો. '**જ્ઞાની તો, સ્વભાવભાવ...**' ભગવાન આત્માનો નિત્ય સ્વભાવભાવ, ધ્રુવભાવનું '**ધ્રુવપણું હોવાથી...**' '**સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ નિત્ય છે;...**' આહા..હા..! એ તો જ્ઞાયકસ્વરૂપ ભાવમાં સમ્યગ્દષ્ટિની દૃષ્ટિ ધ્રુવ ઉપર છે. સમજાય છે કાંઈ?

'**અને જે વેદ્ય-વેદક (બે) ભાવો છે...**' વેદ્ય એટલે ઈચ્છા કરનારો ભાવ અને વેદક એટલે અનુભવવા લાયકનો ભાવ. '**તેઓ, વિભાવભાવોનું ઉત્પન્ન થવાપણું અને વિનાશ થવાપણું હોવાથી, ક્ષણિક છે.**' શું કહે છે? વર્તમાન ઈચ્છા થવી કે હું આને ભોગવું, તે વખતે ભોગવવાનો કાળ નથી. ઈચ્છા વખતે, વેદ્ય વખતે ભોગવવાનો કાળ નથી અને ભોગવવાનો કાળ આવે ત્યારે વેદ્યની ઈચ્છાનો કાળ નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વધારે સમજાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વધારે કહીએ છીએને. અહીં એકદમ નહિ ચાલે, એકદમ નહિ આવે. ધર્મીની દૃષ્ટિમાં નિત્યતા ને ધ્રુવતા હોવાથી એ વર્તમાન એને ઈચ્છે તો એ વસ્તુ વેદનને લાયક અત્યારે છે નહિ અને વેદનલાયક થાય જ્યારે તે વેદ્ય જે ઈચ્છા છે એ નથી. માટે જ્ઞાની એને ઈચ્છતો નથી. ઈચ્છતો નથી. ફરીને. અહીં તો કહ્યુંને '**જ્ઞાની તો, સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી...**' સ્વભાવભાવ. સ્વભાવી એ તો વસ્તુ, પણ એને સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી. આહા..હા..! '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ નિત્ય છે;...**' આહા..! ધર્મીની દૃષ્ટિમાં ધ્રુવ સ્વભાવપણું નિત્ય છે. એ નિત્યની ભાવનામાં એકાગ્ર થાય. સમજાય છે કાંઈ? પણ જે અનિત્ય-ક્ષણિક વિકારને વર્તમાન ઈચ્છવું કે આ આને ભોગવું, એવી વર્તમાન ઈચ્છા એ વેદ્ય છે અને ભોગવવાલાયક કાળ થાય તે વેદન-વેદક છે, પણ જ્યારે ઈચ્છા થાય ત્યારે વેદક વસ્તુ નથી. વસ્તુ હોય તો તો ઈચ્છા થાય નહિ એને. સમજાણું કાંઈ? આ તો સમજાય એવું છે.

ધર્મીને વેદ્યવેદકભાવ પરનો કેમ નથી? કહો, એ તો બરાબર છે? કેમકે એને નિત્ય ધ્રુવસ્વભાવ ઉપરનો ભાવ છે એનો. એથી વર્તમાન જે કાંક્ષમાણ વેદ્ય કે હું આને ભોગવું, પૈસાને ભોગવું, સ્ત્રીને ભોગવું કે મકાનને ભોગવું એવી ઈચ્છા જે કાંક્ષમાણ વેદ્યદશા છે તે કાળે વેદક વસ્તુ નથી. આહા..હા..! ઝીણું છે, શેઠ! અને જે કાળે વેદકનો અનુભવકાળ આવે એ વસ્તુનો, એ કાળે વેદ્યની ઈચ્છાનો કાળ નથી. એટલે ઈચ્છા પ્રમાણે વેદાતું નથી. આહા..હા..!

**શ્રોતા :-** અજ્ઞાનીને પણ એવું ઘણી વખત થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું થાય છે?

**શ્રોતા :-** જ્યારે ભોગવવાનો વખત આવે ત્યારે હોય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એનો અહીં પ્રશ્ન નથી. એ તો અજ્ઞાનીને માટે નથી. આ તો જ્ઞાનીને વેદ્યવેદકભાવ વિભાવનો કેમ નથી? અજ્ઞાનીને થાય છે એ તો અજ્ઞાન છે. એ ઈચ્છે છે ત્યારે નથી માટે એ ભાવના કરે છે અજ્ઞાની તો. એ તો વર્તમાન ભોગવવાયોગ્ય વસ્તુનો જોગ નથી તેથી તે ઈચ્છા કરે

છે અને ઈચ્છા કરે ત્યારે ઈચ્છા જાય છે. જ્યારે ઓલી વસ્તુ આવે છે ભોગપણે, પણ એ તો ઈચ્છા કરે છે અજ્ઞાની તો. આ તો ઈચ્છા કેમ કરતો નથી? આહા..હા..! ઝીણી વાત છે. સમજાણું કાંઈ?

પ્રશ્ન એમ ઉઠ્યો કે '**જ્ઞાની તો,...**' એમ. '**वेददि वेदिज्जदि**' પાઠમાં ઓલો પહેલોં બોલ એ આવ્યો છે વેદક અને પછી વેદ્ય આવ્યો છે. એ તો પદ છેને ગાથા, પદને મેળવવા માટે. પણ એનો અર્થ તો પાછો એવો છે કે પહેલોં વેદ્ય છે અને પછી વેદક છે. પણ પાઠમાં એ છે '**वेददि**' અનુભવવા લાયકનો કાળ, '**वेदिज्जदि**' વેદવાની ઈચ્છાવાળો. સમજાણું કાંઈ? પાઠ છે ને એટલે પાઠની સંધિ પ્રમાણે .. બેસે ને એટલે. બાકી એનો અર્થ પહેલોં વેદ્ય-ઈચ્છે કે આ સ્ત્રી હોય તો ઠીક, મકાન હોય તો ઠીક, દીકરો હોય તો ઠીક, આટલા પૈસા હોય તો ઠીક, એવી જ્યારે ઈચ્છા કાંક્ષમાણ વેદ્ય છે એ તો ક્ષણિક છે. કારણ કે એ કાંઈ કાયમ રહેતો નથી; અને જ્યારે વેદવાયોગ્ય સંયોગ આવે, પાણીનો, આહારનો, સ્ત્રીનો, મકાનનો, તે વખતે વળી ઈચ્છાનો કાળ નથી. સમજાણું કાંઈ? બહુ ગાથા (સૂક્ષ્મ છે). ભાઈ આવ્યાને. નવરંગભાઈ! આ તો એમ કે તાકડે રાજકોટવાળા બે જણા છે અહીંયાં. લાલુભાઈ પણ આવવાના હતા પણ એને વળી એના બાપને ઓલું થઈ ગયું. હાર્ટ એટેક. આવુ બધું હમણા બહુ થાય છે બધે. એટેક એટલે શું? હુમલો, હુમલો. વેદન. વેદનનું આ વેદન કહીએ ઈ? આહા..હા..! શાંતિથી આ તો માર્ગ એવો છે. આહા..હા..!

હું અમુક ચીજને ભોગવું, એ જ્યારે ભોગવવાની વાંછા છે ત્યારે એ ચીજ નથી. ચીજ હોય તો ઈચ્છા થાય શેની? અને જ્યારે એ સંયોગ મળ્યો, આવ્યો ત્યારે ઓલી ઈચ્છાનો કાળ હતો એ તો વયો ગયો. એટલે ઈચ્છેલું છે એ ચીજ વખતે વેદન નથી અને વેદન વખતે ઈચ્છાનો કાળ નથી. આહા..હા..! ઝીણી છે, શેઠ! પૈસામાં બધા...

**શ્રોતા :–** સમજવું તો પડશેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પડશે. ઈ વાત તો સાચી, બાપા! એ તો સમજવું પડશે, ભાઈ! માર્ગ આવો છે. આહા..હા..! એટલે કે જેને સ્વભાવભાવ ઉપર દૃષ્ટિ છે, અજ્ઞાનીની અહીં વાત નથી, જેને સ્વભાવભાવ એવો જે ધ્રુવભાવ એની જેને દૃષ્ટિ છે તે જ્ઞાની નિત્ય છે. દૃષ્ટિમાં નિત્યતા છે માટે નિત્ય છે. આહા..હા..! એને વર્તમાન વેદ્ય. જુઓ, '**વેદ્ય-વેદક (બે) ભાવો છે તેઓ, વિભાવભાવોનું ઉત્પન્ન થવાપણું...**' ઈચ્છા ઉત્પન્ન થાય અને પછી વેદક આવે ત્યારે ઈચ્છાનો નાશ થાય. ઉત્પન્ન અને ક્ષય છે એ તો. ઉત્પન્ન અને ક્ષય થાય છે. વિનાશ છેને? આહા..હા..! ધીમેથી (સમજવું), આ ગાથા જ એવી ઝીણી છે. આહા..! જેને ભગવાન આત્મા સ્વભાવભાવનું જેને ભાન થયું અને એનું વેદન ચાલે છે એમ કહે છે. સમજાણું કાંઈ? જેને સ્વભાવભાવનું ભાન છે અને ભાન છે તેથી જેને સ્વભાવભાવનું વેદન ચાલે છે એને પરપદાર્થને ભોગવવાની આકાંક્ષાનો વેદ્યભાવ હોતો નથી. કેમકે ઈચ્છા કરવી એ નિરર્થક જાય છે. એ વસ્તુ એ વખતે તો છે નહિ. આહા..હા..!

'**વેદ્ય-વેદક (બે) ભાવો છે...**' આમાં પહેલોં વેદ્ય લીધો છે-કાંક્ષમાણ. પાઠમાં વેદક લીધુંને ભાઈ! પાઠમાં એ લીધું છે. એ વાત થઈ ગઈ છે પહેલી. સમજાણું કાંઈ? અજ્ઞાની જે ઈચ્છે છે એ વખતે

એ વસ્તુ નથી છતાં ઇચ્છે છે તો અજ્ઞાન, નિરર્થક છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને જ્ઞાની કેમ ઇચ્છતો નથી? એમ કહેવા માટે આ વાત સિદ્ધ કરે છે. જેની દૃષ્ટિ ધ્રુવ ઉપર નથી અને જેની દૃષ્ટિ ક્ષણિક વિભાવ ઉપર છે, એ અજ્ઞાની ઇચ્છા કરે છે અને એ ભોગવવા કાળે વેદન આવે છે, પણ ઇચ્છા કરેલી ચીજ એ વખતે નથી, માટે નિરર્થક એની ઇચ્છા છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'ક્યા ઇચ્છત ખોવત સબ હૈ ઇચ્છા દુઃખ મૂળ.' આહા..હા..! વીતરાગમાર્ગ સૂક્ષ્મ ભાઈ બહુ. ઓલા તો દયા એ ધર્મ, દયા એ ધર્મ. ત્રીજા બોલમાં નાખ્યું છેને, ભાઈ! ખાણિયા ચર્ચા. દયા એ પુણ્યનું કારણ છે, દયા શુભભાવ એ સંવર-નિર્જરાનું કારણ છે. અરે..! ભગવાન! પણ એ શાસ્ત્રના લખાણ એવા આવેને. પણ કઈ નયનું આ વચન છે? દયા વિશુદ્ધો ધર્મ. પણ કઈ નયનું? કઈ દયા? જો સ્વદયા હોય તો શુદ્ધોપયોગ છે, પર દયા હોય તો શુભરાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞાની એટલે કે જ્ઞાયક સ્વભાવની ધ્રુવતાનો જેને આદર થયો છે. એ અનિત્ય એવા વિભાવ ક્ષણિક ભાવનો આદર અને ઇચ્છા કરતો નથી, એમ કહેવું છે. આહા..હા..! છ ખંડના રાજમાં હોય છતાં સ્ત્રીના વિષયને રમવામાં એને ઇચ્છા નથી. આહા..હા..! કારણ કે જ્યારે રમવાનો કાળ હોય છે ત્યારે ઇચ્છા નથી અને ઇચ્છાનો કાળ હોય ત્યારે રમવાના કાળનો સંયોગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, શેઠ! એ તો ભાગ્યશાળી તો અહીં આવીને પડ્યા. નહિતર તો આ બધું ક્યાંય છે નહિ. શેઠ! કીધું આવીને અહીં પડ્યા તો ઠીક. સંપ્રદાયમાં અગ્રેસર છે ત્યાં, છતાં મૂક્યું. જે દુનિયા માને એ માનો કહે છે. વાત તો આવી છે, બાપુ! શું થાય? અરેરે..! વીતરાગમાર્ગને વીંખી નાખ્યો. એ શુભભાવની ક્રિયા એ પુણ્યબંધ પણ કરે અને સંવર-નિર્જરા પણ થાય. અરે..! ભગવાન! આ શું છે બાપુ? આહા..હા..! પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં તો એમ છે ચોખ્ખી વાત. '**येन अंशे न राग तेन अंशेन बंध, येन अंशेन सम्यग्दर्शन-ज्ञान-चारित्र ए अंशे बंध**'. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે ધર્મીને વિભાવભાવનું ઇચ્છા ને વેદનનો ભાવ કેમ નથી? કે એને જ્યારે વાંછા કાંક્ષમાણ વેદ્યભાવ હોય છે એ તો ક્ષણિક છે એટલે વેદ્યભાવ તો નાશ થઈ જશે અને જ્યારે વેદકનો કાળ આવે છે ત્યારે એ નાશ થાય એટલે કોને વેદે એ? ઇચ્છાયેલો પદાર્થ તો ત્યાં એ વખતે છે નહિ. આહા..હા..! અને પદાર્થને ભોગવવાના કાળ વખતે ઇચ્છા જેને વેદું છું એવો ભાવ નથી. આહા..હા..! ઝીણું છે આ. શાંતિભાઈ! માર્ગ આવો છે. આહા..! અમારે શાંતિભાઈ આવ્યા છે. બેય સાથે છે. શાંતિસાગર નામ છે. મુનિ થવાના હતા મુનિ, દિગંબર મુનિ. ન થયા પછી રહી ગયા. વૈરાગી માણસ છે. મુનિ દિગંબર થવાના હતા. છતાં બધું જાળવી રાખ્યું પાછું. મુનિ થયા નહિ. શું બાપા મુનિ કહે છે.

**શ્રોતા :-** આપે અટકાવ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણે કોકે એને સંભળાવ્યું ત્યાં અટકી ગયા. એય..! બાપુ! મુનિપણું ભાઈ! કોને કહેવું બાપુ? આહા..હા..!

અહીં તો હજી સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાની દૃષ્ટિમાં સ્વભાવભાવની ધ્રુવતાને જેણે આદરી છે... આહા..હા..! એવા વિભાવભાવના ક્ષણિકને કેમ ઇચ્છે? એમ કહે છે. ચંદુભાઈ! કહો, નવરંગભાઈ!

આ ગાથા એવી આવી, તમે આવ્યા છોને. આહા..હા..! શું શૈલી! દિગંબર સંતોની સમજાવાની શૈલી! ઓહો..! વીતરાગભાવ. જેને સ્વભાવભાવ એવો જે વીતરાગભાવ નિત્ય જેને દૃષ્ટિમાં આવ્યો અને આદર કર્યો છે. આહા..હા..! એ ક્ષણિક એવા વિભાવભાવને કેમ ઈચ્છે? આહા..હા..! સમજાણું કાંઈ? એ ભોગમાં હોય તોપણ એ વેદ્ય-વેદક નથી એને. આહા..હા..!

'**તેઓ, વિભાવભાવોનું ઉત્પન્ન થવાપણું...**' વિભાવ છેને? એટલે કાંક્ષમાણનું ઉત્પન્ન થવું અને વેદકભાવના વખતે કાંક્ષમાણનો નાશ થવો... સમજાણું કાંઈ? બહુ ધ્યાન રાખે તો પકડાય એવું છે બાપુઅળ આ ગાથા ઝીણી છે બહુ. જેને અનિત્ય એવા વિભાવભાવ ઉપર દૃષ્ટિ છે... આહા..હા..! એ ઈચ્છે છે એને મળતું નથી એવા અજ્ઞાનભાવની એને ઈચ્છા છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**વેદ્ય-વેદક (બે) ભાવો છે તેઓ, વિભાવભાવોનું ઉત્પન્ન થવાપણું અને વિનાશ થવાપણે હોવાથી, ક્ષણિક છે.**' આ બાજુ નિત્ય છે અને આ બાજુ ક્ષણિક છે એમ વાત કરી. આહા..હા..! ધર્મીને સ્વભાવભાવપણાનો નિત્ય ધ્રુવ હોવાથી તેની દૃષ્ટિમાં તો તેને નિત્યપણું જ છે. એવો નિત્ય સ્વભાવ છે એની દૃષ્ટિમાં. આહા..હા..! એવો જીવ અનિત્ય એવા વિકારી ભાવોનું ઉત્પન્ન થવું અને ભોગવવું એ વિભાવભાવ બેય નાશવાન છે. એટલે કે જ્યારે ઈચ્છા છે ત્યારે ભોગવવાનો કાળ નથી. કોઈપણ ચીજને ભોગવવાની વૃત્તિ ઊઠી એ વખતે તો એ ચીજ છે નહિ.

**શ્રોતા :-** એ હોય તો ઈચ્છા શેની?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માટે નિરર્થક છે એ ઈચ્છા. અજ્ઞાનીને એવી ઈચ્છા હોય, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સમજવું કઠણ તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તેથી અમે હળવે-હળવે લઈએ છીએ. આ કાંઈ ઉતાવળ નથી કરતા. હળવે-હળવે એને વિચારમાં જરી બેસે. પોપટભાઈ! આ માર્ગ એવો, બાપુ! આહા..હા..!

ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં, સમકિતી સ્વભાવભાવની ધ્રુવતાને લઈને ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ તે નિત્ય છે. આહા..હા..! એથી તેનો જ એને આશ્રય અને અવલંબન છે. આહા..હા..! તેથી તે વેદ્ય-વેદકભાવ વિભાવભાવોનું ઉત્પન્ન થવું અને નાશ થવું એવું ક્ષણિકપણું હોવાથી ધર્મી તેને ઈચ્છતો નથી. આહા..હા..! શેઠ! ઝીણી વાત છે, બાપા! આહા..હા..! આવો માર્ગ આવો સાંભળવા ન મળે જેને એ... આહા..હા..! અને એની મશ્કરી કરે પછી નિશ્ચયની. અરે..! પ્રભુ! ન થાય લાભ હોં તને. એ ન થાય. આહા..હા..! લ્યો! ભોગ ભોગવે ને ભોગની ઈચ્છા નથી. એ નિર્જરામાં આવી ગયું ને પહેલું એ? સેવક છતાં અસેવક છે. બાપુ! કઈ અપેક્ષા છે, ભાઈ! જેને રાગરસ ઊડી ગયો છે રસમાં, છતાં આવે છે તેને ઝેર તરીકે જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગ સિવાય (ક્યાંય નથી). અરે..! દિગંબર સંતોએ તો કેવળજ્ઞાનના પેટ ખોલીને મૂક્યા છે. જેની એક-એક ગાથામાં ગંભીરતા. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ, મનસુખભાઈ? આવું ઝીણું છે. આવ્યા તાકડે તો ઠીક ગાથા આવી છે. આહા..હા..! પહેલાં મેં જાણ્યું કે કલકત્તા રહે છે, પણ હમણા થોડો ટાઈમ મુંબઈ રહે છે, કહે

છે. નહિ? નહિતર કલકત્તા હતા. આહા..હા..! હવે આ ક્યાં? ભગવાન ક્યાં રહે છે? એ સ્વભાવભાવમાં રહે છે એમ કહે છે. આહા..હા..! એ મકાન-બકાનમાં નથી રહેતા તમારા ઓલા છ લાખના હીરાનું. હીરા શું આરસપહાણનું. સમજાણું? આહા..હા..! અહીં તો એને પર્યાયની રાગના વિભાવની ઈચ્છા નથી એમ કહે છે. કેમ નથી? કે જ્યારે જે પદાર્થને ભોગવવાની ઈચ્છા થાય ત્યારે પદાર્થ નથી અને પદાર્થનો સંયોગ થાય જ્યારે ભોગવવાનો ત્યારે ઓલી ઈચ્છા નથી. એટલે બે ચીજનો મેળ ન ખાધો. એવી ઈચ્છા કોણ કરે? એમ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ઈચ્છા વખતે પદાર્થ મળે એવું તો બને નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવું કોઈ દિ' ત્રણકાળમાં બને નહિ. તો ઈચ્છા થાય શું કરવા હોય તો તો? શું કહે છે, શેઠ?

**શ્રોતા :-** એક સમયની પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક સમયની પર્યાય ઈચ્છા છે. પણ એક સમયની ઈચ્છા છે કાંક્ષમાણ. કાંક્ષમાણ નામ 'મારે આ જોઈએ તો હું ભોગવું' એવી ઈચ્છાનો કાળ છે એ ક્ષણિક કાળ છે અને જ્યારે ચીજ આવી જાય છે ત્યારે ઓલો ઈચ્છાનો જે કાળ છે એ છે નહિ. આહા..હા..! મફત નિરર્થક જાય છે એની ઈચ્છા. આહા..હા..! આમ તો આવ્યું હતું કે સામગ્રીને એકઠી કરે છે. આવ્યું હતુંને આમાં? ઈલાજ કરે છે, ભેળા કરે છે. જુઓ, '**વર્તમાનમાં ઉપભોગનાં સાધનો ભેળાં કરે છે, તે તો પીડા સહી શકાતી નથી તેનો ઈલાજ કરે છે—**' ભાષા આવી છે. આની સાથે મેળ કરવો. આહા..હા..! એ તો વર્તમાન રાગ થયો એ ભિન્ન જાણે છે અને રાગ ખસતો નથી એથી એને સામગ્રી એટલે જે રાગને ભોગવવાની ચીજ જોઈએ એ ચીજ આવે છે એને સામગ્રી તરીકે ભેગી કરે છે. જેમ રોગીને ઈલાજ દવાનો કરે તેમ. આહા..હા..! પણ એ ઈલાજ ને રાગ અને એનો ઈલાજ બેય નિરર્થક જાણે છે. આ વસ્તુ મારી નથી. સમજાણું કાંઈ? હવે એક બાજુ આમ કહે, જ્ઞાની રાગ આવે ત્યારે એ સામગ્રીને એકઠી કરે છે ઓલા રાગને ટાળવા. કારણ કે એ રીતે ટળે છે, રાગ બીજી રીતે ટળતો નથી, સમાધાન થાતું નથી. કહો, ચંદુભાઈ! આહા..હા..! એથી એને વેદ્યભાવ છે ને વેદકભાવ છે એમ નથી. આહા..હા..! શાંતિભાઈ! આવી વાત છે. આહા..હા..! આ પૈસાવાળા કહે જ્યારે ઈચ્છા કરે કે મારે બે લાખ હોય તો ઠીક, પાંચ લાખ હોય તો ઠીક. એ વખતે પાંચ લાખ હોતા નથી. પાંચ લાખ હોય છે ત્યારે ઈચ્છાનો જે કાળ હોય છે એ ઈચ્છા તો વઈ જાય છે. મફત નિરર્થક છે. કહો, પોપટભાઈ આ પૈસાવાળાને ઉતારો એમ કહે છે.

**શ્રોતા :-** પાંચ લાખ આવે ત્યારે નવી ઈચ્છા કરે ત્યારે તો છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના; એ ઈચ્છા કરતો જ નથી નિશ્ચયથી તો. ઈચ્છા આવી જાય છે. ના, કરતો પણ નથી એ. કરતો પણ નથી. ના ના. અજ્ઞાની તો ઈચ્છા કરે છે ત્યારે કર્તા થઈને એ ઈચ્છા કરે છે. જ્ઞાનીને એમ નથી. અહીં તો એ સિદ્ધ કરવું છેને. ઓલું કીધું કે ઈચ્છા વખતે, રાગ વખતે, રાગને રોગ તરીકે જાણે છે અને રાગને મટવાની જે બીજી સામગ્રી છે એ જાતની, એના ઉપર લક્ષ જાય છે

એને કે આ સામગ્રી (મેળવું), પણ એ તો ક્ષણિક વિભાવનો સ્વામી નથી અને કર્તાબુદ્ધિ તરીકે નથી એમ કહેવું છે. ઝીણું બહુ, બાપુ! આહા..હા..! ઓલા ખાણિયા ચર્ચામાં તો બહુ સ્થૂળ કરી નાખ્યું સામે. ભાઈએ પ્રશ્ન-ઉત્તર સારા આપ્યા છે ફૂલચંદજી, સારા આપ્યા છે. બાપુ! આ કાંઈ વાદ-વિવાદનો વિષય નથી. આ તો અંતરમાં વીતરાગતા સમજવી હોય એને માટે વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ત્યાં, જે ભાવ કાંક્ષમાણ...**' છે. જુઓ આવ્યું હવે. ક્ષણિક કેમ છે? બે ભાવ ક્ષણિક કેમ છે? વેદ્ય નામ ઈચ્છા કાંક્ષમાણવાળો ભાવ અને વેદકવાળો ભાવ બે ક્ષણિક કેમ છે? કે '**જે ભાવ કાંક્ષમાણ (અર્થાત્ વાંછા કરનારા) એવા વેદ્યભાવને વેદે છે...**' એટલે વેદ્યભાવની ઈચ્છા કરે છે '**અર્થાત્ વેદ્યભાવને અનુભવનાર છે તે (વેદકભાવ)...** ' પછીનો. '**જ્યાં સુધીમાં ઉત્પન્ન થાય, ત્યાં સુધીમાં કાંક્ષમાણ વેદ્યભાવ વિનાશ પામી જાય છે;...**' આહા..હા..! શું કહે છે?

**શ્રોતા :-** વસ્તુ આવી ગઈ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વસ્તુ આવી ગઈ ત્યારે ઓલી વાંછા અને ઈચ્છા નથી. વેદ્યભાવ રહ્યો નથી અને વેદકભાવ આવ્યો ત્યારે વેદ્યભાવ રહ્યો નથી, વેદ્યભાવ છે ત્યારે વેદકભાવ નથી. આહા..હા..! ક્ષણિક કેમ છે અને વિભાવભાવની ઈચ્છા કેમ નથી એને સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? ધીમે ધીમેથી સમજવું. ભાઈ! આ તો કાંઈ વાર્તા નથી. આ તો વીતરાગ ભગવાનના ધર્મકથાની વાત છે. આહા..હા..!

'**ત્યાં, જે ભાવ કાંક્ષમાણ...**' એટલે વેદ્ય છે એ વેદ્યભાવને જે વેદવાયોગ્ય છે અનુભવનાર, જ્યાં સુધીમાં ઉત્પન્ન થાય વેદકભાવ અનુભવ, ત્યાં સુધીમાં કાંક્ષમાણ વેદ્યભાવ વિનાશ પામી જાય છે. સામે છેને, પાઠ છે. જરી ધીમેથી ધ્યાન રાખીને (સમજવું). આવું સાંભળ્યું નથી શેઠ કોઈ દિ' આ બધું. આવો માર્ગ, બાપા! આહા..હા...! શું સિદ્ધ કરવું છે? કે કાંક્ષમાણભાવ વિભાવભાવ (છે) તે વખતે વેદન કરવાયોગ્યની સામગ્રી નથી, તેથી વેદકભાવ તે વખતે નથી અને જ્યારે સામગ્રી આવીને વેદકભાવ થયો ત્યારે વેદ્યભાવ રહેતો નથી. બેનો મેળ ખાતો નથી માટે જ્ઞાની ઈચ્છતો નથી. આહા..હા..! મેળ ખાતો જ નથી. વર્તમાન ભાવ અને ભવિષ્ય ભાવ બેનો મેળ ખાતો જ નથી એમ કહે છે. આહા..હા..! આ તો ગાથા બહુ ઊંચી છે.

દાસે પૂછ્યું હતું તે દિ' ત્યાં ઉમરાળા. ફાગણ સુદ. ફાગણ વદ ૩ આવ્યાને અહીં? ફાગણ વદ ૩ અહીં આવ્યા ધારૂકાથી. એ પહેલાં ત્યાં હતા. બીજે હતા. બીજે ધારૂકા ગયા. ફાગણ વદ એકમ કરી ત્યાં ઉમરાળા. ફાગણ વદ બીજે ધારૂકા અને ફાગણ ત્રીજે અહીંયાં. એ પહેલાં આ પ્રશ્ન હતો. આહા..હા..! આટલું બધું સ્પષ્ટ કંઈ એ વખતે ન હોય. સમજાય છે કાંઈ? આહા..હા..! વાત તો એટલી કે ભાઈ એ વિભાવભાવ છે અને તે ક્ષણે જે થાય તે ક્ષણે વેદક નથી, વેદક છે ત્યારે વેદ્ય નથી, માટે જ્ઞાની ઈચ્છતો નથી. એ ટૂંકું. એમ. ઈચ્છતો કેમ નથી? કે ઈચ્છા કાળે એ સામગ્રી નથી અને સામગ્રીનો ભોગવવાનો કાળ આવ્યો ત્યારે ઓલી ઈચ્છા તો ગઈ. હવે એને ભોગવવું હોય તો બીજી રીતે થઈ ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

**'જે ભાવ કાંક્ષમાણ (અર્થાત્ વાંછા કરનારા) એવા વેદ્યભાવને વેદે છે...** ' એટલે કે વેદકપણે જ્યારે આ કાંક્ષમાણ થયો એને વેદે છે. **'વેદ્યભાવને અનુભવનાર છે તે (વેદકભાવ) જ્યાં સુધી ઉત્પન્ન થાય ત્યાં સુધીમાં કાંક્ષમાણ (અર્થાત્ વાંછા કરનારો) વેદ્યભાવ વિનાશ પામી જાય છે;...'** આહા..હા..! પોતાનું વેદ્યવેદક છે સ્વભાવનું એમ કહે છે અહીં. આહા..હા..! આનંદની અનુભૂતિનું વેદ્યવેદક છે. આહા..હા..! પરનું વેદ્યવેદક છે નહિ. આહા..હા..! અનિત્યભાવ, વિભાવભાવ અને જે ક્ષણે કાંક્ષમાણ છે તે ક્ષણે વેદનભાવ નથી. જેની ઈચ્છા કરી હતી એને વેદવાનો કાળ આવ્યો વેદકભાવ ત્યારે એની ઈચ્છા રહેતી નથી. વેદવાયોગ્ય કે મારે તો આ પ્રમાણે લગન કરવા છે અને તેથી મારે એની સાથે રમત કરવી છે, એ વખતે લગન નથી-પ્રસંગ નથી અને જ્યારે પ્રસંગ આવ્યો ત્યારે ઓલી ઈચ્છાનો કાળ વયો ગયો. વળી પાછી બીજી ઈચ્છા થશે. આહા..હા..! જુઓ તો ખરા! તીર્થંકરો ત્રણ જ્ઞાનના ધણી, ક્ષાયિકસમકિતી કેટલાક તો, કોઈને ક્ષયોપશમ હોય. હવે એ છન્નું હજારી સ્ત્રી પરણે તો કહે છે કે ઈચ્છા નથી એને ભોગવવાની. આહા..હા..! વચ્ચે રાગ આવી જાય છે એને ઈચ્છતો નથી, રાગનો સ્વામી થતો નથી. એની ભાવના તો સ્વભાવસન્મુખ ગઈ છે. આહા..હા..!

**શ્રોતા :-** અજ્ઞાનીની વાત નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાનીની વાત અત્યારે છે. અજ્ઞાની ઈચ્છે છે તો અજ્ઞાની છે એમ કહે છે. બેય સાથે આવી ગઈને વાત? કે જે ભોગવવાની ભાવના કરે છે તે વખતે ભોગવવાનો કાળ નથી વસ્તુનો, એ નિરર્થક અજ્ઞાની મૂઢ છે એમ કહે છે. આહા..હા..! ભારે વાત, ભાઈ!

**'તે વિનાશ પામી જતાં, વેદકભાવ શું વેદે?'** એટલે? ઈચ્છા જે કારણ હતું એ તો ગઈ. હવે વેદકભાવ એને શી રીતે વેદે? એને જે ઈચ્છેલો સ્વભાવ એ અહીં ક્યાં છે? સમજાણું કાંઈ? આહા..હા..! આ તો એની મેળે ઝટ સમજાય એવું નથી. લાદી-બાદીમાં રહેવું ને એમાં... આહા..હા..! અરેરે..! આવું માણસપણું તત્ત્વની દૃષ્ટિ ન કરે તો એળે જાશે. ઈયળના અવતાર એળે ગયા એમ આનો એળે જાશે. આહા..હા..! માણસને પક્ષ થઈ જાય છેને, એને પછી સિદ્ધ કરવા શાસ્ત્રમાં ગોતી-ગોતીને વાતું કાઢે. પણ શાસ્ત્રમાં કઈ નયે કહ્યું છે?

**શ્રોતા :-** મેળ બેસાડવો મુશ્કેલ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મેળ બેસાડવા જાય પણ ઊંધી રીતે કેમ બેસે, બાપુ? આહા..હા..!

**'તે વિનાશ પામી જતાં,...'** શું તે વિનાશ પામી જતા એટલે? જેની ઈચ્છા કરી હતી તે ઈચ્છા તો ચાલી ગઈ. જેની. અને જે આવ્યું એની ઈચ્છા કરી હતી એ તો છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પણ દાખલો આપો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ દાખલો તો કીધોને સ્ત્રીનો કીધો કે આ ફલાણી સ્ત્રી છે એની સાથે મારે લગન કરવું છે લ્યો, એ ઈચ્છા થઈ. ઈચ્છા વખતે લગન છે નહિ અને લગનનો પ્રસંગ આવ્યો ત્યારે ઓલી ઈચ્છા હતી એ તો છે નહિ ત્યાં. આહા..હા..!

**શ્રોતા :–** મેળવવાની ઇચ્છા પૂરી થઈ ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ગઈ. મેળવવાની જે વૃત્તિ હતી એ વેદક વખતે તો છે નહિ. સમજાણું કાંઈ? વેદ્ય છે એ વેદાણું નથી. વેદકપણે જે વેદાણું છે એ તો એ વખતનો કાળ બીજો છે. વેદ્ય એટલે ઇચ્છા થઈ છે કે આને ભોગવવું છે, એ વેદ્યનું વેદક તો થયું નહિ. આહા..હા..!

**શ્રોતા :–** કાળ ભેદ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** માટે કહે છે કે એ વસ્તુ જૂઠ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે. આહા..હા..! અજ્ઞાની ઇચ્છે છે તે વખતે જે પદાર્થને ઇચ્છે છે તે પદાર્થ નથી. જો પદાર્થ હોય તો ઇચ્છે ક્યાંથી? અને જે પદાર્થ આવ્યો ત્યારે ઓલી જે ઇચ્છાનો કાળ હતો કે 'આને વેદું' એ ઇચ્છા તો રહેતી નથી, એ વખતે તો બીજી ઇચ્છા થઈ જાય છે. આહા..હા..! આહા..હા..! ભોગવતા વખતે પણ ઇચ્છા ફરી જાય છે. પહેલાં ધાર્યું હતું કે આ રીતે મારે ભોગવવું છે, ભોગવતા વખતે બીજી રીતે ભોગવું એવી વૃત્તિ થઈ ગઈ પાછી. સમજાણું કાંઈ આમાં? આહા..હા..! એ મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધું છે. મોક્ષમાર્ગપ્રકાશક છેને. એણે બહુ ખુલાસો કર્યો છે. આહા..હા..!

કારણ કે એ ચીજને ભોગવવા કાળે પણ જે પહેલી ઇચ્છા હતી કે આ રીતે મારે ભોગવવું આની સાથે, ત્યારે એ વખતે બીજી રીતે ભોગવવાનું મન થઈ ગયું. ઇચ્છા બીજી આવી ગઈ. આહા..હા..! એવું છે. એક શિયાળાનો કાળ છેને એને મસાલો શું કહેવાય બધો? એનું કાટલું કે લાડવો. આ સાલમપાક લ્યો, સાલમપાક, અડદિયો. અડદિયો ખાવાની ઇચ્છા થઈ. અડદિયો સમજો છો? નથી સમજતા? અડદના લાડુ બનાવે છે સાકર નાખીને. મેસુબ લ્યો. મેસુબ સમજો છો? એક શેર લોટ અને ચાર શેર ઘી અને એક શેર લોટ ચણાનો. શું કહે છે આટાને? હા એ આટા–લોટ. એક શેર ઘઉંના લોટમાં ચાર શેર ઘી. એને શક્કરપારા કહે છે. આ તો બધો અનુભવ થઈ ગયો છેને, બધું ખ્યાલમાં છે. ૮૧માં અમારે ગઢડામાં શક્કરપારા કર્યો હતો. ખાતા નથી પણ જોયું તો હોયને. શક્કર–ફક્કર અહીં કોણ ખાય છે? પણ એક શેર ઘઉંનો લોટ, એમાં ચાર શેર ઘી અને સાકર. તો એને શક્કરપારા કહે છે, શક્કરપારા. શક્કર. એ ઇચ્છા થઈ કે શક્કરપારો હોય તો ઠીક, એ વખતે શક્કરપારો છે નહિ અને શક્કરપારા આવે ત્યારે ઓલી ઇચ્છાનો કાળ (હતો કે) 'આને ખાઉં' એવી ઇચ્છા રહી નથી. એ વખતે નવી ઇચ્છા થઈ જાય છે. અરે..! આહા..હા..!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભિન્ન-ભિન્ન. એમ દરેક પદાર્થની વાત લેવી. સમજાય છે કાંઈ? આહા..હા..! ઘણા પ્રકાર વર્ણવ્યા છે આ શાસ્ત્રએ તો ભાઈ.

કોઈપણ પદાર્થને ભોગવવાની ઇચ્છાનો કાળ (છે) ત્યારે એ ચીજ છે નહિ. વેદક તો છે નહિ ત્યાં અને વેદકકાળ જ્યારે ભોગવવાનો આવ્યો ત્યારે આ ઇચ્છાથી 'આને વેદું' એ ઇચ્છા રહેતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? માટે જ્ઞાનીને વિભાવભાવનું ઇચ્છાપણું છે નહિ. વેદ્યવેદક નથી એમ કહે છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! તે વિનાશ થતાં વેદકભાવ શું વેદે? શું કીધું ઈ?

વેદકભાવ આવ્યો અને વેદવાનો જે ભાવ હતો કે આને વેદું, એ તો ભાવ વયો ગયો. એ વેદકભાવ કોને વેદે? સમજાણું કાંઈ? આહા..હા..!

સમયસાર તો ગજબ કામ છે! હવે તો સમયસાર અન્યમતિઓ પણ વાતું કરવા માંડ્યા છે હોં. હમણા એક લેખ આવ્યો મોટો, કોક અન્યમતિનો જૈનનો. સમયસાર. અહીં છપાય છેને, જિનસંદેશ શ્વેતાંબરમાં છપાય છે. જિન સંદેશ. જૈનસંદેશ એ આપણે કૈલાસચંદજીનું. આ તો જિનસંદેશ અહીં છપાય છે હમણાં. એમાં કો'કનો લેખ બાઈનો હતો કો'કનો. સમયસાર. પણ એ જરી વેદાંતની લાઈનવાળી હશે એવું લાગે છે. સમયસાર એક ગ્રંથ બસ. આહા..હા..! અને એવું એમ કે લખાણ ઉપનિષદમાં છે. ઉપનિષદમાં કે દિ' હતું? આહા..હા..! આ બધા નિશ્ચયમાં જાય છેને ત્યારે વેદાંતમાં ચાલ્યા જાય છે પાછા. ધૂળેય નથી ત્યાં. સર્વજ્ઞ પરમેશ્વરે જે કહ્યો નિશ્ચયભાવ એવો ભાવ અને એ વસ્તુસ્થિતિ ક્યાંય છે જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**જો એમ કહેવામાં આવે...**' હવે સામાની દલીલ છે '**કે વેદકભાવની પછી ઉત્પન્ન થતો બીજો વેદકભાવ તેને વેદે છે,...**' જે ઈચ્છા કરી હતી કે આ પદાર્થને આ રીતે મારે ભોગવવો, એ ઈચ્છા ગઈ અને વેદકભાવ વખતે ઈચ્છા રહી નહિ, તો વેદકભાવની ઈચ્છા હતી તે તો વેદાણું નહિ. ત્યારે કહે કે બીજી ઈચ્છા થાય. છે? બીજા વેદ્યભાવને વેદે. પણ બીજા ભાવને વેદે તો એ ઈચ્છા જાય છે. આહા..હા..! '**(ત્યાં એમ છે કે) તે બીજો વેદકભાવ ઉત્પન્ન થયા પહેલાં જ તે વેદ્યભાવ વિણસી જાય છે;...**' આહા..હા..! શું કહે છે એ? ઈચ્છા થઈ બીજી એ પહેલાં ઓલો વેદકનો અનુભવનો કાળ હતો ભોગવવાનો એ કાળ વયો જાય છે. ભોગવવાનો કાળ વયો જાય છે. પહેલાં ઓલો ભોગવવાની ઈચ્છાનો કાળ જાય છે, ત્યારે વેદકભાવ હોતો નથી, હવે બીજી ઈચ્છા કરે ને થાય. પણ બીજી કરે ત્યારે ઓલો વેદકનો ભાવ છે નહિ, જે અનુભવવાનો ભાવ એ તો છે નહિ ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે બીજો વેદકભાવ ઉત્પન્ન થયા પહેલાં જ તે વેદ્યભાવ વિણસી જાય છે; પછી તે બીજા વેદકભાવને શું વેદે?**' આહા..હા..! જેને અંતર આનંદની અનુભૂતિ છે એમ કહે છે, એનું જેને વેદ્યવેદક છે સહેજે એને વિભાવના વેદ્યવેદકભાવની ઈચ્છા હોતી નથી. આહા..હા..! બહુ વાત સૂક્ષ્મ છે, સત્યાર્થ છે, ભૂતાર્થ છે. આહા..હા..! બાપુ! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કોઈ અલૌકિક ચીજ છે. સમજાણું કાંઈ? એ વિના બધા વ્રત ને તપ ને બધા બાળવ્રત ને બાળતપ છે. આહા..હા..! ત્યાં તો વેદ્યવેદકભાવ ઊભો છે. મેળ ખાય નહિ તોપણ ઊભો છે ન્યાં કહે છે અને અહીં મેળ ખાતો નથી માટે એ ભાવ આવતો નથી. આહા..હા..! વેદકભાવ નાશ પામે પછી તે બીજા વેદ્યભાવને કોણ વેદે? બીજો વેદ્યભાવ આવ્યો કાંક્ષા એ પહેલાં ઓલો વેદક જે અનુભવવાનો કાળ હતો એ તો વયો ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? બચુભાઈ! મનસુખભાઈ! આહા..હા..! કામાણી! આ બધું નવું છે. તમારે કલકત્તામાં (કાંઈ ન મળે). તમારા છોકરા તો ક્યાંકના ક્યાંક ભરાઈ ગયા. ભાઈના છોકરા ને ભત્રીજાના છોકરા છે એના ઘરે. નહિ? પૂનમચંદ ને બધા ક્યાંકના ક્યાંક ભરાઈ ગયા.

આવો વીતરાગમાર્ગ બહુ ઊજળો. આહા..હા..! ક્યાંય છે નહિ ક્યાંય. શ્વેતાંબરમાં નથી તો વળી બીજે ક્યાંથી આવ્યો? આહા..હા..! કેટલી છણવટ કરી છે! આહા..હા..!

ધર્મી એને કહીએ કે જેને ધર્મનો સ્વભાવ પ્રગટ્યો છે, સ્વભાવભાવ જેને પ્રગટ્યો છે તેથી તેની દૃષ્ટિ સ્વભાવ ઉપર છે. આહા..હા..! એ સ્વભાવને વેદનારો એ વિભાવ ક્ષણિક છે તેને વેદવાની કાંક્ષા કેમ થાય એને? આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે એને કાંક્ષમાણ વખતે જેને વેદવાનો ભાવ થયો એ વસ્તુ નથી અને વસ્તુ આવી વેદકભાવ ત્યારે ઓલી ઇચ્છા નથી, ત્યારે બીજો વેદ્યભાવ. પણ બીજો વેદ્યભાવ આવે ત્યારે વેદકભાવ જે વેદકભાવ ભોગવતો હતો એ કાળ રહેતો નથી. સમજાણું કાંઈ? આવું છે. આવું ધર્મનું સ્વરૂપ હવે.

**શ્રોતા :-** વ્યર્થ ઇચ્છા કરવી નિરર્થક છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિરર્થક છે. અજ્ઞાની કરે છે. આહા..હા..!

'**જો એમ કહેવામાં આવે કે વેદકભાવની પછી ઉત્પન્ન થતો બીજો વેદકભાવ તેને વેદે છે,...**' આહા..હા..! '**તો (ત્યાં એમ છે કે) તે બીજો વેદકભાવ ઉત્પન્ન થયા પહેલાં જ તે વેદ્યભાવ વિણસી જાય છે;...**' આહા..હા..! બીજી ઇચ્છા થઈ વેદ્યની કે આ વસ્તુને વેદવું એવું. ત્યારે ઓલો વેદક જે ભાવ આવે ત્યારે ઓલાનો નાશ થઈ જાય છે અને વેદકભાવ જ્યારે આવ્યો ત્યારે જેની ઇચ્છા થઈ હતી એ વાત તો રહેતી નથી. આહા..હા..! ક્યાંય મેળ ખાતો નથી. આહા..હા..! ધીમે ધીમે કહેવાય છે. પરમેશ્વર જિનવરદેવે જે કહ્યું તે સ્વરૂપ આ છે. એ સંતો જગત પાસે જાહેર કરે છે કે બાપુ! માર્ગ આ છે. ભાઈ! તારા માર્ગના હિતનો પંથ આ છે. આહા..હા..!

'**તે બીજો વેદકભાવ ઉત્પન્ન થયા પહેલાં જ તે વેદ્યભાવ વિણસી જાય છે; પછી તે બીજો વેદકભાવ શું વેદે?**' એટલે કે જ્યારે વેદ્યની ઇચ્છા થઈ બીજી તે વખતે ઓલો વેદકભાવ જે પહેલોં હતો એ જાય છે અને એ વખતે ઇચ્છા થઈ ત્યારે હજી ઓલો વેદકભાવ જે વેદવું છે એ કાળ નથી. આહા..હા..! અને વેદકભાવ જ્યારે આવ્યો એનો ત્યારે એને વેદવાનો ભાવ રહેતો નથી. આવું અટપટું છે. શું શૈલી! શું શૈલી! જેને નિત્યની દૃષ્ટિ થઈ છે એમ કહે છે, એને વિભાવના અનિત્યની ઇચ્છા હોતી નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે કહે છે, એને ઇચ્છા થાય છેને. એ તો થઈ જાય છે. ઇચ્છતો નથી ઇચ્છાને પણ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પછી તે બીજો વેદકભાવ શું વેદે? આ રીતે કાંક્ષમાણ ભાવના વેદનની અનવસ્થા છે.**' ઇચ્છાયેલા ભાવને વેદવું તેનો મેળ ખાતો નથી. અનવસ્થા છે. '**તે અનવસ્થાને જાણતો જ્ઞાની...**' આહા..હા..! '**કાંઈ પણ વાંછતો નથી.**' ભાષા જોઈ! '**કાંઈ પણ વાંછતો નથી.**' લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, પરિવાર, આબરૂ. આહા..હા..! શાંતિભાઈ! એવી વાત છે, ઝીણી છે. આહા..હા..! ભાષા જોઈ! '**ज्ञानी न किञ्चिदेव कांक्षति**' છે? જ્ઞાની કાંઈ પણ વાંછતો નથી. '**किञ्चिदेव**' '**एव**' છેને. નિશ્ચયથી. આહા..હા..! '**एव**' શબ્દ છે અંદર. છેને? '**एव**' સંસ્કૃત. '**तां च विजानन्**' આ રીતે જાણતો જ્ઞાની. આહા..હા..! '**न किञ्चिदेव कांक्षति**' '**किञ्चित**' જરા પણ કાંઈ ઇચ્છતો નથી.

આહા..હા..! છે જરી ઝીણું, પણ હવે પકડાય એવું છે. સમજાણું કાંઈ?

ભાવાર્થમાં પાછું એ નાખ્યું. વેદકભાવ અને વેદ્ય. પાઠ છેને એવો. અને ટીકામાં વેદ્ય ને વેદક નાખ્યું. પહેલું વેદ્ય અને પછી વેદક. એ તો એમ જ હોય છેને, પહેલું વેદ્ય હોય અને વેદક પછી હોય એટલે ટીકામાં એ મેળ નાખ્યું. ભાવાર્થમાં '**વેદકભાવ અને વેદ્યભાવને કાળભેદ છે.**' આહા..હા..! અનુભવવાના કાળને અને ઇચ્છાના ભાવને કાળભેદ છે. આહા..હા..! હળવે-હળવે તો કહેવાણું છે, બાપુ! ઝીણું પડે પણ હળવે-હળવે વિચારવું. રાતે પૂછવું ન બેસે તો થોડું.

**શ્રોતા :–** અત્યારે ન સમજાય તો રાત્રે,..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કો'ક વળી ન પકડાણું હોય. આહા..હા..! આવી વાત પણ સાંભળવા ન મળે, એ નિત્યના સ્વભાવમાં ક્યાં જાય? અને કાંક્ષા ક્યાં ન રહે? આહા..હા..! કરવાનું તો આ છે. એ કર્યું નહિ ને બીજી વાતું કરી બધી. આહા..હા..! ઓલામાં આવે છેને મોક્ષમાર્ગ (પ્રકાશકમાં) કે કાળ આવ્યો સમજવાનું નિશ્ચયનો અને વ્યવહારમાં કાળ વયો ગયો એનો. રાગની મંદતામાં પ્રયત્ન કરી વ્યવહારમાં વયો ગયો, હવે નિશ્ચય કરવાનો કાળ આવ્યો નહિ એને વયો ગયો. આહા..હા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં છે. સમજાણું? આ રાગની મંદતામાં દયા, દાન, વ્રતમાં લપટ્યો અને એમાં ને એમાં મશગુલ રહી ગયો. આહા..હા..! એના સ્વભાવસન્મુખની દૃષ્ટિમાં શું હોય? એનો એણે વિચાર અને નિર્ણય ન કર્યો. આહા..હા..! સમજાણું કાંઈ? અને વ્યવહારની કષાયની મંદતામાં કાળ ગયો બધો.

ભાઈએ લખ્યું છેને. આત્મધર્મમાં આવ્યું છે હિન્દીમાં. હિન્દી આત્મધર્મ આવ્યું છે? આવી ગયું? આહા..હા..! જયપુરનું. એમાં રાજમલનો દાખલો આપ્યો છે. ટોડરમલ વખતે રાજમલ થઈ ગયા છે પંડિત. એણે એમ લખ્યું છે એમાં કે દયા, દાન, વ્રતાદિના પરિણામ છે એ પર તરફના વલણવાળા (છે) માટે કષાય મંદ છે, મંદ કષાય છે. એથી (આગળ) લ્યો તો દ્રવ્ય, ગુણ અને પર્યાયનું અંદર ચિંતવન એ પણ ભેદવાળો કષાયભાવ છે. આહા..હા..! હવે એ અકષાયભાવ એ કષાયભાવને આશ્રયે ન પ્રગટે. ચાર બોલ લીધા છે, નહિ? નવલચંદભાઈ! ચાર બોલ લીધા છે. પર અપેક્ષાના ચાર બોલ. મંદ કષાયના પ્રકાર સૂક્ષ્મ લેતા.. લેતા.. ઠેઠ 'જ્ઞાયકભાવ છું' એવો પણ જે વિકલ્પ ઉઠ્યો છે કષાયની મંદતામાં, પણ અકષાય થયો નહિ. આહા..હા..! જે સ્વભાવભાવ અકષાયભાવ છે ધ્રુવ, એ વિકલ્પના આશ્રયમાં થયો નહિ. સમજાણું કાંઈ?

હવે એણે તો ત્યાં સુધી બહુ સૂક્ષ્મ લીધું છે. 'જ્ઞાયકભાવ છું' એવો પણ વિકલ્પ છે અંદર ત્યાં સુધી એને સ્વનો આશ્રય નથી અને સ્વના આશ્રય વિના વીતરાગતા અને સમ્યગ્દર્શન થતું નથી. હવે આ વાત અહીં કરી કહો. ટોડરમલમાં પણ એ ખુલાસો છે, પણ કેમ આ માનતા નહિ હોય પંડિત? એ બહુ માનતા ન હોય વીસપંથીઓ. એણે તો ઉડાડ્યું છે તે દિ' નહિ? લલિતપુરમાં. ટોડરમલ અને બનારસીદાસ અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે. અરે..! પ્રભુ! શું કરે છે તું, ભાઈ! તારી દૃષ્ટિને મેળ ન ખાય માટે ઉડાવી દે છે તું? લલિતપુર. ત્યાં હતાને? આને માર્યા હતાને દેરાસરમાં. ખરેખર તો એવા પ્રસંગમાં બોલવું ન જોઈએ અને જવું ન જોઈએ. એમાં લાભનું તો કારણ નથી ને જઈને શું તોફાન કરે? ખરેખર

તો એમ છે. આહા..હા..! ઉક્કેરણી કરી હતી. ત્યાં સુધી આવ્યું હતું છાપામાં પણ કાંઈ...

અહીં કહે છે કે.. આહા..હા..! '**જ્યારે વેદકભાવ હોય છે ત્યારે વેદ્યભાવ હોતો નથી...**' ભાવાર્થ હોં! '**અને જ્યારે વેદ્યભાવ હોય છે ત્યારે વેદકભાવ હોતો નથી. જ્યારે વેદકભાવ આવે છે ત્યારે વેદ્યભાવ વિણસી ગયો હોય છે; પછી વેદકભાવ કોને વેદે? અને જ્યારે વેદ્યભાવ આવે છે ત્યારે વેદકભાવ વિણસી ગયો હોય છે;...**' આહા..હા..! '**પછી વેદકભાવ વિના વેદ્યને કોણ વેદે?** ' અનુભવવાના કાળ વિના વેદ્યને કોણ વેદે? આહા..હા..! '**આવી અવ્યવસ્થા જાણીને...**' જોયું! '**જ્ઞાની પોતે જાણનાર જ રહે છે,...**' આહા..હા..! આ સિદ્ધાંત સિદ્ધ કર્યો. જાણનાર રહે છે. આહા..હા..! છેને? '**અહીં પ્રશ્ન થાય છે...**' અહીં પ્રશ્ન શિષ્યનો છે લ્યો. પછી થશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ વદ-૭, બુધવાર, તા. ૧૨-૦૧-૧૯૭૭, ગાથા-૨૧૬, પ્રવચન નં. ૨૯૦

સમયસાર, ૨૧૬ ગાથા, ભાવાર્થ. ટીકા થઈ ગઈ છે.

**શ્રોતા :-** સ્પષ્ટતામાં બરાબર સમજાણું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે છેને નીચે. સ્પષ્ટમાં આવે છે બધું. સ્પષ્ટતા થઈ ગઈ છે ખૂબ કાલે. છતાં ભાવાર્થમાં આવે છે.

'**ભાવાર્થ :- વેદકભાવ અને વેદ્યભાવમાં કાળભેદ છે.**' શું કહે છે? વેદક એટલે વેદવાયોગ્યનો કાળ. પરપદાર્થના લક્ષથી વેદવું એનો કાળ એ વેદક પહેલું. અને વેદ્ય વાંછા કરવાલાયકનો કાળ કે 'આને હું ભોગવું' એવી ઈચ્છા—એ બેને કાળભેદ છે. વાત સમજાય છે કે નહિ? સામગ્રી કોઈપણ સ્ત્રી, કુટુંબ, પૈસા, મકાન એની વાંછા થવી એ વખતે એ વસ્તુ હોતી નથી.

**શ્રોતા :-** હોય તો વાંછા શું કામ કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોય તો વાંછા શેની કરે? પોપટભાઈ! આ બધા તમારા પૈસાવાળાને સમજવા જેવું છે બધું. આ તો દૃષ્ટાંત. બધાને સમજવાની (વાત છે).

**શ્રોતા :-** એ તો સૌને લાગુ પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સૌને. શેઠ આવ્યા નથી? આવે છે.

પહેલી લીટી આ. જ્ઞાનીને વેદ્યવેદકભાવ હોતો નથી. કેમ? કે એની દૃષ્ટિ ધ્રુવ સ્વભાવ ઉપર પડી છે એટલે નાશવાન વિકારભાવની વાંછા અને વેદનનો ભાવ એને હોતો નથી. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ

છે, છન્નું હજાર સ્ત્રી હોય, છતાં કહે છે કે એને વેદ્યવેદકભાવ નથી વિભાવભાવ. આહા..હા..! કેમકે સ્વભાવભાવની દૃષ્ટિમાં ધર્મીની સ્વભાવદૃષ્ટિ હોય છે, સ્વભાવની એકાગ્રતાનું વેદ્યવેદક (હોય છે). વેદવાયોગ્ય પણ પોતે અને વેદવાનો ભાવ પણ પોતે. સમજાય છે કાંઈ? આ વેદ્યવેદક છે એ વિભાવની વાત છે. આહા..હા..!

સ્વરૂપ જ્યાં આનંદસ્વરૂપ ભગવાન એનો જ્યાં સ્પર્શ થયો. સ્પર્શ થયોનો અર્થ? એ તરફ જુકાવ થયો. ખરેખર કાંઈ પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. સમજાય છે કાંઈ? પર્યાય પર્યાયમાં રહી અને દ્રવ્યનું શ્રદ્ધા ને જ્ઞાન કરે છે, દ્રવ્યમાં ભળીને કરતી નથી અને દ્રવ્ય પોતે પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. પર્યાયમાં દ્રવ્ય સંબંધીનું સામર્થ્યનું જ્ઞાન, એની શ્રદ્ધાનું જ્ઞાન, શ્રદ્ધા આવે છે. આહા..હા..! એથી ધર્મી જીવને સુબુદ્ધિ જીવને. એમાં આવશે વિદ્વાન શબ્દ. કળશમાં આવશે વિદ્વાન. વિદ્વાન એટલે જ્ઞાની, એમ. એને વિદ્વાન કહીએ. આહા..હા..! કળશ કળશ પછી છેને. સમજાણું કાંઈ? આહા..હા..! વિદ્વાન એને કહીએ કે જ્ઞાની એને કહીએ કે ધર્મી એને કહીએ. બધું ત્રણે એક છે. વિદ્વાન એટલે કોઈ શાસ્ત્રનો જાણનાર એ વિદ્વાન એમ નહિ અહીં. આહા..હા..! પોતાના સ્વરૂપના આનંદનું જેને જ્ઞાન, શ્રદ્ધા અને જ્યાં એનું વેદન છે... આહા..હા..! એને અહીંયાં વિદ્વાન અથવા જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે કે જ્ઞાનીને વાંછા કે 'આને હું ભોગવું' એવી વાંછા જ હોતી નથી. એથી વાંછાનો કાળ અને એ વાંછયું છે તે ભોગની સામગ્રીને ભોગવવાનો કાળ (એમાં) કાળભેદ છે. એવા કાળભેદની વાંછા અને ભોગવવાનો ભાવ જ્ઞાનીને હોતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! ઈશ્વરચંદજી! તમારા પ્રેમચંદજી એક લખાણ લખતા હતા. લખાણ આવ્યું છે. અકિંચિત્કર લખ્યું છે. નિમિત્ત અકિંચિત્કર છે એમ લખ્યું છે. બરાબર લખ્યું છે. ... ત્યાં. પણ આમાં નિમિત્તનો આજ લેખ આવ્યો છે મોટો. એ કાંઈ ઠેકાણું નહિ. પેટ્રોલનો દાખલો આપ્યો છે કે આ લોકો પેટ્રોલથી મોટર ચાલે નહિ એ વાત ભલે શાસ્ત્રમાં ન નીકળે, પણ ન્યાય નીકળે છે કે નહિ? પેટ્રોલથી મોટર ચાલે નહિ. કારણ કે પેટ્રોલ ભિન્ન ચીજ છે, પેટ્રોલ અને પરમાણુની ગતિ ભિન્ન ચીજ છે. એટલે ભિન્ન ચીજથી કાર્ય કરે (એમ નથી). નિમિત્ત હો, પણ કાર્ય કરે એમ નહિ. બહુ સારુ લખ્યું છે સારું. આ વાંચ્યું છેને. અહીં વાંચ્યું હોયને. ઠીક હવે એટલું જરી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરતુ નથી. કરે તો, પરનું કાર્ય કરે તો નિમિત્ત રહેતું નથી. એ તો અકિંચિત્કર છે, કોનું કાર્ય કરે? આહા..હા..! સમજાય છે કાંઈ? એક બ્રહ્મચારી બેઠો હતો મોટરમાં. એ એને કહે, જુઓ સોનગઢવાળા કહે છે કે પેટ્રોલ વિના મોટર ચાલે છે. આ પેટ્રોલથી ચાલે છે. પેટ્રોલ ન હોય તો ન ચાલે.

**શ્રોતા :–** ઈન્દોરની પેટ્રોલથી ચાલે, સોનગઢની ન ચાલે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સોનગઢની ન ચાલે. અરે..! ભગવાન! રજકણની, દરેક રજકણના સ્કંધની, સ્કંધમાં જે રજકણ છે તેનો પર્યાય તે કાળે, સ્વકાળે પોતાથી થાય છે. આહા..હા..! એ પેટ્રોલથી થતો નથી. આવી વાત હવે. દાખલો આવો નહોતોને એટલે એણે નાખ્યું છે. ભલે આવો દાખલો ન મળે, પણ તત્ત્વ તો એમ છેને. વાત તો (સાચી છે). પ્રભુ, પણ સમજાવવા દાખલો એવો અપાય. અગ્નિથી

પાણી ઊનું થતું નથી. અગ્નિ ભિન્ન ચીજ, પાણી ભિન્ન ચીજ. અગ્નિથી પાણી ઊનું કેમ થાય? આહા..હા..! દરેક દ્રવ્યનો સ્વકાળે સ્વતંત્રપણે કર્તા થઈને પર્યાય કરે. ધર્માસ્તિકાયવત્ નાખ્યું છે. ધર્માસ્તિકાયવત્ છેને નિમિત્ત? શેઠ! સનાવતમાં એક માસ્તર છે એણે આ લેખ લખ્યો છે. છે આમ વિરુદ્ધનો પહેલોં. પહેલાં વિરુદ્ધ હતો પણ આ લેખ બરાબર છે. આ ફેરે અક્ષરેઅક્ષર સત્ય છે એનું. ત્યાં રહે એ .. શું કહે છે? ... એ જુદી વસ્તુ. ... આ તો પરમ સત્ય છે. આહા..હા..!

અહીંયાં એ કહે છે કે '**જ્યારે વેદકભાવ હોય છે...**' સામગ્રીને ભોગવવાનો કાળ હોય છે '**ત્યારે વેદ્યભાવ હોતો નથી...**' ત્યારે તેની વાંછાનો કાળ એ વખતે હોતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! '**અને જ્યારે વેદ્યભાવ હોય છે ત્યારે વેદકભાવ હોતો નથી.**' ઈચ્છાના કાળે અનુભવનો કાળ હોતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સાધારણ ઈચ્છાની વૃત્તિ. જેમ નેમિનાથ ભગવાન. લગ્નની હા પાડી. સમજાય છે? સમકિતી હતા. વાંછા આને લઉં અને આને ભોગવું એમ નહિ. સમજાય છે કાંઈ? નેમિનાથ ભગવાન ... કરતાં હતા. બે બાઈ હતી કૃષ્ણ ... સ્નાન કરતાં-કરતાં. ન્હાયા, સ્નાન કર્યું. કપડું ભીનું અડ્યું ને ૠક્ષ્મણીને કહ્યું, કપડું ધોઈ નાખ. કપડા-કપડા ધોઈ નાખ. નેમિનાથ ભગવાન કહે છે. ૠક્ષ્મણી કહે છે, અમે કાંઈ તમારી સ્ત્રી નથી કે તમે હુકમ કરો અને કપડું ધોઈ નાખીએ. પરણોને એવું હોય તો. આહા..હા..! એમ કરતા વાતચીત કરતા.. કરતા બહુ પરણવાનું કહ્યું. ૐ એમ કહ્યું. હા એમ નહિ, ૐ એટલે એનો સ્વીકાર ... વાંછા અને વેદકભાવ એમ નથી. સમજાણું કાંઈ? અને જ્યારે લગ્ન કરવા ગયા અને જ્યાં પશુને જોયા કે આ શું? મારા પ્રસંગથી આ વધ પ્રાણીઓના! એ વૃત્તિ ઈચ્છા હતી એ વાંછામાં અને ભોગમાં એ નહોતી. આહા..હા..! વિભાવભાવને કરું અને ભોગવું એ નહોતું. પણ એને વૃત્તિ થઈ બહુ કહ્યું એટલે ૐ લગન કરવા ગયા. સારથી.. રથ પાછો ફર્યો. એ વૃત્તિ હતી, વાંછા અને વેદકભાવ એ નહોતો. સમજાય છે કાંઈ આમાં? દેવીલાલજી! આહા..હા..! વૈરાગ્ય થઈ ગયો એકદમ. ... કેટલાય વર્ષ રહ્યા. એ કાંઈ તરત જ ચારિત્રપદ આવે છે એવું છે કાંઈ? તીર્થંકર જેવાને પણ સમકિતમાં ૮૩ લાખ પૂર્વ સુધી ૠષભદેવ ભગવાને ગાળ્યા. મહાવીર ભગવાને ૩૦ વર્ષ ગાળ્યા, પછી બાર વર્ષ દીક્ષા, ૩૦ વર્ષ કેવળજ્ઞાન. ૭૨ વર્ષ. માણસ તો એવું કહે છે કે સમ્યગ્દર્શન જો હોય તો એણે ચારિત્ર અને ત્યાગમાર્ગને ગ્રહણ કરવો જોઈએ. પણ ક્યો ત્યાગ? રાગના ત્યાગનો માર્ગ તો અંદર છે. હવે અસ્થિરતાના ત્યાગનો માર્ગ એ તો અંદર સ્થિરતાનો પ્રયત્ન કરે અને એ પુરુષાર્થનો કાળ હોય ત્યારે આવે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ભાવ નેમિનાથ ભગવાનને લાગુ ન પડે. સમજાય છે કાંઈ? આ તો ન્યાયમાં... આહા..હા..!

જે વૃત્તિ આવી તેના પણ જ્ઞાની તો જ્ઞાતા છે. હા પાડી વૃત્તિ ઉપર લગનની તો એ વૃત્તિના તો જ્ઞાતા જ છે. આહા..હા..! આ છે એ તો વાંછા છે અજ્ઞાનીને અને અજ્ઞાનીને વાંછા થઈ તે કાળે ભોગવવાની સામગ્રી નથી અને ભોગવવાની સામગ્રી આવી ત્યારે તે જાતની ઈચ્છા જે હતી એવી જાતની ઈચ્છા તો રહી નહિ ત્યાં. સમજાણું કાંઈ? એવા વિભાવભાવ ક્ષણિક અને કાળભેદ હોવાથી જ્ઞાની તેને વાંછાને ભોગવતા નથી. આહા..હા..! આવી વાતું! માર્ગ એવો છે, બાપુ!

દીપચંદજીએ કહ્યું હતુંને ભાઈ! ભાવદીપિકા. શાંતિભાઈ બોલ્યા? ભાવદીપિકા. અત્યારે આગમ પ્રમાણે જે સમ્યક્ શ્રદ્ધા જોઈએ તે મને દેખાતી નથી. લખી ગયા છે. કોઈ વક્તા દેખાતો નથી કે સમ્યગ્દર્શન આમ થાય અને આમ હોય એ પણ દેખાતું નથી. બે વાત. ત્રીજી, જો સમ્યગ્દર્શનમાં નિશ્ચયની વાત કરવા જાઉં તો સીધા મોઢે સાંભળતા નથી. ચોથી વાત, તેથી આ હું લખી જાઉં છું કે માર્ગ આ છે, બાપા! ...ભાઈ! લેખ છે આપણે અહીં.

**શ્રોતા :–** ... આજે સારો કાળ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમાં કેટલોક કાળ અત્યારે, એનું કારણ કે એ જરી ફેર છે થોડો. જીવ અમુક જાતનો છેને આ તો. એ જાતનો પુણ્યનો યોગ હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ બિચારા એમ બોલ્યા. એ કેટલા અઢીસો વર્ષ પહેલાં. અત્યારે તો લોકો ના પાડે, વિરોધ કરે. પણ સમ્યગ્દર્શન શું છે એની વાત પહેલી તો નિર્ણય કર અનુભવથી. આહા..હા..!

'**जदि दाएज्ज पम्माणं**' ત્રીજું પદ આવે છેને. આહા..હા..! '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण**' ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, '**तं एयत्त**' સ્વભાવની એકતા અને રાગની વિભક્તતા. આહા..હા..! એ વાત હું તને કહીશ. '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण** ' મારા નિજ વૈભવથી કહીશ. ભગવાને કીધું કહીશ એમ નહિ. આહા..હા..! '**जदि दाएज्ज**' જો દેખાડું (તો) પ્રમાણ કરજે અનુભવથી હોં! હા પાડજે એમ નહિ. છેને? આહા..હા..! દિગંબર સંતોની (વાણી) એમાં કુંદકુંદાચાર્ય આહા..! .. કુંદકુંદાચાર્યને જો માનવા જશો તો બીજા આચાર્યોનું બલિદાન થશે. .. બાપુ! આહા..હા..! બીજાની વાણી છે, બીજાની વાણી મુનિની પણ સત્યાર્થ છે, પણ આની વાણીમાં ગંભીરતા અને સ્પષ્ટતા ઘણી છે. થોડે શબ્દે ગંભીરતા ઘણી છે. સમજાય છે કાંઈ?

એ તો દેવચંદજીએ કહ્યું દર્શનસારમાં. મુનિ છે, આચાર્ય છે એણે કહ્યું, પ્રભુ કુંદકુંદાચાર્ય મહાવિદેહમાં જઈને સીમંધર ભગવાનના દર્શન કરીને આ વાત જો ન લાવ્યા હોત તો અમે મુનિઓ ધર્મ કેમ પામત? આહા..હા..! તો એ પહેલાં મુનિઓ નથી થઈ ગયા? પણ એમને એની સ્પષ્ટતાનો લાભ થયો માટે એમ કહે છે. સમજાય છે કાંઈ? એમ લખ્યું છે દર્શનસારમાં. જો કુંદકુંચાર્ય ભગવાન પાસે જઈને... હવે એની પણ ટીકા કરે છે અત્યારે. વિદ્યાનંદજી છેને. સભા મોટી ભરાય છે. .. વક્તા છે. પણ સભા ૨૦-૨૦ હજારની ભરાય છે. સીમંધર પાસે ભગવાન ગયા એ નથી વાત, એ ક્યાં છે? ત્યાંથી વાણી લાવ્યા... એમ કહે છે. આચાર્ય આમ કહે છે. અરે..! ભગવાન! આપ સીમંધર પરમાત્મા પાસે ન ગયા હોત અને આવી વાણી ન લાવત.. આહા..હા..! તો અમે મુનિ ધર્મ કેમ પામત? એમ કહે છે. સમજાણું કાંઈ? એવી કુંદકુંદાચાર્ય માટે દેવસેનાચાર્ય દર્શનપાહુડમાં ગાથા છે દર્શનસારમાં. આહા..હા..! કઈ અપેક્ષાથી છે એ વાત. અહીં તો જુઓ આ કથન. આવું કથન ક્યાં છે?

**શ્રોતા :–** વેદ્યવેદકભાવ એ શબ્દ જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શબ્દ જ નથી. શૈલી તો જુઓ, ઓહો..હો..!

**શ્રોતા :–** બિલકુલ નવી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નવી વાત નહિ, અનાદિની આ જ છે. નહોતી ચાલતી એ અપેક્ષાએ છે. આહા..હા..! જુઓ, '**જ્યારે વેદ્યભાવ હોય છે...**' આહા..હા..! વાંછાનો કાળ હોય છે ત્યારે વેદકભાવ—અનુભવનો કાળ તો હોતો નથી. '**જ્યારે વેદકભાવ આવે છે ત્યારે વેદ્યભાવ વિણસી ગયો હોય છે;...**' ત્રીજી લીટી ભાવાર્થમાં. આહા..હા..! ભાષા તો સાદી છે, પ્રભુ! પણ ભાવ સમજવા તો એને છેને? આહા..હા..! એ લાયકાત ... પ્રમાણ કરજે. તારાથી તું પ્રમાણ કરજે. આહા..હા..! '**પછી વેદકભાવ કોને વેદે? અને જ્યારે વેદ્યભાવ આવે છે...** ' વળી વાંછાનો કાળ, બીજો વાંછાનો કાળ આવ્યો '**ત્યારે વેદકભાવ વિણસી ગયો હોય છે;...**' .. કાળ હોતો નથી. '**પછી વેદકભાવ વિના વેદ્યને કોણ વેદે? આવી અવ્યવસ્થા જાણીને...**' જોયું! ટીકામાં અનવસ્થા હતું, અનવસ્થા. ક્યાંય મેળ ખાતો નથી. ઇચ્છા વૃત્તિ થઈ 'આ મને આવજો' એમ નહિ. ઇચ્છા થઈ. સમજાણું કાંઈ? ઇચ્છાને કાળે તે ઇચ્છાને જાણે છે. ઇચ્છાને કાળે પણ ઇચ્છાની હયાતી છે માટે સ્વપરપ્રકાશને જ્ઞાન જાણે છે એમ પણ નહિ. આહા..હા..! એ ઇચ્છાને કાળે પોતાના જ્ઞાનની જ પર્યાય સ્વપરપ્રકાશકરૂપે સ્વતઃ (પરિણમે છે), ઇચ્છાની હયાતીને કારણે જ્ઞાનનું સ્વપરપ્રકાશક પરિણમન થયું એમ નહિ. આહા..હા..! જાણે છે એ ખરેખર તો પોતાને જાણે છે. આહા..! એ સંબંધીનું જ્ઞાન પોતાને પોતાથી પ્રગટ્યું છે એને જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કારણ કે રાગમાં તન્મય થઈને જાણતો નથી. રાગને પૃથક્ રાખીને જાણે છે. આહા..હા..! આવી સ્થિતિ છે, બાપુ! ઝીણો માર્ગ બહુ ભાઈ! લોકોને મૂળ માર્ગની શરૂઆત કેમ થાય એની જ ખબર ન મળે અને ઉપરના વ્રત ને તપ ને લઈને બેસી જાય ને આ ભક્તિ ને જાત્રા. આહા..હા..! હો, ઈ હોય છે એ શુભભાવ છે, એ કોઈ ધર્મ નથી અને એનાથી પામશે ધર્મ એમ પણ નથી. સમજાણું કાંઈ?

'**એ રીતે આવી અવ્યવસ્થા જાણીને...**' શું અવ્યવસ્થા? કે વાંછાના કાળે વેદકનો કાળ નથી અને વેદકના કાળે એ વાંછાનો કાળ જે હતો એ કાળ રહ્યો નહિ, એ તો બીજો કાળ થઈ ગયો. આહા..હા..! એ રીતે '**અવ્યવસ્થા જોઈને જ્ઞાની પોતે જાણનાર જ રહે છે,...**' જોયું, આહા..હા..! વૃત્તિ થઈ એને જાણનાર છે અને ભોગવવા કાળે પણ વેદન જરી થયું એનો એ જાણનાર છે અને ભોગવવાને કાળે જે રાગ થયો છે એટલું દુઃખ પણ છે. દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની અપેક્ષાએ તેનો જ્ઞાતા છે અને દૃષ્ટિની સાથે થયેલા જ્ઞાનની અપેક્ષાએ એ રાગનું વેદન, દુઃખનું વેદન છે મારામાં, એને જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? આવી શરતું અને આવા પ્રકારને... એવો માર્ગ છે, ભાઈ! અરે..! જન્મ-મરણના દુઃખથી મુક્ત થવાનો પંથ ભાઈ! જેના ફળ સાદિ અનંત સુખ. આહા..હા..! 'સાદિઅનંત અનંત સમાધિ સુખમાં' એનો ઉપાય તો કેવો હોય? સમજાય છે કાંઈ? એમાં પણ ત્રણમાં સમ્યગ્દર્શન આહા..હા..! અને સમ્યગ્દર્શનની સાથે સમ્યગ્જ્ઞાન પણ હોય છે અને સ્વરૂપાચરણનો ચારિત્રનો અંશ (પણ હોય છે). ચારિત્ર નામ પાડે એવું નહિ પણ સ્વરૂપાચરણ, અનંતાનુબંધીનો અભાવ હોવાથી સ્વરૂપમાં જરી સ્થિરતા પણ હોય છે, પણ એને ચારિત્ર કહેવું એમ નહિ. ચારિત્ર આ અપેક્ષાએ કહેવાય. અનંતાનુબંધી ચારિત્રમોહનીયનો ભેદ છે તેનો અભાવ થતાં સ્વરૂપમાં એટલું ચારિત્ર થાય છે, પણ જેને

ચારિત્ર નામ પાડીએ અંશે દેશચારિત્ર, સકલચારિત્ર એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એકમાં એવું આવે છે કે તીર્થંકરો આઠ વર્ષે શ્રાવકના વ્રત ધારે એવું આવે છે, મહાવ્રત નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અને એક ઠેકાણે એવું આવે છે ધવલ-જય ધવલમાં, કે ક્ષાયિકસમકિતી છે એ એકદમ લે તો ચારિત્ર લે. એવી વાત છે. બે ઠેકાણે ખ્યાલ છે. બે.. સમજાણું કાંઈ? શ્રાવકપણું એ ઢીલાપણું છે. ઉગ્ર પુરુષાર્થ જ્યાં થાય છે તો એકદમ અંગીકાર ચારિત્ર થાય. 'નમો સિદ્ધાણં' એમ કરીને તીર્થંકરો ચારિત્ર અંગીકાર કરે છે, સ્વરૂપની લીનતા અંગીકાર કરે છે અથવા શુદ્ધોપયોગ અંગીકાર કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એકદમ શુદ્ધોપયોગ અંગીકાર કરે છે. અને અહીં તો અત્યારે તો એમ કહે છે કે શુદ્ધોપયોગ તો અત્યારે છે જ નહિ. શુભ ઉપયોગ જ છે. આહા..હા..! શુદ્ધોપયોગ નથી તો અનુભૂતિ નથી. ચોથે અનુભૂતિ થાય એ શુદ્ધોપયોગમાં થાય છે. એનો અર્થ કે ચોથું ગુણસ્થાન પણ નથી. આહા..હા..! છઠ્ઠું તો નથી, ચોથું પણ નથી. આહા..હા..! માણસને કેટલી જવાબદારી લઈને બોલે છે એની ખબર નથી. સમજાણું કાંઈ?

**'અવ્યવસ્થા જાણીને જ્ઞાની પોતે જાણનાર જ રહે છે, વાંછા કરતો નથી. અહીં પ્રશ્ન થાય છે કે-આત્મા તો નિત્ય છે...'** વાંછા વખતે છે અને પછી ભોગવવા વખતે છે એમાં વાંધો શું આવે છે તમારે? એમ પૂછે છે પ્રશ્નકાર. વાંછા વખતે પણ છે અને ભોગવવા વખતે પણ આત્મા તો છે ત્યાં. સમજાણું કાંઈ? પ્રશ્નનું રૂપ સમજાય છે? કે તમે જ્યારે એમ કહો કે વાંછાકાળ અને ભોગવવાકાળ ભિન્ન-ભિન્ન છે, એનો મેળ ખાતો નથી, માટે જ્ઞાની ઈચ્છતો નથી; પણ ધર્મી જીવ છે તો વસ્તુ તો નિત્ય છે, તો નિત્યને કાળે વેદવાના વિકલ્પ વખતે ભલે વાંછાના વિકલ્પ કાળે પણ નિત્ય છે અને ભોગવવાના કાળે નિત્ય છે, તો એ નિત્યને આ પ્રમાણે ઈચ્છે તે ભોગવે છે, એમાં વાંધો શું આવ્યો? ચંદુભાઈ! આવું છે. પોતે ને પોતે પ્રશ્ન ઉઠાવે છે સામા વતી. આ પ્રશ્નનું રૂપ સમજાય છે? પ્રશ્ન શું કહે છે? કે જ્યારે તમે એમ કહો કે વાંછાનો કાળ અને ભોગવવાનો કાળ બે ભિન્ન-ભિન્ન છે, તેથી તેનો મેળ ખાતો નથી; પણ અમે કહીએ છીએ કે આત્મા તો નિત્ય છે. વાંછા કાળે પણ આત્મા છે, ભોગવવા કાળે પણ આત્મા છે તો એને વેદ્યવેદકભાવ થાય એમાં વાંધો શું છે? ઓલા ભાવ ક્ષણિક ભલે હો, પણ આત્મા છે એ તો નિત્ય છે. ક્ષણિક કાળમાં દરેક પર્યાય કાળે આત્મા નિત્ય નથી? શું કહ્યું? દરેક પર્યાય કાળે આત્મા તો નિત્ય જ છે. સમજાણું કાંઈ? **'આત્મા તો નિત્ય છે તેથી તે બન્ને ભાવોને વેદી શકે છે;...'** નિત્યપણે છે માટે. **'તો પછી જ્ઞાની વાંછા કેમ ન કરે?'** આહા..હા..! ભારે! વાતે વાતને... આ જયચંદ્ર પંડિત આવો ખુલાસો કરે છે, લ્યો. પાઠમાં પણ છેને એ. કાંક્ષમાણને વેદતો નથી. તેથી. કેમકે એ આત્મા તો છે; પણ વેદાતો નથી ત્યારે એ છે તો નિત્ય છે તો બેય વખતે આત્મા છે. પણ આત્મા બેય વખતે છે એ સાંભળ તો ખરો.

**'તેનું સમાધાન :—વેદ્ય-વેદક ભાવો વિભાવભાવો છે,... '** આ વાત છે. વિકારી ભાવો છે. એટલે વિકારી ભાવનું કરવું અને ભોગવવું એ ધર્મીને હોતું નથી. નિત્ય હોવા છતાં, કાયમ એમાં રહેનારો છતાં વિકારની વાંછાનો પણ જ્ઞાતા અને ભોગવવાના કાળનો પણ જ્ઞાતા એ નિત્ય છે.

વિભાવનું ભોગવવું અને કરવું એ અનિત્યનું એને હોતું નથી. ઝીણી વાત છે, ભાઈ! આ ગાથા જ એવી છે જરી. આહા..હા..! '**વેદ્ય-વેદકભાવો વિભાવભાવો છે,...** ' અહીં અને નિત્ય છે એ તો સ્વભાવભાવ છે. સમજાય છે કાંઈ? નિત્ય જે આત્મા છે એ તો સ્વભાવભાવથી નિત્ય છે. વિભાવભાવ તો અનિત્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિભાવભાવો સ્વભાવભાવ નથી. આહા..હા..! તેથી પહેલું કહ્યું હતુંને ત્યાં? જ્ઞાની તો સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ નિત્ય છે. જ્ઞાની આ રીતે નિત્ય છે એમ કહ્યું. પર્યાય જે જે આવે ત્યાં ત્યાં એને ભોગવવા કાળે નિત્ય છે એમ ક્યાં કહેવું છે અહીં? સમજાણું? ભોગવવાનું વિભાવપણું એને છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો જ્ઞાયકસ્વભાવ, સ્વભાવભાવપણાને લઈને જ્ઞાયકસ્વભાવ તે નિત્ય છે. એમાં કાયમ રહેનારો ભાવ છે એ જ્ઞાયકભાવ છે તે નિત્ય છે. ઓલો વિભાવભાવ છે એ તો અનિત્ય છે, ક્ષણિક છે. શું કહ્યું? કે નિત્ય જે પોતે છો કે આત્મા નિત્ય છે તો બેયમાં રહી શકે છે ભોગવવામાં. તો અમે કહીએ છીએ કે જે નિત્ય છે એ તો સ્વભાવથી નિત્ય છે, ત્રિકાળી સ્વભાવપણાથી નિત્ય છે, વિભાવિક પર્યાયથી નિત્ય છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આવી વાત હવે. સાધારણ બિચારા બાયું-આદમીને આ સમજાય નહિ. સામાયિક, પોષા કરે, પડિક્કમણા કરે ને અપવાસ કરે, થઈ ગયો ધર્મ લ્યો જાવ. મરી ગયા કરી-કરીને સાંભળને. અજ્ઞાનપણે વસ્તુની જ્યાં ખબર નથી. આહા..હા..!

પહેલું આવ્યું હતુંને ભાઈ ચંદુભાઈ! કહ્યું નહિ? '**જ્ઞાની તો, સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ નિત્ય છે;...** ' જ્ઞાયકસ્વભાવભાવથી નિત્ય છે. વિભાવની પર્યાયથી નિત્ય છે એમ ક્યાં છે? આહા..હા..! અને તેથી સ્વભાવભાવપણાના નિત્યને કારણે વિભાવનું ક્ષણિકનું કાળભેદે ઉત્પન્ન થવું એ વિભાવને ઉત્પન્ન કરતો નથી અને ભોગવતો પણ નથી. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ? ધર્મીની શરતું ઘણી છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**સ્વભાવભાવ નથી,...**' જોયું! જ્ઞાની તો સ્વભાવભાવ વડે ધ્રુવપણાથી જ્ઞાયકભાવથી નિત્ય છે. આહા..હા..! એની દૃષ્ટિમાં તો જ્ઞાયકપણાના સ્વભાવભાવપણે આત્મા નિત્ય છે. એને આ '**વિભાવભાવો છે, તે સ્વભાવભાવ નથી, તેથી તેઓ વિનાશિક છે;...**' ઓલા સ્વભાવભાવપણે નિત્ય છે. વસ્તુ નિત્ય છે આત્મા, માટે વિભાવને ભોગ કાળે ઈચ્છા આવી અને ભોગવવાના કાળે .. એમ નહિ. એના ટંકોત્કીર્ણ જ્ઞાયકસ્વભાવપણાને લઈને નિત્ય છે. સમજાણું કાંઈ? હવે આમાં ઓલા બિચારા (કહે છે), ત્યાગ-ગ્રહણ કરો. કુંદકુંદાચાર્યે ત્યાગમાર્ગ ગ્રહણ કર્યો હતો. ભાઈ! ત્યાગ ક્યારે થાય? બાપુ! એ કાંઈ વ્રત લીધા ને આ કર્યા એ ત્યાગ છે? આહા..હા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ કે પાંચમા ગુણસ્થાનવાળો (એને) વ્રતનો વિકલ્પ આવે અને લે કે હું (વ્રત અંગીકાર) કરું છું. એમ થયા છતાં .. સમજાય છે કાંઈ? અંદરમાં આશ્રય કરે ત્યારે એ પર્યાય પ્રગટ થાય ચારિત્રની, વીતરાગી, આનંદની. એ કાંઈ વ્રતના વિકલ્પ લીધા માટે પ્રગટ થઈ જાય એમ છે નહિ. સમજાણું કાંઈ? તેથી તો દાખલો આપ્યો છે. દ્રવ્યલિંગ લીધું છે. અંદરમાં સમકિત જ છે. સમકિતી હતો અને દ્રવ્યલિંગ

હતું. .. છતાં અંદરમાં ગયો નહિ પુરુષાર્થ. એટલે પાંચમું-છઠ્ઠું પ્રગટ્યું નહિ. બીજી રીતે કહીએ... ત્યારે એને પરિણતિ ચારિત્ર આવે. વ્રતના વિકલ્પ (છે) માટે ચારિત્ર આવે એમ નથી. કારણ કે વીતરાગમાર્ગમાં ચારેય અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. પંચાસ્તિકાય. વીતરાગતાનો કોઈપણ ... વ્રતનો, પર્યાયનો, ભાવનો એમ ક્ષણે-ક્ષણે પર્યાય ક્રમસર તે કાળે થાય. એવું જ્યાં આવે પણ એનું તાત્પર્ય શું? એનું રહસ્ય શું? વીતરાગતા પ્રગટવી જોઈએ. વીતરાગતા પ્રગટે ક્યારે? દ્રવ્યનો આશ્રય લે ત્યારે. બારેય અંગમાંથી જે જે વાણી આવે એમાં આ વીતરાગતા આવવી જોઈએ. વીતરાગતા સ્વના આશ્રયથી થાય, એ સ્વના આશ્રયની જ વાત કરી છે. ચંદુભાઈ! આહા..હા..! ભગવાન આખો અનાદિ અનંત સનાતન સ્વભાવ શુદ્ધ ચૈતન્ય એની સન્મુખ થાય ત્યારે વીતરાગતા થાય. એનો અર્થ? ગમે તે વાણી વિકલ્પ આવે એમાંથી એને સન્મુખ થવું એ આવવું જોઈએ. સમજાય છે કાંઈ? સન્મુખ થવું એટલે વીતરાગતા પ્રગટ થવી એટલે દ્રવ્યનો આશ્રય લેવો, એમ. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે જ્ઞાનીને '**વિભાવભાવો છે, સ્વભાવભાવ નથી, તેથી તેઓ વિનાશિક છે; માટે વાંછા કરનારો એવો વેદ્યભાવ જ્યાં આવે ત્યાં સુધીમાં વેદકભાવ (ભોગવનારો ભાવ) નાશ પામી જાય છે, અને બીજો વેદકભાવ આવે ત્યાં સુધીમાં વેદ્યભાવ નાશ પામી જાય છે; એ રીતે વાંછિત ભોગ તો થતો નથી.**' ઇચ્છિત ભોગ તો થતો નથી. આહા..હા..! '**તેથી જ્ઞાની નિષ્ફળ વાંછા કેમ કરે?**' જેના ફળ તરીકે નિરર્થક થાય એવી વાંછા કેમ કરે? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ગાથા બાપુ ઊંચી છે. સમજવા માટે ધીરે... ધીરે.. ધીરે... ધીરે (સમજવું). આહા..હા..! '**એ રીતે વાંછિત ભોગ તો થતો નથી.**' વાંછિત થતો નથી '**તેથી જ્ઞાની નિષ્ફળ વાંછા કેમ કરે?**' વાંછિત થતો નથી તેથી જ્ઞાની નિષ્ફળ વાંછા કેમ કરે? આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગમાર્ગની કથા છે, ભાઈ! આહા..હા..! જ્ઞાની આત્માને વેદે એ કહ્યું પહેલું કહી દીધું. આત્માને વેદે અને આત્મા વેદ્ય અને આત્મા વેદક. પોતે વેદવાયોગ્ય અને પોતે વેદનાર આનંદનો. આહા..હા..! એ તો કહ્યું હતું પહેલું. સમજાણું કાંઈ? વિકારનું થવું અને વેદવું એ બેય જ્ઞાનીના જ્ઞાનમાં નથી. જ્ઞાનમાં તો એનું જાણવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો દૃષ્ટિ અને દ્રવ્યની અપેક્ષાની વાત છેને? પણ જ્યારે જ્ઞાનની અપેક્ષાએ વાત લે ત્યારે કહે કે ભાઈ, રાગ જે થાય છે વેદવાકાળમાં એ મારાથી થયો અને ભોક્તા છું એમ જ્ઞાની જાણે. આહા..હા..! ૪૭ નય. આવી વાત. એક કોર કહે, સમ્યગ્દૃષ્ટિને બંધ હોતો નથી. બીજી રીતે કહે કે દસમા ગુણસ્થાન સુધી એને રાગ છે તો છ કર્મ બાંધે છે. એ તો દૃષ્ટિ અને જેનો વિષય અભેદ, નિર્ભેદ-અભેદ એને લઈને એનું વ્યાપવાપણું સ્વભાવનું, સ્વભાવવ્યાપક અને વીતરાગી સ્વભાવપર્યાય તેની વ્યાપ્ય. અને સ્વભાવ વ્યાપક અને વિકારી પર્યાય વ્યાપ્ય એમ હોઈ શકતું નથી. આવી વાત છે. આહા..હા..! ધર્મીને સ્વભાવભાવનું વ્યાપકપણું, પોતે ત્રિકાળી છે તેનું અને વર્તમાન સ્વભાવભાવનું વ્યાપ્યપણું છે.

જ્યારે સ્વભાવ અને સ્વભાવની દૃષ્ટિથી વર્ણન હોય ત્યારે આમ આવે અને જ્યારે એને જ્ઞાન કરવું હોય એ જ કાળે જે દૃષ્ટિ થઈ તે કાળે જ્ઞાન સાથે છે. એ જ્ઞાન તે કાળે બેને જાણે. દૃષ્ટિમાં તો એકલો

અભેદ અને દૃષ્ટિ પોતે નિર્વિકલ્પ છે, એ કાંઈ જ્ઞાન નથી. નિર્વિકલ્પ દૃષ્ટિ અને નિર્વિકલ્પ સ્વભાવ અભેદ. તે વખતે થયેલું જ્ઞાન એમ જાણે જ્ઞાનીને પણ કે રાગ જેટલો છે એ મારું પરિણમન અને હું એનો કર્તા છું. કરવાલાયકની અપેક્ષાએ નહિ, પણ પરિણમનની અપેક્ષાએ હું કર્તા છું. આહા..હા..! આમાં બહુ ગંભીર છે, શેઠ! વાત એવી છે. જુઓ, આહા..હા..! મહાગંભીર જ્ઞાનનો પિંડ છે એ તો. .. ચિત્ત જેનું સ્વરૂપ છે. ભગ જેનો વાન છે. ભગવાન છેને એ? ભગ નામ લક્ષ્મી આનંદ ને જ્ઞાન એ એનો વાન છે, એ એનું રૂપ છે, એ એનું સ્વરૂપ છે, એનો વાન ઈ છે. આ નથી કહેતા કે ભાઈ આ કાળે વર્ણે છે, લીલે વર્ણે છે, ધોળે વર્ણે છે. વાન શરીરને. તો આ ક્યા વાને છે? કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભગવાન છે. અનંત જ્ઞાન અને આનંદ જેનો વાન છે. એનો વાન, એનો એ રંગ છે, એનું એ સ્વરૂપ છે. આહા..હા..!

એવો જે આત્મા જાણવામાં આવ્યો. આહા..હા..! '**એ રીતે વાંછિત ભોગ તો થતો નથી. તેથી જ્ઞાની નિષ્ફળ વાંછા કેમ કરે?**' એક કોર છન્નું હજાર (સ્ત્રી પરણે) ચક્રવર્તી. દરરોજ એક સો, સો, સો બસ્સો પાંચસો કન્યા પરણે. છન્નું હજાર. આહા..હા..! બાપુ! એ ... નથી, ભાઈ! એ જરી વિકલ્પ છે એને એ જાણે છે. અને વિકલ્પનું ભોગવવાનું છે તે કાળે પણ તેનો જ્ઞાનનો પર્યાય તે જ પ્રકારનો સ્વપરપ્રકાશકપણે ઉત્પન્ન થાય છે તેથી તેને પણ જાણે છે. કારણ કે સ્વભાવભાવનું ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવપણું હોવાથી... આહા..હા..! જ્ઞાનીને તે જ્ઞાનની પર્યાયમાં જાણવામાં આવે છે. કરવામાં અને ભોગવવામાં જ્ઞાનની પર્યાય છે નહિ. આહા..હા..! આવી વાતું હવે.

'**જ્યાં મનોવાંછિત વેદાતું નથી...**' જુઓ, બેય કહી દીધું. વેદ્ય અને વેદક. એની ટૂંકી ભાષા કરી નાખી. મનોવાંછિત તે વેદ્ય, વેદાતું નથી તે વેદક. આહા..હા..! પંડિત જયચંદ્ર પંડિત આ પંડિત કહેવાય. જેની વાણીમાં જે ધારા હોય તે યથાર્થ આવે. આહા..હા..! એથી અહીં કહેશે આ શ્લોકમાં. '**ત્યાં વાંછા કરવી તે અજ્ઞાન છે.**' એક વેદકને વેદવા વિભાવ છે માટે એને પણ એ કરે કેમ? ભોગવે કેમ? આહા..હા..! અને ત્રીજું છેલ્લું. '**જ્યાં મનોવાંછિત વેદાતું નથી ત્યાં વાંછા કરવી તે અજ્ઞાન છે.**' મનની ઈચ્છા તો વેદ્યભાવ જે થાય ત્યારે મનોવાંછિત વેદાતું નથી. આહા..હા..! બહુ ટૂંકામાં કરી નાખ્યું પાછું. વેદ્યવેદકની આ ભાષા કરી નાખી. મનોવાંછિત વેદ્ય, વેદાતું નથી તે વેદક. આહા..હા..! સમજાણું કાંઈ? ગંભીર છે, પણ ધીમે-ધીમે, થોડું-થોડું સમજવું. એનો પાર નથી બાપા ગંભીરતાનો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—**'

वेद्यवेदकविभावचलत्वाद्
वेद्यते न खलु कांक्षितमेव।
तेन कांक्षति न किञ्चन विद्वान्
सर्वतोऽप्यतिविरक्तिमुपैति।।१४७।।

'सर्वतोऽप्यतिविरक्तिमुपैति' જોયું! આહા..હા..! આવી ધર્મકથા. માંડ માંડ હજી પકડાય એવી

વાતું. બાપુ! મારગડા એવા છે, ભાઈ! આહા..હા..! સવારમાં નહોતું આવ્યું? ભગવંત! તને થોડું દુઃખ પણ સહન કરવું તે અસમર્થ છે, તો પછી પ્રભુ આવા જે કર્મ એવા બાંધે છો, શુભાશુભ બેય હોં! જેના મહા દુઃખ ભોગવવા પડે એવા કર્મ કેમ કરે છે, ભાઈ? આહા..હા..! અલ્પ પણ પ્રતિકૂળતા એક ગુમડી જરી નીકળી ત્યાં રાડ નાખે. સો ડીગ્રી જ્યાં તાવ આવે ત્યાં ઉં..હું..હું... થઈ જાય. મૂળજીભાઈને એમ થયું હતું એક ફેરી. ખબર છે? તાવ હતો. સો હતો, સાડી નવ્વાણું. .. અરે બાપા! આટલા થોડા દુઃખને પણ સહન કરવાની શક્તિ નથી અને એનાથી અનંતગુણા દુઃખો ઉત્પન્ન થાય એવા કર્મ બાંધવા છે તારે, ભાઈ! તને શું થાય છે? આહા..હા..! બહારનું ભૂલી જા, પ્રભુ! બહારના દેખાવને... આહા..હા..! અંદરમાં દેખવાલાયક દેખનાર આત્મા છે. બહારનું દેખવામાં ધૂળેય નથી કાંઈ બધું. ... છે કે નહિ? બહારનું દેખવું એ એના સ્વરૂપમાં ક્યાં છે? આહા..હા..! દેખે છે એ બહારને, પણ એ બહાર ચીજ એનામાં નથી. દેખનાર દેખનારને દેખે કે જેમાં એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે એને સમ્યક્જ્ઞાન અનુભૂતિ થાય. સમજાણું કાંઈ?

'**શ્લોકાર્થ :- વેદ્ય-વેદકરૂપ વિભાવભાવોનું ચળપણું (અસ્થિરપણું) હોવાથી...**' આહા..હા..! એક તો જ્ઞાનીને વિષયસુખમાં સુખબુદ્ધિ ઊડી ગઈ હોય છે. સમજાણું કાંઈ? ચાહે તો ઈન્દ્રાણી હોય કરોડો. ઈન્દ્રો એકાવતારી સમકિતી છે, કરોડો અપ્સરાઓ છે. સુખબુદ્ધિ ઊડી ગઈ છે. સુખબુદ્ધિ ભગવાન આત્મામાં થઈ છે. આહા..હા..! એ કારણે જ્ઞાની '**વેદ્ય-વેદકરૂપ વિભાવભાવોનું ચળપણું (અસ્થિરપણું) હોવાથી ખરેખર વાંછિત વેદાતું નથી;...**' '**कांक्षतम् एव वेद्यते न**' આહા..હા..! તે '**માટે...**' જુઓ ભાષા આવી. '**विद्वान किञ्चन कांक्षति न**' એને વિદ્વાન કહીએ. આહા..હા..! રાગમાં જેને રસ પડે છે એને ભગવાન પ્રત્યે દ્વેષ થાય છે. આવી વાત છે, બાપુ! અને જેને ભગવાન પ્રત્યે રુચિ અને દૃષ્ટિ થઈ છે એને રાગ પ્રત્યે પ્રેમ નથી, પણ આસક્તિ હોય છે તેને જાણે છે. આહા..હા..! રુચિ નથી તેને. સમજાણું કાંઈ? તેથી વિદ્વાન (છે). વિદ્વાન એટલે શું? શબ્દ બે શું એના? વિત્ વાન. વિત્ એટલે લક્ષ્મી-જ્ઞાન અને એનો વાન. વિત્ લક્ષ્મી. વિત્ વિત્ તમારા આ પૈસા હોય છેને. પૈસાને વિત્ કહે છેને. પૈસા થાય છેને.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. હા જ્ઞાન કીધું. પણ એ વિત્ એ જ્ઞાન છે એમ કહેવું છે. વિત્ એ જ્ઞાન છે. વિત્ એ એની લક્ષ્મી જ્ઞાન છે. અજ્ઞાનીનું વિત્ પૈસા છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેને જ્ઞાનનું જ્ઞાન છે એને વિદ્વાન કહીએ. આહા..હા..! સમજાય છે કાંઈ? જ્ઞાન એટલે આત્મા એમ. એ જ્ઞાન કીધું છેને? આત્મા એટલે જ્ઞાન અને જ્ઞાન એટલે આત્મા. પ્રવચનસારમાં તો એમ પણ લીધું, જ્ઞાન તે આત્મા અને આત્મા તે જ્ઞાન ને દર્શન ને ચારિત્ર ને આનંદ પણ છે. પ્રવચનસારમાં કઈ અપેક્ષાથી કહે છે? ત્રણે ઠેકાણે (કહ્યું), જ્ઞાન તે આત્મા જ છે. બધે ઠેકાણે એ તો જ્ઞાન તે જ આત્મા બધે ઠેકાણે. આમાં આપણે નાખ્યું નહિ? અર્થમાં નહિ? તમે નાખ્યું. જ્ઞાન તે આત્મા ઘણે ઠેકાણે આમ જ આવે છે. સ્વભાવ છે તે સ્વભાવી છે એમ. જ્ઞાન જેનો સ્વભાવ છે તે સ્વભાવી આત્મા છે. આહા..હા..!

'જ્ઞાની કાંઈ પણ વાંછતો નથી;...' જોયું! 'किञ्चन कांक्षति न' લે! સમકિતી કાંઈ વાંછતો નથી અને છ ખંડના રાજ કરે અને છ ખંડના રાજાને લડવા જાય સામે. બે ભાઈ બાહુબલી અને ભરત વઢે. આહા..હા..! બાપુ! એ બીજી વાત છે. આવી જાય છે એને જાણે છે. આહા..હા..! કરવા જેવો છે ને મારું સ્વરૂપ છે, એમ એ માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'સર્વે પ્રતિ અતિ વિરક્તપણાને...' એ વૈરાગ્ય લીધો. વિદ્વાન લીધો અને અતિ વિરક્તિપણું બે લીધું. એટલે જ્ઞાન અને વૈરાગ્ય. આહા..હા..! પૂર્ણસ્વરૂપ ભગવાન આત્મા એનું જ્ઞાન એટલે જ્ઞાતાનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન ને રાગના અભાવરૂપી વીરાગભાવ વીતરાગતા. આહા..હા..! સમજાણું કાંઈ? 'સર્વ પ્રતિ અતિ વિરક્તપણાને (વૈરાગ્યભાવને) પામે છે.' લ્યો! માટે તે કાંક્ષમાણને વેદવું એને હોતું નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૮, ગુરુવાર, તા. ૧૩-૦૧-૧૯૭૭, ગાથા-૨૧૭, પ્રવચન નં. ૨૯૧

સમયસાર, ૨૧૭ ગાથા. ''એ રીતે જ્ઞાનીને સર્વ ઉપભોગો પ્રત્યે વૈરાગ્ય છે' એમ હવે કહે છે :—'' ૨૧૭.

**बंधुवभोगणिमित्ते अज्झवसाणोदएसु णाणिस्स।**
**संसारदेहविसएसु णेव उप्पज्जदे रागो।।२१७।।**
**સંસારદેહસંબંધી ને બંધોપભોગનિમિત્ત જે,**
**તે સર્વ અધ્યવસાન ઉદયે રાગ થાય ન જ્ઞાનીને. ૨૧૭.**

'ટીકા :- આ લોકમાં જે અધ્યવસાનના ઉદયો છે...' કર્મના સંગમાં જે રાગાદિની ઉત્પત્તિ થાય છે એ અધ્યવસાય એકત્વબુદ્ધિ. 'તેઓ કેટલાક તો સંસારસંબંધી છે અને કેટલાક શરીરસંબંધી છે. તેમાં, જેટલા સંસારસંબંધી છે તેટલા બંધનનાં નિમિત્ત છે... ' કર્તા-ભોક્તા કહે છે. આહા..હા..! જે સંસાર તરફના લક્ષે રાગાદિ ઉત્પન્ન થાય છે એ બંધના કારણે સંસાર સંબંધીના પક્ષે રાગાદિ ઉત્પન્ન થાય છે 'અને જેટલા શરીરસંબંધી છે તેટલા ઉપભોગનાં નિમિત્ત છે. ' આ શરીરને ભોગવવાના લક્ષે જે અધ્યવસાય રાગાદિ ઉત્પન્ન થાય છે એ 'તેટલા સુખદુઃખાદિક છે.' છેને? 'જેટલા બંધનનાં નિમિત્ત છે તેટલા તો રાગદ્વેષમોહાદિક છે... ' આહા..હા..! 'અને જેટલા ઉપભોગનાં નિમિત્ત છે તેટલા સુખદુઃખાદિક છે. આ બધાયમાં જ્ઞાનીને રાગ નથી;...' આહા..હા..! જ્ઞાની, આત્માના અંતર આનંદની અનુભૂતિવાળા તેને જ્ઞાની કહે છે. જેને

પોતાના આનંદની અનુભૂતિ છે. અમૃતસ્વરૂપ ભગવાન આત્મા એની અનુભૂતિમાં આનંદનો સ્વાદ જેને આવ્યો એવા જ્ઞાનીને રાગ, શરીરસંબંધી ભોક્તામાં કે કર્તાસંબંધી રાગાદિમાં એકત્વબુદ્ધિ નથી, પોતાપણું નથી. આહા..હા..! ઝીણી વાત, ભાઈ!

આ નિર્જરા અધિકાર છેને. નિર્જરા કોને થાય છે? કે જેને અંતર આત્મા સમ્યગ્દર્શનમાં અનુભૂતિ થાય છે. આહા..હા..! આત્મા આનંદસ્વરૂપ છે, એનો સ્વભાવ અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, એવો જેને અંતરમાં સ્વીકાર આનંદનો થયો અને અતીન્દ્રિય સર્વજ્ઞસ્વભાવ જે આત્માનો છે એનો સ્વીકાર થયો. આહા..હા..! તેને પોતામાં અતીન્દ્રિય જ્ઞાનનો અનુભવ થવાથી અને અતીન્દ્રિય આનંદની અનુભૂતિ થવાથી ધર્મીને ચોથે ગુણસ્થાનથી... આહા..હા..! બહુ વાત ઝીણી, બાપુ! સમજાણું કાંઈ? જ્ઞાની કહ્યુંને?

**'આ બધાયમાં જ્ઞાનીને રાગ નથી;...'** ચાહે તો રાગાદિ-દ્વેષાદિ ઉત્પન્ન થાય, ચાહે તો સુખ-દુઃખની કલ્પના પણ અંદર ઉદય થાય, પણ એ બધા વિભાવ છે. તો સ્વભાવની દૃષ્ટિના અનુભવમાં જ્ઞાની, એ વિભાવનો રાગ પોતાનો છે એમ માનતો નથી. આહા..હા..! આવી વાત છે, ભાઈ! ઝીણી બહુ, બાપુ! અનંતકાળથી અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો, પણ આત્મા અંદર આત્મજ્ઞાન શું ચીજ છે (એ જાણી નહિ). સમજાણું કાંઈ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો.' પણ એ રાગથી રહિત ભગવાન આત્મા જેને ૧૪મી, ૧૫મી ગાથામાં કહ્યું, ભગવાન આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે. આહા..હા..! રાગની સાથે સંબંધ નથી અને પરની સાથે, કર્માદિ સાથે સંબંધ નથી. ૧૪મી ગાથા. આહા..હા..! માર્ગ બહુ ઝીણો, બાપુ! અબદ્ધસ્પૃષ્ટ જે આત્મા છે એને જે અનુભવે છે... આહા..હા..! એ સમસ્ત જૈનશાસનને જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૫મી ગાથા છેને. '**जो पस्सदि अप्पाणं**' મતિ અને શ્રુતજ્ઞાનમાં જે આત્માને દેખે છે. આહા..હા..! અબદ્ધસ્પૃષ્ટ. એ પોતે અબદ્ધ નામ રાગ અને કર્મના સંબંધથી રહિત પ્રભુ (છે). કેમકે રાગ એ તો આસ્રવ છે અને કર્મ એ તો અજીવ છે. આહા..હા..! એ અજીવ અને આસ્રવથી ભિન્ન ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ એને જેણે અનુભૂતિમાં લીધો, પોતાના શુદ્ધોપયોગમાં એને લીધો, એણે સમસ્ત જૈનશાસન જાણ્યું. '**पस्सदि जिणसासणं सव्वं**'. આહા..હા..! આવો માર્ગ છે, પ્રભુ!

જેણે પોતાનો આત્મા અબદ્ધસ્પૃષ્ટ, સામાન્ય, દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ વિશેષથી રહિત અને આકુળતા પુણ્ય-પાપના ભાવ જે કષાયનો ભાવ છે એનાથી ભિન્ન પોતાનું ચૈતન્યસ્વરૂપ, ધ્રુવ ચૈતન્ય આનંદકંદ પ્રભુ... આહા..હા..! એને જેણે દેખ્યું, માન્યું અને અનુભવ્યું. આહા..હા..! તેણે '**पस्सदि जिणसासणं सव्वं**'. એ સમસ્ત જૈનશાસ્ત્રને દેખે છે. આવી વાત છે, ભાઈ! દેવીલાલજી! આહા..હા..! વીતરાગ સર્વજ્ઞદેવ જિનવર પરમાત્મા ત્રિલોકનાથ મહાવિદેહમાં બિરાજે છે. સાક્ષાત્ તીર્થંકર બિરાજે છે ત્યાં આ કુંદકુંદાચાર્ય ગયા હતા. સંવત્ ૪૯. ત્યાં આઠ દિન રહ્યા. સમવસરણમાં દિવ્યધ્વનિ સાંભળી. આહા..હા..! ત્યાંથી આ સંદેશ લાવ્યા. સમજાણું કાંઈ?

તો કહે છે કે જેણે પોતાનો આત્મા સમ્યગ્દર્શન અને અનુભૂતિ પર્યાય, સમ્યગ્દર્શન એટલે શ્રદ્ધાની

પર્યાય. અનુભૂતિ આનંદની, જ્ઞાનની પર્યાય છે. આહા..હા..! જ્ઞાની કહ્યુંને અહીંયાં? આ જ્ઞાનીની વ્યાખ્યા ચાલે છે. '**બધાયમાં...**' બધાયમાં એટલે? અર્થાત્ કોઈપણ કર્તાપણાનો રાગ-દ્વેષ, પુણ્ય-પાપનો કર્તા કે શરીરસંબંધી, ભોક્તાસંબંધીનો રાગ એ સંબંધમાં જ્ઞાનીને રાગનો રાગ નથી. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ સિવાય આ માર્ગ ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? આ પદ્ધતિ આખી ભિન્ન છે. આહા..હા..! જિનવર સર્વજ્ઞ પરમેશ્વર એની દિવ્યધ્વનિમાં એમ આવ્યું. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' આહા..હા..! બનારસીદાસમાં આવે છે. ભગવાનની ૐ ધ્વનિ હોય છે, આવી ભાષા નથી હોતી. એ તો વીતરાગ છે, સર્વજ્ઞ છે, પરમાત્મ પૂર્ણ દશા. એને કોઈ ઈચ્છા નથી હોતી. ધ્વનિ ઊઠે છે વાણી. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' ગણધર એમાંથી અર્થ વિચારે છે કે આ શું છે? એના અર્થની રચના કરીને સૂત્રની રચના કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સૂત્રમાંથી આ સમયસાર એક શાસ્ત્ર સિદ્ધાંત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તો અહીંયાં કહે છે કે એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! નિર્જરા નામ ધર્મની શુદ્ધિ, નિર્જરા ત્રણ પ્રકારની છે. આ નિર્જરા અધિકાર છેને. તો કહે છે કે એવા જ્ઞાનીને નિર્જરા થાય છે. કેવા જ્ઞાનીને? કે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને, જેણે આત્મા પૂર્ણાનંદ નાથ સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનમાં જ્ઞેય કરીને જાણ્યો. આહા..હા..! વર્તમાન જ્ઞાનની પર્યાયમાં, અવસ્થામાં આખા જ્ઞેય તરીકે આત્મા પૂર્ણ છે એને જ્ઞાનમાં જાણ્યો. એ જ્ઞાનની પર્યાય એ અનુભૂતિની પર્યાય. એમાં આખું જ્ઞેય પૂર્ણ એ જણાયું. પૂર્ણ વસ્તુ જ્ઞાનની પર્યાયમાં વસ્તુ નથી આવી. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાય જે જ્ઞાનની છે એમાં આખું જ્ઞેય જ્ઞાનમાં આવ્યું, એનું જ્ઞાન આવ્યું, પણ એ ચીજ નથી આવી. ચીજ દ્રવ્ય છે એ તો ભિન્ન રહે છે. આહા..હા..! એને શ્રદ્ધાની પર્યાયમાં આખા દ્રવ્યની શ્રદ્ધા આવી, દ્રવ્ય ન આવ્યું એમાં. એ પર્યાય જે છે શુદ્ધોપયોગ, એમાં આ અબદ્ધસ્પૃષ્ટ જોયો તેણે આખું જૈનશાસન જોયું. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં જ્ઞાનીની વાત કરે છે કે એવા જે જ્ઞાની. આહા..હા..! ચંદુભાઈ! આવો માર્ગ છે, પ્રભુ! એણે અનંતકાળમાં કદી વસ્તુનો સ્પર્શ કર્યો નથી. ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો કંદ છે એનો સ્પર્શ કર્યો નથી. રાગાદિ વિકલ્પનો સ્પર્શ કરીને 'હું ધર્મ કરું છું' એમ માની લીધું છે. સમજાણું કાંઈ?

વસ્તુ જે આત્મા એનો કાયમી અસલી ધર્મ, ધર્મ નામ કાયમી-અસલી સ્વભાવ એ તો અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ એનો સ્વભાવી આત્માનો સ્વભાવ છે. ધર્મ તો એનો આ છે. પ્રગટ ધર્મની વાત અત્યારે નથી. પછી. વસ્તુ જે ધર્મી છે એનો ધર્મ અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય પુરુષાર્થ, અતીન્દ્રિય સ્વચ્છતા, અતીન્દ્રિય પ્રભુતા... આહા..હા..! એ એનો ધર્મ છે. એ ધર્મી અને ધર્મ ઉપર જેની દૃષ્ટિ પડી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ધર્મ ઉપર પડે કહો કે ધર્મી ઉપર (પડે કહો), ભેદ નથી ત્યાં. દૃષ્ટિના વિષયમાં ભેદ નથી. આહા..હા..! સમ્યગ્દર્શન નિર્વિકલ્પ દૃષ્ટિ છે, ભાઈ! તો એનો વિષય પણ અંદર નિર્વિકલ્પ છે. તો એવો જે જ્ઞાની... આહા..હા..! '**બધાયમાં જ્ઞાનીને રાગ નથી;...**' આ શબ્દમાં તો. આહા..હા..! સંસારસંબંધી રાગ હો કર્તાપણાનો કે શરીરસંબંધી ભોક્તપણાનો રાગ હોય, એ રાગ પ્રત્યે રાગનો રાગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

તેને નિર્જરા થાય છે. નિર્જરના ત્રણ પ્રકાર—કર્મની નિર્જરા એક, બીજી અશુદ્ધતાની નિર્જરા એ બીજી અને શુદ્ધ ઉપયોગની વૃદ્ધિ તેને પણ નિર્જરા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધ જ્ઞાનઘન આનંદકંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો સાગર એ તો છે. આહા..હા..! એવી જેને દૃષ્ટિ થઈ, તેની અનુભૂતિ થઈ એવા જ્ઞાનીને પોતાના આનંદના સ્વાદ આગળ કર્તાપણા અને ભોક્તાપણાના રાગ અને ભોક્તાના રસ અને પ્રેમ હોતા નથી. આહા..હા..! આવી વાતું છે ઝીણી, બાપુ! એને નિર્જરા થાય છે એમ કહે છે. કુંદકુંદાચાર્યનો શ્લોક છે અને ભગવાન અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. આ કુંદકુંદાચાર્ય. આ ગાથા એની છે. અમૃતચંદ્રાચાર્ય એમની આ ટીકા છે. આહા..હા..! એટલા શબ્દમાં તો કેટલું ભર્યું છે, પ્રભુ!

**'આ બધાયમાં...'** આ બધાય એટલે? સંસારસંબંધી રાગાદિના પરિણામ અને શરીરસંબંધીમાં ભોગવવાના રાગના ભોક્તાના પરિણામ. આહા..હા..! **'આ બધાયમાં જ્ઞાનીને રાગ નથી;...'** આહા..હા..! રાગમાંથી રસ ઊડી ગયો છે. જેની બુદ્ધિ સુખબુદ્ધિ આત્મામાં થઈ તેમાં રાગમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહા..હા..!

**શ્રોતા :–** અશુભરાગમાં સુખબુદ્ધિ નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શુભમાં, બેયમાં. બેય રાગ છે. ઝીણી વાત છે, ભગવાન! શું થાય? અરે..! આ તો માર્ગ છે પ્રભુનો. વીતરાગમાર્ગ છે, ભાઈ! સમજાણું કાંઈ?

કહ્યુંને, કર્તા અને ભોક્તા બેય પ્રકારના પરિણામમાં **'આ બધાયમાં...'** આ નામ પહેલાં કહ્યા બંધ અને ઉપભોગ એ બધાયમાં. છે? પહેલાં તો એકદમ લઈ ગયા ટૂંકુ, પછી એનો સાર બતાવવો છે કે **'જેટલા સંસારસંબંધી છે તેટલા બંધનના નિમિત્ત છે અને જેટલા શરીરસંબંધી છે તેટલા ઉપભોગના નિમિત્ત છે.'** હવે **'જેટલા બંધના નિમિત્ત છે તેટલા તો રાગદ્વેષમોહાદિક છે...'** આહા..હા..! રાગ આસ્રવતત્ત્વ છે એને પોતાનો માનવો એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! એ મોહ. અને રાગદ્વેષ ઈષ્ટ-અનિષ્ટ પદાર્થ કલ્પિત. પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ નથી, પદાર્થ તો જ્ઞેય છે. એ જ્ઞેયના બે ભાગ પાડવા કે આ ઈષ્ટ છે અને અનિષ્ટ છે એવો રાગ-દ્વેષ. એ મોહ અને રાગદ્વેષના પરિણામ જ્ઞાનીને હોતા નથી. ભારે વાતું બાપુ! આવું મોંઘું! કેટલાક એમ કહે છે કે આ તો મોંઘુ કરી નાખ્યું સમકિત. અરે..! પ્રભુ! છે એમ છે, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! આ તો માર્ગ ભગવાન વીતરાગનો છે પ્રભુ! આહા..હા..! તો વીતરાગપણાથી ઉત્પન્ન થાય છે. શાસ્ત્રમાં છેને. પંચાસ્તિકાય-૧૭૨ ગાથા. ચારેય અનુયોગનો સાર શું છે? વીતરાગતા છે. આહા..હા..! ૧૭૨ ગાથા. શાસ્ત્રનું તાત્પર્ય શું છે? શાસ્ત્રનું રહસ્ય શું છે? વીતરાગતા છે. એ વીતરાગતા ક્યારે થાય? કે સ્વના આશ્રયે થાય છે. પરને આશ્રયે રાગ (થાય). વ્યવહાર પરાશ્રય, નિશ્ચય સ્વાશ્રય. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો લોજિકથી ભગવાન તો કહે છે ન્યાયથી. આ કાંઈ કચરડી બચરડીને કહે છે એમ નથી. વસ્તુની સ્થિતિ, ન્યાય, લોજિક, યુક્તિથી કહે છે. સમજાણું કાંઈ?

**'આ બધાયમાં...'** આ કોણ? સંસારસંબંધી રાગદ્વેષમોહ અને કર્તાપણાનો અને શરીરસંબંધી

ભોક્તાપણાનો. આહા..હા..! એવા જે અધ્યવસાય નામ પરિણામ '**આ બધાયમાં જ્ઞાનીને રાગ નથી;...**' આહા..હા..! આ શબ્દ મહા! ધર્મી એને કહીએ, સમકિતી એને કહીએ, અનુભૂતિ કરનાર જ્ઞાની એને કહીએ... આહા..હા..! કે જેને રાગ અને રાગના ભોક્તાપણા બેયમાં રસ નથી, રસ ઊડી ગયો છે, સ્વામી નથી. આહા..! છે? '**આ બધાયમાં જ્ઞાનીને રાગ નથી;...**' રાગ શબ્દે કષાય ને મિથ્યાત્વ પોતાના છે એવો ભાવ નથી, એ તો ભિન્ન થઈ ગયો. પોતે તો આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે. આહા..હા..! ભારે જગતને કઠણ, ભાઈ!

અનંતકાળ વીત્યો.. અનંતકાળ વીત્યો.. ઓહોહો..! પરિભ્રમણ કરતાં-કરતાં નિગોદના અનંતભવ કર્યા. આહા..હા..! એકેન્દ્રિયના અનંત ભવ કર્યા, દ્રવ્યલિંગના અનંતભવ અને અનંત પુદ્ગલપરાવર્તનમાં કર્યા. પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ આદિ વિકલ્પની ક્રિયા અનંતવાર કરી પણ આતમજ્ઞાનની દૃષ્ટિ ન થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? એ 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયા' એનો શું અર્થ થયો? કે મહાવ્રત પાળ્યા એ આસ્રવ છે અને એ દુઃખ છે. પ્રભુ! પ્રભુ! આકરી વાત, ભગવાન! એ આવ્યું કે નહિ આમાં? છ ઢાળામાં. 'મુનિ વ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહા..હા..! એ સુખ ને આનંદ તો આત્મામાં છે. એ આસ્રવના ભાવમાં સુખ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

તો અહીંયાં કહે છે કે આત્મજ્ઞાન કહ્યું. શાસ્ત્રજ્ઞાન પણ નહિ. શાસ્ત્રજ્ઞાન એ નવ પૂર્વની લબ્ધિરૂપ અનંતવાર થયું છે. આહા..હા..! અને અગિયાર અંગ પણ અનંતવાર કર્યા. એક આચારાંગમાં અઢાર હજાર પદ, એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક. એવા એવા ડબલ સુયગડાંગ, ઠાણાંગ અગિયાર અંગ કર્યા અનંતવાર, ભાઈ! એ કાંઈ જ્ઞાન નથી. આત્મજ્ઞાન. આહા..હા..! એ અહીં કહે છેને. એ આત્મજ્ઞાની. ત્યાં પણ એ કહ્યુંને, આતમજ્ઞાન વિના. શાસ્ત્રજ્ઞાન વિના એવી વાત નથી કરી. આહા..હા..! એમાં પણ આત્મજ્ઞાન વિના એ શબ્દમાં શું છે? આત્માની પર્યાયનું જ્ઞાન એમ નહિ, આત્મજ્ઞાન વિના. આત્મા અખંડ પૂર્ણાનંદ જે છે એના જ્ઞાન વિના. આહા..હા..! સમજાણું કાંઈ? નિમિત્તના જ્ઞાન વિના એમ નથી કહ્યું, રાગના જ્ઞાન વિના એમ નથી કહ્યું, પર્યાયના જ્ઞાન વિના એમ નથી કહ્યું. આહા..હા..! આત્મજ્ઞાન. જેનો સ્વભાવ પરિપૂર્ણ ઈદં શુદ્ધં ચિદ્રૂપો અહં, આનંદરૂપો અહં. એવી પૂર્ણ ચીજ, ધ્રુવ ચીજ, નિત્યાનંદ પ્રભુ... આહા..હા..! એનું જ્ઞાન ન કર્યું. સમજાણું કાંઈ? એક અને જ્ઞાની થયો તો એનું જ્ઞાન થયું. આહા..હા..! શાસ્ત્રજ્ઞાન ભલે થોડું હોય એની સાથે સંબંધ નથી. આહા..હા..! તિર્યંચ સમકિતી થાય છે તો એને તો નવ તત્ત્વના નામ પણ નથી આવડતા. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગપ્રકાશકમાં છે. પણ આત્મજ્ઞાન થયું. અંદરથી આનંદ સ્વરૂપનું ભાન થઈ ગયું અનુભૂતિ. સમજાણું કાંઈ?

'**આ બધાયમાં જ્ઞાનીને રાગ નથી;...**' આહા..હા..! જેને પોતાના માનતો નથી, જેમાં સુખ નથી તેમાં જ્ઞાનીને રાગ ક્યાંથી થાય? આહા..હા..! સમજાણું કાંઈ? પુણ્ય અને પાપ બેય ભાવમાં સુખ નથી. એ રાગભાવ છે, આકુળતા છે પ્રભુ! એને ખબર નથી, ભાઈ! સમજાણું કાંઈ? ધર્મીની સુખબુદ્ધિ તો આત્મામાં છે, અનુભૂતિ આનંદમાં સુખબુદ્ધિ છે. એ કારણે રાગમાં અને કર્તા ભોક્તામાં રાગ નથી.

આહા..હા..! આ શબ્દ એમાં છે. સમજાણું કાંઈ? કેમ? હવે કારણ શું? **'આ બધાયમાં જ્ઞાનીને રાગ નથી;...'** એનું કારણ શું? **'કારણ કે તેઓ બધાય નાના દ્રવ્યોના સ્વભાવ હોવાથી,... '** આહા..હા..! એ શુભાશુભભાવનું કર્તાપણું અને શુભાશુભનું ભોક્તાપણું એ અનેક દ્રવ્યનો સ્વભાવ છે, એક જીવનો સ્વભાવ નથી. કર્મના સંગે ઉત્પન્ન થયેલો વિકાર છે. નાના એટલે અનેક દ્રવ્યોનો સ્વભાવ છે, એક દ્રવ્યનો સ્વભાવ નથી. આહા..હા..! ભગવાન આત્મા અને સાથે કર્મનું નિમિત્ત એના સંગે એના વશે ઉત્પન્ન થયો એ અનેક પ્રકારનો વિકાર છે એને નાના દ્રવ્યનો સ્વભાવ એમ કહેવામાં આવ્યું છે.

ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વભાવી છે. નિજ સ્વભાવ તો જ્ઞાનાનંદસ્વભાવ છે અને કર્મના સંગે જ્યારે (ભાવ) ઉત્પન્ન થાય છે એ તો વ્યભિચારી ભાવ થયો. સંયોગી ઉત્પન્ન થયો. સંયોગીભાવ તે સંયોગને કારણે ઉત્પન્ન થયો, પોતામાં સંયોગના લક્ષે સંયોગીભાવ એ તો છે. કર્તાકર્મમાં પહેલાં આવી ગયું છે, ૬૯-૭૦. શુભ-અશુભભાવ એ સંયોગીભાવ છે. આહા..હા..! કેમકે સંયોગી દ્રવ્યના વશે ઉત્પન્ન થયો છે, પોતાના ભગવાનના આશ્રયે ઉત્પન્ન નથી થયો. સ્વભાવના આશ્રયે વિકાર કદી ઉત્પન્ન થતો નથી. ન્યાય સમજાય છે? આ 'નિ' ધાતુ છે ન્યાય. જે વસ્તુનું સ્વરૂપ છે તે તરફ જ્ઞાનને લઈ જાય એનું નામ જ્ઞાન. આહા..હા..! 'નિ' ધાતુ છેને? લઈ જવું, દોરી જવું. જેવું સ્વરૂપ છે તે તરફ લઈ જવું એનું નામ ન્યાય. આહા..હા..! આ તમારા વકીલાતના ન્યાયની વાત નથી. કોર્ટમાં ઓલા કાયદા કર્યા હોય સરકારે એ દીધે રાખે વકીલો. આ તો ભગવાનના કાયદા છે. આહા..હા..! ભગવાનની કોર્ટ છે, પ્રભુ! શું કહીએ? આહા..હા..! પંચમ આરામાં ભરતમાં ભગવાનના વિરહ પડ્યા. આહા..હા..! એમ કેવળજ્ઞાનની ઉત્પત્તિવાળા જીવ રહ્યા નહિ. આહા..હા..! ભગવાનની વાણી રહી. સમજાણું કાંઈ? વાણીમાં આ પોકાર છે. બેસે, ન બેસે જગત સ્વતંત્ર છે. આહા..હા..!

ભગવાન છે આત્મા તો. દરેક આત્મા ભગવાનસ્વરૂપે છે. આજે સવારે આવ્યું હતું. શું પેલું? યોગસાર. દરેક આત્મા શુદ્ધ ભગવાન શુદ્ધ જે છે એ આત્મા. રાગાદિ છે એ તો આસ્રવ છે, એ કાંઈ આત્મા નથી. ભાવબંધ કહો કે આસ્રવ કહો. કર્મ આદિ છે એ અજીવ છે. તો અજીવ ભિન્ન છે, આસ્રવ ભિન્ન છે, નહિતર નવ રહેતા નથી. તો આસ્રવથી ભિન્ન જ્ઞાયક ભગવાન શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે. દરેક આત્મા ભગવાનસ્વરૂપે છે. આહા..હા..! યોગસારમાં આવ્યું હતું. શું શબ્દ હતો?

**શ્રોતા :-** સર્વ જીવ છે જ્ઞાનમય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, સર્વ જીવ છે જ્ઞાનમય એ પણ નહિ. એ તો સામાયિકની વ્યાખ્યામાં આવ્યું. આ તો સર્વ આત્મા આદરણીય છે એમ આવ્યું હતું. ભગવાનસ્વરૂપ છે શુદ્ધ ચિદાનંદ. ભગ નામ જ્ઞાન અને આનંદની લક્ષ્મી, વાન નામ સ્વરૂપ છે એનું. આહા..હા..! ભગ-વાન. રાડ પાડે કે અરે..! અમે ભગવાન? અરે..! પ્રભુ સાંભળ તો ખરો, નાથ! તારી ભગવાનની અરિહંતની પર્યાય ઉત્પન્ન ક્યાંથી થશે? એ ભગવાન સ્વભાવમાંથી ઉત્પન્ન થશે, બહારથી નહિ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનસ્વરૂપી પ્રભુ સર્વ જીવ આદરણીય છે, સાધર્મી છે. દ્રવ્ય તરીકે તો પરમાત્મા

સાધર્મી બધા છે. આહા..હા..! '**सत्त्वेषु मैत्री**'. ન આવ્યું? આવે છેને. '**गुणषु प्रमोदं**'. સર્વ આત્માઓ ભગવાન છે, ભાઈ! આહા..હા..! નારકી ને મનુષ્ય એ બધા તો કર્મના નિમિત્તના ઉપાધિના બોલ છે, સ્વરૂપમાં એ છે નહિ.

તો અહીં કહે છે... આહા..હા..! એક ભગવાન આત્માનો સ્વભાવ એ કર્તા-ભોક્તા રાગાદિનો છે નહિ. રાગાદિનો સ્વભાવ તો નાના દ્રવ્યનો સ્વભાવ છે. અનેક દ્રવ્ય એટલે બીજા દ્રવ્યના સંયોગે ઉત્પન્ન થયેલા નાના દ્રવ્યનો સ્વભાવ એને કહે છે. આહા..હા..! છે? '**નાના દ્રવ્યોના સ્વભાવ હોવાથી,...**' તેથી, આ કારણે '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવા જ્ઞાનીને તેમનો નિષેધ છે.**' આહા..હા..! હવે જ્ઞાની કોને કહેવા એનો ખુલાસો કર્યો. સમજાણું કાંઈ? આ બધાયમાં રાગ નથી જ્ઞાનીને. તો જ્ઞાની કેવા છે? જ્ઞાની કોને કહીએ? સમજાણું કાંઈ? કે '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ...**' ત્રિકાળી જ્ઞાયકભાવ. આહા..હા..! ચૈતન્યરસ, જ્ઞાયકરસ, ચિદ્રૂપો અહં. એકલો ચૈતન્યપુંજ એવો એક જ્ઞાયકભાવ. જુઓ, ભેદ પણ નહિ. આહા..હા..! એક જ્ઞાયકભાવ. છઠ્ઠી ગાથામાં કહ્યુંને?

**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**
**एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव।।**

ભગવાન કુંદકુંદાચાર્ય (કહે છે), આત્મા જ્ઞાયક કોને કહીએ? કે જેમાં પ્રમત્ત-અપ્રમત્તની પર્યાય નથી. આહા..હા..! કહો, ચંદુભાઈ! આ જ્ઞાયકભાવની વ્યાખ્યા ચાલે છે. પ્રમત્ત-અપ્રમત્તની પર્યાય તો ભેદ છે. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' એકરૂપ જ્ઞાયકભાવ છે તેને આત્મા કહીએ. આહા..હા..! અરેરે..! આવી વાતું બાપુ! વીતરાગના ઘરની સાંભળવા મળવી મુશ્કેલ પડે, ભાઈ! આહા..હા..!

કહે છે '**આ બધાયમાં જ્ઞાનીને રાગ નથી;...**' કેમ? '**કારણ કે તેઓ બધાય નાના દ્રવ્યોના સ્વભાવ હોવાથી,...**' તેથી એક દ્રવ્ય સ્વભાવવાળાને નાના દ્રવ્યના સ્વભાવમાં પ્રેમ હોતો નથી. સમજાણું કાંઈ? નવરંગભાઈ! આવી વાતું છે, પ્રભુ! આકરી તો પડે, ભાઈ! શું થાય? માર્ગ તો આ છે ભાઈ! 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' આહા..હા..! માર્ગ તો આ છે. તેથી આ કારણે. ક્યા કારણે? '**બધાયમાં જ્ઞાનીને રાગ નથી; કારણ કે તેઓ બધાય નાના દ્રવ્યનો સ્વભાવ હોવાથી,...**' એક દ્રવ્યનો સ્વભાવ નથી, જીવનો સ્વભાવ નથી એ. આહા..હા..! તેથી '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવા જ્ઞાનીને તેમનો નિષેધ છે.**' આહા..હા..! ગાથા તે ગાથા છેને. એક-એક ગાથામાં સમયસાર, આખો સાર ભરી દીધો છે. એક-એક ગાથા. એવી ૪૧૫ ગાથા. અજોડ ચક્ષુ સમયસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સંસારસંબંધી રાગદ્વેષાદિ કર્તાભાવ કે શરીરસંબંધી ભોક્તાનો ભાવ, એ બધાયમાં જ્ઞાનીને રાગદ્વેષમોહ નથી અથવા એ બધાયમાં જ્ઞાનીને રાગ નથી. આહા..હા..! પ્રેમ નથી. આહા..હા..! જેને જ્ઞાયક આત્માનો પ્રેમ થયો... આહા..હા..! એને રાગનો પ્રેમ ન રહે. એક મ્યાનમાં બે તલવાર રહે નહિ. જેને

રાગનો પ્રેમ છે તેને જ્ઞાયકભાવ પ્રત્યે દ્વેષ છે. આહા..હા..! અરોચક ભાવ. સમજાણું કાંઈ? આહા..હા..! અને જેને રોચક આત્મા જ્ઞાયકભાવ રુચ્યો, તેને રાગનો પ્રેમ રુચતો નથી. સમજાણું કાંઈ? આ વાત છે, ભાઈ! બીજી રીતે કહીએ તો જ્ઞાયકભાવમાં રાગનો અભાવ છે.

**શ્રોતા** :- ક્યારે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અત્યારે ત્રિકાળમાં. રાગ તો આસ્રવ છે. આસ્રવ જ્ઞાયકભાવ છે? તો નવ તત્ત્વ ભિન્ન કેમ રહેશે? આહા..હા..! કહ્યુંને ત્યાં, છઠ્ઠી ગાથામાં કહ્યું નહિ? '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' એમાં ખુલાસો એમ કર્યો જયચંદ્રપંડિતે અને ટીકાકારે, કે શુભાશુભભાવરૂપ જ્ઞાયક થઈ જાય તો જડ થઈ જાય. છે એમાં? કેમકે શુભાશુભભાવ છે એ જ્ઞાનસ્વભાવથી રિક્ત છે, ખાલી છે. આહા..હા..! કેમકે રાગ છે પોતાને જાણતો નથી, રાગ છે એ જ્ઞાયક સાથે છે એને જાણતો નથી અને રાગ છે એ બીજા દ્વારા જાણવામાં આવે છે. તેથી રાગને અચેતન અને અજીવ કહેવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો એક જ્ઞાયકભાવ. આહા..હા..! જોયું! જ્ઞાયકભાવ સ્વભાવવાળો. છે? સામે પુસ્તક તેથી રાખ્યું છે બાપા! કઈ લીટીનો કયો ભાવ છે એ એણે જાણવું પડેને, ભાઈ! સંસારના ચોપડા મેળવે છે કે નહિ? તો આ ભગવાન શું કહે છે, બાપુ! આહા..હા..!

**શ્રોતા** :- બીજાને ઉકેલતા ન આવડે..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉકેલતા ન આવડે.. કીધુંને, કેવળજ્ઞાન લેતા આવડે એવી શક્તિ છે એમાં.

**શ્રોતા** :- શક્તિ તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બસ, શક્તિ છે અને સાથે પ્રગટ કરવાની તાકાત છે. અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લીધું છે કેટલાય જીવે. આહા..હા..! નિગોદમાંથી નીકળીને એકાદ ભવ કરીને જ્યાં મનુષ્ય થયો, અંતર્મુહૂર્તમાં સમ્યક્ પામ્યો, કેવળ પામ્યો અને દેહ છૂટી ગયો. આહા..હા..! પણ એવી તાકાત છે કે નહિ?

**શ્રોતા** :- મર્યાદા થોડી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પોતે જવાની તાકાત છે. આહા..હા..! સ્વયંમાં તાકાત એવી છે. સર્વજ્ઞ સ્વભાવ પોતાનો છે, અતીન્દ્રિય આનંદ પોતાનો છે. છે એને એન્લાર્જ કરવાનો છે. શક્તિરૂપે છે એને વ્યક્તરૂપે કરવાનો છે, બસ. આહા..હા..! દેવીલાલજી!

**શ્રોતા** :- તો એનો મંત્ર શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ કહે છેને, અંતરમાં એકાગ્ર થવું એ. એ કહે છે અહીંયાં જુઓ,

'ટંકોત્કીર્ણ...' ટાંકણાથી ઘડેલો શુદ્ધ ધ્રુવ ચૈતન્ય ભગવાન એક જ્ઞાયકભાવ એ દૃષ્ટિમાં લેવો, અનુભવમાં લેવો એ એનો ઉપાય છે. આવું છે પ્રભુ! શું થાય? અંનત જિનવરદેવો તીર્થંકરો (આમ કહે છે). (ત્રિકાળમાં) ત્રિકાળ જ્ઞાતા-દૃષ્ટાનો કદી વિરહ નથી થતો. શું કહ્યું? ત્રિકાળમાં ત્રિકાળના જ્ઞાતાનો વિરહ નથી. ભૂતકાળમાં પણ ત્રિકાળનો જ્ઞાતા છે, વર્તમાનમાં પણ છે અને ભવિષ્યમાં પણ છે. આહા..હા..! વર્તમાન તો બિરાજે છે ભગવાન. લાખો કેવળીઓ બિરાજે છે. વીસ તીર્થંકર વિહરમાન

વિદ્યમાન સાક્ષાત્ ભગવાન છે. ત્રિકાળમાં ત્રિકાળના જ્ઞાતાનો જગતમાં કદી વિરહ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ત્રિકાળમાં ત્રિકાળના સાધકજીવનો પણ વિરહ થતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અરેરે..! આવું શું પણ આ? આવો માર્ગ કઈ જાતનો? અરે..! ભગવાન! માર્ગ તો પ્રભુ તારો એવો છે, ભાઈ! આહા..! એ કહ્યું.

**'ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ...'** ભાષા જુઓ, ભેદ પણ નહિ. જેની દૃષ્ટિમાં એકલો જ્ઞાયકભાવ જ તરવરે છે. પર્યાય છે એ જાણવા માટે છે અને આદરવા માટે આ ભાવ છે. સમજાણું કાંઈ? અગિયારમી ગાથામાં કહ્યુંને? જૈનશાસનનો પ્રાણ છે સમયસારની ૧૧મી ગાથા. **'ववहारोऽभूदत्थो'** પર્યાયમાત્ર અસત્ય છે. અસત્યનો અર્થ? પર્યાય નથી એમ નહિ. પર્યાય નથી એ તો વેદાંત થઈ જાય. આહા..હા..! વેદાંત પર્યાયને માનતા નથી, એકલા દ્રવ્યને માને છે. સમજાણું કાંઈ? પર્યાય અભૂતાર્થ છે, વ્યવહાર અભૂતાર્થ છે, એ ત્યાં ગૌણ કરીને તેને અભૂતાર્થ કહ્યું અને ભૂતાર્થ ત્રિકાળી ભગવાન **'भूदत्थो देसिदो दु सुद्धणओ।'** આહા..હા..! ત્રિકાળી વસ્તુને શુદ્ધનય કહી ત્યાં તો. નય અને નયના વિષયનો ભેદ પણ કાઢી નાખ્યો. સમજાણું કાંઈ? નય તો જ્ઞાનનો અંશ છે. વસ્તુ ભિન્ન છે, પણ નિશ્ચયમાં ૧૧મી ગાથામાં પહેલાં પદમાં વ્યવહાર અભૂતાર્થ છે, પર્યાય અને રાગમાત્ર બધી ચીજ અસત્ય છે. અસત્યનો અર્થ? ગૌણ કરીને અસત્ય કહ્યું છે, અભાવ કરીને અસત્ય કહ્યું છે એમ નથી. અભાવ કરીને અસત્ય હોય તો પર્યાયનો નાશ થઈ જાય. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનનું પ્રયોજન સિદ્ધ કરવા માટે પર્યાયમાત્રને અભૂતાર્થ ગૌણ કરીને કહી. **'भूदत्थो देसिदो दु सुद्धणओ।'** ભગવાનનો પોકાર છે કેવળીનો અને કુંદકુંદાચાર્યનો. સંતો કેવળીના માર્ગના આડતિયા છે એ તો, માર્ગ આ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'भूदत्थो देसिदो'** ભૂતાર્થ ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... ભગવાન આત્મા એ શુદ્ધનય છે. એ શુદ્ધનય છે એમ કહ્યું. **'भूदत्थो देसिदो दु सुद्धणओ।'** બીજું પદ છે ૧૧મીનું. પછી કહ્યું જરી **'भूदत्थमस्सिदो खलु'** જે ભૂતાર્થ આ જ્ઞાયકભાવ. એક જ્ઞાયકસ્વભાવવાળો જે ત્રિકાળભાવ એક ભાવ ભૂતાર્થભાવ છે. **'भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो'** એ ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દૃષ્ટિ થાય છે. આહા..હા..! જૈનદર્શનનો પ્રાણ. વીતરાગ, અનંત તીર્થંકરો, અનંત જિનવરો... આહા..હા..! એના એ પ્રાણ છે. એના જીવનનું જીવન આ છે. આહા..હા..! **'भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो'** આ.

**'એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવા જ્ઞાનીને તેમનો નિષેધ છે.'** એનો જેણે આશ્રય લીધો એને રાગાદિના કર્તા-ભોક્તાનો નિષેધ છે. કહો, ચંદુભાઈ! ભાષા તો આ પડી છે, ટીકા પડી છે. અમૃતચંદ્રાચાર્યે.. આહા..હા..! અમૃત રેડ્યા છે. અરે..! પ્રભુ! તારા હિતની વાત છે, બાપુ! આહા..હા..!

**શ્રોતા :-** સાત તત્ત્વની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહે છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાત તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા નહિ, નવ તત્ત્વની અભેદ શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે. એક વચન છે ત્યાં. તત્ત્વાર્થસૂત્રમાં જીવ, અજીવ, આસ્રવ એક વચન છે, ભેદ નહિ. એક વચન જ્યાં હોય ત્યાં સ્વભાવનો આશ્રય થયો. આહા..હા..! એમાં સંવર-નિર્જરાની શ્રદ્ધા આવી ગઈ.

કેમકે નિશ્ચયથી તો.. જરી સૂક્ષ્મ વાત છે, ભાઈ! જ્ઞાયકભાવ એક છે એના જ્યાં શ્રદ્ધાજ્ઞાન થયા એમાં આ પર્યાય નથી એનું જ્ઞાન એમાં આવી જાય છે. આહા..હા..! સ્યાત્ અસ્તિ, સ્યાત્ નાસ્તિ છેને? સપ્તભંગી જૈનદર્શનનો મૂળ પ્રાણ. જૈનદર્શન એ જ દર્શન છે, બીજા દર્શન જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :–** એના પેટાભેદ છે આ બધા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ દિગંબર જૈનદર્શન એ દર્શન, બીજું કોઈ જૈનદર્શન છે નહિ. આ શ્વેતાંબર અને સ્થાનકવાસી એ જૈનદર્શન છે જ નહિ. મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધું છે ટોડરમલે કે અન્યમત છે એ તો. કામાણી! આ બધા શેઠિયા કહેવાય છે સ્થાનકવાસીના. આ શેઠ. આહા..હા..! એય..! પોપટભાઈ! લ્યો, એ તો કરોડપતિ શેઠિયા કહેવાય. ધૂળમાંય નથી કરોડપતિ. આત્મામાં ક્યાં હતા?

**શ્રોતા :–** અનેકાંત જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નથી એ અનેકાંત, એમ. આત્મા ભગવાન જ્ઞાયકભાવે છે અને રાગાદિ પરભાવે નથી. આહા..હા..! આવી વાત છે. ઓહોહો..! શું પણ કુંદકુંદાચાર્યની ગાથા! અને અમૃતચંદ્રાચાર્યની ટીકા! એક ગાથાએ કમાલ કરી નાખી છે. આહા..હા..! અરે..! એને ભાઈ સાંભળવા મળે નહિ, પ્રભુ! તારી સત્યની રીત અને પદ્ધતિ... આહા..હા..! સમજાણું કાંઈ?

**‘એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે...’** આહા..હા..! જ્ઞાની કેવા હોય છે? કે **‘એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવા જ્ઞાનીને...’** રાગભાવવાળા જ્ઞાની અને વ્યવહારરત્નત્રય રાગ છે એ વાળા જ્ઞાની એમ અહીંયાં નથી કહેતા. ઝીણી વાત, બાપુ! નિશ્ચય અને વ્યવહારનો વિષય તો વિરુદ્ધ છે. નિશ્ચય અને વ્યવહાર બે નય છેને? જો બે નય એકસરખી હોય તો બે નય પડે નહિ. નિશ્ચય અને વ્યવહાર બેયમાં વિરોધ છે. તો જે નિશ્ચય સ્વીકારે છે એ વ્યવહારને સ્વીકારતો નથી અને એકલો વ્યવહારનો જે સ્વીકાર કરે છે એને નિશ્ચયનો સ્વીકાર નથી. જ્ઞાનીને નિશ્ચયનો સ્વીકાર છે અને વ્યવહારનો જ્ઞાતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે.

તેથી કહ્યુંને કે જ્ઞાની **‘એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવા જ્ઞાનીને...’** એને જ્ઞાની કહીએ અને એ જ્ઞાનીનો એક જ્ઞાયકસ્વભાવ જેનું જ્ઞાન છે એક. આહા..હા..! ન્યાયથી, લોજિકથી, યુક્તિથી તો વાત કરે છે. હવે બેસવું, ન બેસવું એ તો કોઈ કાંઈ બેસાડી દે એવું છે? તીર્થંકરથી કાંઈ એ વાત બેસે એવી છે? આહા..હા..! બે વાત કરી. **‘ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે...’** એ અસ્તિ થઈ. **‘એવા જ્ઞાનીને તેમનો નિષેધ છે.’**

**શ્રોતા :–** અહીંયાં રાગ શબ્દ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ નિષેધ રાગનો આવ્યુંને પહેલાં. પહેલાં આવી ગયુંને.

**‘જેટલા શરીરસંબંધી...’ ‘તેટલા તો રાગદ્વેષમોહાદિક છે.’** છેને? બંધના નિમિત્ત એ રાગદ્વેષાદિ અને ઉપભોગના નિમિત્ત એ સુખ-દુઃખાદિ. એની અહીં વાત છે. આહા..હા..! શું કહે છે?

**શ્રોતા :–** નીચે નથી આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમાં આવ્યુંને, આમાં શું આવ્યું? પહેલાં આવ્યું એનો સંકેત કર્યો છે. એ વાંચ્યા નથી કોઈ દિ' શાસ્ત્ર. બીડીયું કરી કરીને થોથાં કર્યા છે. શેઠ! ૬૦ મોટરું ઘરે અને બે કરોડ, ત્રણ કરોડ રૂપિયા કેટલા. એક જણો તો અમારી પાસે એમ કહેતો હતો તમારું કે સાત-આઠ કરોડ છે. ભાઈ હશે કીધું, આપણને કાંઈ ખબર પડતી નથી. એ કોઈ માણસ વાત કરે તમારી બહારની આબરૂને લઈને. હવે એમાં ધૂળમાંય કાંઈ નથી.

**શ્રોતા :–** ધૂળમાં ધૂળ તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળનો ભોગ નથી કોઈને ત્રણકાળમાં. સ્ત્રીના શરીરનો ભોગ જીવને ત્રણકાળમાં અજ્ઞાનીને પણ નથી. આત્મા અરૂપી ભગવાન એ રૂપીને કેમ ભોગવે? મકાનને ભોગવે નહિ, સ્ત્રીના શરીરને ભોગવે નહિ, એ તો જડ અજીવ છે, ફક્ત તે તરફનું લક્ષ કરીને આ ઠીક છે એવો રાગ કરીને રાગનો ભોક્તા છે એ. આ આવ્યુંને. જ્ઞાની એનો ભોક્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જડ શું? આ તો જડ છે. માટી છે. અજીવતત્ત્વ છે એ તો ધૂળ છે. અને પુણ્ય-પાપનો ભાવ તો રાગ છે, વિકાર છે. એને ભોગવે છે અજ્ઞાની. અજ્ઞાની એનો ભોક્તા છે, પરને નહિ. શરીર, વાણીને નહિ.

**શ્રોતા :–** પોતાના માને છે માટે ભોક્તા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ માને છેને, તેથી એનો ભોક્તા છેને. તેથી એનો કર્તા છે. જ્ઞાની એનો કર્તા-ભોક્તા છે નહિ. એ વાત તો ચાલે છે. આહા..હા..! મોટા મકાનમાં બેઠા હોય આમ ઓહોહો..! છ લાખનું મકાન છે એને રહેવાનું. શેઠને. આ શેઠને પણ એના ભાઈને મોટા છે. મોટું ઊંડું-ઊંડું મકાન છે. ગયા હતાને. આવ્યા હતાને ઘરે. મકાન પાંચ-સાત લાખનું. પૈસાવાળા માણસ ધૂળવાળા. પૈસા એટલે ધૂળ. એય..! શેઠ! અહીં તો પૈસા ઉપર ડાંગ પડે છે.

**શ્રોતા :–** પૈસા વધતા જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો વધે ન વધે એને ઘરે. અહીં ક્યાં વધતા હતા? આહા..હા..! એ લાકડીનું કહે છે એનો ખુલાસો કરી દીધો હતો. આ લાકડી છેને. લાકડી ફરે તો ત્યાંના માણસને પૈસા થઈ જાય એમ કહે છે. ધૂળેય નથી લાકડીમાં. આ તો લાકડી તો હાથમાં પરસેવો થાય તો શાસ્ત્રને અડાય નહિ. એ કારણે લાકડી હાથમાં રાખીએ છીએ. પ્લાસ્ટિકની છે. આ અમારા ચંદુભાઈ લાવ્યા હતા. પહેલી સુખડની હતી સુખડ. એ કોઈ લઈ ગયું કે એમાં કાંઈક છે. ધૂળેય નથી એમાં. લાકડીમાં શું છે ધૂળ? આત્મામાં છે એની અહીં વાત ચાલે છે. ચૈતન્યચમત્કાર આનંદનો નાથ ભગવાન અનંત ઈશ્વર શક્તિનો ખજાનો. પ્રભુત્વશક્તિ છેને. જરી સૂક્ષ્મ છે. પ્રભુત્વ નામનો ગુણ છે એમાં. ૪૭ શક્તિનું વર્ણન ચાલ્યું છે. આ તો ૪૨ વર્ષથી બધું ચાલ્યું છે. એક પ્રભુત્વશક્તિ છે આત્મામાં. ૪૭ શક્તિ છે પાછળ. તો એ પ્રભુત્વશક્તિ, ઈશ્વરશક્તિનું એક એક ગુણમાં રૂપ છે એનું. એ શું? જેમ જ્ઞાન છે અને કર્તાગુણ છે. તો કર્તા ગુણ એ જ્ઞાન ગુણમાં એ કર્તાગુણ નથી, પણ જ્ઞાનમાં કર્તાનું રૂપ છે. કર્તાપણું સ્વતંત્ર એમાં શક્તિ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! એ પંચાધ્યાયીમાં વિસ્તાર કર્યો છે બધો. ચિદ્‌વિલાસમાં

કર્યો છે દીપચંદજીએ. દીપચંદજી સાધર્મી થઈ ગયાને. અનુભવપ્રકાશ. એમ અહીં તો ઈશ્વરતા સિદ્ધ કરવી છે આ જ્ઞાયકભાવમાં. એક જ્ઞાયકભાવ છે એમાં ઈશ્વર શક્તિ નથી અંદર, પણ ઈશ્વર શક્તિનું રૂપ છે. એ જ્ઞાયકપણું પોતાથી ઈશ્વર છે. ચિદ્‌વિલાસમાં છે. ઝીણું પડે, બાપુ! આ તો અધ્યાત્મની વાતું છે, બાપા! આહા..હા..!

એમ એક-એક ગુણમાં ઈશ્વર શક્તિ—ઈશ્વરનું રૂપ છે. દર્શનમાં ઈશ્વર રૂપ, ચારિત્રમાં ઈશ્વર રૂપ, ત્રિકાળી ગુણમાં. અનંત ગુણ સંખ્યાએ છે. આહા..હા..! આકાશના જેટલા પ્રદેશો છે એનાથી અનંતગુણા એક આત્મામાં સંખ્યાએ ગુણ છે. આહા..હા..! આકાશ કોને કહીએ? સર્વવ્યાપક. ક્યાંય અંત નથી. અંત છે? પછી શું? પછી શું? પછી શું? અનંત... અનંત... અનંત... આકાશનો અંત નથી. એમાં એક પોઈન્ટ રાખો પરમાણુ એને પ્રદેશ કહીએ. એવા જે પ્રદેશ અનંત સંખ્યાએ, એનાથી એક ભગવાન આત્મામાં અનંતગુણી સંખ્યા જેના ગુણની છે. આહા..હા..! એ એક-એક ગુણમાં બીજા ગુણનું રૂપ છે. આહા..હા..! એવો ભગવાન બાદશાહ. ભાઈ! એને ખબર નથી. એની મોટપની, મહિમાની એને ખબર નથી અને બહારની મહિમાએ ચડી ગયો. રાગની મહિમા, ધૂળની મહિમા, પૈસાની મહિમા, બાયડી જરી મળે ઠીક. એમાં ધૂળમાંય નથી ક્યાંય મહિમા, સાંભળને. આહા..હા..!

**શ્રોતા :–** એવા એક-એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનંત ગુણનું રૂપ છે. આહા..હા..! ઘણીવાર કહેવાઈ ગયું છે આપણે. આ કાંઈ નવું નથી. અહીં તો ૪૨ વર્ષથી ચાલે છે. આહા..હા..! એવા એક-એક ગુણમાં અનંતગુણનું રૂપ છે, એવા અનંતગુણમાં અનંતગુણનું રૂપ. આહા..હા..! એવો જે ભગવાન જ્ઞાયકસ્વભાવ. આહા..હા..! એ જ્ઞાનીનો તો એ સ્વભાવ છે એમ કહે છે. '**એક જ્ઞાયકસ્વભાવ જેનો સ્વભાવ છે એવા જ્ઞાનીને...**' આહા..હા..! રાગવાળો જ્ઞાની કે પુણ્યવાળો જ્ઞાની, પૈસાવાળો એ નહિ. ધૂળમાંય નથી ત્યાં.

**શ્રોતા :–** .. છે નહિ એમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વસ્તુમાં ક્યાં છે? વસ્તુમાં રાગ પણ નથી. રાગની નાસ્તિ (છે) તો પૈસા તો ધૂળ અજીવ છે, એ અજીવની નાસ્તિ. રાગ આસ્રવની નાસ્તિ, પૈસા અજીવ એની નાસ્તિ. આહા..હા..! એક દ્રવ્યમાં અનંત દ્રવ્યની બીજાની નાસ્તિ. પોતાની અસ્તિ, અનંતની નાસ્તિ. આહા..હા..! અરે..! આવડો આત્મા એને ક્યાં..? એ કહે છે કે જ્ઞાનીને એવો જ્ઞાયકસ્વભાવ જેનો સ્વભાવ છે એ જ્ઞાની. આહા..હા..! સમજાણું કાંઈ? એને એનો નિષેધ છે. રાગનું કરવાપણું પણ નથી અને રાગનું ભોગવાપણું પણ જ્ઞાનીને નથી. આહા..હા..! એ તો જ્ઞાતા-દ્રષ્ટા છે. ચાહે દુનિયામાં હો, ગમે તે હો. ધર્મી તો જાણનાર જ્ઞાતા-દ્રષ્ટા છે. આહા..હા..! છે કે નહિ અંદર? આ રીતે વાંચતા પણ આવડ્યું નહિ હોય ત્યાં તમારા પૈસામાં. આ તો ટીકામાં છેને. અમૃતચંદ્રાચાર્યની ટીકા છે.

**શ્રોતા :–** આ જગતમાં સમજાવનારા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** લીટી તો પાંચ છે. લીટીને શું કહે છે? પંક્તિ. પંક્તિ તો પાંચ છે.

આહા..હા..!

'**એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવા જ્ઞાનીને...**' આહા..હા..! ધર્મી તો એક જ્ઞાયકસ્વભાવવાળો ધર્મી છે. આહા..હા..! '**તેમનો નિષેધ છે.**' એ કર્તા-ભોક્તાનો રાગાદિ, સંસારસંબંધી રાગાદિ, શરીરસંબંધી ભોક્તા આદિ એનો નિષેધ છે. આહા..હા..! 'કરે કર્મ સો હી કરતારા, જો જાણે સો જાણનહારા; જાણે સો કર્તા નહી હોઈ, કર્તા સો જાણે નહિ કોઈ.' બનારસીદાસ. મૂળ શ્લોક છે અમૃતચંદ્રાચાર્યનો સમયસારમાં. 'કરે કર્મ સો હી કરતારા...' રાગ કરે તે કર્તા અજ્ઞાની છે. 'કરે કર્મ સો હી કરતારા, જો જાણે સો જાણનહારા.' જ્ઞાની તો જાણનહારા. જાણે. હો, રાગ હો. એ તો જ્ઞેય (છે), વ્યવહારે મારું જ્ઞેય છે. આહા..હા..! નિશ્ચયથી મારું જ્ઞેય હું છું. જ્ઞેયમાં આ ફેર છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ આવો છે, પ્રભુ! લોકોને તેથી આકરું લાગે છેને. પણ માર્ગ આ છે, ભાઈ! બીજું શું કહીએ? અનંત તીર્થંકરો, અનંત ગણધરો, અનંત સંતો એ આ રીતે પોકાર કરી ગયા છે. સમજાય છે કાંઈ? અને તે પણ એ નહોતું આવ્યું આજે? પાંચ પરમેષ્ઠી સ્વરૂપ તારું જ છે, તારું છે. અરિહંત સ્વરૂપે તું છો, સિદ્ધસ્વરૂપે તું છો, આચાર્ય, ઉપાધ્યાય સ્વરૂપે આત્મા છે. એ આત્માના સ્વરૂપમાં છે. કોઈ રાગના અને પરના સ્વરૂપમાં પાંચ પરમેષ્ઠી નથી. આહા..હા..! સવારે આવ્યું હતું. ભાવાર્થ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ વદ-૯, શુક્રવાર, તા. ૧૪-૦૧-૧૯૭૭, ગાથા-૨૧૭, કળશ-૧૪૮, પ્રવચન નં. ૨૯૨

સમયસાર, ૨૧૭ ગાથા એનો ભાવાર્થ. '**જે અધ્યવસાનના ઉદયો સંસારસંબંધી છે અને બંધનના નિમિત્ત છે...**' રાગ-દ્વેષ-મોહ એનું થવું એ સંસારસંબંધી છે, સંસારસંબંધી છે. '**તેઓ તો રાગ, દ્વેષ, મોહ ઈત્યાદિ છે.**' ત્રણ પ્રકાર લીધા. '**અધ્યવસાનના ઉદયો સંસારસંબંધી છે અને બંધનના નિમિત્ત છે તેઓ તો રાગ, દ્વેષ, મોહ ઈત્યાદિ છે.**' ત્રણ પ્રકાર લીધા. સમજાણું કાંઈ? '**તથા જે અધ્યવસાનના ઉદયો દેહસંબંધી છે...**' ભોગસંબંધી. '**અને ઉપભોગનાં નિમિત્ત છે તેઓ સુખ, દુઃખ ઈત્યાદિ છે.**' એ પણ ત્રણ બોલ લીધા. ઝીણી વાત છે. નિર્જરા અધિકાર છેને.

**શ્રોતા** :- ઓલું કર્તાપણું છે અને આ ભોક્તાપણું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભોક્તાપણું. બેય કીધુંને. સંસાર સંબંધીમાં રાગ-દ્વેષ-મોહનું કરવું, કરવું એ છે. ચાહે તો રાગ પુણ્યનો હોય કે પાપનો હોય પણ કરવું છે એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? રાગ અને દ્વેષ, મોહ શું કહે છે સમજાય છે કાંઈ? અહીં ૨૧૭ ગાથા ચાલે છે. જે અધ્યવસાન ભગવાન આત્મામાં સંસારસંબંધી કર્તાપણાનો ભાવ થાય છે તે બંધનું કારણ છે, એ રાગ, દ્વેષ અને મોહ છે.

**'તથા જે અધ્યવસાનના ઉદયો દેહસંબંધી છે...'** આ શરીરસંબંધી એ ભોગનું કારણ છે. **'ઉપભોગનાં નિમિત્ત છે તેઓ સુખ, દુઃખ ઈત્યાદિ છે.'** આહા..હા..! હવે એનો સિદ્ધાંત સિદ્ધ કરે છે. **'તે બધાય (અધ્યવસાનના ઉદયો), નાના દ્રવ્યોના સ્વભાવ છે;...'** શું કહે છે? સંસાર સંબંધી પુણ્ય, પાપ અને મિથ્યાત્વનો ભાવ એ બંધનું કારણ છે અને ભોગસંબંધી, શરીરસંબંધી અધ્યવસાન એ ભોક્તાપણાનો ભાવ એ સુખ-દુઃખ છે. આહા..હા..! **'તે બધાય નાના દ્રવ્યોના સ્વભાવ છે;...'** નાના નામ એક દ્રવ્યનો એ સ્વભાવ ન થયો. રાગ-દ્વેષ-મોહ અને સુખ-દુઃખના ભાવ. સુખ-દુઃખ આ સંસારી સંબંધી હોં! આત્માના સુખની વાત નથી આ. એ ભાવ આત્મા અને કર્મના બે સંયોગે ઉત્પન્ન થાય છે. એ કારણે વિકારીભાવ કર્તાપણાનો હોય કે ભોક્તાપણાનો હોય એ વ્યભિચારીભાવ છે. જેમ મૈથુનમાં બેના સંયોગથી ભાવ થાય છે, એમ વિકારી કર્તાપણા અને ભોક્તાનો ભાવ એક જીવ અને કર્મનું નિમિત્ત બેના સંબંધથી થાય છે. સમજાણું કાંઈ? નિર્જરા અધિકાર છે ૨૦૩. ત્યાં વ્યભિચારીભાવ કહ્યા છે. એ આ કહ્યું. બે સંયોગ થયોને. આહા..હા..!

એક ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વભાવી પ્રભુ, એને આશ્રયે થાય એ તો નિર્મળ વીતરાગી પર્યાય થાય છે. એમાં કોઈ કર્મના નિમિત્તના વશે ઉત્પન્ન થઈ એમ નથી. નિમિત્તના વશે હોં, નિમિત્તથી નહિ. એમાં મોટો ફેર છે. કર્મના નિમિત્તના વશે ઉત્પન્ન થયું એ વ્યભિચારભાવ છે. આહા..હા..! અને ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ પ્રભુ, એના વશે ઉત્પન્ન થયો એ અવ્યભિચારી મોક્ષના માર્ગના પરિણામ છે. સમજાણું કાંઈ? આવું ઝીણું પડે માણસને એટલે.. આહા..હા..!

અહીં તો વ્યવહારરત્નત્રયનો ભાવ પણ કર્તાબુદ્ધિથી થાય છે તો એ બંધભાવ છે એમ કહે છે. આહા..હા..! વ્યવહાર એ શુભરાગ છે. એ રાગનું કર્તાપણું એ સંસારસંબંધી બંધનનો ભાવ છે. આહા..હા..! અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર શુદ્ધ પવિત્ર ભગવાન આત્મા એના અવલંબને, આશ્રયે જે ઉત્પન્ન થાય છે એ અવ્યભિચારી એક દ્રવ્યનો સ્વભાવ છે. એ પુણ્ય-પાપમાં આવી ગયું છે. પુણ્ય-પાપમાં ભાઈ શ્લોક આવી ગયો છે. 'वृत्तं'. એક દ્રવ્યનો સ્વભાવ હોવાથી તે શુદ્ધ, પવિત્ર છે. બે દ્રવ્યનો સ્વભાવ હોવાથી બંધનું કારણ છે. બે શ્લોક આવી ગયા છે. 'वृत्तं'. 'वृत्तं' શબ્દ છેને બે શ્લોકમાં. પુણ્ય-પાપમાં છે. ભાવ યાદ રહી જાય. ક્યા શ્લોકમાં એ યાદ બધું કાંઈ રહે છે? એવી શક્તિ કે ક્ષયોપશમની યોગ્યતા નથી. ભાવ છે એ યાદ રહે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપમાં છે.

**શ્રોતા :-** ૧૦૬ અને ૧૦૭.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ. 'वृत्तं'.

એક દ્રવ્ય ચૈતન્ય ભગવાન શુદ્ધ આનંદકંદ પ્રભુ, એના વશે, આશ્રયે, અવલંબને જે ભાવ ઉત્પન્ન થાય એ ભાવ અવ્યભિચારી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, એ મોક્ષનો માર્ગ છે. આહા..હા..! અને કર્મના નિમિત્તને એક દ્રવ્ય વશ થઈને, તાબે થઈને જે ઉત્પન્ન થયા એ વ્યભિચારીભાવ બંધનું કારણ છે. આહા..હા..! વ્યવહારનય પરાશ્રિત છે અને નિશ્ચયનય સ્વાશ્રિત છે. એ સિદ્ધાંત છે. તો અહીંયાં પરાશ્રિતભાવ છે એ બંધનું કારણ છે. કેમકે વ્યવહાર છે. આહા..હા..! કેમકે બે નયનો વિષય વિષમ છે.

બેને વિરોધ છે. વિરોધ્વંસિની આહા..હા..! આવે છેને શબ્દ? વ્યવહાર અને નિશ્ચય બે નયનો વિષય ભિન્ન-ભિન્ન છે. આહા..હા..! નિશ્ચયનો વિષય ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાયકસ્વભાવથી ભરેલો, એના આશ્રયે સમ્યગ્દર્શન (થાય છે). કહ્યું ને? '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' ૧૧મી ગાથા. આહા..હા..! ચારે બાજુથી જુઓ તો પૂર્વાપર વિરોધરહિત સિદ્ધાંત છે. આહા..હા..! '**भूदत्थम**' ચૈતન્ય ભગવાન સત્યાર્થ પ્રભુ પરમ જ્ઞાયકભાવ એને આશ્રયે હો '**भूदत्थमस्सिदो**' એ સમ્યગ્દર્શન અને પરાશ્રિતભાવ રાગાદિ થાય તો એ સંસારસંબંધી ઉપભોગસંબંધી હો. કર્તાસંબંધી હો કે ભોક્તાસંબંધી હો—એમ બે વાત લીધી. સમજાણું કાંઈ?

એ પણ આવ્યું--ને. શ્રુત-પરિચિતમાં એ આવ્યું છે. '**सव्वस्स वि कामभोगबंधकहा** '. આહા..હા..! '**श्रुत परिचित अनुभूता**' કહે છે કે કામ નામ રાગ અને કર્તાપણું અને ભોગ નામ ભોક્તાપણું—કામભોગ. કામભોગ એટલે આ વિષય અને ભોગ એ અહીંયા વાત નથી. એ તો સ્થૂળ વાત છે. કામ નામ રાગ અને ભોગ નામ ભોગવવું. રાગ નામ રાગનો કર્તા અને ભોગ નામ ભોક્તા. એ વાત તો તેં અનંતવાર સાંભળી છે, પરિચયમાં તને આવી ગઈ છે. '**श्रुत परिचित अनुभूता**' અને તને અનુભવમાં પણ આવી ગઈ છે. આહા..હા..! '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा**' એ બંધકથા છે. કથા શબ્દે બંધ ભાવ છે વાચ્ય. કથા તો શબ્દ છે, પણ બંધભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स।**' પણ એકત્વસ્વભાવ રાગથી ભિન્ન એ ભાવ તેં કદી સાંભળ્યો નથી. આહા..હા..!

**શ્રોતા** :- સંભળાવનારા મળ્યા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દરકાર કરી નથી એટલે મળ્યા નથી એમ કહે છે. શેઠ! ભગવાન બિરાજે છે. .. ત્યાં કેમ ન જન્મ્યા? બિરાજે છે ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર સાક્ષાત્ મોજૂદ છે. સમજાણું કાંઈ? સંભળાવનારા તો છે જ. સાંભળવાની લાયકાત નથી એટલે ત્યાં ઊપજ્યો નથી. આહા..!

**શ્રોતા** :- કાળલબ્ધિ નથી પાકી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કાળલબ્ધિ, પુરુષાર્થ કરે તો કાળલબ્ધિ પાકે કે એને કારણે પાકે છે? સમજાણું કાંઈ? એ તો મોક્ષમાર્ગમાં કહ્યું છે. એ ચર્ચા તો અમારે ઘણાં વર્ષથી ચાલે છે. પચાસ વર્ષ. ૮૩ની સાલમાં ચર્ચા શેઠ સાથે. હવે આ તમારે પૈસા વધી ગયા. દસ લાખ, વીસ લાખ, પચાસ લાખ, સાંઈઠ લાખ, કરોડ, બે કરોડ. તે દિ' તો દસ લાખ બહુ હતા ૬૦ વર્ષ પહેલાં. દામોદર શેઠ દામનગરવાળા નહિ? એની સાથે ચર્ચા ઘણી ચાલી હતી. ૮૩ની સાલ. ૫૦ વર્ષ થયાં. એ કહે આ શેઠ હમણા બોલ્યા એમ કહેતા હતા. કાળલબ્ધિ પાકે ત્યારે થશે. ૮૩ની વાત છે. ૭૦ ને ૩૩, ૫૦ વર્ષ થયા. કીધું, મોક્ષમાર્ગ પ્રકાશકમાં ટોડરમલજી તો એમ કહે છે, કાળલબ્ધિ અને ભવિતવ્ય કોઈ વસ્તુ નથી. જે સમયે પુરુષાર્થ કરીને પર્યાય પ્રાપ્ત થઈ એ કાળલબ્ધિ. એ કાળ આવ્યો અને ભવિતવ્યતાનો ભાવ આવ્યો. આહા..હા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં છેને ભાઈ! ટોડરમલ. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગપ્રકાશક તો ૮૨ની સાલથી વાંચતા હતા. આ ૮૩માં ચર્ચા થઈ. ૮૨માં. ૮૨. ૫૧ વર્ષ થયા મોક્ષમાર્ગપ્રકાશકને. એણે કહ્યું

કે કાળલબ્ધિ પાકશે ત્યારે થશે. કાળલબ્ધિ શું ચીજ છે? કીધું. ટોડરમલ તો એમ કહે છે કે કાળલબ્ધિ કોઈ વસ્તુ નથી. ઠીક પડેને શેઠ! પ્રશ્ન, મોક્ષનો ઉપાય કાળલબ્ધિ આવતા ભવિતવ્ય અનુસાર બને છે. બધા લેખ છે શાસ્ત્રમાં. આહા..હા..! નવમો અધ્યાય, ૩૧૧ પાનું છે ગુજરાતી. '**પ્રશ્ન :- મોક્ષનો ઉપાય કાળલબ્ધિ આવતાં ભવિતવ્યાનુસાર...**' કે ભવિતવ્યતાનો ભાવના થવાનો કાળ છે તો થાય છે કે '**મોહાદિકનો ઉપશમાદિક થતાં બને છે,...**' કર્મનો ઉપશમ હોય તો બને કે કાળલબ્ધિ હોય તો બને? '**કે પોતાના પુરુષાર્થથી ઉદ્યમ કરતાં બને છે?**'

**શ્રોતા :-** ત્યારે તો ઢુંઢારી ભાષામાં હતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, હવે તો ગુજરાતી થઈ ગઈ. વાત સાચી. ઢુંઢારીમાં હતી. હિન્દી થઈ ગઈ ચાલતી હિન્દી. એમાંથી ગુજરાતી થઈ ગઈ. આ તો ગુજરાતી છે હોં!

કહે છે કે '**મોક્ષનો ઉપાય...**' મોક્ષમાર્ગ એ ઉપાય, મોક્ષ એ ઉપેય. મોક્ષ એ ઉપેય-કાર્ય, ઉપાય એ કારણ. મોક્ષનું કારણ '**કાળલબ્ધિ આવતાં ભવિતવ્યાનુસાર...** ' બને છે '**કે મોહાદિકનો ઉપશમાદિક થતાં બને છે, કે પોતાના પુરુષાર્થથી ઉદ્યમ કરતાં બને છે? તે કહો. જો પહેલાં બે કારણો મળતાં બને છે તો તમે અમને ઉપદેશ શા માટે આપો છો?**' કાળલબ્ધિ આવતા કાળલબ્ધિ અને ભવિતવ્યતાનુસાર થાય છે તો તમે અમને ઉપદેશ શા માટે આપો છો? મોક્ષમાર્ગ પ્રકાશક વાંચ્યું છે કે નહિ કોઈ દિ'? વાંચ્યું છે પણ કાંઈ ભાન ન મળે. પૈસાના ચોપડા વાંચવામાં હુશિયાર. આહા..હા..! સમજાણું કાંઈ? '**બેઉ કારણો મળતાં બને છે તો તમે અમને ઉપદેશ શા માટે આપો છો? તથા જો પુરુષાર્થથી બને છે તો સર્વ ઉપદેશ સાંભળે છે છતાં તેમાં કોઈ ઉપાય કરી શકે છે તથા કોઈ નથી કરી શકતા તેનું શું કારણ?** ' મોક્ષ સાધનમાં પુરુષાર્થની મુખ્યતા. '**એક કાર્ય થવામાં અનેક કારણો મળે છે. મોક્ષનો ઉપાય બને છે ત્યાં તો પૂર્વોક્ત ત્રણે કારણો મળે છે તથા નથી બનતો ત્યાં એ ત્રણે કારણો નથી મળતા; પૂર્વોક્ત ત્રણ કારણો કહ્યાં કાળલબ્ધિ વા હોનહાર (ભવિતવ્ય) તો કોઈ વસ્તુ જ નથી,...**' આટલા શબ્દો છે. આહા..હા..! મોટી ચર્ચા થઈ હતી. અમારે તો આ પહેલેથી આવે છેને. કર્મથી વિકાર થાય એ ૭૧ની સાલથી આવે છે. કીધું બિલકુલ જૂઠ છે. પરદ્રવ્યથી પોતામાં વિકાર થાય એમ બનતું જ નથી. પોતાના વિકારના સમયે નિજ કાળને કારણે પોતાના ઊલટા પુરુષાર્થથી વિકાર થાય છે. કર્મ તો નિમિત્તમાત્ર છે, નિમિત્તકર્તા નથી. સમજાણું કાંઈ? કર્તા હોય તો નિમિત્ત રહેતું નથી. પછી આ પ્રશ્ન આવ્યો હતો. એ ૭૨માં આવ્યો હતો. ૭૧માં કર્મનો આવ્યો હતો પ્રશ્ન. ઘણાં પ્રશ્નો અમારે તો પહેલેથી ચાલતા હતા. ૭૦ની દીક્ષા થયા પછી ૭૧માં એ ચાલ્યું અને ૭૨માં એ ચાલ્યું (કે) કેવળજ્ઞાનીએ દીઠું ત્યારે પુરુષાર્થ થશે. મોટો પ્રશ્ન ચાલ્યો. ૭૨ના ફાગણ માસમાં. કેટલા વર્ષ થયા? ૬૧ વર્ષ થયા. ઘણી ચર્ચા થઈ.

**શ્રોતા :-** એની સાથે ચર્ચા કરીએ તો; પણ સમજે નહિ કાંઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના; એ કાંઈ સમજે નહિ બિચારા, જાડી બુદ્ધિ. અને આ તો સંસ્કાર હતાને અંદરના. એ અંદરથી આવતું હતું વગર વાંચે. કીધું, નહિ એમ નથી. સર્વજ્ઞે જેવું દીઠું એમ થાય

એ તો બરાબર છે. પણ સર્વજ્ઞ જે છે, એક જ્ઞાનગુણની એક પરિપૂર્ણ પર્યાય એ કેવળજ્ઞાન. એ કેવળજ્ઞાનમાં અનંતા કેવળી જણાય, ત્રણકાળ-ત્રણલોકના દ્રવ્ય-ગુણ-પર્યાય જણાય એવી એક ગુણની એક પર્યાયની એટલી તાકાત છે. એવી તાકાતની જેને શ્રદ્ધા થાય.. સમજાણું કાંઈ? એને ભવ હોય નહિ કીધું. ૭૨માં. ભવ નહિ, ભવ નહિ. ભગવાને દીઠું. ભગવાનની જેની પરિપૂર્ણ પર્યાય જેની દૃષ્ટિમાં બેસી ગઈ (એને ભવ હોય નહિ). સમજાણું કાંઈ? એ તો પછી પ્રવચનસાર મળ્યું, તે દિ' વાંચ્યું હતું ક્યાં? આ તો ૭૮ની સાલમાં પ્રવચનસાર જોયું. ત્યાં તો એ કહ્યું, '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**।' જે કોઈ,... ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે ૮૦ ગાથા, પ્રવચનસાર. જે કોઈ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણે '**सो जाणदि अप्पाणं**' એ આત્માને જાણે. '**मोहो खलु जादि तस्स लयं**' તેનો મોહ નાશ થઈ જાય અને ક્ષાયિકસમકિત થઈ જાય. સમજાણું કાંઈ? અપડિવાહી સમકિતની વાત છે ત્યાં, જોર.. ક્ષાયિક ભલે ન હોય પણ અપડિવાહી છે. સમજાણું કાંઈ? '**लयं**' છેને? '**मोहो खलु जादि तस्स लयं**' નાશ થાય છે. આહા..હા..!

અમૃતચંદ્રાચાર્ય તો કહે છે ૯૨ ગાથામાં, અમે અમારા આગમ પ્રમાણથી, અનુભવથી જે મિથ્યાત્વનો નાશ કર્યો છે એ પછી અમને ફરીને થશે નહિ. અરે.. તમે છદ્મસ્થ છો, પંચમ આરાના મુનિ. કોલકરાર કરીએ છીએ, કહીએ છીએને તને, અમે મહાવ્રતધારી છે. આહા..હા..! અમે આત્માના અનુભવથી પંચમ આરામાં મિથ્યાત્વનો જે નાશ કર્યો છે, એ મિથ્યાત્વનું વમન કર્યું છે તો ફરી મિથ્યાત્વ થશે નહિ. એમ અહીંયાં વમન-નાશ છે. મોહનો નાશ અરિહંતની પર્યાય કેવળજ્ઞાન છે એવો જેણે નિર્ણય કર્યો એના મોહનો નાશ થાય અને કેવળજ્ઞાનની પ્રાપ્તિનું કારણ સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** પંચમ આરાની વાત છે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પંચમ આરાની વાત છે અહીંયાં. આ પંચમ આરાની વાત કોની છે? આ પંચમ આરાની વાત છે.

**શ્રોતા :-** અમારે પંચમ આરો જ ચાલે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ પંચમ આરાની વાત છે, પંચમ આરામાં મુનિ કહે છે. આહા..હા..!

અહીં એ કહે છે જુઓ, '**ત્રણ કારણ કહ્યાં તેમાં કાળલબ્ધિ વા હોનહાર (ભવિતવ્ય) તો કોઈ વસ્તુ જ નથી,...**' એવું મેં કહ્યું. એ તો જરા અભિમાની હતાને. ટોડરમલ કેવળી થઈ ગયા? એમ બોલ્યા. આ તો ૮૩ની વાત છે. સંવત્ ૧૯૮૩. કેવળી થઈ ગયા? ભાઈ! કેવળી થયા નથી, પણ યથાર્થ કહે છે કે નહિ? એ તો સમજો. કેવળી એક બાજુ રહ્યા. તિર્યંચનું સમકિત અને સિદ્ધના સમકિતમાં કોઈ ફેર નથી. આવે છે? રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. સમ્યગ્દર્શન જે થયું, તિર્યંચને થયું, એ જ સમકિત સિદ્ધને થાય છે, સિદ્ધમાં રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો અહીં કહે છે કે કોઈ વસ્તુ નથી. '**જે કાળમાં કાર્ય બને તે જ કાળલબ્ધિ...**' આ તો અમારે ઘણાં વર્ષના પ્રશ્નો હતા. છે? આ મોક્ષમાર્ગપ્રકાશક છે. શેઠ! તમે વાંચ્યું છેને? નવમો અધ્યાય. વધારે યાદ કરવું. વિશેષ ખ્યાલમાં આવે. આહા..હા..! અહીં તો ૫૦-૫૦ વર્ષથી બધા શાસ્ત્રો દિગંબર શાસ્ત્રો (વાંચ્યા છે). આહા..હા..! ૮૨માં

આ, ૭૮માં સમયસાર. આ જ માખણ છે. ઓલું તમારું માખણ છે એ સમજવા જેવું છે.

**'જે કાળમાં કાર્ય બને તે જ કાળલબ્ધિ તથા જે કાર્ય થયું તે જ હોનહાર.'** આહા..હા..! **'તથા જે કર્મના ઉપશમાદિક છે તે તો પુદ્‌ગલની શક્તિ છે,...'** પોતાને શું છે? **'તેનો કર્તાહર્તા આત્મા નથી, તથા પુરુષાર્થથી ઉદ્યમ કરે છે, તે આ આત્માનું કાર્ય છે, માટે આત્માને પુરુષાર્થથી ઉદ્યમ કરવાનો ઉપદેશ દે છે.'** આહા..હા..! ટોડરમલે પણ કામ કર્યું છેને. આચાર્યકલ્પ નામ દીધું છે એને! એક એક શબ્દમાં આખા શાસ્ત્રનું માખણ છે. કાળલબ્ધિ કોઈ વસ્તુ નથી. જે સમયે કાર્ય થયું એ કાળલબ્ધિ. આહા..હા..! અને જે સમયે ભાવ થયો તે ભવિતવ્યતા. આહા..હા..! છે? આહા..હા..! **'હવે આ આત્મા જે કારણથી કાર્યસિદ્ધિ અવશ્ય થાય તે કારણરૂપ ઉદ્યમ કરે ત્યાં તો અન્ય કારણો અવશ્ય મળે જ અને કાર્યની સિદ્ધિ પણ અવશ્ય થાય જ, તથા જે કારણથી કાર્યસિદ્ધિ થાય અથવા ન પણ થાય તે કારણરૂપ ઉદ્યમ કરે ત્યાં અન્ય કારણ મળે તો કાર્યસિદ્ધિ થાય, ન મળે તો ન થાય. ' 'હવે જિનમતમાં જે મોક્ષનો ઉપાય કહ્યો છે તેનાથી તો મોક્ષ જરૂર થાય જ,...'** લ્યો! આહા..હા..! આ તો મોટી તકરાર ચાલતી હતી અમારે, ઠેઠ સંપ્રદાયમાં ગુરુભાઈ હતા એ કાંઈ માનતા નહોતા આવું. એ તો કહે, ભગવાને દેખ્યું તે દિ' થાશે. ત્યારે મુંડાવીને શું બેઠા તમે? એમ કોકે કહ્યું એને. ઓલા તમારા રોચકાવાળો નહિ, ઉજમશી. એણે પછી કહ્યું. હું તો બેઠો હતો એક કોર. પછી આ વાત ... થઈ ગઈ બહુ. શું તમે મુંડાવીને બેઠા, .. અત્યારે તો પુરુષાર્થ કરી શકીએ નહિ, ભગવાને દીઠું એમ થાય તો. અરે..! ભગવાન! પુરુષાર્થ જ્યારે સ્વભાવ સન્મુખ થયો તો કાળલબ્ધિ થઈ ગઈ. આહા..હા..!

**શ્રોતા :-** એનું નામ જ કાળલબ્ધિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એનું નામ. અને એવો ભાવ સમ્યગ્દર્શન પણ થઈ ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો આગ્રહથી સાંભળે અને સમજે તો એને કાંઈ બેસે એવી વાત નથી. ત્યારે આ કાંઈ વાદવિવાદથી બેસે એવી નથી.

નિયમસારમાં તો કહ્યું છેને, નિયમસારમાં. પ્રભુ! જીવ અનેક પ્રકારના છે. જીવની કાળલબ્ધિ પણ અનેક પ્રકારની છે, કર્મ પણ અનેક પ્રકારના છે. માટે સ્વસમય (અને) પરસમય સાથે વાદવિવાદ ન કરવો. આવે છે ભાઈ? પોતાનું જ્ઞાનસ્વરૂપ છે એની પ્રાપ્તિ કરીને આનંદનો અનુભવ કર તું. વાદવિવાદ છોડી દે. આહા..હા..! વાદવિવાદ શું? આહા..હા..! સમયસાર નાટકમાં આવે છેને. 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' આહા..હા..! સમયસાર નાટકમાં આવે છે. 'સહજ કા ધંધા.' લ્યો, આ શેઠ તમારા ધંધાથી આ સહજનો ધંધો છે આ. એ બધા પાપના ધંધા.

ભગવાન આત્મા સહજ સ્વરૂપ સહજાત્મા છે, કોઈએ કર્યું નથી. ઈશ્વર કર્તા-ફર્તા છે નહિ કોઈ. સહજ આત્મા ભગવાન એનો ધંધો, એની તરફનો પુરુષાર્થ કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની રમણતા કરવી એ 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' તારે હાથ નહિ આવે વાદવિવાદથી. સમજાણું કાંઈ? એ કાલે રાત્રે કહ્યું હતું. 'ખોજી જીવે, વાદી મરે.' એ પણ વાત ચાલી હતી તે વખતે

૮૩માં. શેઠ! કીધું વાદવિવાદ ન કરો. ખોજી જીવે છે. સત્યને શોધનાર જીવતો રહે છે, વાદી મરી જાય છે. 'ખોજી જીવે વાદી મરે.' સમયસાર નાટકમાં કહ્યું છે, બનારસીદાસ.

અહીં કહે છે... આહા..હા..! વિકારી ભાવ એ બે દ્રવ્યના સંબંધે ઉત્પન્ન થયો છે. એનો અર્થ એવો નથી કે કર્મથી થયો. કર્મના નિમિત્તના વશે થયો તો બે દ્રવ્યથી ઉત્પન્ન થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**નાના દ્રવ્યોના (અર્થાત્ પુદ્ગલદ્રવ્ય અને જીવદ્રવ્ય કે જેઓ સંયોગરૂપ છે તેમના) સ્વભાવ છે; જ્ઞાનીનો તો...**' ધર્મીનો—સમ્યગ્દૃષ્ટિનો તો '**એક જ્ઞાયકસ્વભાવ છે.**' બે સંયોગીભાવ એના નથી. એનો તો જાણનાર છે, એને પોતાનો માનતા નથી. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ એ પણ બે દ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થયો છે, જ્ઞાની એનો કર્તા નથી. આહા..હા..! કેમકે એ તો જ્ઞાયકસ્વભાવ છે. સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને જ્ઞાયકસ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાવ જરી સૂક્ષ્મ છે, ભાઈ! ભાષા તો બધી સાદી છે. પણ ભાવ તો વીતરાગ ત્રણલોકનો નાથ જિનવરદેવનો માર્ગ બાપા એ તો અલૌકિક છે, ભાઈ! આહા..હા..!

'**જ્ઞાની તો એક જ્ઞાયકસ્વભાવ છે.**' લ્યો! રાગાદિ એનો (સ્વભાવ) નથી. વ્યવહારરત્નત્રયનો રાગ બે દ્રવ્યના સ્વભાવથી ઉત્પન્ન થનારો એ એનો નહિ. આહા..હા..! '**માટે જ્ઞાનીને તેમનો નિષેધ છે;...**' આવ્યું હતુંને છેલ્લે? '**જ્ઞાનીને તેમનો નિષેધ છે.**' છેલ્લો શબ્દ આવ્યો હતો ટીકાનો. એટલે શું કહ્યું? કે જ્ઞાની ધર્મીને તો જ્ઞાયકસ્વભાવ એ હું છું અને કર્મના સંગથી, સંબંધથી, વશે ઉત્પન્ન થયેલો રાગ એ મારી ચીજ નથી. મારા પુરુષાર્થની ખામીને કારણે ઉત્પન્ન થયો, પણ એ મારી ચીજ નથી. આહા..હા..! એનો તો નિષેધ છે. આહા..હા..! શું કહ્યું ત્યાં? વ્યવહારનય. શું આવ્યું નહિ?

૨૭૨. 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' વ્યવહારનયનો તો નિષેધ છે. ૨૭૨. ત્યાં લખી છે આપણે. ભાષા ભૂલી ગયા. વ્યવહારનય. 'વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી.' આહા..હા..! ૨૭૨. આમાં છે. 'વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી, નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' આહા..હા..! તો આ નિષેધ. વ્યવહારનયનો પણ નિષેધ આવ્યો. આહા..હા..! નિશ્ચયનયનો આદર—ઉપાદેય થયો, વ્યવહારનયનો નિષેધ આવ્યો. આહા..હા..! છે ખરો. જ્ઞાનીને પણ વ્યવહારનયનો આશ્રય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ આવે છે, પણ એ રાગ છે. સમજાણું કાંઈ? પણ એનો નિષેધ છે, દૃષ્ટિમાં તેનો નિષેધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમ?

'**જ્ઞાનીનો તો એક જ્ઞાયકસ્વભાવ છે. માટે જ્ઞાનીને તેમનો નિષેધ છે; તેથી જ્ઞાનીને તેમના પ્રત્યે રાગ-પ્રીતિ નથી.**' આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ, શાસ્ત્ર ભણવાનો વિકલ્પ એ રાગ. આહા..હા..! એમાં રાગ અને પ્રીતિ નથી. સમજાણું કાંઈ? છે ખરો. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી વ્યવહારનય આવે છે. સમજાણું કાંઈ? જ્ઞાનીને આવે છે. પંચમહાવ્રત એ વિકલ્પ છે એ રાગ છે. આત્મા અનુભવ થયો, પ્રચુર વેદન મુનિને આનંદનું છે એમને પણ પ્રમત્તભાવ વિકલ્પ આવે છે. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં નિષેધ છે. આહા..હા..! કેમકે રાગ પણ બે દ્રવ્યના મિશ્રણથી

થયેલો સંયોગીભાવ છે. ૬૯-૭૦, સંયોગીભાવ છે. કર્તા. આહા..હા..! એ સ્વભાવિકભાવ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે, પ્રભુ! એ લોકોને એવું સિદ્ધ કરવું છે કે વ્યવહારથી નિશ્ચય થાય, નિમિત્તથી ઉપાદાનમાં કાંઈક થાય છે, પણ નિમિત્ત એ પરચીજ છે. પરચીજમાં નિમિત્તથી પરમાં પરથી કાંઈ થાય એમ કદી બને છે? એક દ્રવ્યની પર્યાય, બીજા દ્રવ્યની પર્યાયને કરે છે? તો બે દ્રવ્ય એક થઈ જાય. આહા..હા..! એમ વ્યવહાર પણ નિશ્ચયમાં નિમિત્ત છે. નિમિત્ત જેમ કર્તા નથી અને નિમિત્ત છે, એમ વ્યવહાર નિશ્ચયનો કર્તા નથી પણ વ્યવહાર છે. આહા..હા..! આવું છે.

**'રાગ-પ્રીતિ નથી.'** આહા..હા..! ધર્મીને તો અતીન્દ્રિય આનંદસ્વભાવની પ્રીતિ અને રુચિ છે. આહા..હા..! રાગ આવે છે, હોય છે, રાગની પ્રીતિ નથી. આહા..હા..! **'પરદ્રવ્ય, પરભાવ સંસારમાં ભ્રમણનાં કારણ છે;...'** પરદ્રવ્ય એ પણ રાગનું નિમિત્ત છે અને પરભાવ પોતે રાગ છે. આહા..હા..! એ **'સંસારમાં ભ્રમણનાં કારણ છે; તેમના પ્રત્યે પ્રીતિ કરે તો જ્ઞાની શાનો?'** આહા..હા..! આમ તો પંચાસ્તિકાયમાં પ્રશસ્તરાગનું લક્ષણ જ્યાં બતાવ્યું પાછળ, પ્રશસ્તરાગ કોને કહીએ? તો દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે રાગ એ પ્રશસ્તરાગ છે. અપ્રશસ્તનો નિષેધ કરીને. પ્રશસ્તરાગનું લક્ષણ એ કે દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રીતિ-ભક્તિ. એ અસ્થિરતાની અપેક્ષાએ વાત છે. સમજાણું કાંઈ? એવો ભાવ અસ્થિરતાનો આવે છે, પણ અસ્થિરતાનો પ્રેમ, રુચિ અને પ્રીતિ નથી એમ કહે છે. આહા..હા..! પ્રશસ્તરાગની પણ રુચિ નથી. કેમકે એ વિકાર છે. આહા..હા..! જ્ઞાનીને તો જ્ઞાયકસ્વભાવ એક જ આદરણીય છે. આહા..હા..! **'ભ્રમણનાં કારણ છે; તેમના પ્રત્યે પ્રીતિ કરે તો જ્ઞાની શાનો?'** આહા..હા..! ભગવાન પ્રત્યે પ્રીતિ કરે તો એ રાગ છે અને રાગ પ્રત્યે પ્રીતિ કરે તો મિથ્યાત્વ છે. આહા..હા..! આવ્યું? **'પરદ્રવ્ય, પરભાવ સંસારમાં ભ્રમણનાં કારણ છે;...'** આહા..હા..! આવી વાત. જુઓને આ તો જયચંદ્ર પંડિતે અનુવાદ ટીકાનો કર્યો છે ચાલતી ભાષામાં. શું કહ્યું? કે જ્ઞાનીને રાગ તો થાય છે. વીતરાગ ન થાય ત્યાં સુધી રાગ, દેવ-ગુરુ-શાસ્ત્રનો પ્રેમ, ભક્તિ, પૂજા, નામસ્મરણ આવે છે, પણ એ રાગ પોતાનો છે એમ જ્ઞાની માનતા નથી અને રાગની રુચિ નથી વિકારની. જેને આત્મા આનંદની રુચિ થઈ, સહજાનંદ પ્રભુ આત્મા સહજાત્મસ્વરૂપ... આહા..હા..! એનો પ્રેમ, પ્રેમ પ્રત્યે પ્રેમ નથી, રાગ પ્રત્યે પ્રેમ નથી. આહા..હા..!

એક ઠેકાણે એવું આવે છે કે જેવો સ્ત્રી-કુટુંબ પ્રત્યે રાગ છે એનાથી અનંત ગુણો પ્રેમ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે જોઈએ. યશોવિજયમાં આવે છે. ભાષા ભૂલી ગયા. વાંચેલું તો બધું ઘણું હોય છેને. યશોવિજય થઈ ગયાને શ્વેતાંબરમાં. આટલી વાત કરી છે એણે કે રાગ, સાધર્મી પ્રત્યે, ગુરુ પ્રત્યે રાગ, ભગવાન પ્રત્યે રાગ એ સ્ત્રી, કુટુંબના રાગથી ભિન્ન જાતનો રાગ હોય છે. વિશેષ રાગ જો દેવ-ગુરુ પ્રત્યે ન હોય અને સ્ત્રી, કુટુંબ, પરિવાર પ્રત્યે હોય તો તો એ મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? રાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે હોય છે, પણ એ રાગનો રાગ નથી. આ ઠીક છે (એમ નથી). અરેરે..! આવી વાત છે.

**શ્રોતા :-** શ્રીમદ્ રાજચંદ્રમાં લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો છે, આ તો યશોવિજયમાં છે. યશોવિજયનું ભૂલી ગયા એ. રાગ છે. જેવો સાધર્મી પ્રત્યે રાગ છે એવો કુટુંબ પ્રત્યે રાગ ન હોય. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે જેવો રાગ છે, એવો એનો રાગ હોય તો મિથ્યાદૃષ્ટિ છે. યશોવિજયમાં આવે છે એ. એ શ્વેતાંબર છે. આહા..હા..!

પરદ્રવ્ય અને પરભાવ એટલે વિકારભાવ. ચાહે તો શુભ કે અશુભ એ '**સંસારમાં ભ્રમણનાં કારણ છે; તેમના પ્રત્યે...**' ભ્રમણનાં કારણ પ્રત્યે '**પ્રીતિ કરે તો જ્ઞાની શેનો?**' આહા..હા..! આવી વાત છે. એક બાજુ એમ પણ કહેવામાં આવે છે કે સંધ્યા પછી સૂર્ય અસ્ત થઈ જાય છે અને સવારની સંધ્યા પછી સૂર્ય ઊગે છે. અનુભવપ્રકાશમાં. સવારની સંધ્યામાં રાગ છે રાગ, પણ રાગ પછી સૂર્ય ઊગે છે. એ તો પછી ઊગે છે, રાગને કારણે નહિ. સમજાણું કાંઈ? પણ એવી વાત આવે છે શાસ્ત્રમાં. પ્રશસ્તરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે આવે છે અને એનો નિષેધ છે. તો એનો નિષેધ કરીને એને મુક્તિ થશે. સમજાણું કાંઈ? જે પરિભ્રમણનું કારણ છે એના પ્રત્યે પ્રીતિ કેવી? તો જ્ઞાની શેનો? આહા..હા..!

'**હવે, આ અર્થના કળશરૂપે તથા આગળના કથનની સૂચનારૂપે શ્લોક કહે છે :–**' ૧૪૮.

(स्वागता)

ज्ञानिनो न हि परिग्रहभावं
कर्म रागरसरिक्ततयैति।
रङ्गयुक्तिरकषायितवस्त्रे-
ऽस्वीकृतैव हि बहिर्लुठतीह।।१४८।।

દેશી છે. '**इह अकषायितवस्त्रे**' '**જેમ લોધર, ફટકડી વગેરેથી જે કષાયિત કરવામાં ન આવ્યું હોય એવા વસ્ત્રમાં...**' વસ્ત્રમાં રંગ ક્યારે લાગે? કે લોધર અને ફટકડી લાગી હોય તો. સમજાણું કાંઈ? '**લોધર, ફટકડી વગેરેથી જે કષાયિત કરવામાં ન આવ્યું હોય એવા વસ્ત્રમાં રંગનો સંયોગ, વસ્ત્ર વડે અંગીકાર નહિ કરાયો થકો,...**' આહા..હા..! ફટકડી અને લોધર નથી લાગ્યા તેને રંગ વસ્ત્ર ગ્રહણ નથી કરતું. આહા..હા..! આ તો દૃષ્ટાંત હજી છે. છે? '**इह अकषायितवस्त्रे रङ्ग्युक्तिः अस्वीकृता**' રંગનો સંબંધ વસ્ત્ર ગ્રહણ નથી કરતું. આહા..હા..! '**बहिः एव हि लुठति**' એ વસ્ત્ર ઉપર રંગ લોટે છે, વસ્ત્રમાં રંગ લાગતો નથી. આહા..હા..! જેમ એક દ્રવ્યમાં બીજું દ્રવ્ય '**बहिः एव हि लुठति**' ચૌદ બોલમાં આવે છે. છેલ્લે અસ્તિ-નાસ્તિના ચૌદ બોલ. નિત્ય-અનિત્ય, સત્-અસત્. સત્-અસત્‌ના આઠ બોલ. બે દસ એમ છે છેલ્લે. અને એક-અનેક. ચૌદ બોલ છેને. ત્યાં એમ કહ્યું છે. આહા..હા..! સમજાણું? '**જ્ઞાની રાગરૂપી રસથી રહિત હોવાથી...**' આહા..હા..! વસ્ત્રની અંદર પ્રવેશ કરતો નથી. કોણ? રંગ. કોને? અકષાય વસ્ત્રને. અકષાય વસ્ત્રનો અર્થ? લોધર અને ફટકડીનો ઓપ જેને લાગ્યો નથી તે વસ્ત્ર રંગને ગ્રહણ કરી શકતું નથી.

'**ज्ञानिनः रागरसरिक्ततया कर्म परिग्रहभावं न हि एति**' આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને, ધર્મીને

**'તેમ જ્ઞાની રાગરૂપી રસથી રહિત હોવાથી...'** આહા..હા..! વસ્ત્ર જેમ રંગ ગ્રહણ નથી કરતું, એમ જ્ઞાની રાગને ગ્રહણ નથી કરતો. આહા..હા..! આત્મા રાગરૂપ નથી થતો. આહા..હા..! જ્ઞાનીને રાગ ભિન્ન થઈને રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'ज्ञानिनः रागरसरिक्ततया'** રાગના રસથી ખાલી છે, રહિત છે. આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપના પ્રેમમાં રાગનો પ્રેમ જ્ઞાનીને છૂટી ગયો છે. આહા..હા..! છતાં રાગ આવે છે. જ્યાં સુધી નિશ્ચય પૂર્ણ ન હોય ત્યાં સુધી વ્યવહાર આવે છે, પણ વ્યવહાર બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અબંધસ્વભાવી ભગવાન આત્માનો જેને રસ લાગ્યો એ તો બંધભાવના રસથી રહિત છે. કહ્યુંને? **'ज्ञानिनः रागरसरिक्ततया'** રાગના રસથી ખાલી છે, રહિત છે. આહા..હા..! ગજબ વાત છે!

**'રહિત હોવાથી તેને કર્મ પરિગ્રહપણાને ધારતું નથી.'** માટે પુણ્ય-પાપની ક્રિયા પરિગ્રહને ધારતી નથી. પોતાની છે એમ પરિગ્રહને ધારતી નથી. કર્મ શબ્દે બધી ક્રિયા છે. સમજાણું કાંઈ? કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલી પુણ્ય-પાપની ક્રિયા, જેમ (વસ્ત્રમાં) રંગ પેસતો નથી, એમ જ્ઞાનીને રાગનો રસ હોતો નથી. એ કારણે ક્રિયાનું પરિગ્રહપણું એને નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કર્મના નિમિત્તે થયો એ ભાવ. ક્રિયા શબ્દ લીધો છે એમાં. કળશટીકા છેને. ૧૪૮. લ્યો એ જ આવ્યું. **'જેટલી વિષયસામગ્રી ભોગરૂપ ક્રિયા છે...'** કર્મનો અર્થ કર્યો. કર્મનો અર્થ. કર્મ એટલે **'જેટલી વિષયસામગ્રી ભોગરૂપ ક્રિયા છે તે સમ્યગ્દષ્ટિ જીવને મમતારૂપ સ્વીકારપણાને નિશ્ચયથી પ્રાપ્ત થતી નથી.'** કર્મનો અર્થ એ કર્યો. સામગ્રી અને રાગ આદિ ક્રિયા. ભોગરૂપ ક્રિયા. આહા..હા..! આ કળશટીકા. રાજમલ. એમાંથી સમયસાર નાટક બનાવ્યું છે. આમાંથી બનાવ્યું છે.

શું કહ્યું? **'જેમ લોધર, ફટકડી વગેરેથી જે કષાયિત કરવામાં ન આવ્યું...'** એને વસ્ત્રમાં લગાવ્યું નથી એ વસ્ત્ર રંગને ગ્રહણ નથી કરતું. એમ જ્ઞાનીને રાગની ક્રિયાનો રંગ નથી, આહા..હા..! પરિગ્રહભાવ નથી. આહા..હા..! એ દયા, દાન, વ્રતની ક્રિયા હોય છે વિકલ્પ, પણ પોતાપણું, પરિગ્રહપણાથી રહિત છે એ. આહા..હા..!

**શ્રોતા :–** મારાપણું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નથી. હોય છે. વીતરાગ ન હોય ત્યાં સુધી જ્ઞાનીને પણ વ્યવહાર તો આવે છે, ભક્તિ, પૂજા આદિ ભાવ એ શુભભાવ છે એ આવે છે. સમજાણું કાંઈ? પણ હેયબુદ્ધિએ આવે છે, રસબુદ્ધિએ નહિ. આહા..હા..! આવી વાત ભારે કઠણ. છે?

**'જ્ઞાની રાગરૂપી રસથી...'** રાગ નથી એમ નહિ પણ રાગનો રાગ નથી. રાગરહિત હોય તો વીતરાગ થઈ જાય. સમજાણું કાંઈ? છઠ્ઠા ગુણસ્થાને મુનિને પરમ આનંદનો અનુભવ છે તોપણ પંચમહાવ્રતનો વિકલ્પ ઊઠે છે એ રાગ છે. આહા..હા..! રાગ નથી એમ નહિ પણ રાગનો રાગ નથી અથવા રાગનો આશ્રય નથી અથવા રાગનું અવલંબન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનીનો આશ્રય તો પરમાત્મા પોતાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે. ધર્મીની મુખ્ય દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. એ કોઈ કાળે દ્રવ્યદૃષ્ટિ ગૌણ થઈ જાય અને રાગદૃષ્ટિ મુખ્ય થઈ જાય એવું

કદી બનતું નથી. આ શું કહે છે આ તે? સમજાણું કાંઈ? એ અહીં કહે છે. મુખ્ય તો જ્ઞાયકસ્વભાવ ઉપરનો રસ છે, રાગનો રસ એને નથી. રાગ છે ખરો, રાગ આવે છે. સમજાણું કાંઈ? મંદિર, ભગવાનની પૂજા આદિનો ભાવ આવે છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી રાગભાવ પણ છે. થોડો વીતરાગભાવ છે સ્વાશ્રયથી, થોડો રાગભાવ છે એ પરાશ્રયનો. આહા..હા..! એક જ્ઞાનધારા અને બીજી કર્મધારા. બે સાથે ચાલે છે. આહા..હા..! જ્ઞાનધારામાં સ્વનો આશ્રય છે, કર્મ નામ રાગધારા આવે છેને. યાવત .. કર્મની ક્રિયાની પૂર્ણતા અભાવ ન હોય ત્યાં સુધી કર્મની ક્રિયા રાગાદિ જ્ઞાનીને પણ હોય છે. આહા..હા..! પણ એ રાગનો પ્રેમ નથી. હેયબુદ્ધિએ રાગને જાણે છે. આહા..હા..! તો એ પરિગ્રહપણું પામતા નથી. આહા..હા..!

**શ્રોતા :-** પરિગ્રહપણાને પામતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરિગ્રહપણું પામતા નથી. આહા..હા..! નહિતર રાગ એ અભ્યંતર પરિગ્રહ છે. બાહ્ય પરિગ્રહ આ પૈસા, ધૂળ આદિ અને અભ્યંતર પરિગ્રહ રાગ-દ્વેષાદિ, પણ 'રાગ મારો છે' એમ પરિગ્રહપણું પામતા નથી એમ કહે છે. આહા..હા..! પરિગ્રહ શબ્દ છેને. પરિ-સમસ્ત પ્રકારે પક્કડ. 'રાગ મારો છે' એવી ચીજ એને હોતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુનું સ્વરૂપ એવું છે. દિગંબર સંતો સિવાય એ વાત ક્યાંય નથી. કોઈ સ્થાને આ તત્ત્વની સ્થિતિ (નથી). આહા..હા..! વસ્તુનું સ્વરૂપ જ એવું છે એનું સ્પષ્ટિકરણ કર્યું છે સંતોએ. આહા..હા..!

જ્ઞાની. જ્ઞાની શબ્દે વળી કોઈ એમ લે કે એ તો બહુ જાણપણું હોય એ જ્ઞાની. અમે ધર્મી છીએ પણ જ્ઞાની નથી, એમ નથી. એ સમ્યગ્દષ્ટિને ભલે જ્ઞાન થોડું હોય તોપણ એ જ્ઞાની છે. પોતાના સ્વરૂપનો આશ્રય લીધો છે તો આત્મજ્ઞાન થયું છે તો એ જ્ઞાની છે. આહા..હા..! એ આવ્યું નથી? ઓલા અર્થમાં આવ્યું હતુંને ભાઈ નહિ? થોડું પણ જ્ઞાન સમકિતીને વિજ્ઞાન છે. ૧૪મી ગાથામાં અર્થમાં લખ્યું છે. અજ્ઞાનીનું નવ પૂર્વનું જ્ઞાન પણ અજ્ઞાન છે. આહા..હા..! અને જ્ઞાનીને દૃષ્ટિમાં દ્રવ્યસ્વભાવનો આશ્રય થયો અને એ આત્મજ્ઞાન થયું એ થોડું હોય તોપણ વિજ્ઞાનઘન છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? અને જેને રાગની રુચિ છે અને આત્માની રુચિ નથી એવી નવ પૂર્વ સુધીની લબ્ધિ થઈ જાય તોપણ તે અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ કહે છે, '**જ્ઞાનીને રાગરૂપી રસથી રહિત...**' 'रिक्त' 'रिक्त' છેને, ખાલી. '**હોવાથી તેને કર્મ પરિગ્રહપણાને ધારતું નથી.**' એ ક્રિયાભાવ રાગના પરિગ્રહપણાને પ્રાપ્ત નથી થતો. રાગની ક્રિયા થાય છે, ન હોય તો એકલો વીતરાગ થઈ જાય. વ્યવહાર આવે છે, પણ વ્યવહારથી નિશ્ચય થાય છે એમ નથી. નિશ્ચયમાં વ્યવહાર નિમિત્ત છે. નિમિત્ત છે એ નિશ્ચયનો કર્તા નથી. જેમ બાહ્ય ચીજ નિમિત્ત છે એ કર્તા નથી. કુંભાર નિમિત્ત છે તો ઘડાને કરનાર નથી. આહા..હા..! આવી વાતું. ૩૭૨ ગાથામાં આવ્યું છે. કુંદકુંદાચાર્ય કહે છે કે અમે તો માટીથી ઘડો બન્યો એમ દેખીએ છીએ, કુંભારે કર્યો એમ નથી જોતાં. આહા..હા..! ૩૭૨. ચંદુભાઈ! ૩૭૨ માં આવે છે. એક દ્રવ્ય બીજા ગુણને ઉત્પન્ન ન કરે. પર્યાય. ગુણ એટલે પર્યાય. આહા..હા..! એમ કુંભાર ઘડાની પર્યાય કરે એમ અમે નથી જોતાં.

એ ઘડાની પર્યાયનો કર્તા તો માટી છે. માટીથી ઘડાની પર્યાય થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિમિત્ત હો, પણ નિમિત્તકર્તા નથી; એમ વ્યવહાર હો, એ વ્યવહાર સ્વરૂપ નિશ્ચયનો કર્તા નથી. આહા..હા..! હવે આટલા ફેર માનવા કઠણ પડે જગતને.

તેથી તેને, તેને એટલે જ્ઞાનીને ક્રિયાકાંડનો રાગ પરિગ્રહપણાને ધારતો નથી. એ ક્રિયાનું પરિણામ પોતાનું છે એમ પરિગ્રહપણાને ધારતું નથી. રાગની મમતા એને નથી. આહા..હા..! મમપણું તો શુદ્ધ ચૈતન્યઘનમાં છે. એવા ચૈતન્યઘનમાં જ્યારે મમપણું આવ્યું. આહા..હા..! લ્યો, વળી આ મમ નથી કહેતા બાળકને? મમ લ્યો મમ. છોકરાને શું કહે? એય..! બાળકને તમારે કહે મમ? એ ભાષા મમ શું? કે અહીંથી બોલાય છેને એટલે. મમ્મીની એ ભાષા એમ થઈ કે ગળેથી નહિ પણ અહીંથી બોલાય. એ તો જોર એટલું મમ્મી-મમ્મી, મમ. હોઠ દબે. એમાં કાંઈ ગળાનો ઉપયોગ ન થાય. ક, ખ એ અહીં જોર પડે. છોકરા માટે એ ભાષાની શૈલી છે. પહેલાં એમાં આવે છે હોં! મમ બોલે કે નહિ?

**શ્રોતા :-** હિન્દીમાં તો બોલે છે. અહીં બોલે છે કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં બોલે છે મમ. છોકરાને આપે. મમ લે મમ. રોટલી આપે, લાડવો આપે. આહા..હા..! એમ આત્માનું, જ્ઞાનીનું મમ આત્મા છે. એય..! આહા..હા..! એને તો અતીન્દ્રિય આનંદનો ભોગ છે—મમ. તો રાગનું મમ એને હોતું નથી. આહા..હા..! લ્યો! '**પરિગ્રહપણાને ધારતું નથી.**' રાગ ભાવતો નથી છતાં થાય છે. આહા..હા..! લાડવો ખાય એમાં કાંકરી આવી જાય. કાંકરી ધોળી. ફટ કાઢી નાખે. અને લાડવા ભાવે. એમ આત્મા સમકિતીને આત્માનો આનંદ ભાવે છે. રાગ કાંકરી વચ્ચે આવે છે, ભાવતી નથી, આવે છે. આહા..હા..! આવો માર્ગ છે.

'**ભાવાર્થ :- જેમ લોધર, ફટકડી વગેરે લગાડ્યા વિના વસ્ત્ર પર રંગ ચડતો નથી...** ' વસ્ત્રમાં રંગ ન ચડે. અમારે છે. રાણપુર સામે જ છે, અપાસરા સામે. આપણું દેરાસર છેને દિગંબર, એની સામે જ ક્ષત્રિય લોકો રંગે. એ રંગ લગાવીને પછી રંગે. સામે જ છે, મંદિરને સામે. અપાસરો આની કોર પછી મંદિર. રાણપુર. '**તેમ રાગભાવ વિના...**' રાગભાવ વિનાનો અર્થ? રાગ વિના નહિ પણ રાગના ભાવ વિના. રાગ તો છે. '**રાગભાવ વિના જ્ઞાનીને કર્મના ઉદયનો ભોગ પરિગ્રહપણાને પામતો નથી.**' આહા..હા..! ભોગની પર્યાય પણ ઉત્પન્ન થઈ પણ એ તો ઝેર દેખાય છે. આહા..હા..! જ્ઞાનીને સ્ત્રીના વિષયમાં જે રાગ આવે છે એ ઝેર દેખાય છે. આહા..હા..! અમૃતનો સાગર ભગવાન આત્માની જેને રુચિ થઈ, વેદન થયું, અનુભવ થયો એને રાગ ભાવતો નથી, આત્મા ભાવે છે. લ્યો આવી ભાષા તમારી. આત્મા ભાવે છે, રાગ ભાવતો નથી. આહા..હા..!

'**જ્ઞાનીને કર્મના ઉદયનો ભોગ...**' આહા..હા..! એથી કરીને ભોગ કરવા અને ભોગ ઠીક છે એમ નથી અહીંયાં. સમજાણું કાંઈ? એ સમ્યગ્જ્ઞાન દિપીકામાં નાખ્યુંને. ક્ષુલ્લક બ્રહ્મચારીએ. નાખ્યું અહીંના માથે. સોનગઢ. એ તો ધર્મદાસ ક્ષુલ્લકનું કથન છે. આહા..હા..! અરે..! લોકો શું કરે છે? અરે..! ત્યાં એમ કહે, સોનગઢવાળા તો એમ કહે છે કે પરસ્ત્રીનો ભોગ એ પાપ નથી. અરરર..! પ્રભુ! આ શું કહે છે તું? અહીં તો વ્યવહારરત્નત્રયનો ભાવ પણ પાપ છે એમ કહે છે. 'પાપ પાપકો તો સહુ કહે, પણ

અનુભવીજન પુણ્યકો પાપ કહે.' યોગસારમાં આવ્યું હતું કાલે. યોગસાર, યોગીન્દ્રદેવ. અનુભવીજન તો પુણ્યને પાપ કહે. આહા..હા..! સમયસાર ટીકામાં આવે છે. પુણ્ય-પાપ અધિકારમાં છેલ્લે એ શબ્દ છે. વ્યવહારરત્નત્રય, સ્વરૂપમાંથી પતીત થાય છે માટે રાગ ઉત્પન્ન થાય છે, તેથી પાપમાં જાય છે. પહેલાં પુણ્ય કહ્યું પછી પાપમાં નાખી દીધું. આહા..હા..! સમજાણું કાંઈ? એને પાપનો પ્રેમ કેમ હોય, બાપુ? આહા..હા..! સ્વસ્ત્રીનો ભોગ પણ પાપ છે, તો પરસ્ત્રીનો ભોગ મહાપાપ છે, બાપુ! આહા..હા..! એ તો દૃષ્ટાંતમાં તો એમાં રસ નથી એમ બતાવવું છે. સેવક છતાં અસેવક આવ્યુંને પહેલાં? નિર્જરામાં. એ બતાવવું છે. એને પ્રેમ નથી, ભાઈ! રાગનો પ્રેમ નથી, રસ નથી. આહા..હા..! એથી એ રાગ પરિગ્રહપણું એને પામતા નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ વદ-૧૦, શનિવાર, તા. ૧૫-૦૧-૧૯૭૭, ગાથા-૨૧૮-૨૧૯, કળશ-૧૪૯, પ્રવચન નં. ૨૯૩

પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ કરવાનું, પરદ્રવ્ય પરદ્રવ્યસ્વરૂપ કોઈ પરભાવ એટલે પરનો ભાવ... આહા..હા..! નિમિત્ત બની શકતું નથી. શું કહ્યું સમજાણું? કોઈપણ પદાર્થ કોઈપણ પદાર્થને, પરભાવ એટલે જે પરદ્રવ્યનો જે ભાવ છે એને કરવાનું કારણ બની શકતું નથી. સમજાણું કાંઈ? આ પરભાવ એટલે વિકારી ભાવ એકલો નહિ. પરદ્રવ્યના કોઈપણ ભાવને બીજું દ્રવ્ય કરી શકતું નથી એમ છે એનો અર્થ. સમજાણું કાંઈ? આહા..હા..! શંખ પરદ્રવ્યને ભોગવે, ખાય. વળી તમે કહો કે કોઈ પરદ્રવ્યને ખાય નહિ, ભોગવે નહિ પહેલું. પછી અહીં કહે, ખાય. આ તો દૃષ્ટાંત દેવો છે. સમજાય છે કાંઈ? આહા..હા..! '**તોપણ તેનું શ્વેતપણું પર વડે કૃષ્ણ કરી શકાતું નથી.**' શંખ ધોળો હોય એ કાળો કાદવ ખાય કાળો, એવા જીવડા કાળા ખાય દરિયામાં, કાળા જીવડા પણ ખાય પણ એથી એ કાંઈ શ્વેતપણું પર વડે એનો ભાવ પલટી જાય એમ નથી. તેવી રીતે... કહો, આ તો સિદ્ધાંત એક જ કીધો કે કોઈપણ વસ્તુ, કોઈપણ વસ્તુના પરભાવ એટલે પોતાના ભાવ સિવાય પરભાવને એ કરી શકતું નથી. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** .. સિદ્ધાંત સિદ્ધ થયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સિદ્ધાંત એ કે જે સમયે જે દ્રવ્યની પર્યાય પોતાથી થાય છે તેને નિમિત્ત આવીને કાંઈ ફેરવી શકે એમ છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** નિમિત્ત આવીને કરે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્ત એનું કરે. કરે શું? એનું પરિણમન કરે. એ તો આનીઅપેક્ષાએ

નિમિત્ત છે, એનું તો ઉપાદાન છેને. આ બીડી-બીડી વાળવાનું કરી શકે નહિ એમ કહે છે.

**શ્રોતા :-** હાજરીમાં તો હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોની હાજરી? હાજર ભલે હો તો શું છે? જે કાળે જે દ્રવ્યની પર્યાય પોતાથી થાય તે દ્રવ્યની બીજા દ્રવ્યથી, પરભાવ એટલે પરદ્રવ્યનો ભાવ થાય એમ કદી બનતું નથી. આ તો મહાસિદ્ધાંત છે.

**શ્રોતા :-** નોકરોને કામ કરવા રાખવા કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નોકર કોણ કરે? નોકર એને ઘરે રહ્યા. એમ કે આ શેઠ ક્યાં કરવા જાય છે? એમ કહે છે. નોકર પાસે કરાવે છેને, એમ કહે છે. શેઠ! એમ કે શેઠિયા તો બેઠા બેઠા કામ કરે છે. એ નોકર પાસે કામ કરાવે છેને. કોણ નોકર? નોકરની પર્યાય જડની શરીરની એને કારણે થાય. એના આત્માની પર્યાય પણ એને કારણે પોતાને થાય. મહાસિદ્ધાંત, કોઈપણ પદાર્થ બીજા પદાર્થના પરભાવને તે કરી શકતું નથી. આમ છે સિદ્ધાંત. સમજાણું કાંઈ? પરભાવ એટલે વિકાર એમ નથી. કોઈપણ જ્ઞાની પરદ્રવ્યને ભોગવે તોપણ તેનું જ્ઞાન પર વડે અજ્ઞાન કરી શકાતું નથી. જોયું! એ પરના ભોગ વડે આત્માનું જ્ઞાન અજ્ઞાન થાય એમ છે નહિ. આહા..હા..! મોટા આમાં વાંધા આખા.

‘**કારણ કે પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ કરવાનું નિમિત્ત બની શકતું નથી.**’ એ તો દૃષ્ટાંત હતો, આ સિદ્ધાંત છે. આહા..હા..! એમ કે ઉપાદાનની પર્યાયમાં યોગ્યતા હોય એ વખતે નિમિત્ત હાજર હોય, પણ એ નિમિત્ત પરદ્રવ્યના ભાવને કરી શકે એ ત્રણકાળમાં બનતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ચોખા એકલા પડ્યા એની મેળાએ ચડે? ઊનું પાણી હોય, અગ્નિ ત્યારે ચોખા ચડે. લાખ વર્ષ રહે પણ પાણી વિના ન ચડે લ્યો.

**શ્રોતા :-** એ તો જ્યારે ચડવાનો હોય ત્યારે ચડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનો ચડવાનો પર્યાય છે ત્યારે ચડે છે. પાણી નિમિત્ત વડે પરભાવ કરી શકાતો નથી. આહા..હા..!

**શ્રોતા :-** વગર બાયુંના બનાવે કેવી રીતે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની મેળાએ બને. પદાર્થ છે કે નહિ? પદાર્થની પર્યાય થાય છે કે નહિ? આહા..હા..! ઇંજેક્શન આપે તો પરમાં જે દશા છે એને ઇંજેક્શનથી ફેરવી શકાય એમ છે નહિ એમ કહે છે. આ ડોક્ટરપણું તમારું ઊડી જાય. આહા..હા..! કોઈપણ આત્માનો ભાવ પરદ્રવ્ય વડે એ પરભાવ (કરી શકાય નહિ). આત્માનો ભાવ એટલે પરદ્રવ્યથી આ પરભાવ છેને. આત્માનો ભાવ વિકારી કે અવિકારી જે વખતે થાય તે વખતે પરદ્રવ્ય વડે પરભાવ કરી શકાય એમ છે નહિ. આહા..હા..! આવો તો સિદ્ધાંત છે. આ તમારું તેલ-બેલનું ન કરી શકે સુમનભાઈ એમ કહે છે.

**શ્રોતા :-** પગાર કોણ દે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પગાર.. આહા..હા..! વસ્તુની સ્થિતિ એવી મર્યાદા છે કે પોતાના ભાવનો પોતે કરનાર છે. એને પરદ્રવ્ય વડે પરભાવનો ભાવ થાય (એમ નથી). પરદ્રવ્યનો ભાવ એટલે પર્યાય.

આહા..હા..! સમજાણું કાંઈ?

'**કારણ કે પરદ્રવ્ય વડે, પરદ્રવ્ય કોઈ દ્રવ્યને...**' બીજા દ્રવ્યને. એમ. એનો જે પરભાવ છે, બીજા દ્રવ્યનો જે ભાવ છે એને કરવાનું કારણ નિમિત્ત બની શકતું નથી. આહા..હા..!

**શ્રોતા :-** નિમિત્ત તો કાંઈ કરે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અકિંચિત્કર છે. નિમિત્ત પરમાં ન કરે, પોતામાં પૂર્ણ રીતે કરે. આહા..હા..! આ લાદી-બાદીનું કાંઈ કરી શકે નહિ એમ કહે છે.

**શ્રોતા :-** એ તો બંધ કર્યું, છોકરાઓ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છોકરા પણ કરતાં નથી. છોકરા શું કરે? આહા..હા..! મહાસિદ્ધાંત.

ત્રણકાળ ત્રણલોકમાં તે કાળે થાય અને તે કાળે બીજી ચીજથી એ ભાવને કરે, પલટાવે એમ ત્રણકાળમાં બનતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? મહાસિદ્ધાંત આવી ગયો. .. કરી કરીને કેટલું લખે છે! નિયતક્રમમાં એકાંત થઈ જાય છે, નિયતક્રમમાં નિયતીવાદ થઈ જાય છે. નિયત ક્રમ, સમ્યક્ નિયતક્રમમાં પાંચેય સમવાય આવી જાય છે. આહા..હા..! એનો ક્રમ છે જે સમયે થવાનો એ પલટે નહિ ત્રણકાળમાં. સમજાય છે કાંઈ? એમ કે ઉપાદાન છે તૈયાર, પણ નિમિત્ત ન હોય તો કામ ન કરી શકે અને ઉપાદાન અને નિમિત્ત પણ બે હોય સરખા પણ પ્રતિબદ્ધ એને રોકનારું હોય તો પ્રતિબદ્ધ કારણને પણ એ બની શકે નહિ. આ ત્રણની ચર્ચા છે મોટી. ખાણિયા ચર્ચા. પાંચમો બોલ છેને આ નિયતક્રમનો. આહા..હા..! અરે..! ભગવાન! વસ્તુની સ્થિતિ આવી છેને, ભાઈ! આહા..હા..! અને તેમાં આવો નિર્ણય કરનારની દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે. દ્રવ્યસ્વભાવ જે શુદ્ધ ચૈતન્યઘન, ધ્રુવ સ્વભાવ... આહા..હા..! એના ઉપર દૃષ્ટિ જાય ત્યારે એને પર્યાયમાં પાંચેય સમવાયથી કાર્ય થયું એમ કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વિકારમાં પણ પાંચેય સમવાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દરેકમાં પાંચેય સમવાય છે. એ જ અમારે ત્યાં વાંધો આવ્યો હતોને ૭૨માં. ફાગણ મહિનો ૭૨. ૬૧ વર્ષ થયા. રાત્રે ચર્ચા થઈ એમાં કબુલ્યું. અમારા ગુરુ હતા એ સંપ્રદાયના. બહુ ભદ્રિક શાંત હતા. ..મૂર્તિ. બબ્બે હજારમાં, પાંચ-પાંચ હજારમાં (વ્યાખ્યાન વાંચે). વિશેષ નહિ બે-ત્રણ હજાર થાય. છતાં પણ સભા સામું ન જોવે. ભગવાન આમ કહે છે. શાંત હતા. આ વાત ચર્ચાણી જ્યારે ત્યારે એણે હા તો પાડી. મેં કીધું, જે ભગવાને દીઠું છે તે થાશે એનો અર્થ? તે સમયે પોતાના પુરુષાર્થથી તે થશે. જડમાં પણ વીર્યશક્તિ છે. પરમાણુમાં પણ વીર્યશક્તિ છે, તો તે પર્યાય તેના વીર્યને કારણે થાશે. સમજાણું કાંઈ? પણ બીજે દિવસે જરી આમ બિચારા વિચાર કરતાં હતા. ચાર વાગે, સાડા ચાર પછી બીજે દિવસે (કહે) અરે.. મૂળચંદજી! એની સાથે વાંધો ઉઠ્યોને? તું કહે છે એમ હોય તો પાંચ સમવાય સિદ્ધ થાય છે. સમવાયને માને નહિ એ લોકો. આ પ્રશ્ન થયો હતો. ૭૨માં ફાગણ. ... આહા..હા..!

પાંચ સમવાય છે. જે સમયે જે પર્યાય થાય ત્યાં સ્વભાવ પણ છે, પુરુષાર્થ પણ છે, તે કાળની

લબ્ધિ પણ તે સમયની છે, તે સમયનો ભાવ પણ છે અને તે સમયમાં પ્રતિબદ્ધ કારણના નિમિત્તનો અભાવ પણ છે. સમજાય છે કાંઈ? આવી વાત છે. એ વિચાર જ નહોતો. એ તો બહુ ભદ્રિક જીવ હતા. બ્રહ્મચારી માણસ, બહુ કષાય મંદ. તમે જોયેલા નહિ. ૭૪માં ગુજરી ગયા. બહુ શાંત. રાજકોટમાં સભા ભરાય બહુ મોટી સભા. શાંત. લોકો ખુશી થઈ જાય વ્યાખ્યાન આપે તો. વૈરાગ્ય વૈરાગ્ય. દૃષ્ટિની કાંઈ ખબર નહિ, એ તો વસ્તુ હતી નહિ એટલે. આહા..હા..! એને એમ થઈ ગયું બીજે દિવસે કે વાત તો સાચી છે આ કાનજીની, પણ આ લોકો કહે છે તો પાંચ સમવાય સિદ્ધ થઈ જાય. એમ નથી. સમવાય તો પાંચેય સાથે હોય જ છે. જે સમયે જે પર્યાય ચૈતન્યની તે ઉત્પન્ન થવાનો કાળ એ વખતે એને અનુકૂળ, કાંઠે જેમ પાણી હોય છે, બે કાંઠા હોય છે, પાણી ચાલ્યું જાતું હોય, એ પાણીમાં બે કાંઠા છે એ અનુકૂળ છે. અનુકૂળ એટલે કૂળ એટલે કાંઠે આમ બે રહેલા. પાણી પોતાને કારણે આમ જાય છે, એ કાંઠાને લઈને નહિ. અરે.. આ વાત. અનુકૂળ છે કે નહિ? નિમિત્ત અનુકૂળ છેને? એનો અર્થ શું થયો? અનુકૂળ—કાંઠે રહેલી ઉપસ્થિત ચીજ, બસ. જે કામ ચાલે છે તે એને કારણે નહિ. આહા..હા..!

**શ્રોતા :–** નદીનો પ્રવાહ બદલાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પણ એને પોતાને કારણે બદલે છે. આહા..હા..! એ તો અહીં કુંડલામાં નદી .. એવો વરસાદ આવ્યો હતો એવો વરસાદ. નદીનું પૂર આખું આમ જાતું હતું એ આમ કરી નાખ્યું. બદલી ગયું. પણ એ પૂર પોતાથી તે પ્રકારે પર્યાય થવાનો એને કાળ છે. એ કાંઠા લાંબા નહોતા માટે ફરી છે એમ નથી. આહા..હા..!

**શ્રોતા :–** કોટ તો બાંધે છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોટ બાંધે. કોણ બાંધે? એ તો હોય એને કાળે.

અહીં તો અનુકૂળ નિમિત્તની વ્યાખ્યા થાય છે. અનુકૂળ એટલે કે જેમ કાંઠા નદીને ચાલવાના હોય છે, પણ નદી ચાલે છે એ કાંઠાને લઈને નહિ. આહા..હા..! બે છેને ભાઈ! નિમિત્ત છે એ અનુકૂળ છે અને નૈમિત્તિક છે તે અનુરૂપ છે. ૧૦૦મી ગાથા. બધી ઘણી વાતું થઈ ગઈ છે. આહા..હા..! નિમિત્ત-નૈમિત્તિકસંબંધ એ વ્યવહાર છે અને જે પર્યાય જે ક્ષણે થાય ત્યાં નિમિત્ત અનુકૂળરૂપે હોય છે, પણ અનુકૂળ કહેવું માટે એને લઈને થયું છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો કીધું.

**'પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવ સ્વરૂપ એટલે પરભાવના સ્વરૂપને કરવાનું કારણ બની શકતું નથી.'** આહા..હા..! સમજાણું કાંઈ? આમાં એકાંત કહે છે લોકો. નહિ, નિમિત્ત આવે તેવું થાય. પરદ્રવ્યમાં જે પર્યાય થવાનો કાળ છે તે કાળે એને નિમિત્ત પણ આવે છે અને નિમિત્ત ન હોય તો થાય નહિ. નિમિત્ત હોય અને ઉપાદાનની યોગ્યતા હોય, પણ પ્રતિબદ્ધ કારણ હોય તો થાય નહિ. દીવો થવાની યોગ્યતા છે, નિમિત્ત પણ દિવાસળી છે, પણ પવનના ઝપાટા વાગતા હોય તો દીવો થાય નહિ. બાપુ! એમ નથી, ભાઈ! આહા..હા..! એનો થવાનો કાળ હોય ત્યારે પ્રતિબદ્ધ કારણ પણ ન હોય અને એને નિમિત્ત પણ હોય તે દૂર રહીને નિમિત્ત હોય. અંદર અડે ને નિમિત્ત હોય (એમ નહિ). અડે તો ક્યાંથી? એક દ્રવ્ય બીજાને અડે ક્યાંથી? ઝીણી વાત. મૂળ દૃષ્ટિમાં ખબર ન મળે વસ્તુની.

આહા..હા..! અહીં તો ચોખ્ખી ભાષા નિમિત્ત છે.

નિમિત્ત અનુપત્તિ એમ છેને? 'પરભાવત્વ નિમિત્તં અનુપત્તિ' પરભાવ એટલે જે દ્રવ્ય છે તેનો જે ભાવ તેને પરદ્રવ્ય તેને નિમિત્ત થઈને એની અનુપત્તિ એટલે એને પ્રાપ્ત કરાવે ભાવને એમ છે નહિ. આહા..હા..! હાજર હો. એ તો આવતું નથી ત્યાં? પ્રવચનસારમાં. કર્તાકર્મમાં આવે છેને. .. શબ્દ છે સંસ્કૃતમાં. કાર્ય કાળે નિમિત્તનું સાન્નિધ્ય હોય છે. બહિરંગ ઉચિત, ઉચિતનો અર્થ આ અનુકૂળ. સમજાય છે કાંઈ? આહા..હા..! '**માટે જ્ઞાનીને પરના અપરાધના નિમિત્તે...**' આહા..હા..! દેહની ક્રિયા થાય માટે જીવને નુકસાન થાય એમ પરદ્રવ્યના કારણે પરભાવને કાંઈ બદલી શકે એવી વસ્તુ નથી. આહા..હા..! '**અપરાધના નિમિત્તે બંધ થતો નથી.**' આહા..હા..!

'**વળી જ્યારે તે જ શંખ પરદ્રવ્યને ભોગવતો અથવા નહિ ભોગવતો થકો...** ' જુઓ, મારે તો ઓલું સ્વયમેવ જોતું હતું. ટીકામાં છે, મૂળ પાઠમાં નથી. એ લોકોનું છે ને, સ્વયમેવ એટલે અપનેરૂપ. સ્વયમેવ એટલે પોતાથી. એમ નહિ, પોતારૂપે થાય. જીવનું જીવરૂપે થાય, અજીવનું અજીવરૂપે. એમ નથી અહીં. એવો અર્થ કરે છે સ્વયમેવનો. પણ અહીં તો સ્વયમેવ પોતાને કારણે તે પરિણતિ પર્યાય થાય છે. નિમિત્તને કારણે નહિ, પ્રતિબદ્ધ કારણને લઈને અટકે નહિ, પ્રતિબદ્ધ કારણે ટળ્યું માટે અહીં અનુકૂળ થઈ એમ પણ નહિ. આહા..હા..! આવી વાત છે.

'**સ્વયમેવ કૃષ્ણભાવે પરિણમે...**' એનું વજન છે એ લોકોની ટીકામાં મોટું. સ્વયમેવ એટલે પોતાના રૂપે, એમ કહે છે. જીવ જીવરૂપે થાય એમ, પણ સ્વયમેવ એટલે પોતાથી સ્વયં થાય એમ નહિ. એમ કહે છે. અરે..! ભગવાન! દૃષ્ટિ ફરે શું ફેરવી નાખે! પોતાની દૃષ્ટિએ શાસ્ત્રના અર્થ કરવા. શાસ્ત્ર જે કહેવા માગે છે તે અભિપ્રાયમાં દૃષ્ટિ ન લઈ જવી. આહા..હા..! '**જ્યારે તે જ શંખ પરદ્રવ્યને ભોગવતો અથવા નહિ ભોગવતો...**' દેખો, શું કહે છે? શંખને જ્યારે ધોળામાંથી કાળાપણાનું પરિણમન હોય ત્યારે એ નિમિત્ત હો કે ન હો, એની સાથે સંબંધ નથી. એ કાળું લક્ષણ કહો કે કાળું લક્ષણ પીળા, કાળા હોય આદિ. ધોળાના કાળા એ ન કરી શકે. પોતે જ્યારે ધોળામાં કાળાનો પરિણમન કાળ હોય ત્યારે એ ભોગવે કે ન ભોગવે, એ પોતાના કાળે પરિણમન થઈ જાય છે. ધોળામાંથી કાળાનું પરિણમન તે કાળે થવાનું હોય તે થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ધોળામાંથી કાળો થાય ત્યારે અનુકૂળ નિમિત્ત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાંઈ નથી. એ છે બીજું શું? એ ચીજ તો છે, પણ અહીં પરણમાવ્યું નથી. આહા..હા..! પોતાને કારણે પરિણમ્યું છે. ભક્ષણમાં ભલે કાળું હોય કે ન હોય, નિમિત્ત છે એ તો. આહા..હા..! કોને પડી છે આવી સ્વતંત્રતા અંદર જીવની અને પરમાણુની બધાની. આહા..હા..!

સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં તો એમ કહે છે કે છએ દ્રવ્યને કાળલબ્ધિ હોય છે. તે તે સમયની પર્યાયની લબ્ધિ એટલે પ્રાપ્તિનો એને કાળ હોય છે એનાથી તે પરિણમે છે. આહા..હા..! પ્રવચનસારમાં ૧૦૨ ગાથામાં એમ કહ્યું કે એની જન્મક્ષણ છે. એ તો એનું એ થયું. તે તે દ્રવ્યની પર્યાયનો ઉત્પત્તિનો કાળ છે. આહા..હા..! અને રાતે કહ્યું હતુંને ઘણું, નહિ? ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામની શક્તિ છે આત્મામાં.

રાત્રે ઘણી વાત સારી હતી ઊંચી. ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામની શક્તિ છે આત્મામાં. એમાં એ ઉત્પાદ થાય છે એમાં અકાર્યકારણની શક્તિનું રૂપ છે એમાં. આહા..હા..! અકાર્યકારણશક્તિ છે એ કોઈનું કારણ થાય નહિ અને કોઈથી કાર્ય થાય નહિ એમાં. આહા..હા..! આવો મોટો વાંધો છે. સમજાય છે કાંઈ?

ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવી શક્તિ છે. .. હોં! 'उत्पादव्ययध्रुवयुक्तं सत्' 'उत्पादव्ययध्रुवयुक्तं सत्' અને સત્ તે દ્રવ્યનું લક્ષણ. આહા..હા..! અને તે કાળે તે ઉત્પાદ-વ્યય થાય તે ઉત્પાદ-વ્યયની શક્તિને કારણે ઉત્પાદ થાય. તે સમયનો ઉત્પાદ. એમાં ઉત્પાદની પર્યાયમાં અકાર્યકારણની શક્તિનું પરિણમન પણ સાથે છે. અકાર્યકારણ નામનો ગુણ છે. આ કાર્યના બધા વાંધા ઉઠાવી નાખે એવી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? અકાર્યકારણ શક્તિ છે. તો એ જ્ઞાનગુણમાં પણ અકાર્યકારણનું રૂપ છે કે જેથી તે જ્ઞાનનું પરિણમન જે કાળે થાય તે પરિણમન કોઈ કારણે નહિ અને એ પરિણમન કોઈનું કારણ થાય નહિ. આહા..હા..! ૭૨ ગાથામાં આવ્યુંને અકાર્યકારણ, ત્યાંથી શક્તિ અકાર્ય કાઢી છે. જીવોમાંથી જીવતરશક્તિ કાઢી છે. બધી ટીકામાંથી એમ જ કાઢી છે અમૃતચંદ્રાચાર્યે પોતે. આહા..હા..!

સત્ ને સત્... શ્રીમદ્ કહે છે કે વસ્તુને વસ્તુ તરીકે રાખ, ફેરવી ન નાખ. પણ એ વાત જ નહોતી ને એટલે લોકોને, એકાંત છે રે એકાંત છે. આહા..હા..! નિયતીવાદ થઈ જાય. બાપુ! સમ્યક્ નિયતી છે આ. મિથ્યાનિયતીમાં એકલું થવા કાળે થાય એમાં પુરુષાર્થ સ્વભાવ ને નિમિત્તનો અભાવ એ હોતું જ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! જે સમયે જે દ્રવ્યની જે પર્યાય થવાની છે તે થયે જ છૂટકો છે. એ વખતે એ પર્યાયમાં વીર્યશક્તિનું પરિણમન પણ છે, સ્વભાવનું પણ પરિણમન છે અને એનામાં અભાવ નામની એક શક્તિ છે તેથી નિમિત્તના અભાવરૂપે પરિણમે એ પોતાની શક્તિથી પરિણમે છે. આહા..હા..! કાલે ભાવ કીધો હતો. આજે વળી અભાવ આવ્યું પાછું. કર્મનો અભાવ (થયો) માટે આત્મામાં કેવળજ્ઞાન થાય છે એમ નહિ. પોતામાં અભાવ નામની શક્તિ છે તેથી તે અભાવશક્તિપણે પરિણમે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. કાલે એક બોલ કહ્યો હતો—ભાવ. ભાવમાં એનો અર્થ એ છે કે ભાવ નામની શક્તિ છે એનું કાર્ય તે કોઈપણ પર્યાય તે કાળે થવાની હોય એ થાય જ. એ ભાવ ગુણનું કાર્ય છે. સમજાય છે? એ નિમિત્તનું કાર્ય નથી. સંયોગી ચીજ મળી માટે એનું કાર્ય નથી. આહા..હા..! ભાવ નામનો ગુણ છે અને તે ગુણને ધરનાર ભગવાન આત્મા ભાવવાન છે. એ ભાવવાનની જ્યાં દૃષ્ટિ થઈ એટલે ભાવ નામના ગુણને લઈને તેનામાં નિર્મળ પર્યાય થાય. મલિનની અહીં વાત નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે. મધ્યસ્થ (થઈને) સાંભળે ને આગ્રહ છોડીને તો ખબર પડે કે ભાઈ! વાત તો આ છે. આ કાંઈ કોઈના ઘરની વાત છે એમ નથી. આહા..હા..! છે તો ઘરની પણ એમ કે કલ્પિત કરેલી છે એમ નથી. આહા..હા..!

વીતરાગને સમજવા... આહા..હા..! આવો મનુષ્યદેહ મળ્યો, વીતરાગની વાણી સાંભળવા મળી અને એ ટાણે જો આવો નિર્ણય નહિ કરે તો કે દિ' કરશે, ભાઈ? નિર્ણયમાં સમ્યગ્દર્શન છે. આહા..હા..! એ કાળે તે થાય, નિમિત્તથી તે પરભાવનું કાંઈ કરી શકે નહિ એવી સ્વતંત્રતાનો નિર્ણય કરવા જાય ત્યાં એની પર્યાય ઉપર દૃષ્ટિ રહે નહિ, જ્ઞાયક ઉપર દૃષ્ટિ જાય. જેમ સર્વજ્ઞસ્વભાવે જોયું પર્યાયમાં તેમ થાય,

તો એનો નિર્ણય સર્વજ્ઞ સ્વભાવ ઉપર જાય. ત્રિકાળી જે સર્વજ્ઞસ્વભાવ છે તેને કારણ બનાવે ત્યારે તે પર્યાય તે કાળે થાય એનો નિર્ણય સાચો થાય. આહા..હા..! માસ્ટર કિ કહેવાય. શું કહેવાય તમારે એ? કુંચી. બધે લગાવી દો. આહા..હા..! ત્રણલોકના નાથની આ રીત છે. આહા..હા..! ખબર નથી. શ્રદ્ધાની ખબર નથી ત્યાં જ્ઞાન, ચારિત્ર ક્યાંથી આવ્યા? આહા..હા..! સમજાણું કાંઈ?

**'સ્વયમેવ કૃષ્ણભાવે પરિણમે ત્યારે તેનો શ્વેતભાવ સ્વયંકૃત... '** જોયું! સ્વયમેવ અને સ્વયંકૃત. આહા..હા..! **'સ્વયમેવ કૃષ્ણભાવે પરિણમે...'** સદાય શ્વેતભાવ સ્વયંકૃત. સંસ્કૃતમાં છે બે શબ્દ છે. પહેલોં એ છે કે સ્વયમેવ. સ્વયમેવ—પોતાથી જ.,એમ. સ્વયં એવ. એવ છેને? પોતાથી જ. એક વાત. અને સ્વયંકૃત—પોતાથી કરાયેલો એ ભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પણ એ જાતનું જ્ઞાન ન મળે, શ્રદ્ધાના ઠેકાણા ન મળે અને બહારની ક્રિયાકાંડો કરો. મરી જાય નહિ ક્રિયાકાંડ કરીને. વસ્તુની ખબર નથી કે શું આ વસ્તુ છે. સમજાણું કાંઈ? લ્યો! સ્વયમેવ અને સ્વયંકૃત. પહેલાંમાં કર્યું હશે. આ તો નવું પુસ્તક છેને.

શું કહ્યું? કે શંખ છે એ જ્યારે પોતે પોતાથી સ્વયમેવ કાળા થવાને, સ્વયંકૃત—પોતાથી કરાયેલો હોય તે કાળે કાળો થાય, પરનાથી કરાયેલો અને પરથી થયેલો એમ છે નહિ. સ્વયમેવ એટલે પોતાથી અને સ્વકૃત. નિમિત્તથી પરથી અને પરકૃત એમાં છે નહિ. આહા..હા..! આ શું આ બધું કરો છોને ત્યાં? પેટ્રોલનું સાફ ને... એ પેટ્રોલ નીકળ્યું. રાજ નથી હમણાં? ઈરાક. એક કલાકની બે કરોડની પેદાશ છે પેટ્રોલની. તમારી તો મોટી કંપની છે. પેલો દેશ નાનો. કૂવા નીકળ્યા છે તેલ. છે અનાર્ય માણસો. આહા..હા..! ગજબ છેને. પણ પૂર્વના પુણ્યનો યોગ છે તો એમાંથી પેટ્રોલ નીકળ્યું. ૩૦ વર્ષ ચાલે તેટલું એક કલાકની બે કરોડની પેદાશ ૩૦ વર્ષ ચાલે એટલું છે. છાપામાં આવ્યું હતું. મરી જશે. મરીને નરકે. આહા..હા..! અને મરીને નરકે જવાના એ.

**શ્રોતા :-** એના ભાઈએ મારી નાખ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મારી નાખ્યોને. પહેલોં ગાદીએ બેઠો હતો એના ભાઈએ મારી નાખ્યો. આવી પેદાશ એક દિવસની અડધા અબજની. અડધા અબજની તો મૂડી પણ નથી કેટલાકને. સમજાણું કાંઈ? આહા..હા..! એક દિવસની અડધા અબજની પેદાશ. એ પરમાણુની પર્યાય તે કાળે તે રીતે થવાની આવી તે થઈ, એને કાંઈ એના પુણ્યને કારણે થઈ એમ પણ નથી. પુણ્યના રજકણો ભિન્ન ચીજ અને આ ચીજ ભિન્ન ચીજ. આહા..હા..! સમજાય છે કાંઈ? ઝીણી વાતું ભારે! દર્શનશુદ્ધિ વિના બધા થોથા છે. આહા..હા..!

**'સ્વયમેવ...'** શંખ. **'સ્વયંકૃત કૃષ્ણભાવ થાય...'** આહા..હા..! **'પોતાથી જ કરવામાં આવેલા કૃષ્ણભાવરૂપ થાય, તેવી રીતે જ્યારે તે જ જ્ઞાની પરદ્રવ્યને ભોગવતો અથવા નહિ ભોગવતો, જ્ઞાનને છોડી સ્વયમેવ જ્ઞાનરૂપે પરિણમે.'** દેખો, પોતે સ્વયમેવ જ્ઞાનરૂપે પરિણમે. વિષયભોગમાં પ્રેમ કરે, રસ કરે એ અજ્ઞાનભાવે પરિણમે છે એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? વિષયભોગમાં મીઠાશ છે, રસ છે એવો જે અજ્ઞાનભાવ એ અજ્ઞાની પોતાથી કરે છે, જ્ઞાનાવરણીયનો

ઉદય છે માટે કરે છે અને દર્શનાવરણીયનો ઉદય છે માટે કરે છે એમ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કેટલું સ્પષ્ટ છે! દર્શનમોહનો ઉદય આવ્યો માટે આને (આમ થયું). એ લોકો એમ કહે છે. ક્રોધ પછી માન જ થાય, માયા પછી થાય એમ ક્યાં છે ક્રમ? પણ એ ક્રમ કોણે કહ્યો? ક્રોધ પછી ક્રોધ પણ થાય અને ક્રોધ પછી માન પણ થાય એનો ક્રમ એવો હોય છે. ત્યારે એ એમ કહે છે કે ક્રોધ પછી માન થાય અને ક્રોધ ન થાય એનું કારણ? કે ત્યાં માનકર્મનો ઉદય છે માટે અહીં માન થાય. આહા..હા..! અહીં કહે છે કે ઉદય-નિમિત્ત આના ભાવને કરી શકતું નથી. આહા..હા..!

**'જ્ઞાની પરદ્રવ્યને ભોગવતો...'** ભોગવતાનો અર્થ અંદર રાગ કરતો. પરદ્રવ્ય ભોગવાય છે ક્યાં? પણ પરદ્રવ્યના ભોગવવાના કાળે જે રાગ હોય અથવા ન ભોગવતો, ન ભોગવે તે રાગ હોય તે જ્ઞાનને છોડી, પોતાનો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ છે તેને છોડી, અજ્ઞાનરૂપે પરિણમે. વિષયમાં, આબરૂમાં મજા છે એવું અજ્ઞાનરૂપે પરિણમે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું સમજવું હવે એ કરતાં વ્રત લઈ લ્યો અને તપસ્યા કરો, જાવ. મરી જાય નહિ તપસ્યા કરીને અજ્ઞાનભાવે. હજી આત્માદર્શન શું, દર્શનશુદ્ધિ શું એની કાંઈ ખબર નથી. આહા..હા..!

**'ત્યારે તેનું જ્ઞાન સ્વયંકૃત...'** જુઓ, બેયમાં આવ્યું. ઓલું સ્વયંમેવ અને સ્વયંકૃત. આહા..હા..! નિમિત્તથી કરાયેલું જ્ઞાનનું અજ્ઞાન એમ નહિ. એમ શંખનું ધોળાનું કાળું થયું એ નિમિત્તથી કરાયેલું છે એમ નહિ., સ્વયંકૃત છે. આહા..હા..! કેટલી સરસ વાત છે! આ તો હું કરી દઉં, હું કરી દઉં. આવે છે ને નરસિંહ મહેતામાં, 'હું કરું, હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' શકટ નામ ગાડીનો ભાર કૂતરું હેઠે બેઠું હોય, ઠીઠું અડે એટલે (માને કે) મારાથી ગાડું ચાલે છે આ. ઊભું રહેશે તો કચરી નાખશે તને. એમ આ દુકાનના ધંધામાં બેસે બરાબર થડે (અને માને કે મારાથી ચાલે છે).

**શ્રોતા :-** દુકાનનું ધ્યાન રાખેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ બધું ધ્યાન રાખીને શું કરવું છે બધું? શેઠ! આવી વાત છે. આહા..હા..! એમાં એ જીપમાં, મોટરમાં બીડી નાખીને દેવા જાય ત્યાં. પોતે શેઠ ન જાય પણ માણસને મોકલે. ત્યાં જઈને દઈ આવજો જાવ ગામડામાં. આહા..હા..! આ બધું કામ અમે કરીએ છીએ.

**શ્રોતા :-** એ બધું કામ એના કારણે થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને કારણે થાય. કોણ કરે? આહા..હા..! ભારે કામ!

**'જ્ઞાનને છોડીને સ્વયમેવ જ્ઞાનરૂપે પરિણમે...'** આહા..હા..! ઓલામાં સ્વયમેવ આવે છેને. જો સ્વયં પરિણમવાની શક્તિ ન હોય તો પર વડે કેમ પરિણમાવે? અને શક્તિ હોય તો પરની જરૂર શું? આહા..હા..! આવું તો સ્પષ્ટ છે. અનંત દ્રવ્ય જેણે માન્યા, એને અનંત દ્રવ્યરૂપે રહે અને પરની સહાય ન હોય, પરના કામ ન હોય તો અનંત દ્રવ્ય અનંત દ્રવ્યરૂપે રહે છે. છે? અનંત દ્રવ્યોને અનંતપણે પોતાથી સ્વયંકૃત એ હોય તો તે અનંત ભિન્ન રહે છે. પરથી થતું હોય તો અનંત ભિન્ન રહેતું નથી. એ તો ... છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ચીમનભાઈ! આ આવ્યું છે સમજાય છે આ? આ બધા ધંધા-બંધા કર્યા હશેને ત્યાં તમે? એડન એડન ને? એડનમાં. આ તો કહે છે કે પરની પર્યાય કાંઈ કરી

શકતો નથી. આહા..હા..! ભારે આવ્યું છે! અને તે શંખનો કાળાપણા થવાનો સમય હોય છે ત્યારે કાળુ થાય છે. એટલે પર વડે કાળુ થાય એમ નહિ; એમ જ્ઞાનીને પણ પરમાં રસની બુદ્ધિ જ્યારે થાય તે કાળે અજ્ઞાનપણે પોતે પરિણમે છે, પરને કારણે નહિ. આહા..હા..! તેમ દર્શનમોહને કારણે નહિ, એમ. અજ્ઞાન છેને. સમજાય છે કાંઈ? ઓહો..હો..! કેટલો ખુલાસો છે આમાં! એક જ ગાથામાં અંદર. લખ્યું છે કે નહિ? આ સુમનભાઈ રહ્યા ને સુમનભાઈ. એમાં છે કે નહિ આ? છે. આ તો એનું સ્પષ્ટીકરણ થાય છે, છે એનું. એમાં છે એનુંને. આહા..હા..!

**શ્રોતા :–** એમાં જ વાંધો ઉઠ્યો છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વાંધા જ ઉઠ્યા છે. ઘરનું નાખ્યું છે. કહો બાપુ! ભાઈ! તમે ભગવાન છો, બાપુ! એ એક સમયની ભૂલ ટાળવા માટે તું તાકાતવાળો છો. આહા..હા..! એક સમયની ભૂલ છે. ત્રિકાળી આનંદકંદ પ્રભુ તું તો ભગવાન છોને. ભલે અત્યારે તને એમ બેસે કે આ વિરોધ છે પણ ટાળીશ તે દિ' એક સમયમાં ટાળી દઈશ. આહા..હા..! જિનવર વીતરાગ પરમેશ્વર એમનો માર્ગ સમજવો એ બહુ ઘણી જ પુરુષાર્થની જાગૃતિ માગે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! અને એ સમજ્યા વિના, સમ્યક્ વિના બધું થોથાં (છે). વ્રત પાળે ને તપસ્યા કરે એ બધું બાળવ્રત અને બાળતપ (છે). મૂર્ખાઈ ભરેલા વ્રત અને મૂર્ખાઈ ભરેલા તપ (છે). આહા..હા..! જોયું!

'**ત્યારે તેનું જ્ઞાન સ્વયંકૃત અજ્ઞાન થાય.** ' આહા..હા..! '**માટે જ્ઞાની જો બંધ થાય તો પોતાના અપરાધના નિમિત્તે.**' શું કહે છે એ? જ્ઞાનીને ભોગની ક્રિયા જે થાય એને માટે અપરાધ નથી, અજ્ઞાન પોતાથી થાય એનાથી એને બંધ થાય છે. આહા..હા..! એ વિષયમાં, આબરૂમાં અંદરમાં મીઠાશ લાગે એ તો અજ્ઞાનમાં પોતાની બુદ્ધિ છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોણ આમાં સાંભળે ઝીણી વાતું આવી. ઓલું સહેલુંસટ હતું કે વ્રત કરો, દયા પાળો, રાતે આહાર ન કરો. '**પોતાના જ અપરાધના નિમિત્તે.**' એટલે શું કીધું? જ્ઞાનીનું અજ્ઞાન થાય છે તે પોતાના અપરાધથી થાય છે. શરીરની ક્રિયા ભોગની થઈ માટે થાય છે એમ નહિ. આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છે! '**પોતે જ અજ્ઞાનપણે પરિણમે ત્યારે બંધ થાય છે.**' જોયું! દેહની ક્રિયાથી એને બંધ થાય છે એમ નથી, પણ પોતે જ્ઞાનથી અજ્ઞાનરૂપે પરિણમે અને એમાં રસ આવે, મીઠાશ આવે એથી અજ્ઞાન થયું એનાથી એને બંધ થાય છે. આહા..હા..! દેહની ક્રિયાથી અને બહારની શારીરિક પ્રવૃત્તિથી એને બંધ થાય છે એમ છે નહિ, એમ કહે છે. સમજાય છે કાંઈ? આમાં છે કે નહિ આમાં આ બધું? એમાં છે?

**શ્રોતા :–** પોતે જ અજ્ઞાનપણે પરિણમે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોતે અજ્ઞાનપણે પરિણમે ત્યારે બંધ થાય છે, એટલે ભોગની ક્રિયાથી જ્ઞાનીને બંધ થાય છે એમ નથી. એને અબંધ પોતાના પરિણામનો કર્તા થાય શુદ્ધ ચૈતન્યનો એથી એને બંધના ભાવ નથી માટે બંધ થતો નથી. અને જ્ઞાની જ્ઞાનપણું છોડીને અજ્ઞાનપણે પરિણમે છે, મીઠાશ આવી જાય છે, એમાં રસ આવી જાય છે એને કારણે જ્ઞાનનું અજ્ઞાન થઈને એને કારણે એને બંધ થાય છે. આહા..હા..!

ભરત ચક્રવર્તી. છન્નું હજાર સ્ત્રી અને એના ભોગ અને તે છ લાખ પૂર્વ સુધી. ૭૭ લાખે ચક્રવર્તી થયા. છ લાખ (પૂર્વ) સુધી ચક્રવર્તીપદમાં રહ્યા. છ લાખ પૂર્વ હોં! એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એવું એક પૂર્વ. એવા છ લાખ પૂર્વ. એ આસક્તિનું થોડું હતું એની અહીં વાત ઉડાડી દીધી છે. જ્ઞાનીને એનો બંધ નથી એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પણ પછી બંધનો વિચાર કરીએ જ્ઞાનીને ત્યારે એની અસ્થિરતાનો ભાવ હતો એનો અલ્પ બંધ છે, અલ્પ સ્થિતિ અને અલ્પ રસ છે એની અહીં ગણતરી ગણી નથી. અને તે પણ અલ્પ છ લાખ પૂર્વ, છન્નું હજાર સ્ત્રી, ૭૨ હજાર નગર, ૪૮ હજાર પાટણ, છન્નું કરોડ ગામનો સાહેબો. એ જ્યાં અંદરમાં ધ્યાનમાં ઉતરી ગયા (તો) અંતરમુહૂર્તમાં કેવળજ્ઞાન લીધું. એ દોષ જે આસક્તિનો હતો એ અંતર્મુહૂર્તમાં ટાળી નાખ્યો અને કેવળ લીધું. આહા..હા..! આ તો દોષ કેટલો થોડો એમ કહેવું છે. અહીં તો કાઢી નાખ્યું છે દોષને. અજ્ઞાનીને બંધ છે એમ સિદ્ધ કરવું છે. પણ જ્યારે પર્યાયનો વિચાર એનો કરે, ત્યારે પર્યાયમાં એ આસક્તિનો દોષ તો છે, છતાં જ્ઞાની છે. પણ એ આસક્તિ, છ લાખ પૂર્વની આસક્તિ અંતર્મુહૂર્તે ટાળી નાખી ફડાક દઈને. દોર હાથમાં હતો. ચિદાનંદ સહજાનંદ મૂર્તિ જેની દૃષ્ટિમાં હાથમાં હતો. આહા..હા..! જુઓ, એ પાપ અંતર્મુહૂર્તમાં ટાળ્યું અને કેવળજ્ઞાન લીધું. આહા..હા..!

શ્રેણિક રાજા. સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું હતું, પણ સમ્યગ્દર્શનના કાળમાં... આહા..હા..! જ્યાં સમ્યગ્દર્શન પામ્યા, એકદમ ૩૩ સાગરની સ્થિતિ હતી તે ૮૪ હજારની થઈ ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો પરને લઈને દોષ પણ એટલો આસક્તિનો ભાવ છેને? એનું બંધ થયું પણ એ બંધ કેટલો અને કેવડો? આહા..હા..! જેણે અંતર્મુહૂર્તમાં ૩૩ સાગરની સ્થિતિ નરકની... આહા..હા..! જેની એક ક્ષણ જતાં એની પીડા અને એનું વેદન પહેલી નરકે છે ઉષ્ણ વેદનામાં. પછી ચોથી, પાંચમીથી શીત વેદના છે. એની (શીત) વેદનાનો એક કણ જો અહીં લાવીને મૂકે, દસ યોજનમાં માણસો ઠરીને મરી જાય, ઠરીને મરી જાય. હીમ પડેને હીમ? રીંગણા ઉપર વધારે. ગરમ છે ને વધારે. રીંગણી બળી જાય. રીંગણી સમજો છો? બેંગન. આહા..હા..! એથી પણ અનંતગુણી પહેલી નરકમાં ઉષ્ણ વેદના છે. આહા..હા..! એ ઉષ્ણ વેદના ચોર્યાસી હજાર વર્ષ સુધીમાં રહેશે પણ એને આત્માના સુખ આગળ... આહા..હા..! આવ્યુંને એમાં, શું આવ્યું? 'ચિન્મૂર્તિ દગધારી કી મોહી રીતી લગત હૈ અટપટી.' આહા..હા..! 'ચિન્મૂર્તિ દગધારીકી મોહે રીતી લગત હૈ અટપટી.' નરકના દુઃખ ભોગવે છતાં અંતરમાં સુખની ગટાગટી. આહા..હા..! હવે ત્યાં સુખ ક્યાં હતું? શીતમાં હીમમાં જેમ ઠરી જાય અને મરી જાય, પણ અંદરમાં રાગથી ભિન્ન પડીને અનુભવ કર્યો છે... આહા..હા..! એ આનંદની ગટાગટી નરકમાં છે અને અહીં બધા અબજોપતિ છે એ દુઃખની ગટાગટી છે. આહા..હા..!

જેમ આ શરીર મડદા જેવા બળતા ભડથા જેવા શરીર હોય, જન્મે ત્યાંથી સોળ રોગ હોય. આહા..હા..! પણ ઓલો હાથ આવ્યો છેને ભગવાન. આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળ અંદર દૃષ્ટિમાં ભાન થયું છે. આહા..હા..! એ નરકમાં પણ સુખ છે, એમ કહે છે. જેટલી ભ્રમણા અને અનંતાનુબંધી ગયું છે એટલું ત્યાં સુખ છે. કારણ કે કષાયનું દુઃખ છે અને કષાયની મંદતા થઈ તે ઘણો

કષાય ટળ્યો તેનું સુખ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શંખ માટે શ્વેત છે તે પરના ભક્ષણથી કાળો થતો નથી.'** આહા..હા..! અહીં લ્યો માણસમાં. જેનું શરીર ધોળું છે એ કાળા એવા ખાય, કાળા તલ હોય, કાળી ગમે તે ખાય પણ એનો રંગ ધોળો વયો જાય? ચાલ્યો જાય? અને કાળો માણસ હોય શરીરની ચામડી એ એકલું માખણ ખાય, દૂધ પીવે પાંચ શેર, દસ શેર એટલે કાળુ મટી જાય? આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ એવો ઝીણો, બાપુ! આહા..હા..! અરે..! દિશા પલટાવીને દશા પલટી નથી. દિશા પલટાવીને દશા ફરી નથી ત્યાં થોથા છે બધાં. દિશા પલટાવીને દશા થઈ નથી. આહા..હા..! પરની દિશામાં જે દશા છે એ તો મિથ્યા દશા છે. આહા..હા..! એ પણ પોતાની કરેલી છે. આહા..હા..! કર્મને લઈને છે અને એને લઈને બિલકુલ નહિ. આહા..હા..! જૈનમાં કર્મનું લાકડું ઘણું. કર્મ આવે એમ થાય, કર્મ આવે ને આમ થાય. આહા..હા..! એમ છે નહિ, ભાઈ! દુઃખ પણ તેં તારા કારણે ઊભું કર્યું. કષાય અને મિથ્યાત્વની એકતાબુદ્ધિ એ જ મહાદુઃખ છે. દુઃખનો શ્રોત ત્યાં છે, પ્રવાહ ત્યાં વહે છે. આહા..હા..! અને જેણે આનંદમૂર્તિ ભગવાન એનું જેણે દૃષ્ટિ ફરી દશા ફેરવીને દિશા પ્રગટ કરી છે. આહા..હા..! નિર્ધન હોય, નરકમાં હોય, સાતમી નરકે હોય. સાતમી નરકે સમકિત છે. અહીંથી લઈ જાય ત્યારે મિથ્યાત્વથી જાય, પાછા નીકળે ત્યારે મિથ્યાત્વ લઈને નીકળે. આહા..હા..! વચલા કાળમાં સમ્યક્ પામે છે અનુભવ. ... સાતમી નરક ૩૩ સાગર. જેમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગર અને એક પલ્યોપમમાં અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. આહા..હા..!

અહીં ડાબા અને જમણા શુળ આવતા હોય, સબાકા મારતા હોય એને રાતે ઊંઘ ન આવે, એને રાત મોટી થઈ પડે. દી તો છે ઈ છે. અહીં સબાકા આવે. ભાઈ નથી આવ્યા? અત્યારે નથી આવ્યા. જમનાદાસ. એ કહેતા હતા કે સબાકો અહીં આવે છે એવો અહીં. મારી પાસે ઊભા હતા. અહીં સબાકો આવે છે. મોઢા આગળ બેસે. ૮૩ વર્ષની ઉંમર છે. જમનાદાસ. બહુ પ્રેમ છે. અહીંથી આવે છે સબાકો. દર્દ હશે એવું કાંઈક ગમે તે. મારી પાસે ઊભા હતા ત્યાં બે વાર આવ્યા. અંદરમાં એવા સબાકા મારે. ૮૩ વર્ષની ઉંમર છે, પણ લાકડી નથી લેતા હજી. ... આહા..હા..!

અહીં કહે છે, **'શંખ શ્વેત પોતાના ભક્ષણે કાળો થતો નથી, પરંતુ જ્યારે પોતે જ કાળીમારૂપે પરિણમે છે...'** આહા..હા..! **'ત્યારે કાળો થાય છે.'** જુઓને કેટલી સ્વતંત્રતા! આહા..હા..! **'તેવી રીતે જ્ઞાની પરના ઉપભોગથી અજ્ઞાની થતો નથી.'** આહા..હા..! **'પરંતુ જ્યારે પોતે અજ્ઞાનરૂપે પરિણમે ત્યારે જ્ઞાની થાય છે અને ત્યારે બંધ થાય છે.'** જ્ઞાનીને ભોગ નિર્જરાનો હેતુ જે કહ્યું છે એ આ અપેક્ષાએ. બાકી ભોગમાં તો રાગ છે એ તો દુઃખ છે, પાપ છે; પણ ત્યાં દૃષ્ટિની પ્રધાનતાના સ્વભાવની મુખ્યતાનું જોર દેવા, જ્યાં ભગવાન સામે બિરાજે છે દૃષ્ટિમાં, આહા..હા..! સમજાણું કાંઈ? એને કોઈ રાગાદિની વાત હોય તો એ કાંઈ દોષમાં, બહારમાં ગણાતી નથી. એનો દોષ છે એનું બંધન તો છે, પણ લોકો એને જાણી શકે નહિ. આહા..હા..!

**'હવે આનું કળશરૂપ કાવ્ય કહે છે :—'**

(शार्दूलविक्रीडित)

ज्ञानिन् कर्म न जातु कर्तुमुचितं किञ्चित्तथाप्युच्यते।
भुंक्षे हन्त न जातु मे यदि परं दुर्भुक्त एवासि भोः।
बन्धः स्यादुपभोगतो यदि न तत्किं कामचारोऽस्ति ते
ज्ञानं सन्वस बन्धमेष्यपरथा स्वस्यापराधाद्ध्रुवम्।।१५१।।

આ શું કરવા કળશ લીધો? કે પહેલું એમ કીધું કે તું પરદ્રવ્યને ભોગવ. એમાં જે કહ્યું હતું એના માટે આ છે. પરદ્રવ્યને ભોગવવાનું કહ્યું હતું તો તને રસ છે એમાં? રસથી પરદ્રવ્યને ભોગવવાનું નથી કહ્યું એને અમે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** પરથી કાંઈ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરથી થતું નથી અને પરથી થાય એનો અપરાધ તું માન તો તને તારા અપરાધથી બંધ છે. આનાથી મને પાપ લાગ્યું, આનાથી મને પાપ લાગ્યું. આહા..હા..!

'**શ્લોકાર્થ :-** હે જ્ઞાની,...' '**जातु किञ्चित् कर्म कर्तुम् उचितं न**' '**તારે કદી કાંઈ પણ કર્મ કરવું યોગ્ય નથી...**' આહા..હા..! રાગ કરવો એ તારે યોગ્ય નથી. આહા..હા..! પરવસ્તુમાં મીઠાશ આવવી એ તને યોગ્ય નથી એમ કહે છે.

**શ્રોતા :-** વ્યવહાર કરવો તે યોગ્ય નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં તો એ વાતને ગૌણ કરીને ભોગની વિશેષ વાત કરી છેને. સમજાણું કાંઈ? આહા..હા..!

ખરેખર તો વ્યવહાર કર્તવ્ય છે એ ક્યાં છે ત્યાં? વ્યવહારનું કર્તૃત્વ ક્યાં છે ત્યાં? હોય છે, એટલો બંધ થાય છે. જેને મોક્ષના માર્ગમાં નાખ્યો એનાથી બંધ થાય છે એમ કીધું. નિશ્ચયરત્નત્રય સાથે વ્યવહારરત્નત્રય હોય છે, એને બંધનું કારણ કહ્યું અને એને વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો, એને અહીંયાં રસ ઉડાડી દીધો. વ્યવહારના રસના પ્રેમીને. નિશ્ચયના આનંદનો રસ... આહા..હા..! અતીન્દ્રિય આનંદના રસ જેને આવ્યા એને આ રાગના રસમાં રસ કેમ આવે? આહા..હા..! એમ કહીને એને ભોગ કહીને એનું સ્વચ્છંદપણું છોડાવ્યું છે. સ્વચ્છંદ એ કરે કે ગમે તેમ થાય ભોગ, અમારે શું? એમ નથી. મરી જઈશ. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૧૧, રવિવાર, તા. ૧૬-૦૧-૧૯૭૭, ગાથા-૨૨૦-૨૨૩, પ્રવચન નં. ૨૯૪

૧૪૯ કળશ છે.

(स्वागता)
ज्ञानवान् स्वरसतोऽपि यतः स्यात्
सर्वरागरसवर्जनशीलः।
लिप्यते सकलकर्मभिरेषः
कर्ममध्यपतितोऽपि ततो न।।१४९।।

નિર્જરા અધિકાર છેને? નિર્જરા કોને થાય છે? અર્થાત્ ધર્મ કોને થાય છે? આહા..હા..!

'**શ્લોકાર્થ :- કારણ કે જ્ઞાની...**' ધર્મી પોતાનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવી એનું નામ જ્ઞાની, એનું નામ ધર્મી. ચૈતન્યસ્વરૂપ ચિદ્ આનંદ એનો આશ્રય કરી અનુભવી, પરનો આશ્રય છોડીને, એ ધર્મી. '**નિજરસથી જ...**' આહા..હા..! આત્માના અતીન્દ્રિય આનંદના રસથી જ. આહા..હા..! છે? '**स्वरसतः अपि**' સ્વ નામ આત્માનો અતીન્દ્રિય આનંદ રસ એનાથી જ. '**નિજરસથી જ...**' આહા..હા..! '**સર્વ રાગરસના ત્યાગરૂપ સ્વભાવવાળો...**' અતીન્દ્રિય આનંદના નિજરસથી જ સર્વ રાગરસનો ત્યાગ. કોઈપણ રાગ છે એનો વિરક્ત ભાવ છે, રાગમાં પોતાનો રસ નથી. અસ્તિ-નાસ્તિ કરી. સમજાણું કાંઈ? રાગ અને દ્વેષ. આહા..હા..! નિજરસ નથી, નિજસ્વભાવ નથી, નિજસ્વભાવ નથી એ. આહા..હા..! નિજરસ નામ વીતરાગી આનંદના રસનું જેને વેદન (થયું છે). આહા..હા..! આવી વાતું! લોકોને લાગે આ તો... શાસ્ત્ર પોકાર કરે છે. જેને આત્મરસ થયો, અતીન્દ્રિય આનંદનો અનુભવ થયો. આહા..હા..! અતીન્દ્રિય જ્ઞાયકસ્વભાવ સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં એનો અનુભવ થયો. આહા..હા..!

એ '**નિજરસથી જ...**' '**स्वरसतः अपि**' એમ છેને? '**सर्वरागरसवर्जनशीलः**' આનંદના રસમાં '**સર્વ રાગરસના ત્યાગરૂપ સ્વભાવવાળો છે...**' આહા..હા..! આવી વાત છે. ત્યારે કોઈ કહે કે ભાઈ! એ તો ક્રમબદ્ધમાં આવવાનું હશે ત્યારે આવશે. શેઠ! શેઠ કાળલબ્ધિ કહેતા હતા. આવવાનું હશે ત્યારે આવશે, પણ આવવાનું હોય એનો નિશ્ચય—નિર્ણય કોને છે? આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાયકસ્વભાવ ચિદાનંદ પ્રભુ એના જુકાવથી નિજરસની પ્રાપ્તિ થાય એ સ્વભાવના પુરુષાર્થથી નિજરસની પ્રાપ્તિ થાય. સમજાણું કાંઈ? હવે આવો માર્ગ, આ ધર્મ. લોકોને એમ લાગે કે સોનગઢવાળા આમ કહે છે. ભાઈ! બાપુ! આ કોનો માર્ગ છે? આ તો અનાદિનો માર્ગ છે.

'**ज्ञानवान् स्वरसतोऽपि यतः स्यात्**' આહા..હા..! અને '**सर्वरागरसवर्जनशीलः स्यात्**'

લ્યો, બેય ઠેકાણે નાખ્યું. શું કહ્યું? કે ધર્માત્મા જેને રાગનો રસ ઊડી ગયો છે અને આત્માના આનંદનો રસ જેને આવ્યો છે એનું નામ ધર્મી, એનું નામ સમ્યગ્દૃષ્ટિ, એનું નામ જ્ઞાની, એનું નામ સુખપંથે દોરાયેલ પ્રાણી. આહા..હા..! સમજાણું કાંઈ? તો જેને '**નિજરસથી જ...**' '**अपि**'નો અર્થ 'જ' કર્યો છેને? '**अपि**' પંડિતજી! '**अपि**' છે એટલે .. નથી કર્યું એણે, 'જ' કર્યું છે. '**નિજરસથી જ...**' એમ. આહા..હા..! ધર્મ તો એને કહીએ, ભગવાન આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિય એ તરફના જુકાવથી, પુરુષાર્થથી સ્વભાવની જ્યાં દૃષ્ટિ અનુભવ થયો તો ત્યાં નિજરસનો સ્વાદ આવ્યો. આહા..હા..! અનાદિકાળથી રાગનો સ્વાદ લેતો હતો. સમજાણું કાંઈ? ચાહે તો નવમી ગ્રૈવેયક ગયો દિગંબર સાધુ થઈને મિથ્યાદૃષ્ટિ... આહા..હા..! એને રાગનો રસ હતો, નિજરસ નહોતો. આહા..હા..! સમજાણું કાંઈ? પંચમહાવ્રત આદિ ક્રિયા શુભરાગ છે. રાગના રસમાં પોતાનો નિજરસ ભૂલી જાતો હતો. આહા..હા..! આમ કેમ કહ્યું? કે નિજરસમાં રાગનો રસ ભૂલી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

શુભ-અશુભરાગ—દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિનો શુભરાગ છે એમાં જે લીન છે. આહા..હા..! એ ચૈતન્યરસથી વિરક્ત છે. છેને? આહા..હા..! આવી વાત છે. એને શુભભાવ—દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ એ રાગભાવમાં રસ છે. રસની વ્યાખ્યા કરીને પહેલાં અધ્યાયમાં. એકમાં એકાગ્ર થઈને બીજી ચિંતા છૂટી જાય એનું નામ રસ. ભાઈ! પહેલાં અધ્યાયમાં. આહા..હા..! એમ જેને રાગ દયા, દાન, વ્રત આદિનો રાગ, રાગમાં રસ છે, એકમાં જ છે અને બીજી ચીજ એમાં નથી, એમ ધર્મી... આહા..હા..! બહુ આવો ધર્મ મોંઘો એમ કેટલાક કહે છે હોં! સોનગઢવાળાએ ધર્મ મોંઘો કર્યો. અરે..! ધર્મ તો જે છે ઈ છે. અરે..! ભાઈ! તેં સાંભળ્યું નથી. ભગવાન આનંદરસથી ભરેલો પ્રભુ! એની ખબર નથી અને રાગના રસમાં નિજ આનંદનો રસ ભૂલી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! સ્ત્રીનું શરીર, લક્ષ્મી, મકાન કે આબરૂ એનો રસ નથી, એ તો પર, જડ છે. સમજાણું કાંઈ? એ તરફનું લક્ષ કરીને જે રાગ થાય છે એ રાગના રસમાં પડ્યો છે અનાદિથી. આહા..હા..! અનાદિ અજ્ઞાની વ્રત પાળે, તપ કરે, ભક્તિ-પૂજા કરે તોપણ એ રાગના રસમાં પડ્યો છે, એ રાગ છે. આહા..હા..!

ધર્મી જીવ '**નિજરસથી જ સર્વ રાગરસના ત્યાગરૂપ...**' છે. અજ્ઞાની રાગના રસમાં નિજરસથી વિરક્ત છે. ધર્મી જીવ નિજરસથી, રાગના રસથી વિરક્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે ધર્મની. લોકોએ બહારમાં ધર્મ માની લીધો છે એને આ એવું કઠણ પડે છે. અપવાસ કર્યો એ તપ અને તપ કર્યો એ નિર્જરા. ધૂળેય નિર્જરા નથી, સાંભળ તો ખરો! એ અપવાસ એ તપ નથી અને તપ એ નિર્જરા નથી. આહા..હા..! અહીંયાં તો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ નાથ પ્રભુ એનો જેને આનંદરસ આવ્યો, તેને આત્માના સમીપમાં ઉપવાસ નામ સમીપમાં રહ્યો તેનું નામ ઉપવાસ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ નિજરસમાં... આહા..હા..! આઠ વર્ષની બાળિકા પણ જો સમ્યગ્દર્શન પામે છે. આહા..હા..!

નિજરસના રસમાં રાગનો 'સર્વ રાગરસ...' પાછો શબ્દ એમ છેને? આહા..હા..! કોઈપણ

શુભભાવના રસમાં એની વિરક્તિ છે. આહા..હા..! વિરક્ત છે, રક્ત નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત હવે, આવો ધર્મ હવે. ઓલા કહે કે ભગવાનની જાત્રા કરે સમ્મેદશિખરની. 'એક વાર વંદે જો કોઈ.' લ્યો એ બધું શેઠને યાદ છે. 'તો નરકગતિ ન હોઈ.' એમાં દાળિયા શું થયા? નરકગતિ આ ભવે ન મળે તો પછી મળશે. જ્યાં જન્મ-મરણના અંત કરનાર સમ્યગ્દર્શન પ્રગટ કર્યું નથી, ત્યાં બધું વ્યર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ, માર્ગ બહુ ભાઈ! વીતરાગ સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવ પરમેશ્વર ત્રિકાળ જ્ઞાન જેને છે એવા ભગવાનના ધર્મનો માર્ગ કોઈ અલૌકિક છે. લૌકિક સાથે મેળ થઈ શકે નહિ. આહા..હા..! ઝીણી વાત, ભગવાન!

જેને રાગનો રસ (છે), ચાહે તો ભક્તિનો અને ભગવાનની જાત્રાનો (રસ હોય), પણ રાગનો રસ છે એ આનંદના રસથી વિરક્ત છે, ભિન્ન છે. આહા..હા..! મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આવો માર્ગ ભાઈ! અને જેને નિજરસ આત્માના આનંદનો રસ આવ્યો, સમ્યગ્દર્શનમાં ચોથે ગુણસ્થાને... આહા..હા..! સમજાણું કાંઈ? નિજરસથી જ, પોતાના રસથી જ. આહા..હા..! ભગવાન અતીન્દ્રિય આનંદસ્વભાવી પદાર્થ છે. આત્મા આનંદ અતીન્દ્રિય આનંદસ્વભાવી આત્મા છે. આહા..હા..! એવા નિજસ્વભાવના રસથી **'સર્વ રાગરસના ત્યાગરૂપ સ્વભાવવાળો છે...'** આહા..હા..! ચાહે તો અસંખ્ય પ્રકારનો શુભરાગ હોય, પણ રાગનો રસ ધર્મીને હોતો નથી. આહા..હા..! રાગનો રસ તો ઝેરનો સ્વાદ છે. આહા..હા..! જેણે અમૃતનો સ્વાદ લીધો, સમ્યગ્દૃષ્ટિ ધર્મીએ આત્માના અમૃતનો સ્વાદ લીધો, તેને રાગરસ ઝેર જેવો દેખાય છે. આહા..હા..!

**'સર્વ રાગરસના ત્યાગરૂપ સ્વભાવવાળો છે...'** છેને? **'वर्जनशीलः'** છેને. આહા..હા..! **'તેથી તે...'** **'कर्ममध्यपतितः अपि'** રાગાદિ ક્રિયા અને કર્મની સામગ્રીના મધ્યમાં પડ્યો હોવા છતાં ધર્મી નિજરસના સ્વાદમાં આવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? **'તેથી તે...'** તેથી શું? કે **'નિજરસથી જ સર્વ રાગરસના ત્યાગરૂપ સ્વભાવવાળો છે. તેથી તે કર્મ મધ્યે પડ્યો હોવા છતાં... '** કર્મની સામગ્રી સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, ધૂળ અને અંદરમાં રાગાદિ એ ક્રિયા રાગની ક્રિયા. કર્મ એટલે ક્રિયા. પુણ્ય-પાપમાં આવે છેને ભાઈ? વ્રત-તપ એ કર્મ. એને કર્મ કહ્યું છે. વ્રત, તપ, શીલ આદિ એને કર્મ (કહ્યું છે). કર્મ એટલે ક્રિયા, એ ક્રિયા એ કર્મ. આહા..હા..! સમજાણું કાંઈ? પડખુ બદલાઈ ગયું. સમજાણું કાંઈ? પડખા શું કહે છે? કરવટ. પડખુ બદલી નાખ્યું. અજ્ઞાની રાગરસના પડખે હતો, જ્ઞાની આનંદરસના પડખે આવી ગયો. સમજાણું કાંઈ? છન્નું હજાર સ્ત્રી આદિ હોય પણ એ રાગનો રસ ઊડી ગયો. આહા..હા..! આવો માર્ગ. વીતરાગ પરમેશ્વર જિનવરદેવ એમ ફરમાવે છે.. આહા..હા..! પ્રભુ! તારી પ્રભુતાનો રસ આવ્યો તેને રાગરસની પામરતાનો રસ છૂટી જાય છે. આહા..હા..! **'તેથી તે...'** કર્મની સામગ્રીના મધ્યમાં સમકિતી પડ્યો હોય કે રાગાદિની ક્રિયાના મધ્યમાં આત્મા હોય... ઓહો..હો..! **'સર્વ કર્મોથી લેપાતો નથી.'** પણ એ ક્રિયાકાંડ અને બાહ્ય સામગ્રીથી એને બંધ નથી થતો. આહા..હા..! સમજાણું કાંઈ? એ કળશની ગાથા છે હવે. આ કળશ તો ઉપોદ્ઘાત છે. હવે એની ગાથા.

**णाणी रागप्पजहो सव्वदव्वेसु कम्ममज्झगदो।**
**णो लिप्पदि रजएण दु कद्दममज्झे जहा कणयं।।२१८।।**
**अण्णाणी पुण रत्तो सव्वदव्वेसु कम्ममज्झगदो।**
**लिप्पदि कम्मरएण दु कद्दममज्झे जहा लोहं।।२१९।।**
**છો સર્વ દ્રવ્યે રાગવર્જક જ્ઞાની કર્મની મધ્યમા,**
**પણ રજ થકી લેપાય નહિ, જ્યમ કનક કર્દમમધ્યમાં. ૨૧૮.**
**પણ સર્વ દ્રવ્યે રાગશીલ અજ્ઞાની કર્મની મધ્યમાં,**
**તે કર્મરજ લેપાય છે, જ્યમ લોહ કર્મદમધ્યમાં. ૨૧૯.**

આહા..હા..!

**'ટીકા :- જેમ ખરેખર સુવર્ણ...'** સોનું-સોનું. **'કાદવ મધ્યે પડ્યું હોય...'** કાદવ મધ્યે પડ્યું હોય **'તોપણ કાદવથી લેપાતું નથી...'** જંગ કહે છેને, જંગ નથી લાગતો. કાટ નથી લાગતો અમારી ભાષા ગુજરાતી છે. સોનું કાદવમાં પડ્યું હોવા છતાં કાટ નથી લાગતો. તમારી હિન્દી ભાષામાં જંગ નથી લાગતો. આહા..હા..! જુઓ, આ દૃષ્ટાંત આપ્યું આચાર્યે. આહા..હા..! **'જેમ ખરેખર...'** **'यथा खलु'** છેને **'खलु'**? **'खलु'** એટલે વાસ્તવમાં, યથાર્થ, નિશ્ચયથી. સંસ્કૃતમાં **'खलु'** શબ્દ છે. **'સુવર્ણ કાદવ મધ્યે પડ્યું હોય...'** કાદવ મધ્યે પડ્યું હોય. હજારો મણ કાદવ હોય અને વચ્ચે સોનું પડ્યું હોય. આહા..હા..! સોનાને કાટ નથી લાગતો, કાટ નથી લાગતો. સોનાને કાટ લાગે? આહા..હા..!

**'કારણ કે તે કાદવથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળું છે,...'** કોનો? સોનાનો સ્વભાવ જ કાદવથી અલિપ્ત રહેવાનો છે. આહા..હા..! જુઓ, આ નિર્જરા અધિકારની વાત તો જુઓ, આહા..હા..! આ તો ઓલા પૂછતા હતા. ૨૦૦૯ની સાલ હતીને. આપણે આ માનસ્તંભ (પ્રતિષ્ઠા વખતે) એ આવ્યા હતાને .. વછરાજજી તો હતા, ગજરારજજી આવ્યા હતા અને મોટા તુલારામ અહીં સ્પેશ્યલ આવ્યા હતા. અહીં ઉતર્યા હતા. એમાં એને રસ્તામાં કોઈ ચર્ચા થઈ ગઈ તુલારામ સાથે. એક નાનો છોકરો હતો. એને પૂછતા હતા કે શાસ્ત્રમાં તો તપસ્યાને નિર્જરા કહી છેને. તત્ત્વાર્થસૂત્રમાં તપસ્યાચ્ નિર્જરા. તો આ અપવાસ કરવો એ બધું તપ છે અને તપથી નિર્જરા થાય છે. એવો તુલારામે પ્રશ્ન કર્યો હતો. એ બાળક સાથે .. હતા કોઈ. નામ ભૂલી ગયા. આ તો ૨૦૦૯ની સાલ વાત છે. એ તપસ્યા નિર્જરા કહી એ તો નિમિત્તથી છે. નિર્જરા તો પોતાના આનંદના સ્વાદમાં આવે ત્યારે નિર્જરા થાય છે. સમજાણું કાંઈ? એક જુવાન હતો કો'ક, ભૂલી ગયા નામ. જુવાન છોકરો હતો. ગજરાજ. ગજરાજ હશે કોઈ બહારનો. સમજાણું કાંઈ? સ્પેશ્યલ આવ્યા હતા અહીંયાં સ્પેશ્યલ. સાંભળવા. જાત્રામાં ગયા હતા.

**શ્રોતા :-** મસ્તકાભિષેક.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, મસ્તકાભિષેક બાહુબલીજી. આહા..હા..!

તો અહીંયાં કહે છે કે તપસ્યા એટલે શું? આહા..હા..! કોને નિર્જરા કહેવી? આ નિર્જરા અધિકાર છેને. આત્માના આનંદના રસમાં લીન રહેવું એ તપસ્યા છે. '**तप्यंति इति तपः**'. સુવર્ણને જેમ.. સમજાણું કાંઈ? ગેરુ લગાવતા ઓપે છે સોનું. એમ ભગવાન આનંદનો નાથ સ્વરૂપ પ્રભુ, એની અનુભવ દૃષ્ટિમાં રહીને જેને રાગનો કાટ લાગતો નથી... આહા..હા..! તેને નિર્જરા થાય છે. ભારે વ્યાખ્યા આકરી. બાપુ! અનંતકાળ થયો રખડતા. એક-એક યોનીમાં અનંત અવતાર કર્યા, ભાઈ! એ ભૂલી ગયો. આહા..હા..! એકેન્દ્રિય, નિગોદ. આહા..હા..! એ શક્કરકંદ, લસણ, ડુંગળી—પ્યાજ. ડુંગળીની એક કટકીમાં તો અસંખ્ય શરીર છે. લસણ, ડુંગળી, પ્યાજની એક કટકીમાં અસંખ્ય શરીર. એક શરીરમાં અનંત સિદ્ધ કરતા અનંતગુણા જીવ. આહા..હા..! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે એમ જાણ્યું એવું કહ્યું. એમાં અનંત ભવ કર્યા. મન નહિ, વાણી નહિ, એક શરીર રહ્યું. આહા..હા..! બાયડી, છોકરા, કુટુંબ તો ક્યાંય રહ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? એક શરીરનો પરિગ્રહ રહ્યો. મન નહિ, વાણી નહિ, મકાન, પૈસા, લક્ષ્મી, આબરૂ, બાયડી, છોકરા તો ક્યાં રહ્યા? એમાં અનંતવાર જન્મ્યો છે. એક શ્વાસમાં અઢાર ભવ કર્યા. એક શ્વાસમાં ભગવાન પરમાત્મા અરિહંત દેવ, જિનવરદેવ ફરમાવે છે કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તેં એક શ્વાસમાં અઢાર ભવ કર્યા એવા અનંતવાર અનંતભવ અનંતવાર કર્યા. એક શ્વાસમાં અઢાર ભવ એવા અનંતવાર અનંત શ્વાસમાં અનંતા ભવ કર્યા. આહા..હા..! ભૂલી ગયો પણ આ બધું બહાર દેખીને. આ બધા પૈસા બૈસા જાણે. આહા..હા..! થઈ રહ્યું. આહા..હા..!

કહે છે કે, સાંભળ તો ખરો, પ્રભુ! એમાં જ્યાં મનુષ્યપણે થયો અને એમાં જ્યાં સર્વજ્ઞ ત્રિલોકનાથ વીતરાગની વાણી સાંભળવા મળી, એ સાંભળવાથી એ અંતરમાં આનંદના રસમાં ગયો આત્મા. આહા..હા..! બહિર્મુખનો રાગ અને રાગનું ફળ પુણ્ય અને પુણ્યનું ફળ સંયોગ, એ તરફનું લક્ષ છોડીને, ભગવાને એ લક્ષ કરાવ્યું અંદરમાં તો લક્ષ પરથી છૂટી ગયું. આહા..હા..! જેને નિજ આત્માનો રસ આવ્યો એ સોનું જેમ કાદવમાં પડ્યું હોય તો કાદવથી લેપાયમાન નથી થતો. કેમકે એનો સ્વભાવ એવો છે. આહા..હા..! અલિપ્ત રહેવાનો.

'**તેવી રીતે ખરેખર જ્ઞાની...**' ધર્મી એને કહીએ. આહા..હા..! '**કર્મ મધ્યે રહ્યો...**' જડ કર્મની સામગ્રીમાં અને ઇન્દ્રના સુખનો ભોગ હોય, ચક્રવર્તીનું રાજ હોય. આહા..હા..! અને ક્રિયાકાંડમાં શુભભાવ અસંખ્ય પ્રકારના હોય. આહા..હા..! એની '**મધ્યે રહ્યો હોય તોપણ કર્મથી લેપાતો નથી...**' આહા..હા..! આવી વાત છે. પણ એ તો નિશ્ચયની વાત કરી, પણ નિશ્ચય ક્યા સાધનથી પ્રાપ્ત થાય એ તો કહો, એમ કહે છે. પણ સાધન જ આ છે. સમજાણું કાંઈ? રાગની અપેક્ષા છોડીને, નિર્લેપ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, અંતરમાં રાગની અપેક્ષા વિના નિરપેક્ષ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત સાંભળવી મુશ્કેલ પડે. અને હો..હા.. હો..હા.. મોટા ગજરથ કાઢવા, વરઘોડા કાઢવા, પાંચ-દસ લાખ ખર્ચે તો ઓહો..! ધર્મ થયો. ધૂળેય ધર્મ નથી, ભાઈ! તને ધર્મની ખબર નથી, ભાઈ! વીતરાગ પરમેશ્વરે કહ્યો એ ધર્મ, એ તો એના નિજરસમાં લીન. આહા..હા..!

તો કાયમ દૃષ્ટિ ત્યાં આનંદ ઉપર છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'ખરેખર...'** ધર્મી. જ્ઞાની એટલે ધર્મી. વળી કોઈ જ્ઞાની એટલે એમ માને કે એ તો બહુ જ્ઞાન હોય એના માટે. અમારે ધર્મી ભલે જ્ઞાન ન હોય તો. પણ અહીં તો જ્ઞાની કહો કે ધર્મી કહો. સમજાણું કાંઈ? આહા..હા..! ચોથા ગુણસ્થાનમાં રહેનાર જ્ઞાની **'કર્મ મધ્યે...'** આહા..હા..! કર્મ નામ ક્રિયાકાંડ અને કર્મ નામ કર્મની સામગ્રી મધ્યે રહ્યો હોય... આહા..હા..! **'તોપણ કર્મથી લેપાતો નથી...'** જેને શુભભાવનો પણ રસ ઊડી ગયો છે અને અતીન્દ્રિય આનંદનો રસ જેને ઉત્પન્ન થયો છે. આહા..હા..! આવી વ્યાખ્યા, ભાઈ! કાંઈ મળે નહિ એટલે એવું લાગે કે આ તે કાંઈ નવું કાઢ્યું! એમ લાગે. પ્રભુ! પણ નવું નથી, બાપુ! આ તો અનાદિનો માર્ગ જ આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક તો સંસારના ધંધા આડે ફૂરસદ નથી. ફૂરસદ મળે કલાક, બે કલાક માંડ તો સાંભળવા જાય ત્યાં આવી વાતું પાછી ક્રિયાકાંડ, આ કરો, આ કરો એ બધું કહે. થઈ રહ્યું. આહા..હા..!

અહીં તો કહે છે કે એ ક્રિયાકાંડનો જે રાગ છે એનાથી પણ ભગવાન આત્માનો રસ ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા નિજરસનો સ્વાદિયો, એ ધર્મી નિજરસનો સ્વાદી (છે). આહા..હા..! જેણે દૂધપાકનો સ્વાદ લીધો એને લાલ જુવારના ફોતરાની રોટલીનો સ્વાદ ઊડી જાય છે. લાલ જુવારની રોટલી મળી હતી એકવાર. ૭૬-૭૬. વિરમગામ ગયા હતાને. વિઠ્ઠલગઢ ત્યાં છે. ત્યાં વાણિયા તો કોઈ નહિ. ઉતારો આપ્યો બિચારાએ. પ્રેમ હતો બધાને. વ્યાખ્યાનમાં આવતા બધા, પણ ભીક્ષા લેવા ગયા તો લાલ જુવારની રોટલી. લાલ જુવાર. બહુ ફોતરા હોય એમાં કુચો. ત્યાં તો રોટલી ને છાશ બે ખાઈએ ત્યાં ક્યાં. આ તો ૭૬ની સાલની વાત છે. આહા..હા..! જેને દૂધપાકનો સ્વાદ આવ્યો એને જુવારની રોટલીનો સ્વાદ ઊડી જાય છે, એમ ધર્મીને આત્માનો નિજસ્વાદ આવ્યો એને રાગનો રસ ઊડી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે?

**'કર્મથી લેપાતો નથી કારણ કે...'** લેપાતો કેમ નથી? **'સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી...'** આહા..હા..! ઓલો સોનાનો સ્વભાવ કીધોને પહેલાં? એમ આનો રાગના ત્યાગરૂપી સ્વભાવ આત્માનો છે. આહા..હા..! સમજાણું કાંઈ? સોનું કહ્યું હતુંને? એનો સ્વભાવ અલિપ્ત રહેવાનો છે સોનાનો. એમ ભગવાન આત્માનો સ્વભાવ **'રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી...'** આહા..હા..! આવો માર્ગ! સમજાણું કાંઈ? ચાહે તો શુભરાગ હોય, **'રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી...'** આહા..હા..! ઓહો..હો..! ટીકા તે ટીકા. સંતો જગતને કરુણાથી વાત બતાવે છે. પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. આ મનુષ્યપણું ચાલ્યું જશે, ભાઈ! અને ક્યાં ઉપજીશ? આહા..હા..! કોઈ શરણ નથી ક્યાંય. શરણ તો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એનું શરણ છે. આહા..હા..!

કહે છે, ઓલું સોનાનું કહ્યું હતુંને. કાદવથી લેપાતું નથી. કેમ? એનો સ્વભાવ અલિપ્ત રહેવાનો છે. એમ આ **'સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી...'** આહા..હા..! રાગના અભાવસ્વભાવરૂપ સ્વભાવપણું હોવાથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન

આત્માનો સ્વભાવ રાગના અભાવસ્વભાવરૂપ આત્મા છે. રાગનો સ્વભાવ એનો છે નહિ. રાગના અભાવસ્વભાવરૂપ આત્મા છે. આહા..હા..! કરો બાપુ, જેમ છે એમ માર્ગ તો આ છે. આહા..હા..! એ માર્ગ પકડ્યા વિના કદી જન્મ-મરણનો અંત આવ્યો નહિ. આહા..હા..! આ બધા શેઠિયાઓ ને દેવો ને એ બધા દુ:ખી છે. રાગની મધ્યમાં અને સામગ્રીમાં, કર્મની સામગ્રીમાં પડ્યા છે અને એ મારા તરીકે માનીને પડ્યા છે. આહા..હા..! ત્યારે ધર્મીનો અથવા આત્માનો સ્વભાવ રાગના અભાવસ્વભાવરૂપ જેનો સ્વભાવ છે. આહા..હા..! નિજ આનંદના રસના સ્વભાવવાળો અને રાગના ત્યાગના અભાવસ્વભાવવાળો. આહા..હા..! અસ્તિ-નાસ્તિ કરી. આવી વાત. આહા..હા..! એવું ધ્યાન રાખીને વાંચ્યું નથી, શેઠ! ઓલા પૈસામાં ઘૂંચી ગયા.

**શ્રોતા :-** આવો અર્થ ક્યાં નીકળે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત તો સાચી. અરે..! ભગવાન! અરે..! સત્યને માથે.. આહા..હા..! શું કરે છે આ? એણે શું કર્યું? ભગવાન આત્મા રાગના ત્યાગના સ્વભાવસ્વરૂપ પ્રભુ છે. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ એના ત્યાગ અભાવસ્વભાવરૂપ છે. એમ કહ્યુંને ભાઈ! આહા..હા..! પ્રભુ! જેનો સ્વભાવ રાગના અભાવસ્વભાવરૂપ છે એને વ્યવહારરત્નત્રયથી લાભ થાય? અરે..! પ્રભુ! આ શું કરે છે તું? ભાઈ! તને નુકસાન છે. તારા હિતની વાત છે, નાથ! આહા..હા..! ગજબ કરે છેને. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ... આહા..હા..! શાસ્ત્ર ભણવાના વિકલ્પમાં રોકાય એ રાગ, એ રાગનો ત્યાગના સ્વભાવવાળો ભગવાન આત્મા તો છે. આહા..હા..! રાગના સદ્ભાવવાળો આત્મા છે એમ આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ...**' નિજરસના પ્રેમમાં. આહા..હા..! '**પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી જ્ઞાની કર્મથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળો છે.**' આહા..હા..! થોડો રાગ છે અસ્થિરતાનો એને અહીંયા ગણવામાં નથી આવ્યો. સમજાણું કાંઈ? એથી થોડો બંધ છે એને અહીં ગણવામાં નથી આવ્યો. અહીં તો રાગનો અભાવરૂપ સ્વભાવ ભગવાનનો છે એવો અનુભવ થયો નિજરસનો, એ રાગથી લેપાતો નથી. આહા..હા..! સોનાનું દૃષ્ટાંત આપ્યુંને? સોનું લાખ મણ કાદવ મધ્યે રહ્યું હોય. લાખ મણ ચીકણો કાદવ. આ દરિયાને કાંઠે ઘણો કાદવ હોય છે. સમુદ્ર છેને સમુદ્ર, એને કાંઠે બહુ કાદવ હોય. એકવાર જોયું હતો ત્યાં ભાવનગર ગયા હતા જોવા. સંસારમાં હોં! પાણી આવે છેને. એકલો કીચડ.. કીચડ... ભાવનગર ખાડીમાં. એકલો કીચડ ને દેડકા ને માછલા પછી. આહા..હા..! એવો કાદવ ઘણો ચીકણો હોય એની મધ્યમાં સોનું પડ્યું હોય તોપણ લેપાતું નથી, કાટ નથી લાગતો, જંગ નથી લાગતો. કેમ? આહા..હા..! એ કીચડના ત્યાગસ્વભાવસ્વરૂપ સોનું છે. સ્વભાવ અહીં આવ્યુંને? આહા..હા..!

'**(અર્થાત્ તેને કાટ લાગતો નથી) કારણ કે તે કાદવથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળું છે.**' આહા..હા..! સોનાનો સ્વભાવ પણ કાદવની મધ્યમાં હોવા છતાં પણ અલિપ્ત રહેવાનો સ્વભાવ છે. આહા..હા..! એમ ભગવાન આત્મા ક્રિયાના રાગની મધ્યમાં અને કર્મના ઉદયની સામગ્રીના

મધ્યમાં પડ્યો હોય, એ બધો કાદવ છે. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ પણ કાદવ છે. લોકોને આકરું પડે. સમજાણું કાંઈ? એ તો કહ્યું નહિ? 'ચક્રવર્તીકી સંપદા, ઈન્દ્ર સરીખા ભોગ, કાગ વીટ સબ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોક.' ચંદુભાઈ! એને તો કાગની વિષ્ટા કીધી. માણસની વિષ્ટા તો ખાતરમાં કામ પણ આવે. કાગડો-કાગડો એની વિષ્ટા તો ખાતરમાં પણ કામ ન આવે. આહા..હા..! ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ. 'ઈન્દ્ર સરીખા ભોગ ચક્રવર્તીની સંપદા, કાગ વીટ સબ માનત હૈ.' આહા..હા..! સમજાણું કાંઈ? કાગડાની વિષ્ટા માને છે. આહા..હા..! અહીં જ્યાં પુણ્યને જરી વિષ્ટા કીધી તો ખળભળાટ થઈ ગયો. એ ભાઈએ કહ્યું હતું વધારે, સોગાની. એમાં આવે છેને. આ પૈસાવાળા ને આબરૂવાળા ને ધૂળવાળા અબજોપતિ અને કરોડપતિ એ પુણ્યરૂપી ઝેરના ફળની ગાદીએ બેઠા છે. સમજાણું કાંઈ? પાંચ પચાસ કરોડ પૈસા (હોય) એમાં જાણે ઓહો..હો..! અમે શું છીએ! ધૂળેય નથી સાંભળને. એ તો પુણ્ય ઝેરનું ફળ છે બધું. વસ્તુનું સ્વરૂપ એમ જ છે. એ કહે છેને અહીંયાં. રાગના અભાવસ્વભાવ ત્યાગસ્વભાવરૂપ આત્મા છે.

**શ્રોતા :–** તો કરવું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ અંદરમાં જાવું ઈ. આખો દિ' આ કર્યું છે તો હવે કરવું શું? એમ કહે છે. શેઠ! મોટરુંમાં ફરવું એ કરવું? મોટો ધંધો બીડીનો. ૬૦ તો ઘરે મોટર છે, શેઠને ૬૦ મોટર. બીડીવાળા તો મોકલવી બીડીયુંને. બીડી સમજેને. શું તમારે કહેવાય? બાળબીડીને? બાળબીડી. બાળક? બાળક છે? બાળક બીડી. એ તો નામ આવે છે. બાળક બીડીનો ધંધો મોટો. કરોડો બીડીયું જાય ને આવે. આહા..હા..! અરે..! પ્રભુ! એ ક્રિયા તો જડની છે અને અંદરમાં રાગ આવે એ પણ વિકાર છે. આત્માનો સ્વભાવ રાગના ત્યાગરૂપી સ્વભાવ ભગવાનનો તો છે. આહા..હા..! ભગવાન આ હોં! ભગવાન થઈ ગયા એ તો થઈ ગયા પરમાત્મા. આહા..હા..! મહાવિદેહમાં ભગવાન બિરાજે છે. સીમંધર ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ. સમજાણું કાંઈ? એ તો રાગથી રહિત થઈ ગયા, વીતરાગ થઈ ગયા. સમ્યગ્દૃષ્ટિ રાગથી રહિત થયો નથી, પણ રાગના રસથી રહિત થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'સર્વ પરદ્રવ્ય...' ભાષા શું કરી છે? કે **'સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી...'** આહા..હા..! આનંદના સ્વભાવવાળો અને રાગના સ્વભાવના અભાવવાળો. આહા..હા..! સમજાણું કાંઈ? એવા આત્માનો અનુભવ થવો દૃષ્ટિમાં એ ધર્મ છે. આહા..હા..! આવું મોંઘુ પડે અને નવરાશ ક્યાં પણ એટલી? આહા..હા..! વસંતિલાલજી! નવરાશ ક્યાં છે? આ શેઠીયાઓને બધાને જ્યાં ત્યાં નોકરોમાં, ગરીબ માણસને રળવામાં. શેઠિયાને પૈસા સાચવવા અને પેદા કરવા. બધા ધંધા આડે નવરાશ ક્યાં છે? ફૂરસદ જ ક્યાં છે? ... શાંતિભાઈ! પૈસા હોય તો નિવૃત્તિથી બેસાય, એમ. છોકરા રળતા હોય ત્યાં. પણ ધૂળેય નથી, એમાં ... એમાં શું? રાગથી નિવૃત્ત થાય ત્યારે નિવૃત્તિ લીધી એમ કહેવામાં આવે. આહા..હા..! શાંતિભાઈ! આવી વાત છે.

**શ્રોતા :–** અહીં કેટલા મહિના રહીએ તો (કામ થાય)?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની મુદત ન હોય. બહાર રળવા ગયા છે તો મુદત પાડી છે એણે? પાલનપુર છોડીને ત્યાં મજૂરી કરવા ગયા છે મુંબઈ. મુદત આપી છે? ... વઢવાણ છોડીને ત્યાં ગયા. બે કરોડ રૂપિયા થઈ ગયા ત્યારે મુદત આપી છે કે હવે આટલું રહેવું અહીં? આટલી મુદત સુધી અહીં રહેવું એમ છે કાંઈ? આહા..હા..! અમારે પિતાશ્રી હતા સંસારના. દુકાન ઉપર પાલેજ. અમારે ગાંડાભાઈ હતા. એકવાર બેઠા હતા. ઘણાં વર્ષની વાત છે. ૬૧-૬૨. સંવત ૧૯૬૧-૬૨. એ વખતે તો એટલા બધા પૈસા હતા ક્યાં. દુકાને પેદાશ થોડી. બે જણા બેઠા હતા. એક વાર વિચાર કરતાં હતા. આપણી પાસે જો દસ હજાર રૂપિયા થઈ જાય તો પાલેજ છોડી દેવું. એને ઠેકાણે અત્યારે તો, અત્યારે તો ૩૦ લાખ રૂપિયા થઈ ગયા ત્યાં દુકાનમાં.

**શ્રોતા :-** અહીં આપની પાસે આવે ત્યારે .. કહેવાયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં આવે છે? એ આવે તો તમે કીધું હતું તો બોલવાનો મોખ રહ્યો નહિ. આહા..હા..! ઘૂંચાઈ જાયને ઘૂંચાઈ. ત્રણ છોકરા જુદાં પડ્યા. સૌને એમ થાય કે મારે આનાથી વધારે પેદાશ થાય, આનાથી વધારે થાય. અરેરે..! ક્યાં પણ તું ગયો? આહા..હા..!

આ સિદ્ધાંત મોટો. '**પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું...**' જ્ઞાનીને તેના ત્યાગરૂપ સ્વભાવપણું. આત્મા એવો છે.. એવો આત્માસ્વભાવ, રાગના ત્યાગસ્વભાવપણું થઈ ગયું એને. આહા..હા..! ધર્મી રાગને ગ્રહતો નથી. રાગને પોતાના જ્ઞાનમાં રહીને પરજ્ઞેય તરીકે જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ આવે છે, પણ રાગમાં જઈને રાગનું જ્ઞાન નથી કરતો, પોતામાં રહીને રાગને અડ્યા વિના જ્ઞાન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત ક્યાં છે એટલે બિચારાને નવું લાગે નવું હોં! આ ક્યાંનો ધર્મ હશે? આવો જૈન ધર્મ હશે? જૈન ધર્મ તો દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા, કંદમૂળ ન ખાવા અને છપરબી બ્રહ્મચર્ય પાળવું. અરે..! ભગવાન! એ તો બધી રાગની ક્રિયા છે. આહા..હા..! વીતરાગનો ધર્મ એનાથી જુદો છે. આહા..હા..!

કહે છે... અહીંયાં વજન વધારે છે. '**સર્વ પરદ્રવ્ય પ્રત્યે...**' જુઓ, અરિહંત, સર્વજ્ઞ આદિ પરદ્રવ્યમાં આવ્યા. તેમના '**પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી...**' આહા..હા..! વ્યવહારરત્નત્રય જે છે એ શુભરાગ છે અને શુભરાગના ત્યાગ સ્વભાવવાળો છે જ્ઞાની. એ જ્ઞાની વ્યવહારરત્નત્રય મારો છે એમ માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એ તકરાર કરે છે કે વ્યવહારથી પણ નિશ્ચય થાય છે, રાગથી પણ અવિકારી પર્યાય થાય છે. અરે..! પ્રભુ! આહા..હા..! એ વીતરાગમાર્ગ નહિ, ભાઈ! તને ખબર નથી. આહા..હા..! જેને ઇન્દ્રો આરાધે છે માર્ગને. ગણધરોએ જેને શાસ્ત્રમાં રચીને આવી વાત કરી. જુઓ, આ રચના શું છે? આહા..હા..!

ધર્મી એવો હોય છે કે સોનું કાદવમાં પડ્યું હોવા છતાં લેપાતો નથી એવો સોનાનો સ્વભાવ છે, એમ જ્ઞાની રાગ અને કર્મની સામગ્રીની મધ્યમાં રહેવા છતાં રાગના રસના ત્યાગના સ્વભાવવાળો જ્ઞાની છે. આહા..હા..! એ વ્યવહારરત્નત્રયના રાગના ત્યાગ સ્વભાવવાળો છે. એમ આવ્યુંને ભાઈ? આહા..હા..! આવું છે, બાપુ! ભાઈ! તારા હિતની વાત છે આ. તને આકરી લાગે પણ બાપુ માર્ગ તો

આ છે. એમાં લોકોને એમ થાય કે અરે..! આ તો વ્યવહારનો લોપ થઈ જાય છે. સાંભળ તો ખરો, પ્રભુ! આહા..હા..!

કહે છે કે આત્મા તો એવો છે, પણ જેને ભાન થયું એ ધર્મી આવો છે એમ કહે છે. આહા..હા..! ચૈતન્યબિંબ પ્રભુ અનંતગુણનો હીરલો, હીરો પ્રભુ આત્મા. આહા..હા..! એના તો રાગના ત્યાગ સ્વભાવવાળો આત્મા છે. રાગ તો પુણ્યતત્ત્વ છે, એ પાપતત્ત્વ છે. એનો તો અભાવસ્વભાવ છે. આહા..હા..! તો ધર્મી પણ... આહા..હા..! રાગના ત્યાગ સ્વભાવવાળો જ્ઞાની છે. આહા..હા..! હવે એ એમ કહે કે વ્યવહારથી નિશ્ચય થાય. પ્રભુ! આહા..હા..! લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવે એમ ન બને પ્રભુ! આહા..હા..! એમ રાગની ક્રિયા કરતાં-કરતાં વીતરાગ પર્યાય સમકિત થાય છે, એમ ન હોય, પ્રભુ! એમ નથી. આહા..હા..! એવો તું નમાલો, નપુંસક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રાગની રચના કરે એને તો નપુંસક કહે છે. શુભરાગની રચના કરે એ પણ નપુંસક છે. આહા..હા..! જેમ નપુંસકને પુત્ર-પ્રજા નથી હોતી, એમ શુભરાગના નપુંસકને ધર્મની પ્રજા નથી હોતી. આહા..હા..! એવો માર્ગ છે, ભાઈ! આહા..હા..!

**'જેમ લોખંડ કાદવ મધ્યે પડ્યું...'** હવે લોઢાનું દૃષ્ટાંત (આપે છે), પહેલાં સોનાનું હતું. આહા..હા..! **'જેમ લોખંડ કાદવ મધ્યે પડ્યું થકું કાદવથી લેપાય છે... '** આહા..હા..! **' (અર્થાત્ તેને કાટ લાગે છે) કારણ કે તે કાદવથી લેપાવાના સ્વભાવવાળું છે,... '** એનો સ્વભાવ એવો છે એમ કહે છે. આહા..હા..! લોઢાનો સ્વભાવ કાદવમાં લેપાવાના સ્વભાવવાળો છે. આહા..હા..! એમ સોનાનો સ્વભાવ કાદવની મધ્યે લિપ્ત નહિ થવાનો સ્વભાવ છે, એમ જ્ઞાનીનો સ્વભાવ રાગની મધ્યમાં રહેવા છતાં રાગના ભાવનો રસ નથી, એના સ્વભાવનો અભાવ છે. આહા..હા..! તેને રાગનો લેપ લાગતો નથી. આહા..હા..!

**'તેવી રીતે ખરેખર અજ્ઞાની...'** આહા..હા..! જેને આત્મા આનંદસ્વરૂપ છે એનું જ્ઞાન નથી અને રાગની ક્રિયા અને કર્મના ઉદયની સામગ્રી, શરીર સાધન છે અને વાણી સાધન છે... આહા..હા..! પરદ્રવ્ય મને સાધન છે. આહા..હા..! **'તેવી રીતે ખરેખર અજ્ઞાની કર્મ મધ્યે રહ્યો થકો...'** કર્મ શબ્દે વ્રત, તપની ક્રિયાની મધ્યમાં રહ્યો થકો. આહા..હા..! **'કર્મથી લેપાય છે...'** જ્ઞાની લેપાતો નથી, આ લેપાય છે. સોનું લેપાતું નથી, લોઢું લેપાય છે. જ્ઞાની લેપાતો નથી, અજ્ઞાની લેપાય છે. આહા..હા..! દૃષ્ટાંત પણ આવ્યો છે. આહા..હા..! અરેરે..! આ મનુષ્યપણું મળ્યું અને જો આ સમ્યગ્દર્શન શું ચીજ છે એને જો પ્રગટ ન કર્યું તો ઢોર જેવો અવતાર છે. મજૂરી કરી-કરીને મરી જવાનો છે. ભલે પછી પાંચ કરોડ, દસ કરોડ, અબજ રૂપિયા હોય. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અજ્ઞાની કર્મ મધ્યે રહ્યો થકો...'** આહા..હા..! એનો અર્થ કે વ્યવહારરત્નત્રયના રાગમાં રહ્યો થકો. એ રાગમાં રહ્યો છે. આહા..હા..! છે? **'કર્મથી લેપાય છે...'** રાગથી લેપાય છે. કેમકે અજ્ઞાનીનો સ્વભાવ જ એવો થઈ જાય છે. આહા..હા..! રાગથી હું લેપાયો છું, રાગ મારો છે. આહા..હા..! આવો માર્ગ કઠણ બહુ. જુવાનીમાં શરીર ફૂટડું હોય અને જુવાની ફાટ-ફાટ હોય અને પાંચ-પચાસ લાખ પૈસા

હોય. થઈ રહ્યું, હું પહોળો ને શેરી સાંકડી. આહા..હા..! અરે..! ભગવાન! શું છે તને? શું ચીજ છે? અહીંયાં તો નગ્ન મુનિ થયો દિગંબર, પંચમહાવ્રત પાળતો હોય પણ એ રાગનો રસ જેને છે, એ લોઢાને જેમ કાટ લાગે છે એમ મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વનો કાટ લાગે છે. આહા..હા..! પાઠ છેને '**णाणी रागप्पजहो**' છેને? એનો અર્થ કર્યો ભાઈ એણે. જ્ઞાની '**रागप्पजहो**' જ્ઞાની રાગનો ત્યાગી છે. '**सव्वदव्वेसु कम्ममज्झगदो। णो लिप्पदि रजएण दु कद्दममज्झे जहा कणयं।। अण्णाणी पुण रत्तो सव्वदव्वेसु कम्ममज्झगदो।**' આહા..હા..! એ પાઠ છે એનો વિસ્તાર કર્યો છે. પાઠ છે કુંદકુંદાચાર્યનો અને વિસ્તાર કર્યો અમૃતચંદ્રાચાર્યે. આહા..હા..! એક-એક ગાથામાં પણ કેટલું ભરી દીધું છે! આહા..હા..!

'**ખરેખર અજ્ઞાની...**' રાગાદિ ક્રિયા અને કર્મના ઉદયની સામગ્રી '**મધ્યે રહ્યો થકો કર્મથી લેપાય છે...**' આહા..હા..! કારણ કે તેની દૃષ્ટિ રાગ ઉપર છે. આહા..હા..! પોતાનું અસ્તિત્વ જે નિર્મળ આનંદકંદ છે એ તરફની દૃષ્ટિ તો અજ્ઞાનીની છે નહિ, તો ક્યાંક તો પોતાનું અસ્તિત્વ માનવું પડે. પોતાનું અસ્તિત્વ ત્રિકાળી આનંદકંદ પ્રભુ છે એ દૃષ્ટિમાં આવ્યું નથી, દૃષ્ટિમાં લીધું નથી તો પોતાનું અસ્તિત્વ ક્યાંક માનવું તો પડે. તો દયા, દાન, વ્રતાદિ વિકલ્પમાં અસ્તિત્વ માન્યું, પોતાના છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પૈસાથી તો મોટા-મોટા કામ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય કામ નથી થતાં પૈસાથી. પૈસા ધૂળ છે, માટી છે. આ મોટા શેઠિયાને ત્યાં બેસાડે ઓલા પૈસાવાળાને. કાંઈક આપશે. મોઢા આગળ બેસાડે. જ્યાં ત્યાં જાય. પછી ગમે તે હોય, અન્યમતિ હોય ત્યાં પણ જાતા હશે. એવું સાંભળ્યું હતું. હવે છોડી દીધું છે. એવું સાંભળ્યું હતું હોં તે દિ'. નહિ શેઠ? અન્યમતિ હોય .. લઈ જાવ. આશા રાખે ને કાંઈક મળશે. બે-પાંચ હજાર તો આપશે કાંઈક. હજાર-બે હજાર. અરે..! ધૂળમાંય નથી. આહા..હા..! તારા પૈસા અને ધૂળમાં છે શું?

અહીં તો રાગમાં શું છે એ બતાવે છે. રાગમાં આત્મા નથી, આત્મામાં રાગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? દયા, દાન, ભક્તિ, વ્રતના ભાવ એ રાગ છે, એ રાગ આત્મામાં નથી. આહા..હા..! અજ્ઞાની રાગની ક્રિયામાં પડ્યો 'એ રાગ જ હું છું' એમ માનીને લિપ્ત થાય છે. '**સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો...**' સમવસરણમાં બેઠો હોય. આહા..હા..! અજ્ઞાની, સમવસરણ ત્રિલોકના નાથની દિવ્યધ્વનિ છૂટતી હોય. સર્વજ્ઞ પરમાત્મા મહાવિદેહમાં તો સદા બિરાજે છે. કદી કોઈ દિ' તીર્થંકરનો વિરહ હોતો નથી મહાવિદેહમાં. સાક્ષાત્ પ્રભુ બિરાજે છે. આહા..હા..! ત્યાં મધ્યમાં સમવસરણમાં ગયો હોય, પણ અજ્ઞાની તો રાગથી લિપ્ત થાય છે મિથ્યાત્વથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ગ્રહણરૂપ સ્વભાવપણું હોવાથી...** ' જોયું! એ શુભરાગને ગ્રહણ કરવાનો જેનો સ્વભાવ છે. માન્યુંને જ્ઞાનમાં? આહા..હા..! રાગની પક્કડ છે, રાગનું ગ્રહણ છે. જ્ઞાનીને રાગનો ત્યાગસ્વભાવ છે, તો આને રાગની પક્કડ છે. આહા..હા..! ગ્રહણ

કહ્યુંને? **'જે રાગ તેના ગ્રહણરૂપ સ્વભાવપણું...'** આહા..હા..! અજ્ઞાનીનો તો રાગના ગ્રહણપણાનો સ્વભાવ છે. આહા..હા..! જ્ઞાનીનો રાગનો ત્યાગસ્વભાવ છે. આહા..હા..! અસ્તિ-નાસ્તિ કરીને કેવું વર્ણન છે! આહા..હા..! એક એક ગાથાએ નિહાલ કરી નાખે એવું છે. આહા..હા..! ઓલામાં ત્યાગ હતોને. આહા..હા..! ગ્રહણસ્વભાવ છે. જ્ઞાની રાગના ત્યાગસ્વભાવરૂપ છે. વ્યવહારરત્નત્રયનો રાગ પણ ત્યાગસ્વભાવરૂપ છે. અજ્ઞાનીનો સ્વભાવ છે રાગને પકડવાનો. આહા..હા..! સમજાણું કાંઈ?

**'રાગ તેના ગ્રહણરૂપ સ્વભાવપણું હોવાથી...'** પક્કડ છે ત્યાં. રાગની પક્કડ છે જ્ઞાનીને. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનીને રાગ આવે છે, પક્કડ નથી, ત્યાગસ્વભાવ છે એનો, જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા..! અજ્ઞાનીને રાગની પક્કડ છે. એ અમારે ઘણાં વખતે અહીં છોડી હતી ૮૦માં. બોટાદમાં. નાની ઉંમરની સાત-આઠ વર્ષની. પછી ક્ષય થયો એમાં મરી ગઈ. પણ આ બોલતી, 'પક્કડ પક્કડ મેં ફેર હૈ, જૈસે ઉંદરકો પકડતે હૈ બિલાડી અને પોતાના બચ્ચાને પકડે છે બિલાડી.' ઉંદરને પકડે તો જોર દઈને પકડે, બચ્ચાને પણ મોઢેથી પકડે એ ધીરેથી પકડે. અજ્ઞાની રાગને પકડે છે, જ્ઞાની સ્વભાવને પકડે છે અને રાગને છોડી દે છે. સમજાણું કાંઈ? **'અજ્ઞાની કર્મથી લેપાવાના સ્વભાવવાળો છે.'** લ્યો! ભાવાર્થ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ વદ-૧૨, સોમવાર, તા. ૧૭-૦૧-૧૯૭૭, શ્લોક-૧૫૦, ગાથા-૨૨૦-૨૨૩, પ્રવચન નં. ૨૯૫

(शार्दूलविक्रीडित)

यादृक् तादृगिहास्ति तस्य वशतो यस्य स्वभावो हियः
कर्तुं नैष कथञ्चनापि हि परैरन्यादृशः शक्यते।
अज्ञानं न कदाचनापि हि भवेज्ज्ञानं भवत्सन्ततं
ज्ञानिन् भुंक्ष्व परापराधजनितो नास्तीह बन्धस्तव।।१५०।।

... વસ્ત્ર લેવાની મમતાનો ભાવ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છેને કે મૂર્છા પરિગ્રહ. મૂર્છા અમારે નથી અને વસ્ત્ર, પાત્ર રાખીએ છીએ; પણ રાખે છે એ મૂર્છા જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ન ચાલે. હિંસાદિ કોઈ થઈ જાય શરીરથી એ જુદી વાત છે. પણ એ વસ્ત્ર રાખે અને (કહે કે) મને મૂર્છા નથી એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? વસ્ત્રપણું સાધુને ત્રણકાળમાં હોતું નથી. એકલું વસ્ત્રપણું નહિ, રાગ પણ પરદ્રવ્ય પ્રત્યેનો ત્રણકાળમાં હોતો નથી. પોતાની નબળાઈને લઈને થોડો થાય એની અહીં ગણતરી નથી. પરદ્રવ્યને કારણે રાગ થાય કે આ ઈષ્ટ પદાર્થ છે તો રાગ થયો,

અનિષ્ટ છે તો દ્વેષ થયો એમ છે જ નહિ. કોઈપણ ચીજ જ્ઞાનીને ઈષ્ટ-અનિષ્ટ છે જ નહિ. જ્ઞેયનો એક જ પ્રકાર (છે), તો જ્ઞાનીને બે ભાગ પાડી દે કે આ ઈષ્ટ અને અનિષ્ટ એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આ જ્ઞેય ઈષ્ટ છે અને આ જ્ઞેય અનિષ્ટ છે (એવું) જ્ઞેયમાં છે? જ્ઞેયનો સ્વભાવ એવો છે? જ્ઞેયનો સ્વભાવ તો પ્રમેયત્વ છે તો જણાવાનો સ્વભાવ છે, પ્રમેયત્વ છે. જ્ઞેય સાથે પ્રમેય છે.

સર્વ જ્ઞેયોને સ્વભાવ જ્ઞેય થવાનો, પ્રમેય થવાનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞેયમાં એવું નથી કે આ ઠીક છે, શરીર ઠીક છે, ભોગ ઠીક છે. એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અને વીંછીનો ડંખ, સર્પનો ડંખ છે એ જ્ઞેય છે એને અનિષ્ટ માને. આહા..હા..! આવી વાતું છે. સમજાણું કાંઈ? શ્રીમદ્દે એક દાખલો આપ્યો છેને શ્રીમદ્દે, કે ભાઈ એક શેરી હોય, ગલી-ગલી. શેરીમાં પચાસ ઘર હોય અને શેરીમાં પેસે તો એ પચાસેય ઘર ખરેખર તો જ્ઞેયનો જ્ઞાતા છે આ તો. એમાં 'આ ઘર મારું' એ ક્યાંથી આવ્યું? પચાસ છોકરા ઊભા છે. ખરેખર પચાસ એ જ્ઞાનમાં જ્ઞેય છે. એ પરજ્ઞેય તરીકે હોં. સ્વજ્ઞેય ભિન્ન છે. આહા..હા..! 'આ દીકરો મારો' એ ક્યાંથી આવ્યું? મારો ક્યાંથી?

**શ્રોતા :-** એના ઘરે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘર પણ એનું નથીને. આહા..હા..! આવો માર્ગ છે. શ્રીમદ્દે દાખલો આપ્યો છે એ. પચાસ છોકરા ઊભા હોય તો એના શરીરથી ઉત્પન્ન થયા નિમિત્તથી, એ છોકરો એ પચાસમાં હોય. આમ જોવે છે, આ મારો. ક્યાંથી મારો થઈ ગયો? પચાસેય જ્ઞેય છે. સમજાણું કાંઈ? આવી વાતું છે. શેઠ! ત્યાં ઓલા પૈસા ભેગા કર્યા અને ત્યાં મફતમાં થઈ ગયા એમ નથી અહીં. એ તો મફતમાં થયા છે, પુરુષાર્થથી નહિ. શેઠ!

**શ્રોતા :-** કોઈવાર કહો કે ... થયા જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-**એ થયા નથી એટલે આ તો આવ્યા છે. શેઠ જતા હતાને કાનપુર. લાખો રૂપિયા લેતા હતા. ભાઈની સાથે, અમરચંદભાઈ સાથે વાંચતા હતા. બિચારા ગુજરી ગયા એ. બહુ રસ હતો હોં! અમરચંદભાઈને રસ સત્યનો ઘણો રસ, ઓહો..હો..! એ ગુજરી ગયા. અહીંયાં આવ્યા હતા ને બિચારા રહ્યા હતા. બેય શેઠિયાઓ ત્યાં વાંચતા હતા. આહા..હા..!

અહીં કહે છે આહા..હા..! પચાસ ઘર, પચાસ છોકરા, પચાસ સ્ત્રી, પચાસ છોકરી. તું જાણનારો અને જણાનાર બે એટલો સંબંધ છે, એ વ્યવહાર છે. એટલો સંબંધ એ વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞેય છે અને તું જ્ઞાન છો એ પણ વ્યવહાર સંબંધ છે. નિશ્ચયમાં તો તું જ્ઞેય અને તું જ્ઞાતા. આહા..હા..! તો જ્ઞેયમાં 'આ મારું' એમ ક્યાંથી આવ્યું? એ તો તારી ભ્રમણા ઉત્પન્ન કરી. આહા..હા..! સમજાણું કાંઈ? ૪૦-૪૦ લાખના મકાન લ્યો વાણિયાને ગોવામાં. આ શાંતિલાલ ખુશાલદાસ ગુજરી ગયાને. ૪૦ લાખનું મકાન. બે ૧૦-૧૦ લાખના હજિરા મોટા આરસપહાણના. આ પણ જુઓને તમારે ૨૬ લાખનું છેને, પણ આ તો ભગવાનનું મંદિર. એમ કહેવાયને? 'તન મંદિરમેં દેવ જિન.' પ્રભુ! તારા મંદિરમાં આ દેવ જિન છે. એ જિન તો પર વ્યવહાર છે. શુભભાવ આવે છે

તો લક્ષ જાય છે એટલું. સમજાણું કાંઈ? 'તનમંદિર મેં દેવ જિન.' આહા..હા..! ત્યાંથી એમ લેને. 'રાજા ભીક્ષાર્થે ભમે એવી જીવને ટેવ.' મોટો રાજા હોય તો ભીક્ષા આપો. ત્રણલોકનો નાથ એ પર પાસે માગે, મને આપો કાંઈક. ભિખારા છે. 'શિવપદ અમને દેજો રે મહારાજ' ગાય. પાલિતાણા બહુ ગાય. ઋષભદેવ ભગવાનનું મંદિર છેને. ભગવાન કહે, તારું શિવપદ મારી પાસે છે? તારો સ્વભાવ શિવપદ છે અને એમાં એકાગ્ર થવું એ પર્યાયમાં શિવપદ છે. આહા..હા..! વ્યવહારમાં બોલવામાં આવ્યું તો માની લે એવું. ભગવાન શિવપદ દઈ દે છે. ત્રણકાળમાં એ વાત નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** જે 'ददाति इति देव'...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આ દેવ. એ તો ચાર બોલ છે. મોક્ષમાર્ગમાં છે. અષ્ટપાહુડમાં. દેવ કેમ કહ્યું? કે '**ददाति इति देव**'. ધર્મદેવ, અર્થદેવ, કામદેવ અને મોક્ષદેવ—ચાર દેવ અષ્ટપાહુડમાં છે. એ તો વ્યવહારથી વ્યાખ્યા કરી છે. સમજાણું કાંઈ? દે કોણ? એને સમજાવ્યું જે ચીજ એને દીધી એમ કહેવામાં આવ્યું. કોણ દે? ભગવાન સ્વયં દેવ, અચિંત્યદેવ શક્તિ. કળશમાં નથી આવતું? આહા..હા..!

દિવ્યશક્તિનો ભંડાર ભગવાન. આહા..હા..! જેની એક એક શક્તિમાં. આહા..હા..! પૂર્ણ ઈશ્વરતા... આ તો પૂર્ણ ઈશ્વર. ઓલો ઈશ્વર તો વળી એક જગતનો કર્તા એ તો મિથ્યા ભ્રમ. તારી એક એક શક્તિમાં ઈશ્વરતા, ઈશ્વરતા, પ્રભુતા અનંતી પડી છે પ્રભુ! એ પ્રભુતા તારી છે. રાગ અને પરવસ્તુ તારી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો નિમિત્તથી કથન. દેવ એને કહે કે સાચું તત્ત્વ સમજાવે, મોક્ષતત્ત્વ સમજાવે અને સમજાવામાં જરી રાગ આવે છે એનાથી, તેને પુણ્ય ધર્મ કહે છે અને રાગ આવ્યો, એનું ફળ આવ્યું લક્ષ્મી અને ભોગ એ બધું નિમિત્તમાંથી આવ્યું તો એ અપેક્ષાએ દીધું એમ કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :-** એક પાઠમાં દીધું અને

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો આવ્યું નહિ ૐકારમાં? 'ૐકાર બિંદુ સંયુક્ત નિત્ય ધ્યાયન્તિં યોગીનં. કામદં મોક્ષદં ચૈવ...' 'કામદં મોક્ષદં' લ્યો બેય આવ્યું. આહા..હા..! એ સ્વર્ગના ભોગ પણ દે, મોક્ષ પણ દે એમ આવ્યું. એ તો વ્યવહાર નિમિત્તનું કથન છે. સમજાણું કાંઈ? આહા..હા..! ચાર પુરુષાર્થમાં મોક્ષ-પુરુષાર્થ એ પોતાનો સ્વભાવ છે, પણ ભગવાનને લક્ષે ભક્તિથી જે પુણ્ય ઉત્પન્ન થયું તો એણે આપ્યો ધર્મ એટલે પુણ્ય એમ કહેવામાં આવ્યું. શ્રીમદ્‌માં ન આવ્યું? 'તે તો પ્રભુએ આપીયો વર્તું ચરણાધીન.' પહેલું પદ શું છે? 'આ દેહાદિ આજથી વર્તો પ્રભુ આધીન'. એના પદ પહેલાં. બધું કાંઈ યાદ રહે છે?

**શ્રોતા :-** શું પ્રભુ ચરણ કને ધરું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ, 'શું પ્રભુ ચરણે કને ધરું, આત્માથી સૌ હીન, તે તો પ્રભુએ આપીયો વર્તુ ચરણાધીન.' આત્મા ભગવાને આપ્યો એમ કીધું એ વ્યવહારને જણાવ્યો છે. કેમકે ભગવાને આત્મા કેવો છે એ જણાવ્યું. જણાવ્યું તો એણે દીધો એમ કહેવામાં આવે છે. આહા..હા..! પ્રભુ! આપે મને આત્મા આપ્યોને. આનંદનો નાથ ભગવાન આપે સમજાવ્યો. હું તો સમજતો નહોતો, તો આપે

જ સમજાવ્યું તો આપે જ આપ્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ ભાઈ ઘણી.. આહા..હા..!

કહે છે, આત્મા પોતે જ્ઞાનરૂપ પરિણમે છે એનાથી પરદ્રવ્ય અજ્ઞાનરૂપ કદી પણ પરિણમાવી શકાતો નથી. આહા..હા..! એક દ્રવ્ય બીજાને કદી પરિણમાવી શકે નહિ. આહા..હા..! કેમકે પરદ્રવ્યની પર્યાય પોતાની પર્યાયને સ્પર્શતી નથી અને પોતાની પર્યાય પરદ્રવ્યને સ્પર્શતી નથી તો પરદ્રવ્યથી પોતાને નુકસાન થાય કે પરદ્રવ્યથી પોતામાં લાભ થાય એ વાત છે જ નહિ. આહા..હા..! વ્યવહારના કથન. 'તે તો પ્રભુએ આપીયો.' લ્યો! 'શું પ્રભુ ચરણ કને ધરું? આત્માથી સૌ હીન.' એ આત્મા તો આપે સમજાવ્યો કે તું આ આત્મા. એ સમજાવ્યો અને સમજ્યો એ આપે દીધો એમ કહેવામાં આવે છે. આહા..હા..! અર્થ કરવામાં ફેર. કેટલું બદલશો તમે? એમ જાણો એક આવ્યો હતો. રામજીભાઈ ઉપર. કલોલથી. સોમાભાઈ હતાને સોમાભાઈ. એનું આવ્યું હતું. કેટલા અર્થ ફેરવશો તમે બધા? કે આ અભિપ્રાય શું છે અને તમે બીજો અભિપ્રાયથી અર્થ કરો છો, એ શાસ્ત્રનો અર્થ છે જ નહિ. આહા..હા..! અહીં લખ્યું છે જુઓ. ભોગવ તું એમ કહ્યું. હવે એનો અર્થ ઊલટાવી નાખ્યો કે ભોગવ કેમ કહ્યું કે તારા આનંદ જ્ઞાનસ્વભાવમાં પરદ્રવ્ય તને નુકસાન કરે એવું કદી બનતું નથી. આહા..હા..! પરદ્રવ્યથી અપરાધ, નુકસાન થાય એવી શંકાનો નિષેધ કરવા માટે એમ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાતે-વાતે ફેર, ન્યાય-ન્યાયે ફેર. મેળ જગતની સાથે (થાય નહિ), આહા..હા..! એવો માર્ગ છે.

**'આમ હોવાથી અહીં જ્ઞાનીને કહ્યું છે કે—તને પરના અપરાધથી બંધ થતો નથી...'** આ. શરીરની ક્રિયા થાય અને તને નુકસાન થાય એમ ત્રણકાળમાં નથી. એ તો જડની ક્રિયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ સ્વચ્છંદી થવા માટે અહીં નથી કહ્યું. આ તો સ્વતંત્ર જ્ઞાતા જ્ઞાતાપણે પરિણમે છે એની પરદ્રવ્યની ક્રિયા એને અજ્ઞાન કરી શકતી નથી એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? **'તેથી તું ઉપભોગને ભોગવ.'** લ્યો! આવું છે આ તો. મુનિરાજ પંચમહાવ્રતધારી નવ-નવ કોટીએ બ્રહ્મચર્ય પાળનારા. આહા..હા..! મનથી, વચનથી, કાયાથી, કરણથી, કરાવનથી, અનુમોદનથી. નવ-નવ કોટીએ બ્રહ્મચર્ય બ્રહ્મમાં—આનંદમાં રમનારા એ દુનિયાને કહે છે, તું ભોગ ભોગવ એમ છે? સમજ્યા? પાઠ તો એવો છે. આહા..હા..!

કહ્યું નહિ એ? પદ્મનંદિ પંચવિંશતિ. પંચવિંશતિ ભલે છે, છે અધિકાર ૨૬. તો ૨૬માં અધિકારમાં તો બ્રહ્મચર્યનું વર્ણન કર્યું. આહા..હા..! પ્રભુ! તારા આનંદસ્વભાવમાં રમવું એ તારું બ્રહ્મચર્ય છે. આ શરીર, માંસ ને હાડકા સ્ત્રીના એમાં રમવું તારી પર્યાય અંધકાર અજ્ઞાન છે. એવી વાત કરતાં-કરતાં એવી ટીકા કરી, ઘણું લીધું છે. પછી કહ્યું, અરે..! યુવાનો! મારી બ્રહ્મચર્યની વાત તમને રુચે, ન ગોઠે, ભાઈ! હું તો મુનિ છું, ક્ષમા કરજો. ચંદુભાઈ! આહા..હા..! ફૂલચંદજીએ ભાઈ કહ્યું છે હોં એમાં ખાણિયા ચર્ચામાં. એક ઠેકાણે બહુ ચર્ચા (કર્યા પછી કહ્યું છે), ક્ષમા કરજો, બાકી હું તો છે એમ કહીશ. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! આવા અર્થમાં એવા અર્થ કાઢવા, તને વિપરીત લાગે તો ક્ષમા કરજે, ભાઈ! શું કરે બાપુ! તું પણ ભગવાન છોને. આહા..! કહે છે કે મારો આત્મા જેમ હિતકર

છે એમ તારો આત્મા પણ મને આદરણીય છે. આત્મા હોં! આહા..હા..! પરમાત્મસ્વરૂપ અતીન્દ્રિય આનંદનો સાગર જ્યાં ડોલે છે. આહા..હા..! તારો ભગવાન પણ મારે તો આદરણીય છે, ભાઈ! આ મારો આદરણીય છેને એવો જ તારો આદરણીય છે, એમ. રાગાદિ જે છે એ તો બીજી ચીજ છે, એ કાંઈ આત્મા નથી. આહા..હા..! આવી ધર્મની વ્યાખ્યા ભારે કઠણ જગતને. આહા..હા..!

**'ઉપભોગ ભોગવવાથી મને બંધ થશે એવી શંકા ન કર.'** એમ. આહા..હા..! સમજાણું કાંઈ? આ માટે કહ્યું છે. એ તો મફતભાઈને બેસણું છે, ત્યાં બેઠા છે. એ તો ભાઈ મફતલાલને જોતો હતો કે ક્યાં બેઠા છે. આમ કહ્યું છે અહીં. સમજાણું કાંઈ? આહા..હા..! શું કહે છે? ઉપભોગ ભોગવ. **'भुंक्ष्व'** શબ્દ છે હોં અંદર. **'भुंक्ष्व'**. આહા..હા..! **'भुंक्ष्व' 'ज्ञानिन् भुंक्ष्व'** છે? આહા..હા..! એનો અર્થ એ કર્યો છે. **'भुंक्ष्व'** કર્મોદયજન્ય ઉપભોગને ભોગવ. બાપુ! એનો અર્થ એમ નથી. એ તો પરદ્રવ્યની કોઈપણ ક્રિયા થાય એનાથી તને અલાભ થાય કે પરદ્રવ્યની ગમે તે ભગવાનની ક્રિયા પૂજા મોટી હોય, પૂજાના પ્રકાર હોય છેને, ઇન્દ્રધ્વજ પૂજા ને એવા ચાર નામ આવે છે. ઇન્દ્રો પૂજા કરે ભગવાનની. ઇન્દ્રો એકાવતારી એકભવતારી પૂજા (કરે) તે કરોડો, અબજો રૂપિયા ખર્ચે. ઇન્દ્રધ્વજ પૂજા નહિ? આવે છે. ચાર પ્રકાર આવે છે. ઇન્દ્રધ્વજ પૂજા. ઇન્દ્રો એકાવતારી, ત્રણ જ્ઞાનના ધણી, બત્રીસ લાખ વિમાનના લાડા, અર્ધલોકના સ્વામી ભગવાનની ભક્તિ કરતા હશે, આહા..હા..! એ કેવી શોભા હશે! આહા..હા..! પણ એ બધો ભાવ પરથી શુભભાવ થાય છે એમ નથી. તારામાં થાય છે તો લક્ષ પર ઉપર જાય છે. બસ, એટલી વાત છે. આહા..હા..!

ભગવાન સાક્ષાત્ બિરાજે છે તો એના દર્શનથી એને કારણે અહીંયા શુભભાવ થયો, પરદ્રવ્યથી આત્મામાં કાંઈ અપરાધ થાય છે એમ કાઢી નાખ એમ કહે છે. સમજાણું કાંઈ? તારા દ્રવ્યના સ્વભાવનું ભાન ભૂલી જાય તો તારા અપરાધને કારણે એ તો ભૂલ થઈ, એ કોઈ પરદ્રવ્યથી ભૂલ નથી થઈ. આહા..હા..! બીજી રીતે કહીએ તો કર્મના ઉદયથી અહીંયાં મિથ્યાત્વ થાય છે એમ નથી. આહા..હા..! પરદ્રવ્યને કારણે તારામાં નુકસાનના પરિણામ થાય છે એવું ત્રણકાળમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનીને તો રાગનો રસ પરજન્યશીલ ન આવ્યું ગાથામાં? પહેલો શબ્દ હતોને? **'णाणी रागप्पजहो'** પહેલો શબ્દ હતોને? આહા..હા..!

આઠ વર્ષની બાળિકા હો સમ્યગ્દૃષ્ટિ. આહા..હા..! પછી લગન પણ કરે, છતાં એ રાગનો રસ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ લગનની ક્રિયા જ્ઞાનીને અજ્ઞાન બનાવી દે એમ ના પાડે છે. આહા..હા..! ભગવાન તીર્થંકર જુઓ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ—ચક્રવર્તી, તીર્થંકર, કામદેવ પુરુષ એના જેવું રૂપ છ ખંડમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તોપણ તેમણે છન્નું હજાર સ્ત્રી સાથે લગ્ન કર્યાં. લ્યો! પણ એ કાંઈ પરને કારણે લગ્નનો ભાવ આવ્યો (એમ નથી). પોતાની નબળાઈને કારણે આવ્યો. તો એ ભોગ ભોગવે છે તો એને કારણે અહીંયાં બંધ થાય છે એમ નથી. પોતાને રાગનો ભાવ થયો એનાથી બંધ થાય છે. સમજાણું કાંઈ? એમાં એ ભોગની ક્રિયા નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તનો અર્થ કાંઈ કરતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ઉપભોગ ભોગવવાથી મને બંધ થશે એવી શંકા ન કર. 'જો એવી શંકા કરીશ તો પરદ્રવ્ય વડે આત્માનું બૂરું થાય છે'...' 'પરદ્રવ્ય વડે આત્માનું બૂરું થાય છે એવું માનવાનો પ્રસંગ આવે છે.'** આહા..હા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ, ભાઈ! એક કોર વ્યવહારરત્નત્રય કરે તો કહે નુકસાન છે. બીજી બાજુ કહે, ઉપભોગ ભોગવ. બાપુ! કઈ અપેક્ષા, ભાઈ? આહા..હા..! પરદ્રવ્યની ક્રિયાથી તને નુકસાન થાય એ શંકા ન કર. આહા..હા..! તારા સ્વભાવમાં અજ્ઞાનભાવ થાય તો નુકસાન થાય છે. જ્ઞાનસ્વભાવ બંધનું કારણ છે, પણ એ બંધનું કારણ ભોગથી બંધનો ભાવ થયો એમ નથી. પરદ્રવ્યની ક્રિયાથી આત્મામાં નુકસાન થાય છે અને પરદ્રવ્યની ક્રિયાથી આત્મામાં લાભ થાય છે એ શંકા છોડી દે. સમજાણું કાંઈ? આવી વાત છે.

**શ્રોતા :-** ઉપકારીનો ઉપકાર ન માને તો ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો વિકલ્પ આવે છે, પણ એનાથી મને ઉપકાર થયો એમ નથી. એ તો અત્યારે હવે આ મહાવીર ભગવાનના ૨૫૦૦ વર્ષ ઉજવ્યાને? તો એમાં લોકનો ફોટો મૂકેલો અને નીચે લખે—**'परस्पर उपग्रहो जीवानां'** લોકોને બહુ લાગે. ગુરુનો ઉપકાર શિષ્યને, શિષ્યનો ઉપકાર ગુરુને એની સેવા કરે. એમાં એમ છે નહિ. પરસ્પર ઉપગ્રહમાં નિમિત્તપણું છે તેને ઉપકાર કહેવામાં આવે છે. ઉપકાર કોઈ કરી શકતું જ નથી ત્રણકાળમાં. સમજાણું કાંઈ? એ તો સર્વાર્થસિદ્ધિ વચનિકા છે એમાં એવો અર્થ કર્યો છે એ શબ્દનો. પરસ્પર ઉપગ્રહ કીધુંને? આ ફોટા આવે છે ઊભા લોકના. અત્યારે બહુ છાપે છે ૨૫૦૦ વર્ષના નામે. એમાં નીચે લખે—**'परस्पर उपग्रहो जीवानां'**, **'परस्पर उपग्रहो जीवानां'**. એમ કહે છે કે એકબીજાનો ઉપકાર કરે છે. પણ એનો અર્થ સર્વાર્થસિદ્ધિ વચનિકામાં એમ કર્યો છે કે આ પરસ્પર ઉપગ્રહ લખ્યું છેને? એનો અર્થ એ નિમિત્ત છે એને ઉપકાર કર્યો એમ કહેવામાં આવ્યું, ઉપકાર કોઈ કરી શકતું નથી. આહા..હા..! સર્વાર્થસિદ્ધ વચનિકા છે. જયચંદ્ર પંડિત, જયચંદ્ર પંડિતની. બહુ સરસ.

ભાઈ! એક દ્રવ્યની પર્યાય, બીજા દ્રવ્યની પર્યાય કેમ કરે? આહા..હા..! પોતાની પર્યાય ઉત્પન્ન થવાનો કાળ છે રાગનો એમાં કર્મ શું કરાવે? અને ષટ્કારકથી પરિણમે એ રાગ. એમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય ષટ્કારકથી પરિણમીત થાય એમાં બીજો શું લાભ કરી શકે? ભગવાનથી લાભ થાય છે? કહેવાય તો એમ કે 'તરણ તારણ'. નમોત્થુણં કર્યું છે કે નહિ પહેલાં? નથી કર્યું? ઠીક. તારાચંદભાઈએ તો કર્યું છે બધું નમોત્થુણં. એ તો આંખમાંથી રોતા સાંભળતા સાંભળતા. ખબર છે? નરમ માણસ. વૈરાગ્યની કોઈ વાત આવે તો આંખમાંથી (આંસુ આવે). રાજકોટમાં આમ બેઠા હોય છે. આંસુ આવે. આહા..હા..! આ એકબીજાનો ઉપકાર કરી શકે એવો અર્થ અહીં નથી. કહો. નિમિત્તને ઉપકાર કરે છે એમ કહેવામાં આવે છે.

**શ્રોતા :-** એ સાચું કહ્યું છે કે ખોટું કહ્યું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે ઉપકાર કહ્યો છે, એ રીતે સાચું છે. ઉપકાર કરી શકે છે એ રીતે સાચું નથી. સમજાણું કાંઈ? ભાઈ! અહીં તો ન્યાયની તુલનાએ હોય એ વાત આવે.

આહા..હા..!

અહીં કહે કે **'પરદ્રવ્ય વડે આત્માનું બૂરું થાય છે એવું માનવાનો પ્રસંગ આવે છે.** ' આહા..હા..! **'આ રીતે અહીં જીવને પરદ્રવ્યથી પોતાનું બૂરું થતું માનવાની શંકા મટાડી છે;...'** છે? આહા..હા..! સમજાણું કાંઈ? પણ પરદ્રવ્ય ભોગવી શકતો નથી. એ પહેલી ગાથામાં આવ્યું હતું શરૂઆતમાં, હે જ્ઞાની! સમજાણું કાંઈ? ઉપભોગ પરદ્રવ્યનો ભોગ તને નિર્જરાનું કારણ છે. એમ પહેલી ગાથામાં આવ્યું હતું. **'उपभोग इन्द्रियेही'** એ શબ્દ આવ્યો હતો પહેલાં. ઇન્દ્રિયથી જે ઉપભોગ થાય છે એ કર્મની નિર્જરાનું કારણ છે. જડની હોં! પહેલી ગાથા. અને બીજી ગાથામાં શાતા-અશાતાનો ઉદય હોય કે સુખ-દુઃખની કલ્પના હોય, હોય છે. એમ પહેલાં હોય છે એમ સિદ્ધ કર્યું છે. પણ દૃષ્ટિ ધર્મીની અશુદ્ધ ઉપર નથી તેથી અશુદ્ધતા નિર્જરી જાય છે. બીજી ગાથામાં છે, ભાવનિર્જરા. **'उपभोग इन्द्रियेही'** અથવા પહેલાં શ્લોક આવી ગયો છે, 'સેવક છતાં પણ અસેવક, અસેવક છતાં પણ સેવક'. એ ગાથા આવી ગઈ છે. આહા..હા..!

ધર્મી સેવના કરે છે તે પણ અસેવક છે અને અજ્ઞાની એ કામનો કર્તા ન હોય કોઈ શેઠ. નોકર કરતા હોય અને શેઠ કરતા ન હોય તોપણ અસેવક પણ સેવક છે. કારણ કે બધા પૈસા, લાભ-નુકસાનનો સ્વામી તો એ છે, નોકર નથી. નોકર બોલે એમ, 'અમારે પૈસા ભરવા પડે છે. આઠ વાગે તમે લાવ્યા પાંચ લાખ, સવા આઠ થઈ ગયા. આજની તિથીમાં જમા નહિ થાય, કાલની તિથીમાં જમા થશે. ... અમારે પૈસા ભરવા પડે' એમ નોકર કહે, પણ જવાબદારી એની છે? સમજાણું કાંઈ? લાખ-બે લાખ દેવાના હોય તો એ તિથિ હોય એ આઠ વાગ્યા પહેલાં હોય તો આજે જમા થાય. પછી આવે તો આવતી કાલમાં જમા થાય, એક દિ'નું વ્યાજ ચડે. આ બધું સાંભળ્યું છે તમારું બધું. આહા..હા..! શિવલાલભાઈ! નોકર એમ બોલે, અમારે ભરવા પડે એમ બોલે. તો અમારે એટલે એને ભરવા પડે છે? એ સેવક હોવા છતાં અસેવક છે અને ઓલો શેઠ ઘરે બેઠો હોય... સમજાણું કાંઈ? છતાં અસેવક છે. ત્યાં બેઠો લાભ-અલાભની જવાબદારી તો એની છેને.

રાણપુરમાં એક નોકર-શેઠ હતા. રાણપુરમાં વિશાશ્રીમાળી. એ નોકર એવો માણસને, બહુ ચોખ્ખો. એના શેઠ કોક દિ' આવે દુકાનમાં બેસે અને કાંઈક બોલે (તો નોકર કહે) ચાલ્યા જાવ અહીંથી. નોકર કહે, ચાલ્યા જાવ. આમાં તમારી ગડબડનું કામ નહિ. ઓલો પણ નમકહલાલ હોં નોકર. કાંઈ ફેરફાર ન થવા દે એવો. શેઠ પણ જાણે કે આ કાંઈક બોલવા જાય કે આનું આમ.. તમારું કામ નહિ, શેઠ. ઘરે જાવ. સેવક નથી ઓલો છતાં એ સેવક છે અને આ નોકર સેવક છે છતાં અસેવક. આમ કરે છે ઈ છતાં અસેવક છે અને ઓલો અસેવક છે છતાં સેવક છે. આહા..હા..! નિર્જરા અધિકારમાં એ બધા અધિકાર આવી ગયા છે. આહા..હા..!

**'આ રીતે અહીં જીવને પરદ્રવ્યથી પોતાનું બૂરું થતું...'** અહીં તો બૂરું થવાની વાત છેને. **'માનવાની શંકા મટાડી છે; ભોગ ભોગવવાની પ્રેરણા કરી સ્વચ્છંદી કર્યો છે એમ ન સમજવું.'** આહા..હા..! સમજાણું કાંઈ? 'જ્ઞાનીને ભોગ નિર્જરાનો હેતુ છે' એ આવી ગયું છે. આવે

છે? ભોગને નિર્જરાનો હેતુ છે? એ તો સ્વભાવના જોરની દૃષ્ટિએ એ વાત કહેવામાં આવી છે. બાકી ભોગ નિર્જરાનો હેતુ હોય તો ભોગ છોડીને મુનિપણું લેવાની કોઈ જરૂર જ નથી. ભોગમાં પણ નિર્જરા થઈ જશે બધી, એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું છે. આહા..હા..! વીતરાગનો માર્ગ સમજવો એ બહુ કઠણ અને એ માર્ગ સમજે.. આહા..હા..! શ્રીમદ્દે ન કહ્યું છેલ્લું આજે સવારમાં કહ્યું હતું. ભેદ.. શું કીધું એ?

**શ્રોતા :–** અનંત અનંત ભાવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પહેલોં શબ્દ. 'ભેદભાવથી ભરેલી એવી.' 'અનંત અનંત ભાવભેદથી ભરેલી એવી, અનંત અનંત નય નિક્ષેપે વખાણી છે.' અનંત નય અને નિક્ષેપ છે વાણીના. આહા..હા..! 'અનંત અનંત ભાવભેદથી ભરેલી, અનંત નય નિક્ષેપે વખાણી છે. અહો રાજચંદ્ર!...' ૧૬ વર્ષે કહે છે લ્યો! આહા..હા..! ૧૬ વર્ષ. આમ ૬૧ વર્ષનાને ખબર પડે નહિ અને ૧ ને ૬, આ ૬ ને ૧. આહા..હા..! પોપટભાઈ! 'અહો રાજચંદ્ર બાળ ખ્યાલ નથી પામતા એ...' આહા..હા..! અમારે વળી હતા એ બાળ શબ્દ રાજચંદ્રને લાગુ પડે. 'અહો! રાજચંદ્ર બાળ.' એમ ટીકા કરતાં હતા. મૂળચંદજી હતા. અરે..! ભાઈ! એમ નથી, બાપુ! એ પુરુષ તો એ વખતે હતો એ હતો. સમજાણું કાંઈ? ભલે ગૃહસ્થાશ્રમમાં હતા. એ વખતે તો સમકિત પણ નહોતું. આહા..હા..! 'અહો રાજચંદ્ર! બાળ ખ્યાલ નથી આણતા એ, જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.' આહા..હા..! જિનેશ્વર. શેઠ! ૧૬ વર્ષે. દેહના વર્ષ હોં! ભગવાન તો અનાદિઅનંત આત્મા છે. દેહ ૧૬ વર્ષે પોકાર કર્યો છે. 'જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.' આહા..હા..! ત્રણલોકના નાથ જિનવરદેવ પરમાત્મા એ વાણીમાં કેટલી ગંભીરતા અને એ વાણીમાં કેટલું ન્યાયનું જોર! આહા..હા..! સમજાણું કાંઈ? એ વાણી જાણી તેણે જાણી, બાપુ! એમ તો અગિયાર અંગ ભણી ગયો અનંતવાર. નવ પૂર્વની લબ્ધિ પ્રગટ થઈ પણ વીતરાગને કહેવો છે વીતરાગભાવ એ કેમ ઉત્પન્ન થાય છે એ સમજ્યો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

વીતરાગ વાણી ચારેય અનુયોગનો સાર તો એ છે. રહસ્ય. તાત્પર્ય કહો કે રહસ્ય કહો. તાત્પર્ય લીધું છેને એ? ટીકાનું તાત્પર્ય વીતરાગતા. ચારેય અનુયોગનો સાર—કથાનુયોગ હોય, ચરણાનુયોગ હો, કરણાનુયોગ હોય, દ્રવ્યાનુયોગ હોય. આહા..હા..! (એનો સાર) વીતરાગતા છે. વીતરાગતા ક્યારે થશે? જેમાં વીતરાગતા પૂર્ણ ભરી છે એના આશ્રયે થશે. પરને આશ્રયે વીતરાગતા નહિ થાય, પરના આશ્રયે રાગ થશે. આહા..હા..! ચાહે તો ત્રણલોકના નાથ તીર્થંકર બિરાજતા હોય સમવસરણમાં, એની પૂજા પણ અનંતવાર કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? મણિરત્નના દીવા, હીરાના થાળ, કલ્પવૃક્ષના ફૂલ અને રાજકુમાર હોય આહા..હા..! પચ્ચીસ વર્ષની યુવાન અવસ્થા અને પૂજા ભગવાનની (કરે તો) લોકોને એમ થાય આહા..હા..! એ તો શુભરાગ છે, બાપુ! પરાશ્રયથી કોઈ ધર્મ નથી.

**શ્રોતા :–** પૂજાથી નહિ પણ ઉપદેશથી તો લાભ થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઉપદેશથી લાભ થાય નહિ. એ લાભ પોતે અંદર જાય તો લાભ થાય એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

'ભોગ ભોગવવાની પ્રેરણા કરી સ્વચ્છંદી કર્યો છે એમ ન સમજવું. સ્વેચ્છાચારી થવું તે તો અજ્ઞાનભાવ છે...' આહા..હા..! સમજાણું કાંઈ? 'એમ આગળ કહેશે.' હવેની ગાથામાં ઈ કહેશે. ૨૦થી છેને?

भुंजंतस्स वि विविहे सच्चित्ताचित्तमिस्सिए दव्वे।
संखस्स सेदभावो ण वि सक्कदि किण्हगो कादुं।।२२०।।

જુઓ, ત્રણે લીધા પાછા. પહેલાંમાં લીધું હતું એ. પહેલી ગાથામાં લીધું હતું સચેત..

तह णाणिस्स वि विविहे सच्चित्ताचित्तमिस्सिए दव्वे।
भुंजंतस्स वि णाणं ण सक्कमण्णाणदं णेदुं।।२२१।।
जइया स एव संखो सेदसहावं तयं पजहिदूण।
गच्छेज्ज किण्हभावं तइया सुक्कत्तणं पजहे।।२२२।।
तह णाणी वि हु जइया णाणसहावं तयं पजहिदूण।
अण्णाणेण परिणदो तइया अण्णाणदं गच्छे।।२२३।।

**જ્યમ શંખ વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,**
**પણ શંખના શુક્લત્વને નહિ કૃષ્ણ કોઈ કરી શકે; ૨૨૦.**
**ત્યમ જ્ઞાની વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,**
**પણ જ્ઞાન જ્ઞાની તણું નહીં અજ્ઞાન કોઈ કરી શકે. ૨૨૧.**
**જ્યારે સ્વયં તે શંખ શ્વેતસ્વભાવ નિજનો છોડીને**
**પામે સ્વયં કૃષ્ણત્વ, ત્યારે છોડતો શુક્લત્વને; ૨૨૨.**
**ત્યમ જ્ઞાની પણ જ્યારે સ્વયં નિજ છોડી જ્ઞાનસ્વભાવને**
**અજ્ઞાનભાવે પરિણમે, અજ્ઞાનતા ત્યારે લહે. ૨૨૩.**

આહા..હા..! જુઓ, ભાષા.

तह णाणी वि हु जइया णाणसहावं तयं पजहिदूण।
अण्णाणेण परिणदो तइया अण्णाणदं गच्छे।।२२३।।

લ્યો! સ્વયં નિજ શબ્દ. સ્વયં પણ નિજ અર્થ આવી ગયો ને અંદર.

શંખ ગમે તેટલી કાળી ચીજ ભરખે, કાદવ કાળી ચીજ, પણ શંખ કદી કાળી ચીજથી કાળો થતો નથી. આહા..હા..! શંખ પોતાથી જ્યારે રંગ બદલે છે ધોળામાંથી કાળો ત્યારે થાય છે. આહા..હા..! એમ જ્ઞાની પરને ભોગવવાથી દોષ થાય છે એમ નથી. સ્વયં અજ્ઞાનપણે થાય અને રુચિ-રસ લે, આનંદમાં સુખમાં, ભોગમાં રસ લે એ તો અજ્ઞાન છે. એ તો સ્વયં અજ્ઞાન પરને કારણે થયું નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૧૩, મંગળવાર, તા. ૧૮-૦૧-૧૯૭૭, કળશ-૧૫૧-૧૫૨, પ્રવચન નં. ૨૯૬

સમયસાર, નિર્જરા અધિકાર. ધર્મ કોને થાય? એને નિર્જરા કેમ થાય? એ વાત છે ઝીણી. ભાવાર્થ બાકી છેને એનો પહેલાંનો? કળશ ચાલે છે. શું ચાલે છે? ધર્મી જીવને આત્માના આનંદનો અનુભવ હોય છે. એ અનુભવના સ્વાદને લઈને એને ભોગની સામગ્રીમાં પ્રેમ અને રુચિ થતી નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! આવી વાતું છે. ધર્મ કરનાર એવો જીવ ધર્મી એને જ્ઞાની કહીએ, એને ધર્મી કહીએ, એણે સુખને પંથે શરૂઆત કરી એમ એને માર્ગમાં કહીએ. આહા..હા..! આવી વાતું! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ છે એવું જેને સમ્યગ્દર્શન, જ્ઞાનમાં ભાન થયું એને ધર્મી—ધર્મની પહેલી શરૂઆતવાળો કહેવામાં આવે છે. એ જીવને પૂર્વના કર્મના ઉદયથી સામગ્રી અનેક પ્રકારે મળે પણ એ સામગ્રીમાં ભોગવવાની રુચિનો ભાવ નથી એને.

**શ્રોતા :–** રુચિનો ભાવ નથી એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રુચિ નથી એમ. રુચિનો ભાવ નથી, આમ ભાવ છે. ઝીણી વાત છે, ભાઈ! માર્ગ બાપુ! વીતરાગનો માર્ગ કોઈ જુદી જાત છે. આહા..હા..!

આ આત્માનો જેને આનંદનો અનુભવ થયો એ દેહથી ભિન્ન, વાણીથી ભિન્ન, કર્મથી ભિન્ન-જુદો અને દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય શુભભાવ એનાથી જુદો અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપના ભાવથી ભગવાન જુદો છે અંદર. આહા..હા..! એવું જેને અંતરમાં સ્વરૂપસન્મુખ થઈને ભાન થયું. ત્રિભુવનભાઈ! ઝીણી વાતું છે, બાપુ! આ કાંઈ.. આહા..હા..! આ સામાયિક કરી ને પોષા કર્યા ને થઈ ગયા ધર્મ થઈ ગયા. ધૂળેય નથી ધર્મ. ભાન પણ ક્યાં છે એને તો? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો ચાલશે કળશ છે એમાં ગૂઢ છે જરી વાત એટલે આનો ઉપોદઘાત કહીએ છીએ. આહા..હા..!

(शार्दूलविक्रीडित)

ज्ञानिन् कर्म न जातु कर्तुमुचितं किञ्चित्तथाप्युच्यते
भुंक्षे हन्त न जातु मे यदि परं दुर्भुक्त अवासि भोः।
बन्धः स्यादुपभोगतो यदि न तत्किं कामचारोऽस्ति ते
ज्ञानं सन्वस बन्धमेष्यपरथा स्वस्यापराधाद्ध्रुवम्।।१५१।।

એ છેને? 'હે જ્ઞાની,...' ૧૫૧ કળશ. 'હે જ્ઞાની,...' એટલે એની સમજણ આપી. જ્ઞાની એટલે કોણ? એમ. આત્મા આનંદમૂર્તિ પ્રભુ છે અતીન્દ્રિય આનંદ. આ ઈન્દ્રિયનો આનંદ સુખ છે એ તો ઝેર છે અને દુઃખ છે. એ તો મિથ્યાદૃષ્ટિ ઈન્દ્રિયના વિષયમાં સુખ છે તેમ અજ્ઞાની માને છે, એ મિથ્યાદૃષ્ટિ

છે, ધર્મી નથી. આહા..હા..! ધર્મી અને જ્ઞાની એને કહીએ... આહા..હા..! **'जातु किञ्चित् कर्म कर्तुम् उचितं न'** **'તારે કદી કાંઈ પણ કર્મ કરવું યોગ્ય નથી...'** આહા..હા..! એટલે? એ તો શબ્દ થયા. રાગ કરવા જેવો છે એવું તારે હોતું નથી. આહા..હા..! વિષયભોગ કરવા જેવા છે એ બુદ્ધિ જ્ઞાનીને, ધર્મીને હોતી નથી. સમજાણું કાંઈ? **'તારે કદી કાંઈ પણ કર્મ કરવું...'** આહા..હા..! ભગવાન આત્મા જેને અંતર સમ્યગ્દર્શનમાં આત્મા આનંદનું ધામ, નિધાન જ્યાં નજરે પડ્યું. આહા..હા..! સમજાય છે કાંઈ? અતીન્દ્રિય આનંદની ખાણ, ખજાનો પ્રભુ છે. આહા..હા..! ક્યાં ગયા શાંતિભાઈ? બેઠા છે, આ બેઠા છે. સમજાણું કાંઈ? આહા..હા..! જેને જન્મ-મરણરહિત થવાની દૃષ્ટિ પ્રગટી છે. એટલે? જેનામાં જન્મ-મરણ નથી અને જન્મ-મરણના ભાવ કારણ છે એ પણ એનામાં નથી. આહા..હા..! એવો જે આ ભગવાન આત્મા જિનવરદેવ ત્રિલોકનાથ તીર્થંકરે જેને આત્મા કહ્યો અને છે, એ આત્માનું અંતરમાં ભાન થાય અનુભવમાં, કોઈ ક્રિયાકાંડે એ મળે એવું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એ અંતરમાં નજર પડતાં... આહા..હા..! નિધાન અતીન્દ્રિય આનંદનો જેણે ખજાનો જોયો, જાણ્યો, માન્યો. આહા..હા..! પોપટભાઈ! આ તમારા પૈસા-પૈસાની તો કિંમત ન મળે કાંઈ. આઠ હજારનો પગાર મહિને ને દસ હજારનો પગાર.

**શ્રોતા :-** એ તો બધી ધૂળ કીધી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળ છે. ત્યાં ક્યાં હતા? પૈસા કરોડ હોય કે બે કરોડ હોય. આ રહ્યા. ઓલા વયા ગયા આજે? ભાઈ ગયા? ભૂપતભાઈ. કાલે જતા હતા. બેંગ્લોર છે. બે કરોડ રૂપિયા. ત્યાં મોટું મંદિર બાર લાખનું કરાવ્યું. અમે સોળ દિ' રહ્યા. આઠ લાખ તો એણે નાખ્યા. નહોતા કાલે? વાત એ કે તમે ધારો કે એમાં ધર્મ થાય (એમ નથી), શુભભાવ પુણ્ય થાય. આહા..હા..! એ શુભભાવ છે તો પુણ્ય થાય, એ ધર્મ નહિ. આઠ લાખ ખર્ચ્યા તમે આમાં નાખીને. એ સ્થાનકવાસી છે કરોડપતિ. જુગરાજજી એ કરોડપતિ. આ દેરાવાસી છે બે કરોડ. બેયે થઈને બાર લાખનું મંદિર કર્યું. માટે તમે એમ માનો કે આમાં ધર્મ થઈ ગયો? ધર્મ-બર્મ નથી બાપુ! ધર્મ બીજી ચીજ છે. આહા..હા..! પાપથી બચવા એ શુભભાવ આવે, પણ એ બંધનું કારણ છે. અહીંયાં તો કહે છે કે જ્ઞાની... આહા..હા..! જો તને આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એવો જેને સ્વાદ આવ્યો—અનુભવ થયો... આહા..હા..! ભારે ધર્મની આવી વ્યાખ્યા!

**શ્રોતા :-** પરસન્મુખતાનું તારે કામ શું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પણ પડ્યો છેને પ્રભુ અંદર છેને. આહા..હા..! જિનવરદેવ ત્રિલોકનાથ પરમાત્મા એમ ફરમાવે છે, એ સંતો ફરમાવે છે.

કહે છે કે **'હે જ્ઞાની,...'** તને જો આત્માના આનંદનો સ્વાદ આવ્યો હોય. આહા..હા..! એ વળી શું હશે? આત્માનો સ્વાદ હશે? સ્વાદ તો આ પૈસા મળે પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ, બાયડી રૂપાળી મળે માખણ જેવી, એના ભોગમાં સ્વાદ આવે કે નહિ? એનો સ્વાદ આવતો હશે એને જડનો? એ તો જડ છે, માટી, ધૂળ છે આ તો. આનો સ્વાદ અજ્ઞાનીને આવે? અજ્ઞાનીને એમાં 'આ ઠીક છે'

એવો રાગરસ ઉત્પન્ન કરે છે એ રાગનો અજ્ઞાની સ્વાદ લે છે. આહા..હા..! મૂઢ અનાદિનો મિથ્યાદષ્ટિ જીવ એ વિષયની વાસનામાં જે રાગ ઉત્પન્ન થાય એનો એ ભોગવટો અનુભવ કરે છે. શરીરનો ભોગવટો ત્રણકાળમાં (નથી). આ તો માટી, ધૂળ છે. એ મેસુબ ને માવો ને માખણ એ બધા ધૂળ છે, એ તો જડ છે. એનો સ્વાદ આવે જીવને? આહા..હા..!

**શ્રોતા :-** આનંદનો સ્વાદ આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગનો આવે છે. આહા..હા..!

હવે જ્યારે ધર્મ સમજે છે, પ્રથમ દરજ્જાનો સમકિતી, જ્ઞાની વીતરાગ સર્વજ્ઞ કહે છે તે, એને આત્માનો સ્વાદ આવે છે. અજ્ઞાનીને રાગના સ્વાદ છે અને એમાં મૂંઝાઈને મૂઢ થઈને પડ્યા છે ચાર ગતિના રખડવાના રસ્તે. આહા..હા..! ત્યારે જ્યારે એને આત્મા... આહા..હા..! અતીન્દ્રિય આનંદની ખાણ, ખજાનો. આહા..હા..! અતીન્દ્રિય આનંદ ગમે તેટલો ભોગવે તો ત્યાં અતીન્દ્રિય આનંદ સ્વભાવમાંથી ખૂટે નહિ. આહા..હા..! આ શું હશે આવું તે? આવો જિનવર માર્ગ હશે? જિનવરમાં તો છ કાયની દયા પાળવી ને વ્રત કરવા ને અપવાસ કરવા અને તમારે પોષા કરવા. જામનગમાં આઠમ ને પાખીના પોષા કરતાને. પાળિયાદ હતા. પહેલાં આવેલાને અમે ૮૨ની સાલમાં. એ પોષા કરવા આવે વહેલા નીકળે તારાચંદભાઈ. વીરજીભાઈના બાપ. ચાલતા સૂત્ર કહેવાય. એય..! ધર્મની કાંઈ ખબર નહિ હોં જરીએ. આહા..હા..! તે દિ' કહ્યું હતું ૮૨માં જામનગર પહેલાંવહેલા આવ્યાને જ્યારે. જામનગર ૮૨. કેટલા વર્ષ થયા? ૫૧. ૫૧ વર્ષ થયા. એ તમારા અપાસરે ઉતર્યા હતા લોકાંને. ત્યાં એ વાત મૂકી હતી કે ભાઈ! જેટલો શુભભાવ છે મનનો દયાનો, દાનનો, ભક્તિનો, વ્રતનો, તપનો શુભભાવ એનાથી તો પુણ્ય બંધાય, ધર્મ નહિ. જુઓ કીધું તમારું આ શું કહેવાય? જ્ઞાનસાગર. પુનાતર તરફથી છપાણું છેને. જામનગર. જ્ઞાનસાગર છપાણું છે. એ તો ઘણાં વર્ષ પહેલાં છપાણું. મેં તો ૬૮માં જોયું હતું આખું. જ્ઞાનસાગર છે. આમાં જુઓ કીધું આ લખ્યું છે. મનના શુભભાવ, વચનના શુભભાવ, કાયાના શુભ એનાથી તો પુણ્યબંધ કીધું. એમાં ધર્મ ક્યાંથી થઈ ગયો? પહેલાં તો મૂંઝાઈ ગયા થોડા. એકલા આવ્યા હતા સાંજે પડિક્કમણું કરવા, ડોસા. મહારાજ! આ પ્રમાણે તો લોકોને... પણ તમે સાંભળ્યું નહિ? માર્ગ તો આ છે. તમારી ક્રિયાકાંડ છે એ તો શુભભાવ છે અને એ તો પુણ્ય છે. સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે કે '**હે જ્ઞાની,...**' આહા..હા..! '**તારે કદી કાંઈ પણ કર્મ કરવું યોગ્ય નથી...**' આહા..હા..! રાગ કરવાલાયક છે એમ કરીને રાગ કરવાનું તારે હોય જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? કર્મ શબ્દે રાગાદિ. આહા..હા..! એ પુણ્યનો ભાવ પણ રાગ છે, એ પણ તારે કરવાલાયક નથી. આહા..હા..! '**તોપણ જો તું એમ કહે છે કે પરદ્રવ્ય મારું તો કદી નથી...**' શરીર, વાણી, પૂર્વના કર્મને લઈને મળેલી આ બાયડી, છોકરા, પૈસા, ધૂળ ધમાહા કે બંગલા બધા ૪૦-૪૦ લાખના મોટા હજીરા એ બધા પૂર્વના કર્મની સામગ્રી છે. આહા..હા..! એને તું એમ કહે કે એ '**પરદ્રવ્ય મારું તો કદી નથી અને હું તેને ભોગવું છું,...**' આ શરીર માંસના હાડકા જડના છે, અજીવ છે આ તો.

બાયડીનું શરીર એ જડ છે, માટી, ધૂળ છે. આહા..હા..! પૈસા ધૂળ છે, પુદ્ગલ છે, માટી છે, અજીવ છે. તું એમ કહે એકવાર કે 'એ પરદ્રવ્ય મારું નથી' અને વળી તું એમ કહે કે 'પરદ્રવ્યને હું ભોગવું' આ ક્યાંથી આવ્યું તારે? આકરું કામ છે, બાપા! એ વીતરાગનો ધર્મ અત્યારે તો અન્ય ધર્મને જૈનધર્મ મનાવી દીધો છે. વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એમણે જે ધર્મ કહ્યો એ તો લુપ્ત-ગુપ્ત થઈ ગયો છે. આહા..હા..!

અહીં એ કહે છે, હે ભાઈ! હે જ્ઞાની! એમ કીધુંને? 'ज्ञानिन्' તને જો આત્માનું જ્ઞાન અને આત્માના આનંદનો સ્વાદ આવ્યો હોય તો '**હે જ્ઞાની,...**' પરવસ્તુ રાગ ને શરીર ને સામગ્રી એ તારી નથી એમ તું માને છો, '**પરદ્રવ્ય મારું નથી**' અને વળી કહે કે, પરદ્રવ્ય મારું નથી અને.. આહા..હા..! 'હું એને ભોગવું.' કારણ કે જ્ઞાનીને ભોગ ભોગતા નિર્જરા થાય છે માટે હું ભોગવું. તું મૂઢ છો? આહા..હા..! સમજાણું કાંઈ? અરેરે..! આ સંસારમાં આત્માના ભાન વિના પશુ જેવા અવતાર છે. પછી ભલે એ કરોડોપતિ અને અબજોપતિ હોય. સુમનભાઈ! આઠ હજારનો પગાર આ સુમનભાઈને મહિનાનો. ઓલો વળી ચૌદ હજાર કીધો હતો. એ કોણે કહ્યું તમને વળી? અમથુ કીધું અનુમાન કરીને. એ ગુજરી ગયાને હમણા વિજયભાઈ કરીને. બહુ છોકરા શાંત હતા. ગુનાનો હતો. બે વાર તો અમેરિકા ગયો હતો. કિડનીનું દર્દ થઈ ગયું. એક વર્ષનું લગ્ન. કિડનીનું આ કિડનીનું દર્દ. ગયા હતાને ત્યારે મુંબઈ. બહુ અહીં પંદર-પંદર દિ', મહિનો રહી ગયો હતો. કુંવારો રહી ગયો હતો અને પરણ્યા પછી રહી ગયો હતો. બહુ શાંત. મગજ ઘણું. રુચિ બહુ. નાની ઉંમરનો. ૨૬-૨૭ વર્ષની ઉંમર. કિડનીનું દર્દ. બાર મહિને જરીક હશે ને પરણ્યો હતો. બાર મહિના કે વધારે થઈ ગયું. બાર મહિના દુઃખી રહ્યો. આહા..હા..! બે હજાર બાવીસોનો પગાર હશે. પહેલી શરૂઆત હતીને. એની માએ કિડની આપી કિડની. કાંઈક હશે આપણને શું ખબર? કિડની શું હશે? કાંઈક હશે એ ડોક્ટર જાણતા હશે. આપી. ઓપરેશન કર્યું. ગુજરી ગયો. શું પણ થાય? પૈસા શું કરે ત્યાં? આહા..હા..! અરેરે..!

અહીં કહે છે કે હે ધર્મી! તું એમ કહે કે મારા આત્મદ્રવ્ય સિવાય પરદ્રવ્ય એ મારા નથી. આહા..હા..! મારો નાથ તો આ આત્મા આનંદકંદ એ હું છું. આહા..હા..! અને રાગ ને પુણ્યના પરિણામ ને શરીર, કર્મની સામગ્રી એ બધી જડ ને પર છે, એ મારું દ્રવ્ય નથી એમ તું કહે અને વળી તું ભોગવવાનો રસ લે. મૂઢ છો? સ્વચ્છંદી છો. આહા..હા..! સમજાણું કાંઈ? કાંઈ સમજાણું કહેવાય છેને. મૂળ સમજે તો તો નિહાલ થઈ જાય. આ તો કઈ બાજુએ ગંધ જાય છે વાતની. આહા..હા..!

'**પરદ્રવ્ય મારું તો કદી નથી અને હું એને ભોગવું છું, તો તને કહેવામાં આવે છે (અર્થાત્ એમ કહીએ છીએ) કે હે ભાઈ! તું ખોટી (-ખરાબ) રીતે જ ભોગવનાર છે;...**' વિષયમાં તને રસ પડે છે અને ભોગવું છું અને વળી કહો કે એ પરદ્રવ્ય છે. આહા..હા..! આવો ઉપદેશ અને આવો માર્ગ કેવો હશે? ઓલો માર્ગ તો એવો હતો 'ઇચ્છામી ... તસ્સમિચ્છામી દુક્કડમ' જાવ લ્યો! તસ્સઉતરી કરણેણં .. વોસરે. કાંઈ છે એમાં? આહા..હા..! થોથા હતા બધા. કહો, ફૂલચંદભાઈ! આહા..હા..! અહીંયાં તો ધર્મી કહેવો કોને? અને ધર્મી નામ ધરાવે અને પરદ્રવ્ય કર્મના નિમિત્તથી

મળેલી સામગ્રીમાં ભોગવવાનો રસ હોય તો એ ધર્મી નથી. આહા..હા..! શેઠ!

**શ્રોતા :–** કાંઈ સમજાણું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ન સમજાણું? આ એને ઘરે ૬૦ તો મોટરું છે આ શેઠને ઘરે. રહેવાના ૬-૬ લાખના મકાન છે મોટા. અહીં બેઠા છે સાધારણ. બુંદેલ ખંડના બાદશાહ છે આ. ભોગવવામાં એમ કહે છે કે તને જો એ રસ પડતો હોય એમાં-પરમાં અને તું ધર્મી માનતો હોય તો મૂઢ છો એમ કહે છે. નવરંગભાઈ! આહા..હા..!

**'હે ભાઈ! તું ખોટી (-ખરાબ) રીતે જ ભોગવનાર છે, જે તારું નથી તેને તું ભોગવે છો એ મહા ખેદ છે!'** આહા..હા..! શરીર તારું નહિ, બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, હજીરા, હજીરા એટલે આ મકાન એ કાંઈ તારા નથી, એ તો જડના છે, પરના છે. આહા..હા..! આવી વાત છે. ફૂલચંદભાઈ! એક તો સાથી ગયા. એના સાથી હતાને છબીલભાઈ. એવું છે આ સંસારનું. આહા..હા..! **'જે તારું નથી તેને તું ભોગવે છો એ મહા ખેદ છે!'** આહા..હા..! એમ કહીને ધર્મીની દૃષ્ટિમાં આનંદ હોય છે, તેથી તે પરમાં આનંદની બુદ્ધિએ ભોગવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આટલી શરતું ધર્મને માટે છે. આહા..હા..! અરેરે..! જિંદગી ચાલી જાય છે એમ ને એમ. ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષ કેટલાકને થયા. મરવાની તૈયારી. જેટલા સમય ને ક્ષણ જાય એ બધા મરણની સમીપ જાય છે. મુદ્દત પાકી થઈને છે, એમાં હવે કાંઈ સમય ફરે એવો નથી. જે સમયે દેહ છૂટવાનો તે નક્કી છે. આહા..હા..! એમાં આ આત્મા શું અને એનું જ્ઞાન શું એ ભાન ન કર્યું, ઢોર જેવા અવતાર છે એ બધા. ભલે અબજોપતિ હોય, દસ-દસ હજારના પગાર હોય, વીસ-વીસ હજારના મહિને. પોપટભાઈ! અહીં ન્યાય શું આપ્યો છે આમાં? પ્રભુ! તું ધર્મી છો એમ તને થયું છે? તો પછી ધર્મી થયો અને તને આત્માના સ્વભાવનું ભાન થયું અને આત્મા સિવાય પરવસ્તુ તારી નથી એમ તને નિર્ણય થયો, છતાં તું પરવસ્તુને રસથી ભોગવ? દુર્ભુક્ત છો, ખરાબ રીતે ભોગવે છે તું. આહા..હા..! આવી વાતું હવે. આમાં કરવું શું? એય..! શેઠ! ક્રિયા શું કરવી પણ આમાં? આહા..હા..!

અહીં તો કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, નાથ! ભગવાન છો પણ પ્રભુ તને ખબર નથી. આહા..હા..! અતીન્દ્રિય આનંદની ખાણ ભગવાન આત્મા. આહા..હા..! ઇન્દ્રિયના વિષયમાં જેની ગંધ નથી એવો જે આનંદથી ભરેલો ભગવાન છે પોતે પ્રભુ. આહા..હા..! એનું જો તને ભાન થયું હોય ધર્મનું અને તું એમ માનતો હો કે મારા સિવાયની જેટલી પર ચીજ છે એ બધી મારી નથી. રાગ પણ મારો નથી, પુણ્યના ભાવ થયા એ મારા નથી અને પુણ્યના ફળ તરીકે પૂર્વે કોઈ પુણ્ય કર્યા હોય, એના ફળ તરીકે આ ધૂળ મળી હોય પાંચ-પચ્ચીસ કરોડ ધૂળ એ કોઈ મારા નથી. તારા નથી, તારામાં નથી અને એમાં તું નથી. આહા..હા..!

**શ્રોતા :–** ધૂળ તો આપ કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ તમને ખબર નથી ત્યાં છ લાખમાં પડ્યા. જ્યારે રોગ થાય છે આ. દવાઓ કેટલી પડી છે ત્યાં. મેં જોયું હતું આમ નીકળ્યો હતો ત્યારે. છ લાખના મકાનમાં સૂવે છે એ.

એમાં ઉતારો હતો અમારો. ઓલી પડી હોય તમાકુ કાંઈક, પણ એનાથી કાંઈ વળે છે? આહા..હા..! પરદ્રવ્ય છે એ આત્મામાં છે નહિ અને આત્માને મળ્યા એ આત્માને મળ્યા ક્યાં છે એ? એ છે એને એમ થાય છે કે મને મળ્યા એ તો મમતા મળી એને. ચીજ તો ચીજમાં રહે છે. એ આત્મામાં આવે છે આ ચીજ? સમજાય છે કાંઈ? એ વીતરાગના મારગડા જુદાં નાથ! લોકો માનીને બિચારા બેઠા છે ખબર નથી એને. આહા..હા..! જિંદગી જાય છે આખી. આહા..હા..!

કહે છે '**જો તું કહે કે પરદ્રવ્યના ઉપભોગથી બંધ થતો નથી એમ સિદ્ધાંતમાં કહ્યું છે માટે ભોગવું છું,...**' એમ તું કહે. '**तत् किं ते कामचारः अस्ति**' શું તને કામની ઈચ્છા છે કે નહિ? આહા..હા..! પરવસ્તુને ભોગવવાની કાંઈ ઈચ્છા છે કે નહિ? ઈચ્છા છે અને વળી તું કહે કે મારે ભોગવવાનો ભાવ નથી. સમજાણું કાંઈ? '**ભોગવવાની ઈચ્છા છે? જ્ઞાનરૂપ થઈને વસ...** ' આહા..હા..! એ શું કહ્યું? જો તને ઈચ્છા છે તો તું ભોગવવાનો રસીલો થયો. આહા..હા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન ચૈતન્યબ્રહ્મ પ્રજ્ઞાસ્વરૂપ આત્મા એમાં રહે, જ્ઞાનમાં—આત્મામાં રહે તો તો બરાબર છે. આહા..હા..! આવું કેવું વ્યાખ્યાન પણ આવું? આવો કઈ જાતનો ઉપદેશ? વાડામાં તો છે નહિ એ. આહા..હા..!

**શ્રોતા :–** જૈનધર્મનો વીતરાગી માર્ગ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વીતરાગી માર્ગ બાપા! વીતરાગ જિનવરદેવ ત્રિલોકનાથ એમણે કહ્યો માર્ગ આ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એથી શું કહેવું છે? કે તું જો જ્ઞાનસ્વરૂપી ભગવાન આનંદ છો એમાં જો રહે અને પરના સામગ્રીમાં તારું લક્ષ જાય અને થોડો રાગાદિ હોય તો એ બધું નિર્જરી જશે. આહા..હા..! આવું કેવું વ્યાખ્યાન આ? બાપુ! તને ખબર નથી ભાઈ! વીતરાગના ધર્મના મોઢા મોટા છે. આહા..હા..! જેને દયા, દાન, વ્રત, તપના ભાવ પુણ્ય છે એમાંથી રુચિ ઊડી ગઈ છે એને. કેમકે એ રાગ છે અને રાગમાં તો ઝેરનું વેદન છે, ઝેરના પ્યાલા છે એ તો. આહા..હા..! ભગવાન અમૃતસાગરનો પ્યાલો એ જે પીધો તેં, તો તને પરદ્રવ્ય મારું છે એને ભોગવવાની વૃત્તિ હોઈ શકે નહિ. એમ કહે છે. આહા..હા..! ચંદુભાઈ! આવું છે, બાપુ! દુનિયાથી બહુ ફેર છેને. એટલે લોકો રાડુ પાડે છે બહુ. એ તો એમ જ ચાલે. હાથી ચાલ્યો જતો હોય. મોટર ચાલે તો કૂતરા ભસે. એટલી અક્કલ નથી કે આ તો જડ છે. હાથી ચાલે તો ભસે. મોટર નીકળે મોટર. મોટર જડ છે અને એની સાથે શું છે? આહા..હા..! અજ્ઞાની, સત્યની મોટરું જ્યાં ચાલતી હોય આનંદનો નાથ, એને અનુભવમાં લઈને ધર્મ થતો હોય એને ઓલા મશ્કરી ઉડાવે. લ્યો! બાપુ! કર ભાઈ! આહા..હા..!

કહે છે '**ભોગવવાની ઈચ્છા છે? જ્ઞાનરૂપ થઈને વસ (–શુદ્ધ સ્વરૂપમાં નિવાસ કર),...**' આહા..હા..! આ શું છે? એ શુદ્ધ સ્વરૂપમાં નિવાસ કર. ઘરમાં નહિ, કુટુંબમાં નહિ, પૈસામાં નહિ, રાગમાં નહિ, પુણ્ય-પાપના રાગમાં પણ નિવાસ નહિ. એ વિકાર છે, દુઃખ છે. આહા..હા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન છે પ્રજ્ઞાસ્વરૂપ જ્ઞાનનો પિંડ પ્રભુ છે, આ આત્મા જ્ઞાનનો પિંડ છે.. સમજાણું કાંઈ? એમાં વસ. પરથી ખસ, એમાં વસ, એટલું બસ, એ ટૂંકું ટચ. આહા..હા..! શબ્દો તો થોડા છે, પણ એના ભાવ

(ગંભીર છે). સમજાણું કાંઈ? આહા..હા..! છે?

**'જ્ઞાનરૂપ થઈને વસ, નહિ તો (અર્થાત્ જો ભોગવવાની ઈચ્છા કરીશ અજ્ઞાનરૂપે પરિણમીશ તો)...'** એટલે એ શું કે ભોગવવાના રસની રુચિ છે એ અજ્ઞાન છે. આહા..હા..! મેસુબ ખાતો હોય, આ રસગુલ્લા ખાય છેને દૂધના, એ ખાતો હોય એમાં તને રસ મીઠાશ છે? એ મીઠાશ નહિ, એ તો જડની છે. જડની મીઠાશ કોઈ દિ' અજ્ઞાનીને ન આવે. એના પ્રત્યે લક્ષ જતાં 'આ ઠીક છે' એવી રાગની લાગણી ઊભી કરી અને રાગને વેદે છે. આહા..હા..! એમાં જેમ વસે છો હવે આમ વસને. આહા..હા..! અરે..! આવી વાતું લ્યો! છે? **'(-શુદ્ધ સ્વરૂપમાં નિવાસ કર), નહિ તો, (અર્થાત્ જો ભોગવવાની ઈચ્છા કરીશ અજ્ઞાનરૂપે પરિણમીશ તો) તું ચોક્કસ પોતાના અપરાધથી બંધને પામીશ.'** છે? ધ્રુવનો અર્થ ચોક્કસ કર્યો. આહા..હા..! આત્માના આનંદના રસને ભૂલી અને તું ધર્મી મનાવ અને રસ રહે વિષયનો, ભોગનો અને એમાં મીઠાશ તને લાગે (તો) જરૂર બંધાઈશ. મિથ્યાત્વથી બંધાઈ જઈશ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, આ અધિકાર તો સારો છે તમારે. આ બધા આવ્યા તમારે રોહિતને. ધીરૂભાઈને બિચારાને પ્રેમ બહુ હતો. શરીર એવું થઈ ગયું. ઘણાં હમણા થઈ ગયા છે હાર્ટ ફેઈલ. લાગણીવાળા છે. આપણે રાજકોટ અને જામનગર બેય બિચારાને પડ્યું રહું. રાજકોટ રહે અને જામનગર આવે. જામનગર તો ફૂલચંદભાઈ ને એ બેય સાથે હોય છે. એ તો સ્થિતિ પૂરી (થાય) એને કોણ રોકે? નરેન્દ્ર, જિનેન્દ્ર એ પર્યાયને ફેરવવા સમર્થ નથી. તે સમયે તે નિમિત્તે તે સંયોગે દેહ છૂટવાનો તે છૂટ્યે જ છૂટકો. લાખ ઈન્દ્રને ઉતારે કે મોટા ડોક્ટર તો શું કરે બિચારા, ડોક્ટર પણ પોતે મરી જાય છે. આહા..હા..! આ હિંમતકુમાર નહિ ડોક્ટર? ભાવનગરનો સર્જન. અહીં આવ્યો હતો, બે-ત્રણવાર આવ્યો હતો. એ કોકનું ઓપરેશન કરતો હતો. મને કાંઈક થાય છે. બસ ખુરશી બેઠો ત્યાં ગુજરી ગયો. ડોક્ટર તે શું ડોક્ટર? કહો, ડૉક્ટરના ખાટલે એમ નથી કહેતા? કહે છે કાંઈક. વૈદ્ય હોય, ડોક્ટર એનો બાપ લે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ વૈદ્યને લાગુ પડે. પોતે ડોક્ટર છેને એટલે. આહા..હા..! આમ ખાટલે પડે તો.. આહા..હા..! માણસ કહેને કે ભાઈ હમણાં તો અમે મરવા પણ નવરા નથી. એમ નથી કહેતા ધંધામાં? પાપના ધંધા આડે આખો દિ' પીંજણ પાપની. આ રળવું ને આ ભોગ ને આ ફલાણું, ઢીંકણું, બાયડી-છોકરાને સાચવવા મહા પાપ આખો દિ'. પાપની પીંજણમાં પીંજાઈ ગયો પોતે ભગવાન. આહા..હા..! એમાં એને કોઈ કહે કે એલા કાંઈક નિવૃત્તિ (લે). મહારાજ! મરવા નવરા નથી. બહુ સારી વાત છે. મરવા (ટાણે) ટાંગો પડ્યો રહશે. નવરા નથી શું કહે છે, સાંભળને.

**શ્રોતા :-** આપને એવું કામ હોય તો ખબર પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કહ્યું હતુંને. જેસિંગભાઈના દીકરા હતા મનોહરભાઈ. ઘણાં વખતથી અહીંયાં આવે છે. શેઠિયાઓ આવે તો બધા કરોડોપતિ બધા. તે દિ' ૬૦-૭૦ લાખ હતા. હવે આઠ કરોડ-નવ કરોડ થયા. જેસિંગભાઈ ઉજમશી. મનોહરભાઈ આવ્યા હતા. અહીં મિલ છેને. મેં એટલું કહ્યું

ભાઈ! આ શાસ્ત્ર વાંચવાનો, સાંભળવાનો કાંઈ વખત મળે છે? મહારાજ! અમારે ઠેકાણે હોય તો તમને ખબર પડે કે વખત મળે છે કે નહિ? ઓય મારા! પાવર ફાટ્યો કીધું આ તો. એવો જવાબ આપ્યો લ્યો! ભાઈ! તમને ખબર નથી, બાપુ! અમે તો નાની ઉંમરમાં દુકાન ઘરની પિતાજીની દુકાનમાં હતા. ૧૭ વર્ષથી ૨૨ વર્ષની ઉંમરમાં દુકાન પણ ચલાવી હતી મોટી અને દરરોજ વાંચન. ઘરનું વાંચન પોતાનું તત્ત્વનું હોં શાસ્ત્રનું. ૧૭ વર્ષથી ૨૨. ૭૦ વર્ષ પહેલાંની વાતું છે બધી. સમજાણું કાંઈ? અમે તો ધંધામાં હતા તોપણ નિવૃત્તિ લઈને શાસ્ત્ર વાંચતા.

**શ્રોતા :–** કામ... એટલે નિવૃત્તિ લીધેલી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કામ .. એટલું બધું કામ નહિ. ઘરની દુકાન. ભાગીદાર હતા એ કામ કર્યા કરે. આપણે તો નામુ સાંજે લખીએ અને એ ન હોય ત્યારે કાંઈક તોળી દઈએ ને એવું કરતા. પણ એ તો ૧૭ વર્ષની ઉંમરથી ૨૨ વર્ષ સુધી. પાંચ વર્ષ બસ. ૬૮માં છોડી દીધું. દુકાન છેને મોટી દુકાન છે અત્યારે છે. ત્રણ લાખની પેદાશ છે. વર્ષની ત્રણ લાખની તો પેદાશ છે અત્યારે, એ દુકાન છે પાલેજમાં. બધા ધૂળ ને ધમાહા છે. સુમનભાઈ! નવરા થતા નથી પીંજણ આડે આખા દિ'. છોકરાઓ છે બધા. અમારે ભાગીદાર હતાને એના છોકરાઓ છે. નવરા નથી. આહા..હા..! ધૂળ આડે નવરાશ ન મળે. મરી જશો ત્યાં.

અહીં તો કહે છે કે જેને આત્માના આનંદનો રસરૂપી અનુભવ આવ્યો છે એટલે કે સમકિતી છે, એટલે કે ધર્મી છે એને પરદ્રવ્ય પ્રત્યે, પરદ્રવ્ય છે તેના ભોગવવાનો રસ હોતો નથી. સ્વ ભગવાન આત્માનો સ્વના રસને ભોગવવાનો ભાવ હોય છે. ગુલાંટ ખાય છે આમ વાત. એને પરદ્રવ્યના ભોગવવાનો ભાવ ધર્મીને હોતો નથી. રાજ હોય, તીર્થંકર ભગવાન શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ તીર્થંકર હતા, ચક્રવર્તી હતા અને કામદેવ હતા, છન્નું હજાર સ્ત્રી હતી છતાં તેને એમાં રસ નહોતો. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અંદર રસ અંદર. ફૂલચંદભાઈ! પડ્યો છે અંદર. આવો માર્ગ. ઓલા પાથરે પથરા પીત્તળના. એક ફેરી આવ્યા હતા નહિ? આહા..હા..! ભાઈ! પ્રભુ! ધર્મની ચીજ એવી છે કોઈ. અનંતકાળમાં એક સેકન્ડ પણ એણે ધર્મ કર્યો નથી. આહા..હા..! એક સેકન્ડમાત્ર પણ આત્માના ધર્મનો સ્પર્શ થાય, એના જન્મ-મરણના અંત આવી જાય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અજ્ઞાનરૂપે પરિણમીશ તો તું ચોક્કસ પોતાના અપરાધથી બંધને પામીશ.**' ભાષા શું છે પાછી? એ ભોગની સામગ્રીથી તને બંધ નહિ થાય, સામગ્રી તો પર છે, પણ પોતાના અપરાધથી બંધને પામીશ. ભાષા તો જુઓ, આહા..હા..! આ તો અધ્યાત્મ છે, ભાઈ! બાપુ! વીતરાગના પેટ છે આ તો કેવળીના. આહા..હા..! અરેરે..! સાંભળવાનું મળે નહિ, એના જીવન ક્યાં છે? આહા..હા..! કરવાનું તો મળે નહિ પણ સાંભળવાનું મળે નહિ. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :– જ્ઞાનીને કર્મ તો કરવું જ ઉચિત નથી.**' ભાવાર્થ. કર્મ શબ્દે ક્રિયા. એ પુણ્યની ક્રિયા, દયા, દાનના ભાવ, વ્રતાદિના ભાવ કે હિંસા, જૂઠુંના ભાવ એ કર્મ તો કરવું જ ઊચિત નથી. તેમ ભોગના રસનો ભાવ એ ઉચિત નથી કરવો. આહા..હા..! '**જો પરદ્રવ્ય જાણીને પણ તેને**

**ભોગવે તો એ યોગ્ય નથી. પરદ્રવ્યના ભોગવનારને તો જગતમાં ચોર કહેવામાં આવે છે,...**' આહા..હા..! શું કીધું ઈ? કે તારા આત્માના આનંદ સિવાય 'જે પરવસ્તુ શરીર, વાણી, મન, પુણ્ય-પાપના ભાવ એને હું ભોગવું' તો તું ચોર છો. આહા..હા..!

**શ્રોતા** :- લૂંટારો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લૂંટારો છે. વાત તો એવી છે, બાપા! આહા..હા..! ભગવાનને લૂંટ્યા પ્રભુ તેં. આનંદના સાગરને, એ ભોગના રાગના રસમાં મારી નાખે છે તું. આહા..હા..!

કહે છે '**પરદ્રવ્યના ભોગવનારને તો જગતમાં ચોર કહેવામાં આવે છે, અન્યાયી કહેવામાં આવે છે.**' શું કીધું એ? કે તું જો પરદ્રવ્ય છે એમ માનીને ભોગવ તો તો તું ચોર છો, અન્યાયી છો, ધર્મી રહ્યો નથી તું. આહા..હા..! '**વળી ઉપભોગથી બંધ કહ્યો નથી...**' સિદ્ધાંતમાં. '**તે તો, જ્ઞાની ઈચ્છા વિના...**' એને એ જાતનો રસ નથી. '**પરની બળજોરીથી ઉદયમાં આવેલાને ભોગવે...**' આહા..હા..! કોતવાલ ચોરને પકડે અને ગધેડા ઉપર બેસાડે, હોંશ છે ત્યાં એને? એમ જ્ઞાનીને કોઈ કર્મના કારણે સામગ્રી હોય.. સમજાણું? અને એમાં જરી રાગ આવી જાય તો પછી બળજોરીથી ભોગવે છે, સુખથી સુખ માનતો નથી. એ રાગનું જોર છે એમ માનીને (ભોગવે છે). આહા..હા..! સમજાણું કાંઈ? '**ત્યાં તેને બંધ કહ્યો નથી.**' '**ઈચ્છા વિના પરની બળજોરીથી ઉદયમાં આવેલાને ભોગવે ત્યાં તેને બંધ કહ્યો નથી.**' આ કથા વાર્તા નથી. આ તો ધર્મની કથા છે. થોડા શબ્દમાં... આપણે કહે છે નહિ સંસારમાં? થોડું લખ્યું ઘણું કરીને જાણજો.

**શ્રોતા** :- ગાગરમાં સાગર.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સાગર. એવી વસ્તુ છે.

'**જ્ઞાની ઈચ્છા વિના પરની બળજોરીથી ઉદયમાં આવેલાને ભોગવે ત્યાં તેને બંધ કહ્યો નથી.**' આહા..હા..! '**જો પોતે ઈચ્છાથી ભોગવે તો તો પોતે અપરાધી થયો,...**' રસ લઈને ભોગવે તો. રસ નથી. આહા..હા..! દાખલો આપ્યો નહોતો તમારો જામનગરનો? વસા-વસા. અપસરાની પાછળ વસા નહિ? વિસાશ્રીમાળી વસા. એને એકનો એક દીકરો હતો. ઘણા વર્ષની વાત છે. પછી મરી ગયો. હંમેશા ચુરમું જ ખાતા એ. અપાસરાની પાછળ જામનગર. ચુરમાનો જ ખોરાક એને. આહા..હા..! છોકરાને બાળીને આવ્યા. પોતે કહે છે કે રોટલી કરો, રોટલા કરો. સગા-વ્હાલા ભેગા થયા. બાપુ! તમે ખાધા નથી રોટલા. તમારો ખોરાક ચુરમાનો. વરસોના વરસ ચુરમું એકલું. આહા..હા..! ૨૦ વર્ષ કે ૨૨ વર્ષનો જુવાન છોકરો એને બાળીને આવ્યા. ચુરમું બનાવ્યું. માણસો ભેગા થઈને (કહે છે), બાપુ! તમને ખોરાક નથી આ અને છોકરા પાછળ તરત જશો. તમે ચુરમું ખાવ. આહા..હા..! એ ચુરમું બનાવ્યું, થાળીમાં નાખ્યું. આમ ખાય અને આમ આંસુની ધારા ચાલી જાય. છે રસ? ચુરમું હોય કે રોટલા હોય કે જુવાર હોય ત્યાં, એકસરખું છે એને તો. તમને ખબર નથી? વિસા વસા હતા. ઘણાં વર્ષની વાત. અમે તો જામનગર ૮૨માં આવ્યા હતા પહેલાંવહેલા ૮૨. ત્યારે વાત સાંભળી હતી. એ પહેલાં થઈ ગયેલું. આહા..હા..! એ ચુરમું ખાય છે એને રસ છે? આંસુની ધારા

ચાલી જાય. એ બેટા! તારા વિના મને ચાલશે, આના વિના નહિ ચાલે? આહા..હા..!

એમ ધર્મીને રાગના રસ વિના આવેલી સામગ્રી, એને ભોગવવા વખતે અંદર ખેદ છે. આહા..હા..! રસ નથી. ચીમનભાઈ! આવી વાતું છે, બાપુ! અત્યારે તો જગતમાં વાત જ બધી ફરી ગઈ છે. ધર્મને નામે અધર્મ કરે અને માને કે ધર્મ. આહા..હા..! એ વાતું ફરી ગઈ, બાપુ! ખબર છેને અહીં તો. આહા..હા..! '**ત્યાં તેને બંધ કહ્યો નથી. જો પોતે ઈચ્છાથી ભોગવે તો...**' ઈચ્છા એટલે રસ એમ હોં! એનો રસ. આહા..હા..! '**તો તો પોતે અપરાધી થયો, ત્યાં બંધ કેમ ન થાય?**' લ્યો! એ એક શ્લોક કહ્યો. બધું આમાં ભેગું આવી ગયું. શુભભાવ પણ એમ છે. રસથી શુભભાવ કરે તો એ અજ્ઞાની છે. આહા..હા..! ... હા, એ દયા, દાન, વ્રત ભાવ છે એ શુભ છે એ પુણ્ય છે, ઝેર છે. લોકોને ક્યાં આત્મા શું છે? એ ઝેરના પ્યાલા પીતા એને દુઃખ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહાર કરે. બાકી છે બંધના કારણ બેય. આહા..હા..! સમજાણું કાંઈ? બેય બંધના કારણ છે. આહા..હા..!

ઓલું કહ્યું નહોતું? 'ચક્રવર્તીની સંપદા, ઈન્દ્ર સરીખા ભોગ.' શું છે એ દુનિયાએ જોયું નથી. ચક્રવર્તી કોને કહેવા? આહા..હા..! જેને સોળ-સોળ હજાર તો દેવ સેવા કરતા હોય છે, જેને ઘરે છન્નું હજાર તો સ્ત્રી હોય છે, એ ચક્રવર્તી. ૪૮ હજાર પાટણ, ૭૨ હજાર નગર. છન્નું કરોડ ગામ એ ચક્રવર્તી એની સંપદા, જેને ઘરે ચૌદ નિધાન કે જેમાંથી અબજો રૂપિયા દરરોજના પેદા થાય એવા તો નિધાન પડ્યા હોય. સમજાણું કાંઈ? પણ કહે છે કે એ 'ચક્રવર્તીની સંપદા અને ઈન્દ્ર સરીખા ભોગ, કાગ વીટ સબ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોક.' ત્યાં છે, ઈંદોરમાં કાચનું મંદિર છેને શેઠનું. મોટું એકલું કાચનું મંદિર. વીસ કરોડ રૂપિયા, ભાઈ! હુકમીચંદ. ત્યાં ગયા હતા ઈંદોર જોવા.

સમ્યગ્દૃષ્ટિ ધર્મી ચક્રવર્તીની સંપદા અને ઈન્દ્રના ભોગ કાગ વીટ. મનુષ્યની વિષ્ટા તો ખાતરમાં કામ આવે. ખાતર ખાધ-ખાધ. કાગડાની વિષ્ટા ખાતરમાં કામ ન આવે. કારણ કે એ તો કઠણ આવડી એવી કઠણ (હોય). આહા..હા..! ધર્મી જીવની દૃષ્ટિ આત્માના આનંદ ઉપર હોવાથી... આહા..હા..! એ બધી સંપદાને કાગની વિષ્ટા જેવી માને. લીલાધરભાઈ! આ બધા તમારા છોકરા પૈસાવાળા છેને બધાય. રામજીભાઈના. ધૂળેય નથી. આહા..હા..! અને પાછા ઓલા સાંઈબાબાને માને. મિથ્યાદૃષ્ટિ મૂઢ. સાંઈબાબો છેને કો'ક? આમ પ્રશ્ન ઉઠાવે બીજા. જવાબ આપો. ધૂતારા ઢંગ બધા માન્યા છે. મૂંઝાઈ ગયો છે અત્યારે. ખોટેખોટા ઢોંગ. અહીં નાખે વળી અંદર ભસ્મ રાખની.

**શ્રોતા :-** વીંટી કરે વીંટી સોનાની.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વીંટી એ સોનાની. આહા..હા..! બધું બનાવેલું તૈયાર. આહા..હા..! આ માર્ગ બાપા જુદાં. એને માને લ્યો, વાણિયા.

**શ્રોતા :-** વાણિયા કેમ ન માને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાણિયા એટલે શું? વાણિયા જન્મ્યા એટલે કાંઈ વાણિયા થઈ ગયા?

આવો આત્માનો વેપાર કરતા આવડે એ વાણિયો. આહા..હા..! વાણિયા એ કાંઈ વાણિયા નહિ. ખોજા એ પણ વાણિયા કહેવાય. વેપાર કરે એ વાણિયા. પછી ખોજા હોય કે મુસલમાન હોય. આહા..હા..!

અહીં તો જેને આત્માના આનંદના રસમાં જે આવ્યો છે પ્રભુ, એને પરના ભોગના રસ ઝેર જેવા લાગે છે. આને ધર્મી કહીએ એમ કહે છે અહીં તો. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ૧૫૨.

(शार्दूलविक्रीडित)

कर्तारं स्वफलेन यत्किल बलात्कर्मैव नो योजयेत्
कुर्वाणः फललिप्सुरेव हि फलं प्राप्नोति यत्कर्मणः।
ज्ञानं संस्तदपास्तरागरचनो नो बध्यते कर्मणा
कुर्वाणोऽपि हि कर्म तत्फलपरित्यागैकशीलो मुनिः।।१५२।।

આહા..હા..! કળશટીકામાં મુનિનો અર્થ સમકિત કર્યો છે, કળશટીકામાં.

'यत् किल कर्म एव कर्तारं स्वफलेन बलात् नो योजयेत्' **'કર્મ જ તેના કર્તાને પોતાના ફળ સાથે બળજોરીથી જોડતું નથી (કે તું મારા ફળને ભોગવ)...'** આહા..હા..! સામગ્રી આવી પુણ્યને લઈને, પણ એ એમ નથી કહેતી કે તું મને ભોગવ. આહા..હા..! સમજાણું કાંઈ? **'फललिप्सुः एव हि कुर्वाणः कर्मणः यत् फलं प्राप्नोति' 'ફળની ઈચ્છાવાળો જ કર્મ કરતો થકો કર્મના ફળને...'** એટલે રંજિત પરિણામ એમ. એટલે એમાં રાગના રસના પરિણામવાળો હોય ભોગવવા ટાણે. આહા..હા..! છે? **'ફળની ઈચ્છાવાળો જ કર્મ કરતો થકો કર્મના ફળને પામે છે;... '** આહા..હા..! એ રાગમાં જેનો રસ છે અને પ્રેમ છે એને કર્મના ફળમાં એ ભોગવવાનો ભાવ થાય. સમજાણું કાંઈ? આહા..હા..!

**'માટે જ્ઞાનરૂપે રહેતો...'** જ્ઞાન શબ્દે ભગવાન આત્મા ચિદ્દ્ઘન એવો આત્મામાં રહેતો આ ધર્મી. આહા..હા..! શું કરવું એ નહિ. આત્મામાં રહેવું એ ધર્મ. આહા..હા..! **'કર્મના ફળને પામે છે; માટે જ્ઞાનરૂપે રહેતો જેણે કર્મ પ્રત્યે રાગની રચના દૂર કરી છે...'** આહા..હા..! રાગને ભોગવવાના પ્રેમના રસને જેણે નાશ કરી નાખ્યો છે. આહા..હા..! એવો મુનિ સમકિતી **'तत्-फल-परित्याग-एक-शील' 'કર્મના ફળના પરિત્યાગરૂપ જ જેનો એક સ્વભાવ છે... '** આહા..હા..! ધર્મીનો એક સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટા છે કે કર્મના ફળને ત્યાગ સ્વભાવ જેનો છે. આહા..હા..!

**'જ્ઞાનરૂપે રહેતો...'** અને કર્મ એટલે કર્મની સામગ્રીના ફળના રાગની રચના જેણે દૂર કરી છે. આહા..હા..! જેને રાગરસ ઊડી ગયો છે. આહા..હા..! નોઆખલીમાં થયું હતુંને. એ મુસલમાનો નોઆખલીમાં મા અને દીકરો બેયને નાગા કરે. નોઆખલીમાં ગાંધી ગયા હતાને પછી. બહુ જુલમ. બેય નાગા કરીને ભોગ કર એમ કહે. અરર..! છોકરો કહે અરેરે..! જમીન માર્ગ આપે તો સમાઈ જાઉં. અરર..! આ શું થાય છે? છે રસ? ઓલા બે જોડે આમ ભેગા કરીને. અરરર..! માતા સાથે ભોગ ન હોય, એમ ધર્મીને જડના ભોગ ન હોય. આહા..હા..! આવી વાતું છે. નોઆખલીમાં થયું હતું. ગાંધી

પછી ગયા હતાને. બહેન-ભાઈને નાગા કરે જુવાન. ૨૫-૨૫ વર્ષના જુવાન. નાગા કરીને આમ ભેગા કરે. અરરર..! આ જમીન માર્ગ આપે તો સમાઈ જઈએ. આ આચરણ? આહા..હા..! એમ ધર્મીને કર્મના ઉદયથી મળેલી સામગ્રી એને ભોગવવાનો રસ, જેમ એ મા-દીકરાને, બહેન-ભાઈને (રસ ન હોય) એમ ઊડી ગયો રસ. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાત હવે. પહેલું તો એ સમજવું કઠણ પડે શું કહે છે આ? અરે..! પ્રભુ! તેં તારા સત્યના રસ તેં સાંભળ્યા નથી, પ્રભુ! આહા..હા..!

**'કર્મના ફળના પરિત્યાગરૂપ...'** છેને? **'तत्-फल-परित्याग-एक-शील'** આહા..હા..! રાગના ત્યાગરૂપી જેનો સ્વભાવ—શીલ છે. આહા..હા..! ધર્મીનો તો રાગના ત્યાગરૂપ શીલ સ્વભાવ છે. આહા..હા..! આવી શું પડી? સમજાણું કાંઈ? એ **'કર્મ કરતો છતો પણ કર્મથી બંધાતો નથી.'** આ ગીતામાં કહે છેને એ લોકો, અનાસક્તિએ ભોગવે. પણ અનાસક્તિએ ભોગવે અને અનાસક્તિ નથી એમ કેમ કહેવાય? કર્તા થઈને ભોગવે છે. અહીં તો અનાસક્તિ એટલે રસ જ ઊડી ગયો છે. આહા..હા..! ધર્મીને આત્માના આનંદના રસ આગળ ચક્રવર્તીના રાજની સંપદાનો રસ ઊડી ગયો છે. આહા..હા..! ઈન્દ્રાણી કરોડો હોય ઈન્દ્રને. પહેલાં દેવલોકમાં છે સુધર્મ. બત્રીસ લાખ વિમાન. એક એક વિમાનમાં અસંખ્ય દેવ, કરોડો અપ્સરાઓ. આ તો તમારે બે દિ' તાવ આવ્યો કે રોટલા ન મળે તો આમ થઈ જાય. અહીં તો ઈન્દ્રાણીઓ, આ તો ધાનના ઢોકળા શરીર. એ ઈન્દ્રાણી. પણ રસ ઊડી ગયો છે અંદરથી. સમકિતી છે ઈન્દ્ર એકભવતારી શક્રેન્દ્ર છે. પતી-પત્નિ બેય એકભવતારી—એક ભવે મોક્ષ જનારા. આહા..હા..! છતાં ભોગનો રસ ઊડી ગયો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

હિન્દુના મોઢામાં માંસનો કટકો આપે કો'ક, છે એમાં રસ? એમ ધર્મીને આત્માના આનંદના રસ આગળ પર ચીજની ઈચ્છાનો ભાવ જેણે નાશ કરી નાખ્યો છે. આહા..! અરે..! મનુષ્યપણું મળ્યું, જો આ ન સમજ્યો, બધા ઢોરના અવતાર મળ્યા અને જેમ નિષ્ફળ (જાય), એમ આ માણસપણું આવ્યું એ નિષ્ફળ જશે બધું તારું. આહા..હા..! બહારમાં બધી આબરૂ મેળવી હોય લાંબા પૂંછડાની, પૈસાવાળા છે ને આવડતવાળા છે ને ચતુર છે ને સંસારનો ડાહ્યો છે. આહા..હા..!

અહીં એ કહે છે, **'કર્મ કરતો છતાં પણ કર્મથી બંધાતો નથી.'** રસ ન મળે અંદર, ઊડી ગયો છે એને નિર્જરા થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૧, ગુરુવાર, તા. ૨૦-૦૧-૧૯૭૭, ગાથા-૨૨૪ થી ૨૨૭, કળશ-૧૫૨-૧૫૩, પ્રવચન નં. ૨૯૭

સમયસાર, ૧૫૨ કળશ એનો ભાવાર્થ. નિર્જરા અધિકાર ચાલે છે. કોને નિર્જરા થાય છે અને કોને બંધ થાય છે એની વ્યાખ્યા ચાલે છે. '**કર્મ તો તેના કર્તાને જબરદસ્તીથી પોતાના ફળ સાથે જોડતું નથી.**' ભાવાર્થ. કર્મ શબ્દે અહીંયાં ક્રિયા છે. કર્મના ઉદયથી મળેલી સામગ્રી એ સામગ્રીમાં જે ક્રિયા થાય છે એ ક્રિયા '**જબરદસ્તીથી પોતાના ફળ સાથે જોડતું નથી.**' એ ક્રિયામાં પ્રેમ કરવો કે ન કરવો એ કાંઈ ક્રિયા કહેતી નથી. સમજાણું કાંઈ? કર્મના ઉદયથી મલેળી સામગ્રી, એમાં એ સામગ્રીની જે ક્રિયા થાય છે એ ક્રિયામાં પ્રેમ કરવો કે ન કરવો એ કાંઈ ક્રિયા કહેતી નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. નિર્જરા છેને અહીંયાં? '**પરંતુ જે કર્મને કરતો થકો...**' ક્રિયાને કરતો થકો '**ફળની ઈચ્છા કરે...**' એમાંથી મને મારું ફળ મળે ભવિષ્યમાં ભોગ સામગ્રી વગેરે. '**તે જ તેનું ફળ પામે છે.**' સમજાણું કાંઈ?

'**માટે જે જ્ઞાનરૂપે વર્તે છે...**' જુઓ, ધર્મી તો, 'હું આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું' એમ પોતાના આનંદના અનુભવમાં રહેનારો એ ક્રિયામાં જેને રસ નથી, પ્રેમ નથી તો એને ભવિષ્યમાં કર્મ બંધનું ફળ મળે એવો ભાવ નથી. સમજાણું કાંઈ? '**જે જ્ઞાનરૂપે...**' જ્ઞાન શબ્દે આત્મા આનંદ (સ્વરૂપ). 'હું તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું' એવી સમ્યગ્દષ્ટિની દશા જ્ઞાનમાં વર્તે છે એમ કહે છે. એ રાગની સામગ્રીની ક્રિયામાં એનું વર્તવું નથી. આહા..હા..! એને જાણનાર-દેખનાર આનંદમાં રહેનારો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? '**અને રાગ વિના કર્મ કરે છે...**' આહા..હા..! રસ નથી ક્રિયાકાંડમાં. શરીરની ક્રિયા આદિ અને રાગાદિ થાય છે એમાં રસ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**રાગ વિના કર્મ કરે છે એવો મુનિ કર્મથી...**' રાગ વિના કર્મથીને? '**રાગ વિના કર્મ કરે છે એવો મુનિ કર્મથી બંધાતો નથી.**' સમજાય છે કાંઈ? આત્મા, જેને આનંદસ્વરૂપ ભગવાન આત્મા, શુદ્ધ આત્માનો અનુભવ દૃષ્ટિ થઈ છે તેને આનંદની ભાવના છે. રાગની ક્રિયા થાય છે, પણ એની ભાવના નથી કે આ ઠીક છે અને એનું ફળ સારું મળે એવી ભાવના જ્ઞાનીને હોતી નથી. આહા..હા..! ઝીણી વાત બહુ. '**કારણ કે તેને કર્મના ફળની ઈચ્છા નથી.**' ક્રિયાના ફળની ઈચ્છા નથી. જે ક્રિયા થાય છે એનું ફળ મને મળે એવી ઈચ્છા જ્ઞાનીને હોતી નથી. આહા..હા..!

અહીંયાં તો નિર્જરા બતાવવી છેને? નિર્જરાના ત્રણ પ્રકાર, નિર્જરાના ત્રણ પ્રકાર. એક—કર્મનું ઝરવું, એક—અશુદ્ધનો નાશ થવો અને શુદ્ધની ઉત્પત્તિની વૃદ્ધિ થવી એ ત્રણેને નિર્જરા કહે છે. તો નિર્જરા કોને થાય છે? આહા..હા..! અને કર્મના ફળની ઈચ્છા કોને નથી થતી? કે જેને આત્મા આનંદસ્વરૂપ ભગવાન સમ્યગ્દર્શનમાં પોતાના આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. સમજાણું

કાંઈ? એ આનંદની અંદરમાં રુચિથી રાગની ક્રિયા થાય છે, પણ એની રુચિ નથી. કહો, ચંદુભાઈ! આ ઓલા કહે છે એવી વાત નથી હોં! ઓલા લોકો કહે કે કામ કરવું પણ અનાસક્તિએ કરવું. એમ નથી આ. કરી શકતો જ નથી. પણ અંદરમાં રાગાદિ આવે છે નબળાઈથી, એનો રસ નથી જ્ઞાનીને. આત્માના આનંદના રસ આગળ રાગાદિની ક્રિયાના પરિણામ થાય પણ એમાં રસ નથી. તો એનું ફળ ભવિષ્યમાં ભોગ મળે એવું એને હોતું નથી. આહા..હા..!

**શ્રોતા :-** એ તો નિર્જરા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિર્જરા થઈ જાય છે એમ કહે છેને. આહા..હા..!

જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે એનો અર્થ આ. ભોગ તો રાગ છે પણ સ્વભાવના જોર ઉપર દૃષ્ટિ છે. શીલસ્વભાવ. આવી ગયું છે પહેલાં. આવ્યું હતુંને? શીલસ્વભાવ નહોતું આવ્યું? શીલ સ્વભાવ આવ્યું હતું ક્યાંક. આ કળશમાં ન આવ્યું, અર્થમાં ન આવ્યું. ભાવાર્થમાં ન આવ્યું. પાઠમાં આવ્યું છે. '**तत्-फल-परित्याग-एक-शील**' એ. ધર્માત્માને—સમ્યગ્દૃષ્ટિને રાગનો ત્યાગ છે. સમજાણું કાંઈ? તેથી ફળનો ત્યાગ છે એવો એક શીલસ્વભાવ છે, એમ. આહા..હા..! ચોથે ગુણસ્થાનથી પોતાના સ્વભાવનો અનુભવ થયો... આહા..હા..! આનંદનું વેદન થયું. આહા..હા..! એવો એક શીલ સ્વભાવ, પોતાના આનંદના સ્વભાવનો અનુભવ કરનારો, એને રાગની ક્રિયામાં રસ નથી. આહા..હા..! એનાથી એને બંધન થતું નથી, પણ રાગ આવ્યો એ ખરી જાય છે. આકરી વાતું. '**तत्-फल-परित्याग-एक-शील**' '**एक-शील**' એક સ્વભાવવાળો છેને? વજન અહીં છે. એક સ્વભાવ. ધર્મીને તો જ્ઞાયકસ્વભાવ, આનંદસ્વભાવ, એક સ્વભાવ દૃષ્ટિનો વિષય છે. આહા..હા..! બહુ ઝીણી વાત બાપુ! સમ્યગ્દર્શન અને એનો વિષય—ધ્યેય પૂર્ણાનંદ ભગવાન આત્મા એ સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય (છે). તેથી તેનો નિજસ્વભાવ, એક સ્વભાવરૂપ છે એની દૃષ્ટિ. એક સ્વભાવને કારણે રાગ આવ્યો એની ક્રિયાનો રસ નથી તો એનું બંધન નથી. ભવિષ્યમાં એનું ફળ નહિ મળે. આહા..હા..! સમજાણું કાંઈ? સુમનભાઈ! ઝીણી વાતું બહુ પણ.

અહીંયાં કહે છે કે ભગવાન આત્મા, જેણે નિમિત્તથી રુચિ હટાવીને, રાગથી રુચિ હટાવીને એક સમયની પર્યાયની પણ રુચિ હટાવીને ત્રિકાળી જ્ઞાયક આનંદકંદ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એની જેને રુચિ, દૃષ્ટિ થઈ ગઈ... આહા..હા..! તેને પોતાના આનંદ સિવાય ક્યાંય રુચિ જામતી નથી. ઝીણી વાત છે. સમજાણું કાંઈ? ભોગનો વિકલ્પ આવે છે, પણ વિકલ્પમાં રસ નથી, ઝેર દેખાય છે. આહા..હા..! અજ્ઞાનીને રાગમાં મીઠાશ આવે છે. આહા..હા..! તેથી રાગનું ફળ ભવિષ્યમાં સંયોગ ભોગ એ બધું મળશે. જ્ઞાનીને કર્મની નિર્જરા થઈ ગઈ, એને ભોગ નહિ મળે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, જ્ઞાનરૂપ વર્તે છે. જ્ઞાન શબ્દે આત્મસ્વભાવ. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એમાં સમ્યગ્દૃષ્ટિ વર્તે છે, ત્યાં રહે છે. આહા..હા..! અને રાગ વિના જ કર્મ કરે છે. એટલે ક્રિયા જે રાગની છે એ પ્રેમ વિના કરે છે. આહા..હા..! પ્રેમ વિના એ રાગની ક્રિયા થાય છે, થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** છઠ્ઠા ગુણસ્થાને મુનિને હોય કે ન હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છઠ્ઠું ગુણસ્થાને શું હોય? રાગ આવે છે, પણ એનો પ્રેમ નથી. વ્રતાદિનો વિકલ્પ હોય છે, પણ એમાં રસ નથી. આહા..હા..! વીતરાગી આનંદસ્વરૂપ ભગવાન, પૂર્ણાનંદ ઈદં પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા, એમ જ્યાં દૃષ્ટિમાં આવ્યો તેને રાગાદિ થાય છે. પણ એનો રસ નથી, એમ કહે છે. અહીં તો એ અપેક્ષા લેવી છેને. જેટલો રાગ છે તેટલો બંધ થાય છે. પણ અહીં તો રાગનો રસ નથી માટે બંધ નથી (અને) નિર્જરા થાય છે એમ કહેવામાં આવે છે. ચંદુભાઈ! આહા..હા..! આવી વાતું બહુ (સૂક્ષ્મ) ભાઈ! વીતરાગ માર્ગ બહુ દુર્લભ, બાપુ! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર.

આ આત્મા અતીન્દ્રિય વીતરાગી આનંદનો કંદ છે. આત્મા છે એમાં રાગ નથી. રાગ છે એ તો આસ્રવ છે. નવ તત્ત્વમાં રાગ લ્યો, પાપનો કે પુણ્યનો રાગ એ તો આસ્રવતત્ત્વ છે, એ કાંઈ આત્મતત્ત્વ નથી. આહા..હા..! શરીર અને કર્મ આદિ છે એ તો અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વથી ભિન્ન અને એ પુણ્ય-પાપના રાગના આસ્રવથી ભિન્ન અનાસ્રવી, અનાકુળ આનંદકંદ પ્રભુ આત્મા (છે) આહા..હા..! એની જેને દૃષ્ટિ અને અનુભવ થયો તેને રાગમાં પ્રેમ નથી થતો. સમજાણું કાંઈ? એક મ્યાનમાં બે તલવાર નથી રહેતી. જેને આનંદમાં પ્રેમ છે એને રાગનો પ્રેમ નથી અને જેને રાગનો પ્રેમ છે એને આત્માનો પ્રેમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ હવે. તેને કર્મ ફળની ઈચ્છા જ નથી. જુઓ, '**કર્મથી બંધાતો નથી.**' કેમ? કે ક્રિયાના ફળની ઈચ્છા જ નથી. એનાથી મને બંધ થાય, સામગ્રી મળે એમ નથી.

'**હવે આ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છે :–**' ૨૪, ૨૫, ૨૬, ૨૭. ચારને?

पुरिसो जह को वि इहं वित्तिणिमित्तं तु सेवदे रायं।
तो सो वि देदि राया विविहे भोगे सुहुप्पाए।।२२४।।
एमेव जीवपुरिसो कम्मरंय सेवदे सुहणिमित्तं।
तो सो वि देदि कम्मो विविहे भोगे सुहुप्पाए।।२२५।।
जह पुण सो च्चिय पुरिसो वित्तिणिमित्तं ण सेवदे रायं।
तो सो ण देदि राया विविहे भोगे सुहुप्पाए।।२२६।।
एमेव सम्मदिट्ठी विसयत्थं सेवदे ण कम्मरयं।
तो सो ण देदि कम्मो विविहे भोगे सुहुप्पाए।।२२७।।

નીચે હરિગીત. આ શ્લોક કુંદકુંદાચાર્ય મહારાજનો છે. હરિગીત.

**જ્યમ જગતમાં કો પુરુષ વૃત્તિનિમિત્ત સેવે ભૂપને,**
**તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગ આપે પુરુષને; ૨૨૪.**
**ત્યમ જીવપુરુષ પણ કર્મરજનું સુખઅરથ સેવન કરે,**
**તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગ આપે જીવને. ૨૨૫.**

**વળી તે જ નર જયમ વૃત્તિ અર્થે ભૂપને સેવે નહીં,**
**તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગને આપે નહીં; ૨૨૬.**
**સુદૃષ્ટિને ત્યમ વિષય અર્થે કર્મરજસેવન નથી,**
**તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગને દેતાં નથી. ૨૨૭.**

સત્‌દૃષ્ટિ—સમ્યગ્દૃષ્ટિ. આહા..હા..! '**ટીકા :- જેમ કોઈ પુરુષ ફળ અર્થે રાજાને સેવે છે...**' રાજાની સેવા કરીને જમીન, પૈસા માગવાની ભાવના હોય. '**તો તે રાજા તેને ફળ આપે છે,...**' આહા..હા..! '**તેમ જીવ ફળ અર્થે કર્મને સેવે છે...**' આહા..હા..! એનાથી મને કાંઈક લાભ મળે. '**તેમ જીવ ફળ અર્થે કર્મને સેવે છે તો તે કર્મ તેને ફળ આપે છે.**' તો એ ક્રિયાના ફળનો બંધ થઈને એને સંયોગી ચીજ મળે. આહા..હા..! '**વળી જેમ તે જ પુરુષ ફળ અર્થે રાજાને નથી સેવતો તો તે રાજા તેને ફળ નથી આપતો,...**' એ તો દૃષ્ટાંત થયો.

'**તેમ સમ્યગ્દૃષ્ટિ...**' સમ્યગ્દૃષ્ટિ અનુભવી આત્માના આનંદનો રસીલો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યક્‌દૃષ્ટિ. જેવો આનંદસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ છે એવી જેની સ્વસન્મુખ થઈને દૃષ્ટિ થઈ ગઈ છે. આહા..હા..! શાંતિભાઈ! આવું છે. '**સમ્યગ્દૃષ્ટિ ફળ અર્થે કર્મને નથી સેવતો...**' એ રાગની ક્રિયામાં રસ નથી, રંજન પરિણામ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**(અર્થાત્ તેથી) તે કર્મ તેને ફળ નથી આપતું.**' ભવિષ્યમાં ભોગમાં એને રંજન પરિણામ થાય એમ એને થતું નથી. રાગનો રંગ ચડી જાય એમ જ્ઞાનીને થતું નથી. આહા..હા..! જેને આત્માના આનંદનો રંગ ચડ્યો છે.. આહા..હા..! એને વર્તમાન ક્રિયાનો રાગનો રંગ નથી અને એને ફળ મળે ભોગમાં એમાં પણ રંજન પરિણામ થતા નથી, રાગનો રસ નથી હોતો. આહા..હા..! આવો માર્ગ.

'**સમ્યગ્દૃષ્ટિ ફળ અર્થે કર્મને નથી સેવતો...**' આહા..હા..! રાગની ક્રિયામાં મને કોઈ અનુકૂળ ભોગ આદિ ફળ મળે અને ત્યાં પણ રંજન પરિણામ થાય એમ જ્ઞાનીને હોતું નથી. આહા..હા..! 'ભરતજી ઘરમેં વૈરાગી.' આવે છે? છન્નું હજાર સ્ત્રીઓ. આહા..હા..! છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ. આહા..હા..! મારો રસ આત્મા ઉપર જ છે, પર ઉપર રસ જ નથી એમ કહે છે. ઘરમાં વૈરાગી. આહા..! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો ખજાનો, એવા ભગવાન આત્માનો જેને રસ થયો તેને કોઈ ચક્રવર્તીપદ કે ઇન્દ્રપદમાં રસ આવતો નથી. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- અહીં એક આશય તો આ પ્રમાણે છે :- અજ્ઞાની વિષયસુખ અર્થે અર્થાત્ રંજિત પરિણામ અર્થે...**' એટલે રાગના રંગે ચડી ગયેલા પરિણામથી '**ઉદયાગત કર્મને સેવે છે...**' કર્મનો જે ઉદય આવ્યો એમાં રંજિત રાગના પરિણામથી એની સેવા કરે છે. '**તેથી તે કર્મ તેને (વર્તમાનમાં) રંજિત પરિણામ આપે છે.**' રાગમાં રંગાયેલા પરિણામ એને થાય છે. આહા..હા..! '**જ્ઞાની વિષયસુખ અર્થે રંજિત પરિણામ અર્થે...**' વિષયસુખ અર્થે એટલે કે રંજિત પરિણામ અર્થે એટલે કે રાગના રસના પરિણામ અર્થે. આહા..હા..! '**જ્ઞાની વિષયસુખ અર્થે રંજિત પરિણામ**

**અર્થે ઉદયાગત કર્મને સેવતો નથી, તેથી તે કર્મ તેને રંજિત પરિણામ ઉત્પન્ન કરતું નથી.** ' રાગનો રસ ચડી જાય એવા પરિણામ એને થતાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ જેને દુઃખરૂપ લાગે, ભગવાન આનંદરૂપ લાગે જેને આહા..હા..! એવા ધર્મીને રાગ દુઃખરૂપ લાગે એમાં રાગનો રસ કેમ આવે? આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે બહુ. જૈનદર્શનમાં આ અધિકાર છે, બાકી બીજે ક્યાંય આવું છે નહિ. એ પણ દિગંબર ધર્મ એ સિવાય બીજે વાત છે નહિ. આહા..હા..!

એ તો એક (વાત થઈ) અને બીજી બે વાત. એક એ કે જેને સમ્યગ્દર્શ થયું છે આત્માના આનંદનો અનુભવ, તેને રાગમાંથી રસ ઊડી ગયો છે, સુખબુદ્ધિ ઊડી ગઈ છે. પોતાના આત્મા આનંદમાં સુખબુદ્ધિ જેને થઈ તેને રાગમાં, ભોગમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કારણે તેને રંજન પરિણામ, એમાં લીન થઈ જાય એવા પરિણામ થતા નથી અને ભવિષ્યમાં પણ કદાચ એ રાગનો બંધ થયો અને ફળ આવ્યું તો એમાં પણ રંજન પરિણામ જ્ઞાનીને થતા નથી. આહા..હા..! આત્માના આનંદનો રંગ ચડ્યો જ્યાં.. આહા..હા..! માર્ગ બાપા અલૌકિક છે. અનુભૂતિ આત્માની થાય છે તો અનુભૂતિમાં આનંદનો અનુભવ થાય છે એમ કહે છે. આહા..હા..! જેને અનુભૂતિનો રસ આવ્યો તેને રાગનો રસ ઊડી ગયો, રાગમાં સુખબુદ્ધિ ઊડી ગઈ. રાગ થતો હોય અને એનું ફળ મળે, પણ એમાંથી પણ એને રાગની સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સેવતો નથી, તેથી તે કર્મ તેને રંજિત પરિણામ ઉત્પન્ન કરતું નથી.**' '**બીજો આ પ્રમાણે છે :— અજ્ઞાની સુખ (રાગાદિ પરિણામ) ઉત્પન્ન કરનારા આગામી ભોગોની અભિલાષાથી વ્રત, તપ વગેરે શુભકર્મ...**' કર્મ એટલે ક્રિયા. એ કર્મ શબ્દે અહીં શુભક્રિયા. વ્રતના, તપના ભાવ બધા જે શુભભાવ છે એ ક્રિયા અજ્ઞાની રસથી કરે છે. આહા..હા..! '**વ્રત, તપ વગેરે શુભ કર્મ કરે છે...**' શી રીતે? '**(રાગાદિપરિણામ) ઉત્પન્ન કરનારા આગામી ભોગોની...** ' ભવિષ્યમાં પણ રાગ થાય એવી ઈચ્છા એને છે. આહા..હા..! અજ્ઞાની. વર્તમાન ભોગમાં પણ અભિલાષ, મીઠાશ છે અને એનું ફળ મળે એમાં પણ મીઠાશ થશે. જ્ઞાનીને વર્તમાનમાં પણ મીઠાશ નથી અને ભવિષ્યમાં ફળ મળે તો એની પણ મીઠાશ નથી. આહા..હા..! આવી ધર્મકથા. આહા..હા..! જેણે આત્માની સાથે રમતું માંડી. આતમરામ નિજસ્વરૂપે ભગવાન રમે. આહા..હા..! આવી ખબર ન મળે અને ધર્મ થઈ જાય એને. આત્મા શું ચીજ છે? આત્માનો અનુભવ શું છે? એ સમ્યગ્દર્શન વિના ધર્મ ક્યાંથી આવ્યો? આહા..હા..! સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર ક્યાંથી આવ્યું? છ ઢાળામાં કાલે આવ્યું હતું નહિ? સમ્યગ્દર્શન વિણ જ્ઞાન અને ચારિત્ર વૃથા છે. છ ઢાળા-છ ઢાળા. આહા..હા..! શું કીધું?

'**અજ્ઞાની સુખ (રાગાદિ પરિણામ) ઉત્પન્ન કરનારા આગામી ભોગોની અભિલાષાથી વ્રત, તપ વગેરે શુભકર્મ કરે છે, તેથી તે કર્મ તેને રાગાદિ પરિણામ ઉત્પન્ન કરનારા આગામી ભોગો આપે છે.**' જ્ઞાની વર્તમાનમાં રાગાદિ પરિણામ ઉત્પન્ન કરે એવો ભાવ નથી. વ્રત, તપમાં એવો ભાવ નથી. એ તો શુભરાગ છે, જ્ઞાતા-દૃષ્ટા તરીકે જાણે છે. આહા..હા..! અજ્ઞાની તો વ્રત કરે છે તો શુભરાગની અભિલાષા છે. વ્રત પણ એક શુભરાગ છે. જ્ઞાનીની અભિલાષા રાગ ઉપર છે નહિ.

આહા..હા..! આવો માર્ગ હવે.

'**આ રીતે, અજ્ઞાની ફળની વાંછાથી કર્મ કરે છે તેથી તે ફળને પામે છે અને જ્ઞાની ફળની વાંછા વિના કર્મ કરે છે તેથી તે ફળને પામતો નથી.**' આ સરવાળો. આહા..હા..! વાત એ છે કે જેને આત્માના આનંદનો અનુભવ થયો તેને રાગનો રસ ઊડી જાય છે, એ કારણે રાગ આવે છે એ ખરી જાય છે. સમજાણું કાંઈ? અને અજ્ઞાનીને 'રાગમાં વ્રત ને તપ ને રાગ એ અમારી ક્રિયા છે, અમારું કર્તવ્ય છે' આહા..! એમ માનીને કરે છે તો વર્તમાનમાં પણ રાગનો રસ છે અને એનું ફળ મળશે એમાં પણ રાગનો રસ થશે, રંજન પરિણામ થશે, જ્ઞાતા-દૃષ્ટા નહિ રહી શકે. આહા..હા..! આવી વાત છે આ.

'**હવે, જેને ફળની વાંછા નથી એ કર્મ શા માટે કરે?**' આ પ્રશ્ન ઊઠે છે. ફળની ઈચ્છા નથી તો રાગની ક્રિયા કરે છે શું કામ? પ્રશ્ન કર્યો છે. '**એવી આશંકા...**' આશંકા છે હોં! શંકા નથી. શંકા એને કહીએ કે આપ કહો છો એ જૂઠી વાત છે. એનું નામ શંકા. પણ આપ કહો છો એ મને સમજાતું નથી એવી અમારી આશંકા છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આશંકા દૂર કરવાને કાવ્ય કહે છે :-**'

(शार्दूलविक्रीडित)

त्यक्तं येन फलं स कर्म कुरुते नेति प्रतीमो वयं
किंत्वस्यापि कुतोऽपि किञ्चिदपि तत्कर्मावशेनापतेत्।
तस्मिन्नापतिते त्वकम्पपरमज्ञानस्वभावे स्थितो
ज्ञानी किं कुरुतेऽथ किं न कुरुते कर्मेति जानाति कः।।१५३।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- જેણે કર્મનું ફળ છોડ્યું છે...**' ક્રિયાનું ફળ જેણે છોડ્યું છે. કર્તા થતો નથી અને એ ક્રિયાના ફળને ભોગવવું એ થતું નથી. આહા..હા..! રાગનું ફળ જેણે છોડી દીધું છે કે રાગ મારી ચીજ જ નથી. આહા..હા..! હું તો આનંદ જ્ઞાનસ્વરૂપ છું. એમ '**જેણે કર્મનું ફળ છોડ્યું છે, તે કર્મ કરે એમ તો અમે પ્રતીતિ કરી શકતા નથી.**' આહા..હા..! આચાર્ય મહારાજ કહે છે કે જેણે ક્રિયા રાગનું ફળ છોડી દીધું.. સમજાણું કાંઈ? એ ક્રિયા કરે છે એવી પ્રતીતિ અમે કરી શકતા નથી. કર્તા થતો નથી, એ તો જ્ઞાતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**येन फलं त्यक्तं सः कर्म कुरुते इति वयं न प्रतीमः**' જેણે રાગની ક્રિયાનું ફળ છોડી દીધું છે એ રાગની ક્રિયા કરે છે એ અમે પ્રતીતિ કરી શકતા નથી. આહા..હા..! આવું છે. '**येन फलं त्यक्तं**' જેણે રાગનું ફળ છોડી દીધું, રાગનો રસ જેને ઊડી ગયો છે એ રાગ કરે છે એમ અમે પ્રતીતિ કરી શકતા નથી. આહા..હા..!

એ કીધુંને આનંદનો રસ આવ્યો એટલે છોડી દીધું. એને ન ખબર હોય, શું કામ છે અજ્ઞાનીનું? એ પોતે કહે છે. અમે એમ પ્રતીત કરતા નથી. જેને રાગનો રસ છૂટી ગયો એ રાગની ક્રિયા પ્રેમથી કરે એમ અમે માનતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અધિકાર બહુ સરસ છે. આહા..હા..! '**येन फलं त्यक्तं सः कर्म कुरुते इति वयं न प्रतीमः**' આહા..હા..!

ભગવાન અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ એમનો કળશ છેને? ગાથા છે એ કુંદકુંદાચાર્યની અને ટીકા છે એ અમૃતચંદ્રાચાર્યની. ભગવાન એ તો વીતરાગી મુનિ હતા, સંત હતા. આહા..હા..! આનંદના

અનુભવી શુદ્ધોપયોગી. મુનિ શુદ્ધોપયોગી. છ ઢાળામાં આવ્યું હતું. બાહ્ય-અભ્યંતર સંગ ત્યાગી શુદ્ધોપયોગી મુનિ કહેવામાં આવે છે. આહા..હા..! બાહ્ય-અભ્યંતર ત્યાગી અને શુદ્ધોપયોગી. આહા..હા..! અરે..! ભાઈ! હજી ક્યાં મુનિપણું કોને કહેવું? સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબર ન મળે. દેવ-ગુરુની શ્રદ્ધા કરો, નવ તત્ત્વની નવવાળી ભેદ શ્રદ્ધા કરો, થઈ રહ્યું જાવ સમકિત. અરે..! ભાઈ! એમ નથી, એમ છે નહિ. આહા..હા..! જેનો રસ ચડી ગયો આનંદમાં... આહા..હા..! એને રાગનો રસ ઊડી ગયો છે એ રાગ કરે છે એમ અમે તો પ્રતીત નથી કરતા, એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :–** જ્ઞાનીની પ્રરૂપણા અને પ્રવૃત્તિ કરે છે એમાં ખ્યાલ આવી જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ બધું ખ્યાલમાં આવી જાય. પ્રરૂપણા, આચરણ અને એના ન્યાયમાં બધું ખ્યાલ આવી જાય. ન જણાય એ અહીં વાત નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! આહા..હા..!

અમે નથી કરી શકતા. **'येन फलं त्यक्तं'** જેણે રાગનું ફળ વર્તમાનમાં રસ અને ભવિષ્યનું ફળ છોડી દીધું છે એ ક્રિયા કરે છે **'सः कर्म कुरुते इति वयं न प्रतीमः'** આહા..હા..! એ રાગની ક્રિયા કરે છે એમ અમે પ્રતીત નથી કરતા. આહા..હા..! એ વ્રતાદિના વિકલ્પનો પણ જ્ઞાની તો જ્ઞાતા છે, કર્તા નથી. આહા..હા..! અમે પ્રતીત નથી કરતા કે એ કરે છે. કેમકે એનું ફળ છોડી દીધું છે, આનંદના ફળમાં રસ આવ્યો છે. રાગનું ફળ છોડી દીધું છે. એ રાગ કરે છે એમ અમે પ્રતીતિ નથી કરતાં. નવરંગભાઈ! આહા..હા..! અને જેને રાગનો રંગ ચડ્યો છે એને આત્માનો ધર્મ છે, રસ છે એમ અમે તો નથી માનતા, એમ કહે છે. આહા..હા..! જેને એ વ્રત, તપનો વિકલ્પ જે રાગ છે, રાગનો જેને રસ ચડી ગયો છે.. આહા..હા..! તેને ધર્મ છે એમ અમે તો માનતા નથી. આહા..હા..! ભારે માર્ગ ભાઈ આવો. ભગવાન કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય આ બધી વાત કરે છે. જુઓ, આહા..હા..! જે આત્માએ પોતાના આનંદના રસમાં રાગનું ફળ વર્તમાન રંજન પરિણામ અને ભવિષ્યમાં એ રસનો રસ જેને છૂટી ગયો છે, એ રાગ કરે છે એમ અમે પ્રતીતિ નથી કરતા, એ તો જ્ઞાતા-દૃષ્ટા છે.

**શ્રોતા :–** તો પ્રતીતમાં લાવે છે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** લાવે છે આ કે જ્ઞાતા-દૃષ્ટા છે અને આનંદમાં છે ઈ. આહા..હા..!

રાગનો રસ ઊડી ગયો છે એ રાગનો કર્તા થાય છે એમ અમે નથી માનતા, એ તો જ્ઞાતા-દૃષ્ટા રહે છે. આહા..હા..! ઝીણી વાત બહુ, બાપુ! વીતરાગ પરમેશ્વર એનો માર્ગ બહુ સૂક્ષ્મ છે. એકદમ બે ફડકા કરી નાખ્યા છે. જેને આત્મા જ્ઞાનસ્વરૂપ આનંદધામ, 'સ્વયં જ્યોતિ સુખધામ' એનો જેને રસ ચડ્યો છે, સમ્યગ્દર્શનમાં એનો રસ ચડ્યો તેને રાગની ક્રિયામાં રસ રહે એમ અમે નથી માનતા. આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટા રહે છે એમ કહે છે. અને જેને રાગનો રસ છે, વ્રત, તપનો વિકલ્પ ઊઠે એમાં પ્રેમ છે, રસ છે તેને ધર્મરસ છે એમ અમે નથી જાણતા. એને ધર્મ છે જ નહિ. આહા..હા..!

**શ્રોતા :–** જ્ઞાનીને દ્રવ્યલિંગની ઓળખાણ થઈ જાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, ખ્યાલમાં આવી જાય પરિચય થોડો કરે તો. બહાર ન પાડે કદાચ સંપ્રદાયમાં .. આવે છેને મોક્ષમાર્ગપ્રકાશકમાં, જ્ઞાનીને ખ્યાલ પણ આવી જાય, પણ બાહ્યમાં વ્યવહાર

સાચો હોય બરાબર તો પ્રસિદ્ધ ન કરે. બહારમાં વ્યવહારમાં બરાબર છેને. આચરણ, ક્રિયાકાંડ જે અઠ્યાવીશ મૂળગુણ એ બરાબર કરે છે અને આગમ પ્રમાણે વ્યવહાર બરાબર કરતો હોય. શું કીધું?

**શ્રોતા :-** જાહેર કેમ ન કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન કરે. સંઘનો વિરોધ થાય. અંદર સમજે. સંઘનો વિરોધ થાય. વ્યવહાર છેને. વ્યવહારમાં ફેર ન હોય તો બહાર ન પાડે.

**શ્રોતા :-** ..ખાનગીમાં બોલાવીને કહે કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ન કહે. એ વાત સમજવાનું હોય તો સમજે એને કારણે. મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે. જ્ઞાનીને ખ્યાલ આવી જાય કે આ અંદરમાં વસ્તુ ખોટી છે આની, પણ બાહ્યમાં વ્યવહારમાં બરાબર આચરણ હોય, પ્રરૂપણા પણ બરાબર હોય વ્યવહારની તો બહાર ન પાડે.

**શ્રોતા :-** દ્રવ્યલિંગીનું સૂક્ષ્મ ... સમ્યગ્દષ્ટિને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દેખાય, જણાય. અને બીજી વાત એ કરી છેને કે ધર્મીને સામામાં ખ્યાલ આવ્યો. સમજ્યા? કે નિશ્ચય નથી, પણ વ્યવહાર બરાબર હોય તો વ્યવહારે સમકિતી એ જીવને વંદન કરે છે. છે? એ આ હેતુથી. સમ્યગ્દષ્ટિને ખ્યાલ આવ્યો કે આ અંતર વસ્તુ નથી, પણ એ તો વ્યવહાર છે. તે સત્ય બરાબર હોય તો વંદન કરવો એ તો વ્યવહાર છે. સમજાણું કાંઈ? પણ વ્યવહાર સાચો હોવો જોઈએ. બરાબર નિર્દોષ આહાર-પાણી લેતો હોય, એના માટે ચોકા કરીને લેતો ન હોય. સમજાણું કાંઈ? એવો વ્યવહાર બરાબર ચોખ્ખો હોય, સમકિતી જાણે છે છતાં એને વડેરા તરીકે આચરણમાં છે તો વંદન કરે.

**શ્રોતા :-** વ્યવહાર બરાબર ન હોય તો ન કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન કરે. વ્યવહાર બરાબર ન હોય તો બિલકુલ ન કરે. એ મોક્ષ અધિકારમાં આવ્યું નથી? મોક્ષપ્રકાશમાં. એક સાધુ આવ્યા હતા ચારણ ઋદ્ધિવાળા. ચારણઋદ્ધિવાળા મુનિનું ચોમાસું બીજે હતું, ઋદ્ધિ ઘણી હતી તો એકદમ અહીં આવ્યા. તેને શંકા પડી. મુનિ એટલામાં થઈને કેમ આવ્યા? આહાર ન લીધો. મોક્ષમાર્ગપ્રકાશકમાં છે. ટોડરમલજી. એ તો અદ્ધરથી આવ્યા હતા. એમ કે ચોમાસામાં અહીં આટલામાં મુનિ નથી અને આ મુનિ આવ્યા ક્યાંથી? આવો માર્ગ છે. આ માર્ગ આકરો બહુ, બાપુ! આહા..હા..! અહીંયાં તો એક શબ્દમાં એટલું કહ્યું. આહા..હા..! ધર્મીએ રાગ અને રાગનું ફળ છોડી દીધું છે. અજ્ઞાની રાગ અને રાગના ફળની અભિલાષા કરે છે અને ક્રિયા કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ પ્રભુ સિવાય (ક્યાંય નથી). આહા..હા..!

'પરંતુ ત્યાં એટલું વિશેષ છે કે —' 'अस्य अपि कुतः अपि किंचित् अपि तत् कर्म अवशेन आपतेत्' 'તેને (જ્ઞાનીને) પણ કોઈ કારણે... ' નબળાઈને કારણે કોઈ એવો રાગ 'અવશપણે (–તેના વશ વિના) આવી પડે છે.' રુચિ નથી, વશનો અર્થ એમ. '(જ્ઞાનીને) પણ કોઈ કારણે કાંઈક એવું કર્મ અવશપણે આવી પડે છે.' આહા..હા..! 'तस्मिन् आपतिते तु' 'તે આવી પડતાં પણ,...' 'अकम्प-परम-ज्ञानस्वभावे स्थितः ज्ञानी' આહા..હા..! જુઓ, એ

શબ્દ આવ્યો. 'જે **અકંપ પરમજ્ઞાનસ્વભાવમાં સ્થિત છે...**' આહા..હા..! રાગ આવ્યો પણ પોતે જ્ઞાનમાં સ્થિત છે, રાગમાં નહિ. આહા..હા..! રાગ તો એને ઝેર દેખાય છે. ઝેરમાં કેમ રસ આવે? આહા..હા..! એ તો પરમ જ્ઞાન આનંદમાં સ્થિત છે ધર્મી તો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પરમજ્ઞાનસ્વભાવમાં સ્થિત છે...**' પરમજ્ઞાનસ્વભાવ ક્યો? ત્રિકાળી. એમાં સ્થિત એ વર્તમાન. આહા..હા..! શું કહ્યું? ભગવાન આત્મા અકંપ પરમજ્ઞાનસ્વભાવ, ધ્રુવસ્વભાવ, આનંદસ્વભાવ, જ્ઞાનસ્વભાવ ધ્રુવ એમાં સ્થિત એ પર્યાય. એટલું ભાઈ જાણપણું હોવું જોઈએ, તો આ વાત સમજાય. આ માર્ગ વીતરાગનો એવો છે. દુનિયામાં ક્યાંય નથી. એના માટે પહેલાં કેટલુંક જ્ઞાન હોવું જોઈએ, તો આ વાત સમજાય. આહા..હા..! આ શું કહે છે? આ તો એકદમ અધિકાર લીધો છે. '**ज्ञानस्वभावे स्थितः ज्ञानी**' '**જે અકંપ પરમજ્ઞાનસ્વભાવમાં સ્થિત છે એવો જ્ઞાની કર્મ...** ' '**किं कुरुते अथ किं न कुरुते**' તે રાગ '**કરે છે કે નથી કરતો...**' અજ્ઞાનીને શું ખબર પડે? આહા..હા..! રાગની કર્તાબુદ્ધિ ઊડી ગઈ છે, ભોક્તાબુદ્ધિ ઊડી ગઈ છે, સ્વામીપણું ઊડી ગયું છે એ કર્મ કરે છે કે નથી કરતો '**તે કોણ જાણે?**' તને શી ખબર પડે?

**શ્રોતા :–** એ વખતે કર્તા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નથી, એ તો એમ કહે છેને. આહા..હા..!

'**તે કોણ જાણે?**' આહા..હા..! જ્ઞાની જાણે છે કે એ કર્તા છે જ નહિ. આહા..!

**શ્રોતા :–** જ્ઞાની અજ્ઞાનીની વાત ન જાણે, જ્ઞાની જ્ઞાનીની વાત જાણે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જાણે એમ કીધું અહીં ન જાણે એમ નહિ.

**શ્રોતા :–** એ તો પોતાની વાત કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ બધાની વાત કરે છે. રાગ બીજા કરે છે કે નહિ એ કોણ જાણે? તને શી ખબર પડે? એ તો અમે જાણીએ. ખબર પડે કીધુંને. અજ્ઞાનીને ખબર ન પડે, જ્ઞાનીને ખબર પડે. કોણ જાણે? એનો અર્થ એમ નથી કે એ જાણતો નથી. પણ રાગ કરે છે કે નથી કરતો એ તને ખબર શી? બુદ્ધિ એને ઊડી ગઈ એમાં. અમને ખબર છે કે એ રાગ કરતો જ નથી. રાગ કરે છે, આવ્યો છે છતાં કરતો નથી એ અમને ખબર છે. આહા..હા..! એવી વાત છે. 'કરે કર્મ સોહી કરતારા, જો જાને સો જાનન હારા; જાણે સો કર્તા ન હોઈ, કર્તા સો જાને નહિ કોઈ.' આહા..હા..! આવો માર્ગ છે. ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ અતીન્દ્રિય આનંદનું ધામ એનો જેને રસ આવ્યો, એને રાગ થાય છે એ કરે છે કે નથી કરતો એ તને શી ખબર પડે? અમે જાણીએ છીએ કે કર્તા નથી. કરે છેને? છેને?

**શ્રોતા :–** કેવી રીતે એ અમારે સમજવું જોઈએને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ રીતે સમજવું કે રાગ કરતો જ નથી, રાગ થાય છે છતાં કરતો નથી એમ સમજવું.

**શ્રોતા :–** .. એને કેમ ખબર પડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો ન્યાં જોવે તો એને ખબર પડે. એની દૃષ્ટિ, એની પ્રરૂપણા, ઉપદેશ...

**શ્રોતા :-** કાંઈ દેખાતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દેખાય, દેખાય, બધું દેખાય. આત્મા જાણનારો સ્વપરપ્રકાશક પૂર્ણાનંદનો નાથ, એને ન જણાય એ વાત કેવી? એ તો સિદ્ધાંત એનું ફળ છે આ (કે) જાણી શકે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** જ્ઞાની પોતાની ... જાણે, પણ સામાની...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સામાની જાણે, બરાબર જાણે. સ્વપરપ્રકાશક એનો યથાર્થ સ્વભાવ છે. ન જાણેની અહીં વાત નથી. અહીં તો જાણે છે. એ ચર્ચા ખૂબ થઈ હતી અમરેલી. આખો અનુયોગ દ્વાર ચર્ચાતો હતો અમારે. શ્વેતાંબરનો અનુયોગ દ્વાર છેને એક ૩૨માં? સવારે ઊઠીને શિયાળામાં ત્રણ કલાક વહેલા ઉઠીએ વહેલા. તો આખું ફેરવતા. નારણભાઈ હતાને અમારે એ. એમાં આ પ્રશ્ન આવ્યો. મતિ-શ્રુતજ્ઞાની અમુક તો ન જાણે. ન જાણે એ પ્રશ્ન નથી અહીં કીધું. ૮૬ની વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! દાખલો નહોતો આપ્યો કાલે? ઋષભદેવ ભગવાનને આહાર આપ્યો શ્રેયાંસકુમારે. ભગવાન ઋષભદેવ ભગવાનને બાર મહિના સુધી આહાર નહોતો મળ્યો. આવ્યું, સ્વપ્નું આવ્યું રાજકુમારને, કલ્પવૃક્ષ સુકાય છે. નિમિત્તજ્ઞાનીને પૂછયું કે આ શું? કે કોઈ મુનિ ભગવાન આહાર લેવા આવશે એમ લાગે છે. શરીર બાર મહિનાના અપવાસ છે. ભગવાન આવ્યા. રાજકુમાર આ તો ચરમશરીરી છેલ્લો દેહ. બેયને છેલ્લો દેહ. આમ નજર પડતાં... કાંઈ ખબર નહિ. આહાર કઈ રીતે વહોરાવવો એ ખબર નહિ. એકદમ જાતિસ્મરણ થયું.

**શ્રોતા :-** જૂના ભવની યાદ આવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જૂના આઠ ભવ. આઠમે ભવે પતી-પત્નિ બેયે મુનિને આહાર આપ્યો હતો એ ખ્યાલ આવી ગયો. ઓહો..હો..! પ્રભુ! તારી શક્તિનો પાર નથી. એક સમયમાં કેવળજ્ઞાન લે એવી શક્તિ, એને ન ફલાણું જણાય એ વાત અહીં નહિ.

**શ્રોતા :-** કાચી-પોચી વાત ન કરવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાચી-પોચી નહિ. આહા..હા..!

આ જુઓને, આઠમા ભવે. કેટલા શરીર પલટી ગયા. આત્મા અરૂપી. એ વખતનું આ ભગવાન પાસે અમે મુનિને આહાર આપ્યો હતો પતિ-પત્નિએ, એ વિધિ યાદ આવી ગઈ. તિષ્ઠ... તિષ્ઠ... તિષ્ઠ... આહા..હા..! હવે એ તો જુગલિયા એને તો ખબર કે દી' હતી? જુગલિયામાંથી થયેલા પાછા. હવે તો જુગલિયા મટી ગયા. આહા..હા..! આ આવ્યું લ્યો. દેવોએ ધન્ય. ધન્ય આહાર ધન્ય દેનારા. પુષ્પવૃષ્ટિ કરી જુઓ, જાતિસ્મરણ મતિનો ભેદ છે. શ્રુતની તો વિશેષતા શું કહેવી! પણ મતિજ્ઞાન એની ધારણામાંથી જાતિસ્મરણ થાય છે. તો ધારણામાંથી જાતિસ્મરણ થાય એમાં આટલી તાકાત! આહા..હા..! ભાઈ! એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન છે. એને ફલાણું ન જાણી શકાય એમ ન કહેવું. એને તો એ જાણી શકે, જાણી શકે, જાણી શકે.

**શ્રોતા :-** ન જાણે એ પોતાના દોષથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો દોષ છે. આહા..હા..!

જુઓને, રાજકુમાર યુવાન અવસ્થા, સુંદર શરીર, સોનાના ઢીમ જેવું શરીર આમ. અને કડ બાંધીને ઊભા રહ્યા આમ. આહા..હા..! ભગવાન! તિષ્ઠ... તિષ્ઠ... તિષ્ઠ. કેટલા શરીર બદલાઈ ગયા. આત્મા અરૂપી દેખાય નહિ. આહા..હા..! પણ એને અંદરમાં આ બરાબર દેખ્યું. આ જ આત્મા આઠમા ભવે આ આત્માના પતિ તરીકે હતા, હું એની પત્ની તરીકે આઠમા ભવે (હતી). આહા..હા..! જ્ઞાનની તાકાત, બાપુ! એ કેવળજ્ઞાન લેવાની તાકાત અને કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ અને અનંતા કેવળીને જાણે એવી તાકાત. આહા..હા..!

**શ્રોતા :-** તાકાતનો વિચાર કરીએ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જાણવાની તાકાત જ છે જ્યારે જાણે ત્યારે. સમજાણું કાંઈ? ન જાણવાનું હોય? એ તો નબળાઈ છે. એનામાં જાણવાની તાકાત છે અહીં. આહા..હા..!

અહીં તો કહે છે જુઓને, '**જે અકંપ પરમજ્ઞાનસ્વભાવમાં સ્થિત છે...**' આહા..હા..! '**એવો જ્ઞાની...**' રાગની ક્રિયા કરે છે કે નથી કરતો એ કોણ જાણે છે? તને શી ખબર પડે? એમ કહે છે. નથી કરતો. રાગ કરે છે અને નથી કરતા અમે એમ માનીએ છીએ. આહા..હા..! આવો માર્ગ છે. એવો ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સ્વપરપ્રકાશના સામર્થ્યવાળો ભગવાન. આહા..હા..! એ પણ પર છે માટે પરને પ્રકાશે છે એમ પણ નથી. આહા..હા..! પોતાનું સામર્થ્ય જ એટલું છે. સ્વપરને જાણવું પૂર્ણ એવું જ એનું સામર્થ્ય છે. પરની હયાતી છે માટે પરને જાણે છે એમ પણ નહિ. પોતાની હયાતીમાં, પોતાની હયાતીમાં સ્વપર પૂર્ણ જાણવાની તાકાત છે. આહા..હા..! આવો માર્ગ છે. આહા..હા..!

તેથી ભાષા શું લીધી જુઓને, '**અકંપ પરમજ્ઞાનસ્વભાવ...**' ત્રિકાળી '**અકંપ પરમ-જ્ઞાનસ્વભાવ...**' આહા..હા..! ધ્રુવ. અને જેના સ્વભાવની મર્યાદા શી? પરિમિતતા શી? હદ શી? આહા..હા..! અકંપ પરમજ્ઞાનસ્વભાવ જેનો સ્વભાવ એની હદ શી? મર્યાદા શી? અમર્યાદિત વસ્તુ પડી છે અંદર ભગવાન આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહોહો..! એ પરમજ્ઞાનમાં સ્થિત છે એવો ધર્મી. ઓહો..હો..! રાગ તો છે, દેખાય છે કે કરે છે. પણ એ કરે છે કે નથી કરતો એ જાણનાર છે એ તને શી ખબર પડે? એવી વાતું છે આ તો.

**શ્રોતા :-** એને ખબર નથી પડતી એટલે તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ખબર પડે એમ કહે છે. એ રાગ છે અને કરતો નથી એમ ખબર પડે છે અમને. એ બધું જાણે. ન જાણે ભગવાન? આહા..હા..! કીધું હતુંને તે દિ' ૭૭માં પ્રશ્ન ઉઠ્યો હતો. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે મારે એક ભવે મોક્ષ જાવું છે. આવી હિંમત! પંચમ આરાના ગૃહસ્થાશ્રમી જીવ આટલું? અરે..! છે શું તને આ? દેવીદાસભાઈ હતાને પોરબંદરના, બોટાદ આવ્યા હતા. ૭૭ની વાત છે. એ પ્રશ્ન જ નથી કીધું. અહીં તો બધું જાણે ભગવાન આત્મા. મતિજ્ઞાન વડે લાગુ પડી ગયો ઉપયોગ તો એટલું બધું જાણે (કે) ક્યારે કેવળજ્ઞાન થાશે એ પણ જાણી લે. આવી વાત છે. શ્રીમદ્દે કહ્યું છે એ બરાબર કહ્યું છે. આહા..હા..! લ્યો! બરાબર કીધું આવી ગયું. (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૨, શુક્રવાર, તા. ૨૧-૦૧-૧૯૭૭, ગાથા-૨૨૮, કળશ-૧૫૩-૧૫૫, પ્રવચન નં. ૨૯૮

સમયસાર, નિર્જરા અધિકાર. ૧૫૩ કળશનો ભાવાર્થ. '**જ્ઞાનીને...**' એટલે ધર્માત્માને. આહા..હા..! એટલે કે જેને રાગથી રહિત પોતાનો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ (છે) એનું જેને અનુભવ અને વેદન થયું છે એને અહીંયાં જ્ઞાની અને ધર્મી કહેવામાં આવે છે. આહા..હા..! એ '**જ્ઞાનીને પરવશે કર્મ આવી પડે છે...**' કોઈ નબળાઈને લઈને રાગાદિ થઈ જાય છે, રાગની ક્રિયા આદિ થઈ જાય છે. '**તોપણ જ્ઞાની જ્ઞાનથી ચલાયમાન થતો નથી.**' પોતાના આનંદના સ્વરૂપથી તે ભ્રષ્ટ થતો નથી. આહા..હા..! નિર્જરા અધિકાર છેને. ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ (છે) એનું જ્યાં ભાન છે કે આ તે આત્મા આનંદ અને જ્ઞાન તે હું, એવા વેદનના કાળમાં કોઈ રાગાદિની ક્રિયા અંદર થઈ જાય, આવે છતાં તે સ્વરૂપથી ચલાયમાન થતો નથી, જ્ઞાનથી ચ્યુત થતો નથી, પોતાના જ્ઞાનના અનુભવથી ચ્યુત થઈને રાગમાં એકમેક થતો નથી.

**શ્રોતા :-** રાગની સાથે એકતા કરતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકતા કરતો નથી. જ્ઞાન સાથે એકતા થઈ છે માટે રાગની એકતા કરતો નથી. આહા..હા..! આવું છે. ઝીણી વાત છેને.

નિર્જરાનો અધિકાર છેને. ભગવાન આત્મા જ્ઞાતા-દ્રષ્ટા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે. આહા..હા..! સુખકંદ. એ સુખનું અમૃતનું દળ છે આખું. આહા..હા..! એવા અતીન્દ્રિય આનંદના દળના જેને વેદન છે.. આહા..હા..! એને કદાચિત્ રાગ કોઈ આવી જાય છે, છતાં તે રાગમાં જ્ઞાનથી ચલાયમાન થઈને રાગની મીઠાશમાં એકત્વપણે આવતો નથી. આહા..હા..! જુઓ માર્ગ તો જુઓ, આહા..હા..! સમજાય છે કાંઈ?

'**જ્ઞાની જ્ઞાનથી...**' એટલે અનુભવથી રાગમાં એકાગ્ર થતો નથી. '**ચલાયમાન થતો નથી.**' આહા..હા..! '**માટે જ્ઞાનથી અચલાયમાન તે જ્ઞાની...**' આહા..હા..! '**કર્મ કરે છે કે નથી કરતો તે કોણ જાણે?**' એને રાગ થાય છે એ કર્તા થાય છે કે નથી કર્તા થતો એ તને શી રીતે ખબર પડે? આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાની રાગની ક્રિયા કરે છે કે નથી કરતો તે કોણ જાણે? જ્ઞાનીને જ્ઞાની જાણે. અજ્ઞાનીનો પત્તો નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? '**જ્ઞાનીની વાત જ્ઞાની જ જાણે.**' આહા..હા..! '**જ્ઞાનીના પરિણામ જાણવાનું સામર્થ્ય અજ્ઞાનીનું નથી.** ' આહા..હા..! રાગનો ભાવ આવ્યો છતાં તેનો એ કર્તા નથી, તેમાં મીઠાશ નથી, તેમાં લુખ્ખા પ્રમાણે જ્ઞાતા-દ્રષ્ટા વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને અજ્ઞાની ભોગની સામગ્રીને ભોગવતો ન હોય, છતાં અંદર રાગની મીઠાશમાં પડ્યો છે. આહા..હા..! એ નથી ભોગવતો છતાં એ અંતર ભોગવનાર કહેવામાં આવે છે. એ

આવી ગયું છે પહેલું, અસેવક-સેવક. આહા..હા..! અહીંયાં તો આત્મા રાગથી ભિન્ન અને પૂર્ણ આનંદનું ધામ, એવું થયું જ્યાં જ્ઞાન એને હવે રાગની એકતા થવાનો અવસર છે જ નહિ. ભલે હોય ભોગનો રાગ આદિ. આહા..હા..! સમજાણું?

**શ્રોતા :-** ... સુધી રાગ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચોથાથી નથી, રાગની એકતા ચોથેથી નથી. એ તો આવે છે. નીચે અર્થ આવે છે. બધા જ્ઞાની ચોથે ગુણસ્થાને. નીચે અર્થ આવે છે. આહા..હા..!

બાપુ! સમ્યગ્દર્શન એટલે? આહા..હા..! ભગવાન પૂર્ણાનંદના નાથને જેણે સ્પર્શ્યો છે. આહા..હા..! જેને રાગની રુચિ અંતરમાંથી ઊડી ગઈ છે. ધર્મીને ભોગમાં કે વિષયમાં રાગમાં રુચિ સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? દાખલો નહોતો આપ્યો એ જામનગરનો? આહા..હા..! એકનો એક છોકરો મરી ગયો. ચુરમાના લાડવાનો ખોરાક સદાય. સદાય ચુરમું જ ખાય. વિશાશ્રીમાળી વાણિયા હતા વસા-વસા. છોકરો મરી ગયો તે બાળી આવ્યા. પોતે કહે છે કે ભાઈ! રોટલા કરો. સગા-વ્હાલા ભેગા થયા. બાપુ! તમે રોટલા ખાશો તો દેહ નહિ રહે, છૂટી જશે. તમારો ખોરાક આ નથી. આહા..હા..! એ આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે અને અહીં ચુરમુ બનાવ્યું અને એ ચુરમુ થાળીમાં નાખ્યું. લાડવા ચુરમાના. આંસુની ધારા ચાલી જાય. એનો પ્રેમ રોટલાનો અને ચુરમાનો બધો એક સરખો છે ભાવ એને.

એમ જ્ઞાનીને આત્માના આનંદના સ્વાદ આગળ.. આહા..હા..! અનુભવ આગળ, રાગની ક્રિયામાં આવી જાય છતાં તેનો એને સ્વાદ નથી—મીઠાશ નથી. સ્વાદ છે, ઝેર દેખાય છે, મીઠાશનો સ્વાદ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ. એને નિર્જરા થાય એમ કહે છે. આ અપવાસ કરીને બેઠા થઈ ગઈ તપસ્યા અને થઈ ગઈ નિર્જરા. ભાઈ! એ બીજે પંથે ગયો અને તને નિર્જરા થાય (એમ બને નહિ). આહા..હા..! '**જ્ઞાનીના પરિણામ જાણવાનું સામર્થ્ય અજ્ઞાનીનું નથી.**' આહા..હા..!

'**અવિરત સમ્યગ્દષ્ટિથી માંડીને...**' ચોથે ગુણસ્થાનથી. કોઈ વળી એમ કહે કે જ્ઞાની તો ઉપર જાય આઘે ત્યારે થાય, નીચે ધર્મી હોય. અવિરત સમ્યગ્દષ્ટિ જેને વિરતી ટળી નથી, અવિરતભાવ છે જેને. આહા..હા..! સમજાય છે કાંઈ? એ '**માંડીને ઉપરના બધાય જ્ઞાની જ સમજવા. તેમાં, અવિરત સમ્યગ્દષ્ટિ,...**' ચોથા ગુણસ્થાનવાળા, પાંચમા '**દેશવિરત સમ્યગ્દષ્ટિ અને આહારવિહાર કરતાં મુનિઓને બાહ્યક્રિયાકર્મ પ્રવર્તે છે,...**' આહા..હા..! '**તોપણ જ્ઞાનસ્વભાવથી અચલિત હોવાને લીધે...**' 'હું તો આત્મા આનંદ અને જ્ઞાનસ્વભાવ છું' એ એનો અનુભવ (છે), ત્યાંથી ખસતો નથી. આહા..હા..! જ્ઞાન નામ આત્માના આનંદ સ્વભાવથી, અનુભવથી, અચલિત હોવાને લીધે. '**નિશ્ચયથી તેઓ બાહ્યક્રિયાકર્મના કર્તા નથી,...**' આહા..હા..! એ રાગાદિની ક્રિયા થઈ પણ એ કર્તા નથી. આહા..હા..! આવી વાત! '**જ્ઞાનના જ કર્તા છે.**' ધર્મી તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ એની પરિણતિના જ એ કર્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અંતરંગના મિથ્યાત્વના અભાવથી...** ' ધર્મી જીવને ભ્રમણાના અભાવથી. આહા..હા..!

ભગવાનને ભાળીને ભ્રમણા જેણે ટાળી છે. આહા..હા..! '**યથાસંભવ કષાયના અભાવથી...**' અને તે તે ભૂમિકા પ્રમાણે જેટલો કષાયનો અભાવ થયો છે. '**તેમના પરિણામ ઉજ્જ્વળ છે.**' આહા..હા..! સમજાણું? લ્યો! દેવીલાલજી! ચોથે ગુણસ્થાને પરિણામ ઉજ્જ્વળ કીધા. આહા..હા..! ઓલા કહેને સાતમે ગુણસ્થાને શુદ્ધોપયોગ હોય, નીચે શુદ્ધ પરિણતિ ન હોય. અરે..! કહ્યું હતુંને તમને? આહા..હા..! અહીં કહે છે કે જ્ઞાનીને શુદ્ધ પરિણતિ નિર્મળ (છે). આહા..હા..! મિથ્યાત્વનો નાશ થયો એટલી સમ્યગ્દર્શનની નિર્મળતા પ્રગટી અને અનંતાનુબંધી આદિ જેને નીચે અનંતાનુબંધી, આગળ અપ્રત્યાખ્યાની વગેરે (ટળ્યા છે) તેટલા પ્રમાણમાં તેના પરિણામ વીતરાગી નિર્મળ છે. આહા..હા..! નિર્મળ છે. આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિ લડાઈમાં ઊભો હોય લડાઈમાં, તોપણ જે મિથ્યાત્વ અને અનંતાનુબંધી ગયો છે એટલા પરિણામ તો ત્યાં શુદ્ધ પરિણતિપણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિ રાગની મંદતાના છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયામાં ઊભો હોય-ક્રિયામાં હોં, છઠ્ઠું ગુણસ્થાન નહિ, છતાં તેને પરિણામ મલિન છે. આહા..હા..! પડખું ફેરવી નાખ્યું છે. સમ્યગ્દૃષ્ટિએ પડખું ફેરવ્યું. આમ પર તરફ હતું એ સ્વ તરફ લઈ લીધું. આહા..હા..! અજ્ઞાની એ પર તરફ છે એ પર તરફ જ એનું પડખું રાખ્યું છે. આહા..હા..! ઝીણી વાત બહુ, બાપુ! આહા..હા..! ભગવાન! તું કોણ છો, ભાઈ? આહા..હા..! અતીન્દ્રિય આનંદનું દળ છો, અતીન્દ્રિય જ્ઞાનનો સ્વભાવનો સાગર છો, અતીન્દ્રિય જ્ઞાનનો અપરિમિત સ્વભાવનો સાગર છો. આહા..હા..! એવા અતીન્દ્રિય આનંદના સ્વભાવને જેણે જાણ્યો, વેદ્યો.. આહા..હા..! અતીન્દ્રિય જ્ઞાનમાંથી નમૂનો અતીન્દ્રિય પર્યાયમાં કાઢ્યો.. આહા..હા..! એને, કહે છે કે પરની ક્રિયામાં રાગ આવે, રાગ દેખાય કે કરે છે, પણ એ કરતો નથી, અંદર ઝેર ભાળે છે. સમજાણું કાંઈ? એનો તે ધર્મી જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા..!

ઓલામાં ન આવ્યું આપણે પ્રવચનસારમાં? કાયાને, કષાયને પોતાને માનનારો, બાહ્યમાં છ કાયની હિંસા બિલકુલ ન કરતો હોય તોપણ તે છ કાયની હિંસાનો કરનારો જ છે. ચંદુભાઈ! પ્રવચનસારમાં. આહા..હા..! કાયા એટલે અજીવ ચીજ અને કષાય એટલે આસ્રવ. આહા..હા..! એને ભગવાન કાયા વિનાનો અકાય, કષાય વિનાનો અણકષાય એવા સ્વભાવની સાથે આ કષાય અને કાયા પોતાની માને છે, આહા..હા..! એ ભલે સાધુ હોય અને બહારથી છ કાયની હિંસા કરતો ન હોય, તોપણ એ છ કાયની હિંસાનો કરનારો જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને ધર્મી આત્માના જ્ઞાનના, આનંદના અનુભવમાંથી ખસતો નથી તેથી રાગની ક્રિયામાં આવે... આહા..હા..! છતાં તેની અંતરની નિર્મળતા છૂટતી નથી. આહા..હા..! આવી વસ્તુ, વીતરાગનો માર્ગ બહુ, બાપા!

પક્કડ પક્કડમેં ફેર હૈ. મીંદડી ઉંદરને પકડે મોઢામાં અને મીંદડી બચ્ચાને પકડે મોઢામાં. પક્કડ તો લાગે છે આમ જાણે, પણ બેમાં ફેર છે. બચ્ચાને પોચે દાંતમાં રાખીને પક્કડ રાખે, એમ જ્ઞાની.. આહા..હા..! રાગનો ભાવ આવે એને પકડતો નથી, આમ દેખાય છે કે છે એને. સમજાણું કાંઈ? એ અમારે છોડી હતી ત્યાં બોટાદમાં. પોપટભાઈ હતા. એના દીકરાની દીકરી હતી. .. આ બોલતી હતી

બિચારી. સાત વર્ષની. 'પક્કડ પક્કડમેં ફેર હૈ.' એવા ૨૫-૫૦ શ્લોક કરેલા.

**શ્રોતા :-** ફાનસ સળગાવો કહ્યું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ બધું કહેતા. ફાનસ સળગાવો કહ્યું, નાખ્યું ભડકામાંય. ફાનસ સળગાવો. સળગાવો એટલે ઓલું ભડકામાં નાખ્યું. એનો આશય સમજ્યો નહિ. સાત વર્ષની ઉંમર હતી છોડીની. ક્ષય થઈ ગયો મરી ગઈ પછી, સાત વર્ષની ઉંમરે. પોપટભાઈ હતા ત્યાં. ગાંધીના જમાઈ. આહા..હા..! .. હતા અમે .. શ્વાસ ચડતો. અહીં કહે છે કે આ 'પક્કડ પક્કડમેં ફેર હૈ.' ભગવાન રાગ જ્ઞાનીને થાય પણ એની પક્કડ નથી. આહા..હા..! અજ્ઞાનીને રાગ થાય તેની એને પક્કડ છે. આમ ફેર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'યથાસંભવ કષાયના અભાવથી તેમના પરિણામ ઉજ્જ્વળ છે. તે ઉજ્જ્વળતાને તેઓ જ (જ્ઞાનીઓ જ) જાણે છે,...'** આહા..હા..! એને એ રાગ આવવા છતાં જ્યાં અંદર રસ નથી, આવી ગયો ભાવ એટલે અંદરમાં જોડાઈ ગયા છે થોડાક, છતાં એકત્વપણે છે નહિ. આહા..હા..! આવું સ્વરૂપ હવે માણસને... આહા..હા..! **'મિથ્યાદષ્ટિઓ તે ઉજ્જ્વળતાને જાણતા નથી.'** જેની દૃષ્ટિ મિથ્યા ભ્રમ છે. એ આમ બાહ્યની ક્રિયા જે આમ બરાબર કરતો હોય તો જાણે, બરાબર એના પરિણામ સારા છે અને ઓલી બાહ્યની ક્રિયા જરી ભોગાદિની હોય તો આના પરિણામ ખોટા છે એમ અજ્ઞાની માની લે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવું સ્વરૂપ. સમ્યગ્દર્શનનું માહાત્મ્ય વર્ણવ્યું છે. મિથ્યાદષ્ટિની હલકાઈ કેટલી છે અને સમ્યગ્દષ્ટિની મહત્તા કેટલી છે. આહા..હા..!

**'મિથ્યાદષ્ટિ તો બહિરાત્મા છે,...'** એટલે? બાહ્યની ચીજને પક્કડવાળો છે તો બાહ્યથી જોનારો છે એ તો. આહા..હા..! **'બહારથી જ ભલું બુરું માને છે;...'** બહારની ક્રિયા બરાબર થાય તો કહે ભલું થયું, બહારની ક્રિયા ખોટી થઈ તો કહે ભૂંડું થયું એમ માનનારો છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'અંતરાત્માની ગતિ બહિરાત્મા શું જાણે?'** આહા..હા..! રાગ અને જડથી ભિન્ન પડ્યો ભગવાન એવા ઉજ્જ્વળ પરિણામને અજ્ઞાની શું જાણે? કહે છે. આહા..હા..! પોતે બ્રહ્મચારી હોય જાવજીવનો અને રાગની એકતાબુદ્ધિ હોય. ઓલાને છન્નું હજાર સ્ત્રી હોય અને રાગની એકતાબુદ્ધિ ટળી ગઈ છે. આ ફેરને કોણ જાણે? કહે છે. સમજાણું કાંઈ? જેટલી ભ્રમણા ગઈ મિથ્યાત્વ અને અનંતાનુબંધી આદિ એટલી પરિણતિ શુદ્ધ છે અને શુદ્ધનો એ સ્વામી છે, અશુદ્ધનો એ સ્વામી છે નહિ. અજ્ઞાની અશુદ્ધનો સ્વામી છે અને શુદ્ધ છે નહિ. આહા..હા..! આવો માર્ગ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને જ હોયને. સાધક હોય ત્યાં બાધકપણું હોય થોડું. છતાં એ એનો સ્વામી નથી. વિષયબુદ્ધિ ઊડી ગઈ છે આખી. ઈન્દ્રના ઈન્દ્રાસનોમાંથી બુદ્ધિ ઊડી ગઈ છે સુખની. આહા..હા..! કરોડો અપ્સરાની સાથે રમતો દેખાય ઈન્દ્ર, બુદ્ધિ ઊડી ગઈ છે. આહા..હા..! અને અજ્ઞાની બાળબ્રહ્મચારી હોય ને સાધુ થયો હોય, છતાં રાગમાં રસબુદ્ધિ ઊભી છે એને. આહા..હા..! સમજાણું કાંઈ?

'**હવે, આ જ અર્થના સમર્થનરૂપે અને આગળની ગાથાની સૂચનારૂપે કાવ્ય કહે છે :-**' ૧૫૪.

(शार्दूलविक्रीडित)

सम्यग्दृष्टय एव साहसमिदं कर्तुं क्षमन्ते परं
यद्वज्रेऽपि पतत्यमी भयचलत्त्रैलोक्यमुक्ताध्वनि।
सर्वामेव निसर्गनिर्भयतया शङ्कां विहाय स्वयं
जानन्तः स्वमवध्यबोधवपुषं बोधाच्च्यवन्ते न हि।।१५४।।

આહા..હા..! '**यत् भय-चलत्-त्रैलोक्य-मुक्त-अध्वनि वज्रे पतति अपि**' '**જેના ભયથી ચલાયમાન થતા-ખળભળી જતા-ત્રણેલોક પોતાનો માર્ગ છોડી દે છે...**' આહા..હા..! '**એવો વજ્રપાત થવા છતાં,...**' આહા..હા..! વજ્રપાત દેવો તરફથી અગ્નિમાં ઝરતા હોય એ વખતે અજ્ઞાનીઓ પોતાનો માર્ગ છોડી દે છે. ફડાક ચાલતા થઈ જાય ત્યાંથી. આહા..હા..! '**આ સમ્યગ્દૃષ્ટિ જીવો,...**' આહા..હા..! '**સ્વભાવથી જ નિર્ભય હોવાને લીધે,...**' આહા..હા..! ભગવાન આત્મા જેનો સ્વભાવ નિર્ભય છે, જેમાં ભય છે જ નહિ એવા નિર્ભયસ્વભાવના અનુભવને લઈને. આહા..હા..! '**સમસ્ત શંકા છોડીને,...**' ભય કે શંકા બેય એક જ છે. શંકા છોડી દઈને એટલે ભય છોડી દઈને.

'**स्वयं स्वम् अवध्य-बोध-वपुषं जानन्तः**' '**પોતે પોતાને (અર્થાત્ આત્માને) જેનું જ્ઞાનરૂપી શરીર...**' એ છે તો. આહા..હા..! જાણકસ્વભાવરૂપી આત્માનું શરીર છે. જાણકસ્વભાવનો પિંડ ભગવાન તે તેનું શરીર છે. આહા..હા..! '**જ્ઞાનરૂપી શરીર અવધ્ય (અર્થાત્ કોઈથી હણી શકાય નહિ એવું) છે...**' આહા..હા..! ભગવાન ધ્રુવ જ્ઞાનશરીરને કોણ વધ કરે? આહા..હા..! એ તો અવધ છે. આહા..હા..! છે? આહા..હા..! '**એવો જાણતા થકા,...**' છેને પાઠમાં જુઓને. '**स्वयं स्वम् अवध्य-बोध-वपुषं जानन्तः**' '**वपुषं**' એટલે શરીર. આહા..હા..! ભગવાન આત્માનું શરીર શું? કે જ્ઞાન એનું શરીર. આહા..હા..! શરીર નહિ, વાણી નહિ, મન નહિ, કર્મ નહિ. આહા..હા..! એક સમયનો પર્યાય પણ નહિ, એ તો જ્ઞાનવજ્ર શરીર છે અંદર. ધ્રુવ-ધ્રુવ જ્ઞાન શરીર. આહા..હા..!

'**અવધ્ય છે એવો જાણતા થકા,...**' મારો નાથ જ્ઞાનાનંદ સ્વભાવથી ભરેલો એ અવધ છે-કોઈથી હણી શકાય એવો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જેને રાગનો સ્પર્શ નથી. આહા..હા..! એવો જે ભગવાન આત્મા એને જેણે જાણ્યો છે. આહા..હા..! '**જ્ઞાનથી ચ્યુત થતા નથી.**' એ પોતાનો આત્મસ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન શરીર એનાથી ખસતા નથી, રાગમાં આવી જતા નથી. આહા..હા..! આવી વ્યાખ્યા હવે. '**बोधात् च्यवन्ते न हि**' આનંદમૂર્તિ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એનાથી ધર્મી ખસી જતા નથી, ચલાયમાન થતા નથી, ત્યાંથી ભ્રષ્ટ થતા નથી અને રાગમાં આવતા નથી. આહા..હા..! જુઓ, આ ધર્મ.

અરે.. ભાઈ! ભગવાન જેને મળ્યા, એના ભેટા થયા એની વાતું શું! આહા..હા..! ભગ એટલે

અનંત આનંદ અને જ્ઞાનની લક્ષ્મીવાન—વાળો. આહા..હા..! એવો નિજ ભગવાન આત્મા એનો જ્યાં અનુભવ થયો, પ્રાપ્ત થયો આત્મા. આહા..હા..! એને કહે છે કે હવે રાગની ક્રિયામાં હોવા છતાં સ્વરૂપથી ચ્યુત થતો નથી. આહા..હા..! રાગાદિની ક્રિયા થાય તેને જાણે છે. તે પણ જાણે છે એ રાગ છે માટે જાણે છે એમ પણ નહિ. આહા..હા..! જાણતા છેને? આહા..હા..! માથે આવી ગયુંને. **'जानन्तः'** **'जानन्तः'** આવી ગયું શબ્દમાં. **'बोध-वपुषं जानन्तः'** આહા..હા..! મારું જ્ઞાનસ્વરૂપ કોઈથી હણાય નહિ એવું જાણતો થકો. આહા..હા..! સમજાણું કાંઈ? એ શું કહ્યું? જ્ઞાનસ્વરૂપ ભગવાન પ્રજ્ઞાબ્રહ્મ શુદ્ધ ચૈતન્યઘન એને જાણતાં, એ અવધ્ય છે એમ જાણતા, એને જાણતા હોં! રાગને જાણતા એમ પણ નહિ. આહા..હા..! વીતરાગમાર્ગ કોઈ અલૌકિક છે! આહા..હા..! લોકોને મળ્યો નથી. કંઈક ને કંઈકમાં રોકાઈને બિચારા જિંદગી ગાળે છે. આહા..હા..! જેને આ માર્ગ મળ્યો એને ભય નથી કહે છે હવે. આહા..હા..! જ્ઞાનથી એટલે સ્વરૂપથી. આ આત્મા આનંદનો અનુભવ છે એનાથી ચ્યુત થઈને રાગમાં આવતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'इदं परं साहसम् सम्यग्दृष्टयः एव कर्तुं क्षमन्ते'** આહા..હા..! **'આવું પરમ સાહસ કરવાને માત્ર સમ્યગ્દષ્ટિઓ જ સમર્થ છે.'** સમ્યગ્દષ્ટિઓ જ સમર્થ છે. આહા..હા..! વજ્રના પાત પડે અગ્નિના ઉપરથી. આહા..! અગ્નિના તણખા ઝરતા વજ્રો પડે, માર્ગ છોડી દે ત્રણલોકના માણસો એમ કહે છે. એમ છેને? આવ્યુંને એ? **'अध्वनि वज्रे पतति'** છેને? ત્રણલોકના જીવો ખસી જાય. આહા..હા..! ત્યાં ધર્મી આનંદના જ્ઞાનમાંથી ખસતા નથી, કહે છે. એ વસ્તુ જ પોતે આનંદરૂપ છે એમ વસ્તુ થઈ ગઈ, એ હવે એમાંથી વસ્તુમાંથી ખસે શી રીતે? આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. એને કર્મની અને રાગની નિર્જરા થાય છે. આહા..હા..!

નિયમસારમાં કહ્યું છેને કે બીજા લોકો તારી નિંદા કદાચિત્ કરે આવી વસ્તુને માટે, તું અભક્તિ ન કરીશ માર્ગમાં. વીતરાગી ભાવ જે છે એમાં અભક્તિ નહિ કરીશ. આહા..હા..! સમજાણું કાંઈ? લોકો નિંદા કરશે લ્યો આવો ધર્મ, આવો ધર્મ. ધર્મી વળી રાગ કરે તો કહે કરતો નથી, એ આનંદમાં રહે છે. ભારે ભાઈ તમારી વાત! નિર્જરા (અધિકારની) ગાથા બહુ સારી છે, ઊંચી છે. સત્‌ને જાહેર કરે છે, સત્યની પ્રસિદ્ધિ કરે છે. સત્‌ની પ્રસિદ્ધિ થઈ એને રાગાદિ વ્રતનો રસ પ્રેમ કેમ રહે હવે? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? દુનિયા સાથે મેળ ખાય એવું નથી, ભાઈ! આહા..હા..!

**'ભાવાર્થ :- સમ્યગ્દષ્ટિ નિઃશંકિતગુણસહિત હોય છે...'** આવ્યું હતુંને, **'सर्वाम् एव शङ्कां विहाय'** શંકાને ભય કહો, નિઃશંકને નિર્ભય કહો. એમ એવી શૈલી છે. નિઃશંક એટલે નિર્ભય, શંકા એટલે ભય. આહા..હા..! **'નિઃશંકિતગુણસહિત હોય છે...'** એટલે કે સમ્યગ્દષ્ટિ નિર્ભય ગુણસહિત હોય છે. **'તેથી ગમે તેવા શુભાશુભકર્મના ઉદય વખતે...'** આહા..હા..! શુભકર્મને કારણે સામગ્રી બહુ અનુકૂળ આવે. એવી અનુકૂળતા ત્યાં (હોય)... આહા..હા..! અને અશુભને કારણે પ્રતિકૂળતાના ગંજ આ સાતમી નરકના જેવા આવે. આહા..હા..! શું કીધું એ? **'શુભાશુભકર્મના ઉદય વખતે પણ તેઓ જ્ઞાનરૂપે જ પરિણમે છે.'** કરોડોગણી સામગ્રી અનુકૂળ હોય આમ.

આહા..હા..! હીરાના મકાન હોય, મખમલના ગાદલા પાથર્યા હોય અંદર અને મખમલમાં પણ હીરા જડ્યા હોય ચારે કોર, એક સૂવા સિવાય. એ તો આ ઓલું યાદ કર્યું હતુંને, આ રસીકભાઈ તમારા બનેવી. ત્યાં આહાર કરવા ગયા હતાને મુંબઈ. રસીકભાઈ છેને? એની પાસે પાંચ કરોડ રૂપિયા. મણિભાઈ કરીને. મખમલ પાથરેલા. બધે પગલા કરાવ્યા.

**શ્રોતા :–** મખમલ ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મખમલ શું પણ. તે દિ' એને ત્યાં આહાર કરવો હતો સાંજે, તે દિ' આપણે ભાઈ ગુજરી ગયોને વિજય પુનાવાળો. બહુ માણસ શાંત હતો, બહુ મગજવાળો માણસ. એક વર્ષના પરણેતરે. કિડનીનું દર્દ તો હતું થોડું અને એક વર્ષના પરણેતરે કિડની ખસી ગઈ. ખસી ગઈ કે શું આપણે કાંઈક ખબર ન પડે. કિડનીમાં દર્દ થયું કાંઈક. એ ડોક્ટર જાણે, આપણને ખબર નહિ. એ બિચારો માણસ હુશિયાર હોં! એ તે દિ' આહાર કરવા ત્યાં જવું હતુંને? ત્યાં આપણે પહેલાં જઈ આવ્યા ત્યાં. મરી ગયો બિચારો હમણાં. પોર ગયા હતા એને ત્યાં. અને અહીં મોટા બંગલા મકાન, મખમલ પાથરેલા.

**શ્રોતા :–** મુંબઈમાં બધા સાધન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળમાંય નથી સાધન. શેના કહેવા સાધન? ઈ કહે છે. આહા..હા..! શાતાના ઉદયે સામગ્રી ઢગલા મળે એમ કહે છે. ચક્રવર્તીની સંપદા. આહા..હા..! અને અશુભના ઉદયે આહા..હા..! નિર્ધન, કાળું શરીર, પચ્ચીસ રૂપિયા મહિને જોતા હોય તો પેદા થાય નહિ એવી નિર્ધનદશા. આહા..હા..! અશાતાના ઉદયને લઈને એ (હોય છતાં) ધર્મી પોતાના જ્ઞાનથી ચળતો નથી. આહા..હા..! અશાતામાં ખેદાતો નથી, શાતામાં રાજી થતો નથી. આહા..હા..! આવો માર્ગ છે. ત્યારે તેને ધર્મ અને નિર્જરા થાય. આહા..હા..! શુદ્ધોપયોગની વૃદ્ધિ થવી તેને પણ નિર્જરા કહે છે. આહા..હા..!

**'જેના ભયથી ત્રણલોકના જીવો કંપી ઊઠે છે-ખળભળી જાય છે...'** આહા..હા..! **'અને પોતાનો માર્ગ છોડી દે છે એવો વજ્રપાત થવા છતાં સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના સ્વરૂપને જ્ઞાનશરીરવાળું માનતો... '** પોતાના સ્વરૂપને જ્ઞાનશરીરવાળો માનતો. જ્ઞાન એ મારું શરીર. જાણકસ્વભાવ સ્વરૂપ જે પિંડ (તે મારું શરીર). સમજાણું કાંઈ? શાતા-અશાતાથી મળેલી સામગ્રીઓ મારી નહિ, એમાં હું નહિ, એ મારામાં નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અશાતાના ઉદયને લઈને શરીરમાં સોળ તો રોગ. સાતમી નરકના નારકીને સોળ રોગ પહેલેથી. આહા..હા..! અને ત્યાંની માટી એટલી ઠંડી ત્યાં છે કે જેનો કટકો અહીં લાવે તો દસ હજાર યોજનના માણસો ઠંડીમાં મરી જાય. આહા..હા..! એવી ઠંડીના સામગ્રીના સંયોગમાં પણ ધર્મી સ્વરૂપથી ચળતો નથી. આહા..હા..!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આવે શું? આ તો દાખલો આપ્યો છેને. સિદ્ધાંતે દાખલો આપ્યો છે કે ત્યાં ઠંડી જ એટલી છે કે એનો એક આટલો પુંભડો અહીં લાવે ઠંડી(નો તો) દસ હજાર યોજનમાં માણસો મરી જાય. પહેલી આદિ નરકમાં અગ્નિ છે. એનો એક તણખો જો અહીં લાવે તો દસ ગાઉના માણસો

મરી જાય. આહા..હા..! ત્યાં અનંતવાર રહ્યો. સમકિતી ત્યાં પણ અત્યારે છે શ્રેણિકારાજા લ્યો ને. તીર્થંકર થવાના છે. આહા..હા..! ક્ષણે-ક્ષણે તીર્થંકરગોત્ર બાંધે છે વર્તમાન હોં! આહા..હા..! પણ એને.. આવ્યું નથી ઓલામાં? 'ચિન્મૂર્તિ દગધારીકી મોહે લગત રીતી અટપટી.' નરકમાં બહાર દેખાય દુઃખ પણ અંદરમાં ગટાગટી છે. આહા..હા..! સમકિતી અંદરમાં આનંદને વેદે છે. આહા..હા..! આમ નરકની પીડામાં બહારમાં દેખાય. કીડો જેમ બળતો હોય એવું શરીર ને આહા..હા..! એ તો સામગ્રીમાં છે, આત્મા ત્યાં ક્યાં છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી. જેટલો રાગ છે એટલું દુઃખ છે, પણ અંતરમાં આત્માનું ભાન છે એટલો આનંદ છે. બાહ્ય નરક કૃત દુઃખ ભોગત, અંતર સુખ.. અંતર સુખકી ગટાગટી. આહા..હા..! જેમ ગટ ગટ તૃષા લાગી હોય ને મોસંબીના પાણી મીઠા ગટ ગટ કરે, એમ જ્ઞાની આનંદનો ગટ ગટ કરે છે અંદરથી. આહા..હા..! એ નરકના દુઃખના સંયોગમાં પણ! આહા..હા..! ભિન્ન પડ્યો છે એને અડે શી રીતે હવે? આહા..હા..! હો. એ આવી ગયુંને માથે, નહિ? શુભાશુભકર્મના ઉદય વખતે. શુભકર્મના ઉદયે એટલી સામગ્રી, જુઓ ચક્રવર્તીની સંપદા. આહા..હા..! રાવણના એટલા સાધન હતા કે સ્ફટિકમણિના નીચે બધા પથરા. કારણ કે જે આમ સ્ફટિકમાં ચડે ત્યાં દેખાય અંદર માણસ અંદર પોતે. હવે આમ જાવું કે આમ જાવું? સ્ફટિકના ઓલા શું કહેવાય? સીઢી, સ્ફટિકની સીઢી. ઉતરે ત્યાં નીચે આખો દેખાય સ્ફટિકમાં. એ તો જાણીતા હોય એ જ ચાલી શકે. અજાણ્યા તો.. એમ માર્ગમાં જાણેલા અંદરમાં રહી શકે, અજાણ્યાના કામ નથી એમાં, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! સ્ફટિકમણિ છે ચક્રવર્તીને ઘરે. સ્ફટિકમણિની લાદી હોય છે, સ્ફટિકમણિની લાદી હોય છે. તમારા પથરાની લાદી (નહિ). એય..! પોપટભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** ... સોનાની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય સોનું નથી. પેદા થાય છે એમ કે ત્યાં પૈસાના ઢગલા. એમાં ધૂળમાં શું છે? આહા..હા..! કહે છે કે ધર્મીને શાતાની સામગ્રીનો પાર ન હોય, તોપણ તેના સ્વરૂપથી ચ્યુત થતો નથી અને એમાં લલચાઈ જતો નથી એમ કહે છે. આહા..હા..! અને અશાતાના ઉદયના ગંજ હોય, તો તેમાં ખેદાઈ જતો નથી. આહા..હા..! આવો માર્ગ! સમ્યગ્દર્શનની મહત્તા બતાવે છે. બાપુ! સમ્યગ્દર્શન કરવું એ વસ્તુ છે અને એની મહત્તા આવી અને આટલી છે. સમજાણું કાંઈ?

'**પોતાનો માર્ગ છોડી દે છે એવો વજ્રપાત થવા છતાં સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના સ્વરૂપને જ્ઞાનશરીરવાળું માનતો થકો...**' આહા..હા..! '**જ્ઞાનથી ચલાયમાન થતો નથી. તેને એમ શંકા નથી થતી કે આ વજ્રપાતથી મારો નાશ થઈ જશે;...**' વસ્તુનો નાશ ક્યાં? કોણ કરે? આહા..હા..! ધર્મધારા બહુ સૂક્ષ્મ છે. લોકોએ બહારના ક્રિયાકાંડમાં માની લીધી છેને. આ વ્રત ને અપવાસ ને ભક્તિ ને પૂજા એ બધું બહુ, બાપુ! આહા..હા..! ભગવાનના સ્વરૂપથી ચ્યુત થઈ અને એમાં પડ્યો છે એ ધર્મ નથી. આહા..હા..! '**આ વજ્રપાતથી મારો નાશ થઈ જશે; પર્યાયનો**

**વિનાશ થાય તો ઠીક જ છે...**' એ તો નાશવાન છે જ. આહા..હા..! '**કારણ કે તેનો તો વિનાશિક સ્વભાવ જ છે.**' મારો ભગવાન તો અવિનાશી સ્વભાવવાળો છે. આહા..હા..! અવિનાશી સ્વભાવનો કોઈ નાશ કરી શકે નહિ. ત્રણકાળમાં નથી. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાયનો અર્થ શરીર કે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય એટલે શરીર. શરીર છે અહીં. શરીર. '**વજ્રપાતથી મારો નાશ થઈ જશે; પર્યાયનો વિનાશ થાય તો ઠીક જ છે...**' અહીં પર્યાય એટલે શરીર. '**કારણ કે તેનો વિનાશિક સ્વભાવ જ છે.**' શરીરનો તો. આહા..હા..! એક કોર જ્ઞાનશરીર અને એક કોર જડ શરીર. આહા..હા..!

'**આ અર્થને ગાથા દ્વારા કહે છે :-**' ૨૨૮.

सम्मादिट्ठी जीवा णिस्संका होंति णिब्भया तेण।
सत्तभयविप्पमुक्का जम्हा तम्हा दु णिस्संका।।२२८।।

નીચે હરિગીત.

**સમ્યક્ત્વવંત જીવો નિઃશંકિત, તેથી છે નિર્ભય અને**
**છે સપ્તભયપ્રવિમુક્ત જેથી, તેથી તે નિઃશંક છે. ૨૨૮.**

'**ટીકા :-** કારણ કે **સમ્યગ્દષ્ટિઓ...**' બહુવચન વાપર્યું છેને? ઘણાં છેને? સમ્યગ્દષ્ટિઓ ઘણાં છે એટલે. હા, બહુવચન છેને. '**સમ્યગ્દષ્ટિઓ સદાય...**' આહા..હા..! '**સર્વ કર્મના ફળ પ્રત્યે નિરભિલાષ હોવાથી...**' આહા..હા..! પુણ્યના ફળ હોય તો નિરભિલાષી, પાપના ફળ હોય તો નિરભિલાષી. આહા..હા..! પરવસ્તુ તો જ્ઞેય તરીકે જાણે છે. આહા..હા..! '**કારણ કે સમ્યગ્દષ્ટિઓ સદાય સર્વ કર્મના...**' સર્વ કર્મો એમાં પુણ્ય અને પાપ બધું આવી ગયું. આહા..હા..! અને '**ફળ પ્રત્યે નિરભિલાષ હોવાથી...**' કર્મ નામ ક્રિયા અને કર્મ નામ મળેલા સામગ્રી આદિ '**કર્મ પ્રત્યે અત્યંત નિરપેક્ષપણે વર્તે છે, તેથી ખરેખર તેઓ અત્યંત નિઃશંક...**' છે. આહા..હા..! '**ખરેખર તેઓ અત્યંત નિઃશંક દારૂણ (દૃઢ) નિશ્ચયવાળા હોવાથી...** ' આહા..હા..! '**અત્યંત નિર્ભય છે...**' જોયું! '**નિઃશંક દારૂણ નિશ્ચયવાળા હોવાથી અત્યંત નિર્ભય છે...**' આહા..હા..! અગ્નિમાં શરીર નાખે પરમાધામી. આહા..હા..! શરીરના પારાના જેમ ભુક્કા થાય એમ ભુક્કા થઈ જાય. મને કાંઈ છે નહિ, હું તો છું તે છું. આહા..હા..! મારું જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસ્વભાવરૂપી મારું શરીર એ તો વજ્રની પેઠે કોઈથી હણાય એવું છે નહિ. આહા..હા..! શરીર તો હણાય તો હણાવાયોગ્ય છે. એ તો કીધું માથે. આહા..હા..! '**અત્યંત નિર્ભય છે...**' એકલા નિર્ભય સાધારણ રાખ્યા નથી. આહા..હા..! '**એમ સંભાવના કરવામાં આવે છે (અર્થાત્ એમ યોગ્યપણે ગણવામાં આવે છે).** ' એમ કહે છે. આહા..હા..! જેને ધર્મ આત્મસ્વભાવ ત્રિકાળી શાશ્વત ચૈતન્યમૂર્તિ ભગવાન એનું જેને ભાન થયું, વેદન થયું, અનુભવ થયો એ અત્યંત નિઃશંક અને નિર્ભય છે, કહે છે. આહા..હા..! '**એમ સંભાવના**

કરવામાં આવે છે (અર્થાત્ એમ યોગ્યપણે ગણવામાં આવે છે). '

'**હવે, સાત ભયનાં કળશરૂપ કાવ્યો કહેવામાં આવે છે, તેમાં પ્રથમ આ લોકના તથા પરલોકના એમ બે ભયનું એક કાવ્ય કહે છે :-**' આ નિઃશંક કીધુંને નિર્ભય? હવે સાત ભયનો અભાવ બતાવે છે.

(शार्दूलविक्रीडित)

लोकः शाश्वत एक एष सकलव्यक्तो विविक्तात्मन-
श्चिल्लोकं स्वयमेव केवलमयं यल्लोकयत्येककः।
लोकोऽयं न तवापरस्तदपरस्तस्यास्ति तद्भीः कुतो
निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५५।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- આ ચિત્સ્વરૂપ લોક જ...**' '**एषः**' છેને? આ જ્ઞાનસ્વરૂપ પ્રત્યક્ષ લોક એમ કહે છે અહીં તો. આહા..હા..! '**एषः**' છેને? આ. આ જ્ઞાનમાં પ્રત્યક્ષ થયો છે ભગવાન આત્મા એમ કહે છે. '**આ ચિત્સ્વરૂપ લોક જ...**' જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા એ મારો ચિત્સ્વરૂપ લોક. આહા..હા..! '**विविक्तात्मनः**' '**ભિન્ન આત્માનો (અર્થાત્ પરથી ભિન્નપણે પરિણમતા આત્માનો)**' '**शाश्वतः एकः सकल-व्यक्तः लोकः**' આહા..હા..! મારો તો '**શાશ્વત, એક અને સકલવ્યક્ત...**' વસ્તુ વ્યક્ત છે એમ કહે છે. એ તો પર્યાયની અપેક્ષાએ એને અવ્યક્ત કહેવામાં આવે. છ બોલ છેને? ૪૯ (ગાથા). છ દ્રવ્યસ્વરૂપ લોક વ્યક્ત છે, જ્ઞેય છે, વ્યક્ત છે, તેનાથી ભિન્ન ભગવાન અવ્યક્ત છે. એ આ પર્યાયમાં આવ્યો નથી એ અપેક્ષાએ. વસ્તુ તરીકે વ્યક્ત છે. આહા..હા..! ભગવાન આત્મા અહીં વ્યક્ત કહે છે, ત્યાં અવ્યક્ત કહ્યું. સમજાણું કાંઈ? '**સકળ વ્યક્ત છે...**' આહા..હા..! શાશ્વત છે, એક છે. એક સ્વરૂપે છું. સકળ પ્રગટ આખો ભગવાન ધ્રુવ નિત્યાનંદ '**एषः**' પ્રત્યક્ષ છે કહે છે. જુઓ, આ ધર્મીની દૃષ્ટિ. આહા..હા..! છ બોલ છે ને અવ્યક્તના? છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય છે, વ્યક્ત છે, તેનાથી ભગવાન આત્મા ભિન્ન તે અવ્યક્ત છે. એ આ અપેક્ષાએ. ઓલા વ્યક્ત છે ને એ અપેક્ષાએ અવ્યક્ત કીધું, પણ પોતાની અપેક્ષાએ તો વ્યક્ત પ્રગટ છે આખો. આહા..હા..! આવો ઉપદેશ અને આવી વાત હવે કોઈ દિ' સાંભળી ન હોય માણસે કે આ શું હશે? ઘડીકમાં એને વ્યક્ત કહેવો અને ઘડીકમાં અવ્યક્ત કહેવો. છ બોલ છેને ત્યાં?

કષાયના સમૂહનો ભાવકભાવ તે વ્યક્ત છે, તેનાથી ભગવાન ભિન્ન (છે) માટે અવ્યક્ત છે. આહા..હા..! ચૈતન્યના સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ અંતર્ગત છે માટે તે અવ્યક્ત છે. ક્ષણિક વ્યક્તિમાત્ર પર્યાયની ક્ષણિકની વ્યક્તિમાત્ર નથી માટે તે ભગવાન અવ્યક્ત છે. વ્યક્ત-અવ્યક્તને એક સાથે જાણવા છતાં ભગવાન વ્યક્તને સ્પર્શતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યક્ત નામ પર્યાય અને અવ્યક્ત નામ દ્રવ્ય, બેનું જ્ઞાન એક સાથે હોવા છતાં વ્યક્તને દ્રવ્ય અડતું નથી. ગંભીર વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પોતે પોતાથી બાહ્ય-અભ્યંતર અનુભવમાં આવવા છતાં

વ્યક્ત પ્રત્યે તે ઉદાસ છે. ઉદાસીન પ્રતિભાસે છે. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ તેને ત્યાં અવ્યક્ત કહ્યો, એને અહીંયાં વ્યક્ત કહ્યો. છે?

આખો છે, વસ્તુ છેને. ચિદ્‌બિંબ. જ્ઞાન અને (અનંત) ગુણનું ગોદામ આખું ધામ ધ્રુવ. આહા..હા..! અને એક-એક ગુણની અપરિમિત શક્તિ, એક-એક શક્તિ એવી અનંત શક્તિ. ૪૭ તો લીધી, પણ એવી અનંત અને એક એક શક્તિની અનંતી શક્તિ. આહા..હા..! એવો વજ્રમય ભગવાન ધ્રુવ કોઈ દિ' હલે નહિ, પરિણમે નહિ. આહા..હા..! એને અહીંયાં વ્યક્ત કહેવામાં આવે છે. સમજાણું? ઓલાને અવ્યક્ત કીધો ત્યાં, અહીં વ્યક્ત (કીધો). કઈ અપેક્ષા છે એ ન જાણે શબ્દ.

'સકળવ્યક્ત લોક છે; કારણ કે... ' **'केवलम् चित्लोकं' 'માત્ર ચિત્સ્વરૂપ લોકને આ જ્ઞાની આત્મા સ્વયમેવ એકલો અવલોકે છે-'** આહા..હા..! ચિત્ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એને આ આત્મા સ્વયમેવ પરની અપેક્ષા વિના એકલો અવલોકે છે એમ કહે છે. આહા..હા..! એકલો અનુભવે છે. આહા..હા..! જેને વ્યવહારરત્નત્રયની અપેક્ષા પણ નથી... સમજાણું કાંઈ? એવો અનુભવે છે. લ્યો, **'આ ચિત્સ્વરૂપ લોક જ તારો છે, તેનાથી બીજો કોઈ લોક આ લોક કે પરલોક તારો નથી... '** આહા..હા..! **'એમ જ્ઞાની વિચારે છે, જાણે છે,... '** લ્યો! **'તેથી જ્ઞાનીને આ લોકનો તથા પરલોકનો ભય ક્યાંથી હોય? તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.'** લ્યો! આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા સુદ-૩, શનિવાર, તા. ૨૨-૦૧-૧૯૭૭, કળશ-૧૫૫-૧૫૬, પ્રવચન નં. ૨૯૯

સમયસાર, ૧૫૫ કળશનો ભાવાર્થ. **'આ ભવમાં જીવન પર્યંત અનુકૂળ સામગ્રી રહેશે કે નહિ? એવી ચિંતા રહે તે આ લોકનો ભય છે.'** મરતા સુધી આ બધી સગવડતા રહેશે કે નહિ? આહા..હા..! અજ્ઞાનીને આવો ભય હોય છે. **'આ ભવમાં જીવન પર્યંત...'** શરીરની અનુકૂળતા, બહારની સામગ્રી શરીરને ટકાવવાની, કુટુંબને ટકાવવાની એ બધી સરખી રહેશે કે નહિ? આહા..હા..! **'એવી ચિંતા રહે તે આ લોકનો ભય છે.'** એ જ્ઞાનીને હોતો નથી એમ કહે છે. આહા..હા..! આનંદસ્વરૂપ ભગવાન આત્મા, નિત્ય ચિદાનંદ ધાતુ જેણે જ્ઞાન અને આનંદ ધારી રાખ્યા છે... આહા..હા..! એવું હું તત્ત્વ છું, મારે બીજો લોક ક્યાં છે? મારો લોક તો આ છે. આહા..હા..! **'પરભવમાં મારું શું થશે? એવી ચિંતા રહે તે પરલોકનો ભય છે.'** ક્યાં મરીને જઈશ? ક્યાં જઈશ એની ખબર ન મળે અજ્ઞાનીને. એવી પરલોકની ચિંતા અજ્ઞાનીને હોય છે. **'જ્ઞાની જાણે છે...'**

**શ્રોતા :–** હવે તો અજ્ઞાની એવા થયા છે કે પરલોકને માનતા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરલોકને માને નહિ એટલે શું? આત્મા છે એ છે કે નહિ? ક્યાંક જાય છે કે નહિ? પોતાના સ્વરૂપને છોડીને પરલોકમાં રખડે છેને અનાદિથી? આહા..હા..!

**'જ્ઞાની જાણે છે કે—આ ચૈતન્ય જ મારો એક,...'** આહા..હા..! ચૈતન્ય, તે પણ એક અને તે પણ નિત્ય. આહા..હા..! **'એક નિત્ય લોક છે કે જે સર્વ કાળે પ્રગટ છે.'** આવ્યું હતુંને અંદર સકળ વ્યક્ત. સકળ વ્યકત કાલે આવ્યું હતું. પ્રગટ છે. વસ્તુ આનંદ ને જ્ઞાનસ્વરૂપ વિદ્યમાન પ્રગટ છે. આહા..હા..! એમ પર્યાયમાં સમકિતીને નિર્ણય હોય, અનુભવ હોય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'આ મારો ચૈતન્યસ્વરૂપ લોક તો કોઈથી બગાડ્યો બગડતો નથી.'** આહા..હા..! ભગવાન ચૈતન્ય. **'लोक्यंति इति लोकः'** જેમાં ચૈતન્ય જણાય તે આત્મા. આહા..હા..! આમ કહેવાય છેને લોક્યંતિ ઈતિ લોક. જેમાં વસ્તુ જણાય તે લોક. આ લોકને કેમ કીધું? **'लोक्यंति इति लोकः'**. જેમાં વસ્તુ જણાય તે લોક. એમ આ **'लोक्यंति इति लोकः'**. મારો ચૈતન્ય લોક, મારા ચૈતન્યસ્વભાવથી જણાય એવો હું ચૈતન્યલોક છું. આહા..હા..! **'लोक्यंति'** પોતાની જ્ઞાનપર્યાયથી નિત્યાનંદ પ્રભુને અવલોકે એ સ્વલોક છે. આહા..હા..! આવી વાતું.

**શ્રોતા :–** પોતાનું .. છે જ નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ક્યાંય ત્રણકાળમાં પર્યાય એની નથી, નાશવાન છે ત્યાં પછી.. આહા..હા..! પર્યાય એટલે શરીર નહિ, એની પર્યાય. આહા..હા..! નાશવાન છે, અવિનાશી નિત્યાનંદ પ્રભુ તું છો. આહા..હા..! આવો સંસાર છે. મારો લોક તો **'लोक्यंति'** જેમાં જણાય છે ચૈતન્ય તે મારો લોક છે. રાગાદિ પણ મારો લોક નથી તો પરલોક તો ક્યાં રહ્યો? આહા..હા..! મારામાં જણાય **'लोक्यंति'** એ તો જ્ઞાયકસ્વભાવ જણાય છે. આહા..હા..! અજ્ઞાનીને આ લોકનો બહારનો સામગ્રીનો અને પરલોકનો .. ભય હોય છે. આહા..હા..!

**'આ મારો ચૈતન્યસ્વરૂપ લોક તો કોઈથી બગાડ્યો બગડતો નથી. આવું જાણતા જ્ઞાનીને આ લોકનો કે પરલોકનો ભય ક્યાંથી હોય?'** આહા..હા..! બહારની સામગ્રી પણ મારી નથી. આહા..હા..! કાલે તો બહુ આવ્યું હતું બપોરે. કાળની અગ્નિમાં ઈંધણ થઈ જશે જગતના .. કાળાગ્નિમાં ઈંધણ. કાળરૂપી અગ્નિમાં, લાકડા જેમ બળી જશે એમ બળશે. આહા..હા..! જિનમંદિર દેવ, શાસ્ત્ર કાળઅગ્નિના ઈંધણ છે એમ કહે છે. આહા..હા..! આવું છે. જુઓને આ ક્ષણમાં ઊડી ગયા લ્યો ભાઈ. શેઠ! સાંભળ્યું? વજુભાઈનો દીકરો. ૪૫ વર્ષની ઉંમર કાલે સાડા અગિયારે હાર્ટ ફેઈલ થઈ ગયું કચ્છમાં. આપણા વજુભાઈ, હિંમતભાઈના ભાઈ. ૪૫ વર્ષની ઉંમર. કચ્છમાં નોકરી બેંકમાં. હજારનો પગાર હતો. સાડા અગિયારે. બેય ગયા બિચારા. હિંમતભાઈ ને ઈ. ઓલી રાજુલ નહિ એની દીકરી? જાતિસ્મરણ. જાતિસ્મરણ થયું એનો બાપ. ૪૫ વર્ષની ઉંમર. આહા..હા..! આ સંસાર. કચ્છમાં. બેય ગયા છે બિચારા. વજુભાઈ ને એની વહુ અને વજુભાઈ અને હિંમતભાઈ ત્રણ ગયા છે મોટર લઈને. અને નાના છોકરા બે છે. આ સંસાર એવો છે. નાખે જ્યાં પડાવ ત્યાં મારું માનીને બેસે.

આહા..હા..! મારો નાથ મારી પાસે છે ત્યાં પડાવ કરતો નથી.

હું તો ચૈતન્યસ્વરૂપ લોક મારાથી 'लोक्यंति'—અવલોકાય તે મારો લોકો છે. આહા..હા..! બહારના ભભકા બધા નાશવાન છે. આહા..હા..! ગયા છે બિચારા .. કચ્છમાં. પછી કાઢશે. આ સંસાર તો જુઓ. આ લોકની સામગ્રી અને પરલોકની સામગ્રી એ આત્માની ક્યાં છે? એની સામગ્રી તો અનંતગુણ સમાજસ્વરૂપ ભગવાન, અનંતગુણ સમાજ સામ્રાજ્ય એવો ભગવાન આહા..હા..! એ એનો લોક છે અને એ એની ચીજ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? **'આવું જાણતા જ્ઞાનીને આ લોકનો કે પરલોકનો ભય ક્યાંથી હોય? કદી ન હોય. તે તો પોતાને સ્વભાવિક જ્ઞાનરૂપ જ...'** પોતાને. **'પોતાને સ્વભાવિક જ્ઞાનરૂપ જ અનુભવે છે.'** મારો સ્વભાવ જ જ્ઞાનરૂપ છે એને અનુભવે છે. આહા..હા..! આનુ નામ ધર્મ છે. સમજાણું કાંઈ? બપોરે જ કાલે આવ્યું હતું બધું કે જિનમંદિર, દેવ-ગુરુ-શાસ્ત્ર કાળ અગ્નિના ઇંધણ. આહા..હા..! ભગવાન આત્મા ધર્મીને તો એવો ધર્મ ભાસ્યો છે. આહા..હા..! ચૈતન્યસ્વરૂપ ધર્મસ્વભાવ એ હું છું. ત્રિકાળ હોં! આહા..હા..! હું એક ધર્મી એટલે આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ જે મારો ધર્મ તે હું છું. આહા..હા..! એ પર્યાયમાં એમ અનુભવે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ બહુ ભાઈ! ૧૫૫ થયો એ. વેદનાભય.

(शार्दूलविक्रीडित)

एषैकैव हि वेदना यदचलं ज्ञानं स्वयं वेद्यते
निर्भेदोदितवेद्यवेदकबलादेकं सदानाकुलैः।
नैवान्यागतवेदनैव हि भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५६।।

'**एष एक एव**' ત્રણ શબ્દ છે. આહા..હા..!

આહા..હા..! '**निर्भेद-उदित-वेद्य-वेदक-बलात्**' **'અભેદસ્વરૂપ વર્તતા વેદ્ય-વેદકના બળથી...'** જુઓ, આ વેદ્ય-વેદક આવ્યું હતું ૨૧૬માં એ બીજું છે. આહા..હા..! ૨૧૬માં આવ્યું હતું, ૨૧૬માં. વેદ્ય-વેદક એટલે વર્તમાન ઈચ્છા થાય કે અમુક પદાર્થને હું ભોગવું એને અહીંયા ઈચ્છાને વેદ્ય કહેવામાં આવે છે. એ ટાણે એ વસ્તુ હોતી નથી. આહા..હા..! અને વસ્તુનો સંયોગ જ્યારે થાય ત્યારે આ વસ્તુને ભોગવું એ ઈચ્છા રહેતી નથી. આહા..હા..! હતા કે નહિ ત્યાં તમે નહોતા? ૨૧૬માં. આહા..હા..! બહેન આવ્યા હતા. કાંક્ષમાણ જે ચીજ નથી તેની ઈચ્છા કરે છે એ ઈચ્છાના કાળને વેદ્યકાળ કહેવાય છે અને જ્યારે સામગ્રી આવે છે એને ભોગવવાનો કાળ હોય ત્યારે ઓલો વેદ્યકાળ હોતો નથી. આહા..હા..! કેમકે બેય વિભાવ છે. આહા..હા..! એ વિભાવની કાંક્ષા અને વેદન જ્ઞાની કેમ કરે? કહે છે. આહા..હા..! જ્ઞાની તો પોતાનું વેદ્ય-વેદક કરે. આહા..હા..! છે? **'વેદ્ય-વેદકના બળથી (અર્થાત્ વેદ્ય અને વેદક અભેદ જ હોય છે...'** આહા..હા..! વેદનારો પણ હું અને વેદન કરનારો પણ હું. આહા..હા..! આનંદનું વેદન એ હું અને આનંદની ભાવનાવાળો પણ હું. આહા..હા..!

આવી વાતું. વ્યવહારવાળાને આકરું પડે બિચારાને.

**શ્રોતા :–** બહાર કાંઈ કરવાનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બહાર શું કરે? કરી શકે છે બહાર? રાગ-વિકલ્પનો પણ કર્તા થાય એ મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન વિકારને કેમ કરે? શું એમાં વિકાર કરવાની શક્તિ—ગુણ છે? આહા..હા..! એ તો અનંતગુણનો પવિત્ર પિંડ પ્રભુ છે. આહા..હા..! ભાઈ! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે. આહા..હા..! આનંદ અને જ્ઞાનસ્વરૂપથી ભરેલો ભગવાન.. આહા..હા..! એને રાગનું કરવું ને વેદવું એ સ્વરૂપમાં છે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? ધર્મીને તો આનંદની ભાવના અને આનંદનું વેદન. આહા..હા..! આવી વાતું આકરી પડે છે માણસને. 'પણ એનું સાધન શું?' હવે એમ કહે છે. એ જ સાધન છે. રાગથી ભિન્ન પડીને આનંદનો અનુભવ કરવો એ જ સાધન છે. પ્રજ્ઞાછીણી નહોતું આવ્યું? પ્રજ્ઞાછીણી આવે છે. એ અનુભવ છે. પ્રજ્ઞાછીણી શબ્દ છે એ રાગથી ભિન્ન પાડીને અનુભવવો એનું નામ પ્રજ્ઞાછીણી છે. એટલે એ પ્રજ્ઞાછીણી એ જ સાધન અને એ અનુભવ એ જ સાધન છે. માર્ગ એવો છે, બાપુ! અરેરે..! દેહ ચાલ્યા જાય છે. બધું પડ્યું રહે. કટકો એક સાથે નહિ આવે એને. આહા..હા..! રાગ કર્યો હશે પુણ્યનો એના બંધન થયા હશે રજકણના એ રજકણ પણ એને મદદ નહિ કરે. આહા..હા..! શુભભાવ થયા હશે એના પડ્યા હશે શાતાવેદનીયના રજકણો, એ પણ જીવને શરણ નથી.

'**निर्भेद-उदित-वेद्य-वेदक-बलात्** ' ભાષા દેખો! '**निर्भेद-उदित-वेद्य-वेदक** ' ભેદ વિનાનો અભેદ વેદ્ય-વેદક આત્મા એમ કહે છે. જુઓ, ૨૧૬માં હતું એ વિભાવનું વેદન. આહા..હા..! આ તો ભગવાન આત્મા આનંદને વેદવાને લાયક અને આનંદનો વેદ્ય કરનારો. આહા..હા..! એવો આત્મા એ અભેદને વેદે એમ કહે છે. નિર્ભેદ કીધુંને? નિર્ભેદ કહો કે અભેદ કહો. એને '**उदित**' એવી પ્રગટ દશા આનંદની એને વેદે. વેદવાલાયક પણ એ અને વેદનાર પણ એ. આહા..હા..! આવી વાત.

**શ્રોતા :–** એક સમયની પર્યાયમાં વેદ્ય અને વેદક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક સમયની પર્યાયમાં. ના, ના, પર્યાયમાં. વેદવાની લાયકાત પણ આનંદની અને વેદનાર પણ આનંદ, દ્રવ્ય તો દ્રવ્ય છે, એ નહિ. એ તો દ્રવ્ય છે. એને ક્યાં વેદવું છે? દ્રવ્ય વેદાતું નથી. આહા..હા..! તેથી કહ્યુંને ૨૦મા બોલમાં અલિંગગ્રહણ, ૧૭૨ ગાથા, ભગવાન આત્મા પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે સામાન્ય દ્રવ્ય તે આત્મા તેને વેદતો નથી. આહા..હા..! આત્મા તો પોતાની પર્યાય શુદ્ધ છે એને વેદે છે. માટે, શુદ્ધ પર્યાય તે આત્મા છે એમ કીધું છે ત્યાં. દ્રવ્ય છે એ છે ભલે. દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે, પણ વેદન પર્યાયમાં છે. આહા..હા..!

**શ્રોતા :–** વેદે છે કોણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાય વેદે છે. આત્મા દ્રવ્ય વેદે છે ક્યાં? દ્રવ્ય તો.. એ આત્મા સામાન્યને અડતો પણ નથી એ દ્રવ્ય. પરિણમન પર્યાય છે એ વેદન છે. ત્યાં તો તેથી કહ્યું, ૧૮મા બોલમાં એમ કહ્યું, અર્થાવબોધરૂપ એવો જે વિશેષગુણ તેને આત્મા અડતો નથી. આહા..હા..! ભેદને અડતો નથી.

આહા..હા..! અને અર્થાવબોધ વિશેષ પર્યાય તેને આત્મા અડતો નથી. આહા..હા..! બાપુ! એની રમતું બધી દ્રવ્ય અને પર્યાય વચ્ચે છે, બહારમાં કાંઈ છે નહિ. આહા..હા..! ત્રીજા બોલમાં એ કહ્યું, પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે સામાન્ય તેને આત્મા અડતો નથી એવો શુદ્ધ પર્યાય તે આત્મા છે. એ વેદન થયું શુદ્ધ પર્યાય તે હું છું. મારે વેદનમાં પર્યાય આવી છે, વેદનમાં દ્રવ્ય આવતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ મારગડા જુદાં, બાપા! આહા..હા..! લોકોને બિચારાને મળ્યા નથી, સાંભળ્યું નથી ને એટલે વિરોધ ઊભો કરે વ્યવહારના પક્ષવાળા. આહા..હા..! કઈ નયે અને કઈ અપેક્ષાથી કહ્યું એ ન સમજે. ભાઈ! આહા..હા..!

શુદ્ધ પર્યાયને જ વેદે છે. દ્રવ્યને શું વેદે? દ્રવ્ય-ગુણ તો સામાન્ય છે, એ તો ધ્રુવ છે. તેથી એમ કહ્યુંને ૧૭૨ ગાથા અલિંગગ્રહણના ૨૦ બોલ. ૨૦માં એ, પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે સામાન્ય તેને આત્મા સ્પર્શતો નથી એવો શુદ્ધ પર્યાયસ્વરૂપ આત્મા છે. આહા..હા..! અહીં તો અમને વેદનમાં આવ્યો એ મારો આત્મા. આહા..હા..! ભારે વાતું બાપા આવી. આહા..હા..! મારગડા એના જન્મ-મરણના અંતના... આહા..હા..! અત્યારે ત્યાં શું થતું હશે બિચારાને જુઓને. મડદું પડ્યું હશે. છોકરા નાના બે, છોડી નાની. આહા..હા..! આ સંસાર. બાપુ! કોણ છે ભાઈ? તું ક્યાં ત્યાં હતો? તું જ્યાં છો જેમ છે તેમ એને તો તેં જાણ્યો નહિ અને માથાકુટ કરી આ બધી બહારની. આહા..હા..!

અહીં તો પહેલો એક શબ્દ પડ્યો છે જુઓ, '**निर्भेद-उदित**' અભેદપણે પ્રગટ થઈ દશા. વેદક હું અને વેદનારો પણ હું એમ. આહા..હા..! '**उदित**' છે ને એટલે વર્તતા કહ્યું. '**અભેદ સ્વરૂપ વર્તતા...**' એમ કહ્યુંને? એ ઉદિતનો અર્થ વર્તતા કહ્યું. નિર્ભેદપણે પ્રગટ થતી, વર્તતી '**वेद्य-वेदक-बलात्**' આહા..હા..! શાંતિથી સમજવા જેવી વાત છે, બાપા! ભગવાન! તારી મહિમાનો પાર નથી. આહા..હા..! કહે છે કે આત્માને સમકિતીને.. આહા..હા..! અભેદ એવો આત્મા એના ઉપર દૃષ્ટિ હોવાથી એની પર્યાયમાં અભેદપણે જે વેદ્ય-વેદક વર્તે છે એને એ અનુભવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું ઝીણું પડે એટલે માણસને પકડાય નહિ ઝટ અને અભ્યાસ નહિ. અરે..! પ્રભુ! તું કોણ છો? આહા..હા..! શ્રીમદ્દે ન કહ્યું? 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' શું સ્વરૂપ છે મારું ખરું? આહા..હા..! 'કોના સંબંધે વળગણા એ રાખું કે પરહરું? એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા, તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.' આહા..હા..! કહે છે... આહા..હા..!

'**निर्भेद-उदित-वेद्य-वेदक-बलात्**' આહા..હા..! છેને? આહા..હા..! ભગવાન અભેદ સ્વરૂપની દૃષ્ટિ હોવાથી આત્માની એ અભેદની પરિણતિ જે પ્રગટી ભેદમાં—વર્તમાન પર્યાયમાં એનો વેદનારો પણ હું અને વેદક પર્યાય પણ મારી. આહા..હા..! એના બળથી તે અનુભવે છે આત્માને, આમ કહે છે. આહા..હા..! '**એવી વસ્તુસ્થિતિના બળથી...**' એમ કહીને એમ પણ કહ્યું કે વ્યવહારરત્નત્રયના વિકલ્પના બળથી આ અભેદ અનુભવમાં નથી આવતો. આહા..હા..! આ એ રાડ પાડે છે ને પંડિતો બધા? એ.. વ્યવહાર ધર્મને માનતા નથી, વ્યવહાર ધર્મનો લોપ કરે છે. વાત સાચી છે, બાપા! એ વાત સાચી છે તારી.

વસ્તુ ક્યાં છે? પણ એ વસ્તુમાં ક્યાં વ્યવહાર છે? આહા..હા..! પરાશ્રય વ્યવહાર સર્વ નિષેધ છે. આહા..હા..! આ શબ્દમાં તો એમ કહ્યું કે જે વ્યવહારનો વિકલ્પ છે એ પણ વેદ્યવેદકમાં આવતો નથી અને એને લઈને વેદ્યવેદક અનુભવ થતો નથી એમ કહે છે. આહા..હા..! આમાં શું કરવાનું છે એ આ નથી આવતું? પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એની અભેદપણાની દૃષ્ટિ થતાં તેની પર્યાયમાં અભેદની નિર્મળ દશા ઉત્પન્ન થાય તેને વેદ્યવેદકપણે વેદે તેનું નામ ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત! પછી લોકો એમ કહે છે કે નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય.. કરે છે. બાપુ! નિશ્ચય એટલે સત્ય છે, ભાઈ! એમ તું મશ્કરી ન કર, નાથ! તારું સ્વરૂપ (વિપરીત માન્યતા) તને હેરાન કરશે. આહા..હા..! માન્યતા એવી તને હેરાન કરશે. આહા..હા..! એક ઠેકાણે એવું આવ્યું હતું, આપણા આત્માનું હિત છે, બાપુ! એમ કહીને હું પણ આત્મા અને તું પણ આત્મા. એ આત્માનો જે અભેદ અનુભવ તે આત્મા. આહા..હા..! આપણા આત્માના હિતની વાત છે, પ્રભુ! તું એમાં વ્યવહારથી થાય એમ રહેવા દે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :–** વ્યવહાર તો સાધન કહ્યું અને વ્યવહારનો નિષેધ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સાધન ક્યાં હતું? ધૂળનું સાધન. એ તો સ્વરૂપનું સાધન પોતે કર્યું છે ત્યારે રાગ છે તેને સાધનનો આરોપ નિરૂપણ કથન કરવામાં આવે છે. નિશ્ચયસમ્યગ્દર્શન જેના અનુભવમાં છે એ વ્યવહારસમ્યગ્દર્શનમાં નિશ્ચયસમકિત ગર્ભિત પરિણમનરૂપ કાયમ છે. આવે છે ને રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં. આહા..હા..! પણ એ વ્યવહારસમકિત એટલે શું? એ તો રાગ છે. પણ નિશ્ચયસમ્યક્‌નો ત્યાં આરોપ આપીને વ્યવહારસમકિત (કહ્યું છે), નહિતર એ તો રાગ છે. રાગ તો સમ્યગ્દર્શનની ઊલટી પર્યાય નથી અને સૂલટી પણ નથી. આહા..હા..! એ તો ચારિત્રગુણની ઊલટી પર્યાય છે. એને વ્યવહાર સમકિત કહેવું બાપુ, એ તો કથનની શૈલી છે. એક સાધનને બીજું સાધન કહેવું, નિશ્ચયને વ્યવહાર કહેવો, ઉપાય જે છે તેને બીજો ઉપાય કહેવો એ નિરૂપણ કથન છે. સમજાણું કાંઈ? આહા..હા..! પહોંચી શકે નહિ પછી બહારથી ઝઘડા ઉઠાવે. બાપુ! શું થાય ભાઈ? આહા..હા..! આવા ટાણા આવ્યા અને જો ન કર્યું કાંઈ બાપુ! ભાઈ! ક્યારે કરીશ તું? ક્યાં જઈશ તું? આહા..હા..! જવાનું તો વસ્તુ પોતે છે ત્યાં જાને. રાગમાં અને બહારમાં જઈને તને શું થશે? આહા..હા..! ઓહો..હો..!

**'निर्भेद–उदित–वेद्य–वेदक–बलात्'** આહા..હા..! વસ્તુ ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એમાં જેની દૃષ્ટિ પડી ગઈ. આહા..હા..! એની પર્યાયમાં આનંદનું વેદન અને વેદનારો એવી ઉદિત દશા થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ વાત મારગડા.. આહા..હા..! જેના ફળ અનંત આનંદ (આવે) એ માર્ગ એવા જ હોયને બાપા! આહા..હા..! ઘાણીએ પીલાઈને મરી જાય છે અનંતકાળથી. આહા..! આકુળતાની ઘાણી હોં! આહા..હા..! શુભભાવ એ આકુળતા છે, એ દુઃખ છે, એ દુઃખ આત્માના આનંદનું કારણ થાય? દુઃખ આનંદનું કારણ થાય? છતાં એને રાગને મોક્ષમાર્ગ કહ્યો. એ તો કથનરૂપે નિરૂપણ કરવામાં એકનો બીજામાં આરોપ કરીને (કહ્યું છે), બાપુ! તેથી મોક્ષમાર્ગ કહ્યો છેને ત્યાં ટોડરમલે, આ નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર લક્ષણ આ જાણવું. આહા..હા..! ટોડરમલે કામ કર્યું છે. પણ

આ લોકો પોતાની પંડિતાઈના અભિમાનમાં એને માને નહિ, ટોડરમલ નહિ. ભગવાન! અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે એમ કહે છે, ટોડરમલ અને બનારસીદાસ અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે. પ્રભુ! કેવળજ્ઞાનના વિરહમાં આમ ન હોય, ભાઈ! આહા..હા..!

**શ્રોતા :–** અધ્યાત્મનો વિષય... એવો જ હશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અધ્યાત્મના કરનારાઓની આવી મશ્કરી કરે અજ્ઞાનીઓ. આહા..હા..! બાપુ! એવું છે, ભાઈ!

ઓહો..હો..! વસ્તુની સ્થિતિ, વસ્તુસ્થિતિના બળથી. શું કહ્યું સમજાય છે? આત્મા આનંદસ્વરૂપ ભગવાન એની પર્યાયમાં આનંદનું થવું, આનંદની ભાવના અને આનંદનું વેદન બધું એક સમયમાં ભેગું છે. એ વસ્તુસ્થિતિના બળથી વેદે છે. આહા..હા..! આ તો અમૃતચંદ્રાચાર્ય એટલે? આહા..હા..! એક શબ્દ પદ લ્યો તો કેટલું છે એમાં! આહા..હા..! ગણધર પંચમ આરાના ગણધર જેવું કામ કર્યું. કુંદકુંદાચાર્યે પંચમ આરાના તીર્થંકર જેવું. આહા..હા..! વસ્તુને સૂર્યની પેઠે જાણે દેખાય એમ મૂકી દે છે. બાપુ! આવો છોને, ભાઈ! તું દેખનારને દેખને. આહા..હા..! દેખાય છે બીજી ચીજ એ તો તારામાં આવતી નથી. આહા..હા..! દેખનારો જેને દેખે છે એ ચીજ તો દેખનારની પર્યાયમાં આવતી નથી. આહા..હા..! જે પર્યાય દેખનારને દેખે એમાં પર્યાયમાં દ્રવ્ય આવે છે, એની શ્રદ્ધા અને એનું જ્ઞાન. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'निर्भेद-उदित-वेद्य-वेदक-बलात्' 'यद् एकं अचलं ज्ञानं स्वयं अनाकुलैः सदा वेद्यते'** જુઓ, જ્ઞાન અને આનંદ બે ત્યાં હોય છે બસ. **'એક અચળ જ્ઞાન જ...'** અચળ જ્ઞાન જ **'સ્વયં નિરાકુળ પુરુષો વડે સદાય વેદાય છે,...'** અચળ તો ત્રિકાળી છે, પણ અચળ જ્ઞાન ઉપર દૃષ્ટિ છે ને માટે અચળ વેદાય છે એમ કહ્યું છે.

પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો મોટા મંત્રો છે, બાપા! આહા..હા..! જાગ રે જાગ જીવ, તું સૂતો કેમ તને પાલવે, ભાઈ? આહા..હા..! આવા ટાણા આવ્યા ત્યાં સૂવું ન પાલવે નાથ! આહા..હા..! ભગવાન છોને પ્રભુ તું. તારી મહિમાની તને ખબર નથી અને બહારમાં તારી મહિમા જાય છે, રાગમાં ને સંયોગમાં ને ધૂળમાં. આહા..હા..! વેચાઈ ગયો તું બહારની મહિમામાં. આહા..હા..!

**'એક અચળ જ્ઞાન જ સ્વયં નિરાકુળ પુરુષો વડે...'** જોયું! જ્ઞાન અને આનંદ બેય નાખ્યા. **'એક અચળ જ્ઞાન જ...'** રાગ નહિ, પુણ્ય નહિ, વિકલ્પ નહિ. આહા..હા..! **'સ્વયં નિરાકુળ પુરુષો વડે...'** આહા..હા..! જેણે રાગનો અભાવ કર્યો છે એવા **'સ્વયં નિરાકુળ પુરુષો વડે સદાય વેદાય છે,...'** ઓહો..હો..! એક પણ ભાવને બરાબર જાણેને તો **'एगं जाणइ सव्वं जाणइ'**. તો બધું જાણે ઈ. અચળપણે વસ્તુ ભગવાન જ્ઞાન ચિદ્‌બિંબ ધ્રુવ. એનો જ્યાં આશ્રય લીધો અને દ્રવ્યદૃષ્ટિ થઈ... આહા..હા..! ત્યારે તેને એક જ્ઞાન જ સ્વયં પુરુષો વડે સદાય વેદાય છે. આહા..હા..! જ્ઞાન જ એટલે આત્મા જ એના આનંદના વેદનમાં વેદાય છે, બસ. આહા..હા..! રાગ નહિ. સમજાણું કાંઈ?

ઉપયોગ એ આ વેદનમાં. આનંદનું વેદન એ એનો ઉપયોગ. આહા..હા..! વેદ્ય-વેદવાલાયક, વેદન એ પોતે ને પોતે છે. આનંદ વેદવાલાયક છે અને આનંદને વેદે છે. આહા..હા..! જ્ઞાન વેદવાલાયક અને જ્ઞાનને વેદે છે. આહા..હા..! શાંતિ વેદવાલાયક અને શાંતિને વેદે છે, વીતરાગતા વેદવાને લાયક અને વીતરાગતાને વેદે છે. આહા..હા..! આ તો ભિન્ન લે છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધું ભેગું પોતાનું. સમજાણું કાંઈ?

'**एषा एका एव हि**' પાઠ હતોને પહેલોં? પહેલોં શબ્દ હતો. '**एषा एका एव**' હવે એ ત્યાં આવ્યો અહીં. '**एषा एका**' '**તે આ...**' '**एष**' એટલે આ. પ્રત્યક્ષ આ આનંદસ્વરૂપ ભગવાન આત્મા. '**एव हि वेदना**' એ એક '**एषा एका**' આત્માના આનંદની એક જ વેદના. છે? '**एव हि वेदना**' આહા..હા..! સમજાણું કાંઈ? એક જ આનંદની વેદના. એ પણ '**एषा**' પ્રત્યક્ષ. '**एक**' જ '**एका एव हि वेदना**' આહા..હા..! '**એક જ વેદના...**' આહા..હા..! માર્ગ બાપુ મોક્ષનો માર્ગ ઝીણો બહુ ભાઈ! બહારની કોઈ પ્રવૃત્તિથી મળી જાય એવો એ માર્ગ નથી. કેમકે વિભાવ છે તે એના સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? એના અનંતગુણ છે એનો કોઈ ગુણ વિકાર કરે એવો ગુણ નથી. આહા..હા..! જેટલા ગુણો અનંત છે તે વિકાર કરે એવો કોઈ ગુણ નથી એનામાં. પર્યાયમાં યોગ્યતાને લઈને વિકાર ભલે થાવ પણ ગુણ એવો કોઈ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ... બધું આખું. આખો આત્મા વેદાય છે કહે છે. પર્યાયમાં હોં! પર્યાય છે એ. આહા..હા..!

'**તે આ એક જ વેદના (જ્ઞાનવેદન) જ્ઞાનીઓને છે.** ' આહા..હા..! જ્ઞાનનું વેદન એટલે અનુભવવું તે એક જ વેદના છે. આ શાતા-અશાતા વેદન એ જ્ઞાનીને નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**(આત્મા વેદનાર છે...**' હવે ખુલાસો કર્યો. '**જ્ઞાન વેદાવાયોગ્ય છે.**' આ બધી પર્યાયની વાત છે હોં! પર્યાયથી છેને. પર્યાયમાં ષટ્કારક છેને. પર્યાયના ષટ્કારક છે. દ્રવ્ય-ગુણમાં જે ષટ્કારક છે ધ્રુવ, એમ પર્યાયમાં ષટ્કારક કર્તા, કર્મ, કરણ એક સમયમાં છએ કારકો છે. આહા..હા..! સમજાણું કાંઈ? જૈનદર્શન બાપુ આકરી ચીજ છે અને જેને પ્રાપ્ત થયું એને હવે ભવ રહે નહિ. આહા..હા..!

વેદના હોતી જ નથી. '**બીજી કોઈ આવેલી...**' શું કીધું? '**ज्ञानिनः अन्या आगत-वेदना एव हि न एव भवेत्**' આહા..હા..! જેને રાગનું વેદન પણ નથી. આહા..હા..! આગંતુક એ તો છે બહારનું આવેલું, એમ કહે છે. છેને? '**आगत-वेदना**' કીધીને? આવેલી વેદના. વિકારને આગંતુકભાવ કહ્યો છે. વિકાર છેને આગંતુક (છે, એ) એનો મૂળ ભાવ નથી, આવેલો મહેમાન તરીકે છે. આહા..હા..! એમ '**જ્ઞાનીને બીજી કોઈ આવેલી (-પુદ્ગલથી થયેલી) વેદના હોતી જ નથી,...** ' આહા..હા..! શું કળશ ને શું... આહા..હા..!

**શ્રોતા :-** જ્ઞાની એ ક્રિયાને જાણવાવાળો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે જ નહિ, જ્ઞાનીને વેદન કેવું? અહીં તો એક મુખ્ય લેવું છે, ઓલાનું વેદન

ગૌણ કરીને. સમજાણું કાંઈ? રાગનું વેદન છે, આ તો દૃષ્ટિ અને દૃષ્ટિના વિષય અને સ્વભાવની દૃષ્ટિના કથન છે. જ્યારે જ્ઞાન જાણે ત્યારે રાગનો અંશ છે એ મારામાં મારાથી વેદાય છે. આહા..હા..! આવી વાત! એકકોર કહે કે વેદાય નહિ આત્માને, વળી જ્ઞાનની દૃષ્ટિથી જોવે તો જેટલું વેદન છે એટલું મારું મારાથી રાગમાં છે. આહા..હા..! પર્યાયને.. પર્યાયનો ધર્મ છેને રાગાદિ, વિકારાદિને વેદવું, દ્રવ્ય-ગુણનો ધર્મ નથી કાંઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞાનીને આગંતુક, '**आगत–वेदना**' આહા..હા..! બહારથી આવેલી વેદના રાગાદિ એ એને હોતી જ નથી. અંતરમાં આવેલી વેદના આનંદની છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :–** પાંડવને વિકલ્પ કેમ આવી ગયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો અસ્થિરતા છેને. એને એ જાણે છે ખરેખર. એ આવે છે. આહા..હા..! તે જાણે છે આનંદ છું, વિકલ્પ આવ્યો એને જાણનાર છે. વિકલ્પ આવ્યો 'અરે..! મહામુનિને શું હશે?' આહા..હા..! એવો વિકલ્પ આવ્યો. ધર્મરાજા, ભીમ અને અર્જુન અંતરમાં આનંદમાં ઝૂલે છે, શરીર ઉપર લોઢાના (ધગધગતા દાગીના છે). આહા..હા..! એવા કાળે ભગવાનની હયાતી હતી, એવા કાળે પણ એવા નીકળ્યા. એ શેત્રુંજય ઉપર. ત્યાં લોઢાના મુગટ અને .. આહા..હા..! લાલ... લાલ... લાલ... લાલ... પહેરાવ્યા શી રીતે હશે? કારણ કે એ પોતે તો અડી શકે નહિ લોઢાના ધગધગતાને. આહા..હા..! આનંદમાં રમતમાં પડ્યા છે અંદર. એને આવા ચોથા આરાનો કાળ. શેત્રુંજય જેવું તીર્થ, ત્યાં આવીને મુનિદશામાં રમતા. એને આવું કરવાનો ભાવ થયો. આહા..હા..!

**શ્રોતા :–** જ્ઞાતા.. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અશાતા છે. તેરમે પણ અશાતાનો ઉદય તો થોડો છે. છેને. ઉપસર્ગ આવે એવો નહિ, ઉપસર્ગ આવે એવો નહિ, પણ અશાતાનો ઉદય જરી છે. આવે એવો હોય. ઉપસર્ગ છઠ્ઠા સુધી આવે એવો હોય અને સાતમે પછી ઉપસર્ગ ન હોય. ધ્યાનમાં સ્થિર (છે). આહા..હા..! એવું છે.

'**तद्–भीः कुतः**' બીજી આગંતુક વેદના વિભાવની જ્ઞાનીને હોતી નથી. '**તેથી તેને વેદનાનો ભય ક્યાંથી હોય?**' આહા..હા..! '**सः स्वयं सततं निश्शङ्कः सहजं ज्ञानं सदा विन्दति**' '**તે તો પોતે નિરંતર...**' એક તો સ્વયં પોતે. આહા..હા..! '**सः स्वयं सततं निश्शङ्कः**' નિર્ભય વર્તતો થકો '**સહજ જ્ઞાનને સદા અનુભવે છે.**' આહા..હા..! હવે રાગનું વેદન અહીંયાં લીધું નથી. સમજાય છે? રાગનું વેદન છે, પણ એ દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયના અભેદ દૃષ્ટિમાં તે રાગનું વેદન આગંતુક ગણીને તેને થયું નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લોકોને આકરું પડે, બિચારા શું કરે? માંડ બહાર વાત આવી .. ત્યાં .. '**सः स्वयं सततं निश्शङ्कः सहजं**' છેને? સ્વભાવિક '**ज्ञानं सदा विन्दति**' સહજ જ્ઞાનને, સ્વભાવિક જ્ઞાનને, સ્વભાવિક જ્ઞાનની પર્યાય હોં નિર્મળ એને સદા એટલે નિરંતર '**विन्दति**' આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :– સુખ-દુઃખને ભોગવવું તે વેદના છે.** ' લૌકિક બહારની વાત કરી. '**જ્ઞાનીને પોતાના એક જ્ઞાનમાત્ર સ્વરૂપનો જ ભોગવટો છે.** ' આહા..હા..! ધર્મીને તો પોતાના એક

જ્ઞાનમાત્ર સ્વરૂપનો જ ભોગવટો છે. આહા..હા..! વ્યવહારરત્નત્રયના રાગનો પણ ભોગવટો નથી એમ કહેવું છે અહીં તો. આહા..હા..! એનો જ્ઞાતા છે. સવારમાં ઈ આવ્યુંને? એકલો જ તે. આહા..હા..! ૧૨મી ગાથામાં આવ્યુંને કે જાણેલો પ્રયોજનવાન. હોય છે તેને જાણે છે બસ એટલું. વેદતો પણ નથી એમ કહે છે અહીં તો. આહા..હા..! મુખ્યપણાનું જોર છેને. સ્વભાવની મુખ્યતામાં રાગની વેદનાને ગૌણ કરીને એ વેદતો નથી એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? નરકમાં સમકિતી શ્રેણીક રાજા છે, વેદન છે દુઃખનું. જેટલો કષાયભાવ છે એટલું દુઃખનું વેદન છે. પણ અહીં કષાયભાવ એ વસ્તુમાં નથી, એની પર્યાયમાં પણ નથી, નિર્મળ પર્યાયમાં કષાયભાવ ક્યાં છે? જ્યારે એના દ્રવ્ય-ગુણમાં નથી તો એના પર્યાયના અનુભવમાં પણ એ કષાયભાવ નથી, એમ. આહા..હા..! આવો માર્ગ છે. દેવીલાલજી! આવી વાત. એણે નક્કી તો કરવું તો પડશેને એના જ્ઞાનમાં. આહા..હા..!

**'જ્ઞાનીને પોતાના એક જ્ઞાનમાત્ર સ્વરૂપનો જ ભોગવટો છે. તે પુદ્ગલથી થયેલી વેદનાને વેદના જાણતો જ નથી.'** આહા..હા..! બીજી ગાથામાં આવ્યું હતું. નિર્જરાની બીજી. શાતા-અશાતા એ .. નથી. જ્ઞાનીને પણ જરી વેદન આવી જાય છે, પણ નિર્જરી જાય છે. નિર્જરી જાય છે. એ શૈલી છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, હોય છે. એને જરી રાગ હોય છેને એટલું. વિકલ્પ છેને એટલો, પણ એને ગૌણ કરીને ગણ્યો નથી અહીં અત્યારે. જ્ઞાનની પ્રધાનતાથી કથન આવે ત્યારે એને રાગનું વેદન છે, રાગનો કર્તા છે, રાગે પરિણમે છે. પરને લઈને નહિ, પરમાં નહિ એટલું. આહા..હા..! સમજાણું કાંઈ? કમજોરી છેને. એ પોતાની કમજોરી છે એટલું એ જાણે છે. પણ અહીં દૃષ્ટિ અને દૃષ્ટિના સ્વભાવના વિષયમાં કમજોરી એ વિષય દ્રવ્યનો છે નહિ, દૃષ્ટિનો વિષય જ નથી. સમજાણું કાંઈ? પર્યાય જ્યાં દૃષ્ટિનો વિષય નથી ત્યાં કમજોરી ક્યાંથી આવી દૃષ્ટિના વિષયમાં? આહા..હા..! સમજાણું કાંઈ?

**'પુદ્ગલથી થયેલી વેદનાને વેદના જ જાણતો નથી.'** આહા..હા..! **'માટે જ્ઞાનીને વેદનાભય નથી.'** આ પુદ્ગલની. **'તે તો સદાય નિર્ભય વર્તતો થકો જ્ઞાનને અનુભવે છે.'** લ્યો! આહા..હા..! ૧૫૭ને?

હવે અરક્ષાભય. સાત શ્લોક આવશે સાત. છ છે, બે ભેગા થયાને આલોક (-પરલોક).

(शार्दूलविक्रीडित)

यत्सन्नाशमुपैति तन्न नियतं व्यक्तेति वस्तुस्थिति-<br>
र्ज्ञानं सत्स्वयमेव तत्किल ततस्त्रातं किमस्यापरैः।<br>
अस्यात्राणमतो न किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानीनो<br>
निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५७।।

આહા..હા..! 'यत् सत् तत् नाशं न उपैति इति वस्तुस्थितिः नियतं' 'જે સત્ છે તે **નાશ પામતું નથી...**' છે તે નાશ શી રીતે પામે? આહા..હા..! '**એવી વસ્તુસ્થિતિ નિયતપણે નિશ્ચયપણે પ્રગટ છે.**' આહા..હા..! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્ છે, સત્ છે, શાશ્વત છે, સત્ છે. આહા..હા..! એ કાંઈ કોઈ દિ' નાશ પામતું નથી. '**વસ્તુસ્થિતિ નિયતપણે નિશ્ચયપણે પ્રગટ છે.**' વસ્તુની મર્યાદા નિશ્ચયથી સત્પણે છે એ નાશ ન પામે એવી સ્થતિ છે એની. આહા..હા..!

'तत् ज्ञानं किल स्वयमेव सत्' '**આ જ્ઞાન...**' શબ્દે ભગવાન આત્મા '**પણ સ્વયમેવ સત્ (અર્થાત્, સત્સ્વરૂપ વસ્તુ) છે.**' પોતાથી સ્વયમેવ સત્—પોતાથી તે સત્ય છે. આહા..હા..! કોઈ ઈશ્વરકર્તા છે કે એનાથી થયું છે એમ છે નહિ. આહા..હા..! '**(માટે નાશ પામતું નથી),...**' 'ततः अपरैः अस्य त्रातं किं' '**તેથી વળી પર વડે તેનું રક્ષણ શું?**' આહા..હા..! પર વડે રક્ષણ શું? છે.. છે.. છે... સ્વયં સત્ છે એને પર વડે રક્ષણ શું? આહા..હા..! 'अतः अस्य किञ्चन अत्राणं न भवेत्' '**આ રીતે (જ્ઞાન પોતાથી રક્ષિત હોવાથી) તેનું જરા પણ અરક્ષણ થઈ શકતું નથી...**' આહા..હા..! વસ્તુ સત્ ચિદાનંદ પ્રભુ શાશ્વત પદાર્થ જ્યાં છે એને રક્ષણ કરે તો રહે એવું છે નહિ. આહા..હા..! સદાય રક્ષાયેલી ચીજ સતત શાશ્વત છે. '**તેનું જરા પણ અરક્ષણ થઈ શકતું નથી. માટે...**' 'ज्ञानिनः तद्-भी कुत:' '**જ્ઞાનીને અરક્ષાનો ભય ક્યાંથી હોય?**' આહા..હા..! કે આ રક્ષા કરું તો રહે અને અરક્ષા કરું તો ન રહે એવું કાંઈ છે નહિ. આહા..હા..!

'सः स्वयं' '**તે તો પોતે...**' સ્વયં પોતે. 'सः' નામ તે. 'सततं' '**નિરંતર નિઃશંક વર્તતો થકો...**' નિઃશંક વર્તતો થકો. '**સહજ જ્ઞાનને સદા અનુભવે છે.**' આહા..હા..! રાગાદિ હોય છતાં સદાય જ્ઞાનનો જ અનુભવ છે એમ કહે છે. રાગનું જ્ઞાન, સ્વનું જ્ઞાન એ જ્ઞાનનો અનુભવ છે એમ, રાગ સંબંધીનું જ્ઞાન કહેવું એ અપેક્ષિત છે. પણ એ વખતે જે રાગ છે તેનું જ્ઞાન પોતાથી પોતા વડે થયું છે. પોતાનું જ્ઞાન અને રાગનું જ્ઞાન પોતા વડે, પોતા વડે થયું છે એ જ્ઞાનનું વેદન છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા સુદ-૪, રવિવાર, તા. ૨૩-૦૧-૧૯૭૭, કળશ-૧૫૭ થી ૧૫૯, પ્રવચન નં. ૩૦૦

સમયસાર, ૧૫૭ કળશ, એનો ભાવાર્થ છે. અરક્ષાનો ભય નથી એ વાત ચાલે છે.

'**સત્તાસ્વરૂપ વસ્તુનો કદી નાશ થતો નથી.**' વસ્તુ જે સત્તા હોવાપણે જે વસ્તુ ભગવાન આત્મા હોવાપણે છે તેનું કોઈ દિ' ન હોવાપણું થતું નથી. આહા..હા..! '**જ્ઞાન પણ પોતે સત્તાસ્વરૂપ વસ્તુ છે;...**' પહેલોં સાધારણ નિયમ કહ્યો. આત્મા એટલે જ્ઞાન. જ્ઞાનસ્વભાવી આત્મા એ પણ એક

વસ્તુ છે. સત્તાસ્વરૂપ, સત્તાસ્વરૂપ હોવાવાળું તત્ત્વ છે. '**તેથી, તે એવું નથી કે જેની બીજાઓ વડે રક્ષા કરવામાં આવે તો રહે,...**' બીજા એની રક્ષા કરે તો રહે એવું છે નહિ. એ તો રક્ષિત જ છે અનાદિથી. આહા..હા..! શાશ્વત જ્ઞાન આત્મસ્વભાવ સદાય રક્ષિત જ છે, એને કોઈ રક્ષા કરે તો રહે અને ન કરે તો ન રહે (એવું નથી). આહા..હા..! '**જ્ઞાની આમ જાણતો હોવાથી...**' ધર્મી એને કહીએ કે જે જ્ઞાનસત્તા સ્વભાવ ત્રિકાળ વસ્તુ એની જેને દૃષ્ટિ અનુભવ થયો એ જ્ઞાની એમ જાણે છે '**તેને અરક્ષાનો ભય નથી;...**' આહા..હા..! 'પોતાનું સ્વરૂપ રક્ષિત જ સત્તા શાશ્વત છે' એમ જેણે દૃષ્ટિમાં લીધું છે, આહા..હા..! એને રક્ષા કરું તો રહે એવું હોતું નથી. આહા..હા..! તો '**તેને અરક્ષાનો ભય નથી;...**' ધર્મી જીવ... બહુ માખણ છે આ તો એકલી વાત. નિઃશંક નામ નિર્ભય પોતાના ચૈતન્ય શાશ્વત કિલ્લામાં કોઈનો પ્રવેશ નથી. એ ગુપ્તિમાં લેશે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તે તો નિઃશંક વર્તતો થકો...**' પોતાની સત્તા કાયમ છે એની રક્ષા કરે તો રહે એવું જેને નથી. આહા..હા..! '**નિઃશંક વર્તતો થકો...**' એમ કહીને શું કહે છે? નિઃસંદેહ પોતાના પુરુષાર્થથી વર્તતો થકો. આહા..હા..! સમજાણું કાંઈ? એમ આવ્યું હતુંને? '**सहजं ज्ञानं सदा विन्दति**' કઈ રીતે? કે '**स्वयं सततं निश्शंकः**' એ એનો અર્થ છે આ ભાવાર્થમાં. નિઃશંક છે, નિર્ભય છે. પ્રભુ ભગવાન આત્માની મહાસત્તા શાશ્વત છે, એને અરક્ષાનો ભય હોતો નથી. આહા..હા..! '**પોતાના સ્વભાવિક જ્ઞાનને...**' નિઃશંક વર્તતો થકો. જરી અંદર વસ્તુની શાશ્વત દશા દૃષ્ટિમાં લીધી છે તેથી તે પર્યાયમાં નિઃશંકપણે વર્તતો થકો. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** કઈ અવસ્થામાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સમ્યગ્દર્શનની અવસ્થામાં. સમ્યગ્દૃષ્ટિની દશામાં સદાય નિઃશંક વર્તે છે એમ કહે છે. મારી ચીજ છે એ તો શાશ્વત છે. એ સત્તાનો કોઈ દિ' નાશ થતો નથી. આહા..હા..! અને શરીર, વાણી, રાગાદિ તો મારી ચીજ નથી, એ તો પર છે. આહા..હા..!

'**પોતે પોતાના સ્વભાવિક જ્ઞાનને...**' જોયું ભાષા! સ્વયં પોતે પોતાના ભાવથી. આહા..હા..! એણે ઓલાએ નાખ્યું છેને. સ્વયંનો અર્થ પોતાપણે રહે છે એમ લેવું. અહીં તો સ્વયં પોતાથી પોતાને અનુભવે છે એમ કહ્યું. સમજાણું કાંઈ? સ્વયં. આહા..હા..! પોતે સ્વયં '**પોતાના સ્વભાવિક જ્ઞાનને...**' કે આત્માને. જ્ઞાન શબ્દે અહીં આત્મા જ લીધો છે. '**સદા અનુભવે છે.**' આહા..હા..! જેને આત્માના સ્વભાવની સત્તાનો અનુભવ થયો એ સત્તાને સ્વીકારીને જ અનુભવે છે એમ કહે છે. આહા..હા..! આ ધર્મદશા! ભગવાન સ્વયંસિદ્ધ સત્તા અનંત ગુણાત્મક પદાર્થ સ્વયં અકૃત્રિમ, નહિ કોઈથી કરાયેલો સ્વયં સિદ્ધ વસ્તુ, એને ધર્મીએ દૃષ્ટિમાં, અનુભવમાં લીધી છે, તેથી સ્વયં રાગની અપેક્ષા વિના, વ્યવહારના રાગની અપેક્ષા વિના સ્વયં '**પોતાના સ્વભાવિક જ્ઞાનને...**' એટલે આત્માને. આહા..હા..! નિરંતર અખંડ ધારાએ, જેમાં ખંડ ન પડે, કોઈવાર રાગને અનુભવે અને કોઈવાર.. એમ કહે છે. આહા..હા..! આવો માર્ગ ઝીણો પડે. શું થાય ભાઈ? નાશવાન ચીજ છે આ તો બધી શરીર, વાણી. ભગવાન અવિનાશી છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, એ કહ્યું. આ તો સ્વયં પોતે પોતાથી, એમ છે. એ તો કહે છે કે આત્મા આત્માપણે થાય એટલું બસ. પોતાથી થાય એમ નહિ. આહા..હા..! છેને એ. ખાણિયા ચર્ચામાં છે. અરે..! ભગવાન! મૂળ માર્ગ તો આ છે. વસ્તુ ભગવાન ચૈતન્ય અખંડ જ્ઞાયક સ્વભાવ. પરમ પારિણામિકભાવ એ તો પરમાણુને પણ હોય છે, પણ આ પરમપારિણામિકભાવ જ્ઞાનસ્વભાવ ભાવ, શાશ્વત ભાવ એને સ્વયં જ્ઞાની પોતાથી પોતાને આશ્રયે, પરના અવલંબન ને આશ્રય વિના અનુભવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**સદા અનુભવે છે.**' એમ કહીને એમ કહ્યું કે કોઈ વખતે રાગ છે મારો એમ અનુભવે છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૫૭ થઈ. ૧૫૮.

(शार्दूलविक्रीडित)

स्वं रूपं किल वस्तुनोऽस्ति परमा गुप्तिः स्वरूपे न य-
च्छक्तः कोऽपि परः प्रवेष्टुमकृतं ज्ञानं स्वरूपं च नुः।
अस्यागुप्तिरतो न काचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५८।।

દરેકમાં સ્વયં શબ્દ પડ્યો છે. '**किल स्वं रूपं वस्तुनः परमा गुप्तिः अस्ति**' '**ખરેખર વસ્તુનું સ્વરૂપ જ વસ્તુની પરમ ગુપ્તિ છે...**' શું કહે છે? વસ્તુ પોતે ગુપ્ત છે, પોતામાં ગુપ્ત છે. એમાં બીજાનો કોઈનો પ્રવેશ નથી. રાગનો પ્રવેશ નથી, વિકલ્પનો પ્રવેશ નથી, શરીર, વાણી, મન બધી ચીજનો સ્વસત્તામાં પ્રવેશ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા આનંદકંદ પ્રભુ, જ્ઞાયક સ્વભાવની મૂર્તિ આત્મા તેમાં વિકલ્પ જે દયા, દાન આદિનો એનો પણ એમાં પ્રવેશ નથી. આહા..હા..! એમાં પ્રવેશેલું તો આનંદ અને જ્ઞાન ત્રિકાળી શાશ્વત તે છે. રહેલું, પ્રવેશેલું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુની પરમગુપ્તિ પોતે જ છે એમ કહે છે. આહા..હા..!

'**કારણ કે સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી;...**' એમ કહે છે. આહા..હા..! કિલ્લો જેમ હોય છેને એમાં કોઈ પ્રવેશ ન કરી શકે, એમ સ્વરૂપગુપ્ત જ પોતે કિલ્લો છે. ધ્રુવ સ્વરૂપ કિલ્લો એમાં કોઈનો પ્રવેશ નથી. આહા..હા..! વ્યવહારરત્નત્રયના વિકલ્પનો પ્રવેશ નથી, એક સમયની નિર્મળ પર્યાયનો પણ જેમાં પ્રવેશ નથી. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! પર્યાય અનુભવે છે ગુપ્ત ચીજને પણ પર્યાયનો પ્રવેશ નથી અંદર. આહા..હા..!

**શ્રોતા :-** અનુભવે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનુભવે એ તો પર્યાય. પર્યાય પર્યાયને અનુભવે છે, પણ ગુપ્તને અનુભવે છે એમ કહેવામાં આવે. ભાષા એમ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કારણ કે સ્વરૂપમાં કોઈ...**' સ્વરૂપ પોતાનું સ્વરૂપ જ્ઞાન અને આનંદ જે શાશ્વત ધ્રુવ ચીજ આહા..હા..! એમાં '**કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી;...**' આહા..હા..! '**અને...**' જુઓ હવે.

'**अकृतं ज्ञानं नुः स्वरूपं**' '**(-જે કોઈથી કરવામાં આવ્યું નથી...**' આહા..હા..! પર્યાય તો હજી કરાય છે, વસ્તુ અકૃત છે. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ સત્તાના તળિયે પહોંચી જવું એમ કહે છે. છે ચીજ મહાપ્રભુ ગુપ્ત જ છે, એમાં પર્યાયને અંદરમાં લઈ જવી. બસ એ ગુપ્તસ્વરૂપ. '**अकृतं ज्ञानं**' આહા..હા..! શાશ્વત વસ્તુ તે અણકરાયેલી છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**अकृतं**' અણરચેલી અણકરેલી, બીજાથી અણબનેલી આહા..હા..! ભગવાન વસ્તુ. '**अकृतं ज्ञानं**' '**(એવું સ્વભાવિક જ્ઞાન-) પુરુષનું અર્થાત્ આત્માનું સ્વરૂપ છે;...**' જુઓ, એ તો આત્માનું સ્વરૂપ જ છે. જાણક... જાણક... જાણક... જાણક... જાણક... જે ધ્રુવસ્વરૂપ, જાણક-જાણક એવું સ્વરૂપ એ આત્માનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(તેથી, જ્ઞાન આત્માની પરમ ગુપ્તિ છે.)**' તેથી ભગવાન આત્માનો સ્વભાવ પરમગુપ્ત જ છે. આહા..હા..! '**માટે આત્માનું જરા પણ અગુપ્તપણું નહિ હોવાથી...**' જરા પણ પરપ્રવેશ થઈ શકે એવી એ ચીજ નથી. આહા..હા..! '**ज्ञानिन् तद्-भीः कुतः**' '**જ્ઞાનીને અગુપ્તિનો ભય ક્યાંથી હોય?**' આહા..હા..! 'ગુપ્ત રહું તો મને ઠીક' પણ ગુપ્ત જ વસ્તુ છે એમ કહે છે. સમજાણું કાંઈ? ધર્મી સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ ત્રિકાળી શાશ્વત ગુપ્ત ચીજ છે ત્યાં હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**ज्ञानिन् तद्-भीः कुतः**' '**सः स्वयं सततं निश्शंकः सहजं ज्ञानं सदा विन्दति**' ઓહો..હો..! '**તે તો પોતે...**' પોતાથી. આ સ્વયં. આહા..હા..! છ શ્લોક છે એ બધામાં સ્વયં છે. પહેલાંમાં બે પદ ભેગા કર્યા. સ્વયં. પોતાનો જ્ઞાન આનંદ સ્વભાવ એને સ્વયં પર્યાયથી, પોતાની પર્યાયમાં. આહા..હા..! સ્વયં '**નિરંતર...**' સતત છેને? અખંડ ધારાએ. આહા..હા..! ભલે વિકલ્પમાં આવે એમ દેખાય પણ એ વિકલ્પમાં આવ્યો જ નથી એમ કહે છે. આહા..હા..!

સતત-નિરંતર-નિરંતર અખંડ ધારા. આહા..હા..! જેવી સત્તા જ્ઞાનસ્વભાવ શાશ્વત, તેના તરફનું વલણ તે અખંડ ધારાએ રહેલું છે, કહે છે. આહા..હા..! આવો માર્ગ હજી સમજવો કઠણ પડે. બાપુ! મારગડા એવા છે, ભાઈ! આહા..હા..! સંસાર જુઓને આ. નાની-નાની ઉંમરમાં ક્ષણમાં. આહા..હા..! આજે સમાચાર છેને ભાઈના. નવ વાગે તો હજી ફરતો હતો કહે છે. ભાઈ પ્રવિણ. નવ વાગે તો ફરતો હતો ત્યાં. આહા..હા..! એમાં એકદમ હુમલો આવ્યો. એ તો દેહની સ્થિતિ એવી જ હોય એમાં તે સમયે તે જ થાય એમાં થાય શું? આહા..હા..! કહેશે હમણાં. અકસ્માત જેવું છે જ નહિ. આહા..હા..! લોકોના ખ્યાલમાં ન હોય એથી અકસ્માત કહે છે, અકસ્માત છે જ નહિ. આહા..હા..! એ જડની અવસ્થામાં સત્તાની પર્યાય એ જ રીતે તે કાળે બનવાનું ક્રમબદ્ધમાં હોય એ ફરે ક્યાંથી? આહા..હા..! એ તો જડ છે, માટી છે, ધૂળ છે, અજીવ છે, એને અને આત્માને સ્પર્શ નથી.

ત્રીજી ગાથામાં ન આવ્યું? આહા..હા..! દરેક પદાર્થ પોતાના ગુણ-પર્યાયને ચુંબે છે, સ્પર્શે છે. દરેક આત્મા અને પરમાણુ, પોતામાં રહેલી શક્તિઓ અને અવસ્થા જેનું સત્ એક છે તેને એ સ્પર્શે છે. આહા..હા..! એવો જે ભગવાન અથવા પરમાણુ કોઈપણ ચીજ.. આહા..હા..! પરદ્રવ્યને ચુંબતો નથી, અડતો નથી, સ્પર્શતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ચુંબતો નથી એવો શબ્દ છે ત્યાં. એનો

અર્થ છે કે આમ માણસ નથી છોકરાને ચુંબે ને આમ કરે. બાપા! કોણ ચુંબે? બાપુ! તને ભ્રમણા છે. આહા..હા..! ભગવાન આત્મા પોતાના અનંતગુણની શક્તિઓ, સ્વભાવ કાયમી અને એની નિર્મળ પર્યાય, એને એ ચુંબે છે, અડે છે, સ્પર્શે છે. સમજાણું કાંઈ? એ સિવાય... આહા..હા..! શરીર, વાણી, કર્મ, સ્ત્રી, પુત્રાદિ આ ખાવાના પદાર્થો દાળ, ભાત એ ચીજને ભગવાન તો કોઈ દિ' અડ્યો પણ નથી, સ્પર્શ્યો પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એવો જે આત્મા ભગવાન સ્વયં.. આહા..હા..! '**નિરંતર નિઃશંક વર્તતો થકો...**' જેવી વસ્તુ નિરંતર છે. આહા..હા..! એવી જ પર્યાયમાં નિરંતર અખંડ વર્તે છે એમ કહે છે. વસ્તુ છે ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ.. ભગવાનસ્વરૂપ એની દૃષ્ટિ દીધી છે-અનુભવ એ નિરંતર પર્યાયમાં પણ એ નિઃશંક અનુભવે છે. આહા..હા..! આવો માર્ગ એટલે લોકોને બિચારાને એવું (આકરું) પડે. '**નિઃશંક વર્તતો થકો...**' એમ છેને? નિરંતર અખંડ ધારાએ જેમ અખંડ ધારાએ પોતાનું સત્ એમ ને એમ છે, એને.. આહા..હા..! ઓલામાં કહ્યું નથી સંવરમાં 'ભેદજ્ઞાન સાબુ ભયો અને સમરસ નિર્મળ નીર, ધોબે આ ધોબી અંતર આત્મા' ધોબી અંતર આત્મા. 'ધોવે નિજગુણ ચીર રે. ગુણવંતા રે જ્ઞાની એ અમૃત વરસ્યા રે પંચમ કાળમાં.' આહા..હા..! ભગવાન આનંદનો નાથ આહા..હા..! શાશ્વત વસ્તુ એ આમ રાગથી ભિન્ન પાડીને સ્વભાવમાં અભિન્ન થઈને. આહા..હા..! 'ભેદજ્ઞાન સાબુ ભયો અને સમરસ નિર્મળ નીર.' આહા..હા..! આ નિઃશંક ધારાની વ્યાખ્યા ચાલે છે. વીતરાગ પરિણતિ છે એમ કહે છે. 'સમરસ નિર્મળ નીર.' સ્વભાવ ત્રિકાળી સમસ્વરૂપ વીતરાગી મૂર્તિ પ્રભુ, એની એકાગ્રતાની ધારામાં વીતરાગી પરિણતિનો સમરસભાવ એવો સમરસ નિર્મળ નીર. એ ધોવે ધોબી અંતર આત્મા. 'ધોવે નિજગુણ ચીર.' આહા..હા..! શુદ્ધતાની પરિણતિ ઊભી કરે છે. કહો, શશીભાઈ! આહા..હા..! 'ધોબી અંતર આત્મા, ધોવે નિજગુણ ચીર' પરિણતિની વાત છે હોં! ગુણ તો ગુણ છે. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..!

એ '**નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને...**' સ્વભાવિક જ્ઞાનને, ત્રિકાળી જ્ઞાનને. આહા..હા..! '**સદા...**' અખંડ ધારાએ અથવા નિરંતર. નિરંતર એકવાર આવી ગયું છે '**सततं**' માં અને આ '**सदा**' છે હંમેશા, કાયમ એમ. આહા..હા..! જુઓ, આ નિર્જરાની દશા. નિર્જરા અધિકાર ચાલે છેને. કર્મની નિર્જરા એને થાય, અશુદ્ધતા એને ગળે, શુદ્ધતા એને વધે એ ત્રણે નિર્જરા છે. આહા..હા..! જે અખંડ સત્તા ભગવાન પૂર્ણાનંદ નાથ શાશ્વત એને નિરંતર નિર્મળ પર્યાય દ્વારા સ્વયં પોતે પોતાને અનુભવે. આહા..હા..! એને શુદ્ધિની વૃદ્ધિ થાય, સંવરમાં શુદ્ધિ પ્રગટી છે, નિર્જરામાં શુદ્ધિની વૃદ્ધિ થાય અને મોક્ષમાં શુદ્ધિની પૂર્ણતા થાય. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો દુનિયાથી જુદી જાતની વાત છે, બાપુ! આહા..હા..! અત્યારે તો સંપ્રદાયમાં ધર્મને નામે ચાલે છે એનાથી બીજી વાત છે, બાપુ! આહા..હા..! ગુપ્ત ચીજ છે તેને પોતે અનુભવે છે કહે છે. જેમ પાક્કા કિલ્લા આદિ લખ્યુંને? ભાવાર્થમાં લખશે. આહા..હા..! એ સદા અનુભવે છે. આહા..હા..! એ ધ્રુવને અનુભવે છે એમ કહેવામાં આવે છે. અનુભવે છે તો પર્યાયને પણ એની સન્મુખ છેને એટલે ધ્રુવને અનુભવે છે એમ કહે છે. આહા..હા..!

૧૧મી ગાથામાં આવે છેને ઓલું, જ્ઞાયકભાવ આવિર્ભાવ પામે છે. જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવ છે. સમજાણું કાંઈ? એ પર્યાયમાં પ્રગટ્યો એટલે જ્ઞાયકભાવ આવિર્ભાવ પામે છે, નહિતર જ્ઞાયકભાવ તિરોભાવ હતો. આહા..હા..! ભાષા તો એવી છે જુઓ, જ્ઞાયકભાવ આવિર્ભાવ પ્રગટે છે. આહા..હા..! મોર જેમ પોતાની... આહા..હા..! પાંખોથી જેમ ખીલી નીકળે, એમ ભગવાન અનંતગુણની પર્યાયથી ખીલી નીકળે છે અંદર. સમજાણું કાંઈ? આહા..હા..! એ જ્ઞાયક તો જ્ઞાયક જ છે પણ જ્ઞાયકનો આશ્રય જ્યાં લીધો, ત્યારે જ્ઞાયકની પર્યાય જ્ઞાયક પોતે બહાર આવ્યો એમ કીધું. આહા..હા..! સમજાણું કાંઈ? મૂળ ગાથામાંથી કહ્યું. મૂળ ગાથા ૧૧મી. આહા..હા..! ટીકા.

ભગવાન જ્ઞાયકભાવને, પર્યાય અને રાગબુદ્ધિમાં તિરોભાવ કર્યો હતો. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણાનંદ સત્તા પરમાત્મસ્વરૂપ ભગવાન એને પર્યાયબુદ્ધિ અને રાગબુદ્ધિએ એને ઢાંકી દીધો છે. આહા..હા..! તેને દૂર કર્યો છે. આહા..હા..! જ્ઞાયકભાવ દૂર થતો નથી કે જ્ઞાયકભાવ આવિર્ભાવ પામતો નથી, એ તો છે ઈ છે. આહા..હા..! પણ રાગ ને પર્યાયબુદ્ધિમાં તે ઢંકાઈ ગયો એટલે પર્યાયમાં જ્ઞાયક છતી ચીજ છે તે ઢંકાઈ ગઈ એમ, છે તો ખરી. પ્રગટપણામાં રાગ ને પર્યાયમાં એનું અસ્તિત્વ સ્વીકારી અને મહાપ્રભુનો સ્વીકાર છૂટી ગયો એને. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અને જેને એ મહાપ્રભુ જ્ઞાયકપ્રભુ શાશ્વત ચીજ નિત્યાનંદ ધ્રુવ સહજ સ્વભાવ સ્વરૂપ અકૃત્રિમ પદાર્થ આહા..હા..! એને જેણે અનુભવ્યો, એણે જ્ઞાયકભાવને પ્રગટ કર્યો એમ કહ્યું. હવે ભાષા આવી જ્ઞાયકભાવ પ્રગટ કર્યો લ્યો! બાપુ! કઈ અપેક્ષા છેને ભાઈ! આહા..હા..!

આહા..હા..! પર્યાય પ્રગટ થઈ, જાણવામાં આવ્યું કે આ, ત્યારે તેને ખ્યાલમાં આવ્યું એ પ્રગટ થયો એમ. જ્ઞાયકભાવ એ કહે છેને, દરેકમાં એ '**सततं**' છે. એ પર્યાયમાં આ જ્ઞાયકભાવ આ વસ્તુ અંતર્મુખ થઈને અનુભવમાં આવી ત્યારે તે જ્ઞાયકભાવ હતો તો ખરો, પણ પર્યાયમાં હતું એવું ભાન થયું ત્યારે જ્ઞાયકભાવ આવિર્ભાવમાં આવ્યો એમ કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવું માણસને જ્ઞાન ન મળે અને બહારમાં સામાયિક ને પોષા ને પડિક્કમણા ને આ કરે, એમાં એને ધર્મ થઈ જાય. અરે..! પ્રભુ! બાપુ! ભગવાન એક પાછળ પડ્યો રહ્યો છે મોટો. આહા..હા..! 'ઢીંગ ધણી માથે કિયો, કોણ ગંજે નરખેટ?' જેણે ઢીંગ ધણી—શાશ્વત વસ્તુ જેણે દૃષ્ટિમાં સ્વીકારી એથી જ્ઞાયકભાવ હતો તો ખરો પણ એને હતો એવું નહોતું. આહા..હા..! સમજાણું કાંઈ? એને પ્રગટ્યો ભગવાન. આહા..હા..! એ જૈનદર્શનનો પ્રાણ ૧૧મી ગાથા. એમાં ટીકા એ કરી છે લ્યો! '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ પ્રગટ્યો કહે છે. જ્ઞાયકભાવ પ્રગટ્યો. પ્રગટ્યો એટલે? સ્વીકાર કર્યો ત્યારે પ્રગટ્યો એમ કહેવામાં આવે. સ્વીકાર નહોતો ત્યારે નહોતો એમ કહેવામાં આવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ બાપુ ધર્મ. અરેરે..! આ જુઓને ક્ષણ-ક્ષણમાં ચાલ્યા જાય છે માણસો. આહા..હા..! અરે..! ક્યાં જઈને ઉતારા કરવા? આહા..હા..! નિજ ચીજની સંભાળ કરી ન હોય અને બહારમાં ઓલામાં રખડે, હમણા જુવાન છીએ પછી કરશું, હમણાં તો ચાલીસ વર્ષની ઉંમર છે. આહા..હા..! અરે..! બાપુ! ક્યારે કરીશ, ભાઈ? પછી કરશુંમાં પછી જ રહેશે. આહા..હા..! સાંભળ્યું હતું કે નહિ ઓલા બારોટનું? વાણિયા

પાસે બારોટ આવ્યા, ભાઈ અમને જમાડોને. તમે બધા નાતને કરો છો. બારોટનું કાલે. વાણિયાનું આજ અને બારોટનું કાલ. એ કાલે આવ્યા. હવે શું થયું? આજનું કાલ. કાલ કોઈ દિ' આવે નહિ અને જમણ કોઈ દિ' થાય નહિ. આહા..હા..! પોપટભાઈ! હમણા નહિ, હમણા નહિ, હમણા નહિ. પછી, પછી. આહા..હા..!

**શ્રોતા :-** કામ હોય તો શું કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય કામ નથી, મરી ગયો છે હવે કામના રાગમાં. આહા..હા..! કામ તો એના સ્વરૂપનું શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ કરવું એ એનું કામ છે. કહો, ચીમનભાઈ! આ નવરા થતા નથી પણ એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** પુણ્યનો ઉદય હોય તો શું કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉદય-ફુદય એને ઘરે રહ્યો, આત્માને ક્યાં છે? આહા..હા..! જોડાય તો ઉદય કહેવાય, ન જોડાય તો ખરી જાય એ. આહા..હા..! તે તે કાળે તે પર્યાય રાગની ઉત્પન્ન સ્વતંત્ર કરે ત્યારે કર્મનો ઉદય કહેવામાં આવે એને. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી શું કહ્યું? કર્તા થઈને રાગને રચે ત્યારે તે ઉદયને નિમિત્ત કહેવાય છે. આહા..હા..! બાપુ! કોઈ ચીજ તને નડતી નથી અને કોઈ ચીજ તને મદદ કરતી નથી. સમજાણું કાંઈ? અરેરે..! જે કરવાનું હોય એ કર્યું નહિ, પ્રભુ! તેં શું કર્યું આ? આહા..હા..! આ કહે છે. આહા..હા..!

'**स्वयं सततं सहजं सदा**' આટલા શબ્દો વાપર્યા છે. આહા..હા..! સંતોએ જગતને નિહાલના રસ્તા બતાવ્યા છે. આહા..હા..! બહારના કામકાજ ને એના વિના ચાલે નહિ. આહા..હા..! બાયડી-છોકરાનું હું કરું. બાપા! શું તું કરી શકે છે, ભાઈ? આહા..હા..! એક બે વર્ષનો, એક ચાર વર્ષનો, એક છ વર્ષનો, એક આઠ વર્ષનો, એક દસ વર્ષનો. બબ્બે વર્ષને આંતરે છોડ્યું-છોકરા થયા હોય. એ દસ, બાર, પંદર ભેગા થયા હોય. આહા..હા..! ભાઈ! તું કોનું કરીશ? ક્યાં તેં કર્યું છે કોઈનું? અભિમાન કર્યા હતા, બાપા! પોપટભાઈ! આવી વાતું છે. કહો, રમણિકભાઈ! એ તો મોટા ગૃહસ્થ છે. કર્યો છે, અમે કર્યા છે. આહા..હા..! કોણ કરે, પ્રભુ? આહા..હા..!

**શ્રોતા :-** આપના જેવા ગુરુ જોયા જ નથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુરુ તો આત્મા છે અંદર. મહાન સત્ સ્વરૂપ ભગવાન પરમાત્મસ્વરૂપ એ ગુરુ છે મોટો એને દૃષ્ટિમાં લે ત્યારે એણે ગુરુ ધાર્યા. માસ્ટર કી આ છે. આહા..હા..! અરેરે..! માણસો પછી રોવે. અરે..! કોને રોવે, બાપુ? 'એ રોનારા નથી રહેનાર રે' એ રોનારા રહેનાર નથી, બાપુ! આહા..હા..! છેલ્લા શબ્દોમાં તો ગજબ કામ કર્યું છે! આહા..હા..!

'**ભાવાર્થ :- 'ગુપ્તિ' એટલે જેમાં કોઈ ચોર વગેરે પ્રવેશ ન કરી શકે એવો કિલ્લો, ભોંયરું, વગેરે;...**' કિલ્લો હોયને, એમાં કોઈ ન પેસી શકે. સરિયા પાક્કા હોય બારણાના, બારીના પાક્કા (હોય) તો અંદર કોઈ પેસી ન શકે, કોઈ વાળી ન શકે. પાતળા સરિયા હોય તો તો વાળી શકે લોઢાનું ઘરે. પાક્કા હોય તો ભલે બહાર સિંહ હોય. આહા..હા..! આફ્રિકામાં થાય છેને. સિંહના ટોળા હોય

સેંકડો. સેંકડો સિંહ અને બચ્ચા એક સાથે. એની ફિલ્મ લેવા જાય છે મોટરો. પાંચ-પાંચ લાખની મોટરો હોય છે અને એમાં કાચ હોય એમાં દેખાય અને સરિયા આઘા હોય લોઢાના. એટલે કોઈ સિંહ આવે તો સરિયાની અંદર ન ગરી શકે. કાચમાં થાપ ન મારી શકે. સાંભળ્યું છે પાક્કુ. સાંભળ્યાનો ચિતાર કરીએ છીએને. મોઢા આગળ સરિયા લોઢાના હોય, પાછળ કાચ હોય એટલે તેનો પગ અડી ન શકે આ બાજુમાં. સેંકડો સિંહ.

**શ્રોતા :–** કાચ અંદર અને લોઢુ હોય બહાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, લોઢું બહાર આઘું, થોડું આઘું (હોય). નહિતર ઓલો પગ નાખે તો એ આઘો ન જઈ શકે. એ પાંચ-પાંચ લાખની મોટરું. સાંભળ્યું છેને, સેંકડો સિંહ. એ ફોટા પડે છે ક્યાના? ત્યાંના રજકણના, ત્યાંના નહિ. આહા..હા..! ત્યાં જે ઠેકાણે પડે છેને ત્યાંના રજકણો તે આકૃતિપણે પરિણમે છે, એ સિંહમાંથી નથી આવતા. સિંહના બચ્ચા નાના હોય સેંકડો સાથે. એમાંથી આવે તો તો શરીર સુકાઈ જાય. કારણ કે સો-બસ્સો પાડે ફિલ્મ મોટી.

**શ્રોતા :–** આપે સિંહ ઉપર હાથ રાખ્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ મૈસુરમાં સિંહ હતોને સિંહ? એ ખુલ્લો હતો, ફરતો હતો. અમે જઈ આવ્યા હતા. એક સિંહ હતો. ગયા તો એક ફોટોગ્રાફર આવ્યો બહાર નીકળતા આમ. મહારાજ! ફરી આવો ફરીને. એ સિંહ ઉપર હાથ મૂકો અમારે ફોટો લેવો છે. પછી ગયા હતા. સિંહ છૂટો હતો. હાથ મૂક્યો હતો. ઉં.. જરી કર્યું હતું પણ સામું ન જોઈ શક્યો. ખુલ્લો-ખુલ્લો સિંહ. મૈસુરમાં. ફોટો પાડી લીધો. આહા..હા..! આ ભગવાન સિંહ, વાઘ અંદર આત્મા રાગ ને પુણ્ય ઉપર થાપ (મારીને) મારી નાખે-બાળી નાખે એવો ભગવાન આત્મા છે. આહા..હા..! જેના બળ ને સ્વભાવના સામર્થ્યની કિંમતું કરી શકાય નહિ, વાણીમાં જેના સામર્થ્યનું વર્તન આવી શકે નહિ. આહા..હા..! એવો સિંહ. સિંહવૃત્તિ નથી કહેતા? મુનિની સિંહવૃત્તિ હોય છે. આહા..હા..! ધન્ય અવતાર જેને સિંહવૃત્તિ પ્રગટ થઈ! રાગ ઉપર થાપા મારીને ભૂક્કા ઉડાવી દે છે એ. આહા..હા..! પરની હિંસા કરી નાખે, ટાળી નાખે એવો પ્રાણી છે એ. આહા..હા..! એના સ્વભાવ અને એની શક્તિનું શું કહેવું પ્રભુ! ૪૭ શક્તિ તો વર્ણવી છે, પણ એમાં અનંતી શક્તિઓ છે અને તે અનંત શક્તિઓમાં રાગનું કારણ થાય એવી શક્તિ નથી, તેમ રાગથી કાર્ય એમાં થાય એવું એનામાં નથી. આહા..હા..! એવું એનું સામર્થ્ય છે. અકાર્યકારણ ભાઈ કહ્યું હતુંને. આહા..હા..! હવે લોકો રાડ પાડે છે આવું આવે ત્યારે... ભગવાન! તને ખબર નથી, પ્રભુ! કોઈપણ રાગની અનુકૂળતાએ તારામાં કાર્ય થાય એવો તું છો નહિ અને તું રાગને ઉત્પન્ન કરે એવું કારણ પણ નથી તું. આહા..હા..! એ તો નિર્મળાનંદ નાથની પર્યાયને પ્રગટ કર એવું તારું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ અહીં કહે છે જુઓ,

**''ગુપ્તિ' એટલે જેમાં કોઈ ચોર વગેરે પ્રવેશ ન કરી શકે એવો કિલ્લો, ભોંયરું વગેરે; જેમાં પ્રાણી નિર્ભયપણે વસી શકે છે. એવો ગુપ્ત પ્રદેશ ન હોય પણ ખુલ્લો પ્રદેશ હોય...'** આમ બહાર જંગલમાં અંધારા હોય અને બહાર ખુલ્લો હોય તો ડરે બિચારા. અને એ વખતે ભોંયરું હોય કે

કિલ્લો હોય અંદર, અંદર હોય તો કાંઈ વાંધો નહિ અંધારામાં. આહા..હા..! ખુલ્લો હોય તો આમ થઈને.. હોય નહિ કાંઈ બહાર પણ તોપણ ખુલ્લો હોય તો, ભૂત હશે? ફલાણું હશે? '**ખુલ્લો પ્રદેશ હોય તો તેમાં રહેનાર પ્રાણીને અગુપ્તપણાને લીધે ભય રહે છે.**' આહા..હા..! અજવાળાની અંદર બેઠો હોય તો બધું દેખાય એટલે કાંઈ એને ભય ન હોય. કારણ કે છેલ્લે કોઈ આવતું નથી ક્યાંય. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાનના અજવાળામાં તે બધું દેખાય. તેમાં એને ભય હોતો નથી. આહા..હા..! અજ્ઞાનને અંધારે બધા ભય છે. સૂઝ પડે નહિ એના ભય છે. આહા..હા..! '**જ્ઞાની જાણી શકે છે કે વસ્તુના નિજસ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી...**' આહા..હા..! વસ્તુના નિજસ્વરૂપમાં અસ્તિ-સત્તા ભગવાન આત્માની એમાં.. આહા..હા..! બીજા કોઈનો પ્રવેશ નથી. આહા..હા..! જમૈયો વાગેને આમ છરી, એ કહે છે આત્માને અડતી નથી ત્યાં, એમ કહે છે.

**શ્રોતા :-** શરીરને તો અડે છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શરીરને પણ અડતી નથી. બહિર લુઠંતિ. આવે છેને, સોળ બોલ આવે છે. આહા..હા..! બહાર લોટે (છે) આમ, અંદર લુટતી નથી. ભ્રમણા-ભ્રમણા. ઓલા શંકર નથી આવતા? શંકરના બાવા? ટોકરી સાથે હોય. વાર લગાડે પૈસાને તો ટોપી નીચે આમ ફેરવે લાકડી. ફેરવે બહાર અને અંદર ટોકરી ખનખન થાય. લઠ એવો હતો ઓલા ..ના ઘરેથી. અમારે દુકાન ઉપર ઘણાં આવેલાને બધા. એ બધા જોયેલા દુકાને આવે. પાવૈયા આવતા હીજડા પૈસા લેવા. દરરોજ આવે ત્યાં એક એક વારાફરતી. ગમે તે એક માગવા આવે દરરોજ. બધાને જોયેલા બધા. આહા..હા..! આ શું છે? અરે..! પ્રભુ! પાવૈયાને ઝટ ન આપો તો એકદમ લૂગડું ઊંચુ કરે શરમાવા માટે. ભાગો-ભાગો.. દઈ દ્યો એને પૈસા. અરર..! આહા..હા..! ત્રણલોકનો નાથ શું કરે છે આ? એની નિજ રમતું મૂકીને પરમાં રમવા ગયો એ વ્યભિચારી થઈને વેચાઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે, '**સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી. માટે વસ્તુનું સ્વરૂપ જ વસ્તુની પરમગુપ્તિ અર્થાત્ અભેદ્ય કિલ્લો છે.**' આહા..હા..! આનંદના નાથમાં કોણ પ્રવેશ કરે? આહા..હા..! ચક્રવર્તીના દરબારમાં કોણ ભિખારી પ્રવેશ કરી શકે ત્યાં? આહા..હા..! અનંત આનંદનો દરબાર ભગવાન આત્મા એમાં કોણ પ્રવેશ કરે, ભાઈ? આહા..હા..! ઓલામાં નથી આવતું? આવે છે ને, પર્યાય પણ અંદર પ્રવેશ કરતી નથી. કળશ આવે છેને કળશ. આની પહેલાં. ઉપર ઉપરટપકે (છે). ચૌદમી ગાથા એમાં છેને. પર્યાય ઉપર ઉપરટપકે છે. આહા..હા..! જ્યાં પોતાની નિર્મળ પર્યાયનો પ્રવેશ નથી, ત્યાં રાગ અને પરનો પ્રવેશ ક્યાંથી આવ્યો? આહા..હા..! એવો ત્રણલોકનો નાથ તે જ્યાં સ્વીકાર્યો અંદરમાં હવે તને રહ્યું શું બાકી? એમ કહે છે. આહા..હા..! આનંદની બાદશાહી સ્વીકારી. આહા..હા..! પામરતા ક્યાં તારે માટે અંદર રહી? આહા..હા..! સમજાણું કાંઈ?

'**અભેદ્ય કિલ્લો છે. પુરુષનું અર્થાત્ આત્માનું સ્વરૂપ જ્ઞાન છે; તે જ્ઞાનસ્વરૂપમાં રહેલો આત્મા ગુપ્ત છે...**' જ્ઞાનસ્વભાવરૂપે જ છે એ, એમ કહે છે. રહેલો એટલે? જ્ઞાન શાશ્વત છે અને એના સ્વરૂપે રહેલો છે એ. આહા..હા..! '**કારણ કે જ્ઞાનસ્વરૂપમાં બીજું કોઈ પ્રવેશી શકતું નથી. આવું**

**જાણતા જ્ઞાનીને અગુપ્તપણાનો ભય ક્યાંથી હોય? તે તો નિઃશંક વર્તતો થકો પોતાના સ્વભાવિક જ્ઞાનસ્વરૂપને...**' આહા..હા..! '**નિરંતર અનુભવે છે.**' લ્યો!

'**મરણભયનું કાવ્ય કહે છે :–**' આહા..હા..!

(शार्दूलविक्रीडित)

प्राणोच्छेदमुदाहरन्ति मरणं प्राणाः किलास्यात्मनो
ज्ञानं तत्स्वयमेव शाश्वततया नोच्छिद्यते जातुचित्।
तस्यातो मरणं न किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५९।।

આહા..હા..! '**પ્રાણોના નાશને (લોકો) મરણ કહે છે.**' આહા..હા..! આ પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાયા, શ્વાસ અને આયુષ્ય છૂટી જાય એને લોકો મરણ કહે છે. આહા..હા..! '**अस्य आत्मनः प्राणाः किल ज्ञानं**' આહા..હા..! '**આ આત્માના પ્રાણ તો નિશ્ચયથી જ્ઞાન છે.** ' શું કહ્યું? '**પ્રાણોના નાશને (લોકો) મરણ કહે છે.**' ત્યારે હવે આત્માના પ્રાણ તો જ્ઞાનાનંદ છે, એનો તો નાશ કોઈ દિ' થતો નથી. આહા..હા..! જીવતરશક્તિ નથી પહેલી? ચૈતન્ય ભાવપ્રાણની ધારણા ચૈતન્ય જીવત્વશક્તિ. એ જીવોમાંથી ઉપાડ્યું. બીજી ગાથા છેને. '**जीवो चरित्तदंसणणाणठिदो**' ત્યાંથી શક્તિ ઉપાડી ત્યાંથી. જીવ એને કહીએ કે જેમાં જીવતરશક્તિ છે. જીવતરશક્તિ એને કહીએ કે જેમાં જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તાના પ્રાણ છે. આહા..હા..! આ જડ પ્રાણ છે એ તો નહિ, પણ અશુદ્ધભાવ પ્રાણ જેની યોગ્યતા છે એ પણ નહિ. જડ પ્રાણ તો અસદ્ભુતવ્યવહારનય છે અને એની યોગ્યતા જે જીવમાં છે આયુષ્યપણે રહેવું પોતાને કારણે હોં, એ મન, વચન અને પ્રાણની યોગ્યતા એ અશુદ્ધનિશ્ચયનયે છે. સમજાણું? આહા..! સ્વરૂપમાં તો એ છે નહિ. સ્વરૂપના પ્રાણ તો જ્ઞાન, આનંદ અને શાંતિ ને સ્વચ્છતા છે. પ્રભુતા જેના પ્રાણ છે. આહા..હા..! પરમાત્મા પોતે તેના પ્રભુત્વ જેના પ્રાણ છે. આહા..હા..! એ જ્ઞાનપ્રાણની પ્રભુતા, આનંદની પ્રભુતા, સત્તાની પ્રભુતા, વીર્યની પ્રભુતા એ પ્રાણ જેના છે એ પ્રાણનો તો કોઈ નાશ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'લોકો...' એમ કહ્યુંને? '**प्राणोच्छेदम् मरणं उदाहरन्ति** ' લોકો કહે છે. '**अस्य आत्मनः प्राणाः किल ज्ञानं**' ભગવાન આત્માના પ્રાણ જેનાથી જીવ ટકી રહ્યો છે એ તો આનંદ, જ્ઞાન એ પ્રાણ છે એના. આહા..હા..! સમજાણું કાંઈ? '**આત્માના પ્રાણ તો નિશ્ચયથી જ્ઞાન છે.**' '**तत् स्वयमेव शाश्वततया जातुचित् न उच्छिद्यते**' આહા..હા..! '**તે (જ્ઞાન) સ્વયમેવ શાશ્વત હોવાથી...**' પોતાથી શાશ્વત છે. આત્માના જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, સત્તા એ તો શાશ્વત છે. આહા..હા..! તેનો '**કદાપિ નાશ થતો નથી;...**' આહા..હા..! '**अतः तस्य मरणं किञ्चन न भवेत्**' '**માટે આત્માનું મરણ બિલકુલ થતું નથી.**' આહા..હા..! જ્ઞાન, દર્શન, આનંદ, સત્તાપ્રાણ એનું મરણ થતું નથી, એનો અભાવ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! દેહનો નાશ થાય તો, નાશવાન છે તો થાય જ તે. આહા..હા..!

**'આત્માનું મરણ બિલકુલ થતું નથી. તેથી, (આવું જાણતા) જ્ઞાનીને મરણનો ભય ક્યાંથી હોય?'** હાય.. હાય.. હવે હું વયો જઈશ? ક્યાં જઈશ તું? તું તો તારામાં છો, આનંદ અને જ્ઞાનમાં છો. આહા..હા..! દેહ છૂટતાં કાંઈ આત્માનું મરણ થાય છે? એ છે એને કારણે. આહા..હા..! પરમાણુની પર્યાય બદલી બીજું શું? આહા..હા..! મોટો ચક્રવર્તી આમ દેહ છૂટે ત્યારે હાય.. અરેરે..! સોળ હજાર દેવ સેવા કરતા હોય. મરીને નરકે જાય પાછા. આહા..હા..! કારણ કે નિજપ્રાણની પરીક્ષા કરી નથી, પરપ્રાણમાં પોતાપણે પરને માન્યું છે. આહા..હા..! પર નામ પ્રધાન એવા પોતાના પ્રાણ જ્ઞાન, દર્શન, આનંદના એને કોઈ દિ' માન્યા નથી, એની એને કિંમત થઈ નથી, એને એના જ્ઞાનમાં આ છે એવું આવ્યું નથી. આહા..હા..! આવું છે, પોપટભાઈ! આ રૂપિયા-બુપિયાનું તો આમાં કાંઈ રહેતું નથી. આહા..હા..!

આયુષ્ય છૂટે છે માટે દેહ છૂટે છે એમ પણ નથી. એ દેહમાં રહેવાની યોગ્યતા જ જીવની પોતાને કારણે એટલી હતી, આયુષ્યને કારણે નહિ. આયુષ્ય તો નિમિત્ત પરવસ્તુ છે. આહા..હા..! એ યોગ્યતા મારામાં નથી. મારામાં તો જ્ઞાન, દર્શન, આનંદ પ્રાણ છે એવી જે દૃષ્ટિ થવી એને સમ્યગ્દૃષ્ટિ કહે છે, તેને ધર્મી કહે છે, એને મરણનો ભય હોતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બીજા તો બિચારા રાડ નાખી જાય, હાય.. હાય.. અકસ્માત આવ્યો. આ મોટરુંમાં થાય છેને અકસ્માત જુઓને કેટલા. આહા..હા..! આ મોટર બરાબર ન ચાલે અને પછી હાથમાં ન રહે. .. પડી જશે એમાં. પછી કેટલાક કુદી નીકળે. કેટલાક એમાં પડ્યા પડ્યા રહે. આહા..હા..! હમણાં થયું હતું ધોળા પાસે. આહા..! પણ એ તો પ્રાણ છૂટવાનો સમય (હતો). એ પ્રાણ એના ક્યાં હતા? એ તો પુદ્ગલના હતા. એને મારા માનીને જ્યારે મરણ થાય, ત્યારે તો હજી 'હું મરી ગયો' એમ થયું. પ્રાણ મારા હતા એટલે હું મરી ગયો. આહા..હા..! પણ પ્રાણ જ જડના (છે), મારા નથી. એના છૂટવાથી હું મરણ પામતો નથી. આહા..હા..! હું તો આનંદસ્વરૂપે શાશ્વત વસ્તુ છું. શાશ્વત અનાદિઅનંત ધ્રુવ ચીજ શાશ્વત ભગવાન આત્મા (છું) આહા..હા..! એવું જાણતા જ્ઞાનીને મરણનો ભય ક્યાંથી હોય?

**'તે તો પોતે નિરંતર...'** લ્યો, સ્વયં... સ્વયં શબ્દ આવ્યો છે આમાં. એને લોકો એમ કહે છે કે સ્વયં એટલે પોતારૂપે રહેવું. અહીં કહે કે સ્વયં એટલે પોતાથી થવું. જે જીવરૂપે રહે એ સ્વયંનો અર્થ, એમ. આહા..હા..! સ્વયમેવ. બધા આવે છેને. સ્વયમેવ. આહા..હા..! **'स्वयं सततं निश्शङ्कः सहजं ज्ञानं सदा विन्दति' 'પોતે નિરંતર...'** હિન્દીમાં શું કહે છે સ્વયંને? અપનેઆપ. હિન્દીમાં એમ કહે અપનેઆપ. **'નિરંતર નિઃશંક વર્તતો થકો... '** આહા..હા..! **'સહજ જ્ઞાનને સદા અનુભવે છે.'**

**'ભાવાર્થ :- ઈન્દ્રિયાદિ પ્રાણો નાશ પામે તેને લોકો મરણ કહે છે, પરંતુ આત્માને પરમાર્થે ઈન્દ્રિયાદિ પ્રાણ નથી, તેને તો જ્ઞાન પ્રાણ છે. જ્ઞાન અવિનાશી છે, તેનો નાશ થતો નથી; તેથી આત્માને મરણ નથી.'** લ્યો! આહા..હા..! **'જ્ઞાની આમ જાણતો હોવાથી તેને મરણનો ભય નથી; તે તો નિઃશંક વર્તતો થકો...'** પુરુષાર્થથી નિઃસંદેહ વર્તતો થકો એમ કહે છે.

આહા..હા..! 'પોતાના જ્ઞાનસ્વરૂપને નિરંતર અનુભવે છે.' લ્યો! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા સુદ-૫, સોમવાર, તા. ૨૪-૦૧-૧૯૭૭, કળશ-૧૬૦-૧૬૧, પ્રવચન નં. ૩૦૧

આ સમયસાર, સાતમો ભય, એનું નિર્ભયપણું બતાવે છે. ૧૬૦. કળશ છેને ૧૬૦ કળશ.

(शार्दूलविक्रीडित)

एकं ज्ञानमनाद्यनन्तमचलं सिद्धं किलैतत्स्वतो
यावत्तावदिदं सदैव हि भवेन्नात्र द्वितीयोदयः।
तन्नाकस्मिकमत्र किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१६०।।

ધર્મીજીવને અકસ્માતભય હોતો નથી. સમજાય છે કાંઈ? ધર્મી એને કહીએ કે જેને આત્મા શુદ્ધ ચૈતન્ય મહસત્તાનો અનુભવ થયો હોય છે. સમજાણું કાંઈ? મહાપ્રભુ ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન અતીન્દ્રિય એનું જેને ભાન છે તેને ભય હોતો નથી એમ કહે છે. આહા..હા..! સાત ભયમાં તો સાતમા ભયનું વર્ણન છે.

'**આ સ્વતઃસિદ્ધ જ્ઞાન એક છે,...**' શું કહે છે? આ આત્મા છે એ જ્ઞાન છે એ સ્વતઃ આત્મા છે. જ્ઞાન શબ્દે આત્મા. પૂર્ણ જ્ઞાનસ્વરૂપ સ્વતઃ પોતાથી છે. '**અનાદિ છે, અનંત છે,...**' આહા..હા..! સ્વતઃસિદ્ધ પોતાનું સત્ સ્વરૂપ (અનાદિ અનંત છે). બીજી બધી ચીજ તો નાશવાન ચીજ છે, એની સાથે તો સમકિતીને દૃષ્ટિનો સંબંધ નથી અને રાગ અને પર્યાયની સાથે પણ નિમિત્ત સંબંધ નથી. આહા..હા..! પોતાનો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ જે છે એની જેને અંતર દૃષ્ટિ થઈ એ દ્રવ્યની સાથે સંબંધ રાખે છે. સમજાણું કાંઈ? આહા..હા..! મારી ચીજ સ્વતઃ જ્ઞાનસ્વરૂપ અનાદિ (છે). હું તો અનાદિ છું અને અનંત છું. ભવિષ્યમાં પણ અનંતકાળ એવો ને એવો રહીશ. આહા..હા..! ધર્મીની દૃષ્ટિ અનાદિઅનંત આત્મા ઉપર હોય છે. સમજાણું કાંઈ? '**અનંત છે, અચળ છે.**' મારી ચીજ જે છે એ તો ચળાચળ છે જ નહિ. જેવી છે એવી અચળ ત્રિકાળ છે. આહા..હા..! નિત્યની વાત કરવી છેને, ધ્રુવ-ધ્રુવ. આહા..હા..! હું જે આત્મા છું એ તો ધ્રુવ છું, અનાદિઅનંત છું, આહા..હા..! અને અચળ છું. જ્ઞાનઘન પ્રભુ એ ચળે ક્યાંથી? એ તો અચળ વસ્તુ છે. આહા..હા..!

'**इदं यावत् तावत् सदा एव हि भवेत्**' '**તે જ્યાં સુધી છે ત્યાં સુધી સદાય તે જ છે,...**' આહા..હા..! અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિમાં તો અનાદિઅનંત ધ્રુવ

આત્મા વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે છે એ છે. હું તો જ્યાં સુધી છે ત્યાં સુધી સદાય હું જ છું. આહા..હા..! **'अत्र द्वितीयोदयः न'** **'તેમાં બીજાનો ઉદય નથી.'** મારી ચીજમાં બીજાનો પ્રવેશ નથી અને બીજાનું પ્રગટ થવું નથી. બીજી ચીજ બીજામાં છે. આહા..હા..! મારી ચીજ બીજાનો ઉદય નામ આવવું અને અંદરમાં ઘૂસી જાવું એવી ચીજ નથી. આહા..હા..!

તેથી, **'अत्र आकस्मिकम् किञ्चन न भवेत्'** **'આ જ્ઞાનમાં આકસ્મિક (અણધાર્યું, એકાએક) કાંઈ પણ થતું નથી.'** વસ્તુ ભગવાન આત્મા જેમાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે... આહા..હા..! એ છે ઈ છે એમ ને એમ, એમ કહે છે. એ અનાદિ છે, અનંત છે અને ચળાચળરહિત છે. આહા..હા..! 'આનંદનું ધામ એ હું છું' એવું સમ્યગ્દૃષ્ટિને ધ્રુવનું ધ્યેય હોવાથી કોઈ પરનો ભય એને છે નહિ. આહા..હા..! ચળે નહિ ચળે. છે એવો રહે. અનાદિઅનંત તો રહે, પણ છે એવો ને એવો રહે. અનાદિઅનંત તો છે, અનાદિ છે અને અનંત છે અને છે એવો રહે. વર્તમાન પણ ત્રિકાળ છે એવો રહે. આહા..હા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ!

ધર્મીની દૃષ્ટિમાં પોતાનો આત્મા ત્રિકાળી આનંદકંદ પ્રભુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ તેને કહીએ, ધર્મની પહેલી સીઢી, પહેલું સોપાન એને કહીએ એમ કહે છે. આહા..હા..! ભગવાન આત્મા પોતામાં અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનથી પરિપૂર્ણ ભરેલો છે. મારો આનંદ પરમાં નથી ત્રણકાળમાં. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જાણે છે કે આનંદ અને જ્ઞાનથી હું પરિપૂર્ણ ભરેલો છું. મારો આનંદ ત્રણકાળમાં કોઈ વિષયમાં, પરમાં ત્રણકાળમાં નથી. આહા..હા..! એવો અતીન્દ્રિય આનંદમય પ્રભુ. સાતમા ભયનો અધિકાર ચાલે છેને. હું તો અનાદિઅનંત જ્ઞાનઘન, ચિદ્રૂપ, અવિનાશી એવી વસ્તુ હું છું. આહા..હા..! શરીર, વાણી આ તો પર, જડ, માટી, ધૂળ છે. શરીર, વાણી, કર્મ એ તો પર અજીવ છે અને રાગ-દ્વેષ થાય છે એ પણ આસ્રવતત્ત્વ છે વિકારી. આહા..હા..! મારામાં એ છે નહિ.

**શ્રોતા :-** બાપની કિંમત કાઢી નાખી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાપ હતો કે દિ'? આહા..હા..! ભગવાનને બાપ કેવો? આહા..હા..! કાલે આવ્યું હતું. એય..! સુમનભાઈ! પરમાત્મપ્રકાશ. બાપનો સ્નેહ. બાપ કેવો? આત્માને બાપ કેવો? આહા..હા..! ભગવાન આત્મામાં રાગ નથી ત્યાં બાપ ક્યાંથી આવ્યો? ઝીણી વાત, ભાઈ! ધર્મીની દૃષ્ટિમાં તો પોતાનો સનાતન અનાદિઅનંત આત્મા દૃષ્ટિમાં વર્તે છે. આહા..હા..! એમાં એક સમયની પર્યાય ઉપર પણ દૃષ્ટિ નથી. કેમકે પર્યાય નિર્ણય કરે છે. આહા..હા..! ઝીણી વાત, ભગવાન! અનાદિઅનંત વસ્તુ ધ્રુવ ચૈતન્ય ભગવાન અનંતગુણનો પિંડ પ્રભુ, એનો નિર્ણય તો પર્યાય કરે છે. તો પર્યાય એમ જાણે છે કે મારી ચીજમાં કોઈનો પ્રવેશ નથી. આહા..હા..! અને મારો આનંદ ક્યાંય બીજામાં ત્રણકાળમાં નથી. આહા..હા..! મારા આનંદની ખાણ તો હું છું. આહા..હા..! તેને પરપદાર્થમાં સુખબુદ્ધિ ધર્મીની ઊડી જાય છે. સમજાણું કાંઈ? અને પરપદાર્થનું અવલંબન પણ જ્ઞાનીને, ધર્મીને છૂટી જાય છે. આહા..હા..! ઝીણી વાત, ભગવાન! આ કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય એનો કળશ છે.

**'આ જ્ઞાનમાં આકસ્મિક કાંઈ પણ થતું નથી. '** મારી ચીજ નિત્યાનંદ પ્રભુ એમાં કોઈ અકસ્માત બીજી ચીજ આવી જાય અને અકસ્માત થાય એવું છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? છે? **'આ જ્ઞાનમાં...'** નામ ભગવાન આત્મા અનાદિઅનંત નિત્ય અકૃત્રિમ નહિ કરાયેલ... આહા..હા..! એવી મારી વસ્તુ જે છે એમાં **'આકસ્મિક કાંઈ પણ થતું નથી.'** નવીનતા થાય અને અકસ્માત થાય એવું મારી વસ્તુમાં કાંઈ છે નહિ.

**શ્રોતા :–** અકસ્માતથી નહિ અને અકાળ મરણથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અકાળમરણ પણ નહિ. એ પ્રશ્ન અહીં છે જ ક્યાં? એવું કાંઈ નથી, દરેક સમયે પોતાને કાળે કાર્ય થાય છે. એ પણ નહિ, અહીં તો કાર્ય થાય છે પર્યાયમાં એ પર્યાય દ્રવ્યને સ્વીકારે છે. દ્રવ્યદૃષ્ટિ એ સમ્યગ્દૃષ્ટિ. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! અનંતકાળ થયા ચોર્યાસીના અવતારમાં દુઃખી થઈને રખડે છે. આહા..હા..!

ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો કંદ, સુખકંદ મનોહર એવી ચીજમાં સમ્યગ્દૃષ્ટિ જીવ ચોથા ગુણસ્થાનવાળો પશુ હોય કે નારકી હો, પણ પોતાનું સ્વરૂપ ત્રિકાળી આનંદકંદ છે એમ જાણે છે એમાં કોઈ અકસ્માત થાય એમ એ જાણતા નથી. આહા..હા..! શરીર, વાણી આ તો માટી જડ, ધૂળ છે. આહા..હા..! એ તો પુદ્‌ગલ છે, એ કંઈ આત્મા નથી. આહા..હા..! રાગ-દ્વેષ પુણ્ય-પાપના થાય છે એ આસ્રવતત્ત્વ છે, એ કંઈ જીવતત્ત્વ નથી. આહા..હા..!

આસ્રવતત્ત્વ અને અજીવતત્ત્વથી ભિન્ન એવી પર્યાય એમ નિર્ણય કરે છે. આહા..હા..! એ આસ્રવતત્ત્વ અને અજીવતત્ત્વથી મારી ચીજ નિત્યાનંદ પ્રભુ સહજાનંદસ્વરૂપ ભગવાન આત્મા 'સિદ્ધ સમાન સદા પદ મેરો' મારી ચીજ તો શુદ્ધ ચૈતન્યઘન (છે). આહા..હા..! એવી દૃષ્ટિના વિષયમાં કોઈ અકસ્માત થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત. અનંતકાળમાં એણે યથાર્થ વસ્તુ શું છે એની દૃષ્ટિ કરી જ નથી, એ કહે છે.

**'આવું જાણતા જ્ઞાનીને અકસ્માતનો ભય ક્યાંથી હોય?'** આહા..હા..! હું નિત્યાનંદ પ્રભુ એમાં અકસ્માત શું થાય? આહા..હા..! ચોથે ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી સીઢી, આહા..હા..! એમાં આત્માના આનંદકંદને દેખે છે. આહા..હા..! મારું સુખ તો મારામાં છે. એ સુખ તો અનાદિ-અનંત છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'આવું જાણતા જ્ઞાનીને અકસ્માતનો ભય ક્યાંથી હોય?'** **'सः स्वयं सततं निश्शङ्कः सहजं ज्ञानं सदा विन्दति'** સમ્યગ્દૃષ્ટિ તો. **'તે તો પોતે નિરંતર...'** આહા..હા..! સ્વયં નામ પોતાથી આત્મા છે સ્વયંસિદ્ધ તો પર્યાયમાં પણ સ્વયં પોતાના આનંદનો અનુભવ કરે છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! મૂળ તત્ત્વ સૂક્ષ્મ (છે). 'મુનિ વ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આતમજ્ઞાન શું ચીજ છે એ મળી નહિ, કર્યું નહિ. આહા..હા..! તો કહે છે કે જેને આત્મજ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું એ સ્વયં નિરંતર. આહા..હા..! **'તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો...'** પોતાની ચીજમાં નિઃસંદેહ નિઃશંક વર્તતો થકો. આહા..હા..! **'સહજ જ્ઞાનને...'** સ્વભાવિક આત્મા જ્ઞાનસ્વરૂપ ભગવાન. છે? **'સહજ**

**જ્ઞાનને સદા અનુભવે છે.**’ આહા..હા..! સુમનભાઈ! આવી વાતું છે આ બધી. ‘પ્રભુનો માર્ગ છે શુરાનો, કાયરના ત્યાં કામ નથી’ ભાઈ! સમજાય છે કાંઈ? આહા..હા..! અન્યમતિમાં કહે છે. ‘હરિનો માર્ગ છે શુરાનો, કાયરના નહિ કામ.’ અહીં તો પ્રભુનો માર્ગ ભગવાન આનંદકંદ પ્રભુ.. આહા..હા..! એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા (કરવા) એ શુરવીરનું કામ છે, વીરાના કામ છે, પામર-કાયરના કામ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ કહે છે. ‘**સહજ...**’ આહા..હા..! શરીર, વાણી, મન તો જડ છે એની સાથે તો સંબંધ છે જ નહિ. કર્મની સાથે સંબંધ નથી. કર્મ તો જડ છે, પોતાના આત્મામાં છે જ નહિ. સ્વના અસ્તિત્વમાં કર્મની નાસ્તિ છે. કર્મમાં સ્વ પોતાની અસ્તિની નાસ્તિ છે. આહા..હા..! અને પુણ્ય-પાપનો ભાવ પણ સ્વ અસ્તિમાં નાસ્તિ છે. જ્ઞાયકભાવ ભગવાન જ્ઞાનસ્વરૂપ એમાં એની નાસ્તિ છે. આહા..હા..! એવો ધર્મી ‘**સહજ જ્ઞાનને...**’ સ્વભાવિક ભગવાન આત્મા, ઝીણી વાત, પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ? ‘**સદા અનુભવે છે.**’ લ્યો! ‘ચિન્મૂર્તિ દગધારી કી.’ આવે છેને? ‘મોહે રીતી લગત હૈ અટપટી’ સમ્યગ્દૃષ્ટિ ચિન્મૂર્તિ છે ભગવાન આત્મા. આહા..હા..! ચિન—આ જ્ઞાન કહ્યુંને? જ્ઞાનસ્વરૂપ જાણકસ્વભાવ ‘ચિન્મૂર્તિ દગધારી...’ જેની ચિન્મૂર્તિની દૃષ્ટિ થઈ એની અટપટી ચીજ છે કહે છે. નરકમાં બાહ્ય દુઃખ ભોગવે છે, અંતરમાં સુખની ગટાગટી. આહા..હા..! છે? ‘ચિન્મૂર્તિ દગધારીકી મોહે રીતી લગત હૈ અટાપટી.’ આહા..હા..! સમજાણું કાંઈ?

નારકીમાં સમકિતી છે. શ્રેણિકરાજા ભવિષ્યમાં તીર્થંકર થશે. શ્રેણિકા રાજા આવતી ચોવીસીમાં તીર્થંકર થશે. અત્યારે નરકમાં છે, પહેલી નરકમાં છે. આહા..હા..! તો કહે છે કે બાહ્યથી નરકના દુઃખમાં જરી રાગ છે એટલું વેદન છે, પણ અંતરમાં આત્મામાં આનંદની ગટાગટી છે. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! વીતરાગ સર્વજ્ઞદર્શન પરમેશ્વર જિનેશ્વરદેવે કહ્યો માર્ગ એ બહુ સૂક્ષ્મ અપૂર્વ છે. આહા..હા..! અનંતકાળમાં એણે સમ્યગ્દર્શન એક સમય પણ પ્રગટ ન કર્યું. આહા..હા..! બાકી ‘મુનિ વ્રતધાર’ પંચમહાવ્રત પાળ્યા ‘અનંતબૈર ગ્રૈવેયક’માં ગયો પણ આત્મજ્ઞાન આત્માનો આનંદ, એના અનુભવ વિના ‘લેશ સુખ ન પાયો.’ આહા..હા..! ‘મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.’ તો મુનિવ્રતના પંચમહાવ્રત છે એ દુઃખ છે, આસ્રવ છે, રાગ છે. આહા..હા..! તો એવું કર્યું છતાં આત્મજ્ઞાનનું સુખ ન મળ્યું. તો એ નિજ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો. આહા..હા..! એ અહીં કહે છે.

ભગવાન આત્મા દેહદેવળમાં ભિન્ન પ્રભુ છે અંદર. આહા..હા..! એનું જ્ઞાન સહજ, સ્વભાવિક આત્માનું. ધર્મી તો સ્વભાવિક આત્માનો સદા અનુભવ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જિનવરદેવનો માર્ગ પ્રભુ બહુ સૂક્ષ્મ છે. આહા..હા..! ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. સાક્ષાત્ બિરાજે છે. ત્યાં ગયા હતા કુંદકુંદાચાર્ય. સંવત્ ૪૯. આઠ દિન ત્યાં રહ્યા હતા. ભગવાન બિરાજે છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે. આહા..હા..! બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્ય ગયા હતા ત્યાં. આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. ભગવાનનો આ સંદેશ છે, ભગવાનની વાણીમાં આ આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મી એને કહીએ, આહા..હા..! જેને આનંદનો

અનુભવ સદા રહે. આહા..હા..! જ્ઞાનનો કહ્યુંને? સહજ જ્ઞાન-સ્વભાવિક જ્ઞાન વસ્તુ જે ત્રિકાળ, એનો સદા અનુભવ રહે તેને ધર્મી અને જ્ઞાની કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ?

અનુભવ કરે છે શબ્દ છેને? '**ज्ञानं सदा विन्दति**' છેને? આહા..હા..! અનાદિથી રાગ ને પુણ્ય-પાપના વિકલ્પનું વેદન છે એ મિથ્યા વેદન છે. આહા..હા..! અનાદિકાળથી શુભ-અશુભરાગના વિકલ્પનું વેદન છે એ દુઃખનું વેદન છે. ધર્મીની દૃષ્ટિ આસ્રવના ભાવથી ખસીને ત્રિકાળી ભગવાન આનંદકંદની ધ્રુવ દૃષ્ટિ થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૧મી ગાથામાં કહ્યુંને. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' ભગવાન નિત્યાનંદ પ્રભુ એને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, આહા..હા..! સમજાણું કાંઈ? એવા સમ્યગ્દર્શનમાં, અહીં તો કહે છે સદા અનુભવ કરે છે આનંદનો. આહા..હા..! અનાદિનો અજ્ઞાની રાગ-દ્વેષનો અનુભવ કરે છે એ મિથ્યાત્વભાવ છે. વેદન તો કરે છે. આ શરીરનું વેદન નહિ, શરીર તો જડ છે. સ્ત્રીના વિષયમાં શરીરનું વેદન નથી. અજ્ઞાનીને એમાં રાગ થાય છે રાગનું વેદન છે અજ્ઞાનીને. આહા..હા..! આ તો જડ છે, માટી છે અને આત્મા અરૂપી છે. તો અરૂપી, રૂપીનો તો ભોગ કરી શકે નહિ. આહા..હા..! મૂઢ જીવ એ ચીજને દેખીને 'આ ઠીક છે' એવો અજ્ઞાની રાગ ઉત્પન્ન કરે છે એ રાગનું વેદન છે, આહા..હા..! પાપનું વેદન છે, દુઃખનું વેદન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિને વેદન ગુલાંટ ખાઈ જાય છે એમ કહે છે. ગુલાંટ સમજ્યા? પલટો મારે છે. આહા..હા..! નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો તોપણ રાગનું વેદન અને કષાયનું વેદન હતું. આહા..હા..! એ તો મિથ્યા વેદન, દુઃખનું વેદન (હતું). જ્યાં સમ્યગ્દર્શન પામ્યો... આહા..હા..! એનું વેદન.. કહ્યુંને અહીં? જ્ઞાનનો સદા અનુભવ. આહા..હા..! ધર્મીનું વેદન પલટી જાય છે. દેવીલાલજી આવી વાત છે, બાપુ! આહા..હા..! જન્મ-મરણરહિત થવાની. ચોર્યાસીના અવતાર કરી કરીને દુઃખી છે એ. સમજાણું કાંઈ? એ પૈસાવાળા દુઃખી છે બિચારા, ભિખારી છે કરોડોપતિ, અબજોપતિ. એય..! સાચી વાત છે? લ્યો આ બધા કરોડોપતિ બેઠા છે જુઓ સામે, પોપટભાઈ, શેઠ આવ્યા છે ભગવાનભાઈ. કરોડોપતિ દુઃખી છે, દુઃખી. ધૂળમાં—પૈસામાં સુખ માને એ દુઃખી છે.

**શ્રોતા :–** ઈ દુઃખી છે તો ગરીબ વધારે દુઃખી છે એમ થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ગરીબ દીનતાથી દુઃખી છે, આ પૈસાના અભિમાનથી દુઃખી છે, બેય દુઃખી છે. ભગવાનજીભાઈ! આહા..હા..! 'સુખીયા જગતમાં સંત દુરિજન દુઃખીયા.' આહા..હા..! એક સમ્યગ્દૃષ્ટિ સંત જગતમાં સુખી છે. સમજાણું કાંઈ? બાકી બધા ભિખારા કરોડોપતિ, અબજોપતિ હોય, દુઃખના વેદનમાં પડ્યા છે એ તો. આહા..હા..! શાંતિભાઈ!

**શ્રોતા :–** સુખનું વેદન બતાવો આપ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ ચાલે છેને, આ જુઓ આચાર્ય કહે છે. આહા..હા..! દિગંબર સંતોની શૈલી તો જુઓ, ઓહો..હો..! સહજ જ્ઞાનનો સદા અનુભવ. અજ્ઞાનમાં અનાદિકાળથી સ્વભાવિકને છોડી વિભાવનું વેદન (કરે છે), પુણ્ય અને પાપ જે વિભાવ વિકાર દુઃખનું વેદન (કરે છે). આ સહજનું

વેદન. આહા..હા..! સહજ ભગવાન આત્મા આનંદ પ્રભુ... આહા..હા..! એની જેને આનંદની રુચિ થઈ તો આખો ભગવાન આનંદસ્વરૂપ છે એવી પ્રતીત થઈ. આહા..હા..! એ આનંદનો **નમૂનો** પર્યાયમાં આવ્યો. એ **નમૂના** દ્વારા આખો આત્મા અતીન્દ્રિય આનંદ છે એવું પ્રતીતમાં સમ્યગ્દૃષ્ટિને આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી અહીં કહ્યું જુઓ, છએ શ્લોકમાં છે. '**स्वयं सततं निश्शङ्कः सहजं ज्ञानं सदा विन्दति**' એ અમૃતચંદ્રાચાર્ય. મૂળ શ્લોક છે કુંદકુંદાચાર્યના અને આ કળશ-ટીકા છે એ અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત વનવાસી આનંદમાં ઝૂલનારા અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા-ઝૂલતા આ ટીકા થઈ ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :–** અનુભવનું સાધન શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ સાધન, અનુભવ સાધન. રાગથી ભિન્ન ભેદજ્ઞાન. કહ્યું નહિ કાલે? 'ભેદજ્ઞાન સાબુ ભયો અને સમરસ નિર્મળ નીર, ધોબી અંતર આત્મા ધોવે નિજગુણ ચીર.' ભગવાન આત્મા રાગથી ભિન્ન પડીને પુણ્ય અને પાપના વિકલ્પથી ભિન્ન નિર્વિકલ્પ આનંદની દૃષ્ટિ કરીને, 'ભેદજ્ઞાન સાબુ ભયો અને સમરસ નિર્મળ નીર.' આહા..હા..! અનાદિનો જે વિષમરસ પુણ્ય અને પાપ હતા એનાથી છૂટીને સમરસ થયો. આહા..હા..! સમતા આનંદનો સમતારસ આવ્યો. એ સમરસ નિર્મળનીર. એમાં વિકારને ધોવે છે—નાશ કરે છે. સમજાણું કાંઈ? માર્ગ બીજો છે, ભગવાન! અનંતકાળનો માર્ગ આહા..હા..! અજાણ્યો માર્ગ, કદી પંથ લીધો નથી અંદરમાં. ભગવાન જ્યાં બિરાજે છે પ્રભુ પોતે. આહા..હા..! સચ્ચિદાનંદસ્વરૂપ એની દૃષ્ટિ કરી નથી, એનો આશ્રય કર્યો નથી, એનું અવલંબન કર્યું નથી. આહા..હા..! બહારના થોથામાં રોકાઈ ગયો છે. સમજાણું કાંઈ?

અહીં 'સહજ' શબ્દમાં એમ આવ્યું કે અનાદિથી તો પુણ્ય અને પાપ જે વિકલ્પ છે રાગ એની દૃષ્ટિ થવાથી પર્યાયબુદ્ધિમાં તો એનું વેદન છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને જ્યારે દ્રવ્યબુદ્ધિ થઈ જાય છે સમ્યગ્દર્શન... આહા..હા..! વસ્તુ ભગવાન પૂર્ણાનંદ દ્રવ્ય વસ્તુ એની દૃષ્ટિ થઈ તો આનંદનું વેદન થયું. અજ્ઞાનમાં જે રાગ-દ્વેષનું વેદન હતું, દુઃખી, દુઃખનું વેદન હતું એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? '**સહજ જ્ઞાનને સદા અનુભવે છે.**' આહા..હા..! આ તો ગુલાંટ ખાઈ ગઈ વાત. વિકારનો ત્રિકાળી વિભાવનો અનુભવ મિથ્યાદૃષ્ટિને છે, શરીરનો નહિ, વાણીનો નહિ, પૈસાનો નહિ. એ તો જડ છે, પર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અનાદિના અજ્ઞાનીને, અજ્ઞાની એટલે સ્વરૂપનું ભાન નથી. હું ક્યાં છું? કોણ છું? ક્યાં છું? કેવો છું? આહા..હા..! સમજાણું કાંઈ? એવું અજ્ઞાનીને અનાદિથી વિકારનું વેદન હતું. પુણ્ય અને પાપ બેય વિકાર (છે) હોં! આહા..હા..! એ મિથ્યાદૃષ્ટિ પર્યાયબુદ્ધિમાં દુઃખનું વેદન કરતો હતો. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ.. એ વાત ચાલે છેને. આહા..હા..! પર્યાયબુદ્ધિ નાશ થઈ ગઈ છે અને દ્રવ્યબુદ્ધિ પ્રગટ થઈ છે અંદર આત્મા પૂર્ણાનંદ પ્રભુ (છું), તો સહજ ત્રિકાળી જ્ઞાનનો સદા અનુભવ કરે છે. આહા..હા..! આ તો વીતરાગની વાણી બાપુ ગંભીર છે. આ કાંઈ કથા નથી. સંતો વીતરાગના માર્ગને કહે છે. સંતો દિગંબર મુનિઓ આડતિયા થઈને તીર્થંકરનો માલ આપે છે. આહા..હા..! બાપુ! ભગવાનનો માર્ગ તો

આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! આ સાતેય કળશનો છેલ્લો કળશ. આહા..હા..!

મિથ્યાદષ્ટિ એને કહીએ કે જે ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે એને છોડીને શુભાશુભરાગનું વેદન કરે છે, દુઃખનું વેદન છે એ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! મૂળચંદભાઈ! આવી વાત છે. આહા..હા..! એ પૈસામાં, રાજમાં ને દેવમાં દુઃખ છે. રાગની આકુળતાનું દુઃખ છે, ક્લેશ છે. આહા..હા..! આત્મજ્ઞાન થતાં સહજ જ્ઞાનનું વેદન થાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો શાંતિભાઈ! આ તમારા બધા પૈસાવાળા દુઃખી છે એમ કહે છે અહીં. એય..! શેઠ! દુઃખી છે દુઃખી. પર ઉપરનું અવલંબન છે એ જ રાગ છે અને રાગ એ દુઃખ છે. આહા..હા..! આકુળતા છે, ભાઈ! આહા..હા..! જ્યારે ધર્મદષ્ટિ થાય છે.. આહા..હા..! અપૂર્વ દષ્ટિ—પૂર્વે અનંતકાળમાં કદી નથી થઈ. સમજાણું કાંઈ? તો કહે છે કે સ્વભાવિક આત્માનો સદા અનુભવ (કરે છે). આહા..હા..! વાત તો કેવી કરે છે! જુઓ, ભગવાન અતીન્દ્રિય આનંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ આત્મા એની રુચિ છોડીને અનાદિથી અજ્ઞાની પુણ્ય અને પાપના ભાવની રુચિમાં પડ્યો છે એ દુઃખી છે, એ દુઃખનું વેદન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ, એ તો આવ્યું નહિ? 'ચક્રવર્તીકી સંપદા ઈન્દ્ર સરીખા ભોગ, કાગવીટ સબ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોક.' આહા..હા..! બનારસીદાસ. સમજાણું કાંઈ? આહા..હા..! ચક્રવર્તીની સંપદા. સોળ હજાર દેવ સેવા કરે, નવ નિધાન. ધૂળ છે, શું છે? આહા..હા..! અને ઈન્દ્ર, એની સંપદા 'કાગવીટ સબ માનત હૈ.' ધર્મી તો એને કાગની વિષ્ટા, કાગડાની વિષ્ટા. માણસની વિષ્ટામાંથી તો ખાતર પણ થાય છે. આહા..હા..! કાગડાની વિષ્ટામાંથી તો ખાતર પણ ન થાય. આહા..હા..! ભગવાનજીભાઈ! આહા..હા..! આવી વાતું, બાપુ!

એ તો કહે છે કે સમ્યગ્દષ્ટિ છે, ચક્રવર્તીની સંપદા પણ હોય. ભરત ચક્રવર્તી ઘરમાં વૈરાગી. આહા..હા..! જેને અંતર આત્માના આનંદનો અનુભવ છે એને પરમાં આનંદ ક્યાંય ભાસતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઈન્દ્ર છે પહેલાં દેવલોકનો અત્યારે સ્વર્ગમાં શક્રેન્દ્ર છે એકભવતારી છે. સુધર્મ દેવલોકના બત્રીસ લાખ વિમાન છે એનો સ્વામી શક્રેન્દ્ર છે, એકભવતારી છે, એક ભવે મોક્ષ જનાર છે. આહા..હા..! અને એની પત્ની પણ એકભવતારી છે અત્યારે. બેય એક ભવે મોક્ષ જવાના મનુષ્ય (થઈને). પણ એ બહારના ભોગને... આહા..હા..! 'કાગ વીટ સબ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોક.' આહા..હા..! બાપુ! સમ્યગ્દર્શન એ શું ચીજ છે? આહા..હા..! અને એ સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર બધા મિથ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે કે સ્વભાવિક જ્ઞાનનો સદા (અનુભવ કરે છે). શું લીધું સમજાણું? જે અજ્ઞાની સદા ત્રિકાળ કાયમ પોતાનો આનંદસ્વરૂપ ભગવાનનો અભાવ માનીને અને રાગ અને પરચીજની ભાવ અને સત્તા માનીને એમાં રાગનું વેદન, વિકારનું વેદન, કષાયનું વેદન અજ્ઞાની નિરંતર કરે છે. આહા..હા..! તો જ્ઞાની સદા, આત્મા જ્ઞાનસ્વરૂપ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ. આહા..હા..! જેના આનંદની ગંધ ક્યાંય ન મળે. ઈન્દ્રના ઈન્દ્રાસનમાં પણ દુઃખ છે એકલું. આહા..હા..! સમજાણું કાંઈ? તો અહીં કહે છે કે સ્વભાવિક... ધર્મી સ્વયં નિરંતર નિઃશંક વર્તતો. સ્વયં નામ પોતાથી. વ્યવહાર રાગની પણ જેમાં

અપેક્ષા નથી. આહા..હા..! **'પોતે નિરંતર નિઃશંક...'** નિરંતર નિઃશંક. આહા..હા..! હું આનંદસ્વરૂપ છું, જ્ઞાયકસ્વરૂપ છું, હું પરમાત્મસ્વરૂપ ત્રિકાળ છું. આહા..હા..! એવો સમ્યગ્દષ્ટિ જીવ નિઃશંક નિરંતર વર્તતો થકો. આહા..હા..! **'સહજ જ્ઞાનને સદા અનુભવે છે.'**

**'ભાવાર્થ :- કાંઈ અણધાર્યું અનિષ્ટ એકાએક ઉત્પન્ન થશે તો? એવો ભય રહે તે આકસ્મિકભય છે.'** 'કાંઈ અણધાર્યું...' નહિ ધારેલું. **'અનિષ્ટ એકાએક ઉત્પન્ન થશે તો? એવો ભય રહે તે આકસ્મિકભય છે. જ્ઞાની જાણે છે કે આત્માનું જ્ઞાન પોતાથી જ સિદ્ધ,... '** આહા..હા..! સમકિતીને તો આત્મા ભગવાન તરીકે પ્રતીત થઈ ગઈ અંદર. આહા..હા..! હું તો 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહા..હા..! આવે છેને એ બનારસીદાસમાં, 'ચેતનરૂપ અનુપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો; મોહ મહાતમ આતમ અંગ, કિયો પર સંગ મહાતમ ઘેરો.' મારી ચીજ એવી છે છતાં હું પરમાં મોહ કરીને.. આહા..હા..! ઘેરો ઘાલ્યો આત્માને રાગમાં. રાગમાં ઘેરાઈ ગયો. ઘેરાઈ ગયોને શું કહે છે? રાગમાં, આકુળતામાં આવી ગયો પોતે. 'જ્ઞાનકળા ઊપજી અબ મોકુ કહુ ગુણ નાટક આગમ કેરો.' બનારસીદાસ કહે છે. 'જ્ઞાનકળા ઊપજી અબ મોકુ' હું તો આનંદસ્વરૂપ જ્ઞાનાનંદ છું એવી જ્ઞાનકળા અમને જાગી. આ સમ્યગ્દષ્ટિ. 'જ્ઞાનકળા ઊપજી અબ મોકુ, કહુ ગુણ નાટક આગમકેરો, તાસુ પ્રસાદ સધે શિવમારગ, વેગે મીટે ઘટ વાસવસેરો.' આ હાડકા, ચામડામાં વસવું એ જ્ઞાનની કળાથી છૂટી જશે. શરીરમાં રહેવું રહેશે નહિ. આહા..હા..! લ્યો, આ બંગલા-બંગલામાં તો ક્યાં આવ્યું આમાં શેઠ! કાલે નહોતું આવ્યું? ભાઈ આવ્યા હતાને કાલે આમોદવાળા, આમોદવાળા. પાલેજ પાસે છેને અમારે અહીંયા ગુજરાતમાં પાલેજ છેને. દિગંબર છે. પાંચ કરોડ રૂપિયા. કાલે આવ્યા હતા, વિનંતી કરવા આવ્યા હતા. ૭૦ લાખનો તો બંગલો છે એને એક. કાલે નહોતા આવ્યા? આમોદના છે રમણીકભાઈ. મુંબઈ દાદર-દાદરમાં, દાદરમાં રહે છે. એ વિનંતી કરવા આવ્યા હતા. અહીં કાંઈક કરે છે. હોય ખરું. કાંઈક કંપનીનું નામ છે. હશે. ધૂળમાંય નથી કીધું, આ મકાન આ તો જડ, માટી, ધૂળના છે. ધૂળના મકાનમાં રહેવું એ તો પાપ છે. અમે આમાં રહ્યા છીએ એમ માને એ તો. આ શરીર પણ જડ માટીનું ઘર છે. આહા..હા..! સ્તુતિમાં આવે છેને, 'અબ હમ કબહુ ન નિજઘર આયે. અબ હમ કબહુ ન નિજઘર આયે, અબ હમ કબહુ ન નિજઘર આયે. પરઘર ભમત નામ અનેક ધરાયે' હું પુણ્યવંત છું, હું પાપી છું, હું મનુષ્ય છું, હું નારકી છું, હું ઢોર છું. અરે..! ભગવાન! એ તો પુદ્ગલના સંગે (થયેલા) બધા વિકારભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિજઘર આ. આહા..હા..! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાહેબો પ્રભુ, એ નિજઘરમાં ન આવ્યો કોઈ દિ'. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં નિજઘરમાં આવ્યો એની વાત ચાલે છે. આહા..હા..!

**'જ્ઞાની જાણે છે કે આત્માનું જ્ઞાન પોતાથી જ સિદ્ધ,... '** મારી ચીજ તો સ્વતઃસિદ્ધ, સ્વતઃસિદ્ધ (છે). કોઈ ચીજને બનાવનાર ઈશ્વર છે એમ છે નહિ. હું તો સ્વતઃસિદ્ધ ભગવાન આત્મા અનાદિ છું. આહા..હા..! **'અનાદિ, અનંત, અચળ...'** આહા..હા..! ત્રિકાળી વસ્તુ અચળ છું, અનંત છું, અનાદિ છું. **'એક છે. તેમાં બીજું કાંઈ ઉત્પન્ન થઈ શકતું નથી;...'** છેને, ભાષા છે

કે નહિ એમાં? બીજો ઉદય નથી. '**द्वितीयोदयः**' સંસ્કૃતમાં છે. મારા એકમાં બીજાનો ઉદય પ્રગટ છે જ નહિ. આહા..હા..! ઝીણી વાત, બાપુ! ધર્મ એ કોઈ એવી ચીજ નથી કે આ અનાદિથી કર્યું આ બધું માટે ધર્મ થઈ ગયો, દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને.. આહા..હા..! એ તો અનંતવાર કર્યું, પણ એનાથી ભિન્ન ભગવાન આત્મા એની દૃષ્ટિ વિના '**તેમાં બીજું કાંઈ ઉત્પન્ન થઈ શકતું નથી;...**' એમ જ્ઞાની જાણે છે. મારી અનાદિઅનંત નિત્ય ચીજમાં બીજું કોઈ આવી શકતું નથી. આહા..હા..!

'**માટે તેમાં અણધાર્યું...**' નહિ ધારેલું '**ક્યાંથી થાય?**' આહા..હા..! '**અર્થાત્ અકસ્માત ક્યાંથી બને? આવું જાણતા જ્ઞાનીને અકસ્માતનો ભય હોતો નથી,...**' આહા..હા..! સમજાણું કાંઈ? '**તે તો નિઃશંક વર્તતો થકો પોતાના જ્ઞાનભાવને...**' જ્ઞાનભાવ, આનંદભાવ, સ્વભાવભાવ, ભગવાન આત્મભાવ ત્રિકાળ એનો નિરંતર અનુભવ કરે છે. આહા..હા..! આવું. ધર્મની શર્ત આવી છે. લોકો કાંઈ-કાંઈ માનીને બિચારા જિંદગી ચાલી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આ રીતે, જ્ઞાનીને સાત ભય હોતા નથી.**' લ્યો! ધર્મીને આલોકભય, પરલોકભય, વેદનાભય, મરણભય એ કોઈ હોતા નથી, તેમ અકસ્માતભય હોતો નથી. આહા..હા..! '**પ્રશ્ન :- અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિને પણ જ્ઞાની કહ્યા છે...**' સમકિતદૃષ્ટિ અવિરતી હોય સંસારમાં તોપણ તેને તો જ્ઞાની કહ્યો છે. આહા..હા..! '**અને તેમને તો ભયપ્રકૃતિનો ઉદય હોય છે...**' સમજાણું કાંઈ? '**તથા તેના નિમિત્તે તેમને ભય થતો પણ જોવામાં આવે છે;...**' શિષ્યનો પ્રશ્ન મૂકે છે. '**તો પછી જ્ઞાની નિર્ભય કઈ રીતે છે?**' કઈ રીતે તમે કહો છો કે સમકિતી આત્મા નિર્ભય છે? ચોથે ગુણસ્થાને ભય પ્રકૃતિનો ઉદય છે, એને થોડો ભય થાય પણ છે. સાંભળ તો ખરો, પ્રભુ!

'**સમાધાન :-**' અનુવાદક જયચંદ્ર પંડિત છેને, એ જયચંદ્ર પંડિતે એનો ખુલાસો કર્યો. '**ભયપ્રકૃતિના ઉદયના નિમિત્તથી જ્ઞાનીને ભય ઊપજે છે. વળી અંતરાયના પ્રબળ ઉદયથી નિર્બળ હોવાને લીધે તે ભયની પીડા નહિ સહી શકવાથી જ્ઞાની તે ભયનો ઈલાજ પણ કરે છે.** ' આહા..હા..! શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી તીર્થંકરગોત્ર બાંધે છે અત્યારે. એ વખતે એનો પુત્ર મારી નાખવા આવ્યો. જરી ભય થયો થોડો, પણ એ અસ્થિરતાનો ભય છે, વસ્તુનો ભય નથી, વસ્તુમાં નિર્ભય છે. અસ્થિરતા સહેજ આવી ગઈ. દેહ છૂટી ગયો. નરકમાં ગયા. તીર્થંકરગોત્ર બાંધ્યું હતું, પણ નરકનો આયુબંધ થયો હતોને પહેલાં? ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. સમકિતી છે, ક્ષાયિક સમકિતી. ચારિત્ર નહોતું પણ સમ્યગ્દર્શનનો પ્રતાપ, મહિમા એટલી છે કે જેના પ્રતાપથી નરકમાંથી નીકળીને તીર્થંકર થશે. આગામી ચોવીસીમાં પહેલાં તીર્થંકર થશે. આહા..હા..! સમજાણું કાંઈ? અને મિથ્યાદૃષ્ટિ પંચમહાવ્રત ચોખ્ખા નિર્મળ પાળીને નવમી ગ્રૈવેયક ગયો. ત્યાંથી નીકળીને પશુ, મનુષ્ય થઈને ચાર ગતિમાં રખડશે. આહા..હા..! સમજાણું કાંઈ? તો કહે છે કે જ્ઞાનીને જરા પ્રકૃતિનો ઉદય છે ખરો. થોડો ભય પણ છે અને ભયનો ઈલાજ પણ કરે છે.

'**પરંતુ તેને એવો ભય હોતો નથી કે જેથી જીવ સ્વરૂપનાં જ્ઞાનશ્રદ્ધાનથી ચ્યુત થઈ જાય.**' આહા..હા..! વીતરાગસ્વરૂપી ભગવાન આત્માની જે દૃષ્ટિ થઈ છે એમાં કોઈ શંકા પડતી નથી,

ભય થતો નથી. મારી ચીજમાં કોઈ નુકસાન થઈ જશે એવો ભય થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાન અને શ્રદ્ધાનથી ચ્યુત નથી થતો. આહા..હા..! '**વળી જે ભય ઊપજે છે તે મોહકર્મની ભય નામની પ્રકૃતિનો દોષ છે; તેનો પોતે સ્વામી થઈને કર્તા થતો નથી,...**' આહા..હા..!

**શ્રોતા :-** કર્મનો દોષ આવ્યો, જીવનો ન આવ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જીવનો દોષ છે પણ એ સ્વભાવમાં એ નથી, એ કારણે પ્રકૃતિના નિમિત્તે ભાવ થયો એનો જ્ઞાતા-દ્રષ્ટા રહે છે. આ વાત છે ભાઈ ઝીણી. દોષ તો પોતાનો દોષ છે, પર્યાયમાં દોષ છે. આહા..હા..!

**શ્રોતા :-** દૃષ્ટિની અપેક્ષાએ કર્મનો, જાણવાની અપેક્ષાએ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાણવાની અપેક્ષાએ તે પર છે. પર્યાયમાં દોષ થાય છે એ તો કહ્યુંને. આહા..હા..! એ કાંઈ કર્મને લઈને થાય છે એમ નથી. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' આહા..હા..! પણ પોતાની પર્યાયમાં દોષ હોવા છતાં જ્ઞાતા-દ્રષ્ટા થઈને જ્ઞાન એને જાણે છે. આહા..હા..! એકમેક નથી થતો. આવી વાતું હવે.

**શ્રોતા :-** આમાં તો કર્મના કારણે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિમિત્તથી (કથન છે). સ્વભાવથી નથી માટે, એમ.

'**તે મોહકર્મની ભય નામની પ્રકૃતિનો દોષ છે; તેનો પોતે સ્વામી થઈને કર્તા થતો નથી,...**' જુઓ, કર્તા થતો નથી. મારું કર્તવ્ય છે એમ નથી માનતો એમ કહે છે. આહા..હા..! 'હું તો જ્ઞાતા-દ્રષ્ટા આત્મા છું' એમ સમ્યગ્દૃષ્ટિ માને એ રાગનો કર્તા ભયનો કર્તા કેમ થાય? આહા..હા..! '**માટે જ્ઞાનીને ભય નથી.**' આહા..હા..! સમજાણું કાંઈ?

'**હવે, આગળની** (**સમ્યગ્દૃષ્ટિના નિઃશંકિત આદિ ચિહ્નો વિષેની**) **ગાથાઓની સૂચનારૂપે કાવ્ય કહે છે :-**' લ્યો! નિર્જરા અધિકાર છેને.

(मन्दाक्रांता)

टङ्कोत्कीर्णस्वरसनिचितज्ञानसर्वस्वभाजः
सम्यग्दृष्टेर्यदिह सकलं घ्नन्ति लक्ष्माणि कर्म।
तत्तस्यास्मिन्पुनरपि मनाक्कर्मणो नास्ति बन्धः
पूर्वोपात्तं तदनुभवतो निश्चित्तं निर्जरैव।।१६१।।

આહા..હા..! '**ટંકોત્કીર્ણ એવું જે નિજરસથી ભરપૂર જ્ઞાન તેના સર્વસ્વને ભોગવનાર સમ્યગ્દૃષ્ટિને...**' આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ કોણ છે અને કેવી ચીજનું વેદન કરે છે? આહા..હા..! છે? નિજરસ ભગવાન આનંદરસ ત્રિકાળ ટંકોત્કીર્ણ અઘટીત ઘાટ એવો આનંદસ્વરૂપ ભગવાન નિત્ય આનંદ છે ધ્રુવ. આહા..હા..! એવો નિજરસ આત્માનો આનંદરસ. આહા..હા..! '**નિજરસથી ભરપૂર...**' એવો ભગવાન આત્મા પરિપૂર્ણ નિજરસ છે આત્મા અંદર. આહા..હા..! '**જ્ઞાન તેના સર્વસ્વને**

**ભોગવનાર...'** આહા..હા..! એ આત્માના સર્વસ્વ આનંદને ભોગવનાર. આહા..હા..! માર્ગ એવો છે, ભાઈ! આત્મા નિજરસ રાગરસથી ભિન્ન, પુણ્ય અને પાપના ભાવ રાગરસથી ભિન્ન, આસ્રવરસથી ભિન્ન ભગવાન એનો નિજરસથી અનુભવ કરનાર. નિજરસ કેવો છે? પરિપૂર્ણ એ તો છે. આહા..હા..! આનંદરસ, જ્ઞાનરસ આત્મામાં પરિપૂર્ણ છે, ધ્રુવ છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ ધ્રુવ ઉપર હોય છે, સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય ધ્રુવ ઉપર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'નિજરસથી ભરપૂર જ્ઞાન તેના સર્વસ્વને ભોગવનાર... '** આહા..હા..! આત્માનો જ્ઞાન સ્વભાવ જે પરિપૂર્ણ છે તેના સર્વસ્વને. આહા..હા..! તે જ્ઞાનના આનંદને જ ભોગવનાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિષયરસ તો ઝેર છે. આહા..હા..! જ્ઞાનીને વિષયમાં રસ હોતો નથી. આહા..હા..! **'નિજરસથી ભરપૂર જ્ઞાન...'** નામ આત્મા. **'તેના સર્વસ્વને...'** સર્વસ્વ. સર્વ-સ્વ નામ પોતાનું. જે ત્રિકાળી જ્ઞાન-આનંદ સર્વસ્વ-સર્વ પોતાનું, આહા..હા..! તેને ભોગવનાર. આહા..હા..! આવી ધર્મની શરતું. અહીં કાંઈ ભાન ન મળે અને ધર્મ થઈ ગયો. આહા..હા..! વસ્તુ શું છે? દૃષ્ટિ શું છે? સ્વભાવ શું છે? આહા..હા..!

ભાષા તો જુઓ, ઓહો..હો..! **'टङ्कोत्कीर्ण-स्वरस-निचित '** પરિપૂર્ણ. **'सर्वस्व-भाजः'** એક એક શબ્દનો અર્થ છે એ. ટંકોત્કીર્ણ એવો ને એવો ભગવાન આત્મા સ્વરસ નામ નિજરસથી પરિપૂર્ણ **'निचित'** નામ. એવો જે જ્ઞાન પોતાનો સ્વભાવ તેને **'सर्वस्व-भाजः'** સર્વસ્વ પોતાનું **'भाजः'** નામ ભોગવનાર. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? આહા..હા..! શ્લોક તે શ્લોક છે ને! ટંકોત્કીર્ણ ભગવાન અંદર સિદ્ધ ચિદ્ ધ્રુવ, અનંતગુણનું ગોદામ, અનંત શક્તિનો સંગ્રહાલય. આહા..હા..! એવો ટંકોત્કીર્ણ જે પોતાનો સ્વભાવ, એ નિજરસથી પરિપૂર્ણ એવો જે આત્મા એના સર્વસ્વને ભોગવનાર. આહા..હા..! **'સમ્યગ્દૃષ્ટિ જે નિઃશંક્તિ આદિ ચિહ્નો છે તે... '** તેને જે નિઃશંક આદિ આઠ ગુણ પ્રગટ થયા છે-નિઃશંક, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સા (આદિ). આહા..હા..! નિજરસને ભોગવનાર ભગવાન આત્મા નિઃશંક આદિ આઠ ગુણ જે છે, છે તો પર્યાય. આહા..હા..! **'નિઃશંકિત આદિ ચિહ્નો છે તે સમસ્ત કર્મને હણે છે;...'** લ્યો! નિઃશંકિત આનંદના સ્વાદમાં આવ્યો અને નિઃશંક થયો, એ નિઃશંક આદિ ગુણ-પર્યાયથી આઠ કર્મનો નાશ કરે છે, નિર્જરા કરે છે. આહા..હા..!

**શ્રોતા :-** સમકિતથી આશ્રવનો નાશ થાય છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ત્યાંથી જ થાયને. બીજાથી શેનાથી થાય? વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ-૬, મંગળવાર, તા. ૨૫-૦૧-૧૯૭૭,**
**કળશ-૧૬૧, ગાથા-૨૨૯, પ્રવચન નં. ૩૦૨**

સમયસાર, ૧૬૧ કળશ છે. '**टङ्कोत्कीर्ण-स्वरस-निचित-ज्ञान-सर्वस्व-भाजः सम्यग्दृष्टेः** ' આહા..હા..! અજ્ઞાની અનાદિકાળથી રાગ-દ્વેષના વિકારને વેદે છે. આહા..હા..! એ અધર્મ છે. પોતાના સ્વભાવથી વિરુદ્ધ એવા પુણ્ય અને પાપના ભાવ જે વિકારી, નાશવાન, અનિત્ય એને વેદે છે, એને અનુભવે છે, એ અધર્મને અનુભવે છે. આહા..હા..! એ પોતાનો સ્વભાવ નથી. આહા..હા..! ધર્મી જીવ પોતાનો ટંકોત્કીર્ણ સ્વભાવ '**નિજરસથી ભરપૂર જ્ઞાન...**' આહા..હા..! પોતાના આનંદ અને જ્ઞાનરસથી પરિપૂર્ણ ભરપૂર આત્મા છે. આહા..હા..! '**તેના સર્વસ્વને...**' આહા..હા..! '**તેના સર્વસ્વને...**' પરિપૂર્ણ સ્વને ભોગવે છે. આહા..હા..! ઝીણી વાત છે. ઓલો રાગ-દ્વેષને ભોગવે છે અજ્ઞાની, જ્ઞાની પોતાના નિજરસને-સ્વ સ્વરસને ભોગવે છે. આહા..હા..!

'**તેના સર્વસ્વને ભોગવનાર સમ્યગ્દૃષ્ટિ...**' આહા..હા..! જેની દૃષ્ટિ નિત્યાનંદ ભગવાન ઉપર પડી છે (તે સમ્યગ્દૃષ્ટિ છે). જેની દૃષ્ટિ રાગ અને પુણ્યાદિના વિકલ્પ ઉપર પડી છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! જેની દૃષ્ટિ નિત્યાનંદ અચળ આનંદ, અવિનાશી આનંદ, ધ્રુવ આનંદ, અનંત આનંદ એવા સ્વભાવ ઉપર પડી છે તેથી તે પોતાના આનંદને, સર્વસ્વ આત્માના આનંદ આદિ જ્ઞાનને ભોગવનાર છે. આહા..હા..! આવો માર્ગ! સમજાય છે કાંઈ? 'भाजः' છેને? ભોગવનાર. '**सर्वस्व-भाजः**' આહા..હા..! આત્મા અતીન્દ્રિય આનંદસ્વભાવસ્વરૂપ, એની દૃષ્ટિ હોવાથી, એનો સ્વીકાર હોવાથી તે અતીન્દ્રિય આનંદને પોતાના સ્વભાવને જ સર્વસ્વને ભોગવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જે નિઃશંકિત આદિ ચિહ્નો છે તે...**' આહા..હા..! 'હું પૂર્ણ આનંદ છું' તેનું નિઃસંદેહપણું છે એને. 'મારા સ્વરૂપમાં અલ્પજ્ઞતા નથી અને વિકાર નથી, નિમિત્ત નથી. હું પૂર્ણ આનંદસ્વરૂપ છું' એવી નિઃશંક-નિઃસંદેહ આદિ આઠ ગુણો જે કહ્યા, પર્યાય એ '**નિઃશંકિત આદિ ચિહ્નો છે તે સમસ્ત કર્મને હણે છે;...**' અહીં સુધી તો કાલે આવ્યું હતું. અશુદ્ધતા અને કર્મ હણાય કેમ? કે શુદ્ધતા પોતાની પૂર્ણાનંદ શુદ્ધતા એને ભોગવતા નિઃશંક આદિ ગુણની પર્યાય દ્વારા એ કર્મનો નાશ થઈ જાય છે. આહા..હા..! આવી વાતું! સમજાણું કાંઈ? '**સમ્યગ્દૃષ્ટિને ફરીને કર્મનો ઉદય વર્તતા છતાં...** ' આહા..હા..! '**ફરીને કર્મનો બંધ જરા પણ થતો નથી,...**' આહા..હા..! વિશેષ દશા લીધી છેને. આહા..હા..! સ્વભાવ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન એ સર્વસ્વ પોતાનું સ્વરૂપ. એવા સર્વસ્વને-સર્વસ્વ-બધું પોતાનું. આહા..હા..! એને ભોગવનાર નિઃશંકિત આદિ આઠ ગુણની પર્યાયથી કર્મને હણે છે. '**સમ્યગ્દૃષ્ટિને ફરીને કર્મનો ઉદય વર્તતા હોવા છતાં સમ્યગ્દૃષ્ટિને ફરીને કર્મનો બંધ જરા પણ થતો નથી,...**' આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

**શ્રોતા :–** અનંતાનુબંધી સંબંધી જરા પણ ન હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અહીં તો અલ્પ થાય છે એની ગણતરી ગણી નથી. આહા..હા..! વીતરાગસ્વરૂપી ભગવાન આત્મા એની જ્યાં દૃષ્ટિ અને અનુભવ થયો... આહા..હા..! એ ધર્મીને કર્મનો ઉદય વર્તતા છતાં તેનું એને વેદન નથી, એથી બંધ નથી. આહા..હા..! વેદન તો આત્માના આનંદનું છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વેદન તો જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવનું છે, તેથી રાગનું વેદન છે નહિ, માટે એને નવા કર્મ બંધાતા નથી એમ કહે છે. આ આવો માર્ગ! આહા..હા..! એને પામ્યા વિના ચોર્યાસીના અવતારમાં,... જુઓને, ક્ષણભંગુર નાશવાન ઘડીકમાં. આહા..હા..! હાડકાનો માળો આહા..હા..! ચામડે વીંટેલો ઉપર ક્ષણમાં રાખ થઈ જાય. ભગવાન અવિનાશીનો નાશ થાય કોઈ દિ'? આ તો નાશવાન ચીજ છે. આહા..હા..!

**શ્રોતા :–** દીપચંદજી શેઠિયાએ પણ એવું કીધું કે રાગનું વેદન બિલકુલ નથી થતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કઈ અપેક્ષાએ? આ અપેક્ષાએ. જ્ઞાનની અપેક્ષાએ છે. મોટો ફેર છે એટલો. અહીં તો શ્રદ્ધા અને શ્રદ્ધાનો વિષય, પૂર્ણાનંદ એ નિર્મળ અને શ્રદ્ધા એ નિર્મળ. એથી એ સ્વભાવનું પરિણમન વ્યાપક નિર્વિકારી હોય છે, વિકારી એનું વ્યાપ્ય હોતું નથી, એ અપેક્ષા લેવી છે. આહા..હા..! વિકારભાવ છે, સમ્યગ્દૃષ્ટિને છઠ્ઠે પણ છે, પણ એ વાતને દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયમાં તે વાતને ગૌણ કરીને એનું એને વેદન નથી એમ કહ્યું છે; પણ એથી એમ જ માની લે કે સમ્યગ્દૃષ્ટિને રાગનું વેદન હોય તો એ મિથ્યાદૃષ્ટિ છે, એમ નથી. આહા..હા..! જેટલી નબળાઈ છે એટલું તો રાગનું વેદન મુનિને છે. આહા..હા..! પણ એની વેદનની અહીંયાં મુખ્યતા નથી લીધી. ભાઈ છેને મોરબીવાળા? મળવા આવ્યા હતા. સેવક. આહા..હા..! આ તો આ શરણ છે, બાપુ! આહા..હા..!

આખું ઘર એક ક્ષણમાં નાશ થઈ જાય. ચાર-પાંચ છોકરાઓ, બે-ચાર બાયડી, છ દીકરીયું એક સાથે ખલાસ થઈ જાય. એ નાશવાનમાં શું છે? આહા..હા..! અહીં તો પર્યાય નાશવાન છેને કહે છે. આહા..હા..! પરવસ્તુ તો પરમાં પરને કારણે અવિનાશીપણું નથી એમાં, નાશવાન છે. અહીં તો આત્મા એની એક સમયની પર્યાય નાશવાન છે. આહા..હા..! અવિનાશી ભગવાન નિત્યાનંદ પ્રભુ સહજાત્મસ્વરૂપ નિત્યાનંદ આત્મા આહા..હા..! એના સ્વીકારથી એને પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું વેદન આવે. એ વેદન દ્વારા પૂર્વના કર્મનો ઉદય વર્તતો હોય છતાં એ ખરી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! જગત તો અનાદિથી અશરણ છે. અરિહંત અને સિદ્ધ શરણ છે એ પણ વ્યવહાર છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો કંદ ભરપુર એવો ભગવાન તે શરણ છે. એથી કહ્યુંને, ધર્મીને નિજરસથી ભરપુર આત્મા તેના સર્વસ્વને ભોગવનાર. આહા..હા..! રાગને ભોગવનાર નહિ અને અપૂર્ણતાને ભોગવનાર નહિ એમ કહે છે. આહા..હા..! સર્વસ્વ છેને? આહા..હા..!

ભગવાન અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ, એના અનંત ગુણો જે પવિત્ર, એનો એકરૂપ ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવ એને શરણે ગયો એવો આત્મા, એ આત્માના શુદ્ધ ચૈતન્યના સર્વસ્વને ભોગવનાર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત, બાપુ! જિનેન્દ્રનો માર્ગ બહુ અલૌકિક છે. આહા..હા..!

એ નિઃશંકિત આદિથી '**કર્મનો ઉદય વર્તતા છતાં, સમ્યગ્દૃષ્ટિને ફરીને કર્મનો બંધ જરા પણ કરતો નથી,...**' આ દૃષ્ટિ અને દૃષ્ટિના પૂર્ણ સ્વભાવની અપેક્ષાએ વાત છે, પણ આમાંથી પાછું કોઈ એમ લઈ લે કે સમ્યગ્દૃષ્ટિને દુઃખનું વેદન જરીએ નથી, (તો) એમ નથી. અહીંયાં તો દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય પરિપૂર્ણ ભગવાન આત્મા, આહા..હા..! એની દૃષ્ટિમાં સર્વસ્વ, પોતાનું સર્વસ્વ અનંતગુણનો સમાજ ભગવાન આત્મા એ સર્વસ્વને ભોગવનાર છે. આવી આકરી વાતું છે, બાપુ! તેથી આ લોકોને સંપ્રદાયમાં આ વાત ચાલતી નથી એટલે એનાથી વિરુદ્ધ આવી એટલે લોકો ખળભળાટ થઈ ગયા છે. બાપુ! ખળભળાટ થાવ, ન થાવ, માર્ગ તો પ્રભુ આમ છે. આહા..હા..!

પર્યાય આનંદ એ પણ અહીં તો નહિ, કહે છે. નિત્યાનંદ. આહા..હા..! એનો ભોગવટો થાય પર્યાયમાં ભલે. આહા..હા..! સમજાય છે કાંઈ? પણ છે નિત્યાનંદ પ્રભુ શાશ્વત આનંદનો કંદ નાથ. આહા..હા..! એ અવિકારી રસનો કંદ વીતરાગસ્વરૂપે મૂર્તિ પ્રભુ વીતરાગસ્વરૂપ મૂર્તિ છે. એની શક્તિઓ—એના સ્વભાવો એના સર્વસ્વને પર્યાયમાં ભોગવનાર. આહા..હા..! વસ્તુ તો અંદર પૂર્ણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ શરીરને ભોગવતો નથી, રાગને જ્ઞાની ભોગવતો નથી. આહા..હા..! એ અલ્પજ્ઞને ભોગવતો નથી. અલ્પજ્ઞમાં ભોગવાય છે, પણ ભોગવાય છે સર્વસ્વ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ, બાપુ! જન્મ-મરણરહિતના પંથ તો આવા છે. આહા..હા..!

'**પરંતુ જે કર્મ પૂર્વે બંધાયેલું હતું તેના ઉદયને ભોગવતાં...**' ભોગવતા એટલે જરી ઉદય આવ્યો એમાં જરી લક્ષ હોય છે, પણ એ ખરી જાય છે. '**નિયમથી તે કર્મની નિર્જરા જ થાય છે.**' આહા..હા..! ઢીંગ ધણી માથે કીયો. મહા ભગવાન પૂર્ણ સત્તાનું સત્ત્વ એને જેણે દૃષ્ટિમાં લીધો અને સ્વીકાર થયો... આહા..હા..! એને નવા કર્મના બંધન થતા નથી અને જૂના કર્મ હોય એ ખરી જાય છે. આહા..હા..! આવી વાત છે.

**શ્રોતા :-** જૂના કર્મ ફળ આપ્યા વગર ખરી જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ફળ આપ્યા વિના જ ખરી જાય. આહા..હા..! ઉદયાભાવી નિર્જરા છે. ઉદય છે એ નિર્જરા થઈ જાય. આહા..હા..! કર્મ ક્યાં, એ તો જડ છે. પર્યાયમાં ફળ આવતું દુઃખનું. એ આનંદ તરફનો આશ્રય છે એટલે દુઃખનું ફળ એને આવતું નથી. આહા..હા..! માર્ગ બહુ બાપુ (ઝીણો). આહા..હા..! અરેરે..! ચોર્યાસીના અવતારમાં ક્યાંય એને શરણ ન મળ્યું. ચોર્યાસીના અવતારમાં ઝપાટા, દુઃખના ઝપાટા ખાધા એણે. આહા..! એને તરવાનો ઉપાય તો આ એક છે. આહા..હા..!

'**પૂર્વે બંધાયેલી ભય આદિ પ્રકૃતિઓના ઉદયને ભોગવે છે, તોપણ નિઃશંકિત આદિ ગુણો વર્તતા હોવાથી...**' ગુણ શબ્દે પર્યાય. '**તેને શંકાદિકૃત બંધ થતો નથી, પરંતુ પૂર્વકર્મની નિર્જરા થાય છે.**'

'**હવે, આ કથનને ગાથાઓ દ્વારા કહે છે, તેમાં પ્રથમ નિઃશંક્તિ અંગની (અથવા નિઃશંક્તિ ગુણની-ચિહ્નની) ગાથા કહે છે:-**'

जो चत्तारि वि पाए छिंददि ते कम्मबंधमोहकरे।
सो णिस्संको चेदा सम्मादिट्ठी मुणेदव्वो।।२२९।।

**જે કર્મબંધનમોહકર્તા પાદ ચારે છેદતો,**
**ચિન્મૂર્તિ તે શંકારહિત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૨૯.**

આહા..હા..! '**ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિ,...**' એટલે કે સત્ય પૂર્ણ સ્વરૂપ છે તેની થયેલી દૃષ્ટિ. આહા..હા..! સત્યદૃષ્ટિ. સત્-સત્ ભગવાન પૂર્ણ એનું પૂર્ણ સત્ત્વ, અનંતગુણોનું એનું રસકંદ પૂર્ણ. એવું જે સત્ તેની થઈ છે દૃષ્ટિ જેને. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**ટંકોત્કીર્ણ એવા એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' એ તો એક સ્વભાવિક જ્ઞાયકભાવપણાને લીધે. આહા..હા..! જોયું! રાગ પણ નહિ અને એક સમયની પર્યાય જેટલો પણ નહિ. આહા..હા..! '**એક જ્ઞાયકભાવમય...**' જ્ઞાયકભાવવાળો એમ પણ નહિ. આહા..હા..! જ્ઞાયકભાવમય પ્રભુ, એકરૂપ જ્ઞાયકભાવ, એકરૂપ જ્ઞાયકભાવ જેમાં પર્યાયનો ભેદ પણ નહિ. આહા..હા..! એ પર્યાય એકરૂપ જ્ઞાયકભાવને સ્વીકારે છે. આહા..હા..! આવી વાત. '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે કર્મબંધ સંબંધી શંકા કરનારા (અર્થાત્ જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો સંદેહ...** ' (કરનારા). આહા..હા..! કર્મથી બંધાયેલો એ સંદેહ નથી જેને. બંધાયો જ નથી. આહા..હા..! વસ્તુ એ જ છે. 'બંધાણો છું' એવો સંદેહ તે મિથ્યાત્વભાવ છે. આહા..હા..! અબદ્ધસ્પૃષ્ટ છું, રાગથી બંધાયેલો નથી, કર્મથી બંધાયેલો નથી, એવો કર્મ સંબંધીનો સંદેહ કે રાગથી બંધાણો છું. ભગવાન અમૂર્તિક અબદ્ધસ્પૃષ્ટ વસ્તુ એ રાગના સંબંધમાં બંધાય કેમ? સંબંધમાં બંધાય કેમ? આહા..હા..! સમજાણું કાંઈ? પરદ્રવ્યનો સંબંધ કરે તો બંધાય, પણ વસ્તુ પરદ્રવ્યના સંબંધ વિનાની છે. આહા..હા..! સમ-બંધ. એક સ્વદ્રવ્ય-પરદ્રવ્યની સાથે સંબંધ કરે તો બંધાય. આહા..હા..! પરના સંબંધ વિનાની ચીજ છે. આહા..હા..!

'**કર્મસંબંધી શંકા કરનારા...**' ભાષા તો દેખો! ઓહો..હો..! 'હું કર્મથી બંધાયેલો છું' એ સંદેહ છે, એ જ મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હું કર્મથી બંધાયેલો નથી, મારું સ્વરૂપ અબંધ મુક્તસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો સંદેહ...**' આહા..હા..! બીજી રીતે કહીએ કે સ્વદ્રવ્ય છે એ કર્મના સંબંધમાં છે... આહા..હા..! એ સંદેહ જ્ઞાનીને છે નહિ. એ પરના સંબંધમાં છે જ નહિ.

**શ્રોતા :-** જ્ઞાનનો સંબંધ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરની સાથે સંબંધ ક્યાં છે? જ્ઞાયક છે જ્યાં આત્મા. આહા..હા..! ભાઈએ ન કહ્યું? શ્રીમદ્દે કહ્યુંને કે દિગંબરના આચાર્યોએ એવું સ્વીકાર્યું છે કે આત્માનો મોક્ષ થતો નથી, મોક્ષ સમજાય છે. રાગ સાથે સંબંધ હતો એ જૂઠો છે એમ થતાં એ મોક્ષસ્વરૂપ છે એ સમજાય છે બસ. પૂર્ણાનંદનો નાથ ભગવાન અંદર શુદ્ધ ચૈતન્યઘન એને રાગ સાથે સંબંધ છે એવી માન્યતા હતી. એ મુક્તસ્વરૂપ જ છે, અબદ્ધસ્વરૂપ જ છે. એમ કહ્યુંને, ૧૪-૧૫ (ગાથા). '**जो पस्सदि अप्पाणं**

**अबद्धपुट्ठं**' રાગના બંધ વિનાનો. આહા..હા..! એટલે કે મુક્તસ્વરૂપ છે. આહા..હા..! એને માન્યતામાં સંદેહ હતો કે રાગના સંબંધવાળો છું એ માન્યતા છૂટી એટલે મોક્ષ થયો, થઈ રહ્યું. સમજાણું કાંઈ?

'**નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે...**' જોયું! ખરેખર મને કર્મનો સંબંધ છે... આહા..હા..! એ જ સંદેહ ને શંકા ને મિથ્યાત્વ છે; પણ કર્મના સંબંધના બંધ વિનાનો છું, અબદ્ધ મુક્તસ્વરૂપ ભગવાન આત્મા (છું) એવી દૃષ્ટિમાં આત્માને બંધ છે એ વાત હોતી નથી. આહા..હા..! આવો માર્ગ છે. એમ કહ્યુંને કે જે કોઈ આત્માને બંધના સંબંધ વિનાનો અબંધસ્વરૂપી ભગવાન આત્મા, વસ્તુ છે એ અબદ્ધ છે. પર્યાયમાં રાગનો એનો નૈમિત્તિક પર્યાયનો સંબંધ છે એ તો પર્યાયબુદ્ધિમાં છે. વસ્તુ ભગવાન આત્મા પૂર્ણ આનંદનો નાથ અબદ્ધ છે આહા..હા..! એને બદ્ધની શંકા હોતી નથી. અબદ્ધનો નિઃસંદેહ અનુભવ થતાં એને બદ્ધનો સંદેહ, શંકા, ભય હોતો નથી. આહા..હા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યની સાથે સંબંધમાં. એનો અર્થ શું? સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનંતગુણ મુક્તસ્વરૂપ ભગવાન એને રાગનો અને કર્મનો સંબંધ છે એટલે શું? એ તો મિથ્યા ભ્રમ છે. આહા..હા..! આ તો ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, મુક્તસ્વરૂપ એવા જે જ્ઞાયકભાવમયપણાને લીધે એમ કીધુને. એમાં ક્યાં લીધું કે પર્યાયવાળો છે કે રાગના સંબંધવાળો ઈ છે. આહા..હા..!

**શ્રોતા :-** તાદાત્મ્યસંબંધ નથી, સંયોગસંબંધનો અર્થ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંયોગસંબંધનો અર્થ શું? એ તો છે જ નહિ એમાં. સંયોગનો અર્થ ... આહા..હા..! અંતર આનંદસ્વરૂપ ભગવાન આત્મા આહા..હા..! આનંદની શક્તિ અને સત્ત્વવાળું તત્ત્વ તે પણ જ્ઞાયક પૂર્ણ એટલે જ્ઞાયક આનંદ પૂર્ણ. આહા..હા..! અહીં તો જ્ઞાનથી લીધું છે. જ્ઞાયકભાવ અથવા આનંદમયભાવપણાને લીધે. આહા..હા..! જ્ઞાનપ્રધાનથી કથન છે. એ આનંદમય ભગવાન છેને અતીન્દ્રિય આનંદ. આહા..હા..! એ અતીન્દ્રિય આનંદની અલ્પતા પણ નહિ જેને-જેની દૃષ્ટિમાં. આહા..હા..! નિત્યાનંદ પ્રભુ છે પૂર્ણ એને લઈને, કર્મસંબંધી રાગ અને કર્મના સંબંધમાં છું, એવા મુક્તસ્વરૂપની દૃષ્ટિમાં એ સંદેહ હોતો નથી. આહા..હા..! આવી વાતું બાપુ આ તો.

જેના ફળમાં અતીન્દ્રિય આનંદ આવે એના ઉપાય પણ એવા જ અલૌકિક હોયને! આહા..હા..! આચાર્યે ગજબ કામ કર્યા છે! આહા..! આત્મા જ્ઞાયકમય, જ્ઞાયકવાળો પણ નહિ, આનંદવાળો પણ નહિ. આનંદમય, જ્ઞાયકમય, પ્રભુત્વમય. આહા..હા..! એવા અનંતગુણમય એવો ભગવાન એને 'રાગના સંબંધમાં, વિભાવના સંબંધમાં છું' એવો સંદેહ એને હોતો નથી. આહા..હા..! ગાથા પહેલી બહુ અલૌકિક છે આ. નિઃશંક.. નિઃશંકની ગાથા છે. આહા..હા..! નિઃસંદેહની ગાથા છે, નિર્ભયની ગાથા છે. આહા..હા..! ધ્રુવસ્વભાવ જ્ઞાયકપણાને લઈને એમાં ભય કેવો? આહા..હા..! સંદેહ કેવો? એવો સંદેહ અથવા ભય મિથ્યાત્વ આદિ ભાવોનો અભાવ હોવાથી. શું કહે છે એ? સર્વસ્વ અબદ્ધસ્વરૂપ જ્ઞાયકભાવ ભગવાન એને મિથ્યાત્વને લઈને સંદેહ પડે છે કે હું બંધમાં છું એમ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

શું કહ્યું જુઓ, '**સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એવા એક જ્ઞાયકભાવમયપણાને લીધે કર્મબંધસંબંધી**

શંકા કરનારા...' કોણ? મિથ્યાત્વાદિ ભાવ એમ લેવું. સમજાણું કાંઈ? ઓલું તો કૌંસમાં નાખ્યું છેને. '**કર્મબંધસંબંધી શંકા કરનારા મિથ્યાત્વાદિ ભાવોનો...** ' આહા..હા..!

**શ્રોતા :-** મિથ્યાત્વાદિ એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આદિ અવ્રત આદિ એ બધા પરિણામ છેને બધા. મૂળ તો મિથ્યાત્વ છે ને. મિથ્યાત્વ અનંતાનુબંધી કષાય બધો એ જ છે ને. આહા..હા..!

**શ્રોતા :-** ચાર ભેદનો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનો અભાવ છે ચારેયનો. છેને પાઠમાં છેને. ચતુર છેને પાઠ. '**चत्तारि वि पाए छिंददि**' મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ. આહા..હા..! ખૂબી તો શું છે? જ્ઞાયકપણામય, ધ્રુવપણામય, આનંદપણામય એવા ભાવમાં જ્ઞાનીને 'રાગનો સંબંધ છે, કર્મનો સંબંધ છે' એ મિથ્યાત્વભાવનો તેને અભાવ છે. છેને? આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકસ્વભાવમાં વિભાવનો સંબંધ છે.. આહા..હા..! એવો જે મિથ્યાત્વભાવ—સંદેહ એનો એને અભાવ હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા શું છે જુઓને, '**કર્મબંધસંબંધી શંકા કરનારા...**' કોણ? '**મિથ્યાત્વાદિ ભાવોનો...**' વિપરીત માન્યતા, એ વિપરીત માન્યતા એ કર્મના સંબંધની શંકા કરે છે. આહા..હા..! અવિપરીત માન્યતા તે અબંધપણાને સ્વીકારે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ચારેયનો અભાવ લીધો તો પર્યાયનો અભાવ લેવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયનો અભાવ. આ સંદેહ આદિનો અભાવ કીધોને મિથ્યાત્વ આદિ અવ્રત એ ચાર એનો અભાવ છે જ્ઞાનીને. ચારેયનો અભાવ છે. સ્વભાવમાં ક્યાં છે એક્કેય ચીજ. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ ભગવાન ધ્રુવ.. આહા..હા..! એ તો અબદ્ધસ્વરૂપી, મુક્તસ્વરૂપી (છે). એને સંદેહ કરવો એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! ભારે વાત, બાપુ! આહા..હા..! આ શ્લોક તો ઊંચો છે પહેલોં બહુ. 'નિઃશંક અને નિર્ભય ધ્રુવ ચૈતન્ય હું છું, અબદ્ધસ્પૃષ્ટ હું છું' એવું જ્યાં ભાન થયું એને શંકા—બંધાયેલો (છું) એવી શંકા—ઉત્પન્ન કરનાર મિથ્યાત્વાદિ ભાવ એનો એને અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ, બાપુ! વીતરાગ. આહા..હા..! જન્મ-જરા-મરણના દુઃખો એને ટાળવાનો આ ઉપાય છે. શું કહે છે જુઓને!

'**કર્મબંધસંબંધી શંકા કરનારા મિથ્યાત્વાદિ ભાવોનો...**' એમ થયું કે નહિ? આહા..હા..! એકલો જ્ઞાયકભાવ આનંદમયભાવ, પર્યાય નહિ, આખી ચીજ જ આખી જ્ઞાનમય આનંદમયભાવ. એવા ભાવનો સ્વામી થયેલો આત્મા, એને કર્મબંધસંબંધી સંદેહ કરનારા મિથ્યાત્વાદિ ભાવ એનો તો એને અભાવ છે. આહા..હા..!

**શ્રોતા :-** સિદ્ધદશા તો અત્યારે છે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સિદ્ધદશા જ છે. મુક્ત જ છે આત્મા. આહા..હા..! દૃષ્ટિમાં જ્ઞાનમય મુક્તસ્વરૂપ જણાણો છે, એમ કહે છે. આહા..હા..! પર્યાયમાં મુક્તપણું પણ આવ્યું છે. મુક્ત છે તેનો આશ્રય થતાં પર્યાયમાં મુક્તપણું આવ્યું છે, બંધપણું આવ્યું નથી. આહા..હા..! '**चत्तारि वि पाए**

छिंददि' એમ છેને? મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ. આહા..હા..!

**શ્રોતા :-** મિથ્યાત્વાદિ ભાવો ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ છે ક્યાં અંદર એ? મિથ્યાત્વાદિમાં ચારેય લેવા ઈ. આહા..હા..! નિત્યાનંદ પ્રભુ શુદ્ધ દ્રવ્ય જ્ઞાયકધાતુ અંદર ધ્રુવ, જેણે ધ્રુવ અંદર જ્ઞાયકપણું ધારી રાખ્યું છે. આહા..હા..! એવી ચૈતન્યધાતુ, ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા એનો જેને સ્વીકાર સમ્યક્ સત્યમાં, દૃષ્ટિમાં થયો, આવું જે પૂર્ણ સત્ અબદ્ધસ્વરૂપ સત્ જ્ઞાયકપણાનું સત્, આનંદપણાનું સત્ છે એવો જ્યાં સ્વીકાર થયો, એને હવે 'રાગ ને કર્મના સંબંધમાં છું' એવો જે સંદેહ કરનારા મિથ્યાત્વાદિ ભાવ એનો એને અભાવ હોવાથી. આહા..હા..!

**શ્રોતા :-** બહુ ગંભીર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગંભીર છે મૂળ તત્ત્વ આ. આહા..હા..!

**'चत्तारि वि पाए छिंददि'** છેને? આહા..હા..! હયાતી તો સ્વીકારી ચારની. સમજાણું? પણ જેને ભગવાન જ્ઞાયક એકલો ધ્રુવ ચિદાનંદ પ્રભુ, અનંત-અનંત ગુણનું સર્વસ્વ એકરૂપ સ્વરૂપ, એવી જે પરમ સત્‌ની સમ્યક્ સત્યદૃષ્ટિ થઈ તેને, 'હું કર્મથી બંધાયેલો (છું)' એવો જે સંદેહ કરનારા મિથ્યાત્વભાવ આદિ એનો અભાવ છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. આહા..હા..! **'મિથ્યાત્વાદિ ભાવોનો (તેને) અભાવ હોવાથી, નિઃશંક છે...'** આહા..હા..! **'તેથી તેને શંકાકૃત બંધ નથી...'** 'કર્મથી બંધાયેલો છું' એવી શંકા એ એને નથી. તેથી શંકાકૃત બંધ નથી. આહા..હા..! **'પરંતુ નિર્જરા જ છે.'** એ આવીને દેખાવ કરીને છૂટી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ લ્યો હવે. આ બધા ઝઘડા ઊભા કરે (કે) વ્યવહારથી થાય ને નિમિત્તથી થાય. પ્રભુ! જે વસ્તુ શુદ્ધ અખંડાનંદ પૂર્ણ છે એને વ્યવહારથી થાય, રાગથી થાય... એવી વીતરાગ દૃષ્ટિ, રાગથી વીતરાગ દૃષ્ટિ થાય અને વીતરાગ દૃષ્ટિનો વિષય પરિપૂર્ણ વસ્તુ. આહા..હા..! મોટા ઝઘડા ઊભા કર્યા છે, ભાઈ! થાય, વસ્તુ એવી છે. અહીં તો સમ્યગ્દર્શન થતાં. એમ કહ્યુંને? સમ્યગ્દૃષ્ટિ નિઃશંકિત કેમ હોય છે અને એને બંધન કેમ નથી? એ તો જ્ઞાયકભાવ પૂર્ણ સ્વભાવ, પૂર્ણ સ્વભાવમયપણાને લીધે 'કર્મના સંબંધમાં છું' એવો સંદેહ એવો જે મિથ્યાત્વભાવ, એવા ભાવનો તો એને અભાવ છે. આહા..હા..!

**શ્રોતા :-** છેદે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધું છેદ છે. એને અબંધ સ્વભાવમાં બંધના ભાવને છેદી નાખે છે. બધું છેદી નાખે છે. આહા..હા..! પરિપૂર્ણ જ્ઞાયકભાવ નિત્યાનંદ ધ્રુવ. આહા..હા..! એવી થઈ છે જેને સમ્યગ્દૃષ્ટિ. એમ આવ્યુંને પહેલું? એને કર્મથી બંધાયેલો છું એવો જે સંદેહ, અબદ્ધસ્વરૂપમાં કર્મથી બંધાયેલો એવો સંદેહ મિથ્યાત્વને કારણે, એ મિથ્યાત્વના ભાવનો અભાવ છે એને. આહા..હા..! આવી વાત છે ક્યાં બાપુ! પહેલાં બોલમાં એટલી વાત નાખી દીધી નિઃશંકમાં-નિઃસંદેહમાં, 'પૂર્ણ શુદ્ધ ચૈતન્ય છું' એવી સમ્યક્ સત્યદૃષ્ટિ પૂર્ણ સત્‌ની દૃષ્ટિ સત્ય થઈ છે. આહા..હા..! પૂર્ણ સત્‌ની દૃષ્ટિ સત્ થઈ છે એ સત્યદૃષ્ટિને 'કર્મના સંબંધવાળો છું' એવો સંદેહ એવો જે મિથ્યાત્વભાવને લઈને સંદેહ થતો

હોય એ મિથ્યાત્વભાવનો તો અભાવ છે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આવી વાતું ક્યાંય છે નહિ, બાપુ! આહા..હા..!

**શ્રોતા :–** એમ જોવામાં આવે તો મિથ્યાત્વસંબંધી કષાય... સંબંધી અભાવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ, બધા બધા, બિલકુલ નહિ, બધા આવી ગયા. સ્વભાવમાં કાંઈ છે જ નહિ. આહા..હા..!

બહુ સરસ ગાથા છે! ભગવાન આત્મા પૂર્ણ સ્વભાવનો જ્યાં સ્વીકાર થયો... પર્યાયનો અને રાગનો અપૂર્ણતાનો સ્વીકાર હતો... આહા..હા..! ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ (હતો). એટલે સાચું પૂર્ણ તત્ત્વ દૃષ્ટિમાં આવ્યું નહોતું. આહા..હા..! એક સમયની પર્યાય કે રાગ કે નિમિત્ત એના ઉપર દૃષ્ટિ હતી ત્યાં અપૂર્ણતા પર્યાયની અપૂર્ણ છે દશા. વસ્તુ અપૂર્ણ નથી, વસ્તુ તો પૂર્ણ છે. આહા..હા..! એ અપૂર્ણ પર્યાયદૃષ્ટિ કહો કે અપૂર્ણ દૃષ્ટિ કહો, એ રાગની રુચિ કહો કે નિમિત્ત(ની રુચિ) કહો, જ્યારે એ અપૂર્ણ દૃષ્ટિ છે એ આઘે જાય ત્યારે રાગની રુચિમાં જાય છે, આઘું જાય તો નિમિત્તમાં જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ જ્યારે 'આ ભગવાન પૂર્ણ છું' એવા સ્વભાવનું સત્‌પણું છે તેવી જ્યાં સત્‌ની દૃષ્ટિ થઈ છે તેને 'હું કર્મના સંબંધવાળો છું' એવો જે મિથ્યાત્વભાવ એનો એને અભાવ હોવાથી એને સંદેહ ઉત્પન્ન થતો નથી. આહા..હા..! આવો માર્ગ છે. કામાણી! આવો માર્ગ છે. ભાગ્યશાળી હોય એને તો કાને પડે એવું છે. પૈસા-બૈસા અબજો, કરોડોપતિ (હોય) એ ભાગ્યશાળી નથી, એ બધા ભાંગશાળી છે. ભાંગ-ભાંગ. એ તમાકુ ગરે મોઢામાં, ખોં ખોં કરીને ક્ષય રોગ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ચીમનભાઈ! આવો માર્ગ છે.

ત્રણલોકના નાથ તીર્થંકર, સંતો, મુનિઓ દિગંબર.. આહા..હા..! એનો પોકાર છે આ. આહા..હા..! પ્રભુ! તારા પૂર્ણના સ્વભાવનો તને સ્વીકાર થયો હોય તો 'કર્મના બંધમાં છું' એવા સંદેહના કારણરૂપ મિથ્યાત્વભાવ એનો તો એને નાશ થયો હોય છે. આહા..હા..! લોકોને સમ્યગ્દર્શનની કિંમત નથી. આ બાહ્ય ત્યાગ કરેને એટલે આહા..હા..! વેપાર છોડે, આ છોડે. મૂળ જે છોડવું જોઈએ એ છોડ્યું નથી. અલ્પજ્ઞને પૂર્ણ સ્વીકાર્યો છે એવો જે મિથ્યાત્વભાવ એનો તો ત્યાગ નથી અને અલ્પજ્ઞમાં પૂર્ણનો સ્વીકાર આવ્યો છે જ્યાં. આહા..હા..! અલ્પજ્ઞમાં અલ્પજ્ઞનો સ્વીકાર નહિ. આહા..હા..! એવા પૂર્ણતાના સ્વીકારની સત્યદૃષ્ટિ આગળ... કેમકે વસ્તુ પૂર્ણ સત્‌ છે. અનંત ગુણોનું પૂર્ણપણું તે સત્‌ છે. આહા..હા..! સત્‌ તે શાશ્વત છે. એવી શાશ્વત સત્‌ની સત્યદૃષ્ટિ થઈ એ તે કાંઈ વાત છે! એની સન્મુખ થયા વિના એની સત્‌દૃષ્ટિ થાય નહિ. આહા..હા..! એણે અબદ્ધસ્વરૂપને જ્યાં પ્રતીતમાં લીધો, એને 'કર્મના બંધવાળો છું' એવો મિથ્યાત્વભાવનો અભાવ હોવાથી એને બંધ એ થતો નથી. આહા..હા..! એ નિઃસંદેહ વર્તતો થકો, પૂર્વના કર્મનો ઉદય હોય તે ખરી જાય છે. આહા..હા..! આવું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એની આગળ ઈન્દ્રોના ઈન્દ્રાસન થોથા છે. આહા..હા..! કેમકે પુણ્યબંધ છે અને બંધનું ફળ એ છે. આહા..હા..!

અહીં તો અબંધના સ્વભાવમાં આનંદ જ્યાં આવે એવો આનંદ ક્યાંય છે નહિ. આહા..હા..! તેથી

તેને શંકાકૃત બંધ નથી. એટલે મિથ્યાત્વભાવથી 'બંધવાળો છું' એવો સંદેહ તો ગયો છે, એથી એને શંકાકૃત બંધ નથી, પરંતુ નિર્જરા જ છે. આહા..હા..! આરે! દુનિયા આખી ભૂલી જાને. પર્યાયને ભૂલી જા એમ કહે છે અહીં તો. પર્યાય ભલે દ્રવ્યને સ્વીકારે પણ તું પર્યાયમાં છો એમ ભૂલી જા. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પ્રવિણભાઈનું સાંભળ્યા પછી ત્રણ દિ' વૈરાગ્યથી જ ચાલ્યું છે. આહા..હા..! આ નાશવાન આવી છે ચીજ. ક્ષણમાં નાશ થઈ જશે, બાપા! આહા..હા..! એ પાણીના પરપોટા ફૂટતા વાર લાગે નહિ, ભાઈ! એમ આ પરપોટા છે બધા. અવિનાશી ભગવાન ત્રણલોકનો નાથ આહા..હા..! એની પાસે જ્યાં પર્યાયની કિંમત નથી, ત્યાં શરીરની કિંમત ક્યાં છે? આહા..હા..! એના નાશ કાળે નાશ થઈને ઊભો રહેશે. આહા..હા..!

અહીં તો પર્યાયને નાશવાન ગણીને પર્યાયનો વિષય છે તે અવિનાશી છે એમ સિદ્ધ કરે છે. આહા..હા..! પર્યાય સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? આહા..હા..! છે પ્રજા સમ્યગ્દર્શન, પણ એનો પિતા છે ત્રિકાળી પૂર્ણાનંદ. આહા..હા..! એ પ્રજા એ પ્રજા છે, બાકી બધી પ્રજા બાયડી, છોકરા, ધૂળ-ધાણી. આહા..હા..! સ્મશાનના હાડકાની ફાસફૂસ છે બધી. આહા..હા..! ધ્રુવધામ ભગવાન આત્મા એને ભાષામાં ન રહેવું જોઈએ. ભાવમાં એને ભાસન થવું જોઈએ. આહા..હા..! પહેલો શ્લોક.

'**ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિને જે કર્મનો ઉદય આવે છે તેનો તે, સ્વામિત્વના અભાવને લીધે,...**' સ્વરૂપનો સ્વામી છે તેને આ ઉદયના સ્વામીપણાનો અભાવ છે. આહા..હા..! '**કર્તા થતો નથી.**' જોયું! રાગાદિ થાય તેને રચનારો થતો નથી, તેનો જાણનારો (રહે છે). કેમકે જ્ઞાયકભાવ છે, એથી સ્વ અને પરનું પ્રકાશક જ્ઞાન તેમાં જાણનારો રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**માટે ભયપ્રકૃતિનો ઉદય આવતાં છતાં પણ સમ્યગ્દૃષ્ટિ જીવ નિઃશંક રહે છે, સ્વરૂપથી ચ્યુત થતો નથી.**' આહા..હા..! સ્વરૂપ જે છે ધ્રુવ આનંદકંદ પ્રભુનું સ્વરૂપ છે એનાથી સમ્યગ્દૃષ્ટિ ચ્યુત થતો નથી. અસ્થિરતાનો સહેજ ભય આવે તો એને જાણનાર છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**આમ હોવાથી તેને શંકાકૃત બંધ થતો નથી,...**' આહા..હા..!

શંકા નથી લીધી નિયમસારમાં? શંકા એટલે રાગ, દ્વેષ અને મોહ એવું લીધું નિયમસારમાં. આપ્તની વ્યાખ્યા જ્યાં કરી છે ત્યાં કરી છે. શંકા નથી. શંકા એટલે કે રાગ, દ્વેષ અને મોહ. આહા..હા..! છે નિયમસારમાં. વ્યાખ્યાન થઈ ગયું છે. સમજાણું કાંઈ? છેને? પાંચમી ગાથા. આપ્ત એટલે શંકારહિત. શંકા એટલે સકળ મોહરાગદ્વેષાદિ દોષો. શંકાની વ્યાખ્યા જ આ કરી. સમજાણું? આપ્ત પરમેશ્વર શંકારહિત હોય છે. શંકા એટલે સકળ મોહ, રાગ, દ્વેષાદિ ભાવ. આહા..હા..! શંકાની વ્યાખ્યા જ આ કરી. એટલે અહીં શંકાકૃત નામ મિથ્યાત્વભાવની જે શંકા થાય એ એને નથી.

'**આમ હોવાથી તેને શંકાકૃત બંધ થતો નથી, કર્મ રસ આપીને ખરી જાય છે.**' લ્યો! કર્મ દેખાવ, હુંડીનો દેખાવ આપીને વયું જાય, ખલાસ થઈ જાય. સમજાણું કાંઈ? એ પહેલી ગાથાનો અર્થ કર્યો. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૭, બુધવાર, તા. ૨૬-૦૧-૧૯૭૭, ગાથા-૨૩૦, પ્રવચન નં. 303

સમયસાર, ૨૩૦ ગાથા. નિઃકાંક્ષિતની ગાથા ચાલે છે.

जो दु ण करेदि कंखं कम्मफलेसु तह सव्वधम्मेसु।
सो णिक्कंखो चेदा सम्मादिट्ठी मुणेदव्वो।।२३०।।

**જે કર્મફળ ને સર્વ ધર્મ તણી ન કાંક્ષા રાખતો,**
**ચિન્મૂર્તિ તે કાંક્ષારહિત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૦.**

'**ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિ,...**' મૂળ શ્લોકમાં '**चेतयिता**' છે. '**चेतयिता**' એટલે જાણનાર આત્મા. સમજાણું કાંઈ? ધર્મીજીવ ચેતયિતા છે—જાણનાર છે. આહા..હા..! ધર્મ એને કહીએ કે આત્મા જાણનાર છે એ પરને રાગાદિ, પુણ્યાદિભાવને પોતાના માનતો નથી અને એને જ્ઞેય તરીકે જાણે છે એ પણ વ્યવહાર છે. સમજાણું કાંઈ? ઝીણી વાત. આહા..હા..! '**चेतयिता**' શબ્દ છે ને દરેક ગાથામાં? જાણનાર. ભગવાન આત્મા જ્ઞ-સ્વભાવી, જ્ઞાયકભાવી, સર્વજ્ઞસ્વભાવી. આહા..હા..! એની જેને દૃષ્ટિ (થઈ), ચેતનાર આત્માની દૃષ્ટિ થઈ એ ધર્મી. આહા..હા..! એ '**चेतयिता**' નામ સમ્યગ્દૃષ્ટિ... છેને? ટીકા. એ '**चेतयिता**'નો અર્થ જ સમ્યગ્દૃષ્ટિ કર્યો છે. મૂળ પાઠમાં '**चेतयिता**' છે. આહા..હા..! કેમકે આ ભગવાન આત્મા એ તો જ્ઞાનસ્વભાવ, સર્વજ્ઞસ્વભાવ, જ્ઞાયકભાવ એ વસ્તુ છે. આહા..હા..! એ કોઈનું પરનું કામ કરે પોતાથી એમ નથી અને પરથી પોતામાં કામ થાય એમ પણ નથી અને પરને પોતાનું માને એમ તો નથી-પણ પરને જાણે એવો પણ વ્યવહાર પોતામાં નથી. આહા..હા..! '**चेतयिता**' શબ્દ મૂકીને એમ કહ્યું. એ તો પોતાને ચેતે છે, જાણે છે. સમજાણું કાંઈ? પરદ્રવ્ય પોતાથી ભિન્ન જે રાગાદિ પરદ્રવ્ય છે એને તો પોતાના માનતો નથી, પણ એનો જાણનાર કહેવું એ પણ વ્યવહાર છે. આહા..હા..! એ તો પોતાનો ચેતયિતા પોતાને જાણનાર આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવું જેને, 'હું તો જાણનાર સ્વભાવ જ્ઞાયકભાવ એ હું છું' એવું જેને દૃષ્ટિમાં અનુભવમાં આવ્યું તેને અહીંયાં ધર્મી-સમ્યગ્દૃષ્ટિ-ધર્મની પહેલી સીઢીવાળો કહેવામાં આવે છે. વાત આવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**चेतयिता**' અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ. આહા..હા..!

'**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' ભગવાન તો એકલો જ્ઞાયકભાવ, '**चेतयिता**' શબ્દ લીધો હતોને? આજે ૨૬મી તારીખ (છે). સ્વરાજ. સ્વરાજ ક્યાં બહારમાં આવ્યું? પોતાનો ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એનું સ્વરાજ અંદરમાંથી લીધું તો એને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' આહા..હા..! એ '**चेतयिता**'ની વ્યાખ્યા કરી. શું કહ્યું? '**चेतयिता**' સમ્યગ્દૃષ્ટિ, પણ '**चेतयिता**' એટલે શું? એમ. '**એક જ્ઞાયકભાવમયપણાને**

લીધે...' એક જ્ઞાયકભાવ. આહા..હા..! હું તો એકલો જાણનાર ભાવવાળો આત્મા છું. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જ્ઞાયક એક જ્ઞાયકભાવમયતાને લીધે '**બધાંય કર્મફળો પ્રત્યે...**' પુણ્યાદિના ફળની ઈચ્છા-વાંછા જ્ઞાનીને હોતી નથી. તેમ પુણ્યરૂપી વ્યવહારધર્મ, પુણ્યની પણ કાંક્ષા ધર્મીને હોતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જૈનધર્મ એ અલૌકિક વસ્તુ છે. જૈનધર્મ એટલે '**चेतयिता**' ભગવાન આત્મા પોતાના સ્વભાવ સિવાય કર્મફળ એટલે કે કર્મ પૂર્વનું બંધાયું છે એનું ફળ, એની વાંછા નથી. જેને આત્મા આનંદસ્વરૂપ અનુભવમાં આવ્યો. '**चेतयिता**' અર્થાત્ જ્ઞાયકતા અર્થાત્ આનંદ. આહા..હા..! એવો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદમય એવો અંતરમાં દૃષ્ટિમાં આવ્યો, એ પુણ્ય અને પુણ્યના ફળ કર્મફળ અથવા '**બધા વસ્તુધર્મો પ્રત્યે કાંક્ષાનો...**' પુણ્યના ભાવ, વર્તમાન પુણ્યભાવ એની કાંક્ષા નથી, એના ફળની કાંક્ષા નથી. '**બધા વસ્તુધર્મો...**' સોનું, ચાંદી, પત્થર, કાગળ, નિંદા, પ્રશંસા એ બધા વસ્તુધર્મ-પર એની વાંછા જ્ઞાનીને હોતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! સત્ વસ્તુ ભગવાન સર્વજ્ઞ જિનવર કહે છે એ વસ્તુ અલૌકિક છે. એ સાધારણ બહારથી દયા પાળી, વ્રત કર્યા, તપ કર્યા (એટલે) ધર્મ થઈ ગયો એમ છે નહિ.

અહીંયાં તો પોતાનો આત્મા, જેને જાણનાર એક જ્ઞાયકમયભાવરૂપ વસ્તુ, એવી દૃષ્ટિ અને અનુભવ થયો તો (એને) પુણ્યના ભાવની વાંછા નથી અને પુણ્યભાવના ફળની પણ વાંછા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**બધાંય કર્મફળો...**' એમ લીધુંને? આહા..હા..! ૧૪૮ કર્મ પ્રકૃતિમાં કોઈ કર્મના ફળની વાંછા નથી એને. આહા..હા..! યશોકીર્તિ કે તીર્થંકર પ્રકૃતિ બંધાણી છે એના ફળની વાંછા નથી એમ કહે છે. આહા..! અતીન્દ્રિય આનંદનાથ ભગવાન એવો જ્યાં અંતર જાગૃત થયો, પોતાના નિજ સ્વરૂપનું ભાન થયું તેને પરસ્વરૂપની વાંછા ક્યાંથી થાય? આહા..હા..! સમજાણું કાંઈ? એ આ સ્વરાજ છે. બહારમાં ધૂળમાં પણ સ્વરાજ નથી. જાન્યુઆરી ૨૬ તારીખ છેને આજે. સ્વરાજનો દિવસ છે. ધૂળમાં સ્વરાજ નથી. રાજ્યંતિ શોભંતિ ઈતિ રાજ સ્વરાજ. ભગવાન આનંદનો નાથ પ્રભુ, જ્ઞાયકભાવનું સામ્રાજ્ય પોતાનું સામ્રાજ્ય જ્ઞાયકભાવનું પોતાનું સામ્રાજ્ય, એનો રાજા સમ્યગ્દૃષ્ટિ હોય છે. સમજાણું કાંઈ? આવી વાતું બધી. એવો માર્ગ બાપુ!

ચોર્યાસી લાખ અવતારમાં એક એક યોનિમાં અવતાર કરીને દુઃખી મરી રહ્યો છે. આહા..હા..! ઢોર પશુના અનંત અવતાર, નરકના, નિગોદના અનંત અવતાર એ મિથ્યાત્વભાવે અનંત અવતાર કર્યા એ દુઃખી છે. સમ્યક્‌ભાવે એ સુખી થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યક્‌ભાવ એ કે પોતાનો જ્ઞાયકભાવ આનંદમયભાવ, શુદ્ધ ચૈતન્ય સ્વભાવભાવ એનો અનુભવ થાય, એની અનુભવમાં પ્રતીતિ થાય એ સમ્યગ્દૃષ્ટિ સુખી છે. સમજાણું કાંઈ? આવી વાત છે.

કર્મફળ અને સમસ્ત વસ્તુધર્મ. નિંદા-પ્રશંસા, પત્થર અને સુવર્ણ, હીરા અને વેળુ-વેળુ—વાળુ બધા પ્રત્યે વાંછા નથી. સમજાણું કાંઈ? સમ્યક્ સત્યદૃષ્ટિ અર્થાત્ ચેતયિતા એટલે કે એ જ્ઞાયકભાવમયપણાને કારણે. આહા..હા..! પુણ્યાદિના ફળની ઈચ્છા નથી અને નિંદા પ્રશંસાના ભાવની ઈચ્છા નથી. નિંદા હોય તો જાણે. એ પણ વ્યવહાર છે પરને જાણે ઈ. આહા..હા..! જગતમાં પોતાની પ્રશંસા થાય એની

વાંછા જ્ઞાનીને થતી નથી. આહા..હા..! કોની પ્રશંસા? સમજાણું કાંઈ? ધર્મ, વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એનો ધર્મ અલૌકિક છે. લોકોએ બહારમાં ખતવી નાખ્યું છે. આહા..હા..! કહે છે કે પુણ્યફળ અને સમસ્ત વસ્તુધર્મ એની કાંક્ષાનો અભાવ, પોતાના આનંદસ્વરૂપની ભાવનામાં પરની કાંક્ષાના અભાવ છે. આહા..હા..! ધર્મીને તો પોતાનું આનંદસ્વરૂપ જ્ઞાયકસ્વભાવ જાણનાર એની ભાવનામાં પરની કાંક્ષાની ભાવનાનો અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેથી તેને કાંક્ષાકૃત બંધ નથી...**' આ કારણે. ક્યા કારણે? હું તો જ્ઞાયકભાવ ચૈતન્યમૂર્તિ (છું). આહા..હા..! નિશ્ચયથી તો હું મને પોતાને જાણનાર, હું મારું જ્ઞેય અને હું મારો જ્ઞાતા (છું). આહા..હા..! ચેતયિતા છેને? એવા સ્વભાવની દૃષ્ટિ અને અનુભવ હોવાથી ધર્મી—સમકિતીને પરની કાંક્ષાનો અભાવ છે. આહા..હા..! '**તેથી તેને કાંક્ષાકૃત બંધ નથી...**' વાંછા—ઈચ્છાકૃત બંધ નથી. '**પરંતુ નિર્જરા જ છે.**' આહા..હા..! આ નિર્જરા. અપવાસ કરે અને નિર્જરા થાય એ નહિ. સમજાણું કાંઈ? આ તપ કરેને અપવાસ? તપ એ નિર્જરા. એ કોણ તપ પણ, બાપા! તને ખબર નથી, ભાઈ! ભગવાન ચૈતન્યસ્વભાવમાં ઉગ્રપણે લીન થવું એને તપ કહેવામાં આવે છે. એ તપમાં પૂર્વની ઈચ્છા આદિ હોય એ નિર્જરી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઈચ્છા નિરોધ તપ. આનંદસ્વરૂપમાં રહેવાથી, ઈચ્છાની ઉત્પત્તિ ન થાય એ ઈચ્છાનો નિરોધ, આનંદની પ્રાપ્તિ, અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ એનું નામ ભગવાન તપ કહે છે. આહા..હા..! દુનિયાથી જુદી જાતના અર્થ છે. આહા..હા..! '**તેથી તેને કાંક્ષાકૃત બંધ નથી, પરંતુ નિર્જરા જ છે.** '

'**ભાવાર્થ :- સમ્યગ્દષ્ટિને સમસ્ત કર્મનાં ફળોની વાંછા નથી;...**' આહા..હા..! જાણનારને જ્યાં જાણ્યો... આહા..હા..! જાણનારને જાણ્યો. ચેતયિતા છેને. આહા..હા..! એ ભગવાન તો સર્વજ્ઞસ્વભાવી છે. ભગવાન કોણ? આ આત્મા હોં! આહા..હા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા તેમને જે સર્વજ્ઞપણું પર્યાયમાં થયું તો એ પર્યાય ક્યાંથી આવી? અંતર સર્વજ્ઞસ્વભાવમાંથી આવી. તો એવી સર્વજ્ઞપર્યાય પણ સર્વજ્ઞસ્વભાવમાંથી આવી. તો એવો સર્વજ્ઞસ્વભાવ કેટલી શક્તિવાળો છે! સમજાણું કાંઈ? સર્વજ્ઞપર્યાય સર્વજ્ઞસ્વભાવમાંથી આવી, એક સમયની અવસ્થા. આહા..હા..! એનો ચેતયિતા, એનો ચેતનારો જ્ઞાયકભાવનો. આહા..હા..! તેને '**કર્મનાં ફળોની વાંછા નથી; વળી તેને સર્વ ધર્મોની વાંછા નથી,...**' બે. બે બોલ છે ને. '**कम्मफलेसु**' અને '**सव्वधम्मेसु**।' બે શબ્દ છે. કર્મના ફળની વાંછા નથી, સર્વધર્મની વાંછા નથી. સર્વધર્મનાં ઘણાં અર્થ છે. સોનું કે પત્થર. આમ હીરાની ખાણ દેખે તો વાંછા થઈ જાય. (એ) ધર્મીને નહિ. આહા..હા..!

**શ્રોતા :-** પુણ્યનું ફળ છે એ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુણ્યનું ફળ નહિ, એ પર ચીજ છે એ તો જ્ઞેય છે, વ્યવહારે જ્ઞેય છે. આહા..હા..! કાલે કહ્યું હતુંને. કાલે આવ્યું હતુંને એ? પોતાના સ્વભાવમાં પરદ્રવ્યનો, કર્મનો સંબંધ બંધ માનવો એ મિથ્યાત્વ છે. આહા..હા..! કેમકે ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ અબદ્ધસ્વરૂપ, મુક્તસ્વરૂપ એને બદ્ધસ્વરૂપ કર્મના બંધ સંબંધ એ મિથ્યાભાવ છે. આહા..હા..! તો પછી નોકર્મ જે આ શરીર,

વાણી, મન, દીકરા, દીકરી, કુટુંબકબીલા એ બધું નોકર્મ એની સાથે સંબંધ માનવો એ તો મિથ્યાત્વ છે. આહા..હા..!

**શ્રોતા :-** નોટિસ દઈ દેવી કે અમારે ને તમારે સંબંધ નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નોટિસ ન દે તોપણ સંબંધ નથી. આહા..હા..! એય..! પોપટભાઈ! નોટિસ દે તો જ સંબંધ છૂટે? નોટિસ જ છે. આહા..હા..! અરે..! ભગવાન! એ તો પરવસ્તુ, એની સાથે સંબંધ માનવો. આહા..હા..! પ્રભુ! પ્રભુ! તું કોણ છો? તું તો જાણનાર ભગવાન છોને. જાણનારો પરને પોતાના માને. આહા..હા..! પરને જાણવું એ પણ વ્યવહાર, ત્યાં પરને પોતાના માનવા... આહા..હા..! ચીમનભાઈ! આવી વાતું છે. આહા..હા..! નોટિસ દીધેલી જ છે અંદરથી. આહા..હા..! દીકરા ને દીકરીને, પતિને અને પત્નીને, બાપ ને દીકરાને, દીકરા ને બાપને, પૈસાને અને આત્માને, આત્માને અને પૈસાને સંબંધ છે જ ક્યાં? આહા..હા..! એય..! ચીમનભાઈ! સાંભળવા મળે એવું નથી ક્યાંય. આહા..હા..! બાપુ! તું કોણ છો, ભાઈ? તું તો લોકાલોકને જાણનારો ભગવાન છેને. આહા..હા..! 'ચેતયિતા' શબ્દ કહીને ટીકાકારે એનો અર્થ જ્ઞાયકભાવ લઈ લીધો. આહા..હા..!

એક જ્ઞાયકભાવ, જ્ઞાનભાવ, સર્વજ્ઞસ્વભાવ. આહા..હા..! જ્ઞ-સ્વભાવ, એકરૂપ ભાવ. આહા..હા..! એવા જ્ઞાયકભાવને પરદ્રવ્ય સાથે શું સંબંધ છે, પ્રભુ? આહા..હા..! પરદ્રવ્યને જાણવું એ પણ જ્ઞેયસંબંધી વ્યવહાર છે. આહા..હા..! તો પછી 'એ મારા' એવો સંબંધ ક્યાં છે? પ્રભુ! તને શું થઈ ગયું? આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવી, ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવે આત્માને એવો જોયો એવો પોતાને પોતામાં જણાય, ત્યારે તેને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**કનકપણું, પાષાણપણું...**' હીરા ને માણેક ને માટી તે બધામાં ઇચ્છા નથી, એ પરવસ્તુ છે. મારી વસ્તુની ભાવના આગળ પરવસ્તુની ઇચ્છા ક્યાં રહી? એમ કહે છે. સમજાણું કાંઈ? આવી વાત છે, પ્રભુ! દુનિયા ગમે તે કહે, પણ વસ્તુસ્થિતિ તો આમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેમ જ નિંદા, પ્રશંસા...**' છે? કોઈ નિંદા હોય કે પ્રશંસા એની વાંછા જ્ઞાનીને નથી. આહા..હા..! એ તો જડની પર્યાય છે નિંદા, પ્રશંસા. સમજાણું કાંઈ? પોતાની કોઈ નિંદા, પ્રશંસા કરે એમ તો છે નહિ. જડની ભાષામાં નિંદા, પ્રશંસા હો આદિ અનુકૂળતા હોય, જસ હોય. જેને નામે આમ જસ નામ પડે ત્યાં ઓહો..હો..! અરે..! શું છે ભાઈ? તેની સમ્યગ્દૃષ્ટિને પોતાના સ્વભાવભાવની દૃષ્ટિમાં પરની ઇચ્છા અને ફળનો ભાવ હોતો નથી. આહા..હા..! અથવા.. છેને?

'**વસ્તુધર્મોની અર્થાત્ પુદ્ગલસ્વભાવોની...**' એ બધાનો ટોટલ કર્યો. '**પુદ્ગલસ્વભાવોની તેને વાંછા નથી...**' એ નિંદા, પ્રશંસા, સોનું, પત્થર, હીરા, માણેક.. આહા..હા..! એ બધા જડ પદાર્થ પરપદાર્થ છે, એ પુદ્ગલોની વાંછા નથી. ચિદાનંદ ભગવાનની ભાવના થઈ ત્યાં પરની વાંછા ક્યાં રહી? આહા..હા..! 'ક્યા ઇચ્છત ખોવત સબ, હૈ ઇચ્છા દુઃખ મૂલ' તું કોની ઇચ્છા કરે છે? ભગવાન નિધાન પડ્યું છેને અંદરમાં તારું. એ તરફની ભાવના નથી અને બહારની ઇચ્છા કરે છે. તો 'હૈ ઇચ્છા દુઃખ મૂળ' એ તો દુઃખના મૂળ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ પુદ્ગલની વાંછા.

એ બધું લઈ લીધું. સોનું, પત્થર, નિંદા, પ્રશંસા આદિ. આહા..હા..! મકાન, મકાનમાં શું કહેવાય? સામગ્રી, ફર્નિચર લાખો, કરોડોના. આહા..હા..! એની ભાવના જ્ઞાનીને છે નહિ અંદર.

**શ્રોતા :–** સિદ્ધદશા પ્રગટ કરવાની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ તો મુક્તદશા પ્રગટ કરવી હોય એની વાત છે. સમ્યગ્દૃષ્ટિની વાત છે આ તો. સમ્યગ્દૃષ્ટિ તો મોક્ષના ધ્યેયવાળો છે. જેનું પ્રયોજન મોક્ષ છે, જેનું ધ્યેય મોક્ષસ્વરૂપ આત્મા છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય મોક્ષસ્વરૂપ ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? અને સાધ્ય મોક્ષદશા છે. આહા..હા..! આવી વાતું છે. દુનિયાથી તો ઊંધી બહુ, ભાઈ! આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિની દશા જ જુદી જાતની છે. આહા..હા..! આમ સાધારણ માની લે કે અમે જૈન છીએ અને અમે ધર્મી છીએ, એ છે નહિ. જેણે જૈનપણું એટલે પોતાનો વીતરાગી ભગવાન સ્વભાવ દ્વારા જેણે મિથ્યાત્વ ને રાગને જીત્યો છે એનું નામ જૈન કહીએ.

**શ્રોતા :–** બીજા તો આ માનતા નથી અને અમે માનીએ છીએ એટલે બીજા કરતા સારા તો છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ નહિ. આહા..હા..! બીજાની સાથે શું સંબંધ છે? એ ગમે તે માનો અને ગમે તે કરો. આહા..હા..! ભગવાન આત્મા પોતાનો જ્ઞાયકસ્વભાવ એની સાથે પોતાનો અતીન્દ્રિય આનંદસ્વભાવ. જ્ઞાયકને મુખ્ય કેમ લીધું? કે પર્યાયમાં અંશ પ્રગટ છે તો આખો જ્ઞાયકભાવ છે એની દૃષ્ટિ કરાવવા. આનંદ તો જ્ઞાયકભાવની દૃષ્ટિ થાય ત્યારે આનંદ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો ધર્મ કઈ જાતનો હશે? બાપુ! વસ્તુનો સ્વભાવ પ્રભુ તારો એવો છે. તું પામર નથી, તું પ્રભુ છો. શક્તિએ, સ્વભાવે, સામર્થ્યે પ્રભુ છે. એ પ્રભુને પર્યાયમાં પધરાવવો. આહા..હા..! પર્યાયમાં પ્રભુની સ્થાપના કરવી, લાવવા... આહા..હા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દૃષ્ટિ છે. પર્યાયમાં પામરતા લાવવી, રાગ લાવવો એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુની, ધર્મોની, પુદ્ગલ સ્વભાવોની વાંછા નથી. '**તેમના પ્રત્યે સમભાવ છે,...**' આહા..હા..!

જયસેનાચાર્યની ટીકામાં તો એમ લીધું છે કે પુણ્યના ફળ નહિ, પુણ્યની જેને ઇચ્છા નથી. સમજાણું કાંઈ? એ શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એની પણ જેને વાંછા નથી. આહા..હા..! હોય એનો જ્ઞાતા રહે છે. આવો માર્ગ ઝીણો બહુ, બાપુ! આહા..હા..! ભાઈ! દુઃખી થઈને... આહા..હા..! એ દુઃખને ટાળવાનો ઉપાય તો આ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અથવા તો અન્યમતીઓએ માનેલી અનેક પ્રકારના સર્વથા એકાંતપક્ષી વ્યવહારધર્મોની...**' અનેક પ્રકારે અજ્ઞાનીઓએ પુણ્યમાં ધર્મ માન્યો, ઈશ્વરની ભક્તિમાં ધર્મ માન્યો, એવા અનેક એકાંત ધર્મી અજ્ઞાનીઓ. આહા..હા..! સમજાણું કાંઈ? '**અનેક પ્રકારના સર્વથા એકાંતપક્ષી વ્યવહારધર્મોની...**' આહા..હા..! '**તેને વાંછા નથી...**' ઈશ્વરના ભક્તો રાજા, મહારાજ હોય, અબજોપતિ હોય. આ તો કાંઈ ઈશ્વરના ભક્ત છે તો કાંઈક હશે કે નહિ? કાંઈ ન મળે. સમજાય છે કાંઈ? એ વ્યવહાર ધર્મોને એકાંત માનનારા, દયા, દાન, વ્રત, ભક્તિથી ધર્મ માનનારા

એકાંત વ્યવહારધર્મી અજ્ઞાની છે. આહા..હા..! જૈનમાં પણ જે વ્યવહાર ધર્મથી માનનારા છે, પુણ્યથી ધર્મ થશે અને એ ક્રિયાકાંડ, તપ, અપવાસ કરતાં-કરતાં કલ્યાણ (થશે), એ વ્યવહાર એકાંત મિથ્યાદૃષ્ટિ વ્યવહારધર્મી છે. એની પણ સમકિતદૃષ્ટિને વાંછા નથી કે ઓહો..હો..! આટલી લક્ષ્મી મળી, મોટું રાજ એને માને છે તો એમાં કાંઈક હશે.

**'ધર્મોનો આદર નથી.'** એવા એકાંતપક્ષીના ધર્મનો પણ અંદર આદર નથી. કાંક્ષા છેને? ઈચ્છા નથી એમાં એ લીધું. પુણ્યનું ફળ, અન્યમતિઓ જે એકાંત વ્યવહારથી ધર્મ માનનારા એની વાંછા નથી. ભલે મોટા રાજા ને પુણ્યશાળી હોય, દેવ હોય, દેવ જેની સેવા કરવા આવતા હોય મિથ્યાદૃષ્ટિ, પણ એની વાંછા નથી કે ઓહો..! એને દેવ માને છે તો એમાં કાંઈક હશે? સમજાણું કાંઈ? એની વાંછા જ્ઞાનીને, ધર્મીને હોતી નથી. આહા..હા..! બહારના ભભકા દેખાય. સમજાણું કાંઈ? એમાં કાંઈક ધર્મ થશે એવી વાંછા સમ્યગ્દૃષ્ટિને નથી. **'વાંછારહિત હોવાથી તેને વાંછાથી થતો બંધ નથી.'** આહા..હા..! જ્યાં જ્ઞાયકસ્વભાવ પોતાનો પૂર્ણાનંદ સર્વજ્ઞ સ્વભાવનો અનુભવ થયો, સત્કાર થયો, સ્વાધીન થયો, સ્વાગત થયું. આહા..હા..! અનાદિથી પર્યાય અને રાગનું સ્વાગત હતું. આ પૂર્ણાનંદના નાથનું સ્વાગત થયું એને પરની વાંછા ક્યાં રહી? સમજાણું કાંઈ? સુસ્વાગત. સ્વાગતમાં એ શબ્દ છે ને. સુસ્વાગત. સ્વનો સુ થાય છે. સુસ્વાગત. સુસ્વાગત છે. છે એક ફેરી અર્થ એવો (કર્યો હતો). સુસ્વાગત. સુ નામ ભગવાન પોતાનો આનંદનો નાથ ભગવાન આહા..હા..! એનું જ્યાં સ્વાગત થયું એનું નામ સુસ્વાગત છે. એવા ધર્મીને રાગનું સુસ્વાગત હોતું નથી. આહા..હા..! ભારે વાતું, ભાઈ! એ પુણ્યના ફળનું સ્વાગત ધર્મીને હોતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

વીતરાગમાર્ગ સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે કે જેને સમ્યગ્દર્શન છે એ પોતાના પૂર્ણાનંદના નાથનો જ્યાં સ્વીકાર અને સ્વાગત થયું, તેને જગતમાં પુણ્ય અને પુણ્યના ફળની ઈચ્છા એને હોતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીંયા કહે છે. કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત છે એ ભગવાનનો સંદેશ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં, ત્યાં ગયા હતા ભગવાન કુંદકુંદાચાર્ય, આઠ દિન રહ્યા હતા. ત્યાંથી આ સંદેશ લાવ્યા. આહા..હા..!

ધર્મી કોને કહીએ? કે જેને અતીન્દ્રિય આનંદ ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવભાવ જ્ઞાનની પ્રધાનતાથી કહ્યું છે, પણ આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવી અનંત શક્તિ સંપન્ન ભગવાન આત્મા એવો સ્વભાવમય ભગવાન આત્મા... આહા..હા..! એની જેને અનુભવદૃષ્ટિ થઈ એ સમ્યગ્દૃષ્ટિ છે. એ અનુભવ નથી ત્યાં સુધી રાગ ને પુણ્યને ધર્મ માનનારા બધા મિથ્યાદૃષ્ટિ છે, એ જૈન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ અને પુણ્યને ધર્મ માનનારા જૈન નથી. જૈન તો રાગને નહિ માનનારો, આત્માની પવિત્રતા માનનારો (તે જૈન છે). આહા..હા..! વીતરાગ સ્વભાવ, આત્માનો ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ કહો કે વીતરાગસ્વભાવ કહો, ચારિત્રની અપેક્ષાએ વીતરાગસ્વભાવ, જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાયકસ્વભાવ, આનંદની અપેક્ષાએ ત્રિકાળી આનંદસ્વભાવ. એવી જેને સમ્યગ્દૃષ્ટિ થઈ... આહા..હા..! એ ધર્મીને તો આનંદનો સ્વાદ આવે છે, તેને ધર્મી કહીએ. અતીન્દ્રિય વીતરાગી પરિણતિનો સ્વાદ આવે છે તેને રાગ

અને રાગના ફળની વાંછા હોતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, શેઠ! એવી વાત છે.

**શ્રોતા :–** બહાર કાંઈ કરવાનું રહ્યું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બહાર શું કરે? બહાર ક્યાં ચીજ એની છે? બહારની ચીજ એની ક્યાં છે? શરીર એનું નથી. આ તો માટી જડ, ધૂળ છે. અજીવતત્ત્વ છે આ તો. વાણી અજીવતત્ત્વ છે, પૈસા અજીવતત્ત્વ છે. કુટુંબકબીલા, એના મકાન—હજીરા, કરોડો રૂપિયાના મકાનો એ તો અજીવ જડ છે. શું કરે? પરનું કરી શકે છે? અહીંયાં તો રાગનું કરવું પણ સમકિતીને નથી. આહા..હા..! રાગ એ દુઃખ છે, રાગ એ વિભાવ છે. જેની સ્વભાવદૃષ્ટિ થઈ એ વિભાવનો કર્તા કેમ થાય? એમ કહે છે. આહા..હા..! અરે..! અનંતકાળથી જિનેશ્વરદેવે કહેલો માર્ગ જાણ્યો નહિ અને રખડતા-રખડતા... આહા..હા..! સમજાણું કાંઈ? તો કહે છે કે ધર્મીને અન્ય ધર્મ, પૂણ્યાદિમાં ધર્મ માનનારાનો આદર નથી. સમજાણું કાંઈ?

'**આ રીતે સમ્યગ્દૃષ્ટિ વાંછારહિત હોવાથી તેને વાંછાથી થતો બંધ નથી. વર્તમાન પીડા સહી શકાતી નથી...**' આહા..હા..! અતીન્દ્રિય આત્માનો જ્ઞાયકભાવ અને અતીન્દ્રિય આનંદસ્વભાવનું જેને ભાન-અનુભવ થયો, તેને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી કહેવામાં આવે છે. આહા..હા..! એ ધર્મીને વાંછા પરપદાર્થની કોઈ હોતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે કોઈ કહે, હજી એને કોઈ ઈચ્છા આદિ વૃત્તિ દેખાય છેને? '**વર્તમાન પીડા સહી શકાતી નથી. તેથી તેને મટાડવાના ઈલાજની વાંછા સમ્યગ્દૃષ્ટિને ચારિત્રમોહના ઉદયને લીધે હોય છે,...** ' જરી રાગ આવ્યો ચારિત્રમોહનો એનો કર્તા નથી થતો, પણ એ રાગ આવ્યો તો એનો ઈલાજ કરે છે જરી. આહા..હા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે વાત, ભાઈ! '**ચારિત્રમોહના ઉદયને લીધે હોય છે,...**' રાગ વાંછા. '**પરંતુ તે વાંછાનો કર્તા પોતે થતો નથી,...**' આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિ ધર્મી તો એને કહીએ કે જે ઈચ્છાનો કર્તા નથી. ઈચ્છા એ રાગ છે, રાગ એ વિભાવ છે, વિભાવ એ દુઃખ છે. દુઃખનો કર્તા જ્ઞાની કેમ થાય? આહા..હા..! ધર્મી તો અતીન્દ્રિય આનંદનું પરિણમન કરનારો, અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેનારો છે. આહા..હા..! એ દુઃખનો કર્તા કેમ થાય? આવી વાત છે, ભગવાન! એણે અનંતકાળમાં જૈનધર્મ શું છે એ સાંભળ્યું જ નથી. આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ મહાવ્રત આદિના પરિણામ પણ દુઃખ છે, રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મીને એ રાગની વાંછા નથી એમ કહે છે. આવે છે રાગ, નબળાઈને લીધે ચારિત્રમોહના વશે રાગ આવે છે, પણ રાગની વાંછા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવો માર્ગ છે પ્રભુનો. આહા..હા..! આમાં લખાણ છે, પુસ્તક ઘરમાં પડ્યું છે, પણ કે દિ' વાચ્યું છે?

**શ્રોતા :–** રહસ્ય તો અહીંયા ખૂલે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ ત્યાં પહેલું વાંચે તો ખબર પડેને થોડી. આહા..હા..! એક નિઃકાંક્ષમાં કેટલી વાત કરી! પહેલાં નિઃશંક કહ્યું એ પોતાની દૃષ્ટિની અપેક્ષાએ. આ પરની અપેક્ષાએ વાંછા. આ

અસ્તિ-નાસ્તિ છે. પહેલો ગુણ સમકિતનો નિઃશંક એ અસ્તિ મહાપ્રભુ ભગવાન પોતાનો પૂર્ણાનંદ, એની અસ્તિની પ્રતીતિ, એની નિઃસંદેહ નિઃશંકતા. આહા..હા..! હવે બીજા બોલમાં નિઃકાંક્ષતા. નિજ પદાર્થ સિવાય રાગાદિ, પુણ્યાદિ, પરપદાર્થની વાંછા નથી. અહીં નિઃશંકતા છે તો અહીંયા વાંછા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ચાહે તો ઈન્દ્રના ઈન્દ્રાસન હોય અને ચક્રવર્તીની પદવી હો. આહા..હા..! એ તો કહ્યું નહિ? 'ઈન્દ્ર સરીખી સંપદા ચક્રવર્તીના ભોગ.' ઈન્દ્રના ભોગ. 'કાગ વીટ સબ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોક.' સમ્યગ્દૃષ્ટિ ધર્મી જૈનનો પહેલાં નંબરનો હજી ધર્મની શરૂઆતવાળો જૈન પરેમશ્વરને માનનારો, પોતાને પરમેશ્વર માનનારો એ ઈન્દ્રના ઈન્દ્રાસનો અને ચક્રવર્તીની સંપદા કાગ, કૌઆ. 'કાગ વીટ સબ માનત હૈ.' આહા..હા..! 'સમ્યગ્દૃષ્ટિ લોક.' આ સમ્યક્ બાપા! સમજાણું કાંઈ? જ્યાં પોતાની નિજ સંપદા (જાણી) એની આગળ પર બધી આપદા (છે). આહા..હા..! રાગાદિ આપદા એ ઈન્દ્રના ભોગો બધી આપદા દુઃખ છે. આહા..હા..! નિજ સંપદા આગળ ઈન્દ્રના ... એ દુઃખભાવ છે. ધર્મીને એ દુઃખની ભાવના કેમ થાય? એમ કહે છે. આહા..હા..! જૈનધર્મ એની પ્રતીતિ થવી એ અલૌકિક વાત છે. સાધારણ વાત છે કે અમે જૈન છીએ? જૈનની ખબર પણ નથી કે જૈન કોને કહેવા.

**શ્રોતા :-** એ ભલે ને ન હોય, બીજા કરતા તો સારા છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સારો ક્યાંથી લાવ્યા? આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..!

**'વાંછાનો કર્તા પોતે થતો નથી.'** રાગનું પરિણમન થઈ જાય એમ કહે છે, પણ કરવાલાયક છે વાંછા-ઈચ્છા એવું ધર્મીને હોતું નથી. સમજાણું કાંઈ? પહેલાં દરજ્જાનો સમકિતદૃષ્ટિ ચોથે ગુણસ્થાને. શ્રાવક અને મુનિપણા તો કોઈ અલૌકિક ચીજ છે, એ તો બહુ દૂર રહી. અહીંયાં તો સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને... આહા..હા..! વાંછાનો કર્તા થતો નથી. આહા..હા..! વાંછા થાય છે નબળાઈથી. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ ચૈતન્ય નિધાન ભગવાન આખો આત્મા જ્ઞાયકભાવ અતીન્દ્રિય આનંદપ્રભુ, એ જેને પ્રાપ્ત થયો સમ્યગ્દર્શનમાં, એને બીજી ચીજની વાંછા ક્યાંથી હોય? આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ કોઈ અપૂર્વ વાત છે. એ સાધારણ લોકો માને છે એવો જૈનધર્મ નથી. આહા..હા..! અહીંયાં કહે છે ધર્મી એને કહીએ કે જેને વાંછા થાય છે છતાં વાંછાનો કર્તા નથી થતો. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલું ભર્યું છે જયચંદ્ર પંડિતે! આહા..હા..! **'કર્મનો ઉદય જાણીને તેનો જ્ઞાતા જ રહે છે;...'** જુઓ, આહા..હા..! ધર્મીને જરી રાગ થાય છે તો એને કર્મોદય સમજીને જ્ઞાતા રહે છે. આહા..હા..! ચેતયિતા છેને? આહા..હા..! સમજાણું કાંઈ? એને સમ્યગ્દૃષ્ટિ કહીએ, એને જૈન કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? એ બીજો બોલ થયો.

ત્રીજો. પરમાં પ્રેમ નહિ, વાંછા નહિ. હવે પર પ્રત્યે દ્વેષ નથી. એ વાત લીધી. પહેલાં બોલમાં નિઃશંકમાં તો આત્મા પૂર્ણાનંદ નાથ ભગવાન પરમેશ્વરસ્વરૂપ જ, પરમાત્મસ્વરૂપ જ મારી ચીજ છે. કારણ કે એમાંથી પરમાત્મા થાય છે. પરમાત્મા ક્યાંય બહારથી નથી આવતા. અરિહંત ભગવાન થયા કેવળજ્ઞાની ક્યાંથી થયા? બહારથી વસ્તુ આવે છે? અંતર આત્મામાં ચીજ પડી છે એમાંથી આવે છે. એવી જેને નિઃશંકતા, નિઃસંદેહ (પ્રગટ થયા છે). આહા..હા..! એ તો આવ્યું હતુંને. સમ્યગ્દૃષ્ટિ નિઃશંક

છે. કેમ? કે મિથ્યાત્વાદિ જે બંધનું કારણ—સંદેહ થાય કે 'હું પૂર્ણ નથી' એવો સંદેહ થાય એ તો મિથ્યાત્વને કારણે સંદેહ થાય છે. જ્ઞાનીને એ નિઃશંકમાં એ સંદેહનો નાશ થઈ ગયો છે. શું કહે છે સમજાણું કાંઈ? એ પહેલાં કાલે આવી ગયું છે. પૂર્ણ આનંદમય પ્રભુ આત્મા વીતરાગસ્વરૂપે અખંડ બિરાજમાન છું. એમાં એને નિઃશંકતા છે. આહા..હા..! શંકા નથી, સંદેહ નથી. સંદેહ થાય એ મિથ્યાત્વભાવથી. ચત્તારી—મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ. ચારને કારણે સંદેહ થાય છે. ભગવાન આત્મા જ્યાં સમ્યગ્દૃષ્ટિ થયો તો ચાર કારણને છેદનાર થયો, એ ચાર કારણે સંદેહ થાય એ જ્ઞાનીને થતો નથી. આહા..હા..! આ ઘરે વાંચે તો સમજાય એવું નથી. આમાં નવરાશ ક્યાં છે ત્યાં?

આ તો ભગવાનની વાણી છે, બાપા! દિગંબર સંતો. આહા..હા..! કેવળીના કેડાયતો. આહા..હા..! કેવળીને કેવળજ્ઞાનને કેડે જઈને કેવળજ્ઞાન લેનારા. આહા..હા..! આ કેડે કેડે ચાલતા માર્ગ નથી લેતા? કેડી-કેડી. કેડી કહે છે? પગદંડી પગદંડી. આહા..હા..! બે બોલ થયા.

ભગવાન આત્મામાં નિઃશંકતા ધર્મીને, સમકિતીને હોય છે. કેમ? કે પૂર્ણ સ્વરૂપ જેનો ભેટો પૂર્ણ દૃષ્ટિમાં થયો, તેને અપૂર્ણ ને રાગ ને સંદેહ પડે કે 'હું અપૂર્ણ છું અને રાગ છું' એ સંદેહનો તો જેણે નાશ કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગસ્વરૂપે ભગવાન બિરાજમાન આત્મા અંદર છે. આહા..હા..! શક્તિસ્વભાવ વીતરાગસ્વરૂપ એનું છે. પર્યાયમાં વીતરાગતા આવે છે એ અંતરના આશ્રયમાંથી આવે છે, કોઈ ક્રિયાકાંડથી આવતી નથી. આહા..હા..! એવું પૂર્ણસ્વરૂપ, આ તો નિઃશંક અને નિકાંક્ષનો બેનો સરવાળો થાય છે. આહા..હા..! નિઃશંકમાં હું પૂર્ણ વીતરાગમય જ્ઞાનસ્વરૂપ, પૂર્ણ જ્ઞાન, પર્યાય પણ નહિ. આહા..હા..! પૂર્ણ જ્ઞાનસ્વરૂપ, પૂર્ણ આનંદસ્વરૂપ, પૂર્ણ વીતરાગસ્વરૂપ, પૂર્ણ પ્રભુતાસ્વરૂપ એવી જે મારી ચીજ છે એમાં જ્ઞાનીને સંદેહ થતો નથી. કેમકે અનુભવમાં નિઃસંદેહ દશા પ્રગટી છે. આહા..હા..! શૈલી તો જુઓ વીતરાગની! આહા..હા..! ક્યાંય છે નહિ આ. વીતરાગમાર્ગ સિવાય કોઈ ઠેકાણે આ માર્ગ નથી. સમજાણું કાંઈ? વેદાંતમાં, વૈશેષિકમાં, સાંખ્યમાં, ઈશ્વરકર્તા ક્યાંય નથી, બધા કલ્પિતમાર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, શું કહે છે જુઓને!

પૂર્ણ આનંદનો નાથ જેને પ્રતીતમાં આવ્યો એને રાગની 'હું રાગ છું કે અલ્પજ્ઞ છું' એવો સંદેહ થતો નથી, હું પૂર્ણ છું. આહા..હા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દૃષ્ટિનો પહેલો નિઃશંક ગુણ, બીજો નિઃકાંક્ષગુણ. પોતાની પરિપૂર્ણતાના ભાનમાં પરપદાર્થની ઈચ્છાનો તેને અભાવ હોય છે. સ્વપદાર્થની પૂર્ણતાની ભાવનામાં આવ્યો છે તેને પરપદાર્થની કાંક્ષા, પુણ્યની કાંક્ષા નથી. દયા, દાન, વ્રતના પરિણામ થાય, પણ એની કાંક્ષા નથી. આહા..હા..! આવી વાતું આકરી બહુ, બાપુ! શું થાય? દુનિયાને મળી નથી. દુનિયાને સાંભળવા મળી નથી. આહા..હા..! આમ પૂર્ણાનંદ પ્રભુ છે એની પ્રતીતિ થઈ સમ્યગ્દર્શનમાં, સમ્યગ્દર્શનનું ધ્યેય પૂર્ણ ઉપર હોય છે, પૂર્ણ ઉપર હોય છે. એ કારણે એને શંકા પડતી નથી કે હું પૂર્ણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અને તેથી તેને પોતાની પૂર્ણતાના પ્રતીતના ભાનમાં પોતા સિવાય પરપદાર્થની કાંક્ષા થતી નથી. આહા..હા..! કહો, સુજાનમલજી! આવી વાતું છે. આહા..હા..! આ બે ગુણમાં આવું સમાડ્યું. નિઃશંક, નિઃકાંક્ષ સમકિતીના બે ગુણ. છે પર્યાય, પણ ગુણ કહેવાય. નિઃશંક

અને નિઃકાંક્ષ. આહા..હા..! તે પણ ચેતયિતા એક જ્ઞાયકભાવ. દરેકમાં એમ લીધુંને, દરેક ગાથામાં. એક જ્ઞાયકભાવમયપણાને કારણે. ચેતયિતા એટલે સમકિતી જાણનાર. એક જ્ઞાયકમયભાવને કારણે. આહા..હા..! પોતાના પૂર્ણ સ્વભાવમાં નિઃશંક અને નિઃસંદેહ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને પોતા સિવાય પરપદાર્થ રાગાદિ, પુણ્યાદિ, દયા, દાન, વ્રતાદિ... આહા..હા..! એ પરપદાર્થની વાંછા એને નથી. વાંછા થાય છે તો એનો કર્તા થતો નથી. આહા..હા..! આવો માર્ગ છે પ્રભુનો, ભાઈ! આહા..હા..!

'પ્રભુનો માર્ગ છે શુરાનો. કાયકના નહિ કામ જોને.' 'વીતરાગનો માર્ગ છે શુરાનો.' આહા..હા..! વીરના વીંઝણા જ્યાં વાગતા હોય છે અંદર, એ વીરોના માર્ગ અલૌકિક છે. એ પામરના ત્યાં નહિ કામ. સમજાય છે કાંઈ? સમજાણું કાંઈ? પુણ્યમાં ધર્મ માનનારા, નિમિત્તથી ધર્મ લાભ માનનાર પામરોનું ત્યાં કામ નથી. આહા..હા..! ભલે એ અબજોપતિ હોય ને રાજા ને દેવ હોય. પામર, ભિખારા જેને આત્માની પૂર્ણતાનું ભાન નથી. પોપટભાઈ! આવું છે બાપા અહીં તો. આહા..હા..! ભગવાન! તારી વાત તો જો ભાઈ! અરે..! તારી વાત તને સાંભળવા ન મળે? સમજાણું કાંઈ? તું કેટલો છો? ક્યાં છો? કેમ છો? એ વાત તને સાંભળવા ન મળે અને ધર્મ થઈ જાય? આહા..હા..! એ બે વાત કરી. ત્રીજો બોલ નિર્વિચિકિત્સા એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા સુદ-૯, શુક્રવાર, તા. ૨૮-૦૧-૧૯૭૭, ગાથા-૨૩૧-૩૩૨, પ્રવચન નં. ૩૦૪

આ સમયસાર, ૨૩૧ ગાથા. ગાથા ચાલી ગઈ છેને?

**શ્રોતા :-** ૨૩૦નો ભાવાર્થ બાકી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ૩૦નો? ૩૦.

**શ્રોતા :-** ભાવાર્થની ત્રણ લીટી ચાલી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રશ્ન છે આ. બધી આવી ગઈ છે વાત. એ બધાનો અર્થ આવી ગયો છે. એકાંત ધર્મની વાત આવી ગઈ છે. એકાંતની આવી ગઈ છે, વ્યવહારધર્મની વાત આવી ગઈ છે. આવી ગઈ છે બધી, બધી આવી ગઈ છે. એ નથી. એ આવી ગઈ છે આખી. આખો ભાવાર્થ આવી ગયો છે. નથી યાદ રહેતું એ કાલનું. આખો ભાવાર્થ ચાલી ગયો છે. આ જુગુપ્સા ચાલી હતી. એ જુગુપ્સાનો અર્થ આવશે હવે. આહા..હા..!

**શ્રોતા :-** નિર્વિચિકિત્સાનો અર્થ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- બસ. એટલે ત્યાં સુધી આવ્યું હતું. શરૂ ત્યાંથી કર્યું હતું. આ પૂરું થઈ ગયું.

जो ण करेदि दुगुंछं चेदा सव्वेसिमेव धम्माणं।
सो खलु णिव्विदिगिच्छो सम्मादिट्ठी मुणेदव्वो।।२३१।।

સૌ કોઈ ધર્મ વિષે જુગુપ્સાભાવ જે નહિ ધારતો,
ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૧.

શું કહે છે? જેને વીતરાગસ્વભાવ ભગવાન આત્મા એની દૃષ્ટિ અને વીતરાગ પરિણતિ થઈ છે તેને પૂર્ણ આનંદ પ્રગટ કરવાનું ધ્યેય છે. સમજાય છે કાંઈ? પૂર્ણ અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન, એનો જેને અનુભવ-સમ્યગ્દર્શન થયું છે, એમ કહે છે. જે સુખને પંથે પડ્યો છે એને કઈ દશા એની હોય એનું વર્ણન છે. આહા..હા..! શું કહ્યું? આત્મા અતીન્દ્રિય આનંદ વીતરાગી આનંદસ્વરૂપ એનો જેને અંતરમાં આદર થયો છે એને વીતરાગી સમ્યગ્દર્શન પ્રગટ થયું છે અને એ પૂર્ણ આનંદ શાશ્વત મોક્ષપર્યાય તેને એ સાધે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એથી એ જીવને વસ્તુના પૂર્ણ આનંદસ્વરૂપમાં સંદેહ ને શંકા નથી અને પૂર્ણ આનંદસ્વરૂપ ભગવાન આત્માથી બીજી ચીજની જેને વાંછા નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

જેને સ્વ-ભગવાન આત્મા અણીન્દ્રિય આનંદ અને વીતરાગી સ્વરૂપ પ્રભુ છે.. આહા..હા..! એ વીતરાગી સ્વભાવનો જેણે સન્મુખ થઈને આદર કર્યો છે, એ સુખનો સ્વાદિયો સુખનો આદર કર્યો છે એણે. આહા..હા..! અને તે પૂર્ણ સુખની પ્રાપ્તિ માટે તેનો પ્રયત્ન છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે. જેને પરપદાર્થની અભિલાષા છે એને સ્વ વીતરાગી સ્વભાવનો આદર નથી, એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેને સ્વદ્રવ્ય સિવાય પરપદાર્થ રાગાદિ અને પરની જેને વાંછા ને ભાવના ને ઇચ્છા છે, એ દુઃખને પંથે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! જૂઠી દૃષ્ટિમાં એ રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને તો સ્વભાવનો આદર પણ નથી અને સ્વભાવને પૂર્ણ કરું એ પ્રયત્ન પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પણ જેને આત્મા આનંદસ્વરૂપ અનાકુળ શાંતરસ એવો જેને અંતરમાં અનુભવ જેનો સ્વભાવનો સત્કાર થઈને... આહા..હા..! દૃષ્ટિ જેની સમ્યક્ થઈ છે, સત્ જેવું છે તેવો જેનો સ્વીકાર થયો છે (તે સમ્યગ્દૃષ્ટિ છે). આહા..હા..! સમજાણું કાંઈ? થોડી થોડી ભાષા સમજાય છેને? ગુજરાતી. ઠીક. ભોપાલથી આવ્યા છે. આહા..હા..!

કહે છે કે જેને પરદ્રવ્ય, રાગથી માંડીને પરદ્રવ્યની રુચિ છૂટી ગઈ છે અને જેને ભગવાન આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, શાંતરસસ્વરૂપ એનો જેને આદર થયો છે, દૃષ્ટિ થઈ છે, સ્વભાવનો સ્વીકાર થઈને વીતરાગી દશા સમ્યગ્દર્શન પ્રગટ્યું છે... આહા..હા..! એને પોતાના સ્વભાવમાં શંકા પડતી નથી, સંદેહ થતો નથી. આહા..હા..! એને પોતાના સિવાય પરપદાર્થની વાંછા હોતી નથી. બે વાત. હવે ત્રીજું આપણે ચાલે છે. એને પરપદાર્થમાં દુગંછા-દ્વેષ નથી. આવી વાત છે. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ અને આનંદસ્વરૂપ પ્રભુ એનો જેને પ્રેમ ને અનુભવ થયો છે એને અહીંયાં ધર્મી કહેવામાં

આવે છે, એને સમ્યગ્દૃષ્ટિ, એને જ્ઞાની, એને સુખને પંથે દોરાયેલ કહેવામાં આવે છે. એ જીવને પોતાના પૂર્ણ સ્વભાવમાં સંદેહ નથી, પરપદાર્થની કાંક્ષા નથી, તેમ પરપદાર્થ ગ્લાની આદિવાળા, વિષ્ટા આદિ હલકા હોય તેના પ્રત્યે તેને દુગંછા-દ્વેષ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ વાત કરે છે. ૨૩૧.

'**ટીકા :— કારણ કે સમ્યગ્દૃષ્ટિ,...** ' ઓહો..હો..! સમ્યગ્દૃષ્ટિ એટલે જેવું સ્વરૂપ પૂર્ણ પરમાત્મા પોતાનું, એની જેને દૃષ્ટિ—શ્રદ્ધા, વિશ્વાસ, ભરોસે ભગવાન આવી ગયો છે જેને. આહા..હા..! સમજાણું કાંઈ? એક ફેરી પ્રશ્ન થયો હતો નહિ ભાઈ? રાજકોટ. ભાઈ હતા નરભેરામભાઈ? વકીલ-વકીલ. ભગવાનજીભાઈના ભાઈ. નરભેરામને? હા એ. એણે એક ફેરી પ્રશ્ન કર્યો હતો ત્યાં, ૮૭ની સાલની વાત છે. એમ કે તમે આવો આત્મા છે એની પ્રતીતિ થાય છે એ કેમ હોય વાત સાચી? કીધું, તમને દૃષ્ટાંત આપું? તમે પરણ્યા જે કન્યા સાથે.. પહેલાં તો કન્યા.. આ તો હવે જરી. નહિતર પહેલાં તો કાંઈ કોણ હતું એની ખબર પણ ન હોય. મા-બાપ કરે એ પસંદ. અત્યારે તો પંદર દિ' સાથે ફરે ને ફલાણું-ઢીંકણું બધું એવો થઈ ગયો છે ફેરફાર. ત્યારે મેં એને એમ કહ્યું કે જ્યારે લગન થાય અને પહેલો દિવસ હોય ત્યારે તમને શંકા પડે છે કે આ બૈરી મને મારી નાખશે? એ તો અજાણી છે બાઈ. ૧૬-૧૭ વર્ષની અજાણી ક્યાંકની. કેમકે તમને ત્યાં વિષયનો પ્રેમ છે અને પ્રેમમાં તમને વિશ્વાસ છે કે એ મને મારી નહિ નાખે. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ જેને ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ, જેના પ્રેમમાં, પ્રીતિમાં વિષય આખો આત્મા ચડી ગયો દૃષ્ટિમાં... આહા..હા..! એને એના વિશ્વાસમાં એને સંદેહ પડતો નથી. પૂર્ણાનંદનો નાથ છું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એને પરપદાર્થની કાંક્ષા (નથી). સ્વપદાર્થની ભાવના જ્યાં વર્તે છે વધવાની. આહા..હા..! વીતરાગમાર્ગ બહુ અલૌકિક છે, બાપુ! એ બહારમાં મનાવી બેઠા છે એ વીતરાગમાર્ગ નથી. દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને પૂજામાં ધર્મ મનાવ્યો છે એ ધર્મ જ નથી, એ તો રાગ (છે). આહા..હા..! એ વીતરાગધર્મ જ નથી, એ જૈનધર્મ જ નથી. આહા..હા..! જૈનધર્મ તો વીતરાગી પરમાનંદની પ્રતીતિ એવી વીતરાગદશા થાય તેને જૈનધર્મ કહે છે. આહા..હા..! શું કહે છે?

**શ્રોતા :-** વીતરાગની તો ઉપાસના કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યા વીતરાગ? આ વીતરાગ કે પર વીતરાગ? પર વીતરાગની ઇચ્છા એ તો રાગ છે. આહા..હા..! બાપુ! માર્ગ તો આ ધર્મની વાત છે, ભાઈ! આહા..હા..!

અહીંયાં તો કહે છે, જેને ભગવાન આત્મા સ્વદ્રવ્યની પૂર્ણતાની પ્રતીતિ અંદર થઈ છે એ ધર્મની શરૂઆતવાળો સમ્યગ્દૃષ્ટિ. આહા..હા..! એને સ્વદ્રવ્યની પૂર્ણતામાં શંકા ને સંદેહ પડતો નથી, એને પોતાના પદાર્થ સિવાય પરપદાર્થમાં વાંછા, ઇચ્છા હોતી નથી. આહા..હા..! એને આત્મા સિવાય પરપદાર્થ પ્રતિકૂળ હોય એમાં એને દુગંછા, દ્વેષ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. આહા..હા..! જન્મ-મરણના દુઃખોથી રહિત થવું હોય એને માટે છે આ. આહા..હા..! ભવભ્રમણના પ્રેમવાળા જીવ તો ભવભ્રમણમાં રખડશે. સમજાણું કાંઈ?

'**કારણ કે સમ્યગ્દૃષ્ટિ,...**' આ એટલી વ્યાખ્યા થઈ. જેનો આત્મા પૂર્ણ આનંદ છે એવી દૃષ્ટિ

થઈ છે અને એ જ મેળવવાની પૂર્ણ પ્રાપ્તિની કાંક્ષા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' એ તો એક આનંદમય ન લેતા જ્ઞાયકમય લીધો જ્ઞાનપ્રધાન કથનથી. '**જ્ઞાયકભાવમયપણાને લીધે...** ' પ્રભુ તો જાણકસ્વભાવના પરિપૂર્ણ ભાવથી ભરેલો ભગવાન આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' આહા..હા..! '**ચેતયિતા**' એટલે જાણનારો સમ્યગ્દૃષ્ટિ. '**ચેતયિતા**' શબ્દ છેને મૂળમાં? '**ચેતયિતા**' એટલે ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનસ્વભાવનો ચેતનારો, જાણનારો એ પોતે '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' માર્ગ બાપા બહુ અલૌકિક છે, ભાઈ! આહા..હા..! દુનિયાની હોંશુ છૂટી જાય એવી છે આ તો. સમજાણું કાંઈ? ત્યારે એને ભગવાન મળે એવું છે. ભગવાન એટલે પોતે હોં! આહા..હા..!

એને '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે બધાંય...**' વસ્તુધર્મો પ્રત્યે. આહા..હા..! શરીરની અશુચિ, દુર્ગંધ, વિષ્ટા.. આહા..હા..! નિંદા હોય તેના પ્રત્યે પણ તેને દ્વેષ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એને જેમ પ્રશંસા પ્રત્યે પ્રેમ નથી, તેમ તેને નિંદા કરનાર પ્રત્યે દ્વેષ નથી. સમજાણું કાંઈ? આવો સમ્યગ્દર્શનનો પ્રથમ ધર્મ આ છે. આહા..હા..! વસ્તુધર્મો પ્રત્યે એટલે? પોતાની વસ્તુનો ધર્મ તો જણાણો છે. હવે પોતા સિવાય બીજા વસ્તુધર્મના પ્રત્યે. ક્ષુધા, તૃષા, ઠંડી, ગરમ, વિષ્ટા આદિ મલિન દ્રવ્યો પ્રત્યે પણ... આહા..હા..! જેને નિંદા ને દોષબુદ્ધિ નથી. આહા..હા..! દોષબુદ્ધિ નથી એટલે દ્વેષબુદ્ધિ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

બધાય વસ્તુધર્મો. બધાય એટલે? કે આત્મા સિવાય. આત્મા તો પોતાને ભાન થયું છે. હવે એ સિવાય જેટલી વસ્તુઓ છે એ પ્રત્યે તેને ગ્લાનિનો, દ્વેષનો, દુગંછાનો, દોષથી એને જોવું તે... આહા..હા..! એનો અભાવ છે. જ્ઞેય તરીકે જાણે ખરો. સમજાણું કાંઈ? જુગુપ્સાનો તેને ગ્લાનિનો, પ્રતિકૂળ ચીજ હોય દુગંછા સડેલા કૂતરા, તેના પ્રત્યે પણ તેને જુગુપ્સા નથી. આહા..હા..! ગંધ મારતી હોય પાંચ, દસ, પંદર દિ'થી સડેલું કૂતરું હોય અને ગંધ મારે, જ્ઞેય છે. એ જડની તે સમયની પર્યાય છે એ જડની છે. સમજાણું કાંઈ? એને દુગંછા નથી. આહા..હા..! નિંદા નથી, દોષબુદ્ધિ નથી, દ્વેષ નથી. આહા..હા..! જુઓ, આ સમ્યગ્દૃષ્ટિ ધર્મીના લક્ષણ. સમજાણું કાંઈ?

જેમ એને અનુકૂળ વિષયો પ્રત્યે પણ જેને પ્રેમ નથી.. આહા..હા..! તેમ પ્રતિકૂળ પ્રત્યે તેને દ્વેષ નથી. સમજાણું કાંઈ? આવી વીતરાગમાર્ગની લીલા છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુગુપ્સાનો તેને અભાવ હોવાથી, દુગંછાનો તેને અભાવ હોવથી. આ મોઢું અણગમો જેવું કરવું એવી દુર્ગંધ ચીજ દેખીને જ્ઞાનીને હોતું નથી. એ વસ્તુનો સ્વભાવ છે. એ રીતે પરમાણુઓની પર્યાય એ રીતે પરિણમી છે. આહા..હા..! શરીર સડી જાય છે ને આ.

ઘણા વર્ષ પહેલાં જોયું હતું એક. વાવડી-વાવડી ગયા હતા. રાણપુર પાસે નથી વાવડી? મોહન ત્રિકમનું. મોહનભાઈ નહોતા આવતા? એ ગુજરી ગયા. એનું ગામ. એમાં વિશાશ્રીમાળી ગોપાણી એક વાણિયા હતા. મરવાની તૈયારી. અમે તાકડે જઈ ચડ્યા. એક દિ' રહેવાનું હોય ફક્ત. બાયડી કહે કે આપણે બ્રહ્મચર્ય લઈ લઈએ આજ. મરવાની તૈયારી અને આ શરીર સડેલું ગંધાય. સડી ગયેલું આ

બધું, કાળજું ને બધું ગંધ મારે. ખાટલા ઉપર ઊભો હોય બીજો માણસ એને ગંધ એવું મારે. આહા..હા..! સડેલું કૂતરું હોયને ગધેડું સડી ગયેલું, એવી ગંધ મારે. આહા..હા..! પણ બાઈ કહે કે મહારાજ આવી પડ્યા છે તાકડે અને આ સ્થિતિ આવી થઈ છે આપણે. કહે, આજ નહિ.. આજ નહિ. આહા..હા..! જુઓને જગતના રસ. એ રાતે અપાસરામાં અમે હતા ને સાંભળ્યું, દેહ છૂટી ગયો. એ રાતે દેહ છૂટી ગયો. સડી ગયેલું આ બધું. આખું આ શરીર ગંધ મારે ગંધ. આહા..હા..! બાપુ! આ તો જડ છે. આહા..હા..! ત્યાં અમૃતઝરણા નથી ત્યાં. આહા..હા..! અરે..! કીધું સંસાર તો જુઓ આ! મરવાની તૈયારી થઈ, ગંધ શરીર મારે પણ પરનો પ્રેમ છૂટતો નથી. બૈરાએ કહ્યું, આપણે આજે બ્રહ્મચર્ય લઈ લઈએ. મહારાજ આવી પડ્યા છે કુદરતે. આજે એક દિ' રહેવાના. સવારે તો ઊઠી જવાના. આજે નહિ. આહા..હા..! જગતના પ્રેમીલા એ દુર્ગંધ ચીજના પણ રસીલા. એને છોડવું વિષય એ (કઠણ પડે છે). અવસ્થા થઈ ગયેલી. આહા..હા..! જુઓને આ સંસાર!

અહીં કહે છે કે એ દુર્ગંછા એટલી હો, તોપણ ધર્મીને તેના પ્રત્યે નિંદ્યભાવ, દુર્ગંછાભાવ, ગ્લાનિભાવ હોતો નથી. એ પદાર્થનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એકવાર વીંછીના ડંખપણે પરિણમેલા પરમાણુ એ શરીરપણે પરિણમ્યા છે અહીં. વીંછીના ડંખના રજકણો એ અહીં પરિણમ્યા છે બધા અત્યારે. એ વળી વીંછીના ડંખપણે પરિણમશે. એ જડની પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? દુર્ગંછાનો એને અભાવ છે. તેથી નિર્વિચિકિત્સ ચિકિત્સા કરતો નથી એટલે ગ્લાનિ કરતો નથી. જુગુપ્સારહિત. આહા..હા..! **'તેથી તેને વિચિકિત્સાકૃત બંધ નથી...'** દુર્ગંછાકૃત કહો, નિર્વિચિકત્સની સામે વિચિકિત્સાકૃત કહો. ચિકિત્સા કરે છેને? આહા..હા..! દ્વેષ જ નથી જેને. આહા..હા..! જરી ચારિત્રમોહના નિમિત્તમાં વશ થઈને થોડો ભાવ થાય તો તેનો તે કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો ભગવાન ત્રિલોકનાથે જગતના હિત માટે કહ્યો છે. આહા..હા..! **'તેથી તેને વિચિકિત્સાકૃત બંધ નથી...'** દુર્ગંછાકૃત, દ્વેષકૃત, અપ્રિયભાવકૃત એને બંધ નથી, **'પરંતુ નિર્જરા જ છે.'** જરી પરિણામ એવા થયા હોય એ ખરી જાય છે એમ કહે છે. આહા..હા..!

**'ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિ વસ્તુના ધર્મો પ્રત્યે (અર્થાત્ ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ આદિ ભાવ પ્રત્યે તથા વિષ્ટા...'** સડેલા શરીર **'આદિ મલિન દ્રવ્યો પ્રત્યે) જુગુપ્સા...'** દ્વેષ, દુર્ગંછા **'કરતો નથી.'** મુનિનું શરીર દુર્ગંધવાળું દેખાય, મલિન આદિ દેખાય. જુગુપ્સા કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શરીરનો એ ધર્મ છે. આહા..હા..! એક માણસને ઊલ્ટી થતી હતી. એ ઊલ્ટીમાં વિષ્ટા આવી અંદરથી. એવું ઊલ્ટીનું જોર થયું કે વિષ્ટાનો જે અંદરનો ભાગ છે વિષ્ટા એ મોઢામાં આવી. અને એટલી વિષ્ટા કે બહાર નીકળવું કઠણ એવી કઠણ આવી. આ બધા નામ, ઠામ ને ક્યાં એ બધું જાણીએ છીએ. અહીં તો ઘણાનો અભ્યાસ અનુભવ હોયને. આહા..હા..! દામનગરમાં થયું દામનગર. સમજાણું કાંઈ? આહા..હા..! આમ કરતા વિષ્ટા (બહાર આવી). જુઓ આ દેહ. આહા..હા..! પણ છતાં તેને ધર્મીને શરીરની સ્થિતિ એવી થાય એ પ્રત્યે દ્વેષ નથી, દુર્ગંછા નથી. આહા..હા..! જેને મોઢે મીઠા પાણી ને મીઠા સાકર આવે એને મોઢે અંદરથી વિષ્ટા આવી. આહા..હા..! સમજાણું કાંઈ? છતાં જેને

આત્મદર્શન થયું છે... આહા..હા..! ભગવાન જેણે ભાળ્યા છે, ભગવાનનો ભેટો અંદર થયો છે જેને, ત્રણલોકનો નાથ ચિદાનંદ પ્રભુ... આહા..હા..! એનો જેને અંદર જ્ઞાનમાં ભાસ થઈને ભરોસા પ્રગટ્યા છે... સમજાણું કાંઈ? આહા..હા..! એને આ દ્વેષ—અણગમો નથી. આહા..હા..!

'**જુગુપ્સા નામની કર્મ પ્રકૃતિનો ઉદય આવે છે, તોપણ પોતે તેનો કર્તા થતો નથી.** ' જોયું! જરી એવો ભાવ થઈ જાય પ્રકૃતિના જોડાણમાં પણ એનો કર્તા થતો નથી, એનો જ્ઞાતા રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તેનો '**બંધ તેને થતો નથી, પરંતુ પ્રકૃતિ રસ દઈને ખરી જાય છે...**' આહા..હા..! 'ચિદાનંદ ભુપાલકી રાજધાની' જિનવાણી, ચિદાનંદ ભગવાનની રાજધાની બતાવનારી છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'નમો દેવી વાગેશ્વરી જિનવાણી.' આવે છેને. 'જિનાદેશ જાતા જિનેન્દ્રા વિખ્યાતા.' જિનવાણી જિનના આદેશથી નીકળેલી, જિનેન્દ્રદેવે પ્રસિદ્ધ કરી એ વાણીમાં વીતરાગતા બતાવી છે. આહા..હા..! એવો વીતરાગધર્મ આત્માનો બતાવ્યો. આહા..હા..! જેણે જાણ્યો એને દુગંછા ક્યાં હોય! કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સાધુઓને ઘાણીમાં પીલ્યા એ કાળ કેવો હશે? ચોથે આરે હોં! આહા..હા..! એ રાજાએ હુકમ કર્યો, આને ઘાણીએ પીલો. આહા..હા..! મુનિ શાંત... શાંત... શાંત... રાજા પ્રત્યે દ્વેષ નથી. આહા..હા..! એ આ દુગંછાનો દ્વેષનો અભાવ છે. સમજાણું કાંઈ? મહામુનિ પવિત્રના પિંડ. કો'કે નાખ્યું કે જુઓ મહારાજ! આ તમારી રાણી સાથે આ સાધુ જુઓ. કૃત્રિમ કો'ક સાધુ બનાવી અને રાણી સાથે વાત કરતો હતો ને એવું થયું. એમાં શંકા પડી કે આ સાધુ બધા એવા છે. આહા..હા..! વીતરાગી રસના રસીલા મુનિઓ, પ્રસંગ આવ્યો તો ધ્યાનમાં આનંદમાં રહેતા. આહા..હા..! એ પીલનાર ઉપર દ્વેષનો અંશ નહિ. એને જરી અસ્થિરતામાં કોઈ પ્રકૃતિનો જરી (દ્વેષ) આવે એ ખરી જાય છે. આહા..હા..!

હવે ત્રણ બોલ એ અને હવે અમૂઢ કહે છે. ધર્મી બધા પદાર્થમાં શ્રદ્ધા, જ્ઞાનમાં કોઈપણ ચીજમાં મૂઢ નથી. કેમ હશે આ? કેમ હશે આ? એ કંઈ નથી. અમૂઢ છે. આહા..હા..! દરેક પદાર્થના સ્વભાવનું એને વાસ્તવિક જ્ઞાન છે, તેથી એ મૂંઝાતો નથી. પૂર્ણાનંદના સ્વીકારમાં મૂંજાતો નથી અને પર્યાયની પામરતાના રાગને પણ જાણતો એ મૂંઝાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચોથો બોલ કહે છે.

'**હવે અમૂઢદૃષ્ટિ અંગની ગાથા કહે છે :-**'

**जो हवदि असम्मूढो चेदा सद्दिट्ठि सव्वभावेसु।**
**सो खलु अमूढदिट्ठी सम्मादिट्ठी मुणेदव्वो।।२३२।।**

ભાષા બધી સર્વ સર્વ... છેને?

**સંમૂઢ નહિ જે સર્વ ભાવે,-સત્ય દૃષ્ટિ ધારતો,**
**તે મૂઢદૃષ્ટિરહિત સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૨.**

આહા..હા..! માર પ્રહાર કરે કે આમ કેમ? આ કાળે આવો હું છુંને. એને મૂંઝવણ નથી આવતી

કહે છે. આહા..હા..! છે?

'**ટીકા :– કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે,...**' આહા..હા..! છઠ્ઠી ગાથામાં લીધું છે જ્ઞાયકભાવ તે. તેની દૃષ્ટિ ધર્મીની જ્ઞાયકભાવ ઉપર છે. પ્રમત્ત-અપ્રમત્તની દૃષ્ટિ એની ઊડી ગઈ છે પર્યાયદૃષ્ટિ. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ બહુ ઝીણો, પોપટભાઈ! ઓલા રૂપિયા મળી ગયા એવું આ નથી. એ તો બધા પાપીને પણ મળે છે. આહા..હા..!

**શ્રોતા :–** આપ એમ કહો છે કે એ મળતા જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મળતા નથી એટલે એની પાસે આવે તો મમતા મળે છે ને એને. એ ક્યાં આવે છે? આહા..હા..! અમેરિકામાં છેને એક દોઢ માઈલમાં કારખાનું જનાવરને કાપવાનું. મોટો ધનાઢ્ય છે. અમેરિકામાં છે. દોઢ માઈલમાં કારખાનું ઢોરને કાપવાનું અને મોટો ધનાઢ્ય. ચાંદીની ખુરશીએ બેઠો રહે. આ જગતના ખેલ તો જુઓ, સમજાણું કાંઈ? અને ધર્માત્મા મહા મુનિ સંત હોય એને ઘાણીમાં પીલે. આ તો દિશા તો જુઓ, બેય પ્રત્યે ધર્મીને તો સમભાવ છે કહે છે. સમજાણું કાંઈ?

'**અમૂઢદૃષ્ટિ છે,...**' છે? '**બધાય ભાવોમાં મોહનો (તેને) અભાવ...**' મૂઝવતો નથી એને. આહા..હા..! અરે..! આ શું? અમે આત્માના આરાધક જીવો અને આ શું કરે છે લોકો? એ રીતે હોય તે કાળે, એમાં એને મૂંઝવણ આવતી નથી; અને ખોટાઓના મોટા હાથીએ સત્કાર થતા હોય, મિથ્યાદૃષ્ટિના હાથીએ સત્કાર થતા હોય, સ્વાગત થતા હોય, લાખો માણસોના ટોળા ભેગા થાય અને ધર્મી જીવને... આહા..હા..! આ શું છે? મુંઝાતો નથી. એ સ્થિતિ એમ જ થવાની જડની. સમજાણું કાંઈ? ધર્માત્માને સગવડતાનો અભાવ અને પાપીઓને સગવડતાનો ભોગ, આ શું છે? એ સ્થિતિ એવી જ છે જગતની. સમજાણું કાંઈ? અને ભાઈએ ન કહ્યું નિયમસારમાં, તું વીતરાગસ્વરૂપની દૃષ્ટિવાળો ધર્માત્મા, એની કોઈ નિંદા કરે તો તું અભક્તિ કરીશ નહિ. આવી ચીજમાં હું છું અને આ લોકો (નિંદા કરે છે)! મૂંઝાઈશ નહિ. એ મૂંઝાતો નથી. પોપટભાઈ! આહા..હા..! હાથીને હોદ્દે સામૈયા થાય મિથ્યાદૃષ્ટિના અને સમ્યગ્દૃષ્ટિને નીચે અનાદર થાય જગતથી. પદાર્થનો એ સ્વભાવ તે ક્ષણનો છે. એમાં એને મૂંઝવણ આવતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ શ્રદ્ધા, જ્ઞાનમાં એને શંકા પડતી નથી. સમજાણું કાંઈ? એમ મૂળ તો એ કહેવું છે.

'**બધાય ભાવોમાં મોહનો અભાવ...**' એટલે મૂંઝવણનો અભાવ અથવા પર તરફની સાવધાનીનો જેને અભાવ (વર્તે છે અને) પોતાની સાવધાનીનો સદ્ભાવ (છે). આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. '**બધાય ભાવોમાં...**' આહા..હા..! પરલોક હોય. કેવળજ્ઞાન, આ કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ-ત્રણલોકને જોવે? એક સમયની પર્યાય અનંતા દ્રવ્ય, ગુણ અને પર્યાયવાળા દ્રવ્યો, ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એક સમયમાં ત્રણ? ભગવાને કહ્યુંને સમંતભદ્રાચાર્યે, પ્રભુ! તારું સર્વજ્ઞનું લક્ષણ અમે જાણ્યું છે. પ્રભુ! તારી જ્ઞાનની એક સમયની પર્યાય અને જગતના અનંતા દ્રવ્યોના ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એક સમયમાં અનંતા એને આપે જાણ્યા. આપ સર્વજ્ઞ છો (એમાં) અમને સંદેહ પડતો નથી, એમ અમારો આત્મા સર્વજ્ઞ છે એમાં અમને સંદેહ પડતો નથી. આહા..હા..! સર્વજ્ઞનો

નિર્ણય કરનારો અમારો આત્મા ભગવાન... આહા..હા..! સર્વજ્ઞસ્વભાવી (છે) એમાં અમને સંદેહ, મૂંઝવણ આવતી નથી. આહા..હા..! જુઓ તો આ માર્ગ! આહા..હા..!

'**બધાય ભાવોમાં...**' બધે ઠેકાણે સર્વ સર્વ શબ્દ છે. છેને? '**सव्वभावेसु**' છે ને આમાં? ઓલામાં એમ હતુંને. '**सव्वेसिमेव**' ૩૧માં. ૩૦માં '**सव्वधम्मेसु**' છેને? બધે આખી પૂર્ણ વાત લે છે. નિઃસંદેહમાં તો છેદે છે એ. આહા..હા..! જેણે ભગવાન જ્ઞાનસ્વભાવી આત્મા જેણે જાણ્યો, અનુભવ્યો એને જ્ઞાનસ્વભાવમાં કાંઈ શંકા પડતી નથી (કે) કેમ હશે આ? આહા..હા..! કોઈને એકદમ વિકાસ જ્ઞાનનો ઘણો દેખાય અજ્ઞાનીને અને પોતાને જ્ઞાનનો વિકાસ થોડો જણાય (તો) મૂંઝાતો નથી. મારી પરિણતિમાં એટલી કમી છે (એમ જાણે છે). આહા..હા..! સમજાણું? અરે..! હું આત્માનો જાણનાર અનુભવી અને જ્ઞાન ઓછું કેમ? અને આ બધા મિથ્યાદૃષ્ટિ મોટા-મોટા જ્ઞાનની વાતું કરનારા. મૂંઝાતો નથી. વસ્તુની સ્થિતિ જ એવી છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કેમકે કરવાનું મારે તો દૃષ્ટિ અને સ્થિરતા એ છે. જ્ઞાન ઓછું-વત્તુ હોય એની સાથે કાંઈ સંબંધ નથી.

**શ્રોતા :-** પરજ્ઞેય જણાય, ન જણાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની સાથે બહુ સંબંધ નથી. કીધુંને. આહા..! પ્રવચનસારમાં ન કહ્યું? ક્ષયોપશમ બહુની અમારે જરૂર નથી. જ્ઞાનના બહુ ક્ષયોપશમથી બસ થાઓ. અમે ભગવાન આત્મા દૃષ્ટિ કરીને ઠરીએ અંદરમાં એ અમારે કરવાનું છે.. આહા..હા..! એમાં ખામી ન હો. જાણપણામાં ભલે ખામી હો ઓછી. વિપરીતતા ન હોય. આહા..હા..!

અહીં તો ધર્મી કેવો હોય? કે જેને આત્મા આનંદનો નાથ ભગવાન જેને અનુભવમાં આવ્યો છે. આહા..હા..! 'વીતરાગસ્વભાવી આ ભગવાન આત્મા છે. એનો સ્વભાવ વીતરાગી અકષાયસ્વભાવ છે, પૂર્ણ અકષાયસ્વભાવ છે' એવું જેને અંતરમાં, પ્રતીતમાં, સમ્યગ્દર્શનમાં ભાનમાં આવ્યું એને કોઈ પદાર્થમાં મૂંઝવણ હોતી નથી. આહા..હા..! અમે સાચા ધર્મી અને અમને માનનારા થોડા! અને આ મોટા ખોટા માનનારાને ઘણા! એ તો જગતમાં એમ હોય છે. એને સત્‌ને સંખ્યાની જરૂર નથી. સત્‌ના સ્વભાવના માહાત્મ્યની જરૂર છે એને. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિ એટલે કે જ્ઞાયકભાવ સ્વભાવના ભાનવાળો. આહા..હા..! એમ કહ્યુંને? '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' આહા..હા..! ભેદ પણ નહિ જેને કહે છે. ઓહો..હો..! ધર્મી એને કહીએ, પ્રથમમાં પ્રથમ સુખને પંથે દોરાયેલ એને કહીએ કે જેને એક જ્ઞાયકભાવ અનુભવમાં આવ્યો છે. આહા..હા..! ભેદ પણ નહિ. સમજાણું કાંઈ? મારગડા જુદાં, બાપા! ભાઈ! તારા મોક્ષના પંથડા... આહા..હા..! અલૌકિક છે, ભાઈ! એને મળ્યા નથી. એને આ સત્ કેવું છે અને એને માનનારા સાચા કેવા હોય એ વાત પ્રભુ એને સાંભળવા મળી નથી અને જિંદગી એમ ને એમ વ્યર્થ ગુમાવે છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે ધર્મીને સાચું શ્રદ્ધા, જ્ઞાન સાચું હોય, અંદર સ્વરૂપની રમણતા પણ સાચી હોય.. આહા..હા..! છતાં દુનિયામાં એનો અનાદર થાય અને મિથ્યાદૃષ્ટિનો આદર થાય એમાં સમકિતી મૂંઝાતો નથી. એ જગતની શૈલી જ એવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પાપીઓને

પૈસાનો યોગ થાય, ધર્મીને આજીવિકા પોષવા માટે માંડ-માંડ મળે. સમજાણું કાંઈ? એ તો એ વસ્તુની સ્થિતિ છે-એમાં એ મૂંઝાતો નથી. આહા..હા..! કહો, ચીમનભાઈ! આવું છે. આહા..હા..! દેહદેવળમાં ભગવાન બિરાજે છે આત્મા. આહા..હા..! જે અંનતગુણનો સાગર, અનંતગુણનો સાગર ભગવાન છે. એવું અનંતગુણનો સાગર ભગવાન એક જ્ઞાયકભાવપણે બિરાજે છે. આહા..હા..! એને જેણે દૃષ્ટિમાં લીધો છે, એનો જેણે અંતરમાં આદર કર્યો છે એને સમકિતદૃષ્ટિ એક જ્ઞાયકભાવમયપણાને કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો સમ્યગ્દૃષ્ટિનો વિષય એક જ્ઞાયકભાવ જ છે. તેથી આ દરેકમાં વર્ણવે છે. આહા..હા..! ધર્મી જીવનો વિષય પર પણ નથી, રાગ પણ નથી અને પર્યાય પણ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આ હિન્દીવાળાને થોડું,.. તમે તો પરિચયવાળા છો. આવો છોને ઘણીવાર. ગુજરાતી. નવા હિન્દી આવે તો કરવું પડે હિન્દી કેટલીક્વાર. આહા..હા..! મારગડા બાપા! એ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર... આહા..હા..!

કહે છે કે ધર્મીને કોઈ પ્રત્યે પર તરફની સાવધાની થતી જ નથી. આહા..હા..! બહારમાં બીજી પ્રતિકૂળતા હોય તો દુઃખી થતો નથી, અનુકૂળતા બીજાની દેખીને રાજી થતો નથી. પોતાની અનુકૂળતા દેખીને પણ બહારમાં અનુકૂળ શું? એ તો જ્ઞેય છે. સમજાણું કાંઈ? પરમાં સાવધાની કરતો નથી. આહા..હા..! પોતાના સ્વભાવની સાવધાની છોડતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા એમ છેને જુઓને. '**મોહનો અભાવ હોવાથી,...**' ખરેખર એ સાવધાની છે. મોહ એટલે મૂંઝવણ છે. પરમાં સાવધાની એ મૂંઝવણ છે. એ નથી જેને. આહા..હા..! એ અમૂઢદૃષ્ટિ ધર્મી છે. આહા..હા..! ભલે નરકની નારકીમાં હોય. આહા..હા..! અરેરે..! મિથ્યાદૃષ્ટિ પાપીઓ સ્વર્ગને પામે અને સમ્યગ્દૃષ્ટિ જીવો નરકને? આ શું? બાપુ! એ પર્યાયની યોગ્યતા હોય તે થાય. આહા..હા..! ક્ષાયિકસમકિતી શ્રેણિક રાજા નરકનું આયુષ્ય બંધાઈ ગયું. નરકમાં છે. આહા..હા..! અને અભવિ મિથ્યાદૃષ્ટિ પંચમહાવ્રત પાળે, અઠ્યાવીશ મૂળગુણ પાળે, શુક્લલેશ્યા મિથ્યાદૃષ્ટિ અનંત સંસારી નવમી ગ્રૈવેયક જાય. એને શું છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેથી તેને મૂઢદૃષ્ટિકૃત બંધ નથી, પરંતુ નિર્જરા જ છે.**'

'**ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિ સર્વ પદાર્થોના સ્વરૂપને યથાર્થ જાણે છે;...**' જોયું! પુણ્યના ભાવ અને પાપના ભાવને, સંયોગને... આહા..હા..! દરેક '**પદાર્થોના સ્વરૂપને યથાર્થ...**' સર્વ પદાર્થ, ભાષા દેખો! આહા..હા..! એક જાણ્યો જેણે ભગવાન આત્માને સમ્યગ્દર્શનમાં, તો સર્વ પદાર્થને જાણવાની એની શક્તિ છે, જેવા છે તેવા એને જાણવાની. સમજાણું કાંઈ? આહા..હા..! અત્યારે મૂળ સમ્યગ્દર્શન શું એની વાત જ આખી ગુપ્ત થઈ ગઈ. સમ્યગ્દર્શન વિના વ્રત કરો ને તપ કરો, અપવાસ કરો, પૂજા કરો ને દાન કરો. આહા..હા..! એમાં તો પુણ્ય થાય અને ભવમાં જાય. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં તો ભગવાન એમ કહે છે કે પ્રભુ! તારે પુણ્યનું શું કામ છે? તારે પર્યાયબુદ્ધિ નથી ત્યાં વળી પુણ્યનું શું કામ છે તારે? આહા..હા..! એ આવી ગયું છે પહેલાં. આપણે પુણ્યને ઈચ્છતો નથી. ધર્મી પુણ્યને ઈચ્છતો નથી. શુભભાવ આવે ખરો. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, પણ ઈચ્છતો નથી.

એ રાગ છે. આહા..હા..! જેને વીતરાગસ્વભાવી ભગવાનના ભેટા થયા એ રાગને રાંકને કેમ ઇચ્છે એ? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગભાવથી ભરેલો પૂર્ણાનંદનો નાથ આત્મા.. આહા..હા..! એના જેને ભરોસા અંદરથી પ્રગટ્યા, પ્રતીતિ પ્રગટી, દૃષ્ટિ પ્રગટી, જ્ઞેયનું જ્ઞાન પર્યાયમાં આવ્યું, જેવો છે તેવું પર્યાયમાં જ્ઞાન આવ્યું... આહા..હા..! એને હવે મૂંઝવણ શી? એ દરેક પદાર્થને જાણે છે. જેવી રીતે સ્થિતિ છે. જોયું! આમાં તો બધાને જાણે એમ કીધું. સર્વ પદાર્થના સ્વરૂપને યથાર્થ જાણે છે. એમાં કાંઈ ફલાણાને ન જાણે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન સર્વ પદાર્થના સ્વરૂપને યથાર્થ જાણે છે. ભાષા તો જુઓ, ઓહો..હો..! પણ એટલું બધું જ્ઞાન સમ્યગ્દર્શનમાં આવી ગયું? કે એ સમ્યગ્દર્શન કસોટી એવી છે કે ગમે તે પદાર્થ હો, શ્રુતજ્ઞાનમાં એને જાણવામાં આવી જાય છે. આહા..હા..! તે તરફનું વલણ કરીને જાણે તો આવી જાય છે. સમજાણું કાંઈ?

**'સમ્યગ્દૃષ્ટિ સર્વ પદાર્થોના સ્વરૂપને યથાર્થ...'** પાછું તે પણ બધા પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ તે પણ યથાર્થ જાણે છે. આહા..હા..! જેણે એક ભાવ વાસ્તવિક ભગવાન આત્માને જાણ્યો એણે બધા જાણ્યા, એનું બધું જ્ઞાન યથાર્થ થઈ ગયું. સમજાણું કાંઈ? મહિમા તો આત્માની છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ દયા, દાન, વ્રતના, તપના ભાવ આવે એ કાંઈ મહિમા નથી, એ તો રાગ છે. એ કાંઈ ધર્મ નથી, તેમ એ ધર્મનું કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ મહા પાપી હોય એકદમ .. પામે ને સમકિત પામી કેવળ પામી મોક્ષ જાય અને એક ધર્માત્મા લાખો વર્ષ સુધી ચારિત્રમાં રહે. સમજાણું?

**શ્રોતા :–** મરણ સુધી ન પામે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મરણ સુધી ન પામે. આહા..હા..! મૂંઝાય નહિ. મારી પર્યાયની એટલી કચાશ છે અને એને લઈને છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આચાર્યે સર્વ શબ્દ મૂકીને તો... આહા..હા..! કહો, સમકિતી થયો ત્યાં સર્વ પદાર્થને જાણે? શ્રુતજ્ઞાન સાથે છેને. એ જ્ઞાનમાં શું ન જાણે? આહા..હા..! સમજાણું કાંઈ? કહ્યું હતુંને તે દિ' નહિ? ૭૭માં. ૭૭માં દેવીદાસભાઈએ પૂછ્યું હતું કે આ શ્રીમદ્ કહે છે કે હું એક ભવે મોક્ષ જાઉં એ જાણી શકે આવું બધું? બાપુ! એમ રહેવા દે પૂછવું. ભાઈ! શ્રુતજ્ઞાન સર્વને જાણે. આ ૭૭ની વાત છે. ૭૭ કેટલા વર્ષ થયા? ૫૬. બોટાદમાં વાત થઈ હતી. ભાઈ! તમે એમ રહેવા દ્યો, બાપુ! એ શ્રીમદ્દે કહ્યું છે એ યથાર્થ કહ્યું છે. 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે, તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.' આહા..હા..! બાપુ! આત્મા સમ્યગ્જ્ઞાનમાં શું ન જાણે? સમજાય છે કાંઈ? તમને જ્ઞાનના માહાત્મ્યની ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાન શું ન જાણે? બાપુ! જેમાં જ્ઞાન ગયું લક્ષમાં એને બધાનો પત્તો લઈ લે એ. આહા..હા..! જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે કે નહિ? આહા..હા..! સમ્યગ્દર્શન જ્યાં આત્માનું ભાન થયું, અનુભવ થયો, આનંદનો જ્યાં સ્વાદ આવ્યો એને સમ્યગ્દર્શન કહીએ, એને ધર્મની શરૂઆત કહીએ, એના જ્ઞાનમાં એટલું માહાત્મ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાનમાં પરોક્ષ, પ્રત્યક્ષનો ફેર પાડ્યો છે, સર્વમાં ફેર નથી પાડ્યો.

આહા..હા..! એ સ્વરૂપ જ જ્ઞાનનું એવું છે. સ્વ-પરને જાણે એવી તાકાત છે એનામાં. એ રાંકુ જ્ઞાન નથી. આહા..હા..! એ બળવંતનું બળવંત જ્ઞાન છે. બળવંત ભગવાન આત્મા એનું જ્ઞાન અને એ જ્ઞાનમાં બળવંતપણું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તેથી '**તેને રાગદ્વેષમોહનો અભાવ હોવાથી તેને કોઈ પદાર્થ પર અયથાર્થદૃષ્ટિ પડતી નથી...**' આહા..હા..! દૃષ્ટિ અયથાર્થ પડતી નથી હોં! ખ્યાલમાં કોઈ વિપરીત આવી જાય, પણ દૃષ્ટિ અયથાર્થ થતી નથી. આહા..હા..! '**ચારિત્રમોહના ઉદયથી ઈષ્ટાનિષ્ટ ભાવો ઊપજે...** ' જરી અસ્થિરતા થાય, પદાર્થને લઈને નહિ, એમ કહે છે. પોતાને જરી નબળાઈનો રાગ હોય તો ઈષ્ટ-અનિષ્ટ ભાવ થાય. આહા..હા..! ઊપજે. '**તોપણ તેને ઉદયનું બળવાનપણું જાણી...**' જાણે કે એ જાતના અત્યારે રાગનું (બળ) છે. '**તે ભાવોનો પોતે કર્તા થતો નથી...**' આહા..હા..! એક એક ગાથા અને એક એક કડીમાં... આહા..હા..! મુનિઓએ તો ગાગરમાં સાગર ભરી દીધો છે. દિગંબર સંતો આહા..હા..! પાંચમા આરાના સાધુ. સાધુ છે, આરો ક્યાં એને છે? આહા..હા..! ..માં કાંઈક નહિ એ બીજું આવે છે. આરા તે સાધુ નથી આવતા? એ તો બીજો અર્થ છે આરાનો, આ આરાનો નથી ત્યાં. આવે છે. ધવલમાં આવે છે.

'**તે ભાવોનો પોતે કર્તા થતો નથી. તેથી તેને મૂઢદૃષ્ટિકૃત બંધ થતો નથી. પરંતુ પ્રકૃતિ રસ દઈને ખરી જતી હોવાથી નિર્જરા જ થાય છે.**' સમકિતીને તો જરી અસ્થિરતાનું કારણ આવ્યું, પરને કારણે નહિ. એ ખરી જાય છે. જ્ઞાતા-દૃષ્ટા રહીને કર્તા થતો નથી. એનું નામ સમ્યગ્દૃષ્ટિ અને નિર્જરા કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા સુદ-૧૦, શનિવાર, તા. ૨૯-૦૧-૧૯૭૭, ગાથા-૨૩૩-૩૩૪, પ્રવચન નં. ૩૦૫

સમયસાર, ગાથા-૨૩૩.

जो सिद्धभत्तिजुत्तो उवगूहणगो दु सव्वधम्माणं।
सो उवगूहणकारी सम्मादिट्ठी मुणेदव्वो।।२३३।।

જે સિદ્ધભક્તિસહિત છે, ઉપગૂહક છે સૌ ધર્મનો,
ચિન્મૂર્તિ તે ઉપગૂહનકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૩.

'ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિ,... ' જેને ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ એ દૃષ્ટિમાં આવીને જેને અનુભવ થયો છે એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહે છે. અનાદિના એ રાગ ને દ્વેષ એનું જે

અનુભવ અને વેદન છે એ મિથ્યાદૃષ્ટિમાં છે, એને આત્મા આનંદસ્વરૂપ છે. શુદ્ધ અનાકુળ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ. ચેતયિતા આમાં શબ્દ નથી લીધો. સમ્યગ્દૃષ્ટિ લીધોને પાધરો. છેલ્લો. '**સમ્યગ્દૃષ્ટિ,...**' ધર્મી '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' જેની દૃષ્ટિમાં એક જ્ઞાયકસ્વભાવભાવ પૂર્ણ આનંદસ્વરૂપ એક સ્વભાવભાવ જેની દૃષ્ટિમાં આવ્યો છે એને અહીં સમ્યગ્દૃષ્ટિ કહીએ. આહા..હા..! જેની દૃષ્ટિમાંથી નિમિત્તદૃષ્ટિ, રાગદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ ઊડી ગઈ છે... આહા..હા..! સમજાણું કાંઈ? એવો સમ્યગ્દૃષ્ટિ '**સમસ્ત આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી,...** ' '**सिद्धभत्तिजुत्तो**' છેને પાઠમાં? સિદ્ધભક્તિ. આહા..હા..! એટલે કે આત્મસ્વભાવની અંતર એકાગ્રતા, શુદ્ધાત્માની જે એકાગ્રતારૂપ સિદ્ધભક્તિ. આહા..હા..! ભગવાન શુદ્ધ પરમેશ્વર પૂર્ણ જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા આદિના પૂર્ણ સ્વભાવથી ભરેલો ભગવાન, એવો જે આત્મશુદ્ધ એની એકાગ્રતા, એની ભક્તિ. ભક્તિ એટલે ભાવના. આહા..હા..! ભાષા જુદી જાત છે આ તો. સિદ્ધભક્તિ. સમકિતી સિદ્ધભક્તિ કરે છે. કેવી સિદ્ધભક્તિ?

પોતાનો સ્વભાવ જે શુદ્ધ આત્મસ્વભાવ, એનું જે ભજન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધાત્માની ભાવનારૂપી સિદ્ધભક્તિ એમ કહેવું છે. સિદ્ધ ભગવાનની સિદ્ધભક્તિ એ નહિ. આ તો પોતે જ સિદ્ધ સ્વરૂપ છે તેની ભક્તિ એમ કહેવું છે. આહા..હા..! શુદ્ધ ચૈતન્ય. ઘણે ઠેકાણે ચેતયિતા આવ્યું હતું, ચેતા આવ્યું હતું. અહીં પાધરું સીધું સિદ્ધભક્તિયુક્ત આવ્યું છે. પહેલાંમાં એમ આવ્યું હતું ચેતયિતા, ઓલામાં ચેતા અમૂઢદૃષ્ટિમાં, અહીં સિદ્ધભક્તિ પાધરું લે છે. આહા..હા..! સિદ્ધભક્તિ, ચેતયિતા જ્ઞાયકભાવમય, ચેદા એ જ્ઞાયકભાવમય. એ અહીં સિદ્ધભક્તિયુક્ત નામ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવ એની ભક્તિ એટલે એકાગ્રતા. આહા..હા..! આનું નામ સિદ્ધભક્તિ, સિદ્ધ ભગવાનની નહિ. સિદ્ધ ભગવાનની ભક્તિ એ તો વ્યવહાર છે, વિકલ્પ છે. પરદ્રવ્ય છેને એ? આહા..હા..! સ્વ વસ્તુ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ એનો એકાગ્રપણે થઈને સ્વીકાર એનું નામ સિદ્ધભક્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઘણું જ મંગળિક આવ્યું છે. આહા..હા..! પ્રભુ! તું સિદ્ધ સમાન છોને. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહા..હા..! દ્રવ્યે હોં! પર્યાયે સિદ્ધ સમાન નહિ, દ્રવ્યસ્વભાવ સિદ્ધ સમાન છે. એ અહીં ધ્રુવસ્વભાવની ભક્તિ એમ કહેવું છે. સમજાણું કાંઈ?

'**સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે સમસ્ત આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી...**' આહા..હા..! એ તો શુદ્ધ આત્માની અંતરમાં દૃષ્ટિ હોવાથી ક્ષણે ક્ષણે અનંત શક્તિઓ જે આત્માની છે એ શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે. નિર્જરા છેને. આહા..હા..! શુદ્ધ શક્તિની વૃદ્ધિ. સંવરમાં શુદ્ધ શક્તિની પ્રગટતા થઈ છે. નિર્જરામાં શુદ્ધ શક્તિની વૃદ્ધિ કરે છે. આહા..હા..! નિર્જરા અધિકાર છેને. સમજાણું કાંઈ? આહા..હા..! '**સમસ્ત આત્મશક્તિઓની...**' પાછી ભાષા શું છે? આચાર્યોનું ઘણું ગંભીર કથન. દિગંબર સંતો એમાં કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય ઓહો..હો..! ધર્મી એને કહીએ કે જે એક જ્ઞાયકભાવમયપણાને લીધે. એ તો એક જ્ઞાયકમયભાવપણાને લીધે '**સમસ્ત આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો...** ' આહા..હા..!

**શ્રોતા :-** સર્વ ગુણાંશ તે સમકિત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વળી .. અહીં તો અત્યારે વૃદ્ધિ કરવાની છે. અહીં વૃદ્ધિ કરવાની છે. નિર્જરા છેને. સમકિત તો થયું. એ તો કહ્યું. સમ્યગ્દૃષ્ટિ એક જ્ઞાયકભાવમયપણાને લીધે. હવે તો નિર્જરા કહેવી છે અહીં. **'સમસ્ત આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી...'** આહા..હા..! શુદ્ધતા થઈ તો છે. સમ્યગ્દૃષ્ટિ થયો ત્યારથી શુદ્ધતા છે. આહા..હા..! હવે તો શુદ્ધતાની શક્તિઓની વૃદ્ધિ કરતો પર્યાયમાં. દેવીલાલભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** સમસ્ત આત્માની શક્તિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમસ્ત આત્માની શક્તિ અનંત. જેટલી શક્તિઓ ગુણરૂપ છે એની પર્યાયમાં શુદ્ધતાની વૃદ્ધિ કરે છે. કારણ કે આત્મા અંતરમાં એકાગ્ર થાય છે. વસ્તુની દૃષ્ટિ તો થઈ છે, સમ્યગ્દૃષ્ટિ છે એક જ્ઞાયકભાવમયપણાને લીધે. હવે એમાં એકપણામાં જેની એકાગ્રતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મશાસ્ત્ર (છે) ભાઈ! અને કુંદકુંદાચાર્યની વાણી! આહા..હા..! 'હુએ ન હોએંગે.' આવે છેને? વનરાવન. કુંદકુંદાચાર્ય થયા નથી, થાશે નહિ એવા એ કુંદકુંદાચાર્ય. આહા..હા..! એની વાણી તો જુઓ, એક શ્લોકમાં, એક પદમાં આહા..હા..! ભગવાન! સમ્યગ્દૃષ્ટિ એટલે એક જ્ઞાયકપણાનો સ્વામી થયો છે એ સમ્યગ્દૃષ્ટિ. સમજાણું કાંઈ? આહા..હા..! એથી એને સર્વ આત્મશક્તિ, સમ્યગ્દર્શનમાં સર્વ ગુણાંશ તે સમકિત. સર્વ ગુણાંશ એટલે જેટલી શક્તિઓ છે એની અંશે વ્યક્તતા (થાય) એ તો સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? પણ હવે એની એકાગ્રતા વધારે છે. સમજાણું કાંઈ? આહા..હા..! હવે આવો ધર્મ ઝીણો પડે માણસને એટલે ઓલાને બિચારાને ન બેસેને. જુઓ તો બે લીટીમાં કેટલું ભર્યું છે! આહા..હા..!

**'સમસ્ત આત્મશક્તિઓ...'** જેટલી શક્તિઓ એટલે ગુણો છે. શક્તિરૂપ સ્વભાવરૂપ સત્ત્વરૂપ ગુણરૂપ. આહા..હા..! જેટલી અનંત શક્તિઓ છે તેને સમ્યગ્દર્શનમાં અનંતગુણનો અંશ તો પ્રગટ થયો છે. સમજાણું કાંઈ? આહા..હા..! હવે એ બધી શક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી. આહા..હા..! **'ઉપબૃહક અર્થાત્ આત્મશક્તિઓને વધારનાર છે,...'** આત્મશક્તિઓને વધારનાર છે. છેને? પાઠમાં છે **'उवगूहण'**. એ જ ઉપગુહન લીધું—ગોપવવું. અહીં વળી આત્મશક્તિઓને વૃદ્ધિ કરનારમાં ઉપબૃહક લીધું. પાઠમાં ગોપવવું છે, ઉપગુહન. અહીં ઉપબૃહક લીધું. બેય સરખી કરવા માટે. આહા..હા..! આત્મશક્તિનો વધારનાર છે. આહા..હા..! જેમ પૈસાવાળો પૈસા ધન-ધનથી રળે ને ઢગલા થાય એમ નથી કહેતા? ધન રળે ને ઢગલા થાય. એમ અહીંયાં આત્મધન જ્યાં પ્રગટ્યું છે, એનો અંતરમાં વેપાર ચાલે છે એની શક્તિઓ વધી જાય છે, કહે છે. સમજાણું કાંઈ? આવી વાતું છે. આહા..હા..! ઉપબૃહક છે-વધારનાર છે. પાઠ છે ઉપગુહન, પણ એમાંથી ઉપબૃહક પહેલોં કાઢી અને પછી ઉપગુહન અર્થમાં કરશે. શું કહ્યું એ?

ભગવાન આત્મા આકાશના પ્રદેશની સંખ્યા કરતા અનંતગુણી શક્તિઓ છે એમાં. શક્તિઓ એટલે ગુણ. એક એક ગુણની અનંત શક્તિ એ બીજી વાત. અહીં તો અનંત શક્તિઓ જે છે, એક આત્મા અને

અનંત શક્તિઓ સંખ્યાએ, એ અનંત શક્તિઓને વધારતો હોવાથી. આહા..હા..! એ ધન રળીને ઢગલા થાય છે હવે, કહે છે. અંદર શુદ્ધિ વધતી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એને પણ એમ કહ્યું કે અપવાસ કરતો જાય છે માટે શુદ્ધિ વધતી જાય છે એમ નથી કહ્યું. એ તો એક જ્ઞાયકભાવપણાની સમીપમાં વર્તે છે માટે અનંત શક્તિ વૃદ્ધિ પામે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે. એના સન્મુખમાં જેની દૃષ્ટિ પડી છે અને સ્થિરતા વધી છે. આહા..હા..! તો જેટલી શક્તિઓ સંખ્યાએ અનંતી અનંતી અનંતી... આહા..હા..! બધી શક્તિઓની પર્યાયમાં શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે. આહા..હા..! એનું નામ નિર્જરા. અસ્તિરૂપે. અશુદ્ધતા ટળવી અને કર્મ ગળવું એ નાસ્તિરૂપે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે. અરે..! સાંભળવા મળે નહિ એ કે દિ' વિચાર કરે? અને એને અંદરમાં વિશ્વાસ ભરોસે ભગવાનને ક્યારે લે? આહા..હા..! અને એના વિનાનું બધું જ્ઞાન ને ચારિત્ર બધા થોથા છે. ફક્ત સ્વરૂપનું એકપણાનું ભાન છે એટલી શક્તિઓનો અંશ એ તો પ્રગટ થયો છે, એને હવે વધારે એકાગ્રતાથી શક્તિઓની વૃદ્ધિ કરતો થકો. આહા..હા..! ધર્મની ધારા શુદ્ધતા વધારતો થકો. આટલા અપવાસ કરતો થકો એમ નથી. આ તો ઉપવાસમાં ઉપવાસ—સમીપમાં વર્તતો થકો. આહા..હા..!

**'ઉપબૃંહક અર્થાત્ આત્મશક્તિનો વધારનાર છે.'** આહા..હા..! જે પ્રગટ શક્તિ છે એને તો નભાવે છે એ તો સંવર, એથી શક્તિની વ્યક્તતા-વ્યક્તિઓ વધારે છે એ નિર્જરા અને એ શક્તિની પૂર્ણ વૃદ્ધિ થઈ જવી એ મોક્ષ. આહા..હા..! સમજાણું કાંઈ? **'આત્મશક્તિનો વધારનાર છે. તેથી...'** વધારનાર છે **'તેથી તેને જીવની શક્તિની દુર્બળતાથી થતો બંધ નથી...'** દુર્બળતાને લઈને જે બંધ થતો એ સબળતાની શક્તિને વધારનારને નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ગાથા અલૌકિક આવી છે. પાંચમી છેને આ? નિઃશંક, નિઃકાંક્ષ, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ.. પાંચમો બોલ છે. ઓહો..હો..! સંતોએ તો ગજબ કામ કર્યા છે. આહા..હા..! એક એક ગાથામાં અમૃત રેડ્યા છે. આહા..હા..! એમાં ટીકાકાર મળ્યા અમૃતચંદ્રાચાર્ય. આહા..હા..! ઓલા કહે છેને કે મોસાળ લગન અને મા પીરસણી. એમ કહે છેને? મોસાળમાં લગ્ન હોય અને મા પીરસે. મા તો હોયને ત્યાં? આહા..હા..! સારી સારી ચીજ આપે પછી દીકરાને. આહા..હા..! એમ આ ભગવાન આત્મા, એક તો શુદ્ધતા પ્રગટી છે અવસ્થા.. આહા..હા..! એમાં અંતર એકાગ્રતાનો વેપાર ચાલે છે એટલે શક્તિઓ વધી જાય છે. આહા..હા..! આનંદનો માલ વધી જાય છે કહે છે. આહા..હા..! શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ. આહા..હા..! પણ ક્યા કારણે? કે એક જ્ઞાયકભાવમયપણાને લઈને. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેથી તેને જીવની શક્તિની દુર્બળતાથી...'** વધારવાને કારણે દુર્બળતાથી થતો બંધ તેને નથી, પણ દુર્બળતા છે તે નાશ થઈ જાય છે. શક્તિઓની વૃદ્ધિ થાય છે અને દુર્બળતાનો નાશ થાય છે. આહા..હા..! એ અશુદ્ધતા દુર્બળતા છે. સમજાણું કાંઈ? આવું સ્વરૂપ છે, બાપુ! ધર્મ બહુ અલૌકિક વાત છે. જેના ફળ મોક્ષ અનંત આનંદ. આહા..હા..! 'અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન સહિત' એવી જે મોક્ષદશા. સાદિઅનંત અનંત સમાધિ સુખ આનંદ. એનો ઉપાય તો અલૌકિક હોયને.

આહા..હા..! સમજાણું કાંઈ? કહો, મહાવીરભાઈ! આવી વાતું છે. આહા..હા..! ભગવાન! તારી મહિમાનો પાર નથી, પ્રભુ! તને ખબર નથી. આહા..હા..!

એ ભગવાન આત્મા મહા અનંત શક્તિની મહિમાવાળું તત્ત્વ છે. આહા..હા..! એવા તત્ત્વનો જેણે અનુભવ સ્વસન્મુખ થઈને કર્યો એ સમ્યગ્દૃષ્ટિ થયો, એ ધર્મી થયો, એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ બધા તમારા કારખાના-ફારખાના એ બધા મીંડા વાળી નાખે છે. એને લાદીનું કારખાનું, આને લોઢાનું, સ્ટીલનું. સ્ટીલનું છેને હજી? ગયા હતાને એક ફેરી. કાંઈક પ્યાલો દેવા મંડ્યા હતા. અહીં શું કરે? સ્ટીલ સ્ટીલ. આહા..હા..! આ તો ભગવાન સોના સમાન જેને કાટ ન લાગે એવો ચૈતન્યમૂર્તિ શુદ્ધ આત્મા છે. એની જેને અંતર દૃષ્ટિ અને અનુભવ થયો... આહા..હા..! એને તો દૃષ્ટિમાં એક જ્ઞાયકભાવપણાને લીધે શક્તિઓની અંશે અંશે વૃદ્ધિ થતી જાય છે. આહા..હા..! જુઓ આ નિર્જરા. ત્રણ પ્રકારની નિર્જરા કીધી છેને—એક કર્મનું ગળવું એ નિર્જરા, એક અશુદ્ધતાનું ટળવું નિર્જરા અને શુદ્ધિની શક્તિનું વધવું એ નિર્જરા. આહા..હા..! એક શૈલી તો જુઓ એની. આહા..હા..! શુદ્ધિની વૃદ્ધિ. સમજાણું કાંઈ? આહા..હા..! એને '**દુર્બળતાથી થતો બંધ નથી...**' ભાવાર્થ.

**શ્રોતા :-** ગાથા ટૂંકી, ફળ મોટું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, બહુ ટૂંકામાં ભાવ ઘણો ભર્યો છેને. ઘણો ભર્યો છે. બહુ ગજબ છે. આહા..હા..! દૃષ્ટિનો વિષય જેને એક જ્ઞાયકભાવપણું આવ્યું છે એમ કહે છે. જેની દૃષ્ટિમાં જ્ઞાનની પર્યાયમાં એક જ્ઞાયકપણારૂપ ભાવ આવ્યો છે, એ એમાં એકાગ્ર થતો શક્તિની વૃદ્ધિઓ વૃદ્ધિ કરતો જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને અહીંયાં સિદ્ધભક્તિ કહેવામાં આવે છે. એણે પરમેશ્વરની ભક્તિ કરી. ક્યો પરમેશ્વર? પોતાનો સ્વભાવ. આહા..હા..!

'**સમ્યગ્દૃષ્ટિ ઉપગૂહનગુણ સહિત છે.**' બીજું કાઢ્યું. પાઠમાં ઉપગુહન છેને (એમાંથી) આ કાઢ્યું. ઉપગુહન પાઠમાં છે અને ટીકામાં ઉપબૃહણ કહ્યું. એટલે પાછું ઉપગુહન લઈ લીધું. '**સમ્યગ્દૃષ્ટિ ઉપગુહનગુણ સહિત છે.**' ઉપગુહન એટલે ગોપવવું. ઓલામાં વધારવું હતું. '**અહીં નિશ્ચયનયને પ્રધાન કરીને કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધભક્તિમાં જોડેલો છે,...** ' પૂર્ણ આનંદના નાથમાં જેણે વર્તમાન પરિણતિને જોડી દીધી છે. આહા..હા..! જુઓ, આ ધર્મીનો ધર્મ! આવો ધર્મ! આહા..હા..! આ તો જાત્રા કરીને ધર્મ થઈ ગયો. ભક્તિ, પૂજા, મંદિરો બનાવ્યા બે, પાંચ, દસ, ધર્મ થઈ ગયો. ધૂળેય નથી ધર્મ, સાંભળને. આહા..હા..! એ તો એક શુભભાવ હોય અશુભથી બચવા, ધર્મ નથી, તેમ એ ધર્મનું કારણ નથી. ધર્મનું કારણ તો એક જ્ઞાયકભાવમયપણું આત્મા તે ધર્મનું કારણ છે. સમજાણું કાંઈ? તેથી દરેકમાં લે છેને એક જ્ઞાયકપણાને લીધે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞ ભગવાનના દરબારની વાતું છે, બાપુ! આહા..હા..!

'**ઉપગૂહન એટલે ગોપવવું. અહીં નિશ્ચયનયને પ્રધાન કરીને કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધભક્તિમાં જોડેલો છે.**' પોતાનો પરમાત્મા નિર્મળાનંદ પ્રભુ એમાં જેનો ઉપયોગ જોડ્યો છે. વર્તમાન પરિણતિનો વેપાર ત્રિકાળ સાથે જોડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

વર્તમાન પરિણતિનો વેપાર ત્રિકાળ સન્મુખ કર્યો છે. આહા..હા..! '**અને જ્યાં ઉપયોગ સિદ્ધભક્તિમાં જોડયો ત્યાં અન્ય ધર્મો પર દૃષ્ટિ જ ન રહી...**' આહા..હા..! અન્ય ધર્મો ઉપર દૃષ્ટિ જ ન રહી. આહા..હા..! રાગ ઉપર નહિ, નિમિત્ત ઉપર નહિ, પર્યાય ઉપર પણ દૃષ્ટિ ન રહી એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! મારગડા બહુ જુદાં, બાપુ! ધર્મની શરૂઆતમાં માર્ગ જુદાં, ભાઈ! એની વૃદ્ધિ થવી અને પૂર્ણ થવી એની તો શું વાતું! આહા..હા..!

જિનવરદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા જેની વાણી સભામાં સાંભળનારા ઈન્દ્રો એકાવતારી જેવા બેઠા હોય. આહા..હા..! એ કેવી વાણી હોય, ભાઈ! આહા..હા..! જેને ત્રણ જ્ઞાન અને એક ભવે મોક્ષ જનારા. મનુષ્ય થઈને મોક્ષ જનારા ઈન્દ્રો. આહા..હા..! બત્રીસ લાખ વિમાનના સાહેબા, એ બધી ધૂળ તરીકે જોઈ અને આનંદના નાથને જેણે ઢંઢોળીને શોધ્યો. એ જ્યારે સાંભળવા આવે સભામાં, એ વાતું કેવી હોય? 'દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો' એ તો કુંભાર પણ કહે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વઢવાણમાં એવો બનાવ બન્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પણ અમથું આપણે કહ્યું નહિ? પહેલોં રિવાજ હતોને અમારા ઉમરાળામાં. બધે હશે એ રિવાજ, નાગનેશનમાં. શ્રાવણ મહિનો આવે. શ્રાવણ સુદ એકમ. ત્યારે શેઠિયા બધા પાસે જાય. કુંભાર પાસે જાય, ઘાંચી પાસે જાય બધા પાસે. ધોબી. અમારે ગામમાં રિવાજ થતોને. અમને ખબરને નાની ઉંમરમાં. રૂખડ શેઠ હતા અને બીજા એક બે જણા સોપારી લઈને જાય પાંચ-પાંચ સોપારી. અને શ્રાવણ સુદ એકમ આવે એ પહેલાં જાય. એ શેઠ મૂકે એટલે ઓલા સમજી જાય. આજથી તે ભાદરવા સુદ પાંચમ સુધી ઘાણી નહિ પીલાય, નિંભાડો નહિ કરાય, ધોબીને મોટા ઉના-ઉના બહાર કરતાં ભઠ્ઠા એ નહિ કરાય. રંગમાં બોળીને. પોપટભાઈ! સાંભળ્યું હતું?

**શ્રોતા :-** હિન્દીમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એટલું સમજતા નથી આ ભાષા? પહેલાં એવો રિવાજ હતો કે જે ગામનો શેઠ હોયને એ શ્રાવણ સુદ એકમ પહેલાં જાય. અષાઢ વદ અમાસે. કોની પાસે? ધોબી, કુંભાર અને ઘાંચી, તેલી. પાંચ સોપારી મૂકે એટલે સમજી જાય કે આજથી તે ભાદરવા સુદ પાંચમ સુધી ઘાણી નહિ પિલાય. ઘાણી નહિ, ધોબીનું નહિ અને શું કીધું? કુંભારનો નિભાડો નહિ થાય. શેઠિયા આવ્યા છે. અહીં તો રિવાજ હતો. વર્ષોનો રિવાજ. આ જે ક્ષેત્ર હતું તે વર્ષોનો રિવાજ. અમે તો નાની ઉંમરમાં સાંભળતાને. આહા..હા..! મુસલમાન ઘાંચી હોય એ શ્રાવણ સુદ એકમથી ભાદરવા સુદ પાંચમ સુધી ઘાણી નહિ ચલવે. શેઠ!

**શ્રોતા :-** તે દિ' દેશી રાજાના રાજ હતા, આવી સ્વતંત્રા ન હતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવી સ્વતંત્રતા હતી આવી આર્યતા. આહા..હા..! જેને મુસલમાન ઘાણી બંધ રાખતા એક મહિનો ને પાંચ દિ'. અને ત્યાં સુધી તો અમને ખબર છે કે પાંચ દિ' થઈ રહે છતાં કોણે પહેલું ખોલવું એ બધી હોડ ચાલે પાછી. પહેલો જે ઉઘાડે એ પાપી વધારે લાગે. એટલે પાંચમ

પછી પણ પહેલોં ઉઘાડે કોણે? એ બધો રિવાજ હતો. નાગનેશમાં પણ રિવાજ હશે બધે. અમારે તો ગામમાં બધે હતો.

**શ્રોતા :–** હવે તો નહિ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હવે તો ઠીક. આ તો પહેલાંની વાત છે. વર્ષોથી પણ હોં! વર્ષોના વર્ષો. એટલી છાપ શેઠિયાઓની. ભલે પૈસા બહુ નહોતા પણ ખાનદાન બહુ હતા. અમારે રૂખડ શેઠ હતા બિચારા પૈસા પહેલાં સાધારણ હતા, પછી.. પણ ખાનદાન માણસો બહુ. જેને ત્યાં જાય ત્યાં મુસલમાનો એમ કહે કે ઓહો..! શેઠ! પધારો... પધારો.. પધારો. આહા..હા..! કાલે શ્રાવણ સુદ એકમ છે, ભાઈ! એક મહિનો પાંચ દિ' ઘાણી બંધ રાખશો. ચીમનભાઈ! આવી રીત હતી લૌકિક. ઘાણીના.. હવે એવી તો વાતું લોકો કરતા. એક મહિનો ને પાંચ દિ' ધોબી નહિ, કુંભાર નહિ, ઘાંચી નહિ. એ વીતરાગની વાણી એવી હશે? આહા..હા..! વીતરાગની વાણી તો ત્રણલોકના નાથ વીતરાગ પરમાત્મા તેમાં જોડા તો તારા પાપનો નાશ થશે. આહા..હા..! અશુદ્ધતા નિર્જરા છેને. આહા..હા..!

ભગવાન અનંતગુણનો ઢગલો પડ્યો છે અંદર. અનંત શક્તિનો ગંજ પ્રભુ છે અંદર આત્મા. એ શરીર પ્રમાણે છે માટે નાનો છે એમ માપ ન કર. એ અનંતગુણના માપવાળું મહાતત્ત્વ છે. આહા..હા..! અરેરે..! સાંભળવા મળે નહિ એની વાતને અને આ દુનિયાના પાપમાં આખો દિ' પડ્યો. એમાં પાંચ-પચાસ લાખ પેદા થાય ધૂળની એટલે થઈ રહ્યું, જાણે અમે કાંઈક વધી ગયા. ધૂળેય વધ્યા નથી. આ વૃદ્ધિની વાત ચાલે છે. ચીમનભાઈ! આ હિંમતભાઈ પાસે ક્યાં હતું આટલું તમારી પાસે છે એ.

**શ્રોતા :–** શાંતિ વધારે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વાત સાચી. ઉપાધિ ઓછી હતી. સંતોષી હતા. ઓલા ડેલામાં રહેતા. વ્હોરવા અમે આવ્યા હતા. ડેલામાં નહિ અંદર? હિંમતભાઈ હતા ત્યારે. એની હયાતીમાં અમે વ્હોરવા ત્યાં આવ્યા હતા. બહુ ઉપાધિ કોલાહલ ને એવું નહોતું. ભલે થોડી પેદાશ અને થોડું પણ શાંતિ હતી. આહા..હા..! અહીં તો કહેવું છે જેણે સિદ્ધભક્તિમાં ઉપયોગને જોડ્યો, એ બીજામાં પર ઉપર લક્ષ ક્યાં કરે એ? એમ કહે છે. છે? '**ત્યાં અન્ય ધર્મો પર દૃષ્ટિ જ ન રહી...**' આહા..હા..! ભારે કથન! ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં દૃષ્ટિમાં આવ્યો... આહા..હા..! હવે એની દૃષ્ટિ બીજા ઉપર રહી નહિ. રાગ ને પુણ્ય ને પાપના ભાવ ને એના ઉપર દૃષ્ટિ રહી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ જુદાં, ભાઈ! આહા..હા..!

**શ્રોતા :–** ભક્તિ માટે તો મંદિર બનાવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મંદિર એ શુભભાવ છે. લાખ મંદિર બનાવે તો શું છે? કોણ બનાવે? પરવસ્તુને બનાવે કોણ? શેઠ! એ ચૈતાલય કર્યું હશે એ શેઠે કર્યું હશે એમ?

**શ્રોતા :–** કોણે કડિયાએ કર્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કડિયાએ કર્યું નથી, પથરાએ કર્યું છે. જડની પર્યાય જડથી ઉત્પન્ન થઈ છે, આહા..હા..! બીજાથી થાય એ ત્રણકાળમાં છે નહિ. હા, કરાવનારનો ભાવ હોય તો શુભ હોય, પુણ્ય

હોય, ધર્મ નહિ. લાખ મંદિર બનાવે ને કરોડ રૂપિયા ખર્ચે માટે ધર્મ થઈ જાય (એમ નથી).

**શ્રોતા :–** પ્રભાવના થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પ્રભાવના અહીં થતી હશે કે બાહ્ય? આવશે હમણા. હમણા આવશે. આહા..હા..! પ્ર નામ ઉત્કૃષ્ટ, ભાવના નામ શુદ્ધતા વધવી એનું નામ પ્રભાવના છે. આહા..હા..! મારગડા જુદાં, બાપા! આહા..હા..! અંદર ભગવાન અનંતગુણનો ખજાનો એના ઉપર દૃષ્ટિ પડતા.. આહા..હા..! વિશેષે ભાવના શુદ્ધિ વધે એનું નામ પ્રભાવના છે. બાકી બહારની વાતમાં પ્રભાવના શુભભાવ છે. આહા..હા..! એ વ્યવહાર પ્રભાવના છે, પુણ્યબંધનું કારણ છે, એ સમકિતી હોય એને. સમજાણું કાંઈ? આહા..હા..! અજ્ઞાનીને ત્યાં એકલો શુભભાવ હોય તો પુણ્યબંધનું કારણ મિથ્યાત્વસહિત છે. આહા..હા..!

અનંત અન્ય ધર્મો એટલે અન્ય ધર્મ શબ્દે રાગ હો, ગમે તે સંયોગી ચીજ ભગવાન આદિ ગમે તે હો, એ ઉપર દૃષ્ટિ જ ન રહી. **'તેથી, તે સર્વ અન્ય ધર્મોનો ગોપાવનાર છે...'** અશુદ્ધને ગોપવી દે છે અને શક્તિને વધારનાર છે. અશુદ્ધને ગોપવે છે અને શુદ્ધિને વધારે છે. આહા..હા..! આવો માર્ગ એટલે લોકોને બિચારાને એવું લાગે કે આ નિશ્ચય.. નિશ્ચય... નિશ્ચય એટલે એકાંત છે એમ. ભલે પ્રભુ! તને ખબર નથી, બાપુ! ભાઈ! આહા..હા..! તે સમકિતીને વ્યવહારધર્મ છે એ પુણ્ય છે, શુભ છે. મિથ્યાદૃષ્ટિને તો વાત કરવી ક્યાં, એને તો ભાવે વ્યવહાર પણ છે ક્યાં? સમજાણું કાંઈ? વ્યવહાર આવે ખરો, પણ વ્યવહારને ઘટાડતો જાય છે અને શુદ્ધિને વધારતો જાય છે. આહા..હા..! ઉપગૂહન થયુંને? ઘટાડવું. આહા..હા..! સમજાણું કાંઈ? આવી ધર્મકથા કેવી આ? વીતરાગી વાત વીતરાગનો ધર્મ આવો હશે કે આ કોઈ અન્ય ધર્મ હશે આવો? અરે..! ભાઈ! તને ખબર નથી વીતરાગધર્મની. એ અલૌકિક વાતું, બાપા! આહા..હા..! એ વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં ભગવાન કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય કહે છે કે જેણે ભગવાન આત્મા પૂર્ણાનંદ શુદ્ધ સ્વરૂપમાં જેની ભક્તિ નામ પરિણતિ જોડી... આહા..હા..! એને પર અન્ય ધર્મ ઉપર દૃષ્ટિ રહી નહિ. તેથી તે અન્યધર્મને ગોપવે છે અને સ્વશક્તિને વધારે છે, એનું નામ નિર્જરા અને ધર્મી કહેવામાં આવે છે. આહા..હા..! આ લોકોની રાડ છેને કે વ્યવહારથી નિશ્ચય થાય એમ કહો તો અનેકાંત છે. અરે..! ભગવાન! બાપુ! સાંભળને ભાઈ! નિશ્ચયથી નિશ્ચય થાય, પણ વ્યવહારથી નિશ્ચય થાય તો અનેકાંત કહેવાય. બાપુ! એમ અનેકાંત નથી, ભાઈ! અહીં તો કહે છે કે સમકિતી વ્યવહારના રાગને ઘટાડતો જાય છે અને નિશ્ચયની શુદ્ધિને વધારતો જાય છે. આહા..હા..! અરેરે..! એને સત્યની વાતું મળે નહિ બિચારાને શું કરે? આહા..હા..! એક તો બહારમાં બહારની ધૂળ, પાંચ-પચાસ લાખ મળે ત્યાં ધૂળમાં ગોઠવાઈ જાય બિચારો ભિખારી. આહા..હા..! બહારની સગવડતા કાંઈક મળે દુકાન ચાલે એવી, નોકર સારા હોય, માણસો સારા હોય, છોકરા પાસે સારા ત્યાં થઈ રહ્યું, ઘૂંચાઈ ગયો બિચારો. એય..! ચીમનભાઈ! તમારે તો હજી નાના છોકરા છે. એક વળી થયો છે મોટો. આહા..હા..! હવે એને આ

સમજવા ટાણે ક્યાં ટાણા, બાપા! આહા..હા..! અને વ્યવહાર જેટલો કરે દયા, દાન, વ્રત, તપ આદિ એ બધો પુણ્ય છે, એનાથી જન્મ-મરણ મટે કે ધર્મ થાય (એ) વીતરાગમાર્ગમાં નથી. અન્ય માર્ગમાં એમ માને તો મનાવો. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો!

**'આ ગુણનું બીજું નામ 'ઉપબૃંહણ' પણ છે.'** છેને મૂળપાઠ એ. **'ઉપબૃંહણ એટલે વધારવું તે. સમ્યગ્દષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધના સ્વરૂપમાં જોડેલો હોવાથી...'** સિદ્ધ એટલે ભગવાન આત્મા. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહા..હા..! એ ચૈતન્ય ચિંતામણિરત્ન ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, ધર્મીએ પોતાના ઉપયોગને ત્યાં જોડ્યો હોવથી... **'તેના આત્માની સર્વ શક્તિઓ વધે છે–'** આહા..હા..! અપવાસ ઝાઝા કરનારને શક્તિ વધે છે એમ નથી કહ્યું અહીં. એ આ તપ. બહારના ઉપધાન બધા ઉપધાન છે ધોકા. આ મહિના-મહિનાનાં કરે છેને શ્વેતાંબરમાં દોઢ મહિનાના. એ મજૂરી કરે બિચારા અને મિથ્યાત્વસહિત રાગ કાંઈક થાય. બાપુ! બહુ પગે લાગે. અરેરે..!

અહીં તો પરદ્રવ્યને આશ્રયે જાય એને રાગ જ થાય. સ્વદ્રવ્યને આશ્રયે જાય એને વીતરાગતા થાય. આ સિદ્ધાંત સર્વજ્ઞ પરમેશ્વરનો. સમજાય છે કાંઈ? આહા..હા..! સ્વાશ્રય નિશ્ચય અને પરાશ્રય વ્યવહાર. બસ, આ બે સિદ્ધાંત. જેટલો પરાશ્રયમાં જાય એ બધો રાગ વ્યવહાર. આહા..હા..! તેથી અહીં કહ્યુંને, જેણે પરાશ્રયમાંથી દષ્ટિ ઉઠાવી દીધી છે. આહા..હા..! સમજાણું? ભગવાન પૂર્ણ શાંત સ્વરૂપ ભગવાન આત્મા સર્વજ્ઞે પરમેશ્વરે, જિનેશ્વરે કહ્યો એ હોં! અજ્ઞાનીઓ આત્મા-આત્મા કરે છે એ આત્મા નહિ. પૂર્ણ સ્વરૂપ જે ભગવાન સર્વજ્ઞે જોયું. આહા..હા..! **'આત્માની સર્વ શક્તિઓ વધે છે—આત્મા પુષ્ટ થાય છે...'** આહા..હા..!

**શ્રોતા :-** સિદ્ધો... સિદ્ધો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સિદ્ધ કીધુંને, પોતે જ કીધું. પોતાનું સ્વરૂપ એમ. સિદ્ધના સ્વરૂપમાં જોડે એટલે પોતાના સ્વરૂપમાં. એ તો પહેલેથી કહેતા આવ્યા છે. સિદ્ધ એટલે પોતાનું સ્વરૂપ અહીં. સિદ્ધ એટલે ભગવાન નહિ. પાઠમાં જ છેને એ તો. આહા..હા..!

**'તેના આત્માની સર્વ શક્તિઓ વધે છે—આત્મા પુષ્ટ થાય છે...'** પહેલી વૃદ્ધિ કહેતા હતા ને. જેમ ચણો પાણીમાં પલળીને પોઢો થાય છે, એમ ભગવાન આત્મા અનંત શક્તિનો સંગ્રહાલય પ્રભુ એમાં લીન થતાં તેની પર્યાયમાં પુષ્ટિ ધર્મની શાંતિ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! દિગંબર સંતોની વાણી રામબાણ છે. એવી વાત ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? વાસ્તવિક જૈનધર્મને ટકાવવું એ સંતો દિગંબરોએ રાખ્યું છે. આહા..હા..! ભગવાનજીભાઈ! એવું છે, બાપુ!

**'આ રીતે સમ્યગ્દષ્ટિને આત્મશક્તિની વૃદ્ધિ થતી હોવાથી તેને દુર્બળતાથી જે બંધ થતો હતો તે થતો નથી,...'** આહા..હા..! કેમકે સબળતા વધારતો જાય છે અને દુર્બળતા નાશ કરતો જાય છે. આહા..હા..! એમ કહે છે. આવી વાતું. પ્રભુ! તારી વાતું બલીહારી, બાપા! આહા..હા..! **'જોકે જ્યાં સુધી અંતરાયનો ઉદય છે, ત્યાં સુધી નિર્બળતા...'** સમકિતીને પણ પર્યાયમાં નિર્બળતા હોય છે. એ અંતરાયના ઉદયમાં જોડાવાથી નબળાઈ હોય છે. **'તોપણ તેના અભિપ્રાયમાં નિર્બળતા**

નથી,...' સમકિતીના અભિપ્રાયમાં તો પ્રભુ ભગવાન વસે છે. આહા..હા..! એ સમકિતીને અભિપ્રાયમાં નબળાઈ નથી. કેમકે નબળાઈ અને પર્યાયદૃષ્ટિ ઊડી ગઈ છે. આહા..હા..! દ્રવ્યદૃષ્ટિ ભગવાન પૂર્ણાનંદનો નાથ એની દૃષ્ટિ સમકિતીને થઈ છે. ભલે એ ચોથે ગુણસ્થાને નરકમાં હોય, સાતમી નરકે નારકી હોય.. આહા..હા..! પણ તેની પર્યાયમાં પ્રભુતા દેખાય છે. સમજાય છે કાંઈ? પોતાની પ્રભુતા અનંત શક્તિનો સાગર ભગવાન. આહા..હા..! અરેરે..! આવી વાત મળે નહિ ત્યાં બહારમાં રખડવાના રસ્તે દોરાઈ ગયો અને માને કે અમે કાંઈક ધર્મમાં છીએ. અને આવી વાત કરે એને એમ માને કે અરે..! એ તો એકાંત છે. અરે..! ભગવાન આ તો મુનિરાજ કહે છેને, સંતો કહે છેને. આહા..હા..!

**'પોતાની શક્તિ અનુસાર કર્મના ઉદયને... '** જોયું! **'જીતવાનો મહાન ઉદ્યમ વર્તે છે. '** નબળાઈનો નાશ કરવાનો એમ. આહા..હા..! એ પાંચમો ગુણ થયો. સમકિતીના આઠ ગુણ હોય છે. નિઃશંક, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, આ ઉપગૂહન. પાંચ થયા. ત્રણ રહ્યા. સ્થિતિ, વાત્સલ્ય અને પ્રભાવના—ત્રણ રહ્યા. હવે આ સ્થિતિકરણની વાત છે છઠ્ઠો બોલ.

उम्मग्गं गच्छंतं सगं पि मग्गे ठवेदि जो चेदा।
सो ठिदिकरणाजुत्तो सम्मादिट्ठी मुणेदव्वो।।२३४।।

**ઉન્માર્ગગમને સ્વાત્મને પણ માર્ગમાં જે સ્થાપતો,**
**ચિન્મૂર્તિ તે સ્થિતિકરણયુત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૪.**

સમ્યગ્દૃષ્ટિ એને કહીએ. આહા..હા..! હજી તો ચોથે ગુણસ્થાને. પાંચમા, છઠ્ઠાની વાતું બાપા એ તો બહુ જુદી છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિ,...'** ધર્મી. લ્યો **'चेदा'** આવ્યું આમાં. **'चेदा'** છેલ્લો શબ્દ છે **'चेतयिता'** સમ્યગ્દૃષ્ટિ કેવો છે? કે **'चेतयिता'**. એ તો જાણનારો-દેખનારો જ્ઞાયકભાવનો ધરનારો. આહા..હા..! **'चेदा'** શબ્દ પડ્યો છેને? પહેલાં શ્લોકમાં **'चेतयिता'** હતું. સમ્યગ્દૃષ્ટિ **'चेतयिता'** છે. આહા..હા..! એ તો જાણનારો-દેખનારો ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? અરે..! જે કોઈ સમ્યગ્દૃષ્ટિ **'ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...'** એક જ્ઞાયકભાવમયપણાને (લીધે). જ્ઞાયકભાવ વડે નહિ, જ્ઞાયકભાવમયપણાને લીધે. આહા..હા..! સમકિતીની દૃષ્ટિ તો એક જ્ઞાયકભાવપણા ઉપર હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ 'થોડું લખ્યું ઘણું કરીને જાણજો' એમ નથી કહેતા? એમ પરમાત્મા કહે છે, અમે થોડામાં વાત કરીએ, બાપુ! ઘણું કરીને સમજી જા તું, ભાઈ! આહા..હા..!

શું કીધું? સમ્યગ્દૃષ્ટિ, સત્યદૃષ્ટિ જેને આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. આહા..હા..! જેને અતીન્દ્રિય આનંદના, શક્તિઓ જે અનંતી છે આનંદ આદિ એ બધીનો એક અંશ જેને સમ્યગ્દર્શનમાં વેદનમાં આવ્યો છે. આહા..હા..! આવી વાતું! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એટલે 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' એ શ્રીમદ્‌નું વાક્ય છે. આપણે ટોડરમલનું એ વાક્ય છે, રહસ્યપૂર્ણ ચિઠ્ઠી, જ્ઞાનાદિ એકદેશ જેને પ્રગટ થયા છે. કેવળીને જ્ઞાનાદિ પૂર્ણ પર્યાય પ્રગટ થઈ છે. સમકિતીને જેટલા

અનંત ગુણો છે એમાંથી એક અંશ દરેક ગુણનો પ્રગટ પર્યાયમાં થયો છે. આહા..હા..! આવું છે.

'**સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે, જો પોતાનો આત્મા માર્ગથી...**' જોયું! પોતાને સ્થિતિકરણ છે અહીં તો કહે છે. આહા..હા..! પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાંથી ચ્યુત થાય, કંઈ પણ અંદરમાં પ્રતિકૂળતા જગતની ભાળીને કે પોતાની નબળાઈને લઈને શંકાદિ થાય તો એ શંકાને કાઢી નાખે છે. સમજાણું કાંઈ? '**ચ્યુત થાય તો તેને માર્ગમાં જ સ્થિત કરતો હોવાથી...**' આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષમાર્ગ. છેને તત્ત્વાર્થસૂત્રનું પહેલું સૂત્ર, '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' એટલે કે ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્યનો અનુભવ અને એમાં પ્રતીતિ અને એમાં રમણતા એવો જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર માર્ગ મોક્ષનો. આહા..હા..! એમાંથી કાંઈક ચ્યુત થાય તો તેને સ્થિર કરે પોતે. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિના મોટા માહાત્મ્ય ચાલતા હોય. આહા..હા..! એમાંથી એને પોતાને એમ ન થાય કે ઓહો..! આ શું? પોતાના આત્મામાં શાંતિ રાખે, સ્થિર કરે. જગતમાં મિથ્યાદૃષ્ટિના માહાત્મ્યો પુણ્યને લઈને લોકો કરે એ કાંઈ વસ્તુ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**(અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગથી)...** ' શું કીધું? '**આત્મા માર્ગથી...**' માર્ગની વ્યાખ્યા શું કરી? '**(અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગથી)...**' વ્યવહાર એ નહિ. અંદરનો નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષમાર્ગ છે. આહા..હા..! એમાંથી '**ચ્યુત થાય તો તેને માર્ગમાં જ સ્થિત કરતો હોવાથી,...**' એમ. પુરુષાર્થથી સ્થિત કરતો હોવાથી. આહા..હા..! '**સ્થિતિકારી છે,...**' સમ્યગ્દૃષ્ટિ પોતે પુરુષાર્થથી ધર્મમાં સ્થિર થતો હોવાથી તે સ્થિતિકારી છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એટલે શું કહેવાય છે એની ગંધ આવે છે? આહા..હા..! મારગડા બાપા! જુદાં, ભાઈ! આહા..હા..! સમજાય જાય એને તો નિહાલ થઈ જાય, પણ શું કહેવાય છે તેની તરફની દિશા જાય છે એની? આહા..હા..!

'**તેથી તેને માર્ગથી ચ્યુત થવાના કારણે થતો બંધ નથી, પરંતુ નિર્જરા જ છે.**' આહા..હા..! સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો નાથ એનો જેને ભેટો થયો છે, સ્વ-સ્વરૂપનો. આહા..હા..! એને માર્ગમાંથી ચળવાનું થતું નથી. આહા..હા..! કાંઈક થાય તો પાછો સ્થિર કરે છે તરત, એમ કહે છે. સમજાણું કાંઈ? એ સ્થિતિકરણ નામનો પાંચમો એક ગુણ—પર્યાય છે. ગુણ કહેવાય છે, પણ છે તો પર્યાય. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગ પોતે પર્યાય છે. મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય છે, ગુણ નહિ. ગુણ તો ત્રિકાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એથી એને પર્યાયમાં સ્થિરતા કરે છે, કહે છે. ભાવાર્થ બાકી છેને? ભાવાર્થ છેને? અવસરે આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૧૧, રવિવાર, તા. ૩૦-૦૧-૧૯૭૭, ગાથા-૨૩૫-૩૩૬, પ્રવચન નં. ૩૦૬

સમયસાર, ૨૩૫ ગાથા.

जो कुणदि वच्छलत्तं तिण्हं साहूण मोक्खमग्गम्हि।
सो वच्छलभावजुदो सम्मादिट्ठी मुणेदव्वो।।२३५।।

**જે મોક્ષમાર્ગે 'સાધુ'ત્રયનું વત્સલત્વ કરે અહો!**
**ચિન્મૂર્તિ તે વાત્સલ્યયુત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૫.**

'ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિ,...' એટલે કે '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' સમ્યગ્દૃષ્ટિ ધર્મની શરૂઆતવાળો જીવ એવો હોય છે કે.. આહા..હા..! એક જ્ઞાયકભાવમયપણું જેની દૃષ્ટિમાં હોય છે. ધર્મીની શરૂઆતવાળો જીવ એને દૃષ્ટિમાં એક જ્ઞાયકભાવપણું જેને વર્તે છે તેથી તેને જ્ઞાયકભાવમયપણાને લીધે. સમજાય છે કાંઈ? ધર્મીની બુદ્ધિ નિમિત્ત ઉપર નથી. લ્યો, નિમિત્તથી થાય એ વાત ન રહી એમાં. ધર્મીની બુદ્ધિ રાગ ઉપર નથી. રાગ એ નિમિત્ત છે અંદરમાં, એનાથી થાય એમ પણ નથી. આહા..હા..! ધર્મીની બુદ્ધિ... પર્યાય છે એની બુદ્ધિ, પણ પર્યાયનો વિષય જ્ઞાયકભાવ ત્રિકાળ છે. સમજાય છે કાંઈ? આવો ધર્મ. જૈનધર્મ ઝીણો બહુ, ભાઈ! આહા..હા..!

જેને એક જ્ઞાયકભાવપણાને લીધે ચેતયિતા આત્મા. આહા..હા..! એક ત્રિકાળી જ્ઞાયકસ્વભાવભાવ ધ્રુવભાવ એને લીધે.'**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને...**' જેને અહીં સાધુ-સાધક કહ્યા. પાઠમાં '**साहूण**' છેને? એટલે સાધક ઈ ત્રણે સાધુ. પોતાનો જ જ્ઞાયકભાવ ત્રિકાળ એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ સાધુ—એ સાધક, આહા..હા..! છેને પાઠમાં? '**त्रयाणां साधूनां**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ સાધકો. એટલે '**त्रयाणां साधूनां**' આહા..હા..! આત્માનો પરમ આનંદરૂપી મુક્તિ નામ મોક્ષ એનું સાધન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. લ્યો! અહીં તો એ કહ્યું. વ્યવહાર સાધન પણ ન કહ્યું. સમજાણું કાંઈ? એક જ્ઞાયકભાવ નિત્યાનંદ પ્રભુ એને ધ્યેયમાં અને 'એ સ્વરૂપ એવો જ છું' એવી દૃષ્ટિમાં એને જ્ઞાન, દર્શન, ચારિત્રની સાધકદશા છે તે પૂર્ણ આનંદની પ્રાપ્તિરૂપી મુક્તિનું સાધન છે. સમજાણું કાંઈ? અહીં તો નિમિત્ત સાધન છે એ ઉડાવ્યું, વ્યવહાર સાધન છે રાગાદિ એ ઉડાવ્યું. આહા..હા..!

જિનવર વીતરાગ પરમેશ્વર એમ ફરમાવે છે... આહા..હા..! ભગવાન! જો તું સમ્યગ્દૃષ્ટિ હોય, તો તને જ્ઞાયકભાવ એકપણું તેમાં તું સામે હો. આહા..હા..! ત્યાં તેની દૃષ્ટિ હોય. આહા..હા..! આ તો જૈનધર્મની પ્રથમ દરજ્જાની ધર્મદશા. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે સમ્યગ્દૃષ્ટિ. ત્યાંથી ઉપાડ્યું છેને? એક જ્ઞાયક નિત્યાનંદ પ્રભુ એવી દૃષ્ટિ અથવા સમકિતી એક જ્ઞાયકભાવમયપણાને લીધે સમકિતદૃષ્ટિ

છે, એમ. સમજાય છે કાંઈ? એ **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પોતાથી અભેદબુદ્ધિએ સમ્યક્પણે દેખતો...'** છેને? **'सम्यग्दर्शनज्ञानचारित्राणां स्वस्माद्-भेदबुद्धया सम्यग्दर्शनान '** આહા..હા..! ભગવાન આત્મા પોતાની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે અભેદદૃષ્ટિ, અભેદસાધન... આહા..હા..! એ ચારિત્રને પોતાથી અભેદબુદ્ધિએ સમ્યક્પણે દેખતો. એટલે કે **'(-અનુભવતો)...'** એટલે કે આત્મા ત્રિકાળી જ્ઞાનાનંદસ્વરૂપ એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા—ચારિત્ર એને અનુભવતો. વસ્તુ છે એ તો ત્રિકાળી છે, પણ અનુભવતો એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે. સમજાણું કાંઈ? આવી વાતું હવે. દ્રવ્ય ને ગુણ ને પર્યાય.

**'એક જ્ઞાયકભાવમયપણાને લીધે...'** એ તો ધ્રુવતાને લીધે. આહા..હા..! અને એના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતાથી એકપણે અનુભવતો. સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્રને આત્માથી એકપણે અનુભવતો. આવી કથા કોઈ દિ' સાંભળી ન હોય. હવે એને આ શું કહે છે? આ તે કાંઈ જૈનદર્શન હશે આ? જૈનમાર્ગમાં તો ભાઈ દયા પાળવી, વ્રત પાળવા, તપસ્યાઓ કરવી (એમ હોય). અરે..! બાપુ! એ તો બધી ક્રિયાઓ રાગની છે, એ કાંઈ જૈનધર્મ નથી. આહા..હા..! જૈનધર્મ તો વીતરાગ જ્ઞાયકભાવપણું એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રને એકપણે અનુભવવું આહા..હા..! એનું નામ મોક્ષનો માર્ગ અને ધર્મ છે. આનાથી કોઈ સહેલો માર્ગ હશે કે નહિ? આ સહજાત્મસ્વરૂપમાં ઠરી શકે છે એ સહજ છે, એ સહેલું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

દરેક ગાથામાં કેટલો મર્મ ભરે છે! એક તો ધર્મી જીવ એટલે ચેતયિતા જીવ એટલે કે જાણનારો જીવ. આહા..હા..! તે પોતે સમ્યક્ એક જ્ઞાયકભાવમયપણાને લીધે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વર્તમાન સ્વાશ્રયની પરિણતિ ઊભી થઈ તે, તેને અનુભવતો. આહા..હા..! કહો આવો માર્ગ છે. હવે આ માણસને, સમાજને આ બેસવું (કઠણ પડે છે). આહા..હા..! વિરલ જીવને બેસે એવું છે. બાકી તો જિંદગી (ચાલી જાય છે). આહા..હા..!

કહે છે, એ ત્રણથી પોતાથી ત્રણને પોતાથી અભેદબુદ્ધિ. પોતે જે જ્ઞાયકભાવ છે એને દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાબુદ્ધિથી. આહા..હા..! ૧૬મી ગાથામાં આવ્યુંને એ. **'दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।'** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સ્વદ્રવ્યને આશ્રયે દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર એને સેવવા, પણ **'ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव'** આહા..હા..! એ ત્રણે થઈને આત્મા એકત્વ છે. આત્માના એકત્વપણાનો અનુભવ એ સમ્યગ્દર્શન-ચારિત્રની એકપણાના અભેદપણાનો અનુભવ. આહા..હા..! ઝીણી વાત, બાપુ! જિનરાજ વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા એનો કહેલો, કથેલો માર્ગ કોઈ અલૌકિક છે. આહા..હા..!

**શ્રોતા :–** ત્રણેની એકતા એ પ્રમાણનો વિષય ન થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અહીં તો અભેદ એકપણાનો અનુભવ એ. પર્યાય ઉપર લક્ષ જાય તો પ્રમાણ થાય. અહીં તો દૃષ્ટિ અહીં છેને. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાય છે દર્શન-જ્ઞાન-ચારિત્રની, ચારિત્ર એટલે સ્વરૂપમાં રમણતા. ચારિત્ર એટલે કોઈ ક્રિયા પંચમહાવ્રત અને દયા પાળવી એ ચારિત્ર

નથી. આહા..હા..! ઓહો...! સંસાર અસાર છે. સવારમાં આજ સાંભળ્યું. આપણા વજુભાઈ. આ વજુભાઈના પ્રવિણભાઈ. આપણા વજુભાઈના ફઈની દીકરીનો દીકરો, જલગાંવ. ૨૬ વર્ષનો. આજ સવારમાં કો'ક કહેતું હતું. વજુભાઈ! તમારી ફઈની દીકરીનો દીકરો?

**શ્રોતા :-** ભાણેજ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પણ ફઈની દીકરીને? હા એ. આહા..હા..! અમેરિકામાં ૨૬ વર્ષની ઉંમર. ૯૦ ટકે પાસ થયો તો લોકોએ સન્માન (આપવા રોક્યો). અહીં આવવાની તૈયારી કરી. સન્માન દેવા માટે રોક્યો. ૯૦ ટકાએ પાસ થયો. રોક્યો એમાં તૈયારી બધી કરી ત્યાં રાતે ખલાસ થઈ ગયો, સૂતા ખલાસ થઈ ગયો. આહા..હા..! જુઓ આ સંસાર. આહા..હા..! અહીં આવવું હતું પણ કહે છે. કોણે કહ્યું સવારમાં, નહિ? ભાઈએ કહ્યું. પોપટભાઈએ વાત કરી. આહા..હા..! ૯૦ ટકા પાસ થયો કોલેજમાં અને લોકોએ માન આપવા માટે રોક્યો અને જાવું હતું. માન આપ્યું. રાતે સૂતો. સવારે તૈયારી કરેલી બધી અહીં આવવાની. ત્યાં થઈ રહ્યું. પણ રાતે શું થઈ ગયું? ઉઠ્યો નહિ. આહા..હા..! કહો, હવે આવા ૨૬-૨૬ ઉંમરનાને હાર્ટ ફેઈલ! અને એને તો કાંઈ ચિંતા કે દુઃખ નહોતું કાંઈ એને. એને તો અહીં આવીને હરખ હતો. આહા..હા..!

**શ્રોતા :-** ગયા રવિવારે વૈરાગ્ય ગીત ગાયું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, હશે. આહા..હા..! કેટલી ઉંમર હશે?

**શ્રોતા :-** ૫૫. માંદા કાંઈ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા પણ એ તો આ દેહની સ્થિતિ પૂરી થાય બાપુ! એને કોઈ મુદતની જરૂર નથી. આહા..હા..! બેઠા. કીધુંને, બેઠા-બેઠા આમ ફૂ થઈ જાય. કાંઈ બીજું ન હોય. આહા..હા..! આ નાશવાન ચીજમાં બીજું શું હોય, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન અવિનાશી અહીં તો સામે ઊભો એકરૂપ જ્ઞાયકભાવ તે અવિનાશી ચીજ છે. આહા..હા..! એને દૃષ્ટિમાં તો અવિનાશી ભગવાનને લેવાનો છે એમ કહે છે. જેને કાંઈ ધર્મનું કરવું હોય, હિત કરવું હોય એણે એ નાશવાન દેહાદિની તો દૃષ્ટિ છોડવી, પણ રાગ છે એ નાશવાન એની દૃષ્ટિ છોડવી, અરે..! એક સમયની પર્યાય નાશવાન છે એની દૃષ્ટિ છોડવી. આહા..હા..! એક જ્ઞાયકભાવ નિત્યાનંદ પ્રભુ, તેને શરણે જઈને દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા-એકતા કરવી. આહા..હા..! સમજાણું કાંઈ?

લોકો કહે છે કે જેને ચિંતા હોય એને હાર્ટ ફેઈલ થાય છે. એવું કાંઈ રહેતું નથી આમાં કાંઈ. કેમ પોપટભાઈ! એને તો કેટલો હોંશ હશે? આમ હરખ હતો. કારણ કે ઓલા લોકોએ સન્માન આવ્યું, અહીં આવીને સગપણ કરીને પરણવું હતું. પરણવું હતું અહીં આવીને. હરખ હતો. ત્યાં ચિંતા હોય બહુ તો હાર્ટ ફેઈલ થાય એવું કાંઈ છે નહિ. આહા..હા..! દેહની સ્થિતિ પૂરી થાય ત્યારે કોઈપણ પ્રસંગ તો બને ને? આહા..હા..! જુવાનજોધ માણસ સૂતો એ ઉઠ્યો નહિ સવારમાં. ઉઠ્યા એ સાંજે સુશે નહિ કેટલાક. સવારમાં ઉઠ્યા એ સાંજે સૂશે નહે, સાંજે સૂતા એ સવારમાં ઉઠશે નહિ. આહા..હા..! એ આવી ગયું આપણે પરમાત્મપ્રકાશમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

બહુ સરસ વાત છે. 'सम्यग्दर्शनान' એ શબ્દ છેને? મેં કીધું, સમ્યગ્દર્શન વળી ત્રણ તો લાવ્યા અને વળી આ નાખ્યું પાછું કેમ? સંસ્કૃત ટીકા છેને એ? એટલે એ 'सम्यग्दर्शनान' નો અર્થ? છે? **'सम्यग्दर्शनज्ञानचारित्राणां स्वस्माद-भेदबुद्धया'** 'स्व' એમ. પોતામાં ત્રણની અભેદબુદ્ધિથી સમ્યક્પણે દેખતો. આહા..હા..! સંસ્કૃત છેને ભાઈ! આહા..હા..! ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે, બાપુ! આ કાંઈ કથા નથી કે શબ્દે પૂરી થાય. આ તો... આહા..હા..! ત્રણલોકના નાથ જિનવરદેવ વીતરાગ પરમેશ્વર એનો માર્ગ અને એના કથનો છે, પ્રભુ! એ આ થોડા શબ્દમાં પણ કેટલું ભર્યું છે! ઓહો..હો..! મુનિઓની ગહન દૃષ્ટિ અને ગહન ક્ષયોપશમ તો જુઓ, ઓહો..! એને મુનિ કહીએ. આહા..હા..! જેને દર્શન-જ્ઞાન-ચારિત્રથી પોતાના જ્ઞાયકભાવમાં પોતાથી અભેદ બુદ્ધિએ અનુભવવું આહા..હા..! એનું નામ વાત્સલ્ય કહેવામાં આવે છે. એને ભગવાન આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રત્યે અનુરાગ-પ્રેમ વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ રૂપાળા શરીર ને એ સુંદર કાંતિ દેખાય, બાપા! એમાં ક્ષણમાં આમ (ફૂ થઈ જશે). ધૂળમાંય નથી કાંઈ ભાઈ! આહા..હા..! એનો તો પ્રેમ છોડ, પણ રાગનો પ્રેમ છોડ અને એક સમયની પર્યાયનો પ્રેમ છોડ, ત્યારે તને જ્ઞાયકભાવના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકપણાનો પ્રેમ તને આવશે. એનો તને અનુરાગ પ્રેમ થશે. આહા..હા..!

છેને? **'માર્ગવત્સલ અર્થાત્ મોક્ષમાર્ગ પ્રત્યે અતિ પ્રીતિવાળો છે,...'** જોયું! આહા..હા..! મોક્ષમાર્ગ પ્રત્યે અતિ પ્રીતિવાળો એટલે? ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ અમૃતનો સાગર. આહા..હા..! અમૃતનું જિનબિંબ. આહા..હા..! અમૃતનું વીતરાગીબિંબ પ્રભુ આત્મા એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા પોતાથી એકપણે કરવા એ એને ધર્મ પ્રત્યે—મોક્ષમાર્ગ પ્રત્યે પ્રેમ છે એને. આહા..હા..! અને રાગમાં પ્રેમ કરવો એ વળી યાદ આવ્યું ઓલું અભિસારિકા. રાગ છેને શુભ એનો પ્રેમ કરવો એ વેશ્યાના પ્રેમ જેવો છે. અભિસારિકા શબ્દ છે પ્રવચનસારમાં. પ્રેમીને મળવા જનારી બાઈ એને અભિસારિકા કહે છે. પરપુરુષ જે પ્રેમી છે એને મળવા જાવું એને અભિસારિકા (કહે છે). આહા..હા..! એમ રાગમાં પ્રેમ કરે તે વ્યભિચારી જીવ છે. આહા..હા..! શેઠ! આવી વાતું છે. આહા..હા..!

એને તો ભગવાન ત્રિલોકનાથમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ એકરૂપ થતાં તેનો તેને પ્રેમ છે તેમ કહેવામાં આવે છે. આહા..હા..! ધર્મીનો પ્રેમ પોતાના આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રત્યે વર્તે છે. આહા..હા..! ધર્મીને રાગ અને નિમિત્તનો પ્રેમ છૂટી ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા અને આવું ઝીણું સ્વરૂપ એટલે. નવરા થાય નહિ એકકોર એમાં વળી મળવાનું, પાપની પ્રવૃત્તિ આડે નવરો થાય નહિ. સમજાણું? એમાં વળી કાંઈક પુણ્યની પ્રવૃત્તિ કરે તેમાં જોડાઈ જાય. દયા, દાન, વ્રત, તપ થઈ રહ્યું. એ બધો જોડાણો ત્યાં એ બધો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમ્યક્ ભાવ પોતાના જ્ઞાયકભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા, તેને સમ્યક્ પ્રકારે દેખવો, અનુભવવો એ એને પ્રેમ છે મોક્ષમાર્ગમાં. એ મોક્ષમાર્ગનું વાત્સલ્ય કહેવામાં આવે છે. આહા..હા..!

એવા **'માર્ગ વત્સલ...'** જોયું! **'(-અનુભવતો) હોવાથી, માર્ગવત્સલ...'** છે એમ. આહા..હા..! **'મોક્ષમાર્ગ પ્રત્યે અતિ પ્રીતિવાળો છે,...'** આહા..હા..! ચિદાનંદ સહજાનંદ પ્રભુ

ભગવાનઆત્મા એનું એને અંદર જ્ઞાન થઈને પ્રતીતિ, તેનું જ્ઞાન અને તેની લીનતા એ સ્વપણે, એકપણે બુદ્ધિનો અનુભવ, બુદ્ધિમાં અનુભવ (થવો) આહા..હા..! એને મોક્ષમાર્ગ પ્રત્યે અતી પ્રીતિવાળો કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! એ વાત સાંભળવા મળે નહિ એ બિચારો ક્યાં જાય? શું કરે? આહા..હા..! પણ એટલા ભાગ્ય નહિ એના. આહા..હા..! એ તો બિચારા રળીને, કમાઈને, પદવી-બદવી મળી ને ભેગા ચાલ્યા. આહા..હા..!

**'તેથી તેને માર્ગની અનુપલબ્ધિથી થતો બંધ નથી...'** જેને ભગવાન આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પ્રેમ વર્તે છે—વાત્સલ્ય એને માર્ગની અનુપલબ્ધિના કારણે જે બંધ થતો એ એને થતો નથી. આહા..હા..! **'અનુપલબ્ધિ = પ્રત્યક્ષ ન હોવું તે,...'** એટલે? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન એને મતિ-શ્રુતજ્ઞાનના પ્રત્યક્ષ દ્વારા જે અનુભવે છે એને આત્માનું અપ્રત્યક્ષ થવું એ રહેતું નથી. છે? પ્રત્યક્ષ ન હોવું એટલે પ્રત્યક્ષ ન થવું. આહા..હા..! વસ્તુ ભગવાન આત્મા એની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રમાં પ્રત્યક્ષપણું આત્માનું વર્તે છે એમ કહે છે. એને પ્રત્યક્ષ ન થાય એવી જે અનુપલબ્ધિ દશા એ એને હોતી નથી. તેથી તેને બંધ હોતો નથી. આહા..હા..! કહો હીરાભાઈ! આવી વાતું છે. આહા..હા..!

**'પરંતુ નિર્જરા જ છે.'** કંઈક ભાવ એવો ઉદય આવે છે, પણ અંદર મોક્ષમાર્ગ પ્રત્યે વાત્સલ્ય વર્તે છે, તેથી તેને તે ઉદય નિર્જરી જાય છે. આહા..હા..! મારગડા પ્રભુના જુદાં, ભાઈ! આહા..હા..! 'લાગી લગન હમારી જિનરાજ સુજસ સુણ્યો મૈં, કાઉકે કહે કબહુ ન છૂટે લોકલાજ સબ ડારી; જૈસે અમલી અમલ કરત સમય લાગ રહી ખુમારી.' અફીણિયા અફીણ જ્યારે પીવે. આહા..હા..! ખુમારી ચડી જાય એને. આહા..હા..! એમ ભગવાન આત્મા પ્રત્યે જ્યાં દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યા... આહા..હા..! ખુમારી ચડી ગઈ, કહે છે. આહા..હા..! એણે મોક્ષમાર્ગ પ્રત્યે પ્રીતિના પ્યાલા પીધા, ઓલો અફીણ પીવે. આહા..હા..! એક ફેરી જોયું હતું ત્યાં ગોંડલ અને રાજકોટ વચ્ચે છે ને ગામ? રીબડા. એમાં ઉતરેલા. એના ચોરામાં. અને એ બાવો પછી પીતો હતો અફીણ લઈને. ચડ્યો... ચડ્યો... ચડ્યો... એમ કહે તો ચડે. આહા..હા..!

**શ્રોતા :-** .. થાય તો ઉતરી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉતરી જાય. અરેરે..! પીવો ભાઈ, આ રૂપાની રાબ એમ કહેતો બાવો. આ તો લગભગ ૭૭ની સાલની વાત છે. ૭૭-૭૭. ૫૬ વર્ષ થયા. બાવો અફીણ પીતો હતોને એમાં ઓલો કહે, લ્યો રૂપાની રાબ. રૂપુ મોંઘું ખરુંને? રૂપાની રાબ અફીણને. આહા..હા..! ચડ્યો... ચડ્યો... ચડ્યો... એમ કહે તો ચડે નહિતર ઉતરી જાય. બીજી વાર લેવું પડે એને. આહા..હા..! કીધું, શું હેરાન થાય છે લોકો! આહા..હા..! રીબડામાં કાંઈ જૈનના ઘર નહિ એટલે ત્યાં ચોરા આગળ ઉતારો કર્યો હતો. બહુ પ્રેમથી બિચારો હોં બાવાજી. જોડે ગરાસિયાનું ઘર ડેલો હતો આગળ. એ લોકો સહુ પ્રેમથી જુએને બિચારા ગામડામાં તો, પણ વસ્તુ કાંઈ ખબર ન મળે. આહા..હા..!

અહીં કહે છે કે પ્રેમ તો કરવો હોય તો મોક્ષમાર્ગ પ્રત્યે કર, બાપુ! આહા..હા..! સાધર્મી પ્રત્યેનો

પ્રેમ એ તો વ્યવહાર છે કહે છે, એ વિકલ્પ છે. એ સાધર્મી આ સાહુ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સાધર્મી એ સાધન એનો પ્રેમ કર. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અજાણ્યા માર્ગ, આકરા માર્ગ, દુર્લભ માર્ગ. સ્વની એકતા અને પરની દુર્લભતા—ભિન્નતા. આહા..હા..!

**'ભાવાર્થ :- વત્સલપણું એટલે પ્રીતિભાવ.'** વાત્સલ્ય. જેમ ગાયને વાછરડા પ્રત્યે પ્રેમ હોય છેને. નહિતર કાંઈ વાછરડો ખવરાવે એવો નથી, પીવરાવે એવો નથી. મોટો થાય તો કાંઈ એને ઘાસ લાવી દે ને પાણી દે (એવું નથી); પણ છતાં એ ગાયને એના વાછરડા પ્રત્યે પ્રેમ બહુ હોય છે. બહુ પ્રેમ. આહા..હા..! એક બાજુ સિંહ આવે તો માથુ મારે એની સામે, પોતાના બચ્ચાના પ્રેમ આગળ. નહિતર એ કાંઈ આપે એવો નથી. મોટો થાય તો પાણી-આહાર લઈ દે એવું છે પોતાને? અને એવો જ કોઈ કુદરતે પ્રેમ. નિરર્થક. જેના પ્રેમમાં સિંહ આવ્યો હોય એના વાછરડાને મારવા, સિંહ સામે માથુ મારે. મારી નાખશે હમણા એને એની દરકાર નથી. આહા..હા..! એમ અહીંયાં જેને મોક્ષના માર્ગ પ્રત્યે પ્રેમ છે... આહા..હા..! એને દુનિયાના પ્રેમ બધા ઊડી ગયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

ધર્મીને તો જેવો મોક્ષમાર્ગનો પ્રેમ છે એવો પ્રેમ સ્ત્રી પ્રત્યે ન હોય એમ કહે છે. સમજાણું કાંઈ? ભોગના સાધન પ્રત્યે પણ એને એવો પ્રેમ ન હોય. આહા..હા..! એ લક્ષ્મીના ગંજ થતા હોય દિવસે લાખોની પેદાશના, ધર્મીને ત્યાં પ્રેમ ન હોય. પ્રેમ અહીં છે. આહા..હા..! પ્રેમની દિશા ફરી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ, બાપુ! દર્શનશુદ્ધિ એ કોઈ અલૌકિક વાત છે. સમજાણું કાંઈ? ચારિત્રના દોષ હોય પણ દર્શનશુદ્ધિ કોઈ અલૌકિક ચીજ છે. આહા..હા..! શ્રેણિક રાજા. આહા..હા..! અનેક સ્ત્રીઓ હતી, રાજપાટ હતા પણ એને દર્શન-જ્ઞાન-ચારિત્ર અંદર સ્વરૂપ પ્રત્યેનો એવો પ્રેમ કે ક્ષાયિકભાવ હતો ત્યાં. આહા..હા..! રાણીઓ હજારો ને પ્રેમ નહિ એને. આહા..હા..! અહીં જેવો પ્રેમ એવો ત્યાં પ્રેમ નહિ. આહા..હા..! અજ્ઞાનીને બહારમાં જેવો પ્રેમ એવો દર્શન-જ્ઞાન પ્રત્યે પ્રેમ નહિ. આહા..હા..!

**શ્રોતા :-** રામચંદ્રજીને રાગનો રાગ નહોતો તો...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ; બિલકુલ રાગનો રાગ નથી. જંગલમાં હોય. પૂછયું રામે, મારી સીતા? જંગલને પૂછે, પણ એ રાગ અસ્થિરતાનો, રાગનો રાગ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? રાવણ લઈ જાય છે. સીતાજી માથેથી પતિવ્રતા, રામ સિવાય જેને સ્વપ્નામાં વિકલ્પ નથી બીજો. ઓલો ઉપાડી જાય છે આમ. દાગીના પોતાના લઈને હેઠે નાખી દે છે. સીતાજીના દાગીના એટલે રામચંદ્રજીને પ્રેમાળ ને એકની એક સીતા મહા ભગવાન અને તે સમ્યગ્દૃષ્ટિ એ લઈ જાય છે. ઊંચા દાગીના નાખી દે છે બહાર. અરે..! આ દાગીના શું કામના, મને આ ઉપાડે છે. આહા..હા..! રામચંદ્રજી જાય છે, જ્યાં દાગીનો દેખે છે કે આ દાગીનો કોનો છે આ? આ સીતાજીનો લાગે છે. બહાર પડી ગયેલો દેખે છે. લક્ષ્મણને પૂછે છે, ભાઈ! આ દાગીનો કોનો છે? દાગીનો સમજો છો? ઝેવર. આ કોનો છે ભાઈ! ખબર છે? પ્રભુ! એકવાર હું દર્શન કરતો હતો સીતાજીના ત્યારે પગમાં આ ઝાંઝર મેં દેખ્યું

હતું આવું. બાકી બીજી મને ખબર નથી. જુઓ, આ લક્ષ્મણ વાસુદેવ, જેને નરકમાં જાવું છે, છતાં આવી નીતિ છે એની. બંધવ! ભ્રાત! હું એકવાર સીતાજીને પગે લાગતો હતો, વડીલ બંધુની સ્ત્રી છે, માતા તરીકે છેને. રામચંદ્રજી જેવા પુરુષોત્તમ પુરુષ, છેલ્લે દેહ જેને મોક્ષ જવાના છે. આહા..હા..! હું એને પગે લાગતો હતો ત્યારે ઝાંઝર પગમાં આ ઝાંઝર દેખ્યા હતા, બાકી મને એની કાંઈ ખબર નથી. આહા..હા..! ... હા, એ આવે છે. ગાથાની આપણને બહુ ખબર નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

એમ અહીંયાં આત્માના અંદર દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યા એના પ્રેમ આગળ બધેથી પ્રેમ ઊડી જાય છે આખો. આહા..હા..! ચક્રવર્તીના રાજ અને ઈન્દ્રની સંપદાના પ્રેમ ઊડી જાય છે. આહા..હા..! જેમ ભર્યા મકાનો સામગ્રીથી. કરોડો રૂપિયાની સામગ્રી ભરી હોય, એમાં મડદું જેમ ઉદાસ થઈ જાય છે. મડદું અંદર મૂકો તો એને છે કાંઈ? આહા..હા..! એમ ભગવાન આત્માના આનંદની પ્રતીતિ, જ્ઞાનની રમણતાના પ્રેમમાં એ બધી સામગ્રીમાં મડદા જેવો છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..! અત્યારે તો વીંખી નાખ્યો છે. બહારમાં આ કરો.. આ કરો.. ભાઈ! એમાં તમારા જન્મ-મરણના રહિતનું ક્યાં છે? જેમાં જન્મ-મરણના રહિતની વાત ન હોય એ વાત શું છે? એ વાતમાં મહિમા શું છે? આહા..હા..! **'વત્સલપણું એટલે પ્રીતિભાવ.'** શેમાં? **'જે જીવ મોક્ષમાર્ગરૂપી પોતાના સ્વરૂપ પ્રત્યે પ્રીતિવાળો-અનુરાગવાળો હોય તેને માર્ગની અપ્રાપ્તિથી થતો બંધ નથી, કર્મ રસ દઈને ખરી જતા હોવાથી નિર્જરા જ છે.'** લ્યો!

હવે આઠમું. સમ્યગ્દૃષ્ટિ ધર્મીની આઠ દશા નિઃશંક આદિ. એમાં આ પ્રભાવના દશા છે.

विज्जारहमारूढो मणोरहपहेसु भमइ जो चेदा।
सो जिणणाणपहावी सम्मादिट्ठी मुणेदव्वो।।२३६।।

'चेदा' શબ્દ આવ્યો આમાં.

**ચિન્મૂર્તિ મન-રથપંથમાં વિદ્યારથારૂઢ ઘૂમતો,**
**તે જિનજ્ઞાનપ્રભાવકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૬.**

ત્રણે એકાક્ષર છે. મનરથ ને પંથ. મન, રથ ને પંથ. એકાક્ષરી છેને? આહા..હા..!

એ સમ્મુચય શબ્દ છે નીચે. પાઠમાં જિનજ્ઞાનપ્રભાવી શબ્દ છે. જિનજ્ઞાનપ્રભાવી—વીતરાગી જ્ઞાનનો પ્રભાવ કરનારો એમ કહે છે. આહા..હા..! પોતાની પર્યાય હોં! ગાથાર્થ લઈએ પહેલાં થોડો. આહા..હા..! **'જે ચેતયિતા...'** સમ્યગ્દૃષ્ટિ તો ચેતયિતા છે. આહા..હા..! એ જાણનાર-દેખનાર ભગવાન આત્માનો, એ ધર્મી જીવ એને કહીએ. આહા..હા..! **'વિદ્યારૂપી રથમાં આરૂઢ થયો થકો...'** છે? એ જ્ઞાન સમ્યગ્જ્ઞાનરૂપી રથમાં આરૂઢ થયો થકો. આહા..હા..! **'मनोरथपथेषु' 'મનરૂપી રથ-પંથમાં (અર્થાત્ જ્ઞાનરૂપી જે રથને ચાલવાનો માર્ગ તેમાં)...'** આહા..હા..! તેમાં **'ભ્રમણ કરે છે,...'** ભગવાન આત્મા એનું જે જ્ઞાન થયું છે, વિદ્યમાન પદાર્થનું વિદ્યમાન જ્ઞાન, એ જિનજ્ઞાન, એ

જિનજ્ઞાન છે. આહા..હા..! છે? આહા..હા..! જિનસ્વરૂપ ભગવાન આત્મા અને એનું જ્ઞાન તે જિનજ્ઞાન છે. આ લૌકિક બધા વકીલાતના અને ડોક્ટરના જ્ઞાન એ બધા અજ્ઞાનભાવ છે. આહા..હા..! આ એમ.એ.ના મોટા-મોટા ડોક્ટરો થાય છેને? આ અમેરિકા જાય છે મોટા પૂંછડા વળગે. એ જ્ઞાન તો મિથ્યાજ્ઞાન છે કહે છે.

**શ્રોતા :-** પૈસા કમાવાનું સાધન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાં પણ પૈસા કમાતા નથી. બેરિસ્ટર એક થયો હતો, ખબર નથી તમને? રોટલા ખાતો હતો ઘરના ત્યાં રાજકોટ. અને રામજીભાઈ કાંઈ બેરિસ્ટર નહોતા ને પૈસા મળતા. એય..! પોપટભાઈ! આ બધાને લાગુ નથી પડતું? આ મહાજન અહીં ઘરે હતા ત્યાં બળદના પૂંછડા કરતા અને ત્યાં ગયા તો કરોડોપતિ થઈ ગયા. કહો, ભગવાનજીભાઈ! આહા..હા..! મહાજન આ પચ્ચીસ કરોડનો આસામી છે. સાંભળ્યું છે. પચ્ચીસ કરોડ લ્યો ઠીક! એ સાંભળ્યું છે. પણ અહીં બળદના ઓલા કરતા ખેતર. મહાજન એટલે. આહા..હા..! પણ એ કાંઈ વસ્તુ છે? આહા..હા..!

જેને જિનજ્ઞાનપ્રભાવી. આહા..હા..! જિનસ્વરૂપી ભગવાન આત્મા એનું જે જ્ઞાન તે જિનજ્ઞાન, એનો પ્રભાવી છે પ્રભાવ કરનારો. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! જિનવરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવ... આહા..હા..! એ આ ફરમાવે છે, સંતો એ કહે છે. આહા..હા..! ધર્મી કેવો હોય? એક તો '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' અહીં આવ્યું અર્થમાં આવ્યું છે. '**જ્ઞાનરૂપી રથને ચલાવતો માર્ગ તેમાં ભ્રમણ કરે છે, તે...**' '**जिनज्ञानप्रभावी**' અહીં વજન છે. '**જિનેશ્વરના જ્ઞાનની પ્રભાવના કરનારો...**' એટલે પોતાનું વીતરાગી જ્ઞાન છે તેની પ્રભાવના કરનારો. આહા..હા..!

**શ્રોતા :-** બહાર પ્રભાવના ક્યારે થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહારની કોણ કરતો હતો? વિકલ્પ આવેને એ તો રાગ છે. આ ગજરથ ચલાવવા મોટા એ તો શુભરાગ અને એમાં અભિમાન કરે કે અમે આ કર્યા છે બધા, એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..!

**શ્રોતા :-** પ્રભાવના છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પ્રભાવના ક્યાં આવી ત્યાં? પ્રભાવના તો અહીં આવી.

**શ્રોતા :-** લોકોમાં કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લોકો કહે. લોક મૂકે પોક. લોકને શું ભાન છે? ભલે મોટા વકીલો અને બેરિસ્ટરો હોય. આહા..હા..!

**શ્રોતા :-** એને ભાન વગરના કહેવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાન વિનાના અજ્ઞાની કહેવાય મોટા. આહા..હા..!

**શ્રોતા :-** .. પણ કહેવાય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યક્તિગત એને ન કહે. માર્ગમાં આવે એને કહે. આહા..હા..! કુજ્ઞાની છે બધા. આહા..હા..!

અહીં તો ભાષા કેવી કરી છે? જિનજ્ઞાનીપ્રભાવી. વીતરાગી જ્ઞાન. આહા..હા..! ભગવાન આત્મા સચ્ચિદાનંદ આત્મા.. આહા..હા..! એનું થયેલું વીતરાગી જ્ઞાન એ જિનેશ્વરનું જ્ઞાન છે. પોતાનો ભગવાન આત્મા એનું જ્ઞાન એ જિનેશ્વરનું જ્ઞાન. આહા..હા..! છે? '**જિનેશ્વરના જ્ઞાનની પ્રભાવના કરનારો...**' આહા..હા..! એક ઓલો જિનેશ્વર શબ્દ નહોતો, એટલે આ અન્વયાર્થ લીધો થોડો. આહા..હા..! શાસ્ત્રજ્ઞાન પણ નહિ અને બહારનું પણ નહિ. આહા..હા..! જિનેશ્વરના પ્રભાવી જ્ઞાનની પ્રભાવના કરનારો '**તે સમ્યગ્દૃષ્ટિ જાણવો.**' આહા..હા..!

**શ્રોતા :–** એ તો બધું પોતામાં જ છે, એમાં પરનું કે દિ' કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરની સાથે (શું સંબંધ છે?) કરે છે કે દિ' પરનું? આહા..હા..! પરનું કરે છે કે દિ'? વિકલ્પ આવે એ તો બંધનું કારણ છે. આહા..હા..! ભલે બાહ્ય પ્રભાવના કરતો હોય પણ એ તો રાગ છે, એ કાંઈ જિનેશ્વરનું જ્ઞાન નથી. આહા..હા..!

અહીં તો પરમેશ્વર પોતે જ્ઞાનનો સાગર. જ્ઞાયકભાવ કીધો હતોને પહેલો, એકલો જ્ઞાયકરસ. જ્ઞાનનો સમુદ્ર, જ્ઞાનનો સાગર ભગવાન આત્મા એનું જ્ઞાન એ જિનેશ્વરજ્ઞાન, વીતરાગી જ્ઞાન. આહા..હા..! એની પ્રભાવના. પ્ર વિશેષે એકાગ્રતા કરનારો. આહા..હા..! માર્ગ એવો ઝીણો (છે). બધાને એકાંત લાગે આ માર્ગ. વ્યવહારથી પણ થાય એમ કહો તો.. અરે..! પ્રભુ સાંભળ, ભાઈ! વ્યવહાર. આહા..હા..! સ્વાશ્રય વિના જ્ઞાન-દર્શન કોઈ દિ' ત્રણકાળમાં ન હોય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ટીકા :– કારણ કે સમ્યગ્દૃષ્ટિ,...**' જેને સત્યદૃષ્ટિ, પરમસત્ય જ્ઞાયકસ્વભાવ એવી જેને દૃષ્ટિ પ્રગટી છે. પરમસત્ય-સત્ય જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ એની જેને સમ્યક્ સાચી દૃષ્ટિ થઈ છે. આહા..હા..! સાચાને સ્વીકારીને સાચી દૃષ્ટિ થઈ છે. સત્ મહાપ્રભુને દેખીને સત્ દૃષ્ટિ થઈ છે એમ કહે છે. આહા..હા..! જેની દૃષ્ટિમાં પ્રભુ સત્ મહત્, મહાપ્રભુ જેની દૃષ્ટિમાં આવ્યો છે. આહા..હા..! એવો સમ્યગ્દૃષ્ટિ જીવ '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' એ તો એકરૂપ જેનો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ. આહા..હા..! અરે..! આવી વાત હવે. દુનિયામાં બહાર કરાય એની અહીં વાત ન મળે અને અંતરમાં કરાય એવી વાતને અંતરમાં જાણે નહિ. આહા..હા..! ઓલામાં આવ્યું છેને, પરમાર્થ વચનિકામાં, નહિ? આગમપદ્ધતિ સહેલી છે, લોકો કરે એને દયા ને દાન ને વ્રત ને તપ ને. અધ્યાત્મનો વ્યવહાર પણ એ જાણે નહિ. આહા..હા..! આ અધ્યાત્મનો માર્ગ. અંતરમાં સ્વભાવનો આશ્રય લઈને જ્ઞાયકભાવની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા તે અધ્યાત્મનો વ્યવહાર છે. આહા..હા..!

**શ્રોતા :–** અંતરમાં ધર્મ પ્રગટવો એ ભાવ વ્યવહાર છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પોતે વ્યવહાર છે. ... વ્યવહાર ક્યાં કરી શકે છે? વ્યવહાર તો રાગ છે. રાગ વસ્તુનું માપ કરી શકે? વ્યવહાર તો રાગ છે શુભરાગ એ એનું માપ કરી શકે? રાગ તો જડ છે. વ્યવહારરત્નત્રયનો રાગ તો જડ અજીવ છે. આહા..હા..!

**શ્રોતા :–** અંતરમાં ... બહારનું ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બિલકુલ નહિ. આહા..હા..! એનું માપ તો જ્ઞાયકપણાની પરિણતિ છે એ

એનું માપ કરે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે લોકો બિચારા (કહે). આ તો શાસ્ત્ર કહે છે. એ લોકો એમ કહે છે, સોનગઢે આવો માર્ગ કાઢ્યો. અરે..! પ્રભુ! આ તો માર્ગ આ છેને, ભાઈ! આ શાસ્ત્રમાં લખ્યો છે. આ બધો જુઓ. અર્થ કરતા આવડે નહિ અને તમને એમ સમજાય કે લ્યો આમાં વ્યવહાર આવ્યો નહિ, વ્યવહારથી થાય એ તો આવતું નથી, પણ વ્યવહારથી થાય એ આવે? વ્યવહાર હોય છે એમ જણાવે. પણ વ્યવહારને જાણનારો જુદો છે. એના વિના એ વ્યવહારને જાણ્યો કોણે? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**જ્ઞાનની સમસ્ત શક્તિને પ્રગટ કરવા-વિકસાવવા-ફેલાવવા વડે પ્રભાવ...** ' દેખો ભાષા! ભગવાન જ્ઞાનસ્વરૂપ, આત્મા જ્ઞાનનું ધોકડું. આહા..હા..! જ્ઞાનનો પુંજ પ્રભુ એને આશ્રયે થયેલી જ્ઞાનની દશા એ જ્ઞાનનું વિકાસપણું, '**જ્ઞાનની સમસ્ત શક્તિને પ્રગટ કરવા-વિકસાવવા-ફેલાવવા વડે પ્રભાવ ઉત્પન્ન કરતો હોવાથી,...**' આહા..હા..! એક જ્ઞાયકસ્વરૂપ ભગવાન એનું જે જ્ઞાન એ શક્તિમાંથી એના જ્ઞાનનો ફેલાવ કરતો. આહા..હા..! વિકસાવતો, જ્ઞાનને ફેલાવતો. આહા..હા..! જ્ઞાનની શક્તિને પર્યાયમાં પ્રગટ કરતો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા બધી. સત્યની તો એવી વ્યાખ્યા છે, ભાઈ! આહા..હા..! મોટા ગજરથ કાઢે, પાંચ-પાંચ લાખના, દસ લાખના ખર્ચ કરે, પછી એને સંઘવીપદ આપે. એમાં ધૂળમાંય નથી કાંઈ. આહા..હા..! એ તો શુભરાગ હોય કદાચિત્. અભિમાન હોય કે અમે બહાર પડીએ ને અમને પદવી મળે, લોકો અમને વખાણે, પ્રશંસે એ તો ભાવ પાપ છે. આહા..હા..! બાહુબલીજી ધ્યાનમાં હતાને. ત્યારે જરી વિકલ્પ રહ્યો હતોને કે આ રાજ છે ભરતનું. ત્યાં શ્વેતાંબરમાં એ આવે છે. બેનો જે છેને. આહા..હા..! 'વીરા મોરા ગજ થકી ઉતરો, ગજ ચડે કેવળ ન હોય રે' એ રાગના ગજે ચડ્યા પ્રભુ! કેવળ ન થાય. બાહુબલીજીને કહે છે. 'વીરા મોરા ગજ થકી ઉતરો.' માનને ગજે. એ 'ગજ ચડે કેવળ ન હોય રે. વીરા મોરા ગજ થકી ઉતરો.' આહા..હા..! ત્યાં ભરત આવે છે, પગે લાગે છે. 'ઓહો..! આને તો કાંઈ નથી.' એકદમ વિકલ્પ તૂટી ગયો. આહા..હા..! કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ ભગવાન પ્રગટ થયા. આહા..હા..! ઝળહળ જ્યોતિએ ચૈતન્યની શક્તિની પ્રગટતા વ્યક્તિ કરી. એ આ.

'**સમસ્ત જ્ઞાનશક્તિને પ્રગટ કરવા-વિકસાવવા-ફેલાવવા વડે પ્રભાવ ઉત્પન્ન કરતો હોવાથી, પ્રભાવના કરનાર છે,...**' આ પ્રભાવ કરનાર છે. આહા..હા..! પાંચ-પચાસ લાખ બહાર ખર્ચે ત્યાં અમે પ્રભાવના કરી. એ પણ શુભ વિકલ્પને વ્યવહાર ક્યારે કહેવાય? કે નિશ્ચય જ્ઞાનનો વિકાસ કરતો હોય અંદરમાં તો એ રાગને વ્યવહાર કહેવામાં આવે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પ્રભાવના કરનાર છે,...**' આ પ્રભાવના કરનાર છે. ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, જ્ઞાનસ્વભાવી શક્તિનો સાગર એમાંથી પર્યાયમાં જે જ્ઞાનનો વિકાસ વધારો કરે... આહા..હા..! એને જ્ઞાનની પ્રભાવનાનો કરનારો, પ્રભાવના કરનારો કહેવામાં આવે છે. આહા..હા..! '**તેથી તેને જ્ઞાનની પ્રભાવનાના અપ્રકર્ષથી (અર્થાત્ જ્ઞાનની પ્રભાવના નહિ વધારવાથી) થતો બંધ નથી પરંતુ નિર્જરા જ છે.**' આહા..હા..! ભાવાર્થ થોડો બાકી છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૧૨, સોમવાર, તા. ૩૧-૦૧-૧૯૭૭, ગાથા-૨૩૬, પ્રવચન નં. ૩૦૭

સમયસાર, ૨૩૬ ગાથા. એનો ભાવાર્થ છે. શું ચાલે છે? કે સમ્યગ્દૃષ્ટિને આઠ ગુણ હોય છે. સમ્યગ્દૃષ્ટિ કોને કહીએ? ધર્મની પ્રથમ શરૂઆત. જેને જ્ઞાયકભાવ શુદ્ધ પૂર્ણ ધ્રુવ, જેણે ધ્યેયમાં લઈને જેનો અનુભવ થયો છે. દરેક ગુણમાં એ આવ્યું હતુંને, '**જ્ઞાયકભાવમયપણાને લીધે.**' વસ્તુ ભગવાન આત્મા એકલો જ્ઞાયક, જ્ઞાનસ્વભાવ—સર્વજ્ઞસ્વભાવ, જ્ઞ-સ્વભાવ એવો પરિપૂર્ણ જ્ઞેયસ્વભાવથી ભરેલું એ તત્ત્વ છે. આહા..હા..! એની સન્મુખ દૃષ્ટિ થઈને નિમિત્ત, રાગ ને પર્યાયથી પણ વિમુખ થઈને ભગવાન પૂર્ણ આનંદ એમાં જેનો જુકાવ છે એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એને નિઃશંકાદિ આઠ ગુણ હોય છે.

પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા એની જેને અંતર દૃષ્ટિ અનુભવ થયો એને પૂર્ણ સ્વરૂપમાં સંદેહ નથી. આહા..હા..! સૂર્યના પ્રકાશની પેઠે ભગવાન જ્ઞાનપ્રકાશસ્વરૂપ, પૂર્ણ જ્ઞાનપ્રકાશસ્વરૂપમાં ધર્મીને એટલે સમકિતીને સંદેહ નથી. એને પોતાના સ્વભાવની ભાવના સિવાય પર પ્રત્યેની કાંક્ષા નથી. આહા..હા..! નિઃકાંક્ષ છે. રાગાદિની પણ કાંક્ષા-ઈચ્છા નથી. દુગંછા. પર પ્રતિકૂળતામાં જેને દ્વેષ નથી, દુગંછા નથી. આહા..હા..! વિષ્ટા જેવી નજરે પડે તોપણ તેમાં દુગંછા નથી. એ તો જ્ઞેયનું સ્વરૂપ છે. જ્ઞાનમાં પર તરીકે જણાય એવો એ તો સ્વભાવ છે. એમ કરીને જ્ઞાનીને એટલે ધર્મી એને કહીએ કે એને પર પ્રત્યેનો દ્વેષ નામ દુગંછા હોતી નથી. નિર્વિચિકિત્સા. આહા..હા..! શંકા.. નિઃશંક, નિઃકાંક્ષ, નિર્વિચિકિત્સ એટલે દુગંછા.

અમૂઢદૃષ્ટિ. ધર્મીને કોઈપણ પદાર્થની પરીક્ષા અથવા પ્રતીત કરવામાં એને અયથાર્થતાની મૂઢતા નથી. સમજાણું કાંઈ? માર્ગ અલૌકિક છે, બાપુ! આહા..હા..! અને એ માર્ગ વિના ક્યાંય કોઈ દિ' જન્મ-મરણ મૂકાય એવું નથી. જન્મ-મરણના ચોર્યાસીના અવતાર દુઃખી થઈને, દારિદ્ર થઈને ગાળ્યા છે એણે. આહા..હા..! પણ પરમાત્માની પોતાની ઋદ્ધિ કેટલી એની ખબર એને નથી. આહા..હા..! કોઈપણ પદાર્થની વાસ્તવિકતા જ્ઞાનીને નજરમાં આવે છે. કોઈપણ પદાર્થની અયથાર્થ બુદ્ધિ જ્ઞાનીને હોતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સ્ત્રી, કુટુંબ આદિ પરપદાર્થ છે એ મારા છે એવી એને બુદ્ધિ હોતી નથી. યથાર્થ બુદ્ધિ છે. તે પર છે, એ મારા છે નહિ. આહા..હા..! એવી ધર્મની પહેલી શરૂઆતની દૃષ્ટિમાં આ રીતે એને હોય છે. આહા..હા..! સ્થિરીકરણ. પોતાના ભગવાન સ્વભાવમાં, ભગવાન સ્વભાવ પોતાનો જ્ઞાન, આનંદ આદિ એવા સ્વભાવમાંથી જરીક ચ્યુત થાય તો તેને સ્થિર કરે છે પોતાને. સમજાય છે કાંઈ? થિરિકરણ. વત્સલ.

ઉપગૂહન-ગોપવે છે. દોષને ગોપવે છે અને શક્તિને વધારે છે. ઉપગૂહન અને ઉપબૃહણ બે શબ્દ

છેને? આહા..હા..! પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા જેને ભેટા દૃષ્ટિમાં થયા, એ ધર્મી દોષને ગોપવે છે એટલે કે ટાળે છે અને પોતાની શક્તિ જે અનંત આનંદ આદિ છે એ શક્તિને વધારે છે. આહા..હા..! વાત્સલ્ય. પોતાનો જે સ્વભાવ એની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ, વીતરાગતામાં તેનો પ્રેમ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પર પ્રત્યેનો પ્રેમ જેને ઊડી ગયો છે. આહા..હા..! કાલે કહ્યું હતુંને ઓલું. બાહુબલીજીનું નહિ? બહેનો ગઈ હતીને એની બ્રાહ્મી ને સુંદરી. 'વીરા મોરા ગજ થકી ઉતરો,' તમે પરના પ્રેમમાં ક્યાં ગયા? પ્રભુ! પરના પ્રેમથી છૂટી ભગવાન આનંદનો નાથ પ્રભુ છે તેનો પ્રેમ કરને. આહા..હા..! એમ એણે એમ કહ્યું, 'વીરા મોરા ગજ થકી ઉતરો.' અહીં પ્રભુ કહે છે કે પ્રભુ મારા પર પ્રેમથી પાછો વળ. આહા..હા..!

**શ્રોતા :-** એ હાથી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ હાથી. ભગવાન! તારું સ્વરૂપ અંદર આનંદકંદ છેને નાથ! એ પરના પ્રેમથી પાછો વળ, 'પ્રભુ મોરા' પરથી પ્રેમથી પાછો વળ. આહા..હા..!

**શ્રોતા :-** પરથી લાભ થાય છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય લાભ નથી, નુકસાનનો પાર નથી. મૂઢ માને છે. આહા..હા..! દેવ, ગુરુ ને શાસ્ત્રથી પણ લાભ થતો નથી અને પ્રભુ લાભ તો જેમાં મૂડી પડી છે ત્યાં દૃષ્ટિ કરે તો લાભ થાય. પરમાં છે તે આત્મા? આહા..હા..!

પરમાત્માનો પોકાર છે, સંતોનો જાહેર ઉપદેશ છે, જાહેર ઉપદેશ છે, ખાનગી નથી કાંઈ. આહા..હા..! ભગવાન! તારું સ્વરૂપ તને ખબર નથી, પ્રભુ! અતીન્દ્રિય અનાકુળ આનંદનો કંદ પ્રભુ તું છો. તને તારી ખબર નથી, પ્રભુ! આહા..હા..! એ પરના પ્રેમથી પ્રભુ પાછો વળ અને ઘરમાં પોતાના ઘરનો પ્રેમ કર. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભગવાન! ધર્મનો રસ્તો કોઈ અલૌકિક છે. બહારથી જાણે કાંઈ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરું, પ્રેમ કરું ને મુક્તિ થઈ જાય. બાપુ! પાછો વળને. આહા..હા..! તારો પ્રભુ અંદર બિરાજે છેને. વીતરાગ સ્વભાવે બિરાજમાન પરમાત્મા તારું તત્ત્વ છે. આહા..હા..! તને તારી ખબર નથી, પ્રભુ! હવે અહીં જાને. આહા..હા..! છેલ્લી પ્રભાવના એ અહીં છે.

'**પ્રભાવના એટલે પ્રગટ કરવું,...**' પોતાનો ભગવાન પૂર્ણ આનંદનો નાથ એમાં એકાગ્ર થઈને શક્તિ ને પર્યાયમાં વ્યક્તતા પ્રગટ કરવી એનું નામ પ્રભાવના છે. આહા..હા..! વાતે-વાતે ફેર જગતથી તો છે. આહા..હા..! ભગવાન! તું કોણ છો? પ્રભુ! તને ખબર નથી. તું પરમેશ્વર, પૂરો પરમેશ્વર. આહા..હા..! તારું સ્વરૂપ જ પૂરું પરમેશ્વર છે. આહા..હા..! એની શક્તિઓમાં પરમ ઈશ્વરતા આદિ શક્તિઓ અનંત પડી છે. આહા..હા..! એ શક્તિઓને પર્યાયમાં વિકસિત કરવી, પ્રગટ કરવી એનું નામ અહીંયાં પ્રભાવના કહેવામાં આવે છે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આ બહારના પૈસા ખરચીને જાણે સ્મશાનમાં શ્રીમદ્‌નું નાખ્યું ને પ્રભાવના થઈ ગઈ. એમ ના પાડે છે અહીં. આહા..હા..! શ્રીમદ્ ભગવાન આત્મા. શ્રીમંત—સ્વરૂપની લક્ષ્મીવાળો પરમાત્મા પોતે શ્રીમંત છે એ. શ્રી નામ સ્વરૂપની લક્ષ્મી, મંત-વાળો. આહા..હા..! એમાં અનંતી શક્તિઓ સંખ્યાએ અનંત શક્તિઓ પડી છે

અને એક-એક શક્તિમાં અનંતી શક્તિ પડી છે. આહા..હા..! એ શક્તિઓને.. છે?

'**પ્રભાવના એટલે પ્રગટ કરવું, ઉદ્યોત કરવો વગેરે;...**' આહા..હા..! '**જે પોતાના જ્ઞાનને નિરંતર અભ્યાસથી પ્રગટ કરે છે-**' આ શું કહે છે? દેખો, પોતાનું એટલે સ્વયં. પોતાનું જે જ્ઞાનસ્વરૂપ, જે આનંદસ્વરૂપ, જે આત્મસ્વરૂપ, જ્ઞાયકભાવસ્વરૂપ એને નિરંતર અભ્યાસથી (અર્થાત્) અંતરમાં એકાગ્રતાથી. આહા..હા..! આવી વાતું છે, ભાઈ! સમજાણું કાંઈ? અંતર જ્ઞાન એટલે આત્મા. એ આત્માની અનંત શક્તિઓ પરમાત્મા પોતામાં પડી છે. આહા..હા..! એનો નિરંતર અભ્યાસ. આહા..હા..! સ્વભાવની સન્મુખતાની નિરંતર એકાગ્રતા. આહા..હા..! આવી વાત હવે માણસને.

**શ્રોતા :-** પુરુષાર્થસિદ્ધિમાં તો કહ્યું, મહારાજ! આત્મા પ્રભાવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આ. એ આ કહ્યું. આ કહ્યુંને ત્રણ. પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્ર એમાં એકાગ્રતા એ પ્રભાવના છે. આહા..હા..! બહારની પ્રભાવના તો ક્રિયા બહારની થવાની હોય તો થાય, એનો ભાવ શુભ હોય પુણ્ય, પણ એ તો પુણ્ય છે. આહા..હા..!

**શ્રોતા :-** એ કરીએ તો શુદ્ધ થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્રણકાળમાં થાય નહિ. જ્યાં પડી છે નિધાન એના તરફ નજર કરે તો થાય કે રાગમાં નિધાન પડ્યું છે? રાગમાં તો મેલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! મનુષ્યદેહમાં આ રીતે જો આત્માને આ કાળને બરાબર ન ખેલમાં લાવ્યો... આહા..હા..! ખતવણી આ ન કરી તો એણે કાંઈ કર્યું નથી. આહા..હા..! ભગવાન આત્મા! બધું ભૂલી જા. ભગવાનને યાદ કર. રાગને ભૂલી જા. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ રાગ છે. આહા..હા..! રાગને ભૂલીને રાગ વિનાનો ભગવાન (એને યાદ કર).

**શ્રોતા :-** ભૂલી જા એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભૂલી જા એટલે એના ઉપરથી લક્ષ છોડી દે.

**શ્રોતા :-** પોતાનું નામ ભૂલી જાય એમને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. આહા..હા..! કહો, શેઠ! આવી વાતું છે. ત્યાં ક્યાંય ન મળે બધે રખડવામાં.

**શ્રોતા :-** પ્રભાવના તો ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પ્રભાવના ધૂળમાંય નથી ત્યાં. સાગરમાં ગયા તો પંદર-પંદર હજાર માણસ. બેય શેઠિયાની છાપ. છેને છાપ બહારમાં છે. આહા..હા..! પંદર હજાર માણસ. વિરોધવાળો ઓલો હતો કેવો? પન્નાલાલ. એ બેસે સાંભળવા. શેઠિયાઓની છાપ બહુ છે. આમ નરમ માણસ છે. એની જે આબરૂ છે એવું એમાં એને દેખાય નહિ. પંદર-પંદર હજાર માણસ સાગરમાં વ્યાખ્યાનમાં. શેઠ!

**શ્રોતા :-** એટલે તો આપને વિનંતી કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં તો અહીં આવે, જ્યાં તળાવ હોય ત્યાં પાણી પીવા આવે. તળાવ જાતા હશે ઘરે હવે? એય..! આહા..હા..! અહીં ભગવાન તળાવ પડ્યો છે ને અંદર. આહા..હા..!

સચ્ચિદાનંદસ્વરૂપ પ્રભુ આત્મા. સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન અને આનંદનો ભંડાર ભગવાન છે. અરે..! એને ખબર નથી. આહા..હા..! ભગવાન જ્યાં પડ્યા છે એની સામું જોવું નથી અને રાંકાઈ જેમાં રાગાદિમાં છે એના પ્રેમમાં પડ્યો ફસાઈ ગયો વ્યભિચારી. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ આવો છે, બાપુ! બહારમાં એમ કે દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, ભગવાનની ભક્તિ કરો ને કલ્યાણ થાશે, એ ત્રણકાળમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તારી ચીજ છે કે નહિ? તું છે કે નહિ કોઈ ચીજ? તો આત્મતત્ત્વ છે એ વસ્તુ છે કે નહિ? વસ્તુ છે તો કોઈ વસ્તુનો સ્વભાવ હોય કે નહિ? લોજિકથી, ન્યાયથી સમજશે કે નહિ એ? કે આ ભગવાન એક આત્મા તત્ત્વ છે તો વસ્તુ છે, તો વસ્તુનો કોઈ સ્વભાવ હોય કે નહિ? આહા..હા..! એનો સ્વભાવ જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવી અનંતી શક્તિનો જેનો સ્વભાવ છે. એવો જે ભગવાન આત્મા એની શક્તિઓનો નિરંતર અભ્યાસ, એકાગ્રતા. આહા..હા..! ધન્ય રે ધન્ય! આહા..હા..! છે?

આત્માને નિરંતર અભ્યાસથી અથવા જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માને નિરંતર-અંતર પડ્યા વિના. આહા..હા..! ધારાવાહી આત્માની એકાગ્રતા એમ કહે છે. માર્ગ એવો છે, બાપુ! આહા..હા..! જુઓને બહારની વાતું અત્યારે સાંભળીએ છીએ તો વૈરાગ્ય... વૈરાગ્ય... આહા..હા..! ૨૬-૨૬ વર્ષના જુવાનિયા, કેટલી ઉમ્મીદો હશે. આહા..! અરેરે..! ક્ષણમાં દેહ છૂટી ગયો. કાલે સાંભળ્યું હતું આ વજુભાઈના ભાણિયાનું. ૨૬ વર્ષની ઉંમર. અમેરિકામાં ૯૦ ટકાએ પાસ. એટલા બધા અભ્યાસીઓ અમેરિકાના અને એમાં આને ૯૦ (ટકા આવ્યા). લોકોએ સન્માન આપ્યું. વહેલું અહીં આવવું હતું, પણ કહે સન્માન આપવું છે અમારે, રોકાવ. રોકાણો બિચારો. આહા..હા..! અગિયાર વાગ્યા સુધી તો બધી વાત-ચીત (કરી). સવારે આવવું હતું આ બાજુ એને ભાઈ પાસે. સૂતા એ સવારે મડદું પડ્યું. થઈ રહ્યું ખલાસ. શું થયું એ? હાર્ટ એટેક થયો હશે, બીજું શું? સવારે જ્યાં જોવા જાય ત્યાં મડદું. આહા..હા..! આ દશા! હવે આટલી મહેનતું કરી, પરીક્ષાઓ આપી, કેટલાય પાપ બાંધ્યા. આહા..હા..! કેમકે પાપની વિદ્યા છેને એ તો બધી? એ બધા એલ.એલ.બી.ના પૂંછડા અને એમ.એ.ના એ બધા પાપના પૂંછડા છે. આહા..હા..!

સમ્યગ્દષ્ટિની પદવી એ ધર્મની પદવી છે. આહા..હા..! પદવી લીધી છે હોં ભાઈ આમાં. શ્વેતાંબરમાં એનો થોકડો ચાલે છે. જ્ઞાનસાગરમાં આવે છે. પહેલાં ૬૮માં બધા કરેલા. ૬૮. ૬૮ની સાલમાં આ બધા થોકડા કરેલા તે દિ'. કેટલા વર્ષ થઈ ગયા? ૬૫ વર્ષ થયા. એ પદવી આવે છે. સમકિતની પદવી અને બધી ઘણી પદવી આવે છે. સાધુ પદવી, કેવળજ્ઞાન પદવી એ બધી પદવી આવે છે. સમજાણું કાંઈ? એ પદવીનો થોકડો છે. આહા..હા..! જામનગરથી છપાણું હતુંને ઓલું જ્ઞાનસાગર. જ્ઞાનસાગર છે. આપણે બધા સ્થાનવાસીમાં એ છપાણું હશે. વસા તરફથી કો'ક છે. એમાંથી આપેલા અમને. ગુરુએ શીખવેલું એમાંથી. પદવી. સમકિતની પદવી. ઓહો..! આ મોટા પૂંછડાને પદવી છેને. મરી જવાના એ તો પદવીમાં. આહા..હા..! આ તો અમર થવાની પદવી. સમ્યગ્દષ્ટિ આહા..હા..! જેનું સ્વભાવસન્મુખ વલણ છે, જેનું નિમિત્ત રાગ અને પર્યાયનું વલણ છૂટી, પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે. આહા..હા..!

સમજાણું કાંઈ? એને '**નિરંતર અભ્યાસથી પ્રગટ કરે છે.**' એમ કહે છે. પૂર્ણાનંદનો નાથ અનંત શક્તિઓનો સંગ્રહાયલય. ભગવાન અનંત શક્તિઓનો સંગ્રહ-આલય—સંગ્રહનું સ્થાન છે એ. આલય એટલે સ્થાન. આહા..હા..! અનંતગુણનું ગોદામ છે. એય..! આહા..હા..! કહો, હીરાભાઈ! અમારે ત્યાં પાલેજમાં છેને છોકરાઓને ૧૩ તો મોટા ગોદામ છે. ૫૦-૫૦ હજારના તો કહેતા હતા. હવે તો કિંમત વધી ગઈ હશે.

**શ્રોતા :-** આપની પાસે મોટું ગોદામ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ મોટા ગોદામ આ ગોદામ છે. એ લોકો ખુશી થતાં. વેપાર મોટો હતો ને. છેને અત્યારે મોટો વેપાર છે ત્યાં. ૧૩ તો ગોદામ છે. ૫૦-૫૦ હજારના કહેતા હતા પણ અત્યારે તો ૬૦ હજાર ઉપર, ૭૦ (હજાર હશે). એવા ૧૩ તો ગોદામ છે. અમારે ભાઈ ફઈના દીકરા હતા એ ભાગીદાર હતા. દુકાનમાં હું નવ વર્ષ રહ્યો છું. એ વખતે આટલું બધું નહોતું. ત્યારે સાધારણ હતું. પેદાશ પણ સાધારણ અને મકાન ભાડાના. અત્યારે તો પૈસા થઈ ગયા ઘણા. આહા..હા..! એ ગોદામ નહિ કીધું, બાપા! આ છે. પણ ત્યાં ઘુંચાઈ ગયા લ્યો!

**શ્રોતા :-** આખું જગત એમાં ઘુંચાઈ ગયું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જગત ઘુંચાઈ ગયું તો જગતમાં રહ્યું. આહા..હા..!

આ ભગવાન અનંતગુણનું ગોદામ જેના ગુણ અનંતા પ્રભુ આત્મામાં પડ્યા છે, પ્રભુ! તને ખબર નથી. આહા..હા..! અનંત શક્તિઓનો સંગ્રહાલય, અનંત સ્વભાવનો સાગર એમાં એકાગ્ર થઈને શક્તિઓનું પ્રગટ કરવું એનું નામ પ્રભાવના છે. આહા..હા..! કહો, શેઠ! અહીં છે આ તો આ. ઓલા પૈસાવાળા માણસ બહાર પૈસા ખર્ચે અને પ્રભાવના થઈ ગઈ જાણે.

**શ્રોતા :-** વ્યવહારપ્રભાવના.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જરીએ નહિ. શેઠે ત્રણ લાખની ધર્મશાળા કરાવી છે લોક માટે, સાગરમાં. લોક માટે હોં! ત્રણ લાખની ધર્મશાળા. અમે હતા તે દિ' ઉદ્‌ઘાટન કર્યું. ધૂળમાં શું પણ ત્યાં હતી? આહા..હા..!

અનંત આનંદનો નાથ અંદર પ્રભુ બિરાજે છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આહા..હા..! બાપુ! તને તારી ખબર નથી. તારી કિંમતું સર્વજ્ઞ પણ કહી શકવાને સમર્થ નથી. વાણીમાં કેટલું આવે? આહા..હા..! વચનાતીત ભગવાન, વિકલ્પાતીત આત્મા, મનાનીત, રાગાતીત અને અનંતગુણથી સહિત. આહા..હા..! એવી શક્તિઓને અંતરમાં એ શક્તિઓ તરફ ઢળીને એકાગ્રતાના અભ્યાસથી તે શક્તિની વ્યક્તતા પ્રગટ કરવી એનું નામ પ્રભાવના ભગવાન નિશ્ચયથી કહે છે. આહા..હા..! અરે..! આવી વાતું પણ સાંભળવા મળે નહિ. આહા..હા..! બહારમાં ધર્મને નામે તો આ કરો.. આ કરો.. આ કરો... આહા..હા..!

ભગવાન અંદર આનંદનો નાથ પ્રભુ (છે) ત્યાં સમીપમાં જાને. તને આનંદ આવશે, તને શાંતિ મળશે. આ બધા જુઓને અમેરિકાવાળા ને બધા અબજોપતિઓ. બિચારાને ક્યાંય શાંતિ લાગતી નથી. હવે ધર્મને ગોતવા જાય છે. અબજોપતિ. પછી અહીં વળ્યા ત્યારે શ્રી હરિ, કૃષ્ણ હરિ. હરે કૃષ્ણ... હરે

કૃષ્ણ... લ્યો! હરે કૃષ્ણ પણ ત્યાં ક્યાં હરે કૃષ્ણ હતો? આ આત્મા હરે કૃષ્ણ છે. અજ્ઞાનને, પાપને હરે તે ભગવાન હરિ અને કર્મને કૃષે તે આત્મા કૃષ્ણ. સમજાણું કાંઈ? એની ખબરું ન મળે અને પછી ઓલા રૂપાળા શરીર અમેરિકાવાળાના અને ભગવા પહેરે અને આમ-આમ કરે. લોકો ઓહો..હો..! શું આમ જાણે? મુંબઈમાં છે કે નહિ? ફરતા હોય. હરે કૃષ્ણ... હરે કૃષ્ણ કરીને. અને રૂપાળા શરીર હોય અમેરિકાના અને ભગવા પહેર્યા હોય એટલે કહે ઓહો..હો..! ભારે ધર્મ કરે છે. ધૂળમાંય ધર્મ નથી સાંભળને. ચીમનભાઈ! છેને તમારા મુંબઈમાં? છેને. આહા..હા..!

આ આત્મા અંદર અનંત આનંદ અને અનંત શાંતિ એનો જેને અંતર ભરોસો, વિશ્વાસ સમ્યગ્દર્શન થયું છે, એ જીવ અંતરની અભ્યાસની શક્તિ દ્વારા શક્તિઓનો વિકાસ કરે છે. આહા..હા..! જેમ ચોસઠ પહોરી પીપર તીખાશથી ભરી છે. આ પીપર-પીપર, લીંડી પીપર. તમારે શું કહે છે? છોટી પીપર, છોટી પીપર. પીપર હોય છેને? રંગે કાળે અને ચોસઠ પહોરી તીખાશથી ભરી છે. છોટી પીપર. એ ચોસઠ પહોરી રૂપિયે રૂપિયો તીખાશ અંદર છે. એને ઘુંટતા એ ચોસઠ પહોરીમાંથી બહાર શક્તિ લાવવી. આહા..હા..! એમ ભગવાનમાં પૂર્ણાનંદમાં અનંત શક્તિઓ પૂર્ણ પડી છે. એની એકાગ્રતાથી બહાર લાવવી એનું નામ પ્રભાવના છે. આહા..હા..! આવી વાતું. બહારમાં શું કરવું પણ આમાં? બહારમાં કરે શું? આહા..હા..!

**શ્રોતા :-** ઉપદેશ દેવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપદેશ પણ કોણ દે? એ તો જડની ક્રિયા છે. આહા..હા..!

**શ્રોતા :-** અંદર જઈએ તો મન બહાર ભાગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રુચિ ક્યાં કરી છે? દરકાર કરી છે ક્યાં? ઓલા તમાકુ ને પૈસાના પ્રેમમાં ફસાઈ ગયા ત્યાં આ પ્રેમ ક્યાં આવ્યો છે એને?

**શ્રોતા :-** સહેલો રસ્તો બતાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સહેલો જ આ છે. જ્યાં છે ત્યાં જાવું એ સહેલો. જ્યાં છે ત્યાં નહિ જાવું અને બીજે જાવું એ વિપરીત છે, દુશ્મનાઈ છે. આહા..હા..!

'**નિરંતર અભ્યાસથી પ્રગટ કરે છે-વધારે છે, તેને પ્રભાવના અંગ હોય છે.**' લ્યો! '**તેને અપ્રભાવનાકૃત કર્મબંધ નથી,...**' અપ્રભાવનાકૃત બંધન નથી. '**કર્મ રસ દઈને ખરી જાય છે. તેથી નિર્જરા જ છે.**' લ્યો! '**આ ગાથામાં...**' ઓલી કોર. '**નિશ્ચયપ્રભાવનાનું સ્વરૂપ કહ્યું છે.**' જોયું! સત્ય, નિશ્ચય, સાચું, યથાર્થ પ્રભાવનાનું કથન કર્યું છે. આહા..હા..! '**જેમ જિનબિંબને...**' જેમ જિનપ્રતિમાને '**રથમાં સ્થાપીને...**' જિનપ્રતિમા વીતરાગ મૂર્તિ અવિકારી સ્વભાવ ભગવાન, એની પ્રતિમાને રથમાં બેસાડીને '**નગર, વન વગેરેમાં ફેરવી વ્યવહારપ્રભાવના કરવામાં આવે છે, તેમ...**' આહા..હા..! '**વિદ્યારૂપી (જ્ઞાનરૂપી) રથમાં આત્માને સ્થાપી...**' આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં આત્માને સ્થાપી. એ '**(જ્ઞાનરૂપી) માર્ગમાં...**' અંતર આનંદરૂપી, જ્ઞાનરૂપી માર્ગમાં '**ભ્રમણ કરે...**' આહા..હા..! જેમ વીતરાગબિંબને પ્રતિમાને રથમાં બેસાડીને કરે એ તો વ્યવહાર છે, શુભભાવ.

અહીંયાં તો ભગવાનને જ્ઞાનની પર્યાયમાં સ્થાપીને, જ્ઞાનની અવસ્થા વર્તમાન પ્રગટ જ્ઞાન એમાં ભગવાનને સ્થાપીને એમાં રમણતા કરે એ ભ્રમણ કરે. આહા..હા..! વાતે-વાતે ફેર છે. ઓલા જાણે બહારથી ગજરથ કરીએ મોટા ૧૦-૧૦ લાખ ખર્ચીને. હમણા બે થવાના છે. દ્રોણગિરી. નહિ? અને બીજે ક્યાંક થવાનું છે. થઈ ગયું, થઈ ગયું. આહા..હા..! ક્યાં?

**શ્રોતા :-** ...માં ૩ તારીખ સુધી પ્રોગ્રામ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો થઈ ગયુંને. થઈ ગયું.. થઈ ગયું. હવે થવાનું છે? પહેલાં થવાનું હતું ને? હશે ક્યાંક. બે ઠેકાણે થવાનું છે. દ્રોણગિરીમાં તો શેઠ છેને મોઢા આગળ એમ છે કાંઈક. લખાણમાં આવ્યું હતું.

**શ્રોતા :-** ખુરઈમાં પણ ચાર તારીખ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ખુરઈ. એ મોટો ગજરથ ચલાવે હાથીના હોદ્દે. જાણે શું કર્યું? એ તો બધી જડની પરની ક્રિયા છે. એમાં ભાવ હોય તો એ શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહિ. આહા..હા..! ધર્મ તો ગજરથ ભગવાન આત્મા હાથીને હોદ્દે અંદર ચડી અને એકાગ્ર થાય તે ગજરથ છે. આહા..હા..!

**શ્રોતા :-** આપના ગજરથ છે જુદાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઓલાએ કીધું નહિ કે 'વીરા મોરા ગજ થકી...' ગજ શબ્દે ત્યાં માન આવ્યું. માનને ધોરે ચડ્યા પ્રભુ! નીચે ઉતર. અહીં કહે છે, પ્રભુ! તું પરના પ્રેમના પંથે ચડ્યો, પાછો વળ, નાથ! તને હિતની વાત છે. આહા..હા..! આવી વાતું હવે. એમાં જુવાનિયાને ૨૫-૩૦-૪૦ વર્ષની ઉંમર જુવાન, શરીર ફાટડા હોય, ઇન્દ્રિયો ફૂટતી હોય એમાં પાંચ-પચાસ લાખની પુંજી હોય, બાયડી રૂપાળી હોય, થઈ રહ્યું જાણે. આહા..હા..! ત્યાં આવી ગયું જાણે બધું. મરી ગયો છો, સાંભળને. આહા..હા..! સમજાય છે કાંઈ?

જુઓને, અહીંયાં પ્રભાવનાનું સ્વરૂપ આ છે કે '**વિદ્યારૂપી (જ્ઞાનરૂપી) રથમાં આત્માને સ્થાપી...**' રાગમાં નહિ. પોતાનું નિર્મળ જે જ્ઞાન તેમાં આત્માને સ્થાપીને. આહા..હા..! '**મનરૂપી (જ્ઞાનરૂપી) માર્ગમાં ભ્રમણ કરે તે જ્ઞાનની પ્રભાવનાયુક્ત સમ્યગ્દૃષ્ટિ છે,...**' આહા..હા..! એ જ્ઞાનની, સ્વભાવની પ્રભાવના કરનારો તે સમ્યગ્દૃષ્ટિ, સત્યદૃષ્ટિવંત, સાચો સાહેબો એ છે. આહા..હા..! જેને સત્યસાહેબને દૃષ્ટિમાં લીધો એ સમ્યગ્દૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેની દૃષ્ટિમાંથી પામરતા અને પર્યાયબુદ્ધિ અને રાગબુદ્ધિ નીકળી ગઈ છે. આહા..હા..! તેને પ્રભુતાની બુદ્ધિ થઈ છે એ પ્રભાવનાયુક્ત સમ્યગ્દૃષ્ટિ છે. આહા..હા..! આવી વાતું! આ બધા હલવે છે એ ખોટું હશે બહારમાં? ખોટા જ કરે છે અનાદિથી. આહા..હા..! અંતરની ચીજ વિના, અંતર આત્મા ભગવાન આહા..હા..! એની એકાગ્રતા વિનાની પ્રભાવનાને પ્રભાવના કહેતા નથી.

'**આ પ્રમાણે ઉપરની ગાથાઓમાં સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને નિઃશંકિત આદિ આઠ ગુણો નિર્જરાનાં કારણ કહ્યા. એવી જ રીતે અન્ય પણ સમ્યક્ત્વના ગુણો નિર્જરાનાં કારણ જાણવા.**' આ તો આઠ કહ્યા પણ બીજા પણ આનંદ, શાંતિ વગેરેને નિર્જરાના કારણ કહેવા. 'આ

**ગ્રંથમાં નિશ્ચયનયપ્રધાન કથન હોવાથી...'** નિશ્ચયનય એટલે સત્યદષ્ટિનું પ્રધાન કથન મુખ્ય હોવાથી. **'નિઃશંક્તિ આદિ ગુણોનું નિશ્ચયસ્વરૂપ...'** એટલે? નિશ્ચય સ્વરૂપ એટલે? **'(સ્વ-આશ્રિત સ્વરૂપ)'** ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એનું સ્વાશ્રિત સ્વરૂપ. શું કહે છે આ? અજાણ્યા માણસને પાગલ જેવું લાગે. છે કે નહિ? છે એવું હોં! જ્ઞાનીની દષ્ટિમાં જગત પાગલ છે, જગતની દષ્ટિમાં જ્ઞાની પાગલ લાગે. પોપટભાઈ! આહા..હા..! નિશ્ચય એટલે? સ્વાશ્રિત. આ નિઃશંકિત આદિ આઠ ગુણો છે એ સ્વ ભગવાન આત્માને આશ્રિત છે. સમજાણું કાંઈ?

**'અહીં બતાવવામાં આવ્યું છે. '** સ્વાશ્રિત સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. **'તેનો સંક્ષેપ (સારાંશ)...'** આવી ગયું છે એનું ટૂંકુ કહે છે. **'જે સમ્યગ્દષ્ટિ આત્મા...'** સમ્યક્ નામ સત્યદષ્ટિ આત્મા. જેની સાચી દષ્ટિ આત્મા છે એવી થઈ છે તે સમ્યગ્દષ્ટિ આત્મા. આહા..હા..! **'પોતાનાં જ્ઞાન-શ્રદ્ધાનમાં નિઃશંક હોય,...'** છે. પોતાનું જે સ્વરૂપ છે એનું જ્ઞાન, શ્રદ્ધાન એમાં નિઃશંક હોય છે, સંદેહ એને થતો નથી. **'ભયના નિમિત્તે સ્વરૂપથી ડગે નહિ...'** કોઈપણ પ્રતિકૂળતા આવી પડે તો એના સ્વરૂપથી પોતે ડગે નહિ. **'અથવા સંદેહયુક્ત ન થાય, તેને નિઃશંક્તિ ગુણ હોય છે.'** લ્યો! એ નિઃશંકિત પર્યાય છે હોં! એને અહીં ગુણ કહે છે. આહા..હા..!

મૂળ તો પૂર્ણસ્વરૂપ છે એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એમાં એને સંદેહ થતો નથી એમ. સમજાણું કાંઈ? એને નિઃશંકિત ગુણ ધર્મની દશાનો ગુણ કહેવામાં આવે છે. આહા..હા..! લોકો તો કહે, દેશ સેવા કરો, ભૂખ્યાને આહાર આપો, તરસ્યાને પાણી આપો, રોગીને ઓસડ આપો, મકાન ન હોય એને ઝૂંપડા બંધાવી દ્યો. મકાન તો ન બંધાવી દે પણ ઝૂંપડા. આહા..હા..! એ બધો ધર્મ છે. ધૂળેય ધર્મ નથી સાંભળને. આહા..! ધૂળેય નથી એટલે? સારું પુણ્ય પણ નથી ત્યાં. સમકિતીને જે પુણ્ય થાય એવું એને પુણ્ય પણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**'૧. જે કર્મનાં ફળની વાંછા ન કરે...'** કર્મના ફળની વાંછા. ગમે તે પુણ્ય બંધાણું હોય પુણ્યભાવ એની વાંછા કરે નહિ. **'તથા અન્ય વસ્તુના ધર્મોની વાંછા ન કરે,...'** સુવર્ણ ને હીરા ને ધૂળ બેય પદાર્થ જેને સરખા છે. બેયમાં કોઈની વાંછા કરે નહિ. નિંદા આદિ ન કરે. **'તેને નિઃકાંક્ષિત ગુણ હોય છે. ૨. જે વસ્તુના ધર્મો પ્રત્યે ગ્લાનિ ન કરે,...'** દ્વેષ ન કરે **'તેને નિર્વિચિકિત્સા ગુણ હોય છે. ૩. જે સ્વરૂપમાં મૂઢ ન હોય,...'** સ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદમાં મૂઢ ન હોય. એક-એક શક્તિની પૂર્ણ સામર્થ્યમાં પણ જેને શંકા નથી. સમજાય છે કાંઈ? આવું ધર્મનું રૂપ. આવી વસ્તુ છે, બાપુ! શું થાય? દુનિયા બિચારી ઠગાઈ જાય છે. ધર્મને નામે ઠગાય છે. જિંદગી..

**શ્રોતા :-** વાણિયા બીજા કોઈમાં ન ઠગાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં ઠગાય છે. આહા..હા..!

**'સ્વરૂપને યથાર્થ જાણે, તેને અમૂઢદષ્ટિ ગુણ હોય છે. ૪. જે આત્માને શુદ્ધ સ્વરૂપમાં જોડે, આત્માની શક્તિ વધારે, અન્ય ધર્મોને ગૌણ કરે,...'** રાગાદિનો અભાવ કરે. **'તેને ઉપબૃંહણ અથવા ઉપગૂહન ગુણ હોય છે. ૫. જે સ્વરૂપથી ચ્યુત થતા આત્માને સ્વરૂપમાં સ્થાપે, તેને**

**સ્થિતિકરણ ગુણ હોય છે. ૬. જે પોતાના સ્વરૂપ પ્રત્યે વિશેષ અનુરાગ રાખે,...** ' પોતાના સ્વરૂપ પ્રત્યે વિશેષ પ્રેમ રાખે. આહા..હા..! '**તેને વાત્સલ્ય ગુણ હોય છે. ૭. જે આત્માના જ્ઞાનગુણને પ્રકાશિત કરે-પ્રગટ કરે,...**' હમણાં કીધું એ પ્રભાવના. '**તેને પ્રભાવના ગુણ હોય છે. ૮. આ બધાય ગુણો તેમના પ્રતિપક્ષી દોષો વડે જે કર્મબંધ થતો હતો તેને થવા દેતા નથી.**' આહા..હા..! નિઃશંકિત આદિ ગુણો એનાથી વિરુદ્ધ શંકાદિ એનાથી બંધ થતો એ થવા દેતો નથી. આહા..હા..! આવી વાતું હવે.

એ કરતા શું કરવું? દયા પાળો, વ્રત કરો. સમજાય તો ખરું જરી. શું સમજવું હતું એમાં? સાંભળને. દયા મંડળી ને નથી થતા મોટા? ઘણે ઠેકાણે મોટે સાંભળ્યું છેને. દયા મંડળી અને એનો મોઢા આગળ ફરીને ખરડો-બરડો બે-પાંચ-દસ લાખનો કરે તો ઓહો..હો..! ભારે કર્યો એણે. ધૂળેય નથી સાંભળને. આ ભગવાનની દયા પાળ. એને જેવડો જેવો છે તેટલો માન તો તેની દયા પાળી કહેવાય. જેવડો જેટલો છે એને એટલો ન માનવા એ આત્માની હિંસા કરી છે એણે. આહા..હા..! ભગવાનજીભાઈ! આહા..હા..! એને પૈસાવાળો માનવો, રાગવાળો માનવો, બાયડીવાળો માનવો એ આત્માના સ્વરૂપની હિંસા છે. એને અનંતગુણવાળો માનવો, એનું જીવન અનંતગુણથી ટકી રહ્યું છે એને એ રીતે માનવો એનું નામ દયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું બધીમાં ફેર એક એક વાતમાં. આહા..હા..!

'**વળી આ ગુણોના સદ્ભાવમાં, ચારિત્રમોહના ઉદયરૂપ શંકાદિ પ્રવર્તે...** ' જરી આવે રાગાદિ હોય છે જ્ઞાનીને. ચારિત્રમોહનો રાગાદિ શંકા હોય, રાગ પણ હોય. '**તોપણ તેમની (-શંકાદિની) નિર્જરા જ થઈ જાય છે,...**' આહા..હા..! એ રાગ આવે છે, પણ એ ખરી જાય છે, એના ઉપર રુચિ નથી ને પ્રેમ નથી. આહા..હા..! '**નવો બંધ થતો નથી; કારણ કે બંધ તો પ્રધાનતાથી મિથ્યાત્વની હયાતીમાં જ કહ્યો છે.** ' જુઓ, એ મિથ્યાશ્રદ્ધાથી જ બંધ છે એ મુખ્યપણે કહેવામાં આવ્યું છે. આહા..હા..! રાગાદિ થાય તેને બંધ તેને ગૌણ કરીને નથી થયો એમ કહેવામાં આવે છે. મિથ્યાશ્રદ્ધા, ભગવાન પૂર્ણાનંદમાં અપૂર્ણતા માનવી, એને રાગવાળો માનવો, એને રાગની ક્રિયાથી એને લાભ થાય એમ માનવું એ મિથ્યાત્વ જ મહાપાપ છે. આહા..હા..! એની હયાતીમાં બંધ પડે તેને બંધ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ઓલું આવે છેને? 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર. એક લાખે તો ન મળે અને એક ત્રાંબિયાના તેર.' એમ અહીં કહે છે, હે જીવડા! તારે ને મારે વાતે-વાતે ફેર છે. આહા..હા..! ધર્મ કોઈ ચીજ કોઈ અલૌકિક, બાપુ! આહા..હા..! જેણે અનંતકાળના પરિભ્રમણમાં એક સેકન્ડમાત્ર પણ ધર્મ કર્યો નથી. ત્યાગી થયો, મુનિ થયો, પંચમહાવ્રત પાળ્યા, સ્ત્રીઓનો ત્યાગ કરી બ્રહ્મચર્ય પાળ્યા, પણ એ તો બધો શુભરાગ છે. સમજાણું કાંઈ? ધર્મ એક સેકન્ડ પણ કર્યો નથી. એક સેકન્ડ ધર્મ કરે તો જન્મ-મરણ રહે નહિ એને. આહા..હા..! સેકન્ડનો અર્થ અસંખ્ય સમય ઉપયોગમાં જાય છેને. સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો આવું છે હિંમતભાઈ! આ દુકાનમાં ધંધા સરખા ચાલતા હોય, ગાદીએ બેઠા હોય. ઊંચું-ઊંચું હોયને. લાકડાનું ઊંચું કરીને થડો કર્યો હોય અને એમાં પાછું ઓશીકું (હોય), આમ બેઠા

હોય. આટલું તોળી દ્યો આને. પચાસ ગુણ આપો ચોખાની, ફલાણું-ઢીંકણું બસ બેઠા-બેઠા. જાણે શું કરીએ છીએ અમે.

**શ્રોતા :-** પાણી ઉતરી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાણી ઉતરી જાય એવું છે. આહા..હા..!

અમારે પાલેજમાં એક મુસલમાનની દુકાન હતી, ઉપલેટાવાળાની. એવું કાંઈક શું ... હાસીમ. પાલેજમાં મોટી દુકાન હતી મુસલમાનની ઉપલેટાવાળાની. ... હાસીમ. એ બસ થડા ઉપર બેઠા બેઠા પાન ખાય. કાંઈ ખબર ન મળે. વખાર ભરી હોય માલથી. આવ્યા હોય શેઠિયાઓ માલ લેવા. જાવ પાંચ ગુણ કાઢો ત્યાંથી ચોખા આપો. આ તલ ફલાણું, ઢીંકણું. આહા..હા..! અરેરે..! પછી દીક્ષા લીધી હતી જ્યારે. ઉપલેટામાં ગયાને દીક્ષા લઈને એક ફેરી તો એ ઉપલેટાનો શેઠ ત્યાં હતો એ. એ આવ્યો બિચારો. ઓળખે ખરા ને અમને માલ લેવા જતા. અરે..! આ તો કાનજીભાઈ. દીક્ષા લીધી છે. ઉપલેટામાં. નામ ભૂલી ગયા. એનો મોટો માણસ હતો .. હાસીમ મુસલમાન. એ આવ્યો હતો બિચારો હોં. મોઢે લૂંગડુ રાખીને.લૂગડું રાખીને આવ્યો હતો બિચારો. મુસલમાન. નામ ભૂલી ગયો. ત્યાં મુખ્ય હતો ..માં. આવ્યા હતો. આવે, જાણે કે આ તો કાનજીભાઈની દુકાન હતી એને. અમારે પાલેજમાં દુકાન હતી. આવ્યો હતો બિચારો. પણ કાંઈ ખબર ન મળે બિચારાને. ફક્ત અમારી ઓલી દુકાન હતીને ત્યાં એટલે ઓળખે. અમે ૧૭ વર્ષથી ૨૨ વર્ષ પાંચ દુકાન ચલાવી હતી. ૧૭ વર્ષથી ૨૨ વર્ષ, પાંચ વર્ષ ઉંમર. એટલે ઓળખે લોકો એ બધા ગામવાળા. અરે..! બાપુ! આ નથી ભાઈ! શેઠિયા છેને ત્યાં ઉપલેટામાં. શેઠિયા છે આપણા ત્યાં બધા ઉપલેટામાં સ્થાનકવાસી. કાંઈ ખબર ન મળે. આવે એક કલાક સવારમાં અને ..ને વયા જાય, થઈ રહ્યું. સામાયિક કરી અમે અને આ એક કલાક સાંભળ્યું. એય..! પોપટભાઈ!

અહીં કહે છે, પ્રભુ! તું એકવાર સાંભળ તો ખરો. એ સ્વરૂપની શ્રદ્ધાથી વિરુદ્ધ રાગથી લાભ થાય, પુણ્યથી લાભ થાય, પાપમાં મઝા એવો જે મિથ્યાત્વભાવ, એ મિથ્યાત્વભાવની હયાતીમાં જ બંધ થાય છે એ બંધ કહેવામાં આવે છે. પછી જરી રાગાદિ થાય એ કહેશે વિશેષ. આહા..હા..!

**'સિદ્ધાંતમાં ગુણસ્થાનોની પરિપાટીમાં ચારિત્રમોહના ઉદયનિમિત્તે સમ્યગ્દષ્ટિને જે બંધ કહ્યો છે તે પણ નિર્જરારૂપ જ (-નિર્જરા સમાન જ) જાણવો...'** જોયું! એટલે? પૂર્વ કર્મનો ઉદય તો નિર્જરે જ છે કહે છે, પણ નવો બંધ થાય છે એ નિર્જરા થવા માટે, એ નિર્જરા માટે આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્માનું જ્યાં ભાન થયું, તેને પૂર્વના કર્મનો ઉદય તો એને રાગ કરાવતો નથી અને રાગ જરી થાય છે તો તેની નિર્જરા થઈ જાય છે, પણ એને બંધ જે થાય છે તે પણ નિર્જરારૂપ જ જાણવો. આહા..હા..! એ બંધ થાય છે એ મરવા માટે આવે છે. આહા..હા..!

**'કારણ કે સમ્યગ્દષ્ટિને જેમ પૂર્વે મિથ્યાત્વના ઉદય વખતે...'** ઊલટી મિથ્યાશ્રદ્ધા વખતે **'બંધાયેલું કર્મ ખરી જાય છે...'** પૂર્વે અજ્ઞાનભાવે બંધાતા કર્મ એ આત્માના ભાન દ્વારા ખરી જાય છે **'તેમ...'** છે? **'નવીન બંધાયેલું કર્મ પણ ખરી જાય છે;...'** લ્યો! એ આવે છે થોડું, પણ એ

જવા માટે. આહા..હા..! સમ્યગ્દર્શનનું આટલું માહાત્મ્ય છે અને મિથ્યાત્વનું એટલું નીચપણું હલકું છે કે જેને શુભરાગ દયા, દાનનો (થવા) છતાં પણ મિથ્યાત્વ છે તે મહાપાપ બંધાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવા આત્માનો સ્વભાવ પૂર્ણસ્વરૂપ પવિત્ર ભગવાન આત્મા એવી પવિત્રતાની પવિત્ર દૃષ્ટિ પ્રગટી એ સમ્યગ્દૃષ્ટિ. એને પુરાના કર્મનો ઉદય આવે અને જરી રાગ થાય એ ખરી જાય છે, એમ નવા થોડા બંધાય છે એ પણ ખરવા માટે આવ્યા છે, રહેવા માટે નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેને તે કર્મના સ્વામીપણાનો અભાવ...**' છે. કર્મનો એ ધણી નથી. આહા..હા..! મેસુબ ખાધો હોય ચાર શેર ઘીનો પાયેલો એની થઈ હોય વિષ્ટા સવારમાં. કેમ આ મેસુબ ખાય છેને. એક શેર ચણાનો લોટ અને ચાર શેર ઘી એનો પાયેલો થાય એને મેસુબ કહેવાય. એ ખાધો હોય અને સવારમાં વિષ્ટા થઈ, સંગ્રહ કરવાનું મન થાય? ભાઈ સારી વિષ્ટા છે આ. એમ કર્મ છે એ વિષ્ટા સમાન ખરી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનો સ્વામી નથી. સારી વિષ્ટા થઈ તો ધણી એનો થાય? આહા..હા..!

એક ડોક્ટર હતો એનો છોકરો મરી ગયો અમદાવાદમાં. પછી એની મા એવી રોવે.. એવી રોવે.. કે એને ઠાઠડીમાં બાંધવા ન દે અને ડોક્ટર હુશિયાર જરી ડાહ્યો માણસ. પછી એણે કહ્યું ત્યારે આપણે આને રાખીએ છોકરાને. તારે બાંધવા નથી દેવો ઠાઠડીમાં? તો આપણે એને રાખીએ અહીં પટારામાં. કહે ના. પણ રાખવો નથી અને બાંધવા દેવો નથી તો શું કરવું છે તારે? ડોક્ટર હુશિયાર માણસ. છોકરો મરી ગયો. મરી ગયો તો શું કરવું? એને ઠાઠડીમાં બાંધીને બાળે છૂટકો. એને ઓલી વળગે, બાંધવા ન દે. ત્યારે આપણે રાખીએ પટારામાં. ના, ભય લાગે. લે! મરી ગયો છોકરો ડોક્ટરનો. પછી એની મા છે એ છોકરાની મા એને બાંધવા ન દે ઠાઠડીમાં. એટલે ડોક્ટર કહે ત્યારે આપણે રાખીએ ઘરે આને. કહે ના. તારે ઘરે રાખવો નથી અને બાંધવા દેવો નથી, તારે કરવુ છે શું? આહા..હા..! આવું છે.

અને એક ઠેકાણે તો છોકરો મરી ગયો. જરી ભાવ ઠીક રહ્યા. એટલે વ્યંતર ભૂતડું થયું ભૂત. હવે અહીં બાંધે છે ત્યારે એને રોવે છે લોકો બહુ રોવે છે કે નાની ઉંમરનો મરી ગયો. એટલે ઓલો ભૂત થયેલો અને પરિણામ કાંઈક સારા રહ્યા હોય વૈરાગ્યના. આહા..હા..! આવ્યો. શું કરવા તમે રોવો છો? આ હું એ છું. કહો તો હું રહું હમણા મડદામાં ૨૦ વર્ષ. ભાઈ સાહેબ અહીં નહિ. મડદામાં રહું ઓલો ભૂત, ભૂત ઓલો છોકરો મરી ગયેલોને એ ભૂત થયેલો. એ ભૂત થઈને તરત આવ્યો. અહીં ઓલા રોવે... રોવે... રોવે... શું કરવા રોવો છો પણ? આ હું છુંને. હું છું એ. હું આમાં રહું. ના એ મને બીક લાગે કહે. આ બનેલું છે હોં. આહા..હા..! અહીંયાં કહે છે કે ધર્મી કર્મનો સ્વામી નથી. એનો ધણી નથી. આહા..હા..! છૂટી જાય છે એને.

'**જેવી રીતે-કોઈ પુરુષ પરાયું દ્રવ્ય ઉધાર લાવે...**' આ દાગીનો લાવે છેને. છોકરાના લગન કરવા હોય. ગરીબ માણસ સાધારણ હોય. શેઠિયા પાસેથી પાંચ હજારનો દાગીનો લઈ આવે વરઘોડે ચડાવવા માટે ઘોડે. પછી ત્રણ દિ' રાખીને પાછો આપી દે. એ દાગીનો કાંઈ પોતાની મૂડીમાં ખતવે?

સમજાણું કાંઈ? આ વરઘોડે ચડે છેને. ગરીબ માણસ હોય, બે-પાંચ પાંચ-સો હજારનો દાગીનો હોય, પણ વરઘોડો છે મોટો સારો. જાય ભગવાનદાસ શેઠિયા (જેવા પાસે). પાંચ હજારનો દાગીનો આપો શેઠ. મારે ત્રણ દિ' કામ છે, પછી આપી દઈશ. એ દાગીના કાંઈ ઘરની મૂડીમાં ખતવે? એમ ધર્મીને જે કાંઈ રાગ આવે એ ધર્મમાં ખતવતો નથી. માલ પોતામાં ખતવતો નથી. આહા.હા..!

**'કોઈ પુરુષ પરાયું દ્રવ્ય ઉધાર લાવે તેમાં તેને મમત્વબુદ્ધિ નથી, વર્તમાનમાં તે દ્રવ્યથી કાંઈ કાર્ય કરી લેવું હોય તે કરીને કરાર પ્રમાણે નિયત સમયે ધણીને આપી દે છે;...'** દાગીનો પાછો સોંપી દે એને જઈને. આહા..હા..! **'નિયત સમય આવતાં સુધી તે દ્રવ્ય પોતાના ઘરમાં પડ્યું રહે તોપણ તે પ્રત્યે મમત્વ નહિ હોવાથી...'** ત્રણ-ચાર દિવસ સુધી દાગીનો ઘરે રહ્યો તો મારું છે એમ છે એને? આહા..હા..! એમ આ રાગ અને કર્મ થોડું રહે એ કાંઈ મારા તરીકે જ્ઞાની માનતો નથી. આહા..હા..! **'તે પુરુષને તે દ્રવ્યનું બંધન નથી, ધણીને દઈ દીધા બરાબર જ છે;... '** આહા..હા..! **'તેવી જ રીતે-જ્ઞાની કર્મદ્રવ્યને પરાયું જાણતો હોવાથી તેને તે પ્રત્યે મમત્વ નથી...'** આહા..હા..! મારાપણું તો પ્રભુત્વમાં આવ્યું છે, ત્યાં રાગમાં અને કર્મમાં મારાપણું કેમ હોય? આહા..હા..! **'માટે તે મોજૂદ હોવા છતાં નિર્જરી ગયા સમાન જ છે એમ જાણવું.'** લ્યો! કોઈ સહેજે થોડું આઠ કર્મ આવે રાગ, તોપણ એ પરને પાછી દેવાની ચીજ છે, ઘરમાં રાખવાની ચીજ છે નહિ, એમ ધર્મીને આત્માને ઘરમાં રાખવા માટે પરનો સ્વામી થતો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા સુદ-૧૩, મંગળવાર, તા. ૦૧-૦૨-૧૯૭૭, ગાથા-૨૩૬, પ્રવચન નં. ૩૦૮

...એમ કે જે આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એનું શુદ્ધરૂપે પરિણમન થવું એ સમ્યગ્દર્શન છે. આહા..હા..! એને આ આઠ ગુણ નિઃશંક આદિ નિશ્ચય હોય છે. એને વ્યવહાર આઠ ગુણ હોય એનું વર્ણન છે. સમજાણું કાંઈ? જેને સમ્યગ્દર્શન નથી અને એના નિઃશંકાદિ નિશ્ચય ગુણો નથી એને તો આ વ્યવહાર હોતો નથી. જ્ઞાનનું પરિણમન આવે છેને ૧૫૫માં. વાત થઈ હતીને તે દિ' ત્યાં વિદ્યાનંદજી સાથે. નવ તત્ત્વની શ્રદ્ધા, જીવાદિની શ્રદ્ધા શબ્દ છેને ત્યાં? એ શ્રદ્ધા એટલે શું? જ્ઞાનસ્વભાવરૂપે પરિણમન તેનું નામ જીવાદિ શ્રદ્ધાન સમકિત કહેવાય છે. આહા..હા..! જ્ઞાન પરિણમન એટલે આત્મા. આત્મા જ્ઞાયકસ્વરૂપ, શુદ્ધસ્વરૂપ એનું શુદ્ધરૂપે પરિણમન થવું એનું નામ સમ્યગ્દર્શન છે, એનું નામ ધર્મની પહેલી સીઢી અને શરૂઆત છે. આહા..હા..! એને નિઃશંક આદિ આઠ ગુણ નિશ્ચય હોય છે જે નિર્જરાનું કારણ છે. આ આઠ કહે છે એ પુણ્યબંધનું કારણ છે. સમજાય છે કાંઈ?

શુદ્ધ ચૈતન્ય ભગવાન જેનો પૂર્ણ પવિત્ર સ્વભાવ એવું જેને જ્ઞાન થઈને પરિણમન થયું છે એને નિઃશંકાદિ પર્યાયમાં ગુણ કહેવાય. એ છે તો પર્યાય પણ એ નિઃશંકાદિ ગુણ કર્મની નિર્જરાનું કારણ છે અને આ આઠ કહે છે એ પુણ્યબંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હોય છે. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી નિઃશંકાદિ નિશ્ચય અને નિઃશંકાદિ વ્યવહાર હોય છે. આહા..હા..! '**આ નિઃશંકિત આદિ આઠ ગુણો વ્યવહારનયે...**' વ્યવહારનયે '**વ્યવહારમોક્ષમાર્ગ...**' આહા..હા..! પરાશ્રિતભાવ વડે પરાશ્રિત મોક્ષનો માર્ગ. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારે કહેવાય છે, આ તો વ્યવહારની વાત છેને. વ્યવહારે એને મોક્ષમાર્ગ કહેવાય છે ઉપચારથી. વાસ્તવિક મોક્ષમાર્ગ અંતરમાં શુદ્ધ ચૈતન્યનું પરિણમન તો થયું છે. સમજાણું કાંઈ? એને હજી પૂર્ણ નથી તેથી પરાશ્રય એવા નિઃશંકાદિ વ્યવહારનય હોય છે, તેને વ્યવહારમોક્ષમાર્ગ કહેવામાં આવે છે. એટલે છે તો નહિ મોક્ષમાર્ગ પણ મોક્ષમાર્ગની દશા થઈ છે એના સંગમાં, સાથે રહેલો ભાવ સહચર દેખીને એને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. આમ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નીચે પ્રમાણે લગાવવા :-** ' છેને? '**વ્યવહારમોક્ષમાર્ગ પર નીચે પ્રમાણે લગાવવા :- જિનવચનમાં સંદેહ ન કરવો,...**' નિશ્ચયમાં વસ્તુ પૂર્ણ આનંદસ્વરૂપ છે એમાં સંદેહ ન થવો. આ જિનવચનમાં સંદેહ ન થવો. '**ભય આવ્યે વ્યવહારદર્શન-જ્ઞાન-ચારિત્રથી ડગવું નહિ,...**' બહારની પ્રતિકૂળતા એવી આવી જાય તોપણ વ્યવહારદર્શન-જ્ઞાન-ચારિત્રથી ડગે નહિ. '**તે નિઃશંકિતપણું છે.**' એ એક બોલ થયો. '**૨. અપવિત્ર, દુર્ગંધવાળી-એવી એવી વસ્તુઓના નિમિત્તે વ્યવહારમોક્ષમાર્ગની પ્રવૃત્તિ પ્રત્યે ગ્લાનિ ન કરવી તે નિર્વિચિકિત્સા છે.**' દુગંછા ન કરવી વ્યવહાર. સમજાણું? એવી વાત છે. વાંછા રહી ગઈ? '**સંસાર-દેહ-ભોગની વાંછાથી તથા પરમતની વાંછાથી વ્યવહાર-મોક્ષમાર્ગથી ડગવું નહિ તે નિષ્કાંક્ષિતપણું છે.** ' નિશ્ચયમાં પુણ્યની પણ ઈચ્છા ન કરવી એ નિઃકાંક્ષિત નિશ્ચય અને આમાં વ્યવહાર ધર્મમાં '**દેહ-ભોગની વાંછાથી તથા પરમતની વાંછાથી વ્યવહાર-મોક્ષમાર્ગથી ડગવું નહિ...**' એટલું. સંસાર, દેહ અને ભોગ એની વાંછાથી અને પરમતની વાંછા બે. '**વ્યવહાર-મોક્ષમાર્ગથી ડગવું નહિ તે નિષ્કાંક્ષિતપણું છે.**' આહા..હા..! નિશ્ચય અને વ્યવહાર બે કહેવામાં વાત નિશ્ચયથી કહેવી એ યથાર્થ માર્ગ છે. વ્યવહારથી તો ઉપચારિક સહચર દેખીને કથન કરે. એને આ લોકો વ્યવહાર પણ નિશ્ચયનું કારણ થાય એમ કહો તો અનેકાંત છે એમ કહે છે. આહા..હા..! મિથ્યાદષ્ટિનો શુભોપયોગ પણ નિશ્ચયનું કારણ થાય એમ માનવું એમ કહે છે. અહીં તો નિશ્ચયસમ્યગ્દષ્ટિનો શુભોપયોગ પણ નિશ્ચયનું કારણ નથી. આહા..હા..! આવી વાત છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ કહ્યું ને. એ અતિચાર છે. એ અતિચાર જરી આવે છે. નિરતિચારમાં ન હોય. એ તો અતિચાર દોષ છે. શંકા, કાંક્ષા, વિચીગિચ્છાચ્છા, અમૂઢદષ્ટિ પાંચ થયાને. ... એ અતિચાર છે, દોષ છે. જરી રાગની અસ્થિરતામાં સહેજ આવી જાય.

અહીંયાં કહે છે, નિર્વિચિકિત્સા એ બીજો ગુણ છે. એ નિષ્કાંક્ષિતપણું. આ નિર્વિચિકિત્સા ત્રીજો.

**'અપવિત્ર, દુર્ગંધવાળી-એવી એવી વસ્તુઓના નિમિત્તે વ્યવહારમોક્ષમાર્ગની પ્રવૃત્તિ પ્રત્યે ગ્લાનિ ન કરવી...'** એ ત્રીજો. **'દેવ, ગુરુ, શાસ્ત્ર, લોકની પ્રવૃત્તિ, અન્યમતાદિકના તત્ત્વાર્થનું સ્વરૂપ ઈત્યાદિમાં મૂઢતા ન રાખવી,...'** પરમાં પણ કાંઈક દેવ હશે કે નહિ? ગુરુ હશે, શાસ્ત્ર સાચા હશે. આહા..હા..! **'લોકની પ્રવૃત્તિ, અન્યમતાદિકના તત્ત્વાર્થનું સ્વરૂપ ઈત્યાદિમાં મૂઢતા ન રાખવી,...'** ઓહો..હો..! આ ધર્મને તો મોટા રાજાઓ માને, કરોડોપતિ માને તો એમાં કાંઈક હશે અન્યમતમાં? એવું .. ન કરે એ. પરમાં કાંઈ નથી. જૈનદર્શનનું અંતર સ્વરૂપ એ સિવાય ક્યાંય બીજે માર્ગ છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** એ લોકો એમ જ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો કહે જને. સૌ પોતાનું તો કહેને સૌ. સત્ય છે એ સત્ય રહેશે. અસત્યને સત્ય માનશે તે કાંઈ સત્ય થઈ જશે? આહા..હા..! રાતે ન કહ્યું ઓલું? કે વ્યવહાર અને નિશ્ચય સાથે હોય છે. રાતે આવ્યું હતું ઓલામાં. એથી વ્યવહારથી નિશ્ચય થાય એમ માનો તો જૈનધર્મ છોડીને પરધર્મમાં ભળો. પર જમાત છે એમાં ભળો કહે છે. હતા તમે? આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પણ એ જ છે. એક જ છેને. આહા..હા..! વસ્તુ બાપુ બહુ આ માર્ગ એવો છે. આ તો વીતરાગ માર્ગે વીતરાગ પૂર્ણપણું પ્રગટ થાય એવો વીતરાગી સ્વભાવ... આહા..હા..! વીતરાગ શુદ્ધચૈતન્યઘન ભગવાન એને આશ્રયે થયેલો વીતરાગી ધર્મ, એના પૂર્ણ આશ્રયે થયેલું તેનું ફળ અનંત આનંદ આદિ વીતરાગદશા એ સિવાય બીજે ક્યાંય છે નહિ. આહા..હા..! રાગથી, પુણ્યથી ધર્મ માનો. વીતરાગધર્મમાં વીતરાગભાવથી ધર્મ માનો એને ઠેકાણે પુણ્યથી ધર્મ માનો એ તો વીતરાગ ધર્મ ન રહ્યો, અન્યમતનો ધર્મ થયો. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહાર આવે ખરો પણ આ રાગ વિકલ્પ મૂઢતા ન આવે એને. આહા..હા..!

**શ્રોતા :-** સંગઠન..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંગઠનનો અર્થ શું? કો'કની સાથે મેળ કરવા માટે તારો ધર્મ છોડી દે એમ? આહા..હા..! વિઘટન છે એનું સંગઠન કરો. કઈ રીતે? કે અમે જે માનીએ છીએ તે પ્રમાણે માનો, તમે વીતરાગધર્મથી માનો છો એ છોડી દ્યો. આહા..હા..! કહો, વ્યવહારથી નિશ્ચય થાય તો એનો અર્થ થયો કે વ્યવહાર અને નિશ્ચય બે એક સાથે નથી. વ્યવહારથી પછી નિશ્ચય થાય. રાગથી પછી વીતરાગતા સમકિતની થાય, એ માર્ગ વીતરાગનો નથી. આહા..હા..! માર્ગ આવો છે.

**શ્રોતા :-** બંનેએ થોડું-થોડું છોડીને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થોડુ-થોડું એ વાણિયા નથી કે છોડે થોડું-થોડું. એ કહ્યું નહોતું પહેલું? વાણિયો, પટેલ પાસે પાંચ હજાર માગતો હતો. પછી પટેલની પાસે કાંઈ સામગ્રી બહુ તો માંડ બે હજાર ભેગું થાય બધું થઈને. બધું વેચે એના ઘરનું. વધારે હતું નહિ. એટલે બેઠા ભાઈ જુઓ ઓલો કહે, વાણિયો કહે પાંચ હજારમાં એક પાય ઓછી લેવી નથી. ઓલો કહે કે હજાર સિવાય હું પહોંચી શકું એવું

નથી. મારી પાસે વધારે છે નહિ. એય..! ચીમનભાઈ! ત્યારે ઓલો પછી આવ્યો કે ભાઈ હવે ચાર હજાર તું આપ. ભાઈ! હું માંડ પહોંચી શકું હજાર. છતાં તમે લ્યો તો બારસો લ્યો. આ વળી ત્રણ હજારે આવ્યો ત્યારે ઓલાએ પંદરસો કર્યા. આ જાણે કે હળવે-હળવે પચ્ચીસો સુધી આવ્યો, ત્યારે ઓલો કહે બાપુ જુઓ, બે હજાર સિવાય મારી પાસે એક રાતી પાઈ પણ છે નહિ. તો એ રીતે અહીં કરવું છે?

**શ્રોતા :-** બાર આના, ચાર આના નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ પાંચ હજારના બે હજાર રાખ્યા. વાણિયાવડે કહે ઈ. વાણિયો સમજતો હતો કે આની પાસે કાંઈ છે નહિ. ભેંસ-બેંસ વેચે ત્યારે માંડ બે હજાર થાય એવું લાગે છે. પણ પાંચ હજારમાં એક પાય (ઓછી) લેવી નથી. ત્યારે ઓલો કહે હજાર સિવાય મારી પાસે છે નહિ વધારે. એમ કરતાં-કરતાં આ બે હજારે આવ્યો અને ઓલો બે હજારે આવ્યો. એવું હશે આમાં? જરી મોળું મૂકો મોળું. એક ભાઈ કહેતા હતા એ. હિંમતભાઈ લાવ્યા હતા. પૂનમચંદ ઘાશીલાલ છેને મુંબઈ. પૂનમચંદ ઘાશીલાલનું મંદિર છેને, એ લાવ્યા હતા વાત હિંમતભાઈ. પૂનમચંદ એમ કહે છે કે કાંઈક કાનજીસ્વામી પોચુ મૂકે અને અમે કાંઈક પોચું મૂકીએ અને બે ભેગા થઈએ. આહા..હા..! પણ આ તો વીતરાગમાર્ગ છે એમાં પોચુ ક્યાં મૂકવું? આહા..હા..! કાંઈક કાંઈક શુભથી લાભ થાય એમ કહો તો અમે પણ કાંઈક શુભથી લાભ નથી એવું પણ માનીએ, શુભથી લાભ થાય એવું પણ માનીએ. આહા..હા..! આવી વાતું છે, ભાઈ! અહીં કહે છે, દેવમૂઢતા એને ન હોય. ગુરુમૂઢતા ન હોય, શાસ્ત્રમૂઢતા ન હોય. યથાર્થ જાણી પ્રવર્તવું. લ્યો!

**'ધર્માત્મામાં કર્મના ઉદયથી દોષ આવી જાય તો તેને ગૌણ કરવો...'** પણ ધર્માત્મા હોય એમાં કોઈ રાગાદિ વિશેષ થઈ જાય, બહાર આવી જાય તો એને ગોપવવો. ગોપવવો, પણ ધર્માત્મા હોય એની વાત છે. જેને મિથ્યાદૃષ્ટિ છે અને એના દોષના ઠેકાણા નથી એની વાત અહીં છે નહિ. આહા..હા..! **'ધર્માત્મામાં કર્મના ઉદયથી દોષ આવી જાય તો તેને ગૌણ કરવો અને વ્યવહારમોક્ષમાર્ગની પ્રવૃત્તિને વધારવી...'** એટલે શુભભાવ હોય એમ કહે છે. **'તે ઉપગૂહન અથવા ઉપબૃંહણ છે.'** દોષને ગોપવવા અથવા ગુણને વધારવા, એમ.

**'વ્યવહારમોક્ષમાર્ગથી ચ્યુત થતા આત્માને સ્થિત કરવો...'** ઓલામાં નિશ્ચયથી ચ્યુત થતાને સ્થિર કરવું હતું. આમાં વ્યવહારથી (ચ્યુત) થતો હોય એને સ્થિત કરવો. **'તે સ્થિતિકરણ છે. ૬. વ્યવહારમોક્ષમાર્ગમાં પ્રવર્તનાર પર વિશેષ અનુરાગ હોવો...'** ઓલા નિશ્ચયમાં પોતાનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તેમાં પ્રેમ હતો, આ ધર્માત્મા પ્રત્યે પ્રેમ કરવો. વ્યવહાર છેને? આહા..હા..! **'વિશેષ અનુરાગ હોવો તે વાત્સલ્ય છે.' 'વ્યવહારમોક્ષમાર્ગનો અનેક ઉપાયો વડે ઉદ્યોત કરવો તે પ્રભાવના છે.'** વ્યવહાર હોં વિકલ્પ. **'આ પ્રમાણે આઠે ગુણોનું સ્વરૂપ વ્યવહારનયને પ્રધાન કરીને કહ્યું. અહીં નિશ્ચયપ્રધાન કથનમાં તે વ્યવહારસ્વરૂપની ગૌણતા છે.'** ગૌણતા છે, એની મુખ્યતા નથી. **'સમ્યગ્જ્ઞાનરૂપ પ્રમાણદૃષ્ટિમાં બન્ને પ્રધાન છે.'** એક સાથે છે એમ કહે છે. નિશ્ચયનયની દૃષ્ટિમાં વ્યવહાર ગૌણ છે અને પ્રમાણજ્ઞાનમાં બેય સાથે છે. આહા..હા..! નિશ્ચય પણ હોય છે અને

વ્યવહાર પણ હોય છે એટલું. '**પ્રમાણદષ્ટિમાં બન્ને પ્રધાન છે. સ્યાદ્‌વાદમતમાં કાંઈ વિરોધ નથી.**' પણ એનો અર્થ એવો નથી કે વ્યવહારથી નિશ્ચય થાય એ સ્યાદ્વાદ છે, એમ નથી. અહીંયાં તો આત્મા પૂર્ણાનંદનો નાથ એની નિઃશંકાદિ સમકિત નિશ્ચય થયું, એની પ્રધાનતા એ નિર્જરાનો અધિકાર છે. હવે જ્યારે વ્યવહાર પ્રધાનતાથી કથન આવે ત્યારે આવા આઠ બોલ આવે, આ કહ્યા એ હમણા. અને બેનું એક સાથે કહેવું હોય તો પ્રમાણ આવે. પણ પ્રમાણમાં નિશ્ચયને કબુલ્યું છે એ રાખીને .. પ્રવર્તે છે. સમજાણું કાંઈ? પ્રમાણમાં એમ નથી કે પ્રમાણમાં વ્યવહાથી નિશ્ચય થાય તો એ પ્રમાણજ્ઞાન કહેવાય એને, એમ નહિ.

**શ્રોતા :-** તો પ્રમાણ પ્રમાણ ન રહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચય રહ્યું નહિ તો પ્રમાણ બીજું ક્યાંથી રહ્યું? માર્ગ ભાઈ બહુ આહા..હા..! જન્મ-જરા-મરણના દુઃખના મોટા ડુંગરામાં પડ્યો છે અનાદિથી. આહા..હા..! દુઃખી... દુઃખી... દુઃખી... આહા..હા..!

**શ્રોતા :-** પ્રમાણ... જ્ઞાન કરવું...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાન કરવું. પ્રમાણ એટલે જ્ઞાન. આહા..હા..! સમજાય છે કાંઈ? અને પ્રમાણમાં પણ પ્રવૃત્તિ તો બેય આવીને. નિશ્ચય આવી અને વ્યવહાર આવ્યું એનું જ્ઞાન કર્યું એ બેય આવ્યું. શુભરાગ પણ આવ્યો અને શુદ્ધતા પણ આવી. એ જ્ઞાનમાં આવ્યું. એ પ્રવૃત્તિ તો છે બેય. નિશ્ચયની પ્રવૃત્તિ છે અને રાગની પ્રવૃત્તિ છે એ બેયનું જ્ઞાન આવ્યું, તો એનું જ્ઞાન કર્યું. આહા..હા..!

'**હવે, નિર્જરાનું યથાર્થ સ્વરૂપ જાણનાર અને કર્મના નવીન બંધને રોકી નિર્જરા કરનાર જે સમ્યગ્દષ્ટિ તેનો મહિમા કરી નિર્જરા અધિકાર પૂર્ણ કરે છે :-**' લ્યો!

(मन्दाक्रान्ता)

रुन्धन् बन्धं नवमिति निजैः सङ्गतोऽष्टाभिरङ्गै
प्राग्बद्धं तु क्षयमुपनयन् निर्जरोज्जृम्भणेन।
सम्यग्दृष्टिः स्वयमतिरसादादिमध्यान्तमुक्तं
ज्ञानं भूत्वा नटति गगनाभोगरङ्गं विगाह्य।।१६२।।

આહા..હા..! 'इति नवम् बन्धं रुन्धन्' '**એ પ્રમાણે નવીન બંધને રોકતો...**' સમ્યગ્દષ્ટિ. પાછળ આવશે. શુદ્ધ ભગવાન પરમાનંદ સ્વરૂપે પરિણમતો, પરમાનંદના રસમાં આવતો. આહા..હા..! એ '**નવીન બંધને રોકતો...**' 'निजैः अष्टाभिः निर्जरा-उज्जृम्भणेन प्राग्बद्धं तु क्षयम् उपनयम्' '**(પોતે) પોતાનાં આઠ અંગો સહિત હોવાના કારણે નિર્જરા પ્રગટવાથી પૂર્વબદ્ધ કર્મોને નાશ કરી નાખતો...**' સમ્યગ્દષ્ટિ જીવ. આહા..હા..! શુદ્ધજ્ઞાન જેનું પરિણમન છે. કેમકે વસ્તુ શુદ્ધ છે તેવું પરિણમન થયું છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ સમ્યગ્દર્શન વિના જે કાંઈ વર્તન આદિ બહાર કરે એ બધા થોથા એકડા વિનાના મીંડા છે. ત્યારે એને એ છે કે ભલે સમ્યગ્દર્શન ન હોય અને

સમ્યગ્દર્શનની ખબર કેમ પડે? એ તો કેવળી જાણે. એટલે થઈ રહ્યું જાવ. આહા..હા..! એટલે આ વ્યવહાર જે વ્રતાદિ તપ કરે એ સાધન છે, માટે એનો મોક્ષનો માર્ગ છે. આહા..હા..! ખબર ન પડે એ જ અજ્ઞાન છે અને મિથ્યાત્વ છે એમ બતાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સમ્યગ્દષ્ટિ જીવ પોતે અતિ રસથી (અર્થાત્ નિજરસમાં મસ્ત થયો થકો)...** ' ભાષા જોઈ! **'अतिरसात्'** આહા..હા..! સમ્યગ્દષ્ટિ આનંદના રસમાં મસ્ત થયો થકો. ધર્મીની દશા અતીન્દ્રિય આનંદના રસમાં તરબોળ થતો થકો. આહા..હા..! સંસારી પ્રાણી દુઃખના રસમાં તરબોળ છે. કષાયના ભાવમાં. આહા..હા..! ધર્મી જીવ... આહા..હા..! જેને અતીન્દ્રિય આનંદનો રસ ભગવાન આત્મા, પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો રસ જેને આવ્યો છે. આહા..હા..! વિષયનો રસ, કષાયનો રસ એ દુઃખરસ છે. આહા..હા..! આબરૂનો રસ, પૈસાનો રસ એ બધો દુઃખરસ છે, ઝેરનો રસ છે. આ અમૃત સાગર ભગવાન આત્મા.. આહા..હા..! અતીન્દ્રિય આનંદથી ભરેલો પ્રભુ, એનું જેને શુદ્ધ પરિણમન છે એ અતીન્દ્રિય આનંદમાં એ રસબોળ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'अतिरसात्'** આહા..હા..! અતિરસ છેને એની સાથે 'અતિ' શબ્દ આવ્યો છેને. એનો 'મસ્ત' અર્થ કર્યો. રસમાં મસ્ત. આહા..હા..! **'अतिरसात्'** શુદ્ધ ચૈતન્યઘન ભગવાન જેમાં અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભર્યો છે એનો જ્યાં પ્રતીત અને અનુભવ થયો. આહા..હા..! એનો અનુભવને. એને અનુસરીને, આનંદને અનુસરીને આનંદદશા થઈ એમાં અતિ છે એ. એ રસમાં **'अतिरसात्'**. આહા..હા..! મસ્ત છે, વિશેષરસથી મસ્ત છે. સામાન્યરસ તો ભગવાન આત્મામાં પડ્યો જ છે એ ત્રિકાળી. આહા..હા..! ધર્મી જીવ એને કહીએ... આહા..હા..! જે અતીન્દ્રિય આનંદના રસમાં મસ્ત છે. આહા..હા..! આવી વ્યાખ્યા. અહીં તો કહે, દયા પાળે, વ્રત કરે ને તપ કરે એટલે થઈ ગયો ધર્મ એને લ્યો! આહા..હા..! ધૂળમાંય ધર્મ નથી, રાગનો રસ છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે. **'स्वयम् अतिरसात्'** બે શબ્દ પડ્યા છે. સમજ્યાને? આહા..હા..! પોતે પોતાના આનંદના રસમાં મસ્ત થયો થકો. આહા..હા..! જેના આનંદરસ આગળ દુનિયાના ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ ઝેર જેવા દેખાય. આહા..હા..! હાડકા, માંસના ચુંથણા રાગથી કરે એ ઝેર દેખાય એને. આહા..હા..! માર્ગ વીતરાગનો, બાપુ! જિનવર ત્રિલોકનાથ. આહા..હા..! વીતરાગભાવે ધર્મ થાય. વીતરાગભાવ આનંદનો રસ છે કહે છે. આહા..હા..!

**'સમ્યગ્દષ્ટિ જીવ...'** **'स्वयम्'** લ્યો અહીં **'स्वयम्'** આવ્યું. ઓલો **'स्वयम्'**નો અર્થ કરેને. **'स्वयम्'** પરિણમે છે એ નહિ. એ પોતે આત્મારૂપ પરિણમે છે એમ કર્યો એણે અર્થ. **'स्वयम्'**માં તો સ્વતંત્ર થાય એ વાત એને ગોઠતી નથી. અહીં તો **'स्वयम्'** પોતે **'अतिरसात्'** આહા..હા..! નરકનો નારકી હોય, સમકિતી હોય એને પણ આનંદનો રસ હોય છે. આહા..હા..! આમ જુઓ તો બહારમાં ઠંડી ને ગરમીનો પાર ન મળે. આહા..હા..!

**શ્રોતા :-** બહારથી જાણવામાં આવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન આવે? જાણવામાં ન આવે એવી ચીજ ક્યાં છે જગતમાં? જાણનાર

શું ન જાણે? આહા..હા..! જ્ઞાનનો સ્વભાવ શું ન જાણે?

**શ્રોતા :-** બીજો જાણે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ કહું છુંને. એ જ કહું છુંને. બીજાનો જ્ઞાન સ્વભાવ પ્રગટ્યો હોય તો એ જ્ઞાનસ્વભાવ શું ન જાણે? આહા..હા..! સમજાણું કાંઈ? સિદ્ધાંત તો અહીં ચાલ્યો છે 'ધવલ'માં. જ્યાં અવગ્રહ, ઈહ, અવાય, ધારણાનો પ્રશ્ન ઉઠ્યો છે. કે આ જીવ ભવિ છે કે અભવિ? આહા..હા..! લ્યો! આ જીવ ભવિ છે કે અભવિ એમ જ્યારે વિચાર કરે છે જ્ઞાની, ત્યારે જ્ઞાનમાં એને ભાસે છે કે એને તો સમ્યગ્દર્શન-જ્ઞાન લાગે છેને. છે એમ. લાગે છે એટલે છે. લાગે એટલે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એની પાસે છે એમ ભાસે છે. તો પછી ભવિ જ છે એ. આહા..હા..! એવો પાઠ છે ધવલમાં. બીજે ઠેકાણે અવગ્રહમાં એમ લે કે આ તો કાઠિયાવાડી છે કે ક્યાંનો છે, એમ કરીને બહારની વાત (કરી) અને આમાં તો અંદરની લીધી છે. આહા..હા..! અરે..! તારું જ્ઞાન શું ન જાણે પ્રભુ! ન જાણે એ જ્ઞાનમાં હોતું નથી. આહા..હા..! જ્ઞાન સ્વને જાણે, પરને જાણે, ભગવાનને જાણે, પોતાને જાણે અને બધાને જાણે. આહા..હા..!

**શ્રોતા :-** સમ્યગ્દષ્ટિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ કીધું. પ્રગટ થયા છે એને જાણે. એનો નિર્ણય કરે છે એ કે આને પ્રગટ થયા છે.

**શ્રોતા :-** પ્રગટ ન થયા હોય તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન થયા હોય એનો ક્યાં પ્રશ્ન છે? આ તો ભવિનો નિર્ણય એણે કેમ કર્યો? કે પ્રગટ થયા છે એનું ભાન થયું એટલે આ ભવિ છે એમ નિર્ણય કર્યો. નથી પ્રગટ્યો માટે એ પ્રશ્ન અહીં છે નહિ. આહા..હા..! આ તો ભવ્યજીવની લાયકાત પ્રગટ થઈ ગઈ છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એનો એને ખ્યાલ આવી જાય છે કે ઓહો..! આ પ્રાણી ભવિ છે. કેમકે એનું સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ મને ભાસે છે. આહા..હા..!

**શ્રોતા :-** વ્યવહાર..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહાર-ફ્યવહારથી નહિ, અંદર નિશ્ચયથી વાત છે. શેઠ બધું રાખે છે બધા પ્રશ્નો. કાલે ઓલી વાત કરી હતી ત્યારે એક પ્રશ્ન મૂક્યો. નહિ અમારે વિમલચંદજીનો પ્રશ્ન મૂક્યો હતોને? ઝાંઝરી-ઝાંઝરી. જુવાન માણસ છે. છોકરાનું નામ શું છે? અરંહતપ્રકાશ. નાની ઉંમર છે. છ મહિનામાં એ બધો ધંધો કરે છે કે એક લાખ પેદા કરી લે સંચામાં. પછી બંધ કરી દે. એ કહે પછી સંચા ચાલે જ નહિ રૂ નથી માટે. પણ એ ધંધો મૂકે પણ બીજો ધંધો કરી શકે છે કે નહિ? આ તો એને બારે મહિના કરવો છેને ત્યાં એને. શેઠ! પણ ધૂળમાંય હવે ધંધા નથી. આહા..હા..! અરેરે..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરવો પડે અમારે. અમે આમ છીએ, તેમ છીએ. આહા..હા..!

કહ્યું નહોતું એક ફેરી? આહા..હા..! 'સહજાનંદી રે આત્મા સૂતો કાંઈ નિશ્ચિંત રે, મોહતણા રે

રણિયા ભમે, જાગ જાગ મતિવંત રે. લૂટે જગતના જંત...' એ છોકરાઓ અને બાયડી લૂંટે છે તમને. આહા..હા..! 'નાખી વાંક અનંત.' શું કરવા પરણ્યા હતા તમે? હજારોમાં હાથ શું કરવા ભેગો મેળવ્યો હતો? પાલવવું પડશે. આહા..હા..! એક બાઈનો તો કાગળ આવ્યો હતો ધણી ઉપર. તમે આટલી નાની ઉંમરમાં જુવાન માણસ. અમે જુવાન છીએ અને તમે અમારી પાસે આવતા નથી? તો ઘરડીને પરણવું હતુંને. એવો કાગળ આવ્યો હતો ધણી ઉપર. એ ધણી અહીં છે અત્યારે. નામ નથી આપતા. કહો, સમજાણું કાંઈ? ઘરડાને પરણવું હતુંને તો, અમારી પાસે બબ્બે વરસ, ત્રણ-ત્રણ વરસથી તમે આવતા નથીને આ શું છે? અમે જુવાન છીએ, કાંઈ ઘરડા છીએ? આહા..હા..! જુઓ આ લૂંટારા. અરે..! એ જ કહે છે 'નાખી વાંક અનંત.' આહા..હા..! 'નાખી વાંક અનંત' હોં પાછું. 'વિરલા કોઈ ઉગરંત.' વિરલ કોઈ એમાંથી નીકળે. આહા..હા..! સર્પણી જન્મે સર્પના બચ્ચાને એનું કુંડાળું કરીને ... કો'ક બહાર નીકળી જાય એ નીકળે. નહિતર એમાં એ હોય એ ખાઈ જાય, થઈ રહ્યું. આહા..હા..! મારી નાખ્યા જગતને. અરે..! હું ક્યાં જવાનો અને હું ક્યાં છું? એ મારે કરવું છે કે તારા માટે હું રોકાઈ જાઉં? આહા..હા..! સમજાણું કાંઈ? ક્યાંય એકલો આવ્યો, એકલો રહે અને એકલો જાય. એકલો આવ્યો, એકલો છે અત્યારે. બેકલો છે?

**શ્રોતા :-** માને છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માને તો ગમે તે માને. આહા..હા..! માનનાર તો મૂર્ખાઈપણે ગમે તે માને. આહા..હા..! એકલું આવ્યુંને, નિયમસારમાં નથી આવ્યું? એકલો આવ્યોને એકલો જાઈશ, બાપા! કોઈ સાથે નહિ આવે, ભાઈ! એ શરીરના રજકણો પડ્યા રહેશે અહીં. એ આ મકાન બધા હજીરા પડ્યા રહેશે, ભાઈ! એ કાંઈ તારી ચીજ નથી. આહા..હા..! કોણ જીવ? જીવ તો જીવમાં છે. મકાનમાં ક્યાં છે જીવ? આહા..હા..! પ્રભુ! તું તો પરથી ભિન્ન છોને. એ લોકો તને લૂંટે માટે તું લૂંટા. આહા..હા..!

એક વાણિયો હતો એ માલ લઈને નીકળ્યો ગાડામાં. ૨૦-૨૫ મણ કાપડ. એમાં ડાકુ આવ્યા. ચોર. એટલે એને ખબર પડી કે આ ડાકુ આવ્યા છે. ગાડુ ઊભું રાખ્યું પોતે. માલ ઉતારી નાખ્યો નીચે, પાથર્યો આવો ભાઈ લેવો હોય માલ જેને. ડાકુ ઉપાડવા માંડ્યો માલ. આમાં તમારું નામ નોંધાવો. એ જાણે ઓલો વાણિયો એને નામ ત્યાં ક્યાં લેવા આવ્યો. .. આમ લૂંટી જઈશું એના કરતા આ આપીએ. આહા..હા..! નામ નોંધાવ્યા ભાઈએ. માલ લઈ ગયા. એમાં એક મીંદડો હતો જંગલમાં ત્યાં. આમ નીકળ્યો મીંદડો. આ મીંદડાની સાક્ષી છે. વાણિયા .. એ તો લઈ ગયા માલ. કોર્ટમાં કેસ કર્યો આણે. ઓલા ... ભાઈ આ તેં માલ લીધો છે? અમે તો કાંઈ લીધો નથી. અમને તો આમ છે ને તેમ છે. ત્યાં ઓલો વાણિયો ઘરનું મીંદડું લઈ આવ્યો. ઘરમાંથી મીંદડું. ઘરનું. જુઓ, આ મીંદડાની સાક્ષી. ત્યારે ઓલા ચોરો કહે આ મીંદડો નહોતો. ભલે એ નહોતો પણ, (બીજો કોઈ હતો તો ખરોને!)

**શ્રોતા :-** સમજ્યા નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજ્યા નહિ? મીંદડું મીંદડાની સહી કરી હતી એણે. પછી ઘરનું મીંદડું લાવ્યો વાણિયો કોર્ટમાં. ત્યારે ઓલા ચોર કહે આ નહોતું. આ નહોતુંને? પણ હતુંને બીજું? લીધો છે

માલ, આપી દ્યો.

**શ્રોતા :–** કેસ સાબિત થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કેસ સાબિત થઈ ગયો. આહા..હા..! એમ અજ્ઞાનીઓ પરને મારા માને ત્યાં કેસ સાબિત થઈ જાય છે. બાપુ! તું ગુનેગાર છો હોં! આહા..હા..! એકલો આવ્યો, એકલો દુઃખ ભોગવે અને મોક્ષમાં એકલો આનંદ ભોગવે. એ આવે છેને એમાં? એકલો આનંદ ભોગવે. એને કોઈ પરની સાથે સંબંધ છે નહિ. આહા..હા..! જોડે સિદ્ધ છે અનંત. તો એ આનંદ પોતાનો એકલો પોતાનો ભોગવે છે. બીજાનો આનંદ ભોગવતો નથી અને બીજાને આનંદ આપતો નથી. આહા..હા..! કોણ?

**શ્રોતા :–** સંસાર નાટક છે, નાટક છે, છોડીને ચાલ્યા ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નાટક છે, માટે કહે ન ટકે તે નાટક. એ કહ્યું હતું દીક્ષા પહેલાં. મોરબીમાં એક હતા મોટા નાટક. એનો બાપ હતો ખોજા ઝવેરદાસ ત્યાં ગારિયાધાર. ૬૯ની સાલની વાત છે. ૬૯ની. ૭૦ પહેલાં દીક્ષા લીધીને. ૬૯ માં એ મોટો વહીવટદાર ત્યાં હતો. અને હું ગારિયાધાર રહ્યો હતો આઠ મહિના. પછી વહીવટદારનો દીકરો મોટો મોરબીમાં મોટું નાટક. એ બે વાત કરવા માંડ્યા અને હું ત્યાં ગયેલો ટાંકણે. લોકો બહુ માન. મેં કીધું, ભાઈ! નાટક તમારો છોકરો કરે તે ન ટકે તે નાટક. આહા..હા..! એમ કહ્યું હતું ભાઈ તે દિ' ૬૯માં હોં! આ બધું ન ટકે તે નાટક છે, બાપા! આહા..હા..! શરીર, વાણી, મન એ બધા ન ટકે તે નાટક છે. મોટું નાટક હતું. છોકરો હુશિયાર હતો. બ્રાહ્મણ હતા. ..આપેલાને. એને .. ખાનું.. બધા સારી રીતે બોલાવે બિચારાને. એ નાટક એટલે ન ટકે તે નાટક. ટકે આત્મા ભગવાન અવિનાશી... આહા..હા..! એનું નાટક તે નાટક છે. આહા..હા..! ધૂળધાણી. આહા..હા..!

અહીં કહે છે, '**अतिरसात्**' આહા..હા..! અજ્ઞાનીને ઝેરના રસ ચડી ગયા છે—વિષયના ને કષાયના ને આબરૂના. પાગલ થઈ ગયો છે પાગલ. ધર્મીને... આહા..હા..! '**स्वयम् अतिरसात्**' આ ત્રણ શબ્દ પડ્યા છે. પોતે પોતાથી પોતાના રસમાં મસ્ત છે. આહા..હા..! આવું છે. એ રસમાં કોઈ ભાગીદાર નથી. આહા..હા..! એ દુઃખના રસમાં પણ બીજો ભાગીદાર ક્યાં છે? તું ભોગવ બાપા તેં કરેલા હોય એ. આહા..હા..! ઓલું નહોતું કહ્યું બે ભાઈઓનું? નાના ભાઈ માટે મોટો ભાઈ દવા લાવ્યો. આને ખબર નહિ બહુ. ઈંડાના રસ નાખે એ આને ખબર નહિ. પછી મરીને નાનો ભાઈ ગયો પરમાધામી, મોટો ભાઈ થયો નારકી. એમાં એને ખ્યાલ આવી ગયો કે આ તો બે ભાઈ જેવા લાગે છે. જાતિસ્મરણમાં ખ્યાલ આવી ગયો. એને જાતિસ્મરણ થાય છે. અરે..! ભાઈ! પણ મેં તમારે માટે કર્યું હતુંને, બાપુ! કોણે કહ્યું હતું તને મારા માટે પાપ કરજે? એય..! તારા કરેલા ભોગવ તું. પણ તું મને મારે છોને? તો કહે, પણ અમે મારનારા છીએ અને અમે પરમાધામી છીએ. આહા..હા..!

**શ્રોતા :–** હજારોમાં એક દાખલો આવ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એવા તો અનંતવાર થઈ ગયા છે એકમાં શું? અનંતવાર એક-એક જીવને એવી સ્થિતિ (થઈ છે). આહા..હા..! બાયડી મરીને પરમાધામી થાય અને પોતે મરીને નારકી થાય.

આહા..હા..! એવા અનંતવાર થયા, બાપુ! તને ખબર નથી. મારે અંદરથી. આહા..હા..! એવું છે. સગો ભાઈ થાય પરમાધામી અને આ થાય નારકી. બાપ થાય પરમાધામી અને છોકરો થાય નારકી. છોકરો થાય પરમાધામી ને બાપ થાય નારકી. આહા..હા..! નાટક આવા અનંતવાર કર્યા, બાપા! આહા..હા..! સમજાણું કાંઈ?

ધર્મીને તો આત્માના આનંદનો રસ ચડ્યો છે કહે છે. બીજા રસ ઉતરી ગયા છે. ઝેર જેવા લાગે છે. આહા..હા..! છે? '**સમ્યગ્દષ્ટિ જીવ...**' '**स्वयम् अतिरसात्**' આહા..હા..! આચાર્યોના રામબાણ શબ્દો તો જુઓ, '**स्वयम्**' નામ પોતે. '**अतिरसात्**' નામ '**(અર્થાત્ નિજરસમાં મસ્ત થયો થકો)**' '**आदि-मध्य-अन्तमुक्तं ज्ञानं भूत्वा**' આહા..હા..! ભગવાન છે એની આદિ નથી, અંત નથી, મધ્ય નથી, ત્રણથી રહિત. આહા..હા..! પ્રભુ જે આત્મા છે એની આદિ એ તો છે. મધ્ય નહિ, અંત નહિ, છેડો છે એને? આહા..હા..! ભગવાન આત્મા આદિ-મધ્ય-અંત વિનાનો સર્વવ્યાપક સર્વને જાણનારો. આહા..હા..! '**(એકપ્રવાહરૂપ ધારાવાહી) જ્ઞાનરૂપ થઈને...**' આહા..હા..! સર્વવ્યાપકનો અર્થ સર્વને જાણતો. '**(એકપ્રવાહરૂપ ધારાવાહી) જ્ઞાનરૂપ થઈને...**' આહા..હા..! '**गगन-आभोग-रङ्गं विगाह्य**' '**गगन**' નામ '**આકાશના વિસ્તારરૂપી રંગભૂમિમાં અવગાહન કરીને...**' આહા..હા..! મૂળ તો '**(અર્થાત્ જ્ઞાન વડે સમસ્ત ગગનમંડળમાં વ્યાપીને)**' અર્થાત્ દરેક ઠેકાણે પોતે જ્ઞાનમાં વ્યાપ્યો છે એમ કહે છે. આહા..હા..! ગમે તે સંયોગોમાં દેખાય પણ એનું જ્ઞાન જાણનારો જ રહે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..!

'**આકાશના વિસ્તારરૂપી રંગભૂમિમાં અવગાહન કરીને (અર્થાત્ જ્ઞાન વડે સમસ્ત ગગનમંડળમાં વ્યાપીને) નૃત્ય કરે છે.**' એ ધર્મી આનંદમાં નૃત્ય કરે છે. આહા..હા..! આનંદમાં નાચી રહ્યો છે. આહા..હા..! લ્યો, આ નાટક. શુદ્ધ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એનો જ્યાં અનુભવ થયો તે અતીન્દ્રિય આનંદમાં નાચે છે. આહા..હા..! ઓલા કહેતા હતાને કે આ ટોડરમલ અને બનારસીદાસ અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે. અરે..! ભગવાન! આમ ન કહેવાય પ્રભુ! તને સ્વતંત્રતા મળી છે તો બોલ. પણ આ.. આહા..હા..! બનારસીદાસ અને ટોડરમલ સમર્થ જ્ઞાની હતા. આહા..હા..! મૂળ નિશ્ચયની વાત તેને ગોઠે નહિ ને અને વ્યવહારથી થાય એમ કહો તો ઠીક પડે. કારણ કે ઓલી સૂઝ પડતી નથી અને આ સૂઝ પડે બધી બહારમાં. સૂઝ પડે ત્યાં મૂંઝ પડે છે, જ્યાં મૂંઝ પડે છે ત્યાં સૂઝ પડે છે એને. આહા..હા..! જ્યાં સૂઝ પડે છે વ્યવહારમાં તે મૂઢતા છે. અહીં સૂઝ પડે ત્યાં એને મૂંઝ—સમજાતું નથી. આહા..હા..! આવો વખત બાપુ અનંતકાળમાં.. દુર્લભ નહોતું આવ્યું મનુષ્યપણું, એમાંથી સાંભળવું, એમાં વીતરાગનો માર્ગ આ પરમસત્ય, જૈનદર્શન એને કાને પડવું. આહા..હા..! એને ધારવું, એમાંથી સમ્યક્ થવું એ તો મહાદુર્લભ ચીજ છે. આહા..હા..! ધૂળના પૈસા અબજોપતિ અનંતવાર થયો છે, ભિખારા. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- સમ્યગ્દષ્ટિને...**' સત્યદષ્ટિને. આહા..હા..! ચૈતન્ય સત્ય સાહેબો જેની દષ્ટિમાં આવ્યો છે કહે છે. આહા..હા..! ભગવાન પરમાનંદનો સાહેબો ભગવાન આત્મા... આહા..હા..! એ

જેને અનુભવમાં, પ્રતીતિમાં, દૃષ્ટિમાં આવ્યો છે. આહા..હા..! એને **'શંકાદિકૃત નવીન બંધ તો થતો નથી...'** શંકા થઈને નવા બંધન તો થતા નથી. **'અને પોતે આઠ અંગો સહિત હોવાને લીધે નિર્જરાનો ઉદય હોવાથી...'** નિર્જરા થવાથી એમ. **'તેને પૂર્વ બંધનો નાશ થાય છે. તેથી તે ધારાવાહી જ્ઞાનરૂપી રસનું પાન કરીને,...'** આહા..હા..! ભાઈએ લખ્યું નથી સોગાનીએ, કે જેમ શેરડીનો રસ—ગન્નાનો, તૃષા લાગી હોય ને ગટ.. ગટ... ગટ.. ગટ પીવે આમ, એમ આનંદનો રસ અમે અનુભવીએ છીએ એમ કહે છે. ગટ-ગટની જેમ આનંદ. આહા..હા..! છે આપ્યું છેને ભગવાનજીભાઈ! દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ છેને? ભગવાનજીભાઈને. છે? શેઠિયાને બધાને મળી ગયું છે. આહા..હા..! એમાં એ છે. જેમ તૃષા લાગી હોય ને શેરડીનો રસ ગન્નાનો.. હિન્દુસ્તાની (ભાષા) આહા..હા..! પ્યાલો ભરીને આમ ગટ.. ગટ... ગટ.. એમ આત્મા આનંદના રસને ગટ-ગટ કરીને પીવે કહે છે. આહા..હા..! આવી વાત છે. આહા..હા..!

**'જેમ કોઈ પુરુષ મદ્ય પીને...'** છે? **'મગ્ન થયો થકો નૃત્યના અખાડામાં નૃત્ય કરે તેમ, નિર્મળ આકાશરૂપી રંગભૂમિમાં નૃત્ય કરે છે.'** જ્ઞાનરૂપી રસનું પાન કરીને નાચે છે. આહા..હા..! આનંદના રસને પીવું હજી એને તો સાંભળ્યું નથી એણે કે આનું નામ ધર્મ અને આનું નામ સમકિત. આહા..હા..! અને એના વિના પાધરા આ તપ કરે, અપાવસ કર્યા ને ત્યાગી થઈ ગયા, થઈ ગયો ધર્મ. આહા..હા..! આત્મા આનંદસ્વરૂપ છે તેની શ્રદ્ધારૂપે પરિણમ્યો છે. એટલે શું થયું? આ આનંદસ્વરૂપ છે પૂર્ણ એની શ્રદ્ધારૂપે પરિણમ્યો એટલે શ્રદ્ધામાં આનંદ આવ્યો છે. આહા..હા..! સમજાણું? મદ્ય પીને જેમ નાચે એમ આ આનંદમાં નાચે છે કહે છે. આહા..હા..!

**'પ્રશ્ન :- 'સમ્યગ્દૃષ્ટિને નિર્જરા થાય છે, બંધ થતો નથી' એમ તમે કહેતા આવ્યો છો, પરંતુ સિદ્ધાંતમાં ગુણસ્થાનોની પરિપાટીમાં અવિરતસમ્યગ્દૃષ્ટિને વગેરેને... '** ચોથે ગુણસ્થાને સમકિતી છે એને **'બંધ કહેવામાં આવ્યો છે. વળી ઘાતિકર્મોનું કાર્ય આત્માના ગુણોનો ઘાત કરવાનું છે તેથી દર્શન, જ્ઞાન, સુખ, વીર્ય એ ગુણોનો ઘાત પણ વિદ્યમાન છે.'** સમકિતીને. આહા..હા..! શું કહે છે? ઓલો કહે છે, અતિ આનંદમાં મસ્ત છે, પણ આ બધું આ છેને? આ ઘાત થાય છેને? અવિરતસમ્યગ્દૃષ્ટિને બંધ કેહવામાં આવ્યો શાસ્ત્રમાં. તમે કહો છો કે બંધ નથી. ઘાતિકર્મોથી ગુણોનો ઘાત થાય છે અને તમે કહો છો કો એને આનંદનો રસ આવે છે. આહા..હા..!

**'ચારિત્રમોહનો ઉદય નવીન બંધ પણ કરે છે.'** સમ્યગ્દૃષ્ટિને પણ હજી ચારિત્રમોહનો રાગ હોય છે એને નવીન બંધ કરે. **'જો મોહના ઉદયમાં પણ બંધ ન માનવામાં આવે તો તો મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ-અનંતાનુબંધીનો ઉદય હોવા છતાં બંધ નથી એમ પણ કેમ ન મનાય?'** આહા..હા..! પ્રશ્નકારે પ્રશ્ન કર્યો છે. ત્રણ વાત મૂકી. એક તો એ કે જેને બંધ કહેવામાં આવ્યો છે એને તમે બંધની ના પાડો છો. ચોથે ગુણસ્થાને, પાંચમે આદિ હજી કર્મનો બંધ તો કહેવાય છે. શાસ્ત્રમાં છે. બીજું, કે એને ગુણનો ઘાત થાય છે ઘાતિકર્મને લઈને, એ પણ છે સિદ્ધાંતમાં. ત્રીજું, ચારિત્રમોહના ઉદયને લઈને નવીન બંધ પણ કરે છે. એને ચારિત્રમોહનો રાગ છે કે નહિ જ્ઞાનીને? અને એના ઉદયમાં પણ બંધ ન

કહેવામાં આવે તો તો મિથ્યાદષ્ટિને મિથ્યા અનંતાનુબંધીનો ઉદય હોવા છતાં બંધ નથી એમ પણ કેમ ન માનવું? આહા..હા..! એનો ખુલાસો.

'**સમાધાન :- બંધ થવામાં મુખ્ય કારણ મિથ્યાત્વ-અનંતાનુબંધીનો ઉદય જ છે;...** ' લ્યો! આ વાત છે મુખ્ય. વિપરીત માન્યતા અને અનંતાનુબંધીનું પરિણમન. આહા..હા..! અનંત નામ મિથ્યાત્વની સાથે રહેલો કષાય એ અનંતાનુબંધી, એને જ બંધમાં મુખ્ય કારણ કહેવામાં આવ્યું છે. આહા..હા..! '**અને સમ્યગ્દષ્ટિને તો તેમના ઉદયનો અભાવ છે.**' એને મિથ્યાત્વ પણ નથી અને અનંતાનુબંધી પણ નથી. આહા..હા..! '**ચારિત્રમોહના ઉદયથી જોકે સુખગુણનો ઘાત છે...**' છે? ચાહિત્રમોહનો ઉદય છે એટલો હજી સુખગુણનો ઘાત છે. '**તથા મિથ્યાત્વ-અનંતાનુબંધી સિવાય અને તેમની સાથે રહેનારી અન્ય પ્રકૃતિઓ સિવાય બાકીની ઘાતિકર્મોની પ્રકૃતિઓનો અલ્પ સ્થિતિ-અનુભાગવાળો બંધ...**' છે. છેને? '**અનુભાગવાળો બંધ તેમ જ બાકીની અઘાતિકર્મોની પ્રકૃતિઓનો બંધ થાય છે, તોપણ જેવો મિથ્યાત્વ-અનંતાનુબંધીસહિત થાય છે, તેવો નથી થતો.**' મિથ્યાત્વ અને અનંતાનુબંધીની ભૂમિકામાં જે બંધ થાય તેવો બંધ જ્ઞાનીને હોતો નથી. એ અપેક્ષાએ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અનંતસંસારનું કારણ તો મિથ્યાત્વ-અનંતાનુબંધી જ છે;...**' આહા..હા..! વિપરીત શ્રદ્ધા અને અનંતાનુબંધી કષાય અનંતસંસારની વૃદ્ધિનું કારણ એ જ બંધનું કારણ છે, સંસારનું કારણ છે. આહા..હા..! '**તેમનો અભાવ થયા પછી તેમનો બંધ થતો નથી; અને જ્યાં આત્મા જ્ઞાની થયો ત્યાં અન્ય બંધની કોણ ગણતરી કરે?**' આહા..હા..! એ અપેક્ષા છે. અનંતસંસારનો બંધ નથી ત્યાં અલ્પ છે એની ગણતરી શું? એમ કહે છે. આહા..હા..! '**વૃક્ષની જડ કપાયા પછી લીલાં પાંદડાં રહેવાની અવધિ કેટલી?**' આહા..હા..! મોટો આંબો હોય અને મોટી આંબલી હોય એની જડ કાપી નાખે નીચે, હવે એ પાંદડા રહેવાનો કાળ કેટલો? પોષણ ગયું. આહા..હા..! સમજાણું કાંઈ?

'**માટે, આ અધ્યાત્મશાસ્ત્રમાં સામાન્યપણે જ્ઞાની-અજ્ઞાની હોવા વિષે જ પ્રધાન કથન છે.**' લ્યો! અહીં તો જ્ઞાની-અજ્ઞાનીને વિષે જ મુખ્ય કથન છે. અસ્થિરતાની વાત અહીંયાં મુખ્ય છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ-૧૪, બુધવાર, તા. ૦૨-૦૨-૧૯૭૭,**
**કળશ-૧૬૨-૧૬૩, પ્રવચન નં. ૩૦૯**

સમયસાર, નિર્જરાનો છેલ્લો ભાગ છેને. અહીંથી લ્યો ફરીને. '**જ્ઞાની થયા પછી...**' છે? એટલે કે આત્મા શુદ્ધ પવિત્ર છે એવું અંતરમાં જ્ઞાનમાં ભાન થઈને વેદન થયું. આત્મા શુદ્ધ ચૈતન્ય છે એનું અનંતકાળમાં વેદન નહોતું. એ વેદનમાં રાગ અને દ્વેષ ને વિકારનું વેદન હતું એ દુઃખરૂપ વેદન હતું. આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ (છે) એવું અંતરમાં સ્વજ્ઞાનની પર્યાયમાં જ્ઞેયરૂપે આત્મા જણાણો ત્યારે તેને વિકારનું વેદન ખસીને અવિકારી આનંદનું વેદન શરૂ થયું. આહા..હા..! આવી વાત છે. એ જ્ઞાની થયો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાની થયા પછી...**' આ રીતે. '**જે કાંઈ કર્મ રહ્યાં હોય તે સહજ જ મટતાં જવાનાં.**' પૂર્વનું કર્મ છે એ સહજ મટતા જવાના. નીચેના દૃષ્ટાંત પ્રમાણે. '**નીચેના દૃષ્ટાંત પ્રમાણે જ્ઞાનીનું સમજવું. કોઈ પુરુષ દરિદ્ર હોવાથી ઝૂંપડીમાં રહેતો હતો, તેને ભાગ્યના ઉદયથી ધનસહિત મોટા મહેલની પ્રાપ્તિ થઈ...**' લક્ષ્મીસહિત મોટા મહેલની પ્રાપ્તિ થઈ. '**તેથી તે મહેલમાં રહેવા ગયો. જોકે તે મહેલમાં ઘણા દિવસનો કચરો ભર્યો હતો...**' ઘણા દિવસનો. '**તોપણ જે દિવસે તેણે આવીને મહેલમાં પ્રવેશ કર્યો તે દિવસથી જ તે મહેલનો ધણી બની ગયો,...**' આહા..હા..! '**સંપદાવાન થઈ ગયો. હવે કચરો ઝાડવાનો છે તે અનુક્રમે પોતાના બળ અનુસાર ઝાડે છે.**' કચરો પડ્યો છે થોડો એ વાળે છે ધીમે-ધીમે. આહા..હા..! '**જ્યારે બધો કચરો ઝડાઈ જશે અને મહેલ ઉજ્જ્વળ બની જશે ત્યારે તે પરમાનંદ ભોગવશે.**' લૌકિકની અપેક્ષાએ. '**આવી જ રીતે જ્ઞાનીનું જાણવું.**' આહા..હા..! અનાદિકાળથી આત્મા પુણ્ય અને પાપના રાગની ઝૂંપડીમાં હતો. આહા..હા..!

**શ્રોતા :-** પુણ્યના ફળમાં તો મહેલ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય નથી મહેલ. ઓલા રાગમાં છે એ તો જ્યાં હોય ત્યાં. મહેલમાં પડ્યો છે કે રાગમાં છે એ? આહા..હા..! રાગ કષાયભાવમાં એ અનાદિથી હતો, ઝૂંપડી હતી એ તો. આહા..હા..! એમાં એને રાગથી રુચિ પલટી. આહા..હા..! જેમ ઓલાને મહેલ મળે છે લક્ષ્મીસહિત, એમ ધર્મીને આનંદસ્વભાવસહિત આત્મા પ્રાપ્ત થાય છે. આવી વાતું છે. સમજાણું કાંઈ? ઝૂંપડીમાં રહેતો હતો તેને મહેલ મળ્યો ધનસહિત હોં, પાછો એકલો મહેલ એમ પણ નહિ, ખાલી મહેલ નહિ, ધનસહિત. રહેવા ગયો ત્યારથી મહેલનો સ્વામી થઈ ગયો. કચરો કાઢવાનો છે હવે તે હળવે-હળવે કાઢશે. આહા..હા..!

**શ્રોતા :-** કચરો ક્યાંથી આવી ગયો ત્યાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કચરો પડ્યો છે અંદર બાંધેલો. અજ્ઞાનભાવે બાંધેલા છેને કર્મ, એ કચરો અહીં પડ્યો છે એમ કહે છે. મકાન પડ્યું હતું એમ ને એમ તો કચરો હોયને ભરાઈને. શું કહેવાય એ? મૈસુર. સાડા ત્રણ કરોડનો બંગલો છે. એક દરબારે કાઢી દીધો. થઈ રહ્યું. દરબારને ભરવું પડે ઘણું એટલે. ખાલી પડ્યો છે સાડા ત્રણ કરોડનો. તે દિ' કર્યા હશે તે દિ' સાડા ત્રણ કરોડનો હોં. હવે તો. ખાલી પડ્યો હોય તો વાળવાના પૈસા જોવે સમુકા. આહા..હા..! હવે જેને મળી જાય એને કચરો હોય ભલે ત્યાં પણ એ મહેલનો સ્વામી થઈ ગયો. લક્ષ્મી આદિ ભંડાર પડ્યા હોય એ સહિત. આહા..હા..!

એમ આત્મા અનાદિકાળનો પુણ્ય ને પાપના વિકારની લાગણીની ઝૂંપડીમાં પડ્યો છે. આહા..હા..! મકાન-બકાનમાં પડ્યો નથી. એ તો પરવસ્તુ એમાં ક્યાં રહે? આહા..હા..! શુભ અને અશુભરાગ એવો વિકાર, એની ઝૂંપડી એને. આહા..હા..! એમ આ ભગવાનના ભેટા થયા અંદરની દૃષ્ટિ કરી એટલે. આહા..હા..! ત્યાં જેવો ભગવાન હતો તેવું અંદર ભાન કર્યું. આહા..હા..! સમ્યગ્દર્શનમાં, સમ્યક્ એટલે જેવું પૂર્ણ સત્ય છે તેની પ્રતીત થઈ, એનું જ્ઞાન થઈને પ્રતીત થઈ. આહા..હા..! ત્યારથી અનંત આનંદ સહિત આત્માનો એ સ્વામી થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલાને ભાગ્યના ઉદયથી થાય છે, આને પુરુષાર્થની જાગૃતિથી થાય છે. આટલો ફેર. આહા..હા..!

ભગવાન અનંત આનંદના ગંજથી ભરેલો પ્રભુ છે. આહા..હા..! અતીન્દ્રિય અનંત આનંદ અને એક-એક ગુણનો આનંદ પાછો. આહા..હા..! જ્ઞાનનો આનંદ, શ્રદ્ધાનો આનંદ, ચારિત્રનો આનંદ, કર્તાનો આનંદ, કર્મનો આનંદ, કરણનો આનંદ, અનંતગુણનો આનંદ. આહા..હા..! એવો જે આત્મા તેનું ભાન થયું અંદરમાં. હું આત્મા પવિત્ર શુદ્ધ ચૈતન્યઘન તે હું આત્મા. એમ સમ્યક્ સત્યદૃષ્ટિમાં પૂર્ણ સત્યની પ્રતીતિ થઈ ત્યારે તે આત્માનો સ્વામી થઈ ગયો, રાગ અને પુણ્ય-પાપનો સ્વામી મટી ગયો અને અનંત ગુણના સામ્રાજ્યવાળો ભગવાન, અનંત ધનવાળો આત્મા એને પ્રાપ્ત થયો. આહા..હા..! લ્યો, આ તમારા પૈસાની—ધૂળની વાત કાઢી નાખી અહીં તો. આહા..હા..! ત્યારથી આત્મા પોતાના ગુણની લક્ષ્મીસહિત આત્મા જેને પ્રાપ્ત થયો, આહા..હા..! એ તો આત્માનો સ્વામી થયો. હવે પૂર્વના કોઈ કર્મ પડ્યા છે જરી કચરો, એને હળવે-હળવે સ્વરૂપમાં એકાગ્ર થઈને ટાળે છે. આહા..હા..!

**શ્રોતા :-** બધું છોડી દીધું હોય તો...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણે છોડ્યું? શું છોડે? પરને કોણ છોડે અને પરને કોણ ગ્રહે? પરને છોડું છું એ માન્યતા મિથ્યાત્વ છે. જુદી જાતની વાત છે, શેઠ! આ તમારી બીડીયું જેવી નથી અહીં કાંઈ. આહા..હા..! ભગવાન આત્મા.. એણે છોડ્યું એમ કહેવું એ પણ હજી વ્યવહાર છે. શું છોડ્યું? મિથ્યાત્વ અને અજ્ઞાન છોડ્યું એ પણ વ્યવહાર છે. જ્યાં ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં દૃષ્ટિમાં આવ્યો ત્યારે મિથ્યાત્વ અને અજ્ઞાન ઉત્પન્ન થતા નથી એને છોડ્યું એમ કહેવામાં આવે છે. બાયડી, છોકરા, કુટુંબ, પૈસા છોડ્યા એ તો વાત પણ નથી. આહા..હા..!

ત્યાગોપાદાનશૂન્યત્વ શક્તિ. ભગવાન આત્મામાં એવો અનાદિકાળનો એક શક્તિ—એવો ગુણ-એવો સ્વભાવ છે કે જે પરને ત્યાગ ને ગ્રહણ કરે એવું એનામાં છે જ નહિ. સમજાણું કાંઈ?

આહા..હા..! પરમાં અભાવ છે, પોતામાં પરનો અભાવ એમાં ત્યાગ કોનો કરવો? ત્યાગ જ છે. આહા..હા..! 'પરનો ત્યાગ કરું છું અને ગ્રહણ કરું છું' એ માન્યતા જ આત્માના ગુણથી વિપરીત છે. આહા..હા..! ફક્ત રાગ અને વિકારમાં એકપણે હતો એને વ્યવહારથી એમ કહેવાય (કે રાગને છોડ્યો). જ્યારે સ્વભાવને ચૈતન્યમૂર્તિ પ્રભુ અનંત પવિત્રનું ધામ મારો નાથ પ્રભુ જ્યાં નજરમાં આવ્યો.. આહા..હા..! ત્યારે એણે મિથ્યાત્વ અને અજ્ઞાન છોડ્યું એમ નામમાત્ર કથનથી તેણે છોડ્યું એમ કર્તા કહેવામાં આવે છે. આવે છેને. આહા..હા..! ૩૪ ગાથામાં આવે છે. રાગ અને અજ્ઞાનનો ત્યાગ એ પણ નામમાત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૩૪માં આવે છે, સમયસાર. પરના ત્યાગ કર્તાની તો વાત જ નથી. આહા..હા..! પર ક્યાં એમાં હતું તે ત્યાગ કરે? પરનો તો અભાવ જ છે. આહા..હા..! સ્વદ્રવ્યનો સ્વભાવ અને પરદ્રવ્યનો અભાવ એ તો ત્રિકાળ એમ જ છે. આહા..હા..!

અહીંયાં તો અંદરમાં ભગવાન પૂર્ણાનંદનું જ્ઞાન અને પ્રતીતિ છોડી અને જેણે રાગ ને પુણ્ય-પાપના પરિણામ હું, એવી પ્રતીતિમાં વસ્યો હતો એ ભિખારી હતો. એ ઝૂંપડીમાં વિકારમાં વસતો હતો ભિખારા. આહા..હા..! કરોડોપતિ અને અબજોપતિ હોય, પણ એ રાગમાં વસે એ ભિખારી છે. આહા..હા..! ઓલા નાગરભાઈ ગુજરી ગયા. ઓલા નહોતા માસ્તર, વઢવાણ? કંદોઈ નહિ? ગુજરી ગયા. હાર્ટફેઈલ થઈ ગયું. બહુ પ્રેમ હતો નાગરભાઈને. કંદોઈ હતા નહિ? માસ્તર હતા. વૃદ્ધ હતા. ઘણી ૮૫ વર્ષની ઉંમર હશે. હરજીવનભાઈ કહેતા હતા. સમાચાર આવ્યા હશે. બહુ પ્રેમ હતો. કંદોઈમાં રસ બહુ ઘણો આમાં. માસ્તર હતા. આહા..! આવું છે ક્ષણમાં ચાલ્યા ગયા. એ તો અવસ્થા હતી એની, ૮૫-૮૬ થયા હશે.

ઓહો..હો..! ભગવાન આત્મા જેને અંદરમાં આત્માનો અનુભવ થયો... આહા..હા..! આત્માની પ્રાપ્તિ થઈ પર્યાયમાં. પર્યાયમાં જે વિકારની પ્રાપ્તિ હતી એ સંસારની પ્રાપ્તિ હતી. આહા..હા..! એમાં પર્યાયમાં—અવસ્થામાં ભગવાનની પ્રાપ્તિ થઈ, એના સન્મુખ જોતા એ ચીજ દૃષ્ટિમાં આવી ગઈ. આહા..હા..! એટલે એ મહેલ લક્ષ્મીસહિત જ્યાં મહેલ મળ્યો, એમ આને અનંત આનંદ આદિ લક્ષ્મીસહિત ભગવાનની પ્રાપ્તિ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, બાપુ! આહા..હા..! હવે ધીમે-ધીમે પૂર્વના કર્મ છે, નિર્જરાનો અધિકાર છેને, એટલે આ બાજુમાં ઢળતા-ઢળતા પૂર્વની પ્રકૃતિ કર્મ આદિ, અશુદ્ધતા આદિ ટળી જશે. આહા..હા..! એટલે પરમાનંદને ભોગવશે. આહા..હા..! જ્યાં સુધી હજી કર્મનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, ત્યાં સુધી પૂર્ણ આનંદનો ભોગવટો નથી. આહા..હા..! આનંદનો અનુભવ છે, પણ પૂર્ણ આનંદનો નથી. એટલે જ્યારે પૂર્વના કર્મ છે એને ખેરવી નાખશે પોતાના સ્વભાવની સ્થિરતા દ્વારા, ત્યારે પરમ આનંદને ભોગવશે. આહા..હા..! એટલે કે મુક્ત થશે. આહા..હા..! આમ છે. આ માર્ગ છે, બાપુ! લોકોને એવું પડે આકરું. આ પ્રમાણે નિર્જરા રંગભૂમિમાંથી બહાર નીકળી ગઈ. એટલે નિર્જરાનું જ્ઞાન-ભાન થઈ ગયું.

**'ભાવાર્થ :- એ રીતે, નિર્જરા કે જેણે રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો તે પોતાનું સ્વરૂપ પ્રગટ બતાવીને બહાર નીકળી ગઈ.'** હવે આખો ટોટલ કરે છે.

સમ્યકવંત મહંત સદા સમભાવ રહૈ દુઃખ સંકટ આયે,
કર્મ નવીન બંધૈ ન તબૈ અર પૂરવ બંધ ઝડૈ વિન ભાયે;
પૂરણ અંગ સુદર્શનરૂપ ધરૈ નિત જ્ઞાન બઢૈ નિજ પાયે,
યોં શિવમારગ સાધિ નિરંતર આનંદરૂપ નિજાતમ થાયે.

નિર્જરા આખાનો સાર કહ્યો છે. આહા..હા..! **'સમ્યક્વંત મહંત...'** આહા..હા..! જેને આત્માનું ભાન થયું તે મહંત, મહાત્મા છે. આહા..હા..! રાગને આત્મા માનનારો એ બહિરાત્મા નીચ દશા છે. આહા..હા..! જેને ભગવાન આત્મા અનંતગુણનું સામ્રાજ્ય પ્રભુ એવું જેને અંતરમાં રાજ મળ્યું... આહા..હા..! એ મહંત છે. છે? એ મહંત છે. ઓલા જમીનના મહંત કહેવાય છે એમ નહિ. જગ્યાના મહંત કહેવાય છેને કે આ જગ્યાના મહંત. આહા..હા..! **'સમ્યક્વંત મહંત સદા સમભાવ રહૈ દુઃખ સંકટ આયે,...'** દુઃખ નામ પ્રતિકૂળનો સંયોગ હોય તોપણ જ્ઞાની તો સમભાવમાં આવે છે. આહા..હા..! સમભાવ રાખે છે, વીતરાગતા રાખે છે એમ કહે છે. આહા..હા..! જે પ્રતિકૂળતાને કાળે દ્વેષ થતો, અનુકૂળતાને કાળે એને રાગ થતો એ વાત રહી નહિ અહીંયાં. આહા..હા..! **'સમ્યક્વંત...'** સાચી દૃષ્ટિવંત અનુભવી **'મહંત...'** આહા..હા..! **'સદા સમભાવ રહૈ...'** જોયું! સદા સમભાવ રહે. કોઈ વખતે વિષમ અને કોઈ વખતે સમ એમ નહિ, એ તો જ્ઞાતા-દૃષ્ટાપણે જાણે છે. આહા..હા..!

**શ્રોતા :-** બે ભાઈ સમકિતી બાધ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ઉપરથી ચારિત્રનો દોષ છે, અંદરમાં સમભાવ છે. ભરત અને બાહુબલી બેય બાધ્યા, ચારિત્રની અસ્થિરતાની અપેક્ષાએ છે. બાકી અંતરમાં તો એ રાગ પ્રત્યે પણ પ્રેમ છૂટી ગયો છે. આહા..હા..! પ્રતિકૂળતા પ્રત્યે દ્વેષ છૂટી ગયો છે. જરી થાય છે એ પ્રતિકૂળતાને કારણે નહિ, એની નબળાઈને લઈને જરી થાય છે, એને અહીં સ્વરૂપના ભાન દ્વારા નાશ કરી દેશે. આહા..હા..! આમ આટલા અપવાસ કરશે તો ટાળશે એમ નથી કહ્યું અહીંયાં.

**શ્રોતા :-** બીજા શાસ્ત્રોમાં કહ્યું હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજા શાસ્ત્રોમાં એ તો નિમિત્તથી કથન હોય છે. આહા..હા..!

**'સમભાવ રહૈ દુઃખ સંકટ આયે,...'** આહા..હા..! ચુડામાં એક ફેરી ગયા હતા અમે ચુડામાં. માસ્તર હતાને કો'ક? પોસ્ટમાસ્ટર હતા. સોભાગ્યભાઈ.. જુનાગઢના હતા ડોક્ટર-ડોક્ટર. હા, સોભાગચંદભાઈ. બહાર રહેતા. એ છોકરો મરી ગયો જુવાન હોં! માણસ જરી લૌકિકમાં બહુ તો ઓલુંને. એટલે બધા આવે એને માળા આપે. માળા ગણો, રોશો નહિ. છોકરો જુવાન હોં! સોભાગચંદજી. એકવાર હું ત્યાં આવ્યો હતોને ત્યારે એને ત્યાં આહાર કર્યો હતો. ૬૮ની સાલ. ચુડા-ચુડા. ઓલું છેને તમારું માથે શાકભાજીનું ઓલું નહિ? શાકભાજી નીચે અને ઉપર ત્યાં ઉતર્યા હતા. ગુલાબચંદજી ત્યાં ઉતર્યા હતા. શાક માર્કેટ. ઉપર છે જરી. ત્યાં ઉતર્યા હતા. ૬૯ની વાત છે ઘણું કરીને. ૬૯. પછી સાંભળ્યું હતું કે આ ડોક્ટરનો છોકરો જુવાન મરી ગયો તો માણસો આવે એને માળા આપે. રોશો નહિ. થવા કાળે થયું. એવો તો બિચારો નૈતિક માણસ. ધર્મ તો કાંઈ નહોતો. જુવાનજોધ હોં! આહા..હા..!

એમાં શું પણ છે? આહા..હા..! મુદત પૂરી થાય, મહેમાન આવ્યા હોય અને મુદત પૂરી થાય તો વયો જાય. એ કાંઈ સદા રહેવા આવ્યો છે મહેમાન? આહા..હા..!

**શ્રોતા :–** લોકોને દુઃખ... થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દુઃખ આ પ્રતિકૂળ આવે બહાર અહીં કીધુંને. આ દાખલો આપીએ છીએ ને આ સંકટનો. દીકરો ૨૦ વર્ષનો જુવાન મરી ગયો હોય તોપણ સમકિતીને સમભાવ છે ત્યાં. આહા..હા..! અને કાંઈક થાય જો રાગાદિ તો એ કાંઈ એ ચીજને લઈને નથી થયું, પોતાની નબળાઈથી થાય છે. એવો મોટો ફેર છે. અજ્ઞાનીને એ પ્રતિકૂળ અને અનુકૂળને કારણે રાગ-દ્વેષ થાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનીને પોતાની કમજોરીને લઈને થાય, પણ એ અનુકૂળ-પ્રતિકૂળ જ્ઞેયને કારણે થાય એમ નથી. આહા..હા..! મોટો ફેર છે. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગને સમજવો, બાપુ! એ તો અલૌકિક વાત છે. ત્રણલોકના નાથ, જેને સો-સો ઈન્દ્રો તળિયા ચાટે. આહા..હા..! જેને મોટા સિંહ શું કહેવાય એ? કેસરી સિંહ. આહા..હા..! ત્રણલોકનો નાથ બિરાજતા હોય ત્યાં કેસરી સિંહ સેંકડો સમવસરણમાં આવે. આહા..હા..! શું કહે છે?

**શ્રોતા :–** મૈસુરના સિંહને આપ આશીર્વાદ આપો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો ઠીક. આ તો સિંહ મોટા. એ તો વાઘ હતો. શું કહેવાય? વાઘ-વાઘ, વાઘ હતો. ઓલો તો સિંહ. જેમ અત્યારે આ રાખે છેને વાળ છોકરાઓ મોટા એવા કેસરી. કેસર આમ. આમ મોઢું મોટું. સેંકડો સિંહ જંગલમાંથી જેમ ગલુડિયા ચાલ્યા આવે એમ સમવસરણમાં આવે. આહા..હા..! બાપુ! એ ભગવાન કોણ છે કે જેનો અતિશય આવો છે? જેના વિશેષ ગુણોની તો વાત શું કરવી? આહા..હા..! સિંહ અને વાઘ, કાળા નાગ જંગલમાંથી મોટા ૨૫-૨૫ હાથના લાંબા ચાલ્યા આવે હળાહળ કરતાં-કરતાં સમવસરણમાં જાય. આહા..હા..! એના અતિશયની આવી વાત તો એના સ્વભાવની શું વાત કહેવી! આહા..હા..! એવો ત્રણલોકનો નાથ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એની વાણી કોઈ જુદી જાતની છે. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે ધર્મી એને કહીએ, ધર્મી એને કહીએ કે જેને અનંત સ્વભાવવાળો, ધર્મવાળો ભગવાન આત્મા પ્રાપ્ત થયો છે. આહા..હા..! ધર્મી સમકિતી એને કહીએ કે જેને અનંતધર્મ સ્વભાવવાળો ભગવાન પ્રાપ્ત થયો છે. આહા..હા..! એથી એને પરમ આનંદ છે. આહા..હા..! અને પ્રતિકૂળ-અનુકૂળ સંયોગોમાં તેનો સમભાવ વર્તે છે, જ્ઞાતા-દ્રષ્ટા છે, જાણનાર-દેખનાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'કર્મ નવીન બંધૈ ન તબૈ...'** એ સમકિતી ધર્મી જીવ નવા કર્મ બાંધતો નથી. આહા..હા..! બાપુ! સમકિત શું ચીજ છે? એ કોઈ અલૌકિક છે, લોકોને ખબર નથી અને સમકિત વિના વ્રત ને તપ ને કરો કલ્યાણ થશે, ધૂળેય નથી. આહા..હા..! એ ચીજની ખબર નથી પ્રભુ તને. તારી મોટપ તને બેઠી નથી અને તું કલ્યાણ કરવા માગે છો. આહા..હા..! તારી મોટપની ચીજ કેટલી છે એ તને બેઠી નથી અને તું ધર્મ કરવા (નીકળ્યો), ધર્મ ક્યાંથી આવ્યો ત્યાં? આહા..હા..! એ દયા, દાન, વ્રત ને એ બધી રાંકાઈ છે, એ તો રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**કર્મ નવીન બંધૈ ન તબૈ અર પૂરવ બંધ ઝડૈ વિન ભાયે;...**' જોયું! એ કર્મ તો વગર ભાવનાએ ખરી જાય એમ કહે છે. આ બાજુમાં એકાગ્ર થાય તો કર્મ એની મેળાએ ખરી જાય. '**વિન ભાયે;...**' ભાવના કર્યા વિના ખરી જાય એની મેળાએ. આહા..હા..! આવો માર્ગ લોકોને એવું લાગે કે આવો તે જૈનધર્મ આવો હશે? આ વીતરાગ જૈનધર્મ આવો હશે? વીતરાગમાં તો દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા. અરે..! ભગવાન! બાપુ! તને ખબર નથી, ભાઈ! એ બધી ક્રિયાઓ તો રાગ છે એની છે, એ આત્માની ક્રિયા નહિ. આહા..હા..! એ જૈનધર્મની ક્રિયા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જગતથી અવલદોમની વાત છે. ભગવાનજીભાઈ! અવલદોમની વાતું છે, ભાઈ! જિનદેવ વીતરાગ પરમાત્માએ જે આ આત્મા અંદર છે એ જોયો અને કહ્યો એવું જ એણે જોયું એવું જેણે અંદરમાં જોયું... આહા..હા..! એ જીવને ધર્મી અને જ્ઞાની કહેવામાં આવે છે. આહા..હા..!

એ જીવ '**કર્મ નવીન બંધૈ ન તબૈ અર પૂરવ બંધ ઝડૈ વિન ભાયે; પૂરણ અંગ સુદર્શનરૂપ ધર...**' સમકિતના આઠે ગુણસહિત '**પૂરણ અંગ સુદર્શનરૂપ ધરૈ...**' સમ્યગ્દર્શનના નિઃશંક આદિ આઠ ગુણસહિત પૂર્ણ સમકિતને ધરે. આહા..હા..! '**નિત જ્ઞાન બઢૈ...**' નિત જ્ઞાન શુદ્ધતા વધતી જાય. નિર્જરા છેને. સમજાણું કાંઈ? આહા..હા..! થોડા શબ્દમાં કેટલું મૂક્યું છે. જુઓ, '**નિત જ્ઞાન બઢૈ નિજ પાયે,...**' નિજ નામ ભગવાન આત્મા જેની પ્રતીતમાં, શ્રદ્ધામાં, અનુભવમાં આવ્યો એને નિત જ્ઞાનની શુદ્ધિ વધતી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ હવે માણસને... પછી લોકો એમ કહે છે, આ સોગનઢવાળાએ આવો એક ધર્મ કાઢ્યો નવો. અરે..! ભગવાન! નવો નથી, પ્રભુ! તને ખબર નથી. ધર્મ તો વીતરાગ સર્વજ્ઞનો આ આત્મધર્મ તો અનાદિનો આ છે.

**શ્રોતા :–** એમાં લખ્યું છે એનો અર્થ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આહા..હા..! પણ એ કહે નહિ, ઘરના અર્થ કરો છો એમ કહે છે. અરે..! પ્રભુ! બાપુ! ભાઈ! એ અત્યારે ફાલ્યું છે પુણ્ય હશે તો, બાપુ! એના ફળ સારા નથી, ભાઈ! આહા..હા..! વસ્તુ આવી છે, બાપુ!

'**પૂરણ અંગ સુદર્શનરૂપ...**' સમ્યક્-સુદર્શન-સમ્યગ્દર્શન. સુ છેને? સમ્યગ્દર્શનરૂપ પૂર્ણ અંગ સમકિત આદિ ધરે '**નિત જ્ઞાન બઢૈ નિજ પાયે,...**' આત્માની પ્રાપ્તિ શુદ્ધિ વધતી જાય તેમ—તેમ તેનું જ્ઞાન આદિ શુદ્ધિ વધે છે. '**યોં શિવમારગ સાધિ નિરંતર...**' યોં શિવમારગ સાધિ નિરંતર. શિવ નામ મોક્ષનો માર્ગ પરમાત્માએ જે કહ્યો એવા માર્ગને નિરંતર સાધતો સમકિતી. આહા..હા..! '**આનંદરૂપ નિજાતમ થાયે.**' આ આત્માનું સાધન આ રીતે અંતરમાં ધ્યાનમાં કરતો. આહા..હા..! શિવમાર્ગને સાધી નિરંતર આનંદરૂપ. અતીન્દ્રિય આનંદરૂપ નિજાતમ. પોતાનો આત્મા પૂર્ણ આનંદરૂપ થઈ જાય... આહા..હા..! એનું નામ મોક્ષ. આહા..હા..! આ તો ધર્મ શું? આત્મા શું? એની કાંઈ ખબરું ન મળે. સામાયિક કર્યા ને થઈ ગયો ધર્મ. ધૂળમાંય નથી સાંભળને. સામાયિક કેવી તારે? હજી આત્મા શું ચીજ છે? એમાં ઠરવું એ જાણ્યું નથી, એમાં ઠર્યો નહિ તો એને સામાયિક ક્યાંથી આવી? આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે.

**'શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં નિર્જરાનો પ્રરૂપક છઠ્ઠો અંક સમાપ્ત થયો.'** છઠ્ઠો અધિકાર પૂરો થયો.

હવે બંધ અધિકાર. સાતમો બંધ. નિર્જરા પછી બંધ કીધો અહીં. ઓળખાવ્યું છે.

**રાગાદિકથી કર્મનો, બંધ જાણી મુનિરાય,**
**તજે તેહ સમભાવથી, નમું સદા તસુ પાય.**

અર્થકર્તા કહે છે, રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના ભાવથી '**રાગાદિકથી કર્મનો, બંધ જાણી...**' એ વિકારભાવથી તો કર્મનો બંધ જાણે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ હોય પણ એ રાગ છે, એ કર્મબંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**રાગાદિકથી કર્મનો, બંધ જાણી મુનિરાય, તજે તેહ સમભાવથી,...**' વીતરાગી ભાવ—સમભાવ, શાંતભાવ, નિર્વિકારીભાવ એ ભાવથી જેણે રાગાદિને તજ્યા, કર્મબંધન જેનું ગયું. '**નમું સદા તસુ પાય.**' નિરંતર તેના ચરણમાં હું નમું છું કહે છે. આહા..હા..! એવા સંતોના ચરણમાં મારો નમસ્કાર છે. આહા..હા..!

'**પ્રથમ ટીકાકાર કહે છે 'હવે બંધ પ્રવેશ કરે છે.''** નાટકની જેમ કહ્યું છેને આમાં? બંધ પ્રવેશ કરે છે. '**જેમ નૃત્યના અખાડામાં સ્વાંગ પ્રવેશ કરે, તેમ રંગભૂમિમાં બંધતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે.**' આહા..હા..! '**ત્યાં પ્રથમ જ, સર્વ તત્ત્વોને યથાર્થ જાણનારું જે સમ્યગ્જ્ઞાન...** ' આહા..હા..! '**છે તે બંધને દૂર કરતું પ્રગટ થાય છે—એવા અર્થનું મંગળરૂપ કાવ્ય કહે છે :-**' મંગળિક કરે છે. બંધના નાશ કરવા માટે મંગળિક કરે છે. આહા..હા..! ૧૭૩ કળશ.

(शार्दूलविक्रीडित)

रागोद्गारमहारसेन सकलं कृत्वा प्रमत्तं जगत्
क्रीडन्तं रसभावनिर्भरमहानाट्येन बन्धं धुनत्।
आनन्दामृतनित्यभोजि सहजावस्थां स्फुटं नाट्यद्
धीरोदारमनाकुलं निरुपधि ज्ञानं समुन्मज्जति।।१६३।।

ઓલી નદી આવે છે ઉન્મજંતિ, એમ આ આનંદ ઉન્મજંત્તિ વળે છે. કહે. આહા..હા..! ઉછળે છે અંદર. આહા..હા..!

'**શ્લોકાર્થ :-**' 'राग-उद्गार-महारसेन सकलं जगत् प्रमत्तं कृत्वा ' '**રાગના ઉદયરૂપી મહા રસ (દારૂ) વડે સમસ્ત જગતને પ્રમત્ત (-મતવાલું, ગાફેલ) કરીને,...**' આહા..હા..! બંધ-બંધ. રાગની એકતાબુદ્ધિમાં ગાંડા-પાગલ થઈ ગયા જીવો. આહા..હા..! ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો, એ ભગવાન આત્માનું સ્વરૂપ નથી. આ આત્માનું સ્વરૂપ નથી હોં! એ ભગવાન થઈ ગયા એની વાત તો એકકોર રહી. 'राग-उद्गार' '**રાગના ઉદયરૂપી મહા રસ (દારૂ) વડે...**' મહારસ કીધોને? '**સમસ્ત જગતને પ્રમત્ત (-મતવાલું, ગાફેલ) કરીને,...**' આહા..હા..! રાગમાં ફસ્યા પ્રાણી ગાફેલ

મતવાલા થઈ ગયા છે કહે છે. મારો નાથ ભગવાન વીતરાગ છે એની એને ખબર નથી. આહા..હા..! અંદર વીતરાગસ્વરૂપે પરમાત્મા બિરાજે છે આ આત્મા. આહા..હા..! એની ખબરું વિના રાગના મિથ્યાત્વના દારૂ પીધા છે જેણે. આહા..હા..! રાગનો ભાવ એ મારો છે એવો મિથ્યાત્વનો દારૂ પીધો છે. આહા..હા..! જગતને ઘેલું કરી નાખ્યું છે. મોટા માંધાતા.. આગળ કહેશે. મોટા મુનિઓ થયા પંચમહાવ્રતધારી, હજારો રાણીને છોડી પણ એ મહાવ્રતના પરિણામ રાગ છે, 'એ રાગ મારો છે' એમ પાગલ થઈ ગયા છે એ બધા. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. દુનિયાથી વીતરાગમાર્ગ જુદી જાતનો, ભાઈ! આ કાંઈ વાદવિવાદે સમજ પડે એવું નથી ઠેકાણું. આહા..હા..! સહજાનંદ ભગવાન આત્મા એને ભૂલી મિથ્યાત્વરૂપી રાગનો પ્રેમ છે તે મિથ્યાત્વભાવ છે. આહા..હા..! રાગના રસમાં મિથ્યાત્વના રસમાં પડ્યો. આહા..હા..! જગતને ગાંડુ કરી નાખ્યું. અને કોણ? ઓલો બંધ.

'रस-भाव-निर्भर-महानाट्येन क्रीडन्तं बन्धं' **'રસના ભાવથી (અર્થાત્ રાગરૂપી ઘેલછાથી)...'** આહા..હા..! **'ભરેલા મોટા નૃત્ય વડે...'** વિકારના રસથી ભરેલા નૃત્ય વડે એ બંધ **'ખેલી (નાચી) રહ્યો છે...'** આહા..હા..! અબંધસ્વરૂપી ભગવાનમાં નજરું નથી અને જેની નજરું રાગના બંધમાં, રાગ એ ભાવ બંધ છે આહા..હા..! એમાં જેની નજરું છે... આહા..હા..! એ મોટા નૃત્ય વડે મિથ્યાત્વનો ભાવ બંધ એ નાચી રહ્યો છે. આહા..હા..! **'એવા બંધને ઉડાડી દેતું...'** હવે સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'ઉડાડી દેતું-દૂર કરતું,...'** કોણ? જ્ઞાન. આત્મા ઉદય પામે છે હવે કહે છે. આહા..હા..! ઓલો રાગ જે રખડાવતો હતો, ઘેલછા બનાવીને જગતને ગાંડુ બનાવ્યું હતું. આહા..હા..! એમાં આત્મા આનંદસ્વરૂપ ભગવાન રાગના ભાવબંધથી ભિન્ન છે એ તો અબદ્ધસ્વરૂપ છે. આહા..હા..! સમ્યગ્દષ્ટિ આત્માના અબદ્ધસ્વરૂપને જોવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ભારે. એટલે લોકોને એવું લાગે કે આ તો બધી નિશ્ચયની વાતું કરે છે એકાંતની. એમ કહે. શું કહે? ભાઈ! માર્ગ તો આ છે, ભાઈ!

અરે..! સંસારના ચોર્યાસીના અવતારમાં કીડે, કાગડે, એકેન્દ્રિયે, નિગોદમાં આહા..હા..! અનંતા-અનંતા ભવ ગાળ્યા, પ્રભુ! એ રાગના રસના પ્રેમમાં. આહા..હા..! એવા બંધને. આવો બંધ છે, આ કરો એમ કહે છે. જગતને મતવાલું કરી નાખ્યું છે. આહા..હા..! મિથ્યાત્વના રસના પ્રેમથી એ નાચી રહ્યો છે એને સમ્યગ્જ્ઞાન ઉડાડી દે છે. હું તો આત્મા અબદ્ધસ્વરૂપ રાગની સાથે પણ સંબંધ મારે નથી. આહા..હા..! મારો સંબંધ તો ભગવાન મારા સ્વભાવ સાથે મારો સંબંધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત લ્યો! હવે આમાં ઓલા સામાયિક કરવા, પડિક્કમણા કરવા, પોષા કરવા એવું તો આમાં આવતું નથી. ભાઈ! તને ખબર નથી સામાયિક કોને કહેવી. એ આત્મા આનંદમૂર્તિ જ્યાં પ્રગટ થાય છે અને તે આનંદમાં ઠરે છે ત્યારે તેને સામાયિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અતીન્દ્રિય આનંદ જેનો મધુરો સ્વાદ છે કહે છે. આહા..હા..! એ પુણ્ય-પાપના સ્વાદ તો ઝેરીલા સ્વાદ છે. આહા..હા..! એના ફળની વાત નથી. એ પુણ્ય-પાપનો ભાવ જ ઝેરીલો છે. એના સ્વાદમાં ગાંડો મગજ થઈ ગયો છે બધો. આહા..હા..! એને ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે એમ જ્યાં રાગના

સંબંધથી બંધથી ભિન્ન પડી અને ભગવાન જ્ઞાનસ્વરૂપી ચૈતન્યરસકંદ એની જ્યાં અંતર દૃષ્ટિ કરી, ત્યારે એ જ્ઞાને બંધને ઉડાડી દીધો (કે) મને બંધ છે જ નહિ. આહા..હા..! **'એવા બંધને ઉડાડી દેતું...'** **'घुनत्'** છેને **'घुनत्'**? ખંખેરી નાખતું. **'આત્મજ્ઞાન ઉદય પામે છે.'** આત્મજ્ઞાન, આત્મા વસ્તુ પરમાનંદની મૂર્તિ તેનું જ્ઞાન પ્રગટ થાય છે. આહા..હા..! જોયું! **'समुन्मज्जति'** છેને? **'समुन्मज्जति'** પ્રગટ થાય છે, ઉદય પામે છે. આહા..હા..!

**'કેવું છે જ્ઞાન?'** આહા..હા..! કેવો છે ભગવાન આત્મા? જ્ઞાન એટલે આત્મા. **'आनन्द–अमृत–नित्य–भोजि'** વર્તમાન પ્રગટેલી સમ્યગ્જ્ઞાનદશા જે રાગની એકતાદશા હતી એ દુઃખરૂપ દશા હતી. આહા..હા..! પણ જેણે ભગવાન આત્મા રાગથી ભિન્ન પાડીને આત્માને જાણ્યો ત્યારે કહે છે કે એ આનંદરૂપી અમૃતનું નિત્યભોજન કરનારું છે. આહા..હા..! કહો સમજાણું કાંઈ? એ તો જે જ્ઞાન, રાગના ભાવથી પુણ્ય-પાપના વિકલ્પથી જુદું પડ્યું એવું જે આત્મજ્ઞાન એનો ભોજન નિત્ય સદા આનંદ અમૃતનું ભોજન છે એને. આહા..હા..! આ તો સદાય ભલે રોટલા-રોટલી ખાતા હોય અને કોક દિ' લાડવા ખાય કોક દિ' થાય આઠ-દસ દિ'એ કે મહેમાન આવ્યા હોય ત્યારે કે પરબ આવ્યું હોય ત્યારે. આ તો સદા આનંદનું ભોજન કરે એમ કહે છે. આહા..હા..! આવો ધર્મ ક્યાંથી કાઢ્યો? બાપુ! માર્ગ આ છે, ભાઈ! ધર્મ જ આ છે. વીતરાગ જિનવર પરમેશ્વર એનો માર્ગ જ આ છે. આહા..હા..! જેને સમ્યગ્દર્શન આત્મજ્ઞાન થાય છે... આહા..હા..! એને તો હવે જે રાગના સ્વાદનું વેદન હતું અનાદિથી એને તો ઉડાડી દીધું.. આહા..હા..! અને એના સ્થાનમાં આનંદરૂપી અમૃતનું નિત્યભોજન (કરે છે). આહા..હા..! ભાષા તો જુઓ, સમ્યગ્જ્ઞાન થતાં આનંદરૂપી અમૃતનું ભોજન કરનારું એ જ્ઞાન છે. એ પણ કેવું? નિત્ય. આહા..હા..!

ભગવાન આત્મા આનંદસ્વરૂપ નિત્ય છે એને જ્યાં અનુભવમાં લીધો તો પર્યાયમાં નિત્ય આનંદનું ભોજન કરનારું છે એ. આવી વાત છે. અહીં તો તમારે મેસુબ ને પતરવેલીયા સારા ઊંચા હોય ને ખાતો હોય તો એય જાણે ઓહો..! એમ કરીને બેઠો હોય. ઝેરના પ્યાલા છે એ તો બધા. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અમૃતના પ્યાલા પ્રગટ્યા કહે છે. આહા..હા..! જ્ઞાન પ્રગટ્યું એટલે કે આત્મા જેવો છે તેવો પર્યાયમાં પ્રગટ્યો, પર્યાયમાં પ્રાપ્ત થયો. આહા..હા..! આવું ક્યાંય મળે એવું નથી અત્યારે. અરે..! સંસારની હોળીમાં તો નથી, પણ ધર્મને બહાને પણ બિચારા ચલવે છે એમાં આ વાત સાચી છે જ નહિ. આહા..હા..! અરેરે..! શું કરે? સત્ય સાંભળવા મળે નહિ એને સત્યનો વિચાર કરવાના ટાણા ક્યાંથી આવે? અને એને સત્ય તરફ જુકાવ ક્યારે થાય? આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત પણ નાખી છે.

બંધનો છેદ કરતા આનંદના અમૃતનું ભોજન કરે છે હવે કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે, પણ કેમ બેસે? આહા..હા..! એક સ્ત્રી હોય રૂપાળી, સુંદર ને .. અને એની સાથે રમતા જે આનંદ લાગે ભિખારીને, એને આ આનંદ ક્યાંથી ભાસે? આહા..હા..! સમજાણું કાંઈ? એ આનંદમાં મિથ્યાત્વનો રસ છે સંસારનો, ભ્રમણાનો રસ છે એ તો. આહા..હા..! આ

ભગવાનનો રસ છે. આહા..હા..! ભાષા તો સાદી છે, વસ્તુ તો છે એમ છે. આહા..હા..! આવો માર્ગ છે એવી હજી એને ખબર પણ નથી. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ એટલે કે આનંદનો નાથ ભગવાન આત્મા જેને અનુભવમાં, દૃષ્ટિમાં, પ્રતીતમાં, વિશ્વાસમાં, ભરોસે ભગવાન આવ્યો છે... આહા..હા..! એને એ નિત્ય આનંદનું નિત્ય ભોજન છે એ તો. આહા..હા..! મુખ્યપણે ગણ્યું છેને. રાગાદિ હોવા છતાં. આહા..હા..! દેવીલાલ ગયા? જવાના હતા.

આમાંથી કાઢે કે સમકિતી તો નિત્ય આનંદને ભોગવે, દુઃખ ભોગવે જ નહિ. એ કાઢ્યું હતુંને. એ તો મુખ્યતાની વાત, બાપુ! દુઃખ છે. વીતરાગ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી એને જેટલો રાગ ઊઠે છે એ દુઃખ છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઊઠે છે એ દુઃખ છે, રાગ છે. આહા..હા..! એ દુઃખનું વેદન પણ જ્ઞાનીને છે. એને અહીં મુખ્યપણે ન ગણતા એ આનંદનું વેદન છે એમ કહ્યું છે. આહા..હા..! એમ કહે, આ તો સમ્યગ્જ્ઞાન થયું એટલે નિત્ય આનંદનો જ ભોજી છે, દુઃખનો નથી એમ કાઢે એમાંથી. આ તો દર્શનની અપેક્ષાએ, દર્શન નિર્વિકલ્પ છે, એનો સ્વભાવ વિષય ચિદાનંદ અભેદ છે એની અપેક્ષાએ તેને આનંદનો જ અનુભવ છે એમ કહેવું છે. રાગનું વેદન છે એ જ્ઞાનની પ્રધાનતામાં ગણવામાં આવે. જ્ઞાન જાણે. દર્શન સાથે જ્ઞાન છે એ જાણે છે કે રાગનું વેદન છે. આહા..હા..! એટલો હજી બંધ છે, ભાવબંધ. એટલું હજી દ્રવ્યબંધનું કારણ પણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! ટીકા તે ટીકા છેને કળશ!

'**समुन्मज्जति**' જ્ઞાન અંદર આત્મા ભગવાન. જેમ હજાર પાંખડીનું ગુલાબનું ફૂલ ખીલે, ખીલે એમ ભગવાન આનંદથી ખીલી જાય છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે આનંદ અંદર સંકોચપણે, શક્તિપણે પડ્યો હતો એને ધર્મીને એના તરફનો આશ્રય થતાં પર્યાયમાં આનંદ ઉલ્લસી આવે છે. આહા..હા..! લ્યો, આનું નામ સમકિતી ને નિર્જરા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો એક અપવાસ કર્યો ને બે અપવાસ કર્યા તો થાશે તપસ્યા અને તપસ્યા એ નિર્જરા. ધૂળેય નથી બાપા! મરી જાય નહિ એવા કરીને. આહા..હા..! ભગવાનના ભેટા જ્યાં સુધી ન થાય ત્યાં સુધી તને ધર્મ ન થાય અને આનંદ ન આવે. આહા..હા..!

કેવું છે આત્મજ્ઞાન? સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન? સમ્યગ્દૃષ્ટિની દશા? આહા..હા..! આનંદરૂપી અમૃત. આમ તો બીજાને અમૃત ઘણાને કહે છે, એ નહિ. અતીન્દ્રિય આનંદરૂપી અમૃતનું. નિત્ય નામ હંમેશા, સદાય. સમજાણું? ત્યાં પણ આવ્યું હતુંને ઓલામાં. સદા સમભાવ રહે. છેને એમાં આવ્યું હતું. નિર્જરા અધિકારમાં પહેલી લીટી. '**સમ્યકવંત મહંત સદા સમભાવ રહૈ**' એ સદાની વ્યાખ્યા છે આ પાછી. આહા..હા..!

'**सहज–अवस्थां स्फुटं नाटयेन**' ઓલું પણ નાચતું તો હતું. '**रस–भाव–निर्भर–महानाट्येन क्रीडन्तं बन्धं**' એ પણ નાચતું હતું રાગમાં. આહા..હા..! આ તો '**પોતાની જાણનક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે,...**' આહા..હા..! પ્રગટ નચાવી રહ્યું છે પર્યાયમાં. આહા..હા..! બહુ થોડા શબ્દોમાં ઘણું જ ગંભીર ભર્યું છે. બંધની સામે. બંધ પણ એમ હતોને. '**रस–भाव–निर्भर–**

**महानाट्येन क्रीडन्तं बन्धं**' ક્રીડા કરતું હતું. આ જાણનક્રિયારૂપ અવસ્થારૂપ પ્રગટ નચાવી રહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોણ? જ્ઞાન. કોનું? આત્માનું. કોને? સમ્યગ્દૃષ્ટિને. આહા..હા..! આ લગનમાં હરખજમણ નથી કરતા? એ આ હરખજમણ છે. હરખજમણ એટલે આનંદનું ભોજન એ હરખજમણ.

**શ્રોતા :-** પ્રીતિભોજન.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રીતિભોજન કહે છે. અમારે કાઠિયાવાડમાં હરખભોજન કહે હરખ. આહા..હા..! એમ આ આનંદનું ભોજન એ હરખભોજન છે. આહા..હા..!

'**सहज–अवस्थां स्फुटं**' સહજ પોતાની જાણનક્રિયારૂપ એમ. સહજ અવસ્થાને '**स्फुटं नाटयद्**' '**स्फुटं नाटयद्**' '**પ્રગટ નચાવી રહ્યું છે,...**' આહા..હા..! જ્ઞાનની વર્તમાન પરિણતિને પ્રગટ કરીને એમ કહે છે. આહા..હા..! ઓલો રાગ જે પ્રગટ થતો એને ઠેકાણે અહીં જ્ઞાન પ્રગટ થયું હવે. સ્વભાવ દૃષ્ટિ થઈ. આહા..હા..! આવી વ્યાખ્યા હવે. '**પોતાની જાણનક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે,...**' કેવું છે? '**ધીર છે,...**' ધીરું છે. આહા..હા..! શાશ્વત છે. એ પર્યાય પણ શાશ્વતમાંથી આવી માટે શાશ્વત થવાની છે એ. આહા..હા..! '**ઉદાર છે...**' ધારાવાહી આવે છે ત્યાંથી. સમજાણું કાંઈ? એ આનંદની ધારા ધારાવાહી આવે છે એમ કહે છે. ઉદાર.. ઉદાર.. નીકળ્યા જ કરે છે અંદરથી. આહા..હા..! '**અનાકુળ છે...**' આનંદરૂપ છે. આકુળતા એમાં જરીએ નથી એમ. '**નિરુપધિ છે...**' એને રાગની ઉપધિ છે નહિ. આહા..હા..! રાગની સાથે સંબંધ નથી. '**જેમાં કાંઈ પરદ્રવ્યસંબંધી ગ્રહણત્યાગ નથી...**' લ્યો! એવું સમ્યગ્જ્ઞાન રાગથી ભિન્ન પડી ભગવાન આત્માને એકાગ્ર થઈને જે સમ્યગ્જ્ઞાન થયું એ આનંદથી નાચીને પરિણમી રહ્યું છે. એ આ મંગળિક કર્યું. બંધને છેદવાની શરૂઆતનું આ મંગળિક કર્યું. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા સુદ-૧૪, ગુરુવાર, તા. ૦૩-૦૨-૧૯૭૭, ગાથા-૨૩૭ થી ૨૪૧, કળશ-૧૬૩-૧૬૪, પ્રવચન નં. ૩૧૦

સમયસાર, બંધ અધિકાર, પહેલાં કળશનો ભાવાર્થ છે. કળશ થઈ ગયો છે. બંધતત્ત્વ એટલે રાગનું ઉપયોગમાં એકત્વ થવું એનું નામ બંધતત્ત્વ છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એના જ્ઞાનના પરિણામમાં વિકારનું એટલે રાગનું એકત્વ એ બંધતત્ત્વ છે. જડનો બંધ એ તો નિમિત્ત છે. એ '**બંધતત્ત્વે રંગભૂમિમાં પ્રવેશ કર્યો છે,...**' નાટકની ઉપમા આપી છેને. '**તેને ઉડાવી દઈને જે જ્ઞાન પોતે**

**પ્રગટ થઈ નૃત્ય કરશે...'** ઉપયોગમાં રાગની એકતા જે એણે તોડી છે. રાગ બંધનું કારણ નહિ, રાગના એકતા બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? એ બંધનું કારણ જેણે પોતાનો જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, સહજાનંદ નિત્યાનંદ પ્રભુ એનો આશ્રય લઈને એમાં એકત્વ થઈને જેણે રાગની એકતાપણાનું બંધતત્ત્વ ઉડાડી દીધું છે, નાશ કર્યો છે. આહા..હા..! તે જ્ઞાન પ્રગટ થઈ નાચે છે. એટલે? કે રાગની એકતામાં દુઃખરૂપે જે પરિણમતું હતું, એ રાગની એકતા તૂટીને આનંદરૂપે પરિણમે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તે જ્ઞાનનો મહિમા આ કાવ્યમાં પ્રગટ કર્યો છે.'** તે જ્ઞાન જે આનંદરૂપે, રાગરૂપે જે એકત્વથી થતું હતું તેને જ્ઞાન આનંદના એકત્વબુદ્ધિથી તે રાગને બંધને ઉડાવી દીધો. ભગવાન જ્ઞાનસ્વભાવ અબંધરૂપે પરિણમે, આનંદરૂપે નાચે એને અહીંયાં નૃત્ય કહેવામાં આવે છે. આહા..હા..! રાગની એકતામાં નાચતું હતું એ રાગની પૃથક્તા અને સ્વભાવની એકતામાં પરિણમનનો નાચ કરે એને સમ્યગ્જ્ઞાન કહે છે. આહા..હા..! **'એવા અનંત જ્ઞાનસ્વરૂપ જે આત્મા...'** અનંતસ્વરૂપ જ્ઞાન, અનંત જ્ઞાનસ્વરૂપ. આત્મા દ્રવ્ય કીધો, પણ એનું સ્વરૂપ અનંત જ્ઞાનસ્વરૂપ આત્મા. જેનો જ્ઞાનસ્વભાવ અપરિમિત છે, બેહદ છે. જેનો સ્વભાવ છે એનું માપ અને હદ શી? આહા..હા..! ક્ષેત્રપણે ભલે શરીર પ્રમાણે હો, પણ એનો સ્વભાવ અનંત બેહદ જ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! એવું જે જ્ઞાનસ્વરૂપ **'આત્મા તે સદા પ્રગટ રહો.'** એવો ને એવો પ્રગટ થયો એવો રહો સાદિઅનંત, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! બહારની આ ક્રિયા આ કરે ને આ કરે ને બંધ તૂટે એમ નથી, કહે છે. આહા..હા..! જે પર્યાયબુદ્ધિમાં વિકારનું એકત્વપણાનું પરિણમન હતું એને દ્રવ્યબુદ્ધિએ કરી... આહા..હા..! એમ કહે છે મૂળ તો. સ્વભાવબુદ્ધિ કરીને જેણે રાગની એકતારૂપી બંધતત્ત્વનો વ્યય નામ નાશ કર્યો અને અબંધતત્ત્વ જે ભગવાન આત્મા તેનું પરિણમન શુદ્ધ આનંદનું પ્રગટ કર્યું. આહા..હા..! આવી વાત છે.

**'હવે બંધતત્ત્વનું સ્વરૂપ વિચારે છે; તેમાં પ્રથમ, બંધના કારણને સ્પષ્ટ રીતે કહે છે :-'** પાંચ ગાથા.

जह णाम को वि पुरिसो णेहब्भत्तो दु रेणुबहुलम्मि।
ठाणम्मि ठाइदूण य करेदि सत्थेहिं वायामं।।२३७।।
छिंददि भिंददि य तहा तालीतलकयलिवंसपिंडीओ।
सच्चित्ताचित्ताणं करेदि दव्वाणमुवघादं।।२३८।।
उवघादं कुव्वंतस्स तस्स णाणाविहेहिं करणेहिं।
णिच्छयदो चिंतेज्ज हु किंपच्चयगो दु रयबंधो।।२३९।।
जो सो दु णेहभावो तम्हि णरे तेण तस्स रयबंधो।
णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं।।२४०।।

एवं मिच्छादिट्ठी वट्टंतो बहुविहासु चिट्ठासु।
रागादी उवओगे कुव्वंतो लिप्पदि रएण।।२४१।।
જેવી રીતે કો પુરુષ પોતે તેલનું મર્દન કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૩૭.
વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૩૮.
બહુજાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ થાય શું કારણે? ૨૩૯.
એમ જાણવું નિશ્ચય થકી-ચીકણાઈ જે તે નર વિષે
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૦.
ચેષ્ટા વિવિધમાં વર્તતો એ રીત મિથ્યાદષ્ટિ જે,
ઉપયોગમાં રાગાદિ કરતો રજ થકી લેપાય તે. ૨૪૧.

'**ટીકા :- જેવી રીતે-**' દૃષ્ટાંત છે. '**આ જગતમાં...**' 'આ જગત' એમ કહી જગત સિદ્ધ કર્યું. એમાં પણ '**ખરેખર કોઈ પુરુષ સ્નેહના (અર્થાત્ તેલ આદિ ચીકણા પદાર્થના) મર્દનયુક્ત થયેલો,...**' એકલું ચોપડેલું નહિ પણ ખૂબ મર્દન કરેલું એમ. શરીર ઉપર તેલ વગેરે ચીકાશથી મર્દન કરેલું. અહીં મર્દન કરે છે અને કરી શકે છે એ અહીં સિદ્ધ નથી કરવું. આ તો દૃષ્ટાંત છેને. સમજાય છે કાંઈ? કોઈ તર્ક કરે એમાં દૃષ્ટાંતમાં કે જુઓ મર્દન કરી શકે છે. એ અહીં પ્રશ્ન નથી. અહીં તો મર્દન કરેલો તેલ ચીકાશવાળો કોઈ આત્મા છે—પુરુષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી છે (અર્થાત્ બહુ રજવાળી છે) એવી ભૂમિમાં રહેલો,...** ' અહીં પાછું એ ભૂમિમાં રહ્યો છે એ સિદ્ધ નથી કરવું. આહા..હા..! આ તો દૃષ્ટાંત છે. નહિતર કહે, જુઓ, ભૂમિમાં રહ્યો છે કે નહિ? વ્યવહાર થયો કે નહિ? એ અત્યારે પ્રશ્ન નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ કરતો,...**' લ્યો! શસ્ત્રોથી આમ ક્રિયા કરે હથિયારથી. કરી શકે છે કે નહિ એ અત્યારે પ્રશ્ન નથી. અહીં તો કરે છે એનો દૃષ્ટાંત લઈને સિદ્ધાંતમાં ઉતારવું છે. સમજાણું કાંઈ? દૃષ્ટાંતમાં તર્ક કરીને ઉડાવી દે વાતને તો એમ ન ચાલે. આહા..હા..! '**શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ કરતો, અનેક પ્રકારના કરણો વડે...** ' ઉઠ-બેઠ આદિની ક્રિયા વડે '**સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો,...**' લ્યો! સચિત્ત એકેન્દ્રિયાદિ પ્રાણી, અચેત પત્થર આદિને પણ ઘાત કરતો. હવે ઘાત કરી શકે છે એ અહીં સિદ્ધ નથી કરવું. આ તો દૃષ્ટાંત છેને, ભાઈ! એમાંથી સિદ્ધાંત, દૃષ્ટાંતમાંથી એક અંશ સિદ્ધાંતનો કાઢી લેવાનો છે. દૃષ્ટાંત સર્વથા પ્રકારે સિદ્ધાંત સાથે મળે એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

એ '**કરણો વડે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો,...**' આગળ કહેશે કે પરવસ્તુનો ઘાત જીવ કરી શકે નહિ. એ બીજી વાત છે. એ તો એનું કાર્ય શું એ વર્ણવવું છે. અહીં તો

દૃષ્ટાંતમાં 'આમ કરે છે એ પ્રાણી' એમ કરીને એને સિદ્ધાંતમાં ઉતારવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**(તે ભૂમિની) રજથી બંધાય છે—લેપાય છે.**' '**સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો (તે ભૂમિની) રજથી બંધાય છે...**' ભૂમિમાં રહેલા રજકણોથી લેપાય છે. '**(ત્યાં વિચારો કે) તેમાંથી તે પુરુષને બંધનું કારણ ક્યું છે?** ' આ સિદ્ધાંત સિદ્ધ કરવો છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**પ્રથમ, સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી છે એવી ભૂમિ...**' આ ધૂળ હોય ઘણી. તે '**રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું એવા પુરુષો કે જેઓ તે ભૂમિમાં રહેલા હોય...**' આહા..હા..! '**તેમને પણ રજબંધનો પ્રસંગ આવે.**' આહા..હા..! સમજાણું કાંઈ? ધૂળ છે ઘણી એમાં બીજા પણ પુરુષ હોય છે, કહે છે. ચોપડ્યા વિનાના અને ચોપડેલા હોય છે. આહા..હા..! તો રજ કોને બંધાય? જેને ચીકાશ છે એને. રજ બંધનું કારણ હોય તો રજમાં ઊભેલા તેલના ચીકાશ વિનાના માણસો એને પણ રજનો બંધ લાગવો જોઈએ. આહા..હા..! '**ભૂમિમાં રહેલા હોય...**' પાછા બીજા પણ ત્યાં છે એમ.

'**જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું એવા પુરુષો કે જેઓ તે ભૂમિમાં રહેલા હોય તેમને પણ રજબંધનો પ્રસંગ આવે.**' આહા..હા..! '**શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ પણ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલાદિનું મર્દન નથી કર્યું...**' લ્યો! તેલનું મર્દન કર્યું છે અને એકે નથી કર્યું. કર્યું છે એટલે કરી શકે એ અહીં પ્રશ્ન સિદ્ધ નથી કરવો. સમજાણું કાંઈ? આહા..હા..! '**જેમણે તેલાદિનું મર્દન નથી કર્યું તેમને શસ્ત્રવ્યાયામરૂપી ક્રિયા કરવાથી રજબંધનો પ્રસંગ આવે. અનેક પ્રકારના કરણો...** ' ઇન્દ્રિયો અથવા ઉઠ-બેઠ આદિ '**પણ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ સચિત્ત તથા અચિત્ત વસ્તુઓના ઘાત કરવાથી રજબંધનો પ્રસંગ આવે.** ' આહા..હા..! સચિત્ત અને અચિત્ત વસ્તુઓનો ઘાત પણ બંધનું કારણ નથી. '**કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેને પણ સચિત્ત તથા અચિત્ત વસ્તુઓના ઘાત કરવાથી રજબંધનો પ્રસંગ આવે. માટે ન્યાયના બળથી આ ફલિત થયું કે,..** ' ન્યાયના બળથી તેનું રહસ્ય પ્રગટ થયું કે. એમ. '**જે તે પુરુષમાં સ્નેહમર્દનકરણ...**' સ્નેહમર્દનકરણ. આહા..હા..! ''**(અર્થાત્ તે પુરુષમાં જે તેલ આદિના મર્દનનું કરવું), તે બંધનું કારણ છે**.' તેલનું એકલું ચોપડવું એમ નથી લીધું, મર્દન કરવું એમ લીધું છે. સિદ્ધાંત બતાવવો છેને. રાગ બંધનું કારણ નથી. રાગનું મર્દન એટલે ઉપયોગમાં એકત્વ કરવું એ બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેવી રીતે-**' એ દૃષ્ટાંત થયો. '**મિથ્યાદૃષ્ટિ પોતામાં રાગાદિક કરતો,...**' આ સિદ્ધાંત છે અહીં. જેની દૃષ્ટિ મિથ્યાત્વ છે એ પોતામાં રાગને ઉપયોગમાં કરે છે. સમજાણું કાંઈ? '**પોતામાં રાગાદિકને...**' એટલે રાગ-દ્વેષાદિ વિકલ્પને કરતો '**સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો છે એવા લોકમાં કાય-વચન-મનનું કર્મ** (**અર્થાત્ કાય-વચન-મનની ક્રિયા**) **કરતો, અનેક પ્રકારનાં...**' એ આવ્યુંને?

**શ્રોતા** :- કરણો વડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, કરણો વડે. '**કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયા) કરતો, અનેક પ્રકારનાં...** '

**શ્રોતા** :- વચ્ચે એક લીટી રહી ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ આમાં નથી. ફેર થઈ ગયો છે. એ બરાબર છે પણ એ આમાં કપાઈ ગયું છે? હા, આમાં નથી.

'**અનેક પ્રકારના કરણો વડે...**' એમ લેવું .. આમાં આવી ગયું. '**તેમાંથી તે પુરુષને બંધનું કારણ ક્યું છે? પ્રથમ, સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો છે એવો લોક બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો સિદ્ધો કે જેઓ લોકમાં રહેલા છે...** ' આહા..હા..! '**તેમને પણ બંધનો પ્રસંગ આવે.**' ત્યાં રજકણો તો છે. જ્યાં સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં કર્મ થવાને લાયક રજકણો અનંત પડ્યા છે. એટલે એ કારણ નથી એમ કહે છે. '**કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયાસ્વરૂપ યોગ) પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો કેવળજ્ઞાનીઓને પણ...** ' લ્યો ઠીક! ચારિત્ર જે છે યથાખ્યાતચારિત્ર, યથાખ્યાત. જેવું સ્વરૂપ છે એવું પ્રસિદ્ધ થયું ચારિત્રમાં એવું જે યથાખ્યાત સંયમીઓને પણ '**બંધનો પ્રસંગ આવે.**' મન-વચન-કાયાની ક્રિયા તો એને પણ છે.

'**અનેક પ્રકારના કરણો પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો કેવળજ્ઞાનીઓ પણ...**' કર્મો છે, ઇન્દ્રિયો છે એને. આહા..હા..! સમજાણું કાંઈ? '**બંધનો પ્રસંગ આવે. સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ બંધનું કારણ નથી;...**' આહા..હા..! '**કારણ કે જો એમ હોય તો જેઓ સમિતિમાં તત્પર છે...**' મુનિઓ એને પણ બંધન થાય. એના શરીરથી કોઈ જીવ હણાઈ જાય છે છતાં એને બંધન નથી. આહા..હા..! '**સમિતિમાં તત્પર છે તેમને (અર્થાત્ જેઓ યત્નપૂર્વક પ્રવર્તે છે એવા સાધુઓને) પણ (સચિત્ત તથા અચિત્ત વસ્તુઓના ઘાતથી) બંધનો પ્રસંગ આવે.**' જીવ હણાય છે આ શરીર. '**માટે ન્યાયબળથી જ આ ફલિત થયું કે, જે ઉપોયગમાં રાગાદિકરણ...**' આ સિદ્ધાંત. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી ઉપયોગી, એમાં રાગનું કરવું એ બંધનું કારણ છે, રાગ બંધનું કારણ નહિ. આહા..હા..! અહીં તો એકદમ દર્શનશુદ્ધિથી વાત ઊપાડી છેને. સમજાણું કાંઈ? આહા..હા..! આત્મા જ્ઞાનસ્વરૂપ, એના પરિણમનનો ઉપયોગ જ્ઞાન, એમાં રાગની એકતા હોય તો એ બંધનું કારણ છે, રાગ ભલે હો. આહા..હા..! રાગની એકતાબુદ્ધિ હોય તો બંધનું કારણ છે. અહીં તો મિથ્યાત્વને બંધનું કારણ સિદ્ધ કરવું છેને. આહા..હા..! સમજાણું કાંઈ? એથી સમ્યગ્દૃષ્ટિને રાગ છે, બંધ છે એ વાતને અહીં ગૌણ લેવી છે. એને અહીં મુખ્ય સિદ્ધ કરવું નથી. એને નથી એમ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

જેમ ૧૧મી ગાથામાં કહ્યુંને કે વ્યવહાર તે અસત્ય છે. '**વવહારોऽભૂદત્થો**' અસત્ય છે. વળી અસત્ય કહી અને વળી બારમી ગાથામાં કીધું કે વ્યવહાર છે, સત્ય છે, જાણેલો પ્રયોજનવાન છે. એ

તો સત્ય છે, ત્યાં સત્ય કીધું, અહીંયાં અસત્ય કીધું. સમજાણું કાંઈ? ત્યાં તો વ્યવહાર અસત્ય જ છે, છે જ નહિ એમ કીધું. છે નહિ તો વળી બારમીમાં પાછો વ્યવહાર આવ્યો ક્યાંથી તો? એનો અર્થ કે વ્યવહારને ગૌણ કરીને નથી એમ કહ્યું છે. અને અહીંયાં ૧૨મીમાં જે છે એવો મુખ્ય છે સત્ રાગાદિ એને જાણતો, જાણેલો પ્રયોજનવાન છે, એને છે ખરો વ્યવહાર. સમજાણું કાંઈ? આહા..હા..! એને ત્યાં જાણેલો પ્રયોજનવાન કીધો. પણ જાણેલો પ્રયોજનનો અર્થ રાગની અસ્તિ તો સિદ્ધ કરી. અહીં તો રાગને અસત્ કીધું. એથી તો ખુલાસો કરવો પડ્યો પંડિતજીને, જયચંદ્ર પંડિતને, ભાઈ! આ વ્યવહાર અસત્ કીધું છે એ ગૌણ કરીને અસત્ કીધું છે, અભાવ કરીને અસત્ કીધું છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અને નિશ્ચયમાં પણ નિશ્ચયને મુખ્ય કર્યું નથી, મુખ્યને નિશ્ચય કર્યું છે. જુઓને. નિશ્ચય તો દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે નિશ્ચય છે, સ્વ છે. પણ અહીંયાં તો મુખ્ય જે દ્રવ્યસ્વભાવ છે તેને નિશ્ચય કહીને, તે છે, સત્યાર્થ છે એમ કહ્યું છે. તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્ય વસ્તુ તે જ છે, મુખ્ય કરીને નિશ્ચય કહીને તે જ છે એમ કહ્યું. આહા..હા..! શૈલી તો જુઓ, અને રાગ, રાગ શું? પર્યાય. પર્યાય અસત્ છે. પર્યાય વ્યવહાર છે, દ્રવ્ય એ નિશ્ચય છે. છતાં પર્યાયને અસત્ય કીધી. અસત્ય કીધી એનો અર્થ કે મુખ્ય વસ્તુની દૃષ્ટિ કરતા સમકિત થાય છે માટે તે સત્યાર્થ છે એમ કહી અને આ અસત્યાર્થ છે એને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..!

ત્યારે ઓલા કહે છેને કેટલાક? સમયસારને વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે, એમ કહે છે. ઓલા હતા ને નાથુરામ, મુંબઈમાં, ઈ એમ કહેતા હતા. બાપુ! એમ નથી, ભાઈ! વેદાંતને અને જૈનદર્શનને ક્યાંય ઉગમણો-આથમણો મેળ નથી. ભલે એની નિશ્ચય વાતું હોય પણ (અહીં તો) એ વ્યવહારને ગૌણ કરીને નિશ્ચયને સત્ય કહ્યું છે. સમજાણું કાંઈ? એટલે વેદાંત સાથે મેળ ખાય છે એમ બિલકુલ નથી. આહા..હા..! જેમાંથી પર્યાય નિર્મળ નીકળે તેને મુખ્ય કહીને, નિશ્ચય કહીને તે જ છે એમ કહ્યું, તે જ છે એમ કહ્યું, તે જ સત્યાર્થ છે. આહા..હા..! અને પર્યાયને એમાંથી નવી પર્યાય નીકળતી નથી અને તે પર્યાય એક ક્ષણની સ્થિતિ છે તેથી તેને ગૌણ કરીને, અસત્ય કહીને વ્યવહાર કરીને અસત્ કહ્યો છે. ગૌણ કરી, વ્યવહાર કહીને અસત્ કહ્યો છે. આહા..હા..! ખુલાસો બહુ સરસ કર્યો છે પંડિતજીએ. નહિતર ૧૨મી ગાથામાં વળી પાછું નથી પછી બારમીમાં આવ્યું ક્યાંથી વ્યવહાર ત્યારે? જાણેલો પ્રયોજનવાન છે. તો છે ત્યારે જાણ્યો છેને? આહા..હા..!

બાપુ! માર્ગ આ તો વીતરાગનો માર્ગ છે. જેમાં વીતરાગતા ઊભી કેમ થાય એ એનું રહસ્ય છે. ચારેય અનુયોગનો સાર વીતરાગતા છે. પંચાસ્તિકાયમાં આવ્યુંને ૧૭૨માં કે શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. એટલે શું કહ્યું? કે વીતરાગતા પ્રગટ થાય એ શાસ્ત્રનું તાત્પર્ય છે. તો વીતરાગતા કેમ પ્રગટ થાય? કે ત્રિકાળી સત્યાર્થનો આશ્રય લે તો વીતરાગતા પ્રગટ થાય. એટલે ત્યાં આશ્રય દ્રવ્યનો લેવાનું પણ ત્યાં સિદ્ધ થઈ ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? સત્યાર્થ વસ્તુ જે ત્રિકાળ સત્ છે તેનો આશ્રય લેતા વીતરાગતા થાય. કેમ? કે ત્રિકાળી સત્યાર્થ છે એ વીતરાગસ્વરૂપે છે. સમજાય છે કાંઈ? અકષાયસ્વરૂપ છેને? ત્રિકાળી સત્યાર્થ જે કીધું, ભૂતાર્થ કીધું એ અકષાયસ્વરૂપ છે, વીતરાગસ્વરૂપ છે. આહા..હા..!

અને વીતરાગસ્વરૂપ છે તેને મુખ્ય કરીને નિશ્ચય કહીને, છે કહીને એનો આશ્રય લેવાયોગ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? લોકો એમ કહે છે ને કેટલાક કે ચરણાનુયોગનું તાત્પર્ય સમકિત બીજું, ફલાણાનું બીજું. એમ નથી, બાપુ! તને ખબર નથી. આહા..હા..! ચારેય અનુયોગનો સાર તો વીતરાગતા છે, કેમકે વીતરાગનો માર્ગ છે આ. વીતરાગ થયા પછી એની વાણી નીકળી છે. આહા..હા..! એ વીતરાગતાને પ્રગટ કરવાની એ વાણી છે. આહા..હા..!

વીતરાગતા પ્રગટ કેમ થાય? કે વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા છે તે જ સત્ય છે એમ સિદ્ધ કરીને... આહા..હા..! તેને જ આશ્રયે વીતરાગતા થાય એ ચારેય અનુયોગનું તાત્પર્ય આ છે. એટલે ચારેય અનુયોગમાં સત્યાર્થ ઉપર દૃષ્ટિ કરવી.. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ત્રિકાળી ભૂતાર્થ ભગવાન આત્મા એમાં દૃષ્ટિ કરવી એ ચારેય અનુયોગનો એ સાર છે. આહા..હા..! હવે આડી-અવળી વાતું બીજી કરે બાપા! એમ ન ચાલે, ભાઈ! આ તો હિતની વાત છે, ભાઈ! હિત કેમ થાય? એ પરમસત્યનો આશ્રય લે તો હિત થાય. આહા..હા..! સત્ય સાહેબ પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે આત્મા. સાક્ષાત્ પરમાત્મસ્વભાવ જ એનો છે. આહા..હા..! એનો આશ્રય કરે, મહાત્માનો આશ્રય કરે મહા-આત્મા, પરમાત્મા. આહા..હા..! ત્યારે પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય અને તેથી તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ ભેગો આવે. આહા..હા..! સુખનું પ્રયોજન છેને? આહા..હા..! સુખનું પ્રયોજન છે તો સુખસ્વરૂપે ભગવાન ત્રિકાળ બિરાજે છે. સત્યાર્થ વસ્તુ સુખસાગરથી બિરાજેલું સત્યાર્થ છે. આહા..હા..! અને એના આશ્રયથી સુખની દશા પ્રગટ થાય છે. સુખનું પ્રયોજન જો તને છે તો પ્રયોજન આ રીતે સિદ્ધ થાય છે. આહા..હા..!

અહીંયાં સિદ્ધાંત શું નક્કી કર્યો? આહા..હા..! '**ઉપયોગમાં રાગાદિકરણ...**' રાગનું કરવું એમ ન આવ્યું એકલું. આહા..હા..! ઉપયોગમાં રાગનું કરણ એકત્વબુદ્ધિ. આહા..હા..! '**તે બંધનું કારણ છે.**' આહા..હા..! ઉપયોગમાં વીતરાગસ્વરૂપનું પ્રગટ કરવું એ અબંધનું કારણ અને આનંદનું કારણ, સુખનું કારણ, શાંતિનું કારણ છે એ. આહા..હા..! આવી વાત છે. સત્ય જ આ છે ત્યાં. અને ઉપયોગમાં જે ચીજ નથી એનામાં, રાગ છે એ બહિર્ ચીજ છે, એ બહિર્ ચીજને અંતરમાં ઉપયોગમાં એકત્વ કરવી એ બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' આવે છેને, છ ઢાળામાં. 'છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ધ્યાવો.' આહા..હા..! આ જુઓને. છ ઢાળામાં પણ આ કહ્યું, ભાઈ! તારો ભગવાન બિરાજે છેને પૂર્ણ. આહા..હા..! ત્યાં જા ને, એની ઓથ લેને, એને પડખે ચડને. આહા..હા..! રાગ ને પર્યાયને પડખે ઊભો છો તું દુઃખી છો. સમજાણું કાંઈ?

આ સિદ્ધાંત તો અહીં ઉપયોગમાં રાગનું કરવું, આત્માની સાથે રાગનું મેળવવું એ બંધનું કારણ છે. ત્યારે પછી જ્ઞાનીને રાગ રહે છેને? એ વાતને અહીંયા ગૌણ કરી દેવી છે. એ રાગ અને રાગનું બંધન એ તો અલ્પ છે. મુખ્ય બંધન તો આ મિથ્યાત્વનું છે કે જે જ્ઞાનમાં રાગનું એકત્વ કરવું એ મિથ્યાત્વ એ બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો વ્યવહારરત્નત્રય જે રાગ છે એ

બંધનું કારણ છે એ અહીં સિદ્ધ નથી કરવું, પણ વ્યવહારરત્નત્રય એટલે શુભરાગ, શુભ ઉપયોગ એને આત્મા સાથે એકત્વ કરવું એ બંધનું કારણ છે. આહા..હા..! આમ બીજી રીતે લઈએ તો તો નિશ્ચય મોક્ષમાર્ગ એ મોક્ષનું કારણ છે, વ્યવહાર જે છે એ બંધનું કારણ રાગ છે તે. પણ એ તો એ બેની ભિન્નતા સ્પષ્ટ કરવા માટે, પણ એકલો જ્યાં આત્માને સિદ્ધ કરવો છે... આહા..હા..! એને તે વ્યવહારરત્નત્રયનો રાગ એ ઉપયોગમાં એકત્વ કરે તો જ બંધનું કારણ છે. આહા..હા..!

બીજે ઠેકાણે એમ કહે કે નિશ્ચયમોક્ષમાર્ગ... હમણાં ઓલાનું આવ્યું છે બહુ સારુ, વાંચ્યુંને? દિલ્હીવાળાનું. રાજેન્દ્રપ્રસાદ. સન્મતિ સંદેશમાં આપણું ... દિલ્હી. એમાં લખાણ આવ્યું છે. વાંચ્યું છે? નથી વાંચ્યું? બહુ સારુ લખાણ કર્યું છે. સન્મતિ સંદેશ, દિલ્હી. આ સંગઠન કરવું હોય, આ જમાત સાથે ભળવું હોય જમાત સાથે. જમાત ઠરાવી છે સામાને. તો સંગઠન થાય. રાગથી, પુણ્યથી ધર્મ માનો તો સંગઠન થાય. કરવું શું તમારે? જૈનધર્મ છોડી દેવો સંગઠન કરવું હોય તો. એય..! સોભાગભાઈ! બહુ સારા ચાર-પાંચ શબ્દો લીધા છે, બહુ સારા લીધા છે. આહા..હા..! ભાઈ! કોની સાથે સંગઠન, બાહ્ય એકતા? એ વીતરાગમાર્ગ છે એ વીતરાગભાવથી લાભ થાય છે, વીતરાગસ્વરૂપે ભગવાન છે, એને વીતરાગભાવથી લાભ થાય છે, એને રાગથી લાભ માનનારાઓમાં ભળવું હોય તો એ છોડી ઘો. વાસ્તવિક તમારો જે જૈનધર્મ છે એને છોડી ઘો, સંગઠન થઈ જાય. બાબુભાઈ! આહા..હા..! પ્રભુ! પણ એમ ન હોય, ભાઈ! આહા..હા..!

જુઓને, રાગને ઉપયોગમાં એકત્વ કરવું એ બંધનું કારણ છે. રાગને ઉપયોગમાંથી ભિન્ન પાડવો, એકલો ઉપયોગ કરવો એ અબંધનું કારણ છે. હવે એ વાત એને-નહિ કે ના, ના; શુભરાગ પણ અબંધનું કારણ છે, પુણ્ય પણ મોક્ષનું કારણ છે—આ વાત સ્થાપવી છે. ભાઈ! એમ ન હોય, બાપુ! તારા આત્માના હિતની વાતું છે, ભાઈ! આહા..હા..! રાગ ને આત્માના વેપારમાં એકત્વ કરવો, ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ હો, સમજાય છે? ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ હોય રાગ.. એને વીતરાગી મૂર્તિ પ્રભુ આત્મા છે, વીતરાગી સ્વભાવની સાથે રાગનું એકત્વ કરવું, બસ એ જ સંસાર અને એ જ મિથ્યાત્વ અને એ જ ચાર ગતિ રખડવાનું મૂળિયું એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! ભગવાન! માર્ગ તારો આ છે. તું વીતરાગ છો અને વીતરાગને વીતરાગભાવની સાથે એકત્વ હોય, એને રાગની સાથે એકત્વ ન હોય. સમજાણું કાંઈ?

જુઓને, અહીં કેટલું આવ્યું! આહા..હા..! ગજબ કર્યું છેને! વાત તો વીતરાગસ્વરૂપી ભગવાન એને રાગમાં એકત્વ કરવું બસ આ સંસાર, આ મિથ્યાત્વ અને આ પરિભ્રમણ. પછી ચાહે તો દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો રાગ હોય કે શાસ્ત્રના ભણતરનો વિકલ્પ હો, આહા..હા..! પંચમહાવ્રતનો વિકલ્પ હો, આહા..હા..! આ વીતરાગમાર્ગ છે કે નહિ આ? જોયું! રાગને ઉપયોગમાં એકત્વ કરવું એ જ મિથ્યાત્વ અને એ સંસાર છે. આહા..હા..! સવળું લેશે પછી. આ તો અવળાની વાત છેને પહેલી.

'**ઉપયોગમાં રાગાદિકરણ...**' આહા..હા..! જ્ઞાનની પરિણતિનો વેપાર તેમાં રાગનું એકત્વ કરવું. આહા..હા..! '**તે બંધનું કારણ છે.**' કહો, ન્યાયબળથી આ સિદ્ધ થાય છે, એમ કહ્યુંને?

ન્યાયબળથી જ આ ફલિત થયું. એમ આવ્યુંને? ન્યાય, લોજિક, યુક્તિના બળથી પણ આ સિદ્ધ થાય છે. આહા..હા..! બીજી રીતે કહીએ તો પર્યાયબુદ્ધિમાં રાગની એકતા છે એ સંસારનું કારણ અને બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- અહીં નિશ્ચયનય પ્રધાન કરીને કથન છે.**' એટલે કે ઓલો વ્યવહારનો રાગ છે એને અહીંયાં ગૌણ કરી નાખ્યો છે. સમજાણું? અસ્થિરતાનો રાગ જ્ઞાનીને છે અને અજ્ઞાનીને શુભરાગ પણ છે એ વાત અહીં કાઢી નાખી છે. અહીં તો નિશ્ચય વસ્તુ જે છે શુદ્ધ વીતરાગ એમાં રાગનું કરવું તે બંધનું કારણ. આ મુખ્ય વાત છે. પછી રાગનું થવું સમકિત પછી એ બંધનું કારણ અહીંયાં ગૌણ કરીને નિશ્ચય પ્રધાન કથન કર્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જ્યાં...**' હવે નિશ્ચયની વ્યાખ્યા કરે છે. '**જ્યાં નિર્બાધ હેતુથી સિદ્ધિ થાય તે નિશ્ચય છે.**' આહા..હા..! અહીં નિશ્ચયનયની મુખ્યતા કરીને કહેવામાં આવ્યું છે. એટલે? નિશ્ચય એટલે? નિર્બાધ હેતુથી સિદ્ધિ થાય તે જ નિશ્ચય છે. આહા..હા..!

'**બંધનું કારણ વિચારતાં નિર્બાધપણે...**' ન્યાયપણે, બાધા ન આવે એ રીતે '**એ જ સિદ્ધ થયું કે - મિથ્યાદૃષ્ટિ પુરુષ...**' આહા..હા..! '**જે રાગ-દ્વેષ-મોહ ભાવોને પોતાના ઉપયોગમાં કરે છે...**' જુઓ આ સિદ્ધાંત. આહા..હા..! '**રાગ-દ્વેષ-મોહ ભાવોને પોતાના ઉપયોગમાં કરે છે તે રાગાદિક જ બંધનું કારણ છે.**' તે રાગાદિક, એકલો રાગ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં તો સાદી ભાષા છે. આ કાંઈ બહુ એવી નથી. વસ્તુ તો એવી છે જેમ છે એમ. આહા..હા..! '**રાગાદિક જ બંધનું કારણ છે.**' ક્યા રાગાદિક? પોતાના ઉપયોગમાં રાગભાવને કરે તે. આહા..હા..! '**તે સિવાય બીજાં—બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો લોક,...**' એ બંધનું કારણ નહિ. '**મન-વચન-કાયના યોગ,...**' બંધનું કારણ નહિ. લ્યો! આહા..હા..! '**અનેક કરણો...**' ઇન્દ્રિયો અથવા ઉઠ-બેઠ આમ કરે વગેરે. '**તથા ચેતન-અચેતનનો ઘાત બંધનાં કારણ નથી;...**' આહા..હા..!

'**જો તેમનાથી બંધ થતો હોય તો...**' કર્મ રજકણોથી ભરેલા (લોકમાં) સિદ્ધ ભગવાન છે ત્યાં છે રજકણો એને બંધ થવો જોઈએ. '**યથાખ્યાત ચારિત્રવાળાઓને,...**' બંધ થવો જોઈએ મન-વચનની ક્રિયાથી થાય તો. '**કેવળજ્ઞાનીઓને...**' થવો જોઈએ ઇન્દ્રિયો છે માટે. '**અને સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓને...**' થવો જોઈએ. એના '**બંધનો પ્રસંગ આવે છે, પરંતુ તેમને તો બંધ થતો નથી. તેથી આ હેતુઓમાં (-કારણોમાં) વ્યભિચાર આવ્યો.**' આહા..હા..! રજકણ છે એ બંધનું કારણ એ તો વ્યભિચાર આવ્યો કહે છે. અવ્યભિચારી ન્યાય ત્યાં લાગુ ન પડ્યો એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

નિર્જરા અધિકારમાં કહ્યું છેને, શુભરાગ પણ વ્યભિચાર છે. નિર્જરા અધિકાર ૨૦૩ ગાથા. વ્યભિચાર ભાવ છે. અહીં તો રાગની એકતા એ વ્યભિચાર છે. સમજાણું કાંઈ? ત્યાં ઓલો એકલો રાગ છે એ વ્યભિચાર કીધો. અહીં તો રાગની એકતા તે વ્યભિચાર છે. એકલો ભગવાનસ્વભાવસ્વરૂપ એને વિભાવસ્વરૂપની સાથે એકત્વ એ વ્યભિચાર મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત બહુ ઝીણી માણસને પડે. બહારવાળાને એવું લાગે કે આ તો નિશ્ચયાભાસ. બાપુ! નિશ્ચયસ્વરૂપ જ

આવું છે, ભાઈ! આહા..હા..!

અહીં તો નિર્બાધ સિદ્ધ કર્યું. બીજા હેતુઓમાં વ્યભિચાર આવે છે. એટલે? રજકણોને બંધનું કારણ કહો તોપણ દોષ આવે છે, વ્યભિચાર થાય છે. ક્રિયા મન, વચનની ક્રિયા કહો તો એ દોષ આવે છે વ્યભિચાર, એ (સત્ય) કાંઈ સિદ્ધ થતું નથી. સત્ય સિદ્ધ થતું નથી. આહા..હા..! ઇન્દ્રિયોને બંધનું કારણ કહો તો વ્યભિચાર (આવે છે) એટલે સત્યાર્થ સિદ્ધ થતું નથી. સચેત-અચેતનો ઘાત બંધનું કારણ કહો તો વ્યભિચાર આવે છે, એમાં ન્યાય સિદ્ધ થતો નથી. આહા..હા..! આવી વાતું છે, ભગવાનજીભાઈ! આવો માર્ગ છે. 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી જિનરાજ.' આહા..હા..! ઉપયોગમાં રાગની એકતા એ જ ચીકાશ છે, એ જ મિથ્યાત્વ છે કહે છે. આહા..હા..!

'**અહીં સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓનું નામ લીધું...**' સમિતિમાં કહ્યુંને સચેત-અચેત ઘાત થાય, મુનિ સમિતિથી ચાલે છે છતાં એને બંધ છે નહિ. '**અને અવિરત, દેશવિરતનું નામ ન લીધું તેનું કારણ એ છે કે અવિરત તથા દેશવિરતને બાહ્યસમિતિરૂપ પ્રવૃત્તિ નથી...**' જુઓ, હવે સિદ્ધાંત સિદ્ધ કર્યો પાછો એને માટે. '**તેથી ચારિત્રમોહ સંબંધી રાગથી કિંચિત્ બંધ થાય છે; માટે સર્વથા બંધના અભાવની અપેક્ષામાં તેમનું નામ ન લીધું.**' આહા..હા..! જોયું! '**બાકી અંતરંગની અપેક્ષાએ તો તેઓ પણ નિર્બંધ જ જાણવા.**' આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ, રાગની એકતા નથી માટે એ પણ નિર્બંધ જ છે કહે છે. આહા..હા..! ફક્ત વ્યવહારની સમિતિ આદિ જે વ્યવહાર છે, એનો અભાવ છે, સર્વથા બંધ ત્યાં નથી, કથંચિત્ બંધ છે. પણ નિશ્ચયથી જો એકલો રાગની એકતાબુદ્ધિ તૂટી છે અને સ્વભાવદૃષ્ટિ થઈ છે એ ચોથા ગુણસ્થાન, પાંચમાને પણ બંધન છે નહિ, જા. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે એણે દૃષ્ટિમાં તો અબદ્ધસ્પૃષ્ટ આત્માને લીધો છે. ૧૪-૧૫ ગાથા. '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं**' અબદ્ધસ્પૃષ્ટ લીધો છે દૃષ્ટિમાં માટે એને બંધન છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં તો આ સમજવું, સમજવું અને સમજવું એવું આવે. કરવું શું? આહા..હા..! શેઠ બિચારા પૂછતા હતા. કાલે ગયા. ભગવાનદાસ. ભગવાનદાસ, શોભાલાલ બેય હતા ને ઘણા વખતથી. કાલે ગયા. બહાર બિચારા નીકળતા (કહે), જાઉં છું મહારાજ. એમ કરીને આંખમાંથી આંસુ ચાલ્યા ગયા. આહા..હા..! આવી વાત ક્યાં મળે સાંભળવા? બહાર ધૂળધાણી તારા પૈસા ને કરોડ ને. આહા..હા..!

જેનો સ્વભાવ રાગ નથી એને અહીં સ્વભાવની સાથે રાગને વ્યભિચાર મિથ્યાદૃષ્ટિથી એકત્વ કરવો.. આહા..હા..! એ જ બંધનું કારણ છે. આહા..હા..! ત્યારે કહે છે, મુનિને વચમાં લીધા અને ચોથા-પાંચમાને ન લીધા. એ બાહ્ય સમિતિનું પ્રવર્તન એને છે, આને એવું એટલું નથી એટલો એને બંધ છે તે અપેક્ષાએ. પણ જ્યાં અંતરની દૃષ્ટિથી કહીએ તો... આહા..હા..! એ પણ રાગની એકતા તૂટી છે માટે અબંધસ્વરૂપી છે એ. અબંધસ્વરૂપી તો છે પણ પરિણામમાં અબંધ છે એમ કહે છે. સમજાણું કાંઈ? શશીભાઈ! આહા..હા..! કેમકે ભગવાન અબંધસ્વરૂપી પ્રભુ છે આત્મા. રાગનો સંબંધ અને પરદ્રવ્ય મારા એ સંબંધ એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સંબંધ તે બંધ. આ તો ભગવાન તો

રાગ અને પરપદાર્થથી સંબંધથી રહિત, બંધરહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અપેક્ષાએ તો ચોથા, પાંચમાવાળાને પણ '**અંતરંગની અપેક્ષાએ તો...**' આહા..હા..! '**તેઓ પણ નિર્બંધ જ જાણવા.**' પાછું નિર્બંધ 'જ' નાખ્યું છે. 'નિર્બંધ જ' એમ પાછું. ભાઈ! 'જ' એવું એકાંત તો ક્યાંય હોય નહિને વીતરાગમાં. અરે..! સાંભળને ભાઈ! આહા..હા..! '**નિર્બંધ જ જાણવા.**' આહા..હા..!

અબંધસ્વરૂપ જેણે રાગથી ભિન્ન પડીને ભગવાન ભાળ્યો છે અને ભગવાનના ભેટા થયા છે તેને બંધનરહિત જ અમે કહીએ છીએ, કહે છે. આહા..હા..! ભગવાન મળ્યા પરમાત્મા. આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં ભગવાનના ભેટા થયાને. ભલે પર્યાયમાં ભગવાન આવ્યા નથી આત્મા, પણ પર્યાયમાં ભગવાનનું જ્ઞાન અને શ્રદ્ધા આવી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ પર્યાયમાં રાગની એકતા આવી હતી. આ પર્યાયમાં ભગવાન આખો આવ્યો છે જ્ઞાનમાં. દ્રવ્ય આવ્યું નથી, પણ દ્રવ્યનું સામર્થ્ય અને દ્રવ્યનું જે જ્ઞાન એ તો જ્ઞાનમાં પૂરું આવી ગયું છે. રાગનો અભાવ થઈ અને પૂર્ણ દ્રવ્યસ્વભાવ પર્યાયમાં આવ્યો-જણાણો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વસ્તુ છે, બાપુ! દુનિયા સાથે મેળ ખાય એવું નથી, ભાઈ! પછી વાદ કરો, આમ કરો, બાપુ! શું કરે? ભાઈ!

કુંદકુંદાચાર્ય તો એમ કહે છે નિયમસારમાં, ભાઈ! આ ચીજ એવી છે કે સ્વસમય અને પરસમય સાથે વાદ ન કરીશ હોં! બાપુ! શી રીતે તું મેળવી શકીશ એને? આહા..હા..! એ વાદવિવાદ ન કરવો. આહા..હા..! બનારસીદાસ એમ કહે છે, 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' આહા..હા..! કોની સાથે (વાદ) ભાઈ? એમ લાગે કે ચર્ચામાં નથી (આવતા) માટે આવડતું નથી. એમ કહો, માનો, વાંધો નથી કાંઈ. આહા..હા..! જુઓને ખુબી તો લીધી. ચોથે, પાંચમેં અંતરંગમાં અબંધ છે જાઓ. કારણ કે અહીં તો રાગની એકતાવાળો બંધમાં છે. રાગથી ભિન્ન પડ્યો એને બંધ છે નહિ એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? પણ ઓલા મુનિનો દાખલો આપ્યો એમાં એની સમિતી છે ને પ્રમાદરહિતની, એ સમિતિ એટલે જોઈને ચાલે એમાં જરી રાગ છે, પણ એને તીવ્ર રાગ નથી કે કોઈને હિંસા થાય, એવા જીવને મુખ્યપણે ગણ્યો; પણ અહીંયાં ગણો તો અહીં તો રાગની જેને એકતા તૂટી છે એવો ભગવાન ચોથે ગુણસ્થાને પણ અબંધ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**હવે, આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' જે કહેવાણું છેને એનો કળશ કહે છે.

(पृथ्वी)

न कर्मबहुलं जगन्न चलनात्मकं कर्म वा
न नैककरणानि वा न चिदचिद्वधो बन्धकृत्।
यदैक्यमुपयोगभूः समुपयाति रागादिभिः
स एव किल केवलं भवति बन्धहेतुर्नृणाम्।।१६४।।

આહા..હા..! '**કર્મબંધ કરનારું કારણ, નથી બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક, નથી ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયારૂપ યોગ), નથી અનેક પ્રકારનાં કરણો કે**

**નથી ચેતન-અચેતનનો ઘાત.**' આહા..હા..! '**उपयोगभूः**' આહા..હા..! ભગવાનની ભૂમિકા તો ઉપયોગરૂપ છે. જાણવા-દેખવાનો '**उपयोगभूः**' આહા..હા..! છે? '**उपयोगभूः**' આહા..હા..! એ તો જાણવાના-દેખવાના ઉપયોગના સ્વભાવથી ત્રિકાળ ભરેલો છે અને તેનો વર્તમાન પરિણામ પણ ઉપયોગ છે. આહા..હા..! એ ઉપયોગની ભૂમિકામાં જે રાગને કરતો નથી... આહા..હા..! અને એની સાથે જે રાગાદિને એક કરે છે '**તે જ એક (-માત્ર રાગાદિક સાથે એકપણું પામવું...**' આહા..હા..! ચોખ્ખી વાત લીધી. '**उपयोगभूः**' ઉપયોગ આત્મા દેખે છે. ત્રિકાળ ઉપયોગ જ્ઞાનદર્શન, એવી જે ઉપયોગ ભૂમિકા એટલે જેનું સ્વરૂપ, એમાં રાગની એકતા કરવી. આહા..હા..! '**તે જ ખરેખર પુરુષોને બંધનું કારણ છે.**' આહા..હા..! સમકિતીને અસ્થિરતાના બંધને કાઢી નાખ્યો. મુખ્ય બંધ મિથ્યાત્વ છે, મુખ્ય સંસાર મિથ્યાત્વ છે, મુખ્ય આસ્રવ મિથ્યાત્વ છે. આહા..હા..! એની વ્યાખ્યા કરીને મુખ્યની વાત આ પ્રમાણે કરી. જેમ સત્યાર્થને મુખ્ય કરીને નિશ્ચય કહ્યો, એમ અહીંયાં પણ ત્રિકાળને અબંધની દૃષ્ટિમાં રાગનો બંધ છે એને જ સંસાર કહ્યો. આહા..હા..! રાગની એકતા છે એને સંસાર કહ્યો. '**પુરુષોને બંધનું કારણ છે.**' લ્યો!

'**ભાવાર્થ :- અહીં નિશ્ચયનયથી એક રાગાદિકને જ બંધનું કારણ કહ્યું છે.**' એ રાગાદિ પણ આ હોં એ. રાગાદિનો અર્થ એણે લીધો પણ રાગ એટલે ઉપયોગમાં રાગનું એકત્વપણું એ જ રાગાદિ છે. આહા..હા..!

**શ્રોતા :-** રાગાદિ સાથે એકપણું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકપણું એ રાગાદિ લેવું. હવે સવળું લેશે. અવળી વાત કરી, સવળી લેશે.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા વદ-૧, શનિવાર, તા. ૦૫-૦૨-૧૯૭૭, ગાથા-૨૪૨ થી ૨૪૬, કળશ-૧૬૫, પ્રવચન નં. ૩૧૧

સમયસાર, બંધ અધિકાર. પહેલી ગાથા થઈ ગઈ પાંચ. '**સમ્યગ્દૃષ્ટિ ઉપયોગમાં રાગાદિક કરતો નથી,...**' એટલે કે સમ્યગ્દર્શન એ, જ્ઞાયકભાવ પરિપૂર્ણ શુદ્ધ એવું શુદ્ધાત્માનું જ્ઞાન, પ્રતીત, અનુભવ થયો એ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ હોવાથી પોતાના જ્ઞાનસ્વભાવમાં કોઈપણ રાગને એકપણે કરતો નથી. રાગમાં જોડાણ જ કરતો નથી એમ કહે છે ખરેખર તો. આહા..હા..! ધર્મની દૃષ્ટિ થઈ છે સ્વભાવની એને લઈને રાગનો સંબંધ જ કરતો નથી. અહીં એકદમ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય વર્ણવ્યું છે. '**રાગાદિક કરતો નથી,...**' એટલે '**ઉપયોગનો અને રાગાદિકનો ભેદ જાણી રાગાદિકનો સ્વામી થતો નથી,...**' આહા..હા..! અતીન્દ્રિય આનંદસ્વભાવ એનું જ્યાં ભાન થયું ત્યાં રાગ જે દુઃખરૂપ છે એનો

સ્વામી કેમ થાય? આહા..હા..!

**'તેથી તેને પૂર્વોક્ત ચેષ્ટાથી બંધ થતો નથી...'** જે કહેવાણુંને બીજામાં એમ આમાં કહે છે. **'એમ** હવે કહે છે :–'

जह पुण सो चेव णरो णेहे सव्वम्हि अवणिदे संते।
रेणुबहुलम्मि ठाणे करेदि सत्थेहिं वायामं।।२४२।।
छिंददि भिंददि य तहा तालीतलकयलिवंसपिंडीओ।
सच्चित्ताचित्ताणं करेदि दव्वाणमुवघादं।।२४३।।

'करेदि' 'करेदि' એ તો એક થાય છે એમ. શબ્દ 'करेदि' એમ વાપર્યો છે. લોકો જુએ છેને કે આ કરે છે એમ. એટલે 'करेदि' શબ્દ વાપર્યો છે. બાકી કરતો નથી. આહા..હા..! શબ્દ તો આ પ્રમાણે વાપરે છે.

उवघादं कुव्वंतस्स तस्स णाणाविहेहिं करणेहिं।
णिच्छयदो चिंतेज्ज हु किंपच्चयगो ण रयबंधो।।२४४।।
जो सो दु णेहभावो तम्हि णरे तेण तस्स रयबंधो।
णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं।।२४५।।
एवं सम्मादिट्ठी वट्टंतो बहुविहेसु जोगेसु।
अकरंतो उवओगे रागादि ण लिप्पदि रएण।।२४६।।

આમ તો ના પાડી કે જ્ઞાની રાગમાં વર્તતો જ નથી, પણ આ દુનિયા એમ જાણે કે જુઓ આ તો રાગમાં વર્તે છે, આમ કરે છે, એટલે 'वट्टंतो' શબ્દ વાપર્યો છે. આહા..હા..! નહિતર તો કાલે તો આવ્યું નહિ? જેને પોતામાં સુખ ભાસ્યું છે, જેમાં સુખ નથી તેમાં તે કેમ વસે? તેમાં તે કેમ રહે? આહા..હા..! જ્યાં ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાયકસ્વભાવ એકલો જ્ઞાયક અપરિમિત બેહદ જ્યાં સ્વભાવ અને તે અનાદિઅનંત સ્વભાવ અને તે વર્તમાનમાં અપરિમિતસ્વભાવ... આહા..હા..! એનો જ્યાં અંદર આશ્રય થયો, એથી એ રાગને પોતામાં સંબંધ કરતો નથી. જેણે ભગવાન સ્વભાવ સાથે સંબંધ કર્યો તે રાગ સાથે સંબંધ કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે ભાઈ આ. ત્યાં કીધું 'वट्टंतो', અહીં કીધું 'अकरंतो'. 'वट्टंतो' તો જગતની દૃષ્ટિથી વાત કરી છે.

જેવી રીતે વળી તે જ નર તે તેલ સર્વ દૂરે કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૪૨.
વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને,
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૪૩.
બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,

**નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ નહિ શું કારણે? ૨૪૪.**
**એમ જાણવું નિશ્ચય થકી-ચીકણાઈ જે તે નર વિષે,**
**રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૫.**
**યોગો વિવિધમાં વર્તતો એ રીત સમ્યગ્દષ્ટિ જે,**
**રાગાદિ ઉપયોગે ન કરતો રજથી નવ લેપાય તે. ૨૪૬.**

આહા..હા..! '**ટીકા :- જેવી રીતે તે જ પુરુષ,...**' પુરુષ તો એનો એ કહે છે, તેલ ચોપડેલો હતો એ જ પુરુષ તેલ ચોપડ્યા વિનાનો. આહા..હા..! જે પુરુષ મિથ્યાદષ્ટિ હતો તે જ પુરુષ સમ્યગ્દષ્ટિ થયો એમ કહે છે. આહા..હા..! '**જેવી રીતે તે જ પુરુષ, સમસ્ત સ્નેહને (અર્થાત્ સર્વ ચીકાશને-તેલ આદિને) દૂર કરવામાં આવતાં, તે જ સ્વભાવથી જ બહુ રજથી ભરેલી ભૂમિમાં...** ' બહુ (રજથી) ભરેલી ભૂમિકામાં હો '**તે જ શસ્ત્રવ્યાયામરૂપી કર્મ (ક્રિયા) કરતો, તે જ અનેક પ્રકારના કરણો વડે તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો,...**' હોય. આહા..હા..! આ તો દષ્ટાંત છે એમાંથી એક અંશ સિદ્ધાંત લેવાય. કરતો... કરતો... કરતો... એમ કરીને એમાંથી સિદ્ધાંત લે કે જુઓ કરે છે કે નહિ? એમ ન હોય, ભાઈ! આ તો દષ્ટાંતનો એક અંશ લેવાય. આહા..હા..! અને તે પણ દષ્ટાંતમાં હેતુ શું છે એ સિદ્ધ કરાય. સમજાણું કાંઈ?

'**તે જ અનેક પ્રકારના કરણો વડે તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, રજથી બંધાતો-લેપાતો નથી, કારણ કે તેને રજબંધનું કારણ જે તેલ આદિનું મર્દન.**' તેલ આદિનું મર્દન લીધું છે, તેલ એકલું ચોપડેલું એમ નથી. સમજાણું કાંઈ? '**તેનો અભાવ છે; તેવી રીતે સમ્યગ્દષ્ટિ...**' આહા..હા..! સમ્યગ્દર્શનનું માહાત્મ્ય વર્ણવે છે. સમ્યગ્દર્શન એટલે શું? અને એના સ્વભાવમાં ભગવાન આખો આવ્યો દષ્ટિમાં એ શું ચીજ છે? સમજાણું કાંઈ? '**સમ્યગ્દષ્ટિ, પોતામાં રાગાદિકને નહિ કરતો થકો,...**' એમ. ઓલું કરતો થકો, અહીં નહિ કરતો થકો, એટલી વાત છે. અજ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવમાં રાગને એકપણે કરતો થકો. જ્ઞાની પોતાના સ્વભાવમાં રાગને, એકપણે નહિ કરતો થકો. બસ આટલામાં ફેર છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન શું અને એનું માહાત્મ્ય શું એ લોકોને ખ્યાલ નથી. બહારના ત્યાગ કરે, બસ થઈ રહ્યું. વ્રત ને નિયમ છે એટલે સમકિત તો હોય જ એને. આહા..હા..! એમ માની લીધું. આહા..હા..!

ભાઈ! સમ્યગ્દર્શન તો અલૌકિક ચીજ છે. એને માટે તો અહીં એમ વર્ણવવામાં આવે છે કે એને.. ઈ કહે છે. જુઓ, '**તે જ સ્વભાવથી જ બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલા લોકમાં તે જ કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયા) કરતો,...** ' સમ્યગ્દષ્ટિ. '**તે જ અનેક પ્રકારનાં કરણો વડે તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો,...**' ઘાત કરી શકે નહિ એમ તો બંધમાં આવશે હવે. અહીં તો ક્રિયા થાય છે એને બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**કર્મરૂપી રજથી બંધાતો નથી, કારણ કે તેને બંધનું કારણ...**' આ એક જ સિદ્ધાંત છે. મિથ્યાત્વ બંધનું

કારણ. અહીં એ સિદ્ધ કરવું છે. આહા..હા..! મિથ્યાત્વ એ સંસાર, મિથ્યાત્વ તે આસ્રવ, મિથ્યાત્વ તે બંધનું કારણ. આહા..હા..! પછી બીજી વાતને ગૌણ કરીને આની મુખ્યતા સમ્યગ્દર્શનની વર્ણવી છે. આહા..હા..! ગૌણપણે નથી એમ નહિ, ગૌણપણે છે, પણ એની મુખ્યતા વર્ણવી નથી અહીં. આહા..હા..! સમજાણું કાંઈ?

**'બંધનું કારણ જે રાગનો યોગ...'** જોયું! રાગનો યોગ શબ્દ વાપર્યો છે. ઓલું એમ કહ્યું હતું કે ઉપયોગમાં રાગને કરતો નથી. અહીં રાગનો યોગ કરતો નથી એટલે કે રાગમાં જોડાણ નથી. એટલે? આહા..હા..! સમ્યગ્જ્ઞાનના ભાનમાં જ્ઞાનમાં જે જોડાણ છે એને રાગમાં જોડાણ (નથી). જ્ઞાનનો સંબંધ છે તેને રાગનો સંબંધ નથી. આહા..હા..! આવી વાત છે. આહા..હા..! કહો, છન્નું હજાર સ્ત્રી હોય, મોટી લડાયું હોય. એ રાગ અસ્થિરતાનો છે એની અહીં ગણતરી નથી. એ રાગને સ્વભાવ સાથે સંબંધ કરે તો તે મિથ્યાદૃષ્ટિ થઈને બંધ કરે. આહા..હા..! ઝીણી વાત છે, બાપા! સમ્યગ્દૃષ્ટિને બંધ નથી એમ સિદ્ધ કરવા. આટલું કરે એટલે હોય એમ. કરે એ તો એકલો કરતો નથી ત્યાં વળી કરે ક્યાંથી? એ તો લોકો જોવે છે એટલે કરે એમ કહે. નિર્જરામાં આવી ગયુંને, ઉપભોગ ઇન્દ્રિયથી સમકિતી કરે. એકકોર કહે કે પરનો ઉપભોગ કરી શકે નહિ, ત્યાં કરે (એમ કહે). એ તો દુનિયા દેખે છે એ અપેક્ષાએ વાત કરી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'રાગનો યોગ તેનો અભાવ છે.'** આહા..હા..! ધર્મી જીવને તો સ્વભાવ સાથે સંબંધ થયો છે. આહા..હા..! એને રાગનો સંબંધ છૂટી ગયો છે. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ પણ જ્ઞાનીને છૂટી ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** રાગ છૂટી ગયો છે એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને છે નહિ. એની સાથે સંબંધ જ નથી. આહા..હા..!

**શ્રોતા :-** શેમાં ખતવણી નાખવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જડના ખાતામાં નાખવું. ભગવાનના ખાતામાં ન આવે એ. આહા..હા..! સમ્યગ્દર્શનની શું સ્થિતિ છે? એની મહિમા અને એનું માહાત્મ્ય શું છે એ વર્ણવવા આ વાત કરી છે. સમજાણું કાંઈ? અને એ સમ્યગ્દર્શન વિના વ્રત ને તપનું કોઈ માહાત્મ્ય કે કાંઈ છે નહિ. કારણ કે એ તો રાગ છે. ધર્મી જીવને રાગ સાથે સંબંધ નથી ત્યારે તેને બંધનો અભાવ કહેવામાં આવ્યો છે. અજ્ઞાનીને ભલે મુનિ હોય, પંચમહાવ્રત પાળતો હોય, અઠ્યાવીશ મૂળગુણ હો, પણ એ રાગની સાથે સંબંધ છે એ મિથ્યાદૃષ્ટિ છે, આહા..હા..! એ વ્યભિચારી છે. રાગની સાથે સંબંધ છે તે વ્યભિચારી છે. રાગ સાથે સંબંધ નથી તે અવ્યભિચારી સમ્યગ્દૃષ્ટિ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? લોકોએ સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનની કેમ ઉત્પત્તિ (થાય) અને સમ્યગ્દર્શન થતાં શું હોય... આહા..હા..! એ વાત સાંભળવા મળે નહિ, હવે એ કે દિ' જાય અંદર? બહારમાં રોકાઈ ગયો એ. વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને... જેમાં દુઃખ છે ત્યાં રોકાઈ ગયો. આહા..હા..! જ્યાં સુખ છે ત્યાં આવ્યો નહિ. સમજાણું કાંઈ? ધર્મી, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એમાં એ રોકાયેલો નથી. વ્યવહારરત્નત્રયના રાગની સાથે

સંબંધ કરતો નથી. આહા..હા..! વ્યવહારરત્નત્રયના રાગની સાથે જોડાણ કરતો નથી, જોડાતો નથી. આહા..હા..!

**શ્રોતા :-** (વ્યવહારરત્નત્રયનો રાગ) હોવા છતાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોવા છતાં. આહા..હા..!

કેમકે ધર્મી જીવે તો ધર્મી એવો ભગવાન આત્મા અને એનો અનંત આનંદ આદિ ધર્મ, એની સાથે સંબંધ કર્યો છે. આહા..હા..! અબંધસ્વભાવ સાથે સંબંધ કર્યો છે, એ બંધભાવ સાથે સંબંધ કેમ કરે? એમ કહે છે. આહા..હા..! ભાઈ! સમ્યગ્દર્શન એટલે શું? એણે સંસારની જડ તોડી નાખી. આહા..હા..! પાંદડા રહ્યા એની અહીં ગણતરી ન ગણી. પાંદડા તો પંદર દિ'એ સૂકાઈ જવાના. આહા..હા..! સમજાણું કાંઈ? એથી પાંદડાનું કારણ જે રાગાદિ ભાવો એને અહીં ગણ્યો જ નહિ. આહા..હા..! ભગવાન આત્મા વીતરાગસ્વરૂપી જ્ઞાયકભાવી એવો જેને અંતર સંબંધ પર્યાયમાં તેનો સંબંધ થયો.. આહા..હા..! એને ચાહે તો વ્યવહારરત્નત્રયનો રાગ હોય એ રાગ સાથે, વીતરાગ સાથે સંબંધ (કર્યો છે) તે રાગ સાથે સંબંધ કેમ કરે? આહા..હા..! આવી વાત છે. સ્ત્રી, કુટુંબ, શરીરની સાથે સંબંધની તો વાત ક્યાંય રહી ગઈ. સંબંધ કરે તો બંધ થાય મિથ્યાત્વનો. આહા..હા..! સમજાણું કાંઈ?

આ પહેલો ઉપયોગભૂ એમ શબ્દ વાપર્યો. જાણવાનો સ્વભાવ જે ઉપયોગ ભૂમિકા, જેનું જ્ઞાન-દર્શન લક્ષણ એવો આત્મા એ ઉપયોગ જે ભૂમિકા એમાં દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ ઊઠે પણ તેનો સંબંધ કરતો નથી, કહે છે. આહા..હા..! એને કરતો તો નથી, પણ સંબંધ કરતો નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. અરે..! ભગવાનનો માર્ગ ક્યાંય રહી ગયો અને લોકોએ ક્યાં માન્યું! આહા..હા..! આ વસ્તુ. છતાં સમકિતી સ્વચ્છંદી થતો નથી. એને રાગ સાથે જોડાણ નથી, માટે બંધ નથી માટે સ્વચ્છંદી (થાય) એ સમ્યગ્દષ્ટિ નથી. આહા..હા..! એને તો પર્યાયમાં નબળાઈને લઈને રાગાદિ થયો છે, પણ દ્રવ્યસ્વભાવની સાથે સંબંધને કારણે એનો સંબંધ કરતો નથી. આહા..હા..! પોપટભાઈ! આવી વાતું છે આ. ક્યાંય અત્યારે તો ચાલતું નથી એટલે લોકોને બિચારાને એવું થઈ ગયું, એ મિથ્યાભાસ છે, એકાંત છે. આ સત્ય છે, બાપા! ભાઈ! તને ખબર નથી. ત્રણલોકનો નાથ આનંદનો કંદ પ્રભુ એ રાગ અને દુઃખ સાથે આનંદી ભગવાન કેમ સંબંધ કરે? આ વ્રત ને વિકલ્પ આદિ છે એની સાથે પણ જ્ઞાનીને સંબંધ નથી, કહે છે. આહા..હા..! અને વ્યવહારગ્રંથમાં એવું આવે કે વ્યવહાર વ્રત પાળે, અતિચાર પાળે. વ્યવહારનો અધિકાર આવે ત્યારે સમજાવે, પણ પરમાર્થે જોઈએ તો તેનો એ સ્વામી અને સંબંધ કરતો નથી. આહા..હા..! જેનો સ્વામી નથી તે એની ચીજ ક્યાં રહી? સમજાણું કાંઈ? આહા..હા..!

સ્વસ્વામીસંબંધ નામનો એનામાં ગુણ છે. સ્વસ્વામીસંબંધ. ૪૭ શક્તિ છેને, ૪૭મી. તો એનો સંબંધ તો પોતાના દ્રવ્ય-ગુણ અને નિર્મળ પર્યાય સાથે સંબંધ છે. એ એનો ગુણ છે, એ એની શક્તિ છે, એનું એ સત્‌નું સત્ત્વ છે, તત્ત્વનું એ તત્ત્વપણું છે. આહા..હા..! સ્વસ્વામીસંબંધ છે જેને એને પર સાથે સ્વ ક્યાં છે એ એનું કે જેથી સ્વામીપણે સંબંધ કરે? આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત

છે. આહા..હા..! સ્વસ્વામીસંબંધ-સ્વ શુદ્ધ ચૈતન્યઘન-દ્રવ્ય, ગુણ અને એની નિર્મળ પર્યાય, એ એનું સ્વ, એનો એ સ્વામી, એનો એને સંબંધ. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ એ એનું સ્વ નહિ, તેથી સ્વામી નહિ, તેથી સંબંધ નહિ. આહા..હા..!

**શ્રોતા :-** વ્યવહારરત્નત્રય કરે તો નિશ્ચય થાય એમ માને છે બધા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ કહું છું. એ માટે તો આ સ્પષ્ટીકરણ થાય છે. વધારે તો કારણ એ છે કે આ વ્યવહારરત્નત્રયથી થાય, બાપુ! ભગવાન એ વાત કહી તો એક નયથી, એક નયનું વાક્ય છે કે વ્યવહારનયથી ભિન્ન સાધ્યસાધન હોય. એ તો જેમ સમ્યગ્દર્શન નિશ્ચય છે, સ્વને આશ્રયે થયેલી દૃષ્ટિ છે ત્યાં આગળ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો જે રાગ છે, છે તો ચારિત્રદોષનો ભાગ, એ શ્રદ્ધાની વિપરીતતા પણ નથી અને શ્રદ્ધાની અવિપરીતતા પણ નથી. એ રાગને સમકિત કહેવું એ તો અહીં નિશ્ચય છે તેનો આરોપ કરીને કથન કર્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી તો ભાઈએ તો બહુ લખ્યું સરસ, ટોડરમલે તો ઓહો..! કે નિશ્ચય જ્યાં રત્નત્રયસ્વભાવ છે ત્યાં આગળ રાગ છે દેવ-ગુરુ પ્રત્યેનો, શાસ્ત્રનો રાગ છે, પંચમહાવ્રત ચારિત્ર નથી પણ રાગ છે, એને વ્યવહારરત્નત્રયનો આનો આરોપ આપ્યો, એ છે નહિ. સમજાણું કાંઈ? અને તેથી તો એમ કહ્યું કે સર્વત્ર આ વ્યવહાર ને નિશ્ચયનું લક્ષણ જાણવું. ત્યાં સાતમા (અધિકારમાં). સર્વત્ર વ્યવહાર અને નિશ્ચયનું આ જ્ઞાતવ્યં. આહા..હા..! અરે..! પણ પોતાની દૃષ્ટિની ઉંધાઈ આડે એવા પંડિતોને પણ ન માને. એ તો શાસ્ત્રની વાત સામાન્ય છે તેને વિશેષ કરીને સ્પષ્ટ કર્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં તો આ રાગનો યોગ કીધોને? ઉપયોગભૂમાં રાગને કરતો નથી. અહીંયાં આત્મા રાગને જોડાણ કરતો નથી. સ્વભાવના જોડાણની મહિમા આગળ રાગનો સંબંધ કરતો નથી. જેમ પરદ્રવ્ય છે તેમ રાગને પર તરીકે જાણે છે. સમજાણું કાંઈ? આવી ચીજ છે, ભાઈ! '**રાગનો યોગ...**' છેને? આહા..હા..! પાઠ છે. '**रागयोगस्य बन्धहेतोरभावात्**' રાગનો યોગ નથી માટે બંધનો અભાવ (છે). સંસ્કૃત છે છેલ્લો શબ્દ. છેને સંસ્કૃતમાં? '**रागयोगस्य बन्धहेतोरभावात्**' એ અહીં નાખ્યું. '**બંધનું કારણ જે રાગનો યોગ...**' એમ. '**તેનો અભાવ છે.**' સમજાણું કાંઈ? રાગ જે વિકલ્પ છે ચાહે તો શુભ હો, પણ રાગનો જ્યાં સંબંધ છે તે બંધનું કારણ છે.

**શ્રોતા :-** રાગ બંધનું કારણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગનો સંબંધ જ નથી. આહા..હા..! ગાંઠ એ છે આખી. રાગનો સંબંધ એ મિથ્યાત્વની ગાંઠ છે. એ ગાંઠ જેણે ગાળી નાખી છે... આહા..હા..! એને રાગનો સંબંધ નથી, એને રાગનું જોડાણ નથી, તેથી તેને બંધનો અભાવ છે. સમજાણું કાંઈ? આવી વાત છે. માણસને એ ચાલતું નહોતું ને એટલે આ વાત બહાર આવીને એટલે બિચારા ભડક્યા એકદમ અંદરથી. ભાઈ! માર્ગ તો આ છે, બાપુ! સાંભળતા તને નકાર આવે, એ કે દિ' તને સમજાય અંદર? આહા..હા..!

'**ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિને પૂર્વોક્ત...** ' પૂર્વ ઉક્ત-પૂર્વે કહ્યા પ્રમાણે. '**સર્વ સંબંધો હોવા છતાં...**' જોયું! રાગ, સચેત્ત-અચેત્ત ઘાત આમ બહારથી દેખાય તો સંબંધ છેને. એમ. '**સંબંધો હોવા**

**છતાં પણ રાગના સંબંધનો અભાવ હોવાથી...'** આહા..હા..! ગજબ વાત છે! સમ્યગ્દષ્ટિને પૂર્વ ઉક્ત નામ કહ્યા પ્રમાણે **'સર્વ સંબંધો હોવા છતાં... '** ભાષા દેખો! સચિત્ત-અચિત્તનો ઘાત, રજકણમાં રહેવું, મન-વચનની ક્રિયા. આહા..હા..! યોગ. પાંચ ઇન્દ્રિયની પ્રવૃત્તિ, એ બધો એને આમ સંબંધ દેખાય છે (કેમકે) લોકો માને છેને, એ સંબંધ હોવા છતાં એને રાગનો સંબંધ નથી માટે સંબંધ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સમ્યગ્દષ્ટિને પૂર્વોક્ત સર્વ સંબંધો...'** સર્વ એ પાંચેય કીધાને? ઘાત કરે .. આદિ, સચિત્ત-અચિત્તનો ઘાત કરે, મન-વચન-કાયાની ક્રિયા હોય, પાંચેય ઇન્દ્રિયની પ્રવૃત્તિ હોય. એમ. એવો સંબંધ હોવા છતાં. એક કોર ના કહે છે કે રાગનો સંબંધ નથી, પણ અહીં દેખાય છેને એ અપેક્ષાએ. આહા..હા..! **'સર્વ સંબંધો હોવા છતાં પણ રાગના સંબંધનો અભાવ હોવાથી... '** અંદરમાં રાગની એકતાબુદ્ધિ તૂટી ગઈ હોવાથી. રાગ અને સ્વભાવ અનેકપણે ભિન્ન ભાસતો હોવાથી. આહા..હા..! સમજાણું કાંઈ? રાગને અને સ્વભાવને એકપણું ભાસતું હતું ત્યાં સુધી બધો સંબંધ એને હતો, પણ રાગનો સંબંધ તૂટતા રાગ અને સ્વભાવ અનેકપણે ભિન્ન ભાસતાં એને રાગનો સંબંધ નથી, માટે બંધ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ વાત સાધારણ નથી. બંધ અને અબંધની વ્યાખ્યા એકદમ. બંધ અધિકાર છેને? આહા..હા..!

બીજી રીતે કહીએ તો ભગવાન આત્મા અબંધસ્વરૂપી છે. એટલે કે આત્મા મુક્તસ્વરૂપ છે. અત્યારે હોં! એ મુક્તસ્વરૂપનો જેને સંબંધ થયો એને રાગનો સંબંધ કેમ હોય? એ બંધનો સંબંધ કેમ હોય? અબંધનો સંબંધ થયો તેને રાગનો સંબંધ કેમ હોય? આહા..હા..! **'કર્મબંધ થતો નથી. આના સમર્થનમાં પૂર્વે કહેવાઈ ગયું છે.'**

**'હવે, આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'** ૧૬૫. ભાષા જુઓ, આમાં ટીકા કરી જુઓ, 'હો ભલે.. હો ભલે..' એમ કરે છે.

(शार्दूलविक्रीडित)

लोकः कर्मततोऽस्तु सोऽस्तु च परिस्पन्दात्मकं कर्म तत्
तान्यस्मिन्करणानि सन्तु चिदचिद्व्यापादनं चास्तु तत्।

ભલે સચિત્ત-અચિત્તનો ઘાત હો. આહા..હા..! ઓલા .. ટીકા કરે છેને. બાપુ! કઈ અપેક્ષા છે વાત સમજ્યા વિના. આહા..હા..! મુનિ એમ કહે છે કે ભલે સચિત્ત-અચિત્તનો ઘાત હો. આહા..હા..! સાંભળને, કઈ અપેક્ષાએ કહીએ છીએ? એ તો જગત છે જગતમાં, ક્યાં છે? ભલે હો. મારામાં ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? જેમ સ્વદ્રવ્યની અપેક્ષાએ બીજી ચીજો અદ્રવ્ય છે—અવસ્તુ છે, એમ ભગવાન જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ રાગ તે અવસ્તુ છે, આની અપેક્ષાએ, એ એની અપેક્ષાએ ભલે હો. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ ગંભીર છે, ભાઈ! આહા..હા..! લ્યો!

रागादीनुपयोगभूमिमनयन् ज्ञानं भवन्केवलं।

बन्धं नैव कुतोऽप्युपैत्ययमहो सम्यग्दृगात्मा ध्रुवम्।।१६५।।

આહા..હા..! **'માટે તે (પૂર્વોક્ત) બહુ કર્મથી (કર્મયોગ્ય પુદ્‌ગલોથી) ભરેલો લોક છે તે ભલે હો,...'** લોક હો તે શું છે પણ? ભલે પડ્યું એમાં એ. આહા..હા..! **'મન-વચન-કાયાના ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ યોગ) છે તે પણ ભલે હો,...'** આ આત્માની અપેક્ષાએ બીજા ભલે આત્મા હો, પણ મારામાં નથી. અનંત આત્મા હો, અનંત પરમાણુ હો, મારામાં નથી, એમાં છે એ. એમ અહીં કહે છે. મન-વચનની ક્રિયા હો, એનામાં હો. એ પરનું અસ્તિત્વ છે એ કાંઈ ચાલ્યું જાય છે કાંઈ? હો. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'મન-વચન-કાયાના ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ યોગ) છે તે પણ ભલે હો,...'** **'तानि करणानि अस्मिन् सन्तु'** **'તે (પૂર્વોક્ત) કરણો પણ તેને...'** ભલે પાંચ ઈન્દ્રિયનો વેપાર હો. આહા..હા..! **'તે ચેતન-અચેતનનો ઘાત પણ ભલે હો,...'** અરે..! મુનિ થઈને આ કરે આવું! ચેતનમાં તો પંચેન્દ્રિયનો ઘાત પણ આવી ગયો અંદર. આહા..હા..! લડાઈમાં સમકિતી ઊભો છે, ઘાત થાય છે હાથી-ઘોડા આદિનો, એ તો એના અસ્તિત્વે ભલે હો, મારા અસ્તિત્વમાં એ નથી. છે? એથી કરીને મને એને લઈને કાંઈક સંબંધ છે અને એને લઈને બંધ છે એ કાંઈ છે નહિ. આહા..હા..! જ્યાં મારો સંબંધ કર્યો છે એ પરમાત્મા તો પૂર્ણાનંદનો નાથ છે. આહા..હા..! એ ક્રિયા લીધી છે. સચિત્ત-અચિત્તનું હો, તે થાય છેને. રાગ એ નહિ, સચિત્ત-અચિત્તની ક્રિયા દેખાય છે ને ત્યાં. હોય તો એને ઘરે રહી, અહીં ક્યાં છે? એમ કહે છે. એકલો રાગ એમ નહિ. મન-વચનની ક્રિયા હો, ઈન્દ્રિયોનું પ્રવર્તન હો અને સચિત્ત-અચિત્તનો ઘાત હો. આહા..હા..! એ કાળે એ અવસ્થા હો તો અસ્તિપણે હો એમાં, મારે ને એને કાંઈ સંબંધ નથી. આહા..હા..! આવી વાતું છે. આહા..હા..! આમાંથી તેથી (એમ કહે), લ્યો, સચિત્તનો ઘાત પણ હો. વાહ તમે! કઈ અપેક્ષાએ કહે છે સાંભળને. ત્યાં હો તો એને કારણે હો, એમાં મારે શું છે? આહા..હા..! હું ક્યાં એના જોડાણમાં આવ્યો છું? મારે ને એને ક્યાં સંબંધ છે તે ન હો? હો એને કારણે. આહા..હા..! આ તો મસ્તરામના મસ્ત છે. મસ્તરામની મસ્તી છે. આહા..હા..!

પ્રભુ કહે છે કે હું તો સમ્યગ્દૃષ્ટિ. મારી દૃષ્ટિ અને મારા પર્યાયનો સંબંધ તો ભગવાન સાથે કર્યો છે મેં તો. આહા..હા..! એ આવી ક્રિયા હો તો મારે એની સાથે શું સંબંધ છે? આહા..હા..! 'અજર પ્યાલા પીયો મતવાલા, કિન્હી અધ્યાત્મવાસા, આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોક તમાશા.' એવી વાતું છે આ. આહા..હા..! સમયસાર તો આખો સિદ્ધાંતનો સાર, પ્રવચનનો સાર, ભગવાનની દિવ્યધ્વનિનો સાર. આહા..હા..! એવો સમયસાર ભગવાન આત્મા જેને એનો સંબંધ થયો એને રાગનો સંબંધ તૂટી ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? આ હો. ઠીક!

**'પરંતુ અહો!'** આહા..હા..! **'अयम् सम्यग्दृगात्मा'** **'આ સમ્યગ્દૃષ્ટિ આત્મા...'** છે? આહા..હા..! **'આ સમ્યગ્દૃષ્ટિ આત્મા...'** **'रागादिन् उपयोगभूमिम् अनयन्'** આહા..હા..! એ પુણ્ય-પાપના ભાવને ઉપયોગમાં **'अनयन्'** લાવતો નથી. આ કેટલી અપેક્ષાએ વાત કરે છે! આહા..હા..! રાગને પુણ્ય-પાપના ભાવને સંબંધ કરતો નથી, પોતાના જ્ઞાનસ્વભાવમાં તેને કરતો નથી, તે જ્ઞાનસ્વભાવમાં

તે રાગને લાવતો નથી. આહા..હા..! હો ભલે. આહા..હા..! સમજાણું કાંઈ? **'રાગાદિકને ઉપયોગભૂમિમાં...'** ઉપયોગભૂમિ એટલે આત્મા. જાણવું-દેખવું એવો જે ઉપયોગ એની ભૂમિ એ આત્મા. આહા..હા..! ઉપયોગ એટલે જાણવું-દેખવું એવો સ્વભાવ, એની ભૂમિ એ આત્મા. આહા..હા..! એવા જાણવા-દેખવાની ભૂમિ, આધાર એવા ભગવાન આત્મામાં. આહા..હા..! રાગને નહિ લાવતો. આહા..હા..! ગજબ વાત છેને! એ વ્યવહારરત્નત્રયના રાગને આત્મામાં ન લાવતો. આહા..હા..! હવે અહીં તો કહે કે વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય (થાય). અરે..! પ્રભુ! આ તો બહુ આકરી બાપુ વાત, ભાઈ! જૈનદર્શન વસ્તુદર્શનથી ઘણી વિપરીતતા, બાપુ! આહા..હા..! તારા તિરસ્કારને માટે નથી, પણ તારા સત્યના હિતને માટે વાત છે આ. ભગવાન તું છોને પ્રભુ! આહા..હા..! પૂર્ણાનંદનો નાથ છોને તું. તું તો પરમાત્મા દ્રવ્ય એટલે ભગવાન છો તું. બાપુ! તારા ભગવાનની વાતું છે આ. ભગવાનને રાગથી લાભ થાય, એ ભગવાનમાં રાગને લાવવો, પ્રભુ! તને નુકસાન છે. આહા..હા..! આ તો હિતની વાત છેને પ્રભુ! આહા..હા..! આપણા હિતની વાત છે આ. આપણા એટલે આપણો આત્મા. તું પણ આત્મા છો. આહા..હા..!

શુદ્ધ ચિદાનંદ આત્મા, ભગવત્ સ્વરૂપ આત્મા એ રાગને નથી લાવતો પોતામાં. આહા..હા..! અને એને એમ કહેવું કે રાગથી અંદર નિશ્ચય પામે, પ્રભુ! મોટું નુકસાન છે. બાપુ! ભગવત્ સ્વરૂપને રાંકો કરી નાખ્યો તેં. આહા..હા..! ભગવાન મહિમાવંત પ્રભુ મહાસ્વરૂપ એને તેં રાગથી લાભ (માન્યું), વિરોધ પામર, રાગ, દુઃખ એનાથી લાભ થાય? આહા..હા..! પ્રભુ! એ જ્ઞાની તો રાગને અંદર ભૂમિકામાં લાવતો નથીને. આહા..હા..! નિશ્ચય અને વ્યવહાર બે સાથે થવા છતાં...

**શ્રોતા :-** વ્યવહારને નિશ્ચયમાં લાવતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લાવતો નથી. આહા..હા..!

૪૭ ગાથા આવીને દ્રવ્યસંગ્રહ. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा '** **'णियमा'** નિશ્ચયથી કહીએ છીએ કે ધર્માત્મા સ્વના આશ્રયમાં જાય છે ત્યારે તેને નિશ્ચય થાય છે સમ્યગ્દર્શન-જ્ઞાન, તે કાળે રાગ બાકી છે. ધ્યાનમાં અંતરમાં ગયો ને જે નિશ્ચય થયો, તે વખતે જે રાગ બાકી છે એને અમે વ્યવહાર કહીએ છીએ, પણ એ જ્ઞાની વ્યવહારને નિશ્ચયમાં લાવતો નથી. આહા..હા..! એનાથી થતું તો નથી (પણ જ્ઞાની એને પોતામાં લાવતો પણ નથી). આહા..હા..! પણ એનામાં છે જ નહિ પછી પ્રશ્ન (ક્યાં રહ્યો)? આહા..હા..! એને અને વ્યવહારને સંબંધ જ નથી અને જો વ્યવહારનો સંબંધ કરે તો એ મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે, એમ કહે છે. આહા..હા..!

ત્રણલોકના નાથના અમૃતના ઝરણા તો જુઓ, અમૃતનું ઝરણું તને હાથ આવ્યું. આહા..હા..! અમૃતનો સાગર ડુંગર તને હાથ આવ્યો એ એવા ઝેરને કેમ ભેગો લે એને? આહા..હા..! આ તો અમૃતનો સાગર તો ત્રિકાળી છે. રાગ એ વિપરીત ક્ષણિક છે. ત્રિકાળી સ્વભાવ અવિપરીત અને ત્રિકાળી છે. રાગ ક્ષણિક અને વિભાવ છે. આહા..હા..! એ નિત્યના આદર કરનારો અનિત્ય એવા વિભાવને કેમ ભેગો ભેળવે? આહા..હા..! આવી વાત છે. એવી વાત છે, બાપુ! શું થાય? ભગવાનના

વિરહ પડ્યા, કેવળીની હાજરી રહી નહિ. આહા..હા..! એવું છે. ત્યાંથી હતા ત્યાંથી આવ્યા બીજે. આહા..હા..! એટલે આ વાત જગતને વિરોધ લાગે. આહા..હા..!

'**રાગાદિકને ઉપયોગભૂમિમાં નહિ લાવતો થકો,...**' છેને? '**अनयन्**' છેને? નયન લાવવું અને અનયન નહિ લાવવું. આહા..હા..! નય, નય—લઈ જવું. આ અનય (એટલે) ન લઈ જવું. નય આવે છેને ભાઈ! નયને દોરી જવું. નિ ધાતુ છેને? નિ ધાતુ છે (એટલે) દોરી જવું. જેવું સ્વરૂપ છે ત્યાં એ વાતને લઈ જવી. અને આ '**अनयन्**' (એટલે) જેવું સ્વરૂપ છે તેમાં આને ન લાવવું. આહા..હા..! સમજાણું કાંઈ? આકરું લાગે. કથા જેવી વાત નથી, આ તો તત્ત્વની વાત છે, ભાઈ! કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

કાલે તો નહોતું આવ્યું બપોરે? અરે સંત! સંત શબ્દ હતો. એટલે સત્પુરુષ. આહા..હા..! જેમાં સુખ નથી તેમાં તું કેમ ટકીશ? એમાં કેમ વધીશ? આહા..હા..! એમ વ્યવહારરત્નત્રયમાં સુખ નથી, એ દુઃખ છે. આહા..હા..! એમાં તું કેમ રહીશ? સુખના સાગરની જેને દૃષ્ટિ થઈ છે એ દુઃખમાં કેમ રહે? આહા..હા..! એમ અહીંયાં કહે છે કે જેને સમ્યગ્દર્શનમાં આનંદનો નાથ હાથ આવ્યો, એ રાગને પામરને અંદર પર્યાયમાં કેમ ભેળવે? પ્રભુની સાથે પામરતાને કેમ ભેળવે? આહા..હા..! સમજાણું કાંઈ? કેમ? કે એનામાં પ્રભુત્વ નામનો ગુણ છે કે જે પ્રભુત્વ નામનો ગુણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપે છે દૃષ્ટિ થાય ત્યારે. સમજાણું કાંઈ? આહા..હા..! દૃષ્ટિ થાય, નહિ તો દ્રવ્ય અને ગુણમાં પ્રભુત્વ છે, પણ એનો સ્વીકાર થાય છે દૃષ્ટિમાં ત્યારે દૃષ્ટિમાં પણ પ્રભુતાની પર્યાય આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ૪૭ શક્તિ છેને. પ્રભુત્વ છે. ગજબ વાતું છે. સમયસાર ને દિગંબર સંતોના કથનો અમૃતના ઝરણા છે. આહા..હા..! અમૃત જેણે રેડ્યા છે. આહા..હા..! પ્રભુ! તું પ્રભુ છોને. તારી પર્યાયમાં પ્રભુતા છે દૃષ્ટિ થઈ એટલે. એ પ્રભુતામાં પામરને કેમ ભેળવે? આહા..હા..! પર્યાયમાં હોં! આહા..હા..! આવો ત્રણલોકના નાથ સર્વજ્ઞ અનંત તીર્થંકરોનો ધારાવાહી આ ઉપદેશ છે. આહા..હા..!

સચેત્તમાં તો પંચેન્દ્રિય આવ્યું. ભાઈ! સચેત્ત ઘાત. એકેન્દ્રિયની એકલી વાત નથી. પંચેન્દ્રિયનો ઘાત હો તો હો. આહા..હા..! શું કહેવું છે પ્રભુ તારે? સચેત્તમાં કંઈ એકેન્દ્રિય છે એકલું? એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય (બધા આવી ગયા). આહા..હા..!

**શ્રોતા :-** લડાઈમાં માણસોમાં ઘાત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હો તો હો, પણ પ્રભુ તને શું છે? આહા..હા..! છે? આની ટીકા કરે છે. લ્યો, પંચેન્દ્રિયની હિંસા.. રાજાઓ મરે તો મરો. આ તો અજર પ્યાલા છે, પ્રભુ! એ જીરવવા અને એ જીરવાય (એટલે) છૂટી ગયો સંસારથી. આહા..હા..! એવી વાત છે. પચાવતા આવડવું જોઈએ, બાપુ! આહા..હા..! '**રાગાદિકને...**' રાગ આદિ શબ્દ લીધો છેને?

**શ્રોતા :-** બધો વિભાવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધો વિભાવ એક-એક. વિષયની વાસનાના રાગને પણ ઉપયોગમાં લાવતો નથી. ભગવાનની ભક્તિના રાગને પણ પોતાના ઉપયોગમાં, પવિત્ર ભૂમિકામાં એ અપવિત્રતાને

લાવતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? રાગાદિ (અર્થાત્) રાગ-દ્વેષ, પુણ્ય-પાપ આદિ. રાગમાં પાછું એમ માને લોકો એ તો સ્ત્રી, કુટુંબ, પરિવાર અને ધંધાનો રાગ. એમ અહીં નથી. અહીં તો રાગ બધી જાતનો રાગ. આહા..હા..! દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો પણ રાગ, એને પોતાના જ્ઞાન-ઉપયોગમાં 'अनयन्' લાવતો નથી. આહા..હા..! આવું સ્વરૂપ છે. સાંભળવું મુશ્કેલ પડે હજી. આવી વાત છે, બાપુ! શું થાય?

**શ્રોતા :-** .. સાંભળીને રુચે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગોઠે નહિ એને. આ મહારાજ તો એકલી નિશ્ચયની એટલે પરમસત્યની વાતું કરે છે એમ. કાંઈ ખોટી વાત તો અંદર લાવતા નથી ભેગી. કેમ ભાઈ! આ તો એકલી સત્યની વાત કરે છે, અસત્યની તો વાતું કરતા નથી. કીધીને? અસત્ અસત્માં છે, અહીં આવતું નથી. રાગ રાગમાં છે અહીં લાવતો નથી. આહા..હા..! સત્યમાં અસત્યને કેમ લાવે? આહા..હા..! સત્યને અસત્યમાં લાવીને મિશ્રણ કેમ કરે, એ અમૃતમાં ઝેરને નાખીને? આહા..હા..! આવા તો જુઓ એ સંતોએ કામ કર્યા છેને! આહા..હા..! જ્યારે ટીકા કરતા હશે ત્યારે એનું શું કામ કરતા હશે! આહા..હા..! તે પણ પાછા એમ કહે, જુઓ ભાઈ! આ ટીકા શબ્દથી બની છે. એ એને ગોઠતું નથી. પોતે કહે છે કે આ ટીકા શબ્દથી બની છે, અમારાથી નહિ. અમે તો જ્ઞાનમાં છીએ. ત્યાં ક્યાં બહાર આવ્યા છીએ તો શબ્દો અમારાથી થાય? આહા..હા..! અમે રાગમાં નથી આવ્યા તો ભાષામાં ક્યાંથી આવ્યા? આહા..હા..! હવે એ લોકોને નડે છે, નહિ. 'वोच्छामि समयपाहुडं'. કુંદકુંદાચાર્ય કહે છે કે હું સમયસાર કહીશ અને તમે કહો કે કહી શકે નહિ. અમૃતચંદ્રાચાર્યે કહ્યું કે ભાઈ! આ બધું બન્યું છે એ શબ્દની શક્તિથી બન્યું છે. એ તો શું કરવા કહે છે? પોતાની લઘુતા માટે કહે છે. અરે..! અને એ શબ્દ છે ઓલા કળશટીકામાં છેલ્લો. કળશટીકામાં છેલ્લો (શબ્દ) લઘુતા છે, પણ લઘુતા તો છે પણ એની સાથે કર્તા થઈ શકતો નથી એ સાથે છે. એ તો મેં બનાવ્યું, નિમિત્ત છું એની લઘુતા છે, પણ એ થાય છે એ તો એનાથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી સરસ ટીકા મોટી મહા અધ્યાત્મના પિંડની, એ પણ હું એનો કર્તા નથી, એ રીતે. સમજાણું કાંઈ? એટલે તમને એમ લાગે કે ઓહો..હો..! આવી વાતું કરી. એ પોતે કર્તા હશે એના. આવી વાત મુનિના મુખે નીકળે. બાપુ! કર્તા હું નથી. આહા..હા..! એ વખતે એ ભાષામાં તો હું નથી અને ભાષા મારામાં નથી, પણ એ વખતે વિકલ્પ ઊઠ્યો છે એ હું મારામાં લાવતો નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

ત્યારે કહે, અમૃતચંદ્રાચાર્યે તો એમ કહ્યું કે ટીકા કરતા અમારી શુદ્ધિ થજો. એ પણ એક જ છે ત્યાં પણ. ટીકાને કાળે મારું જોર જે અંતરમાં છે તે વધી જજો. આહા..હા..! ટીકાના વિકલ્પને હું મારામાં લાવતો નથી, તો એનાથી મને લાભ થાય એ તો છે નહિ. આહા..હા..! અને ટીકા કરવા કાળનો વિકલ્પ પણ જ્યારે મારા સ્વભાવમાં લાવતો નથી તો એનાથી લાભ એ તો છે નહિ. આહા..હા..! હીરાભાઈ! આવી વાતું છે. કહો, નવલચંદભાઈ! આહા..હા..! આવી વાત છે, બાપા! પુણ્યશાળીને, ભાગ્યશાળીને તો કાને પડે એવી વાત છે. આહા..હા..!

ત્યારે શું કરું છું? '**केवलं ज्ञानं भवन्**' એ વિકલ્પને, રાગને મારા સ્વભાવમાં હું લાવતો નથી, એનો સંબંધ કરતો નથી, એમાં મારું જોડાણ નથી. આહા..હા..! ત્યારે છો શું તું? '**केवलं ज्ञानं भवन्**' '**કેવળ (એક) જ્ઞાનરૂપે થતો–**' આહા..હા..! ભિન્ન-ભિન્ન ભલે પર્યાય પણ એક જ્ઞાનરૂપે થતો. આહા..હા..! અનેક રાગાદિપણાની ભૂમિકામાં હું લાવતો નથી. ત્યારે છું કોણ? અને શેમાં છું? જ્ઞાનની એકતા, જ્ઞાનની એકતા, જ્ઞાનમાં જ્ઞાનની એકતા એમાં હું છું. આહા..હા..! '**જ્ઞાનરૂપે થતો...**' એટલે જ્ઞાનરૂપે ભવન છેને? પરિણમતો. આહા..હા..! પર્યાયની વાત લીધી છે હોં! આહા..હા..! હું તો જ્ઞાનસ્વભાવે પરિણતો. જ્ઞાનસ્વરૂપ તો ત્રિકાળ છે એ જુદું છે. આહા..હા..!

'**જ્ઞાનરૂપે થતો–પરિણમતો થકો,...** ' '**कुतः अपि बन्धम् ध्रुवम्**' '**કોઈ પણ કારણથી બંધને...**' ધ્રુવ-ચોક્કસ કહીએ છીએ, કહે છે. ધ્રુવથી કહીએ, નિશ્ચયથી કહીએ છીએ. આહા..હા..! કહો, મીઠાભાઈ! આવી મીઠી વાતું છે. દિગંબર સંતોએ જગતને નિહાલ કરી નાખ્યા છે. અમૃતને પીરસીને એની ભૂખ ભાંગી નાખી છે. આહા..હા..! એને બીજાની સાથે શું કામ છે, બાપુ! આહા..! '**કોઈ પણ કારણથી બંધન ચોક્કસ નથી..**' નથી નહિ પાછું 'જ'. ભાઈ! કથંચિત્ બંધ અને કથંચિત્ અબંધ એમ કહોને. હવે સાંભળને બાપુ! સમજાણું કાંઈ?

'**(અહો! દેખો! આ સમ્યગ્દર્શનનો અદ્ભુત મહિમા છે.)** ' છેને? '**(અહો! દેખો! આ સમ્યગ્દર્શનનો અદ્ભુત મહિમા છે.)**' એમ કહીને પૂરું કર્યું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા વદ-૨, રવિવાર, તા. ૦૬-૦૨-૧૯૭૭, કળશ-૧૬૫-૧૬૬, પ્રવચન નં. ૩૧૨

સમયસાર, ૧૬૫ કળશનો ભાવાર્થ છે. આ બંધ અધિકાર છેને?

'**ભાવાર્થ :- અહીં સમ્યગ્દૃષ્ટિનું અદ્ભુત માહાત્મ્ય કહ્યું છે...** ' સમ્યગ્દર્શન એટલે જેની નિમિત્ત ઉપરની રુચિ છૂટી ગઈ છે. કર્મના ઉદયથી મળેલી સામગ્રી, એના ઉપરથી જેની અભિલાષા, રુચિ છૂટી ગઈ છે. જેને રાગની રુચિ છૂટી ગઈ છે, જેને એક સમયની વ્યક્ત જ્ઞાનની પર્યાય, વ્યક્ત અંશ જે છે એની પણ રુચિ જેને છૂટી ગઈ છે. આહા..હા..! રુચિ ક્યાં પડી છે? જ્યાં ભગવાન આનંદસ્વરૂપ પૂર્ણાનંદ છે ત્યાં. સમજાય છે કાંઈ? આહા..હા..! આ સમ્યગ્દૃષ્ટિ એટલે સત્યદૃષ્ટિ એટલે પૂર્ણ સત્ જે ભગવાન છે તેની દૃષ્ટિ તેને સત્યદૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ કહે છે. આહા..હા..! જેની દૃષ્ટિમાં પૂર્ણ પરમાત્મસ્વરૂપ જે વર્તમાન છે અંદર, એના ઉપર એની દૃષ્ટિ હોય છે. આ ઝીણી વાત છે, બાપુ! આહા..હા..! એ સમ્યગ્દૃષ્ટિને અતીન્દ્રિય આનંદની રુચિ હોવાથી એને જ્ઞાન ઉપયોગમાં રાગની એકતા

હોતી નથી. સમજાય છે કાંઈ? એને આનંદની રુચિમાં એકત્વબુદ્ધિ હોય છે. આહા..હા..! આવી વાત છે.

વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ અને અપૂર્વ છે. એ એને શ્રદ્ધામાં, સમ્યક્‌માં આવે ત્યાં તો કહે છે કે એને બંધ નથી એમ કહે છે. આહા..હા..! કેમકે અબદ્ધસ્વરૂપ ભગવાન આત્મા, અબદ્ધસ્વરૂપ છે એ તો. રાગ સાથે સંબંધ વિનાની એ ચીજ છે. એવો જે અબદ્ધસ્પૃષ્ટ ભાવ એના ઉપર જેણે અનુભવ, જાણ્યો એણે એટલે અનુભવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? એવું જેણે જાણ્યું, જાણ્યું એટલે કે એને અનુભવ્યું. આહા..હા..! એ સમ્યગ્દષ્ટિના માહાત્મ્યની શું વાત કરવી, કહે છે. આહા..હા..!

'**અને લોક,...**' કર્મના રજકણોથી, કર્મ થવાને લાયક એવા રજકણોથી લોક ભર્યો હોય એથી એને બંધન નથી. આહા..હા..! કારણ કે ભગવાન '**आलोक्यंति**', આનંદનો નાથ પ્રભુ એને આલોકે છે, એનો એ લોક છે એને આલોકે છે. આહા..હા..! એને આ જગતના રજકણોથી ભરેલો લોક એ પણ બંધનું કારણ નથી. '**યોગ,...**' આહા..હા..! એની મન, વચન અને કાયાની ક્રિયા જે છે એ પણ એને બંધનું કારણ નથી. આહા..હા..! કેમકે એ જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે છે ચીજ. એના સ્વરૂપ તરીકેની રુચિ નથી એમાં. આહા..હા..! સમ્યગ્દર્શન એટલે શું લોકોને એ વાતની ખબર નથી. આ બાહ્ય ત્યાગ કાંઈક કરે એટલે માને કે આ કાંઈક ત્યાગી થયો ને આ થયો. બાપુ! આખો સંસારનો ત્યાગ જ્યાં સુધી દૃષ્ટિમાં ન આવે... આહા..હા..! અને ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ એની દૃષ્ટિમાં, અનુભવમાં ન આવે.. આહા..હા..! ત્યાં સુધી તે મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! ભલે ત્યાગી થયો હોય. વસ્તુ તો આવી છે. એ કહે છે કે એને યોગની ક્રિયા હો તોપણ બંધનું કારણ નથી. આહા..હા..! કેમકે તેમાંથી તેની રુચિ ઊડી ગઈ છે. આહા..હા..!

'**ચૈતન્ય-અચૈતન્યનો ઘાત...**' આહા..હા..! ગજબ વાત છે! પંચેન્દ્રિયના જીવોનો ઘાત થાય, માણસ, ઘોડા, હાથી મરે પણ ત્યાં એની રુચિ નથી. એની અંતરમાં તે તરફની અભિલાષા નથી. આહા..હા..! એથી એ ઘાત પણ એને બંધનું કારણ નથી. આહા..હા..! સચેતમાં તો પંચેન્દ્રિય હાથી, ઘોડા, માણસ (બધા આવી જાય). કેમકે તેના પ્રત્યેની રુચિ અને પ્રેમ જ છૂટી ગયો છે. આહા..હા..! એ ક્રિયાઓ બધી જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જાણવામાં આવે છે, એને એ કરતો નથી. આહા..હા..! જેના જ્ઞાનસ્વભાવી પ્રભુ અતીન્દ્રિય આનંદસ્વરૂપી ભગવાન, એના ઉપર જેની થાપ પડી છે દૃષ્ટિની.. આહા..હા..! એને આ બધા બંધના કારણ નથી. આહા..હા..! અને અજ્ઞાની કાયા અને કષાયને પોતાના માનતો હોય.. આહા..હા..! એ જીવ છકાયની હિંસા વર્તમાન કરતો ન હોય એમ દેખાય, તોપણ ભગવાન કહે છે કે છકાયનો હિંસક છે એ. સમજાણું કાંઈ?

જેણે કાયા અને કષાય. આ શરીર કાયા અને કષાય રાગાદિ, એ પોતાના જેણે માન્યા છે, અશરીરીને શરીરવાળો માન્યો છે, અકષાયવાળાને કષાયવાળો માન્યો છે... આહા..હા..! એ જીવ ભલે બાહ્યથી મુનિ થઈ ગયો હોય, હજારો રાણીને છોડી હોય, એને માટે કરેલો આહાર લેતો ન હોય, છતાં ભગવાન તો કહે છે કે એ કાયા ને કષાય જે બે ચીજ સંસાર છે એને પોતાનો માન્યો છે તે છકાયની

હિંસા કરનારો જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે જેણે કાયા અને કષાય પોતાના માન્યા એણે ભગવાન આનંદના નાથની એણે હિંસા કરી. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે. આહા..હા..! જેણે એ કષાયની મંદતાના દયાના ભાવ હોય, એ ભાવ પોતાના માન્યા તો અકષાય વીતરાગી સ્વરૂપમાં રાગવાળો માન્યો કષાયવાળો, એ સ્વરૂપની સ્થિતિનો એણે અનાદર કર્યો છે. સમજાણું કાંઈ? અને ભગવાન આત્મા તો અશરીરી ચીજ છે એને આ કાયા શરીરવાળો માન્યો એણે સ્વરૂપની હિંસા કરી છે. એથી એ બાહ્યમાં હિંસા ન કરતો હોય તોપણ છ કાયની હિંસાનો કરનારો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને સમ્યગ્દૃષ્ટિ બાહ્યમાં હિંસાદિ થતી હોય છતાં... આહા..હા..!

**'ચૈતન્ય-અચૈતન્યનો ઘાત એ બંધનાં કારણ નથી એમ કહ્યું છે.'** સમકિતીને. **'આથી એમ ન સમજવું કે પરજીવની હિંસાથી બંધ કહ્યો નથી, માટે સ્વચ્છંદી થઈ હિંસા કરવી.'** રુચિપૂર્વક હિંસા કરે અને એમ કહે કે અમે હિંસા કરી નથી, એ ન ચાલે. સમજાણું કાંઈ? રુચિ આનંદની હોય એને પરની હિંસા કરવાની રુચિ છે નહિ. આહા..હા..! એને કોઈ હિંસા થઈ જાય તો બંધનું કારણ નથી; પણ સ્વચ્છંદી થઈને રુચિથી, પ્રેમથી... આહા..હા..! પરની હિંસા, દ્વેષને ઉપયોગમાં એકત્વ કરીને પર જીવની હિંસા કરે છે તો તે બંધનું કારણ છે એને. સમજાય છે કાંઈ? દૃષ્ટિમાં જેને ભગવાન અવિકારી સ્વભાવ આવ્યો સ્વીકાર થયો છે એને રાગ અને કાયાનો સ્વીકાર પોતામાં નથી, એથી એની ક્રિયા એને બંધનું કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને સ્વચ્છંદી થાય (કે) જ્ઞાનીને હિંસા કહી નથી, ગમે તે પંચેન્દ્રિયનો ઘાત થાય, એમ માનીને રુચિથી પરના પ્રેમમાં પરની હિંસા કરે છે... આહા..હા..! એ તો બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

**'સ્વચ્છંદી થઈ હિંસા કરવી. અહીં તો એમ આશય છે કે અબુદ્ધિપૂર્વક કદાચિત્...'** રુચિ વિના. એ બાજુની રુચિ જ નથી. સમજાણું કાંઈ? રુચિપૂર્વક કદાચિત્ પરજીવનો ઘાત થાય તો તો બંધ છે જ, પણ અરુચિપૂર્વક અબુદ્ધિ એટલે. આહા..હા..! સમજાણું કાંઈ? **'પરજીવનો ઘાત પણ થઈ જાય તો તેનાથી બંધ થતો નથી.'** રુચિ નથી. વીતરાગ સ્વભાવના આનંદની આગળ કોઈ ચીજની એને રુચિ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ રુચિ નથી માટે કોઈ ઘાત થઈ જાય તો એનો બંધ કહ્યો નથી. આવી વાત છે. **'પરંતુ જ્યાં બુદ્ધિપૂર્વક...'** એટલે રુચિપૂર્વક, એમ. બુદ્ધિપૂર્વક એટલે હું આને કરું એવી રુચિના પ્રેમપૂર્વક. આહા..હા..!

**'જીવ મારવાના ભાવ થશે ત્યાં તો પોતાના ઉપયોગમાં રાગાદિકનો સદ્ભાવ આવશે...'** જોયું, શું કીધું એ? બુદ્ધિપૂર્વકની વ્યાખ્યા શું કરી? કે પોતાના જ્ઞાનમાં રાગાદિનું એકત્વપણું આવ્યું ત્યાં તો. આહા..હા..! રાગનો સદ્ભાવ આત્મામાં ત્યાં તો આવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ કોઈ અલૌકિક છે, ભાઈ! સાધારણમાં કલ્પી નાખ્યો છે બહારમાં એવું એનું સ્વરૂપ નથી. અહીંયાં તો જ્ઞાનીને રાગ અને સ્વભાવની એકતાબુદ્ધિ તૂટી ગઈ છે. આહા..હા..! એથી રાગ છે એ પરમાં જાય છે અને બધી ક્રિયા એ પરમાં જાય છે. એટલે પરને કારણે જીવને બંધ થાય એમ નથી. આવી વાત છે, ભાઈ! આ વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. વાદ કરો. શું કરે ભાઈ? શું કહ્યું જુઓ,

**'પોતાના ઉપયોગમાં રાગાદિકનો સદ્ભાવ આવશે...'** ભાષા જોઈ! 'આને હું મારું, આને હું જીવાડું, આ ભોગ લઉં આની સાથે કર્મના ઉદયથી મળેલી સામગ્રીની સાથે' ત્યાં તો રાગની હયાતી થઈ ગઈ જ્ઞાનમાં. જે જ્ઞાનમાં રાગ નથી તેમાં રાગની હયાતી થઈ ગઈ. આહા..હા..! બાપુ! આ તો જન્મ-મરણના ઉદ્ધારના માર્ગ છે, ભાઈ! આ કાંઈ સ્વચ્છંદે ભોગ લે ને હિંસા કરે ને માને કે અમે નથી (કરતા), એ વાત નથી અહીં. એમ ન ચાલે, ભાઈ! અહીંયાં તો કહે છે કે જેને પર મારવાનો ભાવ થયો, એને જ્ઞાનમાં રાગની કષાયની હયાતી થઈ. જેમાં નથી કષાય તેમાં કષાયની હયાતી થઈ. મીઠાભાઈ! બહુ ઝીણું, બાપા! બહુ માર્ગ ભાઈ! આહા..હા..!

અહીંયાં તો ભગવાન આત્મા કષાય વિનાનો, રાગ વિનાનો સ્વભાવ જેનો ત્રિકાળી પવિત્ર શુદ્ધ છે, એમાંથી જેને રાગની એકતા છૂટી ગઈ છે... આહા..હા..! એનો રાગ ચારિત્રનો રાગ દોષનો છે એ પણ પૃથક્ વર્તે છે, કહે છે. સમજાણું કાંઈ? એમાં એકત્વપણે વર્તતો નથી, પૃથક્ વર્તે છે. એટલે ખરેખર તો જ્ઞાનીના જ્ઞાનમાં રાગ છે એ પરજ્ઞેય તરીકે જણાય છે. સમજાણું કાંઈ? અને અજ્ઞાનીના જ્ઞાનમાં રાગ અને વિકલ્પ જે દયા આદિનો ભલે હો, પણ એ આત્મામાં એની હયાતી સ્થાપે છે એ તો. આહા..હા..! આવો માર્ગ અને તે દિગંબર જૈનધર્મ એ સિવાય ક્યાંય આવી વાત કોઈ ઠેકાણે નથી. શું થાય? લોકોને દુઃખ થાય આમાં. આહા..હા..! સંતો કુંદકુંદાચાર્ય, કોઈપણ દિગંબર સંત વીતરાગી મુનિ છે એ આ વાતને સિદ્ધ કરે છે. આહા..હા..!

કહે છે **'જ્યાં બુદ્ધિપૂર્વક જીવ મારવાના ભાવ થશે...'** રાગની રુચિવાળો આત્મા પરને હણશે તો ત્યાં તો બંધ થશે જ. કારણ કે બંધ પોતાનો માન્યો. પોતાનો માન્યો એટલે એને બંધ થશે જ. આહા..હા..! સમજાણું કાંઈ? **'ઉપયોગમાં રાગાદિકનો સદ્ભાવ આવશે અને તેથી ત્યાં હિંસાથી બંધ થશે જ. જ્યાં જીવને જિવાડવાનો અભિપ્રાય હોય...'** આહા..હા..! સિદ્ધાંત સિદ્ધ કરે છે જુઓ, પર જીવને જીવાડવાનો અભિપ્રાય હોય એ બંધનું કારણ છે. આહા..હા..! અભિપ્રાય હોં! હું બીજાને જીવાડું, એ પરદ્રવ્યની પર્યાયને હું રાખું એ તો અભિપ્રાય મિથ્યાત્વ છે. આહા..હા..! **જ્યાં જીવને જિવાડવાનો અભિપ્રાય હોય...'** આહા..હા..! અભિપ્રાય હોં! શ્રદ્ધા. હું બીજાને જીવાડી શકું, કુટુંબનો નિર્વાહ કરી શકું, આ ધંધા કરીને હજારો માણસને પોષણ દઈ શકું, એ બધા જીવો મારા ધંધામાં નભે છે. એય..! ભાઈને કહ્યું નહોતું એક ફેરી? ગોવાવાળાને. શાંતિલાલ ખુશાલ. એમના બનેવી આ પોપટભાઈ, આવે છેને પોપટભાઈ. ઓલા પાસે પૈસા ઘણા અને મોટા હજારો માણસો કામ કરે. એને કહ્યું એક ફેરી એના સાળાને. એ તો ગુજરી ગયા છે બિચારા. આ પોપટભાઈ છે એની દીકરીયું છેને આપણે બાળબ્રહ્મચારી. 'તમે હવે શું કરવા ધંધો કરો છો? પૈસા આટલા છેને.' પોપટભાઈએ કહ્યું. શું અમે પૈસા રળવા માટે આ કરીએ છીએ? હજારો માણસ પોષાય છે એ માટે ધંધો કરીએ છીએ. એમ હશે ચીમનભાઈ? નહિ લ્યો! કારખાના.

**શ્રોતા :-** આટલા બધા માણસો પોષાય છે એ વાત તો સાચી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જૂઠી વાત છે. એ હજારો માણસ એવું .. પોપટભાઈને તમે ઓળખો?

આહાહા..! લીંબડીવાળા. એને ઘરે ૩૦૦ વિઘા જમીન છે. એને ૩૫-૪૦ હજારની ઊપજ છે ત્યાં લીંબડીમાં. પડનાળા, પડનાળા. એ અમારા બાપના બહેન હતા નવા એને પડનાળા આપ્યા હતા એટલે અમે પડનાળાને જાણીએ પહેલેથી. પડનાળા છેને ત્યાં? પોપટભાઈનું ગામ. ત્યાં અમારા બાપના નવી મા હતાને એની દીકરી એ ત્યાં આપ્યા હતા પડનાળા. આ લોકો ભૂલી ગયા હશે. નહિતર ગામમાં ત્યાં આપ્યા હતા. છોકરો હતો. પછી વિધવા થયા પછી અહીં રહેતા હતા. પછી બેય મરી ગયા, બધા મરી ગયા, છોકરો મરી ગયો. એને કહ્યું કે અમે શું એને માટે કરીએ છીએ? હજારો માણસ નભે છે. એમ હશે? આ મિથ્યાત્વના જોર. આહા..હા..!

**શ્રોતા :-** હજારો નભે છે એ વાત તો સાચી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કોને લઈને નભે છે? એ તો એના પુણ્યને લઈને નભે છે. આહા..હા..!

અહીં તો કહે છે કે પરને હું સુખી કરી શકું, એ આવશે હમણા અધિકાર, મિથ્યાદૃષ્ટિ બંધનું કારણ છે. આહા..હા..! સુખી કરી શકું એટલે? બીજાને હું અનુકૂળ સગવડતા દઈ શકું આહારની, પાણીની, ધંધાની કરીને. તો એ સગવડતા દઈ શકે છે એ? આહા..હા..! કહો, શશીભાઈ! હું બીજાને ગરીબો હોય એને આહાર-પાણીનો યોગ આપી દઉં, રોગીને ઔષધ દઉં. આહા..હા..! કોણ દે, બાપુ? એક રજકણ પણ તારાથી બીજે દેવાય એ તારા હાથની વાત છે? જગતનું તત્ત્વ છે અને એ જાય-આવે તો એની ક્રિયાવતીશક્તિને લઈને જાય-આવે છે. એને ઠેકાણે આ માને કે મેં આને રોટલો આપ્યો અને મેં આ આપ્યું. મૂઢ છો કહે છે. કહો, ભગવાનજીભાઈ!

**શ્રોતા :-** પૈસા તો દેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસા પણ ક્યાં એના બાપના હતા? એના કે દિ' હતા? પૈસા જડના હતા. પૈસા પણ ગયા અને પાપ લાગ્યું એમ કહે છે. પણ પૈસા હતા કે દિ' એના? એ તો જડના હતા. આહા..હા..! સ્વામી થઈને આપે છે એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આહા..હા..! અહીંયાં તો રાગનો સ્વામી થાય તોપણ મિથ્યાદૃષ્ટિ છે. એને ઠેકાણે પરનો સ્વામી થાય જડનો, મેં આને આપ્યા ને મેં આને ઉગાર્યા ને મેં આને બચાવ્યા.. બાપુ! મારગડા એ ઊંધા છે બધા તારા. આહા..હા..!

અહીં કહે છે, '**જ્યાં જીવને જિવાડવાનો અભિપ્રાય હોય ત્યાં પણ અર્થાત્ તે અભિપ્રાયને પણ નિશ્ચયનયમાં મિથ્યાત્વ કહ્યું છે...**' આહા..હા..! 'હું કુટુંબને પોષું છું, બાયડી-છોકરાઓને બધાને નભાવું છું, કુટુંબ-કબીલો ઘણો હોય સો-બસ્સો માણસ બધાને હું સગવડતા આપીને નભાવું છું.' મૂઢ છો. મિથ્યા અભિપ્રાય મહામિથ્યાત્વ છે. આવું છે, બાપુ! આહા..હા..! ત્રણલોકના નાથની વાણીમાં તો આ આવ્યું છે. અરે..! ભગવાનની હાજરી ન મળે અને પાછળ ભગવાનના નામે ઊંધું ચડાવે. આહા..હા..! આવું શું થાય, ભાઈ! આહા..હા..!

ઓલાએ પૂછ્યું હતું. મનોહરલાલજી, મનોહરલાલજીને? વર્ણી મનોહરલાલજી. જયપુરમાં પૂછ્યું હતું. બે પ્રશ્નો પૂછ્યા હતા. વિકારને પુદ્ગલના પરિણામ કેમ કહ્યા? એ તો બરાબર પ્રશ્ન હતો એનો. એ તો એ સ્વરૂપમાં નથી, પોતામાં નથી એ પુદ્ગલના છે તો નીકળી જાય છે. પોતાના હોય તો નીકળે

નહિ. માટે પુદ્ગલના કહ્યા છે. ચૈતન્યના નથી, એની જાતમાં એ નથી. એની જાતની એ ભાત નથી, એ પુદ્ગલની ભાત છે. એ તો કબુલ્યું. પણ બીજો પ્રશ્ન કર્યો હતો આ, અત્યારે આ ઉદ્દેશિક આહાર થાય છે એનો જો ખુલાસો થાય તમારા તરફથી તો પછી બહુ પ્રેમ થાય, બહુ સંપ થાય. શું કરીએ ખુલાસો બાપુ! લોકો એમ કે કરે છે, એ ક્યાં આ કરાવે છે? લોકો કરે છેને? બાપુ! લોકો કરે છે એ એને માટે કરે છે. એ ઉદ્દેશિક છે. અરે..! પ્રભુના વિરહ પડ્યા ભગવાનના, એની પાછળ આવો અર્થ બીજો કરીને (ચલાવવું), ભાઈ! ન ચાલે. એમ કહ્યું હતું. પરમાત્માના વિરહ પડ્યા, અહીં હાજરી નહિ અને પાછળ એનો ઉદ્દેશિક એ નથી એવા અર્થ કરવા, બાપુ! ન હોઈ શકે. સમજાણું કાંઈ? મેં તો ત્યાં સુધી કહ્યું ધીમેથી, એ વખતે તો સાંભળતા હતા, હું તો બાપુ દ્રવ્યલિંગી ક્ષુલ્લક કે કોઈને માનતો નથી. આહા..હા..! આ તો વસ્તુની સ્થિતિ. બાપુ! આ તો તમારા આત્માને માટે અમારે કાંઈ નહિ. આહા..હા..! વસ્તુની સ્થિતિ આવી છે. ભગવાનના વિરહ પડ્યા માટે એમના અર્થો ફેરવી નાખવા એમ ન હોઈ શકે બાપુ! ભગવાનજીભાઈ! આવી વાતું છે. આહા..હા..!

અહીં કહે છે કે જેને પરને જીવાડવાનો ભાવ. આહા..હા..! કુટુંબને જીવાડું, માણસને જીવાડું. મીલ માલિકો એમ માને છેને? હજાર, પાંચ-પાંચ હજાર માણસો અમારે ત્યાં નભે છે. આહા..હા..! આ તો મોટો ગૃહસ્થ છે. બે અબજ ચાલીસ કરોડ. મોટા આખા અત્યારે ગણાય છે હિન્દુસ્તાનમાં .. એમાં એનો નંબર ચાર-પાંચમાં કાંઈક હતો. પૈસાવાળો મોટો હતોને. બે અબજ ચાલીસ કરોડ. ૩૦૦ તો લાખ લાખની બોટુ છે નાની. માલ મોકલવાની. એક-એક લાખની એક એવી ૩૦૦. મોટો વેપાર. પણ બાપુ! 'હું કરું છું એ જગતને માટે નભાવવા' (એ) મહામિથ્યાત્વ છે. પોપટભાઈ! આવી વાતું છે, ભાઈ! અરેરે..! ચોર્યાસીના અવતારમાં રખડતો, એ મિથ્યાત્વને લઈને રખડે છે. પછીનો રાગ જે છે એની અહીં ગણતરી નથી ગણી. મિથ્યાત્વ તે સંસાર, મિથ્યાત્વ તે પાપ, મિથ્યાત્વ તે આસ્રવ. આહા..હા..! મિથ્યાત્વ તે ભાવબંધ. એમ જેણે આ મિથ્યાત્વનો ત્યાગ કર્યો નથી એને સંસાર ચોર્યાસીના ઊભા છે, બાપા! ભાઈ! ત્યાં કોઈ શરણ નથી. આહા..હા..!

જીવાડવાનો ભાવ, અહીં તો કહે છે. હવે ઓલા કહે છે કે વીતરાગનો માર્ગ પરજીવને જીવાડવો એ જીવનો સ્વભાવ છે, એમ કહે છે. શાસ્ત્રમાં આવ્યું હોયને દયા એ સ્વભાવ છે; પણ કઈ દયા બાપુ? એ તો અહિંસા આત્માનો સ્વભાવ. આહા..હા..! એમાં પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું છેને કે વીતરાગપણાની ઉત્પત્તિ, રાગની અનુત્પત્તિ તે અહિંસા છે, એમ પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં છે. સમજાણું કાંઈ? આ તો પરની દયા એ જીવનો સ્વભાવ છે એમ કહો. એવું કહે છે. અહીં તો આ કહે છે જુઓને. પરને જીવાડવાનો અભિપ્રાય તે મિથ્યાત્વ છે. આહા..હા..!

ઓલા 'ધવલ'માં આવે છે ખરુંને, એમ કે જીવની દયા એ જીવનો સ્વભાવ છે. પણ કઈ દયા? પરની દયા નહિ, જીવની પોતાની દયા. આહા..હા..! જેવડો છે તેવો ટકતો તેવડો તેને માનવો એનું નામ અહિંસા છે, એનું નામ દયા છે. એવડો ભગવાન પૂર્ણાનંદનો નાથ છે એનાથી તેને રાગવાળો માનવો, અલ્પજ્ઞ માનવો, હિંસા કરનારો માનવો એ જ મહામિથ્યાત્વ છે, એ હિંસા છે. આહા..હા..!

સામાનું જીવન તત્ત્વ છે એને મારવું એ બે વાત થઈ ગઈ. અહીંયાં જીવનું જેવડું તત્ત્વ છે જ્ઞાતા-દૃષ્ટા પૂર્ણ, એવડું ન સ્વીકારતા એને રાગવાળું અને અલ્પજ્ઞ સ્વીકારવું એ સ્વરૂપનો નકાર થઈને હિંસા થઈ. આહા..હા..! આવું છે, ભાઈ! આહા..હા..! આ જયચંદ્ર પંડિત ખુલાસો કરે છે.

એ મિથ્યાત્વને લઈને જન્મ-મરણ કર્યા બાપા તેં. આહા..હા..! શાસ્ત્રમાં લેખ એવો છે એક મોક્ષપાહુડમાં, તારી મા જીવતી અને તું મરી ગયો. એ તારી પાછળ એણે આંસુ નાખ્યા છે એવા ભવ તેં અનંત કર્યા, પ્રભુ! તું ભૂલી ગયો, ભાઈ! આહા..હા..! આંસુડાના દરિયા ભરાય. આહા..હા..! એક બાઈને જોઈ હતી અમે દામનગરમાં (એને) છોકરો હતો. રાંડેલી હતી. એના છોકરાને શું કહેવાય? ઘુંટી ઘુંટી એમાં ક્ષય થયો. ઘુંટી સમજો છો? દુંટી નહિ, ઘુંટી. આ પગનું હાડકું આ. અહીં ક્ષય થયેલો. જોયેલો મેં એને. ઓલો કહે, મહારાજ! આને આ થયું? આ ઘુંટી નહિ? આ હાડકું. એ કાણું પડેલું એમાં. ત્યાં ક્ષય થયો હતો. આહા..હા..! ઘણાં વર્ષથી રાંડેલી .. હતા. એમાં આ છોકરો મરી ગયો પછી .. લખેલા. પણ આ મડદું નીકળ્યું મડદું. એમાં બાઈ પછાડ ખાતી હતી પાછળ. ભરી બજારમાં પછડાટ. અરે..! દીકરા! એમ કરીને રોવે. પ્રભુ કહે છે કે તું મરી ગયો એની પાછળ તારી મા રોઈ છે એટલી જનેતાઓ રોઈ છે કે તેના આંસુના દરિયા ભરાય. બાપુ! અનંતકાળ થયો, ભાઈ! તને અનંતકાળની ..નો વિચાર નથી. બાપા તારા એટલા દુઃખ... આહા..હા..! એ બધા મિથ્યાત્વને લઈને છે. પછીનો રાગ જે છે એ તો પછી નિર્જરા ખાતે અહીં તો ગણવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનીને રાગ થાય, અસ્થિરતાનો હોય છતાં એને અહીંયાં ગણવામાં નથી આવ્યો. એકત્વબુદ્ધિ હોય તો એને રાગ છે એમ કીધું. એ જ્ઞેયમાં જાય છે. આહા..હા..!

'**જ્યાં જીવને જીવાડવાનો અભિપ્રાય હોય...**' આહા..હા..! '**ત્યાં પણ અર્થાત્ તે અભિપ્રાયને પણ નિશ્ચયનયમાં મિથ્યાત્વ કહ્યું છે...**' ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવે એને મિથ્યાત્વ કહ્યું છે. આહા..હા..! આ બાયડીનો હાથ જાલ્યો હવે એટલે હું તને નભાવીશ. મૂઢ છે કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** નિભાવવાની ફરજ તો ખરીને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય ફરજ નથી. કોનો ફરજ હોય? આહા..હા..! પોપટભાઈ! હાથ જાલ્યો છે તો આમ હથેળીમાં કર્યું છે. લૂગડું માથે દાબ્યું. હવે જાલ્યો તારો હાથ. એમ હશે? અરે..! ભગવાન! બાપા! શું છે આ? 'હું પરને નભાવી શકું' એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! આવી વાતું છે, બાપુ!

**શ્રોતા :-** શું કરવું હવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કરવું આ મિથ્યાત્વને ટાળવું. એ માટે તો વાત ચાલે છે આ. એ અભિપ્રાયને છોડી દેવો અને ભગવાન પૂર્ણાનંદ જ્ઞાતા છે તેનો અભિપ્રાય કરવો. આહા..હા..! 'એને હું ટકાવી રાખું, ટકતું છે એને હું ટકાવી રાખું' એવી મારી શ્રદ્ધા, બસ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! નિત્યાનંદની એને શ્રદ્ધા, નિત્યાનંદ પ્રભુ છે એવી શ્રદ્ધા. શ્રદ્ધામાં નિત્યાનંદ આવતો

નથી, પણ શ્રદ્ધામાં નિત્યાનંદની શ્રદ્ધા આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મ વીતરાગનો માર્ગ બીજી જાતનો છે, બાપુ! અત્યારે લોકોએ બહારમાં અજૈનને જૈન કલ્પી નાખ્યું છે અને આવી વાત હોય એને મશ્કરીમાં ઉડાવી દીધી. આહા..હા..!

'**નિશ્ચયનયમાં મિથ્યાત્વ કહ્યું છે તો મારવાનો અભિપ્રાય મિથ્યાત્વ કેમ ન હોય?** ' એ જાણે કે આને મારું એમ અભિપ્રાય કર તો મહાપાપ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ. પરમસત્ય તો આ છે, બાકી બધા જૂઠાના વહેણ છે. આહા..હા..! '**માટે કથનને નયવિભાગથી યથાર્થ સમજી શ્રદ્ધાન કરવું.**' એમ ન માની લેવું કે પરને મારવાનો અભિપ્રાય છે અને મારું તો મને બંધ નથી. એ તો મારવાનો અભિપ્રાય થયો એ તો રુચિ થઈ ગઈ, મિથ્યાત્વ થયું. આહા..હા..! જ્યાં બચાવવાનો અભિપ્રાય મિથ્યાત્વ ત્યાં મારવાનો અભિપ્રાય તેં કર્યો રુચિપૂર્વક એ તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાનીને મારવાનો અને બચાવવાનો અભિપ્રાય જ નથી અંદર. આહા..હા..! એનો અભિપ્રાય તો 'જ્ઞાતા-દૃષ્ટા છું' તે છે, 'રાગ મારો' એ પણ અભિપ્રાયમાં નથી. આહા..હા..! એ કહે છેને અહીં તો. ઉપયોગમાં રાગને કરવો એને અહીં મિથ્યાત્વ કહે છે, રાગ એકલો કરવાનો પ્રશ્ન નથી. આહા..હા..! ભગવાન શુદ્ધ ચૈતન્યઘન જ્ઞાતા-દૃષ્ટા આનંદકંદ એમાં વિકારી વિભાવ ક્ષણિક, મલિન, અશુચિ એને શુચિની સાથે એકત્વ કરવું.. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું એ? શુભ-અશુભભાવ છે તે અશુચિ છે, જડ છે. ભગવાન આત્મા પવિત્ર છે, ચૈતન્યસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, એને અશુચિ, જડ અને દુઃખરૂપ છે આ રાગ, એને આવા પવિત્ર ભગવાનની સાથે એકત્વ કરવું એ જ મહામિથ્યાત્વનું પાપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શેના એને અભિમાન કરવા, પ્રભુ! શરીર આ મારું, હું સુંદર છું, છોકરાઓ આવા છે, બહુ કર્મી જાગ્યા છે, રળાઉ જાગ્યા છે. કોના પણ, બાપા? છોકરા કે દિ' તારે હતા? આહા..હા..! બાપ કોનો અને છોકરો કોનો? ... આહા..હા..! ચીમનભાઈ! આવી વાતું છે, ભગવાન! આહા..હા..!

**શ્રોતા :-** જંગલમાં જાય તો મનાય એવી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો જંગલમાં જ બેઠો છે, ત્યાં ક્યાં બહાર ગરી ગયો છે? જંગલમાં જ આત્મા છે, રાગ વિનાનો અંદરમાં જંગલમાં છે એ તો. આહા..હા..! જેને રાગનું આલંબન નથી, જેને ધ્રુવ ચૈતન્યનું આલંબન છે એ જંગલમાં જ છે. ભલે ચક્રવર્તીના રાજમાં બેઠો દેખાય, એ બહારમાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાત છે, ભાઈ! આ તો મુદ્દાની રકમ બહુ કઠણ છે. આહા..હા..!

'**સર્વથા એકાંત માનવું તે તો મિથ્યાત્વ છે.**' એટલે? કે મારવાનો અભિપ્રાય કરે છે, રાગની રુચિ કરે છે અને (કહે છે કે) પરને હું મારી શકતો નથી, મારતો નથી; એકાંત નયને સમજતો નથી. આહા..હા..!

**શ્રોતા :-** મારી શકતો નથી એમ કહે અને મારવાનો પ્રયત્ન કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રયત્ન કરે, રુચિ છે, અભિલાષ છે અને હું સામાને મારી શકું છું એવું તો

સ્વરૂપમાં એણે માન્યું છે. આહા..હા..! એને તો બંધ થશે જ. આહા..હા..!

**'હવે, ઉપરના ભાવાર્થમાં કહેલો આશય પ્રગટ કરવાને, કાવ્ય કહે છે :–'** ૧૬૬.

(પૃથ્વી)

तथापि न निरर्गलं चरितुमिष्यते ज्ञानिनां
तदायतनमेव सा किल निरर्गला व्यापृतिः।
अकामकृतकर्म तन्मतमकारणं ज्ञानिनां
द्वयं न हि विरुद्यते किमु करोति जानाति च।।१६६।।

**'अकामकृतकर्म'** જોયું! અભિલાષ વિનાનું થયેલું કર્મ. આહા..હા..!

કહે છે કે લોકના પરજીવનો ઘાત થાઓ, એનાથી બંધ નથી જ્ઞાનીને જે એમ કહ્યું, એને રાગની એકતા નથી માટે પર છે, પરને લઈને પોતાને શું થાય? આહા..હા..! સમજાણું કાંઈ? એને બંધ નથી એમ જે કહ્યું. એ **'કારણોથી બંધ કહ્યો નથી અને રાગાદિકથી જ બંધ કહ્યો...'** રાગાદિથી એટલે? 'રાગ છે તે હું છું' એનું નામ રાગાદિ. સમજાણું કાંઈ? આહા..હા..! જેનું અસ્તિત્વ પોતાના સ્વભાવમાં નથી રાગ અને રાગનું અસ્તિત્વ રાગમાં છે, પણ એ રાગનું અસ્તિત્વ જેમાં નથી તેમાં એણે માન્યું એવા રાગાદિથી બંધ છે. સમજાણું કાંઈ? આવી વાત. ઓલો બિચારો કહે અમે સમજતા નથી. લલિતપુરથી આવ્યો હતો. હિન્દી ચાલ્યું હતું. પણ આ અધિકાર ચાલતો નથી અને બહારમાં બધું આ કરવું... આ કરવું... આમ ને તેમ. આહા..હા..!

આગ્રામાં આ વાત નહોતી થઈ? તમારા મકાને વ્યાખ્યાનમાં? વ્યાખ્યાન આગ્રામાં તમારે. ત્યાં ઓલો નહતો આવ્યો પંડિત? .. લાંબો. બહુત અચ્છી બાત. કરના-ધરના કુછ નહિ. બહુ મોટો. એણે બિચારેએ કીધું બાપુ શું કરે? આહા..હા..! એમ કે આ કરવું, ધરવું કાંઈ નહિ ને મજા. બાપુ! કોણ કરે, ભાઈ! અરેરે..! જે રાગ વિનાનો ભગવાન, રાગની ક્રિયા વિનાનો ભગવાન એમાં જાવું એ કરવાનું નથી? આહા..હા..! એની સૂઝ પડતી નથી અને આ બહારનું છોડાતું નથી. આહા..હા..! આ તો પરમેશ્વર, જિનવરદેવ ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં પ્રભુની વાણી આ હતી. જે એકાવતારી ઇન્દ્રો એક ભવે મોક્ષ જનારા, જેને વૈભવનો પાર ન મળે એવો વૈભવ તો અત્યારે કોઈને નથી એવા શક્રેન્દ્ર છે, એકાવતારી, એની રાણી એકાવતારી છે. આહા..હા..! એકભવતારી છે. સભામાં ભગવાનને સાંભળવા આવતા ત્યારે ભગવાનની તો આ વાણી હતી. આહા..હા..!

કોઈપણ પ્રાણી ભગવાન સ્વભાવમાં રાગના વિભાવસ્વભાવને એકપણે કરે છે એ મિથ્યાદૃષ્ટિ (છે). પરને ન મારી શકે એ તો બરાબર છે, છતાં એ મારી શકે છે એમ અમે કહીએ છીએ. અભિપ્રાય. આહા..હા..! અભિપ્રાયને? આહા..હા..! જેના અસ્તિત્વમાં, હયાતીમાં ભગવાનની હયાતીમાં આત્મા ભગવાન હોં! અહીં તો એ. એની હયાતીમાં તો પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, સ્વચ્છતા, અનંત પ્રભુતા એવી એની હયાતીમાં છે. એવી હયાતીમાં રાગની હયાતીને બેસાડવી. કૃત્રિમ, ક્ષણિક, વિકાર,

અશુચિ, દુઃખ, અકૃત્રિમ આનંદ આનંદકંદ પ્રભુમાં આ રાગને ખતવવો ભેગો. એવી વાત છે. આહા..હા..! કઈ રીતે થાય ભાઈ? તારી માન્યતા થાય, પણ એક થાય નહિ. આહા..હા..! આવું જેને જ્ઞાન છે કે રાગ તે મારી ચીજ જ નથી, તેણે ત્રણલોકના નાથને આનંદના કંદને રાગથી જુદો દૃષ્ટિમાં રાખ્યો છે. આહા..હા..! એને આવી ક્રિયા કોઈ થાય એનાથી, એનાથી થાય એ તો સમજાવે છે, પરથી થાય છે, એનો એને બંધ નથી. સમજાણું કાંઈ? અને અજ્ઞાની રાગના ભાવને ત્રિકાળના સ્વભાવમાં એકત્વ કરે છે, એ કોઈપણ પ્રાણીને મારતો નથી, એકેન્દ્રિય જીવને હણતો પણ નથી, છતાં તે છકાયનો અહિંસક છે. આહા..હા..! એ પ્રવચનસારમાં આવે છેને, નહિ ભાઈ? ૨૩૭ ગાથાને? ૩૬? ૩૬. પ્રવચનસારમાં. સર્વવિશુદ્ધ અધિકાર. આહા..હા..! દિશા ફેરે દશા ફરી જાય છે. સમકિતની દશા સ્વદિશા તરફ છે. મિથ્યાત્વની દશા મેલી પર દિશા તરફના લક્ષવાળી છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, જયંતિભાઈ! આ બધા એકેન્દ્રિયની દયા પાળતા હતાને તમે બધા? એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રણ ઈન્દ્રિય, ચૌઈન્દ્રિયા, પંચેન્દ્રિય, ઈચ્છામી પડિક્કમણું નહિ? અહીં તો કહે કે પરને જીવાડી શકવાનો ભાવ જ મિથ્યાત્વ છે. આહા..હા..!

વર્ણીજીને છેલ્લે વેદન ઘણું આવ્યુંને વર્ણીજીને. છેલ્લે ભૂલી ગયા હતા બિચારા. છેલ્લે હોં! ભલે બીજી લાઈને.. એ કહે ઓહો..હો..! આત્મા વિના કોઈ શરણ નથી એમ કીધું. પીડા બહુ ને તૃષા બહુ લાગી. આહા..હા..! આત્મા વિના શરણ નથી કોઈ. .. હોય તો અંદરથી આવું આવેને. આહા..હા..! બહારની પીડા, ક્ષુધા, તૃષા, દાહ, લાગ્યો હોય પાણીનો, રહેવાય નહિ, જવાય નહિ. આહા..હા..! 'દાહ લાગ્યો ડુંગરિયે બેની ક્યાં જઈને કહીએ?' એવું આવે છે ભજન. ભજન આવે છે હોં! અમારે તો ઘણું વાંચેલુંને બધું. 'દાહ લાગ્યો ડુંગરીયે બહેની ક્યાં જઈ કહીએ?' જ્યાં ભગવાન આત્મામાં રાગની એકતામાં મિથ્યાત્વનો દાહ લાગ્યો, એને કોને કહીએ શું છે આ પાપને? આહા..હા..! એ ભજન આવે છે હોં. એ વાંચેલા ઘણા ને ઘણા પુસ્તકો. દુકાન ઉપર પણ ઘણાં વાંચેલા. વેપાર તો અમુક વખતે જ હોયને, બાકી તો નવરા બેઠા હોયને. આહા..હા..! પરને જીવાડી શકું એવો જે રાગ એની સાથે એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વ છે. આહા..હા..! એ દાહ લાગ્યો ડુંગરીયે, ભગવાન આનંદના નાથમાં દાહ લાગ્યો છે. આહા..હા..! કહો, શાંતિભાઈ! આવી વાતું છે.

'**બંધ કહ્યો નથી અને રાગાદિકથી જ બંધ કહ્યો છે તોપણ) જ્ઞાનીઓને નિરર્ગલ (-મર્યાદારહિત, સ્વચ્છંદપણે) પ્રવર્તવું યોગ્ય નથી કહ્યું,...**' આહા..હા..! '**કારણ કે તે નિરર્ગલ પ્રવર્તન ખરેખર બંધનું જ ઠેકાણું છે.**' બંધનું જ ઠેકાણું છે. આહા..હા..! રાગની રુચિપૂર્વક કામ લેવું એ બંધનું જ ઠેકાણું છે. સમજાણું કાંઈ? ક્યા બંધનું? મિથ્યાત્વના બંધનું. સમજાણું કાંઈ? એને જ અહીં બંધને મુખ્ય ગણ્યો છે. '**ज्ञानिनां अकाम-कृत-कर्म तत् अकारणम् मतम्**' આહા..હા..! '**જ્ઞાનીઓને વાંછા વિના કર્મ (કાર્ય) હોય છે...**' અકામકૃત. જેને ઈચ્છા જ નથી એ જાતની રુચિની. આહા..હા..! સમજાણું કાંઈ? અકામકૃત—અભિલાષ વિના, રુચિ વિના થયેલા કાર્યો. આહા..હા..!

નોઆખલીમાં નહોતું થયું તે દિ'? નોઆખલીમાં ગાંધી ગયા હતાને. બિચારા બહુ હિન્દુને કાળાકેર

કરતા મુસલમાનો. મા ને દીકરો નાગા કરે, મા ચાલીસ વર્ષની અને છોકરો વીસ વર્ષનો, બેને નાગા કરીને આમ ભીડે. અરર..ર..! બેયને એમ થાય કે અરેરે..! આ જમીન માર્ગ આપે તો સમાઈ જઈએ, આ શું થાય છે? છે પ્રેમ? આહાહા..! ગાંધી ગયા હતાને પછી? બહુ કાળોકેર કરતા હતા. બહેન અને ભાઈને નાગા કરીને, ભોગ લ્યો આમ કરીને. અરર..ર..! પ્રભુ! આ શું થાય છે? ક્યાં જઈશ? એમ જ્ઞાનીને રાગમાં આવવું એ ઝેર જેવું દેખાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! રાગનો ભેટો કરવો એ ઝેર જેવું દેખાય છે. આહા..હા..! આવી વાતું છે, ચીમનભાઈ! એ ક્યાંય તમારા ધંધામાં પણ નથી અને સંપ્રદાયમાં પણ નથી આવો માર્ગ, બાપુ! શું થાય? આહા..હા..!

'**अकाम-कृत**' જેને રુચિ નથી અને રાગ થાય છે અને ક્રિયા યોગની થાય છે કહે છે આહા..હા..! '**તે બંધનું કારણ કહ્યું નથી,...**' આહા..હા..! '**કેમકે જાણે પણ છે...**' એટલે કે આનંદને અનુભવે પણ છે અને રાગને અને પરને કરે પણ છે, બે કેમ સમાય? આહા..હા..! શું કીધું એ? એક કોર આનંદને અનુભવે છે અને વળી રાગને અને પરને કરે છે, એ બે કેમ સમાય ત્યાં? આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ધીરાના માર્ગ છે, બાપા! આ કોઈ મોટી વિદ્વતા ને એનો માર્ગ નથી, ભાઈ! આહા..હા..! '**તે બંધનું કારણ કહ્યું નથી,...**' '**जानाति**' અને કરે. આહા..હા..! ભગવાન આત્મા આનંદને અનુભવે અને પરની ક્રિયા કરે અને રાગની સાથે એકત્વબુદ્ધિ થાય એમ બે કેમ હોઈ શકે? સમજાણું કાંઈ? '**जानाति**' પણ '**करोति**' પણ. '**द्वयं किमु न हि विरुध्यते**' '**એ બન્ને ક્રિયા શું વિરોધરૂપ નથી?**' આહા..હા..! એક કોર ભગવાન આત્માના આનંદને વેદે અને એક બાજુ કહે કે એ રાગને અને યોગની ક્રિયાને અને પરને હણે એ ક્રિયા કરે. આહા..હા..! બે હોઈ શકે નહિ.

**શ્રોતા :–** ક્રિયા એ બહારની?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બહારની ક્રિયા એ. આ જોગની ક્રિયા અને રાગની ક્રિયા, હણવાની ક્રિયા. પોતાની સત્તામાં ક્યાં છે એ? સત્તામાં રાગ જ નથી ત્યાં ઓલી ચીજ ક્રિયા ક્યાં સત્તામાં આવી? આહા..હા..! એવો માર્ગ છે, ભાઈ! જૈન પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ. કોને કહેવા સર્વજ્ઞ, બાપુ! એ કોઈ અલૌકિક વાતું છે. આહા..હા..! જેની એક સમયની, એક ગુણની એક પર્યાયમાં અનંતા કેવળીઓ જણાય, એક જ્ઞાનગુણની એક પર્યાય. અનંતા ગુણો તો બીજા રહી ગયા અંદર. એક ગુણની એક પર્યાયમાં અનંતા કેવળીઓ જે ત્રણકાળને જાણે, કેવળીઓ પર્યાયમાં જણાય એ સર્વજ્ઞ શું છે? એ સર્વજ્ઞ પર્યાય શું છે, બાપુ! જગતમાં હયાતી. આહા..હા..! અને એવો સર્વજ્ઞસ્વભાવ જ છે દરેક જીવનો, ભગવાનનો. સર્વજ્ઞ થાય એવો જ એનો સ્વભાવ છે. અલ્પજ્ઞ રહે અને વિપરીતપણું રહે એ એનો સ્વભાવ જ નથી, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(કરવું અને જાણવું નિશ્ચયથી વિરોધરૂપ જ છે.)**' કરવું અને કરું, આને જીવાડું, આને મારું, આને ઘાત કરું અને વળી આ જ્ઞાતા-દૃષ્ટા હું છું, એવું એક ક્ષણમાં બે કેમ રહી શકે? એ તો વિરોધ છે. જાણનારો કરે નહિ અને કરનારો જાણે નહિ. એ વિશેષ કહેશે...

(**શ્રોતા :–** પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૩, સોમવાર, તા. ૦૭-૦૨-૧૯૭૭, ગાથા-૨૪૭ થી ૨૪૯, કળશ-૧૬૭, પ્રવચન નં. ૩૧૩

કળશ ૧૬૭. 'જે જાણે છે તે કરતો નથી...' કળશમાં આવશે. આ તો મથાળુ બાંધ્યું. 'અને જે કરે છે તે જાણતો નથી; કરવું તે તો કર્મનો રાગ છે, રાગ છે તે અજ્ઞાન છે અને અજ્ઞાન છે તે બંધનું કારણ છે. એવા અર્થનું કાવ્ય કહે છે.'

(वसन्ततिलका)

जानाति यः स न करोति करोति यस्तु
जानात्ययं न खलु तत्किल कर्मरागः।
रागं त्वबोधमयमध्यवसायमाहु-
र्मिथ्यादृशः स नियतं स च बन्धहेतुः।।१६७।।

ઓહો..હો..! 'यः जानाति सः न करोति' શું કહે છે? આહા..હા..! ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એવું જે અનુભવે છે, જાણે છે, માને છે, એવો જે ધર્મીજીવ. આહા..હા..! 'જે જાણે છે તે કરતો નથી...' રાગને કરતો નથી એમ કહે છે. પરની તો ક્યાં વાત? આહા..હા..! એ લોકો કહે પરનું કરે. પરને કર્તા ન માને તો દિગંબર નહિ. કહો, અરે..! ક્યાં છે વાત ભાઈ! 'જે જાણે છે...' એટલે કે જે કોઈ આત્મા પોતાને આનંદ અને જ્ઞાનસ્વરૂપ જાણીને અનુભવે છે... આહા..હા..! એ રાગને કરતો નથી. આવી ધર્મ ચીજ છે. જે કોઈ ધર્મને કરે છે તે અધર્મ રાગને કરતો નથી એમ છે. આહા..હા..! ઝીણી વસ્તુ છે, ભાઈ! કેમકે આત્મા આનંદ અને જ્ઞાતાસ્વભાવથી ભરેલું તત્ત્વ છે. એવા તત્ત્વની જેને સત્ય સમ્યક્ દૃષ્ટિ થઈ એને તો જાણક-દેખન પર્યાયનો જ એ કર્તા છે. એ રાગનો કર્તા નથી. સમજાણું કાંઈ? આવી વાત છે. જેણે અનંત આનંદ અને અનંત જ્ઞાનસમુદ્ર પ્રભુ, એનો જેણે પત્તો સમ્યગ્દર્શનમાં લીધો છે, 'અનંત આનંદનું ધામ એ હું છું' એમ જેને ભાન થયું છે એ કૃત્રિમ રાગ વિકલ્પને કેમ કરે? કહે છે. આહા..હા..! એવી વાત છે. છે?

'તે કરતો નથી.' શું? એ પછી કહેશે. અને 'करोति अयं खलु जानाति न' 'અને જે કરે છે તે જાણતો નથી.' શું કરે છે એ પછી કહેશે. રાગ. આહા..હા..! ધર્માનુરાગ પણ કરે છે... આહા..હા..! વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ છે શુભરાગ એને જે કરે છે તે જ્ઞાતા-દૃષ્ટા આત્મા છે તેને એ જાણતો નથી. આવી વાતું છે. જૈનદર્શનનું, આત્મદર્શનનું મહત્ત્વ અને રહસ્ય આ છે. આહા..હા..!

'જે કરે છે તે જાણતો નથી.' શું? 'तत् किल कर्मरागः' 'જે કરવું તે તો ખરેખર કર્મરાગ છે...' આહા..હા..! જે ભગવાન જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ એવું જે આત્મતત્ત્વ એનું જેને ભાન થયું, ધર્મની દશા જેને પ્રગટી, ધર્મ એવો જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવ ત્રિકાળ એનું જેને ભાન થઈને પર્યાયમાં

સમ્યગ્દર્શનરૂપી ધર્મ પ્રગટ્યો, તે ધર્મી જીવ ધર્મથી વિરુદ્ધભાવ એવા રાગને કરતો નથી. સમજાણું કાંઈ? હવે આવી વ્યાખ્યા માણસને. અહીં તો કહે નહિ, આત્મા કર્મને કરે, પરને કરે. અરે..! પ્રભુ! તું કોણ છો એની તને ખબર નથી. એ તો જ્ઞાનસ્વભાવી સમુદ્ર છેને એ જ્ઞાન શું કરે? જેને જ્ઞાનસ્વરૂપી આત્મા છે એવું ભાન થયું એ શું કરે? જ્ઞાન કરે. એ પણ વ્યવહાર છે. આહા..હા..! પર્યાય છેને. કરે એમ ભેદ પડ્યો. આહા..હા..! બહુ વાત (સૂક્ષ્મ). જ્ઞાનીને રાગ થાય ખરો, પણ રાગનો એ જાણનાર રહે છે. એ અંતરની બલિહારી છે, બાપુ! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અને અધર્મીને રાગ જ મારું કર્તવ્ય છે તેમાં એની દૃષ્ટિ પડી છે. આહા..હા..! રાગથી ભિન્ન ભગવાન આત્મા એ જ્ઞાતાદૃષ્ટાના સ્વભાવથી ભરેલો છે એની એને ધર્મીની દૃષ્ટિ નથી. એવો જે ધર્મ સમ્યગ્દર્શન તેની દૃષ્ટિ ધર્મી ઉપર નથી એની. એની દૃષ્ટિ રાગ ઉપર છે. આહા..હા..! આવી વાત છે.

આ વાત લોકોને એ બધા પંડિતોએ બધો ફેરફાર કરી નાખવો છે. બાપુ! ફેરફાર ન થાય. ધર્મ ધર્મરૂપે રહેશે. ધર્મ એટલે આત્માનો જ્ઞાન અને આનંદ ને શાંત ને વીતરાગસ્વભાવ ત્રિકાળ એના કર્તવ્યમાં તો ધર્મની વીતરાગી દશા તેનું કર્તવ્ય છે. જાણવું-દેખવું વીતરાગતા તે તેનું કર્તવ્ય છે. આહા..હા..! આ બધું કરે અને વળી કર્તવ્ય નથી. એ ભાઈ! તને ખબર નથી. ઓલા કહે છે ને, કે વ્યવહાર હેય કહે અને વળી વ્યવહાર કરે. અરે..! ભાઈ! કરે કોણ? આહા..હા..! હોય છે ક્ષણિક રાગ, અને ત્રિકાળી વીતરાગમૂર્તિ પ્રભુ આહા..હા..! બેનું જેનું ભેદજ્ઞાન વહેંચણી થઈ ગઈ છે. જયસુખભાઈ! આવું ઝીણું બહુ. સત્ય બહુ ઝીણું. સત્ય ઘણા લાભદાયક. આહા..હા..!

**શ્રોતા :-** એ એક જ લાભદાયક છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક જ લાભદાયક (છે), બાપુ! બીજી કોઈ ચીજ નથી. આહા..!

ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે, એનામાં કોઈ ગુણ વિકાર કરે એવો કોઈ ગુણ નથી. દયા, દાનના વિકલ્પને કરે એવો કોઈ ગુણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એથી એ ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો અને જાણ્યો ને અનુભવ્યો એ આત્મા જેને જાણવામાં આવ્યો. આહા..હા..! 'હું તો એ જ્ઞાન ને આનંદ ને વીતરાગસ્વરૂપ છું' એવી જેની દૃષ્ટિ ધર્મની થઈ તે ધર્મી ધર્મની પરિણતિને કરે. આહા..હા..! પોપટભાઈ! આ લાદી-બાદીનું તો કરે જ નહિ કહે છે. આહા..હા..! એ કહે નહિ, કર્મ આત્મા બાંધે અને કર્મને લઈને જીવમાં વિકાર થાય. ભાઈ! આહા..હા..! અહીં તો વિકાર થાય એ પોતાની પર્યાયમાં પોતાના અપરાધથી, છતાં ધર્મીની દૃષ્ટિ વિકાર ઉપર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ વીતરાગમાર્ગ બાપા ઝીણો બહુ, ભાઈ! દુનિયા સાથે મેળ ખાય નહિ અને ઊભો થાય વિરોધ. આહા..હા..!

ભાઈ! તું આત્મા (છો). આત્મા એટલે વિશુદ્ધ શુદ્ધ ચૈતન્યઘન. આહા..હા..! એ વિશુદ્ધ ચૈતન્યઘન એનું જેને જ્ઞાન થયું, પ્રતીતમાં આવ્યું અને અનુભવની પર્યાય પણ જ્યાં પ્રગટી આહા..હા..! સ્થિરતા આનંદ, એ જીવ કર્મને એટલે રાગરૂપી ક્રિયા, કર્મ એટલે રાગરૂપી કાર્ય, કર્મ છેને શબ્દ? એ કર્મને કરતો નથી. આહા..હા..! આવી વાત છે. કેમ કરતો નથી? કર્મરાગ તે તો ખરેખર કર્મરાગ, ક્રિયાનો

રાગ, રાગની ક્રિયા તેનો પ્રેમ, તેની રુચિ તે કર્મરાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ કર્મરાગ... છે?

**'रागं अबोधमयम् अध्यवसायम्'** ગણધરોએ, સંતોએ, તીર્થંકરોએ **'રાગને (મુનિઓએ) અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો છે;...'** આહા..હા..! એટલે રાગની એકતા તે અધ્યવસાય એમ. આહા..હા..! સમજાણું કાંઈ? શ્લોક તો ઊંચો છે, નાનો છે, પણ બહુ ભર્યું છે અંદર ઘણું. અરે..! પ્રભુ! તારા હિતનો માર્ગ છે. એ તો આનંદસ્વરૂપ ભગવાન એનો અનુભવ અને એની દૃષ્ટિ એ હિતનો માર્ગ છે. આહા..હા..! બાકી તો અનંતકાળથી અહિત કરી રહ્યો છે. એ રાગનો કર્તા થાય છે અધ્યવસાય એ જ મહા અહિત છે, મહામિથ્યાદૃષ્ટિ (છે). આહા..હા..! આવી વાતું. એ રાગને મુનિઓએ, સંતોએ, ગણધરોએ **'અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો છે;...'** આહા..હા..! એમ કહીને શું કહે છે? કે ભગવાન જે આત્મા જ્ઞાનમય, જાણકસ્વભાવમય છે એમાં રાગ છે તે અજ્ઞાનમય છે. આ જ્ઞાનમય છે ભગવાન અને રાગ છે તે અજ્ઞાન છે, એમાં જ્ઞાનનો અંશ છે નહિ. આહા..હા..! ઝીણું બહુ, બાપુ! લોજીક હોય પણ ઝીણુ બહુ આ તો. આહા..હા..! અરે..! એને અનંતકાળમાં સત્ય શું છે એની દરકાર કરી નથી. બહારના આ બધા બફમમાં... આહા..હા..! બહારના જે ભભકા એમાં તો મૂંઝાઈ ગયો એ તો એકકોર રહ્યું... આહા..હા..! પણ અંદરમાં રાગ થાય તેનો કર્તા થાય એ અહિત કરે છે. આહા..હા..! કેમકે ભગવાનસ્વભાવમાં તો રાગ છે નહિ. એનો સ્વભાવ સ્વરૂપ તો જ્ઞાન અને આનંદ છે. આહા..હા..!

આઠ વર્ષની બાળિકા હોય શરીરે. આત્મા તો આત્મા ભગવાન છે. એ પણ જ્યારે સમ્યગ્દર્શન પામે છે ત્યારે એને રાગ તો હોય છે. હજી લગ્ન પણ કરે. આહા..હા..! આ વાત! કર્મરાગ નથી—એ રાગનો રાગ એકત્વબુદ્ધિ નથી. ત્રણ જ્ઞાનના ધણી તીર્થંકરો, ચક્રવર્તી શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ ત્રણ તીર્થંકર હતા, ચક્રવર્તી હતા, કામદેવ પુરુષ હતા, તેના શરીરની સુંદરતા છ ખંડમાં બીજો કોઈ નહિ એવી હતી. એને છન્નું હજાર સ્ત્રી હતી, છન્નું કરોડ પાયદળ હતું. પણ કહે છે કે સાંભળ તું.. આહા..હા..! એ બધી ચીજો મારી છે એમ તો માનતો નહોતો, પણ એના પ્રત્યેનો જરી રાગ થતો એનો એ કર્તા થતો નહોતો, એનો એ જ્ઞાતા-દૃષ્ટા થઈને જાણતો-દેખતો હતો. અરે..! આવી વાતું છે. આહા..હા..! અહીં તો કહે, પરની દયા પાળો ધર્મ થશે. અરે..! ભગવાન! પરની દયા તો પાળી શકતો તો નથી, પણ પરની દયાનો જે રાગ આવ્યો એ રાગ ઉપર જો તારી દૃષ્ટિ હોય અને રાગનો કર્તા થાય તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! 'અજર પ્યાલા પીવો મતવાલા, કિન્હી અધ્યાત્મ વાસા.' આહા..હા..!

ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એનો જેને ધર્મ પ્રગટ્યો છે, ધર્મ એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને અંશે સ્વરૂપાચરણ સ્થિરતા, તોપણ કહે છે કે ધર્મી જીવ પોતાના નિર્મળ શુદ્ધ પરિણતિને કરે એ જાણનારો રહે અને કરે જ્ઞાન જાણવાની પર્યાય; પણ જે રાગ જોડે થયો એને એ કરે નહિ, એને અડે નહિ અને એને અડ્યા વિના જ્ઞાતાપણે જ્ઞાન કરે. આહા..હા..! આવી વાતું છે. છે? વસ્તુ અલૌકિક છે. આહા..હા..! વીતરાગ જિનવરદેવ પરમેશ્વર કેવળી, જેને એક સમયમાં ત્રણકાળ-ત્રણલોક જણાણા છે એવા સંતો, મુનિઓ એને મુનિ કહીએ કેવળીને... આહા..હા..! એની વાણીમાં આ આવ્યું. એનું કહેવું

એ વ્યવહાર છે. વાણી તો વાણીની છે. આહા..હા..! પણ નિમિત્ત તરીકે એને કહેવાય કે એની છે. વાણી તો જડ છે. વાણીમાં સ્વપર કહેવાની શક્તિ છે, વાણીમાં સ્વપરને જાણવાની શક્તિ નથી. આહા..હા..!

**શ્રોતા :–** સ્વ કોણ અને પર કોણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્વ આત્મા અને પર રાગાદિ પરવસ્તુ. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ સ્વ અને રાગ, શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ બધું પર. આહા..હા..! એ સ્વ-પરને જાણવાનો સ્વભાવ જીવનો છે અને ભાષાનો સ્વ-પરને કહેવાની શક્તિવાળું તત્ત્વ છે. ભાષામાં એવી શક્તિ છે સ્વ-પરને કહે. આહા..હા..! એ ભાષાનો કર્તા તો ધર્મી નથી... આહા..હા..! પણ ઈચ્છા જે ઊઠે છે ભાષા થવાની, એ ઈચ્છા પણ રાગ છે અને એની એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વ છે. આહા..હા..! આવું છે. વીતરાગ જિનવરદેવ પરમેશ્વરનો માર્ગ, ભાઈ! અત્યારે તો બધો લોપ થઈ ગયો છે. અજૈનને નામે જૈનપણું સ્વીકારે છે. આહા..હા..!

અહીંયાં તો કહે છે, ભગવાન! એકવાર સાંભળને, પ્રભુ! આહા..હા..! તારી પ્રભુતાનું તને જો ભાન થાય તો પામર એવા રાગનું કર્તૃત્વ તને ન રહે. આહા..હા..! અને રાગનું કર્તૃત્વ રહે ત્યાં આત્માનું એને ભાન નથી. આહા..હા..! આવા સિદ્ધાંતો સર્વજ્ઞથી નક્કી થયેલા તત્ત્વો છે આ. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે, '**અજ્ઞાનમય અધ્યવસાય...**' પાઠ છેને? અધ્યવસાય કીધું જોયું! એકત્વબુદ્ધિ લેવી છેને. 'રાગ તે હું છું' એવી જે બુદ્ધિ એ અધ્યવસાય રાગની એકતાબુદ્ધિ છે. એ એકતાબુદ્ધિ ધર્મીને હોતી નથી. આહા..હા..! અજ્ઞાનમય '**નિયમથી મિથ્યાદૃષ્ટિને હોય છે...**' આહા..હા..! ઓલા કહે છે કે બીજાની દયા પાળી શકાય, બીજાને મારી શકે, પૈસા આદિ ધૂળ છે એને આત્મા બીજાને દઈ શકે, બીજાથી પૈસા લઈ શકે એવી ક્રિયા આત્મા કરી શકે. ભગવાનજીભાઈ! આવી વાતું બહુ, બાપુ! આહા..હા..! અરેરે..! અનાદિકાળથી મિથ્યાત્વને પડખે ચડ્યો એ દુઃખી છે, એ રાજા દુઃખી, રૈયત દુઃખી, દેવ દુઃખી, દરિદ્ર દુઃખી, તવંગર દુઃખી. મિથ્યાત્વને લઈને મહાદુઃખી છે. આહા..હા..!

બીજી રીતે કહીએ તો જેને આત્મા જ્ઞાનસ્વરૂપી શુદ્ધ ચૈતન્ય છે એનું ભાન થયું, એ રાગ એવો દુઃખ એની એકતાબુદ્ધિ એને કેમ હોય? આહા..હા..! આનંદના નાથની સાથે દુઃખને એકતા કેમ કરે એ? આહા..હા..! આવો માર્ગ છે, જયસુખભાઈ! ક્યાંય સાંભળવા મળે એવું નથી, એવી વાત છે, બાપુ! આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ. લોજિકથી પણ આ પકડાય એવું છે આ કે જે વસ્તુ પોતે જ્ઞાન ને આનંદ છે એવું જ્યાં ભાન થયું સમ્યગ્દર્શનમાં, પછી એનાથી વિરુદ્ધનો વિકલ્પ જે વિભાવ છે એ રૂપે મારું એ કર્તવ્ય છે એ દૃષ્ટિ ક્યાં હોય ત્યાં? આહા..હા..! રાગ થાય ખરો, હોય ખરો, પણ એ જ્ઞાની રાગમાં નથી, જ્ઞાની રાગના જ્ઞાનમાં જ્ઞાની છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવા સિદ્ધાંતો છે. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ એમ ફરમાવી રહ્યા છે. મહાવિદેહક્ષેત્રમાં ભગવાન બિરાજે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ કર્યો છે એક કળશે તો. આહા..હા..! આની મોટી તકરારું હોં. વ્યવહારરત્નત્રયથી વીતરાગતા આવે. અરે..! પ્રભુ! શું કહે છે, ભાઈ? વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે રાગ છે એ

સ્વભાવથી વિરુદ્ધ છે. વિરુદ્ધનો કર્તા થાય એને અકર્તાપણું પ્રગટ થાય એ કઈ રીતે? આહા..હા..! સમજાણું કાંઈ?

**'અધ્યવસાય કહ્યો છે; તે (અજ્ઞાનમય અધ્યવસાય) નિયમથી મિથ્યાદષ્ટિને હોય છે... '** આહા..હા..! જેની દૃષ્ટિ રાગની એકતાબુદ્ધિમાં પડી છે તેને એ રાગ અજ્ઞાનનો હોય છે. જ્ઞાનીને એ રાગ અજ્ઞાનનો હોતો નથી. આહા..હા..! ચોથે ગુણસ્થાને હોય, લડાઈમાં ઊભો હોય... આહા..હા..! છતાં કહે છે કે એ રાગની એકતાબુદ્ધિનો અધ્યવસાય એને નથી. આહા..હા..! અને મુનિ થયો હોય, છ કાયની હિંસા કરતો, કરાવતો, અનુમોદતો ન હોય પણ અંદરમાં જે વિકલ્પ છે રાગ એમાં એકત્વબુદ્ધિ છે એ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી સ્થિતિ છે વસ્તુની. સાંભળવી મુશ્કેલ પડે એને સમજવું (ક્યારે?) આહા..હા..! એવી વાત છે, બાપા! શું થાય? આહા..હા..! વસ્તુસ્થિતિ આવી છે, ભાઈ! આહા..હા..! જિનવરદેવ એમ ફરમાવે છે, એમ વસ્તુસ્થિતિ છે. આહા..હા..!

**'હવે, મિથ્યાદષ્ટિના આશયને ગાથામાં સ્પષ્ટ રીતે કહે છે :-'** ૨૪૭.

**जो मण्णदि हिंसामि य हिंसिज्जामि य परेहिं सत्तेहिं।**
**सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।।२४७।।**

**જે માનતો—હું મારું ને પર જીવ મારે મુજને,**
**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૪૭.**

આહા..હા..! **'ટીકા :- પર જીવોને હું હણું છું... '** આહા..હા..! એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયના જીવો છે શરીરસહિત એને હું હણું છું, હણી શકું છું. એકેન્દ્રિયને મોળી શકું છું, પંચેન્દ્રિયને મારી શકું છું, બીજા જીવની હિંસા કરી શકું છું. આહા..હા..! હણું છું. પ્રાણથી દૂર(કરી શકુ છું). હણવાની વ્યાખ્યા એ છે, એના દસ પ્રાણ છે એનાથી હું જુદો કરી શકું છું એને. સમજાણું કાંઈ? શું કીધું એ? એને પાંચ ઇન્દ્રિયો, મન, વચન, કાયા, શ્વાસ, આયુષ્ય છે એને હું એના આત્માથી જુદાં કરી શકું છું. એ હું. આહા..હા..! એ કરી શકે નહિ ત્રણકાળમાં. આહા..હા..! પ્રાણો જડ છે અને આત્મા ચૈતન્ય છે. એના પ્રાણને જુદાં હું કરી શકું. આહા..હા..! ઇન્દ્રિયોને હું કાપી શકું, આંખને હું ફોડી શકું. આહા..હા..! સમજાણું કાંઈ? દુનિયાથી જુદો છે ભાઈ માર્ગ, એથી લોકો એમ કહે છેને સોનગઢવાળાએ નવો ધર્મ કાઢ્યો. અરે..! ભગવાન! પ્રભુ! તને ખબર નથી. આ તો વીતરાગનો માર્ગ છે તે ખોલ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પર જીવોને હું હણું છું...'** 'હું' જુદી ચીજ છે, ઓલી જુદી ચીજ છે. એમ થયુંને જુઓને. **'પર જીવોને હું...'** પરને **'હું હણું છું...'** આહા..હા..! પોતે ભિન્ન, એ ચીજ ભિન્ન. એને હું મારું છું, એને હણું છું, એના પ્રાણો, ઇન્દ્રિયો આદિના જુદાં કરી શકું છું. આહા..હા..! **'અને પર જીવો મને હણે છે...'** બીજાઓ મને હણે છે. મારા પ્રાણથી જુદો એ કરે છે એમ જે માને છે. આહા..હા..! ગજબ વાત છે! પરની ક્રિયા એ કરી ક્યાં શકે છે ? પરનું અસ્તિત્વ જે છે હયાતી એની એને લઈને હયાતી છે.

શું આને લઈને એની હયાતી છે? આહા..હા..! ન્યાયથી એને લોજિકથી તો સમજવું પડશે ને. વીતરાગનો માર્ગ ન્યાય છે. પહેલાં આવી ગયું છે એ આમાં. ન્યાયપ્રાપ્ત છે. આહા..હા..! ન્યાયના બળથી એ સિદ્ધ થાય છે. રાગની એકતાબુદ્ધિ એ બંધનું કારણ છે. આહા..હા..! પરની—મન, વચનની ક્રિયાઓ, સચેત-અચેતનો ઘાત.. આહા..હા..! એ બંધનું કારણ નથી. આહા..હા..!

'**પર જીવો મને હણે છે...**' આ જીવ મને હણે છે, મારે છે. મારે એટલે મારા પ્રાણ એ જુદાં કરે છે. એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. એને જૈનની ખબર નથી. જૈન પરમેશ્વર શું કહે છે એની એને ખબરું નથી. આહા..હા..! એના પછી બીજું આવશે હોં જીવાડવાનું. અહીં તો હણવાથી લીધું છે. '**એવો અધ્યવસાય ધ્રુવપણે (-નિશ્ચિત્તપણે,)...**' એટલે ચોક્કસપણે. '**નિયમથી અજ્ઞાન છે.**' આહા..હા..! પરજીવને હું હણી શકું છું, એકેન્દ્રિયને મોળી શકું છું. આહા..હા..! આ દૂધી, દૂધીને કરે છેને સવારમાં શાક માટે? પરને હું મોળું છું.

**શ્રોતા :-** મોળી ન શકાય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો આવ્યું હતું. મગજમાં એ આવ્યું હતું, તરત જ આવ્યું હતું અહીં કે ઓલા ઘીસોડા હોય ને ઘીસોડા. તુરિયા. એને પહેલાં ઓલી રગુ ઘસે આમ. ઉપરની રગુ કાઢે અને પછી મોળે. એ તો જોયું છેને બધું. આહા..હા..! એ કરી શકે નહિ. આહા..હા..! આંગળી હલાવી શકે નહિ એ આંગળીથી છરી વડે કરીને. તુરિયા કહેને શું? ઘીસોડા. તુરિયા એને હોયને રગ ઉપર. તો પહેલી રગ છરીથી આમ કાપી નાખે અને પછી મોળે. આમ હોય તો આત્મા કરે એમ કહે છે. પોપટભાઈ! આહા..હા..! આવું છે બાપા! આ તો વસ્તુ, ભાઈ! આહા..હા..!

વીતરાગ પરમેશ્વર પોકારે છે જગતને. ભાઈ! તું પરને હણી શકે છો, પરની ક્રિયા તું કરી શકે છો, પરની સત્તામાં તારો પ્રવેશ છે કે જેથી તું એને હણી શકે? સમજાય છે કાંઈ? પરની સત્તા જીવ અને જડ પરમાણુ એમાં તારો પ્રવેશ છે કે જેથી તું એના મારી શકે—હણી શકે? આહા..હા..! અને તારી સત્તામાં એનો પ્રવેશ છે કે તે તને હણી શકે? આહા..હા..!

**શ્રોતા :-** .. બીજા મારી નાખે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ મારે? એમ કે આવું હશે તો બધા મારશે. પણ મારી શકતો નથી પછી પ્રશ્ન શું? આહા..હા..! એવી વાતું છે, બાપુ! દુનિયાથી વીતરાગનો માર્ગ આખો જુદો છે. સર્વજ્ઞ પરમેશ્વર જિન પણંતો ધમ્મો. ભગવાને કહ્યો ધર્મ અલૌકિક વાતું, બાપા! એવી વાત ક્યાંય જિનવર પરમેશ્વર સિવાય ક્યાંય નથી. આહા..હા..! જુઓ આવી વાત છે. ગીતામાં આવે છેને. અર્જુન મારતા નથી. શ્રી કૃષ્ણ કહે છે, એ તો મરી ગયેલા છે, માર. તદ્દન વિરુદ્ધ છે. પણ મારી શકતો જ નથી પછી (પ્રશ્ન ક્યાં?). ભાવ હોય એને પણ ભાવથી કાંઈ મારી શકે છે સામાને? એમ કહે છે, એ મરી ગયેલા છે. કૃષ્ણ કહે છે અર્જુનને, તું કાયર થઈ જાય છે. અર..ર..! એ તો મરી ગયેલાને માર, તને કાંઈ નથી. ઝીણી વાતું, બાપુ! આહા..હા..!

અહીં કહે છે '**નિયમથી અજ્ઞાન છે.**' નિશ્ચયથી, ખરેખર, વાસ્તવિક રીતે, યથાર્થપણે પર જીવને

હું એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયને હણું છું, માખીને મસળી નાખું છું. સમજાણું કાંઈ? આહા..હા..! હાથીને પગે... આહા..હા..! ટોડરમલને મસળી નાખ્યા. રાજાએ હુકમ કર્યો. એ તો ક્રિયા થવાની છે, બાપુ! બીજો કરતો નથી કોઈ. આહા..હા..! ધર્મની એની દઢતાના પ્રસંગ બહાર મૂક્યા મોક્ષમાર્ગ પ્રકાશ દ્વારા. લોકો વિરુદ્ધ થઈ ગયા કેટલાક. સમજાણું? રાજાને ભરાવ્યું. ગુંજામાં નાખી શિવની મૂર્તિને કે જુઓ સાહેબ! આ તો આપણા શિવને માનતા નથી, આમ કરે છે. એવા પણ કાળ હતા, બાપુ! આહા..હા..! આમ રાજા હુકમ કરે છે હાથીને. ધર્માત્મા ટોડરમલ આચાર્યકલ્પ જેવો પુરુષ. આહા..હા..! ઓલો હાથી પગ નથી મૂકી શકતો. એટલે કહે છે, ભાઈ! રાજાએ તને કર્યો હુકમ અને તું શું કરવા અચકા છો? આહા..હા..! એ ક્રિયા થવાની છે એમાં થાશે એમાં મારે શું છે? આહા..હા..! હું એમાં કચડાતો નથી, કચડાય તેમાં હું નથી. આહા..હા..! હાથીને કહે છે, ભાઈ! રાજાએ હુકમ કર્યો એને દયા નથી આવતી અને તને કેમ આમ થાય છે? આહા..હા..! આમ કરે છે. હાથીનો પગ આમ થયો, દેહ છૂટી જાય છે. આહા..હા..! આ મોક્ષમાર્ગપ્રકાશકના કરનારા ટોડરમલ. જુવાન અવસ્થા. કોક વળી વધારે કહે છે. સમજાણું કાંઈ? આણે વધારે કાઢ્યું છેને ભાઈ? હુકમચંદે. વધારે કહે છે. ૪૬-૪૮ કહે છે. ઓલામાં ૨૮ કહે છે. ગમે તે હોય એનું કાંઈ નહિ. આહા..હા..! ઉંમરની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! એ પોતે જ્ઞાનમાં રહી દેહ છૂટી જાય છે, સ્વર્ગમાં ચાલ્યા જાય છે. આહા..હા..! મને કોઈ હણતું નથી, હું કોઈને હણી શકતો નથી. આહા..હા..! આ તે શ્રદ્ધાની સમતા કાંઈ ઓછી છે? એ શ્રદ્ધાની સમતા. જેને શ્રદ્ધામાં વિષમતા આવતી નથી. આહા..હા..!

‘**તે અધ્યવસાય જેને છે તે અજ્ઞાનીપણાને લીધે...**’ તેને યથાર્થનું ભાન નથી. એથી પરને હણી શકું એમ માને છે, પર મને હણે છે એમ માને છે ‘**તે અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદષ્ટિ છે;...**’ આહા..હા..! મિથ્યા, જૂઠી, અસત્યદષ્ટિ છે. કેમકે કરી શકતો નથી, મારી શકતો નથી અને મારી શકું છું, એ મને મારી શકતો નથી અને એ મને મારે છે આ—એ અજ્ઞાનભાવરૂપ અધ્યવસાય છે, એને વાસ્તવિકતાની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ‘**અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદષ્ટિ છે;...**’ મિથ્યાદષ્ટિ એટલે મહાપાપ. મોટું અનંત સંસારનું કારણ. આહા..હા..! જે થઈ શકતું નથી તેને થઈ શકે છે, એમ અનંતા પદાર્થોને હું કરી શકું અને બીજાઓ અનંતા મને કરી શકે—એવી માન્યતા થઈ એ તો એની. આહા..હા..! સમજાણું કાંઈ? એ મિથ્યાશ્રદ્ધામાં અનંત-અનંત રસ અનુભાગ છે. આહા..હા..! જેના ફળમાં અનંત સંસાર છે. આહા..હા..!

‘**અને જેને તે અધ્યવસાય નથી...**’ આહા! છેને? ‘**णाणी एत्तो दु विवरीदो**’ ચોથું પદ. એ અધ્યવસાય નથી. રાગથી ‘હું પરને મારી શકું છું, મને કોઈ મારે છે’ એવો જેને અધ્યવસાય નથી.. આહા..હા..! તે પ્રાણી એવા કાળમાં પણ જ્ઞાતા-દષ્ટા રહે છે. આહા..હા..! બીજો મારવા આવે એમાં એ જ્ઞાતા-દષ્ટા રહે છે. એ મને મારી શકતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ‘એકાકી વિચરતો વળી સ્મશાનમાં...’ આવ્યું હતું શ્રીમદ્‌માં આવે છેને. ‘વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો.’ આહા..હા..! એ ખાવા આવે તો મિત્ર મારો છે એમ માને. આહા..હા..! કેમકે મારું શરીર નથી, મેં રાખ્યું

નથી, મારાથી રહ્યું નથી અને એ આવ્યો છે લેવા તો ભલે લઈ જાય. આહા..હા..! 'પરમ મિત્રનો જાણે પામ્યા યોગ.' જુઓ તો ભાષા! પરમમિત્ર છે. મારે જોઈતું નથી અને એ જવાનું તો છે જ. અને કોઈ લઈ જવા આવે તો તો બરાબર છે, એ તો મિત્ર છે. આ ભાવ કાંઈ સામાન્ય છે! આહા..હા..! જેને સમ્યગ્દર્શનમાં આવી સમતા હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? **'અને તે અધ્યવસાય નથી તે જ્ઞાનીપણાને લીધે...'** પરમાં રાગની એકતાબુદ્ધિ નથી અને 'પરને હણું છું, તે મને હણે છે' એવો અધ્યવસાય જેને નથી તે સમ્યગ્દૃષ્ટિ છે. આહા..હા..! આ સમ્યગ્દૃષ્ટિનો એક ભાગ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'ભાવાર્થ :- પર જીવોને હું હણું છું...'** મારું છું. **'અને પર મને મારે છે એવો આશય અજ્ઞાન છે...'** એવો આશય એટલે અભિપ્રાય, એવી રુચિ. આહા..હા..! આવો માર્ગ છે. સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ, પરને હણું છું એ નથી, તેમ બીજો મને હણે છે એવી એની દૃષ્ટિ નથી. મારી સત્તામાં કોઈનો પ્રવેશ નથી, રાગનો પ્રવેશ નથી તો પછી એ મને કાપે અને મારે એ વસ્તુ જ ક્યાં છે? આહા..હા..! જયસુખભાઈ! આવો માર્ગ છે. આહા..હા..! અરેરે..! સાંભળવા મળે નહિ. સત્ય સાંભળવા મળે નહિ, એણે સત્યમાં ક્યારે જાવું? આહા..હા..! અસત્યમાં અટવાયા છે. અરે..! આવો વીતરાગમાર્ગ છે. આહા..હા..! **'તે અજ્ઞાની છે...'** એવો આશય જેને છે તે અજ્ઞાની છે. **'મિથ્યાદૃષ્ટિ છે અને જેને એવો આશય નથી તે જ્ઞાની છે—સમ્યગ્દૃષ્ટિ છે. '**

**'નિશ્ચયનયે કર્તાનું સ્વરૂપ એ છે કે— '** ખુલાસો કરે છે. યથાર્થ દૃષ્ટિએ, સત્ય દૃષ્ટિએ, વાસ્તવિક દૃષ્ટિએ **'કર્તાનું સ્વરૂપ એ છે કે—પોતે સ્વાધીનપણે જે ભાવરૂપે પરિણમે તે ભાવનો પોતે કર્તા કહેવાય છે.'** આહા..હા..! સ્વાધીનપણે જે ભાવરૂપે પરિણમે. **'સ્વાધીનપણે જે ભાવરૂપે પરિણમે તે ભાવનો પોતે કર્તા કહેવાય છે. '** આહા..હા..! **'માટે પરમાર્થે કોઈ કોઈનું મરણ કરતું નથી.'** આહા..હા..! **'જે પરથી પરનું મરણ માને છે,... '** દસ પ્રાણનો વિયોગ, પર મને કરી શકે એ દસ પ્રાણ જ તારા નથી. સમજાણું કાંઈ? એને ઠેકાણે મારા પ્રાણ બીજો હણે અને એના પ્રાણને હું હણું. આહા..હા..! એ અજ્ઞાની છે. પરથી પરનું મરણ માને તે અજ્ઞાની છે. આહા..હા..! **'નિમિત્તનૈમિત્તિકભાવથી કર્તા કહેવો તે વ્યવહારનયનું વચન છે;... '** એમાં નિમિત્ત છે એને એમ કહેવાય વ્યવહારથી, વસ્તુસ્થિતિ એમ નથી. વ્યવહારથી એમ કહેવાય કે આણે આને માર્યો, આણે આને બચાવ્યો, આનાથી હું બચી ગયો. એ વ્યવહારથી નિમિત્તનૈમિત્તિકસંબંધથી એ તો જ્ઞાન કરાવવા માટે છે. કોણ ત્યાં નિમિત્ત હતું એનું જ્ઞાન કરાવવા. **'તેને યથાર્થ રીતે (અપેક્ષા સમજીને) માનવું તે સમ્યગ્જ્ઞાન છે.'** આહા..હા..!

**'હવે, પૂછે છે કે 'આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે?' તેના ઉત્તરરૂપે ગાથા કહે છે :'**

आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं।

લ્યો, આમાંથી કાઢે છે. જુઓ, જિનવર કહે છે કે નહિ? ભાષા કરી શકેને? અરે..! પ્રભુ! શું કહે

છે તું? આ જ્યાં આવું કહે ત્યાં એમ બોલે છે એ. 'जिणवरेहिं पण्णत्तं' જુઓ કહ્યુંને. તમે કહો કે ભાષા કરી શકે નહિ. ભાઈ! એ તો વાણીનું નિમિત્ત કોણ હતું એ બતાવવા એમ કહ્યું છે. વાણી તો વાણીથી થાય છે. આરે..! આવી વાત છે. મોટી ચર્ચા કરી હતી. આમાં ખાણિયા ચર્ચામાં. તમે કહો છો પણ જિનવર કહે છે કે નહિ? અને કુંદકુંદાચાર્યે ન કહ્યું 'वोच्छामि' હું સમયસાર કહીશ. અને તમે કહો કે કહી શકે નહિ. અરે..! ભગવાન! બાપુ! આવી આડોડાઈ ન હોય, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! ઓલા આડોડાઈ માણસો આવતાને. આડોડાઈ આવતા પહેલાં. અમારે ઉમરાળે આવતા બહુ. પછી પૈસા આપ્યા હોયને. અને ન આપે બે-પાંચ-દસ વાર જાય તો. પછી લેવા આવે છોકરો કોઈ વાણિયો-વેપારી. બહુ ઓલું થાય પછી છોકરું છ મહિનાનું હોયને મારે એને. ઓલો વાણિયો ભાગે હાય..હાય... એમ કરે છેને. અમારા ઉમરાળામાં થાતું. મોટી નદીને. ત્યાં હતા. છોકરા જોવા જઈએ ત્યાં. ઓલા વાણિયા મહિના-બે મહિના કર્યા હોય, થોડું-ઘણું આપ્યું હોય અને પછી ન દેવા માગે અને પછી ખીજાય. છોકરાને મારે ઓલો વાણિયો ભાગે. હાય.. હાય.. હમણાં મરી જાશે છોકરું. એમ આ કુતર્ક કરે છે. આહા..હા..! વાણિયો ઊભો જ ન રહે, ભાગી જાય. આહા..હા..! અરર..! આ છોકરો મરી જાશે. એમ આ કુતર્કો એવા કરે કે એમાં ઊભા રહેવું ન ગોઠે, એમ કહે છે. આહા..હા..! ભાઈ! કઈ અપેક્ષાએ કથન છે એને જાણવું જોઈએ. એ તો જિનવરે કહ્યું છે એ વ્યવહારનયનું વચન છે. નિશ્ચયથી તો વાણી વાણીથી જ થાય છે. નયને ન જાણે. પરમાણુઓની પર્યાય થાય એ બીજો કરે કોણ? એ પરમાણુમાં ભાષાવર્ગણામાંથી જે કાળે જન્મક્ષણ છે, તદ્રુપ પરિણમવાની પર્યાયનો કાળ તે કાળે થાય છે, બીજો કરે કોણ એને? આહા..હા..! અહીં એ કહે છે.

आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं।
आउं ण हरेसि तुमं कह ते मरणं कदं तेसिं।।२४८।।
आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं।
आउं ण हरंति तुहं कह ते मरणं कदं तेहिं।।२४९।।

**છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,**
**તું આયુ તો હરતો નથી, તેં મરણ ક્યમ તેનું કર્યું? ૨૪૮.**
**છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,**
**તે આયુ તુજ હરતા નથી, તો મરણ ક્યમ તારું કર્યું? ૨૪૯.**

આહા..હા..! '**ટીકા :- પ્રથમ તો, જીવોને...**' બહુવચન છેને? ઘણાં જીવોને. '**મરણ ખરેખર સ્વ-આયુકર્મના ક્ષયથી થાય છે,...**' કોઈ મારી શકે એમ છે નહિ. એનું આયુષ્ય પૂરું થયું એટલે દેહ છૂટે છે. જે સમયે, જે ક્ષેત્રે, જે આયુષ્ય પૂરું થયું ત્યાં દેહ છૂટી જાશે. સમજાણું કાંઈ? આમાં પણ પાછી દલીલ કરે કે જુઓ, આયુષ્યના ક્ષય છે ત્યારે દેહ છૂટે છેને? અને આયુષ્ય હોય ત્યાં સુધી (રહે છે). એ તો નિમિત્તના કથન છે. દેહમાં રહેવાનો કાળ છે ત્યાં સુધી રહે છે, છૂટવાના કાળે પોતે છૂટી જાય

છે. આયુષ્યનો ક્ષય તો નિમિત્ત છે. આહા..હા..! શું થાય?

**શ્રોતા :-** વાંધા ઘણાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાંધા ઘણાં. ઓલા છોકરાને તરબુચ લાવ્યા હોયને તરબુચ, મોટું તરબુચ. ચીરું પાડીને આપે. પછી છોકરો બહુ કજીયાળો હોય એને કહે કે પહેલી લઈ લે તું આમાંથી. જો આ પંદર ચીરું છે અને છોકરા છે દસ. દોઢ-દોઢ આવશે. લે અને પછી એમાંથી પસંદ પડે ઈ લઈ લે. વળી બીજાને આપ્યા પછી એને નીચે પહોળું છે, ઉપર નાનું છે. મારે નીચે નાનું છે અને ઉપર પહોળું છે. એમાં વધારે ઈ લાગે છે. ચીર હોયને એવી? નીચે થોડી હોય અને લાંબી વધારે ઉપર હોય, હેઠે પહોળી હોય અને આમ ઉપર નાની હોય. એ વાંધા કાઢે. કજિયાળો છોકરો હોય એ વાંધા કાઢે; એમ અજ્ઞાની આવા વાંધા કાઢે ઊંધા. જુઓ, આયુ ક્ષય થાય ત્યારે દેહ છૂટે છેને? પરકર્મ છે એ નાશ થાય ત્યારે દેહ છૂટે, એટલો તો પરાધીન છે કે નહિ? એમ નથી, ભાઈ! એ તો આયુષ્યની ક્ષયની સ્થિતિ એને બતાવે છે. એ આયુષ્યમાં રહેવાનો કાળ જ એટલો ત્યાં હતો, એની યોગ્યતા જ એટલી હતી. આહા..હા..! વાંધેવાંધા કાઢે.

‘**આયુકર્મના ક્ષયથી જ...**’ જોયું! એમ છેને પાછું? છેને? આયુ તો જડ છે, પર છે, એનાથી આત્મા અહીંથી છૂટે? નોકર્મ એને મારી શકતું નથી. નોકર્મ એટલે બીજી ચીજ એને મારી શકતી નથી એટલે કર્મનું નિમિત્ત કરીને વાત કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ‘**કારણ કે સ્વ-આયુકર્મના ક્ષયના અભાવમાં (અર્થાત્ પોતાના આયુકર્મનો ક્ષય ન હોય તો) મરણ કરાવું (-થવું) અશક્ય છે;...**’ કોઈ મારી શકે નહિ. આહા..હા..! ચકલાના બચ્ચાને આ છોકરાઓ એકલું પડી ગયું હોય બચ્ચું (તેને) ત્યાં મૂકે. સુંડલો ઢાંકી રાખે. પણ એનું આયુષ્ય જ ન હોય તો મીંદડી આવીને ઊંચો કરીને મારી નાખે. છોકરાનો ભાવ તો એ કે આ બિચારું બચે. ભાવ શું કરે ત્યાં? આહા..હા..! ઊંચે પહોંચી શકે નહિ જ્યાંથી પડ્યું છે ત્યાં. એટલે કોઈ મોટું માણસ હોય નહિ અને એમાં ચકલું દેખ્યું અરે.. આ પડી જાશે. ઢાંકી રાખો હમણા. પછી કોક આવશે એટલે કહેશું કે મૂકી દ્યો. ત્યાં સુધીમાં મીંદડી આવી હોય ગંધ મારે એટલે. આયુષ્ય જ પૂરું થયું ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? કોને કોણ મારે અને કોને કોણ જીવાડે, બાપુ! આહા..હા..!

‘**મરણ કરાવું (-થવું) અશક્ય છે; વળી સ્વ-આયુકર્મ બીજાથી બીજાનું હરી શકાતું નથી,...**’ લ્યો! છે? એનું આયુષ્ય બીજો હરી શકે એમ નથી. ‘**કારણ કે તે (પોતાના આયુકર્મ) પોતાના ઉપભોગથી જ ક્ષય પામે છે;...**’ જોયું! ઉપભોગ. એ પોતે એ જાતના ઉપભોગથી બંધાયેલું હતું ને એ જાતના ઉપભોગથી તે છૂટે છે પોતાને કારણે. આહા..હા..! ત્યાં જ આયુષ્યમાં રહેવાનો એટલો જ કાળ તેને ઉપભોગનો હતો. આહા..હા..! આયુષ્યને ભોગવે છે એમ નથી હોં! જડને ન ભોગવે, પણ તે વખતે તેને પોતાને ત્યાં રહેવાનો-ભોગવવાનો કાળ જ એટલો હતો. આહા..હા..! શું થાય? વાણી વાણીએ વાંધાવચકા કાઢે. ભાઈ? આ તો માર્ગ ધર્મનો છે, પ્રભુ! અને તે ત્રણલોકના નાથ, જેને સો ઈન્દ્રો... આહા..હા..! અસંખ્ય દેવના સ્વામીઓ ઈન્દ્રો એ ગલુડિયાની

પેઠે એની સભામાં સાંભળે. બાપુ! એ વાણી કેવી હોય, ભાઈ! એ માર્ગ કેવો હોય? આહા..હા..! મોટા સેંકડો સિંહ અને વાઘ એ જંગલમાંથી આવીને સમવસરણમાં આમ બેસે. આહા..હા..! ભાઈ! એ વાણી કેવી હોય અને એના ન્યાય કેવા હોય, ભાઈ! ઝીણી વાત છે, બાપુ! એ વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. આહા..હા..!

**'કારણ કે તે પોતાના ઉપભોગથી ક્ષય પામે છે; માટે કોઈપણ રીતે...** ' જોયું! પાછું **'કોઈપણ રીતે બીજો બીજાનું મરણ કરી શકે નહિ.'** આહા..હા..! **'તેથી હું પર જીવોને મારું છું અને પર જીવો મને મારે છે એવો અધ્યવસાય ધ્રુવપણે (-નિશ્ચિતપણે)...** ' ચોક્કસપણે **'અજ્ઞાન છે.'** એમ કહે છે. એ કરી શકતો નથી અને માને તે અજ્ઞાન છે. એ અજ્ઞાન મહાસંસારનું કારણ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા વદ-૪, મંગળવાર, તા. ૦૮-૦૨-૧૯૭૭, ગાથા-૨૪૮ થી ૨૫૨, પ્રવચન નં. ૩૧૪

બંધ અધિકાર, ૨૪૮-૨૪૯. **'ભાવાર્થ :- જીવની જે માન્યતા હોય તે માન્યતા પ્રમાણે જગતમાં બનતું ન હોય, તો તે માન્યતા અજ્ઞાન છે.'** એક સિદ્ધાંત પહેલોં સિદ્ધ કર્યો કે **'જીવની જે માન્યતા હોય તે માન્યતા પ્રમાણે જગતમાં બનતું ન હોય, તો તે માન્યતા અજ્ઞાન છે.'** એ સિદ્ધાંત સિદ્ધ કર્યો. હવે શી રીતે લાગુ પાડ્યો? પોતાથી—સ્વયંથી જીવને મારી શકાતો નથી. **'અને પરથી પોતાનું મરણ કરી શકાતું નથી, છતાં આ પ્રાણી વૃથા એવું માને છે...'** જૂઠું માને **'તે અજ્ઞાન છે.'** 'પરને હું મારી શકું છું અને પરથી હું મરી જાઉં છું' એ માન્યતા અજ્ઞાન છે. કેમકે એ માન્યતા પ્રમાણે એ થઈ શકતું નથી. આહા..હા..! **'આ કથન નિશ્ચયનયની પ્રધાનતાથી છે.'**

**'વ્યવહાર આ પ્રમાણે છે :- પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી પર્યાયના ઉત્પાદ-વ્યય થાય તેને જન્મ-મરણ કહેવામાં આવે છે;...'** વ્યવહારથી તો એમ કહેવાય. **'ત્યાં જેના નિમિત્તથી મરણ (-પર્યાયનો વ્યય) થાય તેના વિષે એમ કહેવામાં આવે છે કે 'આણે આને માર્યો', તે વ્યવહાર છે.'** નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા એ વ્યવહારકથન છે. આહા..હા..! **'અહીં એમ ન સમજવું કે વ્યવહારનો સર્વથા નિષેધ છે.'** નિમિત્તનૈમિત્તિકસંબંધે એમ કહેવાય કે આણે આને માર્યો, આને જીવાડ્યો, નિશ્ચયથી એ છે નહિ, પણ વ્યવહાર એ રીતે છે. **'જેઓ નિશ્ચયને નથી જાણતા, તેમનું અજ્ઞાન મટાડવા અહીં કથન કર્યું છે, તે જાણ્યા પછી બન્ને નયોને અવિરોધપણે**

**જાણી યથાયોગ્ય નયો માનવા.**' 'ખરેખર તો પરને મારી શકું, પરદ્રવ્યની ક્રિયા મારી શકું' એ આત્માના અધિકારની વાત નથી, એમ 'પર મને મારી શકે' એવો અધિકાર નથી પરમાં. ત્યારે એને વ્યવહાર જ્યારે કહેવો હોય કે આ નિમિત્ત હતું અને આ થયું વ્યવહારથી એમ કહેવાય છે. આહા..હા..!

જ્ઞાનીને પણ. આવે છેને ટીકામાં ભાઈ! સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાનીને પણ સ્વરૂપમાં જ્યારે સ્થિર છે ગુપ્ત, ત્રિગુપ્તિ સમાધિમાં ત્યારે તો એને કોઈને 'મારી શકું' એ તો એની માન્યતા છે જ નહિ, પણ મારું એવો વિકલ્પ પણ એ વખતે તો નથી. શું કહ્યું? સ્વાધીન આનંદમાં છે ત્યારે તો એને મારું એવો વિકલ્પ જ નથી, એ તો અંદરમાં છે આનંદમાં, પણ પ્રમાદથી જ્યારે વિકલ્પ આવે કે 'હું આને મારું' તો માન્યતામાં તો એ છે કે હું આને મારી શકતો નથી. એ .. પણ લેશે. સમજાણું કાંઈ? પણ પ્રમાદને લઈને વિકલ્પ રાગ આવે તો માને કે એના આયુષ્ય પ્રમાણે તે પૂરું થયું અને મરી ગયો છે, હું તો નિમિત્તમાત્ર છું. નિમિત્તમાત્ર જુદું અને નિમિત્તકર્તા જુદું. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ!

**શ્રોતા :–** નિમિત્તમાત્ર એટલે મેં કાઈ કર્યું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કર્યું નથી મેં. ફક્ત મેં તો મારામાં વિકલ્પ આવ્યો છે, રાગ આવ્યો એવો. સમજાણું કાંઈ? એ પ્રમાદને લઈને રાગ આવ્યો છે, સ્વરૂપમાં હું ઠરી શક્યો નથી એથી રાગ-વિકલ્પ આવ્યો. પણ એ માનતો નથી કે હું બીજાને મારી શકું. પણ વિકલ્પ આવ્યો એટલે કે આને મારું એવો, પછી જીવાડું એમ આવશે, આને મારું એવો વિકલ્પ આવ્યો ત્યારે એ માને છે કે એના પુણ્ય, એના આયુષ્ય પ્રમાણે એ તો બચશે, મરશે. હું તો નિમિત્તમાત્ર છું. આટલી વાત જાણે. આહા..હા..! સમજાય છે કાંઈ આમાં? ફરીને.

**શ્રોતા :–** આપ દાખલો આપો તો સમજાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ દાખલો આ એક કીધુંને ધર્મી છે એને અંતરમાં ધ્યાનમાં સ્થિર થઈ શકતો નથી ત્યારે એને વિકલ્પ આવ્યો કે આ જીવને હું મારું, પણ એ માને છે કે 'હું મારી શકું છું' એ તો નથી... સમજાણું કાંઈ? પણ એનું આયુષ્ય પૂરું થયું એટલે નિમિત્તમાત્ર હું છું એટલું એ માને છે. એને મારવાનો વિકલ્પ જે આવ્યો એથી એ મરશે એમ એ માનતો નથી. આહા..હા..! આવી વાતું છે. એ તો એનું આયુષ્ય પૂરું થયું એટલે મરી ગયો છે. મેં એને માર્યો નથી, પણ મને જે વિકલ્પ આવ્યો કે આને મારું એ મારા પ્રમાદનો દોષ છે, માન્યતાનો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? માન્યતા તો એને હું મારી શકું છું એ ત્રણકાળમાં બનતું નથી. એનું આયુષ્ય પૂરું થયું એટલે દેહ છૂટી જાય છે. પણ પ્રમાદને લઈને વિકલ્પ આવ્યો કે આને મારું એથી એને હું આ સ્થિતિમાં નિમિત્તમાત્ર છું. આહા..હા..! કાંતિભાઈ! આવી વાત છે. નિમિત્તકર્તા જુદી વાત. એ તો જ્ઞાન કરાવવા માટે વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? જીવતરમાં વધારે લઈશું.

ફરી પૂછે છે કે **''(મરણનો અધ્યવસાય અજ્ઞાન છે એમ કહ્યું તે જાણ્યું; હવે) મરણના અધ્યવસાયનો પ્રતિપક્ષી જે જીવનનો અધ્યવસાય તેની શી હકીકત છે?''**

તેનો ઉત્તર કહે છે :-

जो मण्णदि जीवेमि य जीविज्जामि य परेहिं सत्तेहिं।
सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।।२५०।।

**જે માનતો—હું જિવાડું ને પર જીવ જિવાડે મુજને,**
**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૦.**

આવ્યા? શું કહે છે જુઓ, '**ટીકા :- પર જીવોને હું જિવાડું છું...**' આહા..હા..! એ માન્યતા મિથ્યાદષ્ટિની છે.

**શ્રોતા :-** .. પડે તો કરવું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે? કીધુંને એ? ઈ આવે છે કે જ્યારે આત્મા પોતાના ધ્યાનમાં હોય છે ત્યારે તો એને વિકલ્પ પણ હોતો નથી, પણ જ્યારે એમાંથી નીકળીને પ્રમાદને લઈને વિકલ્પ આવે કે આને હું જીવાડું. જીવાડી શકું છું એ માનતો નથી. જ્ઞાની 'જીવાડી શકું (છું)' એમ માનતો નથી, પણ પ્રમાદને લઈને એ વિકલ્પ આવે છે કે હું એને જીવાડી દઉં. તો એ માને છે કે એનું આયુષ્ય હશે તો બચશે, હું તો નિમિત્તમાત્ર છું. આહા..હા..! આવી વાત છે. ઝીણો માર્ગ છે, બાપુ! વીતરાગમાર્ગ એવો સૂક્ષ્મ છે. આહા..હા..! અરે..! જન્મ-મરણના દુઃખોથી મૂકાવાનો આ માર્ગ છે.

કહે છે કે '**પર જીવોને હું જિવાડું છું અને પર જીવો મને જિવાડે છે...**' પરજીવ મારો જીવનદાતા છે, મારું જીવન એણે દીધું. આહા..હા..! એ ડોક્ટરનું મગજમાં આવ્યું છે, પણ આ પૂરું થાય એટલે જરી. '**એવો અધ્યવસાય ધ્રુવપણે (-અત્યંત ચોક્કસ) અજ્ઞાન છે.**' આહા..હા..! આવો જે અધ્યવસાય કરે છે એ 'હું પરથી જીવું છું અને હું પરને જીવાડી શકું છું' (એમ માને છે). એ આયુષ્ય વિના કોઈ જિવાડી શકે નહિ અને એનું આયુષ્ય હોય તો એ જીવે, હું જીવાડી શકું એ વાત મિથ્યા છે અને પોતાના શરીરનું આયુષ્ય હોય તો રહે છે, બીજો જીવાડી શકે એ મિથ્યાશ્રદ્ધા છે. આહા..હા..! ઝીણી વાત, ભાઈ!

હવે ડોક્ટરનું લઈએ. નવરંગભાઈ! ડોક્ટર જે અજ્ઞાની છે તો તો એમ માને કે આને હું જીવાડી શકું છું, બરાબર ઈંજેક્શન કરીને અને આમ કરીને. એમ માને અજ્ઞાની. ડોક્ટર જ્ઞાની હોય.. નવરંગભાઈ! તો એ એમ માને, ધ્યાનમાં જ્યારે હોય ત્યારે તો એને વિકલ્પ હોય નહિ, વિકલ્પ હોતો નથી, પણ ધ્યાનમાંથી બહાર આવ્યા તો જરી પરને જીવાડું એવો વિકલ્પ આવ્યો, એ પ્રમાદને કારણે. પ્રમાદને કારણે એવો વિકલ્પ આવ્યો. આહા..હા..! એ માને છે કે એનું આયુષ્ય છે તો એ જીવે છે, હું જીવાડી શકું એ ત્રણકાળમાં નથી. પણ મને વિકલ્પ આવ્યો છે તો એની આયુષ્ય સ્થિતિથી જીવે છે એમાં હું નિમિત્તમાત્ર છું. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ?

અજ્ઞાનીને વિકલ્પ આવે છે કે હું બીજાને જીવાડી શકું છું, બરાબર આયુષ્ય આપી શકું છું. આહા..હા..! એ તો મિથ્યાશ્રદ્ધા છે. એના આયુષ્ય વિના તો એ જીવતો નથી. આહા..હા..! અહીંયાં

તો કહે છે ભગવાન કુંદકુંદાચાર્ય કે પરને હું જીવાડી શકું એ માન્યતા તદ્દન અજ્ઞાન છે, મિથ્યાદૃષ્ટિની છે. આહા..હા..! અને જ્ઞાનીને પણ એવો વિકલ્પ આવે છે જ્યારે અંદરમાં સ્થિર ન હોય ત્યારે. નવરંગભાઈ! તો એવો વિકલ્પ આવ્યો રાગ, તો એમ માને છે કે એનું આયુષ્ય હોય તો રહે છે, હું જીવાડી શકતો નથી. પણ મને વિકલ્પ આવ્યો છે તો એ સ્થિતિમાં હું નિમિત્ત છું. ભગવાનજીભાઈ! અટપટી વાતું છે. આહા..હા..!

**શ્રોતા :–** બચાવવાનો ભાવ તો કરવો જોઈએને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના' બિલકુલ બચાવવાનો ભાવ નથી. વિકલ્પ આવ્યો પ્રમાદ, પણ બચશે, મારા વિકલ્પથી બચશે એવું ત્રણકાળમાં માનતા નથી. વાત એવી છે, ભાઈ! છતાં પોતાના સ્વરૂપમાં સ્થિર રહી ન શકે તો પ્રમાદથી વિકલ્પ આવ્યો છે. તો એ સમજે છે કે એનું આયુષ્ય હશે તો જીવશે અને આયુષ્ય નહિ હોય તો નહિ જીવે. હું એને જીવાડી શકું એમ ત્રણકાળમાં નથી. એનું આયુષ્ય છે તો હું જીવાડવામાં નિમિત્તમાત્ર છું, નિમિત્તકર્તા નથી. આહા..હા..! અજ્ઞાની છે એ પોતાના રાગ અને યોગનો કર્તા થાય છે. રાગ અને યોગ કંપન્ન એનો કર્તા થાય છે તો પરના જીવતરમાં એને નિમિત્ત કહે છે તો એ નિમિત્તકર્તાનો એને આરોપ આપવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ગંભીર પ્રશ્ન છે.

એક તો એ વાત કે પરને જીવાડી શકું એવો જીવનો સ્વભાવ છે, એમ કોઈ કહે છે. પરની દયા પાળી શકું, જીવાડી શકું છું એવો જીવનો દયા-સ્વભાવ છે, એમ કહે છે. એમાં છે ખાણિયા ચર્ચામાં. સમજાણું કાંઈ? એમ નથી. જીવદયાનો સ્વભાવ છે એ સ્વભાવનો અર્થ બીજો છે. અહિંસા, રાગની ઉત્પત્તિ ન કરવી અને પોતાની અહિંસા વીતરાગી પર્યાયને ઉત્પન્ન કરવી એ દયાસ્વભાવ એ જીવનો સ્વભાવ છે. આહા..હા..! આવી વાતું ભારે, ભાઈ! સમજાણું કાંઈ? હું એને જીવાડી શકું છું એવી તો માન્યતા અજ્ઞાન છે, પણ જ્ઞાનીને પણ એવો વિકલ્પ તો આવે છે, પંચમહાવ્રત આદિ પરિણામમાં દયાનો. સમજાણું કાંઈ? તો એ દયાનો વિકલ્પ આવ્યો એ જાણે છે કે મારો દોષ છે, પ્રમાદ છે અને એનું જીવન હશે તો જીવશે. હું તો નિમિત્તમાત્ર છું. જીવાડી શકતો નથી અને જીવે છે એમાં હું નિમિત્તકર્તા છું એમ પણ નથી. આહા..હા..! નવરંગભાઈ! આવી વાત છે. આહા..હા..! ડોક્ટર પણ મરી જતા નથી જરી ક્ષણમાં? બીજાનું ઓપરેશ કરતા હતા એ. હિંમતકુમાર અહીંયાં ભાવનગર. ઓપરેશન કરતા હતા ત્યાં (બોલ્યા), મને કાંઈક થાય છે. એમ કરીને ખુરશીએ બેસી ગયા. ખલાસ થઈ ગયા. દેહની સ્થિતિ પૂરી થાય એને રોકે કોણ, બનાવે કોણ, રાખે કોણ ત્રણકાળમાં? દવા, દારૂ એનાથી કોઈ રાખે. પછી સુખ-દુઃખમાં એ આવશે. સમજાણું કાંઈ? આહા..હા..!

આ જીવતરને જીવાડું છું એમાં ત્રણ બોલ છે. એક તો પરને જીવાડું છું એ આત્માનો રાગ છે, એ જીવનો સ્વભાવ નથી. અને પરને જીવાડું એવો રાગ આવ્યો, 'હું જીવાડી શકું છું' એ માન્યતા મિથ્યાત્વ છે. આ તો લોજિકથી વાત ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને ત્રીજો, કે હું મારા સ્વરૂપની સ્થિતિમાં રહી શકતો નથી તેથી પ્રમાદથી મને વિકલ્પ આવ્યો કે હું એ જીવને જીવાડું. પણ જીવાડી શકું

છું એમ જ્ઞાની નથી માનતા. એનું આયુષ્ય છે ત્યાં સુધી જીવશે એમાં હું નિમિત્તમાત્ર છું, બસ. અને ચોથો. ચાર પ્રકાર કહે છે. પરને જીવાડી શકું છું એ મારો સ્વભાવ નથી. એ રાગ આવ્યો એ મારો સ્વભાવ નથી. પણ મારામાં રાગની ઉત્પત્તિ ન થવી અને અહિંસા વીતરાગી પર્યાય ઉત્પન્ન થવી એ દયાનો મારો સ્વભાવ છે. એ દયાનો મારો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પરની દયાનો વિકલ્પ આવ્યો તો જ્ઞાની 'પરને જીવાડી શકું છું' એમ તો માનતા નથી, પણ વિકલ્પ આવ્યો એ પ્રમાદ અને દોષ છે અને પરના આયુષ્યની સ્થિતિમાં હું તો નિમિત્ત છું. આહા..હા..! અને મિથ્યાદષ્ટિ રાગ અને વિકલ્પનો કર્તા થાય છે. અહીંયાં જ્ઞાનીને વિકલ્પ આવ્યો એના એ કર્તા નથી. એવી વાત છે થોડી. આહા..હા..! વીતરાગમાર્ગ સૂક્ષ્મ છે, ભાઈ! બહુ જ સૂક્ષ્મ. જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ ઓહો..હો..! વીતરાગભાવથી ભરેલો એ માર્ગ અલૌકિક છે.

તો કહે છે કે કોઈ પરને જીવાડવો એ આત્માનો સ્વભાવ છે દયાનો એ તો તદ્દન ખોટી વાત છે. દયાનો સ્વભાવ કહ્યો છે શાસ્ત્રમાં. પણ દયા આ. પોતાનો આનંદમૂર્તિ પ્રભુ સચ્ચિદાનંદ સ્વભાવ છે એવી માન્યતા અને એમાં સ્થિર રહેવું એનું નામ અહિંસા અને એનું નામ દયા છે. કેમ? કે જેવી ચીજ હતી એવી માની એનું નામ દયા છે. જેવું આયુષ્ય પરનું હતું તો જીવ્યો, પણ હું મારી શકું છું એ તો છે નહિ. ફક્ત માન્યું કે હું એને મારી શકું છું. એમ અહીંયાં 'આત્મા આનંદકંદ પ્રભુ છે એ (હું) નહિ, હું રાગ અને પર્યાયમાત્ર છું' એવી માન્યતામાં ત્રિકાળના જીવનનો એણે નિષેધ કર્યો, એ હિંસા છે. જયસુખભાઈ! આ તમારા કાયદા-બાયદા કરતા જુદી જાતના કાયદા છે. વકીલ છેને. આહા..હા..! પ્રભુ! વીતરાગ માર્ગ અલૌકિક છે, ભાઈ! આહા..હા..!

પહેલાં તો એમ કહ્યું કે પરની દયા પાળવી એ જીવનો સ્વભાવ છે, એમ લોકો કહે છે અને શાસ્ત્રમાં એવો પાઠ આવે છે, પણ પરની દયા પાળવી એ સ્વભાવ છે એમ નહિ. પોતાનો આત્મા ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદ છે. આહા..હા..! છે એવી પ્રતીતિ કરીને છે એમાં ઠરવું એને સ્વદયા કહેવામાં આવે છે. અને પોતાનો સ્વભાવ ચિદાનંદ શુદ્ધ અખંડ આનંદ છે એમ ન માનતા 'રાગ મારો છે, હું રાગ જેટલો છું, હું અલ્પજ્ઞ પર્યાય જેટલો છું' એવી માન્યતા એ હિંસા છે.

**શ્રોતા :–** કેવી હિંસા છે? એમાં તો કોઈ મરી ન ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એની દૃષ્ટિમાં આ નથી એમ આવ્યુને? મારી નાખવાનો અર્થ? કે એનું આયુષ્ય પૂરું થઈ ગયું પણ આણે મેં મારી નાખ્યો, એમ આ વસ્તુ છે એમ ન માની તો મારી નાખ્યો એને. માન્યતામાં ફેર પડી ગયો. આહા..હા..! સમજાણું કાંઈ?

સૂક્ષ્મ વિષય છે બંધ અધિકારમાં. નિશ્ચય, વ્યવહાર, અંતર, બાહ્ય વિકલ્પ આવે છે જ્ઞાનીને, એની શું સ્થિતિ છે એ વાત અલૌકિક છે, બાપુ! આહા..હા..! અજ્ઞાની તો 'પરને હું જીવાડી શકું છું એ મારો ધર્મ છે' એમ માને છે, એ મિથ્યાદષ્ટિ છે. અને બીજું, પરને જીવાડી શકું છું એ જીવનો સ્વભાવ છે એ માન્યતા પણ મિથ્યાદષ્ટિ છે. પોતાના સ્વભાવમાં અહિંસા—રાગની ઉત્પત્તિ ન થવી અને જેવો વીતરાગી સ્વભાવ છે એવી વીતરાગી પરિણતિ ઉત્પન્ન થવી એનું નામ જીવનો દયાધર્મ છે. આહા..હા..!

આ વાત બીજે ક્યાંય, પ્રભુ સિવાય ક્યાંય છે નહિ. આહા..હા..! સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા, આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે કે જ્ઞાનીને પણ વિકલ્પ તો આવે છે. રાગ છેને રાગ? આહા..હા..! તો પરને જીવાડી શકું છું એમ શરીરને બચાવવા ગયોને એ. વિકલ્પ આવ્યો, તો એ મારા વિકલ્પથી બચે છે એમ એ નથી માનતો, એનું આયુષ્ય છે તો બચે છે, મારો વિકલ્પ એમાં નિમિત્ત કહેવામાં આવે છે. અજ્ઞાની પરને બચાવી શકું છું એવી માન્યતાવાળો છે એ રાગનો કર્તા થાય છે. આહા..હા..! અને 'પરને હું જીવાડી શકું છું' એવી માન્યતાવાળાને અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ કહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. અરે..! પ્રભુનો માર્ગ! આહા..હા..!

એ કહે છે જુઓ, **'પર જીવોને હું જિવાડું છું અને પર જીવો મને જિવાડે છે એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે.'** નિશ્ચયથી અજ્ઞાન છે, યથાર્થમાં અજ્ઞાન છે, ખરેખર અજ્ઞાન છે. આહા..હા..! હવે અહીં કહે કે પર જીવની દયા પાળવી એ ધર્મ છે.

**શ્રોતા :–** આપ કહો છો કે કરી શકાતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કરી શકતો જ નથી. પરની દયા પાળી શકતો જ નથી. દયાનો ભાવ થયો એ ભાવ એમ માને કે 'હું પરને જીવાડી શકું છું' એ મિથ્યાત્વ છે. ભાવ આવ્યો, તોપણ એ જાણે કે એનું આયુષ્ય હતું તો એનું જીવન છે, હું તો નિમિત્તમાત્ર છું. આહા..હા..! એ તો જ્ઞાની છે. એ વિકલ્પને પણ જાણે છે અને એ ક્રિયા થાય એને પણ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને અજ્ઞાની દયાના વિકલ્પનો કર્તા થાય છે અને 'પરની હું દયા પાળી શકું છું' એવી માન્યતા કરે છે એ મિથ્યાત્વ અને અજ્ઞાનભાવ છે, સંસારનું કારણ છે. આહા..હા..! વીતરાગનો માર્ગ પ્રભુ એવો છે. સાંભળ્યો નથી, લોકોને બિચારાને મળ્યો નથી. ઓલામાં સ્થાનકવાસીમાં તો એમ આવે 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ; અનંતા જે મુક્તિએ ગયા દયા તણા પરમાણ.' એ કઈ દયા, બાપુ? આહા..હા..! ભાઈ! દયા શબ્દ તો છે પણ એનું વાચ્ય શું? આહા..હા..!

પૂર્ણાનંદનો નાથ અનંત શક્તિનો ભંડાર. આહા..હા..! કાલે નહોતું આવ્યું? આહા..હા..! કે યોગની ક્રિયાથી તારું કલ્યાણ થશે એ વાત જૂઠી છે. શુભયોગની ક્રિયા, શુભયોગની દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ વિકલ્પથી રહિત નિર્મળ પરમાત્માને પ્રાપ્ત કર્યો નહિ, વિકલ્પ રાગથી રહિત ભગવાન આત્માની રુચિ કરી નહિ, મિલન થયું નહિ, ભેટો થયો નહિ તો યોગની ક્રિયા તારી એમાં શું કરશે? શુભયોગની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ શું કરશે તને? સમજાણું કાંઈ? બપોરે આવ્યું હતું, ભાઈ! આહા..હા..! આ તો બાપુ આ કાંઈ સાધારણ માર્ગ નથી. આ તો વીતરાગ ત્રણલોકનો નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર... આહા..હા..! જેના એક સમયની, એક સમયમાં 'ક' બોલે એમાં અસંખ્ય સમય જાય, એમાં એક સમયમાં ત્રણકાળ ત્રણલોક દેખે છે. પ્રભુ! એક સમયની કેટલી કિંમત છે! આહા..હા..! સમજાણું કાંઈ? એ ભગવાને જે જોયું અને વસ્તુની સ્થિતિ જેવી હતી એવી જાણી એવું બતાવ્યું. પરને જીવાડી શકું એ સ્થિતિ તારી નથી, વસ્તુસ્થિતિ એવી છે નહિ. આહા..હા..! આ કુટુંબનું પોષણ હું કરી

શકું. સ્ત્રી, કુટુંબ, દીકરા, દીકરી બધાનું પોષણ કરું છું, હું નભાવું છું એ મિથ્યાત્વભાવ છે. પરદ્રવ્યની પર્યાય કોણ ટકાવે અને કોણ વ્યય કરે? મારવામાં વ્યય છે અને ટકાવવામાં ઉત્પાદ છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

પરજીવની પર્યાયનો વ્યય થાય એ મરણ, ઉત્પાદ હોય એમ ને એમ રહે એ જીવન. તો પરનું મરણ-વ્યય અને ઉત્પાદ કોણ કરી શકે? એ દ્રવ્યનો પોતાનો સ્વભાવ જ ઉત્પાદવ્યયધ્રુવયુક્ત પોતાનો સ્વભાવ છે. આહા..હા..! ચીમનભાઈ! આવી વાતું છે ઝીણી. લોકોથી જુદી જાત છે એટલે લોકોને બિચારાને શું કરે? આહા..હા..! અહીં તો કહે છે કે અહિંસાનો વિકલ્પ જે પંચમહાવ્રતમાં છે એ વિકલ્પ એમ માને કે 'હું પરને બચાવું છું, હું પરની રક્ષા કરું છું' એ મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? પણ જ્ઞાની પોતાના સ્વરૂપમાં સ્થિર રહી શકે નહિ ત્યારે પ્રમાદથી પરજીવને જીવાડવાનો ભાવ આવે છે, પણ એ ભાવ એમ માને છે કે હું પરને જીવાડી શકું નહિ, એ તો એની આયુષ્યની સ્થિતિ છે માટે જીવે છે. જીવન એનું છે માટે જીવે છે. હું એને જીવાડી શકું છું એમ ત્રણકાળમાં નથી. આહા..હા..! હું તો નિમિત્તમાત્ર છું. ઉપાદાનની પર્યાય તો એની એનાથી એનામાં થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** નિમિત્ત તો થાવું કે ન થાવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થવાનો પ્રશ્ન ક્યાં છે? થાય છે ત્યારે આ વિકલ્પ હોય છે એને નિમિત્ત કહેવામાં આવે છે. કાળ તો તે જ છે. જ્યારે તે જીવનું આયુષ્ય છે તે કાળે (તે જીવે છે). એટલે વિકલ્પથી જીવે છે એ તો છે નહિ અને એ વિકલ્પ છે એ રાગ છે. એનો કર્તા થાય એ 'પરને જીવાડું છું' એનો કર્તા માને એ અજ્ઞાની. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ભારે ભાઈ! વિકલ્પ તો આવે છે, મુનિને પણ આવે છે. પણ એ વિકલ્પમાં એમ જાણે છે કે હું પરની રક્ષા નથી કરી શકતો, હું પરને જીવાડી શકતો નથી, એ તો એનું આયુષ્ય છે તો જીવે છે. આહા..હા..! મારો પ્રમાદનો વિકલ્પ છે. આહા..હા..! ઉપાદાનની પર્યાય તો ત્યાં થઈ એ તો એને કારણે, હું તો નિમિત્તમાત્ર છું. આહા..હા..! શૈલી તો જુઓ શૈલી! સમજાણું કાંઈ? સત્યના શરણ કોને કહીએ? આહા..હા..!

'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં' તો એ શું છે? ભગવાને અહિંસા પોતાની રાગ ઉત્પત્તિ વિના અરાગની ઉત્પત્તિ કરી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય એ અહિંસા છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો એ અહિંસા પોતાની માને છે. વિકલ્પ આવ્યો તો એની અહિંસા એનું આયુષ્ય છે તો એ જીવે છે, હું તો નિમિત્તમાત્ર છું. આહા..હા..! અજ્ઞાની રાગનો કર્તા થાય છે, તો પરની ક્રિયાના નિમિત્તપણે કર્તા છું. ઉપાદાનપણે તો છે એને કરી શકતો જ નથી અજ્ઞાની. સમજાણું કાંઈ? આમાં કેટલું યાદ રાખવું? માર્ગ એવો પ્રભુનો, ભાઈ! વીરાનો માર્ગ વીરનો છે, એ કાયરના કાળજા ત્યાં કંપી ઊઠે એવો છે. સમજાણું કાંઈ? શું કહે છે? આહા..હા..!

**'તે અધ્યવસાય જેને છે તે જીવ અજ્ઞાનીપણાને લીધે...'** અજ્ઞાનીપણાને લીધે **'મિથ્યાદષ્ટિ છે;...'** આહા..હા..! આ તો પરનું કામ કરી દ્યો અને દુનિયાને કરી દ્યો સુખી એ પછી આવશે. આ તો મરણ-જીવનનું આવ્યું છે હજી, એ પછી આવશે. આહા..હા..! **'અને જેને તે અધ્યવસાય**

**નથી...'** જુઓ, અધ્યવસાય જેને નથી. પરને જીવાડવાનો વિકલ્પ હોય, પણ 'હું જીવાડી શકું છું' એવો અધ્યવસાય જેને નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.'** સમ્યગ્દૃષ્ટિનો એક ભાગ છે આ. સમજાય છે કાંઈ? વિકલ્પ આવ્યો અને પર તરફ લક્ષ ગયું તો હું જીવન આપું. જીવનદાતા નથી કહેતા? અભયદાન દઉં. તો કહે છે, હું અભયદાન તો દઈ શકતો નથી, સમજાણું કાંઈ? પણ એનું અભયદાન એને કારણે છે તો મારો વિકલ્પ નિમિત્તપણે છે. એ નિમિત્તપણે છે એવું જ્ઞાન કરે છે, કર્તાપણે નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ વેપારીને આખો દિ' ધંધો એક જાતનો, કાંઈ તર્ક નહિ, વિશેષ મગજ નહિ. ભગવાનજીભાઈ! આખો દિ' આનો આ ભાવ, આનો આ ભાવ, એમાં કાંઈ નવા તર્ક કે નવો વિચાર છે?

**શ્રોતા :-** વેપારીને મગજ નહિ એમ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યાં કાંઈ ન મળે, ઠેકાણા જાણીએ છીએને. અમારા હતાને ભાઈ ભાગીદાર. કાંઈ બુદ્ધિ જાડી. એની એ વાતું કર્યા કરે. શીવલાલભાઈ, કુંવરજીભાઈના ભાઈ ભાગીદાર હતાને. પાંચ વર્ષ ભાગીદારમાં કર્યો હતો. પણ હું જાણતો હતો બધું. આને જાડી બુદ્ધિ છે. કીધું નહોતું એક ફેરી? એક માણસ મરી ગયો ઉગામડીમાં. ઉગામડી છેને ગઢડા પાસે. મારી પાસે બેઠા ને વાત કરવા માંડ્યા. મેં કીધું આ મરી ગયો ને બિચારો આમ થયું. એ વધારે જીવવાનો શું લાભ છે? લ્યો ઠીક! આવી તો ભાષા. એય..! કાંઈ ખબર ન મળે.

**શ્રોતા :-** એને કાંઈ ગઢપણમાં મુશ્કેલી હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના; એને કાંઈ મુશ્કેલી નહોતી. એ તો એટલું કે બાયડી મરી ગઈ અને કુંવરજીભાઈની વહુ ને એ બધા રાખે એટલું. આ શું બોલો છો ભાષા? વધારે જીવીને શું કામ છે લ્યો! અંતે મરતા મગજ ફરી ગયું ને બક્યા બક કર ને મરી ગયા. આહા..હા..! અહીં કહે છે..

'**ભાવાર્થ :- 'પર મને જિવાડે છે અને હું પરને જિવાડું છું' એમ માનવું તે અજ્ઞાન છે. જેને એ અજ્ઞાન છે તે મિથ્યાદૃષ્ટિ છે, જેને એ અજ્ઞાન નથી તે સમ્યગ્દૃષ્ટિ છે.'**

'**હવે પૂછે છે કે આ (જીવનનો) અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે?'** 'પરને જીવાડી શકું છું' એ અજ્ઞાન કઈ રીતે છે? એ પ્રશ્ન છે.

आऊदयेण जीवदि जीवो एव भणंति सव्वण्हू।
आउं च ण देसि तुमं कहं तए जीविदं कदं तेसिं।।२५१।।
आऊदयेण जीवदि जीवो एवं भणंति सव्वण्हू।
आउं च ण दिंति तुहं कहं णु ते जीविदं कदं तेहिं।।२५२।।
છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,
તું આયુ તો દેતો નથી, તેં જીવન ક્યમ તેનું કર્યું? ૨૫૧.
છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,
તે આયુ તુજ દેતા નથી, તો જીવન ક્યમ તારું કર્યું? ૨૫૨.

આહા..હા..! આ શબ્દ નથી એટલે હું ગોતતો હતો. '**सव्वण्हू भणंति**' શબ્દ નથી આમાં ટીકામાં. છેને? 'एवं भणंति सव्वण्हू।'

**શ્રોતા :-** '**भणंति सव्वण्हू।**' ગાથામાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ નહિ, મારે બીજું કહેવું છે. ટીકામાં નથી, પણ એ પાઠમાં છે એની ટીકા થઈ છે. શું ટીકા થઈ છે? કે જો સર્વજ્ઞ પણ એમ કહે છે. જો સર્વજ્ઞ પણ એમ કહે છે, વાણી કરે છે. '**भणंति**' છેને? દરેક જીવો એના આયુષ્યના ક્ષયે મરે એમ '**सव्वण्हू भणंति**' અને એના આયુષ્યને ઉદયે જીવે એમ '**सव्वण्हू भणंति**'. એમાં વાંધા. '**भणंति**' તમે કહો છો કે ભાષા કરી શકે નહિ અને અહીં તો '**सव्वण्हू भणंति**' કુંદકુંદાચાર્ય કહે છે. નવલચંદભાઈ! પણ આ બધા... આહા..હા..! અરે..! ભાઈ! એ વાણીમાં નિમિત્ત કોણ હતા એને નિમિત્ત બતાવીને '**सव्वण्हू भणंति**' એમ કહે છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ ભાષા કરી શકે છે? આમાં તો આ રહ્યું '**भणंति**'. કુંદકુંદાચાર્ય કહે છે '**सव्वण्हू भणंति**', '**सव्वण्हू भणंति**' બેયમાં છે, લ્યો! પહેલાંમાં આવ્યું હતું જિનવર. ઓલામાં નહોતું આવ્યું? '**जिणवरेहिं पण्णत्तं**' ૨૪૮માં એમ આવ્યું હતું. '**जिणवरेहिं पण्णत्तं**' જિનવરે કહ્યું છે. અહીં '**सव्वण्हू भणंति**' બાપુ! એ તો ભાષામાં નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા માટે. ભાષા તો ભાષાથી થઈ છે, ભગવાનથી ભાષા થઈ નથી. આહા..હા..! આવું હવે.

**શ્રોતા :-** આપનો સિદ્ધાંત કબુલ કરવો બહુ કઠણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ આ શબ્દ છે કે નહિ જુઓ, હવે આમાં વાંધા.

ભગવાન તો જાણનારા છે, ભાષા કરનારા છે? આહા..હા..! એ કઈ અપેક્ષાએ કહ્યું? એ માટે તો અહીં રોકાણા. એ વાણીમાં નિમિત્ત ભગવાન હતા એથી નિમિત્તથી કહ્યું એમ નિમિત્તથી કથન છે. આહા..હા..! ભાષાની પર્યાયનું સ્વતંત્ર તે કાળે રજકણોને તે ઉત્પાદના પર્યાયનો સ્વકાળ હતો. આહા..હા..! આ વાત. લોકોને દરકાર ક્યાં પડી? આહા..હા..! ભાષા છે એ પરમાણુની પર્યાય છે. ભાષા વર્ગણા છે, શબ્દ થવાની વર્ગણા એમાંથી ભાષાની પર્યાય શબ્દની થાય તે તેનો સમય—કાળ છે. તે ઉપાદાન તેનો પર્યાયનો કાળ છે. આહા..હા..! ત્યારે ભગવાનને નિમિત્ત કહેવામાં આવે છે. એ રીતે કથન છે. અહીં પકડીને એમ કહે કે જુઓ, વાણી કરે છે ભગવાન, વાણી કરે છે. જડને કરે?

**શ્રોતા :-** કુંદકુંદાચાર્યે કહ્યું વોચ્છામી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કઈ અપેક્ષાએ કહ્યું? વોચ્છામી કહ્યુંને. ઈ એણે નાખ્યું છે. કુંદકુંદાચાર્યે કહ્યું કે કહીશ. તમે કહો કે વાણી કરી શકે નહિ. આમાં કહીશ આવે છે. ભાઈ! આહા..હા..! એ તો ટૂંકી ભાષા એમ કહે, ભાષા થવાકાળે થાય ત્યારે ગુરુ-સાધુ એને નિમિત્ત કહેવામાં આવે. ઈ તો લાંબુ લાંબુ થઈ જાય. આહા..હા..! વસ્તુની સ્થિતિ છે તેમ હોવું જોઈએને. કથનશૈલી તો અનેક પ્રકારે આવે. આહા..હા..! એ તો કહ્યું નહિ ત્યાં ૧૧મી ગાથામાં કે વીતરાગની વાણીમાં પણ વ્યવહારનું નિમિત્તપણાનું હસ્તાવલંબ જાણી ભગવાને ઘણો બોધ કહ્યો છે, ઘણું લખાણ છે, પણ એ નિમિત્તથી કહ્યું છે એનું ફળ સંસાર છે. આહા..હા..! સમજાણું? એમ માની લે કે આ છે આનો કર્તા. સમજાણું કાંઈ?

આહા..હા..! આ દેહાદિની ક્રિયા થાય તે કાળે તેના ઉપાદાનને લઈને થાય છે. અજ્ઞાની ત્યાં વિષય આદિમાં હોય ત્યારે એને વિકલ્પમાં 'આ કરું છું આના શરીરની ક્રિયાને' એમ માને છે. આહા..હા..! જ્ઞાની હોય એને પ્રમાદનો વિકલ્પ આવ્યો છે એ શરીરની ક્રિયાકાળે, પણ તે ક્રિયાના કાળમાં મારો વિકલ્પ ફક્ત નિમિત્તમાત્ર છે. આહા..હા..!

**શ્રોતા :-** વિકલ્પનો સ્વામી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિકલ્પનો સ્વામી નથી એટલે તો વિકલ્પ નિમિત્તમાત્ર છેને. જો વિકલ્પનો સ્વામી થાય તો તો નિમિત્તકર્તા થઈ જાય. આહા..હા..! આવી વાતું! સમજાય છે કાંઈ? ઘણા ઝીણા બોલ આવ્યા આજે થોડા.

પ્રત્યેક દ્રવ્યને પૃથક્-પૃથક્ રાખીને બીજા નિમિત્ત હોય એમ જાણવું એ વાત યથાર્થ છે, પણ પ્રત્યેક દ્રવ્યમાં એક દ્રવ્યનો હાથ જાય સત્તાપ્રવેશ કરીને એનું કામ કરે, તો એની સત્તા પરમાં પ્રવેશ કરી, ભિન્ન ન રહી. આહા..હા..! સમજાય છે કાંઈ? અનંતની સત્તાને અનંતપણે રાખવી હોય તો એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યને કરે નહિ ત્યારે તે અનંત સત્તા પોતાપણે ટકી રહે, પોતાપણે ઉત્પાદ-વ્યય અને ધ્રુવપણે પોતાપણે ટકે; પણ એક દ્રવ્યની પર્યાય બીજાને કરે તો એનો ઉત્પાદ-વ્યય-ધ્રુવની સત્તા, પોતાની ઉત્પાદની સત્તા પરમાં થશે. એમ બનતું નથી. આહા..હા..! આવો ઝીણો માર્ગ છે, ભાઈ! બિચારા વાણિયાને નવરાશ ન મળે ધંધા આડે. માર્ગ બાપા આ તો એવો છે. આહા..હા..!

પ્રભુ! તું કોણ છો, બાપુ? ભાઈ! તું તો જ્ઞાતા-દૃષ્ટા છોને, નાથ! જગતની ક્રિયાકાળે પણ તું તો જાણનાર-દેખનાર છોને, ભાઈ! આહા..હા..! એ જાણનાર-દેખનારને ઓળંગીને પરનું કરું એવી કર્તાબુદ્ધિ થાય એ જ્ઞાતા-દૃષ્ટાનો અનાદર કર્યો છે. આહા..હા..! કહો, હરજીવનભાઈ! ડોક્ટર! આ તમારા ડોક્ટરનું આવ્યું હતું આમાં. આહા..હા..! ભગવાને તો બધાના જવાબ લઈ લીધા છે. આહા..હા..! તારે સમજવામાં વાંધો છે, એ વાંધો કાઢી નાખ તો યથાર્થ છે એમ રહેશે. આહા..હા..! કહો, રમેશચંદજી! આહા..હા..!

**''પર મને જિવાડે છે અને હું પરને જિવાડું છું' એમ માનવું તે અજ્ઞાન છે. જેને એ અજ્ઞાન છે તે મિથ્યાદૃષ્ટિ છે;...'** આહા..હા..! હવે અહીં એમ કહે કે અહિંસા, સત્ય, દત્ત એ મહાવ્રત. એટલે કે પરની દયા પાળવાનો ભાવ તે અહિંસા, એમ છે નહિ. એ ભાઈએ ખુલાસો કર્યો છે મોક્ષમાર્ગમાં કે પ્રમાદ તીવ્ર નથી થતો એટલે હિંસા થતી નથી, એથી પરની દયા પાળી એમ કહેવામાં આવે. પણ પરની રક્ષા કરવાનો હેતુ નથી. મોક્ષમાર્ગમાં છે, ભાઈ! સમિતિ-ગુપ્તિમાં છેને. પર જીવની રક્ષા કરવાનો હેતુ જ્ઞાનીનો છે નહિ. રક્ષા કરી શકતો નથી એટલે. આહા..હા..! પણ તીવ્ર પ્રમાદનો અભાવ છે એથી પરની રક્ષાનો કરવાનો ભાવ નથી પણ રાગ થાય છે. સમજાણું? રક્ષા કરવાનો ભાવ થાય છે, રક્ષા કરી શકતો નથી, એવા ભાવને વ્યવહાર દયા કહેવામાં આવે છે. આહા..હા..! કહો, ચેતનજી!

**શ્રોતા :-** બરાબર મેળવી દીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યાં કહ્યું છે. એ તો એ વખતે વાંચતી વખતે બધો ખ્યાલ છે. સમિતિ-ગુપ્તિને એમ કે ત્યાં ધર્મ કહ્યો છેને, સંવર. એ સંવર એટલે પરજીવની રક્ષા કરવી એ સંવર નહિ. આહા..હા..! પરજીવની રક્ષા તો કરી શકતો નથી, પણ પરજીવની દયા કરવાનો વિકલ્પ છે એ સંવર નથી. પાછળ છે.

અહીં તો આપણે '**सव्वण्हू**' આવ્યુંને. એ ગાથાર્થ લ્યો પહેલોં. '**જીવ આયુકર્મના ઉદયથી જીવે છે એમ સર્વજ્ઞદેવો કહે છે;...**' આહા..હા..! છે? ગાથાર્થ લઈએ છીએ હોં! '**જીવ આયુકર્મના ઉદયથી જીવે છે એમ સર્વજ્ઞદેવો કહે છે;...**' એક તો સર્વજ્ઞદેવ કહે છે એ વાત વ્યવહારની અને આયુકર્મને લઈને જીવે છે એ પણ વ્યવહાર છે. એ તો પોતાની યોગ્યતાથી ત્યાં જીવે છે. બીજો એને જીવાડી શકતો નથી એટલો નિષેધ કરવા આ વાત કરી છે, પણ આયુષ્યકર્મને લઈને ત્યાં જીવે છે એ વ્યવહાર. આયુષ્યકર્મ જડ છે અને આનું રહેવું તો પોતાનું પોતાની યોગ્યતાથી છે. સમજાણું કાંઈ? આવી વાત છે. વાતે-વાતે વાંધા તૂટે એવું છે અને વાતે-વાતે વાંધા કરે એવું છે. ન સમજે એનું શું થાય, ભાઈ! ચારિત્રદોષ જુદી ચીજ છે અને શ્રદ્ધાદોષ જુદી ચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ચારિત્રદોષ તો ભરતચક્રવર્તી ક્ષાયિકસમકિતી અને છ લાખ પૂર્વ સુધી. આહા..હા..!

**શ્રોતા :-** ઋષભદેવ ભગવાન.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવાન ૮૩ લાખ પૂર્વ સંસારમાં રહ્યા રાગમાં, ભોગમાં. લ્યો! આહા..હા..! પણ એ ભોગમાં સુખ છે એ બુદ્ધિ ઊડી ગઈ છે, તેમ ભોગની જે ક્રિયા છે એ મારાથી થાય છે એ બુદ્ધિ ઊડી ગઈ છે, તેમ ભોગનો જે રાગ છે તેમાં પ્રેમ ઊડી ગયો છે, તેથી તેનો કર્તા ઊડી ગયો છે, આ રીતે તેને જ્ઞાતા-દ્રષ્ટા કહેવામાં આવે છે. આહા..હા..! આમાં ઘરે પૂછે કે ન આવ્યા હોય ને બૈરા તો કહે શું સાંભળ્યું? શું કહેવું આમાં? આહા..હા..! આવો માર્ગ પ્રભુનો. આહા..હા..!

કહે છે કે પરને જીવાડી શકું છું અને જીવે છે એ સર્વજ્ઞદેવ કહે છે કે એના આયુષ્યને કારણે જીવે. એમાં બે બોલ નીકળ્યા. એક તો સર્વજ્ઞ કહે છે એ પણ વ્યવહારવચન. ફક્ત ભાષામાં નિમિત્ત કોણ હતું એ બતાવવા; અને આયુષ્ય છે તેથી જીવે છે એ પણ નિમિત્ત. પોતાના આત્માને દેહમાં રહેવાની યોગ્યતા જ એટલા કાળની હતી, ત્યારે આયુષ્યનું નિમિત્ત કહેવામાં આવે છે. આહા..! આવી વાતું છે. એ લોકોએ તર્ક કર્યો છે. કર્મને લઈને જીવે છે. કર્મ બીજી ચીજ છે અને એને લઈને જીવે છે. નવરંગભાઈ! આવા વાંધા છે બધા.

**શ્રોતા :-** એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે છે એમ માને તો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આ રીતે માને નહિતર દિગંબર નથી, એમ કહે છે એ. અરે..! સાંભળ તો ખરો ભાઈ! આહા..હા..!

'**જીવ આયુકર્મના ઉદયથી...**' આયુકર્મ એ જડ, એના ઉદયથી '**જીવે છે...**' એ આત્મા. એ તો બીજા એને જીવાડી શકતા નથી એટલું કહેવા આયુષ્ય નિમિત્ત પ્રમાણે જીવે છે એમ સિદ્ધ કર્યું છે, ખરેખર તો એને નભવામાં તો પોતાના ઉપાદાનની લાયકાત છે, આયુષ્ય કર્મ તો નિમિત્ત છે જડ.

આહા..હા..! આ એની મેળાએ વાંચે તો પકડાય એવું નથી. આહા..હા..! સારું કર્યું લોકોએ તર્ક બધા કર્યા તો આ તો સ્પષ્ટીકરણ થાય છે વધારે, એમાં શું? આહા..હા..! એક બોલ. બે બોલ થયા. '**જીવ આયુકર્મના ઉદયથી જીવે છે...**' એ વ્યવહાર. ફક્ત બીજા જીવાડી શકતા નથી એટલું સિદ્ધ કરવા આયુકર્મથી જીવે એમ નક્કી બતાવ્યું. આહા..હા..! '**एवं भणन्ति**' '**સર્વજ્ઞદેવો કહે છે;...**' એ વ્યવહાર. એ વાણી કોની છે? વાણીમાં નિમિત્ત કોણ હતું? કે સર્વજ્ઞ ત્રિલોકનાથ જેમાં નિમિત્ત હતા. એથી એની વાણી એમ કહેવામાં આવે છે. આત્માને વાણી કેવી? વાણી જડ અને આત્મા ભિન્ન. પણ એ વાણીમાં સર્વજ્ઞપણે કહ્યું છે, સર્વજ્ઞમાં એ આવી છે વાત, એ બતાવવા સર્વજ્ઞે કહ્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! બહુ આ તો ફેર બધી વાતનો, ભાઈ!

'**તું પર જીવોને આયુકર્મ તો દેતો નથી તો (હે ભાઈ!) તેં તેમનું જીવિત (જીવતર) કઈ રીતે કર્યું?**' તો પરનું જીવન તેં કઈ રીતે કર્યું? અભયદાન દીધું મેં. એનો અર્થ શું? એ જીવતો હતો એને તેં જીવાડ્યો? મરી જવાનો હતો ને જીવાડ્યો? આહા..હા..! આવી વાતું બહુ. નિશ્ચયમાં અભયદાન તો પોતાના રાગથી રહિત ભગવાન જેવી ચીજ છે એવો અનુભવ કરવો, દૃષ્ટિ કરવી એ અભયદાન છે. પોતાનું અભયદાન છે અને પરમાં વિકલ્પ ઊઠે છે એને વ્યવહારથી અભયદાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવી વાતું. વાતે-વાતે ફેર. '**જીવ આયુકર્મના ઉદયથી જીવે છે...**' બીજી ગાથા. '**એમ સર્વજ્ઞદેવો કહે છે;...**' લ્યો! ત્યાં એ આવ્યુંને એ? '**પર જીવો તને આયુકર્મ તો દેતા નથી...**' અહીં એટલું સિદ્ધ કરવું છે. બીજો એને આયુષ્ય દેતો નથી તો જીવાડી શકે એમ સિદ્ધ કરવા આયુકર્મથી જીવે છે એમ કહ્યું છે. આહા..હા..! હીરાભાઈ! આવી વાતું છે. '**તો (હે ભાઈ!) તેમણે તારું જીવિત કઈ રીતે કર્યું?**' આ શેઠિયાએ અમને જીવતરદાન આપ્યું, મરી જવાના હતા અને આમ કર્યું ને તેમ કર્યું. આહા..હા..! પાણીમાં માખી પડી હોય એને બીજો માણસ ઉપાડે એટલે એને જીવતર આપ્યું, એ વાત મિથ્યા છે. એ વિકલ્પ હો, પણ વિકલ્પનો એ કર્તા નથી અને એને પાણીમાંથી બચાવી માટે બચી એમ પણ નથી. આવી વાત છે. એની ટીકા કહેશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા વદ-૫, બુધવાર, તા. ૦૯-૦૨-૧૯૭૭, ગાથા-૨૫૧ થી ૨૫૬, કળશ-૧૬૮, પ્રવચન નં. ૩૧૫

સમયસાર, ૨૫૧-૫૨ની ટીકા. '**પ્રથમ તો, જીવોને જીવિત ખરેખર પોતાના આયુકર્મના ઉદયથી જ છે,...**' શું કહે છે? આ જગતના જીવો જીવે છે એ આયુષ્યકર્મના કારણે છે. કોઈ બીજો એને જીવાડી શકે એમ નથી. આહા..હા..! એ આયુષ્યકર્મને કારણે 'જ' છે. એમાંથી કાઢે લોકો, જુઓ,

આયુષ્ય કર્મને લઈને અહીં જીવે છે. એ નિમિત્તનું કથન છે. બીજાઓથી જીવાડી શકાય નહિ એ સિદ્ધ કરવા કર્મના ઉદયથી જીવે છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? નહિતર કર્મનો ઉદય છે આયુષ્યનો એ તો જડ છે અને આત્માનું રહેવું છે એ તો ચૈતન્યનું પોતામાં રહેવું છે. એ જડને કારણે રહે છે એમ કહેવું એ તો નિમિત્તનું કથન છે. આવી વાત છે. સમજાણું કાંઈ? 'દરેક શરીરનું રહેવું એ આયુષ્યકર્મને કારણે છે, એમ કહેવું એ તો' બીજા જીવો એને જીવાડી શકતા નથી, એમ નિષેધ કરવા આ વાત લીધી છે. બાકી તો આયુષ્ય કર્મ છે એ પણ જડ છે અને આત્માનું રહેવું આ શરીરમાં એ પોતાની યોગ્યતાથી રહે છે. કર્મને લઈને રહે છે એમ કહેવું એ તો નિમિત્તનું કથન છે. સમજાય છે કાંઈ? ઝીણી વાતું બહુ, ભાઈ!

એને જાણવું કે હું કોણ છું? હું તો જ્ઞાનસ્વરૂપ છું. એ જ્ઞાનસ્વરૂપ કોનું કરે? અને કોનાથી એ જીવે? એનું જીવતર કર્મને લઈને, આયુષ્યને લઈને મારું જીવન છે, એ પણ નિમિત્તનું કથન છે. બીજાઓ મને જીવાડી શકે એ વાત દૂર કરવા-નિષેધ કરવા એ પોતે આયુષ્યને કારણે જીવે છે એમ કહેવામાં આવે છે. ન્યાય સમજાય છે કાંઈ? આહા..હા..! નિમિત્તને અહીં સિદ્ધ નથી કરવું. બીજો ઓલો જીવાડી શકે નહિ એટલું સિદ્ધ કરવું છે. નોકર્મ એટલે બીજી ચીજ, બીજો જીવ બીજાને જીવાડે એ ત્રણકાળમાં બનતું નથી એટલું સિદ્ધ કરવા શબ્દ આટલો બધો જુઓ, '**જીવોને જીવિત ખરેખર...**' પાછું ખરેખર. '**ખરેખર પોતાના આયુકર્મ...**' પાછું એનું આયુષ્યકર્મ. એના આત્માનું આયુષ્યકર્મ. ભાઈ, શૈલી શું છે એ જાણવી જોઈએને એને. આયુષ્યકર્મ જીવનું છે? આયુષ્કર્મ તો જડનું છે. આહા..હા..! પણ એના આયુષ્યની સ્થિતિ છે જેટલી તે પ્રમાણે અહીંયાં રહે છે પોતાને કારણે એમાં આ છે એ બીજો એને જીવાડી શકે એનો નિષેધ કરવા આ વાત કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાછું 'ખરેખર' શબ્દ વાપર્યો છે. એ બીજો જીવાડી શકે નહિ એ અપેક્ષાએ 'એના આયુષ્ય કર્મને લઈને ખરેખર જીવે છે' એમ કહેવામાં આવે છે. આહા..હા..! પાછું '**ઉદયથી જ...**' શબ્દ છે. આહા..હા..!

આ લોકો કર્મથી... કર્મથી... કાઢે આમાં. એ એમ નથી. દેહમાં આત્મા રહે છે એ પોતાની યોગ્યતાને કારણે રહે છે. પણ બીજો એને જીવાડી શકતો નથી એ નિષેધ કરવા એના આયુષ્યને કારણે જ ત્યાં રહ્યો છે જીવ એમ કહેવામાં આવે છે. જયસુખભાઈ! આવું ઝીણું બહુ, બાપુ! વીતરાગનો માર્ગ લોજિક, ન્યાયથી પણ પકડાય એવો છે, પણ હવે વિચાર ન કરે તો શું થાય? આહા..હા..! બીજા જીવને જીવતર કરી શકું—એ માનતો હોય તો એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. આ કુટુંબને નભાવું છું, છોકરાઓને નભાવું છું, નોકરોને નભાવું છું, એ જીવનદાતા હું છું—એ મિથ્યાદૃષ્ટિ છે માનનારો. આહા..હા..! સમજાણું કાંઈ? એટલું સિદ્ધ કરવા આ શબ્દ છે. 'કારણ કે **પોતાના આયુકર્મના ઉદયના અભાવમાં...**' એનું આયુકર્મ કીધું એ તો નિમિત્તથી કથન છે. એનું આયુષ્ય બીજાનું નથી પણ એના સંબંધમાં છે એટલે એને પોતાનું આયુકર્મ (કહ્યું). આયુકર્મ તો જડ છે. આત્માનું આયુકર્મ કહેવું એ પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા છે. આવી વાતું છે. બહુ માર્ગ બાપા ઝીણો બહુ, ભાઈ! આહા..હા..! '**આયુકર્મના ઉદયના અભાવમાં જીવિત થવું અશક્ય છે;...**' એનું આયુષ્યકર્મ ન

હોય અને એ જીવતર કરાવી દે બીજો એમ કોઈ દિ' બને નહિ. એ તો એનું આયુષ્યકર્મ હોય ત્યાં સુધી જીવે. આહા..હા..!

**'વળી પોતાનું આયુકર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી,...'** પોતાનું આયુષ્યકર્મ બીજાને દઈ શકાતું નથી. આહા..હા..! આવે છેને ઓલા ઈતિહાસમાં નહિ? રાજા બાબર. થોડું આયુષ્ય આપ્યું એને ઓલો મરતો હતો. બધી ગપેગપ વાત. ઈતિહાસમાં આવે છે. જયસુખભાઈ! બાબરને આપ્યું હતું. કોણ આપે? આવા ને આવા ગાંડા બધા પાગલ. આહા..હા..! એના આયુષ્ય, પોતાના આયુષ્યકર્મથી બીજાને બીજાનું દઈ શકાતું નથી. **'કારણ કે તે (પોતાનું આયુકર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે...'** જોયું! આહા..હા..! વળી આયુકર્મ જે બંધાય છે એના પરિણામથી બંધાય છે. હવે પરિણામ તો નિમિત્ત છે. આયુષ્યકર્મ બંધાય છે એ તો જડની પર્યાયથી બંધાય છે. આહા..હા..! આવી વાતું બહુ, ભાઈ! ઝઘડા બધા આવા ઊભા કરે. આહા..હા..!

**'પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે...'** ભાષા દેખો! પૂર્વે જે એણે આયુષ્ય બાંધ્યું, આ ભવ પહેલાં આયુષ્ય બાંધીને આવ્યો એ એના પરિણામથી બંધાણું છે. પરિણામથી જ બંધાણું છે. એનો અર્થ? કે જે પરિણામ એની જાતના હતા એ પ્રકારે કર્મની આયુષ્યકર્મની પર્યાય એને કારણે થઈ છે, પણ એમાં નિમિત્ત પરિણામ હતું તે નિમિત્તથી ઉપાર્જિત કર્મ છે એમ કહેવામાં આવ્યું છે. આવી વાતું હવે. એય..! પોપટભાઈ! આ ઉકેલ આકરો છે. ઓલા ચોપડા તમારા ઉકેલવા તો ઝટ થાય. ભગવાનજીભાઈ! આહા..હા..!

બાપુ! તું આત્મા છોને, પ્રભુ! અને તને તો ખરેખર તો પરિણામ આયુષ્યના બંધાવામાં નિમિત્ત છે એ પરિણામ પણ આત્માની જાતના નથી, એ તો બંધના પરિણામ છે. આહા..હા..! પણ એણે કર્યા હતા એ પરિણામ એથી એણે પરિણામના નિમિત્તે ઊપજેલું કર્મ એ એના પરિણામથી કર્મ બંધાણું છે. એટલે કે કર્મ તો એના પરમાણુની પર્યાયકાળે તે આયુષ્યની સ્થિતિ થઈ છે એમાં. કર્મમાં આયુષ્યની સ્થિતિ તો કર્મની પર્યાયની યોગ્યતાથી થઈ છે. આહા..હા..! તે સમયે તે જ પર્યાય કર્મની, આયુષ્યની થવાની હતી. આહા..હા..! એમાં જીવના પરિણામ નિમિત્ત હતા તેથી એ પરિણામે આયુષ્યકર્મ ઉપાર્જ્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવા કથન હોય એટલે નિમિત્તથી થાય, નિમિત્તથી થાય એ બધું વળગી પડે. આહા..હા..!

પ્રભુ! તું કોણ છો? તું તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છો તું. આહા..હા..! એમાં આ અજ્ઞાનપણે જે કાંઈ પરિણામ કર્યા વિકારી એનાથી આયુષ્યની સ્થિતિ બંધાયે એમ છે. એમ નિમિત્તનૈમિત્તિક સંબંધની વ્યાખ્યા કરી છે. સમજાણું કાંઈ? નિમિત્ત હતા એના આયુષ્યના બાંધવાના પરિણામ જે પોતાના એ પરિણામ નિમિત્ત અને આયુષ્ય બંધાણું એ નૈમિત્તિક. નિમિત્તના સંબંધામાં થયેલી દશા તેને નૈમિત્તિક કહે છે. ન્યાય સમજાય છે? આહા..હા..! એ નિમિત્તથી નૈમિત્તિક થયું એ વ્યવહારનું કથન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે. હવે આમાં કોની સાથે વાદ—ચર્ચા કરે? આ બધા લખાણો આવે શાસ્ત્રોમાં. જુઓ, કર્મથી આ આવ્યું નહિ?

'(પોતાનું આયુકર્મ) **પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે...** ' પરિણામ જે થયા એનાથી કર્મ ઉપાર્જન થયું. લ્યો! અહીંયાં તો એ સિદ્ધ કરવું છે કે એના પરિણામના નિમિત્તે જે કર્મ થયું કર્મને કારણે, એ કર્મને કારણે એ ત્યાં જીવી રહ્યો છે. એ બીજો એને જીવાડી શકે એમ છે નહિ. કારણ કે બીજાનું આયુષ્ય બીજો દઈ શકતો નથી એટલું સિદ્ધ કરવું છે. બાકી કર્મ આત્માનું છે ક્યાં? અને એના નિમિત્તમાં પરિણામ થયા એ પરિણામથી કર્મ થયું છે ક્યાં? આહા..હા..! આવી વાતું છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો માર્ગ કોઈ અલૌકિક છે. નયનું વાસ્તવિક જ્ઞાન ન હોય તો એને નહિ બેસે. શાસ્ત્રમાં આધાર આ બધા આપ્યા છે લ્યો! આ આધાર આપે. '**ઉપાર્જિત થાય છે (-મેળવાય છે);...**' જોયું! પોતાના પરિણામથી જ આયુષ્યકર્મ મેળવાય છે. ઠીક! '**માટે કોઈ પણ રીતે બીજો બીજાનું જીવિત કરી શકે નહિ.**' આહા..હા..! આ સિદ્ધ કરવું છે. બીજાનું જીવતર તે બીજાને કારણે જીવે એમ બની શકતું નથી. આહા..હા..! '**તેથી 'હું પરને જીવાડું છું અને પર મને જિવાડે છે' એવો અધ્યવસાય...**' એમાં એ તકરાર લીધી છે. આ કહે કે એ રાગ છે બંધનું કારણ છે. તો કહે છે ના, અધ્યવસાય બંધનું કારણ છે. ત્યાં એમ પ્રશ્ન ઉઠાવ્યો એ લોકોએ. અધ્યવસાય આદિનો. પણ એ રાગની એકતાબુદ્ધિ છે એને રાગની એકતાબુદ્ધિને અહીં અધ્યવસાય કીધો છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવું ધર્મ સમજવા માટે ભારે, ભાઈ! આહા..હા..! '**અજ્ઞાન છે.**'

'**ભાવાર્થ :- પૂર્વે મરણના અધ્યવસાય વિષે કહ્યું હતું તે પ્રમાણે અહીં પણ જાણવું.**' ધર્મી જીવ છે એ તો પોતાનો આનંદસ્વભાવ, જ્ઞાનનું ભાન છે. ધર્મી એને કહીએ કે આનંદ સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ આનંદકંદ આત્મા છે એ તો પરની ક્રિયાને પર તરીકે જાણવાનું કામ કરે, 'પરની ક્રિયા હું કરી શકું છું' એ માને નહિ. તેમ તેના પરિણામ જે થાય શુભાશુભ થાય એનો પણ જ્ઞાની-ધર્મી કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એનો પણ એ જ્ઞાતા-દૃષ્ટા છે. કેમકે એનો સ્વભાવ જ જાણવું-દેખવું છે. આહા..હા..! એ બીજાને જીવાડું કે મારું એવો વિકલ્પ આવે પ્રમાદને લઈને, પણ 'બીજાને જીવાડી શકું છું, મારી શકું છું' એ અભિપ્રાય નથી. ફક્ત વિકલ્પ આવે પ્રમાદને લઈને તો જાણે કે એનું આયુષ્ય હતું ત્યાં સુધી જીવ્યો છે, હું તો એક નિમિત્તમાત્ર છું. એનું આયુષ્ય પૂરું થયું માટે મરી ગયો છે, હું નિમિત્તમાત્ર છું. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, ભાઈ! આહા..હા..!

આ વીતરાગના નિયમો, સિદ્ધાંતો. આહા..હા..! એક જ સિદ્ધાંત જો લક્ષમાં રાખે કે દરેક દ્રવ્યની પર્યાય સ્વકાળે તેના ક્રમબદ્ધમાં થાય. તો આ આયુષ્યના પરમાણુમાં આયુષ્યપણે પર્યાય થવાના એના સ્વકાળે એનાથી થઈ છે, આ પરિણામથી પણ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અને એના પરિણામ થયા છે એ પણ એના સ્વકાળે રાગાદિના પરિણામ થયા છે. એમ જાણે તો એ ક્રમબદ્ધમાં એ આવ્યા છે, થયા છે, તો એનો કર્તા થાય નહિ પરનો. પરની ક્રિયાનો કર્તા અને અધ્યવસાય રાગ થયો એનો એ કર્તા ન થાય. સમજાણું કાંઈ? આહા..હા..! જાણનાર-દેખનાર છું. એ જાણનાર-દેખનારપણે રહેવું એનું નામ ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ પૂર્વના મરણના અધ્યવસાય વિષે કહ્યું હતુંને કે નિશ્ચયથી તો કોઈ કોઈને કરી શકતું નથી, પણ

જેનું નિમિત્ત છે તો એનાથી એમ કહેવાય વ્યવહારે કે આનાથી આનું મરણ થયું. એ જીવતરમાં કીધું હતુંને? એમ આ મરણમાં લઈ લેવું.

**'દુઃખ-સુખ કરવાના અધ્યવસાયની પણ આ જ ગતિ છે, એમ હવે કહે છે :-'**

**जो अप्पणा दु मण्णदि दुक्खिदसुहिदे करेमि सत्ते त्ति।**

**सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।।२५३।।**

**જે માનતો—મુજથી દુઃખીસુખી હું કરું પર જીવને,**

**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૩.**

આમાં 'ભગવાને કહ્યું' નથી આવ્યું એટલે ટીકા લઈએ. ઓલામાં તો 'ભગવાનનું કહ્યું' હતુંને.

**'ટીકા :- પર જીવોને હું દુઃખી તથા સુખી કરું છું...'** એમ જે અજ્ઞાની માને. બીજા જીવોને હું પ્રતિકૂળ સંયોગ દઈ શકું છું તેથી તે દુઃખી થાય, બીજા જીવોને અનુકૂળ ખાવા, પીવા, સામગ્રી દઉં એથી સુખી થાય એવી માન્યતા અજ્ઞાનીની છે. આહા..હા..!

**શ્રોતા :-** ગરીબને દાણા દેવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ દે દાણો? દાણા દાણાને કારણે જાય. એ તો કહીએ છીએ અંદર. એના પુણ્યના અંતઃકરણના કારણે એને અનુકૂળ સામગ્રી એના પુણ્યના કારણે મળે છે અને પ્રતિકૂળ સામગ્રી એને એના અંતઃકરણના પાપના કારણે મળે છે. બીજો એને દઈ શકે અને આપી શકે એ વાત ત્રણકાળમાં સાચી નથી. આહા..હા..! વાતે ફેર, ભાઈ!

**શ્રોતા :-** એને મળે તો દેનાર કોક જોઈએને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દેનાર કોણ હોય? દેનાર એ પરમાણુ પોતે દે, અંદર જાય. સંપ્રદાન. પરમાણુમાં પણ સંપ્રદાન નામનો ગુણ છે કે જે પોતે જ જાય અને પોતે જ દે અને પોતે જ લે. આહા..હા..! આકરી વાતું, બાપુ! તત્ત્વદૃષ્ટિ બહુ સૂક્ષ્મ છે. આહા..હા..! એ પરમાણુમાં પણ ષટ્કારક છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રાદાન, અપાદાન, અધિકરણ એવી છ શક્તિઓ છે. એની સમયની પર્યાય જે થાય છે એ ષટ્કારકથી પોતાથી થાય છે. આહા..હા..! પરથી એક પરમાણુ આમ જાય એ ક્રિયા પરથી થાય એમ ત્રણકાળમાં નથી. આહા..હા..!

**શ્રોતા :-** જડને તો ખબર નથી કે ક્યાં જાવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાવાનું શું કામ છે? ખબર હોય તો દ્રવ્ય કહેવાય? ખબર વિનાના તો દ્રવ્ય જડ જગતમાં છે નહિ એમ થાય. એનો સ્વભાવ એવો છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

બે સિદ્ધાંત. યથાર્થ તો એ છે કે જો એ દરેક પરમાણુને દરેક આત્મામાં, પોતાને કારણે તે કાળે તે પરિણામ થવાના તે થાય છે—એવો જો નિર્ણય કરે તો 'પરને હું જીવાડું કે સુખી-દુઃખી કરું' એ ઊડી જાય છે અને એ ક્રમબદ્ધમાં જ્યારે રાગ પણ મને થવાનો ત્યારે થયો અને તે કાળે સ્વભાવનો આશ્રય લઈને જે દર્શન થયું—સમ્યગ્દર્શન, એ ક્રમબદ્ધમાં દર્શન અને સાથે રાગ એ ક્રમબદ્ધમાં થયો, પણ એનો

નિર્ણય જ્ઞાયક ઉપર (દૃષ્ટિ) થતાં તે રાગનો કર્તા ઊડી જાય છે. બે સિદ્ધાંત યથાર્થ નક્કી કરે—ક્રમબદ્ધ અને સ્વના આશ્રયે ધર્મ. ન્યાય સમજાય છે કાંઈ? આ ન્યાયથી વાત છે. આહા..હા..! લોજિક છે, ન્યાય-નિ ધાતુ છે. 'નિ' ધાતુ નામ જેવી વસ્તુની સ્થિતિ છે તેમાં જ્ઞાનને 'નિ' નામ દોરી જવું એનું નામ ન્યાય. સમજાય છે કાંઈ? આહા..હા..! શું કહ્યું? એ આવ્યુંને અહીં ટીકા. હું જીવોને દુઃખી-સુખી કરું છું. એટલે? કે 'પરજીવને હું પ્રતિકૂળતા દઈ શકું છું એથી એ દુઃખી થશે' એ માન્યતા તદ્દન મિથ્યાદૃષ્ટિની છે. કેમકે પ્રતિકૂળ સંયોગ તો એના અભ્યંતર પાપના કારણે પ્રતિકૂળ સંયોગ આવ્યો. એ પણ નિમિત્તનું કથન છે. શું કહ્યું એ? પાપનો એનો ઉદય છે અંતરમાં તેથી પ્રતિકૂળતા આવી. પ્રતિકૂળ ચીજ તો પર છે અને પાપનો ઉદય પર ચીજ છે. દ્રવ્ય બે ભિન્ન છે. પણ અહીંયાં એનો ઉદય હતો અને અને અહીંયાં આવવું હતું પોતાને કારણે. એવા નિમિત્ત-નૈમિત્તિકસંબંધથી એના ઉદયને કારણે પ્રતિકૂળ સંયોગ આવ્યો એમ કહેવામાં આવે છે. ન્યાય સમજે તો સમજાય એવું છે બાપુ આ તો. આહા..હા..! સમજાણું કાંઈ? છે?

'**દુઃખી તથા સુખી કરું છું...**' બીજાને હું આહાર, પાણી, ક્ષુધા, ઔષધ એ દઈ શકું છું. તેથી એ સુખી થાય. નિશ્ચયથી તો એના પુણ્યના ઉદયને કારણે (અનુકૂળતા થઈ), એ પણ નિમિત્ત છે, અનુકૂળ પદાર્થો આવ્યા એ પોતાને કારણે, ઉપાદાનને કારણે આવ્યા છે. ભારે વાતું, બાપુ! આહા..હા..! એકલા ન્યાયથી ભરેલું તત્ત્વ છે. વીતરાગનું તત્ત્વ લોજિક એકલા ન્યાયો, એકલા ન્યાય. નિ-ધાતુ. નિરાવોયમ. આહા..હા..! પણ એને સમજવા માટે ઘણો પુરુષાર્થ જોઈએ, ભાઈ! કહે છે, એના પુણ્યને કારણે, પુણ્ય છે એ પરમાણુ શાતા ઉદયના પર છે એને કારણે પૈસા ને સામગ્રી આહાર, પાણીની મળે એ પણ એક નિમિત્તનૈમિત્તિકસંબંધનું વ્યવહાર કથન છે. કાંતિભાઈ! આહા..હા..! નિશાળમાં ભણ્યા હોય અને અંગ્રેજીમાં ભણ્યા હોય એમાં માથાકૂટ નહિ કરી હોય લ્યો એવી. આહા..હા..! આ તો વીતરાગની નિશાળ છે, વીતરાગની કોલેજ છે. આહા..હા..! શું કહે છે?

**શ્રોતા** :- આ એક જ અધ્યવસાયથી પુણ્ય-પાપનો બંધ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, અધ્યવસાયથી પુણ્ય-પાપનો બંધ થાય.

**શ્રોતા** :- એક જ અધ્યવસાયથી પુણ્ય અને એ જ અધ્યવસાયથી પાપ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પુણ્યની એકતાના અધ્યવસાયથી પુણ્ય બંધાય, પાપના પરિણામની એકતાથી પાપ બંધાય, એમ. બેય બંધનું કારણ છે. પરને જીવાડી શકવાના પરિણામ એ અધ્યવસાય એનાથી પુણ્ય બંધાય એને. અથવા જીવતર કરી શકું એને. સમજાય છે? અને બીજાને મારી શકું એવા જે અધ્યવસાય એનાથી પાપ બંધાય. પણ એ પણ નિમિત્તનૈમિત્તિકસંબંધને કારણે કહ્યું. પાપના પરમાણુ બંધાય એ સ્વતંત્ર છે, પાપના પરિણામ એ સ્વતંત્ર છે. ઝીણી વાતું બહુ, બાપુ!

**શ્રોતા** :- અધ્યવસાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અત્યારે નહિ હવે, રહેવા દ્યો પછી. સમજાણું કાંઈ? સાંભળો બધું નીકળશે એમાંથી. ઝીણી વાતું, બાપુ! અત્યારે ચાલતી નથી માટે કઠણ પડે છે જગતને. આખી ઉંધી વાતું છે

જગતથી. આહા..હા..!

જેને એ અધ્યવસાય છે કે 'બીજાને સુખી કરી શકું છું' એ અધ્યવસાય બંધનું કારણ છે. શુભ હો તો પુણ્યબંધનું કારણ છે, પણ છે તો બંધનું કારણ. અને 'બીજાને દુઃખી કરી શકું છું' એવા પરિણામ જે છે માઠા એનાથી એને પાપબંધન છે, પણ છતાં બીજાને દુઃખી-સુખી કરી શકે છે એમ નહિ. એ તો એના પુણ્ય અને પાપના અંતઃકરણના કારણે એને સંયોગો અનુકૂળ-પ્રતિકૂળ મળે છે. આહા..હા..! ઝીણી વાતું બહુ, બાપુ! આહા..હા..! સમજાણું કાંઈ? આ વાત અત્યારે ચાલતી નથી એટલે લોકોને બહુ કઠણ પડે. ખબર જ નથી તત્ત્વની. શું પરિણામ ને શું બંધન ને શું એને મળે સંયોગ ને. આહા..હા..!

અહીં તો કહે છે જ્ઞાનીને આત્માના ધ્યાનમાં હોય છે ત્યારે તેને આ વિકલ્પ પણ હોતો નથી. આત્મા આનંદનો નાથ પ્રભુ છે એના આશ્રયે ધ્યાનમાં હોય છે ત્યારે તો જ્ઞાનીને આવો વિકલ્પ હોતો નથી. હવે જ્ઞાનીને, બહાર જ્યારે ધ્યાનમાં રહી શકતો નથી ત્યારે વિકલ્પ આવે છે પ્રમાદથી (કે) 'બીજાને સુખી કરું' એવો વિકલ્પ. 'સુખી કરી શકું છું' એ નહિ, પણ વિકલ્પ આવે કે 'હું સુખી કરું' એવો વિકલ્પ આવે. સમજાણું કાંઈ? ત્યારે એ એમ જાણે કે એને જે અનુકૂળ-પ્રતિકૂળ મળ્યું છે એમાં તો હું નિમિત્તમાત્ર છું. એને અનુકૂળ-પ્રતિકૂળ મળ્યું છે તો એને કારણે મળ્યું છે. આહા..હા..! ઝીણી વાતું બહુ, બાપુ! બધું ચાલે છે અત્યારે શું? મોટી ગડબડ દશા ચાલે છે આખી. જૈનતત્ત્વ જે વીતરાગતત્ત્વ છે આખું એ ફેરફાર થઈ ગયો, ઘણો ફેરફાર થઈ ગયો. ઓહો..હો..! સમજાણું કાંઈ?

અજ્ઞાની શુદ્ધ ચૈતન્યતત્ત્વના ભાન વિના, ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ તેની શ્રદ્ધા, જ્ઞાન અને આચરણના ભાન વિના 'બીજાને સુખી, સુખના સાધનો દઈ શકું છું, તેથી સુખી કરી શકું છું' એવો જે અજ્ઞાનીનો અભિપ્રાય એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? અને 'બીજાને દુઃખી કરી શકું છું' એવો પણ અભિપ્રાય તે મિથ્યાત્વ છે. આહા..હા..! જ્ઞાનીને વિકલ્પ આવે. નબળાઈ છે. સ્વરૂપ તો આનંદ છે તેમાં દૃષ્ટિ છે જ્ઞાનીની. ધર્મીની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર હોય છે. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ છે એ સમકિતીની દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોય છે. છતાં એની પર્યાયમાં, ધ્યાનમાં અને અંતરમાં ન હોય ત્યારે એવો પ્રમાદનો વિકલ્પ આવે કે 'હું જીવને સુખી કરું' એવો વિકલ્પ. 'કરી શકું છું' એમ ન માને. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ ફેર, બાપુ! વાતે-વાતે ફેર છે. અને 'બીજાને દુઃખી કરું' એવો વિકલ્પ આવે, પણ 'કરી શકું છું' એમ માને નહિ. આહા..હા..! એ પુણ્ય ને પાપના પરિણામે તેને પુણ્ય-પાપ બંધાય. એમાં પણ ખરેખર તો જે વિકલ્પ આવ્યો છે એનો એ જ્ઞાની તો કર્તા નથી. આહા..હા..! એથી એ વિકલ્પ અને વિકલ્પથી બંધન થયું એ જ્ઞાનીને જ્ઞેય તરીકે છે. આવી વાત છે. આહા..હા..! અને અજ્ઞાની એ પરિણામ પોતાપણે માનીને કરે છે. આહા..હા..! ઝીણું ભાઈ! મારગડા જુદાં, બાપા! આહા..હા..! સત્યના પંથો વીતરાગ ત્રણલોકનો નાથ જિનવરદેવે જે કહ્યું તત્ત્વ અલૌકિક છે. એને અનંતકાળ થયો, અનંતવાર મુનિપણું લીધું, પંચમહાવ્રત પાળ્યા, પણ એણે સમ્યગ્જ્ઞાન-આત્મજ્ઞાન ન કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અહીં કહે છે, બીજા જીવને હું સુખી-દુઃખી કરી શકું છું અને પર જીવો મને સુખી-દુઃખી કરે છે.

આહા..હા..! એટલે? કે ‘બીજા જીવો મને પ્રતિકૂળતા દઈ શકે છે’ એ માન્યતા મિથ્યાત્વ છે. ‘પરજીવો મને અનુકૂળતા દઈ શકે છે, તેથી હું સુખી (રહું છું)’ એ અજ્ઞાનદશા છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિકલ્પ એવો આવે જ્ઞાનીને કે આને આ અનુકૂળમાં નિમિત્ત થયા. સમજાણું? પણ તે એનો કર્તા ન થાય એ. આહા..હા..! આવી વાતું ભાઈ ઝીણી બહુ, બાપુ! આહા..હા..! ન્યાયથી તો વાત છે. વીતરાગનો માર્ગ ન્યાયથી છે. આહા..હા..!

‘‘**પર જીવો મને સુખી-દુઃખી કરે છે’ એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે.**’ નિશ્ચયથી તે અજ્ઞાન છે, મિથ્યાત્વભાવ છે. આહા..હા..! ભારે વાતું, બાપુ! બીજાને આહાર-પાણી દઈ શકું, ઔષધ દઈ શકું. એ તો પરપદાર્થ છે. એને આત્મા દઈ શકે (તો શું) એ જડનો સ્વામી છે? આહા..હા..!

**શ્રોતા :-** ગરીબના આંસુ લુછવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કોણ લુછે ગરીબના આંસુ? પરદ્રવ્યને કોણ કરે અને કોણ આપે, બાપા! એ બહુ ઝીણી વાત, ભાઈ! એક પરમાણુ પણ તેને કાળે તે પર્યાયથી પરિણમે એને બીજો પરિણમાવે (એમ છે નહિ). આહા..હા..! આ શરીર છે. આમ હાથમાં રોટલો લીધો હોય, એમ આ શરીરની પર્યાય થાય છે એ શરીર પરમાણુને કારણે, આત્મા આમ કરી શકતો નથી. રોટલો પકડાય છે એ આંગળાથી પકડાયો નથી. રોટલાની પર્યાયનું કર્તાપણું, કર્મપણું એની પર્યાયમાં છે, એ આંગળીએ એનું કર્તાપણું કર્મ કર્યું છે પકડવાનું એ છે નહિ. ઝીણી વાતું, બાપા!

**શ્રોતા :—** દેખાતું તો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દેખાય છે શું? દેખાય તો પર આ થાય છે એમ દેખાય છે. આ આમ થાય છે. રોટલો અંદર પકડાય છે એ રોટલો પકડાતો નથી, રોટલો રોટલાની પર્યાયમાં છે, આંગળી આંગળીની પર્યાયમાં છે. આહા..હા..! તત્ત્વનો વિષય ઝીણો બહુ, બાપુ! આહા..હા..! અજ્ઞાનીને તો આ બેસવું કઠણ બહુ પડે. જ્યાં હોય ત્યાં કર્મથી થાય... કર્મથી થાય... કર્મથી થાય એમ માંડી છેને? પરદ્રવ્યથી થાય. આહા..હા..!

અહીં કહે છે ‘**તે અધ્યવસાય જેને છે તે જીવ અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે; અને જેને તે અધ્યવસાય નથી...**’ જુઓ, જ્ઞાનીને એ અધ્યવસાય નથી સમકિતીને. જેની દૃષ્ટિ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એવી દૃષ્ટિ જેને અનુભવમાં થઈ છે એને આ અધ્યવસાય હોતો નથી કે ‘બીજાને સુખી કરું, દુઃખી કરું’ એવો અધ્યવસાય હોતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વિકલ્પ આવે, પણ એ એકતાબુદ્ધિનો નથી. પરને કરી શકું એવી એકતાબુદ્ધિનો નથી, ત્યારે વિકલ્પ આવે એની એકતાબુદ્ધિ નથી એની સાથે. આહા..હા..! આવો માર્ગ. અનંત તત્ત્વો ભિન્ન-ભિન્ન છે, તે તત્ત્વને બીજું તત્ત્વ શું કરે? બીજું કરે તો એનું કરવું ક્યાં ગયું પાછું? સમજાણું કાંઈ? ઝીણું તો છે, બાપા! આ અધિકાર ઝીણો છે. બંધ અધિકાર બહુ ઝીણો છે. આહા..હા..! જગતમાં તો બાહ્યથી આમ બીજાને સુખી કરીએ, દુઃખી કરીએ, આમ કરી દઈએ. આહા..હા..! એ નિમિત્ત નૈમિત્તિક સંબંધથી એમ બોલાય ભલે, પણ એમ થઈ શકતું નથી. આહા..હા..!

**'તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને લીધે...'** જુઓ, 'બીજાને હું સુખી-દુઃખી કરી શકું' એવો અધ્યવસાય જ્ઞાનીને નથી, ધર્મીને એ હોતો નથી.. આહા..હા..! અધર્મી-અજ્ઞાનીને એ અધ્યવસાય હોય છે. આહા..હા..! આવી વાત છે. ધર્મ કોઈ અલૌકિક ચીજ છે. પરની દયા પાળી માટે ધર્મ થઈ ગયો, પરને સુખી કરીએ, સાધન આપીને ધર્મ થઈ ગયો. મૂઢ છે. ધર્મ ક્યાં હતો ત્યાં? આહા..હા..! ધર્મ તો 'ભગવાન આત્મા પરપદાર્થને-પરજીવોને સુખી-દુઃખી કરી શકતો નથી, તેમ તેને અનુકૂળ-પ્રતિકૂળ સાધનો હું દઈ શકતો નથી' એવું જે જ્ઞાતા-દૃષ્ટાપણે જ્ઞાન ને દર્શન કરે એને ધર્મ થાય. આહા..હા..! વાતે-વાતે ફેર છે. ઓલું આવે છેને? 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો નહિ મળે અને એક ત્રાંબિયાના તેર.' એક પૈસાના તેર અને એક લાખે નહિ મળે. એમ ભગવાન કહે છે, તારે ને મારે વાતમાં ફેર છે બહુ, વાતે-વાતે ફેર છે. આહા..હા..! તારી માન્યતમાં જે લાકડા ગરી ગયા છે ઊંધા, એને મારા ભાવને અને બેને બધો ફેર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને લીધે...'** આહા..હા..! આ તો એક પ્રકાર છે, પણ જે જ્ઞાની છે, ધર્મી છે એની દૃષ્ટિ ચૈતન્યતત્ત્વ ઉપર હોય છે. જ્ઞાયકભાવ ભગવાન આત્મા એકલો જ્ઞાનરસકંદ, જેના ધ્યેયમાં રાગ પણ નથી અને જેના ધ્યેયમાં પર્યાય પણ નથી. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિના ધ્યેયમાં તો એકલો ભગવાન આત્મા છે ધ્રુવ. આહા..હા..! એવો જે જ્ઞાની એને 'હું પરને સુખી-દુઃખી કરી શકું છું' એવો અધ્યવસાય હોતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

પરમાણુઓમાં પણ તે કાળે તેની જે સમય જન્મક્ષણ છે, જન્મક્ષણનો અર્થ ઉત્પત્તિનો કાળ, એ પ્રવચનસાર ૧૦૨ ગાથા. જ્ઞેયનું સ્વરૂપ. જ્ઞેયનું સ્વરૂપ એટલે સમકિતનું સ્વરૂપ. બીજો અધિકાર છે પ્રવચનસાર. ત્યાં એમ લીધું છે કે જ્ઞેયો જેટલા જગતમાં છે, જીવ જડાદિ છએ દ્રવ્યો, તેને તે સમયની જે પર્યાય ઉત્પન્ન થવાનો એનો કાળ છે તેથી તે થાય છે, પરને લઈને નહિ. આહા..હા..! પૂર્વની પર્યાયને લઈને નહિ, દ્રવ્ય-ગુણને લઈને નહિ. આહા..હા..! દરેક જ્ઞેયની જગતના જ્ઞેયો, આત્મા અને છ દ્રવ્ય છે. ભગવાને છ દ્રવ્ય જોયા છેને. જાતિએ છ, સંખ્યાએ અનંત. એ અનંત દ્રવ્યનો જે સમયે જે પર્યાય થવાનો તે તેનો ઉત્પત્તિ કાળ છે. એને બીજો કઈ ઊપજાવે.. આહા..હા..! એ આહારના રજકણોને આમ જવાનો ઉત્પત્તિ કાળ છે તેથી આમ જાય છે. એને બીજો કહે કે 'હું આને આહાર-પાણી આપી શકું છું' એ મિથ્યા અભિપ્રાય જૂઠો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા ઝીણી પડે બહુ. શું થાય? વસ્તુનું સ્વરૂપ જ એવું છે ત્યાં. લોકોને મળ્યું નથી એટલે બિચારાને એવું લાગે કે એકાંત છે આ, એકાંત છે. એકાંત છે, સમ્યક્ એકાંત છે, ભાઈ! આહા..હા..!

**'ભાવાર્થ :- હું પર જીવોને સુખી-દુઃખી કરું છું અને પર જીવો મને સુખી-દુઃખી કરે છે' એમ માનવું તે અજ્ઞાન છે.'** મિથ્યાત્વ છે, મહાસંસારના કારણરૂપ મિથ્યાત્વભાવ છે, રખડવાના ભાવ છે. આહા..હા..! પંચાસ્તિકાયમાં તો એમ કહ્યું છે, પ્રાણી ક્ષુધા ને ભૂખ્યો દેખે જ્ઞાની તો એ ભવારણમાં રખડે છે એની એને દયા આવે છે અને એનો ઉપચાર કરવા માટે એ ઉતાવળો થતો નથી. કેમકે એ બહારની ક્રિયા કાંઈ મારા અધિકારની નથી. અજ્ઞાની એકદમ તત્પર થઈ જાય, જાણે આમ કરી

દઉં.. આમ કરી દઉં... આમ કરી દઉં. આહા..હા..! સમજાણું કાંઈ? 'પરદ્રવ્યની ક્રિયા હું કરું' એમ અજ્ઞાનીને ઉતાવળ મિથ્યાત્વની થઈ જાય છે. જ્ઞાનીને એમ થતું નથી. એ જાણે છે, અરેરે..! ભવારણમાં ભટકતો પ્રાણી ચોર્યાસીમાં દુઃખી છે, એમ એને દયા આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ઓલા ત્રણ બોલ લીધા નથી પ્રવચનસારમાં? અજ્ઞાન. 'પરજીવની દયા હું કરી શકું છું' એ મિથ્યાત્વભાવ છે. તિર્યંચ અને મનુષ્ય એની દયા હોં એમ. એની દયા. પરની દયા કોણ કરે? આહા..હા..! એવી માન્યતા તે મિથ્યાત્વની છે. આહા..હા..! '**જેને એ અજ્ઞાન છે તે મિથ્યાદૃષ્ટિ છે; જેને એ અજ્ઞાન નથી તે જ્ઞાની છે-સમ્યગ્દૃષ્ટિ છે.**' આહા..હા..!

'**હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે?—તેનો ઉત્તર કહે છે :-**'

**कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे।**
**कम्मं च ण देसि तुमं दुक्खिदसुहिदा कह कया ते।।२५४।।**
**कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे।**
**कम्म च ण दिंति तुहं कदोसि कहं दुक्खिदो तेहिं।।२५५।।**
**कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे।**
**कम्मं च ण दिंति तुहं कह तं सुहिदो कदो तेहिं।।२५६।।**

**જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી થતા,**
**તું કર્મ તો દેતો નથી, તેં કેમ દુખિત-સુખી કર્યા? ૨૫૪.**
**જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,**
**તે કર્મ તુજ દેતા નથી, તો દુખિત કેમ કર્યો તને? ૨૫૫.**
**જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,**
**તે કર્મ તુજ દેતા નથી, તો સુખિત કેમ કર્યો તને? ૨૫૬.**

'ટીકા :- **પ્રથમ તો, જીવોનો સુખ-દુઃખ ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે,...**' જુઓ આવ્યું પાછું આ હવે. ઓલું આયુષ્ય અને મરણનું હતું. જીવને ખરેખર, છે? એના કર્મના ઉદયે, બીજો કરી શકતો નથી એટલું બતાવવા એના કર્મના ઉદયથી એને થાય છે. સમજાણું કાંઈ? શાતાવેદનીયને લઈને પૈસા મળે કે આહાર અનુકૂળ મળે એ નિમિત્તના કથન છે. એ પૈસા અને આહાર આદિ મળવો એના પર્યાયનો કાળ છે તો એ અહીં આવે છે આમ. શાતાવેદનીયનું કર્મ તો એને નિમિત્ત છે. આહા..હા..! આવી વાતું છે. સમજાણું કાંઈ? તેથી અહીંયાં વ્યવહારથી.. બીજો એને કરી શકતો નથી એટલું સિદ્ધ કરવા કર્મથી એને સુખ-દુઃખ થાય છે એમ બતાવ્યું છે. કર્મ તો જડ છે. એનાથી સુખ-દુઃખ થાય? આહા..હા..! પોતાને સુખ-દુઃખ ખરેખર પોતાના કર્મના ઉદયથી (થાય છે). અહીં સુખ-દુઃખની વ્યાખ્યા પ્રતિકૂળ-અનુકૂળ સંયોગ. સંયોગની વાત છે. આહા..હા..! અનુકૂળ સંયોગ એ અંતરંગ પુણ્યના કારણે છે, એ પણ નિમિત્તનું કથન છે. એ ચીજ કાંઈ કર્મનો ઉદય છે માટે અહીં આવે

છે, એને આહાર-પાણી આદિ, એ કાંઈ પરમાણુ પર છે એનો આ ઉદય કાંઈ ધણી નથી કે લાવે. પણ એના આવવા કાળના ઉપાદાનના કાળમાં નિમિત્ત કર્મ કોણ હતું એ બતાવવા એનાથી આવ્યું એમ કહેવામાં આવે છે. જયસુખભાઈ! આવી વાતું છે. જૈનની વાતું અલૌકિક છે. એમાં દિગંબર સંતો આહા..હા..! ગજબ કામ કર્યા છે! એક એક બોલમાં પીંખીને વીંખી નાખ્યું છે તત્ત્વને જુદું-જુદું. આહા..હા..! કોઈની સાથે કાંઈ સંબંધ નથી.

અહીંયાં કહે છે '**જીવોને સુખ-દુઃખ ખરેખર...**' જોયું! વળી ખરેખર. બીજો નથી કરી શકતો એ અપેક્ષાએ ખરેખર. '**પોતાના કર્મના ઉદયથી જ થાય છે,...**' આહા..હા..! એ અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ તો એના ઉપાદાનને કારણે આવે છે. એને પૂર્વનું કર્મ નિમિત્ત છે. અનુકૂળતામાં પુણ્યનું નિમિત્ત છે, પ્રતિકૂળતામાં પાપનું. બસ આટલી વાત છે. એથી એનાથી એને સુખ-દુઃખના સાધનો મળ્યા એમ કહેવામાં આવે છે. આહા..હા..! '**કારણ કે પોતાના કર્મના ઉદયના અભાવમાં...**' એને જો કર્મનો ઉદયનો અભાવ હોય તો '**સુખ-દુઃખ થવાં અશક્ય છે;...**' એને અનુકૂળ-પ્રતિકૂળ મળવું તે શક્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**વળી પોતાનું કર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી,...**' આ તો કર્મનો સંબંધ ઓલા બીજો નથી એટલું બતાવવું છે. નહિતર કર્મ ક્યાં આત્માનું છે? કર્મ તો જડ છે. પણ એનાથી પરિણામથી ઊપજાયેલું કર્મ માટે એનું છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! બહુ વાતું ફેર. '**કારણ કે પોતાના કર્મના ઉદયમાં અભાવમાં સુખ-દુઃખ થવાં અશક્ય છે; વળી પોતાનું કર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી,...**' બીજાને પોતાનું કર્મ આપે એને કે એ સુખ-દુઃખ કરે? આહા..હા..! એના જ કર્મના ઉદયથી એને અનુકૂળ-પ્રતિકૂળ મળે છે.

'**કારણ કે તે (પોતાનું કર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે;...** ' એ સુખ-દુઃખના પરમાણુ જે બંધાણા એ એના પરિણામથી થયા છે. એ પરિણામથી થયાનો અર્થ? એ પણ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. કર્મના રજકણો કર્મપણે થયા તે તેના સ્વકાળને લઈને નિજક્ષણ છે માટે થયા છે અને આ પરિણામ પણ એનો નિજક્ષણ છે માટે થયા છે. એમાં નિમિત્ત છે (એટલે) એનાથી ઉપાર્જિત એમ કહેવામાં આવે છે. આહા..હા..! કેટલી વાતું કરવી આમાં. આહા..હા..! '**(પોતાનું કર્મ) પોતાના પરિણામથી જ...**' બીજાના પરિણામ નથી, તારા પરિણામ છે એથી એ કર્મ શાતા-અશાતા બંધાણું. શાતા-અશાતા. ખરેખર તો શાતા-અશાતાના પર્યાયનો કાળ એને છે, તેથી તે શાતા-અશાતાપણે પરમાણુ પરિણમે છે, પણ એના આ પરિણામ નિમિત્ત હતા, એના બીજા પરિણામ નથી બીજાના એમ બતાવવા એના પરિણામથી ઉપર્જ્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવો માર્ગ છે, બાપા! શું થાય? અત્યારે તો બધો ગોટો ઉઠ્યો છે બહુ. બધી ખબર છેને બધાની. આહા..હા..! કર્મથી આમ થાય.. કર્મથી આમ થાય.. જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને રોકે. આ શાસ્ત્રમાં લખ્યું જ્ઞાનાવરણીય.. બાપુ! એ તો નિમિત્તનું કથન છે. જડ ચૈતન્યને રોકે? આહા..હા..! એકબીજા વચ્ચે તો અત્યંત-અભાવ છે.

**શ્રોતા :-** એમાં રોકવાની શક્તિ છે એવું શાસ્ત્રમાં આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આવે છે એ તો નિમિત્તનું કથન છે. પરમાણુની પર્યાયમાં કર્મની ઉત્કૃષ્ટતાથી તે રૂપે પરિણમેલા છે એટલું બતાવ્યું છે. એક જીવની પર્યાય અને કર્મની પર્યાય વચ્ચે તો અત્યંત-અભાવ છે. હવે અભાવ છે એ કરે શું પરને? આહા..હા..! સમજાણું કાંઈ? પોતે જ પોતાના ભાવપણે, હીણાપણે પરિણમે છે તે તેનો પોતે જ ઘાત કરે છે, ત્યારે ઓલા કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! શું થાય? એક તત્ત્વને બીજા તત્ત્વની સાથે ભેળવી નાખે. એ ભળે નહિ, એની માન્યતા થાય ઊંધી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પોતાના પરિણામથી ઉપાર્જિત થાય છે; માટે કોઈ પણ રીતે...**' નિશ્ચયથી કે વ્યવહારથી. '**બીજો બીજાને સુખ-દુઃખ કરી શકે નહિ.**' આહા..હા..! એવી તો ટીકા સંતોની છે. સત્ય તો આ છે. '**કોઈપણ રીતે બીજો બીજાને સુખ-દુઃખ કરી શકે નહિ.**' આહા..હા..! '**તેથી 'હું પરજીવોને સુખી-દુઃખી કરું છું અને પર જીવો મને સુખી-દુઃખી કરે છે', એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે.**' મિથ્યાત્વ છે. મિથ્યાદષ્ટિને તેવો અધ્યવસાય માન્યતામાં હોય છે. આહા..હા..! અને એ મિથ્યાત્વ તે અનંત સંસારનું કારણ છે.

'**ભાવાર્થ :- જીવનો જેવો...**' ટીકામાં છે બીજા શબ્દો. ઓલામાં જયસેનાચાર્યમાં છેને કાયા. કાયાથી હું બીજાને સુખ-દુઃખ કરી શકું, વાણીથી કરી શકું, મનથી કરી શકું અને શસ્ત્રથી. ચાર બોલ લીધા છે, ભાઈ! જયસેનાચાર્યમાં ટીકામાં છે. કાયાથી બીજાને કરી શકું સુખ-દુઃખ એ પણ મિથ્યાત્વભાવ છે, વાણીથી સુખ-દુઃખ આપી શકું એ મિથ્યાત્વ, મનથી આપી શકું એ મિથ્યાત્વભાવ અને શસ્ત્રથી હું કાપી શકું બીજાને એ પણ મિથ્યાત્વભાવ. છેને જયસેનાચાર્યમાં, જયસેનાચાર્યમાં છેને. એ ૨૬૭ છે. ૨૬૭ છેને? એના પછી છે. ૨. ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪.

**कायेण दुक्खवेमिय सत्ते एवं तु जं मदिं कुणसि।**
**सव्वावि एस मिच्छा दुहिदा कम्मेण जदि सत्ता।।**

આહા..હા..! 'હું કાયા વડે બીજાને દુઃખ આપી શકું છું' એવું જે માનવું એ મિથ્યા છે. '**दुहिदा कम्मेण**' એના કર્મને લઈને દુઃખી છે એને 'હું દુઃખી કરું છું' એમ મિથ્યાત્વભાવ છે. એમ વાચાએ. '**वाचाए दुक्खवेमिय**' હું વાણીથી બીજાને દુઃખ ઊપજાવી શકું છું જીવોને. '**एवं तु जं मदिं कुणसि। सव्वावि एस मिच्छा**' આહા..હા..! એમ '**मणसाए दुक्खवेमिय**' મન વડે હું બીજાને દુઃખ ઊપજાવું... આહા..હા..! એ જ મતિ મિથ્યાત્વ છે. એ તો એના કર્મને (લઈને દુઃખી થાય છે). '**सच्छेण दुक्खवेमिय**' હું શસ્ત્ર કરીને એને કાપુ, એને મારું. પણ શસ્ત્ર જ તારાથી ચાલે નહિ. શસ્ત્રને અડતો નથી. દરેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયને ચુંબે છે, અડે છે. ત્રીજી ગાથા સમયસાર. દરેક પદાર્થ પોતાના ધર્મ ગુણ-પર્યાયને ચુંબે છે, અડે છે. પરને તો છુતો નથી. આહા..હા..! એકબીજા પદાર્થમાં એકબીજાને અત્યંત-અભાવ છે, અભાવ છે ત્યાં સ્પર્શનો ભાવ ક્યાંથી આવે? આવી વાતું, બાપુ! આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

કર્મનો ઉદય જડ છે, આત્માની પર્યાય ચૈતન્ય છે. એકબીજામાં તો અભાવ છે, અત્યંત- અભાવ

છે. આહા..હા..! વિકાર પોતાથી થાય છે ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે છે. વિકાર કર્મને લઈને વિકાર થાય છે, બિલકુલ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! એને દ્રવ્યના સ્વતંત્ર પર્યાયની ખબર નથી. એમાં એ શસ્ત્ર છેને? પછી બધું લીધું છે એક સાથે. ચોથી ગાથા.

कायेण च वाचा वा मणेण सुहिदे करेमि सत्ते ति।
एवं पि हवदि मिच्छा सुहिदा कम्मेण जदि सत्ता।।

એના કર્મને લઈને સુખના સંયોગ એને આવે છે, છતાં 'હું એને આપું છું' (એ) મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! આવ્યુંને? ભાવાર્થને?

**'જીવનો જેવો આશય હોય તે આશય પ્રમાણે જગતમાં...'** કરી શકાતું ન હોય. આહા..હા..! જીવનો જેવો આશય-અભિપ્રાય હોય તે અભિપ્રાય પ્રમાણે જગતમાં **'કાર્યો બનતાં ન હોય તો તે આશય અજ્ઞાન છે.'** આહા..હા..! 'બીજાને હું જીવાડું, મારું, સુખી-દુઃખી કરું' એવો જેનો અભિપ્રાય એ બીજાને કરી શકતો નથી. એ મિથ્યા અભિપ્રાય, મિથ્યાશ્રદ્ધા છે. આહા..હા..! **'માટે, સર્વ જીવો પોતપોતાના કર્મના ઉદયથી સુખી-દુઃખી થાય છે...'** કર્મના નિમિત્તે તેના સુખ-દુઃખ થાય છે, સંયોગો આવે છે. **'ત્યાં એમ માનવું કે 'હું પરને સુખી-દુઃખી કરું છું...'** આહા..હા..! **'અને પર મને સુખી-દુઃખી કરે છે', તે અજ્ઞાન છે.'** આહા..હા..! આચાર્યે તો સ્પષ્ટ કરી નાખ્યું છે. દુનિયાની, સમાજની દરકાર રાખી નથી (કે) સમાજ સમતોલ રહેશે કે નહિ? માર્ગ આ છે, ભાઈ! આહા..હા..! **'નિમિત્તનૈમિત્તિકભાવના આશ્રયે (કોઈને કોઈનાં) સુખ-દુઃખનો કરનાર કહેવો તે વ્યવહાર છે;...'** એ વ્યવહારથી કહેવામાં આવે પણ વસ્તુ એમ છે નહિ. આહા..હા..! **'તે નિશ્ચયની દૃષ્ટિમાં ગૌણ છે.'** એ બોલ વ્યવહાર કહેવો એ નિશ્ચયમાં ગૌણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'

(वसन्ततिलका)

सर्वं सदैव नियतं भवति स्वकीय-
कर्मोदयान्मरणजीवितदुःखसौख्यम्।
अज्ञानमेतदिह यत्तु परः परस्य
कुर्यात्पुमान्मरणजीवितदुःखसौख्यम्।।१६८।।

**'આ જગતમાં જીવોને મરણ, જીવિત, દુઃખ, સુખ -'** બીજાની હિંસા કરવી, મારી નાખવું, પ્રાણોને હણવા, બીજાના પ્રાણને રાખવા, બીજાને પ્રતિકૂળતા દેવી, બીજાને અનુકૂળતા દેવી, **'सर्वं सदैव नियतं स्वकीय-कर्मोदयात् भवति '** **'બધુંય સદૈવ નિયમથી (-ચોક્કસ) પોતાના કર્મના ઉદયથી થાય છે;...'** એ બધો સંયોગ એનાથી થાય છે એમ કહે છે. **'परः पुमान् परस्य मरण-जीवित-दुःख-सौख्यम् कुर्यात् '** **''બીજો પુરુષ બીજાનાં મરણ, જીવન, દુઃખ, સુખ કરે છે' આમ જે માનવું તે તો અજ્ઞાન છે.'** આહા..હા..! સમજાણું કાંઈ? મોટો ગોટો છે આ. આહા..હા..!

એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈક કરે. આહા..હા..! ઈશ્વરકર્તા માને અને આ એક દ્રવ્ય બીજાને કરે (એમ માને) એ બેય સરખા છે. સમજાણું કાંઈ? જેમ જગતનો કર્તા ઈશ્વર છે એમ માને એ જેમ જૂઠું છે, એમ એક તત્ત્વ બીજાનું કાંઈ કરે એ ઈશ્વરની કર્તાપણાની વાત છે. એ બેય સરખા મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બીજાનું જીવતર, બીજો બીજા પુરુષનું મરણ-જીવન... આહા..હા..! સુખ-દુઃખ કરવું એવું માનવું તે અજ્ઞાન છે. વિશેષ કળશ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**મહા વદ-૬, ગુરુવાર, તા. ૧૦-૦૨-૧૯૭૭,**
**ગાથા-૨૫૭ થી ૨૫૮, કળશ-૧૬૯, પ્રવચન નં. ૩૧૬**

સમયસાર, ૧૬૯ કળશ છે.

(वसन्ततिलका)

अज्ञानमेतदधिगम्य परात्परस्य
पश्यन्ति ये मरणजीवितदुःखसौख्यम्।
कर्माण्यहंकृतिरसेन चिकीर्षवस्ते
मिथ्यादृशो नियतमात्महनो भवन्ति।।१६९।।

'શ્લોકાર્થ :- **एतत् अज्ञानम् अधिगम्य**' '**આ (પૂર્વે કહેલી માન્યતારૂપ) અજ્ઞાનને પામીને...**' એનો ખુલાસો કર્યો હતો પહેલો. હવે કરશે. જે કોઈ અજ્ઞાનને પામીને '**ये परात् परस्य मरण-जीवित-दुःख-सौख्यम् पश्यन्ति**' '**જે પુરુષો પરથી પરનાં મરણ,...**' પરના પ્રાણની રક્ષા, અનિષ્ટ સંયોગ અને ઇષ્ટ સંયોગ દેખે છે. સમજાણું કાંઈ? 'દેખે છે' એનો અર્થ જે કોઈ એમ માને છે. આહા..! પરના પ્રાણને હું હરી શકું છું. દસ પ્રાણ છેને પાંચ ઇન્દ્રિય આદિ મન, વચન, કાયા ને.. એને હરણ કરું છું, એના પ્રાણની રક્ષા કરી શકું છું, એને અનિષ્ટ સંયોગ દઈ શકું છું, ઇષ્ટ સંયોગ તેને આપી શકું છું. આહા..હા..! સમજાણું કાંઈ? એવું જે દેખે છે એટલે માને છે. '**ते પુરુષો** –' '**अहंकृतिरसेन कर्माणि चिकीर्षवः**' '**કે જેઓ એ રીતે અહંકાર-રસથી કર્મો કરવાના ઇચ્છક છે...**' એમાંથી બીજાઓ શું અર્થ કરે છે આનો? બીજાના કામ કરું છું એનો અહંકાર કરવો ન જોઈએ. અહંકાર કરવો એનો નિષેધ છે. પરનું કરી શકતો નથી એમ નહિ. પરને જીવાડી શકે છે, મારી શકે છે, સુખ-દુઃખ (આપી શકે છે), પણ એનો અહંકાર એણે ન કરવો; એમ નથી. સમજાણું કાંઈ? અહીં તો ખુલાસો એ કર્યો છે જુઓને.

'**એ રીતે અહંકાર-રસથી કર્મો કરવાના ઇચ્છક છે...**' મેં આ કર્યું, બીજાને સુખી કર્યો, દુઃખી

કર્યો, પ્રાણ હર્યા, પ્રાણ રાખ્યા, એવી જે એની ભાવના અને ઇચ્છા છે એ ક્રિયા 'કરવાનો ઇચ્છક છે.' આ શબ્દ છે. એનો અર્થ કર્યો કૌંસમાં. જયચંદ્ર પંડિતે કર્યો છે, આ સીધો અર્થ કર્યો છે જયચંદ્ર પંડિતે. કારણ કે કોઈ એવો અર્થ કરી નાખે, અહંકાર રસ—અહંકાર પરને જીવાડું, મારવાનો અહંકાર ન કરવો, પણ જીવાડી-મારી શકે છે; એમ નથી. સમજાણું કાંઈ? આ મૂળ શાસ્ત્રોના અર્થ કરવામાં જ આખો ફેર દૃષ્ટિ ફેરે. એમાં એ લખ્યું છે, અહંકાર ન કરવો. જીવાડવું, બચાવવું, મારવું એ કરી શકે છે. અહીં કહે છે કે એ કર્મ જ, ક્રિયા જ હું કરી શકતો નથી. સમજાણું કાંઈ? 'એ ક્રિયા કરી શકું છું' એનો જે અહંકાર. હું કરું છું એ. સમજાણું કાંઈ? બીજા જીવને મેં બચાવ્યા, ઘણા જીવોને મેં અનુકૂળ સાધન આહારના, પાણીના આપ્યા, ઘણાંને મેં પ્રતિકૂળ સંયોગ દીધા એટલે દુઃખી થયો. એ પ્રતિકૂળ-અનુકૂળ સંયોગ આત્મા દઈ શકતો જ નથી. આહા..હા..! બીજાને આહાર-પાણી દે તો એ આહાર-પાણી આત્મા દઈ શકતો નથી. આહા..હા..! કારણ કે એ આહાર-પાણી તો પુદ્ગલ પરમાણુ ચીજ છે એને આત્મા દઈ શકે બીજાને એવું છે નહિ. એના પુણ્યના ઉદયને લઈને એ સંયોગ એને આવે—આહાર-પાણી અનુકૂળતા. એના પાપના ઉદયને લઈને એને રોગ આદિ પ્રતિકૂળતા આવે; અને એના પ્રાણના રક્ષણ એનું આયુષ્ય હોય, તો એના પ્રાણનું રક્ષણ એના આયુષ્યથી થાય, પણ બીજો કહે કે હું આનું પ્રાણ રક્ષણ કરી શકું... આહા..હા..! એ મિથ્યાત્વભાવ છે. ઝીણી વાત છે, બાપુ! લોકોને એવું લાગે, બીજાને સગવડતા દઈએને એટલે અમે કાંઈક સુખી કરી શકીએ છીએ. અગવડતા દઈ શકીએ, પ્રતિકૂળતા દઈ શકીએ છીએ. ભાઈ!

**શ્રોતા :-** મહેમાન ઘરે આવે તો સગવડ દેવી કે ન દેવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ દઈ શકે છે? એ વખતે જવાના પુદ્ગલ એની પાસે હોય એ જશે. એના પુણ્યના ઉદયને લઈને જશે... આહા..હા..! એ પણ નિમિત્તનું કથન છે. પુણ્યનો ઉદય છે એ પર જડ છે અને આહાર-પાણી એને મળે છે એ પરવસ્તુ છે. એટલે ઓલા કર્મને લઈને આ પરવસ્તુ ત્યાં આવે એ તો નિમિત્તના કથન છે. ઝીણી વાત બહુ ભાઈ! આહા..હા..! વીતરાગનો માર્ગ..

**શ્રોતા :-** અમલમાં મૂકી શકાય એવું કાંઈક સ,મજાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ અમલમાં મૂકી શકાય કે કરી શકતો નથી એ અમલમાં મૂકવાનું. 'પરને જીવાડવાનું, મારી શકવાનું આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી' એ અમલમાં મૂકવાનું છે. 'કરી શકું' એવું અમલમાં મૂકવાનું છે નહિ અંદર. પોપટભાઈ! આહા..હા..! આવી વાત છે. જિનેશ્વરદેવ પરમેશ્વર ત્રિલોકનાથ એની આજ્ઞામાં તો આ આવ્યું છે. બીજાના પ્રાણની રક્ષા હું કરી શકું, આંખ ફોડવા ન દઉં, આંખ ફોડું, એને દવા આપું તો એને અનુકૂળ થાય, ઝેર આપું તો એ મરી જાય, એ બધી ક્રિયા આત્મા કરી શકતો નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ઝેરથી માણસ મરી જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઝેર દઉં એમ ભાવ થાય એ મિથ્યાત્વભાવ. એ મરે ન મરે એ તો આયુષ્ય હોય તો ન મરે, ન આયુષ્ય હોય તો મરી જાય. એ તો કાંઈ ઝેરથી કાંઈ મરતો નથી. અને આયુષ્ય હોય

તો જીવે એ પણ વ્યવહારની વાતું છે. એના આત્માને શરીરમાં રહેવાની એટલી યોગ્યતા હોય ત્યાં સુધી રહે, ત્યાં સુધી આયુષ્ય હોય એમ કહેવામાં આવે છે. અને એને રહેવાની શરીરમાં યોગ્યતા નથી ત્યારે છૂટે છે ત્યારે આયુષ્ય પૂરું થયું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'अहंकृतिरसेन'** અહીં તો **'कर्माणि चिकीर्षवः'** એમ શબ્દ છે. એ કાર્ય હું કરું છું એવો અહંકાર. કાર્ય કરી શકે છે પણ અહંકાર કરવો નહિ, એમ નહિ. સમજાણું કાંઈ? **'अहंकृतिरसेन' 'અહંકાર-રસથી કર્મો કરવાના ઈચ્છક છે...'** એમ કહે છે. એ 'હું કરી શકું છું' એવું જે અભિમાન—મિથ્યાત્વ એના જે ઈચ્છક છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! જગતથી જુદી જાત છે, ભાઈ! સમજાણું કાંઈ? એનો ખુલાસો કરવો પડ્યો, જુઓ, **''હું આ કર્મોને કરું છું' એવા અહંકારરૂપી...'** જયચંદ્ર પંડિતમાં જોયું મેં ભાઈ હોં! કીધું, આ શબ્દ કૌંસમાં છે એ એમાં નાખ્યો છે કે નહિ? એણે નાખ્યો છે. ખુલ્લો. જયચંદ્ર પંડિતે પહેલાં. આપણે હિન્દી-હિન્દી. કારણ કે મૂળ આ શબ્દ છેને. **'अहंकृतिरसेन कर्माणि चिकीर्षवः' 'चिकीर्षवः'** એટલે ઈચ્છા. 'હું કરું છું' એવા રસના કાર્યની જેને ઈચ્છા (થાય છે) એ મિથ્યાદૃષ્ટિ જીવ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ઘરના ૨૦ માણસ હોય તો એક જણો રળતો હોય અને એ પોષે બધાને. નહિ? સ્ત્રી હોય એ બરાબર દાળ, ભાત, શાક, રોટલી બરાબર સારી કરીને ટાણે-ટાણે આપે. દસ વાગે નોકરીથી આવ્યો હોય અને દસ વાગ્યા હોય તે વખતે ઊની ઊની આપે. કહે છે કે હરામ કરીને દે તો કાંઈ. એમ કહે છે અહીં તો. એય..! આવું છે. એક માણસ કહેતો એના બૈરાને કે લોટ બાંધી રાખજે. હું આવું ત્યારે રોટલી કરજે. અમે તો ઘણું સાંભળ્યું હોયને જગતનું. બાંધી રાખવો. હું આવું ત્યારે કરજે, ત્યાં સુધી કરીશ નહિ. અડધો કલાક મારે મોડું થાય. રોટલી ઊની-ઊની આમ પાધરી થાળીમાં પડે. કોણ નાખે? કોણ કરે? બાપુ! તને ખબર નથી. એ પુદ્‌ગલના રજકણો પોતાની પર્યાયથી ત્યાં ચડે છે અને પોતાની પર્યાયથી ત્યાંથી ખસીને એની થાળીમાં જાય છે. બીજો કહે કે હું દઉં આને અનુકૂળ સાધન. આહા..હા..! આવી વાતું ભારે આકરી. જિનનો માર્ગ વીતરાગનો સમજવો બહુ કઠણ, બાપુ! આહા..હા..! શું કહે છે?

**શ્રોતા :-** રસોડું આવી રીતે ચલાવી શકાય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈ કરી શકતું નથી. રસોડામાં રસોયો કરી શકતો નથી રસોઈ. આહા..હા..! એવી વાતું છે ભાઈ આરુ આ શરીરની અવસ્થા આમ થાય જુઓને આમ. એને 'હું કરી શકું છું' એ મિથ્યાત્વભાવ છે. કારણ કે એ પરમાણુ પુદ્‌ગલ જડ છે, એની અવસ્થા જડને કારણે એમ થાય છે. એને ઠેકાણે 'એ કાર્ય હું કરું છું' મોટો મિથ્યાદૃષ્ટિ આત્માના હણનારો, સ્વરૂપનો ઘાતક, સ્વરૂપથી વિપરીત માન્યતાવાળો (છે). આવું છે. આ શેઠિયા-બેઠિયાને ઘણા અભિમાન હોય. બે-પાંચ-દસ કરોડ રૂપિયા હોય. બધાને નભાવીએ છીએ, નોકરોને નભાવીએ છીએ. ધૂળેય નથી, સાંભળને. પરનું કાર્ય તું કરી શકે છો? આહા..હા..! શું કીધું?

**શ્રોતા :-** શેઠિયાઓને કાઢવા નહિ, બહુ સારી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ કરે છે કે દિ' કરી શકે છે પરનું? અભિમાન કરે. હું કરું છું એ

અભિમાન હોં! કરું છું. કરાય છે અને પછી 'હું કરું છું' એમ ન માનવું એમ નહિ. એ 'કરું છું' એ જ અહંકાર મિથ્યાત્વ છે. એ બેના વાંધા છેને. ઓલો '**अहंकृति**'નો અર્થ કર્યો છે કે અહંકાર કરવો નહિ. એ માટે અહંકાર શબ્દ વાપર્યો છે, એમ કહે છે એ. પણ અહીં તો કહે છે '**अहंकृतिरसेन कर्माणि**' 'કાર્યની ઇચ્છા કરું છું' એવો જે ભાવ એ મિથ્યાત્વભાવ છે, એ અહંકાર છે. આહાર-પાણી દેવાની ક્રિયા જે છે એ 'હું એ ક્રિયા કરું છું' એ મિથ્યાત્વભાવ છે, એ અહંકાર ભાવ છે. આહા..હા..!

**શ્રોતા :-** ચરણાનુયોગમાં આહાર દેવાની બધી વિધિ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો નિમિત્તથી કથન આવે. મુનિને મોક્ષમાર્ગ આપ્યો. આહાર દીધો એણે મોક્ષમાર્ગ આપ્યો. આહા..હા..! એ તો નિમિત્તનૈમિત્તિકનું જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! બહુ ફેર ભાઈ! આ બીજાને વિષયભોગ દેતા 'હું એને અનુકૂળ થાઉં છું, એને સુખ આપું છું' એ મિથ્યા અભિમાન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત બહુ બાપુ! બહુ ઝીણું છે. જડની ઇન્દ્રિયો દ્વારા બીજાને હું સુખ આપું છું, એ સુખી થાય છે ભોગમાં. આહા..હા..! મિથ્યાદૃષ્ટિ છે કહે છે. આહા..હા..! એ જડની ક્રિયાને 'હું કરું છું' એ માન્યતા જ મિથ્યાત્વનો અહંકાર છે. આહા..હા..! ઝીણી વાતું બહુ, બાપુ! બહુ ખોલવા જઈએ તો આઘી વઈ જાય. સગવડતા આપવાનો અર્થ એ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ શરીરના અવયવો દ્વારા હું બીજાને સ્ત્રી આદિને સુખ દઈ શકું છું. આહા..હા..! પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, એ સત્યની વાતને સાંભળ તો ખરો. આહા..હા..! એ રજકણોની ક્રિયા શરીરની, ઇન્દ્રિયોની... આહા..હા..! હું બીજાને સુખ દઈ શકું એના દ્વારા. એ ક્રિયાનો કર્તા થાય છે અને પરને અનુકૂળતા હું દઈ શકું છું. આહા..હા..! શશીભાઈ! આવી વાતું છે આ. મારગડા જુદાં, નાથ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો કહેલો માર્ગ કોઈ અલૌકિક છે. આહા..હા..! દુનિયાએ તો અજૈનને નામે જૈન ચલાવ્યો છે. આહા..હા..!

અહીં તો કહે છે, '**अहंकृतिरसेन कर्माणि चिकीर्षवः**' એમ છેને, ભાઈ! પંડિતજી! '**अहंकृतिरसेन**' કાર્યની ઇચ્છા છે. 'એ કાર્ય કરી શકું છું' એ માન્યતા એની છે એમ કહે છે. કાર્ય થાય અને પછી હું કરું છું એમ ન માનવું, એમ નહિ. 'એ કાર્ય કરું છું' એ જ અહંકાર અને એ જ મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ પાંજરાપોળ હું કરું છું અને બાર મહિને બે લાખનો ખર્ચ છે. મેં પચાસ લાખ આપ્યા છે બે લાખના વ્યાજે એને. નભ્યા કરે. શું કહેવાય તમારે પાંજરાપોળ. એ બધી વાત 'પરની ક્રિયા હું કરું છું અને રાખું છું' એ બધો મિથ્યાત્વભાવ છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એના માટે તો બાપા અહીં આવ્યા હતા. પછી મૂકવા આવ્યા હતા અહીં. આહા..હા..! ભગવાન! ભગવાન! ભગવાન! આહા..હા..!

કહે છે, પ્રભુ! તું પરની ક્રિયાનો કર્તા થા.. આહા..હા..! પૈસા દેવાની ક્રિયા એ મારી, પૈસા મને આપે એ ક્રિયા મેં કરી લેવાની. આહા..હા..! રોટલાના બટકા જે થાય છે મોઢામાં એ મારા દાંતથી બટકા થયા અને મેં બટકા કર્યા.

**શ્રોતા :-** દાંતે બટકા કર્યા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈએ કર્યા નથી, એને કારણે થયા છે. આહા..હા..! માર્ગ ઝીણો, બાપુ! બહુ સ્પષ્ટીકરણ કરવા જઈએ તો એનું... એક-એક પરમાણુની એક-એક પર્યાય એનાથી થાય અને બીજો કહે કે મારાથી થાય. આહા..હા..! પરમાણુઓને તો કાંઈ જ્ઞાન નથી કે હું આનું કરું. આને જ્ઞાન છે કે આને હું કરું એમ માને એ. આહા..હા..! વેપાર-ધંધા દુકાન ઉપર થડે બેઠો હોય અને બરાબર આમ આવડે લેતા દેતા. આવો બહેન આવો. શું જોવે છે?

**શ્રોતા :-** ફઈબા કહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફઈબા પણ કહે અને આવો આવો કરે. અમારે દુકાન તો મોટી હતીને દુકાન ત્યાં પાલેજમાં. અમારે કુંવરજીભાઈને બહુ મમતા. આપણે વેપાર કરતા પાંચ વર્ષથી પણ આપણે કાંઈ .. આપણે ભગત કહેવાતા. અને વેપાર ચાલતો ઘણો. પછી આવે બાઈ (એટલે કહે), આવો બા. શું લેવું છે? આપણને એવું કાંઈ નથી. આવવું હોય તો આવે. આ તો નાની ઉંમરની વાત છે. ૧૭ થી ૨૨ વર્ષ. ૧૭ વર્ષની ઉંમરથી ૨૨ પાંચ વર્ષ દુકાન ચલાવી હતી. પણ એ દુકાન 'હું ચલાવું છું' એ માન્યતા મિથ્યાત્વ છે એમ કહે છે. આહા..હા..! 'પરદ્રવ્યની પરિણતિની ક્રિયા હું કરી શકું છું' એવો જે મિથ્યાત્વભાવ એ આત્માની હિંસા કરનારો **'हनन, आत्महनो भवंति'**. તારા સ્વરૂપનો ત્યાં ઘાત થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? **'आत्महनो'** છેલ્લે આવે છે જુઓ. આહા..હા..!

**''હું આ કર્મોને કરું છું' એવા અહંકારરૂપી રસથી...'** અહીં તો અહંકારનો અર્થ ફેરવી નાખે છે અજ્ઞાની એમ નથી. એ કરવું તો ખરું પણ અહંકાર ન કરવો. પણ અહીં તો કરી શકતો જ નથી. આહા..હા..! એય..! બીજાને જીવાડવું, પણ હું જીવાડી શકું એવો અહંકાર ન કરવો, એમ કહે છે. અહીં તો કહે છે, 'પરને જીવાડું શકું છું, એ પ્રાણ રક્ષા કરી શકું છું, એના પ્રાણ છે ઇન્દ્રિયો આદિના, એની રક્ષા કરી શકું છું, જીવતર મારાથી થાય છે' એ માન્યતા મિથ્યાત્વ છે. સ્વરૂપનો ઘાત કરનાર છે, આત્માની હિંસા કરનાર છે, સ્વરૂપથી વિપરીત માન્યતા છે. આવી વાત છે, બાપુ! એટલે આકરું લાગે લોકોને. લોકોને વીતરાગના તત્ત્વના સ્પષ્ટીકરણ કર્યા જ નથી લોકોએ. એમ ને એમ ઓઘે-ઓઘે મારીને હલવ્યો માર્ગ. સમજાણું કાંઈ? આ મંદિર હું કરી શકું છું, પ્રતિમાને હું સ્થાપી શકું છું. આહા..હા..! એ ક્રિયા હું કરી શકું છું. એ **'आत्महनो भवंति'**. ગજબ વાત છે, પ્રભુ! તારી વાત એવી છે ઝીણી. આહા..હા..! એ **'आत्महनो भवंति'** આહા..હા..! આ કહે કે મેં મંદિર બનાવ્યા, પ્રતિમાને મેં સ્થાપી, પરદ્રવ્યને મેં આમ સ્થાપ્યું. એવી ક્રિયાનો કર્તા થાય. એ કરી શકતો નથી, કર્યું છે પરે અને આ કહે કે મારાથી કર્યું, એ આત્માની હિંસા થાય છે. આ આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે એ પરનું કરી શકતો નથી, એવા જ્ઞાતા-દૃષ્ટાને 'કરી શકું છું' એવી માન્યતા સ્વરૂપની હિંસા અને ઘાત છે. આવી વાત છે. સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એટલે? મૂળ સમજાય જાય એ તો નિહાલ થઈ જાય. પણ શું કહેવાય છે? કઈ પદ્ધતિની રીત છે એ પકડાય છે? એમ વાત છે. આવી વાત છે, બાપુ! ત્રણલોકનો નાથ સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવનો આ હુકમ છે. આહા..હા..!

**શ્રોતા :-** અનાસક્તિ ભાવે તો કરી શકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-**અનાસક્તિ ભાવે કરી શકતો નથી. કહે છેને ગીતાવાળા કે પરનું કરવું, અનાસક્તિએ કરવું. એ ના પાડે છે અહીં. 'કરી શકું છું' એ જ મિથ્યાત્વભાવ આસક્તિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! વાતું એવી છે, બાપુ! આ શ્લોકમાં તો કેટલું ભરી દીધું જુઓને! પરના પગને કાપી શકું છું, આંખને ફોડી શકું છું, આહા..હા..! જીભને ખેંચી શકું છું એવા જે પરના પ્રાણ એને હું હણી શકું છું. એ કરી શકતો નથી છતાં માને છે એ મિથ્યાત્વભાવ અને આત્માની હિંસા કરે છે. આ ગજબ વાત છે, બાપુ! પરજીવની દયા પાળી શકું છું. આવ્યુંને જીવતર કરી શકું છું. એ ભાવ મિથ્યાત્વ છે. કેમકે એના આયુષ્ય હોય તો એની રહે છે સ્થિતિ. તું એને દયા પાળી શકે છો એ વાત ત્રણકાળમાં સાચી છે નહિ. આહા..હા..! બહુ વાતુ ફેર ભાઈ આવું. આવો માર્ગ ક્યાંથી કાઢ્યો? કો'ક એમ કહે. ભાઈ! માર્ગ તો આ જ છે.

**શ્રોતા :-** ભગવાન કુંદકુંદાચાર્યે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ બે હજાર વર્ષથી તો કહેતા આવે છે. આવી વાતું અનંતકાળથી સંતો કહેતા આવે છે. આહા..હા..! તને સાંભળવા ન મળી હોય એટલે આ નવી છે એમ લાગે. આહા..હા..! મીંદડીના બચ્ચાને સાત-સાત દિ'એ ફેરવે. મીંદડી હોય છેને? એના બચ્ચાને સાદ દિ' રાખે. કારણ કે ત્યાં બહુ ઝાઝા દિ' રહે તો પાછા ઓલા છોકરાઓ હળી ગયા હોય તો એને ફેરવે. બીજે દિ', ત્રીજે દિ' એને ૪૯ દિ'એ આંખ ઊઘડે ત્યારે એને આ દેખાય કે જગત છે. જગત નહોતું? એને આંખ ખુલે ત્યારે લાગે કે ઓહો..! આ તો કાંઈક છે બીજી ચીજ. એમ અજ્ઞાનીને ભાન ન હોય કે 'હું આનું કરી શકું છું' એ કરી શકું છું એ માન્યતા મિથ્યાત્વ છે એવું એણે સાંભળ્યું ન હોય અને સાંભળે ત્યારે નવું લાગે. એ કાંઈ નવું નથી, એ તો અનાદિનું છે. જયસુખભાઈ! આવી વાતું છે. આહા..હા..!

**''હું આ કર્મોને કરું છું''** એમ છે. કાર્ય કરવું અને અહંકાર ન કરવો, એમ નહિ. 'કાર્ય કરી શકું છું' એ જ મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! **'એવા અહંકારરૂપી રસથી...'** છે ને, રસ છેને રસ? એકાકાર થઈ ગયો છે એમાં. **'જેઓ કર્મ કરવાની—મારવા-જિવાડવાની, સુખી-દુઃખી કરવાની-વાંછા કરનારા છે... '** ચિકિત્સા છેને? **'चिकीर्षवः'** એટલે ઇચ્છા કરનારા. **'તેઓ નિયમથી...'** નિશ્ચયથી, જગતના યથાર્થ નિયમથી **'मिथ्यादृशः आत्महनः भवन्ति'** એ મિથ્યાદષ્ટિ છે, એને જૈનધર્મ શું છે એની ખબર નથી. આહા..હા..! ભારે આકરું પડે. ડોક્ટર કહે કે મેં આને ઇંજેક્શન આપ્યું માટે બચી ગયો. ડોક્ટર એમ કહે, મોડા પડ્યા. વહેલા આવ્યા હોતને... એય..! હરજીવનભાઈ! એ તો બિચારા, પણ બીજા એમ કહે, મોડા પડ્યા. નહિતર વહેલા આવ્યા હોત તો ઉપાય હતો આનો. તમે મોડા પડ્યા થોડા. આવું બોલે ડોક્ટર બધા. ધૂળના ધાણી કાંઈ ભાન ન મળે.

**શ્રોતા :-** દર્દ વધી ગયું હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વધી ગયું પણ વધવાનું હતું જ તે. પહેલું નહોતું ત્યારે આવ્યો હોત તો, પણ આવી શકે ક્યાંથી? જે વખતે આવવાની ક્રિયા હોય તે વખતે આવવાની ક્રિયા થાય. એવું છે.

વકીલમાં એવું હશે કે નહિ? કોર્ટમાં કેસ જીતાવી દઉં, ફલાણું, ઢીંકણું. આહા..હા..! એનો કેસ મેં જીતાવી દીધો. પૈસા લીધા મેં ભલે પાંચસો-હજાર. જીતાવી દીધો. ધૂળેય નથી જીતાવ્યો, સાંભળને! આહા..હા..! આવી વાત છે. શું કીધું?

**શ્રોતા :-** આખી જિંદગી બધાને જીતાવી દીધા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આખી જિંદગી અભિમાન કર્યા. રામજીભાઈ તો મોટા વકીલ હતા રાજકોટમાં. આહા..હા..! એવો માર્ગ, બાપા!

તું પ્રભુ તારી સત્તા છોડીને પરની ક્રિયાના સત્તામાં તારા પ્રવેશ કરે છે કે પરના કાર્ય કરી શકે? તારું હોવાપણું જે છે એ પરના હોવાપણામાં જાય છે કે જેથી પરનું કરી શકે? આ ન્યાયથી, લોજિકથી તો છે કે નહિ આમાં? આહા..હા..! વીતરાગમાર્ગ ન્યાયથી છે. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે જે કહ્યું છે એ લોજિક, ન્યાયથી કહ્યું છે. આહા..હા..! એને ન બેસે એથી કરીને સત્ય હોય એ કાંઈ અસત્ય થઈ જાય? આહા..હા..!

એક કહેતો હતો વકીલ મોટો. ૯૭ની સાલમાં. આ કર્યું મેં લ્યો, તમે કહો છો કરી શકાતું નથીને. જાણો છોને. ચીમન ચકુ, મુંબઈ. ૯૭માં રહ્યા હતાને એક મહિનો. આપણે આ દેરાસર થાતું હતું ત્યારે ૯૭માં ત્યારે. કાંઈ પરદ્રવ્યનું કરી શકે નહિ. કહે, આ હાથ આમ કર્યો. કરી શકું છું કે નહિ? બાપુ! તમને શું થયું, કોણે કર્યું એની ખબર વિના? એ હાથના રજકણો છે એ પોતે આ રીતે થયા છે એ આત્માએ કર્યા નથી, આત્મા તો એનો જાણનાર અને અહંકાર કરનાર. આહા..હા..! પરની સેવા કરી શકીએ છીએ. નહિ? આ આંધળાઓની શું કહેવાય એ? આપણે રાજકોટમાં નથી? આંધળાઓની ઓલી. બધા આંધળાઓ ભેગા થયા હોય એ. અંધશાળા અંધશાળા લ્યો! અને ઓલા બહેરાની શાળા. બહેરાને પણ આમ ઈશારા કરી-કરીને સમજાવે. ગયા હતાને એક ફેરી લઈ ગયા હતા. કોણ કરે બાપુ કીધું, ભાઈ! આવી વાતું ભારે આકરી. એટલે કરતો હશે એ છોડી દેશે? એ પણ કરી શકે છે જ કે દિ’ તે છોડે. આહા..હા..! પોપટભાઈ! ભારે વાતું આવી!

**શ્રોતા :-** કારખાના ચલાવવા કે ન ચલાવવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ હલાવે કારખાના? આ બેય કારખાનાવાળા બેઠા. કોણ હલાવે કારખાના? મકાન બનાવ્યા, એના ભાડા સરખા ઉપજ્યા. લ્યો, આ ભગવાનજીભાઈને બહુ મકાન હતા ત્યાં. કેટલા તો ભાડુ ઉપજતા, લાખ, દોઢ લાખ. ભાડુ નહિ? મોમ્બાસા? દોઢ લાખનું તો ભાડું ઊપજતું હતું એને. એટલા મકાન હતા એને ત્યાં મોમ્બાસામાં. આફ્રિકા-આફ્રિકા. ધૂળમાંય નથી કાંઈ લાખ. એ તો જડની ચીજ છે. આહા..હા..! રહેવાના સારા મકાન બનાવ્યા હોય તો રહેનારા આવે તો સુખી થાય તો રહે લાંબો ટાઈમ, એમ. પાયખાના ને પાયખાના. એક તો બિચારો એવો આવેલો, કીધું આ બધા મકાનો આવા બનાવે છે તમારા. આ બબ્બે લાખ નાખીને તમારે શું (કહેવાય)? મેડીયું ને પાયખાના ને. આ બધા મકાન તમારે અહીં. કીધું, અમારી સ્થિતિ કાંઈ લાંબી નથી. અહીંયાં ૮૭ તો થયા છે. પાછળથી અહીં જાશું ત્યારે જવાનું છે કે નહિ? પછી અહીં કોણ રહેશે? આ તમારા કોણ

રહેશે? એવો એક વિકલ્પ આવ્યો હતો. ઓલું સાંભળ્યું હતું, પાયખાના કરવા છે. ભાઈએ લખ્યું હતું. એમાંથી આવ્યું. અહીં તમારો કાગળ નહોતો? આ પાયખાના એમ કરે છે નોકરો જઈને. ભાઈ ઉપર, નવનીતભાઈ ઉપર. મારી પાસે આવ્યો હતો વાંચવા. એય..! શરીરને ૮૭ થયા છે અને તે શરીર સાધારણ છે. હવે એ કંઈ એટલા બધા વર્ષ નીકળે એટલું કાંઈ છે નહિ.

**શ્રોતા :-** ૨૦ વર્ષ સુધી તો કાંઈ વાંધો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! ૨૦ વર્ષ! આ તો એક વિકલ્પ આવ્યો હતો. આ બધા બબ્બે લાખ, અઢી લાખના મકાન. ઓલા શું માથે માળ ચડાવ્યા અને વળી પાયખાના બનાવવા. શેના પણ પાયખાના? આ જંગલ નથી બહાર?

**શ્રોતા :-** આપ જૂના જમાનાના... આજના જમનાના...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અને તે પણ પાછી સ્થિતિ.. વિચારવાનું શું છે કે હવે આ ૮૭ નીકળ્યા છે એ કાંઈ એનો ચોથો ભાગ પણ નીકળવાનો નથી. એ તો ચોક્કસ છેને. લાંબુ ક્યાં પણ? શરીર સાધારણ છે. આહા..હા..! આ તો એવો વિચાર આવ્યો હતો. કીધું, આ બધા કરી કરીને મૂકે છે, આની કોર આ ને આની કોર આ બધા. જાશું ત્યારે અહીં રહેનારા બહુ થોડા રહેશે. વિચાર તો આવેને? આહા..હા..!

અહીં કહે છે, બાપુ! આહા..હા..! એ કરવા વખતે કરવાનું ત્યાં થાય છે. સમજાણું? પણ કરનારાને એમ થાય કે 'હું કરું' એ વાત મિથ્યા છે. આહા..હા..! બહુ વાતું આકરી, ભાઈ! પરમેશ્વરની આજ્ઞા. ભાઈ! તું પરનું કાંઈ કરી શકતો નથી. એક આંખની પાંપણ પણ તું ફેરવી શકતો નથી. આ જડ છે, માટી છે આ તો. આમ આમ થાય છે એ જડની ક્રિયા જડને કારણે થાય. આહા..હા..! એને ઠેકાણે 'હું આને કરું' એ મિથ્યા અહંકાર છે. અહીં કહે છે, **'नियतम्'** નિશ્ચયથી. **'मिथ्यादृशः'** એ પરના જીવન-મરણને હું કરું, સુખી-દુઃખી હું કરું એમ જે **'पश्यन्ति'** એમ શબ્દ છેને? એમ જે દેખે છે, એમ જે માને છે, એમ જે જાણે છે એ મિથ્યાદૃષ્ટિ **'आत्महनः भवन्ति'**. એ મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે, આત્માને અનંત સંસાર વધારનારી દૃષ્ટિ છે એની. આહા..હા..! ભગવાનજીભાઈ! આવી વાતું છે, બાપુરૂ આ તો બધા... પોપટભાઈ કહે છેને કે બધો અહંકાર ઉતરી જાય એવું છે. પોપટભાઈ!

**શ્રોતા :-** પાણી ઉતરી જાય એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ પાણી ખોટા ચડ્યા હોય એ તો ઉતરી જાયને. આહા..હા..!

**'પોતાના આત્માનો ઘાત કરનારા છે.'** **'आत्महनः भवन्ति'** છેને? એટલે? આત્મા તો આત્મા છે, કાંઈ વસ્તુનો ઘાત થતો નથી. એની પર્યાયમાં, આને કરું છું એવી માન્યતા એની શાંતિને હણે છે. આહા..હા..! એની વીતરાગતાની પર્યાયને હણે છે. આહા..હા..! ભારે વાતું, બાપા! આવું તો કોકની જિંદગીમાં કોકે સાંભળ્યું નહિ હોય. ૫૦-૬૦-૬૦-૭૦ વર્ષ વયા ગયા હશે તોપણ. આહા..હા..! બાપુ! મારગડા પ્રભુના એવા છે. આહા..હા..! એ 'પ્રભુનો માર્ગ છે શુરાનો કાયરના કામ નથી ત્યાં.' સમજાણું કાંઈ? બીજાના કામ કરીને અહંકારમાં પોષાઈ જાય. આહા..હા..! અમે જીવતર આપ્યું ને ઢીંકણું આપ્યું. ઓલો નથી એક સાંઈબાબો? અમારા લીલાધરભાઈ છે એ વડીલ છે બધામાં

એના કુટુંબમાં. હવે એના છોકરાને કહે, મેં રાખ્યો છે, અહીં બોલાવી લીધો છે. એ તમારો પૂનમ. પૂનમને? બોલતો-બોલતો ઉડી ગયો. રામજીભાઈનો દીકરો. એના કુટુંબમાં એ વડીલ છે. પણ એ એટલા ભાગ્યશાળી કે અહીં આવ્યા. બે મહિના આવીને રસ લીધો. એ માયલાએ કોઈએ આવો રસ ન લીધો. બાપુ! માર્ગ તો આવા છે, ભાઈ! ઓલો મરી ગયો તો મેં બોલાવી લીધો. કહો હવે. આહા..હા..! આવા ને આવા ગપ્પા મારનારા અને વાણિયા એને માને.

**શ્રોતા :-** પાછો મોકલો હવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનત પૂછાવ્યું કે આને શું મારે કરવું? કહે બાળી મૂકો એને હવે. ઓલો સાંઈબાબો છેને મોટા વાળ રાખે. હમણા પડકાર આવ્યા છે એની સામે. તારું જાદુગર લાવ અહીંયાં બતાવ. ઢોંગ કરે છે બધો સામો. આહા..હા..! આને પડકાર માર્યો છે જાદુગરોએ. ઢોંગ કરે છે. પણ એને માનનારા વાણિયા પાછા. જૈન વાણિયા! અરર..!

**શ્રોતા :-** તાબુતને માને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તાબુતને પણ માને છે, ખબર છેને મને. નીચે નીકળે. મેં તો આ નજરે જોયેલું. ઉમરાળામાં તાબુત મોટા થાય, મોટા તાબુત થાય ઉમરાળામાં મોટા-મોટા. વાણિયાની બાયુ પાણી નાખી આવે ત્યાં. બેડા નાખી આવે. ખબર છેને એ તો. મૂર્ખાઈના કાંઈ પાર છે? વાણિયા જૈન નામ ધરાવે સ્થાનકવાસી અને ત્યાં પાણી નાખી આવે બેડો. આહા..હા..! જોયા છે નાની ઉંમરમાં. આ તો પોણો સો વર્ષ પહેલાંની વાતું છે. દસ-બાર વર્ષની ઉંમર હતીને ત્યારે જોયું હતું બધું. ઢોંગ તે ઢોંગ કીધું આ બધા. આહા..હા..! એક ફેરી તો અમારે શુક્લાજી ગુજરી ગયા. ..ના પારણા કરતાને. વાણિયાની વહુ હતી. છોકરું નહોતું થાતું ત્યાં નીચેથી નીકળી. અંદર કાંઈ થયું.

**શ્રોતા :-** એવો બનાવ બને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બને છે. બની જાય એવું, પણ એને લઈને બન્યું છે? એ તો પૂર્વનો કોઈ આયુષ્યનો પૂર્વનો ઉદય હોય તો આવી જાય એમાં શું છે? એમાં એના આત્માને લાભ શું? નુકસાન છે. આહા..હા..!

આ શબ્દએ તો ગજબ કર્યો છે. મિથ્યાદષ્ટિનો '**आत्महनः भवन्ति**' આહા..હા..! પરને હણી શકતો નથી, પણ 'હું હણી શકું છું' એવી માન્યતામાં તું હણાઈ જા છો. આહા..હા..! પરને જીવતર કરી શકતો નથી, પણ 'પરનું જીવતર કરી શકું' એમાં તું હણાઈ જા છો. પરને અનુકૂળ સાધનો, આહાર, પાણી, મકાન, ઔષધ આપી શકતો નથી, પણ 'હું આપું છું' એમાં તારો આત્મા હણાઈ જાય છે. આહા..! અને વેરીઓને પ્રતિકૂળતા આપું. આહા..હા..! લ્યો!

એક માણસ એવો હતો વેરી હતો. દેરાસર ચાલતું હતું અને એનો જે વિરોધી હતો એનું મકાન ચાલતું હતું. એટલે દેરાસરમાંથી એક ઈંટ લાવીને એના વિરોધીનું મકાન ચાલતું હતું ત્યાં મૂકી આવ્યો. હવે એનું બુરું થશે. હવે એને બિચારાને... આવા ને આવા મૂર્ખા. વાણિયા મૂર્ખા મોટા. ભાન ન મળે. હવે એને બિચારાને ઈંટ... એનું મકાન ચાલતું હતું અને ત્યાં દેરાસર ચાલતું હતું. દેરાસરની એક ઈંટ

લઈને એનું વેર વાળવા માટે. એનું નખ્ખોદ વળી જશે ઓલા બિચારાને. આવું કરે હોં! એ પોતાના આત્માને અસત્યના સેવનથી સત્યનું ખૂન કરે છે એ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- જેઓ પરને મારવા-જિવાડવાનો તથા...'** અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ દેવાનો. મારવા-જિવાડવાનો અર્થ એ. પ્રાણના રક્ષણ કરવાનો અને પ્રાણને હરવાનો. **'સુખ..'** નામ અનુકૂળ સંયોગ દેવાનો અને પ્રતિકૂળ સંયોગ દેવાનો **'અભિપ્રાય કરે છે તેઓ મિથ્યાદષ્ટિ છે.'** આ તો સમજવા જેવી વાત છે આ બધી. આહા..હા..! જુઓને, આ હમણા આવ્યું હતુંને કાલે પરમ દિ'? ઓલા મૂર્તિ ઉપાડી જાય છેને ચોરી? એ પકડાણા, આઠ જણા પકડાણા છે. પોલીસે પકડ્યા. ઘણી મૂર્તિઓ ઇંદોરમાં ત્રણ-ત્રણ મંદિરમાંથી ચોરીઓ થયેલી. એ પકડ્યા છે સાત જણાને. એક જણો હાથ નથી આવતો. એ વયો ગયો છે. અરે..! આવી વાત! ભાવની વાત છેને? કરી શકે છે ક્યાં? પણ ભાવ આવા કર્યા મહા કાળાકેર છે. પ્રતિમા ને ભગવાનનું મંદિર ને આહા..હા..!

**શ્રોતા :-** મૂર્તિના પૈસા પરદેશમાં ખૂબ ઊપજે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... મૂર્તિ ઊપજે છે ત્યાં. ... પણ આવા ભાવ! આહા..હા..! ધર્મને નામે ચોરી કરવી ગજબ છેને! એ ક્રિયા તો કરી શકતો નથી, પણ ભાવ કરી શકે છેને? આહા..હા..!

**'તેઓ પોતાના સ્વરૂપથી ચ્યુત થયા થકા...'** જુઓ, શું કહે છે? **'आत्महनः'**ની વ્યાખ્યા કરી. જેઓ 'બીજાના પ્રાણની રક્ષા કરી શકું છું, જીવાડી શકું છું, અનુકૂળ સંયોગ દઈ શકું છું, પ્રતિકૂળ સાધનો આપી શકું છું' એવો જેનો અભિપ્રાય છે તે મિથ્યાદષ્ટિ છે. **'તેઓ પોતાના સ્વરૂપથી ચ્યુત થયા થકા...'** કારણ કે જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થયા, ભ્રષ્ટ થઈ ગયા એ. આહા..હા..! **'રાગી, દ્વેષી, મોહી થઈને પોતાથી જ પોતાનો ઘાત કરે છે,...'** પોતાથી જ પોતાનો ઘાત કરે છે. આહા..હા..! **'તેથી હિંસક છે.'** પોતાના પ્રાણને હણ્યા. જ્ઞાન, દર્શન, આનંદના પ્રાણને હણ્યા. 'પરનું કરી શકું છું' એવી માન્યતાવાળો પોતાના પ્રાણને હણ્યા, એ હિંસક છે. પ્રાણ કોણ? આ નહિ હોં! પ્રાણ આ જડ નહિ. જ્ઞાન, દર્શન, આનંદ જેના પ્રાણ છે. જીવનું જીવતર એ જ્ઞાન, દર્શનના પ્રાણથી ત્રિકાળ જિવતર છે. આહા..હા..! એવા જ્ઞાન-દર્શનના પ્રાણને હણ્યા એણે માટે તે હિંસક છે. ગજબ વાત છેને. 'પરનું જીવતર કરી શકું' એ માન્યતાવાળો પોતાનો હિંસક છે. આવું આકરું લાગે લોકોને.

ઓલા કહે કે પરની દયા પાળવી એ જીવનો સ્વભાવ છે. ત્યાં સુધી લઈ ગયા છે એ. આહા..હા..! એ વાતુ નથી, ભાઈ! એ પરની દયાની વાત નથી. દયા તો પોતાની જે છે રાગ વિનાનો સ્વભાવ એને રાગ વિનાનો સ્વભાવ પ્રગટ કરવો, વીતરાગીદશા પ્રગટ કરવી તે સાચી દયા અને અહિંસા છે. આહા..હા..! રાગ ઉત્પન્ન કરવો, પરની દયા પાળવાનો રાગ ઉત્પન્ન કરવો એવી પોતાની હિંસા છે. ગજબ વાત છે, બાપા! મારગડા જુદાં, ભાઈ! આહા..હા..! એ જન્મ-મરણરહિત થવાના રસ્તા, આખી જગતથી જાત જુદી છે. કહો.

પરને મારવાનો અભિપ્રાય પ્રાણનો, એમાં તારી હિંસા થાય છે, તું કરી શકતો નથી. ઓહો..હો..! પરને જીવાડવાનો ભાવ એ જીવાડવાની ક્રિયા તું કરી શકતો નથી, પણ તારો ભાવ એ તારા સ્વરૂપની

વિપરીતનો ઘાત છે. તારા સ્વરૂપથી ચ્યુત થયેલો એ ભાવ છે. આનંદમૂર્તિ પ્રભુ, જ્ઞાતા-દૃષ્ટા ભગવાન સ્વરૂપ ચિદાનંદ પ્રભુ એ આ 'પરને આમ કરી શકું છું' એ માન્યતા એ સ્વરૂપનો ઘાતક, હિંસક છે. આહા..હા..! આવી વાત તો સાંભળવા કોક દિ' મળે. દુનિયા એ રસ્તે ચાલી છેને બધી. રખડવાના રસ્તે આખી પડી છે. આહા..હા..! ચોર્યાસીના અવતાર કરી-કરીને મરી ગયો છે. કીડા, કાગડા, નારકી, મનુષ્ય ભવ આહા..હા..!

'હવે આ અર્થને ગાથા દ્વારા કહે છે :-' લ્યો!

जो मरदि जो य दुहिदो जायदि कम्मोदएण सो सव्वो।
तम्हा दु मारिदो दे दुहाविदो चेदि ण हु मिच्छा।।२५७।।
जो ण मरदि ण य दुहिदो सो वि य कम्मोदएण चेव खलु।
तम्हा ण मारिदो णो दुहाविदो चेदि ण हु मिच्छा।।२५८।।

**મરતો અને જે દુખી થતો---સૌ કર્મના ઉદયે બને,**
**તેથી 'હણ્યો મેં, દુખી કર્યો'—તુજ મત શું નહિ મિથ્યા ખરે? ૨૫૭.**
**વળી નવ મરે, નવ દુખી બને, તે કર્મના ઉદયે ખરે,**
**'મેં નવ હણ્યો, નવ દુખી કર્યો'-તુજ મત શું નહિ મિથ્યા ખરે? ૨૫૮.**

'ટીકા :-' જે કોઈ પરપ્રાણ જેના જાય છે-મરે છે એટલે પ્રાણ જેના જાય છે. 'જીવે છે,...' એટલે પ્રાણ જેના રહે છે. મરવા-જીવવાની વ્યાખ્યા આ. પાંચ ઈન્દ્રિયો, મન, વચન અને કાયા—આઠ, આયુષ્ય અને શ્વાસ—દસ પ્રાણ જેના રહે છે એને જીવતર કહે છે. એ દસ પ્રાણ જેના જાય છે એને મરણ કહે છે. આહા..હા..! કાંઈ આત્મા મરતો નથી. આત્મા તો અનાદિ-અનંત છે. આહા..હા..! એને આ દસ પ્રાણ મળ્યા છે આ જડ, એ જેને રહે છે એને જીવતર કહે છે અને એ પ્રાણ જાય છે તેને મરણ કહે છે અને બીજાને પ્રતિકૂળ સંયોગ થાય તેને દુઃખી કહે છે. એ દુઃખી માને, ન માને એ પ્રશ્ન પછી, પણ એને પ્રતિકૂળ સાધન આપવા એ દુઃખી થવાને માટે એ માન્યતા મિથ્યાત્વ છે.

'**સુખી થાય છે,...**' એના પુણ્યને કારણે, એની શાતા વેદનીયને કારણે એને અનુકૂળતા સાધનની મળે છે. પૈસાની, આહારની, પાણીની, દવાની, એ એના પુણ્યના ઉદયથી એને મળે છે. આ કહે છે કે મેં એને મેળવી દીધા, મેં સુખી કર્યો. આહા..હા..! એમ એના પાપના ઉદયે, અશાતાના ઉદયે એને પ્રતિકૂળ સામગ્રી મળે છે. એને ઠેકાણે કહે કે મેં આને વીંછી કરડાવ્યો, મેં આને સર્પ કરડાવ્યો, મેં આને ઝેર આપ્યું. આહા..હા..! '**જે મરે છે અથવા જીવે છે, દુઃખી થાય છે અથવા સુખી થાય છે, તે ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે,...**' એ મરે છે એ એના આયુષ્યના નાશથી તે મરે છે, એના કર્મને કારણે અને જીવે છે એ એના આયુષ્યના કારણે જીવે છે એના કર્મના. એમ દુઃખી થાય છે એ એના અશાતા ઉદયના કારણે સંયોગ મળે છે અને સુખી થાય છે એ શાતા વેદનીયના ઉદયને કારણે એને અનુકૂળ મળે છે. '**કારણ કે પોતાના કર્મના ઉદયના અભાવમાં તેનું તે પ્રમાણે**

થવું...’ કહો, સમજાણું? ‘(**અર્થાત્ મરવું, જીવવું, દુઃખી થવું કે સુખી થવું) અશક્ય છે.** ’ આહા..હા..! શું કીધું? એના પ્રાણનો નાશ એના આયુષ્યને કારણે છે અને એના પ્રાણનું રહેવું એના આયુષ્યને કારણે છે. એમ એને અનુકૂળ મળવું એના શાતા ઉદયને કારણે છે. એને ઠેકાણે કહે કે હું એને અનુકૂળતા આપું છું. આહા..હા..! આવી વાતું છે. એ પોતાના કર્મના, એના કર્મના ઉદયના અભાવમાં તેનું તે પ્રમાણે એટલે બીજો એને કરી શકતો નથી, અશક્ય છે. આહા..હા..!

એમાં પણ પાછું નાખ્યું જુઓ, કર્મને લઈને થાય છે કે નહિ? એમ કહે છે. એ તો નિમિત્તથી વાત કરી છે. બીજો જે કરે છે એ નિષેધ કરવા કર્મને ઉદયને લઈને એને જીવન-મરણ, સુખ-દુઃખ થાય છે એમ સિદ્ધ કરવું છે. બાકી ખરેખર તો એ જીવે છે એ પોતાના આયુષ્યને કારણે નહિ, પોતાની સ્થિતિ જ એટલી માટે જીવે છે અને દેહ છૂટે છે પોતાનો પર્યાય વ્યય થવાનો કાળ છે માટે દેહ છૂટે છે. આહા..હા..! આત્મા નીકળી જાય ત્યાંથી. એમ સુખ શાતાના ઉદય મળે છે, પણ એ સંયોગોમાં માને છે કે હું સુખી તો એની કલ્પના પોતાની છે. પ્રતિકૂળ સંયોગ અશાતાથી મળે એ તો નિમિત્ત છે, પણ એને પ્રતિકૂળ સંયોગો રજકણના આવવાના જ હતા. આહા..હા..!

લોકો નથી કહેતા? ‘દાણે દાણે ખાનારનું નામ છે.’ સાંભળ્યું છે? આપણે કાઠિયાવાડમાં કહેવત છે. તમારે હિન્દીમાં પણ કહેવત છે. ‘દાણે દાણે ખાનારનું નામ છે.’ નામનો અર્થ? ત્યાં નામ નથી લખ્યું, પણ જે રજકણો એની પાસે જવાના એ જવાના અને જે રજકણો એની પાસે નહિ જવાના એ નહિ જવાના. બીજો કોઈ આપે અને દે એ કાંઈ બનતું નથી. આહા..હા..! આવી વાતું ક્યાંથી પણ? આખી દુનિયાથી જુદી લાગે. બોલે છે ખરા એમ કે ‘દાણે દાણે ખાનારનું નામ છે.’ એનો અર્થ શું? એ પરમાણુમાં નામ લખ્યું છે? એ જ પરમાણુ રજકણો દાળના, ભાતના, ઔષધના એને ત્યાં આવવાના છે એના રજકણને કારણે હોં! આહા..હા..! એને કારણે આવવાના. એને બીજો કહે કે હું દઉં. એને શાતાનો ઉદય છે એટલે અનુકૂળતા આવી એ નિમિત્ત છે. એને અનુકૂળ પરમાણુઓ ત્યાં આવવાના હતા જ. સમજાણું કાંઈ? એને શાતાના ઉદયનું નિમિત્ત છે. બીજો કહે કે હું આને અનુકૂળ સાધન આપું. આહા..હા..! ભૂખ્યો મરતો હતો એને શિરો ખવરાવ્યો. એ શિરો તો એના શાતાના ઉદયને લઈને આવ્યો છે. સમજાણું કાંઈ? આ કહે મેં એને આપ્યો.

આ કૂતરી છેને જુઓને કૂતરી. અહીં છેને ચાર બચ્ચા જન્મ્યા હતા. એમાં ભૂખ લાગી તો બે તો ખાઈ ગઈ. અમથો એવો રિવાજ હતોને આપણે નાની ઉંમરમાં અમે સાંભળતા હતા ત્યાં. કૂતરી વીયાણી હોય તો છોકરાઓ ઠીબડું લઈને નીકળે માટીનું. સમજાણું? એવું કરતા અમે, નાની ઉંમરની વાત છે આ તો દસ-બાર વર્ષની. ‘આય માય કૂતરી વીયાણી ધાનધોબો આપજો.’ પછી કોક મશ્કરી કરે તો કહે ધોકો આપજો એમ કહે. ધાનધોબો. ધાન થોડું આપો. કૂતરી વીયાણી. લ્યો, અહીં કૂતરી વીયાણી તો કોઈ નહિ. દેરાસરની પાછળ. એણે ચાર બચ્ચાને જન્મ્યા તો બે તો ખાઈ ગઈ. એની આયુષ્યની સ્થિતિ એટલી હતી. આહા..હા..! સમજાણું કાંઈ? અને બેનું આયુષ્ય હતું તો તરત ભીખાભાઈ આવી ગયા વળી. પછી શિરો લઈ આવ્યા. શિરો એટલે આ તેલમાં. તેલમાં કરીને આપે.

કૂતરાને કોણ ઘીનો શિરો આપતો હતો? તેલ-તેલ. ભાઈ, ગૃહસ્થને ઘરે તો બદામના શિરા હોય છે. આ સવાસો રૂપિયાની કિલો. સવાસો રૂપિયાની કિલો બદામ. ત્યાં ગયા હતાને અમે, મદ્રાસ. મદ્રાસ ગયા હતાને ત્યાં. ચંદુભાઈને ત્યાં ઉતર્યા હતાને મોરબીવાળા. ચંદુભાઈ દેરાવાસી શ્વેતાંબર. ત્યાં જ ઉતરીએ છીએ. જોડે એક વૈષ્ણવ હતા. દર્શન કરવા આવ્યા. બહુ ખુશી થયો. પછી બદામનો શિરો લઈને આવ્યો. આ બદામનો શિરો. બાપુ! અમે બદામ ખાતા નથી, શિરો પણ ખાતા નથી, ઘઉંનો શિરો પણ ખાતા નથી. અહીં તો રોટલી ખાઈએ ચાર ફુલકા. બદામનો શિરો. ગૃહસ્થ માણસ હતો. સવાસો રૂપિયાની કિલો બદામ. એમ છે. ગૃહસ્થ માણસ હતો. એને ત્યાં શિરો હોય. ૫૦ રૂપિયા થઈ જાય. ૪૦ રૂપિયા થઈ જાય. તો એને શું ગૃહસ્થ માણસને. અરે..! એ પણ કોણ દઈ શકે એમ કહે છે અહીં તો. એ રજકણો ત્યાં તેને ઉદયનું નિમિત્ત કહીને શાતાનું ઉદયનું નિમિત્ત હતું તો રજકણો ત્યાં જવાના હતા. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પોતાના કર્મના ઉદયના અભાવમાં તેનું તે પ્રમાણે થવું (અર્થાત્ મરવું, જીવવું, દુઃખી થવું, સુખી થવું) અશક્ય છે.'** બરાબર છે? **'માટે મેં આને માર્યો, આને મેં જીવાડ્યો, આને દુઃખી કર્યો, આને સુખી કર્યો એવું દેખનાર...'** જોયું! અહીં તો અહંકાર કાઢી નાખ્યો. આવું જે માને છે તે જ મિથ્યાદૃષ્ટિ અહંકારી છે એમ કહે છે. માન્યતા. આહા..હા..! હવે આવા અર્થમાં ફેર કરવા. શું કરવું? **'એવું દેખનાર અર્થાત્ માનનાર મિથ્યાદૃષ્ટિ છે.'** આહા..હા..! એને સત્યની ખબર નથી. આહા..હા..! 'કરે કર્મ સોહી કરતારા, જો જાણે સો જાણનહાર, કર્તા સો જાણે નહિ કોઈ, જાણે સો કર્તા નહિ હોઈ.' આહા..હા..! એ પરના કાર્ય દેવાના, લેવાના, જીવન-મરણ હું કરું છું, એ કર્તા અજ્ઞાની છે એમ માનનારો. 'કરે કર્મ સોહી કરતારા, જો જાણે સો જાણનહાર.' હું તો જાણનાર છું. મેં દીધું નથી, લીધું નથી, હું દઈ શકતો નથી, લઈ શકતો નથી. હું તો જાણનાર છું. આહા..હા..! કહો, જયસુખભાઈ! આહા..હા..! સુખનો જય કરવાનો આ રસ્તો છે. આહા..હા..! સુખરૂપ ભગવાન આત્મા છેને. આનંદરૂપ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ આત્મા છે. એને અતીન્દ્રિય આનંદમાં રાખવાનો આ ઉપાય છે. પરની ક્રિયા હું કરી શકતો નથી, જીવાડી શકતો નથી, મારી શકતો નથી, હું તો તેનો જાણનાર-દેખનાર છું. આહા..હા..!

**શ્રોતા :-** જ્ઞાની તો સુખમાં રહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આનંદમાં રહે છે, દુઃખમાં નહિ. એ તો આવી ગયુંને પરમાત્મપ્રકાશમાં. એ પુણ્ય પરિણામ છે એ પણ દુઃખ છે, એમાં જ્ઞાની રહેતો નથી. આહા..હા..! ધર્મી તો દુઃખ વિનાનો આત્માનો આનંદ તેમાં રહે તેને ધર્મી કહીએ. આહા..હા..! પુણ્યના પરિણામ પણ દુઃખ છે, રાગ છે. આહા..હા..! વિશેષ કહેવાશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ-૯, શનિવાર, તા. ૧૨-૦૨-૧૯૭૭,**
**ગાથા-૨૫૭ થી ૨૬૨, કળશ-૧૭૦, પ્રવચન નં. ૩૧૭**

સમયસાર, ૨૫૭-૨૫૮નો ભાવાર્થ છે. '**કોઈ કોઈનું માર્યું મરતું નથી,...**' જુઓ, ૨૫૭-૫૮ ગાથાનો ભાવાર્થ. '**જિવાડ્યું જીવતું નથી,...**' કોઈ કોઈને જીવાડે જીવતું નથી. આ બાયડી, છોકરા, કુટુંબને જીવાડે છેને? શેઠિયાઓ નોકરોને જીવાડે.

**શ્રોતા :-** અભિમાન કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભિમાન કરે છે. મિથ્યા છે.

**શ્રોતા :-** માતા તો પોષણ આપેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ પોષણ કરતો હતો? બાળપણાથી મોટો કરે છોકરાને. એની મા કરતી હશે? અભિમાન કરે એ તો. આહા..હા..! એવી વાતું છે.

'**કોઈ કોઈનું માર્યું મરતું નથી, જિવાડ્યું જીવતું નથી, સુખી-દુઃખી કર્યું સુખી-દુઃખી થતું નથી;...**' કોઈને અનુકૂળ અને પ્રતિકૂળ સંયોગ દેવા એ કાંઈ દઈ શકતો નથી, એમ. '**તેથી જે મારવા, જિવાડવા આદિનો અભિપ્રાય કરે...**' છેને? '**તે તો મિથ્યાદષ્ટિ જ હોય એમ નિશ્ચયનું વચન છે. અહીં વ્યવહારનય ગૌણ છે.**' આને જીવાડ્યો, માર્યો એમ વ્યવહારથી કહેવાય એ વાત અહીંયાં ગૌણ છે. કહેવાય, વસ્તુ એમ નથી. આહા..હા..!

'**હવે આગળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છે :-**' ૧૭૦.

(अन्ष्टुभ्)

मिथ्यादृष्टेः स एवास्य बन्धहेतुविपर्ययात्।
य एवाध्यवसायोऽयमज्ञानात्माऽस्य दृश्यते।।१७०।।

મિથ્યાદષ્ટિ જેની જૂઠી દષ્ટિ છે, સત્યદષ્ટિથી વિરુદ્ધ અસત્યદષ્ટિ છે. 'यः एव अयम् अज्ञानात्मा' એ આ અજ્ઞાનસ્વરૂપ અજ્ઞાન આત્મા એટલે. '**જે આ અજ્ઞાનસ્વરૂપ અધ્યવસાય જોવામાં આવે છે...**' એને. આહા..હા..! મિથ્યાદષ્ટિથી એને અજ્ઞાનસ્વરૂપ અધ્યવસાય જોવામાં આવે છે કે હું આને જીવાડું અને મારું. આહા..હા..! નાનાના મોટા કર્યા, ભણાવીને મોટા કર્યા, કેળવણી આપી.

**શ્રોતા :-** પૈસા મોકલાવ્યા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસા આપ્યા હતા રામજીભાઈએ પાપ કરીને નહિ? પૈસા. એને પાત્રીસ હજાર (આપીને) ભણાવ્યા ત્યાં સુમનભાઈને લ્યો. કોણ ભણાવે? આહા..હા..!

એ અજ્ઞાનસ્વરૂપ અધ્યવસાય. છે? અજ્ઞાન આત્મા એટલે. એ '**અજ્ઞાનસ્વરૂપ અધ્યવસાય જોવામાં આવે છે.**' એની નીચે. '**જે પરિણામ મિથ્યા અભિપ્રાયસહિત હોય (-સ્વપરના**

**એકત્વના અભિપ્રાયસહિત હોય) અથવા વૈભાવિક હોય... '** બેય વાત. '**તે પરિણામ માટે અધ્યવસાય શબ્દ વપરાય છે.**' એ લોકો એ કહે છે કે બીજાને મારવાનો અધ્યવસાય છે એ બંધનું કારણ છે, એનો ભાવ નહિ. એકત્વબુદ્ધિ હોય તો બંધનું કારણ છે, એમ કહે છે. સામે દલીલ કરી છે. અધ્યવસાય લખ્યું છે. પણ અધ્યવસાયનો અર્થ પરિણામ પણ થાય છે, ભાવ પણ થાય છે અને એકત્વબુદ્ધિ થાય છે. બેય થાય છે. આહા..હા..! ત્રણેય થાય છે. નીચે છેને. એમ કે 'પરને જીવાડી શકું છું' એવો એકત્વબુદ્ધિનો અધ્યવસાય કરે એ બંધનું કારણ છે એમ. જીવાડવાનો ભાવ છે એ તો પ્રશસ્ત છે અને એનું ફળ પણ પ્રશસ્ત છે. '**प्रशस्तभूया**' પ્રવચનસારમાં છેને શ્રાવકના અધિકારમાં. હવે એનો અર્થ એવો કર્યો પ્રશસ્ત પદ છે એનું એમ લખ્યું છે. પ્રશસ્ત પદ મળે એને શુભભાવથી. આહા..હા..! અને શાસ્ત્રમાં જે 'પુણ્યકર્મનો સંસર્ગ અને રાગ કરવો નહિ' એમ કહ્યું છે, 'શુભાશુભભાવનો રાગ કરવો નહિ' એમ કહ્યું નથી એમ કહે છે એ. કર્મ શબ્દ આવે છેને કર્મ? એમ કહે છે. પણ કર્મ તો વ્રત, નિયમ, તપ બધાને કર્મ કહ્યું છે શાસ્ત્રમાં, પુણ્યભાવને કર્મ કહ્યું છે. આહા..હા..! એમ કે કર્મનો રાગ અને સંસર્ગનો નિષેધ શાસ્ત્રે કર્યો છે.

**શ્રોતા :-** બેય આવી ગયું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, એ નહિ કહે છે. કર્મ શબ્દ વાપર્યો છે આચાર્યે અને અમૃતચંદ્રાચાર્યે એના ચાર ખુલાસા કર્યા છે કે શુભાશુભપરિણામ પણ કર્મ કહેવાય, એનું બંધન પણ કર્મ કહેવાય, હેતુ, સ્વભાવ ચાર બોલ વાપર્યા છે. આહા..હા..! પણ વાંચવાના અર્થમાં પોતાની દૃષ્ટિ પ્રમાણે આખો અર્થ કરે. અહીંયાં મિથ્યા અભિપ્રાયના આટલા અર્થ છે જોયું! '**જે પરિણામ મિથ્યા અભિપ્રાયસહિત હોય...**' એક વાત. એટલે કે '**(-સ્વપરના એકત્વના અભિપ્રાયસહિત હોય)... '** એક વાત. '**અથવા વૈભાવિક હોય તે પરિણામ માટે અધ્યવસાય શબ્દ વપરાય છે (મિથ્યા) નિશ્ચય, (મિથ્યા) અભિપ્રાય-એવા અર્થમાં પણ તે શબ્દ વપરાય છે. '** આહા..હા..! કોઈ ઠેકાણે એકત્વબુદ્ધિ હોય, કોઈ ઠેકાણે એકલા પરિણામ હોય એને અધ્યવસાય કહેવામાં આવે છે. આહા..હા..! શુદ્ધમાં પણ અધ્યવસાય છે. છેને અધ્યવસાય. નિર્મળતા ટીકામાં છે.

'**વિપર્યયસ્વરૂપ (-વિપરીત મિથ્યા) હોવાથી,... '** આત્માના સ્વભાવથી વિપરીત ભાવ હોવાથી અધ્યવસાય (છે). વિભાવપરિણામ કહો, અધ્યવસાય કહો એ બધું આત્માના સ્વરૂપથી વિપરીત છે. આને જીવાડી શકું, મારી શકું, સુખી-દુઃખીના સાધન આપી શકું એ બધું આત્માના સ્વરૂપથી વિપરીત માન્યતા છે. આહા..હા..! આવી વાતું છે જગતની. આ ખેડુ લોકો નહિ ઓલા શેરડી વાવે? પાપ થાય પછી પાછળથી શેરડી આપે ઘણાને બ્રાહ્મણોને, ઓલાને (એટલે) પાપ ધોવાઈ જાય. દેવજીભાઈ! નહિ? કારણ કે પચ્ચીસ-પચાસ હજારની શેરડી થઈ હોય. પાપ બહુ બંધાણા હોય મકોડા મરે, કીડી મરે પાણીમાં. એને ધોવા માટે છેલ્લે બ્રાહ્મણોને, છોકરાઓને શેરડી આપે તો ઓલું પાપ ધોવાઈ જાય.

**શ્રોતા :-** પુણ્ય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય નથી. એ તો ત્યાં 'દઈ શકું છું' એવો અભિપ્રાય છે એ જ મિથ્યા છે. આહા..હા..! છે કે નહિ દેવજીભાઈ? તમારા ગામડામાં એ રિવાજ છે. ખબર છેને. પાપ બહુ કર્યા હોય શેરડીના. બહુ પાણીના ગારા ને મકોડા ને કીડી મરે અને પાછા એ શેરડીના સાંઠા થયા હોય એના કૂચા થયા હોય ત્યાં કીડી મરે. હોથા નીકળી જાય કીડીના. ખાધા પછી ઓલા હોયને કુચા. આ રસ કાઢે લ્યોને. સંચામાં રસ કાઢીને કુચા કાઢી નાખે એ કૂચા ઉપર કીડીના ઢગલા હોય. આહા..હા..! પછી એને માટે થોડું પુણ્ય કરવું એમ કે તો ઓલું પાપ ચાલ્યું જાય. એમ છે. આહા..હા..!

**શ્રોતા :-** પાપ ઠેલા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ લોકો કહે છેને. છોકરો નાનો હોયને બહુ ભરાઈ ગયો હોય ને બહુ કફમાં ઓલું થઈ જાય. પછી નાનું હોય છ મહિનાનું, બાર મહિનાનું. પછી બાયડી ભેગી થઈને વાતું કરે કે બહુ પાપ છે અને પુણ્ય કરો તો ઠેલાઈ જશે. પછી છોકરાઓને પેંડા વેંચો, લાડવા વેંચો, પતાસા વેંચો. ખબર છેને અમને. આમ કરે છે. પછી ભલે છોકરો મરી જાય પણ. આહા..હા..! જગતની ભ્રમણા. કોણે કરે, કોણ દે અને કોણ લે? આહા..હા..!

**શ્રોતા :-** બ્રાહ્મણને આપીએ તો થોડું પુણ્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ કહ્યુંને. કોઈને આપી શકતો નથી પછી વળી પુણ્ય ક્યાં? પતાસા કે લાડવા ચુરમાના એ આપી શકે છે? એ પરવસ્તુ છે. 'હું આને દઈ શકું છું' એ જ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! આકરી વાતું છે. જગતથી ઊંધી વાત છે ભાઈ આ તો. વીતરાગનો માર્ગ ઘણો નિર્મળ અને સમ્યક્ શુદ્ધ છે. આહા..હા..! 'બીજાને હું મારી શકું, જીવાડી શકું, એને અનુકૂળ પદાર્થો દઈ શકું કે પ્રતિકૂળ પદાર્થ એને દઈને દુઃખી કરું' એ માન્યતાનો અભિપ્રાય તદ્દન મિથ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે મિથ્યાદષ્ટિને બંધનું કારણ છે.**' આહા..હા..!

'**ભાવાર્થ :- જૂઠો અભિપ્રાય તે જ મિથ્યાત્વ,...**' આહા..હા..! મિથ્યા નામ જૂઠો. અસત્ય અભિપ્રાય છે. આ છે એ અસત્ય છે. પરને જીવાડી શકું ત્રણકાળમાં કરી શકે નહિ. એનું આયુષ્ય હોય તો જીવે અને આયુષ્ય ન હોય તો ન રહે. કાંઈ તારાથી જીવાડ્યો જીવે ને મરે છે? આ શેઠિયાઓને બહુ અભિમાન હોય ઘણાને. પૈસા ખૂબ હોય ને પછી ઘણા નોકરો કરે, ઘણાને નભાવીએ છીએ. ધૂળેય નથી નભાવતો, સાંભળને. આહા..હા..!

**શ્રોતા :-** કામ સરખું ન કરે તો કાઢી પણ મૂકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ માન્યતા 'પરને કાંઈ કરી શકું છું' એ માન્યતા જ જૂઠી છે. આ વસ્તુસ્થિતિ. સ્વતંત્ર આત્મા છે ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ આહા..હા..! એ અતીન્દ્રિય આનંદનો નાથ છે, સચ્ચિદાનંદ પ્રભુ છે આત્મા એની એને ખબર નથી. અંતર વસ્તુ શાશ્વત આનંદ, અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન, એનો એ ભંડાર છે, ગોદામ છે. નહોતું કહ્યું? અનંત આનંદ આદિ ગુણનું ગોદામ, ગોદામ કહો કે ભંડાર કહો. ન બેસે. વસ્તુ અંદર છે પરમાત્મસ્વરૂપ પરમાત્મા. આહા..હા..! નિરંજન નિરાકાર અખંડાનંદ પ્રભુ એનો આનંદ એની પાસે છે, ભાઈ! એના સુખની પ્રાપ્તિ એની પાસે

છે એ પરને દઈને મને સુખ થશે એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'હવે, આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે એમ ગાથામાં કહે છે :-'** ૨૫૯.

एसा दु जा मदी दे दुक्खिदसुहिदे करेमि सत्ते त्ति।
एसा दे मूढमदी सुहासुहं बंधदे कम्मं।।२५९।।

**આ બુદ્ધિ જે તુજ-'દુખિત તેમ સુખી કરું છું જીવને',**
**તે મૂઢ મતિ તારી અરે! શુભ અશુભ બાંધે કર્મને. ૨૫૯.**

'**ટીકા :- પર જીવોને હું હણું છું,...**' આહા..હા..! અને '**નથી હણતો,...**' એટલે જીવાડું છું, એમ. એમાં એ લેવું. પર જીવોને હું મારું છું અને હું નથી મારતો એટલે એને જીવાડું છું. '**દુઃખી કરું છું,...**' એને ઝેર આપું છું, પ્રતિકૂળ ચીજ આપું છું. આહા..હા..! એક સાસુ-વહુ હતા બે. તો વહુ સવારમાં ઊઠે તો દરણું તો દળવું પડેને દસ શેર, અધમણ વહેલા ઊઠીને. એમાં ઓલી જરી બાઈ ઝોલા ખાતી હતી. વહેલા ઉઠાડી હશે. એટલે ઓલો હાથ ઘઊંમાં નાખવા જાય ઘંટીમાં નાખવા ત્યાં એની સાસુએ અગ્નિની ભઠ્ઠી મૂકી ત્યાં. કારણ કે ઝોલા ખાય છેને. આમ કરે તો હાય. આ બધું બનેલું છે. આહા..હા..! આવા આવા. ઝોલા ખાતી હતીને ઘઉં આમ નાખવા જાયને. આમ નાખવા ગઈ ત્યાં અગ્નિ મૂકી નીચે. આવા ને આવા છે. મૂઢના ઘર બધા.

**શ્રોતા :-** ઘણી ક્રૂરતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘણી ક્રૂરતા, કલુશીતતા. હવે છોકરાની વહુ હતી. વહેલી ઉઠાડી હોય ને કાંઈક અધમણ દળવાનું કીધું હોય. હવે ત્રણ વાગે ઉઠાડી હોય તો ઝોલા ખાતી હોય જરી. આ બધું બને છે જગતમાં હોં! આહા..હા..! કાંઈ ભાન ન મળે હું કોણ છું? શું છું? ક્યાં છું? એ તો આત્મા નિરંજન નિરાકાર સચ્ચિદાનંદ પ્રભુ છે. આહા..હા..! એમાં રાગ ને દ્વેષના પુણ્ય-પાપના ભાવ થાય એ પણ દુઃખના કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આત્મા અનંત... એ બોલ આવ્યો હતો વળી સવારમાં. ઓલો કર્તા છેને કર્તા ગુણ. આત્મામાં કર્તા નામનો એક ગુણ છે એ અનંત શક્તિવાળો છે. આહા..હા..! આત્મા જેમ જ્ઞાનસ્વભાવ છે, જાણનાર જ્ઞાન. જ્ઞાન જેનો સ્વભાવ છે એમ એવો કર્તા નામનો એક સ્વભાવ છે કે જે પોતાની શુદ્ધ પરિણતિને કરે. આહા..હા..! નિર્મળ વીતરાગી પરિણતિને કરે એવો કર્તા નામનો ગુણ અપરિમીત શક્તિવાળું તત્ત્વ અનંત કર્તાપણું છે એમાં. આહા..હા..! જેમ આત્મામાં જ્ઞાન છે એ અનંત છે. અનંત સ્વભાવ જેનો, અનંત-અનંત સ્વભાવ. એમ આત્મામાં આનંદ છે એ અનંત અનંત સ્વભાવ. આહા..હા..! એમ કર્તા નામનો એક ગુણ છે એમાં અનંત સ્વભાવ. આહા..હા..! એમ કર્મ નામનો ગુણ છે, કર્મ નામ કાર્ય થાય તેવો એક ગુણ છે. પરને લઈને કાર્ય થાય એ નહિ. આહા..હા..! આ રાગના-વ્યવહારરત્નત્રયના પરિણામથી જીવને ધર્મ થાય, કર્મ થાય એમ નહિ. આહા..હા..! એનામાં એક કર્મ નામનો શક્તિ—ગુણ છે કે જેને લઈને નિર્મળ કાર્ય એને લઈને થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને કર્મ એટલે? જડ કર્મ એ અહીં નથી, પુણ્ય-પાપની અહીં વાત નથી. કર્મ નામ કાર્ય થવાની એક શક્તિ. એ શક્તિ પણ

અનંત બેહદ શક્તિ છે. આહા..હા..! એ અપરિમિત કાર્ય નામની શક્તિ છે એનાથી નિર્મળ પરિણતિ વીતરાગી દશા થાય છે. એના કારણમાં વ્યવહારરત્નત્રય કારણથી કાર્ય થાય છે (એમ નથી). આહા..હા..! આવું આકરું લાગે લોકોને. બાપુ! માર્ગ તો એવો છે. આહા..હા..!

**શ્રોતા :-** પંડિતો ઊંધા અર્થ કાઢે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાઢે ઊંધા અર્થ કરે તો પોતાની ઉંધાઈ છે તો કરે, એમાં શું છે? આહા..હા..! ન્યાયથી કાંઈક તપાસશે કે નહિ? પોતાની સત્તાનું કાર્ય પોતે સત્તાથી કરે. પોતાની સત્તાનું કાર્ય બીજી સત્તા કરે? આહા..હા..!

**શ્રોતા :-** સત્તા નામનો ગુણ છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શક્તિ છે અને એમાં સત્તા નામની શક્તિમાં કીધુંને, કર્મ નામની એક શક્તિ છે. આહા..હા..! આચાર્યોએ તો ગજબ કામ કર્યા છે. થોડા ભાવમાં પણ ઘણું સમાડી દીધું છે. આહા..હા..!

આત્મા ભગવાન આનંદસ્વરૂપ નિરંજન નિરાકાર પવિત્ર પરમાત્મસ્વરૂપ છે. આહા..હા..! એમાં કર્મ નામનો એક ગુણ (છે). આ તો કાર્ય કાર્યનું બહુ તોફાન ચાલે છેને એટલે એ વિચાર આવ્યો. એમ કે આ કાર્ય પરથી થાય, આ કાર્ય પરથી થાય અને સ્વ ને પર બેથી કાર્ય થાય. સ્વપર પ્રત્યયી અવસ્થા બેથી થાય. એ તો બેનું જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! ભગવાન આત્મા આનંદકંદ પ્રભુ દેહથી (ભિન્ન) આ તો ભિન્ન જડ-માટી છે અને પોતે ચૈતન્યમૂર્તિ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એનામાં એક કર્મ નામનો ગુણ છે એ આચાર્યે એવી ગજબથી વાત કરી છે કે ભાઈ! અનંતગુણની નિર્મળ પરિણતિનું કારણ તો એ કર્મ છે. કર્મ શક્તિ એટલે ગુણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ વીતરાગી પર્યાય જે થઈ એનું કારણ એ કર્મ નામનો ગુણ છે એનાથી કાર્ય થાય છે. આહા..હા..!

શુભભાવ હોય દયા, દાન, વ્રત, ભક્તિનો એ તો વિકલ્પની વૃત્તિનું ઉત્થાન છે, રાગ છે, એનાથી કાર્ય ન થાય. કારણ કે રાગમાં કર્મ નામનો ગુણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, ભાઈ! આહા..હા..! બેસે, ન બેસે જગત સ્વતંત્ર છે. અંદર આ દેહમાં બિરાજમાન... આહા..હા..! નિઃસંદેહ બેસે એવી ચીજ છે. આહા..હા..! મારો ધર્મ એટલે શાંતિ, ધર્મ એટલે વીતરાગી દશા, ધર્મ એટલે નિર્દોષ દશા. એ નિર્દોષ દશાનું કાર્ય તો મારા કર્મ નામના ગુણને લઈને, કર્તા નામના ગુણને લઈને થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું માણસને સ્વતંત્રપણું બેસવું કઠણ બહુ. પરાધીન અનાદિથી થયો છેને. પાંગળો થઈને બેઠો છે, એને પોતાના પદની ખબર ન મળે. આહા..હા..! લ્યો! છે? ૨૫૯ ચાલે છેને?

**'પર જીવોને હું હણું છું, નથી હણતો,...'** એટલે હું એને હણતો નથી, એને જીવન આપુ છું, એનું જીવતો હું રાખું છું એમ. હું એને નથી હણતો એમ. એટલે જીવતો રાખુ છું એને. આહા..હા..! નહિતર તો હું હણી શકું એમ કહે. અરે..! સાંભળને, 'નથી હણતો' એ પણ તારો વિકલ્પ અજ્ઞાન છે. આહા..હા..! કેમકે નથી હણતો એ કાંઈ તું જીવાડી શકતો નથી. આહા..હા..! **'દુઃખી કરું છું,...'**

પ્રતિકૂળ સંયોગ દઈ શકું એ દુઃખીનો અર્થ હોં! પ્રતિકૂળ સંયોગ દઉં છું. **'સુખી કરું છું...'** અનુકૂળ સંયોગ આપુ છું. આહાર, પાણી, ઔષધ, રહેવાને મકાન, દુઃખીના આંસુ લૂછો મદદ કરીને, કપડા દેવા નાગાને, ભૂખ્યાને આહાર (આપવો), એમ કરીને હું બીજાને સુખી કરું છું. ભાઈ! એ ચીજો અનુકૂળ દેવી એ તારા અધિકારની વાત નથી. એ તો એનો પુણ્યનો ઉદય હોય તો એ અનુકૂળ સંયોગ એને આપે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે. આહા..હા..!

**'એવો જે આ અજ્ઞાનમય અધ્યવસાય...'** અજ્ઞાનમય. વિપરીત એકત્વબુદ્ધિ અથવા વિપરીત પરિણામ **'મિથ્યાદૃષ્ટિને છે,...'** આહા..હા..! **'તે જ (અર્થાત્ તે અધ્યવસાય જ) પોતે રાગાદિરૂપ હોવાથી...'** લ્યો! રાગ-દ્વેષાદિ હોવાથી **'તેને શુભાશુભ બંધનું કારણ છે.'** આહા..હા..! અહીં તો એ ચોખ્ખું કહ્યું. અહીં તો આમાં અધ્યવસાય લીધો નથી, આમાં તો ભાઈ! સીધી જ ભાષા લઈ લીધી. ઓલા કહે કે નહિ, એ તો અધ્યવસાય બંધનું કારણ છે, એને જીવાડવાનો ભાવ એ બંધનું કારણ નથી. અરેરે..! આવું શું કરે છે, પ્રભુ? ભણીને આવી પંડિતાઈ! એ પંડિતાઈ શું કરે તને? નુકસાનર કરશે, બાપુ! આહા..હા..! આત્મા અંતર આનંદસ્વરૂપ પ્રભુ, ચૈતન્યમૂર્તિ નિરંજન શુદ્ધ આનંદ એ પરનું શું કરે? અને એ પરથી શું લે? એનામાં ક્યાં ખામી છે? આહા..હા..!

ચક્રવર્તીને ઘરે કોઈ ભૂલથી વાઘરણ પરણી ગઈ હોય. વાઘરણની ટેવ એવી કે ગોખલામાં ટોપલો મૂકી અને દાણા ઓલા શું કહેવાય? દાંતણ, બાવળના દાંતણ. એ ભાઈ! એ મા-બાપ! રોટલો આપજો.. રોટલો આપજો. હવે એ ચક્રવર્તીનું છે અને ભિખારી આ શું છે તારું? એમ આ મોટો આનંદનો નાથ પ્રભુ છે અંદર. વસ્તુ છે કે નહિ? આત્મા પદાર્થ છે કે નહિ? તત્ત્વ છે કે નહિ? સત્ છે કે નહિ? છે તો એ દુઃખરૂપ હોઈ શકે વસ્તુ? દુઃખ તો વિકાર છે. એ તો આનંદરૂપ છે પ્રભુ અંદર. આહા..હા..! એની ખબર ક્યાં છે એને? સમજાણું કાંઈ? એ આનંદરૂપી વસ્તુનો ધરનાર ભિખારીની પેઠે બહારથી માગે મને કાંઈક સુખ આપજો ભોગમાંથી, વિષયમાંથી, આ ધૂળમાંથી તારા પૈસા. પાંચ કરોડ, બે કરોડ પૈસાની ધૂળ. આહા..હા..! પૂનમચંદનો કાગળ આવ્યો મારે ત્યાં ઉતરજો. એય..! હિંમતભાઈ ક્યાં ગયા? તમારાનો આવ્યો છે. મહારાજ અમારે ત્યાં ઉતરે એક દિ'. ક્યાં પણ અહીં વખત છે? આહા..હા..! એ એમ કે મહારાજ ઉતારા કરે એટલે પછી આપણને લાભ. અહીં ક્યાં વખત હતો? આહા..હા..! પૈસાવાળા છેને માણસ. પાંચ કરોડ રૂપિયા એની પાસે, છોકરા પાસે. એનો કાગળ આવ્યો છે. એક દિ' મારે ત્યાં મહારાજનો ઉતારો કરજો. ભાઈ, અહીં વખત ક્યાં છે? એક દિ' જાવું પડશે. રાતે જાવું પડશે સાંજે. બીજે દિ' સવારે તો મદ્રાસ. ઓલા પંદર દિ'માં એકાદ દિ' ખાવા જાય આહાર કરવા. અરે..! પણ માણસને એવું છે કે ઓલી મમતા બધી છોડવી નથી અને આવું કાંઈક કરીને આપણું પાપ ધોવાઈ જાય.

**શ્રોતા :-** આપ પધારો તો રૂપિયાના ઢગલા થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એના પુણ્ય હોય તો થાય છે. પણ આના પુણ્ય છેને એટલે ચમત્કાર લોકોને દેખાય છે.

**શ્રોતા :-** ચમત્કારનો ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ચમત્કાર તો ચૈતન્યનો છે પ્રભુ અહીં તો. બાકી અમારી પાસે બીજો ચમત્કાર છે જ નહિ.

ચૈતન્યચમત્કાર. આહા..હા..! વસ્તુ છેને આત્મા? પદાર્થ છેને? તો એમાં વસેલી શક્તિઓ છે કે નહિ? વાસ્તુ લે તો ઘરમાં લેતા હશે કે ઝાડ ઉપર લેતા હશે? આહા..હા..! એમ આત્મા વસ્તુ છે એમાં વસેલી શક્તિઓ છે, પ્રભુ! તને ખબર નથી. અનંત-અનંત ગુણ વસેલા છે એમાં. આહા..હા..! પ્રભુ! તને તારી ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો એક-એક ગુણ અનંત શક્તિનો સાગર છે. આહા..હા..! અનંત ગુણનો સંગ્રહાલય ભગવાન ગોદામ છે આત્મા. અરે..! પ્રભુ! એમાંથી તારે કાઢવું હોય એટલું કાઢ એવી ચીજ છે, ભાઈ! આહા..હા..! તું પામર નથી. આહા..હા..! અનંત શક્તિનો સંગ્રહ છે. સ્વભાવ સ્વભાવ વસ્તુ છે કે નહિ? અસ્તિ છે કે નહિ? છે કે નહિ આત્મા? તો છે તો એ કોઈ ચીજ એમાં સ્વભાવ છે કે નહિ? કે છે એનો સ્વભાવ ન હોય કાંઈ? સાકર છે તો એનો સ્વભાવ ગળપણ હોય કે નહિ? અફીણ છે તો એનો સ્વભાવ કડવો હોય કે નહિ? તો આત્મા છે તો એનો કોઈ સ્વભાવ હોય કે નહિ? આહા..હા..! એ તો જાણે, દેખે અને આનંદ એનો સ્વભાવ છે. ભાઈ! તને ખબર નથી. આહા..હા..! બહારની પ્રવૃત્તિ કરીને જાણે ધર્મ થઈ જશે. ભક્તિ કરી ભગવાનની, પૂજા, જાત્રા એ તો રાગ છે, સાંભળને. એ અશુભથી બચવા આવે, પણ એનાથી કલ્યાણ થઈ જાય એ વાતમાં માલ કાંઈ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કહે છે, એ અજ્ઞાનમય અધ્યવસાય છે. '**(અર્થાત્ તે અધ્યવસાય જ) પોતે રાગાદિરૂપ હોવાથી...**' જુઓ લ્યો ઠીક! એ રાગાદિરૂપ છે એને જ અધ્યવસાય કીધો છે, ભાઈ! 'આને હું જીવાડી દઉં, આને સુખી કરી દઉં' એ તારો રાગ અધ્યવસાય મિથ્યાત્વ છે. આહા..હા..! આવી વાતું ભારે આકરી પડે જગતને. આહા..હા..! એ '**રાગાદિરૂપ હોવાથી તેને શુભાશુભ બંધનું કારણ છે.**' લ્યો અહીં તો એમ કહે છે.

'**ભાવાર્થ :- મિથ્યા અધ્યવસાય બંધનું કારણ છે.** '

'**હવે, અધ્યવસાયને બંધના કારણ તરીકે બરાબર નક્કી કરે છે-ઠરાવે છે (અર્થાત્ મિથ્યા અધ્યવસાય જ બંધનું કારણ છે એમ નિયમથી કહે છે) :-**' ૫૯ને? ૬૦-૬૦. ઓલી કોર છે. ૬૦ ને ૬૧.

दुक्खिदसुहिदे सत्ते करेमि जं एवमज्झवसिदं ते।
तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि।।२६०।।
मारिमि जीवोवेमि य सत्ते जं एवमज्झवसिदं ते।
तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि।।२६१।।

કરતો તું અધ્યવસાન-'દુખિત-સુખી કરું છું જીવને',

તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૦.
કરતો તું અધ્યવસાન-'મારું જિવાડું છું પર જીવને',
તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૧.

ભાષા જુઓ, ઓલા પ્રશ્ન કરે છેને? હમણા પ્રશ્ન કર્યો હતો ઓલાએ, શ્વેતાંબર નહોતા આવ્યા વકીલ? કુંડલાના. એમ કે પુણ્યબંધ છેને? પુણ્યબંધ છે. પણ મિથ્યાત્વસહિત પુણ્યબંધ છે એ પુણ્યબંધ છે. અધ્યવસાય 'પરને જીવાડું, પરને સુખી કરું' એ અભિપ્રાય મિથ્યાત્વ છે અને મિથ્યાદષ્ટિને પુણ્ય બંધાય છે, તો મિથ્યાશ્રદ્ધાની ભૂમિકામાં પુણ્ય બંધાય છે એ તો પાપ છે ખરેખર તો. આહા..હા..! આકરી વાતું છે, બાપુ! મારગડા જુદાં નાથ તારા. આહા..હા..! આ તો હાડકા છે માંસ ને ચામડા. એ કાંઈ આત્મા નથી. આહા..હા..! આ તો હાડકાનો માળો છે બધો. એકલા સ્મશાનમાં હળ.. હળ.. અગ્નિ સળગશે. અંદર આત્મા તો અવિનાશી ચીજ છે. આહા..હા..! અનાદિ અનંત જેની આદિ નથી, જેનો નાશ નથી. આહા..હા..! એવો ભગવાન આત્મા એને જાણ્યા વિના આ બધી ક્રિયાઓ કરે એમાં સંસાર છે, સંસારનું રખડવું બંધ નહિ થાય. આહા..હા..! કહો, દેવજીભાઈ! લ્યો, એકકોર મંદિર કરાવ્યું અને વળી એકકોર કહે કે એનાથી શુભભાવ થાય, બંધનું કારણ થાય.

**શ્રોતા :-** મંદિર કરાવવાનો ભાવ એ પણ શુભભાવ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શુભભાવ છે. હોય છે, અશુભથી બચવા ભાવ હોય છે, પણ એનાથી એમ માની લે કે આમાંથી અમે જન્મ-મરણરહિત મને ધર્મ થશે. આહા..હા..! એ લાખ મંદિર બનાવે અને કરોડ રૂપિયા ખર્ચે, ધર્મ હરામ છે એમાં. આહા..હા..! એય..!

**શ્રોતા :-** સાધન થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય સાધન નથી, રાગનું સાધન છે. શુભરાગનું નિમિત્ત છે. આવી વાત છે બાપુ અહીં તો. હોય છે અશુભ ટાળવા માટે, પણ એને એમ માની બેસે કે અમારું કલ્યાણ થઈ જશે આનાથી, એ વાતમાં માલ કાંઈ છે નહિ. આહા..હા..! લ્યો! જુઓ, ટીકા છેને?

'**ટીકા :- મિથ્યાદષ્ટિને જે આ...**' મિથ્યા નામ જૂઠી દૃષ્ટિ, અસત્ય દૃષ્ટિ. એટલે કે '**આ અજ્ઞાનથી જન્મતો રાગમય અધ્યવસાય છે...**' 'પરને જીવાડી શકું છું, પરને સુખી કરી શકું છું' એવો જે રાગમય અધ્યવસાય એ પુણ્યબંધનું કારણ છે. સમજાણું કાંઈ? '**એમ બરાબર નક્કી કરવું.**' જોયું! '**રાગમય અધ્યવસાય છે તે જ બંધનું કારણ છે એમ બરાબર નક્કી કરવું. અને પુણ્ય-પાપપણે બંધનું બે-પણું હોવાથી બંધના કારણનો ભેદ ન શોધવો...**' આહા..હા..! એમ કે આ પુણ્ય બંધાય છે અને આમાં પાપ છે માટે ભેદ છે કાંઈક. આહા..હા..! આવી વાતું, બાપુ! એણે અનંતકાળમાં પરિભ્રમણમાં કોઈ દિ' કર્યું જ નથી સત્ય. એમ ને એમ રખડી મર્યો છે. શેઠિયા થાય બે-પાંચ-દસ કરોડવાળા તો એના અભિમાન ચડી જાય એને પૈસાના. પૈસા ખર્ચીએ એટલે ધર્મ થઈ જાય. ધૂળમાંય નથી ધર્મ. આહા..હા..! પૈસાથી ધર્મ થાય તો ગરીબને રોવું પડે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આપણા કાઠિયાવાડમાં મોટો કરોડપતિ આ છે. શું નામ ભૂલી ગયા. પૂનમચંદ તમારો.

આપણા મુમુક્ષુમાં પાંચ કરોડનો કાઠિયાવાડી તો એ જ છેને મોટો? હિન્દુસ્તાનમાં ઓલો રતનલાલ પાંચ કરોડ, દિલ્હીમાં ઓલો શાહુજી ચાલીસ કરોડ. આ બધા કરોડોપતિ. એક કરોડ ને બે કરોડ બધા રખડતા. ભગવાનજીભાઈ!

**શ્રોતા :-** પૈસાની કિંમત તો સાવ ઉડાડી દીધી. ... એમાં શું ફેર પડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાં શું છે પણ એ તો માટી છે. આહા..હા..!

અંદર આત્મા આનંદનો નાથ પ્રભુ છેને. આહા..હા..! એનામાં રાગ-દ્વેષ થાય છે એ તો દુઃખરૂપ છે, એ એનું વાસ્તવિક સ્વરૂપ નથી, તેથી અનાદિથી રખડ્યા કરે છે રાગ-દ્વેષ કરીને. પણ એનું સ્વરૂપ જે છે ચિદાનંદ શુદ્ધ આનંદઘન નિરંજન નિરાકાર અખંડાનંદ પ્રભુ આહા..! એ તો પવિત્ર સ્વરૂપ છે અંદર. આહા..હા..! એને ભૂલીને બીજાને જીવાડી શકું, મારી શકું, સુખી કરી શકું આને દુઃખી કરી શકું.

**'એને પુણ્ય-પાપપણે બંધનું બે-પણું હોવાથી બંધના કારણનો ભેદ ન શોધવો (અર્થાત્ એમ ન માનવું કે પુણ્યબંધનું કારણ બીજું છે અને પાપબંધનું કારણ કોઈ બીજું છે);... '** જોયું! પંડિતને એ કહેવું હતું ભાઈ વકીલને કે પુણ્ય તો બંધાયને, પણ એ મિથ્યાત્વસહિત પુણ્ય બંધાય માટે એમાં કાંઈ આ ઠીક છે અને આ પાપ અઠીક છે એમ ન શોધવું. આહા..હા..! આકરી વાતું, બાપુ! દુનિયાથી જુદી જાત છે. શું કીધું એમાં? **'પુણ્યબંધનું કારણ બીજું છે અને પાપબંધનું કારણ કોઈ બીજું છે...'** એમ ન શોધવું. આહા..હા..! એટલે? 'બીજાને જીવાડી શકું છું અને સુખ આપુ છું' એ પણ બંધનું જ કારણ છે પુણ્ય. અને 'દુઃખી કરી શકું છું આને અને આને પ્રતિકૂળ સંયોગ આપી શકું છું, આને મારી શકું છું' એ બંધનું કારણ છે. પાપનું, ઓલું પુણ્યનું પણ બંધનું કારણ બેય એક છે. કહો, ફૂલચંદજી! લ્યો આવું છે. પૈસાવાળાનું તો બધું અભિમાન ગળી જાય એવું છે આ.

બાપુ! પ્રભુ! તું તો નિરંજન શુદ્ધ ચૈતન્યઘન છો. આહા..હા..! અરે..! બાપુ! એ તો જાણનાર-દેખનાર છે. થાય તેને જાણે-દેખે. થાય તેને કરે એમ માનવું એ માન્યતા મિથ્યાત્વ છે. આહા..હા..! અરેરે..! એવી વાતું સાંભળવી મુશ્કેલ પડે.

**શ્રોતા :-** ક્યાંય ચોખ્ખી વાત નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત જ બધી ગોટે ચડી ગઈ. આહા..હા..!

આચાર્ય મહારાજ એમ કહે છે કે એ રાગમય અધ્યવસાય એ જ બંધનું કારણ છે એમ નક્કી કરવું. છેને? આહા..હા..! એમ ન વિચારવું કે આ પુણ્યનું કારણ બીજું છે અને પાપનું કારણ બીજું છે. આહા..હા..! **'કારણ કે એક જ અધ્યવસાય દુઃખી કરું છું, મારું છું એમ અને સુખી કરું છું, જિવાડું છું...'** આહા..હા..! અધ્યવસાય ઉપર જોર આપે છે એ લોકો. સમજ્યાને ભાઈ! અધ્યવસાય ઉપર. પણ રાગ કીધો એને અધ્યવસાય કીધો છે એમાં શું છે?

**શ્રોતા :-** અધ્યવસાયના બે અર્થ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય અર્થ થાય. એમ કે અધ્યવસાય અને એકત્વબુદ્ધિથી પાપ લાગે અને પુણ્ય થાય એમ બંધાય, પણ જેને એકત્વબુદ્ધિ નથી એના પરિણામથી પ્રશસ્ત પુણ્ય અને પ્રશસ્ત પદ

મળે એમ કહે છે. અરે..! ભગવાન! શું કરે છે બાપુ તને? પૈસાવાળા થાય અને આ દેવ થાય એ પદ સારા કહેવાય? ધૂળના પદ એ. આહા..હા..! જેને રાગ થાય તેને પુણ્યની ઈચ્છા નથી, પાપ થાય તેની પણ જેને ઈચ્છા નથી. આવી ગયું છે આપણે નિર્જરા અધિકારમાં. આહા..હા..! ભાવ થાય, પણ એની ઈચ્છા નથી. આહા..હા..! મીંદડીની કડ તૂટી જાય પછી જરી ચાલે પણ પછી લુલુ થઈને ચાલે, એમ રાગ અને આત્મા ભિન્ન પડ્યા અંદર પછી રાગ થાય પણ એ મીંદડીના કડના ટૂટવા જેવો ચાલે પછી આમ આમ. આહા..હા..! ...ભાઈ! આવી વાતું છે બાપુ બહુ આ. અરે..! દુનિયા હેરાન થઈ થઈને મરી જાય છે. એક તો સંસારના પાપ કરીને મરી જાય છે. આખો દિ' ધંધો, આ બાયડી, આ છોકરા, આ રળવું એકલા પાપના પોટલા. એમાં ધર્મને નામે આવે તો એને દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો તમને ધર્મ થાય. ત્યાં મારી નાખ્યા પાછા. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે ઓલો સાંઈબાબો વળી નીકળ્યો. બીજાને જીવાડી દઈએ. આમ ભસ્મ કાઢે છેને હાથમાંથી? અહીં કોથળીમાં રાખી હોય ને આમ કરે, આ રાખ ભસ્મ લઈ જાવ. જાવ રોગ મટી જશે, જાવ ફલાણું થઈ જશે. આહા..હા..! મારી નાખ્યા. એની સામે તો પોકાર આવ્યો છે મોટો પડકાર આવ્યો છે. તારો જાદુગર જૂઠો છે. લાવ પડકાર કરીને લાવ અમારી પાસે આવ. આવા ઢોંગ ચાલે? ભગવાન ચૈતન્ય સ્વરૂપ બિરાજે છે એના ચમત્કારની તો તને ખબર નથી અને બહારના આવા ચમત્કાર ખોટા ઢોંગી બીજાને જીવાડવા, બીજાને મારી નાખવા. અમારી પાસે આવ્યો લ્યો કીધું. પૂનમચંદ. પૂનમચંદને તમારો? લ્યો એ મરી ગયો. એ તો બોલતા-બોલતા મરી ગયો હતો. ભાઈના ભત્રીજાનો દીકરો. હવે એ કહે હું હવે જાવ સાંઈબાબા પાસે. જીવતો જાવ છું. બોલતા-બોલતા મરી ગયો. હવે સાંઈબાબા પછી પૂછવું સાંઈબાબાને. વાણિયા થઈને મૂર્ખા તે કેટલા! આહા..હા..! એને પૂછ્યું કે શું કરવું આનું હવે? એમ કે જીવાડી શકો છો? કોણ? મેં બોલાવી લીધો છે. અરે..! આ મૂર્ખા માને પાછા. મેં બોલાવી લીધો છે. શું બોલાવી લીધો છે ક્યાં? પણ આ મરી ગયો એની ખબર નથી તને. આ લોકોએ ખબર આપી કે ભાઈ આવું થઈ ગયું છે. બાળી મૂકો કહે. આવા વાણિયા પણ ભાન વિનાના. આહા..હા..!

**શ્રોતા :-** .. પૈસાવાળા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસાવાળા છે. વાળા છે. વાળા છે વાળા, ઓલો વાળો નીકળતો પગમાંથી? રાડ પાડે એક વાળો નીકળે ત્યાં. આહા..હા..! તો આને કેટલા વાળા? પૈસાવાળો, બાયડીવાળો, આબરૂવાળો, કુટુંબવાળો. વાળા કેટલા ચોંટ્યા છે એને? આહા..હા..!

ખૂબી તો એ આચાર્યએ કરી કે 'બીજાને સુખી કરું અને જીવાડું' એવો જે અધ્યવસાય એ પુણ્યબંધનું કારણ છે અને 'બીજાને મારી શકું, આને હેરાન કરી શકું કે હિંસા કરું' એ પાપનું, પણ બંધનું કારણ અધ્યવસાય એક જ છે. એ રાગ જ બંધનું કારણ છે. બેયના બંધના કારણમાં જુદું નથી કાંઈ એમ કહે છે. આહા..હા..! ભગવાન તો જ્ઞાતાસ્વરૂપ, દૃષ્ટાસ્વરૂપ, જ્ઞાતા, જ્ઞાનનો દરિયો પ્રભુ છે. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્યબિંબ. આહા..હા..! એ શું કરે? રાગને કરે? પરને કરે? આવું અનાદિથી હેરાન થઈ ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સુખી કરું છું, જિવાડું છું, એમ પ્રકારે શુભ-અશુભ અહંકારરસથી...'** અહંકારરસનો અર્થ એવો કરે છે એ લોકો (કે) 'હું આને જીવાડી શકું છું' એવું જીવાડી શકે છે, પણ એનો અહંકાર ન કરવો. પણ અહીં તો જીવાડી શકું છું એ અહંકાર જ મિથ્યા છે. અર્થ બધા ફેરવી નાખ્યા. આહા..હા..!

**શ્રોતા :-** એ કહે છે, તમે ફેરવી નાખ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો કહેને. એમ જ આવ્યું છે. આહા..હા..! એને બેઠું હોય એમ કહે ને. એને બેઠું હોય એમ કહે. 'જામે જિતની બુદ્ધિ હૈ ઈતનો દિયે બતાય, વાંકો બુરો ન માનીએ ઔર કહાં સે લાય?' માર્ગ તો આ છે. સમજાણું કાંઈ?

**'શુભ-અશુભ અહંકારરસથી...'** જોયું! કોનો? શુભ-અશુભનો અહંકાર. હું કરી શકું છું અને પછી અહંકાર કરવો એમ નહિ. એ શુભ-અશુભ કરું છું એનો જ અહંકાર છે. આહા..હા..! એ **'અહંકારરસથી ભરેલાપણા વડે પુણ્ય અને પાપ—બન્નેના બંધનું કારણ હોવાથી અવિરોધ છે.** ' એમાં કાંઈ વિરોધ છે નહિ કે આમાં પુણ્ય અને પાપ બંધાય માટે ઠીક અધ્યવસાય છે અને આમાં (અઠીક અધ્યવસાય છે), એ બંધના કારણ જ અધ્યવસાય છે. **'(અર્થાત્ એક જ અધ્યવસાયથી પુણ્ય અને પાપ—બન્નેનો બંધ થવામાં કોઈ વિરોધ નથી.)'** લ્યો! આહા..હા..! રાગના પરિણામ કર્યા--જીવાડું ને સુખી કરું, દ્વેષના પરિણામ કર્યા—મારું અને દુઃખી કરું—બેય એક જ પ્રકારના અધ્યવસાય છે. એક જ અધ્યવસાયથી બંધનું કારણ છે. પુણ્ય બંધાય છે પણ બંધાય છેને. ભગવાન અંતર આનંદનો નાથ પ્રભુ અબદ્ધસ્વરૂપ, મુક્તસ્વરૂપ તે પુણ્યથી બંધાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પુણ્ય એ સોનાની બેડી છે. પાપ લોઢાની (બેડી છે). લોઢાની બેડી કરતા સોનાની બેડીનું વજન બહુ હોય. આહા..હા..! લોઢાની બેડીમાં તોલ ઓછો હોય. સોનાની બેડીમાં જાણે સોનાની પહેરી, પણ સોનાની બેડીમાં મરી જઈશ ચીકાશમાં. એનો ભાર લાગીને ઘસાઈ જશે, હાડકા ઘસાઈ જશે. આહા..હા..!

**શ્રોતા :-** લોકો સન્માન તો આપે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુનિયા તો ગાંડી છે. દુનિયા ગાંડી-પાગલ. પાગલના રિપોર્ટ શું કામના? શું કહેવાય રિપોર્ટને? સર્ટિફિકેટ. ગાંડાના સર્ટિફિકેટ! આહા..હા..! બાપુ! આ તો મારગડા જુદાં, નાથ! આહા..હા..! આવું મનુષ્યપણું મળ્યું, અનંતમાં કીડા ને કાગડામાં રખડતો અનાદિનો છે, એ કાંઈ નવો છે? આહા..હા..! એમાં જો આ તત્ત્વની વાસ્તવિક દૃષ્ટિ છે, વાસ્તવિક એનું સ્વરૂપ છે એ રીતે એના પ્રતીતમાં અને અનુભવમાં ન આવે (તો) જન્મ-મરણ નહિ મટે. સમજાણું કાંઈ? એ ચોર્યાસી લાખની યોનિમાં રખડીને મરી જાય છે. આહા..હા..!

**'ભાવાર્થ :- આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે.'** છે? પુણ્ય-પાપના શબ્દ નથી. અજ્ઞાનમય અધ્યસાય જ બંધનું કારણ બસ. આહા..હા..! **'તેમાં, 'જિવાડું છું, સુખી કરું છું' એવા શુભ અહંકારથી ભરેલો...'** એ 'શુભને કરું છું અને આને કરું છું' એ જ અહંકાર છે. **'તે શુભ અધ્યવસાય છે અને 'મારું છું, દુઃખી કરું છું' એવા અશુભ અહંકારથી ભરેલો તે અશુભ અધ્યવસાય છે.'** આહા..હા..!

**શ્રોતા :-** અહંકાર .. તો બંનેમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય છે એ તો. આહા..હા..!

રામજીભાઈ બિચારા, રામજી હંસરાજ તમારા છેલ્લે અહીં આવ્યા હતાને. (કહેતા હતા), હવે મહારાજ! મારે અહીં રહેવું છે. પણ પૈસાવાળા માણસ અને પૈસા આપે જ્યાં ત્યાં. લાખ રૂપિયા ને બે લાખ ને પૂછડું ને ઢીંકણું. મારી નાખ્યા સૌએ વખાણ કરીને. રોકાઈ ગયા. આવ્યા જ નહિ પછી લ્યો. નહિતર અહીં આવ્યા હતાને બિચારા નરમ. પ્રકૃતિ ઓલી હતી. સાંભળીને ઓહો..હો..! અરેરે..! હવે તો નિવૃત્તિ લઈને અહીં રહેવા આવવું છે. આહા..હા..! વયા ગયા, થઈ રહ્યું ઊડી ગયા. અમરેલીમાં કાંઈક પૈસા આપ્યા હતાને બોર્ડિંગમાં. અમરેલી. શું આપ્યા હતા કાંઈક? અપાસરો કર્યો નરભેરામભાઈએ ને બધાએ સ્થાનકવાસી. એમાં શું થયું હવે લાખ-બે લાખ ખર્ચ્યા એમાં. એ પૈસા તો જડ-માટી છે. આહા..હા..! લોકો એમાં વખાણ કરેને એમાં જીવન વયું જાય, થઈ રહ્યું. આહા..હા..!

આને ભાઈને કહ્યું હતું મેં. શાહુજી. ૪૦ કરોડ રૂપિયા છે અત્યારે દિલ્હી. શાહુજી કેવા? શાહુપ્રસાદ. આવ્યા હતા ત્યાં ફતેહપુર. ૪૦ કરોડ રૂપિયા. મેં કીધું પણ આમ મરી જશો જ્યાં ત્યાં મોટા-મોટા કરીને. જીવન ચાલ્યું જાય છે તમારું. પૈસાવાળા માણસ. મોટા કરે અમારી સભા ભરાય આવજો તમે. અમારી સભા ભરાય ત્યાં આવજો. કારણ કે પછી આશા રાખે કે આવો માણસ આવ્યો તો બે-પાંચ-દસ હજાર તો આપશે. આ જિંદગી ચાલી જાય છે કીધું, આમાં ને આમાં તમારી. અમારે તો ક્યાં પૈસા લેવા હતા એની પાસેથી? સાંભળતા હતા હોં બિચારા. જુઓ કીધું મારે કાંઈ આમાં છે નહિ, પણ તમે આ પૈસાવાળા ઘણા, તમને જ્યાં સભા ભરાય ત્યાં બોલાવે મોઢા આગળ. વખત તમારો મફતનો જાય છે પાપમાં બધો. એય..! ભગવાનજીભાઈ! સાંભળે. અડધો કલાક સાંભળ્યું. પછી જતા રહ્યા. મહારાજ! હું જાઉં છું. આહા..હા..!

**શ્રોતા :-** માણસ ઠગાઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઠગાઈ છે માણસ આમને આમ. બહારની હોંશુ. આહા..હા..! બહારના સન્માન ને લોકો વખાણે ઓહો..હો..! આણે તો દાન કર્યા ને આણે આમ કર્યું. એની તક્તી ચોડે પાછી પત્થરની, મકાનમાં. આમણે પચાસ હજાર આપ્યા છે ને લાખ આપ્યા છે. શું એમાં ધૂળમાં તારી. આહા..હા..! તારો આત્મા અંદર કોણ છે એની તો તને ખબર નથી. જે ચીજ છે તત્ત્વ છે, તું કોણ એની તો ખબર નથી, આત્મજ્ઞાન નથી અને બીજાના જ્ઞાન કરવા મરી ગયો, મથી ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? આતમજ્ઞાન કહીએ. જોયું! આ અધ્યવસાયમાં કાંઈ આત્મજ્ઞાન નથી. આહા..હા..! આત્મા શુદ્ધ ચૈતન્ય નિરંજન પવિત્ર એનું જ્ઞાન થવું જોઈએ. એ જ્ઞાનમાં રાગાદિ હોય નહિ અને એને એનાથી બંધન થાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**''મારું છું, દુઃખી કરું છું' એવા અશુભ અહંકારથી ભરેલો તે અશુભ અધ્યવસાય છે. અહંકારરૂપ મિથ્યાભાવ તો બન્નેમાં છે; તેથી અજ્ઞાનમયપણે બન્ને અધ્યવસાય એક જ છે.'** અજ્ઞાનપણાની અપેક્ષાએ બેય રાગ શુભ ને અશુભ બેય એક જ અજ્ઞાન છે. આહા..હા..! **'માટે એમ**

**ન માનવું કે પુણ્યનું કારણ બીજું છે અને પાપનું કારણ બીજું છે. અજ્ઞાનમય અધ્યવસાય જ બન્નેનું કારણ છે.'** આહા..હા..! આકરી વાતું બહુ. લ્યો, એ હિંસાનું કહ્યુંને? અને અહિંસાનું કહ્યું બેય.

**''આ રીતે ખરેખર હિંસાનો અધ્યવસાય જ હિંસા છે એમ ફલિત થયું'-એમ હવે કહે છે :-'** ૨૬૨ને?

**अज्झवसिदेण बंधो सत्ते मारेउ मा व मारेउ।**
**एसो बंधसमासो जीवाणं णिच्छयणयस्स।।२६२।।**
**મારો—ન મારો જીવને, છે બંધ અધ્યવસાનથી,**
**—આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચયનય થકી. ૨૬૨.**

આહા..હા..! **'ટીકા :- પર જીવોને પોતાના કર્મના ઉદયની વિચિત્રતાના વશે પ્રાણોનો વ્યપરોપ (-ઉચ્છેદ, વિયોગ) કદાચિત્ થાઓ, કદાચિત્ ન થાઓ,...'** શું કહે છે? પરજીવને એના કર્મને કારણે આયુષ્ય હોય અને એને સુખ-દુઃખના સાધન મળે, પણ એ પરને મારવાના ભાવ હોવા છતાં પર ન મરે. આહા..હા..! છેને? કદાચિત્ ન પણ મરે. પણ **'હું હણું છું એવો જે અહંકારરસથી ભરેલો હિંસામાં અધ્યવસાય (અર્થાત્ હિંસાનો અધ્યવસાય) તે જ નિશ્ચયથી તેને (હિંસાનો અધ્યવસાય કરનારા જીવને) બંધનું કારણ છે,...'** બીજો જીવ મરે, ન મરે એની સાથે સંબંધ નથી, એ તો આયુષ્ય હોય તો ન મરે. તું મારવા જા તો ન મરે. અને મારવાનો ભાવ કર્યો હોય છતાં ન મરે, જીવાડવાનો ભાવ કર્યા છતાં મરી જાય. એ તો આયુષ્યની સ્થિતિ પ્રમાણે રહે. આહા..હા..!

**'બંધનું કારણ છે, કેમકે નિશ્ચયથી પરનો ભાવ એવો જે પ્રાણોનો વ્યપરોપ તે પરથી કરાવો અશક્ય છે...'** જુઓ શું કહે છે? **'પરનો ભાવ એવો જે પ્રાણોનો વ્યપરોપ...'** એટલે? બીજા જીવના પાંચ ઇન્દ્રિય, મન, આયુષ્યના છે પ્રાણ એનો નાશ થવો એ પરના ભાવનો **'એવો જે પ્રાણોનો વ્યપરોપ તે પરથી કરાવો...'** એના પ્રાણનો નાશ પરથી કરાવો **'અશક્ય છે.'** આહા..હા..! શું કીધું સમજાણું કાંઈ? છે? **'નિશ્ચયથી પરનો ભાવ એવો જે પ્રાણોનો વ્યપરોપ...'** બીજાના પ્રાણનો નાશ થવો એ કાંઈ તારા ભાવના આધારે નથી. એ પરથી કરાવો અશક્ય છે. આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું લ્યો! આહા..હા..! એ પર છે, એના પ્રાણ પર છે અને એનો એ પ્રાણનો નાશ પરથી થવો અશક્ય છે. કહો, ધર્મચંદજી! આહા..હા..!

**'(અર્થાત્ તે પરથી કરી શકાતો નથી).'** એને પરના પ્રાણો છે એનું હણવું એ બીજો જીવ છે એનાથી પર છે અને પરના ભાવોનું હણવું એ પરભાવથી થાય એ બની શકતું નથી. આહા..હા..! હવે આવી તો ચોખવટ છે છતાં પંડિતો ગોટા વાળે છે. આહા..હા..!

**'ભાવાર્થ :- નિશ્ચયનયે બીજાના પ્રાણોનો વિયોગ બીજાથી કરી શકાતો નથી; તેના પોતાના કર્મના ઉદયની વિચિત્રતાવશ કદાચિત્...'** આયુષ્ય હોય અને સુખના સાધન મળે,

કદાચિત્ આયુષ્ય ન હોય અને દુઃખના સાધન મળે, કદાચિત્ મળે અને કદાચિત્ નથી. '**જે એમ માને છે–અહંકાર કરે છે કે 'હું પર જીવને મારું છું',...**' હું મારું છું એવો અહંકાર કરે. એમ કહે (છે કે) મારી તો શકે છે. એ મારી શકું છું એ જ અહંકાર છે. આહા..હા..! એક તત્ત્વ બીજા તત્ત્વને શું કરે? એક બીજામાં અભાવ છે, અત્યંત અભાવ છે. આહા..હા..! ''**હું પર જીવને મારું છું', તેનો તે અહંકારરૂપ અધ્યવસાય અજ્ઞાનમય છે, તે અધ્યવસાય જ હિંસા છે-પોતાના વિશુદ્ધ ચૈતન્યપ્રાણનો ઘાત છે,...**' આહા..હા..! 'પરને મારી શકું છું' એવા ભાવ એ પોતાના પ્રાણોનો ઘાત છે. સમજાણું કાંઈ? એમ 'પરને જીવાડી શકું છું' એવો જે ભાવ એ પોતાના ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટાના પ્રાણનો ઘાત છે. આહા..હા..! '**અને તે જ બંધનું કારણ છે. આ નિશ્ચયનયનો મત છે.**' લ્યો!

'**અહીં વ્યવહારનયને ગૌણ કરીને કહ્યું છે...**' કહેવાય, બહારથી બોલાય એમ કે આણે જીવાડ્યો, માર્યો. એ તો વ્યવહારનું કથન છે. '**માટે, તે કથન કથંચિત્ (અર્થાત્ અપેક્ષાપૂર્વક) છે એમ સમજવું; સર્વથા એકાતંપક્ષ તો મિથ્યાત્વ છે.**' એમ ન કરવું. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા વદ-૧૦, રવિવાર, તા. ૧૩-૦૨-૧૯૭૭, ગાથા-૨૬૩-૨૬૪, પ્રવચન નં. ૩૧૮

સમયસાર, ૨૬૩-૨૬૪. '**હવે, (હિંસા-અહિંસાની જેમ સર્વ કાર્યોમાં) અધ્યવસાયને જ પાપ-પુણ્યના બંધના કારણપણે દર્શાવે છે :-**'

एवमलिए अदत्ते अबंभचेरे परिग्गहे चेव।
कीरदि अज्झवसाणं जं तेण दु बज्झदे पावं।।२६३।।
तह वि य सच्चे दत्ते बंभे अप्परिग्गहत्तणे चेव।
कीरदि अज्झवसाणं जं तेण दु बज्झदे पुण्णं।।२६४।।

**એમ અલીકમાંહી, અદત્તમાં, અબ્રહ્મ ને પરિગ્રહ વિષે,**
**જે થાય અધ્યવસાન તેથી પાપબંધન થાય છે. ૨૬૩.**
**એ રીત સત્યે, દત્તમાં, વળી બ્રહ્મ ને અપરિગ્રહે,**
**જે થાય અધ્યવસાન તેથી પુણ્યબંધન થાય છે. ૨૬૪.**

'**ટીકા :- એ રીતે (-પૂર્વોક્ત રીતે) અજ્ઞાનથી આ જે હિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે...**' એટલે? 'બીજાની હિંસા કરી શકું છું' એવો જે અધ્યવસાય કરે છે. છેને? '**હિંસામાં**

**અધ્યવસાય કરવામાં આવે છે...'** એ લોકો અધ્યવસાયને નાખે છે બંધમાં. એક ન્યાયે અધ્યવસાય એટલે એકત્વબુદ્ધિ છે એ બંધનું કારણ છે. ધર્મીને એકત્વબુદ્ધિ નથી, છતાં પરિણામ હોય છે—હિંસા-અહિંસા આદિના પરિણામ હો, પણ એ પરિણામનો એ કર્તા નથી અને પરિણામથી એને બંધ થાય છે એને અહીંયાં ગૌણ ગણવામાં આવે. જરી વાત (સૂક્ષ્મ છે). શું કહ્યું? કે 'બીજાની હિંસા કરી શકું છું એમ બીજાની દયા પાળી શકું છું' એવો જે અભિપ્રાય અધ્યવસાય એ મિથ્યાદૃષ્ટિનો અધ્યવસાય છે. સમજાણું કાંઈ? એમ 'બીજાને જીવાડી શકું છું' એવો જે પરિણામ અધ્યવસાય એ મિથ્યાત્વ છે.

હવે એ પરિણામ જેને ન હોય, ધર્મી જીવને પરની દયા પાળી શકું છું કે હિંસા કરી શકું એ ન હોય. છતાં એને નબળાઈના પરિણામ (હોય), એ કરું છું અને બચાવું છું એ નહિ, પણ એને હિંસાના અથવા અહિંસાના વિકલ્પ આવે. એ તો વાત થઈ ગઈ છેને પહેલી કે બીજામાં હું નિમિત્તમાત્ર છું. મેં હિંસા કરી છે અને મેં દયા પાળી છે એમ નથી. તો એના પરિણામમાં બંધ છે એ એકત્વબુદ્ધિની અપેક્ષાએ એને બંધ નથી. એ પરિણામથી બંધ છે એને ગૌણ ગણીને એકત્વના અભિપ્રાયથી બંધ છે તેને આ બંધ નથી એમ કહેવામાં આવ્યું. પણ જ્યારે એના પરિણામ છે ત્યારે એને ગણવું હોય ત્યારે અસ્થિરતાના પરિણામ પણ બંધનું કારણ છે, એકત્વબુદ્ધિ ન હોય છતાં. ઝીણી વાત છે થોડી. સમજાણું કાંઈ? અને એ 'પરને જીવાડી શકું છું કે મારી શકું છું' એવો જે અધ્યવસાય એકત્વબુદ્ધિ એ બંધનું કારણ છે અને જ્ઞાનીને અધ્યવસાય એકત્વબુદ્ધિનો નથી, પણ એને વિભાવ પરિણામ થાય છે. એ વિભાવ પરિણામ એને બંધનું કારણ છે, પણ એકત્વની દૃષ્ટિએ બંધ પડે છે તે અપેક્ષાએ તેને બંધ નથી એમ કહેવામાં આવ્યું, પણ જેના વિભાવિક પરિણામ છે એ અપેક્ષાએ એને બંધ છે એમ કહેવામાં આવે છે.

અને એ અધ્યવસાયના પ્રકાર બે લીધા, આમ ત્રણ લીધા અને આમ ચાર લીધા. 'પરને મારી શકું છું' એવી જે સ્વપરની એકત્વબુદ્ધિ એ અધ્યવસાય. એ મિથ્યાત્વના અધ્યવસાય એ બંધનું કારણ. એક વિભાવ. એકત્વબુદ્ધિ ભલે ન હોય, પણ વિભાવ પરિણામ છે એને અધ્યવસાય કહેવામાં આવે છે. અરે.. આવી વાતું છે. એ વિભાવ પરિણામ છે એ બંધનું કારણ છે, પણ એકત્વબુદ્ધિની અપેક્ષાએ તેને બંધ ન પણ ગણવામાં આવે. પણ પરિણામની પ્રધાનતાથી જ્યારે વિચારવામાં આવે તો એ વિભાવ પરિણામ પણ ભલે એને અધ્યવસાય કહો, તોપણ એ બંધનું કારણ છે. એકત્વબુદ્ધિનો અધ્યવસાય નહિ એ. સમજાણું કાંઈ? બહુ વાતું ફેર ભાઈ! સમજાણું? બે અને ત્રણ, મિથ્યા અભિપ્રાય અને મિથ્યા શ્રદ્ધા એને પણ અધ્યવસાય કહેવામાં આવે છે. સ્વપરની એકતાબુદ્ધિનો અધ્યવસાય અને એક સ્વપરની ફક્ત મિથ્યાબુદ્ધિ, પુણ્યમાં ધર્મ માનવો, પાપમાં મઝા માનવી એ પણ એક અધ્યવસાય મિથ્યા અભિપ્રાય કહેવામાં આવે છે. આહા..હા..! અને ચોથો, આત્મામાં એકત્વબુદ્ધિનો અધ્યવસાય એ અશુદ્ધ છે એ બંધનું કારણ છે એકત્વબુદ્ધિ રાગની સાથે, પણ જેને રાગથી ભિન્ન પ્રજ્ઞાછીણી-પ્રજ્ઞા પર્યાય દ્વારા આત્મા સાથે એકત્વ કર્યો છે એ પણ એક અધ્યવસાય કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :-** નિર્મળ પરિણામ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરિણામ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** નિર્મળ પરિણામ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિર્મળ પરિણામ એને અધ્યવસાય કહેવાય. અધ્યવસાય કેમ? સ્વભાવ સાથે એકત્વ છે ને એને પણ અધ્યવસાય કહેવામાં આવે છે. એ અધ્યવસાય મોક્ષનું કારણ છે. આહા..હા..! આ વધારે આ તો ઓલું થોડું ઓલા લોકો કહે છેને કે અધ્યવસાય જ બંધનું કારણ.. એ અધ્યવસાય એટલે? એ એકત્વબુદ્ધિ હોય તો બંધનું કારણ છે. એકત્વબુદ્ધિ નથી અને કરે છે એ બંધનું કારણ નથી એમ કહે છે. મોટો ફેર. આહા..હા..! સમજાણું કાંઈ? એક વાત.

જે પરિણામ પરસન્મુખથી થયા છે એને એકત્વબુદ્ધિની અપેક્ષાએ અધ્યવસાય કહીએ. એકત્વબુદ્ધિ ન હોય તોપણ પર અપેક્ષાએ થયા છે ભાવ એને પણ વિભાવને બંધનું કારણ કહીએ અને કોઈપણ અભિપ્રાય પરમાં સુખ છે, પુણ્યથી ધર્મ છે, પાપમાં મજા છે એવો જે અભિપ્રાય પણ અધ્યવસાય અને બંધનું કારણ છે. હવે? જે જ્ઞાન પરસન્મુખ હતું એ બંધનું કારણ છે, પણ જે જ્ઞાન પ્રજ્ઞાછીણી-જેની પ્રજા પર્યાય છે તેની સન્મુખ જોઈને જ્ઞાન કર્યું, સ્વનું જ્ઞાન કર્યું એ અધ્યવસાય છે, પણ એ મોક્ષના કારણરૂપ અધ્યવસાય છે. જરી વાત ઝીણી છે. આ આટલું સ્પષ્ટીકરણ હમણાં આવ્યું નથી. આ તો ઓલામાં અધ્યવસાય લખ્યો છેને એટલે કીધું ભાઈ આ શું કરે છે આ? જ્યાં જ્યાં જે જે યોગ્ય છે ત્યાં તેને સમજવું જોઈએ. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને એમ કહ્યું કે ઉપયોગમાં રાગ કરતો નથી માટે તેને બંધ નથી. અસ્થિરતાના પરિણામને ગણ્યા નથી ત્યાં. અને ઉપયોગમાં રાગને કરે છે તે બંધનું કારણ છે. સમજાણું કાંઈ? આ બંધની શરૂઆતમાં એ કર્યું છેને. આહા..હા..! મૂળમાં એ વાત છે.

**શ્રોતા :-** ઉપયોગ ભૂમિકામાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપયોગ ભૂમિકામાં. રાગ કરે એમ નહિ, ઉપયોગમાં જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે એની સાથે રાગને એકત્વ કરે છે એ મિથ્યાત્વભાવ બંધનું કારણ છે. પ્રવિણભાઈ! ઝીણું બહુ છે બાપુ! આહા..હા..! આ તો ઓલો અધ્યવસાય આવ્યોને એ ઉપરથી આ બધા વિચારો આવ્યા. ચાલતું હોય બધું અનેક પ્રકારનું મંથન તો. અરેરે..! શું કરે છે આ? અને જે જ્ઞાનના પરિણામ—પર્યાય સ્વસન્મુખ થાય છે એ પરિણામને અધ્યવસાય કહીએ પણ એ મોક્ષનું કારણ છે. આમાં યાદ રહેવું મુશ્કેલ પડે. પોપટભાઈ! આહા..હા..! આ ભાવનગરવાળા આવે ત્યારે એવું આવે છે લ્યો જરી. ક્યાં ગયા હીરાભાઈ, નથી આવ્યા? હીરાભાઈ કાલે આવ્યા હતા.

**શ્રોતા :-** આજે આવ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં છે?

**શ્રોતા :-** પાછળ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોટરમાં? ઠીક. સમજાણું કાંઈ?

હવે એક રહી ગયું છે, શ્રીમદ્‌માં અધ્યવસાયનું. પણ એ તો વાંચીએ ત્યારે કરશું. આઠ બોલ છેને એમાં પણ? અધ્યવસાયના જુદાં-જુદાં બોલ. પરિણામ આને કહીએ, અધ્યવસાય આને કહીએ, સંકલ્પ આને કહીએ, વિકલ્પ આને કહીએ એવા છે. મગજમાં આવે પણ આ કાંઈ યાદ રહે છે એક ઠેકાણે

બધું? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો! ઉપયોગમાં જ્ઞાનસ્વભાવમાં, રાગ જે પરવસ્તુ છે તેના સન્મુખ થઈને એકત્વબુદ્ધિ કરવી... આહા..હા..! એ અધ્યવસાય મિથ્યાત્વ છે. અને જે જ્ઞાનના પરિણામ જ્ઞાયક સાથે એકત્વ થાય... આહા..હા..! જે જ્ઞાનના પરિણામ—પ્રજા પિતા સાથે એકત્વ થાય, પિતા પરમાત્મા પોતે... આહા..હા..! એ અધ્યવસાયને મોક્ષનું કારણ કહે છે. એને અધ્યવસાય કહેવાય. ફૂલચંદજી! બહુ વાત ફેર છે. ઝઘડા... ઝઘડા... ઝઘડા. સમજાય છે કાંઈ?

અહીંયાં એ કહે છે. અહીં તો અજ્ઞાનથી 'હું હિંસા કરી શકુ છું' એ ભાવ છે અહીં. જ્ઞાનીને હિંસાના પરિણામ જરી થાય, એ માને છે કે હું કરી શકતો નથી, પણ પરિણામ જરી થાય તે તરફના તે પાપ છે. એને એકત્વબુદ્ધિના બંધની અપેક્ષાએ તે પાપને ગૌણ કરી નાખ્યું છે, પણ સીધા પરિણામથી વાત જો જોવે તો એ પરિણામ તો બંધનું કારણ છે. સમજાય છે? '**તેમ અસત્ય,...**'માં. જૂઠું બોલવું. એમાં એકત્વપણું. આ ભાષા હું કરી શકું છું જૂઠા બોલવાની. આહા..હા..! એ અધ્યવસાય પણ મિથ્યાત્વ અને બંધનું કારણ છે. સમજાણું કાંઈ? જયંતિભાઈ! આ તમારે રવિવારે જ આવે છે આ બધું. આ પહેલુંવહેલું આવ્યું સ્પષ્ટીકરણ છે હોં! આહા..હા..! અરે..! વીતરાગનો માર્ગ તો જુઓ, ભાઈ! આહા..હા..! જે જ્ઞાનની પર્યાય—પરિણમન પરસન્મુખનું કામ કરે તે એકલો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! અને જે જ્ઞાનના પરિણામ જેની એ પર્યાય છે તેના સન્મુખ થઈને કામ કરે તો એ સમ્યગ્જ્ઞાન મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? અહીં તો એથી બીજી વાત લેવી છે કે 'હું જૂઠું બોલી શકું છું' એવો જે જૂઠા બોલવા પ્રત્યેનો અધ્યવસાય તે બંધનું કારણ છે. આહા..હા..!

એમ '**અદત્ત,...**' હું ચોરી કરી શકું છું, વસ્તુ લઈ શકું છું, કો'કના પૈસા લઉં, ફલાણી ચીજ લઉં, કપાસ ચોરું, આ કરું. એ 'હું લઈ શકું છું' એવો જે અભિપ્રાય તે મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? એમ '**અબ્રહ્મચર્ય,...**' એમ આ શરીરની ક્રિયા જે વિષયની મૈથુનની થાય એ 'મેં કરી છે, મારાથી થઈ છે' એ મિથ્યાત્વભાવ છે. અગમ પ્યાલા છે બાપુ આ તો. આહા..હા..! પરિણામ જે છે એની સાથે એકત્વબુદ્ધિ છે એની અહીં વિશેષતા છે. અબ્રહ્મના પરિણામ તો સમકિતીને પણ હોય. સમજાણું કાંઈ? આહા..હા..! પણ આ અબ્રહ્મની ક્રિયા જે થાય છે એ 'હું કરી શકું છું' એવો જે અભિપ્રાય એકત્વનો તે મિથ્યાત્વ અને બંધનું કારણ છે. આહા..હા..! કહો, રતિભાઈ! આવી ઝીણી વાતું છે આ. ભાગ્યશાળી લોકો સંપ્રદાય ફેરવીને આવ્યા. આવી વાત સાંભળવા મળે નહિ. શું થાય? બાપુ! આવો સત્યનો પંથ વીતરાગ પરમાત્માનો. આહા..હા..! અરે..! એની ગેરહાજરીમાં વારસો રહી ગયો. એમને જે કહેવું હતું એ રહી ગયું છે. આહા..હા..!

**શ્રોતા :-** મૂળ રહી ગયું મૂળ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. '**અબ્રહ્મચર્ય,...**' વિષયની ક્રિયા શરીરની એ બધી જડની છે અને હું કરી શકું છું... આહા..હા..! એ મિથ્યાત્વભાવ બંધનું કારણ છે. '**પરિગ્રહ...**' હું વસ્ત્ર રાખી શકું છું, પૈસા રાખી શકું છું, પૈસાનું વ્યાજ ઊપજાવીને વ્યવસ્થિત કામ પૈસાનું કરી શકું છું, એમ શરીરની, વાણીની આદિ ક્રિયા જે પર છે એનો પરિગ્રહ માનીને એની ક્રિયા હું કરી શકું છું—એ મિથ્યા અભિપ્રાય

બંધનું કારણ, સંસારનું કારણ છે. આહા..હા..! લ્યો, 'આ પૈસા હું રાખી શકું છું, પૈસા હું દઈ શકું છું' એવો જે પરિગ્રહનો એકત્વબુદ્ધિ ભાવ તે મિથ્યાત્વભાવ સંસારનું કારણ રખડવાનું છે. આહા..હા..! સમજાણું? જ્ઞાનીને પરિગ્રહનો ભાવ અસ્થિરતાનો હોય છે, પણ તેને 'રાખી શકું છું, દઈ શકું' એવો અભિપ્રાય નથી. એથી એને અસ્થિરતાના પરિણામને બંધ છે એને એકત્વબુદ્ધિની અપેક્ષાએ તે બંધને ગૌણ કરી નાખ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! અને એના પરિણામને મુખ્ય કરીને ગણવો હોય અસ્થિરતાના તો એ બંધનું કારણ પાપનું છે એમ લેવાય છે અબ્રહ્મમાં, પરિગ્રહમાં. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે બધોય પાપના બંધનું એકમાત્ર** (-**એકનું એક**) **કારણ છે;...** ' જોયું! આહા..હા..! હિંસા, જૂઠું, ચોરી, વિષય ક્રિયા અને પરિગ્રહ એની ક્રિયા એક પાપના બંધનું એકમાત્ર કારણ છે. હવે બીજી વાત. હવે ઝીણી એથી જરી.

'**અને જે અહિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે...**' છેને? 'હું પરને જીવાડી શકું, પરનો નિર્વાહ કરી શકું' એવો જે અભિપ્રાય તે મિથ્યાત્વ છે અને મહાસંસારના બંધનું કારણ છે. આહા..હા..! કહો, કાંતિભાઈ! આવી વાતું તમારા કાયદા-ફાયદામાં ત્યાં ક્યાંય ન મળે. પ્લેનના ઢીકણા ને ત્યાં વકીલાતના કાયદા શું? આહા..હા..! આ તો વીતરાગી કાયદા બાપા! આહા..હા..! ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ જેને એક સમયમાં પરમસત્ય અને અસત્ય બધું જ્ઞાનમાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભગવાનની વાણીમાં આમ આવ્યું આહા..હા..! કે જેમ 'પરની અહિંસા કરી શકું છું, જીવન કરી શકું છું, જીવાડી શકું છું કુટુંબને, માણસને, એકેન્દ્રિય આદિ જીવોને હું દયા પાળી શકું છું' એવો જે અભિપ્રાય તે પુણ્યબંધનું કારણ છે, પણ છે મિથ્યાત્વ ભેગું. એટલે પુણ્યબંધનું કારણ છે માટે ખુશી થવા જેવું નથી ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો બંધનું કારણ છે એમ લેવું છે. પુણ્ય અને પાપનો ફેર ન લેવો પહેલું આવી ગયું છેને. આહા..હા..! બેય બંધ જ છે. આહા..હા..!

'**તેમ જે સત્ય,...**' બોલવું. 'હું સત્ય બોલું છું, ભાષા સત્ય કરી શકું છું' એ પણ મિથ્યાત્વભાવ છે. ભાષા જડ છે. એને હું બરાબર વ્યવસ્થિત રીતે બોલી શકું છું. સમજાણું કાંઈ? એ ભાષાના પરમાણુઓની ક્રિયા મારાથી થાય છે, હું બોલું તો બોલાય અને ન બોલું તો ન બોલાય. કહો, સમજાણું કાંઈ? એ સત્ય બોલવાનો ભાવ એની ક્રિયા મારી છે, એ છે પુણ્યનું કારણ, પણ મિથ્યાત્વ ભેગું પડ્યું છે. પ્રવિણભાઈ! આહા..હા..! એમ '**દત્ત,...**' નહિ દીધેલું લેવું એમ નહિ પણ દીધેલું લેવું. પણ 'હું લઈ શકું છું' એવો જે દત્તમાં અભિપ્રાય છે તે મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય એટલું સમજવું, બાપુ! આ તો મારગડા વીતરાગના ઘણા ગંભીર.. ઘણા ગંભીર માર્ગ. આહા..હા..! લોકોને ઉપરટપકેથી જૈનદર્શન મળ્યું છે એ જૈનદર્શન જ નથી. જૈનદર્શન વીતરાગનો જે મૂળ અભિપ્રાય એને સમજ્યા વિના, મળ્યા વિના એને જૈનદર્શન મળ્યું જ નથી. આહા..હા..!

'**બ્રહ્મચર્ય,...**' 'હું શરીરથી બ્રહ્મચર્ય પાળી શકું છું, શરીરને વિષયની વાસનાની ક્રિયામાં નથી લઈ જતો, હું એને રોકી શકું છું શરીરને બ્રહ્મચર્ય પાળવામાં' એ મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વસહિત એને પુણ્યબંધન થાય. આહા..હા..! હું શરીરની ક્રિયાને રોકીને બ્રહ્મચર્ય પાળી શકું છું. સમજાણું કાંઈ? શરીર

તો સ્વતંત્ર છે એની ક્રિયા તો. જે સમયે એના પર્યાયની જન્મક્ષણ થાય તે તે કાળે તે પર્યાય થાય. આ કહે કે એ પર્યાય મેં રોકી માટે ન થઈ, વિષયમાં હું ન ગયો. ઝીણી વાત છે, ભગવાન! આહા..હા..! એ શરીરની ક્રિયા મેં વિષયની ન કરી તો ન થઈ. એવી જડની પર્યાયનો અભિપ્રાય બ્રહ્મચર્ય પાળવામાં એ મિથ્યાત્વભાવ છે. ચીમનભાઈ! આવી બધી વાતું છે, બાપુ! આહા..હા..! અરે..! ભગવાનના ઘરેથી મળેલી ચીજ છે આ. આહા..હા..!

કહે છે કે હું શરીરથી વિષય નથી સેવતો એવું બ્રહ્મચર્ય પાળું છું. આહા..હા..! એ મિથ્યાશ્રદ્ધા પણ ભાવ જરી શુભ છે, મિથ્યાત્વસહિત એને પુણ્ય બંધાય. એય..! ધર્મચંદજી! આહા..હા..! એવું છે. બ્રહ્મચર્યનો અભિપ્રાય, શરીરની ક્રિયા મેં રોકી છે એનું નામ બ્રહ્મચર્ય એમ માનીને જે બ્રહ્મચર્ય પાળે છે એને ભાવ શુભ છે, પણ એકત્વબુદ્ધિનો મિથ્યાત્વ છે સાથે. આહા..હા..! આવી વાતું છે. એમ અપરિગ્રહ. 'હું પરિગ્રહરહિત થયો છું, નગ્ન થયો છું, વસ્ત્ર છોડ્યા છે, પૈસા છોડ્યા છે' એવો જે પરિગ્રહના અપરિગ્રહના ભાવનું અભિમાન. મેં નગ્નપણું અંગીકાર કર્યું છે. એ તો જડની પર્યાય છે. સમજાણું? એવો જે અભિપ્રાય 'અપરિગ્રહવંત છું. લોકો પરિગ્રહવંત છે, હું અપરિગ્રહવંત છું પરવસ્તુનો ત્યાગ છે મારે' એવો જે પરની સાથેના ત્યાગની એકત્વબુદ્ધિ. આહા..હા..! ભગવાનજીભાઈ! આવી વાતું છે. આહા..હા..!

'**અપરિગ્રહમાં પણ (અધ્યવસાય) કરવામાં આવે,...**' છે. અહીં અધ્યવસાયની વિશેષ વાત એ છેને. '**તે બધોય પુણ્યના બંધનું એકમાત્ર કારણ છે.**' પુણ્યના બંધનું એકમાત્ર કારણ છે. બંધનું જ કારણ છે એમ કહે છે. એમાં જરીએ પણ અબંધપરિણામ થાય. 'પાંચેય મહાવ્રતના પરિણામમાં આ મેં કર્યા અને મારા છે' એમાં એકલા પુણ્યબંધનું કારણ છે, એમાં જરીએ ધર્મનું કારણ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એમ કહે છેને કે શુભભાવમાં અશુભની નિવૃત્તિ છે તેટલો ધર્મ. શુભનો ભાવ છે જેટલો તે પુણ્યબંધનું કારણ એમ કહે છે. શું કહ્યું સમજાણું આમાં? ભલે મિથ્યાત્વ હો પણ શુભભાવમાં જેટલો અશુભથી નિવર્ત્યો એટલો શુદ્ધ છે, એટલી સંવર-નિર્જરા છે અને જે રાગ બાકી છે એ આસ્રવ છે, એ બે થઈને એક પર્યાયમાં બેય ભાવ છે. સમજાણું કાંઈ? ખોટી વાત, બાપુ! તને ખબર નથી, ભાઈ! પર તરફના લક્ષ અને એકત્વબુદ્ધિના પરિણામ તે મિથ્યાત્વ છે. આહા..હા..! '**તે બધોય પુણ્યના બંધનું એકમાત્ર કારણ છે.**' એમ. એટલે કે કારણ પુણ્યબંધનું મિથ્યાત્વસહિતનું એક જ કારણ છે. આહા..હા..!

'**ભાવાર્થ :- જેમ હિંસામાં અધ્યવસાય તે પાપબંધનું કારણ કહ્યું છે...**' આહા..હા..! થઈ રહ્યું ત્યારે પરની હિંસા કરી શકતો નથી, પછી ગમે એવી હિંસા કરવી. પણ કરી શકતો નથી પછી કરવી ક્યાં રહ્યું? આહા..હા..! એ તંબોળી કહેતા. નથી આવ્યાને ધીરૂભાઈ? ફૂલચંદભાઈ કહેતા ત્યાં જામનગર. ઠીક આ તમે ગોતી રાખ્યું કે પરિગ્રહથી ધર્મ ન થાય, પુણ્ય થાય. લોકોને ઠીક છૂટ મળી ગઈ. આહા..હા..! એરેરે..! ભાઈ! એ પરિગ્રહથી, પૈસા દીધાથી પુણ્ય થાય, રાગ મંદ કર્યો હોય તો પુણ્ય (થાય), પણ 'મેં દીધા' એવો અભિપ્રાય મિથ્યાત્વ છે. અજીવનો સ્વામી થાય છે એ તો મિથ્યાત્વ છે. લક્ષ્મી તો અજીવ છે, જડ છે. ભગવાન ચૈતન્ય એનો સ્વામી થાય જડનો? આહા..હા..! ભેંસનો

સ્વામી પાડો હોય, એમ પૈસાનો સ્વામી જડ હોય.

**શ્રોતા :–** આપ જડ કહો પણ અમે ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો હવે પોપટભાઈ સમજે છે કે નહિ? અરે..! બાપા! પરમાણુ જડ જગતની ચીજ છે. આહા..હા..! એ આત્મા એનો સ્વામી જડનો થાય? ભગવાન તો પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય શુદ્ધનો સ્વ અને સ્વામી છે. આહા..હા..! પ્રભુ આત્મા દ્રવ્યે શુદ્ધ, ગુણે શુદ્ધ અને પર્યાયે શુદ્ધ એની વાત છે અત્યારે તો. એ એનું સ્વ છે અને એ સ્વસ્વામીસંબંધ એની સાથે છે, પરની સાથે સ્વસંબંધ એ મારી બાયડી છે ને પૈસા મારા છે, અરે..! ત્રણકાળમાં ક્યાંય નથી. આહા..હા..! ભારે આકરી વાતું! આહા..હા..! ભાઈ! પર અને સ્વ બે જુદી ચીજ છેને. બાપુ! તું અને આત્મા અને જડ બે જુદી ચીજ છે. એ જુદી ચીજનો સ્વામી થઈને કામ લે એ તો મિથ્યા અભિપ્રાય... આહા..હા..! સંસાર, અનંત સંસારનું કારણ છે. ત્યાં અનંતા જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવનો તેં અનાદર કર્યો છે. આહા..હા..! બાદશાહ ભગવાન જ્ઞાતા-દૃષ્ટા તેનો અનાદર કર્યો. એ નહિ, હું કરી શકું છું. આહા..હા..! પૈસા દઈ શકું છું, લઈ શકું છું. આહા..હા..!

મોક્ષમાર્ગમાં કહ્યું છે એક ઠેકાણે, કે દાન આદિની ક્રિયા થાય એ તો પરને લઈને થાય, પણ અંદરનો ભાવ જે છે આનાથી શુભભાવ એ એનો છે. ત્યાં એટલું સિદ્ધ કરે છે. એમાં મમત્વ કરવું. આવે છેને? મમત્વ કરવું એટલે કે શુભભાવ મારામાં છે એમ. છે ત્યાં. કરું એ પણ મમત્વ કરવું એટલે એ મારામાં છે એમ. મારાથી થયેલો છે એટલું. અધિકાર આવે છે મોક્ષમાર્ગપ્રકાશકમાં. બહુ ખુલાસો મોક્ષમાર્ગપ્રકાશકે તો.. ઓહો..હો..! શાસ્ત્રના ગંભીર ઉકેલી નાખ્યા છે બહુ. અરેરે..! એના પણ સારા ન લાગે માણસને. એ અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે એમ કહે. અરે..! પ્રભુ! ભાઈ! આ અત્યારે ચાલશે, પણ અંદર નુકસાન થશે, બાપુ! આહા..હા..! એ બાપુ! એના દુઃખો આકરો પડશે, ભાઈ! આહા..હા..! અસત્યના સેવન કરવા અને એને ઠીક માનવું, ભાઈ! એના દુઃખો મોટા છે. આહા..હા..! નરક અને નિગોદમાં.. આહા..હા..! એ દુઃખમાંથી ઊંચું માથુ નહિ થાય, પ્રભુ! એટલા દુઃખો ત્યાં છે. આહા..હા..!

અહીં કહે છે કે મિથ્યાત્વ એ જ સંસાર અને આસ્રવ અને બંધનું કારણ છે. મુખ્યપણે એ કહેવું છે ને. આહા..હા..! મુખ્યપણે. ગૌણપણે અનેક. એ એની ગૌણ વાત છે. આહા..હા..! અનંત સંસાર .. ઓલો તો એક-બે ભવ થાય. આહા..હા..! દસમે ગુણસ્થાને છ કર્મ બંધાય. લ્યો! લોભનો ભાગ છેને થોડો. પણ બીજી ક્ષણે બારમે ગયો ત્યાં તોડી નાખશે એને. આહા..હા..! આહા..! કોઈ બાર મુહૂર્તનું કર્મ હોય, કોઈ અંતર્મુહૂર્તનું હોય, પણ તોડી નાખવામાં તો એક ક્ષણ જ છે અને તે ત્યાં કોઈ અંતર્મુહૂર્તમાં બંધાય જ્ઞાનાવરણીય આદિ, નામકર્મ આદિ આઠ મુહૂર્તનું. હવે પરિણામ તો એક જાતના છે અને આ સ્થિતિમાં ફેર પડ્યો એ કેમ? એ પરમાણુના ઉપાદાનને કારણે છે. એ પ્રકૃતિનો પાક, '**प्रकृतिविशेषात**' એવો શબ્દ છે ધવલમાં. '**प्रकृतिविशेषात**' પ્રકૃતિ ફેર છે માટે એને કારણે સ્થિતિભેદ, પરિણામ ભલે એક જાતના હોય આના, પણ પ્રકૃતિ ભિન્ન છે તો એના પરિણામ ઉપાદાન પ્રમાણે આવા જ હોય એને. આહા..હા..! આઠ મુહૂર્તની સ્થિતિ, કોઈને અંતર્મુહૂર્તની સ્થિતિ એ તો એના પોતાના વિશેષ પ્રકૃતિને

કારણે છે. ચેતનજી!

**શ્રોતા :-** પરિણામ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પરિણામ તો એક જાતના છે અને સ્થિતિફેર કેમ કર્મમાં પડ્યો? હવે આને લઈને ત્યાં પડતો હોય તો સરખું થવું જોઈએ. લોભને કારણે એના કારણથી છ કર્મ બંધાતા હોય તો ત્યાં સ્થિતિ સરખી રહેવી જોઈએ. લોભને કારણ થયું, પણ પરમાણુની પ્રકૃતિની ઉપાદાન શક્તિ જ એવી છે કે નામ, ગોત્રમાં આઠ મુહૂર્તમાં બંધાય અને જ્ઞાનાવરણીય આદિ અંતર્મુહૂર્તમાં બંધાય. ભાઈ! આ શું કહે છે? એ ઉપાદાનની સ્વતંત્રતા સિદ્ધ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે, '**પાપબંધનું કારણ કહ્યું છે તેમ અસત્ય, અદત્ત (-વગર દીધેલું લેવું તે, ચોરી), અબ્રહ્મચર્ય અને પરિગ્રહ-તેમનામાં અધ્યવસાય તે પણ પાપબંધનું કારણ છે.**' એ લોકો તો એમ કહે છે કે એને હું કરી શકું એવું અભિમાન હોય તો એને પાપ બંધાય. પણ કરી શકે છે એમાં એને બંધનું કારણ નથી. આહા..હા..! આવો મોટો ફેર! શું થાય?

**શ્રોતા :-** કરી શકે છે એ સ્વયં અભિમાન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરી શકું છું ઈ એમ કે કરી શકું તો છું પણ એનું અભિમાન ન કરવું, એમ કહે છે. અહીં કહે છે, 'કરી શકું છું' એ જ મિથ્યાત્વનો અહંકાર છે. આહા..હા..! એવી વાતું બહુ ફેર. અરે..! ભગવાનના વિરહ પડ્યા, કેવળીઓ રહ્યા નહિ અને બાપ ગયા, પૈસા ગયા, છોકરાઓ લડે પછી પાછળથી. આહા..હા..! એમ ત્રિલોકનાથના વિરહ પડ્યા, કેવળજ્ઞાન, અવધિજ્ઞાન આદિની ઋદ્ધિ પ્રગટવાનો અભાવ થઈ ગયો. આહા..હા..! પછી ખેંચા-તાણ કરીને છોકરાઓ લૂંટે. ઓલો કહે, આ ઘર મારું, ઓલો કહે હું આમાં રહું છું ઘણાં વખતથી. હું મોટો છું માટે મારી પાસે મોટું આવે બે લાખનું. તમને ૫૦-૫૦ હજારના બીજા મકાન આપું. ઓલો કહે કે નહિ. આહા..હા..! એ કહેતા હતા. મોહનભાઈનો છોકરો હતોને નરોત્તમ. મોહન ત્રિકમ. એણે પછી મોટી ઉંમર સુધી કામ કરેલા વેપારના અને પછી છોકરાઓ ભાઈઓ નાના હતા. પછી વહેંચવા હોય તો સરખું વહેંચો બધા. એલા પણ અમે આ ૨૫-૨૫ વર્ષથી કરીએ છીએ. અમારી અવસ્થા થઈ ગઈ. અમારું કામ હવે લાંબુ નહિ ચાલે. તમે તો હજી જુવાન છો. ભાગ તો કાંઈ પાડો કાંઈક અમારા સરખા. સરખા વહેંચો. એય..! પોપટભાઈ! આ બધું સાંભળ્યું હોયને.

**શ્રોતા :-** બહુ તોફાન.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તોફાન. આહા..હા..! એવું છે ભાઈ સંસાર. આહા..હા..! કોને આપે? કોને દે? બાપુ! આહા..હા..!

એ પાંચ પાપમાં તો અભિમાન પાપનું કારણ છે. '**વળી જેમ અહિંસામાં...**' આહા..હા..! મેં પાંજરાપોળ કરી, બોકડાઓને સાચવ્યા. બરાબર ધ્યાન રાખ્યું છે. એક જીવને મરવા દીધો નથી. ટાણે-ટાણે પાણી-આહાર આપ્યા, આમ કર્યું. અરે..! ભાઈ! આવી ભારે વાત! '**જેમ અહિંસામાં અધ્યવસાય તે પુણ્યબંધનું કારણ છે, તેમ સત્ય,...**' બોલવામાં એ પુણ્યબંધનું કારણ છે, પણ મિથ્યાત્વસહિતની

વાત છે હોં! હું બોલું છું સત્ય, બરાબર વ્યાખ્યા કરી શકું છું, જગતને ડોલાવી શકું છું, એવા ઉપદેશ દઈ શકું છું. એ તો વાણી છે, ભગવાન! આહા..હા..!

**શ્રોતા :-** હું પૈસા રાખતો નથી, પણ બીજા પાસેથી પૈસા ખંખેરી શકું છું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** 'ખંખેરી શકું છું' એ કહે છેને, કહે છે. અમે પૈસા નથી રાખતા પણ સંભળાવીને ઉપદેશ કરીને કરોડો રૂપિયા ધર્માદિ પડાવી શકીએ છીએ અમે. અરે..! કોણ પડાવે, બાપા? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**તે પુણ્યબંધનું કારણ છે તેમ સત્ય, દત્ત (-દીધેલું લેવું તે),...**' દીધેલું લે પણ એમાં ભાવ છે કે 'હું લઉં છું, એ વસ્તુને લઈ શકું છું' એવો જે મિથ્યા અભિપ્રાય. આહા..હા..! ભલે દીધેલું લીધું. આહા..! લઈ શકાય કોને? પરદ્રવ્યને લેવું ને મૂકવું છે ક્યાં. એ તો સ્વતંત્ર ચીજ છે જગતની. આહા..હા..! આવું છે. '**બ્રહ્મચર્ય,...**' શરીરને મેં બ્રહ્મચર્યમાં રાખ્યું છે, શરીરની ક્રિયા મેં થવા ન દીધી. બાપુ! એ તો નહોતી થવાની એને કારણે અને તું કહે કે 'મેં રાખી છે અને વિષય સેવ્યો નથી, બ્રહ્મચર્ય પાળ્યું છે' એ અભિમાન છે કહે છે. આહા..હા..! અવલદોમ વાત છે.

**શ્રોતા :-** ક્યાંક તો ઊભા રાખો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઊભા રાખે છે આત્મામાં. જ્યાં છે ત્યાં ઊભો રહેને. જ્યાં નથી ત્યાં ઊભો ક્યાં રહે છે? એમ કહે છે. આહા..હા..! અનંત અનંત આનંદ અને જ્ઞાનનો સાગર પ્રભુ તું. આહા..હા..! એને છોડીને ક્યાં તારે ઊભા રહેવું છે? આહા..હા..! સજ્જનને છોડીને દુર્જનમાં જાવું છે તારે? સત્‌જન, સત્ વસ્તુ અનંતગુણનો પિંડ આ. એવી સત્ જન, સત્ વસ્તુ એમાં ઊભું નથી રહેવું અને તારે રાગમાં અને પરમાં ઊભા રહીને લાભ માનવો છે, બાપુ! શું કરે છે તું આ? આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! આ છોકરા-છોડ્યું ન હોય તો કોકના રાખીને પણ ઉપાધિ ભેગી કરે પાછી. એના માટે પાપ કરે પાછા. આહા..હા..! અને એને મેં આમ રાખ્યા, એને આમ રાખ્યા. શું કરે છે આ? ભગવાનજીભાઈ! આ તો બધી લીલા.

**શ્રોતા :-** સંસાર છોડવો હોય તો .. પણ સંસાર ચલાવવો હોય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ ચલાવી શકે છે પરને? અભિપ્રાય કરી શકે છે. આહા..હા..! આ જુઓને પાંચ-દસ લાખ હોય, બે-ચાર-પાંચ લાખ ને કોઈ ન હોય પછી દત્તક લે. પણ એ કરતા દત્તક ન લે એના કરતા આમાં રાગ ઘટાડીને પુણ્યમાં તું ખર્ચને. એને આપે છે પાપીને.

**શ્રોતા :-** એનો વંશ દેવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વંશ કેવા આત્માના? આત્માનો વંશ નિરંતર ધારા વીતરાગી વર્તે તે એનો વંશ છે. આહા..હા..! શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર સ્વના આશ્રયે એ નિરંતર સ્વનો આશ્રય રહે તે ધારાવાહી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે.

'**અને અપરિગ્રહ—તેમનામાં અધ્યવસાય તે પણ પુણ્યબંધનું કારણ છે.** ' અમે લક્ષ્મી આપી. શું કહેવાય? તક્તી ચોડો ૧૧૧૧૧૧ આપ્યા છે. બધા એકડા. તક્તી ચોડો નામ એમાં. એલા

પણ તું ત્યાં ગયો? તું તો અહીં છો. ત્યાં ક્યાં ગરી ગયો? આહા..હા..! નામ તો જડનું છે, એ તે નામમાં શું છે? ત્યાં ક્યાં નામ છે પરમાણુમાં? શરીર એવું નામ છે અંદર? આહા..હા..! પણ એનું નામ જ્યાં સાંભળે ત્યાં આ હું. નામ જેમાં લખ્યું હોય તો આ મેં આપ્યા છે, જુઓ મારી તક્તી છે આ. શું છે ભગવાન? તારે ક્યાં જાવું છે, ભાઈ? એ ભગવાનને ભૂલીને ભ્રમણામાં જાવું છે તારે. આહા..હા..!

**'અને પાંચ (એકદેશ કે સર્વદેશ)...'** જોયું! શ્રાવકના એકદેશ અને પાંચ વ્રત, મુનિને સર્વદેશ. એ **'વ્રતોમાં અધ્યવસાય કરવામાં આવે...'** એ ક્રિયા મારી છે રાગની અને પરની. **'તે પુણ્યબંધનું કારણ છે. પાપ અને પુણ્ય બન્નેના બંધનમાં, અધ્યવસાય જ એકમાત્ર બંધ-કારણ છે. '** એકત્વબુદ્ધિ અહીં તો એ વાત લેવી છેને. પાપ કરતા એકત્વબુદ્ધિ અને પુણ્ય કરતા એકત્વબુદ્ધિ. આહા..હા..! સમજાણું કાંઈ? બેય બંધનું જ કારણ છે. લ્યો એ બે ગાથા થઈ.

**'વળી 'બાહ્યવસ્તુ તે બીજું પણ બંધનું કારણ હશે'...'** શું કહે છે? કે પરમાં એકત્વબુદ્ધિ કરી એ જ બંધનું કારણ, પણ એની સાથે પરવસ્તુ છે એ બંધનું કારણ ભેગી ખરી કે નહિ? નહિ. પરવસ્તુ તો ત્યાં અધ્યવસાયનું નિમિત્ત છે, એ બંધનું કારણ નથી. બંધનું કારણ તો તારો અભિપ્રાય, એકત્વબુદ્ધિ. મેં હિંસા કરી, મેં દયા પાળી, મેં ચોરી કરી, મેં ચોરી ન કરી, મેં બ્રહ્મચર્ય પાળ્યું, મેં બ્રહ્મચર્ય ન પાળ્યું એવો જે એકત્વ અભિપ્રાય તે જ બંધનું કારણ છે, એ ચીજ નહિ. આહા..હા..! એ શું કહે છે? કે આ શરીરથી ક્રિયા વિષયની થઈ એ બંધનું કારણ નથી એમ કહે છે. એની એકત્વબુદ્ધિ છે એ એક જ બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરની ક્રિયા જડની થાય એ કાંઈ બંધનું કારણ છે? આ અધ્યવસાયનો આશ્રય પર છે, પણ એ પર બંધનું કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અધિકાર જરી ઝીણો છે. આહા..હા..!

અરે..! અનંતકાળ... આહા..હા..! મોટા દુઃખના ડુંગરા વેઠ્યા છે પ્રભુ એણે. આહા..હા..! માતાના પેટમાં રહ્યો ૨૪-૨૪ વર્ષ. એકવાર ૧૨ વર્ષ અને બીજીવાર ૧૨ વર્ષ. આહા..હા..! ઊંધે માથે લટકતો. અંદર કફ ને.. આહા..હા..! જેને આંખ બંધ, નાકના નસકોરામાં શ્વાસ લેવાનો ન મળે. આહા..હા..! મોઢામાં આવે બંધ બધું શરીરનું. પ્રભુ! તેં ક્યાં ગાળ્યો વખત આવો? એ પરમાં એકત્વબુદ્ધિને લઈને? પરમાં એકત્વબુદ્ધિ છે તો પરથી છૂટો નહિ પડે. સમજાણું કાંઈ? એને સંયોગવાળા મળ્યા જ કરશે. આહા..હા..! પરમાં એકત્વબુદ્ધિ છે તેથી પરનું સંયોગપણું તને એવું મળ્યા જ કરશે. નરકના શરીરો, નિગોદના શરીરો, દુઃખના શરીરો, ક્ષય રોગ થાય એવા શરીરવાળા. આહા..હા..! એવા સંયોગો મળશે અને સંયોગમાં એકત્વથી પાછો તું દુઃખી થઈશ. આહા..હા..! એવું છે.

**''બાહ્યવસ્તુ તે બીજું પણ બંધનું કારણ હશે' એવી શંકા ન કરવી. ('અધ્યવસાય તે બંધનું એક કારણ હશે અને બાહ્યવસ્તુ તે બંધનું બીજું કારણ હશે' એવી પણ શંકા કરવી યોગ્ય નથી;...'** બે બંધના કારણ છે એમ શંકા કરવી નહિ. **'અધ્યવસાય જ એકનું એક બંધનું કારણ છે,...'** આહા..હા..! એ શરીરની ક્રિયા આમ થાય હણવાની એ બંધનું કારણ શરીરની ક્રિયા નથી એમ કહે છે. એમાં જે એકત્વબુદ્ધિ છે કે 'હું આ કરી શકું છું શરીરની ક્રિયા' એવો જે અભિપ્રાય એ એક જ

બંધનું કારણ છે. આહા..હા..! કહો, જયંતિભાઈ! આવું છે. આહા..હા..! '**અધ્યવસાય જ એકનું એક બંધનું કારણ છે, બાહ્યવસ્તુ બંધનું કારણ નથી.**)' ૨૬૫.

**वत्थुं पडुच्च जं पुण अज्झवसाणं तु होदि जीवाणं।**
**ण य वत्थुदो दु बंधो अज्झवसाणेण बंधोत्थि।।२६५।।**

આહા..હા..!

**જે થાય અધ્યવસાન જીવને, વસ્તુ-આશ્રિત તે બને,**
**પણ વસ્તુથી નથી બંધ, અધ્યવસાનમાત્રથી બંધ છે. ૨૬૫.**

આહા..હા..! શું કહે છે જુઓ, '**ટીકા :- અધ્યવસાન જ બંધનું કારણ છે; બાહ્યવસ્તુ બંધનું કારણ નથી,...**' બાહ્યવસ્તુ અધ્યવસાનનો આશ્રય છે, પરિણામનો એ આશ્રય છે નિમિત્ત, લક્ષ ત્યાં છેને? છતાં તે બંધનું કારણ વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શરીર, લક્ષ્મી, એ બધી ક્રિયાઓ પર છે. એના અધ્યવસાયમાં એ પરવસ્તુ આશ્રય છે, નિમિત્ત છે, પણ છતાં એ પરવસ્તુ બંધનું કારણ નથી. આહા..હા..! મમતાનો આશ્રય પરિગ્રહ છે, પણ એ પરિગ્રહ બંધનું કારણ નથી. આહા..હા..! બંધનું કારણ તો અધ્યવસાય એકત્વ મમતા છે. 'આ મારું' એવી એકત્વબુદ્ધિ તે બંધનું કારણ છે. આહા..હા..! નહિતર તો ઝાઝી લક્ષ્મી હોય એને વધારે બંધનું કારણ થાય, થોડી હોય એને થોડું બંધનું કારણ એમ હોતું નથી. આહા..હા..! ગમે એવી હોય થોડી-ઝાઝી, પણ જેને એમાં એકત્વબુદ્ધિ છે, એ એકત્વબુદ્ધિનો આશ્રય ભલે લક્ષ ત્યાં પર ઉપર છે, પણ એ પરવસ્તુ બંધનું કારણ નથી. પાંચ હજારવાળાને થોડો બંધ પડે, લાખવાળાને વધારે, કરોડવાળાને (વધારે) બંધ એવું થઈ જાય; એમ છે નહિ. આહા..હા..! છ ખંડના રાજા ચક્રવર્તી એને પણ અલ્પ બંધ છે રાગનો, એકત્વબુદ્ધિ નથી. આહા..હા..!

**શ્રોતા :-** બાહ્યવસ્તુ કારણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કારણ નથી. બાહ્યવસ્તુ. પછી પરંપરાએ કહેવાય. મૂળ નથી. સમજાય છે? એ નાખ્યું છે.

'**અધ્યવસાય જ એકનું એક બંધનું કારણ છે, બાહ્યવસ્તુ બંધનું કારણ નથી.**) **આવા અર્થની ગાથા હવે કહે છે:-**' લ્યો! '**અધ્યવસાન જ બંધનું કારણ છે; બાહ્યવસ્તુ બંધનું કારણ નથી, કેમકે બંધનું કારણ જે અધ્યવસાન તેના કારણપણાથી જ બાહ્યવસ્તુને ચરિતાર્થપણું છે...**' શું કહે છે? બાહ્યવસ્તુ બંધનું કારણ નથી, પણ બંધના કારણનો જે ભાવ છે તેનું એ નિમિત્ત છે, નિમિત્તકારણ છે અને નિમિત્તકારણરૂપ વસ્તુ ચરિતાર્થ ત્યાં સુધી એનું કાર્ય બસ, ત્યાં સુધી એનું કામ છે. છેને? '**(અર્થાત્ બંધનું કારણ જે અધ્યવસાન તેનું કારણ થવામાં જ બાહ્યવસ્તુનું કાર્યક્ષેત્ર પૂરું થાય છે,...**' ત્યાં. એટલે શું? કે આ શરીરની ક્રિયા થઈ આવી, એના અધ્યવસાય થયો એનું આ નિમિત્ત આશ્રય છે. આ અધ્યવસાય કારણ છે એનું એ નિમિત્ત કારણ છે, પણ એ કારણનું

કાર્યપણું ત્યાં સિદ્ધ થાય છે એટલું. હવે એ પણ બંધનું કારણ છે એમ ત્યાં નથી. આહા..હા..!

**શ્રોતા :–** પૈસા કાંઈ બંધનું કારણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પૈસા બંધનું કારણ નથી, દેહ બંધનું કારણ નથી, વાણી બંધનું કારણ નથી. આહા..હા..! બાયડી, સ્ત્રી, કુટુંબ એ કોઈ બંધનું કારણ નથી. એમાં એકત્વબુદ્ધિ કરે છે તે અધ્યવસાય બંધનું કારણ છે અને એ અધ્યવસાયમાં એ નિમિત્તકારણ છે. નિમિત્તકારણ છે, ઉપાદાનકારણ નહિ, ઉપાદાન તો અહીં છે, એમ સિદ્ધ કરે છે. કારણ કહ્યુંને જુઓને. '**અધ્યવસાન તેના કારણપણાથી જ...**' શું? '**બંધનું કારણ જે અધ્યવસાન તેનું કારણ...**' એટલે નિમિત્ત. જ્યાં '**બાહ્યવસ્તુને ચરિતાર્થપણું છે...**' બાહ્યવસ્તુનું કાર્ય ત્યાં પૂરું થઈ જાય છે બસ. નિમિત્ત થાય એટલું બાહ્યવસ્તુનું કાર્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ બાહ્યવસ્તુ બંધનું કારણ નથી. આહા..હા..! ચક્રવર્તીનું રાજ છે એ કાંઈ બંધનું કારણ નથી એમ કહે છે. ઈન્દ્રના ઈન્દ્રાસનો છે, કરોડો અપ્સરાઓ, અસંખ્ય દેવો એ કાંઈ બંધનું કારણ નથી પરવસ્તુ. પણ બંધના કારણનો જે એકત્વ અધ્યવસાય એનું એ કારણ નિમિત્ત છે. કારણનો અર્થ? એનાથી અધ્યવસાય થયો એમ નથી. આહા..હા..! કારણનું કારણ કહ્યું છેને? આહા..હા..! કારણ છે માટે એને કારણે અધ્યવસાય થયા છે? આહા..હા..! અને કારણ છે માટે એનાથી બંધ થાય છે? આહા..હા..! જુઓ, આમાં તો નિમિત્તને રાખ્યું અને ઉડાવી દીધું. એકત્વબુદ્ધિ થાય સ્ત્રી પ્રત્યે, છોકરાઓ પ્રત્યે, કુટુંબ પ્રત્યે એકત્વબુદ્ધિ થાય, એકત્વબુદ્ધિ એ સંસારનું મિથ્યાત્વનું કારણ છે, એ ચીજ નહિ. એ અધ્યવસાયમાં નિમિત્ત છે ઈ. નિમિત્ત છે, પણ બંધનું કારણ એ ચીજ નથી. આહા..હા..! ન્યાય સમજાય છે? આ તો વીતરાગનો માર્ગ, બાપુ સર્વજ્ઞનો, ભાઈ! એના એક એકમાં ન્યાય ભર્યા છે. એને સમજવું પડશે. સમજાણું કાંઈ?

'**તે કોઈ બંધનું કારણ થતી નથી...**' એ વસ્તુનું કાર્યપણું ત્યાં રહ્યું કે અધ્યવસાયમાં તેનો આશ્રય હતો એટલું, પણ એ પદાર્થ છે એ બંધનું કારણ છે એમ નથી. આહા..હા..! હિંસાની ક્રિયા શરીરની થઈ, બીજો મરી ગયો. એના પરિણામમાં એ વસ્તુ નિમિત્ત છે, પણ એ પરિણામ બંધનું કારણ છે, એ વસ્તુ બંધનું કારણ નથી. આહા..હા..! શરીરથી વિષયની ક્રિયા થઈ, એ ક્રિયા બંધનું કારણ નથી. એ તો પર છે. એનો અભિપ્રાય જે હતો વિષયમાં એકત્વબુદ્ધિનો એમાં એ નિમિત્ત છે, પણ નિમિત્ત હોવા છતાં બંધનું કારણ નથી. આહા..હા..! ઉપાદાન એના પોતાના પરિણામ જે કર્યા એકત્વ કે આ હું કરું છું અને આ ક્રિયા મારી છે, મને આમાં મજા આવે છે... આહા..હા..! એવો જે મિથ્યાત્વભાવ. આહા..હા..!

'માડી મોરી રે હવે રે નહિ જાઉં રે સંસારમાં.' એક ફેરી વીંછીયા ગાયું હતું. પાનાચંદભાઈની દીકરી હતી. વીંછીયા. કઈ સાલ? ૨૦૦૫. ૨૦૦૫ ને? ૨૦૦૫ની સાલ. એવું ગાયું હતું. આ કાકુભાઈની બહેન હતા. પાનાચંદભાઈની દીકરી હતા. અમારે મૂળિયા તો એ નહિ? .. તે દિ' ગાયું હતું. 'માડી મોરી રે હવે રે નહિ જાઉં રે સંસારમાં.' આ રખડતો સંસાર, પ્રભુ! હવે મારે ત્યાં નથી જાવું. આહા..હા..! હું તો મારામાં રહેવા માગું છું. આહા..હા..! સમજાણું કાંઈ? તે દિ' ઘણા વર્ષ થઈ ગયા, નહિ? ૨૮

વર્ષ. પાંચની સાલ. રાજકોટમાં છઠ્ઠી સાલ, લાઠીને એ બે પાંચની સાલ. વીંછીયા. આહા..હા..!

અહીં કહે છે, બંધના કારણમાં ભલે નિમિત્ત કહો એને, પણ એ બંધનું કારણ જે નિમિત્ત છે તે બંધનું કારણ નથી. આહા..હા..! તો બંધનું કારણ નથી તો બંધનું કારણ છે કોણ? એનું વિશેષ સ્પષ્ટીકરણ છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**મહા વદ-૧૧, સોમવાર, તા. ૧૪-૦૨-૧૯૭૭,**
**ગાથા-૨૬૫, પ્રવચન નં. ૩૧૯**

થોડું ફરીને શરૂઆતથી. અધ્યવસાન જ બંધનું કારણ છે. બંધ અધિકાર છેને આ. એટલે પરનું કાંઈ કરી શકું, જીવાડું એવા જે અધ્યવસાય, પરિણામ, ભાવ એ બંધનું કારણ છે. **'બાહ્યવસ્તુ બંધનું કારણ નથી.'** એ અધ્યવસાયને જે નિમિત્ત હોય એ બંધનું કારણ નથી. એટલે? કે 'પરને જીવાડી શકું' એવો જે અભિપ્રાય એમાં પરને જીવાડું એ (ક્રિયા) એનું નિમિત્ત છે, પણ એ પર જીવે છે એનાથી અહીં બંધ નથી, એના અધ્યવસાયથી એને બંધ છે. જૂઠું બોલવું એવો જે જૂઠાં બોલવાનો અભિપ્રાય છે અધ્યવસાય—એકત્વબુદ્ધિ એ બંધનું કારણ છે. ભાષા જે જૂઠાં બોલવાની છે એ તો બોલવામાં ભાષામાં એ નિમિત્ત છે, પણ એનાથી બંધ નથી. એમ શરીરની વિષયની ક્રિયા એમાં એકત્વ અધ્યવસાય છે કે 'હું કરું છું' એવો અધ્યવસાય તે એને બંધનું કારણ છે. એ અધ્યવસાયને શરીરની ક્રિયાનો આશ્રય નિમિત્ત છે, છતાં એ શરીરની ક્રિયા બંધનું કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, અહીં નિમિત્ત છે ખરું વસ્તુનો આશ્રય, પણ એ નિમિત્ત બંધનું કારણ નથી, બંધના કારણનું કારણ કહેવાય નિમિત્તથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'બંધનું કારણ જે અધ્યવસાન તેના કારણપણાથી જ બાહ્યવસ્તુનું ચરિતાર્થપણું છે...'** ત્યાં તેનું કાર્ય પૂરું થાય છે. અધ્યવસાય છે તેમાં એ નિમિત્ત છે કારણ, નિમિત્તકારણ ત્યાં એનું પૂરું થાય છે. બસ નિમિત્ત કારણ છે એટલું. **'(અર્થાત્ બંધનું કારણ જે અધ્યવસાન તેનું કારણ થવામાં જ બાહ્યવસ્તુનું કાર્યક્ષેત્ર પૂરું થાય છે,...'** એનું કાર્યક્ષેત્ર મર્યાદા ત્યાં પૂરી થાય છે. મારવાનો અભિપ્રાય, જીવાડવાનો અભિપ્રાય, વિષયનો એકત્વ અભિપ્રાય એ બધામાં બાહ્ય ચીજ નિમિત્ત છે, તેટલું તેનું કાર્યક્ષેત્ર છે. એ બાહ્ય ચીજ બંધનું કારણ છે એવું એ કાર્યમાં કારણ નથી. આહા..હા..! અહીં તો ચોખ્ખી વાત ઉપાડી છે, લ્યો! નિમિત્ત છે એ બંધનું કારણ નથી. આહા..હા..!

**'બાહ્યવસ્તુનું કાર્યક્ષેત્ર...'** એટલે મર્યાદા પૂરી થાય છે. એટલે? કે જેણે માઠા પરિણામ કર્યા કે જેણે શુભભાવ કર્યો એ બંધનું કારણ છે. એ બંધમાં નિમિત્ત ચીજનું કાર્ય નિમિત્ત છે તેટલું ત્યાં કાર્ય

છે બસ. એની મર્યાદા એટલી નિમિત્ત છે એ, પણ એ બંધનું કારણ નથી. આહા..હા..! **'અહીં પ્રશ્ન થાય છે કે—જો બાહ્યવસ્તુ બંધનું કારણ નથી તો (બાહ્યવસ્તુનો પ્રસંગ ન કરો,...'** બાહ્ય વસ્તુનો સંગ ન કરો, પ્રસંગ ન કરો, પરિચય ન કરો આહા..હા..! એમ જે કહેવામાં આવે છે ત્યાં તો એમ કહ્યું **'બાહ્યવસ્તુનો પ્રતિષેધ (નિષેધ) શા માટે કરવામાં આવે છે?'** બાહ્યવસ્તુ બંધનું કારણ નથી અને 'બાહ્યવસ્તુનો પ્રસંગ ન કરો' એમ કેમ કહેવામાં આવે છે? બાહ્યવસ્તુ તો બંધનું કારણ નથી. શરીરની ક્રિયા, સ્ત્રી, કુટુંબ, પરિવાર કે એ કોઈ ચીજ. પોતાના અભિપ્રાયમાં આશ્રય છે એ ચીજનો નિમિત્ત, પણ એ બંધનું કારણ નથી. તો બંધનું કારણ નથી તો 'તેનો પ્રસંગ ન કરો, બાહ્યચીજનો સંગ ન કરો' એમ કહેવાનું શું કારણ? 'સ્ત્રીનો સંગ ન કરો, વ્યભિચારી પુરુષનો સંગ ન કરો' જો એમ કહેવામાં આવતું હોય તો એ બંધનું કારણ નથી તો એનો 'સંગ ન કરો' એમ શું કરવા કહો છો? સમજાય છે કાંઈ? આહા..હા..!

**'નિષેધ શા માટે કરવામાં આવે છે?'** કે 'ભાઈ! સ્ત્રીનો સંગ ન કરો, જેનો સંગ કરવાથી પરિણામ બગડે એનો સંગ ન કરો, વ્યભિચારી પુરુષો હોય એનો સંગ ન કરો, જ્યાં કસાઈખાના થતા હોય ત્યાં ન જાવ, એનો સંગ ન કરો' એમ જે પરના સંગના પ્રસંગનો નિષેધ કરો છો, તો બંધનું કારણ નથી ને તો નિષેધ શું કરવા કરો છો પછી? વાત સમજાય છે કાંઈ? **'તેનું સમાધાન :- અધ્યવસાનના પ્રતિષેધ અર્થે બાહ્યવસ્તુનો પ્રતિષેધ કરવામાં આવે છે.'** 'એને મારું, જીવાડું અથવા વ્યભિચાર કરું પરની સાથે એવો જે અભિપ્રાય છે' એનો નિષેધ કરવા માટે બાહ્યનો નિષેધ કરે છે. સમજાણું કાંઈ? છે? **'અધ્યવસાનના પ્રતિષેધ અર્થે...'** અંતરના અભિપ્રાયમાં જે એનો આશય છે તેનો વિપરીતભાવ છે એ, એના નિષેધ અર્થે **'બાહ્યવસ્તુનો પ્રતિષેધ કરવામાં આવે છે.'** આ એકલા ન્યાયથી ભરેલી વસ્તુ છે આ તો. આહા..હા..!

એ હિંસા થાય છે એ બંધનું કારણ નથી. બંધનું કારણ તો 'હિંસા કરી શકું છું' એવો જે અભિપ્રાય એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? એવા પરિગ્રહાદિના ઢગલા હોય હીરા, માણેક આદિ સ્ત્રી એનો સંગ ન કરવો, એનો પરિચય ન કરવો એમ જે તમે કહો છો અને બીજી બાજુ કહો છો કે એ ચીજો બંધનું કારણ નથી. તો કહે છે, એના તરફનો આશ્રયવાળો જે અભિપ્રાય છે, મમતાનો, વિપરીતભાવનો એના નિષેધ અર્થે બાહ્યવસ્તુનો નિષેધ છે. એના નિષેધ અર્થે આ નથી, પણ આ નિષેધ અર્થે બાહ્યવસ્તુનો નિષેધ છે. સમજાણું કાંઈ? ન્યાયથી વાતું કરી છે ભાઈ એ તો.

**'અધ્યવસાનને બાહ્યવસ્તુઓ આશ્રયભૂત છે;...'** જોયું! જે કંઈ પરિણામ કર્યા એ પરિણામને બાહ્યવસ્તુ નિમિત્ત છે–આશ્રય છે, એને આશ્રયે પરિણામ ઉત્પન્ન થાય છે. ધર્મના પરિણામ એ સ્વદ્રવ્યને આશ્રયે થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ધર્મ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સ્વદ્રવ્યને આશ્રયે થાય છે, છતાં એ દ્રવ્ય જે છે, સ્વદ્રવ્યના આશ્રયે થયેલા પરિણામ એનું દ્રવ્ય છે એ મોક્ષનું કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ પરિણામ હિંસાના, જૂઠાંના, ચોરીના, વિષયના, ભોગના, પૈસાના એ ભાવ થાય છે એનો આશ્રય એ ચીજ છે, પણ એ ચીજ બંધનું કારણ નથી.

આહા..હા..! એના કરેલા અભિપ્રાય ભાવ છે એ જ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? જ્યાં લલચાય એવા હોય ત્યાં ન જાવું, રૂપાળી ચીજ હોય એનો સંગ ન કરવો કે ત્યાં આકર્ષાઈ જાઈશ; પણ એ આકર્ષણનો ભાવ છે એ તો જીવે કરેલો છે અને એમાં એ ચીજ તો નિમિત્તમાત્ર છે અને તે નિમિત્તે કરાવ્યો નથી, નિમિત્તે બંધ નથી. વાત સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** નિમિત્તે કરાવ્યો પણ નથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી અને નિમિત્તે બંધ પણ નથી, કર્યો છે તો એણે પોતે. આહા..હા..!

પ્રવચનસારમાં આવે છેને કે વિષયો અકિંચિત્કર છે. તારા પરિણામ તેં કર્યા, એ વિષયને લઈને, પાંચ ઈન્દ્રિયના વિષયો છે એને લઈને થયા નથી. આહા..હા..! પાંચ ઈન્દ્રિયના વિષયો એ તો પરિણામ માટે અકિંચિત્કર છે. આહા..હા..! એ પરિણામને કરાવતા નથી. આહા..હા..! તેં પરિણામ કર્યા એમાં એ ચીજનું નિમિત્તપણું-આશ્રયપણું ભલે હો.. સમજાણું? પણ એ પરિણામ એણે કરાવ્યા નથી, તેમ તે પરિણામ સ્વદ્રવ્યના આશ્રયે થયા નથી એટલે પરદ્રવ્યને આશ્રયે થયા છે, છતાં તે પરદ્રવ્ય બંધનું કારણ નથી. અરે..! આવી વાતું છે.

**શ્રોતા :-** તો પછી સ્વદ્રવ્યનો આશ્રય શું કરવા લેવો જોઈએ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કીધુંને, આશ્રય ક્યાં લે છે? એ આશ્રય પોતે માને છે કે આમ લક્ષ સિદ્ધ થાય તો મને આ થાય. માટે એ લક્ષ છોડાવે છે. એ અધ્યવસાય છોડાવવા પરનું લક્ષ છોડાવે છે. પરને છોડવવા માટે અધ્યવસાય છોડાવે એમ નહિ.

**શ્રોતા :-** ભાઈ એમ કહે છે, સ્વનો આશ્રય શા માટે લેવો? સ્વનો પોતાનો આશ્રય શુદ્ધિ માટે શા માટે લેવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એનું લક્ષ ત્યાં જાય છેને. જેમ લક્ષ અહીં જાય છે એમ લક્ષ ત્યાં જાય છે. એટલી વાત છે. ખરેખર તો '**भूदत्थमस्सिदो खलु**' એ પણ એનો અર્થ કે એનું લક્ષ ત્યાં જાય છે એટલે આશ્રય છે એમ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** લક્ષ ન કરે તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તો થઈ રહ્યું લક્ષ ન કરે તો પર ઉપર લક્ષ કરે અને વિકાર કરે. સીધી વાત છે. આહા..હા..!

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદનું દળ, કંદ છે એના ઉપર લક્ષ કરે તો મોક્ષના પરિણામ થાય, છતાં એ દ્રવ્યે મોક્ષના પરિણામ કરાવ્યા નથી નિશ્ચયથી તો. આહા..હા..! એ મોક્ષના પરિણામનો દ્રવ્ય દાતા નથી. એ ઉપરથી આ તો. સમજાણું કાંઈ? શું શૈલી! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનો માર્ગ એ માર્ગમાં લક્ષ છે દ્રવ્યનું, છતાં એ દ્રવ્ય એ પર્યાયનો દાતા નથી. આહા..હા..! એટલે કે મોક્ષમાર્ગનો એ દ્રવ્ય કરનાર નથી. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! આ તો વીતરાગનો માર્ગ!

**શ્રોતા :-** પર્યાય તો દ્રવ્યમાંથી જ આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે છે તો ભલે આવે. એ તો વ્યવહાર છે આવે છે. પણ થઈ છે એ

પોતાથી પોતાને કારણે. દ્રવ્યથી જ થઈ હોય તો, દ્રવ્યથી થાય તો એકસરખી પર્યાય થવી જોઈએ. ખરેખર પર્યાય પર્યાયથી થાય છે, માટે ત્યાં વિષમતા આવે છે. થોડી શુદ્ધિ, વધારે શુદ્ધિ, વધારે શુદ્ધિ. એ પોતાને કારણે આવે છે એમ છે. આશ્રય છે એ બાજુ. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! બહુ મારગડા જુદાં, બાપા! એમ હિંસાના, જૂઠાંના, ચોરીના, દયાના ભાવ કર્યા એ જીવ પોતે કરે છે. એ ભાવમાં સામી ચીજનો આશ્રય નિમિત્ત છે, છતાં એ નિમિત્ત બંધનું કારણ નથી. આહા..હા..! શું શૈલી! કાંઈ સમજવું નથી અને ધર્મ કરી નાખવો છે એને. હજી તો વસ્તુની સ્થિતિ શું છે એની ખબર ન મળે, એની શ્રદ્ધા અને જ્ઞાન ન મળે અને ધર્મ થઈ જાય. ધૂળમાંય નથી. અનંતકાળથી મરી ગયો છે ભાન વિના. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે. જુઓ, '**અધ્યવસાનના પ્રતિષેધ અર્થે બાહ્યવસ્તુનો પ્રતિષેધ કરવામાં આવે છે.**' આહા..હા..!

**શ્રોતા :–** બાહ્યવસ્તુ ન હોય તોપણ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બાહ્યવસ્તુ ન હોય તો થાય છે, એ લક્ષ તો ઉઠાવે છે અમસ્તુ. મગજમાં લક્ષ તો ઉઠાવેને કાંઈક. અહીંયા હાજર ન હોય. લક્ષ ઉઠાવે આમ થાય.. આમ થાય. આવે છેને મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે, નિમિત્ત ન હોય તોપણ પરિણામ થાય છે. અહીંયાં નિમિત્ત નથી અત્યારે એમ. પરિણામ થાય છે એટલે નિમિત્તથી જ થાય છે એમ છે નહિ, એમ. આહા..હા..!

'**અધ્યવસાનને બાહ્યવસ્તુ આશ્રયભૂત છે;...**' જોયું! જે કંઈ પરિણામ કરે છે હિંસાના, જૂઠાંના, ચોરીના, ભોગના, માનના, આબરૂના... આહા..હા..! એ પરિણામનો આશ્રયભૂત એ ચીજ છે. લક્ષ ત્યાંથી થયું છે. સમજાણું કાંઈ? ભગવાનના લક્ષને છોડી દીધું છે. પોતાનો ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એનું લક્ષ છોડી દીધું છે અને પરના લક્ષમાં ગયો છે, પણ લક્ષમાં ગયો છે તો અહીં એને પરિણામ કરાવ્યા નથી, લક્ષ ચીજ છે તે બંધનું કારણ નથી. ભગવાનજીભાઈ! આ તો ભાઈ વિષય ન્યાયનો છે આ. વાણિયા એકલા વેપારમાં એની એ વાતું આખો દિ' કરવી. એમાં કાંઈ નવું હોય નહિ. વકીલોને તો નવા-નવા તર્કો આવે, નવી જાતના કેસ હોય, નવી જાતના. આને પાપના છે, પણ એ પાપના એને એ જાતના પરિણામ એમ. એલા કેટલો ભાવ છે આ? ફલાણું આપ્યું, બસ એની એ વાત આખો દિ' જાવ. નવા તર્ક ઊભા કરવા પડે છે? આ તો વીતરાગનો માર્ગ તો નવા ન્યાયના તર્કથી સમજાય એવું છે. આહા..હા..! ઓહો..હો..!

આત્મા જે બાહ્ય ચીજના લક્ષે-આશ્રયે પરિણામ કરે છે એટલે પરિણામ બંધના એમાં આશ્રય પરનો છે, પણ એ પરવસ્તુ એને બંધનું કારણ નથી, બંધના કારણનું કારણ નિમિત્ત છે. બંધનું કારણ જે પરિણામ છે બંધનું કારણ, એ પરિણામનું નિમિત્ત છે કારણ કહેવાય છે. કીધુંને કારણ? તેના કારણપણાથી. અરે..! આવી વાત છે. સમજાણું કાંઈ? પરંપરા કારણ લખ્યું છે ટીકામાં, જયસેનાચાર્યે. એમ કે પરંપરા એટલે સીધું સાક્ષાત્ કારણ નથી એમ. સમજાણું કાંઈ? અહીં આવ્યુંને, બંધનું કારણ જે અધ્યવસાન તેના કારણપણાથી. કારણ છે એ નિમિત્ત. સમજાણું કાંઈ? બંધનું કારણ છે એનું એ કારણ છે. આહા..હા..! અહીંયાં તો યથાર્થ વસ્તુ જેમ સિદ્ધ થાય તેમ કરી છે અહીં તો. એમ ને એમ ગડબડે

ચાલે એમ અહીં નથી. આહા..હા..! પરિણામથી બંધ થાય.. એ 'પરથી બંધ થાય' એમ માને એ વિપરીત દષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'અધ્યવસાન તો બાહ્યવસ્તુનો આશ્રયભૂત છે;...'** નિમિત્ત છે, કારણભૂત છે. **'બાહ્યવસ્તુનો આશ્રય કર્યા વિના અધ્યવસાન પોતાના સ્વરૂપને પામતું નથી...'** ઘણો જ ન્યાય મૂક્યો છે. ઓહો..હો..! બાહ્ય વસ્તુના અવલંબન વિના અધ્યવસાન એટલે પરિણામ **'પોતાના સ્વરૂપને...'** એટલે પોતાના પરિણામ વિકારના પરિણામને **'પામતું નથી...'** ઊપજતું નથી. બાહ્યના આશ્રય વિના વિકાર ઉત્પન્ન થતો નથી. આહા..હા..! સ્વના આશ્રય વિના નિર્મળ પરિણામ ત્રણકાળમાં થતાં નથી. આહા..હા..! એમ બાહ્યના આશ્રય વિના બંધના પરિણામ થતાં નથી. આવી વાતું છે. ન્યાયનો વિષય છે ભાઈ આ તો. ન્યાયપ્રાપ્ત આવી ગયુંને બંધના અધિકારમાં પહેલાં? ન્યાયના બળથી આ સિદ્ધ થાય છે કે ભાવ જ બંધનું કારણ છે. એ ક્યો ભાવ? ઉપયોગમાં રાગનું કરવું તે બંધનું કારણ છે, ત્યાંથી શરૂ કર્યું છે. એકલો રાગ એમ નહિ. ઉપયોગસ્વભાવ જે ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય પવિત્રતાનો પિંડ, ત્રિકાળી ધ્રુવ ધાતુ એમાં ક્ષણિક વિકૃત અવસ્થા, રાગને ઉપયોગમાં જોડી દે, કરી નાખે એકત્વ, એ બંધનું કારણ છે. એ મિથ્યાત્વ છે અને એ મિથ્યાત્વ બંધનું કારણ છે. અહીં એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'જો બાહ્યવસ્તુનો આશ્રય કર્યા વિના પણ અધ્યવસાન ઊપજતું હોય,...'** હવે સિદ્ધાંત સિદ્ધ કરે છે. **'જેમ આશ્રયભૂત એવા વીરજનનીના પુત્રના સદ્‌ભાવમાં (કોઈને) એવો અધ્યવસાય ઊપજે છે કે હું વીરજનનીના પુત્રને હણું છું...'** શું કહે છે? આશ્રય વિના જો પરિણામ થાય તો આશ્રયભૂત એવા વીરજનની—શુરવીરની માતા—વીરમાતા એના પુત્રનો સદ્‌ભાવ, એનો પુત્ર છે, તો એની હયાતીમાં... સમજાણું? એવો અધ્યવસાય ઊપજે છે કે હું એની હયાતીમાં, શુરવીરની માતા છે એ માતાનો શુરવીર દીકરો છે, એની હયાતીમાં... આહા..હા..! એવો અધ્યવસાય ઊપજે છે કે હું વીરજનનીના પુત્રને હણું છું. એ છે સામે તો આને 'હું હણું છું' એવા પરિણામ થાય છે. આ આશ્રય સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાતું ઝીણી છે આ. વીતરાગમાર્ગને અંતરમાં... આસ્રવ બંધના પરિણામ થાય છે એ પરના આશ્રય વિના થતા નથી. એ પરની હયાતી છે તો આ થાય છે, પણ એનાથી થાય છે એમ નહિ અને એનાથી બંધ થાય છે એમ નહિ. દૃષ્ટાંતમાં આ વીરજનનીનો આ પુત્ર છે વીરમાતાનો દીકરો એ છે છોકરો હયાતી એને હણું છું તો એ તો 'છે એને હણું છું' એ બરાબર આશ્રય થયો. આહા..હા..! હણું છું...

**'તેમ આશ્રયભૂત એવા વંધ્યાપુત્રના અસદ્‌ભાવપણામાં પણ...'** કહો, વાંજણીને પુત્ર જ ન હોય. એને એમ કહે કે હું આ વાંજણીના પુત્રને હણું છું. હોઈ શકે? જેની હયાતી નથી એને હણું છું એ ક્યાંથી આવે? આહા..હા..! વીરજનની-વીરને જન્મ આપનારી માતા. એમ કહે કે આ તો વીરમાતાનો પુત્ર છે. આહા..હા..! એ તો છે એને હણું છું એ તો એનો આશ્રય થયો, પણ વંધ્યાપુત્રને હણું છું. એને તો પુત્ર હોતો જ નથી. સમજાણું કાંઈ? વસ્તુ નથી એને હણું છું એ આવ્યું ક્યાંથી?

આહા..હા..! એમ સામી ચીજ પોતાના અધ્યવસાય અને પરિણામમાં હયાતી છે તેનો આશ્રય છે, પણ નથી તેનો આશ્રય શી રીતે હોય? આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ઝીણા ન્યાય આપ્યા છે. વાણિયાને મગજ કેળવવું પડે આમાં તો એવું છે આ. આખો દિ' ઓલા લાદી ને ફાદી કર્યા હોય ને જાડી બુદ્ધિમાં. જાડી બુદ્ધિ બધી હોં એ. ભગવાનજીભાઈ! એને વળી એ. આહા..હા..! એવો માર્ગ છેને.

'**વીરજનનીના પુત્રને હણું છું...**' કેમકે એ તો વીરજનનીના પુત્રની હયાતી છે. 'વંધ્યાપુત્રને હણું છું' તો એને તો પુત્ર છે જ નહિ. '**એવો અધ્યવસાન ઊપજે (-ઉપજવો જોઈએ) કે હું વંધ્યાપુત્રને (વાંઝણીના પુત્રને) હણું છું, પરંતુ એવો અધ્યવસાય તો (કોઈને) ઊપજતો નથી. (જ્યાં વંધ્યાનો પુત્ર જ નથી ત્યાં મારવાનો અધ્યવસાય ક્યાંથી ઊપજે?) માટે એવો નિયમ છે કે...**' હવે સિદ્ધાંચ. આહા..હા..! '**બાહ્યવસ્તુરૂપ આશ્રય વિના અધ્યવસાન હોતું નથી.**' બાહ્યવસ્તુની હયાતી છે એનો આશ્રય છે, એના વિના અધ્યવસાન ઉત્પન્ન થતું નથી. આહા..હા..! એકલા ન્યાય ભર્યા છે. '**બાહ્યવસ્તુના આશ્રય વિના અધ્યવસાન હોતું નથી.**' પરિણામ હોતા નથી '**અને તેથી જ અધ્યવસાનને આશ્રયભૂત એવી જે બાહ્યવસ્તુ તેનો અત્યંત પ્રતિષેધ છે,...**' એ બાહ્યવસ્તુનું લક્ષ છોડાવવા, અધ્યવસાય છોડાવવા બાહ્યનો ત્યાગ કહેવામાં આવે છે. આમાં પ્રશ્ન છે એ લોકોનો કે જુઓ, બાહ્યનો ત્યાગ કરે ત્યારે એના અધ્યવસાય સારા થાય. એમ છે જ નહિ અહીં વાત. અહીંયાં તો બાહ્યવસ્તુ એને અધ્યસાનનો આશ્રય છે એ અધ્યવસાય છોડાવવા બાહ્યનો પ્રસંગ ન કરો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું લ્યો!

**શ્રોતા :-** આવી વાતું રોજ કરવા જેવી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાયુંને હવે ત્યાં ઓલી બિચારાને ઝટ-ઝટ સામાયિક, પોષા, પડિક્કમણા કરતા, લ્યો થઈ ગયો ધર્મ. હવે એને આવી વાતું સમજવી. આહા..હા..! શું વાત કરી છે એણે!

પહેલી શરૂઆત એ કહી પાઠથી. '**वत्थुं पडुच्च जं पुण अज्झवसाणं तु होदि जीवाणं।**' વસ્તુને આશ્રયે અધ્યવસાન થાય એ જીવોને. '**ण य वत्थुदो दु बंधो**' પણ એ વસ્તુને આશ્રયે પરિણામ થાય, પણ વસ્તુ બંધનું કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? છેને પુસ્તક સામે અંદર? અમારા હરજીવનભાઈ કહેતા હતા ડોક્ટર. ઘરે વાંચીએ તો આવું સમજાય એવું નથી. હરજીવનભાઈ રાતે ૧ થી ૩ ઊઠીને કાયમ વાંચે બે કલાક રાતના. પહેલી ઊંઘ આવી ગઈ હોય થોડીઘણી, પછી ૧ થી ૨ વાંચે વળી સૂઈ જાય પછી. પણ એવું કે બિલકુલ ઝોલા કાંઈ નહિ, પણ આવું સમજાય નહિ. આહા..હા..! માર્ગ એવો બાપા ઝીણો બહુ. અત્યારે આખી વાત પદ્ધતિ આખી ફરી ગઈ છે. આખી રીત જે જૈનદર્શનની છે એ રીત આખી ફેરવી નાખી છે માણસે.

**શ્રોતા :-** અજૈનને જૈન માને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અજૈનને જૈન (માને છે). બાપુ! આવો માર્ગ ભાઈ! આહા..હા..!

એ મારવાનો, જૂઠા બોલવાનો, જીવાડવાનો ભાવ કર્યો, પણ એ ભાવમાં આશ્રયભૂત પરચીજ છે. આ જીવને જીવાડું, આ જીવને. છે એને જીવાડું, છે એને મારું એમ થાયને? આહા..હા..! સમજાણું કાંઈ? એથી કહે છે કે જે અધ્યવસાય પરિણામ કર્યા માઠા ભૂંડા કે શુભ એ પણ છે તો ભૂંડા.. પાપ અને પુણ્યના પરિણામ બેય ભૂંડા પરિણામ છે.. એ અધ્યવસાય તે બંધનું કારણ છે અને તેનો આશ્રયભૂત વસ્તુ તે બંધનું કારણ નથી, છતાં તે આશ્રય વિના ઉત્પન્ન થાય એવું પણ નથી. આના આશ્રયે ન થાય તો આના પણ આશ્રય વિના એ ઉત્પન્ન થાય એમ બનતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ સ્વદ્રવ્યના આશ્રયે થાય, ત્યારે વિકારી પરિણામ પરદ્રવ્યના આશ્રયે થાય. આહા..હા..! એવી સિદ્ધ કરી છે વાત. હવે એને વિકારી પરિણામથી સ્વદ્રવ્યના આશ્રયના પરિણામ પ્રગટે એમ કહેવું છે પાછું. વ્યવહારરત્નત્રયથી સ્વનો આશ્રય કરે. અરે..! પ્રભુ! શું કરે છે ભાઈ? વ્યવહારરત્નત્રય છે એમાં આશ્રય દેવ-ગુરુ-શાસ્ત્ર છે. સમજાણું? પણ દેવ-ગુરુ-શાસ્ત્ર કાંઈ પુણ્યબંધનું કારણ નથી. એનો શુભભાવ છે એ પુણ્યબંધનું કારણ છે. આહા..હા..!

એમ મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, મહાપ્રભુનો આશ્રય. '**भूदत्थमस्सिदो**' છેને? ૧૧મી ગાથા. આહા..હા..! હવે ક્યાંનું ક્યાં અંદર આવે છે. ભાઈ! આહા..હા..! '**भूदत्थमस्सिदो खलु**' '**भूदत्थमस्सिदो**' આશ્રય કરવાલાયક સમ્યગ્દર્શનમાં તો ત્રિકાળી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મ જેને થાય છે એનો આશ્રય ત્રિકાળી સત્યાર્થ વસ્તુ છે. અને જેને વિકારી પરિણામ થાય છે તેનો સ્વામી પણ સત્ય વસ્તુ છે. સત્ય એટલે હયાતીવાળી એટલું. આ જેમ હયાતીવાળી ત્રિકાળી ચીજ છે... આહા..હા..! ત્રિકાળી ભગવાન આત્મા સત્યાર્થ ચિદાનંદ ધ્રુવ એના મોક્ષના પરિણામ એને આશ્રયે થાય છે, એને લક્ષે થાય છે, એને અવલંબે થાય છે. આહા..હા..! એમ વિકારી પરિણામ હિંસાના, જૂઠાના, દયાના, કોઈપણ પૂજાના, ભક્તિના એ ભાવ પરદ્રવ્યને આશ્રયે થાય છે. જેમ શુભભાવ થયો ભગવાનની પૂજાનો તો એ શુભભાવમાં આશ્રય છે ચીજ ભગવાનની મૂર્તિ કે એ, છતાં એ ભગવાનની મૂર્તિ એ બંધનું કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બંધનું કારણ તો એના શુભભાવ છે. મિથ્યાત્વસહિતની વાત છેને અહીં તો એકત્વબુદ્ધિ. હું આને આમ કરું છું. આહા..હા..! પ્રભુ! પ્રભુ! ગજબ વાત બાપા! મંદિર બનાવવાના પાંચ લાખ આપ્યા, દસ લાખ અને પોતે બનાવે અંદરથી. જોકે એ બને છે તો ક્રિયા પરની, પણ જ્યારે એનો શુભભાવ છે તેમાં એનો આશ્રય છે. એનાથી શુભભાવ થયા છે એમ નથી, તેમ શુભભાવ પરના આશ્રય વિના થાય એમ નથી, છતાં જેના આશ્રયે થયા તે પુણ્યબંધનું કારણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એવો વીતરાગી માર્ગ. આહા..હા..! જ્યાં મેળ કરવા જાય ત્યાં સત્ય જ ઊભું થાય છે. એવો માર્ગ છે. ધીમે ધીમે પકડવું. આહા..હા..!

સાચી સમજણ જ જ્યાં નથી, જૂઠી સમજણ છે ત્યાં ગમે તે દયા, દાન, વ્રત, ભક્તિ કરે એ બંધનું કારણ છે એને, મોક્ષનું કારણ નથી. આહા..હા..! હજી બંધના કારણરૂપ મારા ભાવ છે ( એની ખબર ન હોય). એનો આશ્રય એ બંધનું કારણ નથી, છતાં એ પરિણામ આશ્રય વિના થતાં નથી. આશ્રય વિના થતાં નથી માટે એ બંધનું કારણ છે, આશ્રય વિના થતાં નથી માટે એનાથી પરિણામ થયા છે,

(એમ નથી). આહા..હા..! સમજાણું કાંઈ? કહો, હરજીવનભાઈ! આવું ઝીણું! આહા..હા..! સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ આહા..હા..! એના જ્ઞાન અને એના તત્ત્વને સિદ્ધ કરવાની યુક્તિ, ન્યાય એ અલૌકિક છે! આહા..હા..!

પાપભાવ પણ સ્ત્રી, ધંધો, વેપાર આદિ એમાં એ પાપભાવનો એ આશ્રય છે, છતાં એ આશ્રય ચીજ છે એ બંધનું કારણ નથી. આહા..હા..! આહા..હા..! વિષયના ભોગના ભાવમાં સ્ત્રી નિમિત્ત છે, ભોગનો આશ્રય એ ચીજ છે, પણ એ ચીજ બંધનું કારણ નથી. આહા..હા..! એમાં એકત્વબુદ્ધિ કરી છે કે 'આનું હું કરી શકું છું, દેહની ક્રિયા કરું છું' એવા જે અધ્યવસાય પરિણામ છે, એ અહીં મિથ્યાત્વને મુખ્યપણું લીધું છે ને, એ એને બંધનું કારણ છે. આહા..હા..! ધર્મીને સ્વદ્રવ્યને આશ્રયે થતાં પરિણામમાં પરદ્રવ્યને આશ્રયે થતાં પરિણામને અહીં ગૌણ કરી નાખ્યા છે. એકત્વબુદ્ધિ લેવી છેને. સમજાણું કાંઈ? જેણે સ્વદ્રવ્યના આશ્રયે એકત્વબુદ્ધિથી પરિણામ પ્રગટ કર્યા એને પરદ્રવ્યને આશ્રયે પરિણામ થતાં જ નથી. થતાં નથી પણ એ પરિણામ જ નથી એમ કહે છે. એકત્વબુદ્ધિ છે અને પરિણામ નથી. અને 'આમ જેમ કરી શકું છું' એવા એકત્વબુદ્ધિમાં જીવના મોક્ષના માર્ગના પરિણામ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ફૂલચંદજી! ઝીણી વાત છે. આહા..હા..!

એનો દૃષ્ટાંત આપ્યો કે આશ્રયભૂત વસ્તુ ન હોય તો પરિણામ થાય એમ બનતું નથી. દૃષ્ટાંત કે વીરજનનીના પુત્રની હયાતી છે. છે તો 'આને હણું છું' એવા પરિણામ થાય. પણ વંધ્યાને પૂત્ર નથી, અને 'વંધ્યાના પુત્રને હણું છું' એવા આશ્રય વિનાના પરિણામ હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ચેતનજી! આવો માર્ગ છે. આહા..હા..! બહુ પરિચય જોઈએ ભાઈ! આ તો એનો અભ્યાસ જોઈએ. દુનિયાના પાપના અભ્યાસ માટે કેટલા વખત ગાળે છે જુઓને. કેટલા વર્ષે... એકવાર કહેતો હતો અમારે હતો ડોક્ટર મિત્ર સાથે ભણતા ઉમરાળામાં. અને પછી કેટલા વર્ષે હું નીકળ્યો ભાવનગરમાં ત્યાં મળ્યો. ઓહો..હો..! કાનજીભાઈ ચાલો અમારે ઘરે. ત્યાં શું કરો છો? હજી હું ભણું છું. કેટલા વર્ષ પણ કીધું? ૨૫-૨૫ વર્ષ થઈ જાય ત્યાં સુધી ભણતો હતો. વેણીલાલ હતો વેણીલાલ. હવે એના પાપના માટે આટલો વખત અભ્યાસમાં જાય. હવે એમાં મરી જાય તો થઈ રહ્યું. આ મરી ન ગયો ઓલો ૨૬ વર્ષનો લ્યો! આહા..હા..! ભણ્યો ને હોંશુ ને હરખના પાર ન મળે, એમાં પણ સન્માન આપ્યા લોકોએ. સાહેબ! તમે આવી બુદ્ધિવાળા! અમારા અમેરિકામાં ૯૦ નંબરે પાસ! ૯૦ ટકા, ૯૦ નંબર નહિ. તમને સન્માન આપશું, ઝટ નહિ જવા જઈએ. અમારા દેશમાં આવીને આવું તમે નામ કાઢ્યું! આહા..હા..! લ્યો! હવે એને રોક્યો, આવો પાસ થયો, સન્માન (આપ્યું). સૂતો ત્યાં મરી ગયો. બાંધેલા રહ્યા બધા સામાન. સામાન બાંધવાની તૈયારી બધી કરી હતી. સવારમાં જાવું છે. એના મોટા ભાઈ છે બીજે ક્યાંક અમેરિકામાં ત્યાં જાવું હતું. પછી દેશમાં આવવું હતું. બાપા! આ ભણ્યા-ગણ્યાના સરવાળા તો જુઓ, આહા..હા..!

અને આ ભણ્યા-ગણ્યાના સરવાળા કેવળજ્ઞાન આવે. જેણે અંદરમાં ભણીને ગણતરીમાં લઈ લીધો છે આત્માને. નથી એમ જે હતું એ લઈ લીધું અસ્તિમાં. આહા..હા..! પુણ્ય ને પાપના ભાવ ને

ફળને ગણતરીમાં લીધા હતા, પણ ભગવાન અનંત આનંદનો નાથ એને ગણતરીમાં નહોતો લીધો. આહા..હા..! એ અનંત-અનંત આનંદ અને શાંતિનો સાગર પ્રભુ જેણે ગણતરીમાં ગણવામાં (બીજાં) દ્રવ્યો છે એમાં 'આ પણ છે' એ પણ લઈ લીધું છે જેણે. આહા..હા..! એને સમ્યગ્દર્શનના પરિણામ એ મોક્ષના કારણ છે અને એને નિશ્ચયથી તો એક જ અહીં લીધું છે. એકત્વબુદ્ધિના પરિણામ નથી. અહીંના એકત્વના છે તો ઓલા એકત્વના નથી. અમથા સાધારણ પરિણામ હોય એનું બંધન એને ગૌણ કરી નાખ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ બહુ પ્રભુનો માર્ગ બાપુ! ઓહો..હો..! દિગંબર સંતોએ જગતની કરૂણા કરીને શાસ્ત્ર બન્યા છે. આહા..હા..! પાત્રને ભેટ આપ્યું છે. જેમાં રહી શકે એવા પાત્રને ભેટ આપ્યું છે, એમ કહે છે. આહા..હા..! જેને એ સત્યભાવ રહી શકે એને આ ભેટ આપ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો!

**'માટે, એવો નિયમ છે કે (બાહ્યવસ્તુરૂપ) આશ્રય વિના અધ્યવસાન હોતું નથી.'** વંધ્યાનો પુત્ર નથી તો મારવાનો અધ્યવસાન હોતો નથી. સમજાણું કાંઈ? વાંઝણીનો દીકરો નથી તો મારવાનો અધ્યવસાન હોતો નથી, એમ પરના આશ્રય વિના કોઈપણ પરિણામ થતાં નથી. આ બંધના પરિણામની વાત છેને. મોક્ષના પરિણામ (નહિ), આ બંધના પરિણામની વાત છે. આહા..હા..! ગજબ વાત કરે છે. આ વિકારી પરિણામનો આશ્રય આ છે, નિર્વિકારી પરિણામનો આશ્રય આ છે. વિકારી પરિણામના આશ્રયે નિર્વિકારી પરિણામ થાય એમ બને નહિ. આહા..હા..! અને નિર્વિકારી વસ્તુને આશ્રયે પરિણામ થાય, એમાં વિકારી પરિણામ થાય એમ બને નહિ. સમજાણું કાંઈ? ઓલા કહે છેને, લખ્યું છેને એમાં અર્થ કરે છે ઊંધા. મોક્ષમાર્ગ છે એ બંધનું કારણ છે અને મોક્ષનું કારણ છે અને બંધમાર્ગ છે એ પણ મોક્ષનું કારણ છે અને બંધનું કારણ છે. એવો અનેકાંત લે છે. આહા..હા..! ભાઈ! તને ખબર નથી. એમ વસ્તુ નથી. જેમ વસ્તુની અહયાતીમાં મારવાના પરિણામ થતાં નથી, એમ વસ્તુની અહયાતીમાં સમ્યગ્દર્શનના પરિણામ થતાં નથી. આહા..હા..!

**શ્રોતા :-** પોતે ન હોય તો કેમ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતે (ન હોય તો ન થાય). આ સત્યાર્થ છે પ્રભુ એમ કહે છે. ત્યારે તેને આશ્રયના પરિણામ થાય છે. આહા..હા..!

એમ વીરની જનની માતાનો પુત્ર છે તો એને આશ્રયે મારવાનો અભિપ્રાય થાય છે. માટે, બાહ્ય વસ્તુના આશ્રય વિના વિકારી પરિણામ થતાં નથી. આહા..હા..! એમ સ્વદ્રવ્યના આશ્રય વિના મોક્ષમાર્ગના પરિણામ થતાં નથી. આહા..હા..! ગજબ વાત કરે છેને. આમ પણ સિદ્ધ કરે છે અને આમ પણ સિદ્ધ કરે છે. એક જ આત્મા હોય તો આ ક્યાં બને? વેદાંત કહે એક જ આત્મા છે, પણ અહીં વસ્તુ કોઈ સિદ્ધ થતી નથી તારી. આહા..હા..! નથી એના મોક્ષના માર્ગનો આશ્રય કરવો, આશ્રય કરે છે ત્યાં સુધી પરનો આશ્રય, તો પરચીજ થઈ. પરને આશ્રયના પરિણામ સિદ્ધ થયા તો એ છોડીને સ્વનો આશ્રય કરે તો આ પણ સિદ્ધ થયું ભિન્ન. આહા..હા..! ઘણાં એમ કહે છે કે આ તો વેદાંત જેવો માર્ગ છે. અરે..! બાપુ! આ તો અલૌકિક માર્ગ, બાપા! એ તને ખબર નથી. કોઈ વેદાંત અને ફલાણા

ક્યાંય એનો મેળ ખાય એવો નથી. આહા..હા..!

બંધના માર્ગમાં પણ બીજી ચીજ છે અને પરિણામ એને આશ્રયે થાય એમ સિદ્ધ કર્યું. ત્યારે બીજી ચીજ છે એમ સિદ્ધ કર્યુંને? પોતે છે તેમ બીજું પણ છે. એટલે એક જ આત્મા છે એ વાત ન રહી. આહા..હા..! એમ બંધના પરિણામ સ્વને આશ્રયે થાય એ પણ ન રહ્યું, એમ બંધના પરિણામ સામી ચીજના અભાવમાં થાય એમ પણ ન રહ્યું. આહા..હા..! આવો માર્ગ છે. સાધારણ મગજવાળાને અભ્યાસ ન હોય એને આ શું કહે છે એ કઠણ પડે. કઈ રીતે આ શું કહેવા માગે છે? ભાઈ! અમારે ધર્મ કરવો છે એ કહોને. પણ એ ધર્મ કરવામાં આ કહે છે. ધર્મ છે એ તારા સ્વદ્રવ્યને આશ્રયે થાય અને બંધના ભાવ છે એ પરને આશ્રયે થાય. સમજાણું કાંઈ? તો તારે ધર્મ કરવો હોય તો સ્વચીજ કેવડી છે, કેટલી છે તેનો આશ્રય કરવો પડશે. આહા..હા..! એ વિના ધર્મ ક્યાંય થતો નથી. આહા..હા..! શું હશે? ભગવાનના વિરહ પડ્યા અને આવી વાતું રહી ગઈ. આહા..હા..! શું કામ કર્યું છેને સંતોએ! આહા..હા..! વિકલ્પ ઊઠ્યો છે ટીકા કરવાનો છતાં એકત્વબુદ્ધિ નથી. એ વિકલ્પના પરિણામ જ મારા નથી. કારણ કે હું તો સ્વનો આશ્રય કરનારો, એ પરિણામ પરને આશ્રયે થાય એ મારા નહિ. આહા..હા..! જુઓ તો ખરા નિર્માનદશા. ઓલા કહે કે એ તો પોતે લઘુતા બતાવવા એમ કહ્યું છે. એમ કહે છે એ. આ મેં ટીકા કરી નથી અને ટીકા શબ્દોથી થઈ છે એ તો લઘુતા બતાવવા (કહ્યું છે). ભાઈ! એમ નથી. એ કરી શક્યા જ નથી, એ વિકલ્પના કર્તા જ નથી. પરના આશ્રયે થયો વિકલ્પ એના કર્તા જ નથી. આહા..હા..!

**શ્રોતા :–** દરેક પુસ્તકમાં કુંદકુંદાચાર્ય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દરેક ઠેકાણે નાખે છે. પણ એનો અર્થ આવો કરે છે. અને ભાઈએ અર્થ કર્યો છે એ લઈ લે છે. કળશટીકામાં આવે છે, છેલ્લામાં આવે છે. એ લઘુતા બતાવવા કહ્યું છે, પણ લઘુતા બતાવવા કહ્યું છે પણ કરી શકતો નથી એ બતાવવા કહ્યું છે. આહા..હા..! શું થાય, ભાઈ! આહા..હા..! તારી ચીજ તને લક્ષમાં ન આવે અને પરની ચીજના લક્ષમાં દોરાઈ જા છો, તો કહે છે કે બંધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! તારી સ્વચીજ છે પૂર્ણ આનંદની હયાતી, એના લક્ષને છોડી દઈને પરના આશ્રયના લક્ષમાં જઈને જે પરિણામ કરે છે એ સંસાર છે, એ બંધનું કારણ છે. આહા..હા..! ચાહે તો એ પૂજાનો ને ભક્તિનો ભાવ હોય, એકત્વબુદ્ધિ નથી ધર્મીની પણ એકત્વબુદ્ધિ વિનાના પરિણામની વ્યાખ્યા કરે તો એ પરિણામ બંધનું કારણ છે. આહા..હા..! ધર્મીને પરિણામ થાય છે એ પરનો આશ્રય છે, પણ તેમાં એકત્વબુદ્ધિ નથી. સમજાણું કાંઈ? એથી એને તો નિર્જરાનું કારણ છે એમ કહે છે આ અપેક્ષાથી. આહા..હા..! કારણ કે સ્વના આશ્રયના પરિણામનું જોર છે તેથી એને પરના આશ્રયે થયેલા જરી પરિણામ એ પણ છૂટી જવા માટે છે. આહા..હા..! નિર્જરાનો હેતુ આ અપેક્ષાએ કહ્યું છે હોં! આહા..હા..! ઘણાં ન્યાય આવ્યા આમાં તો. કેટલા પકડવા આમાં? એમાં વિશેષ કાંઈ નથી. સ્વનો આશ્રય અને પરનો આશ્રય બે વાત છે. અને પરનો આશ્રય પણ અહીં તો એકત્વબુદ્ધિથી કરે છે એને લીધા છે અહીં. આહા..હા..! એને બંધ કહ્યો છે, એને ગણ્યો છે.

અંદર સ્વભાવ જે પ્રભુ આહા..હા..! શુદ્ધ ચૈતન્યઘન, આનંદરસ, જ્ઞાનરસ એવું જે તત્ત્વ ધ્રુવ, એનો આશ્રય લેતા જે પરિણામ થાય તે મોક્ષના કારણ. બસ એ સિદ્ધ કરવું છે અહીં. અને પરના આશ્રયે પરિણામ એ બંધનું કારણ છે એમ બેના ભેદ પાડી નાખવા છે. છતાં પર બંધનું કારણ નથી. આહા..હા..! એ વસ્તુ છે ત્રિકાળી એને સ્વીકાર્યું એ પરિણામ એ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? વસ્તુ ત્રિકાળી છે એ મોક્ષનું કારણ નથી. એ વ્યવહાર ઉપાદાન છે. એ ભાઈ આવે છે. ઓલા લોકો એ નાખે છે, જુઓ દ્રવ્ય... પણ એ તો વ્યવહાર ઉપાદાન છે. નિશ્ચય ઉપાદાન તો વર્તમાન પર્યાય તે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જેમ પરમાણુઓમાં ચીકાશ થવાની યોગ્યતા છે શક્તિ, પણ એ તો વ્યવહાર બહુ દૂર છે અને લીંડીપીપરના પરમાણુમાં તીખાશ છે તે વર્તમાન ઉપાદાનને પ્રગટ છે. સમજાણું કાંઈ? એની લાયકાતવાળી ચીજ વર્તમાન છે અને ઓલી તો ત્રિકાળ છે. તો પરમાણુમાં નથી ઉપાદાન તીખો રસ થવાની? પણ પત્થરને તીખો રસ થવાનું કારણ એમ કહે છે? લીંડીપીપરને કહેશે. આહા..હા..! જેના ઉપાદાનની વર્તમાન પર્યાયમાં તીખા રસની શક્તિ પ્રગટ થઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ લોકો એવું નાખે છે કે દ્રવ્ય છે તે ઉપાદાન છે. એમાં અનેક પ્રકારની યોગ્યતાઓ છે, જેવું નિમિત્ત આવે એવું થાય. આહા..હા..! એ વાત જ ખોટી છે. દ્રવ્ય જે ઉપાદાન છે એ વ્યવહાર ઉપાદાન-ધ્રુવ ઉપાદાન. આહા..હા..!

વર્તમાન ક્ષણિક ઉપાદાન. બે આવે છેને. ઓલામાં આવ્યું છે ચિદ્‌વિલાસમાં. આધાર આપ્યો છે, આધાર આપ્યો છે અષ્ટસહસ્રીનો. અષ્ટસહસ્રીનો આપ્યો છે. ક્ષણિક ઉપાદાન અને ધ્રુવ ઉપાદાન. એનું કારણ છે, બાપુ! એક એક શબ્દમાં કાંઈક રહસ્ય છે. ધ્રુવને ઉપાદાન કહેવું એ તો એક એની શક્તિ છે એટલો વ્યવહાર સિદ્ધ કર્યો, પણ પ્રગટ પર્યાયમાં જે નિર્મળદશા પ્રગટ કરે છે એ પોતે ક્ષણિક ઉપાદાન તે વર્તમાન ઉપાદાન છે તે યથાર્થ છે અને નિશ્ચય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્યાંનું ક્યાં જાય અને ક્યાંનું ક્યાં? કહો, ડોક્ટર! આવી વાત છે. ડોક્ટર આવ્યા હતા સવારમાં કે બે કલાક વાંચુ પણ આવું બધું સમજાય નહિ અંદરથી. ૧ થી ૨ વાંચુ છું. પણ ઠીક હવે વાંચે તો છેને એ.

**શ્રોતા :-** વધારે પકડાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, વધારે પકડાય. આહા..હા..! એ પ્રભુ ત્રણલોકનો નાથ એ ખાનગી કેમ રહે? જેનો સ્વભાવ પ્રત્યક્ષ થઈને પ્રત્યક્ષ જ્ઞાતા થવાનો છે. આહા..હા..! જેનો સ્વભાવ જ પ્રત્યક્ષ જ્ઞાતા થવાનો છે અને સ્વભાવથી જ જણાય એવો એનો સ્વભાવ છે. આહા..હા..! વિભાવથી જણાય નહિ અને પરોક્ષ રહી શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

‘**તેથી જ અધ્યવસાનને આશ્રયભૂત એવી જે બાહ્યવસ્તુઓ તેનો અત્યંત પ્રતિષેધ છે,...**’ પરને આશ્રયે અધ્યવસાય થાય છે બંધના ભાવ, એ બંધના ભાવ છોડાવવા માટે ‘પરનો આશ્રય છોડવો’ એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ આમાં? એક એક શબ્દમાં ન્યાય છે. આહા..હા..! પરના આશ્રયે બંધના પરિણામ હિંસા, જૂઠું, મિથ્યા શ્રદ્ધા, વગેરે કુદેવ, કુગુરુ એનો આશ્રય છે. મિથ્યાશ્રદ્ધામાં કુદેવ, કુગુરુનો આશ્રય છે, પણ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર કાંઈ બંધનું કારણ નથી.

આહા..હા..! ઘણાં સિદ્ધાંતો.

**શ્રોતા :-** એનો સંગ છે એ કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંગ એ તો આમ કરે છે લક્ષ એ બંધનું કારણ છે, એ (-પર)બંધનું કારણ નથી. આહા..હા..! એમાં પ્રશ્ન પૂછ્યો છેને કે જેમ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા એ મિથ્યાત્વ છે, એમ સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રની પણ શ્રદ્ધા મિથ્યાત્વ છે? એમ પ્રશ્ન કર્યો છે. અરે..! ભગવાન! સુદેવ, સુગુરુ, સુશાસ્ત્ર એની શ્રદ્ધાનો ભાવ તો શુભરાગ છે અને એનો એ આશ્રય છે. સમજાય છે? એ મિથ્યાત્વ નથી. મિથ્યાત્વ તો એ રાગમાં ધર્મ માને. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ છે તે ધર્મ છે એમ માને તો મિથ્યાત્વ છે. આહા..હા..! આનો આશ્રય એ સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'કેમકે કારણના પ્રતિષેધથી જ કાર્યનો પ્રતિષેધ થાય છે. '** જોયું! ઓલી આશ્રયવસ્તુને કારણ ગણી. મિથ્યાત્વના પરિણામ એ કુગુર, કુદેવ એનો આશ્રય, હિંસાના પરિણામ એમાં પરવસ્તુ નિમિત્ત તે આશ્રય. એમ જ્યાં જ્યાં જે ભાવ છે તેનો એ પરાશ્રય છે. એથી **'કારણના પ્રતિષેધથી જ કાર્યનો પ્રતિષેધ થાય છે.'** જોયું! આશ્રય છે, નિમિત્ત છે તેને કારણ કહ્યું છે, પણ એ કારણ બંધનું નહિ. આહા..હા..! એ આ પરિણામનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** .. એનું આ કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનું એ કારણ છે. એથી શું થયું? એ તો ઉપચારથી કહ્યું. આહા..હા..!

**'કારણના પ્રતિષેધથી જ કાર્યનો પ્રતિષેધ થાય છે.'** ઓહો..! ગણધરો અને સંતો એના ઉકેલ કરતા હશે. આહા..હા..! એક એક ન્યાયને ખોલીને એની અપાર શક્તિ ગજબ શક્તિ. દિગંબર સંતો જ્યારે ઉપદેશ કરતા હશે આહા..હા..! વીતરાગ સ્વરૂપને અને રાગના સ્વરૂપને કઈ રીતે બંધ અને કઈ રીતે મોક્ષનું કારણ. આહા..હા..! **'(બાહ્યવસ્તુ અધ્યવસાયનું કારણ છે...'** જોયું! એ તો પહેલાં કહ્યું હતુંને, તેના કારણપણાથી. કારણ જે અધ્યવસાય તેના કારણપણાથી. પહેલી લીટીમાં આવ્યું હતું. કારણ હો તો કારણનું કાંઈ કાર્ય અહીં નથી એનાથી. બંધનું કાર્ય એ કારણથી નથી. સમજાણું કાંઈ? ઝીણું આજ તો આવ્યું. આહા..હા..!

**'બાહ્યવસ્તુ અધ્યવસાયનું કારણ છે, તેથી તેના પ્રતિષેધથી...'** જોયું! પ્રતિષેધ કેમ છે? કે બાહ્યવસ્તુ પરિણામનું કારણ છે, **'તેથી તેના પ્રતિષેધથી અધ્યવસાનનો પ્રતિષેધ થાય છે). '** ખરેખર તો અધ્યવસાયનો પ્રતિષેધ કરાવ્યો છે. આહા..હા..! કેમકે વિકારી પરિણામનો આશ્રય એ જ કારણ છે, માટે આનો નિષેધ કરાવવા એનો નિષેધ કર્યો છે; પણ એકલો એનો નિષેધ છે એમ નહિ, આનો નિષેધ કરાવવા એનો નિષેધ કર્યો છે. આહા..હા..! ઓલા કહે, બાહ્યનો ત્યાગ કરે તો એને નિર્મળ પરિણામ થાય. બાહ્યનો ત્યાગ તો અનંતવાર કર્યો.

**શ્રોતા :-** અભિમાન કરે એને..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને શું છે? આહા..હા..! બાહ્યવસ્તુ બંધનું કારણ નથી. હવે એમાં દૃષ્ટાંત આપશે. આવશે... (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ-૧૨, મંગળવાર, તા. ૧૫-૦૨-૧૯૭૭,**
**ગાથા-૨૬૫-૨૬૬, પ્રવચન નં. ૩૨૦**

સમયસાર, ૨૬૫ ગાથા. એ અધિકાર છે કે 'બીજાને મારું, જીવાડું, સુખી-દુઃખી કરું' એવો જે અધ્યવસાય મિથ્યા પરિણામ એ જ બંધનું કારણ છે. એ બાહ્ય વસ્તુ જે હિંસા થયેલ જીવો એ કાંઈ આ જીવને બંધનું કારણ નથી. એ અધ્યવસાયનો આશ્રય ચીજ છે પર, પણ આશ્રય ચીજ છે એનો નિષેધ કેમ કર્યો તમે? એમ કીધું. બંધનું કારણ નથી તો એનો નિષેધ કેમ કર્યો? એ અધ્યવસાયના નિષેધને અર્થે એનો નિષેધ કર્યો છે. ન્યાય સમજાય છે કાંઈ? આહા..હા..! આ તો ન્યાયનો વિષય છે.

ફરીને. આ જીવ જે છે એ, બીજાને જીવાડું, મારું, અનુકૂળ એટલે? બીજા જીવના પ્રાણનો નાશ કરું, બીજા જીવના પ્રાણની રક્ષા કરું, બીજા જીવને અનુકૂળ સાધનો દઉં કે બીજા જીવને પ્રતિકૂળ સાધનો દઉં... ત્યાં સુધી આવ્યું. બંધ, મોક્ષ પછી આવશે. સમજાણું કાંઈ? એવો જે અભિપ્રાય છે એ મિથ્યા અભિપ્રાય છે. એ પછી ખુલાસો કરશે. કેમકે એ જે અભિપ્રાય છે તે નિરર્થક છે. કેમકે એ અર્થક્રિયા કરી શકતું નથી. બીજાને જીવાડું એવો જે અભિપ્રાય, બીજાને જીવાડી શકતો નથી. સમજાણું કાંઈ? આ તો ન્યાયની વાત છે બધી લોજિકથી છે. 'બીજાને મારી શકું છું' એવો અભિપ્રાય, એ મારી શકું છું એ અર્થક્રિયા એ કરી શકતો નથી. 'મારી શકું છું' એવો અભિપ્રાય એ બીજાને મારી શકતો નથી એટલે નિરર્થક એ અભિપ્રાય છે. આહા..હા..! એ અભિપ્રાય પરનું કાર્ય કરી શકતો નથી. એટલે એ અભિપ્રાય મિથ્યા-નિરર્થક છે. આહા..હા..! ત્યારે કહે કે તમે બાહ્ય વસ્તુનો નિષેધ કરો છોને? બાહ્યનો પ્રસંગ ન કરો, એનો પરિચય ન કરો, એની સોબતમાં ન જાવ. ત્યારે કહે છે, એ તો અધ્યસાયના નિષેધને અર્થે, જે પરિણામ છેને બીજાને જીવાડવા એ અધ્યવસાયના નિષેધ અર્થે બાહ્યનો નિષેધ છે. આનો નિષેધના અર્થે એનું લક્ષ છોડાવવા બહાર.. અધ્યવસાયને છોડવવા બહારનું લક્ષ છોડવું એમ કહ્યું છે. બહારનું લક્ષ છોડવું. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું બાપુ! આ તો વાણિયાને આવી ગઈ માથે. એ બધા સંસારના વડિયા સમજવા જેવા વાણિયા, અમે જોયા છેને. સંસારના બધા ડાહ્યા હોય છે એ બધા સમજવા જેવા. ઘણા જોયા છે એ બધા ૨૨ વર્ષની ઉંમરમાં. ઘણાને જોયા છે પાંચ વર્ષમાં ઓહો..હો..! બધા મજૂરની જેવા મજૂરી બધા કરે. એય..! ફૂલચંદજી! ન્યાય ને તર્ક ને વસ્તુ શું છે એને શોધવાની દરકાર નહિ.

અહીંયાં એ આચાર્ય મહારાજ કહે છે. ધંધો જે કરે છે એને 'હું ધંધો કરું' એવો જે અભિપ્રાય, એ ધંધો કરવાની ક્રિયા એ અભિપ્રાય કરી શકતો નથી. સમજાણું કાંઈ? કેમકે ધંધાની ક્રિયા એના અભિપ્રાયથી ભિન્ન ચીજની ક્રિયા છે. આહા..હા..! એટલે કે એ અભિપ્રાય એને બંધનું કારણ છે અને એ અભિપ્રાયનો આશ્રય પરચીજ છે. એ અભિપ્રાયના નિષેધને માટે પરચીજનું લક્ષ છોડાવવા નિષેધ કર્યો છે.

શશીભાઈ! સમજાણું કાંઈ? આ તો લોજિક-ન્યાયથી વાત છે, બાપુ! સર્વજ્ઞનો માર્ગ ન્યાયપ્રાપ્ત છે એ ન્યાયથી એને સમજવો જોઈએ. આહા..હા..!

**'માટે એવો નિયમ છે કે (બાહ્યવસ્તુરૂપ) આશ્રય વિના અધ્યવસાન હોતું નથી. અને તેથી જ અધ્યવસાનને આશ્રયભૂત એવી જે બાહ્યવસ્તુ તેનો અત્યંત પ્રતિષેધ છે,...'** અહીં સુધી આવ્યું છેને? હવે અહીં સુધી હજી એક લીટી આવી છે. **'કેમકે કારણના પ્રતિષેધથી...'** એટલે? જે અભિપ્રાય પરિણામ છે 'બીજાને મારું, જીવાડું, સુખી-દુઃખી કરું' એવા જે પરિણામ, એનું કારણ જે પરચીજ આશ્રય એ કારણના પ્રતિષેધથી, પર કારણના નિષેધથી **'કાર્યનો પ્રતિષેધ થાય છે.'** ન્યાયથી જરી ઝીણું છે.

**શ્રોતા :-** કાંઈ આમાં સમજાયું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધું સમજાય એવું છે. ન સમજાય એવું હોય? આહા..હા..!

ફરીને. જે ભાવ એમ થયો કે 'આને જીવાડું, મારું, બચાવું, રક્ષણ કરું, ફલાણાને હણું, પૈસા આપું, આહાર આપું' એવો જે અભિપ્રાય, આહાર આપવા આદિની ક્રિયા એ કરી શકતો નથી, માટે એ અભિપ્રાય નિરર્થક છે. છતાં એ અભિપ્રાયમાં એ પરવસ્તુનો આશ્રય લક્ષ નિમિત્ત છે, એથી બંધના પરિણામનું કારણ તો પરિણામ જ છે, પણ એનું કારણ આ છે એથી બંધના પરિણામના નિષેધ માટે બાહ્યવસ્તુનો નિષેધ કરવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

'સ્ત્રીનો સંગ ન કરો' એમ જે કહેવામાં આવે છે એ સ્ત્રીના લક્ષે જે પરિણામ થાય છે એ પરિણામનો નિષેધ કરવા 'એનો સંગ ન કરો' એમ કહેવામાં આવે છે. આહા..હા..! પણ છતાં તે સ્ત્રીનો સંગ થયો એ બંધનું કારણ નથી, એ તો ક્રિયા પર છે. આહા..હા..! બંધનું કારણ તો એના પરિણામ થયા કે આ વિષય સેવું, આમ કરું, શરીરને આમ હલાવું. આહા..હા..! ગજબ વાતું, બાપુ! આકરી વાતું છે. બહુ સ્પષ્ટીકરણ કરવા જાય તો આઘી વાત જાય. આહા..હા..! પ્રભુને સ્પષ્ટ કરવું હોય તો બધું કરે. એને ક્યાં જગતની (પડી) છે? આહા..હા..! આ ઇન્દ્રિયોની જાગૃતિ થવી એ જડની ક્રિયા છે, પણ અભિપ્રાયમાં એમ થાય કે 'હું આને જાગૃત કરું અને વિષય લઉં' એ અભિપ્રાય નિરર્થક છે. કેમકે એ અભિપ્રાય ઇન્દ્રિયોની ક્રિયા કરી શકતો નથી. છતાં તે અભિપ્રાયના આશ્રયે એ ક્રિયા છે, માટે અભિપ્રાયના નિષેધ અર્થે એનો નિષેધ કરવામાં આવે છે. પોપટભાઈ! આવી તો સ્પષ્ટ વાત આવે છે. આહા..હા..! બહુ ઝીણી વાત, બાપુ! એને ન્યાયથી કોઈ વિચાર કર્યા જ નથી. આહા..હા..! વીતરાગનો માર્ગ 'निरावोयम' છે. એ પાંચમા સૂત્રમાં આવે છે. પડિક્કમણા કર્યા હતા કે નહિ શ્રમણસૂત્ર? શ્રમણસૂત્ર મોઢે નહિ કર્યું હોય. બોલે એમાં ભેગા બેઠા હોય. એ પાંચમું શ્રમણસૂત્ર આવે છે. ... 'निरावोयम' એમ આવે છે. આ બોલ તો અમે સંપ્રદાયમાં વ્યાખ્યાનમાં આપતા. સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ ન્યાય છે. ન્યાય—જે રીતે વસ્તુ છે તે રીતે નિ-ધાતુ (છે), જે રીતે વસ્તુ (છે) તેમાં જ્ઞાનને દોરી જવું એનું નામ ન્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં એમ કહે છે કે તું સાંભળ એકવાર કે 'હું આ પૈસા બીજાને દઈ શકું છું' એવો જે તારો

અભિપ્રાય, એ પૈસા દેવાની ક્રિયા માટે નિરર્થક છે. એ પૈસાની ક્રિયા દેવાની તું કરી શકતો નથી. એ તો જડના પરિણામ તે કાળે ત્યાંથી દૂર થવાના હોય તો એને કારણે થાય છે. આહા..હા..! કહો, કાંતિભાઈ! એ તો બધા અમલદાર અધિકારીઓ જેવા હતા. એને શું ... આહા..હા..! સમજાણું કાંઈ? એ કહે છે. '**કારણના પ્રતિષેધથી જ કાર્યનો પ્રતિષેધ થાય છે.**' ભાષા શું છે? જે અભિપ્રાય જેને આશ્રયે થાય છે તેનો નિષેધ કરતા એ કારણ છે. પરિણામનું એ નિમિત્ત છે, આશ્રય છે એથી એ કારણનો નિષેધ કરતાં... છેને? '**કારણના પ્રતિષેધથી જ કાર્યનો પ્રતિષેધ થાય છે.** ' એના અભિપ્રાયનો નિષેધ થાય છે. આહા..હા..! એમ કહ્યું છે. ધીમ-ધીમેથી સમજવું. ભાઈ, આ તો એકદમ ન્યાયનો આખો બંધ અધિકાર ન્યાયપ્રાપ્તથી ઉપાડ્યો છેને? કે ભાઈ! જુઓ, જગતમાં કર્મના રજકણો છે માટે આત્મા બંધાય છે એમ નથી, તેમ દેહની મન, વચનની, કાયાની ક્રિયા થાય તેથી બંધાય આત્મા એમ નથી. એમ હોય તો કેવળીને બંધાય એ વગેરે આવી ગયું છેને પહેલું? આહા..હા..! એમ પાંચ ઇન્દ્રિયોની ક્રિયાથી બંધ થતો હોય તો તો કેવળીને પણ થવો જોઈએ. એ નથી થતો. કેમકે એ ઇન્દ્રિયો તો પરવસ્તુ છે. આહા..હા..! એનાથી આત્માને કાંઈપણ કાર્ય થતું નથી. તેમ એ કાર્ય આત્મા બિલકુલ કરી શકતો નથી.

ફક્ત બંધનું કારણ કહો, જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા જ્ઞાયકભાવ સ્વભાવભાવ એવો આત્મા એના એ ત્રિકાળી સ્વભાવભાવમાં વર્તમાન પરિણામને ઉપયોગમાં એ રાગ ક્ષણિક વિકારને પોતાના કરે એ મિથ્યાત્વ બંધનું કારણ છે. આવી વાતું હવે. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાયકસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ જ્ઞાનાનંદસ્વરૂપી ત્રિકાળ એના વર્તમાન પરિણામમાં, પરિણામમાં; વર્તમાન પરિણામ તો જ્ઞાનના પરિણામ હોય એ ઉપયોગ જ્ઞાનનો છે, એવા જ્ઞાનના પરિણામમાં કોઈપણ પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પ રાગને ત્રિકાળી સ્વભાવના પરિણામમાં જોડી દે, કરે તો એ ઉપયોગમાં રાગને કર્યો એ મિથ્યાત્વભાવ અને સંસાર છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? કહો, શાંતિભાઈ! આવી વાત છે. આહા..હા..! ભાગ્ય છેને! આ વાત પણ ક્યાં છે, બાપા! આહા..હા..! પ્રભુના ઘરની (વાત છે). ત્રણલોકના નાથે જગતને જાહેર કર્યું એ સંતો જાહેર કરે છે. ભાઈ! તારો આત્મા સ્વભાવ છે એ બંધનું કારણ નથી. પરવસ્તુ બંધનું કારણ, રાગાદિ બંધનું કારણ નથી. આહા..હા..! બે વાત કરી. ત્રિકાળી વસ્તુ છે વસ્તુ એ કાંઈ બંધનું કારણ નથી, એ તો મુક્તસ્વરૂપ છે. રાગાદિ પરવસ્તુ બંધનું કારણ નથી. કેમકે એ તો પર છે. ફક્ત સ્વસ્વરૂપના પરિણામમાં પરને એકત્વ કરવું એનું નામ બંધ ને મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા છે, બાપુ! આહા..હા..!

એ ઓલા જિનવાણી માતા એ તો ઓલામાં આવે છે? શેમાં આવે છે? જિનવાણી માતા બોલતા ને. શેની શાસનની બલિહારી? દર્શનકી. શેમાં આવે છે? આમાં આવે છે? સ્તવન મંજરીમાં નહિ? આહા..હા..! જિનવાણી માતા દર્શનની બલિહારી. આહા..હા..! એની વાણી તો જુઓ, એ તો ઓલામાં એમ આવ્યું ત્યાં મેં તો કીધું આ શબ્દ ક્યાં આવ્યો? અને આમાં એ આવ્યું બનારસીદાસમાં.

'જિનાદેશ જાતા જિનેન્દ્રા વિખ્યાતા.' જિનાદેશ વીતરાગના મુખમાંથી નીકળી છે. આહા..હા..! જિનાદેશ—આદેશ ત્યાંથી નીકળેલો. આહા..હા..! 'જિનાદેશ જાતા જિનેન્દ્રા વિખ્યાતા.' જિનેન્દ્રે જેને પ્રસિદ્ધ કરી છે. નીકળ્યા ત્યાંથી અને પ્રસિદ્ધિ જેની કરી છે, લ્યો! આહા..હા..! 'જિનાદેશ જાતા જિનેન્દ્રા વિખ્યાતા, પ્રબુદ્ધા વિશુદ્ધા.' આહા..હા..! એ વાણી પ્રબુદ્ધ જ્ઞાનને ઉત્પન્ન કરવામાં નિમિત્ત છે એટલે એ પોતે જે જ્ઞાનને ઉત્પન્ન કરનારી છે એમ કીધું. આહા..હા..! 'પ્રબુદ્ધા વિશુદ્ધા નમો લોકમાતા.' હે માતા! તારી ગોદમાં હું આવ્યો છું, માતા! તને નમસ્કાર કરું છું!! આહા..હા..! 'દુરાચાર દુર્નૈહરા શંકરાની.' દુરાચાર આચારનો નિષેધ કરનારી. દુર્નૈહરા—દુર્નયનો નિષેધ કરનારી. દુર્નૈહરા છેને? દુ-નય ખોટી નયની જે પક્કડ એનો નિષેધ કરનારી જિનેન્દ્રની વાણી છે. આહા..હા..! 'દુરાચાર દુર્નૈહરા શંકરાની.' શંકારીની. તું સુખની દેનારી માતા! એનો ભાવ હોં! આહા..હા..! એ આનંદની દેનારી જિનેન્દ્રની વાણી, એ વાણીનું જે વાચ્ય છે એ આનંદને દેનારી છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'નમો દેવી વાગેશ્વરી. નમો દેવી વાગેશ્વરી.' વાક ઈશ્વરી. વાણીની ઈશ્વરી. અનાદિ અનંત અનાદિ ઈશ્વરી. એ આવે છેને એમાં એ? અનંત અનાદિ ઐશ્વર્ય. અનાદિની વાણી નાથ તારી. આહા..હા..! અનંત તીર્થંકરો એવા વાહન દ્વારા કહ્યું, વાણીના વાહન દ્વારા.

'સુધાધર્મસંસાધની ધર્મશાલા' પ્રભુ! તારી વાણીનો ન્યાય તો જો! આહા..હા..! સુધા-અમૃતના ધર્મની, અમૃતરૂપ ધર્મ એની સંસાધની મેઘમાળા. મેઘમાળા—આ વરસાદ પડેને. આમ માળા થાયને. ધારાવાહી પડે છેને માળાની પેઠે. .. નથી પડતો આમ ત્રુટક-ત્રુટક છાંટો થઈને. ધારા પડે છે. મેઘમાળા. આહા..હા..! 'મુધા તાપ નિર્નાશની મેઘમાલા.' આહા..હા..! 'મહામોહવિધ્વંસની મોક્ષદાની.' વાણીને એમ કહે છે. ત્યારે એ લોકો એમ કહે છે, વાણી તો જડ છે એમાં છે? પણ કઈ અપેક્ષાએ વાત છે? એના ભાવ બતાવનારી છેને. ભાવ સમજે તેને આ દેનારી છે એમ કહે છે. સમજાણું કાંઈ? 'નમો દેવી વાગેશ્વરી.' 'અખૈવૃક્ષશાખા...' પ્રભુ! તારી વાણી અક્ષય વૃક્ષની શાખાઓ છે, અક્ષય વૃક્ષની શાખાઓ છે એ તો. આહા..હા..! અક્ષય વૃક્ષ ભગવાન આત્મા એની પરિણતિને બતાવનારી એ અખૈવૃક્ષશાખા છે. 'વ્યતીતાભિલાષા.' બહારની અભિલાષાથી રહિત છે એ વાણી. આહા..હા..! 'કથા સંસ્કૃતા પ્રાકૃતા દેશભાષા.' ભલે દેશભાષા હોય પણ વાણી પ્રભુ તારી છેને. દેશભાષા-ચાલતી ભાષામાં કહ્યું હોય. સમજાણું કાંઈ? 'ચિદાનંદ-ભૂપાલકી રાજધાની.' આહા..હા..! જ્ઞાનાનંદના રાજાની રાજધાની. 'ચિદાનંદભૂપાલ' પૃથ્વીનો પાળનાર. ચિદાનંદ ભૂપાલ-રાજા એની રાજધાની. 'નમો દેવી વાગેશ્વરી જૈનવાની.' આહા..હા..! જુઓ, બનારસીદાસે આ કર્યું છે ગૃહસ્થાશ્રમમાં.

અહીં એ કહે છે, ન્યાયને સમજ એકવાર અમે શું કહીએ છીએ. આહા..હા..! એ બંધનું કારણ અભિપ્રાય છે તારો મિથ્યાત્વ. એ એકત્વનો અર્થ કર્યો છે કે એ રાગની એકતાબુદ્ધિ છે એ અભિપ્રાય અધ્યવસાય એ બંધનું કારણ અને એ બંધના કારણનું કારણ પરવસ્તુ આશ્રય. એને કારણ ગણ્યું. એ કારણથી અહીં કાર્ય થાય છે એમ નહિ, પણ એ નિમિત્ત છે તો એને કારણ કહ્યું. એથી અહીં કહ્યું. **'કેમ કે કારણના પ્રતિષેધથી જ કાર્યનો પ્રતિષેધ થાય છે. (બાહ્યવસ્તુ અધ્યવસાનનું કારણ છે.'**

છે? '**તેથી તેના પ્રતિષેધથી અધ્યવસાનનો પ્રતિષેધ થાય છે**).' પહેલું તો એમ કહ્યું હતું (કે) અધ્યવસાયના પ્રતિષેધ અર્થે બાહ્યવસ્તુનો પ્રતિષેધ કરવામાં આવે છે. છે? ભાઈ! પહેલું તો એમ કહ્યું હતું. એને પછી ફેરવીને હવે આમ કહ્યું. આહા..! સમજાણું? '(**બાહ્યવસ્તુ અધ્યવસાનનું કારણ છે, તેથી તેના પ્રતિષેધથી અધ્યવસાનનો પ્રતિષેધ થાય છે**). ' આહા..હા..! ખરેખર તો બાહ્ય વસ્તુનો પ્રતિષેધ અધ્યવસાનના પ્રતિષેધ અર્થે કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી એક એક વાતમાં... આહા..હા..!

તીર્થંકરો ક્ષત્રિય હોય છેને.. આહા..હા..! એનું વીર્ય અને એની પુરુષાર્થની જાગૃતિ ક્ષત્રિયોની, એ તીર્થંકરો થઈ શકે. આહા..હા..! શાસનની શરૂઆત કરનારા એ છે. આદિકરણ આવે છેને? **નમોત્થુણં**માં નથી આવતું? '**आईगराणं**' ભૂલી ગયા? '**नमोत्थुण अरिहंताणं आईगराणं**'—આદિના કરનારા. આહા..હા..! અર્થની ક્યાં ખબર હતી, ગડિયા હાંકે જાતા એમ ને એમ. કોની પાસે પૈસા કેટલા માગું છુ એના પૈસાના અર્થની ખબર હોય બધાને. આ અર્થની ખબર ન મળે. હા ઓલામાં નુકસાન આવે. આમાં તો બિચારાને આવે તો ખબર પડતી નથી. નુકસાન તો આવે છે પણ ખબર પડતી નથી. આહા..હા..!

'**પરંતુ, જોકે બાહ્યવસ્તુ બંધના કારણનું કારણ છે...**' જોયું! લક્ષ ત્યાં જાય છેને આશ્રય? એટલે કારણ કહ્યું. '**તોપણ તે (બાહ્યવસ્તુ) બંધનું કારણ નથી;...**' બાહ્યવસ્તુ બંધનું કારણ નથી એ સિદ્ધ કરવું છે. '**वत्थुं पडुच्च जं पुण अज्झवसाणं, ण य वत्थुदो दु बंधो**' આહા..હા..! સમજાય છે કાંઈ? દીકરા, સ્ત્રીઓ, કુટુંબ બધું કેમ નભે સારી રીતે વ્યવસ્થિત? એનો હું માલિક છું, એટલે ૨૫-૫૦ ઘરના, કુટુંબના માણસો હોય, આઠ છોકરા હોય એની વહુઓ, એના છોકરા હોય. મોટું ટોળું ભેગું થયું હોય. 'બધાની વ્યવસ્થા બરાબર જાળવું તો હું માલિક કહેવાઉં' એવો એનો અભિપ્રાય છે. એ અભિપ્રાયનો આશ્રય ઓલી ચીજ છે, પણ એ ચીજ બંધનું કારણ નથી, બંધનું કારણ એનો અભિપ્રાય છે જૂઠો.

**શ્રોતા :-** અભિપ્રાય કે ફરજ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફરજ ક્યાં ધૂળની હતી ફરજ ત્યાં? આહા..હા..! ફરજ છે કે નહિ ફૂલચંદજી છોકરાને ભણાવવાની? એમ કહે છે. શેનો ફરજ હતો ધૂળમાં? આહા..હા..! એ બધા પડ્યા રહે, ચાલ્યો જાય એકલો અને એ પડ્યો રહે અને ઓલી ચીજ ચાલી જાય, જેની વ્યવસ્થા કરું અને રાખું. આહા..હા..! બાપના બાપ પડ્યા રહે અને દીકરાના દીકરા ચાલ્યા જાય. બાપુ! કોને રાખ, ભાઈ? આહા..હા..! એને રાખું, વ્યવસ્થા કરું એવો જે તારો અભિપ્રાય એ અભિપ્રાય પરના કરવા માટે નિરર્થક છે. માટે તે અભિપ્રાય જૂઠો છે. એની અર્થક્રિયા કરનારો, અર્થ એટલે પ્રયોજન જે છે બચાવવાનું એ ક્રિયા કરી શકતો નથી. આહા..હા..! આવી વાતું છે. આહા..હા..!

'**કેમકે...**' હવે દૃષ્ટાંત આપે છે. આપણે અહીં સુધી તો આવ્યું હતું કાલે. '(**અર્થાત્ અધ્યવસાનનું**) **કારણ છે તોપણ બાહ્યવસ્તુ બંધનું કારણ નથી;...**' બાહ્યચીજ તે બંધનું કારણ નથી. '**કેમકે**

**ઈર્યાસમિતિમાં પરિણમેલા મુનીંદ્રના પગ વડે હણાઈ જતા...**' જોયું! મુનિ કેવા? પણ ઈર્યાસમિતિ, જોઈને બરાબર ચાલે છે. ઈર્યા જોઈને ચાલતા પરિણમેલા મુનીંદ્રના. સમિતિમાં પરિણમેલા પાછા હોં એ. આહા..હા..! જોઈને ચાલતામાં પ્રમાદરહિત છે. એ જોવું વિકલ્પ છે એ તો પ્રમાદ છે, પણ એમાં જે પ્રમાદ જોઈએ તે પ્રમાદનો અભાવ છે. આહા..હા..! '**ઈર્યાસમિતિમાં પરિણમેલા...**' આહા..હા..! '**મુનીંદ્રના પગ વડે...**' ભાષા દેખો! શુભભાવ. ઈર્યાસમિતિમાં શુભભાવ છે.

એ રીતે '**પરિણમેલા મુનીંદ્રના પગ વડે...**' મુનિનો પગ. ઠીક. સમજાવવું છે તો શી રીતે સમજાવે? મુનીંદ્રનો પગ. પગ તો જડનો છે. મુનીંદ્ર તો શુભોપયોગી તે મુનિ છે, પણ શરીર નિમિત્ત છે સામે, એના '**પગ વડે હણાઈ જતા...**' પગ વડે હણાઈ જતા. પગથી હણાય નહિ. આ તો નિમિત્તનૈમિત્તિકસંબંધ સિદ્ધ કરવો છેને. '**હણાઈ જતા એવા કોઈ ઝડપથી આવી પડતા...**' જાય છે આમ જોઈને બરાબર. ત્યાં ખપેડી થાય છે ને ખપેડી થાય છે. ખેતરમાં ખપેડી બહુ ઝીણી. એવી ઊડીને એકદમ (આવે), આને કાંઈ ખ્યાલ પણ ન હોય. આમ ઊડીને આવીને પગ નીચે આવી જાય. ખેતર ખેતર છેને. એ ખપેડી થાય ઊડતી ઊડતી જીવાત. તે આમ જોઈને ચાલે છે ત્યાં ન હોય, પણ આમ પગ મૂકે તો બહારથી ઊડીને પગ નીચે ગરી જાય. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! ખપેડીનું સાંભળ્યું છે? અમારે તો બધું રસ્તામાં મળેને ચાલતા. એ ખપેડી થાય છે. ઊડતી જીવાત. જોઈને ચાલે છે આમ. પગ આમ મૂકવા જાય ત્યાં ઓલી અંદર ગરી જાય છે ખપેડી. મરી જાય છે. લ્યો!

'**ઈર્યાસમિતિમાં પરિણમેલા...**' આહા..હા..! '**મુનીંદ્રના પગ વડે હણાઈ જતા એવા કોઈ ઝડપથી આવી પડતા...**' ઝડપથી આવીને એકદમ. પગ જ્યાં આમ ઉપાડીને અહીંથી આમ અહીં મૂકે ત્યાં તો એ નીચે આવી જાય. '**કાળપ્રેરિત...**' આહા..હા..! એનો કાળ ત્યાં પૂરો થયો છે દેહ છૂટવાનો. આહા..હા..! '**ઊડતા જીવડાની...**' ઊડતા જીવડાની. બેઠું છે એની વાત નહિ. બેઠું તો આમ જોવે છે નીચે. પણ આ ઊડતું જીવડું છે. આહા..હા..! '**માફક બાહ્યવસ્તુ—કે જે બંધના કારણનું કારણ છે...**' બંધના કારણનું કારણ છે. '**તે—બંધનું કારણ નહિ થતી હોવાથી,...**' પણ તે બંધનું કારણ થતું નથી. આહા..હા..! ઈર્યાસમિતિથી પરિણમ્યો છે અંદર બરાબર. શુદ્ધ પરિણતિ છે અને એનો ભેગો ભાવ પણ શુભ છે. સમજાય છે? આહા..હા..!

'**બાહ્યવસ્તુને બંધનું કારણપણું માનવામાં...**' એ હિંસા થઈ એ બંધનું કારણ એને નથી. કારણ કે અભિપ્રાયમાં મારવાનો ભાવ છે નહિ. આહા..હા..! આવી ન્યાયની વાતું. આહા..હા..! એ બંધના કારણને કારણ માનવામાં '**અનૈકાંતિક હેત્વાભાસપણું છે—વ્યભિચાર આવે છે.**' વ્યભિચાર આવ્યો એ તો. એનાથી બંધ થાય એ વાત આવી નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! '**(આમ નિશ્ચયથી બાહ્યવસ્તુને બંધનું કારણપણું નિર્બાધ રીતે સિદ્ધ થતું નથી.)**' આહા..હા..! ન્યાયથી ન્યાયપ્રાપ્તથી પરવસ્તુ બંધનું કારણ પ્રાપ્ત થતું નથી. '**માટે, બાહ્યવસ્તુ કે જે જીવની અતદ્ભાવરૂપ છે...**' ભાષા દેખો હવે. આહા..હા..! એ બાહ્યવસ્તુ કે જે જીવને અતદ્ભાવરૂપ છે, તેના તદ્ભાવરૂપ નથી, પરભાવ છે. આત્માની અપેક્ષાએ એ અતદ્ભાવરૂપ છે, તેના ભાવરૂપી ચીજ

નથી. આહા..હા..! પર હિંસા થવી, જીવવું, દુઃખના સાધનો આપવા એ આત્માથી અતદ્ભાવ છે, આત્માનો તદ્ભાવ નથી એ. આહા..હા..! ભારે ન્યાય આપ્યા છે આ હોં. આહા..હા..! જરી કેળવવું પડે મગજને ભાઈ! સમજાણું કાંઈ? આ તો કેવળીના કોર્ટની વાતું છે. આહા..હા..!

'**જીવને અતદ્ભાવરૂપ છે...**' છેને? અતદ્ભાવરૂપ છે. શું કીધું ઈ? કે આ સ્ત્રીને નભાવું, પૈસા આપું, પૈસાને જાળવી રાખું, બરાબર ઊપજાવી શકું પૈસાને એવો જે ભાવ એ એના આત્માના અંદરમાં છે અને આ પરચીજ છે પૈસા આદિ દેવા-લેવાની ક્રિયા એ અતદ્ભાવરૂપ છે. એ આત્માના ભાવરૂપ નથી, બીજા ભાવરૂપ છે. આહા..હા..! અરે..! આવી વાતું. ઓલા બિચારાને મળે નહિ. એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા,.. અને એને ધર્મ થાય. પ્રેમચંદભાઈ! એમ ને એમ બધા ચાલ્યા ગયા, લ્યો! આહા..હા..! વીતરાગનો માર્ગ તો ન્યાયથી તોળીને પ્રાપ્ત છે. જેમ કાટલાથી ... થાય ને એમ અદ્ધરથી નહિ કે આ પાંચ શેર છે, સવા પાંચશેર છે, એમ નહિ. તોળીને લાવ. પાંચ શેર લાગે છે, એમ નહિ. તોલ માપમાં લાવો પાંચ શેર; એમ આ જ્ઞાનના માપમાં સત્ય આવવું જોઈએ, અદ્ધરથી વાતું કરે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! '**તે બંધનું કારણ નથી;...**' શું કીધું? જે જીવને બાહ્યવસ્તુ જીવવું, એનું મરવું, એના સુખ-દુઃખના સાધન દેવા એ બધા જીવથી અતદ્ભાવ પરભાવરૂપ છે તે બંધનું કારણ નથી. '**અધ્યવસાન કે જીવને તદ્ભાવરૂપ છે...**' આહા..હા..! તેના પરિણામ, તેના પરિણામ તેના તદ્ભાવરૂપ છે '**તે જ બંધનું કારણ છે.**' આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવી વાતું છે. કહો, હવે સમજાણું કે નહિ આમાં કાંઈ? અમારે પોપટભાઈ... આહા..હા..!

'**ભાવાર્થ :- બંધનું કારણ નિશ્ચયથી અધ્યવસાન જ છે;...**' જોયું! આ તો એકાંત કહ્યું. આ જ છે, પર નહિ એ અનેકાંત છે, પણ આ છે અને આ પણ છે એ (મિથ્યા) એકાંત છે. સમજાણું કાંઈ? આહા..હા..! મુનિને પરિણામ ઈર્યાસમિતિના છે, છતાં એના પગ નીચે આવીને જીવડું મરી જાય એનો એને બંધ નથી. આહા..હા..! બાહ્યવસ્તુ તો થઈ, મરવાની તો થઈ છતાં એ બંધનું કારણ નથી. પરિણામ નથી માટે બંધનું કારણ નથી. એમ. આહા..હા..! '**અને જે બાહ્યવસ્તુઓ છે તે અધ્યવસાનનું આલંબન છે-**' એ પરિણામનો આશ્રય છે, પરિણામ જે કરે છે તેનું એ નિમિત્ત છે. પરિણામ કરે છે તેનું એ કારણ છે. આશ્રય કહો, આલંબન કહો, કારણ કહો. આહા..હા..! '**તેમને આલંબીને અધ્યવસાન ઊપજે છે,...**' આહા..હા..!

છોકરો નાનો હોય રૂપાળો, કૂણો, પછી એને ચુંબન લે આમ. એનો અભિપ્રાય એ છે કે હું આનું ચુંબન લઉં. એ અભિપ્રાય ચુંબનની ક્રિયા કરી શકતો નથી. કારણ કે હોઠ અને પરની ક્રિયા તો જડની છે, અતદ્ભાવ છે. આહા..હા..! ફક્ત 'હું આમ લઉં ચુંબન' એવો જે પરિણામ છે અધ્યવસાય એ અતદ્ભાવરૂપ છે, પોતાના ભાવરૂપ છે. આહા..હા..! વાતું તે વાતું. ક્ષણે ક્ષણનું ભેદજ્ઞાન બતાવ્યું છે. આહા..હા..! ક્ષણ-ક્ષણની પર્યાય અને ક્ષણ-ક્ષણની ક્રિયા. તે તે સમયની ક્રિયા અને તે તે સમયના પરિણામ. તે તે ક્રિયા તે અતદ્ભાવરૂપ છે અને પરિણામ તદ્ભાવ છે. આહા..હા..! છતાં તે પરિણામનો આશ્રય અવલંબન વસ્તુ છે, અતદ્ભાવ પણ અવલંબન છે, લક્ષ છે, આશ્રય છે. આહા..હા..! '**તેથી**

**તેમને અધ્યવસાનનું કારણ કહેવામાં આવે છે.'** છેને? એનું અવલંબન છેને, આશ્રય છે એટલે અધ્યવસાનનું કારણ કહેવામાં આવે છે. આહા..હા..! પણ એણે કર્યું નથી હોં પરિણામ પાછું કારણનો અર્થ. આહા..હા..! કારણ કહ્યું પણ કર્યું નથી, એ જ વાત અહીં છે. હા, નિમિત્તરૂપ એ કારણ છે. કાંઈ કાર્ય કર્યું નથી એણે. આહા..હા..! આવી વાત છે.

**શ્રોતા :-** .. પર કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર કારણ છે. પર કારણ છે તો અહીં કર્યું નથી એણે, છતાં કારણ છે. અધ્યવસાયનું કારણ છે, પરિણામનું કારણ છે, ભાવનું કારણ છે. એ અતદ્ભાવ, ભાવના તદ્ભાવનું અતદ્ભાવ કારણ છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! વીતરાગનો માર્ગ બાપુ આ તો.. આહા..હા..! આ તો કેવળજ્ઞાનની કોર્ટ છે. એ તો કેવા આહા..હા..! એક વર્તમાનમાં કીધું નહિ? ઓલો ત્રણ હજારનો પગારદાર માણસ ગોરો, ૬૩ની સાલ. એવો અંદર બેઠો હતો, અમે ગયા અંદર ત્યાં. આ લોકોને બહાર ઊભા રાખો. એવા તમારા.. આ તો કેવળજ્ઞાનની કોર્ટ છે. આહા..હા..! વસ્તુની ક્રિયાને બહાર રાખો, પરિણામનો આશ્રય હોવા છતાં એ પરિણામથી તેને બંધ છે, એ વસ્તુથી બંધ નથી. આહા..હા..! તે દિ' ભાઈ બહુ ચાલ્યું હતું હોં. તે દિ' તો ઉંમર ૧૭ વર્ષની. ૧૭-૧૭. ૭૦ થયા વર્ષને. ૭૦ વર્ષ પહેલાંની વાત છે. વડોદરાની કોર્ટમાં. ગોરો એનો અમલદાર બહુ શાંત. આહા..હા..! પાંચ જણાને અમને પકડ્યા હતા ખોટા કેસમાં. અંદર જ્યાં ગર્યા. આમ જોવે છે, આ તો વાણિયા છે. આના મોઢામાં કાંઈ અફીણનો .. કેસ આ દેખાતો નથી, આ શું છે આ બધું? સવા મહિના કેસ ચલવ્યો. અંતે એને આ કેસ ખોટો લાગે છે, બિલકુલ ખોટો છે. ક્યાં થયો? પાલેજ થયો. કયે સ્થાનમાં? વડની નીચે. વડની નીચે કોર્ટ લાવ્યા હતા વડોદરેથી હોં! આમ નાખ્યું. પોલીસ ક્યાં ઊભો હતો? હું ક્યાં હતો? એ બધી ઘણી તપાસ કરી. આ તો ૭૦ વર્ષ પહેલાંની (વાત). એકદમ સહી કરી. બિલકુલ જૂઠો કેસ છે. કેસ કૃત્રિમ છે. આ કેસ સાચો છે જ નહિ.

એમ અહીં ભગવાન કહે છે કે પરને લઈને બંધ થાય એ કેસ ખોટો છે. ફૂલચંદજી! આ તો કેવળીની કોર્ટ છે, પ્રભુ! આહા..હા..! બીજી ચીજ છે. પરિણામમાં આશ્રય બીજી ચીજ છે, એ બંધનું કારણ નથી, એ દોષ નથી. એ તો કારણરૂપ એ વસ્તુ (છે). તેં પરિણામ કર્યા એને કારણરૂપે તે કહેવાણું. કર્યા એટલે એને કારણરૂપે કહેવાણું એમ, પણ એ કારણ બંધનું કારણ નથી. આહા..હા..! ચોવીસે કલાકમાં થતાં પરિણામ પરનું કરું, આને કરું ને આને કરું, ગ્રાહકને સાચવું. સમજાણું? આટલા પૈસા એને દઈએ તો એ આપણને અઢાર આના તરીકે આપશે, બહુ નહિ બોલી શકે. લઈ જાવ ભાઈ લઈ જાવ બે હજારનો માલ. રૂપિયે બે આના પેદા થાય એવું, નહિતર બહુ તકરાર કરશું તો પૈસા રોકડા જતા રહેશે, સત્તર આના આપશું માલ. એય..! આહા..હા..! એ અભિપ્રાય તું કર એવો. પણ પરની ક્રિયા તું કરી શકે છે એ છે નહિ. આહા..હા..! છતાં તારા પરિણામનો આશ્રય એ ચીજ છે. આહા..હા..!

તેથી, બાહ્યવસ્તુનો ત્યાગ કરાવવામાં આવે છે. બાહ્યવસ્તુ. છેને? **'બાહ્યવસ્તુ વિના નિરાશ્રયપણે અધ્યવસાન ઊપજતાં નથી...'** એટલે શું કીધું? જે કાંઈ 'બીજાને જીવાડું, સુખી કરું' એવા પરિણામ

પરના આશ્રય વિના હોતા નથી, નિરાશ્રય હોતા નથી. આહા..હા..! '**તેથી બાહ્યવસ્તુઓનો ત્યાગ કરાવવામાં આવે છે. જો બંધનું કારણ બાહ્યવસ્તુ કહેવામાં આવે તો તેમાં વ્યભિચાર આવે છે.**' એટલે વિરોધતા આવે છે. સત્યતા આવતી નથી એમાં, એમ. આહા..હા..! '(**કારણ હોવા છતાં કોઈ સ્થળે કાર્ય દેખાય અને કોઈ સ્થળે કાર્ય ન દેખાય તેને વ્યભિચાર કહે છે**' આ વ્યભિચારની વ્યાખ્યા કરી. આ વ્યભિચાર કહે છે. જે કારણ હોવા છતાં કાર્ય થાય અને કાર્ય ન થાય તો તે વ્યભિચાર છે. '**અને એવા કારણને વ્યભિચારી-અનૈકાંતિક-કારણાભાસ કહે છે.**) ' જોયું! કારણાભાસ. કારણ નહિ પણ કારણનો અભાસ. આહા..હા..!

'**કોઈ મુનિ ઈર્યાસમિતિપૂર્વક યત્નથી ગમન કરતાં...**' યત્નથી ગમન કરતા. જોયું! '**હોય તેમના પગ તળે કોઈ ઊડતું જીવડું...**' એ ગમનનો વિકલ્પ છે એ પણ છે તો પ્રમાદ, પણ એને બીજાને નહિ મારવાની સ્થિતિનું પરિણામ છે એથી ગમન કરતાં એવું લીધું. યત્નથી ગમન એમ કીધું. શબ્દ છેને? યત્નથી ગમન કરતાં. આહા..હા..! '**હોય તેમના પગ તળે કોઈ ઊડતું જીવડું વેગથી...**' આવ્યું હતુંને શીઘ્ર? '**આવી પડીને મરી ગયું તો તેની હિંસા મુનિને લાગતી નથી.**' આહા..હા..! '**અહીં બાહ્યદૃષ્ટિથી જોવામાં આવે તો હિંસા થઈ,...**' જીવડું તો મરી ગયું પગ નીચે. '**પરંતુ મુનિને હિંસાનો અધ્યવસાય નહિ હોવાથી...**' મારવાના પરિણામ નથી. આહા..હા..! લ્યો અહીં તો પરિણામના અર્થમાં અધ્યવસાય વાપર્યો છે. એકત્વબુદ્ધિ તો છે નહિ ત્યાં. છતાં અધ્યવસાય એટલે પરિણામના અર્થમાં વાપર્યો.

'**પરંતુ મુનિને હિંસાનો અધ્યવસાય નહિ હોવાથી તેમને બંધ થતો નથી. જેમ તે પગ નીચે મરી જતું જીવડું મુનિને બંધનું કારણ નથી, તેમ અન્ય બાહ્યવસ્તુઓ વિષે પણ સમજવું.**' એમ બધી બાહ્યવસ્તુથી સમજવું. શરીરથી, વાણીથી, મનથી બધી પર. એ ક્રિયા થાય તેનો આશ્રય પરિણામ ભલે હો, પરિણામનો એ (વસ્તુ) આશ્રય હોય, પણ એ વસ્તુથી બંધ છે નહિ. આહા..હા..! એ વાણીથી બંધ નથી, દેહથી બંધ નથી એમ કહે છે. આહા..હા..! વાણી, દેહ, પરચજી બધી અતદ્ભાવરૂપ છે, જીવના અતદ્ભાવરૂપ છે અને પરિણામ છે એ એના તદ્ભાવરૂપ છે. આહા..હા..! ભારે વાત ભાઈ આ તો. તત-અતત આવે છેને, ચૌદ બોલમાં નથી આવતું? જ્ઞેય છે તે અતદ્રૂપ છે, પોતે છે તદ્રૂપ છે, જ્ઞેય છે એ અતદ્રૂપ છે. એમ આ બધી ચીજો છે એ ભાવના પરિણામના તદ્ભાવની અપેક્ષાએ અતદ્ભાવરૂપ છે બધી ચીજો. ઓહો..હો..!

'**આ રીતે બાહ્યવસ્તુને બંધનું કારણ માનવામાં વ્યભિચાર આવતો હોવાથી...** ' એટલે વિરોધ આવતો હોવાથી '**બાહ્યવસ્તુ બંધનું કારણ નથી એમ સિદ્ધ થયું. વળી બાહ્યવસ્તુ વિના નિરાશ્રયે અધ્યવસાન થતાં નથી તેથી બાહ્યવસ્તુનો નિષેધ પણ છે જ.**' એને લક્ષ છોડાવે છે.

'**આ રીતે બંધના કારણપણે (-કારણ તરીકે) નક્કી કરવામાં આવેલું જે અધ્યવસાન તે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી મિથ્યા છે—એમ હવે દર્શાવે છે :-** ' ૨૬૬. થોડું ભેળવીને.

दुक्खिदसुहिदे जीवे करेमि बंधेमि तह विमोचेमि।
जा एसा मूढमदी णिरत्थया सा हु दे मिच्छा।।२६६।।

એટલું તો હતું બધું. આ વધારે નાખ્યું.

આહા..હા..! અમૃત રેડ્યા છે એકલા. સમયસાર! આહા..હા..! લોકોને અભ્યાસ નહિ અને એકાદ કલાક આવે અને સાંભળે એમાં કાંઈ પકડાય નહિ. ઘણો અભ્યાસ જોઈએ. નીચે.

**કરું છું દુખી-સુખી જીવને, વળી બદ્ધ-મુક્ત કરું અરે!**
**આ મૂઢ મતિ તુજ છે નિરર્થક, તેથી છે મિથ્યા ખરે. ૨૬૬.**

'**ટીકા :- હું પર જીવને દુઃખી કરું છું,...**' એટલે? પરજીવના પ્રાણને સંયોગ પ્રતિકૂળ આપી શકું છું. '**સુખી કરું છું...**' એટલે બીજાને આહાર, પાણી, વસ્ત્રાદિ દઈ શકું છું. આહા..હા..! '**ઈત્યાદિ...**' એ વાત તો આવી ગઈ છે કહે છે ઘણી. '**તથા બંધાવું છું, મુકાવું છું...**' બે વધારે નાખ્યું. બીજા જીવને બંધાવું છું. ઓલું નહોતું કહ્યું એ? દેરાસર થાતું હતું તો ઈંટો હતી. એમાં એનો વેરી જે હતો એનું પણ મકાન થાતું હતું. એટલે ઓલા વેરીએ એની ઈંટ લઈને ત્યાં મૂકી આવ્યો. એટલે જાણે દેવનું છે ઈંટ એનું નખ્ખોદ જાશે. પણ આને તો બિચારાને ખબર પણ નથી. હું એને બંધાવું. આહા..હા..!

'**મુકાવું છું...**' 'બીજાનો હું મોક્ષ કરી દઉં' મિથ્યા અભિપ્રાય છે. 'બીજાને સમ્યગ્દર્શન પમાડી દઉં, બીજાને કેવળજ્ઞાન કરાવી દઉં, મોક્ષ કરાવી દઉં' એ તારો અભિપ્રાય તદ્દન જૂઠો છે. આહા..હા..! જીવાડવું, મારવું, સુખી, દુઃખી કરું. એમાં તો જીવાડવું-મારવું એટલું રાખ્યું. અહીં સુખી-દુઃખી કરી ઈત્યાદિ કહીને પછી આ બે ભેળવ્યા વધારે. આહા..હા..! એને એવા પરિણામ થાય કે બીજાને બંધાવું. સમજાણું? આહા..હા..! શ્વેતાંબરમાં એ આવે છે. હિરવંશમાં જુગલિયા હતા. એનો વેરી એને ત્યાંથી લાવીને અહીં મૂક્યો આ ક્ષેત્રમાં. શરીરને નાનું કર્યું અને પછી માંસ આદિ ખવરાવ્યું. નરકમાં ગયો એ. પણ હરિવંશના જુગલિયાના ક્ષેત્રથી માણસ અહીં લાવી શકાય જ નહિ. એવી વાત છે. છેને ઓલા ત્રીસ? દેવકુરુ, ઉત્તરકુરુ, હરિવંશ. ત્રીસ ક્ષેત્ર છેને ભોગભૂમિના. એમાં હરિવંશના ક્ષેત્રના જુગલિયાનો એ વેરી હતો દેવ, એ જુગલિયાને ત્યાંથી લાવીને અહીં મૂક્યું. શરીર નાનું કરીને અને અહીં મૂકીને એને દારૂ-માંસ ખવડાવ્યા અને નરકે ગયો. બિલકુલ ખોટી વાત છે. એ હરિવંશમાંથી અહીં લાવી શકાય નહિ અને એ માંસ ને દારૂ ખાય જ નહિ જુગલિયા. સમજાણું કાંઈ? અને જુગલિયા તો મરીને સ્વર્ગમાં જ જાય, એ નરકમાં જાય (નહિ). એ કથા આવે છે. દસ અચ્છેરા છેને, એમાં એ અચ્છેરું કહેવાય. આશ્ચર્યભૂત નહિ. એવી તે વાત થતી હશે ખોટી. આહા..હા..! ભગવાનને ગર્ભ ભર્યો. એ આવે છેને? બ્રાહ્મણીની કૂખે હતો, પછી ત્રિશલાની કૂખે મૂક્યો દેવે આવીને. એ શ્વેતાંબરમાં આવે છે. બધી કલ્પિત વાતું. કલ્પિત, જૂઠું બનાવેલું બધું. હા. એ બધી ખોટી વાત છે. મોક્ષમાર્ગ ત્યાં કહ્યોને. જન્મ્યો અહીં, ઊપજ્યો ત્યાં. એ બધી વાતું કલ્પિત બનાવેલી. શું થાય પણ હવે? અત્યારે ખોટું લાગે બીજાને.

ફૂલચંદજીને ત્યાં શ્વેતાંબર સામે .. પડે છે. બાપુ! ભાઈ! માર્ગ બાપા આ માર્ગ. આ તો સનાતન સત્ય છે. આહા..હા..! ભાઈ! એને તું બીજી રીતે કરવા માગે. પ્રતિમા દિગંબરની તોડે ને આ કરી નાખે અને એને ઠેકાણે શ્વેતાંબરની સ્થાપે. પ્રભુ! પ્રભુ! શું કરે છે, બાપુ? આહા..હા..! અરેરે..! ન્યાય માર્ગ ક્યાં રહ્યો પ્રભુ? સમજાય છે? એ હરિવંશમાં એવું આવે છે.

અહીં કહે છે કે કોઈ કોઈને એવું કરી શકે નહિ. અભિપ્રાય કરો મિથ્યા. પણ એને નરકમાં નાખી દઉં માંસ ખવરાવું તો. માંસ મોઢામાં નાખ પણ એના પરિણામમાં ક્યાં છે એ? એને માંસ ખાવાના પરિણામ છે? તું મોઢામાં નાખ એટલે શું થયું? આહા..હા..! એને તો વિષ્ટા જેવું લાગે છે. ભલે તું નાખ, તારા પરિણામ કર, પણ એના પરિણામ ક્યાં છે માંસ ખાવાના? માટે એને પાપ થાય એમ છે નહિ. આહા..હા..! એક માણસને ઊલ્ટી થઈ. બહુ રોગ હતો. ઊલ્ટી થતાં થતાં વિષ્ટાનો ગાંઠિયો આખો ગાંગડો મોઢામાં આવ્યો આમ. આમ જે નીકળવું જોઈએ એ બંધ થઈ ગયું. હવે આવ્યો તે મીઠાશ છે એને? આહા..હા..! રોગને કારણે આમ જે નીચે ઉતરવું જોઈએ... આહા..હા..! આ બનેલું છે હોં! દામનગરમાં. દામનગરમાં અમને તો બધી નામ-ઠામની બધી ખબર હોયને. આહા..હા..! એમ જેને પરાણે કોઈ ખવરાવે માટે એના પરિણામ બગડી જાય, એમ છે નહિ. આહા..હા..! હું પરને બંધાવી દઉં, એના પરિણામ ફેરવી નાખું, આમ થઈ જાય. ન થાય, બાપુ! એના પરિણામ એ કરનારો છે. આહા..હા..! મુકાવું. મોક્ષ કરી દઉં એનો. મારે આશ્રયે આવે તો એનો મોક્ષ કરી દઉં. 'ઈત્યાદિ...' એને ધર્મ પમાડી દઉં. આહા..હા..! ત્યાં સુધી લઈ ગયા હવે.

**શ્રોતા :-** ઉપદેશ આપીને ધર્મ પમાડી દે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મ પમાડે, એ તો પામે ત્યારે એને પમાડે એમ નિમિત્તથી કહેવાય છે. પમાડે કોણ? આહા..હા..! ઉપદેશને કાળે, વાણીને કાળે વાણી આવે. વિકલ્પનો કાળ છે તો વિકલ્પ હો, એથી બીજાને ધર્મ થાય એનાથી એમ છે? એને ધર્મ તો એનો પોતે સ્વાશ્રય કરશે તે દિ' થાય. સાંભળવાનું લક્ષ પણ છોડી દેશે. એ કહેશે અહીં લેશે.

**'ઈત્યાદિ જે આ અધ્યવસાન છે તે બધુંય, પરભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે...'** છે? પરભાવનો પરમાં. કારણ કે 'બંધાવું' એવો ભાવ એ પરમાં કાંઈ કાર્ય કરી શકતો નથી. બીજાને બંધાવી શકતો નથી. આહા..હા..! અને 'મુક્ત કરું' એવો તારો ભાવ એ પરભાવમાં મુક્ત કરી શકતો નથી, એને મુક્ત કરી શકતો નથી. આહા..હા..! **'પરભાવનો પરમાં વ્યાપર નહિ હોવાને લીધે...'** આવી વાત ચોખ્ખી છે. આહા..હા..! **'પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી,...'** એટલે? જે પરિણામ છે તેનું પ્રયોજન છે તે તે ક્રિયા થતી નથી એની. આહા..હા..! અર્થક્રિયા કરી શકતો નથી. આહા..હા..! બીજાને મોક્ષ કરાવી દઉં એવા તારા પરિણામ બીજાને મોક્ષ કરાવે છે? આહા..હા..! એ કહેશે. **'પરભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે...'** આહા..હા..! **'પોતાની અર્થક્રિયા...'** એટલે પ્રયોજનક્રિયા કરનારું પરિણામ નથી. બીજાને બંધાવું એવા પરિણામ, બંધાવાની ક્રિયા એ પરની છે, એને આ કરી શકતો નથી. આહા..હા..!

'तिन्नाणं, तारियाणं' આવે છેને. નમોત્થુણંમાં નથી આવતું? 'तिन्नाणं, तारियाणं, मुत्ताणं, मोहिगराणं, बुद्धाणं, बोहियाणं' નમોત્થુણંમાં આવે છે. કર્યું હતું કે નહિ ભગવાનજીભાઈ! એમાં આવે છે. 'तिन्नाणं, तारियाणं, बुद्धाणं, बोहियाणं, मुत्ताणं, शिवमलय' આહા..હા..! 'सव्वणं, सव्वदरसिणं'. એ બધા અર્થ કરતા ત્યાં હો વ્યાખ્યાનમાં. દિવસ હોયને બે ઓલા અસજ્ઝાયના. ચૌદશને અસજ્ઝાયના હોયને દિવસ? સિદ્ધાંત ન વંચાય. તે દિ' આવું વાંચતા. પડિક્કમણાના અર્થો, આ નમોત્થુણંના અર્થો એના વ્યાખ્યાન. બોટાદ, મોટી સભા. પહેલેથી છેને એ તો અહીં તો.

શું કહે છે? બંધાવા, મૂકાવાના પરિણામ અને પરને જીવાડવા, સુખી-દુઃખીના પરિણામ અને જીવાડવા-મારવાના પરિણામ એ પરમાં પરનો વેપાર નહિ કરતો હોવાથી એ અર્થક્રિયા કરનારો નથી. એના પરિણામનું જે પ્રયોજન છે તે ક્રિયા કરી શકતું નથી. જીવાડવાના પરિણામવાળો જીવાડવાની ક્રિયા કરી શકતો નથી. મારવાના પરિણામવાળો હિંસાની ક્રિયા કરી શકતો નથી. સુખી-દુઃખી એટલે પ્રાણની રક્ષા કરનારો, પ્રાણની રક્ષા કરવાનો ભાવ છે કે આની રક્ષા કરું, એ રક્ષા કરી શકતો નથી. પ્રાણને મારું એવો અભિપ્રાય એના પ્રાણને મારી શકતો નથી અને આને સાધનો આપુ અનુકૂળ, એ કાંઈ તારા પરિણામથી સાધન ત્યાં અપાતા નથી. એ ક્રિયા તો પરની છે. આહા..હા..! બહુ પાક્કુ કરવું પડે આમાં. '**હું આકાશના ફૂલને ચૂંટું છું.**' આકાશના ફૂલને ચૂંટું છું. એટલે કે આકાશમાં ફૂલ હોય જ નહિ. એ જેમ ખોટું છે એમ આને પરને જીવાડું, પરને બંધાવું, મોક્ષ કરાવું એ પરિણામ એના તદ્દન જૂઠાં છે. આહા..હા..! આકાશના ફૂલ તોડવા જેવા છે. આહા..હા..! '**એવા અધ્યવસાનની માફક મિથ્યાત્વરૂપ છે,...**' આકાશના ફૂલ તોડું એ અધ્યવસાય એ મિથ્યાત્વ છે. એમ બીજાને બંધાવું, મૂકાવું, સુખી, દુઃખી કરું એ પણ મિથ્યા છે. આહા..હા..! '**કેવળ પોતાના અનર્થને માટે જ છે...**' ઠીક! આહા..હા..! જરા લાંબી વાત છે થોડી હોં. ..આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા વદ-૧૩, બુધવાર, તા. ૧૬-૦૨-૧૯૭૭, ગાથા-૨૬૬-૨૬૭, પ્રવચન નં. ૩૨૧

સમયસાર, ૨૬૬-ગાથા. બંધ અધિકાર છેને. '**હું પર જીવોને દુઃખી કરું છું...**' એટલે કે 'પરજીવને હું અનુકૂળ સામગ્રી ન આપતા પ્રતિકૂળ આપું છું' એવો જે અભિપ્રાય એ મિથ્યા છે. બીજાને હું સગવડતા આપી શકું છું કે અગવડતા આપી શકું છું.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાંઈ ધૂળેય આપતો નથી. અભિમાન કરે છે. આ સુમનભાઈને ભણાવ્યા

૩૫ હજાર પૈસા ખર્ચીને. એ તો એને કારણે ગયા. કોણ ભણાવે? આહા..હા..! કહો, પોપટભાઈ! આ બધાને પોપટભાઈએ છોકરાને મોટા કર્યા લ્યો! આઠ. હવે સૌ વળગ્યા સૌને વેપાર-ધંધે એમ હશે?

અહીં સિદ્ધાંત, ભગવાન ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ એમ સત્યના સિદ્ધાંતને સિદ્ધ કરે છે કે 'પરજીવને હું કંઈ અગવડતા આપી શકું' એવો જે અભિપ્રાય એ મિથ્યા છે. બીજા જીવને હું અગવડતા દઈ શકું કે બીજાને સગવડતા દઈ શકું કે બીજા પ્રાણીના પ્રાણ હરી શકું કે બીજા પ્રાણીના પ્રાણની રક્ષા કરી શકું... આહા..હા..! એવો જે અભિપ્રાય—પરિણામ મિથ્યાત્વના પરિણામ છે. કેમકે તે પરિણામથી ત્યાં પ્રયોજનક્રિયા થઈ શકતી નથી. આહા..હા..! આવું છે. છે? **'ઈત્યાદિ તથા બંધાવું છું, મુકાવું છું...'** બીજાને હું બંધાવું અને બીજાને હું મુક્ત કરી દઉં.

**શ્રોતા :-** વકીલો ઘણાને છોડાવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ છોડાવે? આહા..હા..!

**'ઈત્યાદિ જે અધ્યવસાન છે...'** એવો જે પરિણામ અધ્યવસાન છે કે બીજાને હું મુક્ત કરી દઉં, મુકાવી દઉં, બીજાને બંધ કરાવું, કર્મ બંધ કરાવું... હિન્દી? અચ્છા. એ અભિપ્રાય તદ્દન મિથ્યા છે. કેમકે પરજીવને પ્રતિકૂળતા દઈ શકતો નથી, તો પરને હું દુઃખી કરી શકું છું એ માન્યતા મિથ્યાદૃષ્ટિની, અજ્ઞાનીની છે. આહા..હા..! તથા પર જીવને સુખી કરું છું. મારા આત્મા સિવાય પર આત્માઓ દીકરા, કુટુંબ, બીજા જીવો 'હું એની સગવડતા એને દઈ શકું છું' એવો જે અભિપ્રાય છે એ તદ્દન મિથ્યાદૃષ્ટિનો અભિપ્રાય છે, એને જૈનદૃષ્ટિની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલામાં તો એવું આવે છે 'વૈષ્ણવજન તો કહીએ, પર પીડાઈ જાણે રે.' આવે છેને? અહીં તો કહે છે કે પરની પીડા કોઈ ટાળી શકતું નથી. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ!

'પરજીવની એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયના જીવો એને હું સગવડતા આપી શકું છું, સુખ થવાના સાધન (આપી શકું છું)' એ તદ્દન મિથ્યાદૃષ્ટિ એમ માને છે. અને 'પરની હું પ્રાણરક્ષા કરી શકું છું, બીજા પ્રાણીના પ્રાણની, પાંચ ઈન્દ્રિય, મન, વચન આદિના પ્રાણની રક્ષા કરી શકું છું' એ પણ મિથ્યાદૃષ્ટિનો મિથ્યા અભિપ્રાય છે. આહા..હા..! અને 'હું પરજીવના પ્રાણ હરી શકું છું, પરજીવના પ્રાણ મારી શકું છું' એ પણ અજ્ઞાનીનો અધ્યવસાય મિથ્યાત્વ પરિણામ છે. આહા..હા..!

અને આવ્યુંને ત્યાં? **'બંધાવું છું,...'** બીજા જીવને હું એવા પરિણામ બનાવું કે એ બંધાશે, સંસારમાં રખડે એવા જે પરિણામ છે, પરને બંધાવું છું એ પરિણામ મિથ્યા છે. કેમકે એ અજ્ઞાનપણે રાગ-દ્વેષથી બંધાય છે, તારા પરિણામથી એ બંધાય છે એમ છે નહિ. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! વીતરાગનો માર્ગ સૂક્ષ્મ બહુ. કહો. 'એકેન્દ્રિય જીવને પણ બચાવી શકું છું કે મારી શકું છું' એ અભિપ્રાય મિથ્યાદૃષ્ટિનો છે. કેમ? ઈ કહે છે. **'ઈત્યાદિ જે અધ્યવસાન છે તે બધુંય, પરભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે...'** શું કહે છે? જે 'પરને બંધાવું છું, મુકાવું છું, જીવીત પ્રાણની રક્ષા કરી શકું છું, પ્રાણનો નાશ કરી શકું છું, અગવડતા આપી શકું છું, સગવડતા આપી શકું છું' એવા જે પરિણામ એ પરભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે. એ તારા પરિણામ પરભાવ પરની

અપેક્ષાએ, એ '**પરભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે...**' પરની ક્રિયામાં તારા પરિણામ વ્યાપાર કરી શકતા નથી. આહા..હા..! ઝીણી વાત, બાપુ! આ તો બંધ અધિકાર. સર્વજ્ઞ જિનેશ્વરદેવ એ સિવાય એ વાત ક્યાંય છે નહિ. સંપ્રદાયવાળાને ખબર નથી કે આ પરમેશ્વર શું કહે છે?

અહીં કહે છે કે '**પરભાવનો...**' પરભાવનો અર્થ? હું પરને જીવાડી શકું છું એવો ભાવ, પરને મારી શકું છું એવો ભાવ, પરને અગવડતા, સગવડતા આપી શકું છું એવો ભાવ, પરને બંધાવું છું એવો ભાવ પરભાવનો વ્યાપાર કરી શકતો નથી. સમજાણું કાંઈ? પરને અગવડતા-સગવડતા દઈ શકતો નથી. આહા..હા..! અને પરને મુક્તિ કરાવી શકતો નથી. હું પરને મુક્તિ કરાવું. તારા પરિણામ પરભાવ એ પરમાં શું કાર્ય કરે? આહા..હા..! સમજાણું કાંઈ? દૃષ્ટિનો વિષય જરી સૂક્ષ્મ છેને. અસ્થિરતાનો રાગ હોય પણ આ દૃષ્ટિના જે વિપરીત પરિણામ એ તો મહાસંસારનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરભાવનો...**' પરભાવનો અર્થ આજે કહ્યો એ. 'પરને મારી શકું છું, પ્રાણની રક્ષા કરી શકું છું, પ્રાણને હણી શકું છું, પરને અગવડતા-સગવડતા દઈ શકું છું અને પરને બંધ કરાવું છું અને પરને મોક્ષ કરાવું છું' એવો જે અજ્ઞાનીનો ભાવ એ પરભાવ પરભાવમાં વ્યાપાર કરી શકતો નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અજ્ઞાનીનો આવો જે પરભાવ છે એ પરમાં કોઈ ક્રિયા કરી શકતો નથી. પરને જીવાડી શકતો નથી, પરને મારી શકતો નથી, પરને અગવડતા-સગવડતા દઈ શકતો નથી, પરને બાંધી શકતો નથી અને પરને મુક્ત કરી શકતો નથી. આહા..હા..! આવી વાતું છે.

'**પરભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી,...**' શું કહે છે? પર જીવની રક્ષા કરી શકું એવા જે પરિણામ એ પરની ક્રિયા રક્ષા કરવામાં અસમર્થ છે. આહા..હા..! કરી શકતો નથી. આહા..હા..! તે '**પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી,...**' અર્થ નામ પોતે જે પરને બાંધું, પરને મોક્ષ કરાવું એવા જે પરિણામ એ પરની ક્રિયા કરવામાં અસમર્થ છે, અર્થક્રિયા, પ્રયોજનક્રિયા કરી શકતો નથી, એ પરિણામનું જે પ્રયોજન છે એ ક્રિયા તો કરી શકતો નથી. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! ન્યાયનો વિષય ઝીણો બહુ. આહા..હા..! સમજાણું કાંઈ? 'આટલા માણસ ગરીબ હતા તે બધાને મેં વેપારે ચડાવ્યા અને એને સુખી કરી દીધા.' મિથ્યા અધ્યવસાય છે તારો. સમજાણું કાંઈ? અને 'પરને હું અગવડતા-સગવડતા આપી શકું છું' એ પરિણામ તારા પરમાં અર્થક્રિયા કરવામાં તો અસમર્થ છે. પરની ક્રિયા એ કરી શકતા નથી. આહા..હા..! આ છોકરાઓને માટે પણ જુઓને, જરી એને બરાબર અનુભવ કરી અને પૈસા પેદા બરાબર કરાવી દઉં પછી રસ્તે ચડી જાય પછી આપણે નિવૃત્તિ લઈશું, પછી નિવૃત્તિ લેશે. એય..! પોપટભાઈ! નહિ? રાજેન્દ્ર! આહા..હા..!

**શ્રોતા :-** ખાવાના સાધન તો ઘરમાં જોઈએને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ સાધન દઈ શકે? એના પુણ્યનો ઉદય હોય તો એ સાધન મળી જશે. પાપનો ઉદય હોય તો સાધન દેવાના ભાવવાળા હોવા છતાં પાપના ઉદયે એને સાધન નહિ મળે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! પરપદાર્થની ક્રિયા શું આત્મા કરી શકે છે? આહા..હા..! ભાવ કર્યો

તો એ ભાવથી પરમાં ક્રિયા થઈ નહિ, તો એ પરિણામ નિરર્થક થયા. આહા..હા..! તેથી અર્થક્રિયા કરનારું નથી. બહુ ન્યાયના શબ્દો બધા છે. અર્થક્રિયા એટલે સમજે શું? 'હું પરની પ્રાણ રક્ષા કરી શકું છું' એવો જે ભાવ એ પરની પ્રાણ રક્ષાક્રિયા—અર્થક્રિયા એ કરી શકતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી **'હું આકાશના ફૂલને ચૂંટું છું'** આકાશના ફૂલને ચૂંટું છું. આકાશના ફૂલ નથી તોપણ ફૂલ તોડું છું, એ પ્રમાણે અજ્ઞાનીનો ભાવ પરની પ્રાણ રક્ષા કરું, પરના પ્રાણ હરું, પરને અગવડતા, સગવડતા દઉં, એમ હું આકાશના ફૂલ તોડી શકું છું એવા એ પરિણામ પરની ક્રિયા કરી શકતા નથી. આહા..હા..! આ તો બહુ મોટો ફેરફાર નીકળ્યો. દુકાને બેસીને બધી આ સગવડતા કરી દેવી છોકરાઓને, પોતાની હયાતીમાં પરણાવી દેવા, વળી એને છોકરા થાય, આ થાય બધું સરખું. આહા..હા..! અને સૌને માટે મકાન ભિન્ન-ભિન્ન બનાવી દઉં પછી એ લોકોને તકરાર ન થાય. એય..! 'એ બધી વ્યવસ્થા હું કરી શકું છું' એ માન્યતા મૂઢ મિથ્યાત્વની છે. પરની વ્યવસ્થા આત્મા ત્રણકાળ, ત્રણલોકમાં કરી શકતો નથી. આહા..હા..!

**શ્રોતા :-** પરને માટે પંગુ થયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાંગળો છે. પરને માટે તો પાંગળો છે.. પોતાના માટે પુરુષાર્થથી કરી શકે છે પોતાના પરિણામમાં. બંધના પરિણામ, મોક્ષના પરિણામ કરી શકે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સંસારની પોલ બધી દેખાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દેખાય આ બધી. આહા..હા..! સાધારણ છોકરા હોય તો એના માટે એની હયાતીમાં બધા મકાન-બકાન કે પૈસા-બૈસા, દીકરી એવી પાગલ નીકળી હોય, મગજ અસ્થિર હોય એને માટે પાંચ-પચ્ચીસ હજાર બનાવી દઉં પછી પાછળથી હરકત ન આવે, એવા પરિણામ પરની રક્ષા કરવાના બધા મિથ્યા છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. છેને, એ તો બધું ચાલે છે. કારણ કે પાછળથી એનો ભાઈ એને આપે ન આપે, હું પહેલેથી એની આજીવિકા બનાવી દઉં. પરના પુણ્ય ઉદયને ત્યાં બનાવી શકે છે? એ તો એની ક્રિયા એને કારણે થાય છે. આહા..હા..! છે?

**'એવા અધ્યવસાનની માફક...'** **'હું આકાશના ફૂલને ચૂંટું છું'** આકાશમાં ફૂલ છે નહિ અને હું ફૂલને તોડું છું એવી જે માન્યતા **'એવા અધ્યવસાનની માફક...'** એવા જે એના પરિણામ થયા કે પરના પ્રાણની રક્ષા કરું છું, મારું છું એ **'અધ્યવસાની માફક મિથ્યારૂપ છે,...'** આહા..હા..! મિથ્યામાન્યતા છે, આકાશના ફૂલ તોડું છું તેની જેમ. આહા..હા..! કેટલો દૃષ્ટાંત દીધો જોયું! હું પરની પ્રાણ રક્ષા કરી શકું છું, આમ પૈસા પેદા કરી શકું છું અને પૈસામાં એવી વ્યવસ્થા કરીને વ્યાજ બરાબર ઊપજી શકે એવી હું રચના કરી શકું છું. આહા..હા..! એ બધો મિથ્યાદૃષ્ટિનો મિથ્યા અભિપ્રાય છે. સંસારમાં રખડવાનો અભિપ્રાય છે. આહા..હા..! આવી વાત છે. આ ૨૬૬મી ગાથામાં જોયું!

**'કેવળ પોતાના અનર્થને માટે જ છે...'** આ કાલે નહોતું આવ્યું. જે કોઈ એવા પરિણામ,

ભાવ કરે છે કે પરના પ્રાણની રક્ષા કરું છું કે પરને મારી શકું છું, પરને અગવડતા-સગવડતા દઈ શકું છું, પરને બંધ કરાવું છું અને પરને મોક્ષ કરાવું છું એ પરિણામ અજ્ઞાનીના પોતાના અનર્થને માટે જ છે. અર્થક્રિયા કરી શકતા નથી એટલે અનર્થનું કારણ છે. કહો, ચીમનભાઈ! આવી વાત છે. એને સમ્યગ્દર્શન શું, મિથ્યાદર્શન શું એની ખબર જ નથી અને ધર્મ થઈ જાય એને. સમજાણું કાંઈ? '**પોતાના અનર્થને માટે જ છે...**' ભાષા કેવી કરી કે અજ્ઞાનીના જે પરિણામ છે અધ્યવસાય કે પરને મારું-જીવાડું એ પરની ક્રિયા માટે અપ્રયોજન છે, કરી શકતા નથી, પણ પોતાનું પ્રયોજન અનર્થનું સિદ્ધ થાય છે. આહા..હા..! પોતાના આત્માનું અનર્થ થાય છે, નુકસાન થાય છે. ભારે વાતું! પરનું કરી શકતો નથી, પોતામાં જે પરિણામ થયા એ અનર્થનું કારણ, નુકસાનનું કારણ છે. આહા..હા..! દીકરાને બરાબર ભણાવી શકું છું અને આટલા પૈસા ખર્ચીને એને મોટો બનાવી દઉં. એ તારા પરિણામ પરની ક્રિયામાં નિષ્પ્રયોજન છે અને તારા પરિણામ તારા માટે અનર્થનું કારણ છે. એય..! ધર્મચંદજી! ત્યાં હજી રોકાવું પડે છેને છોકરાઓ માટે થોડું. સગવડતા-બગવડતા કરે, ડોક્ટર-બોક્ટર ચાલે બધા સરખા. આહા..હા..!

મિથ્યાપરિણામની વાત ચાલે છે. અસ્થિરતાનો રાગ હોય તો એ તો જ્ઞાનમાં જણાય છે કે આ દુઃખરૂપ છે. ટળતા નથી તો એ ક્રિયામાં જોડાઈ જાય છે, પણ આ તો અભિપ્રાય જ તદ્દન જૂઠો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! 'હું દીકરાને બરાબર મોટો બનાવી દઉં પછી પાછળથી ઘડપણમાં મારી ચાકરી કરશે' એવો અભિપ્રાય અજ્ઞાનીનો મિથ્યા છે, અનર્થનું કારણ છે. ધર્મચંદજી! કારણ કે વૃદ્ધાવસ્થામાં હું કમાઈ શકું નહિ તો દીકરો બરાબર તૈયાર થઈ જાય તો અમારી આજીવિકા કરે, એની પણ કરે અને અમારી ચાકરી પણ કરે એવા પરિણામ અજ્ઞાનીના પરની ક્રિયા કરવામાં નિષ્ફળ છે, પોતાના આત્માના નુકસાનમાં સફળ છે. આવી વાતું છે. આવી વાત સાંભળવા મળતી નથી. આ કરો... આ કરો... આ કરો... પરની ક્રિયા કરો લ્યો! આહા..હા..! સમજાણું કાંઈ?

'**કેવળ પોતાના અનર્થને માટે જ છે...**' ભાષા જુઓ, એ પરિણામ તો પોતાનું નુકસાન કરનારા, સંસારની વૃદ્ધિ કરનારા અનર્થનું કારણ છે. આહા..હા..! '**(અર્થાત્ માત્ર પોતાને જ નુકસાનનું કારણ થાય છે, પરને તો કાંઈ કરી શકતું નથી).**' બહુ ઝીણી વાત, બાપુ! આહા..હા..! કહે છે કે તારી સત્તામાં (થતા) તારા પરિણામ પરની સત્તામાં પ્રવેશ કરે છે? અને પરની સત્તા તારી પરસત્તામાં પ્રવેશ કરે છે કે તું તારા પરિણામનું કાર્ય પરમાં કરી શકે અને એના પરિણામ તારા પરિણામમાં કાર્ય કરી દે? કોઈ સત્તા, પોતાની સત્તા છે એ પોતાની સત્તા છોડીને પરસત્તામાં પ્રવેશ કરી શકે છે? તો પરનું શું કરી શકે? આહા..હા..! સમજાણું કાંઈ? શરીરનું શું કરી શકે છે? જુઓ, શરીર આમ ચાલે છે એ તો જડની પર્યાય છે. એની સત્તામાં હું આત્મા આ શરીરને હલાવું છું. તો શું પોતાની સત્તા એનામાં ઘૂસી ગઈ તે હલાવે છે? આહા..હા..! આવી વાતું છે. પાણીમાં માખી પડી. પાણીમાં માખી પડેને? તેને હું બચાવી શકું છું આંગળીથી. એ આંગળીની ક્રિયા તું કરી શકે છે? અને એના આયુષ્ય વિના એ બચી શકે છે? હું એને બચાવું આહા..હા..! એ અભિપ્રાય પરનું કાર્ય કરી શક્તો નથી. પોતાનો અભિપ્રાય પોતાનું નુકસાન અનર્થનું કારણ છે. આવી વાત છે વીતરાગની, ભાઈ! આહા..હા..! બહુ

સિદ્ધાંત સર્વજ્ઞના (સૂક્ષ્મ). પરદ્રવ્યથી ભિન્ન પોતાના પરિણામ પરનું કરી શકે, કોઈપણ દેશની સેવા. નહિ? આ ડોક્ટર ઈંજેક્શન દઈ શકે, એની દવાથી પરનો રોગ મટી શકે એ બધા પરિણામ મિથ્યાદષ્ટિ અજ્ઞાની જૈનની ખબર નથી એને. જૈન પરમેશ્વર જે તત્ત્વની સ્થિતિ કહે છે એ સ્થિતિની એને ખબર નથી. આહા..હા..! એ જૈન જ નથી. આહા..હા..! રાજેન્દ્રજી! એવી વાતું છે. આહા..હા..!

**શ્રોતા :–** .. જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જાય એ જાતો નથી, શરીર જાય છે. આત્માના પ્રદેશ એ ગતિ કરવાની ક્રિયા હોય ત્યારે જાય છે.

**શ્રોતા :–** ડોક્ટર બચાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ડોક્ટર બચાવે બિલકુલ હરામ છે. ભાવ કરે ડોક્ટર કે આને બચાવું. મિથ્યા અભિપ્રાય છે. અને ડોક્ટર પણ એમ કહે, જરી મોડું થઈ ગયું. બે ઘડી પહેલાં આવ્યા હોત તો એનો ઉપાય કરી શકત. એમ બોલે, ડંફાસ કરે. ડોક્ટર નથીને? બીજા નથી. બે ડોક્ટર છે. એક ગુજરાતી અને એક હિન્દી. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન! કોઈપણ પરમાણુ અને આત્માની જે સમયે, જે ક્ષણે પોતાની અવસ્થા થાય છે એમાં બીજો કોઈ કરી શકે એમ ત્રણકાળમાં નથી. આહા..હા..! પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ જડ જે પોતાની પર્યાયનો જન્મક્ષણ છે, પર્યાય—અવસ્થાની ઉત્પત્તિનો કાળ છે એ જ્ઞેયનો સ્વભાવ છે એમાં એ પર્યાય ઉત્પન્ન થાય છે. પરને હું ઊપજાવું અને ફેરફાર કરી દઉં અને એની રક્ષા કરું એ વાત તદ્દન મિથ્યા અજ્ઞાનીની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? હું પચાસ રૂપિયા, સો રૂપિયા, પાંચસો, પાંચ હજાર રૂપિયાની નોટ હું આપી શકું છું. લ્યો! એ ક્રિયા જડની છે. એ પરિણામ કરે કે હું એને દઈ શકું તો એ પરિણામ મિથ્યા પરિણામ છે. આહા..હા..! ભારે વાત આકરી! દષ્ટિમાં મિથ્યાત્વપણું છે. પરદ્રવ્યની ક્રિયા આત્મા કરી શકે એ ત્રણકાળ ત્રણલોકમાં નથી. આહા..હા..! વાણી પણ હું બોલી શકું એ આવી ગયું પહેલાં સત્ય, દત્તમાં.. સમજાણું કાંઈ? એ મિથ્યા અભિપ્રાય છે. વાણી તો જડની પર્યાય જડને કારણે થાય છે, તારાથી થાય છે? સમજાણું કાંઈ? આહા..હા..! નજીકના દ્રવ્ય જે પદાર્થ શરીર, વાણી એની પણ ક્રિયા કરી શકે નહિ તો પરની ક્રિયા કરી શકે એ ત્રણકાળમાં બનતું નથી. આહા..હા..!

'**ભાવાર્થ :– જે પોતાની અર્થક્રિયા (-પ્રયોજનભૂત ક્રિયા)...** ' છેને અર્થક્રિયાનો અર્થ? '**કરી શકતું નથી તે નિરર્થક છે, અથવા...**' હવે એક સિદ્ધાંત મૂક્યો. '**જેનો વિષય નથી તે નિરર્થક છે.**' ભાષા જુઓ, શું કહે છે? કે 'હું પરજીવને બચાવી શકું' એ પરિણામનો વિષય છે જ નહિ. આહા..હા..! 'હું પરને મારી શકું' એ પરિણામનો વિષય છે જ નહિ. કેમકે એ વિષય એવો બનતો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો એ ડોક્ટર છે હરજીવનભાઈ. ત્રણ ડોક્ટર છે. આહા..હા..! શું કહ્યું? વિષય નથી. આહા..હા..! જે પરિણામ પરને જીવાડું એવા પરિણામ છે એ પરિણામનો વિષય નથી. કારણ કે એ ક્રિયા તો સ્વતંત્ર છે માટે એ પરિણામનો વિષય નથી. આહા..હા..! અને પરિણામને વિષય બનાવે એ મિથ્યા અભિપ્રાય છે. આહા..હા..! ભારે ભાઈ! ધર્મ શું ચીજ છે એ સમજે નહિ અને

ધર્મ થઈ જાય એને. આહા..હા..! એવું તો અનંતકાળથી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા પણ અનંતવાર કરી છે, પણ સમજ્યા વિના, આત્મજ્ઞાન વિના. આહા..હા..! તો એ 'રાગની ક્રિયા પણ હું કરી શકું છું' એ પણ મિથ્યા અભિપ્રાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ પરદ્રવ્યની ક્રિયા કરી શકતો નથી કેમકે એ પરિણામનો વિષય નથી, એમ 'રાગ કરી શકું છું' એ પણ પરિણામનો વિષય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત ભાઈ! બહુ ઝીણી! આહા..હા..!

**'જેનો વિષય નથી તે નિરર્થક છે.'** આહા..હા..! 'હું પરને મોક્ષ કરાવી દઉં' એ તારો વિષય છે? આહા..હા..! સમજાણું કાંઈ? 'હું બધાનો, આખા કુટુંબનો નિર્વાહ કરી શકું છું' તો એ પરિણામનો એવો વિષય છે? આહા..હા..! કહો, કાંતિભાઈ! આવી વાતું છે. આહા..હા..! **'જેનો વિષય નથી તે નિરર્થક છે.'** આહા..હા..! ગજબ કામ કર્યું છેને પંડિતે પણ! જેમ પોતાના પરિણામમાં 'પરપ્રાણીની રક્ષા કરી શકું છું' એ પરિણામની અર્થક્રિયા પરની રક્ષા કરે એમ બનતું નથી, એનું આયુષ્ય હોય તો બચે, તારા કારણથી એ બચે એમ છે નહિ. તો એ પરિણામનો વિષય જ નથી એમ કહે છે. જેમ પર્યાયની એ અર્થક્રિયા નથી, એ પરિણામનું પ્રયોજન એ ક્રિયા નથી, એમ એ પરિણામનો વિષય જ નથી. સત્ય નથી તો વિષય જ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

જેમ પોતાના સમ્યગ્દર્શન પરિણામ, સમ્યગ્દર્શન પરિણામ એનો વિષય ધ્રુવ ધ્યેય એ તો સત્ય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન જે છે એ સમ્યગ્દર્શનની પર્યાય છે એનો વિષય ધ્રુવ છે. તો એ તો છે. એ છે તો વિષય યથાર્થ છે, અને આ 'પરને જીવાડી શકું છું, મારી શકું' એ વિષય એનો છે જ નહિ. આહા..હા..! ગજબ કામ કર્યું છેને! દિગંબર આચાર્યોએ ધર્મના ઘણાં રક્ષણ કર્યા છે. કેવળજ્ઞાનના કેડાયતો આ સંતો છે. પણ એને સમજવા માટે બહુ પુરુષાર્થ જોઈએ. આગ્રહ છોડી સત્યાર્થનો પક્ષ કરવા પુરુષાર્થ જોઈએ. આહા..હા..! વીતરાગી સંતો દિગંબર મુનિઓ છે એ તો. આહા..હા..! એ એમ કહે છે. પરની કાંઈ પડી જ નથી. દુનિયા સમતોલ રહેશે કે નહિ? હું આમ કહીશ તો સમાજ સમતોલ રહેશે કે નહિ? તમે તમારું જાણો, અમને પરિણામ આવા થયા અને ભાષા થઈ ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

'હું શરીરની ક્રિયા કરી શકું છું' એવા જે પરિણામ એ પરિણામ શરીરની ક્રિયા કરી શકે એમ છે નહિ, એ તો જડની ક્રિયા છે. તો એ પરિણામ અનર્થને માટે છે એના આત્મામાં. પરના અનર્થ માટે નહિ, પોતાના અનર્થ માટે છે. આહા..હા..! અર્થ નહિ, અનર્થનું કારણ છે. ભાષા તો જુઓ, અને 'હું શરીરની ક્રિયા કરી શકું છું' એ પરિણામનો વિષય શરીરની ક્રિયા છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! અને જે પરિણામ થયા કે 'હું પરને મારી શકું છું' એ પરિણામ પોતાના અનર્થનું કારણ છે. પરનું કરી શકતો નથી માટે એ પરના પરિણામનો વિષય જ નથી. આહા..હા..! વિષય તો એ છે કે જે પરિણામ છે એમ કરી શકે તો એને વિષય કહેવામાં આવે. આહા..હા..! જયચંદ્ર પંડિતે નાખ્યું છે આવું. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એ સિવાય આવી વાત છે જ નહિ. પરમસત્યનો પોકાર છે. આહા..હા..!

**'જેનો વિષય નથી તે નિરર્થક છે.'** બહુ સિદ્ધાંત! આહા..હા..! **'જીવ પર જીવોને દુઃખી-**

**સુખી આદિ કરવાની બુદ્ધિ કરે છે, પરંતુ પર જીવો તો પોતાના કર્યા દુઃખી-સુખી થતા નથી;...**' પોતાને કારણે એ સુખી-દુઃખી નથી થતાં એમ કહે છે. '**તેથી તે બુદ્ધિ નિરર્થક છે અને નિરર્થક હોવાથી મિથ્યા છે-ખોટી છે.**' આહા..હા..!

**શ્રોતા :-** શું કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું કરવું? જ્ઞાતા-દૃષ્ટા થવું એ. 'હું તો જ્ઞાન છું, આનંદ છું' એવી દૃષ્ટિ કરવી એ કરવાનું છે. આહા..હા..! આત્મા સર્વજ્ઞસ્વભાવી આત્મા છે, પ્રભુ! એ તો સર્વજ્ઞસ્વભાવ છે આત્મા. સર્વજ્ઞપર્યાય જે પરમાત્માને ઉત્પન્ન થાય છે એ ક્યાંથી ઉત્પન્ન થાય છે? બહારથી આવે છે? અંતર સર્વજ્ઞસ્વભાવ છે એમાંથી આવે છે. તો આત્માનો, પ્રત્યેક આત્માનો સર્વજ્ઞસ્વભાવ છે. એટલે? બધાને જાણવું એ સ્વભાવ છે એ વ્યવહાર, પણ પરનું કાંઈ કરવું એવો એનો ભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પોતા સિવાય પરપદાર્થ શરીર, વાણી, મન, કર્મ, પર આત્માઓ એ પરનું કાંઈ કરી શકતો નથી. કેમકે એ સર્વજ્ઞસ્વભાવ છે, સર્વને જાણનારો સ્વભાવ છે. સર્વમાં પોતા સિવાય પરનું કરી શકે એવો સ્વભાવ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવું ઝીણું પડે માણસને. શું થાય? માર્ગ તો એવો છે. અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો, 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ આત્મા શું ચીજ છે અને એ આત્માનું જ્ઞાન શું છે એની ખબર નથી અને બધા પંચમહાવ્રત લીધા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, હજારો સ્ત્રીનો ત્યાગ કર્યો, નવમી ગ્રૈવેયક સુધી ગયો, એમાં શું થયું?

રાગ અને પરથી ભિન્ન (હું છું) તો મારાથી ભિન્નની ક્રિયા હું કરી શકતો નથી. આહા..હા..! મારાથી ભિન્ન, મારાથી અભિન્ન બેયનો હું જાણનાર-દેખનાર છું... આહા..હા..! એવું આત્મજ્ઞાન કર્યું નહિ. સમજાણું કાંઈ? પોતાથી ભિન્ન ચીજ છે, રાગથી માંડીને બધી. આહા..હા..! સ્વભાવની અપેક્ષાએ વાત ચાલે છેને, દૃષ્ટિની અપેક્ષાએ. હું તો જ્ઞાયક ચૈતન્ય ચિદાનંદ છું. મારામાં તો જ્ઞાન ભર્યું છે. મારામાં પરનું કરું એવી કોઈ શક્તિ નથી, કોઈ પર્યાય નથી. મારી નિર્મળ પર્યાયનો કર્તા એવી શક્તિ મારામાં છે, તો નિર્મળ પર્યાયનું કાર્ય થાય છે, તો એ તો બરાબર વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષના માર્ગની નિર્મળ પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાયનો હું કર્તા છું, કેમકે એ તો મારો સ્વભાવ છે. આહા..હા..!

એક રજકણને પણ, આંખ આમ ફરે છે એની ક્રિયા હું કરી શકું છું એમ મિથ્યાદૃષ્ટિ માને છે. કેમકે પરને જાણનારો છું એ ભૂલીને પરને કરું છું એવો મિથ્યા અભિપ્રાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પછી એ રજકણથી માંડીને બધી ચીજો, દુનિયાના ધંધા ને વેપાર ને. આહા..હા..! દીકરાના બરાબર લગ્ન કરાવી દઉં સારા ઠેકાણે, કન્યા સારી મળે તો એને પૈસા મળે તો એ સુખી થાય. મૂઢ છે, સાંભળને હવે. આહા..હા..! ક્ષણમાં દેહ છૂટી જાય, બાપુ! એમાં શું તું કરી શકે? તારા પરિણામ પરનું શું કરે? આહા..હા..! તારા પરિણામ એમ રહે કે હું શરીરની રક્ષા કરું તો એ કાંઈ પરિણામનો વિષય છે શરીરની રક્ષા? આહા..હા..! હું ધ્યાન રાખીને શરીરની રક્ષા કરું, શરીરને બરાબર સાવધાનીથી રાખું એ

પરિણામનો વિષય છે? એ પરિણામથી એમ થાય છે? આહા..હા..! આ તો બધા દાખલા છે. સિદ્ધાંત તો એક એ કે સ્વદ્રવ્ય પરદ્રવ્યનું કરી શકતો નથી અને કરવું, માનવું એ મિથ્યા અનર્થનું કારણ છે અને પરનું જાણવું-દેખવું એ પણ વ્યવહાર છે. હું સ્વને જાણનાર-દેખનાર છું એ પરિણામ સાર્થક છે. સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ!

'**હવે પૂછે છે કે અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું કઈ રીતે નથી? તેનો ઉત્તર કહે છે :–**' ગાથા. પ્રશ્નકાર કહે છે કે એના પરિણામ પરની ક્રિયા કરનાર કેમ નથી? ૨૬૭.

**अज्झवसाणणिमित्तं जीवा बज्झंति कम्मणा जदि हि।**
**मुच्चंति मोक्खमग्गे ठिदा य ता किं करेसि तुमं।।२६७।।**

કારણ કે ઓલા દુઃખી-સુખીનું તો આવી ગયું છે. એટલે બંધ-મોક્ષ નાખ્યું. હવે એનો ખુલાસો કરે છે.

**સૌ જીવ અધ્યવસાનકારણ કર્મથી બંધાય જ્યાં**
**ને મોક્ષમાર્ગે સ્થિત જીવો મુકાય, તું શું કરે ભલા? ૨૬૭.**

આહા..હા..! ટીકા. આ બે બોલ કેમ લીધા? કે નવા હતા માટે. ઓલા સુખી-દુઃખી, જીવન-મરણની તો વાત આવી ગઈ છે. આ બેનું નહોતું એનો ખુલાસો કરે છે.

'**ટીકા :– હું બંધાવું છું...**' પરપ્રાણીને હું કર્મબંધન કરાવું છું. અને '**મુકાવું છું...**' પરને છોડાવું છું. બંધનમાંથી હું પરને છોડાવું છું. મુક્તિ માટે હોં! બહારનું બંધન નહિ. આહા..હા..! '**એવું જે અધ્યવસાન છે...**' એવું જે પરિણામ '**તેની પોતાની અર્થક્રિયા...**' એ પરિણામની ક્રિયા શું? કે '**જીવને બાંધવા, મૂકવા તે છે. પરંતુ જીવ તો, આ અધ્યવસાનનો સદ્ભાવ હોવા છતાં પણ,...**' એ જીવ તો આ અધ્યવસાનની હયાતી હોવા છતાં પણ '**પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી નથી બંધાતો, નથી મુકાતો;...**' આહા..હા..! શું કહે છે? તું કહે છે કે બીજાને હું બંધાવું છું, પાપ હું કરાવું છું, બંધન કરાવું છું અને પરને હું મુક્તિ કરાવું છું. તો કહે છે કે બંધનારો સરાગ પરિણામથી બંધાય છે અને વીતરાગ પરિણામથી મુક્ત થાય છે. સમજાણું કાંઈ?

'**સરાગ-વીતરાગ પરિણામના અભાવથી નથી બંધાતો, નથી મુકાતો;...** ' આહા..હા..! તારા અધ્યવસાનનો સદ્ભાવ, તારા પરિણામની હયાતી છે કે હું પરને મુક્ત કરાવું, બંધ કરાવું એ તારા પરિણામની હયાતી છે. એમ હોવા છતાં '**પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી...**' એ પ્રાણીને સરાગ રાગના કષાયના પરિણામના અભાવ વિના એ બંધાશે નહિ. વીતરાગના પરિણામના અભાવ વિના એ મુક્તિ થશે નહિ. આહા..હા..! એ અજ્ઞાનીને મિથ્યાત્વ પરિણામ વિના એ બંધાશે નહિ, બંધાશે નહિ અને વીતરાગ પરિણામ વિના એ મુક્ત નહિ થાય, તો તું શું કરી શકે છે એમાં? આહા..હા..! સમજાણું કાંઈ? બંધ અધિકાર બહુ સારો છે, ભાઈ! આહા..હા..!

મહાસિદ્ધાંત. '**પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી નથી બંધાતો, નથી**

**મુકાતો; અને પોતાના સરાગ-વીતરાગ પરિણામના સદ્‌ભાવથી,...** ' આહા..હા..! એ જ અજ્ઞાની હતો એ સરાગના અભાવથી.. છેને? '**સરાગ-વીતરાગના પરિણામના સદ્‌ભાવથી, તે અધ્યવસાનનો અભાવ હોવા છતાં પણ...**' તારા પરિણામ ન હોય કે આ બંધાય અને મુક્ત ન થાય છતાં, તારા પરિણામ એને બાંધવા-છોડવાના ન હોય છતાં પણ એ સરાગ પરિણામથી બંધાશે અને વીતરાગ પરિણામથી મુક્ત થશે. આહા..હા..! દુનિયા આમ ને આમ સંસારમાં રખડે છે. અનાદિથી બિચારા દુઃખી-દુઃખી (છે). એ પૈસાવાળા ભિખારા દુઃખી. હું પૈસાવાળો છું, હું પૈસાની રક્ષા કરું છું, મૂઢ છે. જડની રક્ષા કરું છું અને જડને પ્રાપ્ત કરું છું... આહા..હા..! (એમ માનનાર) મૂઢ પ્રાણી ચાર ગતિમાં રખડવાનો ભાવ કરે છે. આવી વાત છે. સમજાણું કાંઈ? બહુ સરસ વાત છે, લ્યો!

પહેલાં શું કહ્યું? કે તારા પરિણામ એવા હોય કે પરને બંધન કરું અને પરને છોડાવું, તો તારા પરિણામ એવા હોય, પણ એના સરાગ-વીતરાગના પરિણામના અભાવથી એ બંધાતો કે મુકાતો નથી. અને તારા પરિણામ છે કે પરને મુકાવું. છેને? '**સરાગ-વીતરાગ પરિણામના સદ્‌ભાવથી, તે અધ્યવસાયનો અભાવ હોવા છતાં પણ,...**' તારા અધ્યવસાયનો અભાવ હોવા છતાં, પરને બંધાવા-મુકાવાનો અધ્યવસાય નથી, પણ એના સરાગ-વીતરાગ પરિણામથી બંધાય છે અને મુક્ત થાય છે. એ તારા અધ્યવસાયથી થાય છે? આહા..હા..! ખુબી તો એ નાખી છે આમાં. '**પોતાના સરાગ-વીતરાગ પરિણામના સદ્‌ભાવથી,...**' એના મિથ્યાત્વના પરિણામ અને વીતરાગના પરિણામ. મિથ્યાત્વથી બંધાય છે અને વીતરાગ પરિણામથી મુક્ત થાય છે. '**તે અધ્યવસાનનો અભાવ હોવા છતાં પણ, બંધાય છે, મુકાય છે.**' આહા..હા..! મિથ્યાત્વને કારણે એ બંધાય છે, (મોક્ષમાર્ગને) કારણે મુકાય છે, મોક્ષનો માર્ગ વીતરાગભાવથી મુક્ત થાય છે. આહા..હા..! હવે આ અલૌકિક વાત. આ મોટી તકરાર છે અત્યારે ઈ ચાલે છે આ. આહા..હા..!

'**માટે પરમાં અકિંચિત્કર હોવાથી...**' લ્યો, આ અકિંચિત્કર. પરનું હું કરી શકું છું એમ લોકો માને છે. સમજાણું કાંઈ? પંડિતોમાં પણ આ મોટી ચર્ચા ચાલે છે. અહીં કહે છે કે પરને માટે બિલકુલ અકિંચિત્કર છે. આહા..હા..! જેમ તારા સુખ-દુઃખના પરિણામમાં વિષય અકિંચિત્કર છે. એ વિષય કોઈ તારા સુખ-દુઃખના પરિણામ કરતા નથી. આહા..હા..! શરીરની ક્રિયા વિષયની થાય, તો એ ક્રિયા તને રાગ ઉત્પન્ન કરાવે છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? શરીરના પરિણામ આદિ થાય છે, વિષયના પાંચ ઈન્દ્રિયના ક્રિયાના પરિણામ થાય છે એ રાગને ઉત્પન્ન કરાવતા નથી, અકિંચિત્કર છે. પરદ્રવ્ય રાગને ઉત્પન્ન કરાવે છે એમ છે નહિ. આહા..હા..! પોપટભાઈ! આવી વાતું સાંભળવા મળી નથી ત્યાં. આખો દિ' ત્યાં રળવું-રળવું ને... આહા..હા..! વાત તો સાચી છે. આહા..હા..! ભારે આવી વાતું!

ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ ગણધર અને ઈન્દ્રોની વચ્ચે આ વાત કરતા હતા, એ વાત સંતો કરે છે. સમજાણું કાંઈ? મહાવેદિહમાં ભગવાન બિરાજે છે, સર્વજ્ઞ ત્રિલોકનાથ સીમંધર પ્રભુ મહાવિદેહમાં બિરાજે છે. ત્યાં કુંદકુંદાચાર્ય આઠ દિવસ ગયા હતા. સંવત્ ૪૯. બે હજાર વર્ષ પહેલાં. દિગંબર સંત

મુનિ આત્મધ્યાની, જ્ઞાની આનંદમાં ઝુલનારા. સદેહે ગયા હતા. જાત્રા સદેહે ગયા. આઠ દિવસ રહ્યા ત્યાં. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું. ત્યાંથી આવીને... કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત. મંગલં ભગવાન વીરો આવે છેને? મંગલં ગૌતમોગણી, મંગલં કુંદકુંદાર્યો. કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલાં આ કુંદકુંદચાર્ય સંવત્ ૪૯, એકલા ૪૯માં ત્યાં ગયા હતા. આહા..હા..! આ સંદેશ લાવ્યા કે ભગવાન તો આમ કહે છે, ભાઈ! અમે તો માનતા હતા, જાણતા હતા પણ આ તો ભગવાન આમ કહે છે. એમ કહે છેને, જિનવર એમ ભણંતિ. આહા..હા..!

એ '**પરમાં અકિંચિત્કર હોવાથી...**' પરની દયા પાળવામાં આત્મા અકિંચિત્કર છે. કાંઈ કરી શકતો નથી. પરને મારવામાં આત્મા અકિંચિત્કર છે. પરને મારવાની ક્રિયા બિલકુલ કરી શકતો નથી. આહા..હા..! ભૂખ્યાને ભોજન દેવામાં ભોજન દઈ શકે છે એ અકિંચિત્કર છે. એ ભોજનની ક્રિયા દઈ શકે એમાં આત્મા અકિંચિત્કર છે. આહા..હા..! કેટલું યાદ રાખવું. બધી વાતમાં ફેર. મૂળ અનાદિથી મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વને કારણે રખડે છે. એ મિથ્યાદૃષ્ટિનું અનર્થનું કારણ શું છે એ બતાવે છે. એ મિથ્યાદૃષ્ટિ રહી કેવી રીતે? વ્રત પાળ્યા, ભક્તિ કરી, પૂજા કરી, દાન કર્યા, જાત્રા કરી, ઘણુ અનંતવાર કર્યું અને ભગવાનના સમવસરણમાં પૂજા અનંતવાર કરી સમવસરણમાં છતાં મિથ્યાત્વ રહ્યું. એ કારણે ચાર ગતિમાં રખડે છે. આહા..હા..! એ મિથ્યાત્વ શું છે? કે પોતા સિવાય પરદ્રવ્યની ક્રિયા હું કરી શકું છું, એ અકિંચિત્કર છે. પરમાં કાંઈ કરી શકતો નથી છતાં કરી શકું છું (એમ જે માને છે) એ જ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? છે? આ બહુ મોટી ચર્ચા થઈ છે ખાણિયા ચર્ચામાં કે અકિંચિત્કર નહિ. તમે તો કહો છો કે નિમિત્ત કાંઈ કરતું જ નથી. આ શું કહે છે? નિમિત્ત હોય પણ પરમાં કાંઈ કરતું નથી. આહા..હા..! મોટી ચર્ચા થઈ છે ખાણિયા ચર્ચામાં. જયપુર-જયપુર. આહા..હા..!

અહીંયાં તો ભગવાન આચાર્ય કહે છે કે '**પરમાં અકિંચિત્કર હોવાથી (અર્થાત્ કાંઈ નહિ કરી શકતું હોવાથી)...**' આહા..હા..! એ તો કૈલાસચંદજીએ નાખ્યું છે હમણાં કે સોનગઢવાળા નિમિત્તને માનતા નથી એમ નથી, માને તો છે, નિમિત્ત કરતું નથી એમ કહે છે. વાત એમ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ શરીર ચાલે છે, વાણી થાય છે એમાં નિમિત્ત છે, પણ નિમિત્ત પરનું કરી શકે છે એમ નથી. સમજાણું કાંઈ? એમ પરની રક્ષા એને કારણે થાય છે. પ્રાણી બીજા નિમિત્ત છે, પણ નિમિત્ત એ રક્ષા કરી શકે એમાં અકિંચિત્કર છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અકિંચિત્કર હોવાથી (અર્થાત્ કાંઈ નહિ કરી શકતું હોવાથી)...**' આહા..હા..! આ હાથને હલાવી પણ શકતો નથી આત્મા, અકિંચિત્કર છે. પરની ક્રિયા કરવામાં ભગવાન આત્મા અકિંચિત્કર છે. અકિંચિત્કર—કિંચિત્ નહિ કરનાર. આહા..હા..! સમજાણું કાંઈ? મોટો વેપાર કરે છે, મોટું નામું લખે છે, નહિ? બાહુબલીજીનું બળ હજો, અભયકુમારની બુદ્ધિ હજો. શું કરવી છે તારે? ક્યાં જાવું છે? એ લખવાની ક્રિયા આત્મા કાંઈ કરી શકતો નથી એમ કહે છે. આહા..હા..! લખવાની ક્રિયા તો પરમાણુ જડની છે. જડમાં નિમિત્ત છે તો નિમિત્ત એમાં કાંઈ કરે છે એમ નથી. આહા..હા..!

એ તો આવી ગયુંને પહેલાં આપણે કે જ્ઞાની જે છે ધર્માત્મા સમકિતી, તો પર જીવમાં મારવાના

પરિણામ એને થયા થોડા સંકલ્પ-વિકલ્પ, પણ પરને મારી શકું છું એમ માનતો નથી. ફક્ત એ મર્યો એમાં હું નિમિત્ત છું, નિમિત્તકર્તા નથી. આહા..હા..! જયસેનાચાર્યની ટીકામાં છે અને પરને પ્રતિકૂળતા દેવામાં હું નિમિત્ત છું. એ પ્રતિકૂળતા હું દઈ શકતો નથી. હું નિમિત્ત છું પણ નિમિત્તમાત્ર છું. દેવાની ક્રિયા મેં કરી એ મારી નહિ. આહા..હા..! મોટો સિદ્ધાંત ઘણો ફેર છે. કંઈ પડી નથી જગતને આત્માની કે મારું શું થશે? આહા..હા..! હું ક્યાં છું? શું માનું છું? આ દુનિયામાં રળવું ને ભોગ ને વિષય ને બાયડી-છોકરા. થઈ રહ્યું જાવ. આહા..હા..!

**શ્રોતા :–** એવા ભાવ કેમ કરે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભાવ કરે છે માટે આવે છે અજ્ઞાની. આહા..હા..! કરે છે તો આવે છે.

**'અકિંચિત્કર હોવાથી...'** વધારે અહીં સિદ્ધાંત છે હોં. આમાં ચિહ્ન નથી કર્યું, ઓલી જૂનીમાં કર્યું છે.

**શ્રોતા :–** .. હુશિયારી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હુશિયારી હુશિયારીમાં રહી, બહારમાં ક્યાં ગરી ગઈ હતી? લાદીની ક્રિયામાં ગરી જાય છે હુશિયારી એની? અને આના શું કહેવાય? પ્લાસ્ટિક. દાખલો તો મોઢા આગળ હોય એનો દેવાયને. કોઈ પરની ક્રિયા કરી શકે છે? પહેલાંમાં ચિહ્ન કરેલું છે.

**'આ અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું નથી;...'** આહા..હા..! પ્રાણીને બચાવ્યો એ આત્મા કરી શકતો નથી, પણ બચાવવાની ક્રિયામાં નિમિત્ત છે, નિમિત્ત છે તો અકિંચિત્કર છે. આહા..હા..! પરમાં કંઈ કરી શકતો નથી. આહા..હા..! આવી વાત ઝીણી બહુ. આ તો સિદ્ધાંત છે. પછી એનો દૃષ્ટાંત ગમે તે લ્યો, બધાયમાં સિદ્ધાંત લાગુ પડે છે. આહા..હા..! **'અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું નથી; અને તેથી મિથ્યા જ છે. --આવો ભાવ (આશય) છે.'** તારા પરિણામ, મિથ્યા પરિણામ જૂઠાં છે. આહા..હા..! 'આ દવા દઉં તો એને નિરોગતા થઈ જશે' એ પરિણામ નિરર્થક છે. કેમકે એ પરિણામનું એ કાર્ય નથી. એમાં નિમિત્ત હો, પણ નિમિત્ત પરનું કરતું નથી. આહા..હા..! ઉપાદાન અને નિમિત્તની મોટી ચર્ચા છેને. ઉપાદાન નામ તે તે દ્રવ્યની પોતાની પર્યાયના કાળે એ પર્યાય ઉત્પન્ન થાય છે ઉપાદાનથી. નિમિત્તથી થાય એ ત્રણકાળમાં નથી. નિમિત્ત હો, હોય તો નિમિત્ત પરમાં કાંઈ કરે છે, બિલકુલ ફેરફાર કરી શકતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પાણી—જળ ગરમ થાય છે એ તો પોતાની પર્યાયના કાળે એ ઉષ્ણ થયું છે. અગ્નિ નિમિત્ત છે, પણ અગ્નિએ ઉષ્ણ કર્યું એમ કર્તા નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ! પાણી જળ-જળ એ ઉષ્ણ થયું. પહેલાં ઠંડુ હતું પછી ઊનું થયું. એ તો પાણી પોતાની પર્યાયથી ઊનું થયું છે. પોતાના ઉપાદાનથી ઊનું થયું-ઉષ્ણ થયું છે, અગ્નિ નિમિત્ત છે, પણ નિમિત્તે અંદરમાં કાંઈ કર્યું નથી. ઉષ્ણ ઉષ્ણએ કર્યું છે. આહા..હા..!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રાખે કોણ અને મૂકે કોણ? આહા..હા..! જે જે દ્રવ્યની જે જે પદાર્થની

તે તે સમયમાં જે પર્યાય થવાની છે તે થશે. નિમિત્ત હોય, નિમિત્ત ક્યાં નથી? પણ નિમિત્ત એ પરિણામને કરતું નથી. (કરે છે) એ વાત બિલકુલ જૂઠી છે. 'ઉપાદાન બળ જહાં તહાં નહિ નિમિત્ત કો દાવ,' જહાં તહાં પોતાની પર્યાય જે દ્રવ્યમાં થાય છે એનો દાવ છે. બળ એનું છે. .. સમજાણું કાંઈ? 'નહિ નિમિત્તકો દાવ' નિમિત્તનો દાવ કદી આવતો નથી. નિમિત્તનો વારો આવતો જ નથી કે હું પરનું કરું. આહા..હા..! આ વાત અંદરમાં સમજાઈ જાયને તો પરથી દૃષ્ટિ હટાવી દે. આહા..હા..! કે કોઈપણ ક્રિયા શરીર, વાણી, મન, કુટુંબ, કબીલાનું હું કરી શકતો નથી, તો દૃષ્ટિ ત્યાંથી ખસીને હું જ્ઞાયક છું ત્યાં દૃષ્ટિ લગાવી દે. ત્યારે સમ્યગ્દર્શન થાય છે અને ત્યારે મિથ્યાત્વનો નાશ થાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**મહા વદ-૧૪, ગુરુવાર, તા. ૧૭-૦૨-૧૯૭૭,**
**ગાથા-૨૬૭ થી ૨૬૯, કળશ-૧૭૧, પ્રવચન નં. ૩૨૨**

સમયસાર, ૨૬૭ ગાથા. એનો ભાવાર્થ. સિદ્ધાંત કહે છે પહેલો. 'જે હેતુ...' જે નિમિત્ત કે જે કારણ '**કાંઈ પણ ન કરે તે અકિંચિત્કર કહેવાય છે.**'

**શ્રોતા** :- કારણ કહેવાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કારણ કહેવાય ભલે પણ એ કરતું નથી પરમાં. એવી વાત છે. આ મહાસિદ્ધાંત છે સત્ય. 'જે હેતુ...' હેતુ આવ્યું છેને ઓલામાં? નિયતનો હેતુ. એમાં પણ એ જ છે સિદ્ધાંત આખો કે વ્યવહાર છે એ હેતુ છે, પણ નિશ્ચયને કરતો નથી. આહા..હા..! ઝીણી વાત છે. અકિંચિત્કર છે. અહીં તો બધા બીજા બોલ લીધા પણ આદિમાં આ બધા બોલ લઈ લેવા. આહા..હા..! જે કોઈ કારણ અથવા નિમિત્ત અથવા હેતુ '**કાંઈપણ ન કરે...**' કોનું? પરનું. '**તે અકિંચિત્કર...**' અકિંચિત્-કાંઈપણ ન કરે તે અકિંચિત્કર. '**આ બાંધવા...**'નો અભિપ્રાય. 'બીજાને હું પાપ બંધાવું કે જેથી નરકમાં જાય-દુર્ગતિ જાય, એવો જે અભિપ્રાય પરમાં અકિંચિત્કર છે, પરને બાંધવાના પરિણામને એ કરી શકતું નથી. આહા..હા..!

એમ '**બાંધવા-છોડવાનું અધ્યવસાન પણ પરમાં કાંઈ કરતું નથી; કારણ કે તે અધ્યવસાન ન હોય...**' શું કહે છે? બીજાને 'હું આને બાંધુ' એવો અધ્યવસાય આનો છે એ પરનું કાંઈ કરતો નથી. કેમ? એ અધ્યવસાય ન હોય સામાનો, તોપણ સામો પ્રાણી વિકારભાવથી બંધાય છે, વીતરાગભાવથી છૂટે છે. સમજાણું કાંઈ આમાં? જે અધ્યવસાય અકિંચિત્કર પરમાં કાંઈ કરે નહિ, એ અધ્યવસાય મિથ્યા, નિરર્થક પરને માટે, પોતાને માટે અનર્થ (કારક). આહા..! આ મોટી તકરાર આ છેને નિમિત્ત અને વ્યવહારની. નિમિત્તથી કરે. આહા..! કર્મનો ઉદય છે એ નિમિત્ત છે, હેતુ છે, પણ જીવના વિકાર

પરિણામને જરીએ ન કરે. સમજાણું કાંઈ? એમ બીજાને જીવાડું એવો જે અભિપ્રાય એ બીજાને જીવાડવાની ક્રિયા કરી શકતો નથી, એ અભિપ્રાય નિરર્થક છે. એમ 'બીજાના પ્રાણને મારું, લૂંટું,' ઓલામાં પહેલાંમાં પ્રાણની રક્ષા કરું એ અભિપ્રાય પરની રક્ષા કરવામાં અકિંચિત્કર છે, એમ 'પરને મારું' એ અભિપ્રાય પરમાં અકિંચિત્કર છે. સમજાણું કાંઈ? કેમકે એ અધ્યવસાય ન હોય તોપણ અજ્ઞાની પોતાના અજ્ઞાનભાવે, રાગભાવે બંધાય છે. એ તારો અધ્યવસાય હોય તો જ બંધાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

અને અધ્યવસાય ન હોય બીજાને મુક્ત કરવાનો છતાં એ પ્રાણી પોતાના વીતરાગભાવે મુક્ત થાય છે. આહા..હા..! પરથી થતું નથી એમ સિદ્ધ કર્યું અને એની મુક્તિ એને વીતરાગભાવથી થાય છે એમ સિદ્ધ કર્યું. સરાગભાવથી તો બંધ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'બીજાને હું મૂકાવું 'એવો જે અધ્યવસાય ન હોય તોપણ સામો જીવ પોતાના વીતરાગભાવથી છૂટે છે. આહા..હા..! વીતરાગભાવથી મોક્ષ (થાય). એનો અર્થ એ થયો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ એ વીતરાગી પરિણામ છે. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિશ્ચયસમ્યક્ આદિ એ ત્રણે વીતરાગી પરિણામ છે. એટલે તું એને મૂકાવાનો અધ્યવસાય ન કર તોપણ એ વીતરાગભાવે મૂકાય છે, એમાં તારો ભાવ અકિંચિત્કર છે. આહા..હા..! એકલા ન્યાય ભર્યા છે. કારણ કે બંધ અધિકારમાં ન્યાયપ્રાપ્ત પહેલેથી આવ્યું છેને. આહા..હા..!

અને '**તે અધ્યવસાન ન હોય...**' તારો અધ્યવસાય હોય કે હું આને બંધાવું અને આને મૂકાવું '**તોપણ પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી બંધ-મોક્ષને નથી પામતો.** ' શું કહે છે? કે તારા પરિણામ એવા હોય કે આને બંધાવું કે છોડાવું એવા પરિણામ હોય છતાં, એના અજ્ઞાનભાવ એને ન હોય તો એ બંધાતો નથી, વીતરાગભાવ ન હોય તો એ મોક્ષ જાતો નથી. ન્યાય છે એકલો ભરેલો. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલાંમાં અધ્યવસાય ન હોય તોપણ એ સરાગથી બંધાય અને વીતરાગથી મુક્તિ પામે. હવે, તારા અધ્યવસાય હોય તોપણ એ સરાગભાવ વિના બંધાય નહિ અને વીતરાગભાવ વિના મુક્તિ પામે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! '**અધ્યવસાન હોય તોપણ પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી બંધ-મોક્ષને નથી પામતો.** ' શું કહ્યું એ? તારા પરિણામ હોય કે આને બંધાવું-મુકાવું, પણ એ બંધનારમાં રાગનો ભાવ ન હોય તો બંધાય નહિ, વીતરાગભાવ ન હોય તો મોક્ષ પામે નહિ. આહા..હા..! ભારે વાતું ભાઈ આવી! બહુ સિદ્ધાંત. બંધના અધિકારમાં મોક્ષનો અધિકાર પણ લઈ લીધો. છેને બે, બંધાવું-મુકાવું, એ તારો અભિપ્રાય તદ્દન જૂઠો છે. આહા..હા..! પરમાં અર્થક્રિયા કરનારું એ પરિણામ નથી. જે પરિણામમાં આને બંધાવું-મુકાવું એવી જે પ્રયોજનક્રિયા તે તારા અધ્યવસાયથી ત્યાં થતી નથી. આહા..હા..!

'**આ રીતે અધ્યવસાન પરમાં અકિંચિત્કર હોવાથી...**' આ મોટો વાંધો છે આ લોકોનો. કોઈ ઠેકાણે અકિંચિત્કર કહ્યું હોય પરને સમજાવા માટે તો કિંચિત્ નિમિત્ત છે. કિંચિત્કર છે, અકિંચિત્કર નથી એમ કહે પરની અપેક્ષા અન્યમતિ. એ આમાં નાખી દે કે જુઓ આ સિદ્ધાંત છે. અહીં કહે છે, એ રીતે

જીવના જે અધ્યવસાય—પરિણામ સુખી-દુઃખી કરનારા કે પ્રાણ રક્ષા અને પ્રાણને નાશ કરવાના કે બંધ-મોક્ષના પરિણામ એ પરિણામ પરમાં અકિંચિત્કર હોવાથી પરની ક્રિયા-અર્થક્રિયા કરી શકતું નથી. તારા આત્માને માટે તે અનર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! **'સ્વ-અર્થક્રિયા કરનારું નથી...'** એ પરિણામ છે એ એની ક્રિયા જે છે પરને બંધાવું-મુકાવું એ તો ક્રિયા કરી શકતો નથી. આહા..હા..! **'અને તેથી મિથ્યા છે.'** હવે કળશ. આનો કળશ અને આગળ બેયનો છે.

(अन्ष्टुभ्)

अनेनाध्यवसायेन निष्फलेन विमोहितः।
तत्किञ्चनापि नैवास्ति नात्मात्मानं करोति यत्।।१७१।।

એ તો ચાર બોલ મૂક્યા હતા. આ છ. જીવન-મરણ, સુખ-દુઃખ, બંધ-મોક્ષ. હવે તો બધા જગતના જેટલા પદાર્થ છે તેની ક્રિયા એને હું કરું, એ કોઈ બાકી રાખતો નથી. મિથ્યાદૃષ્ટિ એવો છે કે જગતની કોઈપણ ક્રિયાના કાળમાં એ મારાથી થાય છે એમ એ છોડતો નથી. મારાથી થાય છે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આ બધા વેપાર-ધંધા ને આ બધા છોકરાઓને સરખે ચડાવી દઈએ, પૈસાના વ્યાજ પણ ઊપજે અને છોકરા રળવામાં શીખે પણ ખરા. એ પરિણામ તારા નિરર્થક છે કહે છે. નિરર્થક એટલે પરમાં નિરર્થક. પરનું કાર્ય કરી શકે નહિ માટે નિરર્થક છે, પણ તારે માટે સાર્થક છે, બંધનું કારણ છે એ. એ તો આવી ગયું હતું. તારે માટે અનર્થનું કારણ છે. અર્થ કરી શકતો નથી પ્રયોજન તો તારે માટે અનર્થની ક્રિયા છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

अनेनाध्यवसायेन निष्फलेन विमोहितः।
तत्किञ्चनापि नैवास्ति नात्मात्मानं करोति यत्।।१७१।।

**'अनेन' 'આ નિષ્ફળ (નિરર્થક) અધ્યવસાયથી મોહિત થયો થકો...'** આહા..હા..! ખોટા પરિણામથી ઘેલો-પાગલ થઈ ગયો કહે છે. આહા..હા..! હું આનું કરું.. આનું કરું... આનું કરું... બાયડીનું કરું, છોકરાઓનું કરું, રળવાનું કરું, જીવાડવાનું કરું, મારવાનું કરું. આહા..હા..! વિમોહિત છે, પાગલ થઈ ગયો છે કહે છે. આ બધા દુનિયાના ડાહ્યા હોય તોપણ પાગલ? સમજાણું કાંઈ? આમાં અર્ધપુદ્ગલ હોય તો જ સમકિત પામે એવું જો નક્કી કરવા જાય તો ક્રમબદ્ધ નક્કી થઈ જાય. એટલે એ ઊડાડી દીધું એણે. અર્ધપુદ્ગલ સંસાર હોય તો સમકિત પામે એમ નહિ, એમ એ કહે છે. કારણ કે અર્ધપુદ્ગલ હોય ત્યારે સમકિત પામે તો તો નિશ્ચય થઈ ગયો કાળ. કાળે થાય, ક્રમે થાય. બાપુ! છે તો એમ પણ તારા અભિપ્રાયમાં ભૂલ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

વસ્તુનો સ્વભાવ છે. એ કાલે કહ્યું હતું નહિ રાતે? એ લોકોએ તો એવી દલીલ આપી છે કે એ કાળે થાય અને ક્રમે થાય એ નહિ, નિષેધ કરવા. પરીક્ષામુખનું સૂત્ર છે કે જે તારી જ્ઞાનદશા પરને જાણવાનું પ્રત્યક્ષપણું કરે છે, જે જ્ઞાન અવસ્થા પરને જાણવાનું, શરીર, વાણી, મન, આ છે... છે... છે... છે... છે... આ બધું છે, એવું જે જ્ઞાન પરને જાણવાનું કરે છે તો એ જ્ઞાન સ્વને જાણવામાં પ્રત્યક્ષ ન થાય એમ કેમ બને? સમજાય છે કાંઈ? જે જ્ઞાનની પર્યાય આ શરીર છે, ઘટ છે, પટ છે, કપડા છે, દાગીના

છે, મકાન છે, આ છે, આ છોકરાઓ છે, આ બાયડી છે, આ આદમી છે—એવું જે જ્ઞાનની પર્યાય પરને ‘છે’ એમ પ્રત્યક્ષ નક્કી કરે છે અને એને પ્રત્યક્ષ થાય છે, તો એ પર્યાય સ્વને જાણવાને કેમ ન જાણી શકે? આહા..હા..! એટલે એને એ કહીને ત્યાં પાછો કાળ નથી લાગુ પાડવો એમ. અર્ધપુદ્ગલ એ સિદ્ધ કરવા એણે નાખ્યું છે. કહેનાર સૂત્રનો અર્થ એવો નથી. સમજ્યાને? કહેનારનું પરીક્ષામુખ સૂત્ર છે એમાં તો એમ કહ્યું છે કે જે પરને જાણવાની તાકાત છે, પર્યાય જાણે છે કે આ શરીર છે, વાણી છે, આ કર્મ છે, આ છે.. આ છે... આ છે... પરને જે જ્ઞાનપર્યાય પ્રત્યક્ષ છે એવું જ્ઞાન જાણે છે, એ જ્ઞાન સ્વને પ્રત્યક્ષ કેમ ન કરે? આહા..હા..! સમજાય છે આમાં? વાત તો બીજી જાતની છે આ તો દુનિયાથી આખી. વકીલાતના કાયદા અને ડોક્ટરના એલ.એલ.બી.ના. એ વકીલાતના અને આ એમ.એ. આ કાયદા ભગવાનના જુદી જાતના છે. આહા..હા..!

પ્રભુ! તારો સ્વભાવ—શક્તિ સ્વપરપ્રકાશક છે કે નહિ? જ્ઞાન, દર્શન અંદર ગુણ છે એ સ્વપરપ્રકાશક છે કે નહિ? તો એની પર્યાયમાં પણ સ્વપરપ્રકાશપણું છે કે નહિ? અને જ્યારે એની પર્યાયમાં સ્વપરપ્રકાશકપણું છે તો એ પરને પ્રકાશે છે એ તો પ્રત્યક્ષ દેખાય છે. આ છે.. આ છે.. આ છે.. આ છે. ત્રિકાળ જે જ્ઞાયક છું એ સ્વનો નિર્ણય કેમ ન કરે? પરનો આ હોવાપણાનો નિર્ણય કરી શકે છે. સમજાણું કાંઈ? એમ કરી સૂત્ર એણે મૂક્યું છે તો કાળને છેડવા (કે) અર્ધપુદ્ગલ નહિ, પણ ત્યાં એ કામ નથી એનું. ત્યાં તો સિદ્ધાંત એ સિદ્ધ કરવો છે કે જેની જ્ઞાનપર્યાય-અવસ્થા, ગુણ એકકોર રહ્યો એની દશા. આ બધું છે.. છે.. એમ જ્ઞાન પ્રત્યક્ષ કરે છે. આ વેપાર છે, છોકરા છે, બાયડી છે, આ દુકાન ચાલે છે, આ પૈસા છે એ જ્ઞાન જાણે છે. બસ એટલું હોં! કરતું નથી કાંઈ. એ ચીજને જ્યારે જ્ઞાન વર્તમાન પરલક્ષીને બરાબર નક્કી કરે, પ્રત્યક્ષ જાણે છે તો પ્રભુ એ જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે તો એ સ્વને પ્રકાશે કેમ નહિ? આહા..હા..! ન્યાય સમજાય છે કાંઈ? ન્યાયથી વાત છે આ તો, ભાઈ! એણે મનને કેળવવું જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..!

અને જ્યારે સ્વનો નિર્ણય કરે છે ત્યાં સ્વ પ્રત્યક્ષ થાય છે, જેમ આ પર પ્રત્યક્ષ થાય છે. કેમકે એનામાં પ્રકાશ નામનો ગુણ છે, તો એ પરને પ્રકાશે છે એ તો એકાંત થઈ ગયું. સમજાણું કાંઈ? એનો ગુણ તો સ્વપરપ્રકાશક પ્રત્યક્ષ થાય એવો એનો ગુણ છે. ખરેખર સ્વ પ્રત્યક્ષ થાય એવો એનો ગુણ છે અને એ ગુણમાં પરને જાણવાની તાકાત પણ સહેજે ખીલી જાય છે. આહા..હા..! બીજી વાત કરી હતી થોડી. આ તો રાતે આપણે ચાલી હતી જરી. જે જ્ઞાનની પર્યાય વર્તમાન પરને પ્રત્યક્ષ કરે એ સ્વને પ્રત્યક્ષ કરે એ જ્ઞાનની પર્યાય, ભવિષ્યની પર્યાયને પણ કેમ ન જાણે અત્યારે? સમજાણું કાંઈ? જે ભવિષ્યની પર્યાય થવાની છે એને પણ વર્તમાન પર્યાય (કેમ ન જાણે)? કારણ કે વર્તમાન પર્યાય અનંત દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે. વર્તમાન પર્યાય અનંતા દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે, તો પોતાની પણ પર્યાય અનંત ભવિષ્યની એ પણ જાણે છે. સમજાય છે કાંઈ? જ્યારે પરપ્રકાશ પ્રત્યક્ષનું જ્યારે એને ખાસ ભાન વર્તે છે કે જે એકાંત છે (કેમકે) એમાં પોતે ન આવ્યો. હવે જ્યાં પરને પ્રત્યક્ષ કરે છે એવું સામર્થ્ય જ્યારે નક્કી કર્યું તો એ સ્વને જાણવાને સામર્થ્યવાળું છે એમ કેમ નક્કી ન થાય? સમજાણું

કાંઈ? અને જ્યારે સ્વને જાણવાનું સામર્થ્ય છે એમ નક્કી થાય તો તે શ્રુતજ્ઞાનની પર્યાય ભવિષ્યની પર્યાયને પણ વર્તમાન જાણે છે એમ કેમ ન કહેવું? ન્યાય સમજાય છે કાંઈ? કેવળજ્ઞાની પ્રત્યક્ષ જાણે છે અને શ્રુતજ્ઞાની ભવિષ્યની પર્યાય અત્યારથી તે અનંતકાળ થશે... આહા..હા..! શ્રુતજ્ઞાનની થશે અને પછી કેવળની થશે. એય..! પ્રભુ! તારું સામર્થ્ય તો જબરૂ છે, ભાઈ! પ્રભુ! તું મોટો છો પણ તને એની ખબર નથી. પામરતામાં તેં તારી જીંદગી ગુમાવી છે. આહા..હા..!

જે જેને સ્વપ્રત્યક્ષ આત્મા થયો એ તો એનો પ્રત્યક્ષ થવાનો સ્વભાવ હતો. સમજાણું કાંઈ? આહા..હા..! એ પર્યાય એ દ્રવ્યને જાણે છે, પરને જાણે છે. પરને જાણે છે તો પર્યાયને પણ જાણે છે. આહા..હા..! અત્યારથી પર્યાયથી તે અમુક સુધી શ્રુતજ્ઞાન રહેશે અને પછી કેવળ થશે. એ વર્તમાન પર્યાય એને જાણે છે. ભાઈ! સમજાણું કાંઈ? આ તો હવે અંતરની વાતું છે. આહા..હા..! અરે..! એણે કોઈ દિ' સાંભળી નથી. એની મોટપનું એને માહાત્મ્ય આવ્યું નથી. બહારની ચીજની મોટપમાં અર્પાઈ ગયો. આહા..હા..! કાં રાજપણું, કાં શેઠાઈપણું, કાં પૈસાપણું, કાં રૂપાળા શરીરપણું. ધૂળેય નથી સાંભળને. એ પણું તો તારામાં નથી, પણ તેને પ્રકાશવું એ તારો સ્વભાવ છે. આહા..હા..! એ સર્વ ચીજો એ તારી નથી, તારામાં નથી, પણ તેને પ્રકાશવું એ તારામાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ! આ તો ન્યાયથી આવે છે કે નહિ? આહા..હા..! ભગવાન!

જે પર્યાય પરને પ્રકાશે છે એ સ્વને કેમ ન પ્રકાશે? પ્રભુ! અને જ્યારે સ્વને પ્રકાશે ત્યારે દ્રવ્યને પ્રકાશે તો પછી એની પર્યાયની વર્તમાનથી ભવિષ્યની અને ગયા કાળની એને કેમ ન જાણે? આહા..હા..! એ વસ્તુસ્થિતિ છે. આહા..હા..! કરવાનું કાંઈ નહિ અને જાણવાનું બાકી કાંઈ નહિ, બાકી કાંઈ ન રહે. પરનું કરવાનું કાંઈ નહિ, અકિંચિત્કર. ત્યારે એમ કહ્યું કે એને જાણવાનું કાંઈ બાકી ન રહે એવા એ અર્થમાં છે. આહા..હા..! પોપટભાઈ! આવું ક્યાંય મળે એવું નથી મુંબઈમાં-મુંબઈમાં કે ધૂળ. રાતે વાત થઈ હતીને, બહેનોને જરી ખ્યાલ આપવા રાતે આવ્યું હતું. આહા..હા..! ઓહો..હો..!

એ તો સ્વપરપ્રકાશક જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે. એ આત્મા રાગવાળો પણ નથી, પુણ્યવાળો નથી, પૈસાવાળો નથી, એના ફળવાળો પણ નથી, પણ સ્વપરપ્રકાશકવાળો છે. સમજાણું કાંઈ? જ્યારે પરપ્રકાશકપણું તો પ્રત્યક્ષ છે, ત્યારે સ્વભાવ એનો સ્વપરપ્રકાશક છે. ન્યાય સમજાય છે? આહા..હા..! તો પ્રભુ! એને કેમ સ્વ તરફ વળીને સ્વને જાણી શકે એને માટે શું એ અશક્ય છે? કેમકે એનો સ્વભાવ જ સ્વપરપ્રકાશનો છે. રાગ કરવો અને પરનું કરવું એ એનો સ્વભાવ નથી. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ કરવો એ એનો સ્વભાવ નથી, પણ એ વ્યવહારરત્નત્રયનો રાગ અને બીજાને પરપ્રકાશક તરીકે જાણવાનો સ્વભાવ છે. એ જાણે તો છે અનાદિથી, પણ સ્વપ્રકાશને જાણ્યા વિના પરપ્રકાશનું પ્રમાણજ્ઞાન યથાર્થ હોતું નથી. સમજાણું કાંઈ? રાજેન્દ્રજી! આવી વાતું છે બાપુ! આ તો માર્ગ આહા..હા..! ત્રણલોકના નાથે જગતને કરુણા કરીને ધોધ વરસાવ્યા છે દિવ્યધ્વનિના. આહા..હા..!

તો પછી અહીં કહે છે કે પરનું કાંઈ ન કરે. એ ઉપરથી જરી પ્રશ્ન ઉઠ્યો હતો કાલે. પરનું કાંઈ ન કરે, તો પરનું કાંઈ બાકી રાખ્યા વિના જાણે. સમજાણું કાંઈ? શું કીધું એ? એમ અહીં બાકી રાખ્યા વિના

કાંઈ ન કરે. ફલાણાનું કરે અને ફલાણાનું કરે એમ કોઈપણ પરનું કાંઈ ન કરે. ત્યારે પરમાં કોઈ બાકી રાખ્યા વિના જાણે, એમાં કોઈને બાકી રાખે એવું છે નહિ. આહા..હા..! એવું જ્યારે પરને કાંઈ ન કરે, એકપણ રાગને નહિ, રજકણને નહિ. આહા..હા..! વ્યાપારના ધંધાને નહિ, બોલવાને નહિ, દેહને નહિ. આહા..હા..! પ્રભુ ચૈતન્ય તો હીરલો, ચૈતન્યહીરો છે એ. અરે..! એની કાંઈ ખબર ન મળે. આહા..હા..! પરીક્ષામુખમાં સૂત્ર છેને ત્યાં એ આવ્યું. 'પરખ્યા માણેક મોતીયા, પરખ્યા હેમ કપુર, પણ એક પરખ્યો આત્મા' આ શું ચીજ છે? એના જ્ઞાનની પર્યાયમાં અભિપ્રાય ગમે તેટલો કરે, પરને જીવાડવાનો, રાખવાનો, વ્યાજ ઉપજાવવાનો, મકાન (બનાવવાનો), ઘણા એમ કહે કે પૈસા છૂટા રહેશે (તો વપરાઈ જશે), આપણે મકાન રાખોને. મકાન બનાવી લ્યો બે, પાંચ લાખના, દસ લાખના, વીસ લાખના કે જેથી ભાડુ ઊપજે અને પૈસા જાય નહિ ક્યાંય. આ ભગવાનદાસ શેઠને એ છે વધારે. આ ભગવાનલાલ નહિ? મકાન બહુ ગામમાં, મોટા ઘણા કરોડોપતિ છે. ..બહારમાં સાદા માણસ લાગે નરમ. બહુ મોટો બાદશાહ છે. ઘણા ઘણા મકાનો કરેને, શું કરવા? જુઓ અહીં મકાન કરાવ્યું. જેટલા પૈસા નાખ્યા એથી વધારે પૈસા ઊપજ્યા. પોપટભાઈ પાસેથી લીધા, ઓલા પાસેથી લીધા પૂનમચંદ ગોદિકા પાસેથી. નવનીતભાઈ સૌથી પહેલાં. આ પોપટભાઈ છે. દાખલો આ તો. એ અહીં ઓલા મકાનમાં નાખે ને તો ક્યાંય જાય? કોણ લઈ જાય એને? એવો એક વિકલ્પ. એ વિકલ્પ નિરર્થક છે.

**શ્રોતા :-** બુદ્ધિ લાગે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બુદ્ધિ માને, લાગતી તો કાંઈ નથી. ઠોઠ ઠોઠ નિશાળ્યો છે. સત્યના ન્યાયને પકડે નહિ એ બુદ્ધિ શું કામની? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો આપણે એ આવ્યુંને કે '**આ નિષ્ફળ (નિરર્થક) અધ્યવસાયથી મોહિત...**' ઘેલો, પાગલ થઈ ગયો છે, કહે છે. મેં આનું કરું, આનું કરું, પણ એને જાણવું એવું તારી પર્યાયમાં વર્તમાન થાય છે. આહા..હા..! શરીર, વાણી, કર્મ અને આ બાયડી, છોકરા, કુટુંબ, પરિવાર, દેશ આદિ એમાં એનું કાંઈ ન કરી શકે. એક આંખની પાંપણ ફેરવી ન શકે. છતાં એનો અભિપ્રાય કરે કે 'આ કરું છું' એ પોતાનો માનીને આખા ચૈતન્યને ભૂલી જાય છે. પરનું કરું એમ કહેશે, આગળ આવશે. ક્રિયાનો .. છે હિંસાનું આવ્યું છે. આહા..હા..! '**આ નિષ્ફળ (નિરર્થક) અધ્યવસાયથી મોહિત થયો થકો આત્મા...**' '**तत् किञ्चन अपि न एव अस्ति यत् आत्मानं न करोति** ' '**પોતાને સર્વરૂપ કરે છે,...**' સર્વરૂપ કરે છે. ખરેખર તો સર્વને જાણવાનું જ કામ કરે છે.

**શ્રોતા :-** પોતે કર્તા થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કર્તા થાય છે. આ મોટો ફેર છે. સમજાણું કાંઈ?

બાપુ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ છે અને તું સર્વજ્ઞ પરમેશ્વર છો. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર આત્મા છે. અનંત આત્માઓ સર્વજ્ઞસ્વભાવી ભગવત્‌સ્વરૂપ છે. આહા..હા..! એ સર્વજ્ઞમાં સર્વને પર્યાયમાં જાણે એ તો જાણે છે કહે છે અનાદિથી, એને ઠેકાણે તું કોઈનું કરવાનો અભિપ્રાય કર તો એ પોતાનું માને છે, એ પોતાને માને છે એ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! એમ બીજા બધાને જાણે

છે એટલો જ આત્મા માને તો સ્વ આવ્યો નહિ એટલે મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ, બાપુ! ડોક્ટર તો રુચિવાળા બહુ. આ લાભ લઈને ગયા છે ડૉક્ટર હોં! બહુ મગજ. યત્ન બહુ કરતાં હતા પ્રેમચંદભાઈ. સ્થિતિ પૂરી થાય એટલે જાવું (થાય), એમાં કાંઈ નહિ, એ કાળ. જ્ઞાનનો સ્વભાવ જ એવો છે. આહા..હા..! જે કાળે છૂટે તેને જાણે, રહે એને જાણે. આહા..હા..!

અહીંયાં તો શબ્દ શું છે? કે '**तत् किञ्चन अपि न एव अस्ति**' કોઈ એવું નથી કે જે પોતાનું માન્યા વિના ન રહે એ. સર્વરૂપને પોતાને કરે છે. આહા..હા..! ખરેખર સર્વરૂપને જાણનાર છે, એને ઠેકાણે 'આ મારા છે' એ સ્વરૂપને કરે એ મૂઢ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે હજી એને ભાનેય નથી અને એને ધર્મ થઈ જાય. સામાયિક કર્યા ને પોષા કર્યા ને પડિક્કમણા (કર્યા). ધૂળેય નથી કાંઈ. સમજાણું કાંઈ? એવો માર્ગ વીતરાગનો ત્રણલોકના નાથે જગતને જાહેર કર્યો પ્રભુ તને. જાહેર કર્યો પ્રભુ તને. તું કેવડો એ જાહેર કર્યો પ્રભુએ. આહા..હા..! સમજાણું કાંઈ?

એક ફેરી .. હતુંને? વઢવાણમાં નહિ છેલ્લે? ત્રણ હજાર માણસો વ્યાખ્યાનમાં દરિયાપરી. ૯૧. તે દિ' એમ કહ્યું હતું, જો ભાઈ! ત્રીજો અધ્યાય ચાલતો હતો ઉત્તરાધ્યયનનો. આ આત્મા ક્રમે... ક્રમે... ક્રમે... ક્રમે... ક્રમે દરેકને જાણે છે. ક્યા ભવમાં ગયો? જે ગતિમાં ગયો, જે સંયોગમાં આવ્યો એને જાણે તો છેને? પણ આમ ક્રમે-ક્રમે જાણીને આખું જ્ઞાન થાય છે એને, પણ એક સમયે જાણે એને સર્વજ્ઞ થાય છે. તે દિ' કહ્યું હતું. વઢવાણ દરિયાપરી અપાસરે હતા. દરિયાપરી અપાસરે કાંઈ માણસ સમાય નહિ. નાની ધર્મશાળા છેને. આની દરિયાપરીનો અપાસરો. એ પણ અંદર ઓસરી ઉપર સમાય નહિ એટલે ઓસરીમાં મોઢા આગળ પાટ રાખીને (વ્યાખ્યાન આપતા). આખું મેદાન ભરાઈ જાય ત્રણ-ત્રણ હજાર માણસ તે દિ' હોં! એમાં આટલું કહ્યું હતું થોડું, ભાઈ! આ આત્મા જ્યાં જ્યાં ભવ કરે છે તે તે ક્ષેત્રનું તે ભાવનું તે તે જ્ઞાન કરે છે. જ્ઞાન તો એની પાસે છે તે તે પ્રકારનું. સમજાણું કાંઈ? પણ એ ક્રમે ક્રમે આમ ભવ કરીને, રાગ કરીને એને કરીને જ્ઞાન કરે છે. એવું જ્ઞાન તો છેને એ જાતનું? આહા..હા..! પણ એક સમયે ત્રણકાળ, ત્રણલોકને ક્રમ વિના જાણે એવો એનો સ્વભાવ છે. એ સ્વભાવ આત્માનો છે અને એ આત્માના સ્વભાવમાંથી એક સમયની આવી પર્યાય પ્રગટ થાય એને જ્ઞાનગુણની પૂર્ણ દશા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવી વાતું છે. ન્યાયથી બેસે એવી વાત છે. એમ ને એમ માનવું એ વાત તો ક્યાંય જૈનદર્શનમાં છે જ નહિ. વસ્તુની સ્થિતિ કઈ રીતે હોય? કેમ છે? તેનું જ્ઞાન કરીને માને તો યથાર્થ કહેવાય. એમ ને એમ માની લે કે આ જ્ઞાન છે ને કેવળી છે ને ફલાણું છે ને ઢીંકણું છે. (એ યથાર્થ નથી). આહા..હા..!

અહીં તો આપણે આ લેવું છે. '**किञ्चन अपि न एव**' '**કાંઈ પણ નથી કે જે-રૂપ પોતાને ન કરતો હોય.**' સર્વને પોતાનું કરે છે એમ કહે છે. આહા..હા..! ખરેખર તો સર્વને જાણવાનું સ્વરૂપ એનું છે, એને ઠેકાણે સર્વને કરે છે. જ્યાં જાય ત્યાં કહે આ બાયડી મારી, છોકરા મારા, પૈસા મારા, આબરૂ મારી. આહા..હા..! મારી નાખ્યા. મારા ઊભા કર્યા બધા. આ દુકાન મારી, શરીર મારું, વાણી મારી. અરે..! પ્રભુ! સર્વ ચીજને તું તારી કરે છો? એના ઠેકાણે સર્વને જાણવાનો તારો સ્વભાવ છે એમ પ્રગટ

કરને. પ્રતીતમાં એમ તું પ્રગટ કરને. આહા..હા..! પ્રતીતમાં તો પ્રગટ કર કે સર્વને પોતાના કરવા કરતા સર્વને હું જાણનાર.

**શ્રોતા :-** શ્રદ્ધામાં પ્રગટ ન થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની તો પ્રતીતિ કર, કેવળજ્ઞાનને પ્રતીતમાં તો લાવ. શ્રીમદ્ પણ કહે છે ને કેવળજ્ઞાન શ્રદ્ધામાં પ્રગટ થયું છે. એમ કહ્યું છે પત્રમાં. ૨૮મા વર્ષમાં ઓલા છ બોલમાં. શ્રદ્ધાથી કેવળજ્ઞાન પ્રગટ થયું છે. એટલે પહેલું કેવળજ્ઞાન આવું છે એ માન્યું નહોતું, એ સ્વપરપ્રકાશક પૂર્ણ છે એમ પ્રતીતમાં આવ્યું એટલે શ્રદ્ધાએ કેવળજ્ઞાન પ્રગટ થયું. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. અહીં તો સર્વને કરે છે એ ગાથા આવશે હવે હોં! આ તો એનો ઉપોદ્ઘાત છે, ઉપોદ્ઘાત છે.

**'એવું કાંઈ પણ નથી કે જે-રૂપ પોતાને ન કરતો હોય.'** આહા..હા..! જ્ઞાનની પર્યાય પરને જાણે છે એ સ્વને જાણતા એની ભવિષ્યની પર્યાય પણ જાણવામાં એને આવી જ જાય છે. ભવિષ્યમાં રાગ કરીશ એ આવતું નથી, પણ ભવિષ્યમાં રાગ થશે તેનું જે જ્ઞાન થશે તે જ્ઞાન અહીં આવી જાય છે. સમજાણું કાંઈ? સર્વ જ્ઞાન આવી જાય છે. પ્રતીતમાં આખો ત્રણલોક, ત્રણકાળ 'એને જાણનારો હું' એવી એને પ્રતીત આવી જાય છે. સમજાણું કાંઈ? આવી વાતું ઝીણી પડે. માણસને અભ્યાસ ન મળે. ઓલા બહારના ગડીયા ગોખ્યા હોય, ઈચ્છામી પડિક્કમણા ઈરિયા, વિરિયા.. આહા..હા..!

**'ભાવાર્થ :- આ આત્મા મિથ્યા અભિપ્રાયથી ભૂલ્યો થકો...'** એ મોહિત થયુંને? ભૂલ્યો થકો, ગાંડો-પાગલ થયો કહે છે. આહા..હા..! જે જ્ઞાતાપણે, વિચિક્ષણપણે રહેવું જોઈએ એને ઠેકાણે અજ્ઞાનપણે ભૂલ્યો, મોહિત થઈ ગયો. આહા..હા..! **'ચતુર્ગતિ-સંસારમાં જેટલી અવસ્થાઓ છે,...'** પર્યાયો. જોયું! **'જેટલા પદાર્થો છે...'** દ્રવ્ય. આહા..હા..! **'તે સર્વરૂપ પોતાને થયેલો માને છે;...'** સર્વરૂપને 'જાણનારો છું' એમ ન માનતા સર્વ 'મારું છે' એમ માને છે. આહા..! જોયું! સર્વ અવસ્થાને પણ એમ છે. તો ભવિષ્યની અવસ્થાને પણ જાણવાનો પર્યાય તો પોતાનો, પોતામાં તાકાત છે. સર્વ અવસ્થાને જાણે છે એને ઠેકાણે સર્વ અવસ્થાને પોતાની કરે છે. સમજાણું કાંઈ? રાગને, શરીરને, વાણીને. આહા..હા..! જેટલા પદાર્થો અને જેટલી અવસ્થાઓ છે... આહા..હા..! પદાર્થમાં ગુણ આવી ગયા **'તે સર્વરૂપ પોતાને...'** (કરે છે). અહીં તો કાયમી અને પર્યાય બેને લઈને કામ લીધું બસ. **'ચતુર્ગતિ-સંસારમાં જેટલી અવસ્થાઓ છે, જેટલા પદાર્થો છે તે સર્વરૂપ પોતાને થયેલો માને છે;...'** વાત તો સાચી જ છે. કારણ કે સર્વરૂપને જાણનારો છે એ ગુલાંટ ખાય તો સર્વરૂપને પોતાની માને છે. આહા..હા..! શું કીધું?

**શ્રોતા :-** પડખું બદલવાની જરૂર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પડખું ફેરવવાની જરૂર છે. એનો અર્થ જ આવ્યો કે એનો પણ સ્વનો આશ્રય લેવો એ સિદ્ધાંત છે. આ બધી વાત કહેવામાં પણ સ્વનો આશ્રય લેવો એ એનો હેતુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિના સ્વપરપ્રકાશમાં જ્ઞાનની પ્રતીતિ પણ ન થાય. કેમકે ભગવાન જ્ઞાનસ્વરૂપ છે

એ સ્વપરપ્રકાશકસ્વરૂપ જ ત્રિકાળ છે. નિયમસારમાં લીધું છેને ભાઈ! ત્રિકાળ છે જ્ઞાન એ સ્વપરપ્રકાશને જાણે જ છે અંદર. પૂર્ણ જ્ઞાનને જાણે છે, પરને દેખે છે અંદર પોતાને. એવો જ એવો સ્વભાવ છે ત્રિકાળનો હોં! ત્રિકાળ વર્તમાન ત્રિકાળી ત્રિકાળને જાણે છે અને દેખે છે. આહા..હા..!

હવે અહીંયાં પર્યાયમાં ત્રિકાળ જે પરવસ્તુ છે એને પોતાની માને છે એ પરને પ્રકાશક અને સ્વને પ્રકાશક એવું એનું સ્વરૂપ છે, એને ઠેકાણે પર મારા એવું સ્વરૂપ માને છે તો એ મહા મિથ્યાદૃષ્ટિ સંસારી છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'એવું કાંઈ પણ નથી કે જે-રૂપ પોતાને ન કરતો હોય.'** આહા..હા..! કારણ કે જાણનારો છું બધાને. એવું કોઈ બાકી નથી કે હું જાણ્યા વિના રહું. એવો સ્વભાવ છે એને ભૂલીને પરવસ્તુ એકેય મારી છે એમ માન્યા વિના રહેતો નથી. આહા..હા..! જાણ્યા વિના રહેતો નથી એ એનો સ્વભાવ છે, પણ ભૂલીને પરવસ્તુ કોઈ એવી બાકી નથી રાખી કે એ મારી નથી એણે માની. સમજાણું કાંઈ? આવી વાતું છે.

**'જેટલા પદાર્થો છે તે સર્વરૂપ પોતાને થયેલો માને છે; પોતાના શુદ્ધ સ્વરૂપને નથી ઓળખતો.'** જોયું! હું એક સ્વપરને પ્રકાશક ત્રિકાળી સ્વભાવ છું. એવો જે શુદ્ધ પદાર્થ આત્મા એને એ જાણતો નથી. આહા..હા..! કહો, ધર્મચંદજી! ત્યાં ખંડવામાં નથી આવું કાંઈ ત્યાં. ખંડવામાં ખંડાઈ જાય એવું છે ત્યાં. છોકરા માટે કરી લ્યો, આના માટે કરી લ્યો. થોડું એને આવડતું ન હોય તો બે-ચાર મહિના ત્યાં રોકાઈને કરી દ્યો. કરી શકે કે નહિ સરખું? નહિ? આહા..હા..!

અહીં તો આ કહ્યુંને. આહા..હા..! રાગના વિકલ્પથી માંડી અને જગતની બધી ચીજોને કોઈપણ મારી છે એમ માન્યા વિના રહ્યો નથી કહે છે. કેમકે એને જાણ્યા વિનાનો સ્વભાવ નથી. જાણવાનો પૂર્ણ સ્વભાવ છે. એ રીતે કરવાનું, દરેકને કરવાનું એણે માન્યું છે. આહા..હા..! થોડું પણ ઘણું છે એમાં. સમજાણું કાંઈ? આ રીતે પરવસ્તુને પૂર્ણ બધાને પ્રકાશે છે એ તો પર્યાયનો સ્વભાવ છે એમ ન માનતા પરની વસ્તુને 'હું જાણું છું' એમ ન માનતા, 'એ મારી' બધી ચીજ છે એમ એ માને છે. ગુલાંટ ખાય છે તોપણ ઊંધી આટલી ખાય છે. ન્યાયથી છે કે નહિ? કાંઈ વીતરાગનો માર્ગ એમ ને એમ માને? ન્યાય-લોજિકથી છે. આહા..હા..! **'પોતાના શુદ્ધ સ્વરૂપને...'** એટલે? આ મારું છે એમ મારું માનીને રોકાઈ ગયો, પણ 'શુદ્ધ ત્રિકાળી સ્વપરપ્રકાશક ચૈતન્ય છું' એને એ જાણતો નથી. આહા..હા..!

**'હવે, આ અર્થને સ્પષ્ટ રીતે ગાથામાં કહે છે :-'**

सव्वे करेदि जीवो अज्झवसाणेण तिरियणेरइए।
देवमणुए य सव्वे पुण्णं पावं च णेयविहं।।२६८।।

જુઓ, **'सव्वे'** શબ્દ પડ્યો છે પહેલો. જોયું! પુણ્ય-પાપ પણ ભેગા નાખ્યા. આહા..હા..!

धम्माधम्मं च तहा जीवाजीवे अलोगलोगं च।
सव्वे करेदि जीवो अज्झवसाणेण अप्पाणं।।२६९।।

**'તિર્યંચ, નારક, દેવ, માનવ, પુણ્ય-પાપ વિવિધ જે '** પુણ્ય-પાપ. પણ નાખ્યા ભેગા.

આહા..હા..! ખરેખર તો પુણ્ય-પાપ આદિ બધાને જાણવાનો એનો સ્વભાવ પરપ્રકાશક તરીકે (છે) અને તે પણ સ્વપ્રકાશ થાય ત્યારે. અમથો તો પરપ્રકાશક જાણે જ છે પણ એ યથાર્થ નથી. સમજાણું કાંઈ? પણ એમાં કહે છે કે પરપ્રકાશમાં પણ... આહા..હા..! કોઈ ચીજ બાકી રાખી નથી કે પોતાની ન માને. આહા..હા..! ખરેખર તો એ પુણ્ય-પાપનો જાણનારો પરપ્રકાશક તરીકે વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે. જુઓ, એ સિદ્ધ થયું ત્યાં. જ્યાં આત્માના સ્વપ્રકાશનું ભાન થયું ત્યારે એ રાગાદિ છે એ વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે. એને ઠેકાણે કરેલો પ્રયોજનવાન છે એમ અજ્ઞાની માને છે. હું પુણ્યને કરું, શુભને કરું, પાપને કરું. ભાવને હોં! આહા..હા..! ગજબ છે સમયસારની શૈલી! ઓહો..હો..!

**તિર્યંચ, નારક, દેવ, માનવ, પુણ્ય-પાપ વિવિધ જે,**
**તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૮.**

વિવિધ જોયું પાછું બધું. અનેક પ્રકારના પુણ્ય-પાપ હોય છે ને.

'**વળી એમ, ધર્મ-અધર્મ...**' ધર્મ-અધર્મ પદાર્થ હોં! ધર્માસ્તિ-અધર્માસ્તિ. નહિતર ધર્મ-અધર્મ પુણ્ય-પાપના ઠેકાણે પણ આવે છે પાછળ. પુણ્ય-પાપ પણ આત્મા છે, જ્ઞાન છે એમ આવે છે સર્વવિશુદ્ધમાં. એ તો આત્માનું અસ્તિત્વ પોતામાં કેટલું એ બધું સિદ્ધ કરવું છે ત્યાં શુભભાવ-અશુભભાવ પણ પોતાના અસ્તિત્વમાં છે, એ પુણ્ય-પાપના ભાવ કંઈ પરના અસ્તિત્વમાં નથી. એમ કરીને ત્યાં પુણ્ય-પાપ પણ જ્ઞાનમાં છે, આત્મામાં છે એમ સિદ્ધ કર્યું છે ત્યાં. સર્વવિશુદ્ધ. સમજાણું કાંઈ? આવી વાતું, બાપા! ધંધામાં રોકાઈ ગયા હોય મગજ. ૨૦-૨૦, ૨૨-૨૨ કલાક. એમાં આવું કોક દિ' કલાક સાંભળવા મળે તો શું કહે છે આ તે કાંઈ? ઓલા બિચારા આવ્યા હતાને, લલીતપુરવાળા નહિ તમારા? હિન્દી થાતું હતું તોપણ કહે અમે કાંઈ સમજતા નથી. બિચારા અરે..! પ્રભુ તને! અમે કાંઈ સમજતા નથી. આહા..હા..! કાં એ દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો એવું કહે તો સમજાય. હવે આ કહે કે આ જ્ઞાનમાં આમ જણાય, જ્ઞાનમાં આમ જણાય. આહા..હા..! ભાઈ! તું પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ છોને પ્રભુ. આહા..હા..! તું જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનને જ આત્મા કીધો છેને. જ્ઞાન કરે શું? આહા..હા..! સર્વને જાણે, સર્વને જાણે. પર્યાયમાં સર્વને જાણે. એમ ન માનતા સર્વને 'હું કરું છું' એમ માને છે એ મિથ્યાબુદ્ધિ છે. એ પુણ્યના પરિણામ મારા, પાપના મારા. આહા..હા..! આ સ્ત્રી મારી, આ કુટુંબ મારું. શેના થયા, બાપા? એ તો બધા તારા જ્ઞાનના પરપ્રકાશનો વિષય છેને. એને ઠેકાણે પરપ્રકાશનો વિષય ન માનતા 'એ મારા' એ ક્યાંથી લાવ્યો? આહા..હા..! પોપટભાઈ! આવું છે.

**શ્રોતા :-** એનો માલિક છેને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેનો માલિક? ધૂળનો? આહા..હા..! અમારી આ ઘરવાળી છે. ઓલો કહે કે આ મારો ઘરવાળો છે-માલિક છે. કોણ માલિક, પ્રભુ તને ખબર નથી. આહા..હા..! તું જ્ઞાનસ્વરૂપનો માલિક છો. પરવસ્તુનો માલિક માન્યો એટલે મિથ્યાભ્રમ અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

**વળી એમ ધર્મ-અધર્મ, જીવ-અજીવ, લોક-અલોક જે,**
**તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૯.**

‘**ટીકા :- જેવી રીતે આ આત્મા પૂર્વોક્ત પ્રકારે...**’ પૂર્વે કહ્યું એ પ્રકારે. ‘**ક્રિયા જેનો ગર્ભ છે એવા હિંસાના અધ્યવસાનથી...**’ કરું એવું પેટમાં છે એવો હિંસાના અધ્યવસાનથી. નીચે. ‘**હિંસા આદિનાં અધ્યવસાનો રાગદ્વેષના ઉદયમય એવી હણવા આદિની ક્રિયાઓથી...** ’ છે? ‘**રાગદ્વેષના ઉદયમય એવી હણવા આદિની ક્રિયાઓથી ભરેલા છે,...** ’ એ અધ્યવસાન રાગ-દ્વેષની ક્રિયાથી ભરેલા છે એમ કહે છે. આહા..હા..! દ્રવ્યની વ્યાખ્યા કરી. ‘**અર્થાત્ તે ક્રિયાઓ સાથે આત્માનું તન્મયપણું હોવાની માન્યતારૂપ છે.**’ રાગદ્વેષમયની જે ક્રિયા છે ‘એ મારી છે’ એવી માન્યતારૂપ અજ્ઞાનીની શ્રદ્ધા છે, એ અધ્યવસાય એવો છે. આહા..હા..! ખરેખર તો એની પર્યાયનું સામર્થ્ય છે એટલો એણે નિર્ણય કર્યો નથી. પર્યાયમાં પર્યાયનું સામર્થ્ય. એકલી પર્યાય, પછી પૂર્ણની પર્યાયની તો વાત શું કરવી? પૂર્ણ સ્વભાવ. આહા..હા..! બધા કારખાના કાઢવા ને એમાં બેસવા પછી શેઠિયા થઈને ખુરશીએ, ઓલા આવે ગ્રાહક આવે. પાંચ હજારનો માલ લેવો છે, ફલાણું લેવું છે, લાવો આપો. શું છે પણ આ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ન આપે પૈસા.

**શ્રોતા :-** .. સમજાવવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સમજાવવા નહિતર પછી કોર્ટમાં જાવ. આહા..હા..!

શું કહે છે? ‘**જેવી રીતે આ આત્મા પૂર્વોક્ત પ્રકારે ક્રિયા...**’ હણું, મારું, એમ છેને જીવાડું. એ ‘**ક્રિયા જેનો ગર્ભ છે એવા હિંસાના અધ્યવસાનથી...**’ ક્રિયા જેમાં ભરી છે રાગદ્વેષની, એવો હિંસાનો અધ્યવસાય. એ ‘**પોતાને હિંસક કરે છે,...**’ આહા..હા..! ‘પરને હણું છું’ એવો જે ભાવ રાગવાળો, દ્વેષવાળો એને પોતાના કરે તે હિંસક કરે છે, એ પોતાને હિંસક કરે છે. આહા..હા..! પરની હિંસા કરી શકતો નથી, પણ પરની હિંસા કરવાનો જે ભાવ છે તે મારા છે એમ માનીને પોતાની હિંસા કરે છે. આહા..હા..! આકરું કામ બહુ. લોકોને એવું લાગે સોનગઢવાળા નિશ્ચયની વાતું કરે છે. કહે, કહે, એ જાતની હવા પણ આવી નથી તો એને એવું લાગે. એ ભગવાન છેને. આહા..હા..! ભૂલમાં પડ્યાને ભગવાનને શું ન ભાસે! આહા..હા..! આવી વાતું કરે લ્યો! આ છોકરાને સાધારણને શું સમજવું? સમજે પણ સમજ્યો છે એ તો અનાદિનો સમજીને બેઠો છે, પરમાં શું છે, એ શું સમજ્યો? પરનું કરવું-કરવું એ તો માનીને બેઠો છે, એ તો અનાદિથી કરે છે, માને છે. માને છે, કરતો નથી. હવે એનું એ એને સમજાવવું? દયા પાળો, વ્રત કરો, એ તો બધો રાગ થયો. એ તો ત્યાં કહેશે. પુણ્યને પોતાના કરે છે. આહા..હા..! આવી વાતું છે.

‘**(અહિંસાના અધ્યવસાનથી પોતાને અહિંસક કરે છે)...** ’ એ અહિંસાના અધ્યવસાયમાં

પણ રાગ-દ્વેષ પડ્યા છે. એ અધ્યાસાયમાં રાગ-દ્વેષની ક્રિયા છે. આહા..હા..! શું કહે છે? કે અજ્ઞાની 'પરને મારી શકું છું અને જીવાડી શકું છું' એવો જે અભિપ્રાય તે મિથ્યા છે. કેમકે એ અભિપ્રાયમાં રાગ-દ્વેષથી ભરેલા ભાવ છે. આહા..હા..! 'પરને જીવાડી શકું કે મારી શકું' એ કાંઈ આત્માના અધિકારની વાત નથી. આહા..હા..! છતાં એ અભિપ્રાયમાં રાગ-દ્વેષથી ભરેલો ભાવ છે. એ ક્રિયાનો એ ગર્ભ છે અંદર રાગ-દ્વેષનો. આહા..હા..! ક્રિયા જેનો ગર્ભ છે તે હિંસક... આહા..હા..! પોતાને હિંસક બનાવે છે. પરની હિંસા તો કરી શકતો નથી. કારણ કે પરનું આયુષ્ય હોય તો જીવે અને ન હોય તો મરે. એ તો એને કારણે છે. એને ઠેકાણે કહે 'હું આને જીવાડી દઉં' એવો જે અભિપ્રાય રાગથી ભરેલો, વિકારથી ભરેલો છે. એથી આત્મા પરનું કરી શકતો નથી, પણ પોતાના આત્માને હિંસક કરે છે. આહા..હા..! ઝીણી વાત છે, બાપુ! વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ છે.

તેમ અહિંસા. અહિંસાના અધ્યવસાયથી પરની દયા પાળી શકું છું. એ તો પરની ક્રિયા જડની પરની છે. એને હું અહિંસા કરી શકું છું એવો જે ભાવ એમાં રાગથી ભરેલી, કષાયથી ભરેલી એ ક્રિયા છે. આહા..હા..! ઝીણી વાત બાપુ! બહુ. **'પોતાને અહિંસક કરે છે અને અન્ય અધ્યવસાનોથી પોતાને અન્ય કરે છે,...'** આહા..હા..! કોઈપણ શરીર, વાણી આ જડ, માટી, ધૂળ એને પોતાના માનીને પોતાના કરે છે. એ શરીર મારું છે. જેમ હું રાખું તેમ રહી શકે. આહા..હા..! એવો જે અભિપ્રાય મિથ્યાદષ્ટિનો, પરને માટે કરી શકતો નથી, પણ તે પરિણામ રાગ-દ્વેષથી ભરેલા છે તેથી તે આત્માને પોતાનો માને એવો ભાવ કરે છે. આહા..હા..! એમ આખી દુનિયાના આત્મા સિવાય જેટલા પદાર્થો છે પર, એનું આત્મા કાંઈ ન કરી શકે. સ્વસત્તા છોડીને પરની સત્તામાં પ્રવેશ કર્યા વિના બીજાનું કરી શકે નહિ, તો એ પરનું કાંઈ કરી શકે નહિ. આહા..હા..! એમ છતાં કોઈપણ ચીજ એ મારી માન્યા વિના રહ્યો નથી. આનું કરું... આનું કરું... આનું કરું... આહા..હા..! એ અભિપ્રાય મિથ્યા છે અને મિથ્યા અભિપ્રાયથી એને રાગ-દ્વેષનું બંધન થાય છે. ચાર ગતિમાં રખડવાનો છે વગેરે કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ફાગણ સુદ-૧, શનિવાર, તા. ૧૯-૦૨-૧૯૭૭, ગાથા-૨૬૮-૨૬૯, પ્રવચન નં. ૩૨૩

સમયસાર, બંધ અધિકાર, ૨૬૮-૨૬૯નો અર્થ ફરીને લઈએ. **'જેવી રીતે આ આત્મા પૂર્વોક્ત પ્રકારે...'** બીજાને હું જીવાડું, મારું, સુખી-દુઃખી કરું, બંધ-મોક્ષ કરું એવી **'ક્રિયા જેનો ગર્ભ છે...'** એટલે કે એ અધ્યવસાયમાં રાગ-દ્વેષની ક્રિયા જેમાં ભરેલી છે. 'પરને જીવાડું, પરને મારું કે સુખી-દુઃખીના સાધનો આદિ આપું કે બીજાને હું બંધ કરી દઉં, મોક્ષ કરું' એવો જે અધ્યવસાય-એકત્વબુદ્ધિ,

કારણ કે સ્વ અને પર બે ભિન્ન છે એને પરનું કરી શકું એ તો એકત્વબુદ્ધિ છે, એ અધ્યવસાયમાં એકત્વબુદ્ધિમાં રાગ-દ્વેષની ક્રિયાથી ભરેલા એ ભાવ છે. અધ્યવસાય રાગ-દ્વેષની ક્રિયાથી ભરેલા ભાવ છે. આહા..હા..! આત્મા વીતરાગ સ્વભાવથી ભરેલો છે, ત્યારે આ અધ્યવસાન રાગ-દ્વેષની ક્રિયાથી ભરેલા છે એમ કહે છે. સમજાય છે કાંઈ? પર્યાયબુદ્ધિમાં પરને સુખી-દુઃખી, જીવાડું-મારું અને બંધ-મોક્ષ કરાવું એવી પર્યાયબુદ્ધિમાં અધ્યવસાય જે છે એકત્વબુદ્ધિ એમાં તો એકલા રાગ-દ્વેષથી ભરેલી ક્રિયા છે. આહા..હા..! એના ગર્ભમાં રાગ-દ્વેષ છે એકલા. આહા..હા..! ભગવાનના ગર્ભમાં એકલા વીતરાગભાવ છે. સમજાણું કાંઈ? આત્મસ્વભાવ ભગવાન એના પેટમાં તો એકલો વીતરાગભાવ છે કહે છે. આહા..હા..! એવી દૃષ્ટિ ન કરતાં અનાદિથી આ પરનું કાંઈક કરી દઉં, બીજાને બંધ કરાવી દઉં, બીજાને મોક્ષ કરાવું એવો જે એકત્વ અધ્યવસાય એકલા મલિન પરિણામ રાગ-દ્વેષથી ભરેલા છે. આહા..હા..! પરનું કરી શકે, ન કરી શકે એનો પ્રશ્ન નથી, પણ એ માને છે એ અધ્યવસાય જ રાગ-દ્વેષથી ભરેલા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**હિંસાના અધ્યવસાનથી પોતાને હિંસક કરે છે,...**' જોયું! 'બીજાને મારી શકું, બીજાના પ્રાણને હણી શકું' એવા અધ્યવસાયથી, એ અધ્યવસાયમાં રાગ-દ્વેષ મલિનથી ભરેલા છે, એથી એ રાગ હિંસક પોતાને કરે છે. 'હું હિંસાનો કરનારો છું' એમ હિંસક પોતાને કરે છે. આહા..હા..! હિંસક છેને? હું જ્ઞાયક છું. આહા..હા..! એ સમ્યગ્દર્શનમાં સત્યદર્શનમાં તો જ્ઞાયક છું એવી દૃષ્ટિ છે. એ દૃષ્ટિને ભૂલી જઈ... આહા..હા..! પરને અનુકૂળતા, પ્રતિકૂળતા દઈ શકું, પ્રાણનો નાશ કરી શકું—દસ પ્રાણ, પાંચ ઇન્દ્રિય, શ્વાસ, મન, વચન, કાયા એની રક્ષા કરી શકું. આ ગજબ વાત છે, ભાઈ! 'પર પ્રાણીની હું રક્ષા કરું શકું પ્રાણોની' એ અધ્યવસાય એકત્વબુદ્ધિવાળા, એમાં રાગ-દ્વેષ જ એના પેટમાં ભર્યા છે એકલા. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ માર્ગ વીતરાગનો સત્ય માર્ગ એવો છે કે એ ક્યાંય બીજે છે નહિ. આહા..હા..!

અહીં ગુલાંટ મારીને વાત કરે છે. ભગવાન આત્મા તો જ્ઞાયકભાવ છેને પ્રભુ! એમાં તો એકલો વીતરાગભાવ એના ગર્ભમાં વીતરાગભાવ છે તો વીતરાગ પ્રસરે છે એકલો. આહા..હા..! સમજાણું કાંઈ? થોડા ભાવમાં ઘણા ભાવ ભર્યા છે. સંતોએ તો ગાગરમાં સાગર ભરી દીધો છે. આહા..હા..! પ્રભુ! તું જ્ઞાયકભાવ છોને અને તારા ભાવમાં તો બધા વીતરાગભાવથી પેટ તારું આખું ભરેલું છે, ગર્ભ. આહા..હા..! એમાંથી પ્રસરે તો વીતરાગપર્યાય પ્રસરે. સમજાય છે કાંઈ? એને ઠેકાણે તું તેનાથી વિરુદ્ધ, પરનું કરું એવો જે ભાવ એ રાગ-દ્વેષથી ભરેલો એને પોતાનું કરે છે તે હિંસક પોતાને કરે છે. આહા..હા..! વીતરાગપણે છે એને હિંસક કરે છે, કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**(અહિંસાના અધ્યવસાનથી પોતાને અહિંસક કરે છે)**' આ જગતને એવું લાગે પરજીવની રક્ષા કરવી એ પણ પાપ? પરની અહિંસા તું કરી શકતો નથી, છતાં પ્રાણની રક્ષા કરું એવો જે હિંસા, રાગ-દ્વેષમય ભરેલી ક્રિયા, એના પેટમાં તો એકલો વિકાર ભર્યો છે. ત્યાં ભગવાન આત્મા એમાં આવ્યો નથી, એમાં તો રાગ-દ્વેષ આવ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અહિંસા. પરના

પ્રાણને રાખી શકું. અભયદાનમાં આવે છેને શાસ્ત્ર. એ તો ન મારવાના પરિણામ વિકલ્પ છે એથી પણ હું ભિન્ન છું એમ ભાનમાં એને વિકલ્પ આવ્યો એટલે બીજાને નથી મારતો (એને) અભયદાન એમ કહે છે; પણ જ્યાં એકલો વિકલ્પ જ છે રાગ, પરને ન મારું, પરને રાખું. આહા..હા..! એ ભાવમાં તો એકલા રાગ-દ્વેષ ને મિથ્યાત્વ જ ભર્યું છે, જ્યારે સ્વભાવમાં સમ્યક્ ભર્યું છે. ભગવાન આત્માના સ્વભાવમાં સમ્યક્ સ્વભાવ ભર્યો છે. આહા..હા..! ત્યારે હું પરની પ્રાણ રક્ષા કરી શકું, આ આકરું લોકોને લાગે, પણ એ કરી શકું છું પરનું, પોતાની સત્તા પરમાં જાય તો કરી શકે, પોતાની સત્તા તો પોતામાં રહે છે, એ પરની સત્તાના રક્ષણમાં જઈ શકતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ! આ શું તમારા થાણા ને થાણા ને લાદીના વેપાર કરી શકું છું. એય..! એને બીજું કાંઈક છે. આહા..હા..! ડોક્ટરને વળી ડોક્ટરનું હોય બીજું. દવાઓ-બવાઓ આ કરું ને તે કરું. કરી દે છે જાણે પરને. આહા..હા..!

**શ્રોતા :-** માન્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ કહે છેને. એ માન્યતા જે છે, અધ્યવસાય છે, એકત્વબુદ્ધિ છે એમાં રાગ-દ્વેષ ભરેલા છે તેથી તે જીવ પોતે પરનું કરી શકતો નથી, પણ પોતે હિંસક અને દયા, અહિંસક વિકારી પરિણામવાળો અહિંસક થાય છે. લ્યો! ભગવાનની જે અહિંસા છે એ બીજી.

**શ્રોતા :-** .. થાય તો સારું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ કીધુંને. રાગ-દ્વેષમય અહિંસક થાય. તેથી સાથે નાખ્યું. આહા..હા..! કાંતિભાઈ! આ બધા અમલદારો હતા ત્યાં. ઉતરી ગયા છેને... આહા..હા..! અમલદાર તો ભગવાન આત્મા પોતે છે. અ-મલ મલરહિત છે. આહા..હા..! આ એ નાખે છે. ભગવાન આત્મા તો મલરહિત વીતરાગ સ્વભાવથી ભરેલો પ્રભુ છે. એના પેટમાં તો આનંદ ને વીતરાગતા પડી છે. અને પરનું કરું, જીવાડું, મારું એના પેટમાં તો એકલી હિંસા, રાગ-દ્વેષ, ભય પડ્યા છે. આહા..હા..! ગુલાંટ ખાઈ ગયો છેને કહે છે. રાજેન્દ્રજી! કાલે કહ્યું નહોતું ભાઈ તમે? ગુલાંટનું કહ્યું હતુંને ગુલાંટનું. આ એવી વાતું બાપા! શું થાય? અરેરે..! ક્યાં રખડી મરે છે, શું કરે છે એની ખબર નથી એને. આહા..હા..!

કહે છે કે અહિંસક અધ્યવસાય તો અહિંસક તો સારું એમ કહેને. પણ એ 'પરની પ્રાણની રક્ષા કરી શકું છું' એવો જે અભિપ્રાય એ રાગ-દ્વેષથી ભરેલો છે તે હિંસક પોતાને એ રીતે કરે છે. ન્યાય સમજાય છે કાંઈ? આહા..હા..! આ તો વિકારવાળો. રાગ કીધુંને માથે. ક્રિયા જેનો ગર્ભ છે એવા હિંસાનો અધ્યવસાય છે. આહા..હા..! '**હિંસા આદિના અધ્યવસાનો...**' નીચે છેને. હિંસા, અહિંસા આદિના અધ્યવસાયો. બીજાને મારવું, ન મારવું, બંધાવું એવા અધ્યવસાનો '**રાગદ્વેષના ઉદયમય એવી હણવા આદિની ક્રિયાઓથી ભરેલાં છે,...**' છેને? '**તે ક્રિયાઓ સાથે આત્માનું તન્મયપણું હોવાની...**' તે અધ્યવસાય છે. એટલે અધ્યવસાય એટલે '**માન્યતારૂપ છે.**' આહા..હા..! અહિંસક કરું છું એટલે પાપી કરું છું જીવને એમ કહે છે.

**શ્રોતા :-** પુણ્યવાળો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પુણ્ય પણ નથી, એ તો મિથ્યાત્વ છે ત્યાં એમ કહેવું છે. અધ્યવસાય લેવો છેને? 'આનું કરી શકું છું' એવી અધ્યવસાયબુદ્ધિ, એકત્વબુદ્ધિ એમાં એકલા રાગ-દ્વેષમય ભર્યા છે. એ રાગ-દ્વેષમય અહિંસક કરું છું, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ અહિંસક એ પણ હિંસક છે અહીં. પરની દયા પાળું એવો ભાવ એ રાગ છે અને રાગ તે 'આનું કરી શકું છું' એવો જે અધ્યવસાય રાગનો એ રાગવાળો, દ્વેષવાળો છે. એ અહિંસક એ રીતે 'રાગદ્વેષવાળો જીવ છું' એમ હિંસક કરે છે. આહા..હા..! ભારે ભાઈ! વીતરાગની વાર્તા પણ આકરી. આહા..હા..! બે તો આવ્યા હતા કાલે, બે બોલ તો આવ્યા હતા. આ તો એનું શરૂ કરવું છે એટલે. '**અન્ય અધ્યવસાનોથી પોતાને અન્ય કરે છે,...**' અનેક પ્રકારના બીજાનું આ કરી દઉં, આને મદદ કરી દઉં, આને ઠેકાણે પાડું. આ કન્યાઓ છે ને મોટી થઈ ૨-૨૫ વર્ષની. શું કહેવાય એ? કાંઈ કહે છેને, ભૂલી ગયા. જુવાન હોયને બહુ આવી થઈ પછી એને પરણાવી નાખીએ. એ ભાષા ભૂલી જઈએ છીએ બધી તમારી ભાષા. આહા..હા..! એ બધો અધ્યવસાય મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એમ છોકરાઓને ઠેકાણું પાડું. અન્યમાં આ બધું જાય છે અને બીજું હજી નારકીનું આવશે પછી.

**શ્રોતા :-** હજી તો પોતાને ઠેકાણે પાડવાની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જોડે બેઠા હોય એની વાત પહેલી આવેને. આહા..હા..! એમ કે 'બધાને વ્યવસ્થિત વ્યવસ્થામાં રોકાવીને કામ ચાલુ કરી દે એવી રીતે હું કરું' એ અધ્યવસાય પરનું કરવાનો મિથ્યાત્વનો અધ્યવસાય રાગ-દ્વેષથી ભરેલો, એ રક્ષણમાં રાગ-દ્વેષથી ભરેલી રક્ષા છે એની. આહા..હા..! ભારે ભાઈ આ તો. '**અન્ય અધ્યવસાનોથી પોતાને અન્ય કરે છે,...**' આ બધા પ્રકાર લેવા બહારમાં. આહા..હા..! હું આને અનાજ આપીને એને સુખી કરું, દવા આપીને એનો રોગ મટાડું, પાણી આપીને એની તૃષા ટાળું, ઔષધ આપીને એને નિરોગ કરું. ઝાંઝરીજી! આવી વાતું છે, આવી વાત છે. અત્યારે તો ચાલતું નથીને એટલે લોકોને બિચારાને... આ તો વીતરાગમાર્ગ! આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર... આહા..હા..! જેના હુકમમાં આ આવ્યું. પ્રભુ! તું તારા જ્ઞાયક સ્વભાવને ભૂલીને પરની રક્ષા કરવાના ભાવમાં જા છો, પરની સેવા કરું, દેશની સેવા કરું.

**શ્રોતા :-** મા-બાપની સેવા કરવાની?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધું 'મા-બાપની સેવા કરું' એ બધો અભિપ્રાય રાગ-દ્વેષથી ભરેલો છે. પુનાતરજી! હમણા જેલમાં જઈ આવ્યા છે. ઘણાંને નાખ્યા છેને. ૧૧ મહિના. કાલે છૂટ્યા છે. બધા ઘણા રામજીભાઈ જઈ આવ્યા. એક મહિનો જઈ આવ્યા ત્યાં જેલમાં. ગાંધી પોતે ગયા હતાને જેલમાં? નહિ ભાઈ? ગાંધી ગયા હતાને? જેલમાં ગયા હતા. અરે..! એ જેલ નહિ બાપુ! આહા..હા..! આ જેલ છે. 'એ દિવ્યશક્તિમાન જેથી...' શ્રીમદ્ ૧૬ વર્ષે કહે છે. 'એ દિવ્યશક્તિમાન...' દિવ્યશક્તિવાળો પ્રભુ વીતરાગશક્તિથી ભરેલો, અનંત શાંતિના સમુદ્રનો સાગર પુરુષાર્થથી ભરેલો એ 'દિવ્યશક્તિમાન જેથી ઝંઝીરેથી...' જેલ છે એ. આહા..હા..! બીજાના કામમાં મારી વ્યવસ્થા સરખી હોય તો એનું કામ સરેડે ચડે. મંત્રીજી! ત્યાં મકશીમાં મંત્રી છેને. આ તો દૃષ્ટાંત. જેને શેઠાઈ હોય એ, ડોકટરને ડોકટરનું.

આહા..હા..! આ તો દૃષ્ટાંત દઈને વસ્તુને સ્પષ્ટ કરવા (કહેવાય), એને સમજાય, ખ્યાલ આવે. આહા..હા..! અન્ય અધ્યવસાય. આહા..હા..! દુકાનમાં પણ એવી રીતે વ્યવસ્થિત માલને ગોઠવું કે લોકોને ખ્યાલ આવે અને ઝટ લઈ જાય માલ. કરે છેને શું કહેવાય ઘોડા લાકડાના?

**શ્રોતા :–** ફર્નિચર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, પછી ગોઠવે એમાં. અમારે ત્યાં દુકાનમાં એ બધું છે. અત્યારે આ છે અમારે ત્યાં મનસુખને. બધા ડબા ભરી રાખ્યા હોય. એ ડબામાં નામ લખ્યું હોય કે આમાં બદામ છે, આમાં પિસ્તા છે, આમાં કાજુ છે, આમાં ઢીંકણું છે. મોટો વેપાર છેને એ લોકોને તો. આહા..હા..! આખું આમ ભર્યું હોય બધું. માલ થોડો-થોડો. ગુણ અને માલ તો આખો ગોદામમાં પડ્યો હોય. ગોદામ છે મોટા ૧૩ તો. આ તો ફક્ત નમુનો રાખ્યો હોય અહીં કે ભાઈ જુઓ આ છે. કેટલું જોઈએ? પાંચ શેર, દસ શેર? ત્યાંથી તોળી આપે. આહા..હા..! ડાહ્યાના દીકરા પણ ભારે! બધી વ્યવસ્થા કરીએ, કેસરના ડબ્બા આમ ઊંચે રાખતા. નીચે સાધારણ વસ્તુના રાખવા કે ઝટ કોઈ ઉપાડી ન જાય ઉપરથી. ઊંચી ચીજ હોય એના ડબ્બા ઉપર રાખવાના, સાધારણ ચીજના નીચે રાખવા. બદામના ઉપર રાખવા, કાજુના નીચે રાખવા, દ્રાક્ષના નીચે. પોપટભાઈ!

**શ્રોતા :–** ગોઠવણી તો બરાબર કરવી જોઈએને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અરે..! શેના ગોઠવણા? કોણ કરતો હતો, ભાઈ? આહા..હા..! પ્રભુને કહેવું છે, પ્રભુ! તું તારા જ્ઞાતાસ્વભાવને ભૂલી અને પરના આવા ક્રિયાના અધ્યવસાયમાં એકાકાર થઈ જાય છે, પ્રભુ! તું હણાઈ જાય છે. આહા..હા..! એ અહિંસક થઈને પણ તું હણાઈ જાય છો એમ કહે છે. આહા..હા..! આવી વાતું છે, ભાઈ! વીતરાગમાર્ગમાં છે, બાપુ! આહા..હા..! ચોર્યાસી લાખના લૂંટારા છે એમાં લૂંટાઈ જાય છે ચારે કોર. આહા..હા..! જ્યાં લાભનો માર્ગ છે પ્રભુ અંદર વીતરાગ આનંદ પરમાનંદથી ભરેલો જેના પેટમાં પરમાનંદ છે અને ઓલાના પેટમાં એકલા રાગ-દ્વેષ છે. આહા..હા..! એટલે દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? થોડું પણ સત્ય જેમ છે તેમ એણે જાણવું જોઈશે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :–** ખરેખર તો બધું જાણવું જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધું જાણવું પડે, બાપુ! આહા..હા..!

'**અન્ય અધ્યવસાનોથી પોતાને અન્ય કરે છે,...**' આહા..હા..! વાણિયો છું, બ્રાહ્મણ છું, ખત્રી છું, ઢેઢ છું, હરિજન છું. અરે..! કોઈ નથી, બાપુ! ભાઈ! આહા..હા..! દરજી છું, લુહાર છું, કોણ પ્રભુ! દરજી, લુહાર છે કોણ? અરેરે..! આત્માના જ્ઞાયકભાવને ભૂલી પરદ્રવ્યને એકત્વ કરવાનો અધ્યવસાય એ મહામિથ્યાત્વથી ભરેલો છે. આહા..હા..! એ જૂઠાં ભાવથી ભરેલો છે. ભગવાન સત્યભાવથી ભરેલો છે. આહા..હા..! ઓલો ગર્ભ શબ્દ છેને એટલે જરી.

પછી '**તેવી જ રીતે ઉદયમાં આવતા નારકના અધ્યવસાનથી પોતાને નારક (-નારકી) કરે છે,...**' આહા..હા..! નરકગતિમાં જાય છે ત્યારે એને એમ કે હું તો નારકી છું. અરે..! પ્રભુ! નારકી

તો દેહ છે, જડ. આહા..હા..! અને એનામાં 'નારકી છું' એવો જે અભિપ્રાય, એ અધ્યવસાય તે મિથ્યાત્વ છે. આહા..હા..! એમાં એકલા રાગ-દ્વેષ અને મિથ્યાત્વરૂપી કષાય ભરેલો છે. મિથ્યાત્વ એ કષાય છેને. આહા..હા..! કષાયના ભેદ. પ્રકૃતિ અને પ્રદેશ યોગથી અને સ્થિતિ અને રસ કષાયથી. તો કષાયમાં મિથ્યાત્વ ભેગો આવી ગયો છે. આહા..હા..! **'ઉદયમાં આવતા નારકના અધ્યવસાનથી...'** એમ કરીને એમ પણ સિદ્ધ કરે છે કે તું નારકીપણે પણ અનંતવાર ગયો છો. સમજાણું કાંઈ? અને ત્યાં 'એ નારકી છું' એવો તેં અધ્યવસાય કરીને જીવને હણી નાખ્યો છે. તારા જીવને હોં! આહા..હા..! એ નારકી નથી, એ તો ભગવાન જ્ઞાયકસ્વરૂપે ભરેલો વીતરાગભાવના પેટમાં પડેલો છે. આહા..હા..! એનો પ્રસવ થાય તો વીતરાગતા થાય એ ચીજ છે. એમાંથી રાગ પ્રસવ થાય? આહા..હા..! દુકાનમાં નામ આપ્યું હોય એને, હોય ભલે બુદ્ધિ ઓછી પણ એને એમ થાય કે બસ આ મારી દુકાન છે, મારા નામે દુકાન ચાલે છે. ૨૫-૫૦ નોકરો કામ કરનારા. શું કીધું?

**શ્રોતા :-** મારું નામ પુણ્યવાળું..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પુણ્યવાળું એ છેને કહે છે. બધા ઘણા અનુભવ થઈ ગયા છે. સમજાણું કાંઈ? આહા..હા..! અમારા નામની દુકાન છે જોયું! પૂછ્યું હતું જ્યોતિષને કે ભાઈ ક્યું નામ રાખવું? તો કહે આ તમારું નામ રાખો. ઓહો..હો..! નામ કે દિ' તારા, પ્રભુ! નામ મારું માનીને એકત્વબુદ્ધિમાં મિથ્યાત્વ સેવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

નારકી. એમ કહીને એમ કહે છે કે નરકમાં પણ અનંતવાર ગયો, ત્યાં 'હું નારકી છું' એવો અધ્યવસાય કરેલો. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ નરકમાં ગયા શ્રેણિક રાજા. ત્યાં એ 'નારકી છું' એમ એ માનતો નથી. હું તો આનંદસ્વરૂપ જ્ઞાયક ચૈતન્ય છું. આ તો જે છે એને હું જાણનારો છું, એ મારી ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? મોટો ફેરફાર. બાપુ! તું ચોર્યાસીના અવતાર કરી-કરીને ડૂબી ગયો છો. ઓહો..હો..! આહા..હા..! એનું કારણ એક મિથ્યાત્વ (છે) એમ કહે છે. અને મિથ્યાત્વનું લક્ષણ આ કે પરચીજને પોતાની માનવી અને પોતાની ચીજને ભૂલી જવી. લ્યો! આ શ્રીમદ્‌નું વાક્ય આવ્યું પાછું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એમ અહીંયાં શાસ્ત્રના જાણપણા કર્યા એ પરલક્ષીજ્ઞાન, પરપ્રકાશક જ્ઞાન એ કાંઈ પોતાનું જ્ઞાન નથી. આહા..હા..!

**શ્રોતા :-** દિશા બતાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દિશા બતાવે એ તો લક્ષ કરાવે એ કરે એને વાત છે. શાસ્ત્ર તો અનંતવાર ભણ્યો છે. લક્ષ કર્યું નહિ, દિશા બતાવી નહિ એને. એવી વાત છે જરી. આકરું કામ. ભગવાન તો જ્ઞાયકસ્વરૂપ પરિપૂર્ણ જ્ઞાન અને આનંદથી ભરેલો છેને. એને અપૂર્ણ માનવો, પર્યાય જેટલો માનવો પણ મિથ્યાત્વ છે. આહા..હા..! એ પણ અધ્યવસાય મિથ્યાત્વ છે. આમાં તો સંકેલ્યું છેને આ તો સિદ્ધાંત કરીને. અનેરા અનેક પ્રકારે લઈ લેવા એમ. આહા..હા..!

**'ઉદયમાં આવતા તિર્યંચના અધ્યવસાનથી પોતાને તિર્યંચ કરે છે,... '** એમ કરીને એમ પણ સિદ્ધ કરે છે કે એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના તિર્યંચમાં પ્રભુ તું અનંતવાર ગયો છો અને

'તે તિર્યંચપણું હું છું' એમ તેં માન્યું હતું ત્યાં. અહીં જુઓને અત્યારે ગાય ને ભેંસુ ફરે છે. આમ આમ નજર આમ બસ એ જ. આ શરીરને રાખું. શરીરને રાખું એને એ ખબર ક્યાં છે? આને રાખું, આને દેવું, આને ખાવું, આ પીવું. આહા..હા..! અંદર હું કોણ છું એ તો ક્યાંય વયો ગયો. પાતાળમાં પહોંચી ગયો એ તો. બહાર વસ્તુ આ રહી ગઈ એકલી. શરીર ને ખાય ને ચરે ને પીવે પાણી તૃષા લાગી હોય, ઘાસ ખાય સરખા લીલા-લીલા સરખા હોય ત્યાં. એમ કે આહા..હા..! અમે સુખી છીએ. એવો જે અધ્યવસાય. આહા..હા..! એ રાગ, દ્વેષ અને મિથ્યાત્વથી ભરેલો હોવાથી તે જીવ તેને પોતાનો કરે છે એવી માન્યતા કરે છે. માન્યતા કરે છે, એ રૂપે થતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! શેઠાઈ મોટી. રાજા છું, હું શેઠ છું, હું ગરીબ છું, હું નોકર છું. આહા..હા..! હું વાંઢો છું, હું પરણેલો છું. આહા..હા..! આવી વાતું છે. એ બધા આમાં ભરેલા છે. આહા..હા..! બાપુ! તું કોણ છો, પ્રભુ? તું તો જ્ઞાયક અને વીતરાગ સ્વભાવ છોને પ્રભુ! આહા..હા..! એનો તું નાથ છોને, એનું રક્ષણ કરનાર છો. પરનું રક્ષણ કરનાર છો એ મિથ્યાત્વથી ભરેલા અધ્યવસાય છે એટલે કે એકત્વબુદ્ધિથી ભરેલા મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ઉદયમાં આવતા મનુષ્યના અધ્યવસાનથી પોતાને મનુષ્ય કરે છે,...** ' હું કાળો છું, રૂપાળો છું, માણસ છું, સ્ત્રી છું, પુરુષ છું, હીજડો છું. અરે..! પ્રભુ! એ નહિ તું, ભાઈ! એવી ચીજને પોતાની માની અધ્યવસાયમાં, એકત્વબુદ્ધિમાં રાગ-દ્વેષને સેવે છે. આહા..હા..! કહો હવે અહીં એમ કહ્યું, દેશની સેવા કરે એ ધર્મ છે એમ માને. એય..! ધર્મચંદજી! ભળ્યા છે કે નહિ કોઈ દિ' દેશસેવા-બેવામાં નથી ભળ્યા ત્યાં? નહિ? આહા..હા..! ગાંધીમાં આવતું હતું ને 'વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે.' આ નહિ, જુદી વાત છે. આ તો કરે. પરપીડાને ટાળે. આકરી વાતું છે. સમજાણું કાંઈ? હું મનુષ્ય છું, હું કન્યા છું, હું પુરુષ છું, વિદ્યાર્થી છું, જુવાન છું, બાળક છું, વૃદ્ધ છું, રોગી છું, નિરોગી છું. પોપટભાઈ! આ બધો વિસ્તાર. આહા..હા..! એવા અધ્યવસાયમાં એ ક્રિયામાં રાગ-દ્વેષ ભરેલા છે. આહા..હા..! વિભાવિકક્રિયા છે એ તો. આહા..હા..! મારે યાથ જ્યારથી દુકાન આવી ત્યાં દુકાનમાં વધારો થયો છે પૈસાનો, એમ કહે છે. અમારે કુંવરજીભાઈ તો એ જ કહેતા ત્યાં. હું આ બરાબર છું. જુઓ દુકાન બધાની દુકાનો કેટલાકની ખોટ ગઈ, કેટલાકની ખલાસ થઈ ગઈ અને મારી દુકાન રહી ગઈ છે. કોણ રાખે બાપા? ભાઈ! આહા..હા..! અરેરે..! અસ્ત થઈ ગયા, ચાલ્યા ગયા મનુષ્યદેહનો અભાવ કરીને. આહા..હા..! પાછું એનું કોઈ પૂછે છે કે આ ક્યાં ગયા હશે? એ ગમે ત્યાં ગ્યા અમારે ક્યાં ન્હાવું છે? આહા..હા..! અમારી સગવડતામાંથી જાય છે એનો અમને શોક છે. એ અગવડતામાં નરકમાં ગયા હોય એ અમારે કાંઈ છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** મોટી ખોટ પડી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખોટ પડી. આહા..હા..! અરેરે..!

એમ મનુષ્યને મનુષ્યપણામાં લેવું. અરેરે..! અમે તો ગર્ભશ્રીમંત છીએ. ગર્ભથી અમે તો ગરીબ છીએ, એમ કહે છે. આવે છે કે નહિ ગર્ભશ્રીમંત? અમે તો માતાના પેટમાં આવ્યા ત્યારથી શ્રીમંત

છીએ, અમે નવા નથી થયા. અરે..! ભગવાન શું કહે છે તું આ? શ્રીમંત તો શ્રી-સ્વરૂપ આનંદની લક્ષ્મીવાળો તું છો. શ્રી-મંત. અનંતઆનંદ વીતરાગ સ્વભાવથી ભરેલી લક્ષ્મીવાળો પ્રભુ, અને આ શ્રીમંતમાં જન્મ્યો ઈ તું શું માને છે આ? ભગવાનજીભાઈ! કેટલાક પહેલેથી બે-પાંચ-દસ કરોડવાળા હોય, જન્મ્યા હોય તો અમે ગર્ભશ્રીમંત છીએ. આ પૈસાવાળા તો હમણા થયા આ લોકો, એમ કહે છે. આ બધું સાંભળેલું હોં! એ બધા શબ્દો સાંભળેલા ચોખ્ખા. આહા..હા..! એ અમારે શેઠાણી હતી ત્યાં ઉમરાળામાં. પૈસાવાળા એ લોકો. .. લાખ, બે લાખ. નવી પરણેલા એનો ધણી. જૂનીને દીકરો નહિ. કાંઈ થયું નહિ અને એમાં આ લોકો પાલેજવાળા પૈસાવાળા થયા. એ સાધારણ હતા. પૈસાવાળા ઘટી ગયા. એ બોલી હતી. બગસરા-બગસરા. બગસરા છેને. એ જોડે ગામમાં રહેનાર હતી. ગામ છે નાનું. આહા..હા..! 'નહોતા તેને સાંપર્યા, હતા તેના ગયા.' એમ બોલે. આ બધું જાણીને બધું એ વખતે સાંભળતા હોયને, આ શું બોલે છે? આહા..હા..! અરે..! શું તું કરે છે, પ્રભુ? રાગ અને શરીરની ક્રિયાથી નિરાળી ચીજ, એને ઠેકાણે આ અમે કર્યું અને અમે આવા હતા અને આવા હતા એ ઊંચા થયા અને અમે ઊંચા હતા એ નીચે થયા, એ મિથ્યાત્વનો અધ્યવસાય છે. આહા..હા..! છેને?

**'હણવા આદિની ક્રિયાઓથી ભરેલાં છે,...'** આહા..હા..! એ રક્ષા આદિ કરવાની. વ્યવસ્થા આદિની કરવાની ક્રિયાથી ભરેલા છે એ પરિણામ. આહા..હા..! મનુષ્ય સુધી આવ્યુંને? **'ઉદયમાં આવતા દેવના અધ્યવસાનથી પોતાને દેવ કરે છે,...'** દેવ થાય, આમ વ્યંતરનો દેવ, જ્યોતિષનો દેવ, વૈમાનિકનો દેવ, એની ઈન્દ્રાણીઓ. અમે ઈન્દ્રાણી છીએ, અમે દેવ છીએ, બત્રીસ લાખ વિમાનના અમે સ્વામી છીએ. ભાઈ! ક્યાંથી તું આ લાવ્યો? એ અધ્યવસાય મિથ્યાત્વના એકલા મલિન પરિણામથી ભરેલા છે. આહા..હા..! દેવના બધા લઈ લેવા. દેવીઓ હોય, નોકરો હોય. અરે..! અમારે હાથીના રૂપ ધારણ કરવા પડે. ઈન્દ્રો જ્યારે ભગવાનને આવે ત્યારે દેવો હાથીનું રૂપ ધારણ કરે છેને? એ ચાકર જેવા દેવ હોય હાથીનો. હાથી હોય નહિ ત્યાં. એના નોકરો દેવ હોય છે એ હાથી થાય. એના ઉપર ઈન્દ્ર આવે. અરે.. અમારે આવા. પણ હાથી-બાથી કોણ છો? તું તો આત્મા છોને, પ્રભુ! ભલે દસ હજારની સ્થિતિએ અવતર્યો હોય દેવ, પણ ભગવાન અંદર પરમાત્મા છે. એવી દૃષ્ટિ છોડી દઈને એટલે કે દ્રવ્યદૃષ્ટિ છોડી દઈને, આવી પર્યાય ને રાગ ને આવા પરપણામાં એકત્વબુદ્ધિમાં સલવાઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ?

**'દેવના અધ્યવાસનથી પોતાને દેવ કરે છે,...'** ઠીક! **'ઉદયમાં આવતા સુખ આદિ પુણ્યના અધ્યવસાનથી...'** લ્યો! સામગ્રી મળે આમ ઢગલા કરોડો રૂપિયા, ફર્નિચરમાં કરોડો રૂપિયા નાખ્યા હોય, બગીચાઓમાં હાથી-ઘોડા ખુલ્લા ફરતા હોય, લીલોતરી જામી હોય. લીલોતરી કરે છેને લીલા-લીલા મખમલ જેવું દેખાય. માણસો રાખ્યા હોય એને માટે નોખા. આહા..હા..! એ **'ઉદયમાં આવતા સુખ આદિ...'** એટલે સાધનો અનુકૂળ હોં! એ સુખના અધ્યવસાનથી **'પોતાને પુણ્યરૂપ કરે છે...'** આહા..હા..! અમે આમાં સુખી છીએ બધી સામગ્રીથી, બાહ્ય સામગ્રી પણ બહુ મળી છે. નોકરો એવા, કામ કરનારા દુકાનના માણસો પણ એવા મળ્યા છે કે અત્યારે અમે ચારેકોરથી સગવડતામાં

છીએ. ભગવાનજીભાઈ!

**શ્રોતા :-** માને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માને છેને એ તો. એની તો અહીં વાત કરે છે. આહા..હા..!

પુણ્ય એટલે સામગ્રી હોં. એના અધ્યવસાનથી પોતાને પુણ્યરૂપ કરે છે. એવી છોડી પૈસે સામગ્રી ઘણી આવી. આહા..હા..! કન્યા આવી હોય પાંચ કરોડ રૂપિયા લઈને, છોકરો કોઈ હુશિયાર હોય ને હોય ગરીબ માણસ પોતે, પણ ઓલાએ એને આપ્યું હોય. આ ગરાસિયાઓ છેને, એ ગરીબને જ આપે. જસદણ દરબાર એ દરબાર મોટા. કાઠી. એ કામ કરનારા ભેંસુ ચરનારાને આપે કન્યા. છેને ત્યાં .. વીંછીયા પાસે. ગયા હતા અમે. કૃષ્ણ અને બીજો નહિ? કાળા.. બીજું. વીંછીયા પાસે નથી એક ઓલા? ભૂલી ગયા. એ આવ્યો હતો. અમારી પાસે આવતો બિચારો કાઠી. આવતા ત્યાં બોટાદ. ગામ ભૂલી ગયા એ. વીંછીયા પાસે નાનું ગામ નહિ? પ્રેમચંદભાઈને ખબર હશે. ઓલા કાઠીનું નાનું ગામ જોડે. અમે ગયા હતા. નામ ભૂલી ગયા. ત્યાં ગયા હતા. તે દિ' એની દીકરી પરણતી હતી. આહા..હા..! એ આવ્યો હતો અમારી પાસે બિચારો, બોટાદ. આહા..હા..! એ તો બિચારો બોલતો હતો. ગરીબ માણસ. બકરા ચારતો હતો બકરા. એને પછી કન્યા રાજાએ આપી. ભૂલી ગયા. નામ પણ આવડતું હતું. આહા..હા..! એને એમ થઈ જાય કે આપણને બસ, રાજ મળ્યું, આ કન્યા મળી રાજાની અને ઓલા રાજાને એમ થાય કે અમે એવી ઠેકાણે નાખી કે એની સંભાળ કરશે બરાબર. સરખેસરખા હોય એ સંભાળ ન કરે કદાચ. આ તો ગરીબને ઘરે આપી હોય તો કન્યા સચવાશે. આહા..હા..! કહો, આવા વિચાર કરે છે કે નહિ? ચાલુ છે. આહા..હા..! બાપુ! પરદ્રવ્ય માટેના તારા વિચાર, આમ કરું, તેમ કરું બધા નિરર્થક છે પરને માટે, તારે માટે અનર્થ છે. આહા..હા..! નુકસાનના કરનારા છે, ભાઈ! આહા..હા..! આવી વાતું વીતરાગ કરે. એને ક્યાં પડી છે જગતની. માર્ગ આવો છે, બાપુ! આહા..હા..!

'**પોતાને પુણ્યરૂપ કરે છે...**' આહા..હા..! હાથી, ઘોડા લાખો. ચોર્યાસી લાખ હાથી ચક્રવર્તીને લ્યો! આહા..હા..! ૯૬ કરોડ પાયદળ, ૯૬ કરોડ ગામ, ૪૮ હજાર પાટણ, ૭૨ હજાર નગર. ૯૬ હજાર સ્ત્રીઓ, ૩૨ હજાર દીકરાઓ અને ૩૨ હજાર રાણીઓ અને ચોસઠ હજાર દીકરીઓ, ૬૪ હજાર જમાઈ. આહા..હા..! આ બ્રહ્મદત્તને એ હતું બધું. અમે આ છીએ... અમે આ છીએ... બાપા! એ તો જડ છે, પર છે. એ તારા ક્યાંથી આવ્યા? આહા..હા..! શું આવ્યું? દેવ. પુણ્યનો ભાવ છે. '**અને ઉદયમાં આવતા દુઃખ...**' દુઃખ એટલે પ્રતિકૂળ. પ્રતિકૂળ સામગ્રી આવી પડે અંદર. હાય.. હાય.. અમે તો પાપી.

મોઢુકા. એણે કીધું હતું. મોઢુકા. મોઢુકાનો નહિ? એનો હતો. નામ આવડતું હશે એને. ભૂલી ગયા એ ભૂલી ગયા. અહીં અમારી પાસે આવતો. ત્યાં એના ગામમાં ગયા હતા. મોઢુકા ગયા હતા. આહા..હા..! એ તો બિચારો ગરીબ માણસ હતોને તો બહુ બોલતો હતો. એવી ભાષા બોલતો હતો એક વખત કે આ રાજાઓની કન્યા, ત્રણ ... વિષયની વાસનાનું સ્થાન એમાં ડૂબી ગયા છે બધા. એમ બોલતો હતો. ચારતા હતા. ભેંસ ચારતા હતા એમાંથી એને બોલાવીને કન્યા રાજાએ આપી. રાજાએ

કન્યા આપી અને એ જીવતા હોય ત્યાં સુધી એને પચાસ હજાર, લાખ ઊપજે એવી જમીન આપે. જીવતો હોય ત્યાં સુધી. એ અને એની વહુ બે. જીવતા પછી લઈ લે. એવો એ લોકોમાં રિવાજ છે. ત્યાં રહ્યા હતા ઘણું ને એ બાજુમાં. આહા..હા..! પણ જ્યાં હોય ત્યાં એ અભિમાન બધા. અમે આમ કર્યા, અમે આમ કન્યાને ઠેકાણે પાડી, ગરીબ ઘરે આપી તો હવે રક્ષા કરશે એની. કોણ આપે? કોણ લે? આહા..હા..! અરેરે..! જગત સંસારમાં ચીતરાયેલો, રાગ-દ્વેષથી ચિત્રીત છે ભરેલો. આહા..હા..! '**દુઃખ આદિ પાપના અધ્યવસાનથી પોતાને પાપરૂપ કરે છે;...** ' પ્રતિકૂળતાના ગંજ આવે. શરીરમાં ક્ષય થાય, બાયડી મરી જાય, છોકરા મરી જાય, છોડ્યું રાંડે. છોડી મરી જાય ત્યાં સુધી વાંધો નહિ, છોડ્યું રાંડે, દીકરા મરી જાય, વહુ મૂકી જાય. આહા..હા..!

**શ્રોતા :-** વીમાવાળો ફેલ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વીમાવાળો ફેલ (થાય) એ વખતે. અહીં દુકાનમાં .. થાય ત્યાં વીમાવાળો ફેલ થાય. થયેલા છે આ બધા. ખબર છે અમને બધી ખબર ઘણી છે. પાંચ વર્ષમાં ઘણું જોયું તે દિ' દુકાને. વેપાર માલ લેવા જતા ત્યાં જોયું. મુંબઈ, સુરત, વડોદરા. બધું ધ્યાન તો એ વખતે બધો ખ્યાલ હતો કે આ બધું શું થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પાપની પ્રતિકૂળતા આવી પડે તો... આહા..હા..! દુકાન ભાંગે, વીમાવાળો જાય, છોડ્યું રાંડે, છોકરા મરી જાય, નોકર સારા હોય એ મરી જાય, પોતાના શરીરમાં ક્ષય આવે. આહા..હા..! એકસાથે ઘેરો ઘાલે પાપનો. ત્યારે એમ માને કે અરેરે..! અમે તો પાપી. અરે..! બાપુ! (પાપી) નથી, ભાઈ! પાપની સામગ્રી તું ક્યાં છો? આહા..હા..! એ શું કીધું એ? દુઃખ.

'**વળી તેવી જ રીતે જાણવામાં આવતો જે ધર્મ...**' હવે આવી જૈનદર્શનની વાતું પાછી. ધર્માસ્તિકાય નામનું તત્ત્વ છેને? ધર્માસ્તિ પદાર્થ છે એ જ્યારે જાણવામાં આવે ત્યારે અધ્યવસાય થાય અને એકત્વબુદ્ધિ એમાં થઈ જાય છે એ પરિણામમાં. એને ધર્માસ્તિની એકત્વબુદ્ધિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ક્યાં સુધી લઈ ગયા જુઓ, ત્યાં સુધી આવ્યો કહે છે. જૈનનો સાધુ થયો એને ધર્માસ્તિની ખબર છેને. આહા..હા..! લ્યો! એ ધર્માસ્તિ નામનું તત્ત્વ છે ચૌદ બ્રહ્માંડમાં ભગવાને જોયેલું. જડ, ચૈતન્યની ગતિમાં ઉદાસીન નિમિત્ત છે. ઉદાસીન નિમિત્ત. એ ધર્માસ્તિનો વિચાર કરતા અજ્ઞાની એના તરફનો જે વિકલ્પ ઊઠે એ વિકલ્પને એકત્વબુદ્ધિથી પોતાનો માનીને ધર્માસ્તિ પોતાનું છે એમ એમાં માને છે. આ રીતે. આહા..હા..! ભારે ભાઈ! જૈનમાં આવ્યો એને.. ધર્માસ્તિ તો જૈનમાં છેને, બીજામાં અન્યમાં તો છે જ નહિ વાત. તો જૈનનો સાધુ, જૈનનો શ્રાવક વાડાનો થયો... આહા..હા..! અને એ ધર્માસ્તિકાયનું વાંચન કરતા, ધર્માસ્તિકાયનું લક્ષ થયું અને વિકલ્પ ઉઠ્યો, તેમાં એકત્વ થયો, એણે ધર્માસ્તિકાયને પોતાનું માની એકત્વ થયો ઉપચારથી આ વિકલ્પમાં ધર્માસ્તિ. આહા..હા..! ઓહો..હો..! ધર્માસ્તિ જાણવામાં કીધું છેને? જાણવામાં આવતો. આહા..હા..! પાછું જાણવાનું લીધું હવે. ધર્માસ્તિકાયનું જ્ઞાન કરે છેને જાણવામાં, ત્યારે જે વિકલ્પ ઊઠે છે એ તરફનો, એમાં એની એકત્વબુદ્ધિ થઈ જાય છે કે આહા..હા..! મને તો ધર્માસ્તિકાયનું જ્ઞાન થયું. એવા

અધ્યવસાયની એકત્વબુદ્ધિમાં ધર્માસ્તિને જ પોતાનું કરે છે. ઓલા વિકલ્પને કરે છેને તો વિકલ્પમાં ધર્માસ્તિ મારું છે. આહા..હા..! ઠીક!

'**જાણવામાં આવતા અધર્મના (અર્થાત્ અધર્માસ્તિકાયના)...**' છે બીજું તત્ત્વ. ચૌદ બ્રહ્માંડમાં ગતિ કરતા સ્થિર થાય તેમાં ઉદાસીન નિમિત્ત છે. એ અધર્માસ્તિનો વિચાર કરતા જૈનનો શ્રાવક કે સાધુ... આહા..હા..! તેના '**અધ્યવસાનથી પોતાને અધર્મરૂપ કરે છે,...**' અધર્માસ્તિકાય એનું જેટલું લક્ષ થયું. ભગવાન ચૈતન્ય સ્વપરપ્રકાશક છે એ ભૂલી ગયો અને એ અધર્માસ્તિકાયના પરપ્રકાશમાં એકત્વબુદ્ધિ થઈ ગઈ. આહા..હા..! ભારે વાત, ભાઈ! '**અધર્મરૂપ કરે છે, જાણવામાં આવતા અન્ય જીવના અધ્યવસાનથી...**' આહા..હા..! અરે..! દેવ, ગુરુનો આત્મા છે એને જાણવામાં આવ્યો, બાયડી, છોકરાનો આત્મા છે એ જાણવામાં આવ્યો. આહા..હા..! એ જાણવામાં આવતા જે વિકલ્પ ઉઠ્યો છે એ પોતાનો માને છે. આહા..હા..! ઓહો..હો..! બંધ અધિકાર. હમણા કો'ક કહેતું હતું બહુ સારો. લીલાધરભાઈ હોં! કામાણી હતાને કામાણી. બે મહિના રહી ગયા બિચારા. ઓહો..હો..! બંધ અધિકાર ભારે સારો છે. કોઈ દિ' બિચારા રહેતા નહોતા. હવે ચાર મહિના આવવું છે નિવૃત્તિ લઈને, બંધ કરીને ચાર મહિના. બાપુ! કરવાનું આ છે, ભાઈ! અરે..! સમય ટાણા ચાલ્યા જાય છે. પછી થશે પશ્ચાતાપ. આહા..હા..! અમારે આણંદજી હતો બહુ હુશિયાર હતો વેપારમાં, કુંવરજીભાઈથી. છેવટે ટાંગા બંધ થઈ ગયા. ઉપાડીને બેસાડે, ઉપાડીને ચાલે. બે જણા બાયડી-ભાયડો. પૈસા લાખો. પછી દુકાનમાં ભાગ હતોને અડધો. આહા..હા..!

**શ્રોતા :–** એણે એમ કીધું, મને કોઈએ કહ્યું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મરતા કહ્યું મને કોઈએ કહ્યું નહિ. અરે..! મેં તને નહોતું કહ્યું? કે તું ક્યાં સુધી? બે જણા અને આ પાપમાં પડ્યો છે ક્યાં સુધી? મરતા એમ થયું હાય.. હાય... મેં આ દુકાનમાં આટલા કર્યા, વેપાર કર્યા, પાલેજથી મુંબઈ જવાની ઓલી શું કહેવાય રેલની પાસ-પાસ. પાસ ચાલે. કારણ કે મુંબઈ એક-બેવાર ન જવાય, મુંબઈ વારંવાર જાવું પડે. બે-ચાર દિ'એ બે-ચાર દિ'એ માલ (લેવા જાવું પડે). મોટો વેપાર, દુકાન મોટી. એ લેવા જાય. બહાર દુકાને બેઠો હોય એ નીકળે. હું જોઉં. હાથમાં છત્રી અને અહીં રાખેને એનું ...? જાણે શું લઈને આવ્યો! મરી ગયો. એ પણ મરી ગયો અને એની વહુ પણ મરી ગઈ બિચારી. આહા..હા..! 'મને કોઈએ કહ્યું નહિ' એમ કહ્યું છેલ્લે. શું કરવા કહે પણ? મફતનો તું દુકાનમાં મજૂર વગર પૈસે મજૂરીમાં બેઠો. ગુલાબચંદભાઈ! છોકરા એમ કહે, બાપુ! તમે વયા જાવ. દુકાન રહેવા દ્યો. ભલે બેઠા પાપ કરે તો એ કરશે. એમાં અમારે ક્યાં ન્હાવું છે એને! આહા..હા..! એ બોલ્યો હતો છેલ્લે. મગજનો ડાહ્યો માણસ. મેં કાંઈ કર્યું નહિ. આહા..હા..!

પછી ખુશાલભાઈ હતા એક. આ દેવુબાઈ નહોતા અહીં ગઢડાવાળા? દેવુબહેન અહીં રહેતા. એના બાપ હતા, દામનગર. ખુશાલ. ગામમાં બહુ કર્તાહર્તા હુશિયાર. એક આંખ હતી. ગામમાં બહુ કામ કરે. એકદમ રોગ આવ્યો. શેઠિયા જોવા આવે. દામોદર શેઠ બધા, ગામના શેઠ, નગરશેઠ. છેવટે એને આંખમાંથી આંસુ ચાલ્યા ગયા. અરેરે..! મેં મારું ન કર્યું કાંઈ. મેં આ દુકાન, ગામના સાચવવામાં મને

જ્યાં બોલાવે ત્યાં ગયો. મારું મેં ન કર્યું. અરેરે..! આહા..હા..!

**શ્રોતા :-** એ ગામના ડાહ્યા માણસ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ડાહ્યો માણસ. કીધું ને, ખુશાલભાઈ ડાહ્યા હતા. ડાહ્યો હતો હુશિયાર. દામોદર શેઠ જાય એની પાસે. શું કરે બાપા? આહા..હા..! એમ બોલ્યા છેલ્લે. અરેરે..! થઈ રહ્યું, હું નહિ બચું હવે. છેલ્લી સ્થિતિ લાગે છે. ચારે કોરથી ભરાવો પૂરો થઈ ગયો છે. મેં મારું કાંઈ ન કર્યું. આહા..હા..! પોપટભાઈ! શું કામ આવે ત્યાં પછી પશ્ચાતાપ કર્યે? આહા..હા..!

'**અન્ય જીવના અધ્યવસાનથી...**' છે? અન્ય જીવ એટલે બાયડીનો જીવ, આ મારી અર્ધાંગના છે, આ મારી અર્ધાંગના છે. અડધું અંગ અને અડધું એ. ધૂળેય નથી સાંભળને. આહા..હા..! છોકરાઓને પોતે ન જાય સનાને તો જાય. ભાઈ તું જાને. તું પણ હું જ છુંને. એમ કહે. કોક મરી ગયું હોય ને પછી પોતાને જવાનો ભાવ ન હોય. તું જાને ભાઈ! જઈ આવ. આ સનાન-બનાન હોયને કોકનું કુટુંબીમાં, શેઠિયામાં. તમે જાવને. હું છું તું. ધૂળેય નથી સાંભળને. મરી ગયો. તું તારો જ્ઞાયકભાવ ભૂલીને આ શું તેં માંડ્યું બધું? આહા..હા..! એમ કહે છે આચાર્ય. એટલે ઊંધે રસ્તે ક્યાં દોરાઈ ગયો, ભાઈ?

**શ્રોતા :-** છેતરાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છેતરાય છે. આહા..હા..!

'**જાણવામાં આવતા અન્ય જીવના અધ્યવસાનથી...**' આ દેવ-ગુરુનો આત્મા છે એ મારો છે એમ વિકલ્પ કરીને, મને લાભદાયક થશે એ અધ્યવસાય એકત્વબુદ્ધિ છે. '**જાણવામાં આવતા પુદ્ગલના અધ્યવસાનથી...**' હવે જોઈ લ્યો. આવ્યું છેક પુદ્ગલના તો ઘણા ભાગ. શરીર ને વાણી ને પૈસા ને મકાન ને ઘરવખરા, હાથી ને ઘોડા ને. આહા..હા..! '**જાણવામાં આવતા...**' હોં! વસ્તુ તો જાણવામાં આવતા. એ તો જાણનારો છે. જાણવામાં આવતા. પણ જાણવામાં આવતાને પોતાની માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જાણવામાં આવતા પુદ્ગલના અધ્યવસાનથી પોતાને પુદ્ગલરૂપ કરે છે,...**' આહા..હા..! હીરા ને માણેક ને. આહા..હા..!

એક ચોર આવ્યો હતો ઝવેરીની દુકાને. ૧૦-૧૫-૨૦ હજાર રૂપિયા લઈને આવ્યો હોય આમ તો માલ લેવો હોય એટલે. પછી એમ જોતા... જોતા.. જોતા... માલ એમાં એક હીરો હશે ૪૦ હજારનો. એમ જોતા લઈને જોડે આવું હશે લાકડાની પાટ એમાં મીણ થોડું સાથે લાવેલો. એટલે ઓલા જોતા જોતા લઈને આમ એ લાકડાની પાટ હતી એના દુકાનની ઝવેરીની, ત્યાં પાછળ ચોડી દીધો હીરો. ઓલો જોવે છે તો આ હીરો નથી. અરેરે..! આ શું થયું? અહીં બીજું કોઈ છે નહિ. પણ ઓલાએ ત્યાં ને ત્યાં ચોડી દીધો. એ કહે ફરીને હું આવીશ અને લઈ જઈશ, એમ. આહા..હા..! શું કરે છે આ જીવ! એ ફરીને પાછો આવ્યો દસ હજાર રૂપિયા લઈને વીસ હજાર લઈને. આ લ્યો. ગણી લીધા એણે. ત્યાં ઓલો હતો એ લઈ લીધો. આહા..હા..! આવી ચોરીયું, આવી ચાલાકીયું. આહા..હા..! અને એ ચોરીનો માલ આવે અને એના મા-બાપને ખબર પડે તો એ રાજી થાય પાછા. ઠીક ઠીક માલ લાવ્યો છેને. ભલેને ક્યાંયથી પણ લાવ્યો. આહા..હા..! એવા જીવને પોતાના માનીને એ પુદ્ગલને પોતાના

માની... આહા..હા..! એ પોતાના કરે, લ્યો!

'**અને જાણવામાં આવતા લોકાકાશના અધ્યવસાનથી...**' લોકનો આકાશનો વિચાર કરતો હોય, અને આમ વિકલ્પ ઉઠ્યો હોય, એકત્વબુદ્ધિથી એને પોતાનો કરે છે. '**અને જાણવામાં આવતા અલોકાકાશના અધ્યવાસનથી પોતાને ઓલાકાકાશરૂપ કરે છે. (આ રીતે, આત્મા અધ્યવસાનથી પોતાને સર્વરૂપ કરે છે.)**' કોઈ બાકી રાખતો નથી. સર્વને જાણનારો છે એને ઠેકાણે સર્વને પોતાનું કરે છે. ગુલાંટ ખાઈ ગયો છે. એ બંધનું કારણ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**ફાગણ સુદ-૨, રવિવાર, તા. ૨૦-૦૨-૧૯૭૭,**
**ગાથા-૨૬૮-૨૭૦, કળશ-૧૭૨, પ્રવચન નં. ૩૨૪**

ભાવાર્થ છેને. ૨૬૮-૨૬૯ એનો ભાવાર્થ છે. '**આ અધ્યવસાન અજ્ઞાનરૂપ છે...**' એટલે? 'પરજીવને હું હણું છું, જીવાડું છું, મારું છું, બંધાવું છું, મુકાવું છું' એ અધ્યવસાય અજ્ઞાન છે, એકત્વબુદ્ધિ છે. સ્વ અને પરની ભિન્નતાનું એને ભાન નથી. એથી હું જાણે પરને જીવાડી શકું, જગતના પદાર્થની વ્યવસ્થા કરી શકું—એવી જે માન્યતા તે અજ્ઞાન અધ્યવસાય છે. આહા..હા..! '**તેથી તેને પોતાનું પરમાર્થસ્વરૂપ ન જાણવું.**' એ અધ્યવસાય એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. પરનું કરવું, આમ પરથી મારામાં કાંઈક થાય, પર મને જીવાડે, પર મને દુઃખી કરે, પર મને સુખી કરે, સાધન આપે—એવો જે અધ્યવસાય અજ્ઞાન છે, તેથી તેને પરમાર્થસ્વરૂપનું જ્ઞાન નથી. હું જ્ઞાન છું અને એ તો જ્ઞેય છે, ફક્ત જાણવાલાયક છે. કરું પરનું અને પરથી મારામાં થાય એવું કોઈ વસ્તુનું સ્વરૂપ નથી. આહા..! અરે..! ભારે આકરી વાત.

એ '**પરમાર્થસ્વરૂપ ન જાણવું.**' પરનું કરું, જીવાડું, મારું, બાંધુ એ કાંઈ પરમાર્થસ્વરૂપ છે? એ તો અજ્ઞાન છે. આહા..હા..! '**તે અધ્યવસાનથી જ આત્મા પોતાને અનેક અવસ્થારૂપ કરે છે...**' અનેક અવસ્થા એટલે માને છે. સમજાણું? '**અર્થાત્ તેમનામાં પોતાપણું માની પ્રવર્તે છે.**' આને જીવાડી દઉં, મારી દઉં. આહા..હા..! આખા દિ'ની આ ક્રિયા એની વાત ચાલે છે આ. એકધારી ચાલે છે. એને હું આ કરું છું બરાબર. આહા..હા..! ચોવીસે કલાક જે આત્માનું જ્ઞાનસ્વરૂપ છે એમ ન જાણતાં એને 'હું કરું પરનું' એવી માન્યતા તે અજ્ઞાનરૂપ છે, એ પરમાર્થનું સ્વરૂપ એનું નથી. આહા..હા..! એ '**અધ્યવસાનથી જ આત્મા પોતાને અનેક અવસ્થારૂપ કરે છે અર્થાત્ તેમનામાં પોતાપણું માની પ્રવર્તે છે.**' એનો કળશ કહે છે હવે આગળની ગાથાનો.

(इन्द्रवज्रा)

विश्वाद्विभक्तोऽपि हि यत्प्रभावा-
दात्मानमात्मा विदधाति विश्वम्।
मोहैककन्दोऽध्यवसाय एष
नास्तीह येषां यतयस्त एव।।१७२।।

**'વિશ્વથી (સમસ્ત દ્રવ્યોથી)...'** આહા..હા..! આત્મા સમસ્ત દ્રવ્યોથી. કર્મથી, શરીરથી, વાણીથી, બીજા કુટુંબ આદિના આત્માથી, એના શરીરથી, બધાથી જુદો છે. આહા..હા..! અત્યારે હોં! આહા..હા..! એવા **'ભિન્ન હોવા છતાં આત્મા જેના પ્રભાવથી પોતાને વિશ્વરૂપ કરે છે એવો આ અધ્યવસાય...'** આહા..હા..! જગતની કોઈ ચીજ બાકી રાખ્યા વિના એ મારી છે અને મારાથી એમાં થાય છે (એમ પોતાને વિશ્વરૂપ કરે છે). કહો, ચીમનભાઈ! આ બધા તમે ડાહ્યાઓ સંસારના નથી કરતા બધા? આહા..હા..! પોતાની સત્તા આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એની સત્તાથી બાહ્ય ચીજ જે છે, ચાહે તો રાગ હોય, ચાહે તો શરીર હોય, ચાહે તો સ્ત્રી, કુટુંબ હોય કે દેશ હોય, એ બધી પરચીજ છે એ વિશ્વને પોતાનું કરે છે. જેના પ્રભાવથી અધ્યવસાય એકત્વબુદ્ધિથી. પોતાને વિશ્વરૂપ છે, વિશ્વથી ભિન્ન છે આહા..હા..! એને વિશ્વરૂપ કરે છે. સમજાણું કાંઈ? બહુ ટૂંકું.

એક ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અને જેની એક જ્ઞપ્તિ સત્‌ક્રિયા એના સિવાય જેટલી ચીજ પર... આહા..હા..! એ બધા વિશ્વ એટલે પરચીજ બધી સમસ્ત જગતની, સમસ્ત જગતના દ્રવ્ય, જગતના દ્રવ્યના ગુણો અને એની પર્યાય, એ કોઈપણ ચીજને કોઈપણ ચીજથી તે ભિન્ન છે છતાં કોઈપણ ચીજથી એકત્વબુદ્ધિ કર્યા વિના રહેતો નથી, એમ કહે છે. આહા..હા..! કહો, રાજેન્દ્રજી! આવું છે. આહા..હા..! **'विश्वात् विभक्तः अपि हि'** એમ. ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, આનંદકંદ, જ્ઞાયકભાવ, જ્ઞાનભાવ અને પરને જાણવાની અને સ્વને જાણવાની એવી સત્ અહેતુક જ્ઞપ્તિ આત્માની ક્રિયા આહા..હા..! એ સિવાય બધી જગતની ચીજો પર છે. દયા, દાનના ભાવ પણ વિશ્વમાં પરમાં જાય છે. આહા..હા..! એ વિશ્વથી વિભક્ત હોવા છતાં વિશ્વને પોતાનું કર્યા વિના એ રહેતો નથી. વિશ્વ નામ સમસ્ત પદાર્થ. આહા..હા..! સમજાણું કાંઈ?

લગનમાં ક્યાંક એને મોટો કર્યો હોયને, તો એ બધું કામ મારે હાથ છે એમ માને. કેમ પકવાન કરવો, કેમ ભજીયા કરવા, સેવ કરવી, ફલાણું કરવું. એવું બધું હોય છેને લગનમાં? આઠ ટંકનું હતું. આઠ ટંક. હવે બધું એક ટંક થઈ ગયું. તરત ને તરત... ઓલું આઠ-આઠ ટંક રહેતા. નવી-નવી ચીજો બનાવે અને જાનૈયાને આમ હળવી-હળવી કરીને. વેવાઈ આવ્યા હોયને તે દિ' નિવૃત્તિ હતીને આઠ ટંક રહેતા. અત્યારે નિવૃત્તો ક્યાં હતો? અત્યારે સવારે જાય અને સાંજે ઘરે. ત્રણ વાગે લગ્ન થઈ જાય, જાવ જમીને વયા આવો. કાંતિભાઈ! આહા..હા..! ઓલામાં આઠ-આઠ ટંકનો કરનારો જે હોયને સંભાળનારો ડોલતો હોય એ તો આખો દિ' જાણે આનું આ ને આનું આ, આનું આ બસ. જાણે હું કરી દઉં બધાનું. આહા..હા..! એમ વેપાર. આહા..હા..! એની વ્યવસ્થા અનેક ચીજની, ભાવની, ઊપજાવવાની કરી

દઉં. આહા..હા..! એ જગતના દ્રવ્ય, ગુણ અને પર્યાય અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ એનાથી વિભક્ત—જુદો હોવા છતાં... આહા..હા..! સર્વ વિશ્વને પોતાનું કર્યા વિના, માન્યા વિના રહેતો નથી કહે છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! ઓલા કહે છે કે પરનું ન કરે, પરનું ન કરી શકે એ માને એ દિગંબર જૈન નથી. લ્યો આવું એક કોર આમ કહે છે પ્રભુ!

**શ્રોતા :–** દિગંબર જૈન નથી અને શ્વેતાંબર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ શ્વેતાંબર તો એમ કહે કે આ લૂગડા છે ને સાધુ નથીને, એમ. એ મનાવે છે. પણ અમે સાધુ ક્યાં છીએ? એમ કે સાધુ વસ્ત્રવાળા છે એને ગુરુ માને અને વસ્ત્ર વિનાના છે એને ગુરુ માને નહિ એમ એ નાખે છે. આહા..હા..! અરે..! પ્રભુ! નિર્ગ્રંથ ગુરુ તો અલૌકિક દશા હોય છે એની. એ કહેશે. આહા..હા..! જેને અંતરમાં રાગની એકતાબુદ્ધિ તૂટી ગઈ છે, પરનું ભલુ-ભૂંડું કરવાની એકતાબુદ્ધિ જેને નાશ થઈ ગઈ છે, જેને જ્ઞાતા-દૃષ્ટાના આનંદના સ્વભાવના ઉભરા આવે છે. આહા..હા..! એ મુનિ ઉપશમરસમાં ઝૂલતા હોય છે. સમજાણું કાંઈ? જેની દશા અંતરમાં એવી હોય છે, બાહ્યમાં નગ્ન હોય છે. જેવી માતાએ જન્મ્યો એવી દશા હોય. એને અહીં મુનિપણું કહેવામાં આવે છે. આહા..હા..!

અહીં કહે છે કે વિશ્વથી.. સિદ્ધાંત ગુલાંટ શું ખાધો છે? '**विश्वात् विभक्तः अपि हि आत्मा यत्-प्रभावात् आत्मानम् विश्वम् विदधाति**' એમ. જે એકત્વ અધ્યવસાયના પ્રભાવથી સ્વ અને પરના એકત્વના અભિપ્રાય અને અધ્યવસાયથી.. આહા..હા..! વિશ્વ નામ સર્વ જગતથી ભિન્ન હોવા છતાં સર્વ વિશ્વને પોતાનું અધ્યવસાયથી માને છે. એ અધ્યવસાયનો પ્રભાવ છે કહે છે. છે? '**જેના પ્રભાવથી પોતાને વિશ્વરૂપ કરે છે...**' આહા..હા..! '**એવો આ અધ્યવસાય...**' આહા..હા..! '**કે જેનું મોહ જ એક મૂળ છે તે –**' એ અધ્યવસાનનું મિથ્યાત્વ એક જ મૂળ છે. આહા..હા..! પરની એકત્વબુદ્ધિરૂપી જે અધ્યવસાય એનું મૂળ મિથ્યાત્વ છે. આહા..હા..! ભારે કામ ભાઈ આ તો. લંગડો થઈ જાય છે. હુશિયાર હોય તો નામા લખતા આવડે. કેટલા આઠ-દસ શેઠિયાઓના નામા રાખે. એક-એકના સો-સો, બસ્સો-બસ્સો રૂપિયા આવતા હોય. સોળ સો-બે હજાર મહિનાના કમાતો હોય. બે કલાક અહીં જાય, બે કલાક અહીં જાય. આ મુંબઈમાં હોય છે ને. નામા રાખે નામા. જાણે કે ઓહો..હો..! કેટલાના નામા લખી દઉં છું અને કેટલાના..!

એવો કોઈ પદાર્થ રહ્યો નથી કે એ જાણ્યા વિના રહે એવો કોઈ પદાર્થ નથી તો એવો કોઈ પદાર્થ નથી કે પોતાનો માન્યા વિના રહે એમ કહે છે. ઊંધાઈમાં. સમજાણું કાંઈ? જગતનો એવો કોઈ પદાર્થ નથી કે જાણ્યા વિના રહે. એ બધાને જાણે. 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી તાતૈ ભ્રમ ભારી.' તાતૈ શું કીધું? 'વચન ભ્રમ ભારી. જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, સ્વરૂપા પરરૂપા ભાસી.' એ જાણવાનું કામ એનું છે. સ્વ અને પરને જાણવાનું પરને કારણે નહિ, પણ પોતાને કારણે સ્વપરને જાણવાનો એનો સ્વભાવ છે. એને મૂકીને પરપદાર્થ જે બધા વિશ્વ આખું જગત આહા..હા..! એને જાણવાના સ્વભાવવાળી એ વસ્તુ છે. એને ઠેકાણે એ વિશ્વ પદાર્થ બધા... આહા..હા..! આ મારા મંદિર, આ મારા ગુરુ, આ મારા

શાસ્ત્રો એ પણ પરદ્રવ્ય ભિન્ન છે એને પોતાનામાં એકત્વબુદ્ધિ માને છે. મિથ્યાત્વના મૂળિયા ઊંડા બહુ. આ કહે છેને, **'मोह-एक-कन्दः'** એમ કીધું. છેને? **'मोह-एक-कन्दः'** મોહ એક જેનું મૂળિયું છે. **'मोह-एक-कन्दः'** અને ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

**'चरित् खल्लु धम्मो' 'दंसणं मुलो धम्मो'** જુઓ, ચારિત્ર જે છે વીતરાગતા એ મોક્ષનું કારણ છે, પણ એ ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે કે જેમાં પરિપૂર્ણ આત્માની પ્રતીતિ જે સ્વપર જાણવામાં આવે એની પ્રતીતિનું ભાન (હોય છે). ત્યારે એનાથી ઊંધો... આહા..હા..! જેનો એકપણ પદાર્થ જગતનો મારો છે એમ માન્યા વિના રહેતો નથી, એવો મોહરૂપી મૂળ કંદ છે એનું. આહા..હા..! ઓલા ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે, ત્યારે આ અધ્યવસાયનું મૂળ મિથ્યાદર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' એમાં દુકાનનો હુશિયાર માણસ બેઠો હોય એ તો જાણે આખી દુકાન મારી હાથે ચાલે છે. એ પડાઈ મારે લઈને ચાલે છે. કહો, શાંતિભાઈ! ઝવેરાતની દુકાન ચાલે છે. આહા..હા..!

આ કળશ છે. **'विश्वात् विभक्तः'** એટલે કે વિશ્વને જાણવાનો એનો સ્વભાવ છે અને વિશ્વથી તે પૃથક્ ભિન્ન છે. આહા..હા..! એવું જે જ્ઞાનસ્વરૂપ અને જ્ઞાયકસ્વરૂપ ભગવાન અને જેની એક જ્ઞપ્તિ એક ક્રિયા, જાણવાની એક ક્રિયા દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ લેશે, એ એનામાં એનું છે, એ મૂકીને એનાથી અનંત પદાર્થ ભિન્ન એને,... આહા..હા..! રાત્રિ ને દિવસ પરપદાર્થ અને વિશ્વથી ભિન્ન હોવા છતાં, વિશ્વની ચીજોને પોતાની માન્યા વિના રહેતો નથી. એવો જેનો અધ્યવસાય એ અધ્યવસાયનું મૂળ મહા મિથ્યાત્વકંદ છે. આહા..હા..! અહીં તો ગુલાંટ ખાઈને વાત કરી છે. ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે, ચારિત્ર મોક્ષનું કારણ છે. આહા..હા..! આ એક અધ્યવસાય જ જેનું કારણ છે, અધ્યવસાયનું મૂળ મિથ્યાત્વ છે અને એ મિથ્યાત્વ સંસારનું કારણ છે. એ મિથ્યાત્વ જ સંસારનું કારણ છે. અહીં તો એક જ વાત લે છે. આહા..હા..! એવો આ અધ્યવસાય જેનું મૂળ છે તે **'જેમને નથી...'** હવે તો બસ આ. આહા..હા..! **'જેમને નથી તે જ મુનિઓ છે.'** છે? આ મુનિઓ. આહા..હા..! છેને?

**'येषां इह नास्ति' 'ते एव यतयः' 'તે જ મુનિઓ છે.'** આહા..હા..! રાગની ક્રિયા પણ પોતાની છે એમ માનતો નથી. આહા..હા..! શરીરથી ચાલી શકું છું એ પણ એ માનતો નથી. હું ચલાવું છું શરીરને, આહા..હા..! કોઈપણ પદાર્થ મારા છે (એમ માનતા નથી), કેમકે એ રાગથી માંડીને બધી ચીજો. આખું વિશ્વ મારું નથી, પણ હું એનો મારામાં રહીને એને પૃથક્ રાખીને હું જાણનારો છું. મારામાં ભેળવીને હું જાણતો નથી એને. આહા..હા..! સમજાણું કાંઈ? આવી જેની દશા છે. આહા..હા..! ઉત્કૃષ્ટ વાત લેવી છેને. એ **'જેમને નથી તે જ મુનિઓ છે.'** આહા..હા..!

**'આ અધ્યવસાય જેમને નથી તે મુનિઓ કર્મથી લેપાતા નથી—એમ હવે ગાથામાં કહે છે :-'**

एदाणि णत्थि जेसिं अज्झवसाणाणि एवमादीणि।
ते असुहेण सुहेण व कम्मेण मुणी ण लिप्पंति।।२७०।।

**એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતાં નહિ જેમને,**
**તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦.**

આહા..હા..! પાધરી મુનિપણાની મુખ્ય વાત લે છેને. બીજી ગાથાથી ઉપાડ્યું છેને. '**चरित्तदंसणणाणठिदो**' ત્યાંથી ઉપાડ્યું છેને. ચારિત્રની પ્રધાનતાથી કથન છે. ત્યાં એમ કહ્યું છેને બીજી ગાથામાં, '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**' જે જીવ ભગવાન આત્મા પોતાના ચારિત્રની વીતરાગ પર્યાયમાં સમ્યગ્દર્શનરૂપી વીતરાગ પર્યાયમાં, સમ્યગ્જ્ઞાનરૂપી વીતરાગ પર્યાયમાં '**ठिदो**' સ્થિત છે, તેને અમે આત્મા સ્વસમય કહીએ છીએ. આહા..હા..! '**पोग्गलकम्मपदेसट्ठिदं च**' પણ કર્મના ભાગમાં આવેલો રાગાદિ... આહા..હા..! એ પોતાનો ભાવ નથી. એવા '**पोग्गलकम्मपदेसट्ठिदं च**' રાગ અને પુણ્યના પરિણામમાં જે સ્થિત છે તે પરસમય છે, તે અણાત્મા છે. આહા..હા..! માર્ગ એવો છે, બાપુ! આહા..હા..!

આ ચોર્યાસીના અવતાર કરી-કરીને થોથા નીકળી ગયા છે, ભાઈ! એને ખબર નથી. એ નરકના દુઃખો સાંભળે તો રૂદન આવે એવું છે. આચાર્ય મુનિરાજ એમ કહે છેને. આહા..હા..! કોણ મુનિ નહિ? વાદિરાજસૂરી, વાદિરાજ મુનિ. કોઢ જરી હતો શરીરમાં. શ્રાવક એમ કહી આવ્યા રાજાને. રાજાને કહે, સાહેબ! અમારે મુનિને રોગ નથી, કોઢ નથી. પ્રભુ! અમે એમ કહી આવ્યા છીએ. શાંતિ રાખો, ભાઈ! આહા..હા..! એમાં ભગવાનની સ્તુતિ ઉપાડી છે. પ્રભુ! આ શું છે? રાજા પાસે આ શ્રાવક બિચારા ભક્તિથી કહી આવ્યા મને રોગ છે, પ્રભુ! જ્યાં તમે નગરીમાં વસો ત્યાં સોનાની નગરી થાય, ઈન્દ્રો સોનાની નગરી રચે, એ રતનના કાંગરા રચે. પ્રભુ! જ્યાં તમે આવો ત્યાં આ થાય ને પ્રભુ! આ અમારા હૃદયમાં આવો અને આ શરીરમાં રહે આવું! આહા..હા..! એ તો કુદરતે થવાનું હતું હોં! આહા..હા..! ભક્તિથી થયું નથી. વાદિરાજ કહે છે, પ્રભુ! હું અનંત ભવના દુઃખોને યાદ કરું છું તો ઘા વાગે છે છાતીમાં. આહા..હા..! વર્તમાન મારા આનંદના અનુભવમાં.. આહા..હા..! ગયા કાળના દુઃખો મેં વેઠ્યા નરકના, પશુના. આહા..હા..! પ્રભુ! એ હું યાદ કરું છું ત્યાં આયુધની પેઠે ઘા વાગે છે. જુઓ, એ મુનિ ધર્માત્મા આનંદના વેદનારા. એને પણ કહે છે કે એ વિકલ્પ ઊઠે એ જાતના. આહા..હા..! પ્રભુ! એવા દુઃખો અમે સહન કર્યા. પ્રભુ! અત્યારે તો હું આનંદમાં છું એ વાત નથી કરતા. આહા..હા..! પણ એ દુઃખો સહન કર્યા છે એમ ધારીને ઓલો વિકલ્પ છે એને ટાળવા માગે છે. વર્તમાન વિકલ્પ ઊઠે છે એ દુઃખ છે કે નહિ? આહા..હા..! એ વિકલ્પનું દુઃખ પણ ઘા મારે છે પ્રભુ! મને મારા આનંદમાં. આહા..હા..! તમારી ભક્તિનો ભાવ આવે પ્રભુ રાગ, પણ એ મારા આનંદને ઘા મારે છે, પ્રભુ! આહા..હા..! એમ કહીને એ કહેવા માગે છે હોં અંદરથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવા મુનિ છે એ મુનિને આવી ભક્તિ અને વિકલ્પ ઉઠ્યો છે. એ દુઃખને યાદ કરતા ઘા વાગે છે પ્રભુ મને. આહા..હા..! એટલે કે વર્તમાનમાં જ્યાં વિકલ્પ ઊઠે છે, ઘા વાગે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અમારો પ્રભુ આનંદ છે એ ક્યાંય ભાસતો નથી અમને બીજે, એમ કહે છે. અને અનાદિકાળના પરમાં અમે આનંદ ભાસ્યો એમાં દુઃખમાં અમને સુખ ભાસ્યું, એવા દુઃખો સહન કર્યા. આહા..હા..!

શરીર બદલી જાય છે કુદરતે. કોઢ વયો જાય છે. કોઢનો થોડો ભાગ રાખે છે. પાછું કોક કહેતા હોય કે ભાઈ કોઢ હતોને અને આ ના પાડે એ ખોટા છે લોકો? કે ભાઈ! એ હતું તો ખરું, ભાઈ! જરીક ભાગ રાખ્યો. આહા..હા..! એમ અમે દુઃખી તો થયા અનંતકાળથી પણ હવે સુખી થયા છીએ, છતાં હજી દુઃખનો એક અંશ છે હજી વિકલ્પ ઊઠે એટલો, પ્રભુ! આહા..હા..! ભાઈએ ન કહ્યું? '**कल्माशितायां**' અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંતોની શૈલી તો કોઈ ઊંડી ઘણી ગંભીર. આહા..હા..!

સનાતન વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વરના પંથના પથિક દિગંબર સંતો એટલે સનાતન સર્વજ્ઞ પરમેશ્વર એના પંથના પથિક, જેની એક એક વાણીમાં અનંત આગમ ભર્યા છે. આહા..હા..! જેની ગંભીરતાનો પાર નથી એ મુનિઓ એમ કહે, પ્રભુ! અમે દુઃખી છીએ. '**कल्माशितायां**'. આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય. પ્રભુ! અમે છીએ તો દ્રવ્યે શુદ્ધ આનંદ, પણ પર્યાયમાં મને અનાદિની હજી કલ્માશિત મેલી દશા છે. આહા..હા..! એ ટીકાને લખું છું એ વિકલ્પ પણ મેલી દશા છે. આહા..હા..! પ્રભુ! એ હું નહિ, પણ મને આ છે હજી પર્યાયમાં. આહા..હા..! એ આવા મુનિઓ થયેલા એ આમ કહે છે. આહા..હા..! કહે છે... કીધુંને ગાથા?

'**ટીકા :- આ જે ત્રણ પ્રકારના અધ્યવસાનો છે...**' ત્રણ લેશે. '**તે બધાંય પોતે અજ્ઞાનાદિરૂપ (અર્થાત્ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ) હોવાથી શુભાશુભ કર્મબંધનના નિમિત્ત છે.**' આહા..હા..! જે કાંઈ પરને જીવાડું, મારુંથી માંડીને પુદ્‌ગલ મારા, બીજા જીવ મારા, ધર્માસ્તિકાય મારું, અધર્માસ્તિકાય, કાળ.. કાળ એક નથી લીધો. સમજાણું કાંઈ? કાળ એમાં નથી લીધો. કારણ કે કાળ તો થાય છે એ કાળે. એ નથી લીધો. એ અધ્યવસાય મારી ચીજ મૂકીને પરવસ્તુ જે, એકકોર રામ અને એકકોર ગામ, એકકોર ચૈતન્યરામ ભગવાન આત્મા અને એકકોર વિકલ્પથી, રાગથી માંડીને પરવસ્તુ આહા..હા..! એને મારા માનવાથી અધ્યવસાયથી '**શુભાશુભ કર્મબંધનના નિમિત્ત છે.**' એ તો. આહા..હા..! એ પુણ્ય-પાપના બંધનના નિમિત્ત છે, હું તો અબંધ છું. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો! પરને જીવાડવાનો ભાવ શુભ છે, મારવાનો અશુભ છે. બંને સગવડતા આપું એ ભાવ શુભ છે, પણ એ છે બધા બંધના કારણ, કહે છે. આહા..હા..! આ તો લહેર કરે છે. ગયા કાળના દુઃખો શું હતા એની ખબર જ નથી. લહેર કરે છે જાણે. આહા..હા..! કાંઈ દુઃખમાં જાણે હતા જ નહિ. વર્તમાન પર્યાયમાં દુઃખ છે એની પણ એને ખબર નથી. જેમાં લહેર કરે છે એ માન્યતા એ પોતે ભાવ છે એ દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જગતની એવી ચીજ બાકી નથી રાખી મેં પ્રભુ! કારણ કે હું પરનો પૂરો જાણનારો છું, એને ઠેકાણે પરના કોઈ પુરાની વાત મારી બાકી રાખી નથી મારી માન્યતામાં. આહા..હા..! શાંતિભાઈ! આવું છે. આહા..હા..!

'**શુભાશુભ કર્મબંધનના નિમિત્ત છે. તે વિશેષ સમજાવવામાં આવે છે :— હું (પર જીવોને) હણું છું...**' જીવાડું છું એ વગેરે બધા લેવા. '**ઈત્યાદિ જે અધ્યવસાન છે...**' એકત્વબુદ્ધિ છે એ. આહા..હા..! '**તે અધ્યવસાનવાળા જીવને, જ્ઞાનમયપણાને લીધે...**' હું તો જ્ઞાનમય વસ્તુ છું. કરવું પરમાં એ વસ્તુ મારામાં ક્યાં છે? એવો જે ભગવાન આત્મા '**જ્ઞાનમયપણાને લીધે...**'

જ્ઞાનવાળો નહિ, જ્ઞાનમયપણાને લીધે. આહા..હા..! **'સતૂરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે...'** વર્તમાન પર્યાયથી ઉપાડી છે. મારી ક્રિયા તો પ્રભુ આ છે. આહા..હા..! સતૂરૂપ અહેતુક. મારી વર્તમાન જાણવાની ક્રિયા જે શ્રદ્ધવાની, ઠરવાની જે ક્રિયા છે જ્ઞપ્તિ, જ્ઞપ્તિ એ જ્ઞાનની ક્રિયા વર્તમાન, એ અહેતુક છે. એ ક્રિયાને કોઈ હેતુ નથી. આહા..હા..! મારી નિર્મળ જે ક્રિયા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જ્ઞપ્તિ ક્રિયા એને કોઈ હેતુ નથી. કોઈ હેતુથી પ્રગટી છે એવો કોઈ હેતુ (નથી). સત્ છે એને હેતુ શું? આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! શું કહે છે? ઓલો અધ્યવસાય છોડાવવા પહેલાં આ વાત પોતાની કરે છે કે હું તો છું તો આવો અને એ પણ બીજા છે એ પણ આવા. શું કીધું?

**'જ્ઞાનમયપણાને લીધે...'** હું તો જ્ઞાનમય છું. આહા..હા..! **'સતૂરૂપ એહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે...'** નીચે છે. **'સત્તાસ્વરૂપ; અસ્તિત્વસ્વરૂપ. હોવાપણારૂપ (આત્મા જ્ઞાનમય છે તેથી સતૂરૂપ અહેતુક જ્ઞપ્તિ જ તેની એક ક્રિયા છે.)' 'અહેતુક = જેનું કોઈ કારણ નથી એવી;...'** લ્યો! એ સમ્યગ્દર્શન અને જ્ઞાનની ક્રિયામાં કોઈ કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? નિસર્ગાત, અધિગમાત આવે છેને. મારી જ્ઞપ્તિક્રિયાને કોઈ હેતુ (નથી). અહેતુક સત્ છેને. આહા..હા..! હું એક જ્ઞાનમય ભગવાન આત્મા એની વર્તમાન જાણવાની ક્રિયા, શ્રદ્ધવાની ક્રિયા, ઠરવાની ક્રિયા. જ્ઞપ્તિ એટલે જ્ઞાનની, રાગની નહિ એમ. જ્ઞાનની ક્રિયા એ શ્રદ્ધાની ક્રિયા, ઠરવાની ક્રિયા એ જ્ઞપ્તિક્રિયાની પર્યાય અહેતુક છે. એને કોઈ વ્યવહાર હતો ને જ્ઞપ્તિ ક્રિયા પ્રગટી એમ નથી, કહે છે અહીં તો લ્યો! આ તો પર્યાયની વાત ચાલે છે. આહા..હા..! ઓલા છોકરા ગાય છે આ ભક્તિ, સ્તુતિ કરે સવારમાં. '... મને બોલાવી લેજો પ્રભુ ત્યાં' એમ કાંઈક ગાતા હતા એક ફેરી. ભક્તિમાં આવે છેને એ લોકોની. તમારી સમીપ આવવું છે મારે એમ કાંઈક આવ્યું હતું ખરું. સ્તુતિ કરતા હતા ભગવાનની. આહા..હા..! હું તો પ્રભુ કેવળજ્ઞાનની સમીપે આવનારો છું. હા, છોકરાઓ બોલે છે કે નહિ? તુજ કને... શું? બોલોને. ભૂલી જાય. ઓલો ગડિયો હોયને હાંકે ત્યારે બોલી જાય. આવી વાત .. એમ આવતું.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ. વાહ! લ્યો એ. એક એક કડી. આહા..હા..! 'ભગવાન હું કેવળજ્ઞાનની સમીપે આવવા માગુ છું' એમ કહે છે. સ્તુતિ સમકિતી કરે છેને એ. આહા..હા..! તમારી પાસે આવવા માગું પ્રભુ! અહીં આ અલ્પજ્ઞપણામાં રહેવા હું માગતો નથી. આહા..હા..! રાગમાં તો રહેતો નથી, પરમાં રહેતો નથી, જ્ઞપ્તિક્રિયામાં રહું છું અલ્પજ્ઞની દશામાં. આહા..હા..! એમાં હું રહેવા માગતો નથી પ્રભુ! હું તો કેવળજ્ઞાનની પાસે આવવા માગું છું. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો એ છોકરો વળી ઉલ્લાસમાં આવી ગયો. ઊભો થઈને (ગાવા મંડ્યો). બીજા કોઈ ન ઉઠ્યા ને એ ઉઠ્યો. ક્યા ગામનો છે એ?

**શ્રોતા :-** અમદાવાદ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અમદાવાદ? ઠીક બહુ સારું હોં! આત્મા છે બાપા! ભગવાન છે. આહા..હા..! ભગવાનની ધારા વહે છે પ્રભુ તારામાં. એ અહીં કહે છે હોં! આહા..હા..!

પ્રભુ! હું તો એવો છું. આ જે વર્તે છે અધ્યવસાય એ તો પરવસ્તુ છે. એને જે વર્તે એ તો મુનિ નહિ. આહા..હા..! ત્યારે કહે છે કે આત્મા કેવો છે? કે જેની પર્યાયમાં જ્ઞપ્તિક્રિયા વર્તે છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન છે. આહા..હા..! વસ્તુ ભગવાન આત્મા જ્ઞાન પ્રજ્ઞાસ્વરૂપ છે અને તેથી તેની વર્તમાન પર્યાય જ્ઞાનની, રાગ વિનાની સ્વતઃ જ્ઞાનની ક્રિયા, ધાર્મિક ક્રિયા, મોક્ષમાર્ગની ક્રિયા, જ્ઞપ્તિક્રિયા... આહા..હા..! પ્રભુ! એ ક્રિયાને કોઈ હેતુ નથી. એ અસ્તિત્વ એનું છે એને કોઈ કારણ નથી. હવે આવી વાત તો છે પ્રભુ! હવે એને એમ કહે કે વ્યવહાર કારણ અને નિશ્ચય જ્ઞપ્તિક્રિયા કાર્ય. બાપુ! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા વાત છે, ભાઈ! આહા..હા..! ભગવાનની વાતું ભગવાનની શૈલીથી વાંચવી જોઈએ, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! વ્રત પાળીએ ને તપસ્યાઓ કરીએ ને અપવાસ કરીએ તો અમને ધર્મ થશે, ધર્મના કારણ છે. બાપુ! એ વસ્તુ જૂઠી તદ્દન છે. આહા..હા..! આચાર્ય પોતે પોકાર કરે છે પંચમ આરાના સંતો, મુનિઓ આહા..હા..! દિગંબર સંત ભગવાન પાસે જવા માગે છે એ પોતે વર્તમાન પોકાર કરે છે. પ્રભુ! અમારી ક્રિયા જે જ્ઞપ્તિ છે, ધર્મની જે જ્ઞપ્તિક્રિયા છે તેને કોઈ હેતુ, અસ્તિ છે તેનો કોઈ હેતુ નથી. પર્યાય હોં! આહા..હા..!

**શ્રોતા :–** જ્ઞપ્તિ ક્રિયા છે, ક્રિયા તો પર્યાય થઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાય છેને. પર્યાયની વાત ચાલે છે. પછી ગુણ લેશે અને પછી જ્ઞાયક લેશે. ત્રણ લેશે. આમાં જ્ઞાયક લેશે પછી ગુણ લેશે. પણ જ્ઞાયક પછી ગુણ લેશે. એ ટીકામાં નથી એટલે નીચે નાખશે. બહુ ઝીણી વાત! બહુ સરસ વાત છે, ભાઈ! આહા..હા..!

મીઠો મહેરામણ. એ ભગવાન મીઠો મહેરામણ અંદર બિરાજે છે, ભાઈ! આહા..હા..! એ આનંદના સ્વભાવથી ભરેલો ભગવાન મીઠો મહેરામણ છે. એનું જ્યાં ભાન થયું ત્યાં જ્ઞપ્તિક્રિયા પ્રગટ થઈ. આહા..હા..! કે જે ક્રિયા પર્યાય મોક્ષનું કારણ છે, કે જે જ્ઞપ્તિના અસ્તિત્વમાં, પરના અસ્તિત્વના હેતુની જેને જરૂર નથી. આહા..હા..! ધર્મચંદજી! આવી વાતું છે. આહા..હા..! દુનિયાને પછી લાગે કે અરે..! આવું કર્યું.. આવું કર્યું.. અરે પ્રભુ! ઓણ આવ્યું છે ઓલા દિલ્હીમાં હોં. દિલ્હીવાળાનો પત્ર એક જણાનો કોકનો આપણા મુમુક્ષુ મંડળનો. અરેરે..! આ પુસ્તકોને શું કર્યું આ લોકોએ? બાપા! એ પુસ્તકના અર્થો બધા ભગવાનની વાણીના અર્થ છે. ભાઈ! એ ચાલતા નહોતા માટે અર્થ બીજા તને લાગે અને વાણીમાં.. ભાઈ! એમ ન હોય. એણે બિચારાએ એવું લખ્યું છે, દિલ્હીનો છે આપણા મુમુક્ષુ પત્ર મંડળનો. એ લોકોને બુદ્ધિ–સુબુદ્ધિ થાઓ, આવું ન કરે. આહા..હા..!

અહીં કહે છે... આહા..હા..! જુઓ તો ટીકા તે ટીકા, અમૃતની ધારા વહે છેને! આહા..હા..! કહે છે આવા '**અધ્યવસાનવાળા જીવને...**' શું કહે છે? આગળ કહેશે હોં! એને આની ક્રિયા અને રાગની ક્રિયાની વિશેષતા એ જાણતો નથી, ભેદ જાણતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! ગજબ કર્યું છે. એવા અધ્યવસાનવાળા જીવને એ ત્યાં રાખ્યું. હવે '**જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ...**' અસ્તિરૂપ, હોવાપણું, હોવાવાળી જ્ઞપ્તિક્રિયા અસ્તિપણે, અહેતુક—કોઈ બીજા કારણ વિનાની. છે? '**જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે...**' જાણવાની જ એક જેની ક્રિયા છે. '**એવા આત્માને...**' અહીંથી

લીધું છે. છેને? અધ્યવસાનવાળા જીવને અને આવા આત્માને. '**અને રાગદ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓનો વિશેષ નહિ જાણવાને લીધે...**' આહા..હા..! રાગની ક્રિયા આદિના અને હનન, જ્ઞપ્તિક્રિયા જે જાણવાની એના ભેદને, ભિન્નને નહિ જાણવાથી. આહા..હા..! '**રાગદ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓના...**' રાગદ્વેષના ઉદયમય છે. એ ક્રિયામાં આવ્યું હતુંને.

'**ક્રિયાઓના વિશેષ નહિ જાણવાને લીધે...**' આહા..હા..! શું કહે છે? પર્યાયમાં ભગવાન આત્મા બાળગોપાળ બધા ભગવાન પરમાત્મા એની જ્ઞપ્તિક્રિયા તે અહેતુક છે. આહા..હા..! લ્યો! ઠીક! અહીં તો દ્રવ્યનું કારણ એમ પણ ન લીધું. અહેતુક છે જ્ઞપ્તિક્રિયા, ધાર્મિક ક્રિયાની એમ પણ ન લીધું. આહા..હા..! ઉત્પાદ-ઉત્પાદથી છે, ધાર્મિક ક્રિયા જ્ઞપ્તિ એનાથી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મચંદજી! થોડું સાંભળ્યું એટલે જાણે બધું સમજાઈ ગયું એવી નથી આ ચીજ. ઊંડી ચીજ છે. આહા..હા..!

**શ્રોતા :-** સમજવા માટે કરવું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો એમ કે આપણે ઘણીવાર સાંભળ્યું છે તો હવે આપણે થોડુંક સંસારનું કરી લ્યો. પછી આ તો સમજાય છે. બાપુ! ઝીણી વાત બાપા! ભાઈ! એ તારા મારગડા ભાઈ ઝીણા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! તારા સુખના પંથ એ દોહ્યલા બીજી જાતના છે જગતથી. આહા..હા..!

શું કહે છે અહીંયાં? કે જ્ઞાનમય ભગવાન એની તો જ્ઞપ્તિક્રિયા એક, અસ્તિત્વ અહેતુકપણે હોય, એવો આત્મા. એવો આત્મા એમ. આહા..હા..! સમજાણું કાંઈ? રાગની ક્રિયા અને આની ક્રિયા એ આત્મા નહિ એમ. આહા..હા..! લ્યો! ભગવાનની અહીં તો પ્રતિષ્ઠાને ૩૬ વર્ષ થયા આજે. મંદિરને ૩૬ થયા. ઓહો..હો..! ૩૭મું બેઠું. શું કીધું? '**હણું છું ઈત્યાદિ...**' જીવાડું છું ઈત્યાદિ, બંધાવું છું ઈત્યાદિ, '**અધ્યવસાનવાળા જીવને...**' એક '**અને જ્ઞાનમયપણાને લીધે સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા એવા આત્માનો...** ' એવા એ જીવને. આવો આત્મા '**અને રાગદ્વેષના ઉદયમય એવી હનન ક્રિયા...**' એ બેની જુદાઈ ન જાણવાને લીધે. આહા..હા..! '**ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી...**' આહા..હા..! એ હનન ક્રિયા આદિ જે અધ્યવસાય છે એ ભિન્ન છે, ભગવાન એનાથી ભિન્ન છે. અધ્યવસાય લીધો છેને. ત્યાં એકત્વ છે, અહીંયા એકત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત એટલે માણસને ઓલું બહારની ક્રિયા ઈચ્છામી પડિક્કમણા ઈરિયા વિરાયી.. જાવ કરો. સામાયિક થઈ ગઈ. અરે..! પ્રભુ! શું થાય ભાઈ! મારગડા તારા જુદાં છે, બાપા! અરે..! વખત જાય છે, મનુષ્યનો દેહ ચાલ્યો જાય છે. આહા..હા..! એમાં આ વાસ્તવિક વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર હનન ક્રિયા અને જ્ઞપ્તિક્રિયાની ભિન્નતા બતાવે છે એને જાણવી જોશે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં હનનક્રિયાનો ભાવ (છે), ત્યાં જ્ઞપ્તિક્રિયાનો ભાવ નથી, જ્યાં જ્ઞપ્તિની ક્રિયાનો ભાવ ત્યાં હનન ક્રિયાનો ભાવ નથી. આહા..હા..! જ્ઞપ્તિક્રિયા તો નિર્દોષ નિર્મળ ક્રિયા છે અને આ રાગ ક્રિયા એ તો રાગ-દ્વેષમય મલિન ક્રિયા, મેલવાળી, દોષવાળી ક્રિયા છે. આહા..હા..!

એ '**રાગદ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી,...**' આહા..હા..! એ ભગવાન તો જાણનક્રિયાવાળો આત્મા જોઈએ અને રાગની ક્રિયા એ ભિન્ન છે એમ જુદું ન જાણતા '**તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે...**' આહા..હા..! દયા, દાનનો વિકલ્પ ઉઠ્યો છે અને 'પરની હું દયા કરી શકું' એવો અધ્યવસાય છે એ મિથ્યાત્વભાવ, અજ્ઞાનભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પ્રથમ તો અજ્ઞાન છે...**' એટલે જ્ઞાનની સામે અજ્ઞાન નાખ્યું. '**ભિન્ન આત્માનું અદર્શન હોવાથી તે મિથ્યાદર્શન છે...**' 'પરને જીવાડું, પરને બંધ કરું, મોક્ષ કરાવું' એવો જે અધ્યવસાય, પરદ્રવ્યની સાથેની એકત્વબુદ્ધિ. આહા..હા..! તે જ્ઞપ્તિક્રિયા જે આત્માની અહેતુક ક્રિયા, સ્વની એકતાની ક્રિયા એનાથી આ અધ્યવસાન મિથ્યાદર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી...**' ભગવાન આત્માનું ત્યાં આચરણ નથી. એ રાગની ક્રિયા એ તો અણાત્માની ક્રિયા છે. આહા..હા..! '**અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે.**' આહા..હા..! જીવાડવાનો ભાવ, બંધ-મોક્ષનો ભાવ, મોક્ષ કરાવું એવો અધ્યવસાય એ તો અનાચરણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અરેરે..! એને દયા ન આવી પોતાની. અરે..! પોતાની પોતાને દયા ન આવી. હું કોણ છું? ક્યાં છું? કઈ રીતે છું? જેવું છે તેવું જાણવું એનું નામ દયા પોતાની કહેવાય અને એવું ન જાણે તો વિપરીતમાં પોતાની હિંસા થાય છે. સમજાણું કાંઈ? આવો માર્ગ ઝીણો લાગે લોકોને બિચારાને એટલે બધા વિરોધ કરે છે, વિરોધ કરે છે. બાપુ! રહેવા દે, ભાઈ! આ ભગવાનની ક્રિયાની વાત ચાલે છે, બાપુ! આહા..હા..! તારી ક્રિયા તો પ્રભુ જાણવાની, દેખવાની, શ્રદ્ધવાની, આનંદની વીતરાગી પર્યાય એ ક્રિયા તારી છે, ભાઈ! આહા..હા..! એને તું રાગની ક્રિયાથી લાભ થાય (એમ માને એમાં) બાપુ તું એકત્વબુદ્ધિ રાગની સાથે કરે છો. આહા..હા..! એમાં એ અજ્ઞાન છે, એ મિથ્યાદર્શન છે. આહા..હા..!

**શ્રોતા :-** વ્યવહારથી લાભ થાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ રાગથી લાભ થયો એ તો બધું એકનું એક છે, પણ હવે એનું સ્પષ્ટીકરણ કરતા આવું આવે એટલે લોકો એમ કહે કે એ ઘરનું કર્યું. બાપુ! એમ નથી, ભાઈ! એમાં સામાન્યપણે પડ્યું છે એનું વિશેષ છે આ. સ્પષ્ટ સમજવા માટે. આહા..હા..! અનાચરણ. એ રાગની ક્રિયા, જીવાડવાની ક્રિયા, મોક્ષમાર્ગની એકત્વની ક્રિયા, રાગની ક્રિયા કીધી અધ્યવસાય. એ તો આત્માનું અનાચરણ છે. આહા..હા..! એને આચરણ માનવું જીવનું એ એકત્વબુદ્ધિનું મિથ્યાદર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આચાર્યોએ તો ગજબ કામ કર્યા છે. આહા..હા..! વીતરાગભાવને ખુલ્લો મૂકી દીધો છે. રાગભાવને ખુલ્લો હણનાર મૂકી દીધો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અનાચરણ હોવાથી તે અચારિત્ર છે.**' હવે વચમાં ટીકાનો એક બોલ રહી ગયો છે. 'અહીં સંસ્કૃત ટીકાની અમને મળેલી હસ્તલિખિત પ્રત તેમજ મુદ્રિત પ્રતોમાં એક વાક્ય રહી ગયું છે. જેનો ગુજરાતી અનુવાદ લગભગ નીચે પ્રમાણે છે.' ઓલામાં જ્ઞપ્તિક્રિયાનું હતું, આમાં જ્ઞાયકનું છે. જ્ઞાયક એ દ્રવ્ય. ઓલામાં પર્યાયનું હતું. આ જ્ઞાયકનું છે અને પછી આવશે જ્ઞાનનું. દ્રવ્ય, ગુણ અને પર્યાય. જ્ઞાયક

દ્રવ્ય છે, જ્ઞાન ગુણ છે, જ્ઞપ્તિક્રિયા પર્યાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એની પણ ખબર ન મળે દ્રવ્ય-ગુણ-પર્યાય કોને કહેવા. ૨૫-૨૫ વર્ષ, ૫૦ વર્ષ મુંડાવ્યું હોય સામાયિક કરતા ને પડિક્કમણા કરતા. દ્રવ્ય, ગુણ અને પર્યાય કોને કહેવી એની ખબર ન મળે અને અમે ધર્મી છીએ. અરે..! પ્રભુ!

**શ્રોતા :-** દ્રવ્ય, ગુણ અને પર્યાય કાંઈ જૈનમાં હોય? એ તો વેદાંતમાં હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એક જણો એમ કહેતો હતો. ઉત્પાદ-વ્યય વેદાંતમાં હોય. એમ કહેતો હતો એક જણો. અરે..! પ્રભુ! શું કરે છે તું આ? આ તો ઘણા વર્ષની વાત છે. ઉત્પાદ-વ્યય જૈનમાં ન હોય. અરે..! જૈન સિવાય ઉત્પાદ-વ્યય બીજે હોય નહિ. વસ્તુ ત્રિકાળી છે એમાં ઉત્પાદ-વ્યયનું પરિણમન છે તેને ઉત્પાદ-વ્યય કહે છે. પૂર્વની અવસ્થાનો વ્યય, નવી અવસ્થાનો ઉત્પાદ, કાયમનું ટકવું એ ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ છે. સમજાણું કાંઈ? શું થાય? બીજા શાસ્ત્રો વાંચી વાંચીને કેટલા ૩૨ વાચેલા. પણ આ ઉત્પાદ-વ્યયની ક્રિયા બ્રાહ્મણમાં છે, આપણામાં નહિ. અરે..! કીધું શું કરો છો તમે આ? અરેરે..! જગતને અભિમાનમાં મારી નાખ્યા. આહા..હા..! પૈસાવાળા માણસ હોય, નિવૃત્તિ હોય, કામકાજ ન હોય, શાસ્ત્ર વાંચે અને પછી એમાંથી પાવર ચડી જાય પછી અંદર. આહા..હા..! અરે..! ભાઈ! વીતરાગમાર્ગમાં ત્યાં નહિ આવે, થાગ નહિ આવે, ભાઈ! આહા..હા..! દુનિયા માનશે હવે. આહા..હા..!

અહીં કહે છે '**હું નારક છું...**' હું મનુષ્ય છું, હું દેવ છું અને ઢોર છું એવો '**જે અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને પણ,...**' પણ લીધુંને. પહેલોં એક આવ્યો હતો, આ બીજો બોલ લીધો. '**જ્ઞાનમયપણાને લીધે...**' એ તો જ્ઞાનમયવસ્તુ ભગવાન તો છે. સતરૂપ અહેતુક જ્ઞાન ત્રિકાળી જ્ઞાયક હોં. '**જ્ઞાનમયપણાને લીધે સતરૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે...**' ઓલામાં જ્ઞપ્તિ ક્રિયા એક જ કીધી હતી. આહા..હા..! હવે અહીંયાં જ્ઞાયક જ જેનો એક ભાવ. વસ્તુ જ્ઞાયકભાવ, વસ્તુ છે આત્મા એનો જ્ઞાયકભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જાણનાર-દેખનાર જ્ઞાયકભાવ ત્રિકાળી ભગવાનનો ભાવ છે. આહા..હા..!

'**જ્ઞાયક જ જેનો એક ભાવ છે એવા આત્માનો અને કર્મોદયજનિત નારક આદિ ભાવોનો...**' આહા..હા..! '**વિશેષ નહિ જાણવાને લીધે...**' મનુષ્યપણું. જુઓ, કહે છે કે મનુષ્યપણું જે મળ્યું છે એ મોક્ષનું કારણ છે. મનુષ્યપણું તો ઉદયભાવ પર ક્રિયા છે. આહા..હા..! પણ એ તો જ્ઞેય તરીકે પરચીજ છે. એને ઠેકાણે એ મનુષ્યપણું મારું છે એવો અધ્યવસાય એને, જ્ઞાયક એવો જે આત્માનો ભાવ અને કર્મોદય જનિત જે આ નારકી, ગતિ, મનુષ્ય, ઢોર આદિ એનું અજ્ઞાન હોવાથી '**તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે,...**' આહા..હા..! 'હું મનુષ્ય છું, દેવ છું, સ્ત્રી છું, પુરુષ છું' એવો જે અધ્યવસાય તે મિથ્યા અજ્ઞાન છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! સમજાણું કાંઈ? લ્યો! 'હું જુવાન છું, વૃદ્ધ છું, બાળક છું, નબળો છું, હું પુષ્ટ છું' એવી જે માન્યતા જડની પોતામાં, એ જ્ઞાયકભાવ ને રાગની ઉદયમય ક્રિયા એ બેને એક માને છે. એની વિશેષતાનું બેમાં ભાન નથી એને. સમજાણું કાંઈ? આવું છે બાપુ! આહા..હા..! જન્મ-જરા-મરણના ઉદ્ધારના રસ્તા પ્રભુ તારા જુદી

જાતના છે. એ જિનેશ્વરદેવ સિવાય એવી સ્થિતિનું વર્ણન અને જાણવું કોઈએ કર્યું નથી. જાણવું કર્યું નથી અને વર્ણન તો ક્યાંથી આવે પછી! આહા..હા..!

શું કીધું? **'આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે. ભિન્ન આત્માનું અદર્શન હોવાથી...'** શું કીધું એ? મનુષ્યપણું, નારકીપણું, દેવપણું એનાથી ભિન્ન આત્મા જ્ઞાયકભાવ છે, બેની જુદાઈનું નહિ ભાન હોવાથી તે મિથ્યાદર્શન છે. આહા..હા..! **'અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી...'** એ મનુષ્યાદિથી ભિન્ન ભગવાન છે એનું આચરણ નહિ હોવાથી, અનાચરણ હોવાથી **'(તે અધ્યવસાન) અચારિત્ર છે.'** આહા..હા..! આવી વાત છે. મનુષ્યપણું આ દેહ નહિ હોં! અંદર ઉદય જે છે ગતિનો. દેહ તો જડ છે. આ કાંઈ મનુષ્યપણું નથી. આ તો જડ માટી છે. એમાં જે કર્મનો, નામ કર્મના ઉદયથી જે ગતિ મળી, ઉદયમય ક્રિયા લેવી છેને. આને ક્યાં ઉદય-ફુદય જડમાં છે. સમજાણું કાંઈ? એ ગતિપણું અંદર જે ઉદયનું છે, મનુષ્યપણાનું, એ પરવસ્તુ છે એને, આત્મા પોતે જ્ઞાયકભાવ છે, આ પર અને આ જ્ઞાયક છે એ બેની વિશેષતા નથી જાણતો તે પોતે અજ્ઞાની અશ્રદ્ધાવાન અને અચારિત્ર છે. આહા..હા..! મનુષ્યદેહથી કાંઈક કરી લેવું. આહા..હા..! અચારિત્ર છે, લ્યો! એ જ્ઞાયકની વાત કરી. ત્રીજું જ્ઞાનની વાત છે. આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ફાગણ સુદ-૩, સોમવાર, તા. ૨૧-૦૨-૧૯૭૭, ગાથા-૨૭૦-૨૭૧, પ્રવચન નં. ૩૨૫

સમયસાર, ૨૭૦ ગાથા. વચલો ભાગ છે બીજો. બે બોલ ચાલ્યા ગયા. આત્માની જાણવાની જ્ઞપ્તિક્રિયા એ પર્યાય છે અને પરને જીવાડું, મારું એ અધ્યવસાય વિકાર છે. બેની ભિન્નતા નથી જાણતા એ બેને એક માને છે. સમજાણું કાંઈ? આત્માની તો જ્ઞપ્તિ-જ્ઞાન જાણવાની ક્રિયા જે અહેતુક છે. વસ્તુ આત્મા અને એનો જ્ઞાનાદિ ગુણ અને એની જ્ઞપ્તિ જાણવાની અંદર શ્રદ્ધા આદિ ભેગી જ્ઞાનપ્રધાન, એ જ્ઞપ્તિક્રિયા છે એ પર્યાય છે, એને કોઈ હેતુ નથી, એ આત્મા છે; અને 'પરને જીવાડું, મારું, સુખી-દુઃખી કરું' એવો જે અભિપ્રાય એ વિકાર છે., એ બેની જેને ભિન્નતાનું ભાન નથી એ પરને એકત્વ કરી માને છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ પર્યાયમાં ગયું. પછી જ્ઞાયક. છેને નારકી આદિ? હું નારકી છું, મનુષ્ય છું આદિ જે અધ્યવસાય છે.. એ જ્ઞાયકભાવ ભગવાન તો જ્ઞાયકભાવ આત્મા છે, એ જ્ઞાયકભાવની સાથે ગતિના ઉદયના ભાવને એકત્વપણે માને છે એ અધ્યવસાય મિથ્યાત્વ છે. આ વાત ઝીણી છે. બે વાત તો આવી ગઈ છે.

હવે **'આ ધર્મદ્રવ્ય જણાય છે.'** ધર્માસ્તિકાય છેને? ધર્માસ્તિકાય જણાય છે. **'ઈત્યાદિ જે**

**અધ્યવસાન છે...**' આ જીવ જણાય છે, આ પુદ્‌ગલ જણાય છે, આકાશ જણાય છે વગેરે. '**તે અધ્યવસાનવાળા જીવને પણ, જ્ઞાનમયપણાને લીધે...**' ભગવાન આત્મા તો જ્ઞાનમય જાણકસ્વભાવવાળો છે એને લીધે '**સતરૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે...**' ત્રિકાળી જ્ઞાનની વાત છે. ત્રિકાળી જ્ઞાન સદાય અહેતુક જ્ઞાન જેનું એકરૂપ એવો આત્મા. છેને? એલામાં એમ કહ્યું હતું ને જ્ઞપ્તિરૂપ, જ્ઞપ્તિક્રિયા એવો આત્મા. જાણવાની ક્રિયારૂપ એવો આત્મા અને રાગાદિક્રિયારૂપ એવો વિકાર અધ્યવસાય બે તદ્દન જુદી ચીજ છે. આહા..હા..! એમ જ્ઞાયકભાવ એવો આત્મા દ્રવ્ય વસ્તુ અને આ નારકી, દેવ, મનુષ્ય આદિ ઉદયભાવ અધ્યવસાય એ ભિન્ન ચીજ છે. છતાં એ જ્ઞાયકભાવ આત્માને ભૂલીને 'નારકી આદિ હું છું' એમ માને એ અધ્યવસાય મિથ્યાત્વ છે. આહા..હા..! 'હું મનુષ્ય છું' એમ માને એ મિથ્યાત્વ છે એમ કહે છે. નથી, બાપુ! સાચી વાત, ભાઈ! નથી વાત. છે ક્યાં એ વાત? આહા..હા..! સર્વજ્ઞ વીતરાગનો પંથ છે આ તો. જિનેશ્વર એટલે? ત્રણકાળ, ત્રણલોકનું જેને જ્ઞાન એવા સર્વજ્ઞ પરમાત્મા જિનવરદેવ એનો માર્ગ આ છે અને એની વાણી આ છે. એવી વાણી અને આ માર્ગ બીજે ક્યાંય છે નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..!

હવે અહીંયાં આ જ્ઞાનમાં જ્ઞાનગુણ છે એ પોતાનો સ્વભાવ છે, એ અહેતુક છે. એને જ્ઞાનગુણને કોઈ કારણ નથી, જ્ઞાન પોતે સ્વતઃ સ્વભાવ છે. અને આ બાજુ 'બીજા જીવ આદિને જાણું છું, જીવ બીજાને જાણું છું, ધર્માસ્તિને જાણું છું' એવો જે અધ્યવસાય, એ આત્મા જ્ઞાનગુણ છે એની સાથે આ અધ્યવસાયને એક કરે છે. ધર્માસ્તિ આદિ પદાર્થને એકપણે માને છે. આહા..હા..! બહુ અધિકાર સરસ છે. એમાં આઠ બોલ જે કીધા છેને અધ્યવસાયના એમાં તો.. ઓલા લોકો તો કહે છે, એ અધ્યવસાયને બંધનું કારણ કહ્યું છે, પરિણામને નહિ. પણ અહીં તો પરિણામ કહો, બોધનમાત્ર બુદ્ધિ કહો, ચેતનમાત્ર ભાવ કહો. માણસને વાંચન પણ નથી અને પોતાની કલ્પનાથી ઘોડા દોડાવે એવું ચાલે? આ તો ભગવાનનો માર્ગ છે પરમેશ્વર. આહા..હા..! પરિણામ, ચિત્ત, બુદ્ધિ, ભાવ, વિજ્ઞપ્તિ કહી છેને. એમાં શું છે?

અહીં તો એટલું લેવાનું છે કે જે.. અધ્યવસાયમાં આવશેને કે પરને કારણે જે અધ્યવસાય થાય છે કે મારું, જીવાડું એનો તો નિષેધ છે, પણ આચાર્ય કહે છે કે હું તો એમ માનું છું જેટલો પરાશ્રયભાવ એ બધો વ્યવહાર નિષેધ છે. એનો અર્થ એ થયો કે સ્વ તે નિશ્ચય અને પરાશ્રય તે વ્યવહાર. એ સ્વ આશ્રય તે નિશ્ચયમાં સ્વનો આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ નહિ. સ્વાશ્રય તે નિશ્ચય અને પરાશ્રય તે વ્યવહાર. એ બેમાં સ્વ એટલે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય એમ નહિ. સ્વ એટલે ત્રિકાળી દ્રવ્ય તે સ્વ. આહા..હા..! આવી વાતું. એનો આશ્રય કરવો એ નિશ્ચય છે અને એના આશ્રયથી ધર્મદશા પ્રગટ થાય છે. અને વ્યવહાર પરાશ્રય છે. ખરેખર રાગ, નિમિત્ત અને અહીંયાં પર્યાય. કારણ કે સદ્‌ભુતવ્યવહાર, અસદ્‌ભુતવ્યવહાર, એના બે ભેદ પછી, એ બધા વ્યવહાર છે. એટલે કે પર્યાય એની છે. છે સદ્‌ભુત એની. આહા..હા..! છતાં તેને વ્યવહાર કહી અને એનો નિષેધ કર્યો છે. જેને સ્વનો આશ્રય લેવો છે એ વિના ધર્મ ત્રણકાળમાં ક્યાંય નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે 'હું જ્ઞાન છું' એવો જે આત્મા અને જ્ઞેયમય એવા ધર્માદિ. એમ છેને? આહા..હા..! ઓલા નારકી આદિ હતું જ્ઞાયકમાં. અધ્યવસાય પહેલાંમાં હું આને હણું આદિ હતું. આ '**જ્ઞેયમય એવા ધર્માદિક...**' ધર્માસ્તિકાય છે ભગવાને દીઠું એ હોં! ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, જીવ અને પુદ્ગલ એટલા લીધા છે. એનો '**વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી,...**' આહા..હા..! એ પર જીવ પણ જુદો અને મારું સ્વરૂપ પણ જુદું. આહા..હા..! મારું જ્ઞાનસ્વરૂપ એ તદ્દન જુદું. એ જ્ઞાનમાં જણાય છે એવી ચીજ એ મારાથી તદ્દન જુદી છે. સમજાણું કાંઈ? આ અનંતા નિગોદના જીવો જ્ઞાનમાં જણાય, છતાં એ જ્ઞાનસ્વરૂપ ભગવાન અને જ્ઞેયસ્વરૂપી જીવો એ તદ્દન ભિન્ન ચીજ છે. સમજાણું કાંઈ? એ જ્ઞેયમય જેટલી ચીજો અનંતા જીવો, અનંતા સિદ્ધો દેવ, ગુરુનો આત્મા, શાસ્ત્ર પુદ્ગલમય પર્યાય.. આહા..હા..! એ બધાને જાણવામાં આવતા. એમ કીધું છેને? આ જણાય છે. ઓલા પહેલાંમાં જાણવામાં આવતા, આ જણાય છે. આ જણાય છે. એવું જે અધ્યવસાન, એ જ્ઞાન જેનું રૂપ એવા આત્માને એ જ્ઞેયમય ધર્માદિનો વિશેષ નહિ જાણવાને લીધે. એનો ભેદ નથી જાણતો અજ્ઞાની. આહા..હા..! હું તો એક જ્ઞાન જાણવાલાયક ચીજ છે એ ચીજ ભિન્ન છે. સ્વજ્ઞેય છે એ ભિન્ન છે, પરજ્ઞેય ભિન્ન છે. સ્વજ્ઞેય તો જ્ઞાયકનો જ્ઞાનગુણ. અહીં અત્યારે એ લેવો છેને ગુણ? જ્ઞાયકનો જ્ઞાનગુણ સ્વ અને જણાય એવી જ્ઞેયવસ્તુ દશા એ પર. આહા..હા..! આવું ઝીણું બહુ, ભાઈ! માણસને એવું કરી નાખ્યું સોનગઢવાળા નિશ્ચય-નિશ્ચય કરે. પણ નિશ્ચય એટલે સત્ય આ છે. આહા..હા..! એમ કરીને એકાંત છે એમ કરે છે.

અહીં તો એ જ કહેશે આગળ, સમ્યક્ એકાંતમાં ઠરને, ભાઈ! આહા..હા..! એ વ્યવહારના બધા આશ્રયની દૃષ્ટિ છોડી દે. આહા..હા..! તારે કલ્યાણ કરવું હોય, સુખી થવું હોય (તો સ્વનો આશ્રય કર). દુઃખથી મુક્ત થવું હોય. દુઃખી છો પ્રાણી તું. ભલે એ અબજોપતિ હોય. લ્યો પોપટભાઈ! આ પોપટભાઈ આવ્યા છે અમારે અબજોપતિના બનેવી. જોયાને આવ્યા છે. એ બધા દુઃખી બિચારા છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ દુઃખી છે આ અબજોપતિ રાજાઓ બધા, રાજાના કુંવરો જેના ધોળા-રૂપાળા શરીર ને એ બધા દુઃખી પ્રાણી છે બિચારા. કેમકે જેને આનંદનો નાથ ભગવાન જેને હાથ આવ્યો નથી અંદર અને એ સિવાયની બીજી ચીજો છે તે મારી (છે એમ માને છે), ક્યાંક માનવું તો પડે મારું એટલે પોતે જે રીતે જ્ઞાનગુણ જ્ઞાયકભાવ જ્ઞપ્તિક્રિયાવાળો છે... આહા..હા..! એના દ્રવ્ય-ગુણ-પર્યાય આવા છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાયકભાવે છે, જ્ઞાનગુણે છે, જ્ઞપ્તિ-પરિણતિ નિર્મળ જાણવાની ક્રિયારૂપે છે. આહા..હા..! ત્રણ તે એનું સ્વ છે અને ત્રણનો તે સ્વામી છે. વસંતભાઈ! પ્રવિણભાઈ! આવી વાતું છે ઝીણી. આહા..હા..!

એનું દ્રવ્ય જ્ઞાયકભાવ, જ્ઞાનગુણ અને જ્ઞપ્તિ પર્યાય, અનંત ગુણની નિર્મળ પર્યાય એ જ્ઞપ્તિક્રિયા. જ્ઞાનની પ્રધાનતાથી વાત કરે છે. એ પોતાનું સ્વ છે. સ્વ. આ સ્વ કઈ અપેક્ષાએ? ઓલો સ્વાશ્રય નિશ્ચય એ અપેક્ષાએ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આના પણ ભેદ સ્વના પણ પાછા. કે જે વસ્તુ... અહીં ત્રણ બોલ લીધાને. જ્ઞાયક આત્મા, જ્ઞપ્તિક્રિયા પણ આત્મા, જ્ઞાનગુણ પણ આત્મા એમ

લીધુંને? એ પોતાના ત્રણ પરથી ભિન્ન, રાગથી ભિન્ન, પરથી ભિન્ન એવા ત્રણ પોતાના એ એનું સ્વ અને એનો એ સ્વામી. અને જ્યારે નિશ્ચયનો સ્વાશ્રય જાય ત્યારે તો એકલો નિશ્ચય છે, જ્ઞાયકભાવ તે નિશ્ચય આવે. એમાં ગુણભેદ અને પર્યાય પણ આવે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ભગવાનનો ભાઈ અત્યારે વીંખી નાખ્યો છે માણસે. સત્ય બહાર આવ્યું ત્યારે એને... આહા..હા..!

ભાઈ! કહે છે, એ ધર્માસ્તિ '**ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી,...**' એ જાણવાયોગ્ય પદાર્થ છે એનાથી હું જાણનારો જુદો છું. એ જણાય છે એ તો મારી જ્ઞાનની પર્યાયની તાકાત છે માટે જણાય છે, પણ છતાં એ આમાં આવી નથી ગયું. એ ભિન્ન રહી ગયું છે. આહા..હા..! સ્ત્રી, કુટુંબનો આત્મા, દેવ-ગુરુનો આત્મા, સિદ્ધનો આત્મા, નિગોદનો આત્મા એ મારા જ્ઞાનમાં જાણવાલાયક ચીજ છે, પણ મારું જ્ઞાનસ્વરૂપ છે એ પરમાં જાતું નથી કે પર જાણવામાં આવે એ પર મારામાં આવતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એક જણામાં બાપા આ તો ગુજરાતી છે ને. એક જણામાં ચાલે નહિ. ઝાઝા હોય તો ચાલે. એ કહ્યું છેને એક જણામાં હિન્દી ચાલે નહિ અહીં. એક જ વ્યક્તિમાં ન ચાલે. ઝાઝા માણસ હોય. અહીં બધા ગુજરાતી બહુ છેને. એ પાછળથી કોકને પૂછી લેવું, આ રમેશભાઈને એને. ગુજરાતી ઝાઝા માણસ ગુજરાતીને ચાલતું ગુજરાતીમાં જે સાદુ આવે છે એવું હિન્દીમાં ઝટ ન આવે. આહા..હા..!

શું કહ્યું સમજાણું? એ ભિન્ન આત્મા છે, એ જાણનાર જ્ઞાયકસ્વરૂપ પોતે ભિન્ન આત્મા છે અને જણાય છે ચીજ તે ભિન્ન છે. 'છતાં એ મારી છે, જાણવામાં આવ્યું માટે મારી છે' એમ જે માન્યતા છે તે મિથ્યાત્વ માન્યતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અધ્યવસાન. ભિન્ન આત્માનું '**પ્રથમ તો અજ્ઞાન છે,...**' એમ કીધુંને? '**અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી** (તે અધ્યવસાન) **મિથ્યાદર્શન છે...**' આહા..હા..! 'બીજો જીવ એ મારો છે' એ જાણવામાં આવે, પણ એ તો જ્ઞાનનો, સ્વપરનો પ્રકાશવાનો (સ્વભાવ) છે તો પોતાથી જાણવામાં આવે છે. એ છે માટે એનાથી જાણવામાં આવે છે એમ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એવો ભગવાન આત્મા પોતાથી સ્વને અને પરને જાણવાના સ્વભાવથી પર જાણવામાં આવે, પણ જાણવામાં ખરેખર તો એ પર નથી આવ્યું, પોતાને સ્વપરને જાણવાનો સ્વભાવ એ અંદર આવ્યો છે, છતાં એ એમ જાણે પરનું જાણવાનું આવ્યું માટે પર મારા. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ?

આ આત્મા જે છે અહીંયાં તો દેહથી ભિન્ન ભગવાન, આ ચૈતન્ય તે પ્રભુ આત્મા છે. આ તો બધા જડ, માટી, ધૂળ છે. અહીં તો કહે છે કે ચૈતન્ય જ્ઞાયક આત્મા એનો જે જ્ઞાનસ્વભાવ એમાં શરીર જણાય છે. એ જણાય છે તેને પોતાનું માને છે. એ જ્ઞાનની દશામાં ભગવાન જ્ઞાનસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ એ તો એનો સત્ શાશ્વત જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, જ્ઞાયકભાવ અને નિર્મળ જ્ઞપ્તિક્રિયા એ પર્યાય. આહા..હા..! ઝીણી વાત, બાપુ! મારગડા આત્માના જુદાં છે, ભાઈ! અને એ આત્માને ન જાણે ત્યાં સુધી એનું રખડવું બંધ નહિ થાય, મરી જશે. ચોર્યાસીના અવતારમાં રખડી મરે છે.

આહા..હા..! સમજાણું કાંઈ? એ બધા દુઃખી છે બિચારા હોં! એ અબજોપતિ રાંકા, ભિખારા છે બિચારા. પોતાની લક્ષ્મીની ખબર નથી અને પરની લક્ષ્મી (પોતાની) માને એ બધા રાંકા, ભિખારા, વરાકા (છે). શાસ્ત્ર એમ બોલે છે. આહા..હા..! ભગવાનજીભાઈ! આહા..હા..!

ભગવાન આત્મા અંતર જ્ઞાયકભાવસ્વરૂપ પોતે અને એનો જ્ઞાનસ્વભાવ ગુણ અને એની વર્તમાન પરિણતિ એ પર્યાય જાણવા-દેખવાની-શ્રદ્ધવાની જે પર્યાય, બસ એ પોતાનું અસ્તિત્વ છે. એટલામાં એનું અસ્તિત્વ છે. સત્‌દ્રવ્ય, સત્‌ગુણ, સત્‌પર્યાય. એ પર્યાયમાં પર જાણવામાં આવે આ શરીર, વાણી, મન, રાગ એ બધા આવી ગયા છેને? આહા..હા..! એ ચૈતન્ય-અરીસો ભગવાન સ્વપરપ્રકાશક સ્વભાવના સામર્થ્યનો ધરનાર પ્રભુ આત્મા છે. એની એને ખબર કે દિ' હતી કાંઈ? આંધળે આંધળા અનાદિનો ચાલ્યા જાય છે. સાધુ થાય તોપણ ભાન ન મળે કે હું કોણ છું? બહારના સાધુની ક્રિયા કરે અને નગ્ન થઈને ફરે. આહા..હા..! હું એક જ્ઞાયક ચિદાનંદ પ્રભુ જેમાં અનંતી શાંતિ અને અનંતો આનંદ જેમાં ભર્યો છે એવો જ્ઞાયકવસ્તુ તે હું છું. અને તેનામાં ગુણ જે જ્ઞાન, આનંદ આદિ અનંત છે તે મારા ગુણ છે. અને તેની પર્યાય, હાલત, વર્તમાન દશામાં જાણવા-દેખવાની પરિણતિ પર્યાય—અવસ્થા થાય તે હું છું. આત્મા કીધુંને ત્રણેને? જ્ઞાયક તે આત્મા, જ્ઞાનગુણ તે આત્મા, જ્ઞપ્તિક્રિયા તે આત્મા. આહા..હા..! અને એ સિવાય આ શરીર, વાણી, દેહ, કુટુંબ બધી જ ચીજો પર છે. એ પરનું કાંઈ કરી શકતો નથી. દેશની સેવા કરી શકે આત્મા એ ત્રણકાળમાં હરામ છે અહીં કહે છે. આહા..હા..! અત્યારે વા એ છેને બધો. આહા..હા..! એ પહેલાંમાં આવી ગયું. જીવાડું-મારું એમાં સુખી-દુઃખી કરું એમાં આવી ગયું. આહા..હા..!

અહીં કહે છે કે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા. એને જાણવામાં આવતા પરની ચીજોને પોતાની માને છે. કેમકે પોતે જ્ઞાયકસ્વરૂપ છે એની ખબર નથી. એથી આ ચીજ મને જાણવામાં (આવી) એ ચીજ મારી છે. પોતાનું અસ્તિત્વ અહીંયાં આનંદકંદ પ્રભુ છે એની ખબર નથી એટલે આ અસ્તિત્વ જે પરના છે એ મારા છે એમ માનીને 'હું એ છું' એમ માને છે એ મિથ્યાભ્રમ અજ્ઞાનદશા, પાખંડદશા, ચાર ગતિમાં રખડવાની દશા છે. આહા..હા..! આવી વાત છે.

એ અધ્યવસાન '**ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી...**' પરદ્રવ્યથી ભિન્ન ભગવાન આત્મા એનું આચરણ નહિ હોવાથી અને પર મારા એવું અનાચરણ હોવાથી આહા..હા..! '**(તે અધ્યવસાન) અચારિત્ર છે.**' આહા..હા..! દયાના ભાવ કરે, બીજાને સુખી-દુખી કરવાનો, સુખી કરવાનો ભાવ કરે, કહે છે કે 'એ ભાવ મારો છે' એ મિથ્યાત્વ છે, એ મારો છે એ અજ્ઞાન છે અને એ ચારિત્ર નથી પણ એ અચારિત્ર છે. આહા..હા..! આવી વાતું છે. '**માટે આ સમસ્ત અધ્યવસાનો બંધનાં જ નિમિત્ત છે.**' ત્રણે. ભગવાન જ્ઞપ્તિક્રિયા—જાણવાની ક્રિયા, એમાંથી રાગાદિ પરવસ્તુ હણું, આને મારું એવો વિકલ્પ એ તદ્દન જ્ઞપ્તિક્રિયાથી ભિન્ન છે, એને એકત્વ માનવું તે અજ્ઞાન છે. એમ જ્ઞાયકમાં 'નારકી, મનુષ્ય, દેવ, પંડિત, મૂર્ખ હું છું' એવી દશાને માનવું એ મિથ્યાત્વભાવ છે. એ જ્ઞાયકભાવથી વિરુદ્ધ ભાવ છે. આહા..હા..! અને જ્ઞાનગુણમાં જણાતી ચીજ તે જણાય છે તે મારામાં આવ્યું, માટે એ

આવ્યું ત્યારે જણાણુંને? એમ માનનારા પરને પોતાનું માને છે એ '**સમસ્ત અધ્યવસાનો બંધનાં જ નિમિત્ત છે.**' એ સંસાર વૃદ્ધિના કારણો છે, પરિભ્રમણના કારણો છે આ બધા. આહા..હા..! બસ હવે એ અવળા લીધા. હવે સવળા લે છે.

'**માત્ર જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી...**' આહા..હા..! મુનિ કોને કહીએ? સાધુઓ કોને કહીએ? એ સંત કોને કહીએ? આહા..હા..! કે '**જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી તે જ કોઈક (વિરલ) મુનિકુંજરો...**' આહા..હા..! કોઈ વિરલા મુનિના કુંજર-હાથી. આહા..હા..! '**મુનિકુંજરો (મુનિવરો), સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે,...**' શું કહે છે? ધર્માત્મા સંતની કઈ ક્રિયા? દેહની ક્રિયા એ એની નહિ, રાગની ક્રિયા એ એની નહિ. આહા..હા..! દયા, દાન, વ્રતના વિકલ્પ છે રાગ એની ક્રિયા એની નહિ. આવો માર્ગ ઝીણો બહુ, બાપુ! આહા..હા..! '**સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે,...**' આહા..હા..! એ જાણવાની ક્રિયા, શ્રદ્ધવાની ક્રિયા, ઠરવાની ક્રિયા, આનંદની ક્રિયા એ પર્યાય એ સત્ છે, અહેતુક છે અને તે જ્ઞપ્તિક્રિયા તેની પરિણતિની પર્યાય છે. એની પર્યાયનો સ્વભાવ જ્ઞપ્તિ છે એ એનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે...**' દ્રવ્ય પછી લીધુંને? સત્‌રૂપ અહેતુક ભગવાન આત્મા જાણકસ્વભાવ, જાણક પ્રજ્ઞાબ્રહ્મ. આહા..હા..! એકલો જ્ઞાનરસ, ચૈતન્યરસ, એવો જ્ઞાયકભાવ જેનું સ્વરૂપ છે. આહા..હા..! કોણ જાણે ક્યાં હશે? આ હોળી બધી બહારની દેખે, પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ થઈ ગયા હોય અને એમાં શું કહેવાય તમારું ફર્નિચર. બે, પાંચ, દસ લાખનું ફર્નિચર પાથર્યું હોય એટલે જાણે ઓહો..હો..! ધૂળના, સ્મશાનના મહાણિયા છે બધા. એ મરી ગયા છે અંદરથી. આ મારા છે... મારા છે.. મરી ગયા છે મારા. જીવતી જ્યોત જ્ઞાયકભાવને જ્ઞાયકભાવે ન રાખતા, 'આ બધા મારા અને આનાથી હું સુખી છું' (એમાં) મારી નાખ્યો છે જીવને એણે.

**શ્રોતા :-** જીવને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જીવને મારી નાખ્યો. કેમકે જ્ઞાયકને આનંદસ્વરૂપ છે તેમ ન માનતા 'આ તે હું છું અને આનાથી સુખ છે' તે સારું જીવતર આનંદનું છે એનો નિષેધ કરે છે એ જ મારી નાખ્યો છે એણે. આહા..હા..! બીજાનું જીવતર છે તેમ એ રાખે તો એને જીવતર કહેવાયને? એ જીવ્યો કહેવાય બહારથી. એમ આ આત્મા જીવ્યો ક્યારે કહેવાય? કે જેવો એ આનંદ અને જ્ઞાયકભાવસ્વરૂપે છે એ રીતે અનુભવે અને માને ત્યારે જીવ્યો જીવ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રહલાદજી! આવી વાતું છે. આહા..હા..! અરે..! આવી વાત બાપા ઘરની તારા. તારા ઘરની સંતો તને વાત કરીને જગાડે છે. આહા..હા..! સંતો તારી વાતું કરીને (જગાડે છે). પ્રભુ! તું ક્યાં છો? કઈ રીતે છો? શું ક્યાં સૂતો છો તું? આહા..હા..! 'એ પુણ્ય અને પાપના ભાવ અને એના ફળ એ બધા મારા' પ્રભુ! અજ્ઞાનમાં સૂઈ ગયો છો તું. તારી જ્ઞાનસ્વભાવની શક્તિ ત્યાં અંધારામાં વઈ ગઈ. આહા..હા..! આવો ઉપદેશ હવે. કાંઈક દયા પાળવાનું કહે, દાન દેવાનું કહે (તો સમજાય પણ ખરું). પણ આ દાન છે. હું

એક જ્ઞાયક ચિદાનંદસ્વરૂપ, જ્ઞાન મારો સ્વભાવ અને જાણવાની પરિણતિ નિર્મળ રાગ સિવાયની તે મારી પર્યાય ક્રિયા આ એમ રાખ્યું એને અહીં દાન કહેવામાં આવે છે, એણે જીવને જીવતો રાખ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાતું ભારે, ભાઈ! પંડિતો બિચારા કાશીના ભણેલા મોટા પૂંછડા હોય ને લાંબા. વાતું કરે કે એમ નહિ, આ નહિ. હવે સાંભળને હવે. અહીં પંડિતાઈ પાણીમાં ફરી જાય તારી એવું છે.

ભગવાન ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ. આહા..હા..! એનું જેને જ્ઞપ્તિ ક્રિયા છે એ એની ક્રિયા છે સંતોની, પંચમહાવ્રતના વિકલ્પ એ એની ક્રિયા નહિ. આહા..હા..! આ શરીર આમ ચાલે એ એની ક્રિયા નહિ, એ તો જડની છે. આ તો માટી, જડ, ધૂળની છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મીની ધર્માત્માની ક્રિયા જાણવા, દેખવા અને આનંદરૂપી પરિણતિ થાય તે તેની ક્રિયા છે. બીજી રીતે કહીએ તો ધર્માત્માની ક્રિયા વીતરાગી પરિણતિ તે તેની ક્રિયા છે. સમજાણું કાંઈ? આહા..હા..! બીજાને જીવાડું, મારવાનો રાગ એ એની ક્રિયા નહિ, એ તો વિકારી વિભાવ છે. આહા..હા..!

પાછું જોયું! '**જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે,...**' વળી બે ક્રિયા ભેગી આ અને ભેગી રાગ બે ભેગી નહિ એમ કહે છે. આહા..હા..! શું ખુલાસો કર્યો છે! ઓહો..હો..! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય જગતને નિહાલ કરી નાખ્યા છે. ભાઈ! તને સાંભળવા મળ્યું નથી. પ્રભુ! તું કોણ છો? ક્યાં છો? કેવડો છો? ભાઈ! તને ખબર નથી. અને આ બધી ધૂળમાં બહારમાં, પોપટભાઈ! આહા..હા..! ૪૦-૪૦ લાખના મકાન, ૧૦-૧૦ લાખના મકાન, સલવાઈ ગયો એમાં. ધૂળેય નથી, એ તો જાણવાની એક ચીજ છે, એને ઠેકાણે મારી માનીને બેઠો. મૂઢ છો. આહા..હા..! ભગવાનજીભાઈ! આ તમારા મકાન નહિ દોઢ લાખની ઉપજ હતી ને ભાડાના. અરે..! કોના મકાન? કોનું કાંઈ? બાપા! ભાઈ! તને ખબર નથી. આહા..હા..! અહીં તો પરમેશ્વર એમ કહે છે, જિનેશ્વર એમ કહે છે કે સંતોની ક્રિયા, ધાર્મિક ક્રિયા એ વીતરાગી પરિણતિ તે સંતોની ક્રિયા છે. આહા..હા..! કહો, પ્રવિણભાઈ! આવું છે. પ્રવિણભાઈએ વિનંતી કરી કે ચાર કલાક મને મળે એમ કરજો. કીધું, ચંદુભાઈને પૂછજો. ત્યાંથી કાંઈ ઓલું પ્લેન નહિ આવતું હોય. પૂછી જુઓ કીધું એને. મનુભાઈ ને બેય આવ્યા હતા. પ્લેન બપોરે સાંજે જાતું હોય તો તો મુશ્કેલ પડે. સવારે જાતું હોય તો. જુઓ શું થાય છે. આહા..હા..!

ધર્માત્મા ધર્મી એને કહીએ કે જેને વીતરાગી પરિણતિ પરિણતિ હોય તેને ધર્મી કહીએ. પર્યાય એટલે અવસ્થા એટલે હાલત દશા, જેની વીતરાગી ક્રિયા હોય એને ધર્મી કહીએ. રાગની ક્રિયા અને શરીરની ક્રિયા મારી એ તો અધર્મી છે. આહા..હા..! પોપટભાઈ કહે છેને ભાઈ! આવું સાંભળવા મળતું નથી ક્યાંય. વાડામાં બધા ઘણા વર્ષ પડ્યા ત્યાં. પૈસા માટે પાછા ત્યાં ગયા રળવા. રળવા. કેમ વજુભાઈ! આહા..હા..! આવો માર્ગ, બાપા!

મીઠો મહેરામણ ચૈતન્ય એ અંદર ગાજે છેને. આહા..હા..! ગાજી ઊઠે છે કહે છે. એ ગાજી ઊઠે એ પરિણતિ વીતરાગની છે. આહા..હા..! દયા, દાનના વિકલ્પો છે એ ક્રિયા જીવની નહિ, એ ધર્મીની ક્રિયા નહિ. આહા..હા..! કહો, ધર્મચંદભાઈ! લ્યો આ ધર્મ. આહા..હા..! શું પણ કામ કર્યું છે!

આહા..હા..! સમયસાર તો ઓહો..હો..! સંસારને ઉખેડી નાખીને મોક્ષમાં મોકલી દે એવું છે. આહા..હા..! સંસારથી તારી રાખે તે ધર્મ. ઉદયભાવથી ઉગારી રાખે. આહા..હા..!

**'સતરૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે...'** ધર્માત્માને, મુનિને કહો કે ધર્માત્માને એક જ્ઞાયકભાવ ત્રિકાળી એક ભાવ. પાછો એક હોં! ક્રિયા એક અને ભાવ એક. આહા..હા..! કહો, ચીમનભાઈ! આવી વાત છે, બાપા! અરે..! એ વાત સત્યની મળવી, બાપુ! ભગવાન તારી મહિમાનો પાર ન મળે, એ મહિમાની વાત કાને પડવી પણ મહાપૂર્વના એવા ભાગ્ય હોય તો મળે એવું છે. આહા..હા..! બીજી વાત ધૂળ-બુળ મળે એ જુદી વસ્તુ. એમાં કાંઈ નહિ થોથા. આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથની વાણી સત્ય કાને પડવી એ મહા કોઈ ભાગ્ય છે. અને એની હા પડવી આહા..હા..! એ હાલ્યો હવે માર્ગે. એને હા પાડશે એને હાલત થઈ જશે. આહા..હા..!

**'જ્ઞાયક જ જેનો એક ભાવ છે અને સતરૂપ અહેતુક જ્ઞામ જ જેનું એક રૂપ છે...'** આહા..હા..! સતરૂપ અહેતુક જ્ઞાનસ્વભાવ ગુણ હોં! પહેલી પરિણતિ પર્યાય લીધી હતી વીતરાગી એ ધર્મીની ક્રિયા. ધર્મીનો આત્મા એ ત્રિકાળી જ્ઞાયકભાવ તે ધર્મીનો આત્મા, ધર્મીનો ગુણ કે ત્રિકાળી જ્ઞાનગુણ તે ધર્મીનો ગુણ. આહા..હા..! એક-એક ગાથાએ તો... કહો, પ્રેમચંદજી! આવી વાતું છે. આહા..હા..! લોકો સમજે નહિ અને ઝઘડા કરે ઊભા. આહા..હા..! **'એવા ભિન્ન આત્માને...'** કેવા? સતરૂપ જ્ઞપ્તિ એક ક્રિયા, સતરૂપ જ્ઞાયકભાવ એક અને સતરૂપ જ્ઞાનરૂપ જેનું એક, રૂપ લીધું છે ને એક **'એવા ભિન્ન આત્માને...'** જ્ઞપ્તિ જેની ક્રિયા એક અને જ્ઞાન જેનું એક રૂપ અને જ્ઞાયક જેનો એક ભાવ, એમ. ત્રણેના વિશેષણ લીધા. આહા..હા..!

ભગવાન જ્ઞાયકસ્વરૂપી પ્રભુ એની વર્તમાન પરિણતિ વીતરાગી પર્યાય એ સતરૂપ એક ક્રિયા, બે નહિ. રાગની પણ ક્રિયા એ બે નહિ. ઓલા લોકો એમ કહે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયનો અંશ અને રાગ બે ભેગા થઈને શુભરાગ છે. પણ જ્યાં હોય ત્યાં વ્યવહાર સ્થાપવો છેને. અરે..! ભગવાન! અહીં તો શુભરાગની ક્રિયા એ જ્ઞાનીની ક્રિયા જ નથી. એ તો અહીં છે. આહા..હા..! શુભરાગને જાણે છે એવી જે જ્ઞાનની ક્રિયા એ એની છે. રાગની ક્રિયા ધર્મીની છે જ નહિ. આહા..હા..! આવો માર્ગ ક્યાંથી કાઢ્યો? કેટલાક એમ કહે છે. ભાઈ! અનાદિનો આ જ માર્ગ છે. આ તો બે હજાર વર્ષ પહેલાંનું પુસ્તક છે. આ અત્યારનું છે? હજાર વર્ષ પહેલાંની અમૃતચંદ્રાચાર્ય દેવની ટીકા છે. સોનગઢથી તો એનું સ્પષ્ટીકરણ થયું, કાંઈ સોનગઢે બનાવ્યું નથી આ. આહા..હા..!

**'એકરૂપ એવા ભિન્ન આત્માને (-સર્વ અન્યદ્રવ્યભાવોથી જુદાં આત્માને) જાણતા થકા,...'** ધર્મી. **'સમ્યક્ પ્રકારે દેખતા (શ્રદ્ધતા) થકા...'** એમ. જાણતા થકા, શ્રદ્ધતા થકા. **'અને અનુચરતા થકા,...'** સ્વરૂપમાં સ્થિર થતાં થકા. આહા..હા..! જુઓ, આ મોક્ષના માર્ગી ધર્માત્મા. અહીં તો જરી બહારની દયા પાળી ને લૂગડા ફેરવ્યા, બાવા થયા, બાયડી છોડી, થઈ ગયા ધર્મી. ધૂળેય નથી હવે સાંભળને. સમજાણું કાંઈ? શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું થઈ ગયો ધર્મી. ધૂળેય નથી સાંભળને હવે, એ શરીરથી બ્રહ્મચર્ય તો શુભભાવ છે. આહા..હા..! અંદર બ્રહ્માનંદના નાથને બ્રહ્મમાં આનંદમાં

લાવવો... આહા..હા..! એનું નામ બ્રહ્મચર્ય. એ બ્રહ્મચર્ય એ આત્માની નિર્મળ ક્રિયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વચ્છ. આહા..હા..! એ પુણ્ય-પાપના ભાવ તો અસ્વચ્છ છે, મેલા છે. આહા..હા..! એનાથી ભગવાન આત્માની ભિન્ન ક્રિયા, ભિન્ન જ્ઞાન અને ભિન્ન જ્ઞાયક એવી જે શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ એ સ્વચ્છ છે. '**સ્વચ્છંદપણે ઉદયમાન...**' છે. આહા..હા..! પોતે સ્વચ્છંદી છે એ આત્મા. પોતાથી પોતે વીતરાગી પરિણતિ અને વીતરાગી દશા પ્રગટ કરે છે, એને કોઈની મદદની જરૂર નથી. આહા..હા..! વ્યવહારરત્નત્રય હોય તો નિશ્ચય થાય એમ નથી. સમજાણું કાંઈ?

'**સ્વચ્છંદપણે ઉદયમાન (અર્થાત્ સ્વાધીનપણે પ્રકાશનમાન)...**' એનો અર્થ કર્યો. સ્વચ્છંદનો અર્થ સ્વાધીન. વસ્તુ સ્વાશ્રય આનંદકંદ પ્રભુ એને આશ્રયે જે નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યા એ સ્વચ્છંદે ઉદયમાન છે, એ પોતાની સ્વતંત્રતાથી પ્રગટ થયા છે, એને કોઈ પરના આધીનની જરૂર નથી. આહા..હા..! બીજે ઠેકાણે કહ્યું છેને? આ ઠેકાણે આમ કહ્યું. બીજે ઠેકાણે નિશ્ચય અને વ્યવહાર બે મોક્ષમાર્ગ કહ્યા. બાપુ! વ્યવહાર કહ્યો એ તો આરોપિત કથન છે. એ આરોપિતનો નકાર કરે છે. નહિ. આરોપિત નહિ. પર્યાયને વ્યવહાર કીધો એ આરોપ? એમ કહે છે પાછા. એ આરોપ કરે છે નિશ્ચય આત્માથી પર્યાયઆત્મા એ વ્યવહારઆત્મા છે. આહા..હા..! આમાં કારખાનામાં કાંઈ મળે એવું નથી ત્યાં, તે જ્યોતિ! જ્યોતિને કહીએ છીએ. આહા..હા..!

એક જણો કહેતો હતો અમારે દામોદર શેઠ પહેલાં, એમ કે તમે આ જીન મિલ કેમ કરાવતા નથી પૈસા બહુ છેને? પૈસા તો એ વખતે એની પાસે ઘણાં ત્યારે. દામોદર શેઠ પાસે ૬૦ વર્ષ પહેલાં દસ લાખ. ૪૦ હજારની ઊપજ અને ગામ મોટું. એવું હતું કોણ? ૬૦ વર્ષ, ૭૦ વર્ષ પહેલાં. હવે તમે બધા પૈસાવાળા ઘણા થઈ ગયા. તે દિ' તો ૨૫ હજાર, ૧૦ હજાર, પાંચ હજાર એટલું. આની પાસે તો દસ લાખ. પછી કહેતા હતા કે તમે જીન મિલ કેમ કરાવતા નથી? જીન મિલ નહોતા કરાવતા. એ કહે, અમારા એટલા પુણ્ય નથી કે જીન મિલ કરીએ અને પુણ્ય બળી જાય, ઘસાઈ જાય. એટલા અમારા પુણ્ય નથી કે અમે જીન મિલ કરીએ અને પુણ્ય બચે. આમ આર્ય માણસ તરીકે તો.. આહા..હા..!

એક ફેરી સંચો બજારમાં કાઢ્યો હતો. ખેતીનો સંચો આવે છેને. ખેતીનો સંચો લોઢાનો મોટો ઊંચો. ટ્રેક્ટર. બજારમાં નીકળ્યો અપાસરા પાસે. મેં પૂછ્યું, શેઠ! આ શું તમારે પણ આ? હવે આટલા પૈસા, આટલી પેદાશું, ૫૦, ૪૦-૪૦ હજારની અને આવા? કહે, મહારાજ! મેં કર્યું નથી, પણ મારી સાથે ભાઈઓને કરવું છે એટલે મારી સાથે સરખાઈ કેમ રહે એને એ માટે આવું ગોત્યું છે એણે. ઘણાં અનુભવ થઈ ગયા હોય ત્યાં અમારે દામોદર શેઠને. રાજ જેવો હતોને એ વખતે. દશાશ્રીમાળી ભલે વાણિયો પણ રાજા જેવા. દૃષ્ટિ વિપરીત હતી. આહા..હા..! એમ કહેતા હતા. ઓલા કહેતા આ નીકળ્યું આવું આમાં પાપ કેટલું છે? ખેતરમાં આ સંચો ચાલે (તો) સર્પ ને વીંછી ને દેડકા કપાઈ જાય. આ તો ઘણા વર્ષ પહેલાંની વાત છે હોં, પચાસ વર્ષ પહેલાંની. મહારાજ! મેં તો .. છોડી પણ હવે ભાઈઓને એમ થાય કે મોટા ભાઈએ જેમ કર્યું હતું એ પ્રમાણે આપણે રાખવું અને વધારવું. એ માટે આવું કર્યું. અરેરે..! શું કરે બાપુ!

અહીં તો ધર્માત્મા એને કહીએ કે '**સ્વચ્છ અને સ્વચ્છંદપણે...** ' આહા..હા..! '**અમંદ અંતર્જ્યોતિને...**' અમંદ અંતર્જ્યોતિ. ચૈતન્યજ્યોતિ ઝળહળ. મંદ નહિ અમંદ. ઉગ્રપણે પુરુષાર્થથી જાગતી જ્યોત એમાં છે. આહા..હા..! '**અંતર્જ્યોતિને અજ્ઞાનાદિરૂપપણાનો અત્યંત અભાવ હોવાથી...**' આહા..હા..! ટીકા પણ ટીકા! અમંદ અંતર્જ્યોતિ ચૈતન્યજ્યોતિ ભગવાન ઝળહળ જ્યોતિ, જાણન... જાણન... જાણન... જાણક... જાણક... જાણક... દીવો. ચૈતન્ય જાણકનો દીવો. એ ચૈતન્ય સૂર્ય ભગવાન અંદર દેહમાં ભિન્ન બિરાજે. આહા..હા..! એવી અંતર ચૈતન્ય જ્યોતિને. આહા..હા..! '**અજ્ઞાનાદિરૂપપણાનો અત્યંત અભાવ હોવાથી (અર્થાત્ અંતરંગમાં પ્રકાશતી જ્ઞાનજ્યોતિ જરા પણ અજ્ઞાનરૂપ, મિથ્યાદર્શનરૂપ અને અચારિત્રરૂપ નહિ થતી હોવાથી)...** ' આહા..હા..! એ '**શુભ કે અશુભ કર્મથી ખરેખર લેપાતા નથી.**' આ મુનિઓને શુભાશુભબંધન હોતું નથી. આહા..હા..! આને મુનિ (કહેવાય). મુનિ બાપા કોને કહેવા? આ તો લૂંગડું ફેરવ્યું, રાતા લૂગડા પહેર્યા ને થઈ ગયા બાવા, સાધુ. આ નગ્ન થઈ ગયા લૂગડા છોડીને નગ્ન. .. શ્રદ્ધા તે સાધુ. આહા..હા..! ભાઈ! સાધુપણું તો કોઈ અલૌકિક ચીજ છે, એ કાંઈ સાધારણ સાંભળવા મળે નહિ એવી ચીજ છે. આહા..હા..!

'**ભાવાર્થ :- આ જે અધ્યવસાનો છે તે 'હું પરને હણું છું'...**' અભિપ્રાય પરિણામ. '**એ પ્રકારનાં છે,**' હણું છું, જીવાડું છું. એક બોલ. ત્રણ બોલ આવ્યા હતાને કાલે. ''**હું નારક છું' એ પ્રકારનાં છે...**' બે બીજો. '**તથા 'હું પરદ્રવ્યને જાણું છું' એ પ્રકારનાં છે.**' એવો ત્રીજો. ત્રણ. '**એ પ્રકારનાં છે. તેઓ,...**' ઓલા ત્રણ આવ્યા હતા એને ભાઈ! આવ્યું હતુંને કાલે નહિ? '**આ જે ત્રણ પ્રકારના અધ્યવસાનો છે તે...**' ૨૭૦ ગાથાની પહેલી લીટી. એ ત્રણ આ. પરને હણું, પરને જીવાડી શકું, બીજાને સુખી કરી શકું, એવી જે માન્યતા મિથ્યાદૃષ્ટિની અધ્યવસાય છે અજ્ઞાન. આહા..હા..! કહો, પોપટભાઈ! એ તમારા... એક ફેરી કરી હતી પોપટભાઈની વાત. એમના સાળાને કીધું હશે આણે. અમે કહ્યું હતું મુંબઈ એકફેરી એના સાળાને કે આ તમે શું કરવા કરો છો આવું બધું? પૈસા ઘણાં છે. બે અબજ રૂપિયા અને આટલા બધા પૈસા. ત્યારે એણે જવાબ આપ્યો કે અમે શું અમારા માટે કરીએ છીએ. હજારો માણસ નભે છે માટે કરીએ છીએ. એય..! પોપટભાઈ! કહ્યું હતું કે નહિ? એણે કહ્યું હતું. શાંતિલાલ ખુશાલ. બે અબજ ચાલિસ કરોડ, અઢી અબજ. એમના સાળા થાય એ, એના બનેવી થાય આ. એમના એ સાળા થાય. અઢી અબજ. બહુ પૈસા થયેલા એટલે પછી એકવાર એને કહ્યું, હવે શું કરવા કરો છો મફતના. શું ઘર માટે કરીએ છીએ? પાવર ફાટી ગયેલા મગજના અંદરથી. હજારો માણસો નભે છે માટે કરીએ છીએ. આહા..હા..! છેને ઊંધાઈનો પાર. મમતા માટે કરીએ છીએ એમ નહિ, આ તો જગતને નભાવવા માટે કરીએ છીએ. ભાઈ! ભગવાનજીભાઈ! આહા..હા..! મીલવાળા પણ એમ માનેને? આ પાંચ-દસ લાખની મીલ હોય, પછી માણસને પાંચ-પાંચ હજારના. નભાવીએ છીએ બધાને. ધૂળ નથી, તારી મમતા છે સાંભળને હવે.

**શ્રોતા :-** ખરેખર એ માણસો એને નભાવે છે. એ હડતાળ ઉપર જાય તે દિ' ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, નહિતર પછી ઓલું કરે શું કહેવાય તમારે? ભાઈ ગયા? પરષોત્તમભાઈ. ગયા હશે. એ મીલના છેને. બધા માણસ માણસ રોકાઈ જાય તો ઓલી પાડી દઈએ અમે. થઈ રહ્યું હડતાલ પાડે. ચાલે નહિ શેઠનું કાંઈ ત્યાં.

**શ્રોતા :–** શેઠને પૂરી દે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, પૂરી દીધોને એક ઠેકાણે. ક્યા ગામમાં નહિ? નેમિચંદ પાટણીને ઉપર રોકી દીધા. પૈસાવાળા માણસ. ઘરમાં ને ઘરમાં ચોવીસ કલાક ત્યાં હતું એ ખાધું. બહાર નીકળાય નહિ, શાક લેવા નીકળાય નહિ. .. ક્યા ગામમાં? ત્યાં. કિશનગઢમાં લ્યો ઠીક! આહા..હા..! નોકરોએ ઓલી પાડી હડતાલ. શેઠને બહાર નિકળે નહિ ને બારણા બંધ કરે. અંદરને અંદર ખાય-પીવે. આહા..હા..! લ્યો! આ પૈસો.

'હું પરને સુખી કરી શકું' એવી માન્યતા અભિપ્રાય અજ્ઞાન. 'હું નારકી અને હું મનુષ્ય' એ અજ્ઞાન અભિપ્રાય. "**હું પરદ્રવ્યને જાણું છું' એ પ્રકારનાં...**' અધ્યવસાય. '**જ્યાં સુધી આત્માનો ને રાગાદિકનો,...**' જોયું! હણું છું એમાં રાગાદિક આવ્યા. આત્માને હણું છું, જીવાડું એવો રાગ અને આત્માને અને નારકી ગતિ. કર્મ ઉદયથી મળેલો આ મનુષ્યદેહ, આ શરીર નહિ, ગતિ. '**ભાવોનો તથા આત્માનો ને જ્ઞેયરૂપ અન્યદ્રવ્યોનો ભેદ ન જાણ્યો હોય,...**' આહા..હા..! ધર્માસ્તિ, અનંત જીવો એ તો જ્ઞેય છે, જાણવાલાયક જ્ઞેય છે. એ ચીજ તારી ક્યાં છે? સ્વજ્ઞેય તારું તારામાં, પરજ્ઞેય એનું એનામાં. આહા..હા..! ભારે વાતું, ભાઈ! પહેલાં બોલમાં હણું છું, જીવાડુમાં રાગ-દ્વેષ, બીજા નારકી આદિમાં કર્મથી મળેલા ગતિ આદિ અને જ્ઞેયરૂપ અન્ય દ્રવ્ય, અન્ય જીવો આદિ. '**ત્યાં સુધી પ્રવર્તે છે.**' ભેદ ન જાણ્યો હોય ત્યાં સુધી એ પ્રવર્તે છે.

'**તે ભેદજ્ઞાનના અભાવને લીધે મિથ્યાજ્ઞાનરૂપ છે, મિથ્યાદર્શનરૂપ છે અને મિથ્યાચારિત્રરૂપ છે; એમ ત્રણ પ્રકારે પ્રવર્તે છે. તે અધ્યવસાનો જેમને નથી...**' આહા..હા..! હવે સવળા લીધા. એ કોણ ધર્મી બાપા! '**તે મુનિકુંજરો છે.**' આહા..હા..! મુનિવરો છે એ. જેને પરને જીવાડવાના પરિણામ જ નથી. જીવાડી શકતો નથી ને કોને હું (જીવાડું?) આહા..હા..! પરચીજ કોઈ મારી નથી, ગુરુ મારા નથી, શિષ્ય મારા નથી, સંઘ મારો નથી. આહા..હા..! એ જાણવાલાયક છે, એ મારા નથી. આહા..હા..! '**તે અધ્યવસાનો જેમને નથી તે મુનિકુંજરો છે. તેઓ આત્માને સમ્યક્ જાણે છે,...**' જ્ઞાનસ્વરૂપી, આનંદસ્વરૂપી (છું) તેમ ધર્માત્મા પોતાને જાણે છે. '**સમ્યક્ શ્રદ્ધે છે અને સમ્યક્ આચરે છે, તેથી અજ્ઞાનના અભાવથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ થયા થકા કર્મોથી લેપાતા નથી.**' ઓલા કર્મોથી બંધાય છે અજ્ઞાની, ત્યારે આ લેપાતા નથી.

હવે "**અધ્યવસાન શબ્દ વારંવાર કહેતા આવ્યા છો, તે અધ્યવસાન શું છે? તેનું સ્વરૂપ બરાબર સમજવામાં નથી આવ્યું.**" **આમ પૂછવામાં આવતાં, હવે અધ્યવસાનનું સ્વરૂપ ગાથામાં કહે છે :–**' લ્યો! એક અધ્યવસાય કીધુંને? આને જીવાડી શકું એવો અધ્યવસાય, એકત્વબુદ્ધિ એ મિથ્યાત્વ છે. આહા..હા..! આ લોકોને એ કહ્યું છે એમાંથી. એમાં અધ્યવસાય બંધનું કારણ કહ્યું

છે, એને જીવાડવાનો ભાવ એ બંધનું કારણ નહિ એમ. એને એકત્વ માને તો એમ કે બંધનું કારણ છે. આહા..હા..! ૨૭૧.

**बुद्धि ववसाओ वि य अज्झवसाणं मदी य विण्णाणं।**
**एक्कट्ठमेव सव्वं चित्तं भावो य परिणामो।।२७१।।**
**બુદ્ધિ, મતિ, વ્યવસાય, અધ્યવસાન, વળી વિજ્ઞાન ને**
**પરિણામ, ચિત્ત ને ભાવ—શબ્દો સર્વ આ એકાર્થ છે. ૨૭૧.**

'**ટીકા :- સ્વ-પરનો વિવેક હોય...**' હું એક આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, વીતરાગી પરિણતિસ્વરૂપ એવાનું ભાન હોય અને પરને હણું, જીવાડું અને પર નારકી આદિ, મનુષ્ય આદિ હું છું એમ માનું અને ધર્માદિક જાણતાં 'એને હું જાણું છું, એ મારા છે' એમ માનવું એવો જે સ્વપરનો વિવેક. '**(અર્થાત્ સ્વ-પરનું ભેદજ્ઞાન ન હોય) ત્યારે જીવની અધ્યવસિતિમાત્ર...** ' એકમાં બીજાની માન્યતાપૂર્વક પરિણતિ. લ્યો! મિથ્યા નિશ્ચિતી. ખોટો નિશ્ચય હોવો તે એને અધ્યવસાય કહે છે. પહેલોં અધ્યવસાય શબ્દ મૂક્યો. કારણ કે અધ્યવસાય... આહા..હા..! '**અને તે જ (અર્થાત્ જેને અધ્યવસાય કહ્યું છે તે જ)...**' 'પરને જીવાડી, મારી શકું, સુખી કરી શકું' એવો જે અધ્યવસાય તે મિથ્યાત્વ છે. એ અધ્યવસાયને આઠ નામે ઓળખાવાય છે. આહા..હા..! આ બાયડી, છોકરાનું પોષણ કરી શકે છે કે નહિ ઘરમાં? નાના છોકરા હોય, છ મહિનાના, બાર મહિનાના, પોષણ મોટા કરે કોણ એ? એની મેળાએ મોટો થઈ જતો હશે ઈ? એની મેળાએ થાય છે. મફતનો અભિમાન કરે છે કે આને પાળું ને મોટો કરું. આહા..હા..! ભારે વાતું, ભાઈ! જગતથી જુદી છે.

એ જ અધ્યવસાયને '**બોધનમાત્રપણાથી બુદ્ધિ છે,...**' જાણવામાત્રપણાથી એને અધ્યવસાય અને બુદ્ધિ પણ કહેવામાં આવે. પરને હણી શકું છું, જીવાડી શકું છું, પરને જાણતા એ મારું માને છે, નારકી હું માનું છું એને બુદ્ધિ પણ કહેવામાં આવે છે. એ અધ્યવસાયને બુદ્ધિ પણ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**વ્યવસાનમાત્રપણાથી વ્યવસાય છે,...**' વ્યવસાય છેને? કામમાં લાગ્યા રહેવું. એ આખો દિ' કામમાં લાગ્યા જ રહેવું. લાદીમાં, ઢીકણામાં, છોકરામાં, બાયડીમાં, એમ કહે છે. મોઢા આગળ બેઠા હોય એના નામ લેવાયને વધારે? આહા..હા..! આ તો દૃષ્ટાંત છે. આહા..હા..! આખો દિ' લાગ્યા જ રહેવું. આ કરું... આ કરું... આ કરું... આ કરું... આ કરું... લાગ્યા રહેવું.

'**ઉદ્યમી હોવું;...**' પરમાં ઉદ્યમી હોવું. પરને જીવાડવામાં, પરને મારવામાં ઉદ્યમી રહેવું. આહા..હા..! આ જીવદયા મંડળીના માલિક માણસ થાય છેને. પૈસા ઉઘરાવે ને પછી આ કરે ને આ કરે. એય..! કોણ કરે, બાપુ! તને ખબર નથી, ભાઈ! તું જ્ઞાનસ્વરૂપ પ્રભુ છોને. પરને માટે તું પાંગળો છોને. એને ઠેકાણે ઉદ્યમી થઈને કરું.. કરું.. કર્યા કરે છે એ વ્યવસાય છે. એ વ્યવસાય છે, એ વેપાર છે એ જાતનો ઊંધો. છેને? વ્યવસાય હમણાં અમારે વ્યવસાય વધી ગયો, નથી કહેતા? વ્યવસાય આડે હમણા નવરા નથી.

મરવા પણ નવરા નથી એમ કહે. અરે..! મરણ આવશે ત્યારે ટાંગો પડ્યો રહેશે તારો એંઈ..! આહા..હા..! જુવાન માણસ ચાલ્યા જાય છે જુઓને. આહા..હા..! ૨૬-૨૬ વર્ષના. આનો છોકરો ગયોને અમેરિકા. ૨૬ વર્ષનો જુવાન. ૯૦ નંબરે પાસ. નંબર કહેવાય? શું કહેવાય? ટકા. ૯૦ ટકે અમેરિકામાં પાસ. ૨૬ વર્ષનો છોકરો. આ વજુભાઈનો ભાણેજ. ફઈના દીકરાનો દીકરો પાસ થયો અમેરિકામાં. લોકોએ માન આપ્યું. ઓહો..હો..! તમે કાઠિયાવાડી માણસ અમેરિકામાં ૯૦ ટકે પાસ. માન આપ્યું. ૧૧ વાગે સૂતો, સવારે ઉઠાડે તો કાંઈ ન મળે. મરી ગયો. આહા..હા..! આ દશા બાપુ જડની છે. એટલી હોંશ. કોઈ એમ કહે કે હાર્ટ ફેઈલ ચિંતાવાળાને થાય. એને ચિંતા કાંઈ નહોતી. એને તો હરખ હતો. સવારે જોવે તે મડદું. મરી ગયેલો. બધું બાંધી રાખેલું. મોટા ભાઈ હતા ત્યાં બીજે અમેરિકામાં ત્યાં જાવું હતું. પછી દેશમાં આવીને પરણવું હતું. ગયા પરલોક ચાલ્યા ગયા. આહા..હા..! અરેરે..! આવા અવતાર કરીને. અનંતવાર એવા અવતાર થયા છે હોં! એકને માટે નથી. આહા..હા..! એ વ્યવસાય કર્યો એમ કીધું અહીં, સમજ્યાને? વ્યવસાય-વ્યવસાય.

અને '**મનનમાત્રપણાથી મતિ છે,...**' એ અધ્યવસાયને મનન કરે છેને આનું આમ કરું, આનું આમ કરું વિચાર કરીને, એને મતિ પણ કહેવાય. આહા..હા..! '**વિજ્ઞપ્તિપણામાત્રથી વિજ્ઞાન છે,...**' દેખો! આ ઓલો વિજ્ઞાન કહે છે ઈ નહિ. 'આને હણું, આને જીવાડું, આ મનુષ્ય તે હું છું, પરને જાણતા એ પરવસ્તુ મારી છે' એવા ભાવને પણ વિજ્ઞાન કહેવામાં આવે છે. ઊંધું વિજ્ઞાન. '**ચેતનામાત્રપણાથી ચિત્ત છે,...**' એ ચેતનાના પરિણામ છેને એ? અધ્યવસાયને ચિત્ત પણ કહેવાય છે. આહા..હા..! અને '**ચેતનના ભવનમાત્રપણાથી ભાવ છે,...**' ભાવ પણ કહેવાય એને. લ્યો! '**ચેતનના પરિણમનમાત્રપણાથી પરિણામ છે.**' લ્યો, પરિણામ પણ કહેવાય છે. ભાષા છે એવી કે '**ચેતનના પરિણમનમાત્રપણાથી...**' ભાષા તો એવી છે. એ પરિણમન નિર્મળની અહીં વાત નથી. ચેતનનું પરિણમન છે (કે) પરને જીવાડું, મારું એવો અભિપ્રાય, મિથ્યા એ એનું પરિણમન છે માટે એને પરિણામ પણ કહેવાય છે. '**(આ રીતે આ બધાય શબ્દો એકાર્થ છે.)**' લ્યો! વિશેષ કહેવાશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર

સોનગઢ